# સજીવસૃષ્ટિ

## અને

# કાયદા

પ્રાણીઓ | પક્ષીઓ | જીવજંતુઓ


**નિમિષ મહેન્દ્ર કાપડિયા**
ઍડ્વોકેટ

**પંકજ બુચ**
નાયબ સચિવ, વિધાનસભા, ગુજરાત રાજ્ય














**સજીવ સંરક્ષણ પરિવાર**

**નિમિષ મહેન્દ્ર કાપડિયા**
બી. કોમ., એલ.એલ.બી, (એડ્વોકેટ)

"ઈન્દ્રાલય",૫, બાળગાયત્રી સોસાયટી-૨, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ.
૦૭૯-૨૬૭૬૨૭૬૨,૨૬૭૫૧૫૪૫ ઈ-મેઈલ : kapadianimish@gmail.com

ગુજરાત હાઈકોર્ટમાં ૨૦ વર્ષથી વકીલાત કરતા લેખકે જુદા જુદા વિષયો ઉપર લગભગ ૩૦૦૦ કેસો ચલાવ્યા છે. જેમાં રેવેન્યુ કેસો, ક્રિમિનલ, સિવિલ, પર્યાવરણ, ફેરા, ફેમા, મનીલૉન્ડરીંગ, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ઍક્ટ, હિંદુલૉ, પાસપોર્ટ ઍક્ટ, સરકારી કર્મચારીઓના નોકરી અંગેના કેસો, પાસા, કૉફેપોસા, પી. બી. એમ, એન. એસ.એ, કસ્ટમ્સ ઍક્ટ, ફોરિન ટ્રેડ ડેવલપમેન્ટ અને રેગ્યુલેશન ઍક્ટ, સાફેમા, સહકારી કાયદો, પ્રાણી અત્યાચાર વિરોધી ધારો- PCA( Act) વન્ય પ્રાણી સંરક્ષણ ધારો, દારૂબંધી ધારો, તડીપારના કેસો, આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળના કેસોનો સમાવેશ થાય છે.

હાલ હાઈકોર્ટ ઉપરાંત એસ. એસ. આર. ડી., રેવેન્યુ ટ્રિબ્યુનલ, ફેમા ટ્રિબ્યુનલ, સાફેમા ટ્રિબ્યુનલ માં પણ નિયમિત વકીલાત ચાલુ છે.

**પંકજ અનસુખરાય બુચ**
બી. કોમ., એમ. એ. એલ. એલ. બી,ડી.ટી. એલ.પી.પી. જી. ઈન હયુમનરાઈટસ લો એન્ડ પ્રેક્ટિસ

- સેક્ટર-૪ / ડી, પ્લોટ નં. ૧૩૫૬/૨, ગાંધીનગર-૩૮૨૦ ૧૦
- ફોન નં : ૯૯૦૯૭ ૧૮૨૪૫ (ઓ.) ૦૭૯-૨૩૨ ૫૩૧૧૭ (ઘર) ૨૩૨ ૪૪૩૧૮
- ઈ-મેઈલ :pankajbuch99@yahoo.co.in

ડેપ્યુટી સેક્રેટરી (ગુજરાત વિધાનસભા સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦ ૧૦)
વાઈસ પ્રેસિડેન્ટ (શ્રીમતી શેણી મેમોરીયલ જીવદયા ટ્રસ્ટ- રાજકોટ.)
સેક્રેટરી (અહિંસા મહાસંઘ-અમદાવાદ.)

<u>મેમ્બર</u>

- ઈન્સ્ટીટયુશનલ અનીમલ ઍથિક્સ કમિટી, કેડીલા ફાર્માસ્યુટીકલ્સ લિમીટેડ
- કે. બી. ઈન્સ્ટીટયૂટ ઑફ ફાર્માસ્યુટીકલ્સ ઍન્ડ રિસર્ચ, ગાંધીનગર.
- પીપલ ફૉર ઍનીમલ્સ (પી. એફ. એ)
  ઈન્ટરનેશનલ કૅમ્પેઈનર (લેવલ-૧) વર્લ્ડ વાઈલ્ડ લાઈફ (W.W.F)

સમગ્ર ભારતમાં જીવરક્ષાની તમામ પ્રવૃત્તિઓ માટે સક્રિય.

પ્રથમ આવૃત્તિ : *01-01-2012*

: પ્રાપ્તિસ્થાન :

**અહિંસા મહાસંઘ**

૪૦૩, આકાશગંગા કોમ્પલેક્ષ, ગુજરાત કોલેજની પાછળ,

એલિસબ્રીજ, અમદાવાદ. ફોન : ૦૭૯-૩૦૦૨૧૩૬૪

**કરૂણા ફાઉન્ડેશન**

પ્રતિક સંઘાની - મિત્તલ ખેતાની

C/o. નેમીનાથ એન્ટરપ્રાઈઝ

૯, પંચનાથ પ્લોટ, રાજકોટ.

ફોન : ૦૨૮૧-૨૨૩૪૬૧૦ મો. : ૯૮૯૮૪૯૯૯૫૪

મો. : ૯૮૨૪૨૨૧૯૯૯, ૯૯૯૮૦૩૦૩૯૩

**કરૂણા ફાઉન્ડેશન**

જયેશ સાધાની - ધર્મેન્દ્ર શાહ

વેંકટેશ એપાર્ટમેન્ટ, ગોપીપુરા, એનીબેસન્ટ હોલની બાજુમાં, સુરત

ફોન : ૯૫૧૦૦૧૦૧૦૨, ૯૩૭૬૫૩૩૩૭૭

**વિનિયોગ પરીવાર**

બી-૨, ૧૦૪, 'વૈભવ', જામલી ગલી, બોરીવલ્લી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦૦૯૨.

ફોન : ૦૨૨-૨૮૯૯૧૭૮૧, ૨૮૯૮૦૭૪૯

: તમામ હક્કો પ્રકાશકને સ્વાધીન :

*પ્રકાશકની પરવાનગી વિના આ પુસ્તકનો કોઈપણ ભાગ કોઈપણ સ્વરૂપમાં છાપવો નહીં.*

**કિંમત રૂા. : ૫૦૦-૦૦**

: મુદ્રક :

**રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લી.**

૩૦૧, પુનિત પ્લાઝા, ગુજરાત કોલેજની પાછળ, આશ્રમ રોડ,

અમદાવાદ. ફોન : ૦૭૯-૨૭૫૪૦૨૪૩

આ પુસ્તક પ્રકાશિત કરતી વેળા હું મારા

**ગં.સ્વ. માતાશ્રી લીલાબેન મહેન્દ્ર કાપડિયા**

અને

**સ્વ. પિતાશ્રી મહેન્દ્ર ચંદુલાલ કાપડિયાનો**

ઋણ સ્વીકાર કરું છું.

તેમણે આપેલ સંસ્કાર અને શિક્ષણને

કારણે જ પુસ્તક વિષયની દિશામાં

વિચાર - મનોમંથન કરવા હું સક્ષમ બન્યો.

- નિમિષ મ. કાપડિયા

**Justice Anil R. Dave**

**Supreme Court of India**
**New Delhi,**
**December 31, 2011**

# FOREWARD

It is heartening to note that Shri Kapadia and Shri Buch have made sincere efforts to bring all the legal provisions pertaining to Environment and animals at one place in this compendium.

I am sure that one who is a lawyer or loves nature and wants to know legal provisions about environment or animals would find all relevant material in this compendium.

This compilation not only incorporates relevant extracts of Central laws but also incorporates all laws enacted in the State of Gujarat pertaining to the subject so that one may not have to look for any other book in Gujarat, either for his professional work pertaining to environment as a lawyer or as a person connected with environment or animals.

I congratulate Shri Kapadia and Shri Buch for their commendable efforts made for compiling all these provisions at one particular place and I am sure that this compilation will be like *Geeta* for those who deal with provisions pertaining not only to environmental laws but also with regard to criminal provisions which might have to be invoked against those who do not respect nature or are averse to animals and commit offences pertaining thereto.

***ANIL R. DAVE***

JUSTICE MUKESH R. SHAH

HIGH COURT OF GUJARAT
AHMEDABAD-380 060

December 29, 2011

# Foreword

*Every Animal, Bird, Tree etc. has a right to live in their own way. They have a right to live freely as per the Rule of Nature. The word "free Bird" is suggestive of the fact that they are made by nature to live freely. No human being is having any right to infringe upon their rights. It is we who have taken away their shelter and rights by destroying the Forests, Trees, Rivers, Ponds, etc.*

*It has been observed and held by the Hon'ble Supreme Court in case of Sansar Chand Vs. State of Rajasthan, reported in (2010) 10 SCC 604 that Preservation of Wildlife is important for maintaining the ecological balance in the environment and sustaining the ecological chain.*

*It is the duty of every citizen to protect the nature. For that, everybody is supposed to know their Rights and Duties and relevant laws on the subject.*

*I have gone through with great interest, the pages of the work by Shri Nimish Kapadia and Shri Pankaj Buch. The compilation conveys all the relevant statutes on the subject. The authors have arranged the topics and subtopics, notices, etc. which can be helpful to one and all inclusive of commonman, NGOs and likeminded people .*

*I am sure that the compilation and the book will be a useful addition to any library and will be of immense help to all concerned. I congratulate the authors for the hard work put in by them for writing this book and wish them all success. May God Bless them and all for protecting the interest of Animals, Birds, Trees, Forests who cannot speak for their rights and express their feelings like human being.*

M.R. SHAH

**Residence** : 12, Shailraj Bunglows, Behind Rajsurya Bungalows, Ramdevnagar Char Rasta, Satellite, Ahmedabad-380 015

**Phone** : (R) 26926395 26926682 (O) 27664601 to 27664605

# સંદેશ

જીવદયા - અહિંસા - કરુણા, સંવેદન, સ્પંદન, વાત્સલ્ય, લાગણી, સ્વસ્થ જીવન આ બધા એકબીજાને ગાઢ રીતે સંકળાયેલા શબ્દો છે. ભારતીય સંસ્કૃતિની પરમ જ્યોત પરમાત્મા મહાવીરના વચનો "જીવો અને જીવવા દો" પણ સંસારને તારનાર બને છે. જીવદયા, ગૌરક્ષા, પર્યાવરણ રક્ષા એ માનવજીવનને ટકાવવા, સમાવવા, મજબૂત બનાવવા અતિ આવશ્યક અંગો છે. જિન ગ્રંથોમાં બતાવેલ અતિ સૂક્ષ્મ પ્રકારની અહિંસા આખરે આત્માને પરમાત્મા ગતિ તરફ સહજ ભાવે લઈ જાય છે. મન, વચન અને કાયાના યોગોદ્વહનથી સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવદયા પાલન અને પ્રકાશપૂંજની અનુભૂતિ, પ્રબુદ્ધતાની પા પા પગલી, સર્વજીવ કરું શાસનરસીની આલબેલ પોકારે છે.

સહજ ભાવે હોલાને બચાવવા શાંતિનાથ પ્રભુના આત્માએ પોતાના શરીરને નગણ્ય કરી તિર્થંકર નામ કર્મ ઉપાર્જિત કર્યું. શ્રી કૃષ્ણે ગૌસેવા કરી, રાજા દિલીપે ગૌભક્તિનો અનોખો શક્તિદાયક પરિચય આપી કામધેનુ મેળવી, તો મુસ્લિમ ગણાતા અકબર બાદશાહે હિન્દુસ્તાનમાં અદ્ભૂત અમારિપ્રવર્તન કરાવ્યું. ઘોડાઓને પણ ગાળેલું પાણી, કીડીયારા જીવજંતુની રક્ષા કરી કુમાળપાળ રાજાએ ૧૮ દેશોમાં અમારિપ્રવર્તન કરાવ્યું, ત્યારે શ્રી અરવિંદે કહ્યું, "ગાય - અર્થ કામ, અને મોક્ષની દાત્રી છે." ભારતની સભ્યતાનું નામ એટલે જ ગૌસેવા", એમ શ્રી વિનોબાભાવે એ કહ્યું. ઈતિહાસના પાનાઓ જીવદયાના અનેક પ્રસંગોએ વીરોના બલિદાનથી નોંધાયેલાં પડ્યાં છે.

વ્યાપારીકરણના આ વિશ્વમાં મનોજગતને ચકડોળે ચડાવી, બુદ્ધિને ચકરાવે ચડાવી, પર્યાવરણને વિખેરી નાખી, જીવસૃષ્ટિને રંજાડી, માંસાહારના પ્રચાર દ્વારા ભોગવાદ - રોગવાદને મહા આમંત્રણ આપી, આખા વિશ્વને ભયમાં મૂકી દેવામાં આવ્યું છે. જીવદયા અંગેના કાનૂન વિશ્વના બધા દેશોએ બનાવવા પડ્યા, પ્રકૃતિરક્ષા જ સંસ્કૃતિ રક્ષા બને એ નિર્વિવાદ છે. સરકાર જીવદયા પાલનના કાયદાઓ બનાવ્યે જ જાય છે. તેનું અર્થઘટન, તેનું પાલન પ્રશ્નાર્થચિહ્ન સર્જે છે.

આવા કપરા સમયે ગિરિવિહાર ટ્રસ્ટ જેવી સંસ્થાઓ જીવદયા, ગૌરક્ષા તેમજ ગાય, ગૌમૂત્ર, પંચગવ્યના માધ્યમથી પશુઓને અને માનવજીવનને બચાવવાનું નેત્રદીપક કાર્ય કરે છે.

ભાઈશ્રી નિમિષભાઈ અને પંકજભાઈ તેમના ઊંડા અભ્યાસ અને ભાવપૂર્ણ આલેખન દ્વારા જીવદયાના આ પુસ્તકને સમાજ સમક્ષ સરળ ભાષામાં મૂકી રહ્યા છે, તે ખૂબ અનુમોદનીય છે. તેમનો પ્રયત્ન સ્તુત્ય, સમયોચિત છે. આખા સમાજને તેમાંથી માર્ગદર્શન મળે અને સૌ જીવદયામાં અગ્રેસર થાય તેવી હૃદયની ભાવનાથી આશીર્વાદ.

*લી.*

***આ. ભ. શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજીના***

***ધર્મલાભ***

# પ્રસ્તાવના

કાયદો એ જીવન જીવવાની પદ્ધતિ શીખવાડે છે. તે નાગરિકોના હક્કો અને ફરજો પણ શીખવે છે. મોટે ભાગે લોકો માનવીના હક્કો અને ફરજોની ચર્ચા કરતા હોય છે. જે સમયે તેઓ સત્ય હકીકત ભૂલી જાય છે કે આ પૃથ્વી ઉપર માનવીઓની સંખ્યા અન્ય સજીવોની સંખ્યાની સરખામણીએ ફક્ત એક ટકો છે. જ્યારે ભારતીય બંધારણના આર્ટિકલ ૪૮, ૫૧એ(જી) નો અભ્યાસ કર્યો ત્યારે મને આશ્ચર્ય થયું કે આપણા બંધારણ ઘડનારાએ માનવી સિવાયના અન્ય સજીવોના હક્કો વિશે પણ જોગવાઈ કરી છે તે કારણે હું અન્ય કાયદા જેવા કે પ્રાણી ક્રૂરતા નિવારણ ધારો, મુંબઈ પશુ સંરક્ષણ ધારો, વન્ય જીવન (સંરક્ષણ) ધારો, વગેરે કાયદા વાંચવા પ્રેરાયો. જ્યારે હું આણંદના ડૉ. અરવિંદકુમાર શેઠને મળ્યો ત્યારે પ્રાણી કાયદા અંગેનું તેમનું જ્ઞાન જાણી સુખદ આશ્ચર્ય થયું. કોઈપણ સારા વકીલશ્રી કરતાં વધુ સારી રીતે, અસરકારક રીતે તેઓ પ્રાણી કાયદા વિષે માહિતી પ્રવચન કરી શકે છે. તે જ રીતે શ્રી પંકજભાઈ બુચ, ગાંધીનગર, એ તમામ સજીવો અંગે કાયદાના હાલતા ચાલતા એન્સાઈક્લોપીડિયા (માહિતી ગ્રંથ) છે. તેમના મારફત મને કેન્દ્ર સરકારના. વિવિધ રાજ્ય સરકારના કાયદા, નિયમો વગેરેની વિશદ્ માહિતી પ્રાપ્ત થઈ. જ્યારે મેં "સજીવ સંરક્ષણ એજ માનવ ધર્મ" (સ્વસ્થ જીવન જીવવાની જડીબુટ્ટી) પુસ્તક સંપાદિત કરી પ્રકાશિત કર્યું અને તે જ્યારે પ્રાણી રક્ષા કાર્યકરો, સંસ્થાઓના, અધિકારીઓ, પર્યાવરણવિદો, પાંજરાપોળ વહીવટદારોએ વાંચ્યું ત્યારે વિવિધ પ્રકારના કેસો અને પ્રશ્નો આવવા શરૂ થયા. ના. ગુજરાત હાઈકોર્ટમાં પ્રાણી રક્ષા અંગે વિવિધ કેસો ચલાવ્યા. જુદી જુદી સરકારી કચેરીઓને વિવિધ વિષયો અંગે કાયદાકીય માહિતી આપી પ્રાણીઓ અને પક્ષીઓનાં રક્ષણ અંગે કાર્યવાહીઓ કરવા જણાવ્યું ત્યારે ઘણા પ્રશ્નો ઉપસ્થિત થયા. જેમાં પ્રાણી સંસ્થા કે પાંજરાપોળને સાંભળ્યા વિના કસાઈઓને પ્રાણીઓની કસ્ટડી સોંપવા, ગૌમાંસ કે કતલ થવાના હેતુથી થતા ગૌ વંશની હેરફેર અંગે અયોગ્ય પોલીસ તપાસ અંગે, ગેરકાયેદસર રીતે ભૂંડની કતલ અને તે માટે તેની હેરફેર, ગૌ માંસ વિદેશમાં નિકાસ કરવાનો પ્રયત્ન, ગેરકાયદે કતલખાનાં અને ગેરકાયદે માંસ વેચતી દુકાનો બંધ કરાવવાની કાર્યવાહી, પ્રાણીઓની બલિ અટકાવવાના પ્રયત્નો. આવી વિવિધ કાયદાકીય નોટિસો અને કેસોના કારણે અનેક પ્રાણીઓ બચાવી શકાયાનો સંતોષ મળ્યો કે જે કદાચ અન્ય કોઈપણ પ્રકારની પ્રવૃત્તિમાં કે મનોરંજનમાં ન મળી શકે. વર્ષ ૨૦૦૭ માં ગુજરાત વિદ્યાપીઠમાં પ્રાણી રક્ષા કાયદાની શિબિરનું આયોજન થયું કે જેમાં શ્રી કેસરીચંદજી મહેતા, શ્રી રાજેન્દ્ર જોષી, વિનિયોગ પરિવાર, ડૉ. અરવિંદકુમાર શેઠ, શ્રી રસિકલાલ હંસરાજ શાહ તથા ઘણા પ્રાણી રક્ષા કાર્યકરોએ ભાગ લીધો. તેમાં જે ઘણા પ્રશ્નોની ચર્ચા થઈ તે સમયે આ વિષય અંગેના તમામ નિયમો, પરિપત્રો, સૂચનાઓ, લોકસભા પ્રશ્નોત્તરી, વિધાનસભા પ્રશ્નોત્તરીનું સંકલન કરવાનો વિચાર પ્રેર્યો. તે જ રીતે પ્રાણી રક્ષા કાર્યકરો અને પ્રાણી કાયદાની વકીલાત કરતા વકીલશ્રીઓને વ્યાવહારિક મુશ્કેલીઓ સમજી,

ફરી વધુ તપાસ અંગેની અરજી, યોગ્ય તપાસ અંગેની અરજી વગેરેના કાયદાકીય મુસદ્દા બનાવવાની પ્રેરણા આપી. આવા મુસદ્દાને કારણે પ્રાણી રક્ષા કાર્યકરોને તેમના હક્કોનું જ્ઞાન થાય અને તેમને તાત્કાલિક સંજોગોમાં તૈયાર સાહિત્ય મળી શકે.

આ પુસ્તક બનાવવાનો એક માત્ર હેતુ માનવી સહિતના તમામ સજીવોનાં જૈવ હક્કોનું રક્ષણ કરવાનો છે અને સાથે સાથે અન્ય સજીવોની સરખામણીએ માનવને વધુ હક્કો છે એવું હું માનતો નથી. કુદરતે સજીવો વચ્ચે આવો કોઈ ભેદભાવ રાખ્યો નથી. અને માનવને એવો કોઈ ભેદભાવ ઉત્પન્ન કરવાનો અધિકાર આપ્યો નથી. તમામ સજીવોને જીવવાના અને તેમના હક્કોનું રક્ષણ કરવાના એક સરખા અધિકાર છે.

આ પુસ્તક બનાવવા માટે શ્રી પંકજભાઈ બુચ, શ્રી રસિકલાલ હંસરાજ શાહનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ પુસ્તક બનાવતી વેળા ઘણા ગુજરાતી સાહિત્યનું અંગ્રેજી ભાષાંતર કરવું પડ્યું અને ઘણા અંગ્રેજી સાહિત્યનું ગુજરાતી ભાષાંતર કરવું પડ્યું તે અંગે ભાષાંતરકર્તાઓની મદદ મળી જેમનો હું આભારી છું. તે જ રીતે આ પુસ્તક બનાવવા માટે મને વિવિધ પ્રકારની સહાય કરનાર મારા ધર્મપત્ની વાસવી એન. કાપડિયા અને સંતાનો જાહ્નવી અને ઋષભ અંગે જેટલા શબ્દો વાપરું એટલા ઓછા છે.

"માનવ માત્ર ભૂલને પાત્ર". આ પુસ્તક બનાવવા, ટાઈપ કરવા, પ્રૂફ રીડિંગ, ભાષાંતર, છાપકામ વગેરેમાં ભૂલ ન રહી તેને માટે ઘણા પ્રયત્નો કર્યા છે. છતાં પણ જો તેમાં રહી ગયેલી કોઈપણ ભૂલ અંગે આપ જાણ કરશો તો હું આપનો આભારી થઈશ.

નોંધ :

(૧) મૂળ ગુજરાતી કાયદો, નિયમો, પરિપત્ર વગેરેનું અંગ્રેજી ભાષાંતર અને મૂળ અંગ્રેજી કાયદો, નિયમો, પરિપત્ર વગેરે નું ગુજરાતી ભાષાંતર અનુભવી વકીલો દ્વારા કરાવેલ છે તે છતાં મૂળ પ્રત ચકાસી, આ સાહિત્યનો ઉપયોગ કરવા વિનંતી. સાથોસાથ ભાષાંતરની ખામી પ્રત્યે ધ્યાન દોરવા વિનંતી.

(૨) આયાત નિકાસ નીતિ વારંવાર બદલાતી રહે છે. પુસ્તકનું કાર્ય ત્રણ વર્ષ પહેલાં શરૂ થયેલ તેથી સરકારની અદ્યતન નીતિ પણ જોઈ લેવા વિનંતી.

(૩) કેટલાંક કાયદાની અમૂક જ કલમો આ પુસ્તકના વિષય સાથે સંબંધ ધરાવતી હોઈ, તેટલી જ કલમોનો ઉલ્લેખ કરેલ છે.

(૪) પુસ્તક વાપરનાર જો પોતાનું ઈ-મેઈલ એડ્રેસ પત્ર દ્વારા લેખકને મોકલશે તો કાયદાના સુધારા, નવા કાયદા, નિયમો, પરિપત્રો તેમને મોકલવા પ્રયત્ન કરીશું.

(૫) વન્ય જીવન (સંરક્ષણ) ધારો, માં બે વાર સુધારા આવ્યા. પરંતુ મૂળ કાયદામાં આ સુધારા મૂકી (incorporate) મૂળ કાયદાકીય કલમો અને તેમાં થયેલ સુધારા સહિતના કાયદાની એક જ પ્રત મૂકી શકાયેલ નથી કારણકે કેન્દ્ર સરકારની વેબસાઈટ ઉપર આવા સુધારા સહિતની પ્રત મૂકેલ નથી.

(૬) હવે પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટરેશન એક્ટ, નિયમો તથા માંસ ખાદ્ય પદાર્થ ઓર્ડર અસ્તિત્વમાં રહ્યો નથી. (Repealed)

(૭) તા. ૧-૭-૧૯૭૫થી વિશ્વમાં અમલમાં આવેલ વેપાર સંધિ "ભયના આરે આવેલ વન્ય વનસ્પતિ અને પ્રાણી પ્રજાતિઓના આંતરરાષ્ટ્રીય વેપાર સમજૂતી" (Convention on International Trade in Endangered Species of Wild Fauna & Flora) ટૂંકમાં CITES તરીકે ઓળખાય છે. ભારતે તા. ૧૮-૧૦-૧૯૭૬થી આ સંધિ અપનાવી છે. સાઈટિસનું જ એક એકમ વન્યજીવ વેપાર ઉપર દેખરેખ રાખે છે. Wildlife Trade Monitoring Unit (WTMU) / TRAFFIC – Trade Record of Flora and Fauna in commerce. The Director, Traffic India, World Wide Fund, Indian Secreteriate, 172-B, Lodi Estate, New Delhi – 110 003. તદ્ઉપરાંત વન્યપ્રાણી સંરક્ષણ ધારાના ૬ શેડ્યુલમાં ઘણાં જીવોના નામ ઉપરથી એ સ્પષ્ટ રીતે જાણી શકાતું નથી કે આ ક્યો જીવ છે. તેથી જો નીચે મુજબના કોષ્ટક પ્રમાણે કેન્દ્ર કે રાજ્ય સરકાર માહિતી પુરી પાડે તો કાયદાનો અસરકારક ઉપયોગ થઈ શકશે.

વન્ય પ્રાણી સંરક્ષણ કાયદાના પરિશિષ્ટ-૧ થી ૬ હેઠળના પ્રાણીઓ

| શેડ્યુલમાં દર્શાવેલ નામ | અંગ્રેજી નામ | પ્રાણીશાસ્ત્ર પ્રમાણે નામ | પ્રચલિત નામ | હિન્દી નામ | ગુજરાતી નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

| ફોટો અથવા વર્ણન | સાઈટીસની યાદીમાં હોય તો તેની વિગત | I.U.C.N. ના રેડ લીસ્ટમાં હોય તો તેની વિગત | RDB માં હોય તો તેની વિગત |
|---|---|---|---|
| ૭ | ૮ | ૯ | ૧૦ |

નિમિષ મ. કાપડિયા
એડવોકેટ

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | ભારતીય બંધારણ | ૦૧ |
| | **સેન્ટ્રલ એક્ટ્સ** | |
| ૨ | પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ | ૦૨ |
| ૩ | વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ - ૧૯૭૨ | ૨૨ |
| ૪ | વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ - ૨૦૦૨ | ૭૪ |
| ૫ | વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ - ૨૦૦૬ | ૯૭ |
| ૬ | પર્યાવરણ સંરક્ષણ કાયદો - ૧૯૮૬ | ૧૦૯ |
| ૭ | ભારતીય ફોજદારી ધારો | ૧૨૦ |
| ૮ | ફોજદારી કાર્યરિતી અધિનિયમ | ૧૨૨ |
| ૯ | જીવવિજ્ઞાનની વિવધતા બાબતનો અધિનિયમ | ૧૨૮ |
| ૧૦ | ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ | ૧૫૨ |
| ૧૧ | ઢોર અપપ્રવેશ અધિનિયમ-૧૮૭૧ | ૧૯૮ |
| ૧૨ | માર્ગ દ્વારા પરિવહન કાયદો | ૨૦૬ |
| ૧૩ | દરિયા કિનારાના છોડ અને પ્રાણી ઉછેર બાબત સત્તાનો અધિનિયમ-૨૦૦૫ | ૨૧૭ |
| ૧૪ | કસ્ટમ એક્ટ-૧૯૬૨ | ૨૨૯ |
| ૧૫ | વિદેશ વ્યાપાર (વિકાસ અને નિયમન) કાયદો-૧૯૯૨ | ૨૪૮ |
| ૧૬ | આયાત નિકાસ નીતિ | ૨૫૭ |
| ૧૭ | આહાર સુરક્ષા અને ગુણવત્તાનો કાયદો ૨૦૦૬ | ૩૨૪ |
| | **સેન્ટ્રલ રૂલ્સ** | |
| ૧૮ | પરિવહન અને ખેતી માટેના પશુઓ પર થતી ક્રૂરતાના નિવારણ માટેના નિયમો-૧૯૬૫ | ૩૨૬ |
| ૧૯ | પ્રાણી ક્રૂરતા પશુઓને નાડ જડનારને લાઈસન્સ માટેના નિયમો-૧૯૬૫ | ૩૩૧ |
| ૨૦ | ખેલ કરતા પ્રાણીઓના નિયમો - ૧૯૭૩ | ૩૩૫ |
| ૨૧ | ખેલ કરતા પ્રાણીઓના નિયમો -૨૦૦૧ | ૩૪૨ |
| ૨૨ | ખેલ કરતા પ્રાણીઓના (સુધારા) નિયમો - ૨૦૦૧ | ૩૫૫ |
| ૨૩ | પ્રાણી ક્રૂરતા નિવારણ - દંડ કરવાના નિયમો -૧૯૭૮ | ૩૫૬ |
| ૨૪ | પ્રાણી ક્રૂરતના નિવારણ (પ્રાણી રાખવાના સ્થળની નોંધણી) નિયમો-૧૯૭૮ | ૩૫૮ |
| ૨૫ | પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો - ૧૯૭૮ | ૩૬૦ |
| ૨૬ | પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો - ૨૦૦૧ | ૩૮૧ |
| ૨૭ | પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો - ૨૦૦૯ | ૩૮૮ |
| ૨૮ | પ્રાણી ક્રૂરતા નિવારણ (પ્રાણીઓને પકડવા અંગેના) નિયમો-૧૯૭૯ | ૩૯૧ |
| ૨૯ | પ્રાણીઓની પ્રજોત્પતિ (સંકરણ) અને પ્રયોગો માટેના નિયમો-૧૯૯૮ | ૩૯૨ |
| ૩૦ | પ્રાણીઓની પ્રજોત્પતિ (સંકરણ) અને પ્રયોગો માટેના નિયમો-૨૦૦૧ | ૩૯૮ |
| ૩૧ | પ્રાણીઓની પ્રજોત્પતિ (સંકરણ) અને પ્રયોગો માટેના નિયમો-૨૦૦૬ | ૪૦૧ |

| | | |
|---|---|---|
| ૩૨ | પ્રાણી અત્યાચાર નિવારણ (પગપાળા હેરફેર/પરિવહન) નિયમો-૨૦૦૧ | ૪૦૪ |
| ૩૩ | પ્રાણી ક્રૂરતા નિવારણ (કતલખાનાં) નિયમો-૨૦૦૧ | ૪૧૩ |
| ૩૪ | પ્રાણી ક્રૂરતા નિવારણ (કતલખાના) સુધારા નિયમો- ૨૦૧૦ | ૪૧૯ |
| ૩૫ | પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી સ્થાપના અને વહીવટી નિયમો-૨૦૦૧ | ૪૨૦ |
| ૩૬ | પ્રાણીઓના જન્મ નિયંત્રણ (કૂતરાઓ) અંગેના નિયમો-૨૦૦૧ | ૪૨૩ |
| ૩૭ | પ્રાણીઓના જન્મ નિયંત્રણ (કૂતરાઓ) સુધારા નિયમો-૨૦૧૦ | ૪૨૮ |
| ૩૮ | વિદેશ વ્યાપાર નિયમો - ૧૯૯૩ | ૪૨૯ |
| ૩૯ | માંસ ખાદ્ય ઉત્પાદન હુકમ - ૧૯૭૩ (હવે રદબાતલ) | ૪૩૯ |
| ૪૦ | ખાદ્ય પદાર્થ ભેળસેળ અટકાવવાના નિયમો-૧૯૫૫ (હવે રદબાતલ) | ૪૪૬ |
| ૪૧ | ભારતીય રેલવે નિયમો | ૪૫૦ |
| ૪૨ | ખાદ્ય સલામતી અને ધારાધોરણો (ખાદ્ય ધંધાના પરવાના અને નોંધણી) નિયમો, ૨૦૧૧ | ૪૬૩ |
| ૪૩ | ખાદ્ય સલામતી અને ધારાધોરણો (વેચાણ અંગેના પ્રતિબંધો અને નિયંત્રણો) રેગ્યુલેશન, ૨૦૧૧ | ૪૬૬ |
| | **ગુજરાત એક્ટ્સ (કાયદા)** | |
| ૪૪ | મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૪ | ૪૯૨ |
| ૪૫ | ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૧૧ | ૫૦૦ |
| ૪૬ | ગુજરાત પશુ પક્ષી બલિદાન (પ્રતિબંધ) અધિનિયમ, ૧૯૭૨ | ૫૦૩ |
| ૪૭ | ગુજરાત આવશ્યક ચીજવસ્તુ અને ઢોર (નિયંત્રણ) અધિનિયમ ૨૦૦૫ | ૫૦૬ |
| ૪૮ | મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ | ૫૧૬ |
| ૪૯ | ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ અટકાવવા બાબતનો કાયદો ૧૯૮૫ | ૫૧૭ |
| ૫૦ | ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૫૪ | ૫૧૯ |
| ૫૧ | ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ | ૫૨૭ |
| ૫૨ | ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ ૨૦૦૩ | ૫૩૦ |
| | **ગુજરાત રૂલ્સ (નિયમો)** | |
| ૫૩ | મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત) નિયમો ૧૯૬૭ | ૫૪૫ |
| ૫૪ | ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) નિયમો ૨૦૧૧ | ૫૪૯ |
| ૫૫ | ગુજરાત મત્સ્યોદ્યોગ નિયમો ૨૦૦૩ | ૫૫૫ |
| ૫૬ | ગુજરાત વાહન વ્યવહારના નિયમો -૧૯૮૯ | ૬૦૧ |
| ૫૭ | આવશ્યક ચીજવસ્તુઓ અને પ્રાણી નિયંત્રણ કાયદા હેઠળના હુકમો | ૬૦૨ |
| ૫૮ | ગુજરાત બાયો ડાઈવર્સિટી (જૈવિક વિવિધતા) નિયમો ૨૦૧૧ | ૬૧૪ |
| | **પરિપત્રો** | |
| ૧. | ફરિયાદ નોંધવા અંગેના ગૃહ વિભાગના તા.૨૨ ૪-૯૮ નો પરિપત્ર | ૬૨૮ |
| ૨. | ફરિયાદ નોંધવા અંગે ગૃહખાતાની હેલ્પલાઈન | ૬૩૧ |
| ૩. | ફરિયાદ નોંધવા અંગે ડી.જી.પી. ગુજરાતનો તા. ૧૧-૭-૦૭ નો પરિપત્ર | ૬૩૨ |
| ૪. | ફરિયાદ નોંધવા અંગે તા. ૬-૧-૦૭ નો ડી.જી.પી. ના પરિપત્ર | ૬૩૩ |
| ૫. | તા. ૧૯-૬-૯૭ નો ડી.જી.પી. ગુજરાતનો ગુનો નોંધવા અંગેનો પરિપત્ર | ૬૩૫ |

| | | |
|---|---|---|
| ૬. | ડી.જી.પી. ગુજરાતનો તા. ૨૧-૧૧-૦૫ નો પ્રાણીઓ પક્ષીઓ તાંત્રિક ઉપયોગ પ્રતિબંધ પત્ર | ૬૩૬ |
| ૭. | ભારતીય જીવજન્તુ કલ્યાણ બોર્ડ (વન્ય અને પર્યાવરણ મંત્રાલય, ભારત સરકાર) ના બલિ અંગે પત્ર | ૬૩૮ |
| ૮. | ૧૭-૧૧-૦૫ નો આવશ્યક ચીજવસ્તુ અને પ્રાણી નિયંત્રણ કાયદા હેઠળ બળદ વિ. નો રદ થયેલ કોટા અંગેનો પરિપત્ર | ૬૩૯ |
| ૯. | તા. ૨૬-૧૧-૧૯૯૭નો કેટલ લાઈસન્સિંગ ઈન્સ્પેકટર તથા જિલ્લા પશુપાલન નિયામકને પ્રાણીઓની કવોટા થી વધુ કતલ ન થાય અને ગેરકાયદે કતલ અંગે પોલીસને જાણ કરવાની સૂચના આપતો પશુપાલન નિયામકનો પરિપત્ર | ૬૪૨ |
| ૧૦. | પશુપાલન નિયામકશ્રીનો તા. ૧૪-૭-૨૦૧૦નો પ્રાણીઓના ક્વોટા અને ગેરકાયદે કતલ અંગેનો પરિપત્ર | ૬૪૩ |
| ૧૧. | હોટલમાં પિરસાતી બિનશાકાહારી વાનગીઓને લેબલ માટે તા. ૧૨-૧૨-૦૬ નો પ્રશ્ન તા. ૨૯-૬-૦૭ નો પત્ર, તા. ૨૮-૩-૦૬ નો પરિપત્ર | ૬૪૪ |
| ૧૨. | વાહનો વિરુદ્ધનાં પગલાં અંગે તા. ૨૧-૩-૯૯ નો ગુજરાત વિધાનસભાનો તારાંકિત પ્રશ્ન | ૬૪૮ |
| ૧૩. | વાહનો વિરુદ્ધનાં પગલાં અંગે તા. ૨૧-૩-૦૮ નો ગુજરાત વિધાનસભાનો તારાંકિત પ્રશ્ન | ૬૪૯ |
| ૧૪. | વાહનો વિરુદ્ધનાં પગલાં અંગે તા. ૨૩-૩-૯૯ તથા તા. ૧૭-૧૧-૦૬ નો વિધાનસભાનો અતારાંકિત પ્રશ્ન | ૬૫૦ |
| ૧૫. | તા. ૧૪-૭-૦૪ નો પ્રાણી હેરફેર અંગેનો પરિપત્ર | ૬૫૧ |
| ૧૬. | પ્રાણી પરિવહન નિયમો હેઠળ પ્રમાણપત્ર આપવા અધિકૃત વ્યક્તિઓ | ૬૫૩ |
| ૧૭. | પ્રાણી પરિવહન પહેલાં પ્રમાણપત્ર મેળવવા અંગે પ્રાણી કલ્યાણ બોર્ડનો તા. ૨૭-૨-૦૨ નો પરિપત્ર | ૬૫૯ |
| ૧૮. | તા. ૮-૧-૦૨ નો પ્રાણી પરિવહન અંગે પ્રમાણપત્ર અધિકારીઓ | ૬૬૨ |
| ૧૯. | ટ્રક દ્વારા પ્રાણીઓના પરિવહન બાબતે પ્રમાણપત્ર અંગે તા. ૨૮-૮-૦૭ અંગે ભારતીય જીવજન્તુ કલ્યાણ બોર્ડનો પત્ર | ૬૬૪ |
| ૨૦. | સર્ટિફિકેશન અંડર રૂલ્સ-૯૬ ફોર ટ્રાન્સપોર્ટેશન અંગે તા. ૧૪-૩-૨૦૧૧નો ઉપસચિવ, કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ | ૬૬૫ |
| ૨૧. | પ્રાણીઓની હેરફેરના નિયમોનું અમલીકરણ કરવા માટેનું પ્રમાણપત્ર આપવા બાબત પશુપાલન નિયામક, ગુજરાત રાજ્યનો તા. ૧૭-૩-૧૧નો પરિપત્ર | ૬૬૬ |
| ૨૨. | ગેરકાયદેસર રીતે કતલખાનામાં મોકલવામાં આવતા પશુઓની હેરાફેરી અંગે વાહનવ્યવહાર કમિ.નો પત્ર | ૬૬૭ |
| ૨૩. | પ્રાણીઓના પરિવહન સમયે પ્રાણી કૂરતા નિવારણ અધિનિયમ | ૬૬૮ |
| ૨૪. | ગૌવંશ અંગેના ગુના અંગે સઘન તપાસ અંગે ગૃહમંત્રીનો તા.૧૯-૧૨-૨૦૦૦ નો પત્ર | ૬૭૦ |
| ૨૫. | ગૃહ વિભાગનો તા. ૩-૩-૯૯ નો બી.પી.એમ.સી. એકટ અને મુંબઈ પશુ સંરક્ષણ ધારાના ગુના નોંધવાનો હુકમ | ૬૭૨ |

| | | |
|---|---|---|
| ૨૬. | તા. ૭-૮-૨૦૦૦ નું કોમર્સ મિનિસ્ટ્રીનો ગૌમાંસ આયાત પ્રતિબંધ જાહેરનામું | ૬૭૪ |
| ૨૭. | ગાય, બળદ, વાછરડાં વગેરે પશુઓની થતી ગેરકાયદેસર કતલ અંગે બોમ્બે એનિમલ પ્રિઝર્વેશન એક્ટ હેઠળ પગલાં લેવા તા. ૨૨-૨-૮૩નો ગૃહવિભાગનો ઠરાવ | ૬૭૫ |
| ૨૮. | સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની મુંબઈ પશુ સંરક્ષણ ધારા હેઠળ કતલ કરવાના સ્થળ નક્કી કરવાની સત્તા આપતું તા. ૧૦-૭-૭૩ નું જાહેરનામું | ૬૭૬ |
| ૨૯. | પ્રાણી કતલ નિયમોના પાલન અંગે નગરપાલિકા નિયામકનો પરિપત્ર | ૬૭૭ |
| ૩૦. | કતલખાના માટે લાગુ પડતા આઈ.એસ. ધારા ધોરણો | ૬૭૮ |
| ૩૧. | તા. ૩૧-૪-૦૭ નો નગરપાલિકા નિયામકના કતલખાના નિયમોના અમલ અંગે પરિપત્ર તથા તા. ૨૮-૬-૦૬ નો પ્રાદેશિક નિયામક, રાજકોટનો પત્ર | ૬૭૯ |
| ૩૨. | બકરીઈદના દિવસે અધિકૃત કતલખાના સિવાયના સ્થળે પ્રાણીની કતલ ઉપર પ્રતિબંધ મુકતો વડોદરાના પોલીસ કમિશનરનો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ | ૬૮૨ |
| ૩૩. | ગુજરાત રાજ્યના શહેરોમાં ચાલતાં ગેરકાયદેસર કતલખાનાં બંધ કરવા નાયબ સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા. ૨૭-૯-૯૯ના રોજનો પરિપત્ર | ૬૮૩ |
| ૩૪. | પશુ ગુનામાં કડક પગલાં લેવા અંગે તા. ૨૨-૮-૨૦૧૦ના રોજનો પોલિસ અધિક્ષક આણંદનો પરિપત્ર | ૬૮૫ |
| ૩૫. | પ્રાણી કલ્યાણ બોર્ડ/સમિતિની રચના અંગે તા. ૨૫-૨૬-૨-૦૨ તથા તા. ૧૫-૩-૦૨ નો પત્ર | ૬૮૭ |
| ૩૬. | પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા અટકાવવા માટે દરેક જિલ્લામાં રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ અને સોસાયટીની સ્થાપના બાબતના તા. ૧૫-૧૦-૦૮ના રોજનો ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડનો પત્ર | ૬૯૦ |
| ૩૭. | તા. ૧૪-૧૦-૯૮ નો ખેલ માટે પ્રતિબંધિત પ્રાણીઓ અંગેનું જાહેરનામું તથા તા. ૧૧-૭-૧૧નું જાહેરનામું | ૬૯૧ |
| ૩૮. | બાર કાઉન્સિલ સૂચિત પ્રાણી કાયદાનું શિક્ષણ | ૬૯૩ |
| ૩૯. | તા. ૧૦-૧-૦૩નું પ્રાણીઓ ઉપર થતા પ્રયોગ નિયંત્રણ સમિતિની સ્થાપના અંગે જાહેરનામું | ૬૯૪ |
| ૪૦. | વન્યજીવન (સંરક્ષણ) ધારો ૧૯૭૨-કલમ-૩૮ હેઠળ ગુજરાત સરકાર, જંગલ અને પર્યાવરણ વિભાગના તા. ૧૦-૮-૦૭ના ઠરાવથી વન્યજીવન ગુના એકમની રચના | ૬૯૬ |
| ૪૧. | વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન બોર્ડની રચના અને કામગીરી અંગે તા. ૯-૩-૦૫નો વિધાનસભા પ્રશ્ન | ૭૦૦ |
| ૪૨. | ઓક્સીટોસીન ઈન્જેકશનનો દુરુપયોગ અટકાવવા અંગે તા. ૨૪-૫-૦૫નો પરિપત્ર | ૭૦૧ |
| ૪૩. | પ્રાણીઓ પ્રત્યે થતી ક્રૂરતા અટકાવવા અંગે ભારત સરકારના તા. ૨૬-૫-૦૬ના સરકારી કર્મચારી વિરુધ્ધ ખાતાકીય પગલાં લેવાના નિર્દેશનો | ૭૦૩ |
| ૪૪. | ડિસેકશન અંગેનો ગુજરાત યુનિવર્સિટીનો પરિપત્ર | ૭૦૫ |
| ૪૫. | ઉત્તરાયણ અંગેનું અમદાવાદ પોલીસ કમિશનરનું તા. ૦૭-૧-૧૦ના રોજનું જાહેરનામું | ૭૦૬ |

| | | |
|---|---|---|
| ૪૬. | ઉત્તરાયણ અંગેનું અમદાવાદ જિલ્લા મેજિસ્ટ્રેટનું તા. ૬-૧-૧૦ના રોજનું જાહેરનામું | ૭૦૭ |
| ૪૭. | ધી એનિમલ બર્થ કન્ટ્રોલ (ડોગ્સ) રૂલ્સ, ૨૦૦૧ ની જાણકારી તથા અસરકારક અમલીકરણ અંગે તા. ૨૫-૮-૦૬ના રોજની પોલીસ મહાનિર્દેશકની યાદી | ૭૦૯ |
| ૪૮. | કતલખાના મંજૂરી અને સક્ષમ ડોક્ટરના અભિપ્રાય રહિત થતા માંસાહારના વિતરણ અંગે તા. ૧૩-૧૨-૧૦ની પો. અધિક્ષક, આણંદની યાદી | ૭૧૦ |
| ૪૯. | ટ્રેન મારફત વહન થતાં પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા અટકાવવા રેલવે બોર્ડની તા. ૨૫-૯-૯૦ની સૂચના | ૭૧૧ |
| ૫૦. | ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ ૨૦૧૧, હેઠળ સક્ષમ સત્તાધિકારીઓ | ૭૧૨ |
| ૫૧. | કતલખાના નિયમોના પાલન અંગે પ્રાણી કલ્યાણ બોર્ડનો તા. ૨૧-૩-૦૫નો અને પશુપાલન નિયામકનો તા. ૧૬-૯-૦૬નો પત્ર | ૭૧૩ |
| | **પ્રકિર્ણ** | |
| ૧. | ગુજરાત રાજ્યની ઈન્ફરમરી તરીકે માન્યતા પ્રાપ્ત રજિસ્ટર્ડ પાંજરાપોળની નામાવલી | ૭૧૬ |
| ૨. | પ્રાણીઓના હક્કો અંગે (વિશ્વિક) જાહેરાત - ૧૯૭૮ | ૭૨૬ |
| ૩. | પ્રાણીઓની કતલ અને પ્રાણીઓ ઉપરનો ત્રાસ અટકાવવા માટે માહિતી અધિકાર ધારાનો યોગ્ય ઉપયોગ | ૭૩૧ |
| ૪. | પ્રાણી રક્ષક વ્યક્તિઓ કે સંસ્થાઓના હક્કો, ફરજો, સત્તાઓ | ૭૩૨ |
| ૫. | ગુજરાત હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટના વિવિધ અને અગત્યના ચૂકાદાઓની ટૂંક નોંધ | ૭૩૪ |
| ૬. | એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા - પ્રાણી કલ્યાણ બોર્ડ ઓફ ઈન્ડિયા | ૭૩૮ |
| ૭. | પ્રાણી સુરક્ષા કાયદા અભ્યાસક્રમ અને તે અંગેની કારકીર્દિ (કરિયર) | ૭૩૮ |
| ૮. | પ્રશ્નોત્તરી | ૭૩૯ |
| | **સૂચિત મુસદ્દો** | |
| ૧. | પ્રાણીઓને ગેરકાયદેસર ક્રૂરતા આચરી કતલખાને લઈ જવાઈ રહ્યાં છે તે બાબતની ફરિયાદ | ૭૪૧ |
| ૨. | જામીન આપવા સામે વિરોધ | ૭૪૫ |
| ૩. | વાહન પરત મેળવવાની અરજી અંગે વાંધા | ૭૪૬ |
| ૪. | પ્રાણીઓની કસ્ટડી અંગેની મુદ્દામાલ અરજી સામે વાંધા | ૭૪૭ |
| ૫. | ફરીયાદ અંગે તાત્કાલિક, યોગ્ય, ઝડપી તપાસ બાબત | ૭૫૦ |
| ૬. | હુકમનો અમલ મુલતવી રાખવા બાબત | ૭૫૩ |
| ૭. | ના. કોર્ટને સી.આર.પી.સી. ની કલમ ૧૭૩ (૮) મુજબ વધુ તપાસ કરવા યોગ્ય હુકમ કરવા બાબત | ૭૫૪ |
| ૮. | પાંજરાપોળે પ્રાણીઓ સ્વીકારતી વેળા આપવાની પાવતી (રસીદ) | ૭૫૬ |
| ૯. | મૃત પ્રાણીઓ અંગે ઈન્કવેસ્ટ | ૭૫૭ |
| ૧૦. | મૃત પ્રાણીઓ અંગે પોલીસ અધિકારીને જાણ કરતો પત્ર | ૭૫૯ |
| | **ઉમેરો :** | |
| | માર્ગ ધ્વારા પરિવહનના નિયમો, ૨૦૧૧ | ૭૬૦ |

# આભાર

આ પુસ્તકના પ્રકાશન પ્રસંગે કેટલાંક ખાસ વ્યક્તિઓને યાદ કરીને અમે કૃતાર્થ થઈશું. આ પુસ્તક નીચે મુજબની વ્યક્તિઓની મદદ વિના શક્ય બન્યું ન હોત. અમે તેમનો આભાર માનીએ છીએ.

- ભરત રાવળ
- તનૂજાબેન કચ્છી
  એડવોકેટ
- સંજય કોઠારી
- પ્રકાશ પંડ્યા
  એડવોકેટ
- મનીષ પ્રજાપતિ
- પારૂલબેન દોશી
  એડવોકેટ
- વસાવડા
  એડવોકેટ
- શ્રી જયુભાઈ શાહ
- વિજય પંચાલ
- જગદીશ જાની
- પ્રેમલ પંડ્યા
- સુચેતા વાસણવાળા
- દેવરામ આહીર
- સુરજીત હિરા
- અતુલ વ્યાસ
- પાયલબેન શાહ

# ભારતનું બંધારણ

## સરકારની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

**આર્ટિકલ ૪૮ : ખેતી અને પશુપાલનની વ્યવસ્થા :**

*"ખેતી અને પશુપાલનની આધુનિક અને વૈજ્ઞાનિક ધોરણે વ્યવસ્થા કરવાનો રાજ્ય પ્રયાસ કરશે અને ખાસ કરીને ગાયો અને વાછરડાં અને બીજાં દુધાળાં અને ભારવહન કરનારાં ઢોરની ઓલાદો જાળવવા અને સુધારણા તેમજ તેની કતલ પર પ્રતિબંધ મૂકવાનો પ્રયાસ કરશે."*

**આર્ટિકલ ૪૮-ક :**

**પર્યાવરણનું જતન અને સુધારણા તથા જંગલો અને વન્ય પશુપક્ષીઓના રક્ષણ બાબત :**

*રાજ્ય પર્યાવરણનું જતન અને એમાં સુધારણા કરવાનો અને દેશનાં જંગલો અને અન્ય પશુપક્ષીઓનું રક્ષણ કરવાનો પ્રયાસ કરશે.*

## મૂળભૂત ફરજો

**૫૧-ક. ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :**

*(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓના રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;*

*(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;*

*(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;*

*(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં તેમ કરવાની;*

*(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુતાની ભાવનાની વૃદ્ધિ કરવાની; સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;*

*(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;*

*(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;*

*(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા અને સુધારણાની ભાવના કેળવવાની;*

*(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;*

*(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.*

*(ડ) જે પિતા કે વાલી હોય તેણે તેના બાળક કે પાલ્યને ૬ થી ૧૪ વર્ષની ઉંમર સુધી શિક્ષણ પ્રાપ્ત કરવાની તક આપવાની.*

• • •

# પ્રાણી-ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦

**(સન ૧૯૬૦નો અધિનિયમ ક્રમાંક ૫૯)**

**અનુક્રમણિકા**

**પ્રકરણ ૧**

**પ્રારંભિક**

**કલમ**


૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૨. વ્યાખ્યા.

૩. પ્રાણીઓ જેના હવાલામાં હોય તે વ્યક્તિઓની ફરજો.


**પ્રકરણ ૨**

**પ્રાણી કલ્યાણ બોર્ડ**


૪. પ્રાણી કલ્યાણ બોર્ડની સ્થાપના.

૫. બોર્ડની રચના

૫.એ બોર્ડની ફેર રચના

૬. બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો.

૭. બોર્ડના સેક્રેટરી અને બીજા કર્મચારીઓ.

૮. બોર્ડનું ભંડોળ

૯. બોર્ડનાં કાર્યો

૧૦. બોર્ડની વિનિયમો કરવાની સત્તા.


**પ્રકરણ ૩**

**પ્રાણીઓ પ્રત્યે સામાન્ય રીતે ક્રૂરતા**


૧૧ પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતાવાળો વર્તાવ.

૧૨. ફૂંકા કે દૂમદેવીની ક્રિયા બદલ શિક્ષા

૧૩. પીડા ભોગવતાં પ્રાણીઓનો નાશ.


**પ્રકરણ ૪**

**પ્રાણીઓ ઉપરના પ્રયોગ**


૧૪. પ્રાણીઓ ઉપરના પ્રયોગ

૧૫. પ્રાણીઓ ઉપરના પ્રયોગોના નિયંત્રણ અને દેખરેખ માટે સમિતિ.

૧૫એ. પેટા સમિતિઓ

૧૬. સમિતિનો સ્ટાફ

૧૭. સમિતિની ફરજો અને પ્રાણીઓ ઉપરના પ્રયોગો સંબંધી નિયમો કરવાની સમિતિની સત્તા

૧૮. પ્રવેશની અને તપાસણીની સત્તા

૧૯. પ્રાણીઓ ઉપરના પ્રયોગો ઉપર પ્રતિબંધ મૂકવાની સત્તા.

૨૦. શિક્ષા.

## પ્રકરણ ૫

## ખેલ કરનારાં પ્રાણીઓ

૨૧. “ખેલ કરાવવો” અને "તાલીમ આપવી" ની વ્યાખ્યા.

૨૨. ખેલ કરનારાં પ્રાણીઓના ખેલ કરાવવા અને તાલીમ ઉપર નિયંત્રણ.

૨૩. નોંધણી માટે કાર્યરીતિ.

૨૪. ખેલ કરનારાં પ્રાણીઓનાં ખેલ કરાવવા અને તાલીમ આપવા ઉપર પ્રતિબંધ મૂકવાની અથવા તેનું નિયંત્રણ કરવાની ન્યાયાલયની સત્તા.

૨૫. જગામાં દાખલ થવાની સત્તા.

૨૬. ગુના.

૨૭. માફીઓ.

## પ્રકરણ ૬

## પ્રકીર્ણ

૨૮. ધર્મથી ઠરાવેલી રીતે કતલ કરવા સંબંધી અપવાદ.

૨૯. જેનો ગુનો સાબિત થયેલો હોય તે વ્યક્તિને પ્રાણીની માલિકીથી વંચિત કરવાની ન્યાયાલયની સત્તા.

૩૦. કેટલાક પ્રસંગોમાં દોષ માની લેવા બાબત.

૩૧. ગુના પોલીસ અધિકારના હોવા બાબત.

૩૨. તપાસની અને કબજે લેવાની સત્તાઓ.

૩૩. તપાસ વોરંટો.

૩૪. તપાસ માટે કબજે લેવાની સર્વ સામાન્ય સત્તા.

૩૫. પ્રાણીઓની સારવાર અને સંભાળ.

૩૬. ફરિયાદ માટેની મુદત.

૩૭. સત્તાની સોંપણી.

૩૮. નિયમો કરવાની સત્તા.

૩૮એ. સંસદ સમક્ષ નિયમો અને વિનિયમો રજૂ કરવા.

૩૯. કલમ ૩૪ હેઠળ અધિકૃત વ્યક્તિઓ જાહેર સેવકો ગણાવા બાબત.

૪૦. શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.

૪૧. સન ૧૮૯૦ નો અધિનિયમ ૧૧મો રદ થવા બાબત.

## પ્રાણી-ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦

## (સને ૧૯૬૦નો અધિનિયમ ક્રમાંક ૫૯)

(૨૬, ડિસેમ્બર, ૧૯૬૦)

*પ્રાણીઓ પ્રત્યે અનાવશ્યક દુઃખ અથવા પીડા ગુજારાતી નિવારવા માટે અને તે હેતુ માટે પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા નિવારવાને લગતો કાયદો સુધારવા માટેનો અધિનિયમ.*

*આથી સંસદ ભારતના ગણરાજ્યના અગિયારમા વર્ષમાં નીચે પ્રમાણે અધિનિયમ કરે છે :-*

### પ્રકરણ ૧

### પ્રારંભિક

**૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ**

*૧. (૧) આ અધિનિયમ "પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦" કહેવાશે.*

*(૨) તે જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાયના સમગ્ર ભારતને લાગુ પડેલ છે.*

*(૩) કેન્દ્ર સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખે તે અમલમાં આવશે અને આ અધિનિયમમાંની જુદી જુદી જોગવાઈઓના અમલ માટે અને જુદાં જુદાં રાજ્યોના અમલ માટે જુદી જુદી તારીખો નક્કી થશે.*

**૨. વ્યાખ્યા**

*આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-*

*(ક) "પ્રાણી" એટલે મનુષ્ય સિવાયનું કોઈપણ જીવતું પ્રાણી :*

*(ખ) "બોર્ડ" એટલે કલમ ૪ હેઠળ સ્થપાયેલું પ્રાણી કલ્યાણ બોર્ડ,*

*(ગ) "બંધનમાં રાખેલું પ્રાણી" એટલે (પાળેલું ન હોય તેવું) કોઈ પ્રાણી, જે કાયમ કે હંગામી બંધનમાં રાખવામાં કે પૂરી રાખવામાં આવતું હોય અથવા તે સ્થિતિમાંથી તેને નાસી જતું અવરોધવા કે અટકાવવાના હેતુ માટે જેને કોઈ સાધન કે યુક્તિને વશ રાખવામાં આવેલું હોય અથવા જેની પાંખના છેડા કાપી નાખ્યા હોય અથવા જેને અપંગ બનાવેલું હોય કે હોવાનું જણાતું હોય,*

*(ઘ) "પાળેલું પ્રાણી" એટલે માનવના ઉપયોગ માટેનો કોઈ હેતુ સાધવા જેને પાળેલું હોય અથવા પૂરતા પ્રમાણમાં પાળવામાં આવેલું કે આવી રહેલું હોય અથવા જેને એ રીતે પાળવામાં આવેલું કે આવી રહેલું કે પાળવા ધારેલું ન હોય તો પણ જે વાસ્તવમાં પૂરેપૂરું અથવા અંશતઃ પાળેલું હોય કે પાળેલું બની ગયું હોય તે પ્રાણી.*

*(ચ) "સ્થાનિક સત્તામંડળ" એટલે જેને નિર્દિષ્ટ સ્થાનિક વિસ્તારમાં કોઈ બાબતનાં નિયંત્રણ અને વહીવટ કાયદાથી તે સમયે સોંપવામાં આવેલાં હોય તે મ્યુનિસિપલ સમિતિ, જિલ્લા બોર્ડ અથવા બીજું સત્તામંડળ,*

(છ) "માલિક" શબ્દ પ્રાણીના સંબંધમાં વપરાયેલો હોય ત્યારે તેમાં માલિકનો જ નહિ પરંતુ તેની સંમતિથી કે સંમતિ વિના પ્રાણી તે સમયે જેના કબજામાં કે કસ્ટડીમાં હોય તે અન્ય કોઈ વ્યક્તિનો પણ સમાવેશ થાય છે.

(જ) "ફૂંકાં કે દૂમદેવ" ક્રિયામાં દૂઝણા ઢોરનું દૂધ ખેંચી લેવાના ઉદ્દેશથી તેની યોનિમાં હવા અથવા કોઈ પદાર્થ દાખલ કરવાની કોઈ ક્રિયાનો સમાવેશ થાય છે.

(ઝ) "ઠરાવેલ" એટલે આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલા નિયમોથી ઠરાવેલ,

(ટ) "શેરી" માં જેમાં લોકોને પ્રવેશ હોય તેવા કોઈ રસ્તા, માર્ગ, ગલી, વાંક, ફળિયાં, ગલીયારી, ચાલી અથવા ખુલ્લી જગાનો, તે રાહદારી રસ્તો હોય કે ન હોય તો પણ સમાવેશ થાય છે.

**૩. પ્રાણીઓ જેમના હવાલામાં હોય તે વ્યક્તિઓની ફરજો.**

કોઈ પ્રાણીની સંભાળ રાખનાર અથવા તેનો હવાલો ધરાવનાર દરેક વ્યક્તિની, તે પ્રાણીની સુખાકારી માટે તમામ વાજબી પગલાં લેવાની અને તે પ્રાણી પ્રત્યે અનાવશ્યક દુઃખ અથવા પીડા ગુજારાતી નિવારવાની ફરજ રહેશે.

## પ્રકરણ ૨

## પ્રાણી કલ્યાણ બોર્ડ

**૪. પ્રાણી કલ્યાણ બોર્ડની સ્થાપના**

(૧) સામાન્ય રીતે પ્રાણી કલ્યાણ માટે અને ખાસ કરીને, પ્રાણીઓ પ્રત્યે અનાવશ્યક દુઃખ અથવા પીડા ગુજારવામાં આવે તેમાંથી તેમને રક્ષણ આપવા કેન્દ્ર સરકારે, આ અધિનિયમના આરંભ પછી બનતી ત્વરાએ, "પ્રાણી કલ્યાણ બોર્ડ" એ નામનું એક બોર્ડ સ્થાપવું જોઈશે.

(૨) બોર્ડ શાશ્વત ઉત્તરાધિકાર ધરાવતું સંસ્થાપિત મંડળ રહેશે અને તેને પોતાનો સિક્કો રહેશે અને આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, તેને મિલકત સંપાદિત કરવાની, તે ધરાવવાની અને તેનો નિકાલ કરવાની સત્તા રહેશે અને તે નામથી પોતે દાવો માંડી શકશે અથવા તેના ઉપર દાવો માંડી શકશે.

**૫. બોર્ડની રચના**

(૧) બોર્ડ નીચેની વ્યક્તિઓનું બનશે-

(ક) ભારત સરકારના જંગલોના ઈન્સ્પેક્ટર જનરલ, હોદ્દાની રૂએ,

(ખ) ભારત સરકારના પશુ-પાલન કમિશનર, હોદ્દાની રૂએ.

(ગ) પશુરોગના વ્યવસાયીઓના જે એસોસિએશનને કેન્દ્ર સરકારના અભિપ્રાય મુજબ બોર્ડમાં પ્રતિનિધિત્વ આપવું જોઈએ, તેનું પ્રતિનિધિત્વ કરવા માટે ઠરાવેલી રીતે તે એસોસિએશને ચૂંટવાની એક વ્યક્તિ.

(ઘ) વૈદક શાસ્ત્રની આધુનિક અને તળપદી-પદ્ધતિઓના વ્યવસાયીઓનું પ્રતિનિધિત્વ કરવા માટે કેન્દ્ર સરકારે નીમવાની બે વ્યક્તિઓ.

(ચ) મુંબઈ, કલકત્તા, દિલ્હી અને મદ્રાસનાં મ્યુનિસિપલ કોર્પોરેશનો પૈકી દરેકનું પ્રતિનિધિત્વ કરવા માટે એક વ્યક્તિ અને બીજા જે મ્યુનિસિપલ કોર્પોરેશનને કેન્દ્ર સરકારના અભિપ્રાય મુજબ બોર્ડમાં પ્રતિનિધિત્વ આપવું જોઈએ તેનું પ્રતિનિધિત્વ કરવા માટે એક વ્યક્તિ, જે દરેક વ્યક્તિને ઠરાવેલી રીતે સદરહુ કોર્પોરેશનો પૈકી દરેકે ચૂંટવાની રહેશે.

(છ) પ્રાણી કલ્યાણમાં સક્રિય રસ ધરાવતાં જે ત્રણ મંડળોને કેન્દ્ર સરકારના અભિપ્રાય મુજબ બોર્ડમાં પ્રતિનિધિત્વ આપવું જોઈએ તે પૈકી દરેકનું પ્રતિનિધિત્વ કરવા માટે ઠરાવેલી રીતે સદરહુ મંડળો પૈકી દરેકે પસંદ કરવાની એક વ્યક્તિ,

(જ) પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતાના નિવારણનું કામ કરતી જે ત્રણ મંડળીઓને કેન્દ્ર સરકારના અભિપ્રાય મુજબ બોર્ડમાં પ્રતિનિધિત્વ આપવું જોઈએ તે પૈકી દરેકનું પ્રતિનિધિત્વ કરવા માટે, ઠરાવેલી રીતે પસંદ કરવાની એક વ્યક્તિ,

(ઝ) કેન્દ્ર સરકારે નીમવાની ત્રણ વ્યક્તિઓ,

(ટ) સંસદના છ સભ્યો, જેમાંથી ચારને લોકસભા અને બેને રાજ્યસભા ચૂંટી મોકલશે.

(૨) પેટા-કલમ (૧) ના ખંડ (ક) અથવા ખંડ (ખ) માં જે વ્યક્તિઓનો ઉલ્લેખ છે તે પૈકીની કોઈ વ્યક્તિ બોર્ડની બેઠકો પૈકી કોઈ બેઠકમાં હાજરી આપવા બીજી કોઈ વ્યક્તિને પોતાના પ્રતિનિધિ તરીકે મોકલી શકશે.

(૩) કેન્દ્ર સરકાર, બોર્ડના સભ્યો પૈકી કોઈને તેના પ્રમુખ તરીકે નિયુક્તિ કરી શકશે.

**૫.એ**

(1) çkkuzdLkk [uh{uLk yLku yLÞ MkÇÞku nwf{Úke yufs Mk{kLk íkkhe¾Lke {wËík MkwÄe nkuÆku Äkhý fhþu yLku íku{Lke f[uhelkk nkuÆkLke {wËík yLku Mk{Þ Ãkwhku ÚkÞk çkkË, fuLÿ Mkhfkh, hk»xÙÃk°k{kt òuhLkk{kt îkhk, «kýeyku «íÞuLke ¢qhíkk yxfkððkLkku Äkhku (MkwÄkhkÄkhku) 1982 y{÷{kt ykÔÞk ÃkAe íkuLke ÃkwLk: h[Lkk fhþu.

(૨) પેટાકલમ-(૧) અન્વયે બોર્ડની પુનઃરચના થાય બાદ પેટાકલમ(૧) અન્વયેની તેની પુનઃરચનાના પ્રત્યેક ત્રણ વર્ષ પુરા થયા બાદ ફરીથી તેની પુનઃ રચના થશે.

(૩) પેટાકલમ(૧) અન્વયે પુનઃરચના થયેલા તમામ સભ્યો કે જેઓ પુનઃરચના થયાં પહેલાં બોર્ડના સભ્યો હતાં તે ફક્ત બાકી રહેલાં મુદતના સમયગાળાં સુધી કચેરીનો કાર્યભાર એજ રીતે સંભાળી શકશે. કે જો પુનઃરચના કરવામાં આવી હોત અને બોર્ડ દ્વારા પુનઃરચના માટે નિયમિતપણે જો સભ્યોની ભરતી બાકી રહેલા સમયગાળા માટે કરવામાં આવી હોત.

જોગવાઈ એવી કરવામાં આવે છે કે આમાંનું કંઈપણ પ્રિવેન્સન ઓફ ક્રૂઅલ્ટી એક્ટ (એમેન્ડમેન્ટ) ૧૯૮૨ની કલમ-૫ની પેટાકલમ(૧)નાં કારણે થતાં સુધારાને કારણે સભ્ય થતાં અટકી જતા હોય તેમને લાગું પડશે નહીં.

**૬. બોર્ડના સભ્યોના હોદ્દાની અને સેવાની શરતો**

(૧) આ કલમમાં બીજી રીતે જોગવાઈ કરવામાં આવેલી હોય તે સિવાય, બોર્ડના સભ્યના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૨) પેટા-કલમ (૪) ની જોગવાઈઓને આધીન રહીને, (મુંબઈ, કલકત્તા, દિલ્હી અને મદ્રાસનાં કોર્પોરેશનો સિવાયના) કોઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનું પ્રતિનિધિત્વ કરવા માટે ચૂંટાયેલા સભ્યના હોદ્દાની મુદત, તે સભ્ય હોદ્દો સંભાળે તે તારીખથી એક વર્ષનો રહેશે,

(૩) હોદ્દાની રૂએ બનેલા સભ્યના હોદ્દાની મુદત, તે જે હોદ્દાની રૂએ તેવો સભ્ય હોય તે હોદ્દા ઉપર રહે ત્યાં સુધીની રહેશે.

(૪) કલમ ૫ ની પેટા-કલમ (૧) ના ખંડ (ગ) ખંડ (ચ), ખંડ (છ) ખંડ (જ) અથવા ખંડ (ટ) હેઠળ વ્યક્તિઓના કોઈ સમૂહનું પ્રતિનિધિત્વ કરવા માટે ચૂંટાયેલા કે પસંદ થયેલા સભ્યના હોદ્દાની

*મુદત, જે સમૂહે તેને ચૂંટેલો હોય અથવા જે સમૂહ માટે તે પસંદ થયેલો હોય તેનો સભ્ય હોતો તે બંધ થાય તે જ ક્ષણે પૂરી થશે.*

(૫) *પ્રસંગોપાત ખાલી પડતી જગા પૂરવા માટે નિયુક્ત કરવામાં ચૂંટવામાં કે પસંદ કરવામાં આવે તે સભ્યના હોદ્દાની મુદત, તેને જે સભ્યની નવેસર નિયુક્ત કરવામાં, ચૂંટવામાં કે પસંદ કરવામાં આવે તે સભ્યના હોદ્દાની મુદતના બાકીના ભાગ સુધીની રહેશે.*

(૬) *બોર્ડ, કેન્દ્ર સરકારની પૂર્વ અનુમતિને અધીન રહીને આ અર્થે પોતે કરેલા વિનિયમોથી જોગવાઈ કરે તેવાં ભથ્થાં બોર્ડના સભ્યોને મળશે.*

(૭) *બોર્ડે કરેલા કોઈ કાર્ય અથવા હાથ ધરેલી કોઈ કાર્યવાહી સામે, બોર્ડમાં કોઈ જગા ખાલી રહેવાને કારણે જ અથવા તેની રચનામાં ખામી ન હોવાને કારણે જ વાંધા ઉઠાવી શકાશે નહિ.*

**૭. બોર્ડના સેક્રેટરી અને બીજા કર્મચારીઓ**

(૧) *કેન્દ્ર સરકાર પોતાના અધિકારીઓ પૈકી કોઈને બોર્ડના સેક્રેટરી નીમશે.*

(૨) *કેન્દ્ર સરકાર આ અર્થે કરે, તે નિયમોને આધીન રહીને, બોર્ડ પોતાની સત્તા વાપરવા અને કાર્યો બજાવવા માટે આવશ્યક હોય તેટલા બીજા અધિકારીઓ અને કર્મચારીઓને નીમી શકશે અને તેવા અધિકારીઓ અને કર્મચારીઓની સેવાની શરતો, કેન્દ્ર સરકારની પૂર્વ અનુમતિથી પોતે કરેલા વિનિયમોથી નક્કી કરી શકશે.*

**૮. બોર્ડનાં નાણાં**

*બોર્ડનાં નાણાંમાં, સરકારે વખતો વખત તેને આપેલી ગ્રાન્ટોનો અને તેને કોઈ સ્થાનિક સત્તા મંડળ અથવા અન્ય કોઈ વ્યક્તિએ આપેલા ફાળા, દાનો, લવાજમો, વસિયતો, બક્ષિસો અને એવી રકમોનો સમાવેશ થશે.*

**૯. બોર્ડનાં કાર્યો**

**બોર્ડનાં કાર્યો નીચે પ્રમાણે રહેશે.**

(ક) *પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતાના નિવારણ માટેના ભારતમાં અમલમાં હોય તે કાયદાનો સતત અભ્યાસ કરતા રહેવું અને તેમાં વખતો વખત કરવાના સુધારાઓ અંગે સરકારને સલાહ આપવી;*

(ખ) *સામાન્ય રીતે પ્રાણીઓને થતા અને ખાસ કરીને જ્યારે તેઓને એક જગાએથી બીજી જગાએ લઈ જવામાં આવતાં હોય અથવા જ્યારે તેઓને ખેલ કરનાર પ્રાણીઓ તરીકે વાપરવામાં આવે અથવા જ્યારે તેમને બંધનમાં રાખવામાં આવે કે પૂરી રાખવામાં આવે ત્યારે થતાં અનાવશ્યક દુ:ખ કે પીડા નિવારવાના હેતુથી આ અધિનિયમ હેઠળ નિયમો કરવા કેન્દ્ર સરકારને સલાહ આપવી,*

(ગ) *ભારવાહક પ્રાણીઓ ઉપરનો બોજો ઓછો થાય તેવી રીતે વાહનોની રચનામાં સુધારા કરવા સરકારને અથવા સ્થાનિક સત્તામંડળને અથવા અન્ય વ્યક્તિને સલાહ આપવી.*

(ઘ) *છાપરાં, પ્રાણીના અવેડાના બાંધકામ અને તેના જેવી રાહતો આપીને અથવા તેની જોગવાઈ કરીને અને પ્રાણીઓને માટે રોગની સારવારની જોગવાઈ કરીને ભારવાહક, પ્રાણીઓની સ્થિતિ સુધારવા બોર્ડને યોગ્ય લાગે તેવાં તમામ પગલાં લેવાં.*

(ચ) *શક્ય હોય ત્યાં સુધી કતલ પૂર્વેના તબક્કાઓમાં શારીરિક કે માનસિક દુ:ખ અથવા પીડા ટાળી શકાય અને પ્રાણીઓની કતલ જ્યારે પણ આવશ્યક હોય ત્યારે શક્ય હોય તેટલી દયાળુ રીતે કરવામાં આવે તે રીતે કતલ ખાનાની રચના અથવા કતલખાનાના નિભાવ અથવા પ્રાણીઓની કતલ સંબંધમાં સરકારને કે કોઈ સ્થાનિક સત્તામંડળને કે અન્ય વ્યક્તિને સલાહ આપવી.*

(છ) જ્યારે પણ નિરુપયોગી પ્રાણીઓનો નાશ આવશ્યક હોય ત્યારે સ્થાનિક સત્તામંડળો તત્કાળ અથવા દુઃખ કે પીડા અંગે બેભાન બનાવ્યા પછી તેનો નાશ કરે તે જોવા બોર્ડને યોગ્ય લાગે તેવાં તમામ પગલાં લેવાં.

(જ) જ્યારે પ્રાણીઓ અને પક્ષીઓ વૃદ્ધ અને નિરુપયોગી થાય અથવા જ્યારે તેમને રક્ષણની જરૂર હોય ત્યારે તેઓને આશ્રય મળે તેવી પાંજરાપોળો, આશ્રયસ્થાનો વગેરેની સ્થાપનાને નાણાકીય સહાય આપીને કે અન્યથા પ્રોત્સાહન આપવું.

(ઝ) પ્રાણીઓને અનાવશ્યક દુઃખ કે પીડા થતું નિવારવાના અથવા પ્રાણીઓ અને પક્ષીઓનું રક્ષણ કરવાના હેતુથી સ્થપાયેલાં મંડળો અને સમૂહોને સહકાર આપવો અને તેમના કામનું સંકલન કરવું.

(ટ) કોઈ સ્થાનિક વિસ્તારમાં કાર્ય કરતાં પ્રાણી કલ્યાણ મંડળોને નાણાકીય અને બીજી સહાય કરવી અથવા બોર્ડની સામાન્ય દેખરેખ અને તેના માર્ગદર્શન હેઠળ કામ કરે તેવાં પ્રાણી કલ્યાણ મંડળોની કોઈ સ્થાનિક વિસ્તારમાં રચના કરવાને પ્રોત્સાહન આપવું.

(ઠ) પ્રાણી ઈસ્પિતાલોમાં લેવાની વૈદકીય સંભાળ અને કાળજીની જોગવાઈને લગતી બાબતો અંગે સરકારને સલાહ આપવી અને જ્યારે પણ પશુ ઈસ્પિતાલોને નાણાકીય અને બીજી સહાય કરવાનું બોર્ડને આવશ્યક લાગે ત્યારે તેમ કરવું.

(ડ) પ્રાણીઓ પ્રત્યેના દયાળુ વર્તાવ માટે શિક્ષણ આપવું અને પ્રાણીઓ ઉપર અનાવશ્યક દુઃખ કે પીડા ગુજારવા સામે અને પ્રાણી કલ્યાણની તરફેણમાં ભાષણો, પુસ્તકો, ભીંતપત્રો, ચલચિત્ર દ્વારા નિદર્શન અને તેવાં સાધનો દ્વારા લોક મત કેળવવો.

(ઢ) પ્રાણી કલ્યાણ સાથે અથવા પ્રાણીઓ પ્રત્યે ગુજારાતા અનાવશ્યક દુઃખ કે પીડાના નિવારણ સાથે સંબંધ ધરાવતી કોઈ બાબત અંગે સરકારને સલાહ આપવી.

**૧૦. બોર્ડની વિનિયમો કરવાની સત્તા**

બોર્ડ, કેન્દ્ર સરકારની પૂર્વ-અનુમતિને અધીન રહીને, પોતાના કામકાજ માટે અને પોતાનાં કાર્યોના અમલ માટે, પોતાને યોગ્ય લાગે તેવા વિનિયમો કરી શકશે.

## પ્રકરણ 3
## પ્રાણીઓ પ્રત્યે સામાન્ય રીતે ક્રૂરતા

**૧૧. પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતાવાળો વર્તાવ**

જો કોઈ વ્યક્તિ-

(ક) કોઈ પ્રાણીને એવી રીતે માર મારે, લાત મારે, તેના ઉપર અતિશય સવારી કરે, તેને અતિશય હાંકે, તેના ઉપર અતિશય ભાર લાદે, તેને રીબાવે અથવા તેના પ્રત્યે અન્યથા એવી રીતે વર્તે કે જેનાથી તેને અનાવશ્યક દુઃખ કે પીડા થાય અથવા કોઈ પ્રાણી પ્રત્યે તેવો વર્તાવ કરાવે અથવા માલિક હોઈને, તેવો વર્તાવ થવા દે, અથવા

(ખ) કોઈ રોગ, શારીરિક અશક્તિ, ઘા, વ્રણ કે બીજા કારણને લીધે કોઈ કામ કે શ્રમ કરવા કામે લગાડવા માટે અયોગ્ય હોય તેવા પ્રાણીને તેવાં કામ કે શ્રમમાં કામે લગાડે અથવા માલિક હોઈને, તેવા કોઈ અયોગ્ય પ્રાણીને તે રીતે કામે લગાડવા

(ગ) કોઈ પાળેલા કે બંધનમાં રાખેલા પ્રાણીને જાણીબૂઝીને અને ગેરવાજબી રીતે કોઈ નુક્સાન કારક દવા અથવા નુક્સાનકારક પદાર્થ આપે અથવા કોઈ પાળેલા અથવા બંધનમાં રાખેલા પ્રાણીને જાણીબૂજીને અને ગેરવાજબી રીતે એવી દવા કે પદાર્થ આપે કે આપવાનો પ્રયત્ન કરે, અથવા

(ઘ) કોઈ પ્રાણીને, કોઈ વાહનની અંદર કે ઉપર રાખીને કે રાખ્યા વિના, એ રીતે અથવા એ હાલતમાં લઈ જાય કે તેનાથી તેને અનાવશ્યક દુઃખ અથવા પીડા થાય, અથવા

(ચ) પ્રાણીને હલનચલન માટે વાજબી અવકાશ મળે તેટલા ઊંચાઈ, લંબાઈ અને પહોળાઈના પૂરતા માપનું ન હોય એવા કોઈ પાંજરામાં અથવા બીજા સાધનમાં કોઈ પ્રાણીને રાખે અથવા પૂરી રાખે, અથવા

(છ) કોઈ પ્રાણીને ગેરવાજબી સમય માટે ગેરવાજબી રીતે ટૂંકી અથવા ગેરવાજબી રીતે ભારે સાંકળ કે રસ્સીથી બાંધી રાખે અથવા ખીલે બાંધી રાખે, અથવા

(જ) માલિક હોઈને, નિયમસર બાંધી રાખવામાં અથવા તંગ રીતે પૂરી રાખવામાં આવતા કૂતરાને વાજબી હરફર કરાવવામાં અથવા કરાવડાવવામાં ગફલત કરે, અથવા

(ઝ) કોઈ બંધનમાં રાખેલા પ્રાણીના માલિક હોઈને, તેવા પ્રાણી માટે પૂરતા ખોરાક, પાણી અથવા આશ્રયસ્થાનની જોગવાઈ કરવામાં ચૂકે, અથવા

(ટ) વાજબી કારણ વિના, કોઈ પ્રાણીને એવા સંજોગોમાં ત્યજી દે, જેથી તે કદાચ ભૂખ અથવા તરસથી પીડાય, અથવા

(ઠ) સ્પર્શજન્ય કે ચેપી રોગથી પીડાતા પ્રાણીનો માલિક કોઈપણ શેરીમાં જાહેરમાં તેને જાણીબૂઝીને છૂટું મૂકી દે અથવા વાજબી કારણ વિના રોગી અથવા અપંગ પ્રાણીનો માલિક તેને શેરીમાં મરવા દે, અથવા

(ડ) અંગછેદન, ભૂખમરો, તરસ, ભીડ અથવા બીજા ગેરવર્તાવને કારણે પીડાતા પ્રાણીને વેચવા કાઢે અથવા વાજબી કારણ વિના, પોતાના કબજામાં રાખે, અથવા

(ઢ) કારણ વિના કોઈ પ્રાણીનું અંગછેદન કરે અથવા અનાવશ્યક ક્રૂરતાથી તેની હત્યા કરે, અથવા

(ત) બીજી વ્યક્તિઓને મનોરંજન પૂરું પાડવાના જ ઉદ્દેશથી કોઈ પ્રાણીને એવી રીતે પૂરી રાખે અથવા પૂરી રખાવે, જેથી તે બીજા કોઈ પ્રાણીનો શિકાર બને, અથવા

(થ) પોતાના ધંધા માટે પ્રાણીની સાઠમારી માટે અથવા કોઈ પ્રાણીને ખીજવવા માટે કોઈ સ્થાન ગોઠવે, રાખે, વાપરે કે તેનો વહીવટ ચલાવે અથવા કોઈ સ્થાનને તેવી રીતે વાપરવા દે કે વાપરવા આપવાની માગણી કરે અથવા તેવા હેતુ માટે રાખવામાં આવે કે વાપરવામાં આવતા કોઈ સ્થાનમાં અન્ય વ્યક્તિના પ્રવેશ માટે નાણાં સ્વીકારે, અથવા

(દ) નિશાનબાજીની એવી સ્પર્ધા કે હરીફાઈને પ્રોત્સાહન આપે કે તેમાં ભાગ લે જેમાં તેવી નિશાનબાજીના હેતુ માટે પ્રાણીઓને બંધનમાંથી છોડવામાં આવતાં હોય,

તે પહેલા ગુના, માટે પચાસ રૂપિયા સુધીના દંડની, અને આગલા ગુનાથી ત્રણ વર્ષની અંદર કરવામાં આવેલા બીજા કે ત્યારપછીના ગુના માટે એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને અથવા ત્રણ માસ સુધીની કેદની શિક્ષાને અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે.

(૨) પેટા-કલમ (૧) ના હેતુઓ માટે, જો માલિક તેવો ગુનો થતો અટકાવવા વાજબી સંભાળ અને દેખરેખ રાખવામાં ચૂકે તો તેણે ગુનો કરેલો ગણાશેઃ

પરંતુ એવી સંભાળ અને દેખરેખ રાખવાનું ચૂકવાને કારણે જ માલિક ક્રૂરતા થવા દેવા માટેના ગુના માટે દોષિત ઠર્યા હોય, ત્યારે દંડના વિકલ્પ વિનાની કેદની સજાને તે પાત્ર થશે નહિ.

(૩) આ કલમનો કોઈ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ-

(ક) ઠરાવવામાં આવેલી રીતે ઢોરનાં શીંગડાં કાપી ફેંકી નાખવામાં આવે અથવા કોઈ પ્રાણીની ખસી કરવામાં આવે અથવા તેને આંકવામાં અથવા નાથવામાં આવે એ બાબતને; અથવા

(ખ) ઓછામાં ઓછી પીડા થાય તે પ્રમાણે જીવલેણ કોટડીમાં કે બીજી પદ્ધતિથી કરવામાં આવતા રખડતા કૂતરાઓના નાશને; અથવા

(ગ) તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અપાયેલા અધિકાર હેઠળ કોઈ પ્રાણીના નિકંદન કે નાશને; અથવા

(ઘ) પ્રકરણ ૪થી જોગવાઈ કરેલી બાબતને; અથવા

(ચ) મનુષ્યજાતિના ખોરાક તરીકે કરવામાં આવતા કોઈ પ્રાણીના નાશ કે નાશ માટેની તૈયારી જો તે અનાવશ્યક રીતે દુઃખદાયક કે પીડાકારક ન હોય તો તે કરતી વેળા કરવામાં અથવા નહીં કરવામાં આવેલા કાર્યને.

**૧૨. ફૂંકા કે દૂમદેવની ક્રિયા બદલ શિક્ષા**

જો કોઈ વ્યક્તિ કોઈ ગાય અથવા કોઈ બીજા દૂઝણા પ્રાણી ઉપર ફૂંકા કે દૂમદેવ તરીકે ઓળખાતી ક્રિયા કરે અથવા પોતાના કબજા કે નિયંત્રણ હેઠળના તે પ્રાણી ઉપર તેવી ક્રિયા કરવા દે તો તે એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા બે વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે અને જેની ઉપર તે ક્રિયા કરવામાં આવેલી હોય તે પ્રાણીને સરકાર દાખલ કરવામાં આવશે.

**૧૩. પીડા ભોગવતાં પ્રાણીઓનો નાશ**

(૧) જ્યારે પ્રાણીના માલિકનો કલમ ૧૧ હેઠળનો ગુનો સાબિત થાય ત્યારે જો ન્યાયાલયને એવી ખાતરી થાય કે તે પ્રાણીને જીવતું રાખવું એ કૂરતા થશે તો તે પ્રાણીનો નાશ કરવા ફરમાવવું અને તે માટે પ્રાણીને ઘટતી વ્યક્તિને સોંપવું એ તે ન્યાયાલય માટે કાયદેસર થશે અને જે વ્યક્તિને તેવું પ્રાણી નવી રીતે સોંપાયેલું હોય તે વ્યક્તિએ બનતી ત્વરાએ તેવા પ્રાણીનો બિનજરૂરી પીડા કર્યા વિના નાશ કરવો કે પોતાની હાજરીમાં કરાવવો જોઈશે અને તે પ્રાણીનો નાશ કરવામાં થયેલું વાજબી ખર્ચ દંડ હોય તેમ ન્યાયાલય માલિક પાસેથી વસૂલ કરવાનો હુકમ કરી શકશે;

પરંતુ માલિક તેવા હુકમ માટે સંમતિ ન આપે તો તે વિસ્તારના પશુરોગના અધિકારીના પુરાવા સિવાય આ કલમ હેઠળ કોઈ હુકમ કરી શકાશે નહિ.

(૨) જ્યારે મેજિસ્ટ્રેટ, પોલીસ કમિશનર અથવા જિલ્લા પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટને એવું માનવાને કારણ હોય કે કોઈ પ્રાણી સંબંધમાં કલમ ૧૧ હેઠળનો ગુનો કરવામાં આવેલો છે ત્યારે, જો તે પ્રાણીને જીવતું રાખવું એ કૂરતા થશે એવો તેનો અભિપ્રાય થાય તો તે તેનો નાશ કરવાનું ફરમાવી શકશે.

(૩) કોન્સ્ટેબલથી ઉપરના દરજ્જાના જે પોલીસ અધિકારીને અથવા આ અને રાજ્ય સરકારે જેને અધિકાર આપેલો હોય તે કોઈ વ્યક્તિને કોઈ પ્રાણી એવું રોગી જણાય અથવા એવી ગંભીર રીતે ઈજા પામેલું જણાય અથવા એવી શારીરિક હાલતમાં જણાય કે તેના અભિપ્રાય મુજબ તેને કૂરતા વિના ખસેડી શકાય તેમ નથી અને જો માલિક ગેરહાજર હોય અથવા પ્રાણીના નાશ માટે સંમતિ ન આપે તો જે વિસ્તારમાં પ્રાણી મળી આવેલું હોય તે વિસ્તારના પશુરોગના અધિકારીને તે તત્કાલ બોલાવી શકશે અને જો તે અધિકારી એવું પ્રમાણિત કરે કે તે પ્રાણી જીવલેણ રીતે ઈજા પામેલું છે. અથવા એવી ગંભીર રીતે ઈજા પામેલું અથવા એવી શારીરિક હાલતમાં છે કે તેને જીવતું રાખવું તે કૂરતા થશે, તો યથાપ્રસંગ તે પોલીસ અધિકારી અથવા અધિકૃત વ્યક્તિ, મેજિસ્ટ્રેટ પાસેથી હુકમો મેળવીને ઈજા પામેલા પ્રાણીનો નાશ કરી કે કરાવી શકશે.

(૪) પ્રાણીના નાશ માટેના મેજિસ્ટ્રેટના હુકમ સામે કોઈ અપીલ થઈ શકશે નહીં.

## પ્રકરણ ૪

## પ્રાણીઓ ઉપરના પ્રયોગો

### ૧૪. પ્રાણીઓ ઉપરના પ્રયોગો

*નવી શોધ દ્વારા શરીર વિજ્ઞાન સંબંધી જ્ઞાનમાં અથવા જે જ્ઞાન મનુષ્યોના, પ્રાણીઓના અથવા છોડના જીવનને બચાવવા કે લંબાવવા માટે અથવા તેમની પીડા હળવી કરવા માટે અથવા તેમના કોઈ રોગના પ્રતિકાર માટે ઉપયોગી જ્ઞાનમાં વધારો કરવાના હેતુ માટે પ્રાણીઓ ઉપર (શસ્ત્રક્રિયા જેમાં સંડોવાયેલી હોય તેવા પ્રયોગો સહિતના) પ્રયોગો કરવાનું આ અધિનિયમના કોઈ મજકૂરથી ગેરકાયદેસર થશે નહીં.*

### ૧૫. પ્રાણીઓ ઉપરના પ્રયોગોના નિયંત્રણ અને દેખરેખ માટે સમિતિ

*(૧) જો પ્રાણીઓ ઉપરના પ્રયોગોને નિયંત્રિત કરવા અને તેની ઉપર દેખરેખ રાખવાના હેતુ માટે સમિતિ રચવાનું આવશ્યક છે એવો બોર્ડની સતત ઉપરથી કોઈ વખતે કેન્દ્ર સરકારને અભિપ્રાય થાય તો તે રાજપત્રમાં જાહેરનામાથી પોતાને યોગ્ય લાગે તેટલી સંખ્યાના અધિકારીઓ અને બિન-અધિકારીઓની સમિતિ રચી શકશે.*

*(૨) કેન્દ્ર સરકાર સમિતિના સભ્યો પૈકી એકને તેના અધ્યક્ષ નીમશે.*

*(૩) સમિતિને તેની ફરજો બજાવવા સંબંધી પોતાની કાર્યરીતિનું નિયમન કરવાની સત્તા રહેશે.*

*(૪) સમિતિનાં નાણાંમાં સરકારે વખતોવખત તેને આપેલી ગ્રાન્ટોનો અને કોઈ વ્યક્તિએ તેને આપેલાં ફાળા, દાન, લવાજમો, વસિયતો, બક્ષિસો અને એવી રકમોનો સમાવેશ થશે.*

### ૧૫એ પેટાસમિતિઓ :

*સમિતિ પોતાને યોગ્ય લાગે તે રીતે સમિતિનાં બાબતનાં કોઈપણ કાર્યો કે કોઈપણ ફરજો બજાવવા માટે કે તપાસ કરવા માટે કે અહેવાલ આપવા માટે કે સમિતિની કોઈપણ સત્તાના ઉપયોગ માટે પેટાસમિતિની રચના કરી શકે.*

### ૧૬. સમિતિનો સ્ટાફ

*કેન્દ્ર સરકારના નિયંત્રણને અધીન રહીને, સમિતિ પોતાની સત્તા વાપરી શકે અને ફરજો બજાવી શકે તે માટે આવશ્યક હોય તેટલી સંખ્યાના અધિકારીઓ અને બીજા કર્મચારીઓને નીમી શકશે અને તેમનાં મહેનતાણાં અને નોકરીની બીજી શરતો નક્કી કરી શકશે.*

### ૧૭. સમિતની ફરજો અને પ્રાણીઓ ઉપરના પ્રયોગો સંબંધી નિયમો કરવાની સમિતિની સત્તા

*(૧) પ્રાણીઓ ઉપર પ્રયોગો કરવામાં આવે તે પહેલાં, તે દરમિયાન કે તે પછી તેઓને અનાવશ્યક દુઃખ અથવા પીડા પહોંચાડવામાં ન આવે તે જોવા તમામ જરૂરી પગલાં લેવાની સમિતિની ફરજ રહેશે અને તે માટે તે ભારતના રાજપત્રમાં જાહેરનામાથી અને પૂર્વપ્રસિદ્ધિની શરતને અધીન રહીને તેવા પ્રયોગોના સંચાલન સંબંધી પોતાને યોગ્ય લાગે તેવા નિયમો કરી શકશે.*

*૧અ. ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, સદર નિયમો નીચે મુજબની વિગતો પુરૂ પાડી શકશે.*

*(અ) પ્રાણીઓ ઉપર પ્રયોગ કરતી વ્યક્તિઓ અને સંસ્થાઓની નોંધણી બાબત.*

*(બ) પ્રાણીઓ ઉપર પ્રયોગ કરતી વ્યક્તિઓ અને સંસ્થાઓના અહેવાલ તથા અન્ય વિગતો કે જે સમિતિને પુરા પાડવામાં આવે.*

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, સમિતિએ કરેલા નિયમો નીચેના ઉદ્દેશો સિદ્ધ થાય તેમ ઘડવા જોઈએ.

(ક) પ્રયોગો કોઈ સંસ્થામાં કરવામાં આવે તે કિસ્સાઓમાં તેની જવાબદારી તે સંસ્થાનો હવાલો ધરાવનાર વ્યક્તિઓ ઉપર મૂકવામાં આવે અને પ્રયોગો સંસ્થાની બહાર વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે તે કિસ્સાઓમાં તે અર્થે લાયકાત ધરાવનાર વ્યક્તિઓ હોય અને પ્રયોગો તેમની સંપૂર્ણ જવાબદારીથી કરવામાં આવે;

(ખ) પ્રયોગો યોગ્ય કાળજી અને દયાથી કરવામાં આવે અને શસ્ત્રક્રિયામાં સંડોવાયેલી હોય તે પ્રયોગો શક્ય હોય તેટલે અંશે જેમાં પ્રાણીઓને દુઃખ ન થાય તેવી પૂરતી શક્તિ ધરાવતી કોઈ બેભાન બનાવનારી ઔષધિની અસર હેઠળ કરવામાં આવે;

(ગ) બેભાન બનાવનારી ઔષધિની અસર હેઠળ કરવામાં આવતા પ્રયોગો દરમિયાન જે પ્રાણીઓને એવી ઈજા પહોંચેલી હોય કે તેઓ સભાન થવાથી તેમને ગંભીર પીડા થાય તો તેઓના બેભાન હોય તે દરમિયાન તેમનો નાશ કરવામાં આવે;

(ઘ) શક્ય હોય ત્યાં પ્રાણીઓ ઉપર પ્રયોગો કરવાનું ટાળવામાં આવે, દાખલા તરીકે તબીબી શાળાઓ, ઈસ્પિતાલો, કોલેજો અને એવી સંસ્થાઓમાં જે પુસ્તકો, નમૂનાઓ, ચલચિત્રો અને તેવાં શિક્ષણનાં સાધનોથી ચાલે તેમ હોય તો;

(ચ) ગિનીપીંગ, સસલાં, દેડકાં અને ઉંદરો જેવાં નાનાં પ્રયોગશાળાનાં પ્રાણીઓ ઉપર પ્રયોગો કરવાથી તેવું જ પરિણામ મેળવવાનું શક્ય હોય તો તેનાથી વધારે મોટાં પ્રાણીઓ ઉપરના પ્રયોગો ટાળવામાં આવે;

(છ) શક્ય હોય ત્યાં સુધી કામની આવડત મેળવવા માટે જ પ્રયોગો કરવામાં ન આવે

(જ) પ્રયોગો કરવા માટેના ઈરાદાથી રાખવામાં આવેલાં પ્રાણીઓને પ્રયોગો અગાઉ અને પછી એમ બન્ને સમયે યોગ્ય રીતે સંભાળ રાખવામાં આવે;

(ઝ) પ્રાણીઓ ઉપર કરવામાં આવતા પ્રયોગો સંબંધી યોગ્ય રેકર્ડ નિભાવવામાં આવે;

(૩) આ કલમ હેઠળ કોઈ નિયમ કરતી વખતે, કેન્દ્ર સરકાર (સમિતિની રચનાના ઉદ્દેશને સુસંગત રીતે) સમિતિને આપે તે આદેશ પ્રમાણે તેણે માર્ગદર્શન લેવું જોઈશે અને તેવા આદેશો આપવાનો આથી કેન્દ્ર સરકારને અધિકાર આપવામાં આવે છે.

(૪) સમિતિએ કરેલા તમામ નિયમો સંસ્થાઓની બહાર પ્રયોગો કરનાર તમામ વ્યક્તિઓને અને જે સંસ્થાઓમાં પ્રયોગો કરવામાં આવે તેનો હવાલો ધરાવનાર વ્યક્તિઓને બંધનકર્તા રહેશે.

**૧૮. પ્રવેશની અને તપાસણીની સત્તા**

સમિતિએ કરેલા નિયમનું પાલન થતું રહે તે જોવા માટે જે કોઈ સંસ્થા અથવા સ્થાનમાં પ્રયોગો કરવામાં આવી રહ્યા હોય તેની તપાસણી કરવાનો અને તે તપાસણીનાં પરિણામોનો પોતાને અહેવાલ કરવાનો તે પોતાના કોઈ અધિકારીને કે બીજી કોઈ વ્યક્તિને લિખિત અધિકાર આપી શકશે અને એ રીતે જેને અધિકાર અપાયેલો હોય તે અધિકારી કે વ્યક્તિ-

(ક) જે સંસ્થા કે સ્થળમાં પ્રાણીઓ ઉપર પ્રયોગો કરવામાં આવી રહ્યા હોય તેમાં પોતાને વાજબી લાગે તેવા કોઈ સમયે દાખલ થઈ તેની તપાસણી કરી શકશે; અને

(ખ) પ્રાણીઓ ઉપરના પ્રયોગો સંબંધી કોઈ વ્યક્તિએ રાખેલા રેકર્ડ રજૂ કરવા તેને ફરમાવી શકશે.

**૧૯. પ્રાણીઓ ઉપરના પ્રયોગો ઉપર પ્રતિબંધ મૂકવાની સત્તા**

*જો સમિતિને કલમ ૧૮ હેઠળની કોઈ તપાસણીના પરિણામે તેને કોઈ અધિકારી કે બીજી વ્યક્તિએ કરેલા રિપોર્ટ ઉપરથી કે અન્યથા એવી ખાતરી થાય કે પ્રાણીઓ ઉપર પ્રયોગો કરી રહેલી કોઈ વ્યક્તિ કે સંસ્થા, તેણે કલમ ૧૭ હેઠળ કરેલા નિયમોનું પાલન કરતી નથી, તો સમિતિ તે વ્યક્તિ કે સંસ્થાને તે બાબતમાં સુનાવણીની તક આપ્યા પછી હુકમ, કરીને, તે વ્યક્તિ અથવા સંસ્થા દ્વારા તે કોઈ પ્રયોગો કરવા ઉપર નિર્દિષ્ટ મુદત સુધી અથવા અચોક્કસ રીતે, પ્રતિબંધ મૂકી શકશે અથવા સમિતિ જે ખાસ શરતો મૂકવાનું યોગ્ય માને તેને અધીન રહીને, તેવા પ્રયોગો કરવાનું ચાલુ રાખવાની તે વ્યક્તિ કે સંસ્થાને છૂટ આપી શકશે.*

**૨૦. શિક્ષા**

*જો કોઈ વ્યક્તિ-*

*(ક) કલમ ૧૯ હેઠળ સમિતિએ કરેલા કોઈ હુકમનું ઉલ્લંઘન કરે; અથવા*

*(ખ) તે કલમ હેઠળ સમિતિએ મૂકેલી કોઈ શરતોનો ભંગ કરે;*

*તો તે બસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે અને તે ઉલ્લંઘન અથવા શરતનો ભંગ કોઈ સંસ્થામાં થયેલો હોય ત્યારે તે સંસ્થાનો હવાલો ધરાવનાર વ્યક્તિને તે ગુના માટે દોષિત ગણવામાં આવશે અને તે અનુસાર તે શિક્ષાને પાત્ર થશે.*

## પ્રકરણ ૫

## ખેલ કરનારાં પ્રાણીઓ

**૨૧. "ખેલ કરાવવો" અને "તાલીમ આપવી"ની વ્યાખ્યા**

*આ પ્રકરણમાં "ખેલ કરાવવો" એટલે જે કોઈ મનોરંજન કાર્યક્રમમાં ટિકિટોના વેચાણ દ્વારા લોકોને પ્રવેશ આપવામાં આવતો હોય તે મનોરંજન કાર્યક્રમમાં ખેલ કરાવવો અને તાલીમ આપવી એટલે તેવાં કોઈ પ્રદર્શનના હેતુ માટે "તાલીમ આપવી" અને ખેલ કરાવનાર અને "તાલીમ આપનાર" એ શબ્દપ્રયોગોના અનુક્રમે તત્સમાન અર્થો રહેશે*

**૨૨ ખેલ કરનારા પ્રાણીઓના ખેલ કરાવવા અને તાલીમ ઉપર મર્યાદા**

*કોઈ વ્યક્તિએ-*

*(૧) આ પ્રકરણની જોગવાઈઓ અનુસાર પોતે નોંધાયેલ થયેલ ન હોય તો ખેલ કરનારાં પ્રાણીને;*

*(૨) કેન્દ્ર સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી જે પ્રાણીને ખેલ કરનારા પ્રાણી તરીકે તેની પાસે ખેલ કરાવવા નહિ અથવા તાલીમ આપવી નહિ એવાં પ્રાણી તરીકે નિર્દિષ્ટ કરે તે પ્રાણી પાસે ખેલ કરનારાં પ્રાણી તરીકે-*

*ખેલ કરાવી શકાશે નહિ અથવા તેને તાલીમ આપવી જોઈશે નહિ.*

**૨૩. નોંધણી માટે કાર્યરીતિ**

*(૧) ખેલ કરનારાં પ્રાણીને ખેલ કરાવવાની કે તાલીમ આપવાની ઈચ્છા ધરાવનાર દરેક વ્યક્તિએ, ઠરાવેલા નમૂનામાં ઠરાવેલા સત્તાધિકારીને અરજ કર્યે અને ઠરાવેલી ફી ભર્યે જો તે આ પ્રકરણ હેઠળ ન્યાયાલયે કરેલા હુકમને કારણે તે રીતે નોંધણી થવાને અપાત્ર વ્યક્તિ ન હોય તો, આ*

અધિનિયમ હેઠળ તેની નોંધણી કરવી જોઈશે.

(૨) આ પ્રકરણ હેઠળના નોંધણી માટેની અરજીમાં, પ્રાણીઓ વિશે અને જે ખેલોમાં તે પ્રાણીઓ પાસે ખેલ કરાવવા હોય અથવા જે ખેલો માટે તેને તાલીમ આપવાની હોય તે ખેલોના સામાન્ય પ્રકાર પરત્વે ઠરાવવામાં આવે તેવી વિગતોનો સમાવેશ કરવો જોઈશે અને એ રીતે આપવામાં આવેલી વિગતો ઠરાવેલા સત્તાધિકારીએ રાખેલા નોંધણીપત્રકમાં નોંધવી જોઈશે.

(૩) ઠરાવેલા સત્તાધિકારીએ રાખેલા નોંધણીપત્રકમાં જેનું નામ જણાવેલ હોય તે દરેક વ્યક્તિને તેણે, નોંધણીપત્રકમાં નોધવામાં આવેલી વિગતોવાળું નોંધણીનું પ્રમાણપત્ર ઠરાવેલા નમૂનામાં આપવું જોઈશે.

(૪) આ પ્રકરણ હેઠળ રાખવામાં આવતું દરેક નોંધણીપત્રક, ઠરાવેલી ફી ચૂકવ્યે-તપાસણી માટે તમામ વાજબી સમયોએ ખુલ્લું રહેશે અને કોઈ વ્યક્તિ, ઠરાવેલી ફી ભર્યે તેની નકલો મેળવવાને કે તેમાંથી ઉતારા કરવાને હકદાર રહેશે.

(૫) જેનું નામ નોંધણીપત્રકમાં નોંધવામાં આવેલું હોય તે કોઈ વ્યક્તિ, કોઈ ન્યાયાલયે આ અધિનિયમ હેઠળ કરેલા હુકમની જોગવાઈઓને આધીન રહીને, તે નોંધણીપત્રકમાં પોતાને માટે નોંધવામાં આવેલ વિગતોમાં તે માટે અરજી કરીને ફેરફાર કરાવવાને હકદાર રહેશે અને જ્યારે તેવી વિગતોમાં તે રીતે ફેરફાર કરવામાં આવે ત્યારે, વિદ્યમાન પ્રમાણપત્રને રદ કરીને નવું પ્રમાણપત્ર કાઢી આપવું જોઈએ.

## ૨૪. ખેલ કરનારાં પ્રાણીઓનાં ખેલ કરાવવા અને તાલીમ આપવા ઉપર પ્રતિબંધ મૂકવાની અથવા તેનું નિયંત્રણ કરવાની ન્યાયાલયની સત્તા

(૧) પોલીસ અધિકારીએ અથવા કલમ ૨૩માં જેનો ઉલ્લેખ થયેલો છે તે ઠરાવેલા સત્તાધિકારીએ જેને લિખિત અધિકાર આપેલો હોય તે અધિકારીએ કરેલી ફરિયાદ ઉપરથી કોઈ મેજિસ્ટ્રેટને સંતોષ થાય તે પ્રમાણે એવું સાબિત કરવામાં આવે કે કોઈ ખેલ કરનારા પ્રાણી પાસે ખેલ કરાવવાની ક્રિયા અથવા તેની તાલીમ અનાવશ્યક રીતે, દુ:ખકારક કે પીડાકારક છે અને તેને પ્રતિબંધિત કરવી જોઈએ અથવા માત્ર શરતોને આધીન રહીને જતી કરવા દેવાની છૂટ આપવી જોઈએ ત્યારે જેની સામે ફરિયાદ કરવામાં આવેલી હોય તે વ્યક્તિ વિરુદ્ધ ન્યાયાલય તાલીમ આપવી કે ખેલ કરાવવા ઉપર પ્રતિબંધ મૂકવો અથવા હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો તેના સંબંધમાં મૂકતો હુકમ કરી શકશે.

(૨) આ કલમ હેઠળ હુકમ કરનાર ન્યાયાલયે તે કરવામાં આવ્યા પછી, હુકમની નકલ, બનતી ત્વરાએ, જે વ્યક્તિ વિરુદ્ધ તે હુકમ કરવામાં આવેલો હોય તેને જે ઠરાવેલા સત્તાધિકારીએ નોંધણી કરેલી હોય તેને મોકલાવવી જોઈશે અને તે વ્યક્તિ પાસેના પ્રમાણપત્રમાં હુકમની વિગતોનો શેરો કરાવવો જોઈશે અને શેરો કરાવવાના હેતુ માટે પોતાનું પ્રમાણપત્ર રજૂ કરવા ન્યાયાલયે ફરમાવ્યેથી તે વ્યક્તિએ તેમ કરવું જોઈશે અને જે ઠરાવવા સત્તાધિકારીને આ કલમ હેઠળ હુકમની નકલ મોકલવામાં આવેલી હોય તેણે નોંધણીપત્રકમાં હુકમની વિગતો નોંધવી જોઈએ.

## ૨૫. જગામાં દાખલ થવાની સત્તા

(૧) કલમ ૨૩માં ઉલ્લેખાયેલા ઠરાવેલા સત્તાધિકારીએ જેને લિખિત અધિકાર આપલો હોય તે વ્યક્તિ અને સબ ઈન્સ્પેક્ટરથી ઊતરતા દરજ્જાનો નહિ તેવો કોઈ પોલીસ અધિકારી-

(ક) જ્યાં કોઈ ખેલ કરનારાં પ્રાણીઓને તાલીમ અપાઈ રહેલી હોય અથવા તેમની પાસે ખેલ

*કરાવાનો હોય અથવા તાલીમ કે ખેલ કરાવવા માટે રાખવામાં આવેલાં હોય તે જગામાં તમામ વાજબી સમયોએ દાખલ થઈ શકશે અને તેને તથા તેમાં તેવાં જે પ્રાણીઓ જણાઈ આવે તેમને તપાસી શકશે; અને*

*(ખ) જે વ્યક્તિ ખેલ કરનારાં પ્રાણીઓને તાલીમ આપનાર કે તેમનો ખેલ કરાવનાર હોવાનું માનવાને તેને કારણ હોય તેને પોતાનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રજૂ કરવા ફરમાવી શકશે.*

*(૨) પેટા-કલમ (૧) માં ઉલ્લેખાયેલ વ્યક્તિ કે પોલીસ અધિકારી, ખેલ કરનારાં પ્રાણીઓના જાહેર ખેલ દરમિયાન રંગમંચ ઉપર કે તેની પાછળ જવાને આ કલમ હેઠળ હકદાર થશે નહિ.*

**૨૬. ગુનો**

*જે કોઈ વ્યક્તિ -*

*(ક) આ પ્રકરણ હેઠળ રજિસ્ટર ન થયેલ હોય અને ખેલ કરનારા પ્રાણી પાસે ખેલ કરાવે તે તાલીમ આપે; અથવા*

*(ખ) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલ હોય અને કોઈ ખેલ કરનારાં પ્રાણીના સંબંધમાં કે રીતના સંબંધમાં તે રજિસ્ટર થયેલ ન હોવા છતાં તેને અથવા કે રીતે ખેલ કરાવે કે તાલીમ આપે; અથવા*

*(ગ) કલમ ૨૨માં ખંડ (૨) હેઠળ કાઢવામાં આવેલા જાહેરનામાને કારણે જેને ખેલ કરનારાં પ્રાણી તરીકે વાપરવાનું ન હોય તેવા પ્રાણીને તે હેતુ માટે ખેલ કરાવે કે તાલીમ આપે; અથવા*

*(ઘ) કલમ ૨૫માં ઉલ્લેખાયેલ વ્યક્તિને કે પોલીસ અધિકારીને આ અધિનિયમ હેઠળની પ્રવેશની અને તપાસણીની સત્તા વાપરવામાં અડચણ કરે કે જાણીબૂજીને ઢીલ કરાવે; અથવા*

*(ચ) તેવી તપાસણી ટાળવાના હેતુથી કોઈ પ્રાણીને સંતાડી દે; અથવા*

*(છ) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલ વ્યક્તિ હોઈને, આ અધિનિયમ હેઠળનું તેનું પ્રમાણપત્ર આ અધિનિયમ અનુસાર રજૂ કરવાનું યોગ્ય રીતે ફરમાવ્યા પછી વાજબી કારણ વિના તેમ કરવામાં ચૂકે; અથવા*

*(જ) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થવાને હકદાર ન હોય તો પણ તેવી રીતે રજિસ્ટર થવાની અરજી કરે,*

*તે ગુનાની સાબિતી મળે પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા ત્રણ મહિના સુધીની કેદની શિક્ષાને અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે.*

**૨૭. માફીઓ :**

*આ પ્રકરણમાંનો કોઈ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ :*

*(ક) શુદ્ધબુદ્ધિના સૈનિક અથવા પોલીસના હેતુઓ માટેની પ્રાણીઓની તાલીમને અથવા એવી રીતે તાલીમ પામેલાં કોઈ પ્રાણીઓ પાસે ખેલ કરાવવાની બાબતને; અથવા*

*(ખ) કોઈ પ્રાણી-વિદ્યા સંબંધી બગીચામાં અથવા જે કાંઈ મંડળી કે મંડળનો મુખ્ય ઉદ્દેશ શૈક્ષણિક અથવા વૈજ્ઞાનિક હેતુઓ અર્થે પ્રાણીઓ પાસે ખેલ કરાવવાનો હોય તેણે રાખેલાં પ્રાણીઓને.*

## પ્રકરણ ૬

## પ્રકીર્ણ

**૨૮. ધર્મથી ઠરાવેલી રીતે કતલ કરવા સંબંધી અપવાદ**

*આ અધિનિયમનો કોઈ મજકૂર કોઈ કોમના ધર્મથી ફરમાવવામાં આવેલી રીતે કોઈ પ્રાણીની કતલ કરવાના કૃત્યને ગુનો બનાવશે નહિ.*

**૨૯. જેને ગુનો સાબિત થયેલો હોય તે વ્યક્તિને પ્રાણીની માલિકીથી વંચિત કરવાની ન્યાયાલયની સત્તા**

*(૧) જો કોઈ પ્રાણીનો માલિક આ અધિનિયમ હેઠળના કોઈ ગુના માટે દોષિત ઠરે તો ન્યાયાલયે, તેના ગુનાની સાબિત થયે, પોતાને યોગ્ય લાગે યા, બીજી શિક્ષા ઉપરાંત એવો હુકમ કરી શકશે કે જે પ્રાણી સંબંધમાં ગુનો થયો છે તેને સરકાર-દાખલ કરવું અને વિશેષમાં તે સંજોગોમાં તે પ્રાણીના નિકાલ અંગે તેને યોગ્ય લાગે તેવો હુકમ તે કરી શકશે;*

*(૨) જો આ અધિનિયમ હેઠળની આગલા ગુનાની સાબિતી સંબંધમાં અથવા માલિકના ચારિત્ર્ય સંબંધમાં અથવા પ્રાણી તરફના વર્તાવ સંબંધમાં અન્યથા પુરાવાથી એવું બતાવવામાં ન આવે કે જો પ્રાણીને માલિક પાસે રાખવામાં આવશે તો તે વિશેષ ક્રૂરતાનો ભોગ બનવાનો સંભવ છે, તો પેટા-કલમ (૧) હેઠળ કોઈ હુકમ કરી શકાશે નહિ.*

*(૩) પેટા-કલમ (૧) માંની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, ન્યાયાલય એવો પણ હુકમ કરી શકશે કે જેનો આ અધિનિયમ હેઠળનો ગુનો સાબિત થયેલો છે તે વ્યક્તિ દ્વારા, કાયમી રીતે અથવા હુકમથી મુકરર થયેલી મુદત દરમિયાન, ગમે તે પ્રકારના કોઈ પ્રાણીની અથવા હુકમમાં નિર્દિષ્ટ કરેલા ન્યાયાલયને યોગ્ય લાગે તેવા પ્રકારના કે પેટા-વર્ગના કોઈ પ્રાણીની કસ્ટડી ધરાવવા ઉપર પ્રતિબંધ મૂકવો.*

*(૪) પેટા-કલમ (૩) હેઠળનો કોઈ હુકમ, જો -*

*(ક) આગલા ગુનાની સાબિતી સંબંધમાં અથવા સદરહુ વ્યક્તિના ચારિત્ર્ય સંબંધમાં અથવા જે પ્રાણીના સંબંધમાં તેના ગુનાની સાબિતી થયેલી હોય તેના પ્રત્યેના વર્તાવ સંબંધમાં અન્યથા પુરાવાથી એવું બતાવવામાં ન આવે કે સદરહુ વ્યક્તિની કસ્ટડીમાંનું પ્રાણી ક્રૂરતાનો ભોગ બનાવાનો સંભવ છે;*

*(ખ) જે ફરિયાદ ઉપરથી ગુનો સાબિત થયો હોય તેમાં એવું જણાવેલું ન હોય કે આરોપીના ગુનાની સાબિતી થયે પૂર્વોક્ત પ્રકારના હુકમ કરવામાં આવે એવી વિનંતી કરવાનો ફરિયાદીનો આશય છે; અને*

*(ગ) જે ગુનો સાબિત થાય તે એવા વિસ્તારમાં કરવામાં આવેલો ન હોય કે જેમાં તે સમયે અમલમાં હોય તે કાયદા હેઠળ જેના સંબંધમાં ગુનો કરવામાં આવેલો હોય તેના જેવાં કોઈ પ્રાણી રાખવા માટે લાઈસન્સ આવશ્યક હોય, તો કરી શકાશે નહિ.*

(૫) તે સમયે અમલમાં હોય તેવા કાયદામાં ગમે તે વિરુદ્ધ મજકૂર હોય તે છતાં, જે કોઈ વ્યક્તિ સંબંધમાં પેટા-કલમ (૩) હેઠળ હુકમ કરવામાં આવે તેને તે હુકમની જોગવાઈઓથી વિરુદ્ધ કોઈ પ્રાણીની કસ્ટડીનો કોઈ હક રહેશે નહિ. અને જો તે સદરહુ હુકમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે, તો તે એકસો રૂપિયા સુધીના દંડની અથવા ત્રણ મહિના સુધીની કેદની શિક્ષાને અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે.

(૬) પેટા-કલમ (૩) હેઠળ હુકમ કરનાર ન્યાયાલય કોઈપણ સમયે, પોતાની મેળે અથવા તે સંબંધમાં તેને કરવામાં આવેલી અરજી ઉપરથી, તેવો કોઈ હુકમ રદ કરી અથવા ફેરવી શકશે.

**૩૦. કેટલાક પ્રસંગોમાં દોષ માની લેવા બાબત**

જો કોઈ વ્યક્તિ ઉપર કલમ ૧૧ની પેટા-કલમ (૧) ના ખંડ (ઢ) ની જોગવાઈઓ વિરુદ્ધ બકરાંને, ગાયને કે તેનાં બચ્ચાને મારી નાંખવાના ગુનાનું તહોમત મૂકવામાં આવેલું હોય અને એવું સાબિત થાય કે ગુનો કરવામાં આવેલો હોવાનું કહેવાતું હોય તે સમયે આ કલમમાં ઉલ્લેખ કરવામાં આવેલા પ્રાણીની માથાની ચામડીના ભાગ સાથે જોડાયેલ હોય તેવી ચામડી, તે વ્યક્તિના કબજામાં હતી તો એથી ઊલટું સાબિત ન થાય ત્યાં સુધી તે પ્રાણીને ક્રૂરતાથી મારી નાખવામાં આવ્યું હોવાનું માની લેવાશે.

**૩૧. ગુના પોલીસ અધિકારના હોવા બાબત**

"ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૮૯૮" માં ગમે તે મજકૂર હોય તે છતાં કલમ ૧૧ની પેટા-કલમ (૧) ના ખંડ (ઢ), ખંડ (થ) અથવા ખંડ (દ) હેઠળ અથવા કલમ ૧૨ હેઠળ શિક્ષાને પાત્ર-ગુનો તે અધિનિયમના અર્થ મુજબ પોલીસ અધિકારનો ગુનો બનશે.

**૩૨. તપાસની અને કબજે લેવાની સત્તાઓ**

(૧) સબ-ઈન્સ્પેક્ટરથી ઊતરતા દરજ્જાના નહીં તેવા પોલીસ અધિકારીને અથવા આ અર્થે રાજ્ય સરકારે જેને અધિકાર આપેલો હોય તે વ્યક્તિને એમ માનવાને કારણ હોય કે કલમ ૩૦માં ઉલ્લેખાયેલા પ્રાણી અંગે કોઈ સ્થળે કલમ ૧૧ની પેટા-કલમ (૧) ના ખંડ (ઢ) હેઠળનો ગુનો થઈ રહ્યો છે કે થવાની અણી ઉપર છે કે થયેલો છે અથવા કોઈ વ્યક્તિના કબજામાં તેવા કોઈ પશુની માથાની ચામડીના ભાગ સાથે જોડાયેલી ચામડી છે, તો તે સ્થળે અથવા જ્યાં ચામડી હોવાનું માનવાને તેને કારણ હોય તે સ્થળે તે દાખલ થઈ શકશે અને તેની તપાસ કરી શકશે અને તેવી ચામડી અથવા તે ગુનામાં વાપરેલી કે વાપરવા ધારેલી વસ્તુ અથવા ચીજ કબજે લઈ શકશે.

(૨) જો સબ-ઈન્સ્પેક્ટરથી ઊતરતા દરજ્જાના નહિ તેવા પોલીસ અધિકારીને અથવા આ સંબંધમાં રાજ્ય સરકારે જેને અધિકાર આપેલા હોય તે વ્યક્તિને એમ માનવાને કારણ હોય તે તેની હકૂમતમાં કોઈ પ્રાણીને ફૂંકા કે દૂમદેવની ક્રિયા તાજેતરમાં જ કરવામાં આવેલી છે કે કરાઈ રહેલી છે તો જ્યાં તેવું પ્રાણી હોવાનું માનવાને તેને કારણ હોય તે સ્થળમાં તે દાખલ થઈ શકશે અને તે પ્રાણીને કબજે લઈ શકશે અને તે પ્રાણી જ્યાં કબજે લેવાય તે વિસ્તારના પશુરોગ અધિકારી દ્વારા તપાસ થવા માટે તેને રજૂ કરી શકાશે.

## ૩૩. તપાસ વોરંટો

(૧) જો પહેલા કે બીજા વર્ગના મેજિસ્ટ્રેટને કે પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટને કે પેટા-વિભાગ મેજિસ્ટ્રેટને કે પોલીસ કમિશનરને કે જિલ્લા પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટને લેખિત માહિતી ઉપરથી અને પોતાને આવશ્યક લાગે તેવી તપાસ પછી એમ માનવાને કારણ હોય કે આ અધિનિયમ હેઠળનો ગુનો કોઈ સ્થળે થઈ રહેલો છે કે થવાની અણી ઉપર છે કે થયેલો છે તો તેમાં તે જાતે દાખલ થઈ તેને તપાસી શકશે અથવા તેના વોરંટથી સબ-ઈન્સ્પેક્ટરથી ઊતરતા દરજ્જાના નહીં તેવા કોઈ પોલીસ અધિકારીને તે સ્થળમાં દાખલ થવાનો અને તેને તપાસવાનો અધિકાર આપી શકશે.

(૨) "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮" ની તપાસને લગતી જોગવાઈઓ શક્ય તેટલા પ્રમાણમાં આ અધિનિયમ હેઠળની તપાસને લાગુ પડશે.

## ૩૪. તપાસ માટે કબજે લેવાની સામાન્ય સત્તા

કોન્સ્ટેબલથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીને અથવા આ અર્થે જેને રાજ્ય સરકારે અધિકાર આપેલો હોય તે વ્યક્તિને કોઈ પ્રાણી અંગે આ અધિનિયમ વિરુદ્ધ કોઈ ગુનો થયેલો છે કે થઈ રહેલો છે એવું માનવાને કારણ હોય અને તેનો અભિપ્રાય એવો થાય કે તે સંજોગોમાં તેમ કરવું આવશ્યક છે તો તે પ્રાણીને તે કબજે લઈ શકશે અને તેને સૌથી નજીકના મેજિસ્ટ્રેટ દ્વારા થવા ઠરાવવામાં આવે તેવા પશુરોગ અધિકારી દ્વારા તપાસાવવા રજૂ કરી શકશે અને તે પોલીસ અધિકારી કે તે અધિકૃત વ્યક્તિ, તે પ્રાણીને કબજે લેતી વખતે, તે પ્રાણીનો હવાલો ધરાવનાર વ્યક્તિને, તે તપાસવાના સ્થળ સુધી તેની સાથે રહેવા ફરજ પાડી શકશે.

## ૩૫. પ્રાણીઓની સારવાર અને સંભાળ

(૧) રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી આ અધિનિયમ વિરુદ્ધના ગુનાનો ભોગ બનેલાં પ્રાણીઓની સારવાર અને સંભાળ માટે ઈસ્પિતાલો નક્કી કરી શકશે અને કોઈ પ્રાણીને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે તે દરમિયાન તેને તેમાં રોકી રાખવાનો અધિકાર આપી શકશે.

(૨) આ અધિનિયમ વિરુદ્ધના ગુનાની ફરિયાદ સાંભળનાર મેજિસ્ટ્રેટ એમ ફરમાવી શકશે કે સંબંધિત પ્રાણીને તેનું રીતસરનું કામ કરવાને તે લાયક ન થાય અથવા અન્યથા છુટ્ટી આપવા માટે તે લાયક ન થાય ત્યાં સુધી, ઈસ્પિતાલમાં તેની સારવાર કરવી અને તેની સંભાળ રાખવી અથવા તેને પાંજરાપોળમાં મોકલવું અથવા તે પ્રાણી જ્યાં મળી આવેલું હોય તે વિસ્તારના પશુરોગ અધિકારી અથવા આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલા નિયમોથી આ અર્થે અધિકૃત બીજો પશુરોગ અધિકારી એમ પ્રમાણિત કરે કે તે અસાધ્ય છે અથાવ ક્રૂરતા વિના તેને ખસેડી શકાય તેમ નથી તો તેનો નાશ કરવો.

(૩) ઈસ્પિતાલમાં સંભાળ અને સારવાર માટે મોકલાયેલાં પ્રાણીને પાંજરાપોળમાં મોકલવું અથવા તેનો નાશ કરવો, એમ મેજિસ્ટ્રેટ ન ફરમાવે તો, તે ઈસ્પિતાલ જ્યાં આવેલી હોય તે વિસ્તારના પશુરોગ અધિકારીએ અથવા આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલા નિયમોથી આ અર્થે અધિકૃત

બીજા પશુરોગ અધિકારીએ કાઢેલા તેની છુટ્ટી માટેની લાયકાતના પ્રમાણપત્ર સિવાય, તે સ્થળમાંથી તેને છુટ્ટી આપી શકાશે નહિ.

(૪) પ્રાણીને ઈસ્પિતાલમાં કે પાંજરાપોળમાં ખસેડવાનો અને ઈસ્પિતાલમાં તેના નિભાવ અને માવજતનો ખર્ચ જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પ્રેસિડન્સી શહેરોમાં, પોલીસ કમિશનર ઠરાવે તે દરોના ધોરણ અનુસાર પ્રાણીના માલિકે ચૂકવવો જોઈશે.

પરંતુ પ્રાણીના માલિકની ગરીબીને કારણે મેજિસ્ટ્રેટ એવો હુકમ કરે ત્યારે પશુની સારવારનો ખર્ચ ચૂકવવાનો થશે નહિ.

(૫) પેટા-કલમ (૪) હેઠળ પ્રાણીના માલિકે ચૂકવવાની રકમ જમીન મહેસૂલ બાકીની વસૂલાતની રીતે મેળવી શકશે.

(૬) મેજિસ્ટ્રેટે નિર્દિષ્ટ કરેલા સમયની અંદર, માલિક પ્રાણીને ખસેડવાની ના પાડે કે ખસેડે નહિ તો, મેજિસ્ટ્રેટ એમ ફરમાવી શકશે કે તે પ્રાણીને વેચી નાંખવું અથવા વેચાણની ઊપજ તે ખર્ચની ચુકવણીમાં વાપરવી.

(૭) તેવા વેચાણની ઊપજમાંથી બચેલો હોય તે ભાગ, વેચાણની તારીખથી બે મહિનાની અંદર માલિક અરજી કર્યે તેને ચૂકવવો જોઈશે.

**૩૬. ફરિયાદ માટેની મુદત**

અધિનિયમ વિરુદ્ધના ગુના માટેની ફરિયાદ ગુનો કરવામાં આવ્યાની તારીખથી ત્રણ મહિના વીત્યા પછી માંડી શકાશે નહિ.

**૩૭. સત્તા સોંપણી**

કેન્દ્ર સરકાર રાજપત્રમાં જાહેરનામાથી એમ ફરમાવી શકશે કે આ અધિનિયમ હેઠળ તે વાપરી શકતી હોય તે તમામ કે તેમાંથી કોઈ સત્તા, તેને મૂકવાનું યોગ્ય લાગે તે શરતોને અધીન રહીને, રાજ્ય સરકાર પણ વાપરી શકશે.

**૩૮. નિયમો કરવાની સત્તા**

(૧) રાજપત્રમાં જાહેરનામાથી અને પૂર્વ પ્રસિદ્ધિની શરતને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓનો અમલ કરવા માટે કેન્દ્ર સરકાર નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, કેન્દ્ર સરકાર નીચેની તમામ કે તેમાંની કોઈ બાબત માટે જોગવાઈ કરતા નિયમો કરી શકશે.

(ક) બોર્ડના સભ્યોની નોકરીની શરતો, તેમને ચૂકવવાનાં ભથ્થાં અને તેઓની સત્તા વાપરવાની અને તેઓનાં કાર્યો બજાવવાની રીત;

(ખ) કોઈ પ્રાણીએ ઉપાડવાનો કે ખેંચવાનો (ઉતારૂઓનાં વજનના બોજા સહિતનો) વધુમાં વધુ બોજો;

(ગ) પ્રાણીઓની ભીડ નિવારવા અંગે પાળવાની શરતો;

(ઘ) જે દરમિયાન અને જેની વચ્ચે કોઈ વર્ગનાં પ્રાણીઓને ભાર ખેંચવાના હેતુઓ માટે ન વાપરી શકાય તે સમય અને કલાકો;

(ચ) પ્રાણીઓ તરફ ક્રૂરતા બને તેવાં મોઢાનાં ચોકઠાં અથવા ઘૂંસરીના સાજના ઉપયોગ ઉપર પ્રતિબંધ;

(છ) પ્રાણીને નાળ બેસાડવાનો ધંધો કરતી વ્યક્તિઓને ઠરાવવામાં આવે તે અધિકારીઓ પાસેથી પરવાનો મેળવવાની અને નોંધણી થવાની ફરજ પાડવી અને તે માટે ફી લેવી;

(જ) વેચાણના, નિકાસ માટેના કે બીજા કોઈ હેતુ માટે પ્રાણીઓને પકડવામાં રાખવાની સાવચેતીઓ અને તે હેતુ માટે વાપરી શકાય તે અમુક જ સાધનો કે યુક્તિઓ અને તે પ્રમાણે પકડવા માટે આપવાનાં પરવાના અને તેવાં પરવાના માટે લેવાની ફી;

(ઝ) રેલવે, જમીન માર્ગ, અંતર્દેશીય જળમાર્ગ, દરિયાઈ કે હવાઈ રસ્તે કરવાની પ્રાણીઓની હેરફેરમાં રાખવાની સાવચેતીઓ; અને હેરફેર માટેની રીત અને તે માટેનાં પાંજરાં અથવા બીજાં સાધનો

(ટ) જ્યાં પ્રાણીઓને રાખવામાં અથવા દોહવામાં આવતાં હોય તે જગ્યાના માલિકો અથવા તેનો હવાલો ધરાવનાર વ્યક્તિઓને તે જગાઓની નોંધણી કરાવવી. તેની હદ બાંધતી દીવાલો અથવા તેની આસપાસની બાબતોને લગતી મુકરર કરવામાં આવે તે શરતોનું પાલન કરવું.

આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો તેમાં થઈ રહેલો અથવા થયેલો છે કે કેમ તે નક્કી કરવા માટે તેની તપાસણી કરવાની છૂટ આપવી, અને તેવી જગાઓમાં તે લત્તામાં સામાન્ય રીતે સમજી શકાતી હોય તેવી ભાષા અથવા ભાષાઓમાં કલમ ૧૨ની નકલો ખુલ્લી રાખવાની ફરજ પાડવી.

(ઠ) પ્રકરણ ૫ હેઠળ નોંધણી માટે કરવાની અરજીઓના નમૂના, તે માટેની વિગતો, તેમાં નોંધણી માટે ચૂકવવાની ફી, અને તેવી અરજીઓ જેને કરી શકાય તે સત્તાધિકારીઓ.

(ડ) ઈસ્પિતાલો, પાંજરાપોળો અને પશુરોગની ઈસ્પિતાલના નિભાવ સહિત, આ અધિનિયમ હેઠળ વસૂલ કરવામાં આવેલા દંડ જેને માટે વાપરી શકાય તે હેતુઓ.

(ઢ) બીજી ઠરાવવાની હોય કે ઠરાવી શકાય તે બાબત

(૩) આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલા નિયમોનું ઉલ્લંઘન કરનાર અથવા તેના ઉલ્લંઘનમાં

*સહાય કરનાર વ્યક્તિ એકસો રૂપિયા સુધીના દંડની અથવા ત્રણ મહિના સુધીની કેદની શિક્ષાને અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે.*

**૩૮એ. સંસદ સમક્ષ નિયમો અને વિનિયમો રજૂ કરવાં**

*આ અધિનિયમ હેઠળ કરાયેલો દરેક નિયમ, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, સંસદના દરેક ગૃહ સમક્ષ, તેની બેઠક ચાલુ હોય ત્યારે, એક જ સત્રમાં અથવા લાગલાગટ બે સત્રમાં મળીને કુલ ત્રીસ દિવસની મુદત સુધી મૂકવો જોઈશે અને જે સત્રમાં તે નિયમ એ રીતે મૂકવામાં આવેલો હોય તે અથવા ઉપર્યુક્ત લાગલાગટ સત્રો પૂરાં થતાં પહેલાં, જો બન્ને ગૃહો તે નિયમમાં કોઈ ફેરફાર કરવા સંમત થાય અથવા બન્ને ગૃહો સંમત થાય કે તે નિયમ કરવો જોઈએ નહિ, તો તે નિયમ ત્યારપછી, યથાપ્રસંગ, તેવા ફેરફાર થયેલા સ્વરૂપમાં જ અમલમાં રહેશે અથવા રહેશે જ નહિ, પરંતુ એવો ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી તે નિયમ હેઠળ અગાઉ કરેલ કોઈ કાર્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.*

**૩૯. કલમ ૩૪ હેઠળ અધિકૃત વ્યક્તિઓ રાજ્ય સેવકો ગણાવા બાબત**

*કલમ ૩૪ હેઠળ રાજ્ય સરકાર દ્વારા અધિકૃત દરેક વ્યક્તિ ભારતની ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે.*

**૪૦. શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ**

*"ભારતના ફોજદારી અધિનિયમ" ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક હોય કે ગણાય તે વ્યક્તિએ આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા કે કરવા ધારેલા કોઈ કાર્ય માટે તેની સામે કોઈ દાવો, ફરિયાદ કે બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.*

**૪૧. સન ૧૮૯૦નો અધિનિયમ અગિયારમો રદ કરવા બાબત**

*કલમ ૧ની પેટા કલમ (૩) હેઠળના કોઈ જાહેરનામા અનુસાર કોઈ રાજ્યમાં આ અધિનિયમની કોઈ જોગવાઈ અમલમાં આવે ત્યારે તેવી રીતે અમલમાં આવતી જોગવાઈને તત્સમાન "પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૮૯૦" ની જોગવાઈ તેમ થયે રદ થયેલી ગણાશે.*

• • •

# વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨

## અનુક્રમણિકા

### પ્રકરણ ૧

### પ્રારંભિક


**કલમ**

૧. *ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ*

૨. *વ્યાખ્યા*


### પ્રકરણ ૨

**અધિનિયમ હેઠળ નીમવાના સત્તાધિકારીઓ અથવા રચવાનાં સત્તામંડળો**


૩. *નિયામક અને બીજા અધિકારીઓની નિમણૂક*

૪. *મુખ્ય વન પ્રાણી સંરક્ષણ અધિકારી અને બીજા અધિકારીઓની નિમણૂક બાબત*

૫. *સત્તા સોંપણી*

૬. *વન્ય પ્રાણી સલાહકાર બોર્ડની રચના*

૭. *બોર્ડે અનુસરવાની કાર્યરીતિ*

૮. *વન્ય પ્રાણી સલાહકાર બોર્ડની ફરજો*


### પ્રકરણ ૩

**વન્ય પ્રાણીનો શિકાર**


૯. *વન્ય પ્રાણીઓનો શિકાર*

૧૦. *મારેલાં અથવા પકડેલાં વન્ય પ્રાણીનું રેકર્ડ રાખવા બાબત*

૧૧. *અમુક કિસ્સાઓમાં વન્ય પ્રાણીનો શિકાર કરવાની પરવાનગી આપવા બાબત*

૧૨. *ખાસ હેતુઓ માટે પરમિટ આપવા બાબત*

૧૩. *લાઈસન્સ મોકૂફ રાખવા અથવા રદ કરવા બાબત*

૧૪. *અપીલ*

૧૫. *વન્ય પ્રાણીઓનાં બચ્ચાંના અને માદાના શિકાર બાબત*

૧૬. *શિકારબંધીની મુદત જાહેર કરવા બાબત*

૧૭. *શિકાર કરવા ઉપર નિયંત્રણ*


### પ્રકરણ ૪

**અભયારણ્ય, રાષ્ટ્રીય ઉપવન, મૃગયાવન અને શિકારબંધી વિસ્તારો**

**અભયારણ્યો**


૧૮. *અભયારણ્યની જાહેરાત કરવા બાબત*

૧૯. *કલેક્ટરે હકો નક્કી કરવા બાબત*

૨૦. *વધુ હકોની પ્રાપ્તિ માટે પ્રતિબંધ*

૨૧. *કલેક્ટરે ઉદ્‌ઘોષણા કરવા બાબત*

૨૨. કલેક્ટરે તપાસ કરવા બાબત
૨૩. કલેક્ટરની સત્તા
૨૪. હકો સંપાદિત કરવા બાબત
૨૫. સંપાદનની કાર્યવાહી
૨૬. કલેક્ટરની સત્તાની સોંપણી
૨૭. અભયારણ્યમાં પ્રવેશવા પર નિયંત્રણ
૨૮. પરમિટ આપવા બાબત
૨૯. પરમિટ સિવાય અભયારણ્યમાં શિકાર કરવાની મનાઈ
૩૦. આગ લગાડવાની મનાઈ
૩૧. હથિયારો સાથે અભયારણ્યમાં શિકાર કરવાની મનાઈ
૩૨. હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરવાની મનાઈ
૩૩. અભયારણ્યોનું નિયંત્રણ
૩૪. શસ્ત્રોનો કબજો ધરાવનાર અમુક વ્યક્તિઓના રજિસ્ટ્રેશન બાબત

## રાષ્ટ્રીય ઉપવનો

૩૫. રાષ્ટ્રીય ઉપવનની જાહેરાત

## મૃગયાવન

૩૬. મૃગયાવનની જાહેરાત

## શિકારબંધી વિસ્તાર

૩૭. શિકારબંધી વિસ્તારની જાહેરાત

## કેન્દ્ર સરકારે જાહેર કરલે અભયારણ્યો અથવા ઉપવનો

૩૮. વિસ્તારોને અભયારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરવાની કેન્દ્ર સરકારની સત્તા

## પ્રકરણ ૫

## વન્ય પ્રાણીઓ, પ્રાણીમાંથી બનતી વસ્તુઓ અને મૃગયા-ચિહ્નોનો વેપાર અથવા વાણિજ્ય

૩૯. વન્ય પ્રાણીઓ, વગેરે સરકારી મિલકત ગણાશે.
૪૦. જાહેરાતો કરવા બાબત
૪૧. તપાસ અને યાદીઓ તૈયાર કરવા બાબત
૪૨. માલિકીનું પ્રમાણપત્ર
૪૩. પ્રાણીઓની તબદીલી, વગેરે ઉપર નિયમન
૪૪. લાઈસન્સ વગર મૃગયા-ચિહ્ન અને પ્રાણીમાંથી બનતી વસ્તુના સોદા ઉપર પ્રતિબંધ

૪૫. લાઈસન્સ મોકૂફ રાખવા બાબત અથવા રદ કરવા બાબત
૪૬. અપીલ
૪૭. રેકર્ડ રાખવા બાબત
૪૮. લાઈસન્સદારે પ્રાણી, વગેરે ખરીદવા બાબત
૪૯. લાઈસન્સદાર સિવાયની વ્યક્તિએ બંદી પ્રાણી, વગેરે ખરીદવા બાબત


**પ્રકરણ ૬**

**ગુના અટકાવવા અને તે શોધી કાઢવા બાબત**


૫૦. દાખલ થવાની, ઝડતી લેવાની, ધરપકડ કરવાની અને અટકમાં રાખવાની સત્તા
૫૧. શિક્ષાઓ
૫૨. કોશિશ અને મદદગારી
૫૩. ગેરકાયદેસર કબજે લેવા માટે શિક્ષા
૫૪. ગુનાઓની માંડવાળ કરવાની સત્તા
૫૫. ગુનાઓની વિચારણા
૫૬. બીજા કોઈ કાયદાઓના અમલને બાધ આવશે નહિ
૫૭. અમુક કેસોમાં માની લેવા બાબત
૫૮. કંપનીઓએ કરેલા ગુના


**પ્રકરણ ૭**

**પ્રકીર્ણ**


૫૯. અધિકારીઓ રાજ્ય સેવકો ગણાશે.
૬૦. શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાં અંગે રક્ષણ
૬૧. અનુસૂચિઓમાંની નોંધોમાં ફેરફાર કરવાની સત્તા
૬૨. કેટલાંક વન્ય પ્રાણીઓને ઉપદ્રવી જીવ તરીકે જાહેર કરવા બાબત
૬૩. નિયમો કરવાની કેન્દ્ર સરકારની સત્તા
૬૪. નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા
૬૫. અનુસૂચિત આદિજાતિના હકોનું રક્ષણ કરવા બાબત
૬૬. રદ કરવા બાબત અને અપવાદ

અનુસૂચિ - ૧ ભાગ-૧ સસ્તન પ્રાણીઓ
ભાગ-૨ જળચર, સ્થળચર અને સરિસૃપવંશીય પ્રાણીઓ
ભાગ-૩ પક્ષીઓ
અનુસૂચિ -૨ ખાસ શિકાર
અનુસૂચિ-૩ મોટો શિકાર
અનુસૂચિ-૪ નાનો શિકાર
અનુસૂચિ-૫ ઉપદ્રવીજીવ

# વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨

**(સન ૧૯૭૨નો અધિનિયમ ક્રમાંક ૫૩)**

**(૯મી સપ્ટેમ્બર, ૧૯૭૨)**

*વન્ય પ્રાણી અને પક્ષીઓના રક્ષણ માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને સહાયક કે આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.*

*વન્ય પ્રાણી અને પક્ષીઓના રક્ષણ માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને સહાયક કે આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવી ઈષ્ટ છે;*

*અને સંવિધાનની કલમ ૨૪૯ અને ૨૫૦માં જોગવાઈ કર્યા પ્રમાણે હોય તે સિવાય, ઉપર જણાવેલી કોઈપણ બાબત સંબંધી, રાજ્યો માટે કાયદા કરવાની સંસદને સત્તા નથી;*

*અને સંવિધાનની કલમ ૨૫૨ના ખંડ (૧) અનુસાર, આંધ્રપ્રદેશ, બિહાર, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, મણિપુર, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ રાજ્યનાં તમામ વિધાન મંડળોનાં ગૃહોએ એવી મતલબના ઠરાવો પસાર કર્યા છે કે તે રાજ્યોમાં ઉપયુક્ત બાબતોનું નિયમન સંસદે કાયદો કરીને કરવું જોઈએ; તેથી*

*સંસદ ભારતના ગણરાજ્યના ત્રેવીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરે છે :--*

## પ્રકરણ ૧

## પ્રારંભિક

**૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ**

*(૧) આ અધિનિયમ 'વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨' કહેવાશે.*

*(૨) પ્રથમ તબક્કે, તે આંધ્ર પ્રદેશ, બિહાર, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, મણિપુર, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળનાં સમગ્ર રાજ્યોને અને તમામ સંઘ રાજ્યક્ષેત્રોને લાગુ પડે છે; અને સંવિધાનની કલમ ૨૫૨ના ખંડ (૧) અનુસાર તે અર્થે કરેલ ઠરાવ દ્વારા આ અધિનિયમ અપનાવે તેવા બીજા રાજ્યને પણ તે લાગુ પડશે.*

*(૩) જે રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્રને તે લાગુ પડે છે અથવા ભવિષ્યમાં લાગુ પાડી શકાય તે રાજ્ય અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં, કેન્દ્ર સરકાર જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે અને આ અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે અથવા જુદાં જુદાં રાજ્યો અથવા સંઘ રાજ્યક્ષેત્રો માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.*

**૨. વ્યાખ્યા**

*આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, --*

*(૧) "પ્રાણી" માં જળચર અને સ્થળચર પ્રાણીઓ, પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ અને સરિસૃપવંશીય પ્રાણીઓ અને તેમનાં બચ્ચાંનો સમાવેશ થાય છે, અને પક્ષીઓ અને સરિસૃપવંશીય પ્રાણીઓની બાબતમાં તેમનાં ઈંડાંનો પણ સમાવેશ થાય છે;*

(૨) "પ્રાણીમાંથી બનતી વસ્તુઓ" એટલે નાના ઉપદ્રવી જીવ સિવાયના બંદી પ્રાણી અથવા વન્ય પ્રાણીમાંથી બનતી વસ્તુઓ અને તેમાં તેવા પ્રાણીનો અથવા તેના કોઈ ભાગનો જે વસ્તુ અથવા ચીજ માટે ઉપયોગ કરવામાં આવેલો હોય તેનો સમાવેશ થાય છે;

(૩) "મોટો શિકાર" એટલે અનુસૂચિ ૩માં નિર્દિષ્ટ કરેલ કોઈપણ પ્રાણી;

(૪) "બોર્ડ" એટલે કલમ ૬ની પેટા-કલમ (૧) હેઠળ રચાયેલ વન્ય પ્રાણી સલાહકાર બોર્ડ;

(૫) "બંદી પ્રાણી" એટલે અનુસૂચિ-૧, અનુસૂચિ-૨, અનુસૂચિ-૩ અથવા અનુસૂચિ-૪માં નિર્દિષ્ટ કરેલ, પકડેલ અથવા રાખેલ બંધનાવસ્થામાં જેનો ઉછેર થયો હોય તેવું પ્રાણી;

(૬) "ઢોર"માં ભેંસ, આખલા, બળદ, ઊંટ, ગાય, પાળેલા હાથી, ગધેડાં, બકરાં, ઘોડા, ખચ્ચર, ડુક્કર અને ઘેટાંનો સમાવેશ થાય છે અને તેમનાં બચ્ચાંનો પણ તેમાં સમાવેશ થાય છે;

(૭) "મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી" એટલે કલમ ૪ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) હેઠળ એ હેસિયતથી નિમાયેલ વ્યક્તિ;

(૮) "શિકારબંધી વિસ્તાર" એટલે કલમ ૩૭ની પેટા-કલમ (૧) હેઠળ શિકાર કરવા માટે જે વિસ્તાર બંધ હોવાનું જાહેર કરેલ હોય તે વિસ્તાર;

(૯) "કલેક્ટર" એટલે જિલ્લાના મહેસૂલી વહીવટનો હવાલો ધરાવતા મુખ્ય અધિકારી;

(૧૦) (ક) કોઈ રાજ્યના સંબંધમાં "આ અધિનિયમનો આરંભ" એટલે તે રાજ્યમાં આ અધિનિયમનો આરંભ;

(ખ) આ અધિનિયમની કોઈ જોગવાઈના સંબંધમાં "આ અધિનિયમનો આરંભ" એટલે સંબંધિત રાજ્યમાં તે જોગવાઈનો આરંભ;

(૧૧) "વેપારી" એટલે કોઈ બંદી પ્રાણી, પ્રાણીમાંથી બનતી વસ્તુ, મૃગયાચિહ્ન, પ્રક્રિયા કર્યા વિનાનું મૃગયાચિહ્ન અથવા માંસ ખરીદવાનો અને વેચવાનો ધંધો કરતી કોઈ વ્યક્તિ;

(૧૨) "નિયામક" એટલે કલમ ૩ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) હેઠળ વન્ય પ્રાણી સંરક્ષણ નિયામક તરીકે નિમાયેલી વ્યક્તિ;

(૧૩) "મૃગયાવન" એટલે કલમ ૩૬ હેઠળ મૃગયાવન તરીકે જાહેર કરેલ વિસ્તાર;

(૧૪) "સરકારી મિલકત" એટલે કલમ ૩૯માં ઉલ્લેખેલી કોઈપણ મિલકત;

(૧૫) "કુદરતી નિવાસસ્થાન" માં કોઈપણ વન્ય પ્રાણીનું કુદરતી ઘર હોય તેવી જમીન, પાણી અથવા વનસ્પતિનો સમાવેશ થાય છે;

(૧૬) "શિકાર કરવો" એ શબ્દપ્રયોગનાં વ્યાકરણ રૂપો અને સમૂલીય શબ્દો સહિત તેમાં-

(ક) કોઈપણ વન્ય પ્રાણીને પકડવા, મારવા, ઝેર આપવા, જાળમાં ફસાવવા અને ફાંસલામાં નાંખવાનો અને તેમ કરવાના દરેક પ્રયત્નનો

(ખ) પેટા-ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલ કોઈપણ હેતુ માટે વન્ય પ્રાણીને તગેડવાનો,

(ગ) એવા પ્રાણીના શરીરના કોઈ ભાગ ઉપર ઈજા કરવાનો અથવા તેને મારી નાખવાની અથવા તેના અંગચ્છેદનો અથવા વન્ય પક્ષીની અથવા સરિસૃપવંશીય પ્રાણીની બાબતમાં, એવાં પક્ષી અથવા સરિસૃપવંશીય પ્રાણીનાં ઈંડાંને નુકસાન કરવાનો અથવા એવાં પક્ષી અથવા સરિસૃપવંશીય પ્રાણીઓનાં ઈંડાં અથવા માળાને પાંખી નાખવાનો સમાવેશ થાયે છે;

(૧૭) "જમીન" માં નહેર, વહેળો અને પાણીનાં બીજાં વહેણ, જળાશયો, નદીઓ, ઝરણાં અને તળાવ,

પછી તે કૃત્રિમ કે કુદરતી હોય તો પણ તેનો સમાવેશ થાય છે અને ખડકો અને મોટી શિલાનો પણ તેમાં સમાવેશ થાય છે;

(૧૮) "લાઈસન્સ" એટલે આ અધિનિયમ હેઠળ આપેલ લાઈસન્સ;

(૧૯) "ઉત્પાદક" એટલે પ્રાણીમાંથી બનતી વસ્તુઓનો ઉત્પાદક;

(૨૦) "માંસ" માં ક્ષુદ્ર વન્ય ઉપદ્રવી જીવ સિવાયના કોઈ વન્ય પ્રાણીનાં લોહી, હાડકાં, અસ્થિબંધન, ઈંડાં, ચરબી અને પકાવેલા કે કાચાં માંસનો સમાવેશ થાય છે.

(૨૧) "રાષ્ટ્રીય ઉપવન" એટલે કલમ ૩૫ અથવા કલમ ૩૮ હેઠળ રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ અથવા કલમ ૬૬ની પેટા-કલમ(૩) હેઠળ જાહેર કર્યો હોવાનું ગણાતો વિસ્તાર;

(૨૨) "જાહેરનામું" એટલે રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલ જાહેરનામું;

(૨૩) "પરમિટ" એટલે આ અધિનિયમ હેઠળ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ હેઠળ આપેલી પરમિટ;

(૨૪) "વ્યક્તિ" માં પેઢીનો સમાવેશ થાય છે;

(૨૫) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(૨૬) "અભયારણ્ય" એટલે કલમ ૧૮ અથવા કલમ ૩૮ હેઠળ વન્ય પ્રાણી અભયારણ્ય તરીકે જાહેર કરેલ અથવા કલમ ૬૬ની પેટા-કલમ (૩) હેઠળ જાહેર કર્યો હોવાનું ગણાતો વિસ્તાર;

(૨૭) "નાનો શિકાર" એટલે અનુસૂચિ - ૪માં નિર્દિષ્ટ કરેલ કોઈ પ્રાણી;

(૨૮) "ખાસ શિકાર" એટલે અનુસૂચિ - ૨માં નિર્દિષ્ટ કરેલ કોઈ પ્રાણી;

(૨૯) સંઘ રાજ્યક્ષેત્રના સંબંધમાં, "રાજ્ય સરકાર" એટલે સંવિધાનની કલમ ૨૩૯ હેઠળ રાષ્ટ્રપતિએ નીમેલા તે સંઘ રાજ્યક્ષેત્રના વહીવટકર્તા;

(૩૦) "પ્રાણીઓના ખાલમાં મસાલો ભરવાનો કસબ" એ શબ્દપ્રયોગના વ્યાકરણી રૂપો અને સમૂલીય શબ્દો સહિત એ શબ્દો એટલે, મૃગયાચિહ્ન તૈયાર કરવું, તેના પર પ્રક્રિયા કરવી અથવા જાળવવું;

(૩૧) "મૃગયા-ચિહ્ન" એટલે કોઈપણ કૃત્રિમ કે કુદરતી રીતે રાખેલું કે જાળવેલું, ઉપદ્રવી જીવ સિવાયનું કોઈ બંદી પ્રાણી અથવા વન્ય પ્રાણી આખું અથવા તેનો કોઈ ભાગ, અને તેમાં -

(ક) રુવાંટીવાળાં ચામડાં, પાતળાં ચામડાં અને પ્રાણીઓની ખાલમાં મસાલો ભરવાના કસબની પ્રક્રિયા મારફત તૈયાર કરી ગોઠવેલ આખા પ્રાણીના કે તેના કોઈ ભાગના નમૂનાઓનો; અને

(ખ) સાબરશીંગ, શિંગડું, ગેંડાનાં શિંગડાં, વાળ, પીંછાં, નખ, દાંત, કસ્તૂરી, ઈંડાં અને માળાનો સમાવેશ થાય છે:

(૩૨) "પ્રક્રિયા કર્યા વિનાનું મૃગયા-ચિહ્ન" એટલે પ્રાણીઓની ખાલમાં મસાલો ભરવાના કસબની પ્રક્રિયા કરવામાં આવી ન હોય તેવું, ઉપદ્રવી જીવ સિવાયનું બંદી પ્રાણી અથવા વન્ય પ્રાણી આખું અથવા તેનો ભાગ અને તેમાં તાજા મારેલા વન્ય પ્રાણીનો સમાવેશ થાય છે;

(૩૩) "વાહન" એટલે જમીન, પાણી અથવા હવામાં અવરજવર કરવા માટે ઉપયોગમાં લેવાતું કોઈ સાધન અને તેમાં ભેંસ, આખલો, બળદ, ઊંટ, ગધેડું, હાથી, ઘોડા અને ખચ્ચરનો સમાવેશ થાય છે;

(૩૪) "ઉપદ્રવી જીવ" એટલે અનુસૂચિ-૫માં નિર્દિષ્ટ કરેલ કોઈ વન્ય પ્રાણી;

(૩૫) "શસ્ત્ર" માં દારૂગોળો, તીરકામઠાં, સ્ફોટક પદાર્થ, અગ્નિશસ્ત્રો, આંકડા, ચપ્પાં, જાળીઓ, ઝેર, જાળ અને ફાંસલા અને પ્રાણીને બેભાન બનાવી શકે, લલચાવી શકે, નષ્ટ કરી શકે, ઈજા પહોંચાડી શકે અથવા મારી નાખી શકે તેવાં સાધનો કે હથિયારનો સમાવેશ થાય છે;

(૩૬) "વન્ય પ્રાણી" એટલે સ્વભાવે જંગલી જણાતું હોય તેવું કોઈ પ્રાણી અને તેમાં અનુસૂચિ-૧, અનુસૂચિ-૨, અનુસૂચિ-૩, અનુસૂચિ-૪ અથવા અનુસૂચિ-૫માં નિર્દિષ્ટ કરેલ ગમે ત્યારે જણાઈ આવતા કોઈપણ પ્રાણીનો સમાવેશ થાય છે;

(૩૭) "વન્ય પ્રાણી" માં કોઈ પ્રાણી, મધમાખી, પતંગિયાં, કાચબા, કરચલા, માછલી અને કંસારીનો અને કોઈ કુદરતી નિવાસ સ્થાનોના ભાગરૂપ હોય તેવી જળમાંની કે જમીન પરની વનસ્પતિનો સમાવેશ થાય છે;

(૩૮) "વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી" એટલે કલમ-૪ની પેટા-કલમ (૧) ના ખંડ (ખ) હેઠળ તે હેસિયતથી નિમાયેલ વ્યક્તિ.

## પ્રકરણ ૨

## અધિનિયમ હેઠળ નીમવાના સત્તાધિકારીઓ અથવા રચવાનાં સત્તામંડળો

### ૩. નિયામક અને બીજા અધિકારીઓની નિમણૂક

(૧) કેન્દ્ર સરકાર, આ અધિનિયમના હેતુઓ માટે, નીચેના અધિકારીઓ નીમી શકશે:

(ક) વન્ય પ્રાણી સંરક્ષણ નિયામક;

(ખ) મદદનીશ વન્ય પ્રાણી સંરક્ષણ નિયામક; અને

(ગ) જરૂરી હોય તેવા બીજા અધિકારીઓ અને કર્મચારીઓ.

(૨) નિયામક, આ અધિનિયમથી અથવા તે હેઠળ પોતાની ફરજો બજાવવામાં અને પોતાની સત્તા વાપરવામાં, કેન્દ્ર સરકાર વખતોવખત આપે તેવા સામાન્ય અથવા ખાસ આદેશોને આધીન રહેશે.

(૩) આ કલમ હેઠળ નિમાયેલા મદદનીશ વન્ય પ્રાણી સંરક્ષણ નિયામક અને બીજા અધિકારીઓ અને કર્મચારીઓ નિયામકના તાબા હેઠળ રહેશે.

**૪. મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અને બીજા અધિકારીઓની નિમણૂક બાબત**

*(૧) રાજ્ય સરકાર, આ અધિનિયમના હેતુઓ માટે, નીચેના અધિકારીઓ નીમી શકશે :-*

*(ક) મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી;*

*(ખ) વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી; અને*

*(ગ) જરૂરી હોય તેવા બીજા અધિકારીઓ અને કર્મચારીઓ*

*(૨) મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી, આ અધિનિયમથી અથવા તે હેઠળ પોતાની ફરજો બજાવવામાં અને પોતાની સત્તા વાપરવામાં, રાજ્ય સરકાર વખતોવખત આપે તેવા સામાન્ય અથવા ખાસ આદેશોને આધીન રહેશે.*

*(૩) આ કલમ હેઠળ નિમાયેલા વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અને બીજા અધિકારીઓ અને કર્મચારીઓ, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીના તાબા હેઠળ રહેશે.*

**૫. સત્તા સોંપણી**

*(૧) નિયામક કેન્દ્ર સરકારની મંજૂરી લઈને પોતાના તાબા હેઠળના અધિકારીને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી હોય તે શરતોને આધીન રહીને, આ અધિનિયમ હેઠળ પોતાની તમામ અથવા તે પૈકી કોઈપણ સત્તા અને ફરજ લેખિત હુકમ કરીને સોંપી શકશે.*

*(૨) મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને, પોતાના તાબા હેઠળના કોઈપણ અધિકારીને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો હોય તો તેને આધીન રહીને, કલમ ૧૧ની પેટા-કલમ(૧)ના ખંડ (ક) હેઠળ હોય તે સિવાયની, આ અધિનિયમ હેઠળની પોતાની તમામ અથવા કોઈપણ સત્તા અને ફરજો લેખિત હુકમ કરીને સોંપી શકશે.*

*(૩) નિયામકે અથવા મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીએ આપેલા કોઈ સામાન્ય અથવા ખાસ આદેશને અથવા મૂકેલી શરતને આધીન રહીને, કોઈપણ સત્તા વાપરવા માટે, નિયામકે અથવા મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીએ અધિકૃત કરેલ કોઈપણ વ્યક્તિ તે સત્તાઓ જાણે કે તેને સોંપણી દ્વારા નહિ પરંતુ આ અધિનિયમોથી સીધી જ મળી હોય તે જ રીતે અને તેવી જ અસરથી વાપરી શકશે.*

**૬. વન્ય પ્રાણી સલાહકાર બોર્ડની રચના**

*(૧) રાજ્ય સરકારે અથવા સંઘ રાજ્યક્ષેત્રની બાબતમાં વહીવટકર્તાએ આ અધિનિયમના આરંભ પછી, બનતી ત્વરાએ નીચેના સભ્યોના બનેલા વન્ય પ્રાણી સલાહકાર બોર્ડની રચના કરવી જોઈશે; -*

*(ક) રાજ્ય અને સંઘ રાજ્યક્ષેત્રમાં વન ખાતાનો હવાલો ધરાવતા મંત્રી અથવા એવા કોઈ મંત્રી ન હોય તો, યથાપ્રસંગ, રાજ્ય સરકારના મુખ્ય સચિવ અથવા સંઘ રાજ્યક્ષેત્રની સરકારના મુખ્ય સચિવ, જેઓ અધ્યક્ષ ગણાશે;*

*(ખ) યથાપ્રસંગ, રાજ્ય વિધાનમંડળના બે સભ્યો અથવા વિધાનમંડળવાળા સંઘ રાજ્યક્ષેત્રની બાબતમાં, સંઘ રાજ્યક્ષેત્રના વિધાનમંડળના બે સભ્યો;*

*(ગ) રાજ્ય સરકારના અથવા સંઘ રાજ્યક્ષેત્રની સરકારના વન ખાતાનો હવાલો ધરાવતા સચિવ;*

*(ઘ) મુખ્ય વન સંરક્ષક, હોદ્દાની રૂએ;*

*(ચ) નિયામકે નિયુક્ત કરવાના અધિકારી;*

*(છ) મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી, હોદ્દાની રૂએ;*

*(જ) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ, વન્ય પ્રાણીના સંરક્ષણમાં રસ ધરાવતા હોય તેવા વધુમાં વધુ પંદર બીજા અધિકારીઓ અને બિન-સરકારી અધિકારીઓ.*

*(૨) રાજ્ય સરકાર, મુખ્ય વન સંરક્ષક અથવા મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીને બોર્ડના સેક્રેટરી તરીકે નીમશે.*

*(૩) પેટા-કલમ (૧)ના ખંડ (જ) માં ઉલ્લેખેલ બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત અને તેઓમાં ખાલી પડતી જગ્યાઓ ભરવાની રીત ઠરાવવામાં આવે તેવી રહેશે.*

*(૪) સભ્યો પોતાની ફરજો બજાવવામાં થયેલા ખર્ચના સંબંધમાં, રાજ્ય સરકાર ઠરાવે તેવાં ભથ્થાં મેળવવા હકદાર રહેશે.*

**૭. બોર્ડે અનુસરવાની કાર્યરીતિ**

*(૧) રાજ્ય સરકાર આદેશ કરે તેવા સ્થળે બોર્ડ વર્ષમાં ઓછામાં ઓછું બે વખત મળશે.*

*(૨) બોર્ડ (કોરમ સહિતની) પોતાની કાર્યરીતિનું નિયમન કરવું જોઈશે.*

*(૩) બોર્ડમાં કોઈ ખાલી જગા હોવાના કારણે અથવા તેની રચનામાં કોઈ ખામી હોવાને કારણે અથવા કેસના ગુણદોષને અસર કરતી ન હોય તેવી બોર્ડની કાર્યરીતિમાંની કોઈ અનિયમસરતાને કારણે જ બોર્ડનું કોઈ કાર્ય અથવા કાર્યવાહી ગેરકાયદેસર ગણાશે નહિ.*

**૮. અન્ય પ્રાણી સલાહકાર બોર્ડની ફરજો**

*નીચેની બાબતોમાં રાજ્ય સરકારને સલાહ આપવાની વન્ય પ્રાણી સલાહકાર બોર્ડની ફરજ રહેશે :*

*(ક) અભયારણ્ય, રાષ્ટ્રીય ઉપવન, મૃગયાવન અને શિકારબંધી વિસ્તારો તરીકે જાહેર કરવાના વિસ્તારોની પસંદગી બાબતમાં અને તેમના વહીવટી બાબતમાં;.*

*(ખ) આ અધિનિયમ હેઠળ લાઈસન્સો અને પરમિટો આપવાની નીતિ ઘડવા બાબતમાં;*

*(ગ) કોઈ અનુસૂચિના સુધારાને લગતી કોઈ બાબતમાં; અને*

*(ઘ) રાજ્ય સરકાર તેને મોકલે તેવી વન્ય પ્રાણીના સંરક્ષણ સાથે સંકળાયેલી બીજી કોઈપણ બાબતમાં.*

## પ્રકરણ 3

## વન્ય પ્રાણીનો શિકાર

**૯. વન્ય પ્રાણીઓનો શિકાર**

*(૧) કોઈપણ વ્યક્તિ, અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલ કોઈપણ વન્ય પ્રાણીનો શિકાર કરી શકશે નહિ.*

*(૨) કોઈપણ વ્યક્તિ, પેટા-કલમ (૫) હેઠળ આપેલા લાઈસન્સમાં નિર્દિષ્ટ કરેલ શરતો હેઠળ અને તે અનુસાર હોય તે સિવાય, અનુસૂચિ-૨, અનુસૂચિ-૩ અથવા અનુસૂચિ-૪માં નિર્દિષ્ટ કરેલ કોઈપણ વન્ય પ્રાણીનો શિકાર કરી શકશે નહિ.*

(૩) પેટા-કલમ(૨) માં જણાવેલ લાઈસન્સ મેળવવા માગતી કોઈ વ્યક્તિએ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેટલી ફી આપીને, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીને અથવા રાજ્ય સરકારે આ અર્થે અધિકૃત કરેલ બીજા કોઈ અધિકારી (જેનો આમાં હવે પછી "અધિકૃત અધિકારી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને અરજી કરવી જોઈશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળની અરજી, નીચેના તમામ અથવા કોઈપણ પ્રકારના લાઈસન્સ માટે કરી શકાશે -

(ક) ખાસ શિકારનો શિકાર કરવા માટેનું લાઈસન્સ.

(ખ) મોટા શિકારનો શિકાર કરવા માટેનું લાઈસન્સ.

(ગ) નાના શિકારનો શિકાર કરવા માટેનું લાઈસન્સ.

(ઘ) વન્ય પ્રાણીને ફસાવીને પકડવા માટેનું લાઈસન્સ

પરંતુ એવું કોઈ લાઈસન્સ તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા પ્રાણીનો શિકાર અથવા તેને ફસાવીને પકડવા પૂરતું જ મર્યાદિત રાખી શકાશે.

(૫) પેટા-કલમ (૩) હેઠળની અરજી મળ્યે, મુખ્ય અન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારી, અરજદાર લાઈસન્સ મેળવવાની યોગ્યતા ધરાવે છે કે નહિ એ વિષે પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, તે લાઈસન્સ આપવા કે ન આપવાનાં કારણોની લેખિત નોંધ કરીને એવું લાઈસન્સ આપી શકશે અથવા આપવાની ના પાડી શકશે; અને લાઈસન્સ આપવાની ના પાડવામાં આવે ત્યારે, તે માટે ભરેલી ફી અરજદારને પાછી આપવી જોઈશે.

(૬) આ કલમ હેઠળ આપેલું લાઈસન્સ -

(ક) ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હોવું જોઈશે;

(ખ) તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત માટે માન્ય હોવું જોઈએ;

(ગ) ઠરાવવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને આધીન રહેશે;

(ઘ) બીજાના નામે કરી શકાશે નહિ.

**૧૦. મારેલાં અથવા પકડેલાં વન્ય પ્રાણીનું રેકર્ડ રાખવા બાબત**

(૧) દરેક લાઈસન્સ ધરાવનારે, લાઈસન્સ ચાલુ હોય તે દરમિયાન, તેણે મારેલાં અથવા પકડેલાં, ઉપદ્રવી જીવ સિવાયનાં વન્ય પ્રાણીઓનું ઠરાવવામાં આવે તેવી વિગતોવાળું રેકર્ડ રાખવું જોઈશે.

(૨) લાઈસન્સ ધરાવનારે અનુસૂચિ ૨ અથવા અનુસૂચિ-૩માં નિર્દિષ્ટ કરેલ કોઈ પ્રાણી માર્યું હોય, ઘાયલ કર્યું હોય અથવા પકડ્યું હોય ત્યારે, તેણે, એવી રીતે માર્યાની, ઘાયલ કર્યાની અથવા પકડ્યાની તારીખથી મોડામાં મોડું પંદર દિવસની અંદર અથવા લાઈસન્સમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર છોડતાં પહેલાં, એ બેમાંથી જે વહેલું બને ત્યારે, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારીને તેણે મારેલ, ઘાયલ કરેલ અથવા પકડેલ એવા પ્રાણીની ઠરાવેલી વિગતોની લેખિત જાણ કરવી જોઈશે.

(૩) દરેક લાઈસન્સ ધરાવનારે, એવા લાઈસન્સની મુદત પૂરી થાય તે તારીખથી મોડામાં મોડું પંદર દિવસની અંદર, પેટા-કલમ (૧) હેઠળ તેણે રાખેલ રેકર્ડ અને લાઈસન્સ મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારીને આપી દેવાં જોઈશે, અને પેટા-કલમ (૧) હેઠળ તેણે રાખેલ રેકર્ડનું ખરાપણું પ્રમાણિત કરતી ઠરાવેલા નમૂના મુજબની જાહેરાત ઉપર સહી કરવી જોઈએ.

**૧૧. અમુક કિસ્સાઓમાં વન્ય પ્રાણીનો શિકાર કરવાની પરવાનગી આપવા બાબત**

(૧) તે વખતે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં અને પ્રકરણ ૪ની જોગવાઈઓને આધીન રહીને -

(ક) મુખ્ય વન પ્રાણી સંરક્ષણ અધિકારી, પોતાને એવી ખાતરી થાય કે અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલ કોઈ વન્ય પ્રાણી, માનવજીવન માટે ભયજનક બન્યું છે અથવા તે સાજું થઈ શકે નહિ એટલી હદે અશક્ય અથવા રોગગ્રસ્ત બન્યું છે, તો લેખિત હુકમ કરીને અને તેમાં કારણો જણાવીને, એવા પ્રાણીનો શિકાર કરવા માટે કોઈપણ વ્યક્તિને પરવાનગી આપી શકશે અથવા તેવા પ્રાણીનો શિકાર કરાવડાવી શકશે.

(ખ) મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારી, પોતાને એવી ખાતરી થાય કે અનુસૂચિ-૨, અનુસૂચિ-૩ અથવા અનુસૂચિ-૪માં નિર્દિષ્ટ કરેલ કોઈ વન્ય પ્રાણી, માનવ જીવન અથવા (જમીન ઉપરના ઊભા પાક સહિતની) મિલકત માટે ભયજનક બન્યું છે. અથવા તે સાજું થઈ શકે નહિ એટલી હદે અશક્ત અથવા રોગગ્રસ્ત બન્યું છે, તો લેખિત હુકમ કરીને અને તેમાં કારણો જણાવીને, એવા પ્રાણીનો શિકાર કરવા માટે કોઈપણ વ્યક્તિને, પરવાનગી આપી શકશે અથવા એવા પ્રાણીનો શિકાર કરાવડાવી શકશે.

(૨) પોતાના અથવા બીજી કોઈ વ્યક્તિના રક્ષણ માટે કોઈ વન્યપ્રાણીને શુદ્ધબુદ્ધિથી મારી નાખવું અથવા ઘાયલ કરવું તે ગુનો ગણાશે નહિ.

પરંતુ જ્યારે એવું રક્ષણ જરૂરી બને, ત્યારે જે કોઈ વ્યક્તિ આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ અથવા હુકમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને કોઈ કાર્ય કરતી હોય તેને, આ પેટા-કલમમાંના કોઈ મજકૂરથી દોષ મુક્ત હોવાનું ગણી શકાશે નહિ.

(૩) કોઈપણ વ્યક્તિના રક્ષણ માટે મારેલ અથવા ઘાયલ કરેલ કોઈ વન્ય પ્રાણી, સરકારી મિલકત ગણાશે.

**૧૨. ખાસ હેતુઓ માટે પરમિટ આપવા બાબત**

આ અધિનિયમમાં અન્યત્ર ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ વ્યક્તિને, ઠરાવવામાં આવે તેવી ફી ભર્યે, પરમિટ આપવા માટેનાં કારણો જણાવતો લેખિત હુકમ કરીને, પરમિટમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે શરતોને આધીન રહીને, તે ધરાવનારને એવી પરમિટમાં નિર્દિષ્ટ કરેલ કોઈ વન્ય પ્રાણીનો શિકાર કરવાનો અધિકાર મળે તેવી પરમિટ નીચેના હેતુઓ માટે આપવાનું મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી માટે કાયદેસર ગણાશે :

(ક) શિક્ષણના;

(ખ) વૈજ્ઞાનિક સંશોધનના;

(ખખ) વૈજ્ઞાનિક વ્યવસ્થાના

**સ્પષ્ટીકરણ :** ખંડ (ખખ) ના હેતુઓ માટે "વૈજ્ઞાનિક વ્યવસ્થા" એ શબ્દપ્રયોગ એટલે-

(૧) કોઈ વન્ય પ્રાણીઓના વૈકલ્પિક કુદરતી નિવાસસ્થાનની કરેલી સ્થાનબદલી; અથવા

(૨) કોઈ વન્ય પ્રાણીઓને મારી નાખ્યા વિના અથવા ઝેર આપ્યા વિના અથવા નષ્ટ કર્યા વિના વન્ય પ્રાણીઓની વસતિ-વ્યવસ્થા;

(ગ) પ્રાણી, બાગ, સંગ્રહાલય અને તેના જેવી બીજી સંસ્થાઓ માટે નમૂના ભેગા કરવાના:

પરંતુ -

(ક) અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલા કોઈ વન્ય પ્રાણીના સંબંધમાં કેન્દ્ર સરકારની પૂર્વપરવાનગી લીધા સિવાય; અને

(ખ) કોઈ બીજા વન્ય પ્રાણીના સંબંધમાં રાજ્ય સરકારની પૂર્વ-પરવાનગી લીધા સિવાય;

એવી પરમિટ આપી શકાશે નહિ.

**૧૩. લાઈસન્સ મોકૂફ રાખવા અથવા રદ કરવા બાબત**

મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારી, રાજ્ય સરકારના સામાન્ય અથવા ખાસ હુકમોને આધીન રહીને, સબળ અને પૂરતાં કારણોસર તેની લેખિત નોંધ કરીને, આ પ્રકરણ હેઠળ આપેલ કોઈ લાઈસન્સ મોકૂફ રાખી શકશે અથવા રદ કરી શકશે:

પરંતુ લાઈસન્સ ધરાવનારને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, એવું લાઈસન્સ મોકૂફ રાખી અથવા રદ કરી શકશે નહિ.

**૧૪. અપીલ**

(૧) કલમ ૯ હેઠળ લાઈસન્સ આપવાની ના પાડતા હુકમ અથવા કલમ૧૩ હેઠળ લાઈસન્સ મોકૂફ રાખતા અથવા રદ કરતા હુકમ ઉપર -

(ક) અધિકૃત અધિકારીએ હુકમ કર્યો હોય તો, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીને, અથવા

(ખ) મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીએ હુકમ કર્યો હોય તો રાજ્ય સરકારને અપીલ થઈ શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીએ અપીલમાં કરેલા હુકમની બાબતમાં બીજી અપીલ રાજ્ય સરકારને થઈ શકશે.

(૩) ઉપર જણાવ્યા પ્રમાણે હોય તેને આધીન રહીને, આ કલમ હેઠળ અપીલમાં કરેલો દરેક હુકમ આખરી ગણાશે.

(૪) જેની વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તે હુકમની અરજદારને જાણ થયાની તારીખથી પંદર દિવસની અંદર અપીલ કરવામાં આવી હોય તે સિવાય, કોઈ અપીલ દાખલ કરી શકાશે નહિ:

પરંતુ અપીલ સત્તાધિકારીને એવી ખાતરી થાય કે અપીલ કરનારને, સમયસર અપીલ ન કરવા માટે પૂરતું કારણ હતું તો, ઉપર જણાવેલ મુદત પૂરી થયા પછી, તેઓ અપીલ દાખલ કરી શકશે.

## ૧૫. વન્ય પ્રાણીઓનાં બચ્ચાંના અને માદાના શિકાર બાબત

*લાઈસન્સ દ્વારા ખાસ કરી અધિકૃત કરેલ હોય તે સિવાય, કોઈપણ વ્યક્તિ ઉપદ્રવી જીવ સિવાયના કોઈ વન્ય પ્રાણીનાં બચ્ચાંની અથવા એવા પ્રાણીની કોઈ માદાનો અથવા મખમલી રુવાંટીવાળાં શીંગ ઊગ્યાં હોય તેવાં કોઈ હરણનો શિકાર કરી શકશે નહિ.*

## ૧૬. શિકારબંધીની મુદત જાહેર કરવા બાબત

*(૧) રાજ્ય સરકાર, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વન્ય પ્રાણીની બાબતમાં, સમગ્ર રાજ્યમાં અથવા તેના કોઈ ભાગમાં, આખું વર્ષ અથવા તેનો કોઈ ભાગ શિકારબંધીની મુદત તરીકે જાહેરનામાથી જાહેર કરી શકશે અને જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં, સદરહુ મુદત દરમિયાન એવા પ્રાણીનો શિકાર કરવા દેવામાં આવશે નહિ.*

*(૨) પેટા-કલમ (૧)ની જોગવાઈઓ, આ અર્થે રાજ્ય સરકાર અન્યથા નિર્દિષ્ટ કરે તે સિવાય, ઉપદ્રવી જીવની બાબતમાં લાગુ પડશે નહિ.*

## ૧૭. શિકાર કરવા ઉપર નિયંત્રણ

*(૧) કોઈપણ વ્યક્તિ -*

*(ક) પાણી અથવા જમીન ઉપર ચાલતા પૈડાંવાળા કે યંત્રસંચાલિત વાહનમાંથી અથવા તેના દ્વારા અથવા વિમાન દ્વારા કોઈપણ વન્ય પ્રાણીનો શિકાર કરી શકશે નહિ;*

*(ખ) કોઈ વન્ય પ્રાણીને તગડવાના કે ભડકાવીને ભગાડવાના હેતુ માટે વિમાન, મોટર વાહન અથવા લોંચનો ઉપયોગ કરી શકશે નહિ;*

*(ગ) વન્ય પ્રાણીને ફસાવીને પકડવાના લાઈસન્સ હેઠળ વન્ય પ્રાણી પકડવાના સંબંધમાં હોય તે સિવાય, કોઈ વન્ય પ્રાણીનો રસાયણ, સ્ફોટક પદાર્થ, જાળીઓ, છૂપા ખાડા, ઝેર, ઝેર ચોપડેલ હથિયાર, જાળ અથવા ફાંસલાથી શિકાર કરી શકશે નહિ;*

*(ઘ) એક બોરની બંદૂક વડે શિકાર કરવાના લાઈસન્સથી ખાસ રીતે અધિકાર આપ્યો હોય તે સિવાય, ખાસ શિકાર અથવા મોટા શિકારનો શિકાર રાઈફલ સિવાય કરી શકશે નહિ;*

*(ચ) શિકારના હેતુ માટે, કોઈ વનસ્પતિને આગ લગાડી શકશે નહિ;*

*(છ) મારણ ઉપર આવતાં માંસભક્ષી પ્રાણીઓની બાબતમાં, લાઈસન્સ હેઠળ તેમ કરવા માટે ખાસ રીતે અધિકાર આપ્યો હોય તે સિવાય, શિકાર કરવાના હેતુ માટે કોઈ કૃત્રિમ પ્રકાશનો ઉપયોગ કરી શકશે નહિ.*

*(જ) મારણ ઉપર આવતાં માંસલક્ષી પ્રાણીઓની બાબતમાં, લાઈસન્સ હેઠળ તેમ કરવા માટે ખાસ રીતે અધિકાર આપ્યો હોય તે સિવાય, રાત્રિના કલાકો દરમિયાન એટલે કે સૂર્યાસ્ત અને સૂર્યોદય વચ્ચે કોઈ વન્ય પ્રાણીનો શિકાર કરી શકશે નહિ;*

*(ઝ) ભાતતીતર અને જળપક્ષીઓની બાબતમાં હોય તે સિવાય, વન્ય પ્રાણી જે સ્થળેથી મીઠું ચાટતાં હોય અથવા વીરડામાંથી પાણી પીતાં હોય ત્યાં અથવા તેના જેવી બીજી પાણી પીવાની જગાએ અથવા ત્યાં જવાના રસ્તા અને માર્ગ ઉપર કોઈ વન્ય પ્રાણીનો શિકાર કરી શકશે નહિ;*

(ટ) સરકારની માલિકીની ન હોય તેવી કોઈ જમીનના માલિકની અથવા તેના એજન્ટની અથવા તેનો કાયદેસર ભોગવટો કરનારની સંમતિ વિના, તેવી જમીન ઉપર કોઈ વન્ય પ્રાણીનો શિકાર કરી શકશે નહિ;

(ઠ) પોતે તે હેતુ માટે લાઈસન્સ ધરાવતો હોય તે છતાં, કલમ ૧૬માં ઉલ્લેખેલ શિકારબંધીની મુદત દરમિયાન કોઈ વન્ય પ્રાણીનો શિકાર કરી શકશે નહિ;

(ડ) જળપક્ષી, ચકોર, તેતર અથવા તેવાં સજાતીય પક્ષી સિવાય, કોઈ વન્ય પ્રાણીનો, કૂતરાની મદદથી શિકાર કરી શકશે નહિ.

(૨) પેટા-કલમ (૧) ની જોગવાઈઓ ઉપદ્રવી જીવોની બાબતમાં લાગુ પડશે નહિ.

## પ્રકરણ ૪

## અભયારણ્ય, રાષ્ટ્રીય ઉપવન, મૃગયાવન અને શિકારબંધી વિસ્તારો

### અભયારણ્યો

**૧૮. અભયારણ્યની જાહેરાત કરવા બાબત**

(૧) રાજ્ય સરકાર, પોતાને એમ લાગે કે કોઈ અરણ્ય વિસ્તાર, વન્યપ્રાણી અથવા તેના પરિસરના જતન, વિસ્તાર અથવા વિકાસના હેતુ માટે, પરિસ્થિતિ વિજ્ઞાન, પ્રાણી તથા વનસ્પતિ સૃષ્ટિ, ભૂસ્વરૂપવિજ્ઞાન, પ્રાકૃતિક અથવા પ્રાણી વિસ્તારની દૃષ્ટિએ પૂરતું મહત્ત્વ ધરાવે છે, તો તેને જાહેરનામાથી, અભયારણ્ય તરીકે જાહેર કરી શકશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ જાહેરનામામાં, શક્ય હોય તેટલે સુધી, એવા વિસ્તારનાં સ્થળ અને હદ નિર્દિષ્ટ કરવાં જોઈશે.

**સ્પષ્ટીકરણ** - આ કલમના હેતુઓ માટે, તે વિસ્તારનું વર્ણન, માર્ગો, નદીઓ, ટેકરીઓ, અને બીજી જાણીતી અને સહેલાઈથી ઓળખાઈ આવે તેવી સરહદો દ્વારા કરવું પૂરતું ગણાશે.

**૧૯. કલેક્ટરે હકો નક્કી કરવા બાબત**

કોઈ વિસ્તારને, અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવે ત્યારે કલેક્ટરે, અભયારણ્યની હદમાં આવતા વિસ્તારની જમીનમાં અથવા તેની ઉપર, કોઈ વ્યક્તિના હકોનાં અસ્તિવ, પ્રકાર અને વ્યાપ્તિ સંબંધી તપાસ કરવી જોઈશે અને તે નક્કી કરવાં જોઈશે.

**૨૦. વધુ હકોની પ્રાપ્તિ માટે પ્રતિબંધ**

કલમ ૧૮ હેઠળ જાહેરનામું બહાર પાડ્યા પછી, વસિયતી અથવા બિનવસિયતી વારસાહક દ્વારા સંપાદન કરેલ હોય તે સિવાય, એવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારની હદોની અંદરના વિસ્તારમાં આવેલી જમીનમાં કે તેના ઉપર કોઈ હક સંપાદિત કરી શકાશે નહિ.

**૨૧. કલેક્ટરે ઉદ્‌ઘોષણા કરવા બાબત**

કલમ ૧૮ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોય, ત્યારે કલેક્ટરે, તેમાં સમાવિષ્ટ કરેલા વિસ્તારમાંના અથવા તેવા વિસ્તારની આજુબાજુમાંના દરેક નગર અને ગામમાં પ્રાદેશિક ભાષામાં ઉદ્‌ઘોષણા પ્રસિદ્ધ કરવી જોઈશે અને તેમાં, -

(ક) શક્ય હોય તેટલે સુધી, અભયારણ્યનાં સ્થળ અને હદ નિર્દિષ્ટ કરવાં જોઈશે, અને

(ખ) કલમ ૧૯માં જણાવેલા કોઈ હક માટે દાવો કરતી વ્યક્તિને, જરૂરી વિગતો સાથે એવા હકનો પ્રકાર અને મર્યાદા અને તેના સંબંધમાં માગેલ વળતરની હોય તે રકમ અને તેની વિગતો નિર્દિષ્ટ કરતો લેખિત દાવો, ઠરાવેલા નમૂનામાં, એવી ઉદ્‌ઘોષણાની તારીખથી બે મહિનાની અંદર, કલેક્ટર સમક્ષ રજૂ કરવાનું ફરમાવવું જોઈશે.

### ૨૨. કલેક્ટરે તપાસ કરવા બાબત

કલેક્ટરે, દાવેદાર ઉપર ઠરાવેલી નોટિસ બજાવ્યા પછી, જેટલે સુધી રાજ્ય સરકાર રેકર્ડ ઉપરથી અને તેનાથી પરિચિત હોય તેવી કોઈ વ્યક્તિના પુરાવા ઉપરથી તે નક્કી થઈ શકે તેટલે સુધી -

(ક) કલમ ૨૧ના ખંડ (ખ) હેઠળ તેની સમક્ષ રજૂ કરવામાં આવેલ દાવા અને.......

(ખ) કલમ ૧૯માં જણાવેલા અને કલમ ૨૧ના ખંડ (ખ) હેઠળ દાવો કરવામાં આવ્યો ન હોય તેવા કોઈ હકના અસ્તિત્વ વિષે તપાસ કરવી જોઈશે.

### ૨૩. કલેક્ટરની સત્તા

એવી તપાસ કરવાના હેતુ માટે, કલેક્ટર, નીચેની સત્તા વાપરી શકશે -

(ક) કોઈ જમીનમાં અથવા તેની ઉપર પ્રવેશવાની અને તેની માપણી, તથા નિશાની કરવાની અને તેનો નકશો બનાવવાની અથવા તેમ કરવા માટે બીજા કોઈ અધિકારીને અધિકાર આપવાના સત્તા;

(ખ) દાવાની ઈન્સાફી કાર્યવાહી માટે દીવાની ન્યાયાલયમાં નિહિત થઈ હોય તે જ સત્તા.

### ૨૪. હકો સંપાદિત કરવા બાબત

(સન ૧૮૯૪નો ૧લો)

(૧) કલમ ૧૯માં ઉલ્લેખેલ કોઈ જમીનમાંના અથવા તે ઉપરના હકના દાવાની બાબતમાં, કલેક્ટરે, પૂર્ણતઃ અથવા અંશતઃ તેનો સ્વીકાર કરતો અથવા તે નામંજૂર કરતો હુકમ કરવો જોઈએ.

(૨) તે દાવો પૂર્ણતઃ અથવા અંશતઃ સ્વીકારવામાં આવ્યો હોય તો, કલેક્ટર -

- (ક) સૂચિત અભયારણ્યની હદમાંથી તેવી જમીન બાકાત રાખી શકશે; અથવા
- (ખ) એવી જમીનના માલિક અથવા હકો ધરાવનાર અને રાજ્ય સરકાર વચ્ચે, કબૂલાત દ્વારા, એવો માલિક અથવા એવા હક ધરાવનાર એવી જમીનમાંના અથવા તે ઉપરના પોતાના હકો જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪માં જોગવાઈ કર્યા પ્રમાણે વળતર આપ્યેથી સરકારને સોંપી દેવા કબૂલ થયો હોય તે સિવાય, એવી જમીન અથવા હકો સંપાદિત કરવાની કાર્યવાહી કરી શકશે.

### ૨૫. સંપાદનની કાર્યવાહી

(સન ૧૮૯૪નો ૧લો)

(૧) એવી જમીન અથવા જમીનમાંના અથવા તે ઉપરના હકો સંપાદિત કરવાના હેતુ માટે -

- (ક) કલેક્ટરને, જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ હેઠળ કાર્યવાહી કરતા કલેક્ટર તરીકે ગણવામાં આવશે;

(ખ) દાવેદારને, હિત ધરાવનાર વ્યક્તિ તરીકે અને તે અધિનિયમની કલમ ૯ હેઠળ આપેલી નોટિસ અનુસાર તેની સમક્ષ હાજર થનાર વ્યક્તિ તરીકે ગણવામાં આવશે;

(ગ) તે અધિનિયમની કલમ ૯ની પૂર્વવર્તી કલમોની જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું છે એમ ગણાશે;

(ઘ) વળતરની બાબતમાં, પોતાની તરફેણમાં આપેલા ચુકાદાનો દાવેદાર સ્વીકાર ન કરે ત્યારે તે, તે અધિનિયમની કલમ ૧૮ના અર્થ મુજબ, ચુકાદો સ્વીકાર્યો ન હોય તેવી હિત ધરાવતી વ્યક્તિ તરીકે ગણાશે અને તે અધિનિયમના ભાગ-૩ ની જોગવાઈઓ હેઠળ ચુકાદા સામે દાદ માગવાની કાર્યવાહી કરવા હકદાર રહેશે;

(ચ) દાવેદારની સંમતિથી કલેક્ટર અથવા બંને પક્ષકારોની સંમતિથી ન્યાયાલય, જમીન અથવા નાણાંરૂપે અથવા અંશતઃ જમીન અને અંશતઃ નાણાં રૂપે વળતર અપાવી શકશે; અને

(છ) સાર્વજનિક રસ્તો અથવા સાર્વજનિક ગૌચર બંધ થવાની બાબતમાં, કલેક્ટર, રાજ્ય સરકારની પૂર્વ સંમતિથી, વ્યવહાર્ય અથવા અનુકૂળ હોય તેટલે સુધી, વૈકલ્પિક સાર્વજનિક રસ્તા અથવા સાર્વજનિક ગૌચર પેટે જોગવાઈ કરી શકશે.

(૨) કોઈ જમીન અથવા તેમાંના હિતનું આ અધિનિયમ હેઠળ કરેલ સંપાદન સાર્વજનિક હેતુ માટે સંપાદન કરેલ હોવાનું ગણાશે.

**૨૬. કલેક્ટરની સત્તાની સોંપણી**

રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી એવો આદેશ કરી શકશે કે કલમો ૧૯ થી ૨૫ (બંને સહિત) હેઠળ કલેક્ટરે વાપરવાની સત્તા અથવા બજાવવાનાં કાર્યો, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજા અધિકારી વાપરી શકશે અને બજાવી શકશે.

**૨૭. અભયારણ્યમાં પ્રવેશવા પર નિયંત્રણ**

(૧) (ક) ફરજ ઉપરના સરકારી કર્મચારી

(ખ) મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ, અધિકારીએ અથવા અધિકૃત અધિકારીએ અભયારણ્યની હદની અંદર રહેવા જેને પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ,

(ગ) અભયારણ્યની હદની અંદરની સ્થાવર મિલકત ઉપર જેનો કોઈ હક હોય તેવી વ્યક્તિ,

(ઘ) સાર્વજનિક ધોરી માર્ગ પર થઈને અભયારણ્યમાંથી પસાર થતી કોઈ વ્યક્તિ, અને

(ચ) ખંડ (ક), ખંડ (ખ) અથવા ખંડ (ગ)માં જણાવેલી વ્યક્તિના આશ્રિતો,

સિવાયની કોઈપણ વ્યક્તિ, કલમ ૨૮ હેઠળ આપેલી પરવાનગીની શરતો હોય અને તે અનુસાર હોય તે સિવાય, અભયારણ્યમાં પ્રવેશી શકશે નહિ અથવા રહી શકશે નહિ.

(૨) દરેક વ્યક્તિ, તે અભયારણ્યમાં રહેતી હોય ત્યાં સુધી-

(ક) આ અધિનિયમ વિરુદ્ધનો ગુનો અભયારણ્યમાં થતો અટકાવવા;

(ખ) આ અધિનિયમ વિરુદ્ધનો કોઈ ગુનો એવા અભયારણ્યમાં કરવામાં આવ્યો છે એવું માનવાને કારણ હોય ત્યારે, ગુનેગારને શોધી કાઢવા અને પકડવામાં મદદ કરવા,

(ગ) વન્ય પ્રાણીના મૃત્યુનો રિપોર્ટ કરવા અને મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારી તેનો હવાલો સંભાળી ન લે ત્યાં સુધી, તેનું મડદું સલામત રાખી મૂકવા;

(ઘ) એવા અભયારણ્યમાંની જેની પોતાને જાણ કે માહિતી હોય તેવી કોઈ આગ બુઝાવવા અને જેની પોતાને જાણ કે માહિતી હોય તેવી અભયારણ્યની નજીકમાં કોઈ આગ ફેલાતી પોતાની સત્તામાંના કોઈ કાયદેસરના ઉપાયો દ્વારા અટકાવવા; અને

(ચ) આ અધિનિયમ વિરુદ્ધનો ગુનો અટકાવવા અથવા કોઈ ગુનાની તપાસમાં પોતાની સહાય માગતા કોઈપણ વન અધિકારીને, મુખ્ય વન્યપ્રાણી સંરક્ષણ અધિકારીને, વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીને અથવા પોલીસ અધિકારીને મદદ કરવા બંધાયેલી રહેશે.

**૨૮. પરમિટ આપવા બાબત**

(૧) મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી કોઈપણ વ્યક્તિને અરજી ઉપરથી નીચેના તમામ અથવા કોઈપણ હેતુ માટે અભયારણ્યમાં પ્રવેશવા અથવા રહેવા માટેની પરમિટ આપી શકશે :-

(ક) વન્ય પ્રાણીની તપાસ અથવા અભ્યાસ અને તેને સહાયક અથવા આનુષંગિક હેતુઓ;

(ખ) ફોટોગ્રાફી;

(ગ) વૈજ્ઞાનિક સંશોધન;

(ચ) અભયારણ્યમાં રહેતી કોઈ વ્યક્તિ સાથે કાયદેસરનું કામકાજ કરવા.

(૨) અભયારણ્યમાં પ્રવેશવાની અથવા રહેવાની પરમિટ, ઠરાવવામાં આવે તેવી શરતોએ અને તેટલી ફી ભર્યે કાઢી આપવામાં આવશે.

**૨૯. પરમિટ સિવાય અભયારણ્યમાં શિકાર કરવાની મનાઈ**

(૧) આ અધિનિયમમાં અન્યત્ર ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈપણ વ્યક્તિ અભયારણ્યમાં કોઈપણ વન્ય પ્રાણીનો શિકાર કરી શકશે નહિ અથવા મરેલું કોઈ વન્ય પ્રાણી અથવા કોઈ મૃગયા-ચિહ્ન, પ્રક્રિયા કર્યા વિનાનું મૃગયા-ચિહ્ન અથવા એવા પ્રાણીમાંથી મળેલ માંસ લઈ જઈ શકશે નહિ:

પરંતુ મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીને એવી ખાતરી થાય કે અભયારણ્યમાંના કોઈ વન્ય પ્રાણીનો -

(ક) વન્ય પ્રાણીના સંરક્ષણ માટે; અથવા

(ખ) સબળ અને પૂરતા કારણસર શિકાર કરવાનું અથવા તેને ખસેડવાનું જરૂરી છે તો, તે રાજ્ય સરકારની પૂર્વસંમતિથી, પોતે અધિકૃત કરેલ અધિકારીની દેખરેખ હેઠળ એવા વન્ય પ્રાણીનો શિકાર કરવાનો અથવા તેને ખસેડવાનો અથવા તેનો શિકાર કરાવવાનો અથવા તેને ખસેડવા કે કોઈ વ્યક્તિને અધિકાર આપતી પરમિટ આપી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ આપણે કોઈ પરમિટમાં, એવી પરમિટ ધરાવનાર શિકાર કરી શકે અથવા ખસેડી શકે તેવાં વન્ય પ્રાણીઓના પ્રકાર અને સંખ્યા નિર્દિષ્ટ કરવાં જોઈશે.

(૩) મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી, સબળ અને પૂરતા કારણની લેખિત નોંધ કરીને, કલમ ૨૮ હેઠળ અથવા આ કલમ હેઠળ આપેલી કોઈ પરમિટ રદ કરી શકશે :

*પરંતુ પરમિટ ધરાવનારને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, એવી રીતે પરમિટ રદ કરી શકાશે નહિ.*

*(૪) પેટા-કલમ (૩) હેઠળ પરમિટ રદ કરવાથી નારાજ થયેલ કોઈ વ્યક્તિ, એવી રીતે રદ કરવાની તારીખથી પંદર દિવસની અંદર રાજ્ય સરકારને અપીલ કરી શકશે, અને તેનો નિર્ણય આખરી ગણાશે:*

*પરંતુ રાજ્ય સરકાર, પોતાને એવી ખાતરી થાય કે અપીલ કરનારને સમયસર અપીલ ન કરવા માટે પૂરતું કારણ હતું, તો તે ઉપર જણાવેલી મુદત પૂરી થયા પછી કરેલી અપીલ દાખલ કરી શકશે.*

**૩૦. આગ લગાડવાની મનાઈ**

*કોઈપણ વ્યક્તિએ, અભયારણ્યમાં આગ લગાડવી નહિ અથવા એવા અભયારણ્યને ભયમાં મૂકે તેવી રીતે કોઈ અગ્નિ પેટાવવો નહિ અથવા અભયારણ્યમાં કોઈ સળગતો અગ્નિ છોડી જવો નહિ.*

**૩૧. હથિયારો સાથે અભયારણ્યમાં પ્રવેશ કરવાની મનાઈ**

*મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારીની પૂર્વપરવાનગી સિવાય, કોઈપણ વ્યક્તિ કોઈ હથિયાર સાથે અભયારણ્યમાં પ્રવેશી શકશે નહિ.*

**૩૨. હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરવાની મનાઈ**

*કોઈપણ વ્યક્તિ, અભયારણ્યમાં કોઈ વન્ય પ્રાણીને ઈજા પહોંચે અથવા તેને ભયમાં મૂકે તેવું રસાયણ અથવા સ્ફોટક કે બીજો કોઈ પદાર્થ વાપરી શકશે નહિ.*

**૩૩. અભયારણ્યોનું નિયંત્રણ**

*મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી, તમામ અભયારણ્યોનાં નિયંત્રણ, વ્યવસ્થા અને જાળવણી કરતા અધિકારી ગણાશે અને તે હેતુ માટે કોઈપણ અભયારણ્યની હદની અંદર -*

*(ક) એવા અભયારણ્યના હેતુ માટે, પોતે જરૂરી ગણે તેવા રસ્તા, પુલો, મકાનો, વાડી અથવા આડ દરવાજો બાંધી શકશે અને એવાં બીજાં કામો કરી શકશે;*

*(ખ) અભયારણ્યમાંના વન્ય પ્રાણીઓની સલામતી માટે અને અભયારણ્યની તથા તેમાંનાં વન્ય પ્રાણીઓની જાળવણી માટે જરૂરી હોય તેવાં પગલાં લઈ શકશે;*

*(ગ) કોઈ કુદરતી નિવાસસ્થાનના સુધારા માટે વન્ય પ્રાણીઓનાં હિતમાં, પોતે જરૂરી ગણે તેવાં પગલાં લઈ શકશે;*

*(ઘ) વન્ય પ્રાણીઓના હિતને અનુરૂપ થાય એ રીતે, ઢોર ચરાવવાનું કે તેમના હરવાફરવાનું નિયમન કે નિયંત્રણ કરી શકશે અથવા મનાઈ ફરમાવી શકશે;*

*(ચ) માછીમારીની કોઈ પ્રવૃત્તિનું નિયમન કે નિયંત્રણ કરી શકશે અથવા મનાઈ ફરમાવી શકશે.*

**૩૪. શસ્ત્રોનો કબજો ધરાવનાર અમુક વ્યક્તિઓના રજિસ્ટ્રેશન બાબત**

*(૧) કોઈ વિસ્તારને અભયારણ્ય તરીકે જાહેર કર્યા પછી ત્રણ મહિનાની અંદર, એવા કોઈ અભયારણ્યમાં અથવા તેના દસ કિલોમીટરની અંદર રહેતી અને "શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯" હેઠળ આપેલ*

શસ્ત્ર રાખવા માટેનું લાઈસન્સ ધરાવતી અથવા તે અધિનિયમની જોગવાઈઓમાંથી મુક્તિ આપેલ, હોય અને શસ્ત્રોનો કબજો ધરાવતી હોય તેવી દરેક વ્યક્તિએ, પોતાનું નામ રજિસ્ટર કરાવવા માટે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં તેટલી ફી ભરીને અને તેટલા સમયની અંદર, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારીને અરજી કરવી જોઈએ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ અરજી મળ્યે, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીએ અથવા અધિકૃત અધિકારીએ દર્શવવામાં આવે તેવી રીતે અરજદારનું નામ રજિસ્ટર કરવું જોઈશે.

## રાષ્ટ્રીય ઉપવનો

### ૩૫. રાષ્ટ્રીય ઉપવનની જાહેરાત

(૧) રાજ્ય સરકારને જ્યારે એવું લાગે કે અભયારણ્યમાં હોય કે ન હોય તેવા કોઈ વિસ્તારની, તેના પરિસ્થિતિ વિજ્ઞાન, પ્રાણી અને વનસ્પતિસૃષ્ટિ, ભૂસ્વરૂપવિજ્ઞાન અથવા પ્રાણી વિજ્ઞાન સાથેના સંબંધને કારણે અથવા તેવી અગત્યને કારણે તેમાંના વન્ય પ્રાણીના અથવા તેમની આસપાસના વિસ્તારના જતન, વિવરણ અથવા વિકાસના હેતુ માટે રાષ્ટ્રીય ઉપવન તરીકે રચના કરવાની જરૂર છે તો, તે જાહેરનામાથી તેવા વિસ્તારને રાષ્ટ્રીય ઉપવન તરીકે રચવાનો પોતાનો ઈરાદો જાહેર કરી શકશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ જાહેરનામાથી, રાષ્ટ્રીય ઉપ-વન તરીકે જાહેર કરવાના ઈરાદાવાળા વિસ્તારની હદો મુકરર કરવી જોઈએ.

(૩) કોઈ વિસ્તારને, રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરવાનો ઈરાદો હોય ત્યારે કલમો ૧૯ થી ૨૬ (બંને સહિત) ની જોગવાઈઓ, શક્ય હોય તેટલે સુધી, અભયારણ્યમાંની કોઈ જમીનના સંબંધમાં તપાસ કરવા અને દાવો નક્કી કરવા અને હકો નષ્ટ કરવાની બાબતમાં લાગુ પડે છે તેવી રીતે તેવા વિસ્તારમાંની કોઈ જમીનના સંબંધમાં સદરહુ બાબતોમાં તે લાગુ પડશે.

(૪) જ્યારે નીચેના બનાવ બને, એટલે કે--

(ક) દાવો કરવા માટેની મુદત વીતી ગઈ હોય અને રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરવાના ઈરાદાવાળા વિસ્તારમાંની કોઈ જમીનના સંબંધમાં કરેલા તમામ દાવાનો રાજ્ય સરકારે નિકાલ કરી દીધો હોય, અને

(ખ) રાષ્ટ્રીય ઉપવનમાં સમાવિષ્ટ કરવાની સૂચિત જમીન સંબંધી તમામ હકો રાજ્ય સરકારમાં નિહિત થયા હોય ત્યારે,

રાજ્ય સરકારે રાષ્ટ્રીય ઉપવનમાં જેનો સમાવેશ થતો હોય તે વિસ્તારની હદો નિર્દિષ્ટ કરતું જાહેરનામું પ્રસિદ્ધ કરવું જોઈશે અને એવું જાહેર કરવું જોઈશે કે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખે અને તે તારીખથી સદરહુ વિસ્તાર રાષ્ટ્રીય ઉપવન ગણાશે.

(૫) રાજ્યના વિધાનમંડળે પસાર કરેલા ઠરાવ સિવાય, રાષ્ટ્રીય ઉપવનની સીમાઓમાં ફેરફાર કરી શકાશે નહિ.

(૬) કોઈપણ વ્યક્તિ, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીએ આપેલી પરમિટ હેઠળ અને તે અનુસાર હોય તે સિવાય, રાષ્ટ્રીય ઉપવનમાંથી કોઈ વન્ય પ્રાણીનો નાશ કરી શકશે નહિ, તેનો આર્થિક

*લાભ માટે ઉપયોગ કરી શકશે નહિ અથવા તેને ખસેડી શકશે નહિ અથવા તેને વન્ય પ્રાણીના કુદરતી નિવાસસ્થાનનો નાશ કરી શકશે નહિ અથવા તેને નુકસાન પહોંચાડી શકશે નહિ અથવા એવા રાષ્ટ્રીય ઉપવનની અંદરના તેના કુદરતી નિવાસ સ્થાનથી કોઈ વન્ય પ્રાણીને વંચિત રાખી શકશે નહિ, સિવાય કે રાજ્ય સરકારને એવી ખાતરી થઈ હોય કે રાષ્ટ્રીય ઉપવનમાંથી વન્ય પ્રાણીનો તેવી રીતે નાશ કરવાનું, તેનો ઉપયોગ કરવાનું અથવા તેને ખસેડવાનું તેમાંના વન્ય પ્રાણીના વિકાસ અને સુવ્યવસ્થા માટે જરૂરી છે અને તેણે એવી પરમિટ આપવાનું અધિકૃત કર્યું હોય.*

(૭) *રાષ્ટ્રીય ઉપવનમાં કોઈ ઢોરને ચરાવવાની પરવાનગી આપી શકાશે નહિ અને એવા રાષ્ટ્રીય ઉપવનમાં પ્રવેશવા માટે અધિકૃત વ્યક્તિએ કોઈ પ્રાણીનો વાહન તરીકે ઉપયોગ કર્યો હોય તે સિવાય, એવા ઢોરને તેમાં પ્રવેશવા દઈ શકાશે નહિ.*

(૮) *કલમો ૨૭ અને ૨૮, કલમો ૩૦ થી ૩૨ (બંને સહિત) અને કલમ ૩૩માં ખંડો (ક), (ખ) અને (ગ) અને કલમ ૩૪ની જોગવાઈઓ, અભયારણ્યના સંબંધમાં લાગુ પડે છે તેમ, શક્ય હોય તેટલે સુધી, રાષ્ટ્રીય ઉપવનના સંબંધમાં લાગુ પડશે.*

## મૃગયાવન

### ૩૬. મૃગયાવનની જાહેરાત

(૧) *રાજ્ય સરકાર, જાહેરનામાથી, કોઈ વિસ્તારને મૃગયાવન તરીકે જાહેર કરી શકશે.*

(૨) *મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારીએ આ કલમ હેઠળ કાઢી આપેલ લાઈસન્સ હેઠળ અને તે અનુસાર હોય તે સિવાય, એવા અલાયદા વિસ્તારમાં કોઈ વન્ય પ્રાણીનો શિકાર કરવાની પરવાનગી આપી શકાશે નહિ.*

## શિકારબંધી વિસ્તાર

### ૩૭. શિકારબંધી વિસ્તારની જાહેરાત

(૧) *રાજ્ય સરકાર, જાહેરનામાથી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત માટે કોઈ વિસ્તારને શિકારબંધી વિસ્તાર તરીકે જાહેર કરી શકશે.*

(૨) *પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલા જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલી મુદત દરમિયાન શિકારબંધી વિસ્તારમાં કોઈ વન્ય પ્રાણીનો શિકાર કરવાની પરવાનગી આપી શકાશે નહિ.*

## કેન્દ્ર સરકારે જાહેર કરેલ અભયારણ્યો અથવા ઉપવનો

### ૩૮. વિસ્તારોને અભયારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરવાની કેન્દ્ર સરકારની સત્તા

(૧) *રાજ્ય સરકાર, અભયારણ્યની અંદરનો વિસ્તાર ન હોય તેવા પોતાના નિયંત્રણ હેઠળનો કોઈ વિસ્તાર કેન્દ્ર સરકારને પટે આપે અથવા બીજી રીતે તબદીલ કરે ત્યારે, કેન્દ્ર સરકાર, પોતાને એવી ખાતરી થાય કે તેને એવી રીતે તબદીલ કરેલા વિસ્તારના સંબંધમાં, કલમ ૧૮માં નિર્દિષ્ટ કરેલ શરતો પૂરી કરવામાં આવે છે તો, જાહેરનામાથી, એવા વિસ્તારને અભયારણ્ય તરીકે જાહેર કરી શકશે અને કલમો ૧૯ થી ૩૫ (બંને સહિત) ૫૪ અને ૫૫ ની જોગવાઈઓ રાજ્ય*

સરકારે જાહેર કરેલા અભયારણ્યના સંબંધમાં લાગુ પડે છે તેમ એવા અભાયારણ્યના સંબંધમાં લાગુ પડશે.

(૨) કેન્દ્ર સરકાર, પોતાને ખાતરી થાય કે પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલા કોઈ વિસ્તારના સંબંધમાં, કલમ ૩૫માં જણાવેલી શરતો પૂરી કરવામાં આવી છે તો, કેન્દ્ર સરકારે અથવા રાજ્ય સરકારે એવા વિસ્તારને અભાયરણ્ય તરીકે જાહેર કર્યો હોય કે કર્યો ન હોય તો પણ, જાહેરનામાથી એવા વિસ્તારને રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરી શકશે અને કલમો ૩૫, ૫૪ અને ૫૫ની જોગવાઈઓ, રાજ્ય સરકારે જાહેર કરેલ રાષ્ટ્રીય ઉપવનના સંબંધમાં લાગુ પડે છે તેમ તેવા રાષ્ટ્રીય ઉપવનને લાગુ પડશે.

(૩) કેન્દ્ર સરકારે જાહેર કરેલ અભયારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવનના સંબંધમાં, પેટાકલમો (૨) અને (૨)માં ઉલ્લેખેલ કલમો હેઠળ મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીની સત્તા અને ફરજો નિયામકે અથવા આ અર્થે નિયામક અધિકૃત કરે તેવા બીજા અધિકારીએ વાપરવી અને બજાવવી જોઈશે અને ઉપર જણાવેલ કલમોમાં રાજ્ય સરકારના ઉલ્લેખોનો અર્થ, કેન્દ્ર સરકારના ઉલ્લેખો તરીકે કરવો જોઈશે અને તેમાં રાજ્ય વિધાનમંડળના ઉલ્લેખનો અર્થ, સંસદના ઉલ્લેખ તરીકે કરવો જોઈશે.

## પ્રકરણ ૫

## વન્ય પ્રાણીઓ, પ્રાણીમાંથી બનતી વસ્તુઓ અને મૃગયા-ચિહ્નોનો વેપાર અથવા વાણિજ્ય

**૩૯. વન્ય પ્રાણીઓ, વગેરે સરકારી મિલકત ગણાશે.**

(૧) (ક) કલમ ૧૧ અથવા ૨૯ની પેટા-કલમ (૧) અથવા કલમ ૩૫ની પેટા-કલમ (૬) હેઠળ જેનો શિકાર કર્યો હોય અથવા આ અધિનિયમની કોઈપણ જોગવાઈ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ અથવા હુકમનું ઉલ્લંઘન કરીને બંધનમાં રાખ્યું હોય અથવા ઉછેર્યું હોય અથવા મરેલું મળી આવે અથવા લાયસન્સ સિવાય અથવા ભૂલથી મારેલ હોય તેવું ઉપદ્રવી જીવ સિવાયનું દરેક વન્ય પ્રાણી; અને

(ખ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ અથવા હુકમ વિરુદ્ધ જેના સંબંધમાં કોઈ ગુનો કરવામાં આવ્યો હોય તેવા ખંડ (ક)માં ઉલ્લેખેલા પ્રાણીમાંથી બનેલી કોઈ વસ્તુ, મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વિનાનું મૃગયા-ચિહ્ન અથવા તેમાંથી મેળવેલ માંસ રાજ્ય સરકારની મિલકત ગણાશે અને કેન્દ્ર સરકારે જાહેર કરેલ અભયારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવનમાં એવા પ્રાણીનો શિકાર કર્યો હોય ત્યારે, એવા પ્રાણીમાંથી બનેલી કોઈ વસ્તુ મૃગયા-ચિહ્ન, પ્રક્રિયા કર્યા વિનાનું મૃગયા ચિહ્ન અથવા એવા પ્રાણીમાંથી મેળવેલ માંસ કેન્દ્ર સરકારની મિલકત ગણાશે.

(૨) જે કોઈ વ્યક્તિ કોઈપણ રીતે સરકારી મિલકતનો કબજો મેળવે તેણે એવો કબજો મળ્યાના અડતાલીસ કલાકની અંદર, એવો કબજો મળ્યા સંબંધી, નજીકના પોલીસ સ્ટેશને અથવા અધિકૃત અધિકારીને રિપોર્ટ કરવો જોઈશે અને યથાપ્રસંગ એવા પોલીસ સ્ટેશનના ઈનચાર્જ અધિકારીને અથવા એવા અધિકૃત અધિકારીને એવી મિલકત સોંપી દેવાનું ફરમાવ્યું હોય તો તેમ કરવું જોઈશે.

(૩) કોઈપણ વ્યક્તિ, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા એવા અધિકૃત અધિકારીની અગાઉથી લેખિત પરવાનગી મેળવ્યા સિવાય, એવી સરકારી મિલકત -

(ક) સંપાદિત કરી શકશે નહિ અથવા તે પોતાના કબજામાં, કસ્ટડીમાં અથવા નિયંત્રણમાં રાખી શકશે નહિ; અથવા

(ખ) કોઈ વ્યક્તિને બક્ષિસથી, વેચાણથી અથવા બીજી રીતે તબદીલ કરી શકશે નહિ; અથવા

(ગ) તેનો નાશ કરી શકશે નહિ અથવા તેને નુકસાન પહોંચાડી શકશે નહિ.

## ૪૦. જાહેરાતો કરવા બાબત

(૧) આ અધિનિયમના આરંભે, અનુસૂચિ-૧ અથવા અનુસૂચિ-૨ના ભાગ-૨માં નિર્દિષ્ટ કરેલ કોઈ બંદી પ્રાણીનું નિયંત્રણ, કસ્ટડી અથવા કબજો ધરાવતી અથવા એવા પ્રાણીમાંથી મેળવેલ પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા-ચિહ્ન અથવા એવા પ્રાણીનાં મીઠાવાળાં અથવા સૂકવેલાં ચામડાં અથવા કસ્તૂરી મૃગની કસ્તૂરી અથવા ગેંડાનાં શીંગડાં જેની પાસે હોય તે દરેક વ્યક્તિએ, આ અધિનિયમના આરંભથી ત્રીસ દિવસની અંદર, પોતાના નિયંત્રણ, કસ્ટડી અથવા કબજા હેઠળના અગાઉ વર્ણન કરેલ પ્રાણી અથવા વસ્તુની સંખ્યા અને વર્ણન અને તે પ્રાણી અથવા વસ્તુ જ્યાં રાખવામાં આવી હોય તે સ્થળની મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારી સમક્ષ જાહેરાત કરવી જોઈશે.

(૨) કોઈપણ વ્યક્તિ, આ અધિનિયમના આરંભ પછી, અનુસૂચિ-૧માં અથવા અનુસૂચિ-૨ના ભાગ-૨માં નિર્દિષ્ટ કરેલ કોઈ પ્રાણી અથવા એવા પ્રાણીમાંથી મેળવેલ પ્રક્રિયા કર્યા વિનાનું મૃગયા-ચિહ્ન અથવા માંસ અથવા એવા પ્રાણીનાં મીઠાવાળાં અથવા સૂકવેલાં ચામડાં અથવા કસ્તૂરીમૃગની કસ્તૂરી અથવા ગેંડાનાં શિંગડાં, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારીની અગાઉથી લેખિત પરવાનગી સિવાય, સંપાદિત કરી શકશે નહિ, મેળવી શકશે નહિ, પોતાના નિયંત્રણ, કસ્ટડી અથવા કબજામાં રાખી શકશે નહિ, વેચી શકશે નહિ, વેચવા માટે મૂકી શકશે નહિ અન્યથા તબદીલ કરી શકશે નહિ અથવા તેની હેરફેર કરી શકશે નહિ.

(૩) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨)માંનો કોઈપણ મજકૂર જાહેર સંગ્રહાલય અથવા પ્રાણી સંગ્રહાલયને લાગુ પડશે નહિ.

(૪) રાજ્ય સરકાર, જાહેરનામામાંથી, પ્રાણીમાંથી બનાવેલ કોઈ વસ્તુ અથવા (કસ્તૂરી મૃગની કસ્તૂરી અથવા ગેંડાનાં શિંગડાં સિવાયનાં) મૃગયા-ચિહ્ન અથવા પોતાના નિયંત્રણ, કસ્ટડી અથવા કબજામાંના અનુસૂચિ-૧ અથવા અનુસૂચિ-૨ના ભાગ-૨માં નિર્દિષ્ટ કરેલ પ્રાણીમાંથી મેળવેલ મીઠાવાળાં અથવા સૂકવેલાં ચામડાં, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારી સમક્ષ ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેવી રીતે અને તેટલા સમયમાં જાહેર કરવાનું કોઈપણ વ્યક્તિને ફરમાવી શકશે.

## ૪૧. તપાસ અને યાદીઓ તૈયાર કરવા બાબત

(૧) કલમ ૪૦ હેઠળ કરેલ જાહેરાત મળ્યે, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારી, ઠરાવવામાં આવે તે રીતે અને તે સમયે, તેવી નોટિસ આપ્યા પછી -

(ક) કલમ ૪૦માં ઉલ્લેખેલ વ્યક્તિની જગામાં દાખલ થઈ શકશે.

(ખ) અનુસૂચિ-૧ અને અનુસૂચિ ૨ના ભાગ-૨માં નિર્દિષ્ટ કરેલ અને તેમાં મળી આવેલ પ્રાણીઓમાં બનતી વસ્તુઓ, મૃગયા-ચિહ્ન પ્રક્રિયા કર્યા વગરનાં મૃગયા-ચિહ્ન મીઠાવાળાં અને સૂકવેલા ચામડાં અને બંદી પ્રાણીઓની તપાસ કરી તેની યાદીઓ તૈયાર કરી શકશે; અને

(ગ) ઠરાવવામાં આવે તે રીતે, પ્રાણીઓ, પ્રાણીઓમાંથી બનાવેલી વસ્તુઓ, મૃગયા-ચિહ્નો અથવા પ્રક્રિયા કર્યા વગરનાં મૃગયા-ચિહ્ન ઉપર ઓળખ-ચિહ્નો લગાવી શકશે.

(૨) આ પ્રકરણમાં ઉલ્લેખેલ કોઈ ઓળખ ચિહ્ન કોઈપણ ભૂંસી નાખી શકશે નહિ અથવા એવું બનાવટી ચિહ્ન બનાવી શકશે નહિ.

**૪૨. માલિકીનું પ્રમાણપત્ર**

મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી, કલમ ૪૦ ના હેતુઓ માટે પોતાના અભિપ્રાય મુજબ જે વ્યક્તિ પાસે કોઈ વન્ય પ્રાણી અથવા પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ મૃગયા ચિહ્ન પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા-ચિહ્ન કાયદેસર રીતે કબજામાં હોય તેવી કોઈ વ્યક્તિને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં માલિકીનું પ્રમાણપત્ર કાઢી આપી શકશે અને શક્ય હોય તો, ઠરાવેલી રીતે, ઓળખના હેતુઓ માટે, એવા પ્રાણીમાંથી વસ્તુ, મૃગયા-ચિહ્ન, પ્રક્રિયા કર્યા વગરના મૃગયા-ચિહ્ન ઉપર નિશાની કરી શકશે.

**૪૩. પ્રાણીઓની તબદીલી, વગેરે ઉપર નિયમન**

(૧) પેટા-કલમ (૨), પેટા-કલમ (૩) અને પેટા-કલમ (૪) ની જોગવાઈઓને આધીન રહીને, માલિકીનું પ્રમાણપત્ર ધરાવતી ન હોય તેવી (વેપારી સિવાયની) કોઈ વ્યક્તિ, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારીની અગાઉથી લેખિત પરવાનગી સિવાય, -

(ક) અનુસૂચિ-૧માં અથવા અનુસૂચિ-૨ના ભાગ-૨માં નિર્દિષ્ટ કરેલ કોઈ વન્ય પ્રાણીનું અથવા તે વર્ગના કોઈ બંદી પ્રાણીનું અથવા પ્રાણીમાંથી બનેલી વસ્તુ, મૃગયા-ચિહ્ન, પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા-ચિહ્ન અથવા તેમાંથી મેળવેલ માંસ વેચી શકશે નહિ અથવા વેચવા માટે મૂકી શકશે નહિ અથવા વેચીને, બક્ષિસ આપીને અથવા બીજી રીતે તબદીલ કરી શકશે નહિ;

(ખ) એવા પ્રાણીના ભાગ અથવા આખું પ્રાણી સમાવી લેતી હોય તેવી પ્રાણીમાંથી બનતી વસ્તુઓ બનાવી શકશે નહિ;

(ગ) એવા પ્રાણીનું પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા-ચિહ્ન મસાલો ભરવાના કસબની પ્રક્રિયા માટે મૂકી શકશે નહિ.

(૨) કોઈ વ્યક્તિ, પેટા-કલમ (૧)માં ઉલ્લેખ્યા પ્રમાણે હોય એવા જે કોઈ પ્રાણી, પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વગરના મૃગયા-ચિહ્ન માટે તેની પાસે માલિકીનું પ્રમાણપત્ર હોય તેની, જે રાજ્યમાં તે રહેતી હોય તેમાંથી બીજા રાજ્યમાં તબદીલી કરે અથવા તેની હેરફેર કરે અથવા રાજ્યની બહારથી તબદીલ કરીને પ્રાપ્ત કરે ત્યારે, તેણે તબદીલી અથવા હેરફેર કર્યાના ત્રીસ દિવસની અંદર, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીને અથવા જેની હકૂમતમાં એવી તબદીલી અથવા હેરફેર થઈ હોય તો અધિકૃત અધિકારીને તબદીલીનો અથવા હેરફેરનો રિપોર્ટ કરવો જોઈશે.

(૩) માલિકીનું પ્રમાણપત્ર ધરાવતી ન હોય તેવી કોઈપણ વ્યક્તિ, પેટા-કલમ (૧)માં ઉલ્લેખ્યા પ્રમાણે હોય એવા કોઈ પ્રાણી, પ્રાણીમાથી બનતી કોઈ વસ્તુ, મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા ચિહ્ન મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીની અથવા જેની હકૂમતમાં એવી તબદીલી અથવા હેરફેર થવાની હોય તે અધિકૃત અધિકારીની અગાઉથી લેખિત પરવાનગી મેળવ્યા સિવાય, એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં તબદીલ કરી શકશે નહિ અથવા તેની હેરફેર કરી શકશે નહિ.

(૪) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૩) હેઠળ કોઈ પરવાનગી આપતાં પહેલાં, તેમાં ઉલ્લેખેલ પ્રાણી અથવા વસ્તુ કાયદેસર રીતે પ્રાપ્ત કરવામાં આવ્યું છે તેથી મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીએ અથવા અધિકૃત અધિકારીએ પોતે ખાતરી કરવી જોઈશે.

(૫) પેટા-કલમ (૧)માં ઉલ્લેખ્યા પ્રમાણે હોય એવું કોઈ પ્રાણી, પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા-ચિહ્ન તબદીલ કરવાની અથવા તેની હેરફેર કરવાની પરવાનગી આપતી વખતે, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીએ અથવા અધિકૃત અધિકારીએ -

(ક) પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, માલિકીનું પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે;

(ખ) માલિકીનું પ્રમાણપત્ર અગાઉના માલિકના નામે હોય ત્યારે, જેને તબદીલી કરવામાં આવી હોય તે વ્યક્તિના નામે નવેસરથી માલિકીનું પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે;

(ગ) તેઓ એવા પ્રાણી, પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ, મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વગરના મૃગયા-ચિહ્ન ઉપર ઓળખ ચિહ્ન લગાવી શકશે.

(૬) આ કલમમાંનો કોઈપણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ -

(ક) મોરપીંછની બનાવેલ વસ્તુઓને અથવા મૃગયા-ચિહ્નોને;

(ખ) કોઈ જાહેર સંગ્રહાલય અથવા પ્રાણી સંગ્રહાલયે બીજા કોઈ જાહેર સંગ્રહાલય અથવા પ્રાણી સંગ્રહાલય સાથે કરેલ કોઈ સોદાને

**૪૪. લાઈસન્સ વગર મૃગયા-ચિહ્ન અને પ્રાણીમાંથી બનતી વસ્તુના સોદા ઉપર પ્રતિબંધ**

(૧) પેટા-કલમ (૪) હેઠળ આપેલ લાઈસન્સ હેઠળ અને તે અનુસાર હોય તે સિવાય, કોઈપણ વ્યક્તિ-

(ક) (૧) પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ બનાવનાર અથવા વેપારી તરીકે, અથવા

(૨) પ્રાણીઓની ખાલમાં મસાલો ભરનાર કસબી તરીકે, અથવા

(૩) મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વગરના મૃગયા-ચિહ્નના વેપારી તરીકે, અથવા

(૪) બંદી પ્રાણીઓના વેપારી તરીકે, અથવા

(૫) માંસના વેપારી તરીકે

ધંધો શરૂ કરશે નહિ અથવા ચલાવી શકશે નહિ; અથવા

(ખ) કોઈ વીશીમાં માંસ રાંધી અથવા પીરસી શકશે નહિ;

પરંતુ આ પેટા-કલમમાંના કોઈપણ મજકૂરથી આ અધિનિયમના આરંભની તરત પહેલાં, આ પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલ વેપાર અથવા ધંધો કરતી હોય તે વ્યક્તિને, એવા આરંભથી ત્રીસ દિવસની મુદત સુધી અથવા પોતાને લાઈસન્સ આપવા માટે તેણે તે મુદતની અંદર અરજી કરી હોય ત્યારે, તેને લાઈસન્સ આપવામાં ન આવે ત્યાં સુધી અથવા તેને લાઈસન્સ આપી શકાય તેમ નથી તેવી તેને લેખિત જાણ કરવામાં ન આવે ત્યાં સુધી, એવો વેપાર અથવા ધંધો ચલાવતાં અટકાવી શકાશે નહિ.

વધુમાં, હાથીદાંત અને મોરપીંછની બનાવેલી વસ્તુઓના બનાવનારાઓને અને વેપારીઓને આ પેટા-કલમમાંનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ.

**સ્પષ્ટીકરણ :** આ કલમના હેતુઓ માટે "વીશી" માં હોટેલ, રેસ્ટોરન્ટ અથવા બીજું કોઈ સ્થળ, જ્યાં નાણાં લઈને કોઈ ખાદ્ય વસ્તુ પીરસવામાં આવતી હોય તેનો સમાવેશ થાય છે; પછી તે નાણાં એવી ખાદ્ય વસ્તુ માટે જુદાં આપવામાં આવતાં હોય કે પછી રહેવા કે જમવા માટેના ચાર્જની રકમમાં તેનો સમાવેશ થઈ જતો હોય.

(૨) પ્રાણીમાંથી બનતી વસ્તુઓના દરેક બનાવનારે અથવા વેપારીએ બંદી પ્રાણીઓના, મૃગયા-ચિહ્નોના અથવા પ્રક્રિયા કર્યા વગરના મૃગયા-ચિહ્નોના દરેક વેપારીએ અથવા પ્રાણીની ખાલમાં મસાલો ભરનાર કસબી એવી દરેક વ્યક્તિએ, આ અધિનિયમના આરંભથી પંદર દિવસની અંદર, જાહેરાતની તારીખે, યથાપ્રસંગ, પ્રાણીમાંથી બનતી વસ્તુઓ, બંદી પ્રાણીઓ, મૃગયા-ચિહ્નોનો અને પ્રક્રિયા કર્યા વગરનાં મૃગયા-ચિહ્નોનો પોતાની પાસેનો જથ્થો, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી સમક્ષ જાહેર કરવો જોઈશે અને મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારી, યથાપ્રસંગ, પ્રાણીમાંથી બનતી દરેક વસ્તુ બંદી પ્રાણી, મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વગરના મૃગયા-ચિહ્ન ઉપર ઓળખ-ચિહ્ન લગાવી શકશે.

(૩) લાઈસન્સ મેળવવાનો ઈરાદો ધરાવતી હોય તેવી પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ દરેક વ્યક્તિએ, લાઈસન્સ આપવા માટે મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીને અથવા અધિકૃત અધિકારીને અરજી કરવી જોઈશે.

(૪) (ક) પેટા-કલમ (૩)માં ઉલ્લેખેલ દરેક વ્યક્તિએ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેટલી ફી ભર્યે મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીને અથવા અધિકૃત અધિકારીને અરજી કરવી જોઈશે.

(ખ) મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારીને અરજદારનો પૂર્વ ઈતિહાસ અને અગાઉનો અનુભવ, એવું લાઈસન્સ આપવાથી વન્ય પ્રાણી જીવનની પૂર્વ સ્થિતિ ઉપર થનાર ગર્ભિત અસર અને આ અર્થે ઠરાવવામાં આવે તેવી બાબતો લક્ષમાં રાખીને અને તે બાબતોના સંબંધમાં પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી એવી ખાતરી થાય કે લાઈસન્સ આપવું જોઈએ તે સિવાય, પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલ કોઈ લાઈસન્સ આપી શકશે નહિ.

(૫) આ કલમ હેઠળ આપેલ દરેક લાઈસન્સમાં, જે જગામાં અથવા જે શરતોને અધીન રહીને લાઈસન્સદાર પોતાનો ધંધો ચલાવતો હોય તે જગા અને શરતો, હોય તો, તે નિર્દિષ્ટ કરવી જોઈશે.

(૬) આ કલમ હેઠળ આપેલ દરેક લાઈસન્સ -

(ક) તે આપ્યાની તારીખથી એક વર્ષ સુધી કાયદેસર ગણાશે;

(ખ) બીજાને નામે કરી શકશે નહિ; અને

(ગ) એકી વખતે વધુમાં વધુ એક વર્ષની મુદત માટે તાજું કરાવી શકાશે.

(૭) એવું લાઈસન્સ ધરાવનારને પોતાના કેસની રજૂઆત કરવાની વાજબી તક આપવામાં આવે તે સિવાય અને મુખ્ય વન્ય પ્રાણી સરંક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારીને એવી ખાતરી થાય કે-

(૧) એવી રીતે તાજું કરી આપવા માટેની અરજી, તે માટે નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થયા પછી કરવામાં આવી હતી, અથવા

(૨) લાઈસન્સ આપવાના અથવા તાજું કરી આપવાના સમયે, અરજદારે કરેલ કોઈ નિવેદન ખોટું હતું અથવા મહત્ત્વની બાબતમાં ખોટું હતું, અથવા

(૩) અરજદારે લાઈસન્સની કોઈ શરતનું અથવા આ અધિનિયમની કોઈ જોગવાઈનું અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમનું ઉલ્લંઘન કર્યું છે, અથવા

(૪) અરજદારે નિયત કરેલી શરતો પૂરી કરી નથી,

તે સિવાય, લાઈસન્સ તાજું કરી આપવા માટેની કોઈ અરજી નામંજૂર કરી શકાશે નહિ.

(૮) લાઈસન્સ આપવા અથવા તાજું કરી આપવા માટેની અરજી મંજૂર કરતો અથવા નામંજૂર કરતો દરેક હુકમ લેખિત હોવો જોઈએ.

(૯) પૂર્વવર્તી પેટા-કલમોમાંનો કોઈપણ મજકૂર ઉપદ્રવી જીવોના સંબંધમાં લાગુ પડશે નહિ.

**૪૫. લાઈસન્સ મોકૂફ રાખવા બાબત અથવા રદ કરવા બાબત**

રાજ્ય સરકારના સામાન્ય અથવા ખાસ હુકમને આધીન રહીને મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારી, પોતે કારણોની લેખિત નોંધ કરીને, કલમ-૨૪ હેઠળ આપેલ અથવા તાજું કરી આપેલ લાઈસન્સ મોકૂફ રાખી શકશે અથવા રદ કરી શકશે :

પરંતુ લાઈસન્સ ધરાવનારને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, એવી રીતે લાઈસન્સ મોકૂફ રાખી શકાશે નહિ અથવા રદ કરી શકાશે નહિ.

**૪૬. અપીલ**

(૧) કલમ ૪૪ હેઠળ લાઈસન્સ આપવાની અથવા તાજું કરી આપવાની ના પાડવાના હુકમ અથવા કલમ ૪૫ હેઠળ લાઈસન્સ મોકૂફ રાખતા અથવા રદ કરતા હુકમ ઉપરની અપીલ -

(ક) અધિકૃત અધિકારીને હુકમ કર્યો હોય તો, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીને; અથવા

(ખ) મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીએ હુકમ કર્યો હોય તો, રાજ્ય સરકારને, કરવી જોઈશે.

(૨) પેટા-કલમ (૧) ના ખંડ (ક) હેઠળ મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીએ અપીલમાં કરેલા હુકમની બાબતમાં, બીજી અપીલ રાજ્ય સરકારને થઈ શકશે.

(૩) ઉપર્યુક્ત બાબતને અધીન રહીને, આ કલમ હેઠળ અપીલમાં કરેલો દરેક હુકમ છેવટનો ગણાશે.

(૪) આ કલમ હેઠળની અપીલ, જે હુકમ વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તેની અરજદારને જાણ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર કરવી જોઈશે.

પરંતુ અપીલ અધિકારી, અરજદારને સમયસર અપીલ ન કરવા માટે પૂરતું કારણ હતું તેવી પોતાને ખાતરી થાય તો, ઉપર્યુક્ત મુદત પૂરી થયા પછી કરેલી કોઈ અપીલ દાખલ કરી શકશે.

**૪૭. રેકર્ડ રાખવા બાબત**

આ પ્રકરણ હેઠળ લાઈસન્સદારે -

(ક) રેકર્ડ રાખવું જોઈશે અને ઠરાવવામાં આવે તેવાં પોતાની લેવડદેવડનાં પત્રકો,-

(૧) નિયામકને અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ બીજા કોઈ અધિકારીને, અને

(૨) મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીને અથવા અધિકૃત અધિકારીને સાદર કરવાં જોઈશે; અને

(ખ) એવા અધિકારીઓએ તપાસ માટે માગણી કર્યે એવાં રેકર્ડ ઉપલબ્ધ કરવાં જોઈશે.

**૪૮. લાઈસન્સદારે પ્રાણી, વગેરે ખરીદવા બાબત**

આ પ્રકરણ હેઠળ કોઈપણ લાઈસન્સદાર, આ અધિનિયમ હેઠળ કરવામાં આવે તેવા નિયમો અનુસાર હોય તે સિવાય -

(ક) (૧) કલમ ૪૪ની પેટા-કલમ (૨)ની જોગવાઈઓ હેઠળ જેના સંબંધમાં જાહેરાત કરવાની હોય પણ કરી ન હોય તેવું કોઈ પ્રાણી, પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ, મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વગરનું મૃગયાચિહ્ન;

(૨) આ અધિનિયમની જોગવાઈઓ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ અથવા હુકમ હેઠળ કાયદેસર રીતે પ્રાપ્ત કરવામાં આવ્યાં ન હોય તેવાં કોઈ પ્રાણી અથવા પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ, મૃગયા-ચિહ્ન કર્યા વગરનું મૃગયા-ચિહ્ન અથવા માંસ -

પોતાના નિયંત્રણ, કસ્ટડી અથવા કબજામાં રાખી શકશે નહિ;

(ખ) (૧) કોઈ વન્ય પ્રાણી પકડી શકશે નહિ, અથવા

(૨) અનુસૂચિ-૧ અથવા અનુસૂચિ-૨ ના ભાગ-૨માં નિર્દિષ્ટ કરેલ કોઈ બંદી પ્રાણી અથવા પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ, મૃગયા-ચિહ્ન, પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા-ચિહ્ન અથવા તેમાંથી મેળવેલ માંસ સંપાદિત કરી શકશે નહિ, મેળવી શકશે નહિ, પોતાના નિયંત્રણ, કસ્ટડી અથવા કબજામાં રાખી શકશે નહિ અથવા વેચી શકશે નહિ, વેચવા માટે મૂકી શકશે નહિ અથવા તેની હેરફેર કરી શકશે નહિ અથવા તેવું માંસ પીરસી શકશે નહિ અથવા પ્રાણીઓની ખાલમાં મસાલો ભરવાના કસબની પ્રક્રિયા કરી શકશે નહિ અથવા એવા પ્રાણીના ભાગ અથવા આખા પ્રાણીને સમાવી લેતી હોય તેવી પ્રાણીમાંથી બનતી વસ્તુઓ બનાવી શકશે નહિઃ

પરંતુ એવાં પ્રાણી અથવા પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વગરના મૃગયા-ચિહ્નના સંપાદન અથવા કબજા, નિયંત્રણ અથવા કસ્ટડી માટે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં તેની તબદીલી અથવા હેરફેર કરવાનું આવશ્યક હોય ત્યારે, નિયામક અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ બીજા કોઈ અધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લીધા સિવાય, એવી તબદીલી કે હેરફેર કરી શકાશે નહિઃ

*વધુમાં, નિયામક અથવા તેણે અધિકૃત કરેલ અધિકારીને એવી ખાતરી થાય કે ઉપર્યુક્ત પ્રાણી અથવા વસ્તુ કાયદેસર રીતે સંપાદિત કરવામાં આવી છે તે સિવાય, પૂર્વવર્તી પરંતુક હેઠળ એવી કોઈ પરવાનગી આપી શકાશે નહિ.*

**૪૯. લાઈસન્સદાર સિવાયની વ્યક્તિએ બંદી પ્રાણી, વગેરે ખરીદવા બાબત**

*કોઈ વ્યક્તિ, આ અધિનિયમ હેઠળ ઉપદ્રવી જીવ સિવાયનું બંદી પ્રાણી, વન્ય પ્રાણી અથવા પ્રાણીમાંથી બનતી વસ્તુ; મૃગયા-ચિહ્ન પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા-ચિહ્ન અથવા તેમાંથી મેળવેલ માંસ, તે વેચવા માટે અથવા અન્યથા તબદીલ કરવા માટે અધિકૃત કરેલ વેપારી અથવા વ્યક્તિ સિવાયના વેપારી અથવા વ્યક્તિ પાસેથી ખરીદી, મેળવી અથવા સંપાદિત કરી શકશે નહિઃ*

*પરંતુ આ કલમમાંનો કોઈપણ મજકૂર, એક જાહેર સંગ્રહાલયે અથવા પ્રાણી સંગ્રહાલયે બીજા કોઈ જાહેર સંગ્રહાલય અથવા પ્રાણી સંગ્રહાલય સાથે કરેલા કોઈ સોદાને લાગુ પડશે નહિ.*

## પ્રકરણ ૬

## ગુના અટકાવવા અને તે શોધી કાઢવા બાબત

**૫૦. દાખલ થવાની, ઝડતી લેવાની, ધડપકડ કરવાની અને અટકમાં રાખવાની સત્તા**

*(૧) તે સમયે અમલમાં હોય તેવી બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, નિયામક અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ બીજા કોઈ અધિકારી અથવા મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારી અથવા કોઈ વન્ય અધિકારી અથવા સબ-ઈન્સ્પેક્ટરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ પોલીસ અધિકારી, પોતાને એવું માનવા માટે વાજબી કારણ હોય કે કોઈપણ વ્યક્તિએ આ અધિનિયમ વિરુદ્ધ ગુનો કર્યો છે તો, તે -*

*(ક) એવી કોઈ વ્યક્તિને તેના નિયંત્રણ, કસ્ટડી અથવા કબજામાંના કોઈ બંદી પ્રાણી, વન્ય પ્રાણી, પ્રાણીમાંથી બનેલી કોઈ વસ્તુ, માંસ, મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા-ચિહ્ન અથવા આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ તેને આપેલું અથવા પોતાની પાસે રાખવાનું ફરમાવેલ કોઈ લાઈસન્સ, પરમિટ અથવા બીજા દસ્તાવેજ તપાસ માટે રજૂ કરવાનું ફરમાવી શકશે;*

*(ખ) ઝડતી અથવા તપાસ કરવા માટે કોઈ વાહન અથવા વહાણ અટકાવી શકશે અથવા એવી વ્યક્તિના ભોગવટામાંની કોઈ જગા, જમીન, વાહન અથવા વહાણમાં દાખલ થઈ ઝડતી લઈ શકશે, અને પોતાના કબજામાંનો સરસામાન અથવા બીજી વસ્તુઓ ખોલી તેની ઝડતી લઈ શકશે;*

*(ગ) કોઈ વ્યક્તિના કબજામાં હોય અને પોતાને સરકારી મિલકત હોવાનું જણાતું હોય તેવું કોઈ બંદી પ્રાણી, વન્ય પ્રાણી, પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ, માંસ, મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા-ચિહ્ન એવો કોઈ ગુનો કરવા માટે ઉપયોગમાં લીધેલો ફાંસલો, ઓજાર, વાહન, વહાણ અથવા હથિયાર સહિત પકડી શકશે અને એવી વ્યક્તિ તેની સામે મૂકવામાં આવે તેવા કોઈ તહોમતનો હાજર રહી જવાબ આપશે એવી તેને ખાતરી થાય તે સિવાય, વગર વોરન્ટે તેની ધરપકડ કરી શકશે અને તેને અટકમાં રાખી શકશે.*

(૨) વન્ય પ્રાણી સંરક્ષણ માટેના મદદનીશ નિયામક અથવા વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીના દરજ્જા કરતાં ઊતરતા દરજ્જાના ન હોય તેવા જે કોઈ અધિકારીએ અથવા જેના તાબા હેઠળના અધિકારીએ પેટા-કલમ (૧) ના ખંડ (ગ) હેઠળ કોઈ ફાંસલો ઓજાર, વાહન અથવા હથિયાર કબજે લીધું હોય તે અધિકારી અથવા તેના તાબા હેઠળના અધિકારી, જે ગુના માટે તે કબજે લેવામાં આવ્યું હોય તે ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાના હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટ સમક્ષ ફરમાવવામાં આવે તો અને ત્યારે એવી રીતે મુક્ત કરવામાં આવેલ મિલકત રજૂ કરવા માટે તેનો માલિક બોન્ડ કરી આપે તો તે મુક્ત કરી શકશે.

(૩) પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલા અધિકારીઓ પૈકી કોઈ અધિકારી, જે વ્યક્તિને જે કાર્ય માટે આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ લાઈસન્સ અથવા પરમિટની જરૂર હોય તેવું કોઈ કાર્ય કરતાં જુએ તે વ્યક્તિને તેનું લાઈસન્સ અથવા પરમિટ રજૂ કરવામાં ફરમાવવાના હેતુઓ માટે રોકે અને અટકમાં રાખે તો તે કાયદેસર ગણાશે અને એવી વ્યક્તિ, યથાપ્રસંગ, લાઈસન્સ અથવા પરમિટ રજૂ ન કરે તો, તે પોતાનું નામ અને સરનામું આપે તે સિવાય, અને અન્યથા તેની ધરપકડ કરતા અધિકારીને એવી ખાતરી આપે કે તેની સામે કાઢવામાં આવેલા કોઈ સમન્સ અથવા ચલાવવામાં આવે તેવી બીજી કાર્યવાહીનો તે યોગ્ય રીતે જવાબ આપશે તે સિવાય, તેને વગર વોરંટ પકડી શકાશે.

(૪) પૂર્વવર્તી સત્તા હેઠળ અટકમાં લીધેલ કોઈ વ્યક્તિ અથવા કબજે લીધેલ કોઈ વસ્તુની કાયદા અનુસાર તજવીજ કરવા માટે તેને તરત જ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવી જોઈશે.

(૫) જે વ્યક્તિ, આ કલમ હેઠળ તેને રજૂ કરવાનું ફરમાવ્યું હોય તેવી કોઈ વસ્તુ વાજબી કારણ વિના રજૂ ન કરે તે વ્યક્તિ, આ અધિનિયમ વિરુદ્ધના ગુના માટે દોષિત ઠરશે.

(૬) (ક) આ કલમની જોગવાઈઓ હેઠળ કોઈ માંસ અથવા પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા-ચિહ્ન કબજે લેવામાં આવે ત્યારે મદદનીશ વન્ય પ્રાણી સંરક્ષણ નિયામક અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ રાજપત્રિત દરજ્જાના બીજા કોઈ અધિકારી અથવા મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા અધિકૃત અધિકારી તેના વેચાણ માટે ગોઠવણ કરી શકશે અને તેવા વેચાણની ઊપજની ઠરાવવામાં આવે તેવી રીતે તજવીજ કરી શકશે.

(ખ) આ કલમની જોગવાઈઓ હેઠળ કબજે લીધેલ માંસ અથવા પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા-ચિહ્ન સરકારી મિલકત નથી તેવું સાબિત થાય ત્યારે, વેચાણની ઊપજ માલિકને પાછી સોંપવી જોઈશે.

(૭) આ અધિનિયમ વિરુદ્ધનો ગુનો અટકાવવા માટે અથવા તે શોધી કાઢવામાં મદદ મેળવવા માટે પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ કોઈ અધિકારી કોઈ વ્યક્તિને મળે ત્યારે અથવા આ અધિનિયમના ભંગનો આરોપ જેની ઉપર હોય તે વ્યક્તિઓને પકડતી વખતે અથવા પેટા-કલમ (૧)ના ખંડ (ગ) અનુસાર કબજે લેતી વખતે તેવી મદદ આપવાની એવી વ્યક્તિ કે વ્યક્તિઓની ફરજ રહેશે.

## ૫૧. શિક્ષાઓ

(૧) જો કોઈ વ્યક્તિ આ અધિનિયમની કોઈ જોગવાઈનું અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ અથવા હુકમનું ઉલ્લંઘન કરે અથવા આ અધિનિયમ હેઠળ આપેલ કોઈ લાઈસન્સ અથવા પરમિટની કોઈપણ શરતનો ભંગ કરે તે વ્યક્તિ, આ અધિનિયમ વિરુદ્ધના ગુના માટે દોષિત ગણાશે અને દોષિત ઠર્યે, તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા અથવા તે બંને શિક્ષા થઈ શકશે :

પરંતુ કરેલ ગુનો, અનુસૂચિ-૧માં અથવા અનુસૂચિ-૨ના ભાગ-૨માં નિર્દિષ્ટ કરેલ કોઈ પ્રાણીના સંબંધમાં હોય અથવા એવા કોઈ પ્રાણી માંસ અથવા પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ, અથવા એવા પ્રાણીમાંથી મેળવેલ મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વગરનાં મૃગયા-ચિહ્નના સંબંધમાં હોય ત્યારે અથવા ગુનો અભયારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપ-વનમાં શિકાર કરવાને લગતો હોય ત્યારે, તેવા ગુના માટે ઓછામાં ઓછી છ મહિનાની, પરંતુ છ વર્ષ સુધીની કેદની અને ઓછામાં ઓછા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા પણ થઈ શકશે:

વધુમાં, અગાઉના પરંતુક માં જણાવેલા પ્રકારના બીજા અથવા પછીના ગુનાની બાબતમાં ઓછામાં ઓછા એક વર્ષની કેદની અને ની શિક્ષા કરવામાં આવશે અને ઓછામાં ઓછા એક હજાર રૂપિયાનો દંડ કરવામાં આવશે.

(૨) કોઈ વ્યક્તિને આ અધિનિયમ વિરુદ્ધના ગુના માટે દોષિત ઠરાવવામાં આવે ત્યારે, ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવનાર ન્યાયાલય એવો હુકમ કરી શકશે જે જેના સંબંધમાં ગુનો કરવામાં આવ્યો હોય તેવું કોઈ બંદી પ્રાણી, વન્યપ્રાણી, પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ, મૃગયા-ચિહ્ન, પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા ચિહ્ન અથવા માંસ અને સદરહુ ગુનો કરવામાં ઉપયોગ કરેલ કોઈ ફાંસલો, ઓજાર, વાહન, વહાણ અથવા હથિયાર રાજ્ય સરકારમાં જપ્ત થશે અને આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ એવી વ્યક્તિએ ધરાવેલ કોઈ લાઈસન્સ અથવા પરમિટ રદ કરવામાં આવશે.

(૩) એવી રીતે લાઈસન્સ અથવા પરમિટ રદ કરવાનું અથવા એવી જપ્તી, એવા ગુના માટે કરી શકાય તેવી બીજી કોઈ શિક્ષા ઉપરાંતની રહેશે.

(૪) આ અધિનિયમ વિરુદ્ધ કરેલ કોઈ ગુના માટે કોઈ વ્યક્તિને દોષિત ઠરાવવામાં આવે, ત્યારે ન્યાયાલય એવો આદેશ કરી શકશે કે આ અધિનિયમ વિરુદ્ધનો ગુનો જેના વડે કરવામાં આવ્યો હોય તેવા કોઈ શસ્ત્રના કબજા માટે "શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯" હેઠળ એવી વ્યક્તિને લાઈસન્સ આપવામાં આવ્યું હોય તો, તે રદ કરવામાં આવશે અને એવી વ્યક્તિ દોષિત ઠર્યાની તારીખથી પાંચ વર્ષની મુદત સુધી "શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯" હેઠળ લાઈસન્સ માટે પાત્ર ગણાશે નહિ (સન ૧૯૫૯નો ૫૪મો)

### ૫૨. કોશિશ અને મદદગારી

જે કોઈ વ્યક્તિ, આ અધિનિયમની કોઈ જોગવાઈનું અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ અથવા હુકમનું ઉલ્લંઘન કરવાની કોશિશ કરે અથવા તેનું ઉલ્લંઘન કરવામાં મદદગારી કરે તેણે, યથાપ્રસંગ, તે જોગવાઈ અથવા નિયમ અથવા હુકમનું ઉલ્લંઘન કર્યું હોવાનું ગણાશે.

### ૫૩. ગેરકાયદેસર કબજે લેવા માટે શિક્ષા

આ અધિનિયમ હેઠળ સત્તા વાપરતી કોઈ વ્યક્તિ, કલમ ૫૦માં જણાવેલાં કારણોસર બીજી કોઈ વ્યક્તિની મિલકત કબજે લેવાના બહાનાથી તે ત્રાસદાયક અને બિનજરૂરી રીતે કબજે લે, તો તેને દોષિત ઠર્યે છ મહિના સુધીની કેદની શિક્ષા અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા અથવા તે બંને શિક્ષા થઈ શકશે.

### ૫૪. ગુનાઓની માંડવાળ કરવાની સત્તા

(૧) રાજ્ય સરકાર, જાહેરનામાથી, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારીને અથવા નાયબ વન-સંરક્ષકથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ અધિકારીને નીચે પ્રમાણેની સત્તા આપી શકશે-

(ક) આ અધિનિયમ વિરુદ્ધ કોઈ ગુનો કર્યો છે એવી વાજબી શંકા જેની સામે અસ્તિત્વમાં હોય તેવી કોઈ વ્યક્તિ પાસેથી, જે ગુનો એવી વ્યક્તિએ કર્યો હોવાનો તેના ઉપર શક હોય તેવા ગુનાની માંડવાળ તરીકે નાણાંની રકમની ચુકવણી સ્વીકારવાની; અને

(ખ) જ્યારે કોઈ મિલકત જપ્ત કરવાને પાત્ર ગણીને કબજે લેવામાં આવી હોય ત્યારે, એવા અધિકારીએ અંદાજ્યા પ્રમાણેની તેની કિંમતની ચુકવણી થયે તે છૂટી કરવાની.

(૨) યથાપ્રસંગ, આવી રકમ અથવા એવી કિંમત અથવા તે બંને એવા અધિકારીને ચૂકવાયે, જેના ઉપર શક હોય તે વ્યક્તિ જો કસ્ટડીમાં હોય તો તેને છોડી મૂકવી જોઈશે અને સરકારી મિલકત સિવાયની કોઈ મિલકત જપ્ત કરેલ હોય તો તે મુક્ત કરવી જોઈશે અને ગુનાના સંબંધમાં, એવી વ્યક્તિ વિરુદ્ધ વધુ કાર્યવાહી ચલાવી શકાશે નહિ.

(૩) કોઈ ગુનાની માંડવાળ કરતા અધિકારી, આ અધિનિયમ હેઠળ ગુનેગારને આપેલ કોઈ લાઈસન્સ અથવા પરમિટ રદ કરવાનો હુકમ કરી શકશે અથવા એમ કરવાની સત્તા તેને ન હોય તો, એવું લાઈસન્સ અથવા પરમિટ રદ કરાવવા માટે એવી સત્તા ધરાવતા અધિકારીને મળી શકશે.

(૪) પેટા-કલમ (૧)ના ખંડ (ખ) હેઠળ માંડવાળ તરીકે સ્વીકારેલ અથવા સ્વીકારવાનું કબૂલ કરેલ રકમ કોઈપણ સંજોગોમાં બે હજાર રૂપિયા કરતાં વધવી જોઈએ નહિ.

પરંતુ જેના માટે કલમ ૫૧ની પેટા-કલમ (૧)માં કેદની લઘુતમ મુદત ઠરાવવામાં આવી હોય તેવા કોઈ ગુનાની માંડવાળ થઈ શકશે નહિ.

## ૫૫. ગુનાઓની વિચારણા

આ અધિનિયમ વિરુદ્ધના કોઈ ગુનાની વિચારણા, મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી અથવા રાજ્ય સરકાર આ અર્થે અધિકૃત કરે તેવા બીજા અધિકારી તરફથી ફરિયાદ કરવામાં આવે તે સિવાય, કોઈપણ ન્યાયલયથી કરી શકાશે નહિ.

## ૫૬. બીજા કોઈ કાયદાઓના અમલને બાધ આવશે નહિ

આ અધિનિયમના કોઈપણ મજકૂરથી આ અધિનિયમ વિરુદ્ધનો ગુનો બનતો હોય તેવા કોઈ કૃત્ય અથવા કાર્યલોપ માટે કોઈ વ્યક્તિ સામે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ ફોજદારી કામ ચલાવવામાં અથવા તેને આ અધિનિયમથી જોગવાઈ કરવામાં આવી હોય તેના કરતાં વધુ શિક્ષા કે દંડ કરવામાં બાધ આવે છે એમ ગણાશે નહિ:

પરંતુ કોઈપણ વ્યક્તિને એક જ ગુના માટે બે વખત શિક્ષા કરી શકાશે નહિ.

## ૫૭. અમુક કેસોમાં માની લેવા બાબત

આ અધિનિયમ વિરુદ્ધના ગુના માટેના કોઈ ફોજદારી કામમાં એવું સાબિત કરવામાં આવે કે કોઈ બંદી પ્રાણી, પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ, માંસ, મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા-ચિહ્ન કોઈ વ્યક્તિના કબજામાં, કસ્ટડીમાં અથવા નિયંત્રણ હેઠળ છે, ત્યારે વિરુદ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી, એમ માની લેવામાં આવશે કે બંદી પ્રાણી, પ્રાણીમાંથી બનતી કોઈ વસ્તુ, માંસ, મૃગયા-ચિહ્ન અથવા પ્રક્રિયા કર્યા વગરનું મૃગયા-ચિહ્ન એવી વ્યક્તિના ગેરકાયદેસર કબજામાં, કસ્ટડીમાં અથવા નિયંત્રણ હેઠળ છે અને એવું પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર રહેશે.

### ૫૮. કંપનીઓએ કરેલા ગુના

આ અધિનિયમ વિરુદ્ધનો ગુનો કોઈ કંપનીએ કર્યો હોય ત્યારે, ગુનો કરવામાં આવ્યો હોય તે વખતે કંપનીનો ચાર્જ સંભાળતી હોય અને તેના કાર્ય-સંચાલન માટે કંપનીએ જવાબદાર હોય તેવી દરેક વ્યક્તિ, તેમજ કંપની, તે ગુના માટે દોષિત ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તે અનુસાર તેમને શિક્ષા થઈ શકશે :

પરંતુ એવી કોઈ વ્યક્તિ એમ સાબિત કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તે ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ ઘટતી કાળજી રાખી હતી તો તે વ્યક્તિ આ પેટા-કલમમાંના કોઈ મજકૂરથી કોઈ શિક્ષા પાત્ર થશે નહિ.

(૨) પેટા-કલમ (૧)મા ંગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ વિરુદ્ધનો કોઈ ગુનો કોઈ કંપનીએ કર્યો હોય અને એમ સાબિત થાય કે તે ગુનો કંપનીના કોઈ ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી કે તેમની મૂક સંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી કોઈ બેદરકારીને કારણે થયો છે તો, આવા ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી પણ તે ગુના માટે દોષિત ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તે અનુસાર તેમને શિક્ષા થઈ શકશે.

**સ્પષ્ટીકરણ :** આ કલમના હેતુઓ માટે -

(ક) "કંપની" એટલે કોઈ સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી અથવા વ્યક્તિઓના બીજા એસોસિએશનનો સમાવેશ થાય છે; અને

(ખ) પેઢીના સંબંધમાં "ડિરેક્ટર" એટલે પેઢીનો ભાગીદાર

## પ્રકરણ ૭

## પ્રકીર્ણ

### ૫૯. અધિકારીઓ રાજ્ય સેવકો ગણાશે.

પ્રકરણ ૨માં ઉલ્લેખેલા દરેક અધિકારી અને આ અધિનિયમથી મળેલી કોઈપણ સત્તા વાપરતા બીજા દરેક અધિકારી, "ભારતના ફોજદારી અધિનિયમ" ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે.

### ૬૦. શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાં અંગે રક્ષણ

(૧) આ અધિનિયમ હેઠળ શુદ્ધ બુદ્ધિથી કરેલા કે કરવા ધારેલા કોઈ કાર્ય માટે કેન્દ્ર સરકારના અથવા રાજ્ય સરકારના કોઈ અધિકારી અથવા બીજા કર્મચારી સામે કોઈ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

(૨) આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા કે કરવા ધારેલા કોઈ કાર્યથી થયેલ અથવા થવાનો સંભવ હોય તેવા કોઈ નુકસાન માટે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા તેના કોઈ અધિકારીઓ અથવા બીજા કર્મચારીઓ સામે કોઈ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

## ૬૧. અનુસૂચિઓમાંની નોંધોમાં ફેરફાર કરવાની સત્તા

(૧) કેન્દ્ર સરકારનો એવો અભિપ્રાય થાય છે કે કોઈ અનુસૂચિમાં કોઈ નોંધ ઉમેરવાનું અથવા અનુસૂચિના એક ભાગમાંથી તે જ અનુસૂચિના બીજા ભાગમાં અથવા એક અનુસૂચિમાંથી બીજી અનુસૂચિમાં કોઈ નોંધ તબદીલ કરવાનું ઈષ્ટ છે તો, જાહેરનામાથી તે તેમ કરી શકશે.

(૨) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે અનુસૂચિ-૨, અનુસૂચિ - ૩, અનુસૂચિ-૪ અથવા અનુસૂચિ-૫ માંથી અનુસૂચિ-૧ માં કોઈ નોંધ તબદીલ કરવાનું ઈષ્ટ છે, તો જાહેરનામા દ્વારા તે તેમ કરી શકશે, અને અનુસૂચિ-૨ના ભાગ-૧ અથવા અનુસૂચિ-૩, અનુસૂચિ-૪ અથવા અનુસૂચિ-૫માંથી બીજી કોઈ અનુસૂચિમાં પણ કોઈ નોંધ તબદીલ કરી શકશે.

(૩) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) હેઠળ જાહેરનામું બહાર પાડ્યે, સંબંધિત અનુસૂચિ તે અનુસાર બદલાઈ ગઈ હોવાનું ગણાશે, પરંતુ એવા દરેક ફેરફારથી એવા ફેરફાર પહેલાં કરેલા અથવા ન કરેલા કોઈ કાર્યને બાધ આવશે નહિ.

(૪) પેટા-કલમ (૨) હેઠળ રાજ્ય સરકારે અનુસૂચિમાં કરેલો કોઈ ફેરફાર, પેટા-કલમ (૧) હેઠળ કેન્દ્ર સરકારે તેમાં કરેલા કોઈ ફેરફારથી વિરુદ્ધનો હોય તો, રાજ્ય સરકારે બહાર પાડેલા જાહેરનામા પહેલાં કે પછી, કેન્દ્ર સરકારે કરેલો ફેરફાર પ્રવર્તશે અને રાજ્ય સરકારે તેમાં કરેલા કોઈ ફેરફાર, વિરુદ્ધનો હોય તેટલે સુધી ફોક ગણાશે.

પરંતુ રાજ્ય સરકારે કરેલો એવો કોઈ ફેરફાર કેન્દ્ર સરકારની અગાઉથી સમંતિ લઈને કરવામાં આવ્યો હોય તો તે ફેરફાર તે રાજ્યમાં પ્રવર્તશે.

વધુમાં, અગાઉના પરંતુકમાંના કોઈપણ મજકૂરથી, કેન્દ્ર સરકારને રાજ્ય સરકારે કરેલો ફેરફાર કોઈ સમયે સુધારવામાં અથવા રદ કરવામાં બાધ આવશે નહિ.

## ૬૨. કેટલાંક વન્ય પ્રાણીઓને ઉપદ્રવી જીવ તરીકે જાહેર કરવા બાબત

કલમ ૬૧ની જોગવાઈઓને આધીન રહીને, રાજ્ય સરકાર, અનુસૂચિ-૧માં અને અનુસૂચિ-૨ ના ભાગ -૨માં નિર્દિષ્ટ કરેલાં વન્ય પ્રાણીઓ સિવાયનાં કોઈ વન્ય પ્રાણીને, કોઈપણ વિસ્તાર માટે અને તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત સુધી ઉપદ્રવી જીવ તરીકે જાહેરનામાથી જાહેર કરી શકશે અને તેવું જાહેરનામું જ્યાં સુધી અમલમાં રહેશે ત્યાં સુધી, તેવાં અન્ય વન્ય પ્રાણીને અનુસૂચિ-૫માં સમાવિષ્ટ કરવામાં આવેલ ગણાશે.

## ૬૩. નિયમો કરવાની કેન્દ્ર સરકારની સત્તા

(૧) કેન્દ્ર સરકાર, જાહેરનામાથી નીચેના તમામ અથવા કોઈપણ બાબત માટે નિયમો કરી શકશે -

(ક) કલમ ૪૪ ની પેટા કલમ (૨) હેઠળ જે નમૂનામાં જાહેરાત કરવી જોઈએ તે નમૂના બાબત;

(કક) કલમ ૪૪ની પેટા કલમ (૪) ના ખંડ (ખ) હેઠળ ઠરાવવાની હોય તેવી બાબત.

(ખ) કલમ ૪૮ના ખંડ (ખ) માં ઉલ્લેખેલા સોદાઓને લાગુ પાડવાની શરતો બાબત;

(ગ) કેન્દ્ર સરકારે જાહેર કરેલા અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉપવનને કલમ ૬૪ની પેટા-કલમ (૨) જેટલે સુધી લાગુ પડતી હોય તેટલે સુધી તેમાં નિર્દિષ્ટ કરેલી બાબતો વિશે

(૨) આ કલમ હેઠળ કરેલો દરેક નિયમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, સંસદનું સત્ર ચાલુ હોય ત્યારે સંસદના દરેક ગૃહ સમક્ષ એક જ સત્રમાં અથવા લાગલાગટ બે કે વધુ સત્રોમાં મળીને કુલ ત્રીસ દિવસની મુદત સુધી મૂકવો જોઈશે અને ઉપર જણાવેલ સત્ર અથવા લાગલાગટ સત્રો પછી તરત આવતું સત્ર પૂરું થતાં પહેલાં બંને ગૃહો તે નિયમમાં કોઈ ફેરફાર કરવા સંમત થાય અથવા બંને ગૃહો એમ સંમત થાય કે તે નિયમ કરવો જોઈએ નહિ, તો તે નિયમ ત્યારપછી, યથાપ્રસંગ, એવા ફેરફાર કરેલા સ્વરૂપમાં જ અમલમાં રહેશે અથવા અમલમાં રહેશે નહિ, પણ એવો કોઈ ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી તે નિયમ હેઠળ અગાઉ કરેલા કોઈ કાર્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

## ૬૪. નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા

(૧) રાજ્ય સરકાર, જાહેરનામાથી કલમ ૬૩ની ક્ષેત્રમર્યાદામાં આવતી ન હોય તેવી બાબતોના સંબંધમાં, આ અધિનિયમની જોગવાઈઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા વિના એવા નિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે-

(ક) કલમ-૬ ની પેટા-કલમ (૧) ના ખંડ (ઝ)માં ઉલ્લેખેલ બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત અને તેમનામાં ખાલી પડતી જગાઓ ભરવાની રીત;

(ખ) કલમ ૬ની પેટા-કલમ (૪)માં ઉલ્લેખેલાં ભથ્થાં;

(ગ) આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કરેલ અરજી, આપેલ પ્રમાણપત્ર, કરેલ દાવો, જાહેરાત, આપેલ લાઈસન્સ, પરમિટ, રજિસ્ટ્રેશન, સાદર કરેલ પત્રક અથવા બીજા દસ્તાવેજ માટે ઉપયોગ કરવાના નમૂના અને તે માટે કોઈ ફી હોય તો તે;

(ઘ) જેને આધીન રહીને આ અધિનિયમ હેઠળ કોઈ લાઈસન્સ અથવા પરમિટ આપી શકાય તે શરતો;

(ચ) લાઈસન્સદારે રાખવાના અને સાદર કરવાના (પકડેલાં અથવા મારેલાં) વન્ય પ્રાણીઓના રેકર્ડની વિગતો;

(છ) બંદી પ્રાણી, માંસ, પ્રાણીમાંથી બનેલી વસ્તુઓ, મૃગયા-ચિહ્નો અને પ્રક્રિયા કર્યા વગરનાં મૃગયા-ચિહ્નોના કબજા, તબદીલી અને વેચાણનું નિયમન;

(જ) પ્રાણીની ખાલમાં મસાલો ભરવાનું કસબનું નિયમન;

(ઝ) આ અધિનિયમ હેઠળ ઠરાવવાની હોય અથવા ઠરાવી શકાય તેવી બીજી કોઈ બાબત.

## ૬૫. અનુસૂચિત આદિજાતિના હકોનું રક્ષણ કરવા બાબત

સન ૧૯૬૭ના એપ્રિલ મહિનાની ૨૮મી તારીખે આંદામાન અને નિકોબાર રાજપત્રના અસાધારણ અંકના પાન ૧ થી ૫ ઉપર પ્રસિદ્ધ કરેલ આંદામાન અને નિકોબાર વહીવટના સન ૧૯૬૭ના એપ્રિલ મહિનાની ૨૮મી તારીખના જાહેરનામા નંબર ૪૦/૬૭/એફ. નંબર જી ૬૩૫, વોલ્યુમ ૩ થી આંદામાન અને નિકોબાર ટાપુઓના સંઘ રાજ્યક્ષેત્રમાં નિકોબાર ટાપુઓની અનુસૂચિત આદિજાતિઓને મળેલા શિકાર કરવાના હકોને આ અધિનિયમના કોઈપણ મજકૂરથી બાધ આવશે નહિ.

## ૬૬. રદ કરવા બાબત અને અપવાદ

(૧) આ અધિનિયમના આરંભથી, આ અધિનિયમમાં જણાવેલી કોઈ બાબતને લગતો અને કોઈ રાજ્યમાં અમલમાં હોય તેવો બીજો દરેક અધિનિયમ, જેટલે અંશે તે અધિનિયમ અથવા તેમાંથી કોઈ જોગવાઈ આ અધિનિયમને અથવા એમાંથી કોઈ જોગવાઈને મળતી આવતી હોય અથવા તેની વિરુદ્ધ હોય તેટલે અંશે રદ થયેલ ગણાશે :

પરંતુ એવી રીતે રદ કરવાથી, -

(૧) એવી રીતે રદ કરેલા અધિનિયમના અગાઉના અમલને અથવા તે હેઠળ વિધિસર કરેલા અથવા કરવા દીધેલા કોઈ કાર્યને બાધ આવશે નહિ;

(૨) એવી રીતે રદ કરેલ અધિનિયમ હેઠળ સંપાદિત કરેલ, પ્રાપ્ત કરેલ અથવા માથે લીધેલ કોઈ હક, વિશેષાધિકાર, ફરજ અથવા જવાબદારીને અસર થશે નહિ;

(૩) એવી રીતે રદ કરેલા અધિનિયમ વિરુદ્ધ કરેલા કોઈ ગુનાના સંબંધમાં થયેલ કોઈ દંડ, જપ્તી અથવા શિક્ષાને અસર થશે નહિ;

(૪) ઉપર્યુક્ત એવા કોઈ હક, વિશેષાધિકાર, ફરજ, જવાબદારી, દંડ, જપ્તી અથવા શિક્ષા સંબંધી કોઈ તપાસ, કાનૂની કાર્યવાહી અથવા ઉપાયને બાધ આવશે નહિ, અને એવી કોઈ તપાસ, કાનૂની કાર્યવાહી અથવા ઉપાય જાણે કે ઉપર જણાવેલ અધિનિયમ રદ કરવામાં આવ્યો ન હોય તેમ પાડી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા તેનો અમલ કરી શકાશે અને એવો કોઈ દંડ, જપ્તી અને શિક્ષા થઈ શકશે.

(૨) એવી રીતે રદ કરવા છતાં, -

(ક) આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવું (કાઢેલ કોઈ જાહેરનામું, હુકમ, પ્રમાણપત્ર, નોટિસ અથવા પહોંચ, કરેલી અરજી અથવા આપેલી પરમિટ સહિતનું) એવી રીતે રદ કરેલ અધિનિયમ હેઠળ કરેલ કાર્ય અથવા લીધેલ કોઈ પગલું, જાણે કે આ અધિનિયમ, તેવું કાર્ય કરવામાં આવ્યું તે વખતે અથવા પગલું લેવામાં આવ્યું તે વખતે અમલમાં હોય તેમ, આ અધિનિયમની તત્સમાન જોગવાઈઓ હેઠળ કરેલ અથવા લીધેલ હોવાનું ગણાશે અને આ અધિનિયમ હેઠળ કરેલ કોઈ કાર્ય અથવા લીધેલ કોઈ પગલાંથી તે રદ કરવામાં આવે તે સિવાય અને ત્યાં સુધી અમલમાં ચાલુ રહેશે;

(ખ) એવી રીતે રદ કરેલ કોઈ અધિનિયમ હેઠળ અપાયેલ અને આ અધિનિયમના આરંભની તરત પહેલાં અમલમાં હોય તેવું દરેક લાઈસન્સ, આ અધિનિયમની તત્સમાન જોગવાઈઓ હેઠળ આપેલ હોવાનું ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, જે મુદત માટે એવું લાઈસન્સ આપવામાં આવ્યું હોય તેના પૂરા નહિ થયેલા ભાગ માટે તે અમલમાં ચાલુ રહેશે.

(૩) શંકાના નિવારણ માટે આથી જાહેર કરવામાં આવે છે કે પેટા-કલમ (૧) હેઠળ રદ કરેલ કોઈ અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે જાહેર કરેલ કોઈ અભયારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે જાહેર કરેલ, યથાપ્રસંગ અભયારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન ગણાશે અને આ અધિનિયમના આરંભે અથવા તે પહેલાં, સદરહુ અધિનિયમ હેઠળ તેવા કોઈ રાષ્ટ્રીય ઉપવનમાંની જમીનમાંના અથવા જમીન ઉપરના નષ્ટ ન થયેલ કોઈ હકની બાબતમાં, આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર એવા હક નષ્ટ કરવામાં આવશે.

## અનુસૂચિ - ૧

**(જુઓ કલમ ૨, ૮, ૯, ૧૧, ૪૦, ૪૧, ૪૩, ૪૮, ૫૧, ૬૧ અને ૬૨)**

**ભાગ-૧ સસ્તન પ્રાણીઓ**

૧. આંદામાનનું જંગલી ભૂંડ
૧ક. ભારલ
૧ખ. બિન્ટુરોન્ગ
૨. કાળિયાર (સર્વિકાપ્રા)
૩. બ્રો-એન્ટલર્ડ ડીયર અથવા થામીન
૩ક. હિમાલયનું કથ્થઈ રીંછ
૩ખ. ટોપીવાળું લંગૂર
૪. કેરાકલ
૪ક. કેટેસીનની જાતો
૫. ચિત્તો
૫ક. ચાઈનીઝ પેંગોલીન
૫બ. ચીન્કારા અથવા ઈન્ડિયન ગઝેલા
૬. મેઘરાજ દીપડો
૬ક. કરચલાખાઉ વાંદરો
૬ખ. રણ-બિલાડી
૬ગ. રણ-શિયાળ (ડેઝર્ટ ફોક્સ)
૭. ડ્યુગોંગ
૭ક. એરમીન
૮. મચ્છીમાર બિલાડી
૮ક. ચોશીંગા
૮ખ. ★ ★ ★ ★
૮ગ. ★ ★ ★ ★
૮ઘ. ઊડતી ખિસકોલી (ગેંગેટીક ડોલફીન)
૮ચ. ગૌર અથવા ભારતીય બીસન
૯. સોનેરી બિલાડી
૧૦. સોનેરી લંગૂર
૧૦ક. મોટી ખીસકોલી
૧૦ખ. હિમાલયનો પહાડી બકરો
૧૦ગ. હિમાલયન ત્હાર
૧૧. હીસ્પીડ સસલું
૧૧ક. હોગ બેડઝર
૧૨. હુલ્લોક
૧૨ક. ★ ★ ★ ★
૧૨ખ. ભારતીય હાથી
૧૩. ભારતીય સિંહ
૧૪. ભારતીય ઘુડખર
૧૫. ભારતીય વરુ
૧૬. કાશ્મીરી સાબર
૧૬ક. પાન વાંદર
૧૬ખ. દીપડો અથવા ટેંદુવો
૧૭. ચિત્તા બિલાડી
૧૮. નાનો કે લાલપાન્ડા (રોઝ બિલાડો)
૧૯. સિંહ પૂંછ વાનર
૨૦. લોરીસ
૨૦ક. લીટલ ઈન્ડિયન પોર્પોઈઝ
૨૧. લીન્ક્ષ
૨૨. મલબારી વણિયર
૨૨ક. મલાયન રીંછ
૨૩. આરસ બિલાડી
૨૪. મહામૃગઅજ
૨૪ક. માઉસ ડીયર
૨૫. કસ્તૂરી મૃગ
૨૫ક. નિલગિરિ લંગુર
૨૫ખ. નિલગિરિ ત્હાર
૨૬. તિબેટનું મોટું જંગલી ઘેટું
૨૭. લઘુકણ બિલાડી

૨૮. સળવો કીડીખાઉ (પેંગોલીન)
૨૯. ઠીંગણું ડુક્કર
૨૯ક. ઘોરખોદિયું
૩૦. ગેંડો
૩૧. ભૂખરા રંગનાં ટપકાંવાળી બિલાડી
૩૧ક. રામહરણ રીંછ.
૩૧ખ. સેરો
૩૧ગ. સ્લોથબેર
૩૨. ચપટબિંદી બિલ્લી.
૩૨ક. ત્રાવણકોરની નાની ઊડતી ખિસકોલી.
૩૩. બરફનો દીપડો.
૩૩ક. સ્નબફીન ડોલફીન
૩૪. ટપકાંવાળું લીન્સીંગ
૩૫. બારસીંગા
૩૬. ટકીન અથવા મીસ્મી ટકીન
૩૬ક. તિબેટી હરણ
૩૬ખ. તિબેટીયન શિયાળ
૩૭. તિબેટી ચીંકારું
૩૮. તિબેટી જંગલી ખર (ગધેડો)
૩૯. પટ્ટાવાળો વાઘ
૪૦. ઉરીયલ અથવા ઘેટાં
૪૧. જંગલી ભેંસ.
૪૧ક. જંગલી યાક.
૪૧ખ. તિબેટીયન વરુ
૪૨. રોહ્ન્ટન્સ ફ્રી ટેઈલ્ડ ચામાચીડીયું
૪૩. સલીમઅલી ફ્રૂટ ચામાચીડીયું

**ભાગ-૨**

**જળચર, સ્થળચર અને સરિસૃપવંશીય પ્રાણીઓ**

૧. આગ્રા ચંદન ઘો.
૧ક. ★ ★ ★ ★
૧ખ. ઓડીથીયા કાચબો
૧ગ. પીળી ચંદન ઘો
૧ઘ. મગર, એસ્ચુરાઈન અને ખારાપાણીના મગર સહિત
૧ચ. બટાગુર ટેરાપીન
૧છ. ઈસ્ટર્ન હીલ ટેરાપીન
૨. ઘરિયલ
૩. ગંગાનો નરમ કવચનો કાચબો
૩ક. સોનેરી ગેકો
૪. લીલો સમુદ્રી કાચબો
૫. બાજની ચાંચ જેવો કાચબો
૬. ★ ★ ★ ★
૭. ઈંડાખાઉં ભારતીય સાપ
૮. ભારતીય નરમ કવચનો કાચબો
૯. ભારતીય ટેન્ટ કાચબો
૯ક. કેરાલા જંગલી ટેરાપીન
૧૦. મોટી બંગાળી ચંદન ગરોળી
૧૧. ચર્મ કાચબો
૧૨. રાજ કાચબો
૧૩. ઓલીવ રિડલી કાચબો
૧૪. મોરની નિશાનીવાળો નરમ કવચનો કાચબો.
૧૪ક. અજગર
૧૪ખ. સેઈલ ટેરાપીન
૧૪ગ. સ્પોટેડ બ્લેક ટેરાપીન
૧૫. ★ ★ ★ ★
૧૬. ★ ★ ★ ★
૧૭. ★ ★ ★ ★
૧૭ક. જળ ગરોળી

**ભાગ-૨ (ક)**

**માછલીઓ**

૧. વ્હેલ સાર્ક
૨. સાર્ક અને રે
(૧) એનોક્સીપ્રિસ્ટીક ક્યુસ્પીડેટ
(૨) કારચારહિનસ હેમીયોઓડોન

(૩) ગ્લાઈફીઅસ ગેન્ઝેટીક્સ

(૪) ગ્લાઈફીઅસ ગ્લાઈફીઅસ

(૫) હેમાંતુરા ફલૂવીએટીલીસ

(૬) પ્રીસ્ટીસ માઈક્રોડોન

(૭) પ્રીસ્ટીસ ઝીઝસ્રોન

(૮) રાહીનકોબેટસ ડીઝન્સીસ

(૯) ઉરોગીમનસ એસપ્રીમસ

૩. જળ ઘોડો (સી હોર્સ)

૪. જાયન્ટ ગ્રુપર

**ભાગ-૩ પક્ષીઓ**

૧. કૃષ્ણ દીપ હંસક (આંદામાનટીલ)

૧ક. આસામી વાંસ તેતર

૧ખ નિતીપિચ્છ (બાઝાસ)

૧ગ બંગાળનો બળમોર અથવા તૃણમયૂર

૧ઘ કાળી ડોકવાળો સારસ

૧ચ રક્તકંઠ નીવાક (બ્લડ ફીઝન્ટસ)

૧છ ★ ★ ★ ★

૨ સરળ વનમોર

૨ક પૂર્વીય સફેદ બગલો

૨ખ ટપકાંવાળો વગડાઉ ઘુવડ

૨ગ ફોર્ગ માઉથ્સ

૩ મોટું ભારતીય ઘોરાલ

૪. મોટો ભારતીય ચિલોત્રો

૪ક શકરો બાદશાહ

૪ખ સારસ

૪ગ ચિલોત્રો

૪ઘ ટીલુટ ઘોરાલ

૪ચ હ્યુમસ બાર બેકડ ફીઝન્ટ

૪છ ભારતીય ચિલોત્રો

૫. જર્ડન્સ કોર્સર

૬. જરાયુ

૭. મોટો બાજ

૭ક. મોટી સિસોટી બતક

૭ખ. લેસર ફલોરીકન

૭ગ. મોનલ ફીઝન્ટસ

૮. પહાડી લાવરી

૯. સુલોહિત ચિલોત્રો

૧૦. નિકોબાર મેગાપોડ

૧૦ક. નિકોબાર કબૂતર

૧૧ખ. માછલી ખાનારો ઘુવડ

૧૦ગ. પીકોક ફીઝન્ટ

૧૧. મોર (પી ફોલ)

૧૨. ગુલાબી ડોકવાળું બતક

૧૩. સોલાસ્ટર્સ મોનાલ

૧૪. સાઈબેરીયાનું સફેદ સારસ

૧૪ક. ★ ★ ★ ★

૧૪ખ. તિબેટી હિમકૂકડો

૧૫. ટ્રેગોપાન ફીઝન્ટ

૧૬. સફેદ કાનવાળું સમુદ્રી ગરુડ

૧૭. સફેદ કાનવાળું ફીજન્ટ

૧૭ક. સફેદ ચમચો (લ્પૂનબીલ)

૧૮. સફેદ ચાંચવાળું બતક

૧૯. સ્વીફટલેટ્સ

૨૦. હીલ માઈના

૨૧. તીબેટીયન ઈયર ફીઝન્ટ

૨૨. તાલીઝ ફીઝન્ટ

૨૩. લોર્ડ ડરબીઝ પારાકીટ (પોપટ)

૨૪. ગીધ

૨૫. વાઈટ બેલીડ હરકોન

ભાગ-૪

## જુદી જુદી જાતનાં પતંગિયાં અને પાંખલિઆ

| **બટર ફલાઈઝ (પતંગિયાં) અને મોથ્સ** | **સામાન્ય અંગ્રેજી નામ** |
|---|---|
| **ફેમિલી એમાથુસીટી** | |
| *ડીસ્કોફોરા ડીઓ ડીઓ* | *ડફેર, બેન્ડેડ* |
| *ડીસ્કોફોરા સોન્ડેકા મુસીના* | *ડફેર, સામાન્ય* |
| *ફોનીસ ફોનુલા ફોનુલોડીસ* | *પાલીડ ફોના* |
| **ફેમિલી ડીનેડી** | |
| *ડાનસ ગૌતમા ગૌતમાડીઝ* | *ટાઈગર્સ* |
| *યુપ્લો ઓરામેરી નિસીવીલીલ* | *ક્રો, સ્પોટેડ બ્લેક* |
| *યુપ્લો મીડેમસ રોપસ્ટોરફી* | *ક્રો, બ્લ્યુ સ્પોટેડ* |
| **ફેમિલી લાઈસીનીડી** | |
| *એલોટીનસ ડ્રૂમીલા* | *ડાર્ક ક્રેન્યુલેટ/ગ્રેટ* |
| *એલોટીનસ ફેબિયસ પેનોરમીસ* | *ઍંગલ્ડ ડાર્કી* |
| *એમ્બલોપાલા એવીડીએના* | *હેરસ્ટ્રીક, ચાઈનીઝ* |
| *એમ્બ્લીપોડીઆ એસીઅરાટા* | *લીફ બ્લ્યુ* |
| *એમ્બ્લીપોડીઆ એલી કોન્સટન્સી* | *રોઝી ઑક બ્લ્યુ* |
| *એમ્બ્લીપોડીઆ એલ્મુન એરીડ* | *મલાયન બુશ બ્લ્યુ* |
| *એમ્બ્લીપોડીઆ અરવીના આરડીઆ* | *પરપલ બ્લાઉન ટેઈલલેસ ઑક બ્લ્યુ* |
| *એમ્બ્લીપોડીઆ અસોપીઆ* | *પ્લેઈન ટેઈલલેસ ઑક બ્લ્યુ* |
| *એમ્બ્લીપોડીઆ કોમીકા* | *કોમીક ઑક બ્લ્યુ* |
| *એમ્બ્લીપોડીઆ આપેલીમા* | *ઓપલ ઑક બ્લ્યુ* |
| *એમ્બ્લીપોડીઆ ઝેટા* | *અન્ડામાન ટેઈલલેસ ઑક બ્લ્યુ* |
| **બીડ્યુઅન્ડા મેલીસા સીઈના** | |
| *બીડ્યુઅન્ડા મેલીસા સીઈના* | *બ્લ્યુ પોઝી* |
| *કેલોફીર્સ લીચી* | *હેરસ્ટ્રક, ફેરુગીનસ* |
| *કેસ્ટલીઅસ રોસીમોન અલાર્બસ* | *પાઈરોટ, કોમન* |
| *કેરાના સેફીઈસ* | *મન્દાર ઈન બ્લ્યુ, કાચર* |
| *કેલીરીયા ઓથાના* | *ટીટ, ઓર્ચીડ* |
| *ડ્યુડોરીક્ષ એપીજારબસ એમેટીઅસ* | *કોર્નેલિયન, સ્કાર્સ* |
| *એવરસ મુરી* | *ક્યુપીડ મૂરેઝ* |
| *ગેરીડસ બીગસી* | *બીગ્સ બ્રાઉની* |
| *ગેરીડસ સીમેથસ ડીઓપીથીસ* | *ગ્રેટ બ્રાઉની* |
| *હેલીઓફોરસ હાઈબ્રીડા* | *સેફાયર્સ* |
| *હોરાગા અલ્બીમાકુલા* | *ઓનીક્સસ* |
| *જામીડેસ ફેરારી* | *કારૂલીયન્સ* |

| | |
|---|---|
| *લીફીરા બ્રાસોલીસ* | *બટરફ્રાય/મોથ* |
| *લીસ્ટેરીયા ડડગેની* | *લસ્ટર્સ હેર સ્ટ્રીક* |
| *લોસાનીઆ વેટસોનીયાના સબફ્રાસોઈટા* | *મોટલ, વોશટન્સ* |
| *લાઈનોસીસ બીધામી* | *હેડગે બ્લ્યુ* |
| *લાઈસીનોપ્સીસ હેરલ્ડસ અનન્ગા* | *હેડગે ફેલ્ડર્સ* |
| *લાઈસીનોપ્સીસ પુષ્પા પ્રોમીનેન્સ* | *કોમન હેડગે બ્લ્યુ* |
| *લાઈસીનોપ્સીસ ક્વોર્ડીપ્લાઝ ડોહેટી* | *નાગા હેડગે બ્લ્યુ* |
| *નાકાડુબા નોરીઆ હેમ્પસોની* | *લીન બ્લ્યુ, વાઈટ ટીપ્ડ* |
| *પોલીમેટસ આર્બીટલસ લીલા* | *ગ્રીનીસ માઉન્ટન બ્લ્યુ* |
| *પ્રતાપા આઈસટાસ મીસમીઆ* | *રોયલ ડાર્ક બ્લ્યુ* |
| *સીમીસ્કોના ફાલેના હારટેર્ટી* | *બ્રીલીયન્ટ, બ્રોડ લેન્ડેડ* |
| *સીન્થુસા વીર્ગો* | *સ્પાર્ક, પાલે* |
| *સ્પીન્ડાસીસ એલવેસી* | *સીલ્વર લાઈન એલવીઝ* |
| *સ્પીન્ડાસીસ રુકમીની* | *સીલ્વર લાઈન ખાકી* |
| *સ્ટ્રીમોન મેડુવુડી* | *હેરસ્ટ્રીક મેક્વુડ્સ* |
| *તજુરીયા ઈસ્ટેર* | *રોયલ, અનસર્ટેન* |
| *તજુરીયા લુકલેન્ટસ નેલા* | *રોયલ ચાઈનીઝ* |
| *તજુરીઆ યજના યજના* | *રોયલ, ચેસ્ટનટ અને બ્લેક* |
| *થેકલા એર્ટલક્ષ ઝુલા* | *વન્ડરફૂલ હેરસ્ટ્રીક* |
| *થેકલા બાયેટી મેન્ડેરા* | *ઈન્ડિયન પરપલ હેરસ્ટ્રીક* |
| *થેકલા લેથા* | *વોટસન્સ હેરસ્ટ્રીક* |
| *થેકલા પાઓના* | *પાઓના હેરસ્ટ્રીક* |
| *થેકલા પાવો* | *પીકોક હેરસ્ટ્રીક* |
| *વીરોચોલા સ્મીલીસ* | *ગાવા બ્લ્યુઝ* |
| **ફેમિલી નીમ્ફાલીડી** | |
| *અપટુરા યુલીપી યુલીપી* | *એમ્પેરર, તાઉની* |
| *આરગાઈનીસ હેગમોની* | *સીલ્વર વોશડ ફ્રીટીલરી* |
| *કાલીનાગ બુદ્ધા* | *ફ્રીક* |
| *ચેરક્ક્ષીસ ડર્નફોર્ડી નીકોલી* | *રાઝાહ, ચેસ્ટનટ* |
| *કીરોચોરા ફેસીએટ* | *યોમેન* |
| *ડીઆગોરા નાઈસવીલેઈ* | *સાઈરન, સ્કેર્સ* |
| *ડીલીપા મોરગીના* | *એમ્પેરર, ગોલ્ડન* |
| *ડોલેસ્ચેલીઆ બિસાલ્ટાઈડ અંદામાના* | *ઓનમ લીફ* |
| *ઈરીબોઆ મુરેઈ સન્ડકનુસ* | *મસાયન નવાબ* |
| *ઈરીબો સ્કર્ચીબેરી* | *બ્લ્યુ નવાબ* |
| *યુલાથુરા મેનીપ્યુરેન્સીસ* | *એમ્પેરર, ટાઈટલર્સ* |

| | |
|---|---|
| *યુથાલીઆ દુર્ગા સ્પેન્ડેનસ* | *બેરન્સ/કોનીસ/ડચેસીસ* |
| *યુથાલીઆ ઈવા.* | *ડ્યુક, ગ્રાન્ડ* |
| *યુથાલીઆ ખામા કવીફેસીઆ* | *ડ્યુક, નાગા* |
| *યુથાલીઆ ટેડચીનીઆ* | *બેરન, બ્લ્યુ* |
| *હેલોયરી હેમીના* | *એમ્પેરર, વાઈટ* |
| *હીપોલીમસ મીરસીપુસ.* | *એગ ફલાય, ડેનાઈડ* |
| *લીમેનીટીસ ઓસ્ટેનીઆ પુરપુર સ્કેનસ* | *કોમોડોર, ગ્રે* |
| *લીમેનીટીસ ઝુલેમાં.* | *એડમીરલ્સ* |
| *મેલીટીઆ શંદુરા* | *ફીટીલરીઝ/સીલ્વર સ્ટ્રીપ* |
| *નેપ્ટીસ એન્ટીલોપ* | *સેઈલર, વેરીગેટેડ* |
| *નેપ્ટીસ એસપાસીઆ* | *સેઈલર, ગ્રેટ હોકી સ્ટીક* |
| *નેપ્ટીસ કોલ્યુમેલા કાંકેના.* | *સેઈલર, શોર્ટ બેન્ડેડ* |
| *નેપ્ટીસ સાઈડીપે કીરબારેનેસીસ.* | *સેઈલર, ચાઈનીઝ યલો* |
| *નેપ્ટીસ એબુસ. એબુસ.* | *સેઈલર/લાસકર* |
| *નેપ્ટીસ જુઆહ બીન્ધામીસે* | *સેઈલર, ચેસ્ટનટ સ્ટ્રેક્ડ* |
| *નેપ્ટીસ મનાસા* | *સેઈલર, પાલે હોકીસ્ટ્રીક* |
| *નેપ્ટીસ નાઈક્ટીઅસ* | *સેઈલર, હોકીસ્ટ્રીક* |
| *નેપ્ટીસ પુના* | *લાસ્કર / ટાઈટલર્સ* |
| *નેપ્ટીસ સંકર નર* | *સેઈલર, બ્રોડબેન્ડેડ* |
| *પેન્થોપોરીઆ જીના જીના.* | *ભુતાન સાર્જન્ટ* |
| *પેન્થોપોરીઆ રેટા મુરી.* | *મલઈ સ્ટાફ સાર્જન્ટ* |
| *પ્રોથોઈ ફ્રેન્કા રીગાલીઆ.* | *બેગમ, બ્લ્યુ* |
| *સસાકીયા ફ્યુનેબ્રીસ.* | *એમ્પ્રેસ* |
| *સેફીસા ચંદ્રા.* | *કોર્ટીયર, ઈસ્ટર્ન* |
| *સીમ્બ્રેન્થીઆ સીલાના* | *જેસ્ટર, સ્કાર્સ* |
| *વેનેસા એન્ટીઓપા યેડન્નુલા* | *એડમીરેબલ્સ* |
| **ફેમિલી પેપીલીઓનીડીઆ** | |
| *ચીલાસા કલાઈટી કલાઈટીઆ એફ. કોમીક્ષટસ.* | *કોમન માઈન* |
| *પેપીલીઓ એલીફેનોર.* | *સ્પેન્ગલ, યલો ક્રેસ્ટેડ* |
| *પેપીલીઓ લીઓમેડોન.* | *સ્વેલો ટેઈલ, મલબાર બેન્ડેડ* |
| *પર્નાસીઅસ એકો જેમીનીફર.* | *એપોલો* |
| *પર્નાસીઅલ ડેલ્ફીઅસ.* | *બેન્ડેડ એપોલો* |
| *પર્નાસીઅસ હેનીંગટોની.* | *હેનીન્ગટોન્સ એપોલો* |
| *પર્નાસીઅસ ઈમ્પરેટર ઓગસ્ટસ.* | *ઈમ્પીરીઅલ એપોલો* |
| *પર્નાસીઅસ સ્ટોલીક્ષનસ.* | *લડાક બેન્ડ એપોલો* |
| *પોલીડોરસ કુન સમ્બીલાન્ગા.* | *કોમન કલબ ટેઈલ* |

| | |
|---|---|
| *પોલીડોરસ ક્રેસીપેસ.* | *બ્લેક વીન્ડમીલ* |
| *પોલીડોરસ હેક્ટર.* | *ક્રીમસન રોઝ* |
| *પોલીડોરસ નેવીલ્લી.* | *નેવીલ્સ વીન્ડ મીલ* |
| *પોલીડોરસ પ્લુટોનીયસ પેમ્બરટોની* | *ચાઈનીઝ વીન્ડ મીલ* |
| *પોલીડોરસ પોલ્લા* | *ડેનીસીલેશ વીન્ડમીલ* |
| **ફેમિલી પાયરીડેટ** | |
| *એપોરીઆ હેરેટાઈ હેરેનીટાઈ* | *બ્લેક વેઈન્સ* |
| *બાલ્ટીયા બુટલેરી સીકીમા* | *વાઈટ બટરફલાય* |
| *કોલીયાસ કોલીયાસ થ્રેસીબુલસ.* | *ક્લાઉડેડ યલોઝ* |
| *કોલીયાસ ડુબી* | *ડવારફ ક્લાઉડેડ યલો* |
| *ડેલિઆસ સનેકા.* | *ઝેઝબેલ, પાલે* |
| *પીયેરીસ લીરૂપેરી દેવતા* | *બટરફલાય કેબેજ / વાઈટ ટુ* |
| **ફેમિલી સેટાઈરેડીઆ** | |
| *કોલીટીસ મોથીસ એડેમસોની* | *કેટ્સ આઈ, સ્કેર્સ* |
| *સાઈલોજેનસ જેનટેઈ* | *ઈવનીંગ બ્રાઉન, સ્કેર્સ* |
| *એલમાઈનીસ પીયાલી* | *પામ ફલાય, પેલ્સ* |
| *એલમાઈનીસ પીનાગા ફીલાન્સીસ* | *પામ ફલાય, પેઈન્ટેડ* |
| *એરેબીઆ એન્નેડા એન્નેડા.* | *આર્ગસ, રીંગ્ડ* |
| *એરેબીઆ નારસીંધા નારસીંધા* | *આર્ગસ, મોટલ્ડ* |
| *લેથો ડોન્ટાન્સ.* | *ફોરેસ્ટર, સ્કાર્સ રેડ* |
| *લેથો દુર્ગામેઈ* | *લીલાકફોર્ક, સ્કાર્સ* |
| *લેથો યુરોપા ટમુના* | *બામ્બુ ટ્રી બ્રાઉન* |
| *લેથો જેમીના ગેફરી.* | *લીલાફોર્ક, સ્કાર્સ* |
| *લીથો ગુલીહાલ ગુલીહાલ* | *બામ્બુ ટ્રી બ્રાઉન* |
| *લેથો માર્ગારીટી.* | *ટેલર્સ ટ્રી બ્રાઉન* |
| *લેથો ઓકેલ્ટા લિનોયસ* | *ફોરેસ્ટર, ડલ* |
| *લેથો રામદેવા* | *ટ્રી બ્રાઉન, ભુતાન* |
| *લેથો સ્ટાઈબતી* | *માસ્ટીક, ડીસમલ* |
| *માઈક્લેસીસ ઓર્સઈઝ નાઉટેલુસ* | *સીલ્વર સ્ટ્રીપ, સીંગલ* |
| *પેરાજ મેનાવા મેરોઈડેસ* | *ફોરેસ્ટર, પાલીડ* |
| *પથીમા ડોહર્ટા પર્બામીટીસ* | *બુશ બ્રાઉન, પરપલ* |
| | *વોલડાર્ક* |
| | *ફાઈવરીંગ, ગ્રેટ* |

*કોકોનેટ અથવા રોબર ક્રેપ (બાઈગ્રસ લેટ્રો)*
*ડ્રેગોન ફલાય*

### ભાગ-૪ એ

### કોએલેન્ટરેટ્સ

૧. રીફ બીલ્ડીંગ કોરલ (પરવાળા)
૨. બ્લેક કોરલ
૩. ઓરગન પાઈપ કોરલ
૪. ફાયર કોરલ
૫. સી ફેન

### ભાગ-૪ બી

### મોલુસ્કા

૧. કાસીસકોરનુટા
૨. ચારોનીયા ટ્રીટોનીસ
૩. કોનસ માલનીડ વાર્ડસી
૪. સાઈપ્રાકાસીસ રૂફા
૫. હીપ્પોપસ હીપ્પોપસ
૬. નવતીલસ પોમ્પીલસ
૭. ટ્રીડાકના મેગ્ઝીમા
૮. ટ્રીડાકના સ્કાવામોસા
૯. ટ્યુડીક્લા સ્પીરીલસ
૧૦. કોનસ ટેક્ષટાઈલ
૧૧. કોનસ નોબીલીસ
૧૨. કોનસ જીઓગ્રાફસ
૧૩. કોનસ માર્મોરસ
૧૪. સાઈપ્રેઈઆ લામાસીના
૧૫. સાઈપ્રેઈઆ ક્રીબ્રારીઆ
૧૬. સાઈપ્રેઈઆ ટાઈગ્રીસ
૧૭. સાઈપ્રેઈઆ માપ્પા
૧૮. સાઈપ્રેઈઆ ટાલ્પા
૧૯. સાઈપ્રેઈઆ કાર્નેઓલા
૨૦. સાઈપ્રેઈઆ મોરેસીઆના
૨૧. સાઈપ્રેઈઆ ઓનીક્સ
૨૨. સાઈપ્રેઈઆ આર્ગસ
૨૩. સાઈપ્રેઈઆ ટેસ્ટુનીરાઈઆ
૨૪. સાઈપ્રેઈઆ મોનેટા
૨૫. ઓવુલા ઓવુમ
૨૬. વોલ્વા વોલ્વા
૨૭. ટર્બો માર્મોપ્રેટસ
૨૮. ટ્રોચસ મીલોટીક્સ
૨૯. ઝાનક્સ પાયરમ
૩૦. હરપુલીના લેપ્પોનીકા
૩૧. હરપુલીના અરાઉસીયાકા
૩૨. ટ્યુડીક્લા સ્પાઈરાલીસ
૩૩. સાઈપ્રાકાસીસ રૂફા
૩૪. કાસીસ કોર્નુટા
૩૫. મ્યુરેક્સ પામોરોસા
૩૬. મ્યુરેક્સ હાઉસ્ટેલમ
૩૭. મ્યુરેક્સ રામોસસ
૩૮. સ્ટ્રોમબસ પ્લીકાટસ સીબબાલ્ડી
૩૯. સ્ટ્રોમબસ લીસ્ટરીસ
૪૦. ફાસસીઓ લારીયા ટ્રાપાઝીયમ
૪૧. ફયુસાઈનસ લોંન્ગીકાઉડસ
૪૨. મિત્રા મિત્રા
૪૩. મિત્રા પાપાલીસ
૪૪. સાઈમાટીન પાઈલીઆરે
૪૫. નાવટીલસ પોમ્પીલીઅસ
૪૬. ટ્રાઈડાકના મેક્ઝીમા
૪૭. ટ્રાઈડાકના સ્કામોસના
૪૮. હિપ્પોપસ હિપ્પોપસ
૪૯. પીટર એરીસીના
૫૦. પીટેરીઆ બ્રેવીલાટા
૫૧. પ્લાસેન્ટા પ્લાસેન્ટા
૫૨. પાફીયાઆલા પાપીલીયોનીસ

### ભાગ-૪ સી

### એચીનોડર્માટા

૧. જળકૂકડી (સીકકૂમ્બર)

## અનુસૂચિ -૨

**(જુઓ કલમ ૨, ૮, ૯, ★★, ૧૧, ૪૦, ૪૧, ૪૩, ૪૮, ૫૧, ૬૧ અને ૬૨)**

**ભાગ-૧**

૧. ★ ★ ★ ★

૧ક. આસામી મેકાક વાંદરો

૨. બંગાળી સાહુડી.

૩. બાઈસન અથવા ગોર.

૩ક. બોનેર લંગૂર (વાંદરો)

૩ખ. ★ ★ ★ ★

૩ગ. અનુસૂચિ-૧ અને ૨ ભાગ-૨ સિવાયના સીટાટીયન જાતિઓ

૪. ★ ★ ★ ★

૪ક. સામાન્ય લંગૂર (વાંદરો.)

૫. ★ ★ ★ ★

૬. ★ ★ ★ ★

૭. ફેરટ બેડઝર

૮. ★ ★ ★ ★

૯. ★ ★ ★ ★

૧૦. ★ ★ ★ ★

૧૧. હિમાલયની ક્રેસ્ટલેરા સાહુડી

૧૧ક. હિમાલીયન ન્યુટ અથવા સાલામાન્ડર

૧૨. ★ ★ ★ ★

૧૩. ★ ★ ★ ★

૧૪. ★ ★ ★ ★

૧૫. ★ ★ ★ ★

૧૬. ડુક્કર જેવી પૂંછડીવાળો વાંદરો.

૧૭. ★ ★ ★ ★

૧૭ક. રીસસ વાંદરો

૧૮. ★ ★ ★ ★

*કોઈ ઉદ્યોગ પ્રક્રિયા કે ક્રિયાનું કામ કરતી કરાવતી કોઈપણ વ્યક્તિ નિયત કરવામાં આવે તેવા ધોરણથી વિશેષ કોઈપણ પર્યાવરણીય પ્રદૂષકને બહાર ફેંકશે કે કાઢશે કઢાવશે નહિ કે બહાર ફેંકવા કે કાઢવા/ કઢાવવાની છૂટ આપશે નહિ.*

**૮. ગતિવિધિજન્ય બચાવ પ્રક્રિયાનું પાલન કરીને, જે તે વ્યક્તિઓ હાનિકારક પદાર્થોના વ્યવહાર સંચાલન કરશે :**

*કોઈપણ વ્યક્તિ, એવી ગતિવિધિઓ અને બચાવ પ્રક્રિયાને અનુરૂપ પાલન કર્યા સિવાય અને નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બચાવ પ્રક્રિયાનું પાલન કર્યા વિના કોઈપણ હાનિકારક પદાર્થોને હાથ ધરશે નહિ કે હાથ ધરાવશે નહિ કે વ્યવહાર કરશે - કરાવશે નહિ.*

**૯. ચોક્કસ કિસ્સાઓમાં સત્તાધિકારીને કે એજન્સીઓને માહિતી પૂરી પાડવા બાબતે :**

*(૧) જ્યાં કોઈ પર્યાવરણીય પ્રદૂષકનો નિકાલ/નિકાસ નિયત કરેલ ધોરણથી વિશેષ બહાર આવે કે આવવાની દહેશત હોય, જે કોઈ અકસ્માત કે આગળ કહેવા જણાવ્યા કૃત્યને કારણે કે બનાવને કારણે ત્યાં, આવા નિકાલ/નિકાસ બાબત જવાબદાર વ્યક્તિ કે અને જે-તે જગ્યાના હવાલામાં રહેલ વ્યક્તિ કે જે જગ્યાએ આવો નિકાસ થયો હોય કે થવાની દહેશત હોય, તે વ્યક્તિ ઉત્પન્ન થતા કે થયેલા પ્રદૂષકને રોકવા અથવા તેને સમતોલ કરવા માટે બંધાયેલા છે. જે આવા નિકાસના પરિણામે બંધાય છે, અને તુર્તજ :*

*(અ) તેવી સત્તાને કે એજન્સીને જે નિયત કરેલ હોય આવા પ્રદૂષણ હકીકતની કે તેવી દહેશતની જાણ કરશે; અને*

*(બ) જો તેને સૂચવવામાં આવે તો, બધી જ મદદ/સહાય કરવાને બંધાયેલ રહેશે,*

*(૨) પેટા-કલમ(૧) માં જણાવ્યા મુજબ જે - તે પ્રકારના પ્રદૂષણ બન્યા કે બનવાની દહેશતની હકીકત સાથેની જાણ મળવા પછી, તે પેટા-કલમ નીચે કે અન્યથા, પેટા-કલમ (૧) માં જણાવેલ સત્તાધિકારી કે એજન્સીઓ, બની શકે તેટલા જલદી, પર્યાવરણીય પ્રદૂષણને રોકવા કે સમતોલ કરવા માટે જરૂરી એવા ઉપાયાત્મક પગલાં ભરશે.*

*(૩) પેટા-કલમ (૨) માં જણાવેલ ઉપાયને લગતાં પગલાં લેવામાં સત્તાધિકારી કે એજન્સીઓને થયેલ ખર્ચાઓ, જો કોઈ હોય તો વ્યાજ સહિત (કેન્દ્ર સરકાર તેના હુકમથી નિર્દિષ્ટ કરે તેવા વ્યાજ સહિત) તેની માગણીની તારીખથી શરૂ તે ભરપાઈ થાય નહિ ત્યાં સુધીનું, આવી જે-તે વ્યક્તિ પાસેથી સત્તાધિકારી કે એજન્સીઓ વસૂલ કરશે, તે પણ જમીન મહેસૂલ વસૂલીની રાહે કે જાહેર માગણીના રૂપમાં.*

**૧૦. પ્રવેશ કરવા અને નિરીક્ષણ કરવાની સત્તાઓ :**

*(૧) આ કલમની જોગવાઈઓને આધીન રહીને કેન્દ્ર સરકારશ્રીએ આ હેતુમાં સત્તા આપી હોય તેવી કોઈપણ વ્યક્તિને બધા જ યોગ્ય સમયે તેની વિચારણાએ જરૂરી લાગે તેવી સહાય સાથે કોઈપણ જગ્યામાં પ્રવેશ કરવાનો અધિકાર/હક્ક રહેશે જે -*

*(અ) કેન્દ્ર સરકારશ્રીનાં તેને સોંપાયેલાં કાર્યો માંહેનું કોઈપણ કાર્ય પાર પાડવાના હેતુમાં,*

*(બ) એવો નિર્ણય કરવાના હેતુ માટે કે, અને જો તેમ હોય તો કઈ રીતમાં આવાં કોઈ કાર્યો પાર પડી રહેલાં છે કે કેમ અથવા આ કાયદાની, આ કાયદાની તળે બનાવેલા નિયમોની જોગવાઈઓનું પાલન થાય છે કે, નિયમો તળે થયેલ કોઈ નોટિસ બજી છે, કે હુકમ થયેલ છે, કે સૂચના અપાયેલ છે કે કેમ કે આ કાયદા તળે સત્તા અપાઈ છે કે કેમ અને તે આ કાયદા અને તે નીચેના હુકમોની જોગવાઈઓનું પાલન થાય છે કે કેમ તેવો નિર્ણય કરવાના હેતુમાં;*

(ક) કોઈપણ સાધન ઔદ્યોગિક યંત્ર, નોંધ, રજિસ્ટર, દસ્તાવેજ, બીજી કોઈ ચીજ-વસ્તુનું પરીક્ષણ-તપાસ કરવાના હેતુમાં, પોતાને એમ માનવાને કારણ છે કે જે-તે મકાનમાં આ કાયદો અને તે નીચેના નિયમોની નીચે કોઈ ગુન્હો બન્યો છે, બને છે કે બનવાને શકયતા છે તે મકાનમાં શોધ (સર્ચ) કાર્ય પાર પાડવા માટે અને તે સાધનો ઔદ્યોગિક યંત્ર, રેકર્ડ, રજિસ્ટર, દસ્તાવેજ કે બીજી ચીજ-વસ્તુને કબજે કરવાના હેતુમાં કે જે વસ્તુઓ આ કાયદા કે આ કાયદા તળેના નિયમો તળે ગુન્હો બનવા કે બન્યાનો પુરાવો પૂરો પાડી શકે તેમ છે અથવા તેને એમ લાગે કે આવી જપ્તી પર્યાવરણીય પ્રદૂષણને રોકવા જરૂરી છે કે પ્રદૂષણ ઓછું કરવા જરૂરી છે.

(૨) કોઈપણ વ્યક્તિ કોઈ ઉદ્યોગ, કાર્યવાહી, ક્રિયા હાનિકારક પદાર્થથી કરતી હોય, તે પેટા-કલમ (૧) નીચે કેન્દ્ર સરકારશ્રી દ્વારા અધિકૃત વ્યક્તિને, તે પેટા-કલમ તળે તે કાર્યો કરવા માટે બધો જ સહકાર આપવાને બંધાયેલ છે અને એમ કરવામાં જો તે કોઈ વાજબી કારણ વિના નિષ્ફળ જાય તો, તે આ કાયદા તળે ગુન્હેગાર ઠરશે.

(૩) જો કોઈ વ્યક્તિ, સ્વેચ્છાએ ઢીલ કરે, કે કેન્દ્ર સરકારએ પેટા-કલમ (૧) નીચે અધિકૃત કરેલ વ્યક્તિને તેની કાર્યવાહીને અડચણ કરે, તો તે આ કાયદા નીચે ગુન્હેગાર ઠરશે.

(૪) ક્રિમિનલ પ્રોસિજર કોડ ૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો) ની જોગવાઈઓ, અથવા જમ્મુ અને કાશ્મીર રાજ્યના સંબંધમાં અથવા કોઈપણ વિસ્તાર જેમાં તે કોડ અમલમાં ન હોય, આવી જોગવાઈઓને મળતા જે - તે રાજ્યના કે વિસ્તારના અમલમાં કાયદાની જોગવાઈઓ, જ્યાં સુધી શક્ય છે ત્યાં સુધી આ કલમ નીચેની શોધ અને જપ્તીને લાગુ પડશે, તેવી રીતે કે તે, તે કોડની કલમ ૯૪ નીચે જારી કરેલ જપ્તી વોરન્ટની સત્તા નીચે કોઈ શોધ કે જપ્તી કરેલ હોય, જેવી પરિસ્થિતિ, કથિત કાયદાની જોગવાઈઓ નીચે

**૧૧. નમૂનો ગ્રહણ કરવાની સત્તા અને તે બાબત સંબંધે અનુસરણ કરવાની ગતિવિધિ :**

(૧) આ બાબતનો અધિકૃત કોઈપણ અમલદાર અથવા કેન્દ્રીય સરકાર, કોઈપણ કારખાનું, મકાન કે જગ્યામાંથી હવા, પાણી, માટી કે બીજા પદાર્થના પૃથક્કરણના હેતુમાં તેવી રીતે નમૂનાઓ લેશે કે જે નિર્દિષ્ટ રીત હોય.

(૨) પેટા કલમ (૩) અને (૪) ની જોગવાઈઓનું પાલન ન થયું હોય તો પેટા કલમ (૧) નીચે લીધેલ નમૂનાઓના પૃથક્કરણનું પરિણામ કોઈપણ કાયદેસરની કાર્યવાહીમાં પુરાવામાં સામેલ રહી શકશે નહિ.

(૩) પેટા કલમ (૧) નીચે નમૂના લેનાર વ્યક્તિ, પેટા કલમ (૪) નીચે જોગવાઈઓને આધીન :

(અ) જે તે જગ્યાને રાખનાર કે તેના વચેટીયા (એજન્ટ) કે તેની વ્યક્તિને ત્યાં અને તે સમયે તેવી નોટિસ કરશે કે નિર્દિષ્ટ કરેલ સ્વરૂપમાં તે પૃથક્કરણ કરવાનો ઈરાદો ધરાવે છે.

(બ) પૃથક્કરણ માટેનો નમૂનો જગ્યા રાખનાર તેના માણસ કે એજન્ટની રૂબરૂમાં એકઠો કરશે.

(ક) એક પાત્રમાં કે પાત્રોમાં તે નમૂના રખાવશે કે પાત્રોને નિશાની કરાશે, સીલ કરાશે અને બંને દ્વારા નમૂનો લેનાર અને જેની હાજરીમાં જગ્યા રાખનાર, તેના માણસ કે એજન્ટની હાજરીમાં લીધેલ નમૂનાવાળા પાત્ર પર સહી-હસ્તાક્ષર કરાશે.

(ક) તે પાત્ર કે પાત્રોને કલમ-૧૨ તળે સ્થાપિત કે કેન્દ્ર સરકાર દ્વારા પ્રમાણિત પ્રયોગશાળામાં ઢીલ કર્યા વિના રવાના કરશે.

(૪) પેટા કલમ (૧) તળે એક જમીનો લેવામાં આવે અને નમૂનો લેનાર વ્યક્તિ જગ્યા રાખનાર, તેના માણસ, કે એજન્ટને પેટા કલમ (૩) ના ઉપવાક્ય (અ) નીચે નોટિસ દ્વારા જાણ કરે ત્યારે,

(અ) જગ્યા રાખનાર, તેના માણસ કે એજન્ટ સ્વેચ્છાએ ગેરહાજર રહે, ત્યારે જમીન લેવા આવનાર વ્યક્તિ પૃથક્કરણ કરવા જોગ નમૂના એકઠા કરશે. જે પાત્ર કે પાત્રોમાં રાખવાના છે. જે પાત્ર કે પાત્રોને નિશાની આપીને સીલ કરાશે અને તેના પર નમૂના લેનાર વ્યક્તિની સહી પણ થશે, અને

(બ) એવા કિસ્સામાં જ્યાં નમૂના લેવાના સમયે હાજર જગ્યા રાખનાર કે તેના માણસ કે એજન્ટ નિશાની કરેલ અને સીલ કરેલ પાત્ર કે પાત્રો પર સહી કરવાની ના કહેશે જે પેટા કલમ (૩) ના વાક્ય (ક) નીચે જરૂરી છે, ત્યાં (તેવા સંજોગોમાં) નમૂના એકત્ર કરનાર વ્યક્તિ પાત્રો પર સહી કરશે.

અને પૃથક્કરણ માટે નમૂના એકત્ર કરનાર વ્યક્તિ કોઈપણ ઢીલ કર્યા સિવાય તે પાત્રોને કે પાત્રને કલમ-૧૨ નીચે સ્થાપિત કે પ્રમાણિત (સ્વીકૃત) પ્રયોગશાળામાં મોકલી આપશે અને આવી (નમૂના લેનાર) વ્યક્તિ, કલમ-૧૩ નીચે નિયુક્ત કે માન્ય પૃથક્કરણ કરનાર અધિકારીને લેખિતમાં જગ્યા રાખનાર, તેની વ્યક્તિ કે એજન્ટની સ્વેચ્છાએ ગેરહાજરી કે તેની પાત્ર કે પાત્રો પર સહી કરવાની મનાઈ બાબતે જાણ કરશે.

## ૧૨. પર્યાવરણીય પ્રયોગશાળાઓ

(૧) તેમના કચેરી રાજ્ય પત્રિત ગેઝેટમાં કેન્દ્ર સરકારશ્રી જાહેર નોટિસ દ્વારા :

(અ) એક કે તેથી વિશેષ પર્યાવરણીય પ્રયોગશાળાઓની સ્થાપના કરશે.

(બ) પર્યાવરણીય પ્રયોગશાળાને આ કાયદા તળે કાર્યવાહી પાર પાડવા માટે એક કે તેથી વિશેષ સંખ્યામાં પ્રયોગશાળાઓ કે સંસ્થાઓને માન્યતા આપશે.

(૨) તેમના કચેરીના રાજ્યપત્રિત ગેઝેટમાં જાહેર નોટિસ દ્વારા કેન્દ્ર સરકાર નીચેની બાબતોને લક્ષ્ય કરીને નિયમો બનાવશે.

(અ) પર્યાવરણીય પ્રયોગશાળાનાં કાર્યો :

(બ) હવા, પાણી, માટી અથવા અન્ય પદાર્થોના પૃથક્કરણ કે ચકાસણી માટેના નમૂનાઓ જે - તે પ્રયોગશાળાને સોંપવા માટેની ગતિવિધિ (પ્રક્રિયા), તેના ઉપર પ્રયોગશાળા હેવાલનું સ્વરૂપ અને આ અહેવાલ માટે ચૂકવવાપાત્ર થતું લવાજમ.

(ક) જે તે પ્રયોગશાળાએ તેની કાર્યવાહી પાર પાડવા શક્ય બને તે માટે એવી જરૂરી અને યોગ્ય બીજી બાબતો.

## ૧૩. સરકારી પૃથક્કરણ કર્તાઓ (એનાલિસ્ટ્સ) :

કેન્દ્ર સરકાર તેમના રાજ્ય પત્રિત કચેરીના ગેઝેટમાં જાહેરાત કરીને તેમને ઠીક લાગે તેવા કલમ-૧૨ની પેટા કલમ (૧) તળે સ્થાપિત કે માન્ય પર્યાવરણીય પ્રયોગશાળામાં હવા, પાણી, માટી કે બીજા પદાર્થોના પૃથક્કરણ માટે સરકારી ધરાવતી વ્યક્તિની નિમણૂક કરી શકે.

**૧૪. સરકારી પૃથક્કરણકર્તાઓનો અહેવાલ :**

*સરકારી પૃથક્કરણકર્તાએ સહી કરેલ કોઈપણ દસ્તાવેજ જે અહેવાલ તરીકે અર્થઘટન કરતો હોય, તે આ કાયદાની કાનૂની કાર્યવાહીમાં જો તે અહેવાલમાં જણાવેલ હકીકતોના પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે.*

**૧૫. આ કાર્યવાહીની જોગવાઈઓ, નિયમો, હુકમો અને સૂચનાઓની વિરુદ્ધના વર્તન બદલ દંડઃ**

*(૧) આ કાયદાની જોગવાઈઓ, કે નિયમો, કે હુકમો કે સૂચનાઓ જે આ કાયદાની જોગવાઈઓ તળે જારી કરાયેલ હોય તેનું પાલન કરવામાં નિષ્ફળ જનાર કે તેની વિરુદ્ધ વર્તન કરનાર કોઈપણ વ્યક્તિ આવી દરેક નિષ્ફળતા કે વિરોધાભાસના વિષયમાં તે પાંચ વર્ષ સુધીની કેદ અથવા એક લાખ રૂપિયા સુધીના દંડની સજાને કે બંને સજાને પાત્ર થશે, અને ત્યારબાદ આવા પહેલી વખત તકસીરવાર ઠરાવ્યા બાદ પણ જો આવી નિષ્ફળતા કે વિરોધાભાસ ચાલુ રહે તો, વધારાના દંડની સજાને પાત્ર થશે જે દરેક દિવસના રૂા. પાંચ હજાર જે તે દિવસ દરમિયાન આવી નિષ્ફળતા કે વિરોધાભાસ જારી હોય તેટલા માટે.*

*(૨) તકસીરવાર ઠર્યાની તારીખ પછી પેટા કલમ (૧) માં જણાવેલ નિષ્ફળતા કે વિરોધાભાસ એક વર્ષના ગાળાથી વિશેષ સમય ચાલુ રહે તો, જે તે ગુન્હેગાર તેવા સમય સુધી કેદની સજાને પાત્ર થશે જે સાત વર્ષના ગાળા સુધી જાય.*

**૧૬. કંપનીઓ (પેઢીઓ) દ્વારા થતા ગુન્હાઓ :**

*(૧) જ્યાં કોઈ એક કંપની દ્વારા આ કાયદા તળે કોઈ ગુન્હો આચરણ થતો હોય ત્યાં, ગુન્હો બન્યાના સમયે, સીધેસીધા કંપનીના હવાલા (ચાર્જ) માં રહેલ કંપનીના ધંધા-વ્યવહાર ચલાવવામાં જવાબદાર હોય, તેમજ સ્વયં કંપની, જે-તે ગુન્હાના ગુન્હેગાર ગણાશે અને તેમની સામે કાનૂની કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે અને તદ્નુસાર સજા પામશે.*

*શરત એટલી કે આ કાયદાનુસાર આ પેટા કલમમાં જણાવેલ સજા માટે એવી કોઈ વ્યક્તિને સજાને ગણવામાં આવશે નહિ, જે એવું પુરવાર કરી બતાવશે કે ગુન્હો તેની જાણ બહાર બન્યો છે, અથવા તેણે આવા ગુન્હાનું આચરણ થતું રોકવા માટે ધોરણસરની તકેદારીનો ઉપયોગ કરેલો.*

*(૨) પેટા કલમ (૧) માં જણાવ્યા બાબતમાં કંઈપણ ધ્યાને ન લેતાં એક કંપનીને આ કાયદા તળે આચરણ કરેલ ગુન્હા બાબતમાં અને તે હકીકત પુરવાર થાય કે કંપનીના કોઈ નિયામક (ડાયરેક્ટર) વ્યવસ્થાપક (મેનેજર) સચિવ (સેક્રેટરી) કે અન્ય અમલદારની સંમતિથી કે તેના મેળાપીપણામાં કે તેને લાગુ કરી શકાય તેવી રીતે તે ગુન્હો બન્યો છે, તો તેવા ડાયરેક્ટર, મેનેજર, સચિવ કે અન્ય અમલદાર પણ તે ગુન્હાના ગુન્હેગાર ઠેરવી શકાશે અને તેમની સામે કાનૂની કાર્યવાહી થઈ શકે છે અને તેમને તદ્નુસાર સજા પણ થઈ શકે છે.*

*ખુલાસો : આ કલમના હેતુમાં :*

*(અ) "કંપની" નો અર્થ કોઈ કોર્પોરેટ બોડી થાય છે અને તે શબ્દ પેઢી કે અનેક વ્યક્તિઓનું સંગઠનનો પણ સમાવેશ કરે છે.*

*(બ) એક પેઢીના સંબંધમાં "ડાયરેક્ટર" શબ્દનો અર્થ પેઢીના એક ભાગીદાર એવો થાય છે.*

**૧૭. સરકારી ખાતા દ્વારા થતા ગુન્હાઓ :**

(૧) જ્યાં આ કાયદા તળે આવતો ગુન્હો સરકારના કોઈ ખાતા દ્વારા આચરણ થાય ત્યાં, તે ખાતાના વડા કે ગુન્હાના ગુન્હેગાર ગણાશે અને તેમની સામેની કાનૂની કાર્યવાહીને જવાબદાર રહેશે અને તદ્નુસાર સજાને પાત્ર થશે.

શરત એટલી જ કે આ કલમ માંહેની કોઈપણ બાબત ખાતાના આવા કોઈપણ વડાને કોઈ સજાને પાત્ર ઠેરવશે નહિ. જો તે એવું સાબિત કરી આપે કે તે ગુન્હો તેની જાણ બહાર થયો છે અથવા આવો બનતો ગુન્હો અટકાવવા માટે તેમણે ધોરણસરની બધી જ તકેદારી અજમાવેલી.

(૨) પેટા કલમ (૧) માં જણાવેલ કોઈપણ બાબતને સંમત થયા વિના, જ્યાં આ કાયદા તળે કોઈ ગુન્હો સરકારના કોઈ ખાતા દ્વારા આચરણ થયો હોય, અને તેવું પુરવાર થાય કે તે ગુન્હો તે ખાતાના વડા સિવાય કોઈ અન્ય અમલદારની સંમતિથી કે મેળાપીપણામાં, કે તેને લાગુ કરી શકાય તે રીતેની તેની બેદરકારીથી ગુન્હો થયો છે, તો આવા અમલદાર પણ તે ગુન્હાના ગુન્હેગાર ઠરશે અને તેની સામેની કાનૂની કાર્યવાહીને પાત્ર રહેશે અને તદ્નુસાર સજા પણ પામશે.

## પ્રકરણ-૪

## પરચૂરણ

**૧૮. સન્નિષ્ઠાથી લીધેલ પગલાનું રક્ષણ :**

સરકાર, કે સરકારના કોઈ અમલદાર કે નોકરિયાત કે આ કાયદા તળે સ્થપાયેલ કોઈ સત્તા, કે આવી સત્તાના કોઈ સભ્ય, અમલદાર કે અન્ય કર્મચારી વિરુદ્ધ આ કાયદાના કે તે નીચે નિયમ કે થયેલ હુકમ કે સૂચનાના સંદર્ભમાં સંનિષ્ઠાથી કરવામાં આવેલ કોઈ કાર્ય કે કરવા નક્કી કરાયેલ કાર્ય બાબતે કોઈ દાવો, ફોજદારી કાર્યવાહી કે બીજી કાયદેસરની કાર્યવાહી થઈ શકશે નહિ.

**૧૯. ગુન્હાઓની માન્યતા (કોગ્નીઝેબલ) :**

આ કાયદા તળેના ગુન્હાની માન્યતાને કોઈ અદાલત ગ્રહણ કરશે નહિ, સિવાય કે નીચેનાઓએ કરેલ ફરિયાદ બાબત.

(અ) આ બાબતમાં સત્તા સોંપાયેલ કોઈ સરકાર કે કેન્દ્ર સરકાર કે બીજી કોઈ સત્તા; અથવા

(બ) કથિત ગુન્હો બન્યા બાબતની સાઈઠ દિવસની નોટિસ આપનાર કોઈ વ્યક્તિ, નિર્દિષ્ટ સ્વરૂપની નોટિસથી કે અમલદાર જે કોઈ અહેવાલો, રિટર્નસ, આંકડાઓ, હિસાબ અને અન્ય માહિતી બાબતે, અને આવી વ્યક્તિ, અમલદાર, રાજ્ય સરકારશ્રી, અથવા બીજી સત્તા તેમ કરવાને બંધાયેલ રહેશે.

**૨૦. બધી જ કે તે માંહેની કોઈપણ બાબત કે બાબતો પર નિયમોને ઘડશે :**

(અ) કલમ-૭ ની તળે પર્યાવરણીય પ્રદૂષકોની બહાલી / ફંકાવ માટે નક્કી કરેલ ધોરણથી વિશેષ ન થવા બાબત.

(બ) ગતિવિધિઓ જેને અનુસરીને, અને બચાવ પ્રક્રિયા જેના પાલનમાં હાનિકારક પદાર્થોનો વ્યવહાર/ સંચાલન કલમ (૮) તળે કરવામાં કે ઠરાવવામાં આવે.

(ક) સત્તાઓ અથવા તેની એજન્સીઓ જેમને નિર્દિષ્ટ ધોરણ (માપ) થી વિશેષ કોઈ પર્યાવરણીય નિકાલ થયાની કે તેવી દહેશતની હકીકતની જાણ કરવાની થાય અને જેમને કલમ (૯) ની પેટા-કલમ (૧) તળે બધો જ સહકાર આપવાની જવાબદારી થતી હોય.

(ડ) કલમ-૧૧ ની પેટા કલમ (૧) તળે હવા, પાણી, માટી કે અન્ય પદાર્થના પૃથક્કરણના હેતુમાં નમૂનાઓ એકઠા કરવાની રીત.

(ઈ) કલમ-૧૧ ની પેટા કલમ (૩) ના વાક્ય (અ) તળે પૃથક્કરણના હેતુમાં નમૂના લેવાના ઈરાદાની કરવા જોગ નોટિસનું સ્વરૂપ.

(ફ) પર્યાવરણીય પ્રયોગશાળાનાં કાર્યો, હવા, પાણી, માટી અને અન્ય પદાર્થોના પૃથક્કરણ કે ચકાસણી માટે નમૂનાઓ આવી પ્રયોગશાળાઓને આપવા માટેની ગતિવિધિ, પ્રયોગશાળાના હેવાલનું સ્વરૂપ; પ્રયોગશાળાને

**૨૧. માહિતી, અહેવાલ કે વળતરો (રિટર્ન) :**

કેન્દ્ર સરકારશ્રીને કાયદા તળે તેની કાર્યવાહીના સંબંધમાં, અવારનવાર કોઈ વ્યક્તિ, અમલદાર રાજ્ય સરકાર કે અન્ય સત્તા કે અન્ય નિર્દિષ્ટ સત્તા કે અમલદાર દ્વારા કોઈ અહેવાલો, વળતરો, આંકડાઓ, હિસાબો અને અન્ય માહિતીઓ પૂરી પાડવાની જરૂર પડી શકે છે, અને આવી વ્યક્તિ, અમલદાર, રાજ્ય સરકાર કે અન્ય સત્તા તેમ કરવાને બંધાયેલ રહેશે.

**૨૨. કલમ-૩ તળે નિર્મિત સત્તાના સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ જાહેર સેવકો ગણાશે :**

કલમ-૩ તળે નિર્મિત સત્તાના બધા જ સભ્યો, જો કોઈ હોય તો અને બધા જ અધિકારીઓ આવી સત્તાના અન્ય કર્મચારીઓ આ કાયદાની જોગવાઈઓ તળે કામ કરતા હોય કે કામ કરાવતા હોય કે આ કાયદાના નિયમો હુકમો કે તે નીચે થયેલ સૂચનો તળે કામ કરતા કે કરાવતા હોય. તેઓ સર્વે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૧ ના (૧૮૬૦ નો ૪૫ મો) અર્થઘટનમાં લેવાતા જાહેર સેવકો ગણાશે.

**૨૩. હકૂમતનો બાધ :**

આ કાયદા તળે કોઈ હુકમ કે સૂચના કરનાર, કે કાર્યવાહી કરનાર કે પગલાં લેનાર કેન્દ્ર સરકાર, અથવા કેન્દ્ર સરકાર દ્વારા સોંપાયેલ સત્તા દ્વારા કોઈ અન્ય સત્તાધિકારી કે અમલદાર દ્વારા કંઈપણ કરવામાં આવ્યું હોય, કે પગલાં લીધેલાં હોય કે હુકમ કે સૂચના આપવામાં આવેલ હોય તે, કૃત્યના સંદર્ભમાં કોઈ દીવાની અદાલતને કોઈ દાવો કે કાનૂની કાર્યવાહી સ્વીકારવાની હકૂમત થતી નથી.

**૨૪. (સત્તા) સોંપવાનો અધિકાર :**

કલમ-૩ ની પેટા કલમ (૩) ને પૂર્વગ્રહ કર્યા સિવાય, તેમના રાજ્ય પત્રિત કચેરી ગેઝેટમાં જાહેરાત દ્વારા, તે જાહેરાતમાં દર્શાવેલ તેવી શરતો અને મર્યાદાઓને આધીન જે તેમને યોગ્ય અને જરૂરી જણાય કોઈપણ અમલદાર, રાજ સરકાર કે અન્ય સત્તાને આ કાયદા તળે એવી સત્તાઓ અને કાર્યવાહીઓ સોંપી શકે છે.

(કલમ-૨૫ તળે નિયમો ઘડવા અને કલમ-૩ની પેટાકલમ (૩) તળે કોઈ સત્તાની નિમણૂક કરવાના અધિકાર સિવાય)

**૨૫. અન્ય કાયદાઓની અસર/અમલ :**

(૧) પેટા કલમ (૨) ની જોગવાઈઓને આધીન રહીને, આ કાયદાની જોગવાઈઓ અને નિયમો તેમજ તે નીચે થયેલ હુકમો આ કાયદા સિવાય કોઈપણ કાયદા કોઈ બાબતે સુસંગત ન થતા હોય તેને ધ્યાનમાં લીધા સિવાય (ગણકાર્યા વિના) અમલકારક/અસરકારક રહેશે.

(૨) જ્યારે કોઈ કૃત્ય કે નિષ્ક્રિયતા આ કાયદા તળે, તેમજ અન્ય કાયદા તળે પણ સજા પાત્ર ગુન્હો બનતો હોય ત્યારે તેવો ગુન્હો આચરનાર સાબિત થતી વ્યક્તિ તે બીજા કાયદા તળે સજાને પાત્ર ઠરશે અને આ કાયદા તળે નહિ.

**૨૬. નિયમો ઘડવાની સત્તા :**

*(૧) કેન્દ્ર સરકાર તેમના રાજ્ય પત્રિત ગેઝેટમાં પ્રસિદ્ધિ કરીને, આ કાયદાના હેતુઓ પાર પાડવા માટે નિયમો ઘડી કાઢશે.*

*(૨) ખાસ કરીને આગળ ઉપર સહી સત્તાઓની સામાન્યતાને પૂર્વગ્રહ કર્યા સિવાય નીચે દર્શાવેલી ચૂકવવા પાત્ર થતું લવાજમ, અને કલમ-૧૨ની પેટા-કલમ (૨) તળે પ્રયોગશાળાઓને કાર્યવાહી પાર પાડવાના સમર્થન માટે અન્ય બાબતો.*

*(૩) હવા, પાણી, માટી કે અન્ય પદાર્થોના નમૂનાઓના કલમ-૧૩ તળે પૃથક્કરણ હેતુ માટે સરકાર દ્વારા નિમણૂક કરવા પાત્ર કે માન્યતાપાત્ર પૃથક્કરણ કરનાર વ્યક્તિની યોગ્યતા.*

*(૪) ગુન્હો બન્યા સંબંધી અને તદ્નુસાર સરકારશ્રીને કલમ-૧૯ના વાક્ય (બ) તળે ફરિયાદ કરવાના ઈરાદાની અપાતી નોટિસની રીત.*

*(૫) સત્તાધિકારી કે અમલદાર જેમને હવાલો, વળતરો, આંકડાઓ, હિસાબો અને અન્ય માહિતીઓ કલમ-૨૦ તળે પૂરી પાડવાની હોય.*

*(૬) બીજી કોઈપણ બાબત જે નિર્દિષ્ટ થવી જરૂરી છે કે નિર્દિષ્ટ (પ્રિસ્કાઈબ્ડ) થવાની છે.*

• • •

# ભારતીય ફોજદારી ધારો

## ધર્મ સંબંધી ગુના

**૨૯૫-ક કોઈ વર્ગના લોકોના ધર્મનું અથવા ધાર્મિક માન્યતાઓનું અપમાન કરીને તેમની ધાર્મિક લાગણીઓને આઘાત પહોંચાડવાના ઈરાદાથી કરેલાં હેતુપૂર્વક અને દ્વેષપૂર્ણ કૃત્યો :**

*જે કોઈ વ્યક્તિ, ભારતના નાગરિકોના કોઈ વર્ગની ધાર્મિક લાગણીઓને આઘાત પહોંચાડવાના હેતુપૂર્વક અને દ્વેષપૂર્ણ ઈરાદાથી બોલેલા અથવા લખેલા શબ્દોથી અથવા ચિહ્નોથી અથવા જોઈ શકાય તેવી નિશાનીઓથી અથવા અન્યથા તેના ધર્મનું અથવા ધાર્મિક માન્યતાઓનું અપમાન કરે અથવા તેમ કરવાનો પ્રયત્ન કરે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.*

**૪૨૫ બગાડ (Mischief)**

*જે કોઈ વ્યક્તિ, લોકોને અથવા કોઈ વ્યક્તિને ગેરદાયદેસર નુકસાન અથવા હાનિ કરવાના ઈરાદાથી અથવા પોતે તેમ કરશે એવો સંભવ હોવાનું જાણવા છતાં કોઈ મિલકતનો નાશ કરે અથવા કોઈ મિલકતમાં કે તેની સ્થિતિમાં એવા કોઈ ફેરફાર કરે કે જેથી તેની કિંમત અથવા ઉપયોગિતામાં ઘટાડો થાય કે નાશ પામે અથવા તેને તેનાથી નુકસાન થાય, તે વ્યક્તિ "બગાડ" કરે છે.*

**સ્પષ્ટીકરણ-૧ :** *બગાડના ગુના માટે એ આવશ્યક નથી કે જે મિલકતને નુકસાન થયું હોય અથવા જે મિલકતનો નાશ થયો હોય તેના માલિકને નુકસાન કે હાનિ કરવાનો ગુનેગારનો ઈરાદો હોય. કોઈપણ મિલકતને હાનિ પહોંચાડીને કોઈ વ્યક્તિ ગેરકાયદે નુકસાન અથવા હાનિ પહોંચાડીને કોઈ વ્યક્તિને ગેરકાયદે નુકસાન અથવા હાનિ કરવાનો તે વ્યક્તિનો ઈરાદો હોય અથવા પોતે તેમ કરશે એવો સંભવ હોવાનું તે જાણતી હોય તો તે પૂરતું છે પછી ભલે તે મિલકત વ્યક્તિની હોય કે ન હોય.*

**સ્પષ્ટીકરણ ૨ :** *બગાડ કરનાર વ્યક્તિની માલિકીની અથવા તેની અને બીજાઓની સંયુક્ત માલિકીની મિલકતને અસર પહોંચાડે તેવું કૃત્ય કરીને બગાડ કરી શકાય.*

**ઉદાહરણો**

*(ક) 'ઝ'ને ગેરદાયદે નુકસાન કરવાના ઈરાદાથી 'ઝ'ની કિંમતી જામનગીરી 'ક' સ્વેચ્છાપૂર્વક બાળી નાખે છે. 'ક'એ બગાડ કર્યો છે.*

*(ખ) 'ઝ'ને ગેરદાયદે નુકસાન કરવાના ઈરાદાથી 'ઝ'ની બરફની વખારમાં 'ક' પાણી દાખલ કરે છે અને તેથી બરફ ઓગળી જાય છે. 'ક'એ બગાડ કર્યો છે.*

(ગ) 'ઝ'ને ગેરકાયદે નુકસાન કરવાના ઈરાદાથી 'ઝ'ની વીંટી 'ક' નદીમાં સ્વેચ્છાપૂર્વક ફેંકી દે છે. 'ક'એ બગાડ કર્યો છે.

(ઘ) 'ઝ'નું પોતાની પાસેનું લેણું ચૂકવવા માટે પોતાની માલમત્તા ઉપર બજવણી થવાની છે, એમ જાણવા છતાં 'ઝ' પોતાનું લેણું વસૂલ કરતો અટકાવવા અને એ રીતે તેને નુકસાન કરવાના ઈરાદાથી 'ક' તે માલમત્તાનો નાશ કરે છે. 'ક' એ બગાડ કર્યો છે.

(ચ) એક જહાજનો વીમો ઉતરાવીને વીમો ઉતારનારને નુકસાન કરવાના ઈરાદાથી 'ક' તે જહાજને સ્વેચ્છાપૂર્વક તજી દેવડાવે છે. 'ક'એ બગાડ કર્યો છે.

(છ) જહાજના માલ ઉપર 'ઝ' નાણાં ધીરે છે. 'ઝ'ને નુકસાન કરવાના ઈરાદાથી 'ક' તે જહાજને તજી દે છે. 'ક'એ બગાડ કર્યો છે.

(જ) 'ક' અને 'ઝ' એક ઘોડાના સંયુક્ત માલિકો હોવા છતાં 'ક' એ 'ઝ'ને ગેરકાયદે નુકસાન કરવાના ઈરાદાથી તે ઘોડાને ગોળીથી ઠાર કરે છે. 'ક'એ બગાડ કર્યો છે.

(ઝ) 'ઝ'ના પાકને નુકસાન કરવાના ઈરાદાથી અને પોતે તેમ કરશે એવો સંભવ હોવાનું જાણવા છતાં 'ક' 'ઝ'ના ખેતરમાં ઢોર દાખલ કરે છે. 'ક'એ બગાડ કર્યો છે.

**૪૨૮ દસ રૂપિયાની કિંમતના પશુને મારી નાખીને અથવા અપંગ કરીને બગાડ કરવા બાબત :**

જે કોઈ વ્યક્તિ, દસ રૂપિયાની કિંમતના અથવા તેથી વધુ કિંમતનાં પશુ કે પશુઓને મારી નાખીને, ઝેર આપીને, અપંગ કરીને અથવા નકામા કરી નાખીને બગાડ કરે. તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડને અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**૪૨૯ ગમે તે કિંમતનાં ઢોર, વગેરેને અથવા પચાસ રૂપિયાની કિંમતના કોઈ પશુને મારી નાખીને અથવા અપંગ કરીને બગાડ કરવા બાબત :**

જે કોઈ વ્યક્તિ ગમે તે કિંમતના હાથી, ઊંટ, ઘોડા, ખચ્ચર, ભેંસ, આખલા, ગાય અથવા બળદને અથવા પચાસ રૂપિયાની અથવા તેથી વધુ કિંમતના કોઈ બીજા પશુને મારી નાખીને, ઝેર આપીને, અપંગ કરીને અથવા નકામા કરી નાખીને બગાડ કરે, તેને પાંચ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

• • •

# ફોજદારી કાર્યરીતિ અધિનિયમ

**૪૩. ખાનગી વ્યક્તિઓએ કરવાની ઘડપકડ અને ત્યારપછીની કાર્યરીતિ :**

(૧) કોઈપણ ખાનગી વ્યક્તિ, પોતાની હાજરીમાં બિન-જામીની અને પોલીસ અધિકારનો ગુનો કરનાર અથવા દોષિત ગુનેગારને પકડી અથવા પકડાવી શકશે અને આવી રીતે પકડાયેલ વ્યક્તિને નાહક ઢીલ કર્યા વિના તેણે કોઈ પોલીસ અધિકારીને સોંપવા કે સોંપી દેવડાવવી જોઈશે. અથવા કોઈ પોલીસ અધિકારી હાજર ન હોય તો તે વ્યક્તિને નજીકમાં નજીકના પોલીસ સ્ટેશને પહેરા નીચે લઈ જવી અથવા મોકલવી જોઈશે.

**૧૩૩ ત્રાસદાયક બાબત દૂર કરવા માટે શરતી હુકમ :**

(૧) કોઈ જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પેટા-વિભાગીય મેજિસ્ટ્રેટ અથવા રાજ્ય સરકારે આ અર્થે જેને ખાસ અધિકાર આપેલ હોય તે બીજા કોઈ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને પોલીસ અધિકારીનો રિપોર્ટ અથવા બીજી માહિતી મળ્યા ઉપરથી અને પોતાને લેવાનું યોગ્ય લાગે તેવો કોઈ પુરાવો લીધા પછી એમ લાગે કે -

(ક) લોકો જેનો કાયદેસર રીતે ઉપયોગ કરતા કે કરી શકતા હોય તેવા કોઈ રસ્તા, નદી કે નાળામાંથી અથવા કોઈ જાહેર જગ્યાએથી કોઈ ગેરકાયદેસરની અડચણ અથવા ત્રાસદાયક બાબત દૂર કરવી જોઈશે, અથવા

(ખ) કોઈ વેપાર કે ધંધો ચલાવવો અથવા કોઈ માલ કે વેપારી માલ રાખવો સમાજની તંદુરસ્તી કે શારીરિક સુખાકારી માટે નુકસાનકારક છે અને એટલા ખાતર તે વેપાર કે ધંધાની મનાઈ કરવી જોઈએ અથવા તેનું નિયમન કરવું જોઈએ અથવા તે માલ કે વેપારી માલ દૂર કરવો જોઈએ કે તેને રાખવાનું નિયમન કરવું જોઈએ; અથવા

(ગ) આગ લાગવાનો કે ધડાકો થવાનો સંભવ હોય એવું કોઈ મકાનનું બાંધકામ થતું અથવા કોઈ પદાર્થનો નિકાલ થતો અટકાવવો કે બંધ કરવો જોઈએ; અથવા

(ઘ) કોઈ મકાન, તંબુ કે ઈમલો અથવા કોઈ ઝાડ એવી સ્થિતિમાં છે કે તે પડી જઈને આજુબાજુમાં રહેનાર અથવા ધંધો કરનાર, રોજગાર કરનાર વ્યક્તિઓને અને રાહદારીઓને ઈજા પહોંચાડે એવો સંભવ છે અને એટલા માટે તે મકાન, તંબુ કે ઈમલાને દૂર કરવો, તેની મરામત કરવી કે તેને ટેકા દેવા અથવા કે ઝાડને દૂર કરવા કે તેને ટેકા દેવા જરૂરી છે, અથવા

(ચ) એવા કોઈ રસ્તા કે જાહેર સ્થળની બાજુમાં આવેલા તળાવ, કૂવા કે ખોદકામની એવી રીતે વાડ કરી લેવી જોઈએ કે જેથી લોકોને ભય ઊભો ન થાય અથવા

(છ) કોઈ ઝનૂની પ્રાણીનો નાશ કરવો જોઈએ અથવા તેને પૂરી રાખવું કે તેનો બીજી રીતે નિકાલ કરવો જોઈએ.

ત્યારે તે મેજિસ્ટ્રેટ તે અડચણ કે ત્રાસદાયક કૃત્ય કરનારને અથવા તે વેપાર કે ધંધો કરનારને અથવા તે માલ કે વેપારી માલ રાખનારને અથવા તે મકાન, તંબુ, ઈમલા, પદાર્થ, તળાવ, કૂવો કે ખોદકામનો માલિક, કબજેદાર કે તેનું નિયંત્રણ કરનારને અથવા તે પ્રાણી કે ઝાડના માલિકને કે કબજેદારને શરતી હુકમ કરી તે હુકમમાં જણાવેલ સમયમાં -

(૧) તે અડચણ કે ત્રાસદાયક બાબત દૂર કરવા; અથવા

(૨) તે વેપાર કે ધંધો ન કરવા અથવા આદેશ આપવામાં આવે તે રીતે તેને ખસેડવા કે તેનું નિયમન કરવા, અથવા આદેશ આપવામાં આવે એ રીતે તે માલ કે વેપારી માલ દૂર કરવા કે તે રાખવાનું નિયમન કરવા; અથવા

(૩) તે મકાનનું બાંધકામ અટકાવવા કે બંધ કરવા અથવા તે પદાર્થનો નિકાલ કરવામાં ફેરફાર કરવા; અથવા

(૪) તે મકાન, તંબુ કે ઈમલો દૂર કરવા, તેની મરામત કરવા અથવા તેને ટેકા દેવા અથવા તે ઝાડને દૂર કરવા કે તેને ટેકા દેવા; અથવા

(૫) તે તળાવ, કૂવા કે ખોદકામને વાડ કરી લેવા; અથવા

(૬) તે ઝનૂની પ્રાણીનો સદરહુ હુકમમાં જણાવ્યા પ્રમાણે નાશ કરવા, તેને પૂરી રાખવા કે તેનો નિકાલ કરવા.

ફરમાવી શકશે અથવા જો તેમ કરવા સામે તે વ્યક્તિને વાંધો હોય તો સદરહુ હુકમમાં દર્શાવેલા સમયે અને સ્થળે પોતાની સમક્ષ અથવા પોતાની સત્તા નીચેના બીજા કોઈ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવા અને આ અધિનિયમમાં હવે પછી જણાવેલી રીતે તે હુકમ શા માટે કાયમ ન કરવો જોઈએ તેનું કારણ દર્શાવવા ફરમાવી શકાશે.

(૨) આ કલમ હેઠળ મેજિસ્ટ્રેટે યોગ્ય રીતે કરેલા હુકમ સામે કોઈ દીવાની કોર્ટમાં વાંધો ઉઠાવી શકશે નહીં.

**સ્પષ્ટીકરણ : 'જાહેર જગ્યા'** માં રાજ્યની માલિકીની મિલકતનો, પડાવ, મેદાનો અને સ્વચ્છતા કે મનોરંજન માટે ખાલી રાખેલા મેદાનનો પણ સમાવેશ થાય છે.

**૧૩૪ હુકમની બજવણી કે જાહેરાત :**

(૧) શક્ય હોય તો જેની વિરુદ્ધ હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિ ઉપર સમન્સ બજાવવા માટે આ અધિનિયમમાં હવે પછી જણાવેલી રીતે તે બજાવવો જોઈશે.

(૨) તે હુકમ એ રીતે બજાવી ના શકાય તો રાજ્ય સરકાર નિયમ કરીને આદેશ આપે તે રીતે પ્રસિદ્ધ કરેલા જાહેરનામાથી તેની જાહેરાત કરવી જોઈએ. અને તે વ્યક્તિને તેની જાણ કરવા માટે સૌથી યોગ્ય લાગે તેવા સ્થળ કે સ્થળોએ તેની નકલ ચોડવી જોઈએ.

**૧૩૫ જેને હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિએ તેનું પાલન કરવા અથવા કારણ દર્શાવવા બાબત :**

*જેની વિરુદ્ધ એવો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિએ -*

*(ક) તે હુકમથી આદેશ આપવામાં આવ્યો હોય તે કાર્ય હુકમમાં નિર્દિષ્ટ કરેલા સમયમાં અને તે રીતે કરવું જોઈશે; અથવા*

*(ખ) તે હુકમ અનુસાર હાજર થઈને તેની વિરુદ્ધ કારણ દર્શાવવું જોઈશે.*

**૧૩૬ તે તેમ ન કરે તો તેનું પરિણામ :**

*તે વ્યક્તિ તે પ્રમાણે ન કરે અથવા હાજર થઈને કારણ ન દર્શાવે તો, 'ભારત ફોજદારી અધિનિયમ' ની કલમ ૧૮૮માં તે માટે ઠરાવેલી શિક્ષાને પાત્ર થશે અને તે હુકમ કાયમ કરવામાં આવશે.*

**૧૩૭ સાર્વજનિક હક હોવાનો ઈન્કાર કરવામાં આવે ત્યારે અનુસરવાની કાર્યરીતિ :**

*(૧) કોઈ માર્ગ, નદી, નાળા અથવા જગ્યાનો ઉપયોગ કરતાં લોકોને થતી અડચણ, ત્રાસ કે જોખમ નિવારવા માટે કલમ ૧૩૩ હેઠળ હુકમ કરવામાં આવે ત્યારે, જેની વિરુદ્ધ હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિ, પોતાની સમક્ષ હાજર થયે મેજિસ્ટ્રેટે તેને પૂછવું જોઈશે કે સદરહુ માર્ગ, નદી, નાળા અથવા જગ્યા અંગે કોઈ સાર્વજનિક હક હોવાનો તે ઈન્કાર કરે છે કે કેમ અને તે ઈન્કાર કરે તો મેજિસ્ટ્રેટ કલમ ૧૩૮ હેઠળ કાર્યવાહી કરતાં પહેલાં તે બાબતમાં તપાસ કરવી જોઈશે.*

*(૨) એ તપાસમાં, મેજિસ્ટ્રેટને એમ જણાય કે તે ઈન્કારના સમર્થનમાં વિશ્વાસપાત્ર પુરાવો છે તો એવો હક હોવા બાબતમાં કાયદેસર સત્તા ધરાવતી કોર્ટ નિર્ણય ન કરે ત્યાં સુધી, તેણે કાર્યવાહી થંભાવવી જોઈએ, અને તેને એમ જણાય કે એવો પુરાવો નથી તો કલમ ૧૩૮માં જણાવ્યા પ્રમાણે તેણે કાર્યવાહી કરવી જોઈશે.*

*(૩) પેટા કલમ (૧) હેઠળ, મેજિસ્ટ્રેટ તરફથી કોઈ વ્યક્તિને પૂછવામાં આવે ત્યારે તેણે મેજિસ્ટ્રેટના પ્રશ્નમાં ઉલ્લેખેલો સાર્વજનિક હક હોવાનો ઈન્કાર ન કર્યો હોય અથવા જેણે એ રીતે ઈન્કાર કર્યા પછી તેના સમર્થનમાં વિશ્વાસપાત્ર પુરાવો ન હોય, તે વ્યક્તિને ત્યાર પછીની કાર્યવાહીમાં એવો ઈન્કાર કરવાની છૂટ આપી શકાશે નહીં.*

**૧૩૮ તે વ્યક્તિ કારણ દર્શાવવા માટે હાજર થાય ત્યારે અનુસરવાની કાર્યરીતિ :**

*(૧) કલમ ૧૩૩ હેઠળ જેની વિરુદ્ધ હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિ, હાજર થઈને તે હુકમ વિરુદ્ધ કારણ દર્શાવે તો, મેજિસ્ટ્રેટે, તે બાબતમાં સમન્સ કેસમાં લેવાય છે તે મુજબ પુરાવો લેવો જોઈશે.*

*(૨) મેજિસ્ટ્રેટને એવી ખાતરી થાય કે મૂળ હુકમ અથવા પોતે જરૂરી ગણે એવા ફેરફારો સાથેનો હુકમ વાજબી અને યોગ્ય છે તો, યથાપ્રસંગ ફેરફારો વિના અથવા એ ફેરફારો સહિત, તે હુકમ કરવામાં આવશે.*

*(૩) મેજિસ્ટ્રેટને એવી ખાતરી ન થાય તો તે બાબતમાં આગળ કાર્યવાહી કરવામાં આવશે નહીં.*

**૧૩૯ સ્થાનિક તપાસ કરવા અને નિષ્ણાતની જુબાની લેવાનું ફરમાવવાની મેજિસ્ટ્રેટની સત્તા :**

*મેજિસ્ટ્રેટ કલમ ૧૩૭ કે કલમ ૧૩૮ હેઠળની તપાસના હેતુ માટે :*

*(ક) પોતે યોગ્ય ગણે તે 'વ્યક્તિને સ્થાનિક તપાસ કરવી એવું ફરમાવી શકશે, અથવા*

*(ખ) કોઈ નિષ્ણાતને બોલાવી અને તેની જુબાની લઈ શકશે.*

**૧૪૦ લેખિત સૂચના આપવા વગેરેની મેજિસ્ટ્રેટની સત્તા :**

*(૧) કલમ ૧૩૯ હેઠળ મેજિસ્ટ્રેટ કોઈ વ્યક્તિએ સ્થાનિક તપાસ કરવી એવું ફરમાવે, ત્યારે મેજિસ્ટ્રેટ -*

*(ક) તેના માર્ગદર્શન માટે જરૂરી જણાય તે લેખિત સૂચનાઓ તે વ્યક્તિને આપી શકશે;*

*(ખ) સ્થાનિક તપાસ માટે જરૂરી હોય તે તમામ ખર્ચ કે તેનો કોઈ ભાગ કોણે ભરવો તે ફરમાવી શકશે.*

*(૨) તે વ્યક્તિનો રિપોર્ટ કાર્યવાહીમાં પુરાવા તરીકે ધ્યાનમાં લઈ શકાશે.*

*(૩) કલમ ૧૩૮ હેઠળ, મેજિસ્ટ્રેટ કોઈ નિષ્ણાતને બોલાવી તેની જુબાની લે ત્યારે, મેજિસ્ટ્રેટ તે રીતે બોલવવામાં અને જુબાની લેવામાં થયેલ ખર્ચ કોણે ભરવો તે ફરમાવી શકશે.*

**૧૪૧ હુકમ કાયમ થતાં કાર્યરીતિ અને તેની અવજ્ઞાનું પરિણામ :**

*(૧) કલમ ૧૩૬ કે કલમ ૧૩૮ હેઠળ હુકમ કાયમ કરવામાં આવ્યો હોય ત્યારે, જેની વિરુદ્ધ હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિને મેજિસ્ટ્રેટે તે હુકમની નોટિસ આપીને તે હુકમથી આદેશ આપ્યો હોય તે કાર્ય નોટિસમાં નિયત કરેલા સમયમાં કરી લેવા વધુમાં ફરમાવવું જોઈશે અને હુકમની અવજ્ઞા થશે તો, તે 'ભારતના ફોજદારી અધિનિયમ' ની કલમ ૧૮૮માં ઠરાવેલી શિક્ષાને પાત્ર થશે એવી તેને જાણ કરવી જોઈશે.*

*(૨) નિયત સમયમાં એવું કાર્ય કરવામાં ન આવે તો મેજિસ્ટ્રેટ તે કરાવી લઈને તેમ કરવાનો ખર્ચ પોતાના હુકમથી દૂર કરવામાં આવેલી ઈમારત, માલ કે બીજી મિલકતનું વેચાણ કરીને અથવા મેજિસ્ટ્રેટની સ્થાનિક હકૂમતની અંદરની કે બહારની તે વ્યક્તિની કોઈ જંગમ મિલકત જપ્તીમાં લઈ તેનું વેચાણ કરીને વસૂલ કરી શકશે અને એવી બીજી મિલકત એવી હકૂમતની બહાર હોય તો જપ્તીમાં લેવાની મિલકત જે મેજિસ્ટ્રેટની સ્થાનિક હકૂમતમાં આવેલી હોય તે મેજિસ્ટ્રેટ તે અંગેના હુકમ નીચે શેરો કરે ત્યારે તેવા હુકમથી તેના જપ્તી અને વેચાણ અધિકૃત ગણાશે.*

*(૩) આ કલમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા કોઈ કાર્ય અંગે દાવો થઈ શકશે નહીં.*

**૧૪૨. તપાસ દરમિયાન મનાઈ હુકમ :**

(૧) કલમ ૧૩૩ હેઠળ હુકમ કરનાર મેજિસ્ટ્રેટને એમ લાગે કે લોકો ઉપર તોળાઈ રહેલા ગંભીર પ્રકારના જોખમ કે નુકસાનને અટકાવવા માટે તાત્કાલિક પગલાં લેવાં જોઈએ તો તેની વિરુદ્ધ એવો હુકમ કર્યો હોય તે વ્યક્તિને તે બાબતનો નિર્ણય થતાં સુધી એવું જોખમ કે નુકસાન થતું ટાળવા તથા અટકાવવા માટે તે મનાઈ હુકમ આપી શકશે.

(૨) તે વ્યક્તિ, એવા મનાઈ હુકમનું તરત પાલન ન કરે તો મેજિસ્ટ્રેટ એવું જોખમ કે નુકસાન થતું ટાળવા અથવા અટકાવવા પોતાને યોગ્ય લાગે તે ઉપાય પોતે કરી શકશે અથવા કરાવી શકશે.

(૩) આ કલમ હેઠળ મેજિસ્ટ્રેટ શુદ્ધબુદ્ધિથી કરેલા કોઈ કાર્ય અંગે દાવો થઈ શકશે નહીં.

**૧૪૩. મેજિસ્ટ્રેટ જાહેર ત્રાસદાયક બાબતનું પુનરાવર્તન કરવાની અથવા તે ચાલુ રાખવાની મનાઈ કરી શકશે :**

જિલ્લા મેજિસ્ટ્રેટ કે પેટા-વિભાગીય મેજિસ્ટ્રેટ અથવા રાજ્ય સરકારે કે જિલ્લા મેજિસ્ટ્રેટે આ માટે જેને સત્તા આપી હોય તેવા બીજા કોઈ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, 'ભારતના ફોજદારી અધિનિયમ'માં અથવા કોઈ ખાસ કે સ્થાનિક કાયદામાં આપેલી વ્યાખ્યા પ્રમાણેની કોઈ જાહેર ત્રાસદાયક બાબતનું પુનરાવર્તન કરવાની કે તે ચાલુ રાખવાની કોઈપણ વ્યક્તિને મનાઈ કરી શકશે.

## ત્રાસદાયક બાબતો અથવા ભયના સંદેશાના તાકીદના પ્રસંગો

**૧૪૪ ત્રાસદાયક બાબત કે ભયના સંદેશાના તાકીદના પ્રસંગોમાં હુકમ કરવાની સત્તા :**

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટ, પેટા-વિભાગીય મેજિસ્ટ્રેટ અથવા આ અર્થે રાજ્ય સરકારે ખાસ રીતે અધિકાર આપેલા બીજા કોઈ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટના અભિપ્રાય મુજબ, આ કલમ હેઠળ કાર્યવાહી કરવા માટે પૂરતું કારણ હોય અથવા કોઈ કૃત્ય અટકાવવાની અથવા તેનો તાત્કાલિક ઉપાય કરવાની તાત્કાલિક જરૂર હોય તે પ્રસંગે એવા મેજિસ્ટ્રેટને એમ લાગે કે કોઈ વ્યક્તિને અમુક કામ ન કરવાનો અથવા તેના કબજાની કે તેના વહીવટ નીચેની કોઈક મિલકત સંબંધમાં કોઈક વ્યવસ્થા કરવાનો આદેશ આપવાથી કાયદેસર કામ કરનાર કોઈ વ્યક્તિને થતી અડચણ, ત્રાસ કે નુકસાન અથવા લોકોના જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતું જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાશે કે અટકે તેમ છે, તો મેજિસ્ટ્રેટ કેસની મહત્ત્વની હકીકતો જણાવતો લેખિત હુકમ કરીને અને કલમ ૧૩૪માં જણાવેલી રીતે તે હુકમ બજાવડાવીને તે વ્યક્તિને એવો આદેશ આપી શકશે.

(૨) તાકીદના પ્રસંગે અથવા જેને તે હુકમ કરવાનો હોય તે વ્યક્તિને સંજોગોવશાત યોગ્ય સમયમાં નોટિસ બજાવી શકાય તેમ ન હોય તે પ્રસંગે, આ કલમ હેઠળ એકતરફી હુકમ થઈ શકશે.

(૩) આ કલમ હેઠળનો હુકમ કોઈ ચોક્કસ વ્યક્તિને અથવા કોઈ ચોક્કસ સ્થળ કે વિસ્તારમાં રહેનાર વ્યક્તિઓને, અથવા કોઈ ચોક્કસ સ્થળ કે વિસ્તારમાં વારંવાર કે કોઈવાર આવ-જા કરનાર તમામ લોકોને ઉદ્દેશીને થઈ શકશે.

(૪) આ કલમ હેઠળનો કોઈપણ હુકમ, તે કર્યાની તારીખથી બે મહિના કરતાં વધુ સમય સુધી અમલમાં રહેશે નહીં.

પરંતુ મનુષ્યના જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતું જોખમ અટકાવવા માટે અથવા હુલ્લડો કે બખેડો અટકાવવા માટે, રાજ્ય સરકારને તેમ કરવું જરૂરી લાગે તો તે જાહેરનામાથી એવો આદેશ આપી શકશે કે, આવો આદેશ આપવામાં આવ્યો ન હોય તો , આ કલમ હેઠળ મેજિસ્ટ્રેટે કરેલા હુકમની મુદત જે તારીખે પૂરી થાય તે તારીખથી છ મહિના કરતાં વધુ ન હોય તેટલી સદરહુ જાહેરનામામાં તે નિર્દિષ્ટ કરે તેટલી વધારે મુદત સુધી મેજિસ્ટ્રેટે કરેલો હુકમ અમલમાં રહેશે.

(૫) કોઈપણ મેજિસ્ટ્રેટ, પોતાની મેળે અથવા નારાજ થયેલ કોઈ વ્યક્તિની અરજી ઉપરથી પોતે અથવા પોતાની સત્તા નીચેના કોઈ મેજિસ્ટ્રેટ અથવા પોતાના પુરોગામી હોદ્દેદાર આ કલમ હેઠળ કરેલ કોઈ હુકમ પાછો ખેંચી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે.

(૬) રાજ્ય સરકાર, પોતાની મેળે અથવા નારાજ થયેલ કોઈ વ્યક્તિની અરજી ઉપરથી પેટા કલમ (૪) ના પરંતુક હેઠળ પોતે કરેલ કોઈ હુકમ પાછો ખેંચી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે.

(૭) પેટા કલમ (૫) કે પેટા કલમ (૬) હેઠળ અરજી મળે ત્યારે, યથાપ્રસંગે મેજિસ્ટ્રેટ અથવા રાજ્ય સરકારે અરજદારને, જાતે કે વકીલ મારફત પોતાની સમક્ષ હાજર થવાની અને હુકમ વિરુદ્ધનાં કારણો દર્શાવવાની વેળાસર તક આપવી જોઈશે અને યથાપ્રસંગે, મેજિસ્ટ્રેટ અથવા રાજ્ય સરકાર તે અરજી પૂરી કે અંશતઃ નામંજૂર કરે તો તેણે તેમ કરવાના કારણ લેખિત નોંધ કરવી જોઈશે.

• • •

# જીવવિજ્ઞાનની વિવિધતા બાબતનો અધિનિયમ

# Biological Diversity Act

## પ્રકરણ ૧

## પ્રારંભિક

**૧. ટૂંક શીર્ષક, વ્યાપ અને અમલની શરૂઆત :**

*(૧) આ કાયદો જીવવિજ્ઞાનની (જૈવ વૈજ્ઞાનિક) વિવિધતાના નામથી ઓળખી શકાય.*

*(૨) તે સમગ્ર ભારતમાં વ્યાપ્ત રહેશે.*

*(૩) કેન્દ્ર સરકારશ્રી તેમના કચેરી રાજ્યપત્રિત ગેઝેટમાં નક્કી કરીને જાહેર કરે તે તારીખથી તેનો અમલ થશે.*

*શરત એટલી છે કે, આ કાયદાની અલગ-અલગ જોગવાઈઓ માટે અલગ-અલગ તારીખનો અમલ જાહેર કરી શકાય અને આવી કોઈપણ જોગવાઈમાં આ કાયદાની શરૂઆતનો સંદર્ભ તે જોગવાઈના અમલના સંદર્ભને પણ આવરી લેશે.*

**૨. વ્યાખ્યાઓ :**

*આ અધિનિયમમાં, પૂર્વાપર સંબંધ અન્યથા જરૂરી ન જણાય તો,*

*(અ) "લાભેચ્છુઓ"નો અર્થ જીવવિજ્ઞાનની સાધન-સંપત્તિના રક્ષણ કરનાર અને તેની આડ પેદાશનું જતન કરનાર, આવા જૈવ વિજ્ઞાની સાધન સંપત્તિના ઉપયોગ, તેના ફેરફાર અને આવા ઉપયોગ અને તેના અમલીકરણ સાથે સંયુક્ત પ્રણાલીઓના જ્ઞાન અને માહિતીના જન્મદાતા કે ધારણ કરનાર, એવો થાય છે.*

*(બ) "જૈવ વૈજ્ઞાનિક વૈવિધ્ય" નો અર્થ બધાં જ સાધનોમાંથી પરસ્પરાવ લંબી ઈન્દ્રિયોવાળી જીવન શૈલીઓ વચ્ચેની વિધ-વિધતા અને તેઓ જેના એક ભાગ છે તે પ્રતિકૃતિની જટિલતાઓ તેવો થાય છે અને તે શબ્દ પ્રયોગ (જૈવ વિજ્ઞાન વિધવિધતા) પ્રકાર જાતિઓમાં કે પ્રકાર (જાતિઓ) વચ્ચે અને પ્રતિકૃતિ પદ્ધતિની વિવિધતાનો સમાવેશ કરે છે.*

*(ક) "જૈવ વૈજ્ઞાનિક સાધનો" નો અર્થ, છોડવાઓ, પ્રાણીઓ અને અતિસૂક્ષ્મ જીવાણુઓ કે તેમનો એક ભાગ, તેમની મૂલ ઉત્પત્તિને લગતું દ્રવ્ય (પદાર્થ) અને આડપેદાશ (મૂલ્ય કરેલ પેદાશ સિવાય) સાથે તેની વાસ્તવિક અથવા સંભાવ્ય (સંભવિત) ઉપયોગિતા કે કિંમત થાય છે. પરંતુ તે માનવીય પ્રજોત્પત્તિ શાસ્ત્રની વસ્તુ (પદાર્થ) (વિષય)નો સમાવેશ કરતું નથી.*

*(ડ) "જૈવ માપ અંદાજ અને જૈવ ઉપયોગીકરણ" નો અર્થ પ્રકારો - જાતિઓ કે પેટા-જાતિઓ, રચનાઓ (સર્જન) અને કોઈપણ હેતુ માટે જૈવ સંસાધનોના વિભાગો કે ભાગલાઓનો સંગ્રહ એવો અર્થ થાય છે અને તે લાક્ષણિકતાની બનાવટ, સ્થળની જંગમ ચીજ-વસ્તુની યાદી અને જૈવ નિબંધ (નોંધ) નો સમાવેશ કરે છે.*

*(ઈ) "ચેર પરસન" (અધ્યક્ષ) નો અર્થ, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના ચેર પર્સન અથવા, રાજ્યના જૈવ વૈવિધ્ય સત્તાના બોર્ડના ચેર પર્સન, જેવી સ્થિતિ, તેવો અર્થ થાય છે.*

(ફ) "વ્યાવસાયિક ઉપયોગીકરણ" નો અર્થ જૈવ સંસાધનોના અંતિમ ઉપયોગો જેવા કે દવાઓ, ઔદ્યોગિક દૂષણો, અન્નસુગંધ, સુગંધ સૌંદર્ય પ્રસાધનો, તૈલી મિશ્રણ બનાવટ, તૈલી ગુંદર, રંગો, સર્જનના હસ્તક્ષેપ દ્વારા પાક અને હાજર જથ્થાના સુધાર માટે ઉપયોગ કરાતા વિભાગ કે સર્જન (ઉત્પત્તિશાસ્ત્ર) એવો અર્થ થાય છે. પરંતુ તે રુઢિગત કે પ્રણાલિકાગત પ્રજોત્પત્તિ કે કોઈપણ ખેતીવાડી, બાગાયત, પાલતુ મરઘાં, બતકોનો ઉછેર, દૂધ ઉત્પાદક પ્રાણીઓની પ્રજોત્પત્તિ કે મધ-માખીના ઉપયોગની પ્રક્રિયાનો સમાવેશ કરતું નથી.

(ગ) "સારો અને સમભાગી લાભ વહેંચણી" નો અર્થ કલમ-૨૧ તળે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા દ્વારા નક્કી કરાયેલ લાભની વહેંચણી (નફાની વહેંચણી) એવો થાય છે.

(હ) "સ્થાનિક સત્તાઓ" નો અર્થ પંચાયતો અને મ્યુનિસિપાલિટીઓ, જે કોઈપણ નામે ચાલતી હોય, જે બંધારણની કલમ ૨૪૩-બ ના ઉપવાક્ય - (૧) અને કલમ-૨૪૩ ક્યુ ના ઉપવાક્ય (૧) ના અર્થઘટનમાં આવતી હોય અને કોઈ પંચાયત કે મ્યુનિસિપાલિટીના અભાવમાં સ્થાનિક સંસ્થાઓ કે બંધારણની અન્ય કોઈ જોગવાઈ તળે આવતી હોય કે કોઈ કેન્દ્રીય કે રાજકીય કાયદા તળે આવતી હોય, એવો અર્થ થાય છે.

(આઈ) "સભ્ય" નો અર્થ રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા કે રાજ્ય જૈવ વૈવિધ્ય સત્તાના સભ્ય એવો થાય છે અને તે ચેર પર્સનનો સમાવેશ કરે છે.

(જે) "રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા" નો અર્થ કલમ-૮ તળે સંસ્થાપિત રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સંસ્થા તેવો થાય છે.

(કે) "નિયત" નો અર્થ આ કાયદા તળેના નિયમોથી નિયત કરેલ, એવો થાય છે.

(એલ) "નિયમનો" નો અર્થ આ કાયદા તળે બનાવેલા નિયમનો, એવો થાય છે.

(yu{) "MktpkuÄIk" yux÷ufufkuEÃký sirðfMºkkuík fuÞktr°kfMkkÄIkkuIkkuyÇÞkMk fuÃkØrík Mkh Ikwt MktpkuÄIk fusu sirðf ÃkØríkyku, Sðeík¾ýqks Ikk Ikwt MkSð«kýe, ðIkMÃkrík (MkuLyeÞ«kýe, ðIkMÃkrík) fuíkuIke IkeÃkòIku çkIkkðkfuWíÃkkËIkkuMkwÄkhðkfufkuEÃký«r°ÞkIkkWÃkÞkuøk{kxu WÃkÞkuøkenkuÞ.

(yIk) "MxuçkkÞkuzkÞðMkeoxe (sirðf çkrwrðÄíkk) çkkuzo" yux÷ufu f÷{-22nuX¤MÚkkÃkIkkÚkÞu÷ MxuçkkÞkuzkðMkeoxe (sirðf çkrwrðÄíkk) çkkuzo.

(yku) "SðIk WÃkÞkuøk" yux÷u fusirðf çkrwrðÄíkk½hkðíkk½xfkuIkkuyuðe heíku yIku yuðkËhu WÃkÞkuøk fusuðíko{kIk yIku¼rð»ÞIkeÃkuZeykuIkeMkt¼rðík sYheÞkíkkuIkuÃkqhe fhðk{kt ÷ktçkkøkk¤kIke sirðf çkrwrðÄíkkIkeûkeýíkk íkhV yMkhIk fhu.

(Ãke) "WÃkÞkuøkeÃkuËkpku" yux÷ufuyuðeÃkuËkpku/WÃkòufuAkuz yIku«kýeykuIkk¼køkkufuyfoíkÚkk ðýykuÞ¾kÞu÷k yIku¼kirík fheíku yr¼Ûk (swËkÃkkze Ik þfkÞ íkuðk MðYÃk) ½hkðíkenkuÞ.

ykÃkËÚkt rðÄuÞf{kt ÷uðk{kt ykðu÷ rðrðÄ ÔÞkÏÞkyku IkkuMk{kðuþ ÚkkÞAu. suðe fu, "mík ÄhkðíkkËkðËkh (çkuIkeVex õ÷uE{Mko)", "sirðf çkrwrðÄíkk", "sirðf Mkðuoûký" yIku "sirðf WÃkÞkurøkíkk", "Eõðexeçk÷ çkuIkeVexþuh²øk", "Ikuþk÷ çkkÞkuzkÞðMkeoxe ykúkkuhexe", "MxuçkkÞkuzkÞðMkeoxe çkkuzo yIku MkMxuEIkuçk÷ ÞwÍ" ðøkuhu (ÃkËkuIke IkkutÄ Au.)

## પ્રકરણ ૨

## વનસ્પતિ - જૈવ વૈવિધ્યકરણની હદનું નિયમન

**૩. રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાની બહાલી મળ્યા સિવાય કે કેટલીક વ્યક્તિઓ જૈવ વૈવિધ્ય સંબંધિત ક્રિયાઓ ગતિવિધિઓનું સંચાલન કરી શકે નહિ.**

*(૧) પેટા કલમ (૨) માં જણાવેલ કોઈપણ ઈસમ રાષ્ટ્રીય જૈવ વનસ્પતિ વૈવિધ્ય સત્તામંડળની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય ભારતમાં લભ્ય કે થતા જૈવ વનસ્પતિ જન્ય સંસાધનો કે અથવા તેને લગતું જ્ઞાન માહિતીના સંશોધન હેતુ કે વ્યાવસાયિક ઉપયોગિતા માટેના વનસ્પતિ સર્વે કે જૈવ વનસ્પતિ ઉપયોગિતાના હેતુમાં મેળવશે નહિ.*

*(૨) પેટા કલમ (૧) અન્વયે રાષ્ટ્રીય જૈવ વનસ્પતિ વૈવિધ્યકરણ સત્તામંડળની પૂર્વ મંજૂરીની જેમને જરૂર છે તે વ્યક્તિઓ (ઈસમો) નીચે મુજબ જણાવ્યા છે.*

*(અ) જે વ્યક્તિ ભારતનો નાગરિક ન હોય.*

*(બ) ભારતના આયકર ધારા ૧૯૬૧ (૧૯૬૧ નો ૪૩મો) ની કલમ-૨ ના વાક્ય (૩૦) માં જણાવેલ ભારતના નાગરિક જે બિન-નિવાસી હોય.*

*(ક) એક નિગમ, સંગઠન કે સંસ્થા*

*(૧) જે તે સમયે અમલમાં કોઈ કાયદા તળે જે ભારતમાં ભેળવીને એક કરાયેલું ન હોય અથવા ભારતમાં નોંધણી થયું ન હોય (રજિસ્ટર) અને જેને તેના મુખ્ય હિસ્સા (શેર કેપિટલ) માં બિન ભારતીય ભાગીદારી હોય કે તેની વ્યવસ્થામાં બિન ભારતીય ભાગીદારી હોય.*

**૪. સંશોધનનાં પરિણામો (તારણો) રાષ્ટ્રીય જૈવ વનસ્પતિ વૈવિધ્યકરણ સત્તામંડળની બહાલી (મંજૂરી) મળ્યા સિવાય અમુક (ચોક્કસ) વ્યક્તિઓને તબદીલ કરી શકાશે નહિ.**

*રાષ્ટ્રીય જૈવ વનસ્પતિ વૈવિધ્યકરણ સત્તામંડળની અગાઉથી મંજૂરી (બહાલી) મેળવ્યા સિવાય નાણાકીય કિંમત મેળવવા માટે ભારતમાં પ્રાપ્ય કે ભારતમાંથી કોઈ વનસ્પતિજન્ય સંસાધનોને લગતા સંશોધનોનાં પરિણામો (તારણો) ભારતના નાગરિક ન હોય તેવી વ્યક્તિને કે ભારતના આયકર ધારા ૧૯૬૧ (૧૯૬૧નો ૪૩મો) ની કલમ-૨ ના ઉપવાક્ય (૩૦) માં નિર્દિષ્ટ ભારતના બિનનિવાસી નાગરિકને કે ભારતમાં સમાવિષ્ટ ન હોય કે રજિસ્ટર થયેલ ન હોય તેવા નિગમ (કોર્પોરેટ) કે સંગઠન કે અન્યને તબદીલ કરી શકે નહિ જેના શેર કેપિટલ કે વ્યવસ્થાપનમાં બિનભારતીય હિસ્સો-હિત કે વ્યવસ્થાકરણ હોય (મેનેજમેન્ટ)*

*ખુલાસો : આ કલમના હેતુમાં "તબદીલી" (ટ્રાન્સફર) નો અર્થ કોઈ ચર્ચાસભા (મંડળ) માં કે કાર્યશાળામાં જ્ઞાનનો ફેલાવો કરવો કે સંશોધનનાં પરિણામોનો પ્રચાર કરવો તેવી ક્રિયાનો સમાવેશ કરશે નહિ, જો તેવી પ્રચાર કે જાહેરતા ક્રિયા કેન્દ્ર સરકાર દ્વારા જારી થયેલ માર્ગદર્શન મુજબની હોય.*

**૫. કલમ-૩ અને ૪ કેટલીક સહાયક સંશોધન યોજનાને લાગુ પડશે નહિ**

*(૧) સહાયક સંસ્થાઓ, સરકારે પુરસ્કૃત (પ્રમાણિત) કરેલ સહાયક ભારતની સંસ્થાઓ અને બીજા દેશોમાં આવી સંસ્થાઓની વચ્ચે જો તેવી સહાયક સંશોધન યોજના સંસ્થાઓ પેટાકલમ(૩) ની શરતોને સંતુષ્ટ કરતી હોય તો તેમાં વનસ્પતિ જન્ય સંસાધનો કે તેને લગતી માહિતીની તબદીલી*

*કે અદલાબદલીને આવરી લેતી સહાયક સંશોધન યોજનાઓને કલમ-૩ અને ૪ ની જોગવાઈઓ લાગુ પડશે નહિ.*

(૨) *પેટાકલમ (૧) માં સંદર્ભ કરેલ સહાયક સંશોધન યોજનાઓ સિવાયની બીજી બધી જ સંશોધન સહાયક યોજનાઓ જે આ કાયદાની શરૂઆત પહેલાં કરારના આધારે હોય અને કરાર આધારે હજુ ચાલુ સ્થિતિમાં હોય તે કરારની જોગવાઈઓ આ કાયદાની જોગવાઈઓને અનુરૂપ ન હોય તેટલે સુધી, અથવા પેટા કલમ (૩) ના વાક્ય (અ) ની જોગવાઈઓને અનુરૂપ ન હોય તેટલી, નિરર્થક (ગેરકાયદે) રહેશે.*

(૩) *પેટા કલમ (૧) ના હેતુઓમાં, સહાયક સંશોધન યોજનાઓ :*

(અ) *આ હેતુમાં કેન્દ્ર સરકાર દ્વારા દર્શાવેલ કૂટનીતિ માર્ગદર્શિકાઓને આ હેતુમાં અનુકૂળ બંધબેસતી રહેશે.*

(બ) *કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી પ્રાપ્ત થશે.*

**૬. રાષ્ટ્રીય વનસ્પતિ જૈવ વૈવિધ્ય સત્તામંડળની મંજૂરી વગર બૌદ્ધિક સંપત્તિ હક્કો સ્થાપી શકાશે નહિ.**

(૧) *ભારતમાંથી મેળવેલ વનસ્પતિ જન્ય સંશોધનને લગતી માહિતી કે કોઈ સંસાધનના આધારે ભારતમાં કે ભારત બહાર કોઈ નવી શોધ કે નિર્માણ માટે, કોઈપણ વ્યક્તિ કોઈપણ નામ નિર્દેશથી બૌદ્ધિક સંપત્તિના હક્કને લગતી એવી કોઈ અરજ અહેવાલ કર્યા પહેલાં રાષ્ટ્રીય વનસ્પતિ જૈવ વૈવિધ્યકરણ સત્તામંડળની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય તેવી અરજ અહેવાલ કરી શકશે નહિ.*

*શરત એટલી જ કોઈ વ્યક્તિ એક પેટન્ટ (ખાસ કિસ્સા) માટે અરજ કરે તો, પેટન્ટ સ્વીકાર્યા બાદ રાષ્ટ્રીય વનસ્પતિ જૈવ વૈવિધ્ય સત્તામંડળની પરવાનગી મેળવી શકાય પરંતુ તે પેટન્ટને પેટન્ટ સત્તાધિકારી સીલ કરે તે પહેલાં જ વિશેષ શરત એટલી છે કે રાષ્ટ્રીય જૈવ વનસ્પતિ વૈવિધ્યકરણ સત્તામંડળ મંજૂરી મેળવવા માટેની અરજીને મેળવ્યા બાદ તે અરજ નેવું દિવસની અંદર નિર્ણય કરશે.*

(૨) *આ કલમ તળે મંજૂરી આપતી વખતે, રાષ્ટ્રીય જૈવ વનસ્પતિ વૈવિધ્યકરણ સત્તામંડળ નફામાં ભાગીદારી સ્વરૂપનું લવાજમ કે રોયલ્ટી અથવા બન્ને બાબત હુકમ કરી શકે છે, અથવા આવા હક્કના વ્યાપારિક ઉપયોગથી પેદા થતા આર્થિક નફામાં ભાગીદારીનો સમાવેશ કરતી શરતો લાદી શકે છે.*

(૩) *લોકસભાએ ઘડેલ છોડ-ઝાડ વૈવિધ્યના સંરક્ષણને લગતા કોઈ કાયદા તળે પ્રાપ્ત હક્ક માટે અરજ કરનાર કોઈ વ્યક્તિને આ કલમની જોગવાઈઓ લાગુ પડશે નહિ.*

(૪) *પેટા કલમ (૩) જણાવેલ કાયદા તળે કોઈ હક્કની મંજૂરી અપાઈ હોય તેવા કિસ્સામાં, આવો હક્ક મંજૂર કરતા સત્તાધિકારી આવા હક્ક મંજૂરીના દસ્તાવેજની એક નકલ રાષ્ટ્રીય જૈવ વનસ્પતિ વૈવિધ્ય સત્તામંડળને રજૂઆત કરશે.*

**૭. ચોક્કસ હેતુઓ માટે જૈવ સંસાધન (ઉદ્યોગ) પ્રાપ્ત કરવા માટે રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડને પૂર્વ જાણ કરવી.**

*ભારત નાગરિક હોય કે નિગમ (કોર્પોરેટ) હોય કે સંગઠન કે એકમ હોય તેમજ ભારતમાં નોંધણી થયેલ હોય, તે સંબંધિત રાજ્ય જૈવ વૈવિધ્ય સત્તા (બોર્ડ) ને જાણ કરી દીધી હોય તે સિવાય, વ્યાપારિક ઉપયોગ માટે કે વ્યાપારિક ઉપયોગના હેતુમાં જૈવ અભ્યાસ કે જૈવ ઉપયોગિતા માટે કોઈ જૈવ ઉદ્યોગ પ્રાપ્ત કરી શકશે નહિ.*

*શરત એટલી કે જે તે વિસ્તારમાં સ્થાનિક લોકો અને સ્થાનિક જાતિઓ, જૈવ વૈવિધ્યની વાવણી અને ખેતી કરનારાનો સમાવેશ કરતાં, અને વૈદ્યો અને હકીમો કે જેઓ દેશી (તળપદી) દવાઓની શુશ્રૂષા કરતા હોય તેમનો સમાવેશ કરતાં, તેમને આ કલમની જોગવાઈઓ લાગુ પડશે નહીં.*

## પ્રકરણ ૩

## રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા

**૮. રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાની સ્થાપના**

*(૧) કેન્દ્ર સરકાર તેમના કચેરી રાજયપત્રિત ગેઝેટમાં જાહેર કરે તે તારીખની શરૂઆતથી આ કાયદાના હેતુમાં કેન્દ્ર સરકારશ્રી એક સત્તાની સ્થાપના કરશે જે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના નામથી જણાશે.*

*(૨) ઉપર જણાવ્યા નામથી રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા એક નિગમ વ્યક્તિત્વ (કોર્પોરેટ બોડી) રહેશે, જેનું કાયમી પદ અને સામાન્ય ચિહ્ન (સીલ) હશે, સાથે સંપત્તિ મેળવવા, ધારણ કરવા કે નિકાલ કરવા સ્થાવર જંગમ બંને મિલકતોને સત્તા ધરાવશે અને તે નામથી દાવો લાવી શકશે કે દાવો થવાને પાત્ર રહેશે. (કાનૂની કાર્યવાહી કરી શકશે કે તે નામે કાનૂની કાર્યવાહીને જવાબદાર રહેશે.)*

*(૩) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળની વડી કચેરી ચેન્નાઈ ખાતે રહેશે, અને આ રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળ, કેન્દ્ર સરકારની પૂર્વ સંમતિ પછી, ભારતમાં બીજા સ્થળોએ કચેરીઓની સ્થાપના કરશે.*

*(૪) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળ નીચે જણાવ્યા નામવાળા સભ્યોનો સમાવેશ કરશે.*

*(અ) એક ચેર પરસન (પ્રમુખ) જેઓ જૈવ વૈવિધ્યકરણની જાળવણી અને સલામત ઉપયોગના જરૂરી જ્ઞાન અને અનુભવવાળી પ્રસિદ્ધ વ્યક્તિ હોય, અને નફાઓના સમાન વિભાજનની બાબતમાં જાણકાર અને અનુભવી હોય, જેમની નિમણૂક કેન્દ્ર સરકારએ કરવાની હોય છે.*

*(બ) કેન્દ્ર સરકાર દ્વારા નિમણૂક પામેલ ત્રણ (એક્સ ઓફિશિયો (હોદ્દાની રૂએ નિમાયેલ) સભ્યો, એક સભ્ય આદિવાસી બાબતો સંભાળતા મંત્રાલયના પ્રતિનિધિ અને બે સભ્યો પર્યાવરણ અને વન વિભાગ અંગેના મંત્રાલયના પ્રતિનિધિ કે જેમાંથી એક સભ્ય એડીશનલ ડાયરેકર જનરલ-વન અથવા ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેસ્ટ રહેશે.*

*(ક) સાત અન્ય કચેરી અધિકારીઓની નિમણૂક કેન્દ્ર સરકાર કરશે, જેઓ કેન્દ્ર સરકારના નીચે જણાવ્યાં ખાતાંઓને પ્રતિનિધિત્વ કરશે.*

*(૧) ખેતીવાડી સંશોધન અને કેળવણી*

*(૨) જૈવ તકનિક*

(૩) સામુદ્રી (દરિયાઈ) વિકાસ

(૪) ખેતીવાડી અને નિગમ

(૫) દાવાઓ અને હોમીઓપેથીમાં ભારતીય પદ્ધતિમાં

(૬) વિજ્ઞાન અને તકનિકીઓ

(૭) વિજ્ઞાન અને ઔદ્યોગિક સંશોધન

(ડ) જૈવ વૈવિધ્યની જાળવણીને લગતી બાબતમાં ખાસ જ્ઞાન ધરાવતા અને તેમાં અનુભવી નિષ્ણાતો (સ્પેશિયાલિસ્ટસ)માંથી પાંચ ઓફિસ નહિ ધરાવતા સભ્યોની નિમણૂક થશે જેમને જૈવ વૈવિધ્યની જાળવણી બાબતમાં, જૈવ વૈવિધ્યકરણ સંસાધનોના ટકાઉ ઉપયોગ અને જૈવ વૈવિધ્યકરણ સંસાધનોમાંથી પ્રાપ્ત થતા નફાઓની સરખા ભાગે વહેંચણી બાબતમાં ખાસ જ્ઞાન અને અનુભવ હોય, તેમજ ઉદ્યોગોના પ્રતિનિધિઓ, અને જૈવ વૈવિધ્યકરણ સંસાધનો રક્ષકો, ઉત્પાદકો અને જ્ઞાન ધરાવતા સભ્યોની નિમણૂક થશે.

**૯. ચેર પરસન (પ્રમુખ) અને સભ્યોની સેવાઓ અંગે શરતો**

રાષ્ટ્રીય જૈવ વૈવિધ્યકરણ સત્તાના ચેર પરસન અને કચેરી નહીં ધરાવતા સભ્યો સિવાયના અન્ય સભ્યોની કચેરીની સમયાવધિ અને સેવાને લગતી શરતો કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરેલા સ્વરૂપની રહેશે.

**૧૦. ચેર પરસન રાષ્ટ્રીય જૈવ વૈવિધ્યકરણ સત્તાના મુખ્ય કાર્યવાહક રહેશે**

રાષ્ટ્રીય જૈવ વૈવિધ્યકરણના ચેર પરસન તેના મુખ્ય કાર્યવાહક રહેશે અને તેઓ નિયત કર્યા પ્રમાણેની સત્તાનો અખત્યાર કરશે અને નિયત સ્વરૂપની ફરજ બજાવશે.

**૧૧. સભ્યોની હકાલપટ્ટી**

કેન્દ્ર સરકારના અભિપ્રાય મુજબ

(અ) જેઓ નાદાર જાહેર થયા હોય, અથવા

(બ) નૈતિક દુષ્ટતાને આવરી લેતા એક ગુન્હામાં જેમને તકસીરવાર ઠરાવ્યા હોય, અથવા

(ક) સભ્ય તરીકે કામકાજ કરવાને શારીરિક કે માનસિક રીતે જે અશક્ત થયા હોય, અથવા

(ડ) તેમની પદવીનો એવી રીતે દુરુપયોગ કરે કે તેમને કચેરી કાર્યમાં ચાલુ રાખવા તે જાહેર હિતને નુકસાનકારક બને, અથવા

(ઈ) આર્થિક કે અન્ય હિત એટલું કે એવું પ્રાપ્ત કર્યું જે તેમને સભ્ય તરીકેની કામગીરીને પૂર્વગ્રહિત રીતે અસર કરે, તેવા કોઈપણ સભ્યને કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળમાંથી દૂર કરી શકે છે, હકાલપટ્ટી કરી શકે છે.

**૧૨. રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળની મીટિંગ**

(૧) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળ નિયત કર્યા મુજબના સ્થળે અને સમયે મળશે અને તેમની મીટિંગમાં ધંધો (કાર્યવાહી) ના વ્યવહારોના વિષયોમાં નિયત ગતિવિધિ (કાર્યપ્રણાલી) ના નિયમોની (મીટિંગમાં તેમજ મીટિંગના કોરમના સમાવેશ સાથે તેમાં) પણ નોંધ કરશે.

(૨) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળની મીટિંગના પ્રમુખ રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળના ચેર પરસન રહેશે.

(૩) કોઈ કારણસર જો રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના ચેર પરસન મીટિંગમાં હાજર ન રહી શકે તો, મીટિંગમાં હાજર સભ્યોએ પસંદ કરેલ હાજર કોઈપણ સભ્ય મીટિંગનું પ્રમુખ પદ લેશે.

(૪) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાની મીટિંગમાં મુકાયેલ પ્રશ્નો કે (વિષયો) હાજર રહેલા સભ્યોના મતદાનમાં બહુમતી મતથી નિર્ણય કરાશે અને સમાન મતદાન થયાના કિસ્સામાં, ચેર પરસન, અથવા તેની ગેરહાજરીમાં, પ્રમુખ પદ સંભાળતા સભ્યશ્રીને બીજા મત આપવાનો (કે વધારાનો મત આપવાનો) અધિકાર અખત્યાર રહેશે.

(૫) દરેક સભ્ય કોઈપણ રીતે સીધી કે આડકતરી રીતે કે વ્યક્તિગત રીતે, મીટિંગમાં નિર્ણય કરવા પાત્ર બાબતમાં હિત ધરાવતા હોય તે તેમના તેવા હિત કે સંબંધના પ્રકારને જાહેર કરશે, અને આવી જાહેરાત કર્યા બાદ, હિત કે સંબંધ ધરાવતા સભ્ય તે મીટિંગમાં હાજર રહેશે નહિ.

(૬) નીચેના સંયોગોમાં રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાનું કાર્ય કે કાર્યવાહી ગેરકાનૂની કે અયોગ્ય ઠરશે નહિ માત્ર તેવા કારણે કે

(અ) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના બંધારણમાં કોઈ ખાલી સ્થાન કે ખામી હોવી, અથવા

(બ) સભ્ય તરીકે કામ કરતી કોઈ વ્યક્તિની નિમણૂક થવામાં કોઈ ખામી હોય, અથવા

(ક) જે - તે કિસ્સાના ગુણદોષને નુકસાનકારક ન હોય તેવી રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાની કાર્ય પદ્ધતિમાં કોઈ અનિયમિતતા હોવી,

**૧૩. રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાની સમિતિ (કમિટી)**

(૧) ખેતી બાબતની જૈવ વૈવિધ્ય કાર્યવાહીના વ્યવહાર માટે, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળ એક સમિતિની રચના કરશે.

**ખુલાસો :** "ખેતી જૈવ વૈવિધ્ય" નો અર્થ આ પેટાકલમના હેતુમાં એવો થાય છે કે ખેતીવાડીને સંબંધકર્તા (નમૂના) પ્રકારો અને તેને સંબંધિત વિશાળ ખેતીવાડી જૈવ વૈવિધ્યકરણ.

(૨) પેટાકલમ (૧) ની જોગવાઈઓને પૂર્વગ્રહ કર્યા વિના આ કાયદા તળે તેની ફરજોની પૂરતી બજવણી અને તેનાં કાર્યોને પાર પાડવાં, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળ તેમને ઠીક લાગે તેટલી સંખ્યામાં સમિતિઓની રચના કરશે.

(૩) આ કલમ તળે રચાયેલી સમિતિ, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના સભ્ય ન હોય તેવા એટલા સભ્યોની નિમણૂક કરશે જે સંખ્યા તેમને યોગ્ય લાગે અને તે રીતે નિમણૂક થયેલા સભ્યને સમિતિની મીટિંગમાં હાજર રહેવાનો અધિકાર રહેશે અને તેની કાર્યવાહીમાં ભાગ ભજવશે પરંતુ મતદાન કરવાનો અધિકાર રહેશે નહિ.

(૪) પેટાકલમ (૨) તળે સભ્ય તરીકે નિમણૂક થયેલ વ્યક્તિઓ કેન્દ્ર સરકારએ નિયત કરેલા ભથ્થાઓ અને મીટિંગમાં હાજર રહેવા માટેના લવાજમ (ફી) મેળવવાને હક્કદાર રહેશે.

**૧૪. રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળના અમલદારો અને કર્મચારીઓ**

(૧) આ કાયદા તળે તેની અસરકારક કાર્યવાહી પાર પાડવા માટે, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા તેમની દૃષ્ટિએ જરૂરી તેટલા અમલદારો અને અન્ય નોકરિયાતોની નિમણૂક કરશે.

(૨) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળના આવા અમલદારો અને નોકરિયાતોની નોકરીની સમયાવધિ અને શરતો નિયમનો દ્વારા દર્શાવાયેલ વર્ગીકૃત સ્વરૂપમાં રહેશે.

**૧૫. રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળના હુકમો અને નિર્ણયોની પ્રમાણભૂતતા (સત્યતા)**

*રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના બધા જ હુકમો અને નિર્ણયો ચેર પરસનની કે આ હેતુમાં રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાથી અધિકૃત થયેલ અન્ય કોઈ સભ્યની સહીથી પ્રમાણિત થશે અને અન્ય તમામ દસ્તાવેજો જો રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાએ લખ્યા - લખાવ્યા હોય તેમને રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાએ તે હેતુમાં અધિકૃત કર્યા હોય તેવા તેના અધિકારી (અમલદાર) ની સહીથી પ્રમાણિત થશે.*

**૧૬. સત્તાની સોંપણી (પ્રતિનિધિત્વ)**

*રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા સામાન્ય કે ખાસ લેખિત હુકમ દ્વારા રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના કોઈપણ સભ્ય કે અમલદારને અથવા કોઈ અન્ય વ્યક્તિને તેવી શરતોને આધીન જે તેના લેખિત હુકમમાં જણાવી હોય, આ કાયદા તળે તેવી સત્તા કે કાર્યવાહી સોંપશે (કલમ ૫૦ તળે વિવાદ પસંદ કરવા કે કલમ-૬૪ તળે નિયમનો ઘડવા સિવાય) જે તેમને યોગ્ય અથવા ઠીક જણાય.*

**૧૭. રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના ખર્ચાઓની ભારતના એકત્રિત કરેલ (કોન્સોલીડેટેડ) ફાળામાંથી ચુકવણી થશે.**

*સભ્યોને ચૂકવવાપાત્ર થતા પગાર અને ભથ્થાંઓ અને રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના વહીવટી ખર્ચાઓ અમલદારો અને અન્ય કર્મચારીઓને ચૂકવવાપાત્ર થતા પગાર ભથ્થાંઓ અને પેન્શનની ચુકવણી ભારતના એકત્રીકરણ થયેલ ફાળામાંથી થશે.*

## પ્રકરણ ૪

## રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાની કાર્યવાહીઓ અને સત્તાઓ

**૧૮. રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાની કાર્યવાહીઓ અને સત્તાઓ :**

*(૧) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્યકરણ સત્તાની ફરજ છે કે કલમ-૩, ૪ અને ૬ માં નિર્દિષ્ટ કાર્યવાહીનું નિયમન કરવું અને જૈવ સંસાધનોના ઉપયોગની હદ-મર્યાદા બાબતે અને સારા તથા સમાન ભાગે નફા વહેંચણી માટે માર્ગદર્શિકાઓ જારી કરવી.*

*(૨) કલમ-૩, ૪ અને ૬ માં નિર્દેશ કરેલ કાર્યવાહીના સંચાલન માટે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા મંજૂરી આપી શકે છે.*

*(૩) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્યકરણ સત્તા નીચેની વિગતોમાં સત્તા ધરાવે છે.*

*(અ) જૈવ વૈવિધ્યના સંરક્ષણ જાળવણી બાબતે તેના વિભાગોનો ટકાઉ ઉપયોગ અને જૈવ વૈવિધ્ય સંસાધનોના ઉપયોગ દ્વારા પ્રાપ્ત નફાઓની સમાન વહેંચણી બાબતે કેન્દ્ર સરકારને સલાહ-સૂચન કરવાં.*

*(બ) જૈવ વૈવિધ્યકરણની મહત્તાના વિસ્તારો કલમ-૩૭ ની પેટાકલમ (૧) તળે સાંસ્કૃતિક (કે ઐતિહાસિક) સ્થળ તરીકે વરણી કરવા બાબતે રાજ્ય સરકારને સલાહ-સૂચન કરવા, તેમજ તેવી જગ્યા કે સ્થળની વ્યવસ્થા કરાવવા બાબતે સલાહ-સૂચન કરવા.*

*(ક) આ કાયદાની જોગવાઈઓના પરિપાલન માટે તેવી બીજી કાર્યવાહીઓ કરવી.*

*(૪) ભારતમાંથી મેળવેલ કોઈપણ જૈવ સંશાધન અથવા આવા જૈવ સંસાધન સાથે સંલગ્ન જ્ઞાનના ભારત બહાર બૌદ્ધિક સંપત્તિ હક્કની મંજૂરી સામે કેન્દ્ર સરકાર તરફે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા જરૂરી જણાય તો વાંધો ઉઠાવી શકે.*

# પ્રકરણ ૫

## રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળ દ્વારા અપાતી મંજૂરી

**૧૯. કેટલીક કાર્યવાહીઓ ચલાવવા બાબતે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાની મંજૂરી**

*(૧) કલમ-૩ ની પેટાકલમ (૨) માં જણાવેલ કોઈપણ વ્યક્તિ જે ભારતમાં પ્રાપ્ય કોઈ જૈવ સંસાધન કે તે સાથે સંકળાયેલ જ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છતા હોય કે જે સંશોધન, વ્યાપારી ઉપયોગ કે જૈવ અભ્યાસ (સર્વે) અને જૈવ ઉપયોગ ભારતમાંથી કરવા માગતા હોય, તેમણે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાને તેવા સ્વરૂપમાં અને તેટલા ફી ભરીને જે નિયત થયેલ હોય અરજી કરવાની રહેશે.*

*(૨) કોઈપણ વ્યક્તિ ભારતમાં કે ભારત બહાર પેટન્ટ કે બૌદ્ધિક સંપત્તિના બીજા કોઈપણ સ્વરૂપના રક્ષણ માટે અરજી કરવા માગતા હોય કલમ-૬ ની પેટાકલમ (૧)માં જણાવ્યા મુજબ, તેમણે નિયત થયેલ સ્વરૂપમાં અને નિયત રીત મુજબ રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળને અરજી કરવાની રહેશે.*

*(૩) પેટાકલમ (૧) અથવા (૨) તળે અરજી મળ્યા બાદ યોગ્ય લાગે તે તપાસ કરીને અને જરૂર જણાય તો આ હેતુમાં નિમાયેલ નિષ્ણાતોની સમિતિનો સંપર્ક કરીને આ હેતુમાં ઘડાયેલ કોઈપણ નિયમનને આધીન અને તેમને ઠીક લાગે તે સમય માટે અને તેવી શરતોને આધીન લેખિત હુકમ દ્વારા મંજૂરી આપશે, રોયલ્ટી આજે ભરવાની શરત લાદીને લેખિત મંજૂરી આપશે અથવા લેખિતમાં કારણો જણાવીને અરજીને નામંજૂર કરશે.*

*શરત એટલી કે જે વ્યક્તિને નામંજૂરીના હુકમની અસર થવાની છે તેમને સાંભળવાની તક આપ્યા વિના નામંજૂરીનો હુકમ થશે નહિ.*

*(૪) આ કલમ તળે કરવામાં આવેલ મંજૂરીના દરેક હુકમને જાહેર નોટિસ દ્વારા રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા જાણ કરશે.*

**૨૦. જૈવ સંસાધન કે તેના જ્ઞાનની સ્થાન બદલી (તબદીલી)**

*(૧) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાની મંજૂરી સિવાય કોઈપણ વ્યક્તિ, જેમને કલમ-૧૯ તળે મંજૂરી મળી હોય, કોઈ જૈવ સંસાધન કે તે સાથે સંકળાયેલ જ્ઞાન જે તે મંજૂરીનો વિષય હોય, તેને સ્થાન ફેર કે તબદીલ કરી શકશે નહિ.*

*(૨) કોઈપણ વ્યક્તિ, પેટા કલમ (૧) માં નિર્દિષ્ટ કોઈપણ જૈવ સંસાધન કે તેને લગતું જ્ઞાન તબદીલ કરવા ઈચ્છતા હોય, તેમણે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાને નિયત સ્વરૂપમાં અને નિયત રીતે એક અરજી કરવાની રહેશે.*

*(૩) પેટા કલમ (૨) તળે અરજી મેળવ્યા બાદ, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા તેમને યોગ્ય તેવી તપાસ કરીને, અને આવા હેતુમાં નિમાયેલ નિષ્ણાતોની સમિતિનો સંપર્ક કરીને, તેમને ઠીક લાગે તે સમય પૂરતી અને તેવી શરતોને આધીન, રોયલ્ટી ચાર્જ ભરવાની શરત સુધ્ધાં હુકમ દ્વારા મંજૂરી આપશે અથવા લેખિતમાં કારણો જણાવીને અરજીને નામંજૂર કરશે.*

*શરત એટલી કે નામંજૂરીના હુકમથી અસર પામવાવાળી વ્યક્તિને સાંભળવાની તક આપ્યા સિવાય નામંજૂરીનો આવો હુકમ કરી શકાશે નહિ.*

*(૪) આ કલમ તળે અપાયેલ દરેક મંજૂરીના હુકમને રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા જાહેર નોટિસથી જાણ કરશે.*

**૨૧. રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા દ્વારા સમાન ભાગે નફાની વહેંચણીનો નિર્ણય :**

(૧) કલમ ૧૯ કે ૨૦ તળે મંજૂરી આપતી વખતે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા તે બાબતની ખાતરી કરશે કે જે સમયાવધિ અને શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે તે જૈવ સંસાધનોના વિશેષ, પ્રમાણમાં ઉપયોગથી ઉત્પન્ન નફાઓની સમાન વહેંચણીનું તેમજ તેમની આડપેદાશો, તેમના ઉપયોગ સાથે સંકળાયેલ નવીનીકરણ અને પ્રયોગો અને તેમની સાથે સંકળાયેલ જ્ઞાન જે પરસ્પર સંમત થયેલ સ્વસયમાં હોય તેને અનુરૂપ તેમજ સંમત શરતોને આધીન જે મંજૂરી માટે અરજ કરનાર વ્યક્તિ સંબંધી સ્થાનિક સંસ્થાઓ, અને નફાની માંગણી કરનાર વ્યક્તિઓ વચ્ચે થયેલ હોય, તેનું જતન કરશે.

(૨) આ હેતુમાં નિર્મિત કોઈપણ નિયમોને આધીન રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા નફાની વહેંચણીને નીચે જણાવેલ બધી જ અથવા કોઈપણ રીતમાં અમલમાં લાવશે.

(અ) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા તરફે બૌદ્ધિક સંપત્તિ હુકમના સહુમાલિકીના હક્ક અથવા જ્યાં નફાની માંગણી મૂકનાર ઓળખી શકાય ત્યાં તેવી માંગણી કરનાર તરફે.

(બ) તકનિકી સાધનોની તબદીલી

(ક) તેવી વિસ્તારોમાં ઉત્પાદન, સંશોધન અને વિકાસનું સ્થળ જે નફાની માંગણી કરનારાને વિશેષ સારા જીવનધોરણની સવલત પૂરી પાડે.

(ડ) જૈવ સંશોધનોમાં સંશોધન અને વિકાસ અને જૈવ અભ્યાસ (સર્વે) અને જૈવ ઉપયોગ સાથે ભારતીય વિજ્ઞાનીઓ, નફાના હક્કદારો, અને સ્થાનિક લોકોનું સંગઠન.

(ઈ) નફાના હક્કદારોના કારણને મદદગારી માટે સાહસ મૂડી ભંડોળની રચના

(ફ) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાને યોગ્ય લાગે નફાના હક્કદારો નાણાકીય વળતરો અને અન્ય નાણાં સિવાયના લાભોની ચુકવણી.

(૩) નફાની ભાગીદારી બાબતે નાણાંની કોઈ રકમનો નફાના હક્કદારને હુકમ થયો હોય તેવા વિસ્તારમાં, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા તેવી રકમ રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય ફાળામાં જમા કરાવવાનું સૂચન કરી શકે છે.

શરત એટલે છે કે જૈવ સંસાધન કે જ્ઞાન ખાસ વ્યક્તિગત કે વ્યક્તિઓના સમૂહગત કે સંગઠનોગત થતા હોય ત્યાં રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા એવું સૂચન કરશે કે તે રકમ સીધી તે વ્યક્તિને કે સમૂહને કે સંગઠનને તેમના કરારને અનુસાર તેવી રીતે ચૂકવવામાં આવે જે રીતે સત્તાને યોગ્ય લાગે.

(૪) આ કલમના હેતુઓ માટે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા, કેન્દ્ર સરકારના સંપર્ક દ્વારા, નિયમનો દ્વારા માર્ગદર્શિકાઓ ઘડી શકશે.

**૨૨. રાજ્ય જૈવ વૈવિધ્ય સત્તાની સ્થાપના :**

(૧) રાજ્ય સરકાર, તેમના રાજ્યપત્રિત ગેઝેટમાં જાહેર કરે તે તારીખથી આ હેતુમાં નિમણૂક કરે, તેવી જે તે સરકારશ્રી દ્વારા આ કાયદાના હેતુમાં રાજ્ય સરકાર માટે એક બોર્ડની સ્થાપના કરશે જે......... (જે તે રાજ્યનું નામ) જૈવ વૈવિધ્ય બોર્ડ તરીકે ઓળખાશે.

(૨) આ કલમમાં સમાવિષ્ટ કંઈક પણ બાબતને સ્પર્શ કર્યા સિવાય, કેન્દ્રીય પ્રદેશના વિષયમાં કોઈ રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ કેન્દ્રીય પ્રદેશ માટે સ્થાપી શકાશે નહિ. તે કેન્દ્રીય પ્રદેશ માટે રાજ્ય જૈવ વૈવિધ્યની કાર્યવાહી કરવા માટે, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા હક્કદાર છે.

શરત એટલી કે કોઈ કેન્દ્રીય પ્રદેશ સંબંધમાં, આ પેટા કલમ તળે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા તેની બધી જ કે કોઈપણ સત્તા તેવી વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહને સોંપી શકશે, જે કેન્દ્ર સરકાર નક્કી કરશે.

(૩) બોર્ડ એક બોડી કોર્પોરેટ (નિગમ) ઉપર આગળ જણાવ્યા નામથી રહેશે, જે કાયમી પદ અને સામાન્ય ચિહ્ન સાથે રહેશે. તેમજ તેની સત્તા સ્થાવર જંગમ બંને પ્રકારની મિલકતોને પ્રાપ્ત કરવા, ધારણ કરવા અને નિકાલ કરવાની સત્તા ધરાવશે અને કરારો કરી શકશે અને તે નામે દાવો લાવી શકશે અને દાવાના જવાબદાર પણ રહેશે.

(૪) બોર્ડ નીચે જણાવ્યા સભ્યોથી બનેલું રહેશે.

(અ) રાજ્ય સરકારએ નિમણૂક કરવાપાત્ર ચેર પરસન જેમને જૈવ વૈવિધ્યના રક્ષણ અને ટકાઉ ઉપયોગનું પૂરતું જ્ઞાન અને અનુભવ હોય અને જાણીતી વ્યક્તિ હોય તેમજ નફાઓની સમાન વહેંચણી બાબતનું પૂરતું જ્ઞાન અને અનુભવ હોય.

(બ) રાજ્ય સરકારના સંબંધિત ખાતાંઓને પ્રતિનિધિત્વ કરવા માટે પાંચથી વધુ નહિ તેવી સંખ્યામાં અન્ય કચેરીના સભ્યોની રાજ્ય સરકાર નિમણૂક કરશે.

(ક) જૈવ વૈવિધ્યની જાળવણી, જૈવ સંસાધન (પુંજી) ના ટકાઉ ઉપયોગ, અને જૈવ સંસાધન પુંજીના ઉપયોગ દ્વારા થતા નફાની સમાન ભાગે વહેંચણી સંબંધી બાબતોના નિષ્ણાતોમાંથી પાંચથી વધુ નહીં તેવા કચેરી બહારના સભ્યોની નિમણૂક કરશે.

(૫) રાજ્ય સરકાર નિર્ણય કરે તેવી જગ્યાએ, રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડની વડી કચેરી રહેશે.

**૨૩. રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડનાં કાર્યો :**

રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડનાં કાર્યો નીચે મુજબનાં રહેશે.

(અ) કેન્દ્ર સરકારે કરેલ માર્ગદર્શિકાને આધીન જૈવ વૈવિધ્ય જાળવણી તેના વિભાગોનો ટકાઉ ઉપયોગ અને જૈવ પુંજી સંસાધનોમાંથી પ્રાપ્ત નફાઓની સમાન વહેંચણી બાબતે, રાજ્ય સરકારને સલાહ સૂચન કરવાં.

(બ) ભારતીયો દ્વારા કોઈ જૈવ સંસાધન (પુંજી) ના જૈવ અભ્યાસ (સર્વે) અને જૈવ ઉપયોગ અથવા વ્યાપારી ઉપયોગ માટે મંજૂરી આપીને કે અન્યથા વિનંતી દ્વારા નિયમન કરવું.

(ક) આ કાયદાની જોગવાઈઓ પાર પાડવા માટે કે રાજ્ય સરકાર નિયત કરે તે હેતુમાં જરૂરી જણાય તેવી બીજી કાર્યવાહીઓ કરવી.

**૨૪. જાળવણીના હેતુઓના ભંગ કરે તેવી કેટલીક કાર્યવાહીઓને અંકુશ કરવાની રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડની સત્તા**

(૧) ભારતનો કોઈપણ નાગરિક કે નિગમ, સંગઠન કે સમૂહ કલમ-૭ માં જણાવેલ કાર્યવાહી હાથ ધરાવવા ઈચ્છતા હોય અને ભારતમાં નોંધણી (રજિસ્ટર) થયા હોય, રાજ્ય સરકારે નિયત કરેલ સ્વરૂપમાં રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડને પૂર્વ માહિતી આપશે.

(૨) પેટા કલમ (૧) નીચે કરેલ અરજી પ્રાપ્ત થતાં સંબંધિત સ્થાનિક સંસ્થાઓના સંપર્કમાં રહીને અને તેમને યોગ્ય લાગે તે તપાસ કાર્યવાહી કર્યા પછી, તેવી કાર્યવાહીને રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ હુકમ કરીને પ્રતિબંધ કરશે કે અંકુશમાં લાવશે જે કાર્યવાહી તેમના મતે જૈવ વૈવિધ્યકરણની જાળવણીના હેતુઓને નુકસાનકારક કે તેની વિરુદ્ધમાં છે અથવા આવી કાર્યવાહી દ્વારા પ્રાપ્ત નફાઓની સમાન વહેંચણીને નુકસાનકારક કે તેની વિરુદ્ધમાં છે.

શરત એટલી છે કે આવા હુકમની અસર તળે આવનાર વ્યક્તિને સાંભળવાની તક આપ્યા વિના આવો હુકમ થઈ શકે નહિ.

(૩) અગાઉથી જાણ કરવા સબબ પેટા કલમ (૧) તળે નિર્દિષ્ટ સ્વરૂપમાં અપાય ત્યારે તે ગુપ્ત રખાશે અને તેની સાથે સંબંધિત ન હોય તેવી કોઈપણ વ્યક્તિને ઈરાદાપૂર્વક કે ઈરાદારહિત જાહેર થઈ શકશે નહિ.

**૨૫. કલમ ૯ થી ૧૭ ની જોગવાઈઓ રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડને ફેરફાર સાથે લાગુ થશે**

કલમ ૯ થી ૧૭ ની જોગવાઈઓ રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડને લાગુ પડશે અને નીચે જણાવેલ વિગતોને આધીન ફેરફાર યુક્ત અમલમાં રહેશે.

(અ) કેન્દ્ર સરકારનો જ્યાં નિર્દેશ છે ત્યાં રાજ્ય સરકારનો સંદર્ભ કરવો.

(બ) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના સંદર્ભમાં રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડને લાગુ.

(ક) ભારત સરકારના એકત્રિત કરેલ ભંડોળના સંદર્ભમાં રાજ્ય સરકાર એકત્રિત ભંડોળનો અર્થ કરવો.

## પ્રકરણ ૭

## રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના આર્થિક ખર્ચ હિસાબો અને ઓડિટ

**૨૬. કેન્દ્ર સરકાર દ્વારા અપાતી ગ્રાન્ટ અથવા લોન**

આ હેતુમાં લોકસભાએ કાયદા દ્વારા કાયદેસર યોગ્ય કર્યા બાદ કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાને ગ્રાન્ટ કે લોનના સ્વરૂપમાં કેન્દ્ર સરકાર આ કાયદાના હેતુમાં તેમને યોગ્ય લાગે તે નાણાંની રકમ આપશે.

**૨૭. રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના ભંડોળનું બંધારણ**

(૧) એક ભંડોળ રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા ભંડોળના નામે નિર્માણ થશે અને તેમાં

(અ) કલમ-૨૬ રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાને અપાયેલી ગ્રાન્ટ કે લોન

(બ) આ કાયદા તળે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા દ્વારા પ્રાપ્ત થયેલ બધી જ લેતી (ચાર્જ) અને રોયલ્ટીઓ અને

(ક) કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય કરાય તેવાં આવાં બીજાં ઉપકરણો દ્વારા પ્રાપ્ત રકમો રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય ભંડોળમાં જમા થશે.

(૨) ભંડોળના ઉપયોગ

(અ) નફાના હક્કદારો જોડતા અન્ય નફાઓ

(બ) જૈવ ઉપાર્જન અને તેવા વિસ્તારના વિકાસ જ્યાં આવી જૈવ વૈવિધ્ય ગતિવિધિ કે તેને લગતા જ્ઞાનનો વિસ્તાર વિશેષણ થાય અને જૈવ ઉપાર્જનની જાળવણી અને ઉત્પાદન (પ્રમોશન) ની ક્રિયા

(ક) ઉપવાક્ય (બ) માં નિર્દિષ્ટ, સંબંધિત સ્થાનિક સંસ્થાઓના સંપર્ક માંહેના વિસ્તારોના સામાજિક આર્થિક વિકાસને માટે વપરાશે (લાગુ કરાશે).

**૨૮. રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના વાર્ષિક અહેવાલો**

રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સંસ્થા, દર વર્ષે તેવા સ્વરૂપમાં અને તેવા સમયે જે નિયત કરવામાં આવે, તેના આગલા નાણાકીય વર્ષ દરમિયાન થયેલ તેમની તમામ કાર્યવાહીનો પૂરતો અહેવાલ તૈયાર કરશે, અને કેન્દ્ર સરકારને નિયત થયેલ તારીખ પહેલાં, તેના ઓડિટ થયેલ હિસાબોની નકલ સાથે તેના પર ઓડિટરનો અહેવાલ પૂરો પાડશે.

**૨૯. અંદાજપત્ર - હિસાબો અને ઓડિટ**

(૧) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા એક અંદાજપત્ર તૈયાર કરશે, યોગ્ય હિસાબોની સંભાળ રાખશે અને બીજા રેકર્ડસ પણ સંભાળશે (રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના હિસાબો અને બીજા લાગતા વળગતા રેકર્ડસ સહિત) ની સાચવણી કરશે, નિભાવશે અને કેન્દ્ર સરકાર, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સંપર્કમાં રહીને નિયત કરે તેવા સ્વરૂપમાં હિસાબનું વાર્ષિક બયાન તૈયાર કરશે.

(૨) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સંસ્થાના હિસાબો ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ તેવા સમયાંતરે ઓડિટ કરશે જે તેઓ નિયત કરશે અને આવા ઓડિટના સંબંધમાં જે કંઈ પણ ખર્ચ કરવામાં આવે તે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાએ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને ચૂકવવાપાત્ર થશે.

(૩) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ તથા રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના હિસાબોના ઓડિટ સાથે સંકળાયેલી બીજી કોઈ વ્યક્તિ જેની ઓડિટર જનરલે નિમણૂક કરી હોય, તેમને આવા ઓડિટના સંબંધમાં, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને સરકારના હિસાબોના સંબંધમાં સામાન્ય રીતે જે અધિકારો અને હક્કો છે તે જ અધિકાર અને હક્કો જે તે નિયુક્ત વ્યક્તિને રહેશે, અને ખાસ કરીને ચોપડાઓ, હિસાબો, સંલગ્ન વાઉચરો અને અન્ય દસ્તાવેજો અને કાગળો રજૂ કરવાની માગણી કરવાનો, અને રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાની કોઈપણ કચેરીનું નિરીક્ષણ કરવાનો હક્ક અધિકાર રહેશે.

(૪) કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા પ્રમાણિત થયેલ કે તેમણે આ હેતુમાં નિમણૂક કરેલ વ્યક્તિ દ્વારા પ્રમાણિત કરેલ રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના હિસાબો તેની સાથે તેના પર થયેલ ઓડિટ અહેવાલ, દર વર્ષે કેન્દ્ર સરકારને રવાના કરવામાં આવશે.

**૩૦. વાર્ષિક અહેવાલ લોકસભા સમક્ષ રજૂ કરવાનો રહેશે**

કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સંસ્થાનો વાર્ષિક અહેવાલ અને ઓડિટ અહેવાલને પ્રાપ્ત થયા બાદ બનતી ત્વરાએ લોકસભાનાં બંને ગૃહો સમક્ષ રજૂ કરાવશે.

## પ્રકરણ ૮

# રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડના ખર્ચા, હિસાબો અને ઓડિટ

**૩૧. રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડને નાણાની ગ્રાન્ટ રાજ્ય સરકાર તરફથી**

*રાજ્ય સરકાર રાજ્ય વિધાનસભા દ્વારા (કાયદો ઘડીને) કાયદાના સ્વરૂપમાં આ હેતુમાં કાયદેસર યોગ્યતા કરીને, રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડને ગ્રાન્ટ કે લોનના સ્વરૂપમાં નાણાની તેટલી રકમ આ કાયદાના હેતુમાં આપશે જે તેમને યોગ્ય જણાય.*

**૩૨. રાજ્ય જૈવ વૈવિધ્ય ભંડોળનું નિર્માણ**

*(૧) રાજ્ય જૈવ વૈવિધ્ય ભંડોળના નામથી એક ભંડોળ રહેશે અને તેમાં -*

*(અ) કલમ-૩૧ તળે રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડને અપાયેલ કોઈપણ ગ્રાન્ટ કે લોન*

*(બ) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા દ્વારા અપાયેલ કોઈપણ ગ્રાન્ટ કે લોન*

*(ક) રાજ્ય સરકારએ નિર્ણય કરવા પાત્ર તેવાં બીજાં ઉપકરણોમાંથી રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડે મેળવેલ બધી જ રકમો જમા થશે.*

*(૨) રાજ્ય જૈવ વૈવિધ્ય ભંડોળ*

*(અ) ઐતિહાસિક કે (સાંસ્કૃતિક) સ્થળોની વ્યવસ્થા અને જાળવણી*

*(બ) કલમ-૩૭ ની પેટાકલમ (૧) નીચેના જાહેરનામાથી આર્થિક નુકસાન પામેલા લોકોના કોઈપણ વિભાગને વળતર આપવાના કે પુનઃનિર્વાસ કરાવાના*

*(ક) જૈવ વૈવિધ્યની જાળવણી અને તેના આગળ વધારવા માટેના*

*(ડ) જે વિસ્તારમાંથી આવા જૈવ ઉપાર્જનો કે તેને લગતું જ્ઞાન વર્ધન થયું હોય તેવા વિસ્તારોના સામાજિક આર્થિક વિકાસ, કલમ-૨૪ તળે થયેલ કોઈ હુકમને આધીન સ્થાનિક સંસ્થાઓના સંપર્ક સાથે*

*(ઈ) અ કાયદા દ્વારા અધિકૃત હેતુઓ માટે થયેલ ખર્ચાઓ કરવા માટે ઉપયોગમાં લેવાશે.*

**૩૩. રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડના વાર્ષિક અહેવાલ**

*રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ, તેમના આગલા નાણાકીય વર્ષ દરમિયાન થયેલી તેમની કાર્યવાહીનું પૂરતું વર્ણન કરતો તેનો વાર્ષિક હેવાલ નિયત થયેલ સમયે અને સ્થળે તૈયાર કરશે અને તેની એક નકલ રાજ્ય સરકારને રજૂ કરશે.*

**૩૪. રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડના હિસાબોના ઓડિટ**

*રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડના હિસાબોની જાળવણી થશે અને તે હિસાબોનું રાજ્યના એકાઉન્ટન્ટ જનરલના સંપર્કથી નક્કી થયેલ રીતમાં ઓડિટ થશે, અને રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ નિયત થયેલ તારીખ પહેલાં તે ઓડિટ થયેલા હિસાબોની નકલ સાથે તેના પર ઓડિટના હેવાલને રાજ્ય સરકારશ્રી સમક્ષ રજૂ કરશે.*

**૩૫. રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડનો વાર્ષિક અહેવાલ રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ કરવો**

*વાર્ષિક અહેવાલ અને ઓડિટરના અહેવાલને રાજ્ય સરકારએ મેળવ્યા બાદ બને તેટલી ત્વરાથી રાજ્ય વિધાનસભા સમક્ષ (રાજ્ય સરકાર) રજૂ કરાવશે.*

## પ્રકરણ ૯

## કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની ફરજો

**૩૬. કેન્દ્ર સરકારએ, જૈવ વૈવિધ્યની જાળવણી વગેરે માટે, રાષ્ટ્રીય વ્યૂહરચના યોજના વગેરેનો વિકાસ કરવો :**

*(૧) ટકાઉ, મજબૂત જૈવ વૈવિધ્યની જાળવણી અને પ્રોત્સાહન (વર્ધન) માટે જૈવ ઉપાર્જનો (સંસાધન) થી સમૃદ્ધ વિસ્તારોની દેખરેખ અને ઓળખ તેની મૂળ જગ્યાની અને ઈતર જગ્યાની વૃદ્ધિ જૈવ ઉપાર્જનોની જાળવણી, સંશોધન કાર્ય માટે પ્રોત્સાહનો, જાગૃતિ વધારવા માટે તાલીમ અને જાહેર શિક્ષણ માટે જરૂરી પગલાં લેવાના સમાવેશ સાથે જૈવ વૈવિધ્યને તે અંગેના અહેવાલ સહિત, કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય વ્યૂહરચનાઓ યોજનાઓ અને સમારંભોનો વિકાસ કરશે.*

*(૨) જ્યાં કેન્દ્ર સરકાર એવો અભિપ્રાય ધરાવવાને કારણ જાણતી હોય કે જૈવ વૈવિધ્યથી સમૃદ્ધ કોઈ વિસ્તાર જૈવ ઉપાર્જનો અને તેના કુદરતી નિવાસસ્થાન, વિશેષ ઉપયોગ, દુરુપયોગ કે બેદરકારીની દહેશતમાં છે ત્યાં તે સંબંધિત રાજ્ય સરકારને સૂચનો કરીને સુધારાત્મક પગલાં ભરવા માટે જે તે રાજ્ય સરકારને પૂરી પાડી શકાય તેવી તકનિકી કે અન્ય સહાય અથવા જરૂરની જણાય તે પૂરી પાડવા દરખાસ્ત કરશે.*

*(૩) કેન્દ્ર સરકાર, વ્યવહારુ જણાય તેટલું અને જ્યાં ક્યાંય પણ તેમને યોગ્ય જણાય ત્યાં સંબંધિત વિભાગીય અને પ્રતિવિભાગીય યોજનાઓ (સ્થળો)માં સમારંભોમાં અને કૂટનીતિઓમાં જૈવ વૈવિધ્યની જાળવણી, વર્ધન અને ટકાઉ ઉપયોગને એકત્રિત કરશે.*

*(૪) (૧) જ્યાં ક્યાંય પણ જરૂરી જણાય ત્યાં, જૈવ વનસ્પતિ વૈવિધ્ય (રૂપાંતરણ) પર વિપરીત અસર થવાની શક્યતા હોય તેવી યોજના ઉપર પર્યાવરણીય અસરની બહુલતાના અભ્યાસ માટે જેથી કરીને આવી વિપરીત અસર નાબૂદ કરી શકાય અથવા ઓછી કરી શકાય તે હેતુથી, કેન્દ્ર સરકાર પગલાંઓ ભરશે, અને આવી અસરની બહુલતા (વિશેષતા) (સરવાળો) જ્યાં યોગ્ય લાગે ત્યાં (જાહેર સમારંભો) અને જાહેર ભાગીદારીનાં પગલાં ભરશે.*

*(૨) કેન્દ્ર સરકાર, જીવંત રૂપાંતરિત (ફેરફાર કરેલ) જૈવ સંગઠિત તંત્ર કે જૈવાંગના ઉપયોગ સાથે સંકળાયેલ જોખમોનું નિયમન વ્યવસ્થાપન અને નિયંત્રણ કરવાનાં પગલાં ભરશે કે જે જોખમો જૈવ તકનિક પરિણામોથી જૈવ વૈવિધ્ય (રૂપાંતરણ) ટકાઉ ઉપયોગને કે તેની જાળવણીને કે માનવ સ્વાસ્થ્યને વિપરીત અસરકારક થઈ શકે તેમ હોય.*

*(૫) કેન્દ્ર સરકાર જૈવ વનસ્પતિ રૂપાંતરણ સંબંધી સ્થાનિક લોકોના જ્ઞાનને રક્ષણ અને સન્માન કરવાની પ્રવૃત્તિઓ કરશે, જે રાષ્ટ્રીય જૈવ (રૂપાંતરણ) વૈવિધ્ય સત્તાએ તેવાં પગલાં ભરવા સંબંધી ભલામણ કરેલ હોય અને તેવાં પગલાં, સ્થાનિક રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે જ્ઞાનની નોંધણી કરવા સબબ હોય અને સંરક્ષણ માટે બીજાં પગલાંઓ, અદ્વિતીય પદ્ધતિઓ સહિત પગલાં ભરશે.*

*આ કલમના હેતુમાં -*

(અ) સ્થળાંતરિત અન્ય સ્થાનની (એક્ષ સીટુ) જાળવણીનો અર્થ જૈવ વૈવિધ્ય (રૂપાંતરણ) જે તેમના કુદરતી નિવાસસ્થાનનું હોય તેના વિભાગોની જાળવણી

(બ) (ઈન સીટુ) "મૂળ જગાએ જાળવણી" નો અર્થ આસપાસની પરિસ્થિતિ અને કુદરતી નિવાસસ્થાનની જાળવણી તેવો થાય છે અને પ્રકારો અને જાતિઓના જીવંત સમૂહ (વસતિ) નો નિભાવ અને પ્રાપ્તિ તેમના કુદરતી ઘેરાવમાં અને ગૃહ જીવનની ટેવ પડાયેલ કે ખેતીવાડી કરાયેલ જાતિઓના કિસ્સામાં, તેમના ફરતા ઘેરાવમાં કે જ્યાં તેમણે તેમની આગવી સંપત્તિ વિકસાવી હોય ત્યાં તેમનો નિભાવ અને પ્રાપ્તિ એવો અર્થ થાય છે.

**૩૭. જૈવ વૈવિધ્ય (રૂપાંતરણ) જગાઓ :**

(૧) અમલ (અસર) માં રહેલ બીજા કોઈપણ કાયદાને પૂર્વગ્રહ કર્યા સિવાય, રાજ્ય સરકાર, સ્થાનિક સંસ્થાઓના સંપર્કમાં રહીને, વારંવાર તેમના રાજ્યપત્રિત ગેઝેટમાં જૈવ સંપત્તિની મહત્તાવાળા વિસ્તારોને જૈવ વૈવિધ્ય (રૂપાંતરણ) ની સાંસ્કૃતિક (ઐતિહાસિક) જગા તરીકે આ કાયદા તળે જાહેર કરશે.

(૨) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકારના સંપર્કમાં રહીને, બધી જ સાંસ્કૃતિક જગાઓ, સ્થળોની વ્યવસ્થા અને જાળવણી માટેના નિયમો ઘડશે.

(૩) આવા જાહેરનામાથી આર્થિક નુકસાન પામનાર કોઈપણ વ્યક્તિ કે લોકોના વિભાગને વળતર આપવા કે પુનર્વસવાટ કરવા માટે રાજ્ય સરકાર યોજનાઓ ઘડી કાઢશે.

**૩૮. દહેશત પ્રાપ્ત જાતિઓને જાહેરનામાથી જાહેર કરવાની કેન્દ્ર સરકારની સત્તા**

અમલમાં રહેલ બીજા કોઈપણ કાયદાને પૂર્વગ્રહ કર્યા સિવાય, સંબંધિત રાજ્ય સરકારના સંપર્કમાં રહીને કેન્દ્ર સરકાર કોઈપણ પ્રકારો (જાતિઓ) જે શમી જવાના (ઠંડા પડી જવાના) સ્તરે હોય અથવા નજીકના ભવિષ્યમાં ઠંડી પડી જાય તેવી થઈને દહેશતવાળી થઈ ગઈ હોય તેની જાહેરનામાથી જાણ કરશે અને તેના સંગ્રહને કોઈપણ હેતુમાં મનાઈ ફરમાવશે અથવા તેને નિયંત્રણમાં લાવશે અને આવી જાતિઓના પુનર્વસન અને જાળવણી (રક્ષણ) માટે જરૂરી પગલાં ભરશે.

**૩૯. ભંડારો (કોઠારો) ની સ્થાપના કરવાની કેન્દ્ર સરકારની સત્તા**

(૧) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના સંપર્કમાં રહીને કેન્દ્ર સરકાર જૈવ ઉપાર્જનોની અલગ-અલગ જાતો માટે, ભંડાર ( કે કોઠાર) તરીકે આ કાયદા તળે સંસ્થાઓની નિમણૂક કરશે.

(૨) આવા કોઠારો, ભંડારો જૈવ દ્રવ્યોને, વાઉચરો અને નમૂનાઓ સહિત સલામત કબજામાં રાખશે.

(૩) જૈવ વર્ગીકરણની કોઈ નવી શોધ કોઈ વ્યક્તિએ કરી હોય ભંડોળ, કોઠારોમાં સૂચિત થશે અથવા આ હેતુમાં સ્થાપિત કોઈ સંસ્થામાં સૂચિત થશે અને તે (વ્યક્તિ) આવા (કોઠાર) ભંડાર કે સંસ્થા સાથે વાઉચર નમૂનો જમા કરાવશે.

**૪૦. કેટલાક જૈવ વૈવિધ્ય ઉપાર્જનોને બાકાત રાખવાની કેન્દ્ર સરકારની સત્તા**

આ કાયદામાં સમાવિષ્ટ કોઈપણ બાબતને ગણકાર્યા સિવાય, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના સંપર્કમાં રહીને, તેમના રાજ્યપત્રિત કચેરી ગેઝેટમાં જાહેરનામાથી એમ જાહેર થશે કે સામાન્ય રીતે ચીજ-વસ્તુના સ્વરૂપમાં વેપાર થતી કોઈપણ ચીજ, જૈવ ઉપાર્જન સુધ્ધાંને આ કાયદાની જોગવાઈઓ લાગુ પડશે નહિ.

## પ્રકરણ ૧૦

## જૈવ વૈવિધ્ય (રૂપાંતરણ) વ્યવસ્થા સમિતિ

### ૪૧. જૈવ વૈવિધ્ય વ્યવસ્થા સમિતિનું બંધારણ

*(૧) જૈવ વૈવિધ્યની જાળવણી મજબૂત ઉપયોગ અને દસ્તાવેજીકરણના પ્રોસાહનના હેતુ માટે, કુદરતી નિવાસ સ્થાન, પૂર્વ પ્રકારની જાળવણી, છોડની વિવિધ જાતિઓ (પ્રકારો) અને મશાથી ઉગાડેલ વનસ્પતિની જાતિઓ, ગૃહસ્થીકૃત વનસ્પતિ જથ્થા અને પ્રાણીઓની અને જંતુઓની ઉત્પત્તિઓ તેમજ જૈવ વૈવિધ્યના જ્ઞાનની તવારીખ સહિતના હેતુ માટે, દરેક સ્થાનિક સંસ્થા તેમના વિસ્તારમાં એક જૈવ વૈવિધ્ય વ્યવસ્થાપક સમિતિની રચના કરશે.*

**ખુલાસો : (સમજૂતી) આ પેટા કલમના હેતુઓમાં -**

*(અ) (કલ્ટીવર) મશાથી ઉગાડેલ વનસ્પતિનો અર્થ તેવો થાય છે કે એક છોડનો પ્રકાર (જાતિ) જે ખેતી દરમિયાન સ્વયંભૂ બહાર આવ્યો હોય અને ટકી ગયો હોય અથવા ખેતીવાડીના હેતુમાં ખાસ કરીને ઉગાડીને અસ્તિત્વમાં લાવ્યા હોય.*

*(બ) "છોડ વૈવિધ્ય" નો અર્થ એવો થાય છે કે ખેતી કરેલ છોડની જાત જેનો વિકાસ થયો હોય, ઊગ્યો હોય અને ખેડૂતોની વચ્ચે અનૌપચારિક રીતે અદલા-બદલી થયો હોય.*

*(ક) "પૂર્વ પ્રકાર" નો અર્થ એવો થાય છે કે જૂનો મશાથી ઉગાડેલ છોડ જેને પૂર્વકાળના (જૂના) ખેડૂતોએ કે તેમના વારસદારોએ વાવ્યો હોય તેવો છોડ.*

*(૨) જૈવ વૈવિધ્ય સમિતિના હકૂમતવાળા વિસ્તારમાંહેનાં જૈવ ઉપાર્જનો કે તેને લગતા જ્ઞાન સંબંધિત કોઈપણ નિર્ણય લેતી વખતે, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા અને રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ, જૈવ વૈવિધ્ય વ્યવસ્થા સમિતિનો સંપર્ક કરશે.*

*(૩) જૈવ વૈવિધ્ય સમિતિ તેના હકૂમતી વિસ્તારમાં વ્યાપારી હેતુઓ માટે જૈવ ઉપાર્જનોનો ઉપયોગ કે સંગ્રહ કરનાર કોઈપણ વ્યક્તિ પાસેથી લવાજમોના સ્વરૂપમાં લેણું વસૂલ કરશે.*

## પ્રકરણ ૧૧

## સ્થાનિક જૈવ વૈવિધ્ય ભંડોળ

### ૪૨. સ્થાનિક જૈવ વૈવિધ્ય ભંડોળને ગ્રાન્ટ બાબતે

*આ હેતુમાં રાજ્ય વિધાનસભા દ્વારા કાયદા ઘડીને યોગ્ય સ્વરૂપ આપ્યા બાદ, રાજ્ય સરકારશ્રી, સ્થાનિક જૈવ વૈવિધ્ય ભંડોળને ગ્રાન્ટ કે લોન દ્વારા એટલી રકમ નાણાંમાં આપશે જે રાજ્ય સરકારશ્રીના મતે આ કાયદાના હેતુમાં ઉપયોગ કરવા માટે યોગ્ય ગણાય*

### ૪૩. સ્થાનિક જૈવ વૈવિધ્ય ભંડોળની રચના

*રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ દરેક વિસ્તારમાં જ્યાં સ્થાનિક સરકારની સંસ્થા કાર્યરત હોય, તેમાં સ્થાનિક જૈવ વૈવિધ્ય ભંડોળ તરીકે જાણીતા ભંડોળની સ્થાપના થશે અને તેમાં*

*(અ) કલમ-૪૨ તળે થયેલ કોઈપણ ગ્રાન્ટ કે લોન*

*(બ) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા દ્વારા*

*(ક) રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ દ્વારા અપાયેલ કોઈપણ ગ્રાન્ટ અને લોન*

(ડ) કલમ-૪૧ ની પેટાકલમ (૩) માં નિર્દિષ્ટ લવાજમો જે જૈવ વૈવિધ્ય વ્યવસ્થાપક સમિતિએ પ્રાપ્ત કરી હોય તે

(ઈ) બીજી આવી સંસ્થાઓ કે જગાએથી સ્થાનિક જૈવ વૈવિધ્ય ભંડોળ દ્વારા પ્રાપ્ત થયેલ તમામ રકમો જેનો નિર્ણય રાજ્ય સરકારએ કરવાનો રહે છે તે તમામ સ્થાનિક જૈવ વૈવિધ્ય ભંડોળમાં જમા થશે.

**૪૪. સ્થાનિક જૈવ વૈવિધ્ય ભંડોળનો ઉપયોગ :**

(૧) પેટાકલમ (૨) ની જોગવાઈઓને આધીન, સ્થાનિક જૈવ વૈવિધ્ય ભંડોળની વ્યવસ્થા અને કબજો, અને આવું ફંડ ક્યા હેતુમાં ઉપયોગમાં લેવું, તે બાબત રાજ્ય સરકાર નિયત કરે તે રીતમાં ઉપયોગ કરાશે.

(૨) ભંડોળનો ઉપયોગ સંબંધિત સ્થાનિક સંસ્થાના વિસ્તારમાં આવતી જૈવ વૈવિધ્યની જાળવણી અને પ્રોત્સાહન માટે થશે અને તેવી જાતિઓના લાભો માટે ઉપયોગ થશે કે જે આવા ઉપયોગ દ્વારા લાભ પામતી જાતિઓ રાજ્ય જૈવ વૈવિધ્ય સાથે સંબંધિત હોય.

**૪૫. જૈવ વૈવિધ્ય વ્યવસ્થાપક સમિતિનો વાર્ષિક અહેવાલ**

સ્થાનિક જૈવ વૈવિધ્ય ભંડોળનો હવાલો સંભાળનાર વ્યક્તિ દરેક નાણાકીય વર્ષ અને તેવા નિયત સમયે, તેવા નિયત સ્વરૂપમાં તેનો વાર્ષિક અહેવાલ, તેના આગલા નાણાકીય વર્ષ દરમિયાન તેની કાર્યવાહીના પૂરતા વર્ણન સાથે, તૈયાર કરશે અને તેની એક નકલ સંબંધિત સ્થાનિક સંસ્થાને રજૂ કરશે.

**૪૬. જૈવ વૈવિધ્ય સમિતિના હિસાબોનું ઓડિટ :**

સ્થાનિક જૈવ વૈવિધ્ય ભંડોળનો હિસાબ રખાશે અને તેનું ઓડિટ, રાજ્યના એકાઉન્ટન્ટ જનરલના સંપર્કમાં રહીને નિયત રીતમાં થશે, અને ઓડિટ થયેલા હિસાબની નકલ સાથે ઓડિટરના તેના પરના અહેવાલ સહિત, સ્થાનિક જૈવ વૈવિધ્ય ભંડોળનો હવાલો સંભાળનાર વ્યક્તિ નિયત તારીખ પહેલાં સ્થાનિક સંસ્થાને સુપરત કરશે.

**૪૭. રાજ્ય જૈવ વૈવિધ્ય વ્યવસ્થાપક સમિતિનો વાર્ષિક અહેવાલ વગેરે જિલ્લા મેજિસ્ટ્રેટને રજૂ કરવો**

કલમ-૪૧ ની પેટાકલમ (૧) નીચે જૈવ વૈવિધ્ય વ્યવસ્થા સમિતિ ધરાવતી દરેક સ્થાનિક સંસ્થા, તેના વાર્ષિક અહેવાલ અને ઓડિટ થયેલ હિસાબો સાથે તેના ઉપર ઓડિટરનો હેવાલ જે કલમ-૪૫ અને ૪૬ માં ઉલ્લેખ કર્યો છે તેને અને અનુક્રમે તેવી સંસ્થાને લગતા હેવાલ, તે સ્થાનિક સંસ્થા ઉપર હકૂમત ધરાવતા જિલ્લા મેજિસ્ટ્રેટને રજૂ કરશે-કરાવશે.

## પ્રકરણ ૧૨

## પરચૂરણ

**૪૮. કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલ સૂચનાઓને રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા બંધાયેલી રહેશે.**

(૧) આ કાયદાની અત્રેથી અગાઉ સમાવિષ્ટ જોગવાઈઓને ધ્યાનમાં લીધા સિવાય રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા આ કાયદા તળેનાં તેમનાં કાર્યો અને ફરજોની પૂર્તિ (પાર પાડવા) માટે નીતિના પ્રશ્નો બાબતે કેન્દ્ર સરકારશ્રી તેમને અવાર-નવાર સૂચનો કરે તેના બંધનમાં, અમલમાં રહેશે. વ્યવહારુ જણાય ત્યાં સુધી આ પેટાકલમ નીચે તેમને કોઈ સૂચનો કરવામાં આવે તે અગાઉ રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળને તેમના અભિપ્રાય બાબતે સાંભળવાની શરતે (સૂચન થશે)

(૨) કોઈ પ્રશ્ન નીતિને સ્પર્શતો છે કે નહિ તે બાબતનો કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય આખરી રહેશે.

**૪૯. સૂચનાઓ આપવાની રાજ્ય સરકારની સત્તાઓ :**

(૧) આ કાયદાની અત્રેથી અગાઉ સમાવિષ્ટ કોઈપણ જોગવાઈને અનુસર્યા (સંમત થયા) સિવાય, રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ, આ કાયદા તળે તેનાં કાર્યો અને ફરજોની પરિપૂર્તિ માટે, રાજ્ય સરકાર દ્વારા તેમને નીતિના પ્રશ્નો બાબતે વારંવાર આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાને બંધાયેલ રહેશે.

રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડને વ્યવહારુ જણાય ત્યાં સુધી, આ પેટાકલમ તળે આપવામાં આવતી કોઈપણ સૂચના બાબતે તેમના મંતવ્ય-અભિપ્રાય અંગે જાણવાની તક આપ્યા પછી જ સૂચના આપવાની શરત રહેશે.

(૨) કોઈ પ્રશ્ન નીતિ બાબતનો છે કે કેમ તે અંગેનો રાજ્ય સરકારનો નિર્ણય આખરી રહેશે.

**૫૦. રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ (મંડળો) વચ્ચેની તકરારોની પતાવટ**

(૧) જો રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તામંડળ અને રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ વચ્ચે કોઈ તકરાર ઊભી થાય તો તે રાષ્ટ્રીય સત્તા અથવા તો બોર્ડ, જેવો કિસ્સો, સંયોગો, તો કેન્દ્ર સરકારની સમક્ષ એક વિવાદ (અપીલ) રજૂ કરવાનું પસંદ કરશે, નિયત થયેલ સમયમર્યાદામાં.

(૨) પેટાકલમ (૧) તળે પસંદ કરેલી દરેક અપીલ કેન્દ્ર સરકારએ નિયત કરેલ સ્વરૂપમાં રજૂ કરવાની રહેશે.

(૩) આવી અપીલનો નિકાલ કરવાની ગતિવિધિ કેન્દ્ર સરકાર દ્વારા નિયત સ્વરૂપની રહેશે.

એક અપીલનો નિકાલ કર્યા પહેલાં પક્ષકારોને સાંભળવાની યોગ્ય તક આપવાની શરતે નિકાલ થશે.

(૪) જો રાજ્ય જૈવ વૈવિધ્ય મંડળો (બોર્ડસ) વચ્ચે કોઈ તકરાર ઊભી થાય તો, કેન્દ્ર સરકાર તેનો રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાને સંદર્ભ કરશે.

(૫) પેટાકલમ (૪) તળે કોઈ તકરારનો ન્યાય નિર્ણય કરતી વખતે, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા કુદરતી ન્યાય નીતિના સિદ્ધાંતોનું અનુસરણ કરશે, અને કેન્દ્ર સરકારએ નિયત કરેલ ગતિવિધિ (પ્રોસિજર) મુજબ ન્યાય નિર્ણય કરશે.

(૬) આ કલમ તળે, તેનાં કાર્યો પૂરાં કરવા માટે, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાને દીવાની મુકદમા ચલાવતી દીવાની કાર્ય ગતિવિધિ સિવિલ પ્રોસિજર કોડ, ૧૯૦૮ (૧૯૦૮ નો ૫મો) ની અદાલતને પ્રાપ્ય જે સત્તાઓ છે તે સત્તાઓ પ્રાપ્ત રહેશે, નીચે નામ નિર્દેશ કરેલ બાબતોમાં

(અ) કોઈપણ વ્યક્તિને સમન્સ કરવા, તથા તેની સમક્ષ હાજર થવાની ફરજ પાડવા, અને તેની સોગંદ ઉપર જુબાની લેવાની સત્તા,

(બ) દસ્તાવેજોની શોધ અને રજૂ કરવા બાબતની સત્તા.

(ક) સોગંદનામા સાથે પુરાવાઓ એકઠા કરવાની સત્તા

(ડ) સાક્ષીઓ કે દસ્તાવેજોના પરીક્ષણ માટે મંડળની (કે પ્રતિનિધિની) નિમણૂક કરવાની સત્તા

(ઈ) તેના નિર્ણયોને ફેર જોઈ લેવા (રિવ્યુ કરવા) ની સત્તા

(ફ) (પક્ષકાર તરફેની) ગેરહાજરીમાં (ડિફોલ્ટ) કોઈ અરજીને રદ કરવી અથવા એક પક્ષીય નિર્ણય કરવો.

(ગ) તેમણે (પક્ષકાર તરફેની) ગેરહાજરીમાં કોઈ અરજીને રદ કરતો કે એક પક્ષીય નિર્ણય કરતો હુકમ એક બાજુ કરવો અથવા ફરીને હાથ લેવાની સત્તા (રિવ્યુ).

(હ) બીજી કોઈ નિયત કરેલ બાબત

(૭) રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા સમક્ષની બધી જ કાર્યવાહી ૧૯૭૩ના (૧૯૭૪ નો ૨ જો) ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૯૩ અને ૨૨૮ ના અર્થઘટનમાં અને કલમ-૧૯૬ના હેતુમાં, ન્યાયાલયી (જ્યુડિશિયલ) કાનૂની કાર્યવાહી તરીકે રહેશે, અને રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા ક્રિમિનલ પ્રોસિજર કોડ (ભારત), ૧૯૭૩ (૧૯૭૪ નો ૨ જો) ની કલમ-૧૯૫ ના બધા જ હેતુઓમાં અને પ્રકરણ-૨૬ના હેતુઓમાં એક દીવાની કામ ચલાવતી અદાલત તરીકે ગણાશે.

**૫૧. રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના અને રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડના સભ્યો, અમલદારો વગેરે જાહેર સેવકો તરીકે ગણવાપાત્ર**

આ કાયદાની જોગવાઈઓના પાલનમાં કામ કરતા કે કામ કરવાના અર્થસૂચનમાં જણાતા રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા અથવા રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડના સર્વ સભ્યો, અમલદારો અને અન્ય કર્મચારીઓ જાહેર સેવકો તરીકે ગણવામાં રહેશે, જે ભારતીય ફોજદારી ધારાની કલમ-૨૧ના અર્થઘટનમાં છે. (ભારતીય ફોજદારી ધારો ૧૮૬૦ નો ૫મો)

**૫૨. વિવાદ (અપીલ)**

નિર્ણય કરેલ નફાનો ભાગ મળવા બાબતે, કે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા કે રાજ્ય જૈવ બોર્ડના આ કાયદા તળેના હુકમથી નારાજ થયેલ કોઈપણ વ્યક્તિ આવા નિર્ણય કે હુકમની તેમને જાણ કર્યાના ત્રીસ દિવસની અંદર, (હુકમ રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાનો કે રાજ્ય જૈવ વૈવિધ્ય હોય જે તે કિસ્સામાં) વડી અદાલત (હાઈકોર્ટ) સમક્ષ અપીલ રજૂ કરી શકે છે.

વડી અદાલતને તે બાબત સંતોષ થાય છે કે વિવાદી (એપેલન્ટ) પૂરતાં કારણોને લઈને જે તે સમયગાળા દરમિયાન વિવાદ પસંદ કરવાથી અટકાયેલા હતા તો તેવી શરતે હાઈકોર્ટ (વડી અદાલત) અપીલ વિશેષ સમયમર્યાદા સાઈઠ દિવસથી વધુ નહિ તેવી મર્યાદામાં વિવાદ દાખલ કરવાની મંજૂરી આપશે.

**૫૩. નિર્ણય કે હુકમની અમલવારી (એક્ઝીક્યુશન)**

નફાની વહેંચણીનો દરેક નિર્ણય કરવા હુકમ જે રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા કે રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ દ્વારા આ કાયદા તળે કરાયેલ હોય, અથવા રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા કે રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડના નિર્ણય કે હુકમ સામેના વિવાદમાં વડી અદાલત (હાઈકોર્ટ) દ્વારા કરાયેલ હુકમ રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા અથવા જૈવ વૈવિધ્ય બોર્ડના કોઈ અમલદાર દ્વારા, અથવા વડી અદાલતના રજિસ્ટ્રાર દ્વારા જેવો કિસ્સો તે અંગેનું પ્રમાણપત્ર અપાયા પછી તે હુકમ નિર્ણય દીવાની અદાલતનું હુકમનામું તરીકે ગણાશે. (ડીક્રી) અને તે અદાલતના હુકમનામાની અમલવારી જે રીતે કરવામાં આવતી હોય તે રીતે જ આવા નિર્ણય કે હુકમની અમલવારી થશે.

**ખુલાસો :** આ કલમ અને કલમ-૫૨ના હેતુઓ માટે, શબ્દપ્રયોગ "રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ" તે વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહનો સમાવેશ કરે છે જેમને કલમ-૨૨ની પેટાકલમ (૨) તળે સત્તાઓ કે કાર્યવાહી સોંપાયેલ હોય, તે કલમની પેટાકલમની જોગવાઈઓમાં અને આ કલમ તળે આવી વ્યક્તિ કે વ્યક્તિ સમૂહના સંબંધમાં પ્રમાણપત્ર, તેવી વ્યક્તિ કે વ્યક્તિ સમૂહ, દ્વારા જેવા સંયોગો અપાશે.

## ૫૪. નિષ્ઠાની લીધેલ પગલાંનું સંરક્ષણ

*આ કાયદાતળે નિષ્ઠાથી લેવાયેલ કે નિષ્ઠાથી લેવાને ઈરાદે રખાયેલ કે આ કાયદા તળેના નિયમો કે નિયમનો તળે નિષ્ઠાથી લેવાયેલ કે લેવાને ઈરાદો ધરાવેલ કંઈપણ (કાર્યવાહી) માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારશ્રી, કે કેન્દ્ર સરકારશ્રીના કે રાજ્ય સરકારના કોઈ અમલદાર રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાના અથવા રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડના કોઈ સભ્ય અમલદાર, કર્મચારી સામે કોઈ દાવો, ક્રિમિનલ કાનૂની કાર્યવાહી કે અન્ય કાનૂની કામ ચાલી શકશે નહિ.*

## ૫૫. દંડ (પેનલ્ટી)

*(૧) જે કોઈપણ કલમ-૩ અથવા ૪ અથવા ૬ ની જોગવાઈઓનો ભંગ કરવાનો પ્રયત્ન કરશે અથવા ભંગ કરવાની ઉશ્કેરણી કરશે, તે પાંચ વર્ષની મુદત સુધી લંબાવાય તેવી કેદની સજાને કે એક લાખ રૂપિયા સુધી થાય તેવા દંડની સજાને પાત્ર રહેશે. જ્યાં કરાયેલ નુકસાનનો અંદાજ દશ લાખ રૂપિયાથી વિશેષ થશે ત્યાં આવો દંડ થયેલ નુકસાનને પ્રમાણસર થશે અથવા બંને સાથે કરી શકાશે.*

*(૨) જે કોઈપણ કલમ-૭ની જોગવાઈઓ અથવા કલમ-૨૪ની પેટાકલમ (૨) તળે થયેલ હુકમનો ભંગ કરશે કે ભંગ કરવાનો પ્રયત્ન કરશે કે ભંગ કરવાની ઉશ્કેરણી કરશે, તે ત્રણ વર્ષના સમય સુધીની કેદને કે પાંચ લાખ રૂપિયા સુધીના દંડ ભરવાની સજાને કે બંને સજાને પાત્ર થશે.*

## ૫૬. કેન્દ્ર સરકારના, રાજ્ય સરકારના, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા અને રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડની સૂચનાઓ કે હુકમોના ભંગ બદલ દંડ

*કોઈપણ વ્યક્તિ જો કે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તા કે રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ કરાયેલા હુકમો કે અપાયેલી સૂચનાઓનો ભંગ કરશે, જેના માટે આ કાયદા તળે અલગ જોગવાઈથી સજાની જોગવાઈ નથી, તેને એક લાખ રૂપિયા સુધીનો દંડ, અને બીજી વખત તે એક પછીના બીજા ગુન્હા માટે, બે લાખ રૂપિયા સુધીનો દંડ, અને ભંગ કર્યાના ગુન્હાની ક્રિયાની ચાલુ પરિસ્થિતિમાં વધારાના રૂપિયા બે લાખ સુધીના દંડ દરેક દિવસદીઠ જે દિવસ આવી ક્રિયા ચાલુ હોય ભરવાને પાત્ર ઠરશે.*

## ૫૭. કંપનીઓ દ્વારા ગુન્હા થવા બાબત

*(૧) જ્યારે આ કાયદા તળે કોઈ ગુન્હો કે (જોગવાઈનો) ભંગ કોઈ કંપની દ્વારા આચરવામાં આવ્યો હોય ત્યારે આવા ગુન્હા કે ભંગના કાર્ય સમયે તે કંપનીના ચાર્જમાં જે વ્યક્તિ કંપનીના ધંધાકીય કામ બાબત તેને જવાબદાર હોય, તે વ્યક્તિ, તેમજ કંપની આવા ગુન્હા કે ભંગ બદલ ગુન્હાહિત ગણાશે, અને તેમની સામે કાનૂની કાર્યવાહી ચલાવવાને તથા તદ્નુસાર સજા કરવાને પાત્ર ઠરશે.*

*શરત એ છે કે આ કાયદામાં જોગવાઈ કરેલ સજાને જવાબદાર તરીકે કોઈપણ વ્યક્તિને આ પેટાકલમની માહિતી કોઈપણ બાબત ઠરાવશે નહિ, જો તે તેવું પુરવાર કરી આપે કે ગુન્હો અથવા (જોગવાઈઓ) ભંગ તેની (જ્ઞાન) જાણ બહાર થયેલો, અથવા તેમણે આવા ગુન્હાના કે ભંગના આચરણને રોકવા માટે ધોરણસર બધી જ તકેદારી રાખેલી, તજવીજ કરેલી.*

*(૨) પેટાકલમ (૧) માં જણાવેલ કોઈપણ બાબતને નહિ અનુલક્ષીને જ્યારે કોઈ કંપની દ્વારા કોઈ ગુન્હો કે ભંગની ક્રિયા થઈ હોય અને તેવું પુરવાર થાય કે તે ગુન્હો તે ભંગ કરનાર કંપનીના કોઈ*

*ડાયરેક્ટર, મેનેજર, સેક્રેટરી કે અન્ય કોઈ અમલદારની સંમતિ, મેળાપીપણાથી કે તેની બેદરકારી સાથે જોડી શકાય તેવા કૃત્યથી થયો છે, તો તે ડાયરેક્ટર, મેનેજર, સેક્રેટરી કે અન્ય અધિકારી પણ તે ગુન્હા કે ભંગ બદલ દોષિત હોવાનું ગણાશે, અથવા તે ભંગ બદલ તેમની વિરુદ્ધ શિક્ષાત્મક પગલાંની કાર્યવાહીને પાત્ર ઠરાવાશે અને તદ્નુસાર શિક્ષાપાત્ર થશે.*

**ખુલાસો :** *આ કલમના હેતુઓ માટે*

*(અ) "એક કંપની" નો અર્થ કોઈપણ (કૃત્રિમ વ્યક્તિત્વ) કોર્પોરેટ બોડી થાય છે અને તે એક પેઢી અથવા વ્યક્તિઓના અન્ય સમૂહ સમાવેશ કરે છે, અને*

*(બ) "સંચાલક" (ડાયરેક્ટર) એક પેઢીના સંબંધમાં તેમજ પેઢીના ભાગીદારના સંબંધમાં તે સંચાલક ગણાશે.*

**૫૮. બિનજામીનપાત્ર અને કોગ્નાઈઝેબલ ગુન્હો**

*આ કાયદા હેઠળના ગુન્હાઓ (કોગ્નાઈઝેબલ) અને બિનજામીનપાત્ર ગણાશે.*

**૫૯. બીજા કાયદાઓની સાથે (વધારામાં) આ કાયદાનો અમલ રહેશે.**

*આ કાયદાની જોગવાઈઓ, બીજા કોઈપણ કાયદા જે તત્કાલ પૂરતા અમલમાં હોય જે વન અને વન્ય જીવનના સંદર્ભમાં હોય, તેની વિરોધમાં નહિ પણ તેમની વધારાની જોગવાઈઓમાં રહેશે.*

**૬૦. કેન્દ્ર સરકારની રાજ્ય સરકારશ્રીને સૂચન આપવાની સત્તા**

*આ કાયદાની જોગવાઈઓનો અમલ કરવા માટે કેન્દ્ર સરકાર કોઈપણ રાજ્ય સરકારને આ કાયદાની કોઈપણ જોગવાઈઓ કે નિયમ કે નિયમનો અથવા તેમના તળે થયેલ હુકમ અમલ કરવાની સૂચના કરી શકે છે.*

**૬૧. ગુન્હાનું કોગ્નાઈઝન્સ**

*કોઈપણ અદાલત આ કાયદા તળેના કોગ્નાઈઝન્સ લઈ શકશે નહિ, સિવાય કે નીચે જણાવેલાઓને ફરિયાદ કરી હોય.*

*(અ) કેન્દ્ર સરકાર, અથવા તે સરકાર દ્વારા આ હેતુમાં અધિકૃત કોઈપણ સત્તા અથવા અમલદાર.*

*(બ) લાભ (નફો) ની માગણી લાવનાર જેમણે આવા ગુન્હા બાબતે અને તેની ફરિયાદ કરવાના ઈરાદા બાબતે ત્રીસ દિવસથી ઓછા નહિ તેવા સમયની નિયત સ્વરૂપની નોટિસ આપી હોય.*

**૬૨. કેન્દ્ર સરકારની નિયમો ઘડવાની સત્તા**

*(૧) આ કાયદાના હેતુઓ બર લાવવા માટે, કેન્દ્ર સરકાર તેમના કચેરી રાજ્યપત્રિત ગેઝેટમાં, નિયમો ઘડશે.*

*(૨) ખાસ કરીને, અને આગળ જણાવેલી સત્તાઓને પૂર્વગ્રહ કર્યા સિવાય, આવા નિયમો નીચે જણાવેલ બધી જ અથવા તે માંહેની કોઈપણ બાબતે લાગુ કરાશે.*

*(અ) કલમ-૯ માં જણાવેલ અધ્યક્ષ, ચેર પરસન અને સભ્યોની સેવાની સમયમર્યાદા અને શરતો.*

*(બ) ચેર પરસનની કલમ-૧૦ મુજબની સત્તા અને ફરજો બાબત*

(ક) મીટિંગમાં ધંધાના વ્યવહારો બાબતે કલમ-૧૨ પેટાકલમ (૧)માં જણાવેલ પ્રક્રિયા બાબતે

(ડ) કલમ-૧૯ પેટા કલમ (૧) તળે કેટલીક કાર્યવાહી હાથ ધરવા માટે કરવાની અરજીનું સ્વરૂપ અને લવાજમ ભરવા માટેના નિયમો

(ઈ) એક અરજી કરવા માટેનું અરજીનું સ્વરૂપ કલમ-૧૯ પેટાકલમ (૨) તળે.

(ફ) જૈવ વૈવિધ્ય ઉપાર્જન અથવા તેને લગતા જ્ઞાન માહિતી તબદીલ કરવાની રીત અને તેની અરજીનું સ્વરૂપ કલમ-૨૦ (૨) તળે તે બાબતે.

(ગ) દરકે નાણાકીય વર્ષ જેમાં રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાનો અહેવાલ તૈયાર કરવાનો રહેશે અને અહેવાલ તૈયાર કરવાનું સ્વરૂપ, અને જે તારીખે તેના ઓડિટ થયેલા હિસાબો સાથે તેના પરના ઓડિટરના અહેવાલ રજૂ જે તારીખ પહેલાં કરવાનો હોય તે તારીખ કલમ-૨૮ તળે.

(હ) કલમ-૨૯ ની પેટા કલમ(૧) તળે વાર્ષિક હિસાબોનું પત્રક તૈયાર કરવાના સ્વરૂપ બાબતે (ફોર્મ)

(આઈ)કલમ-૫૦ તળે પસંદ કરવાપાત્ર વિવાદ (અપીલ) રજૂ કરવાની સમયમર્યાદા, અને તેનું સ્વરૂપ, અપીલ નિકાલ કરવાની પ્રક્રિયા અને વિવાદની ન્યાયિત કાર્યવાહીની પ્રક્રિયા બાબતે.

(જે) કલમ-૫૦ પેટાકલમ-૬ ના વાક્ય 'એચ' હેઠળ રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાએ દીવાની અદાલતની અખત્યાર કરવાપાત્ર સત્તાની ઉપરવટ અન્ય કોઈપણ બાબતો અંગે.

(કે) કલમ-૬૧ ના વાક્ય (બ) હેઠળ આપવાની નોટિસની રીત બાબતે.

(એલ) બીજી કોઈપણ બાબત જે નિયત કરવાપાત્ર કે નિયત હોય, અથવા જેના સંબંધે નિયમો દ્વારા જોગવાઈ કરવાની રહે છે.

(૩) આ કલમ તળે ઘડેલા દરેક નિયમ, દરેક નિયમન જે આ કાયદા તળે બનાવ્યા હોય.

(૪) આ કલમ તળે ઘડેલ દરેક નિયમ અને આ કાયદા તળે નિર્મિત દરેક નિયમન, તેના નિર્માણ થયા બાદ લોકસભાનાં બંને ગૃહો સમક્ષ બને તેટલા જલદીથી મુકાશે જ્યારે તે એક બેઠકમાં તેના ત્રીસ દિવસ સુધી બેસે છે, અથવા બે કે તે પછીની વિશેષ બેઠકો દરમિયાન રજૂ કરાશે, અને જો, એક બેઠક સમય પૂરો થયા પહેલાંની, જે અગાઉની બેઠક પછી આવતી હોય, અથવા આગળ કહ્યા તેમ પછીની બેઠકમાં કોઈ નિયમ કે નિયમનમાં કે બંનેમાં ફેરફાર કરવાને સંમત થાય કે તે નિયમ કે નિયમનમાં કે બંનેમાં ફેરફાર કરવાને સંમત થાય કે તે નિયમ કે નિયમન ઘડાવો જોઈએ નહિ, તો ત્યારબાદ તે નિયમ કે નિયમન તેના તેવા ફેરફાર કરાયેલ સ્વરૂપમાં અમલવારી થશે, અથવા કોઈ અમલમાં રહેશે નહિ, જેવા સંયોગો, તે રીતે આવો કોઈપણ ફેરફાર કે રદ્દીકરણ, તે નિયમ કે નિયમન તળે થયેલ અગાઉ થયેલ કોઈપણ (કાર્ય કે ક્રિયા) ની કાયદેસરતા, યોગ્યતા (વેલિડિટી) ને પૂર્વગ્રહ કરશે નહિ.

**૬૩. રાજ્ય સરકારને નિયમ બનાવવાની સત્તા**

(૧) આ કામના હેતુઓને અમલમાં લાવવા માટે રાજ્ય સરકાર ઓફિશિયલ ગેઝેટ્સમાં જાહેરનામું પ્રસિદ્ધ કરેથી નિયમો અમલમાં આવશે.

(૨) આ વિગતોથી, અને અગાઉ જણાવ્યા મુજબની સત્તાઓને બાધ/પૂર્વગ્રહ વિના, નીચે જણાવેલ દરેક બાબતો અથવા કોઈપણ નીચે જણાવેલી બાબતો અંગે નિયમો ઘડી શકશે જેમ કે…

(અ) કલમ-૨૩ ના ક્લોઝ (સી)માં રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ દ્વારા બીજાં કાર્યો અને કામગીરી કરી શકશે.

(બ) કલમ-૨૪ ની પેટાકલમ-૧ હેઠળના ફોર્મ કે જે તે પહેલાંની જાણ અંગે

(સી) કલમ-૩૩ અન્વયે તૈયાર કરાયેલા દરેક નાણાકીય વર્ષના વાર્ષિક અહેવાલ અને તે અન્વયેનાં ફોર્મ

(ડી) કલમ-૩૪ અન્વયે રાજ્ય જૈવ વૈવિધ્ય બોર્ડ સમક્ષ હિસાબો અને તેનું અન્વેષણ (Auditing) અને તેને જાળવણીની રીત-ભાત અને ઓડિટ થયેલ હિસાબોની કોપીની સાથે ઓડિટરનો અહેવાલ સાથે તેમાં જણાવેલ તારીખે રજૂ કરવો.

(ઈ) કલમ-૩૭ અન્વયે રાષ્ટ્રીય વારસા અન્વયે સંરક્ષણ અને વ્યવસ્થા

(એફ) કલમ-૪૪ ની પેટાકલમ-૧ અન્વયે લાગુ સ્થાનિક જે ફંડ અને આવા ફંડના હેતુઓ માટેની કબજા/Custody અને વ્યવસ્થા અને તેની રીતભાત.

(જી) કલમ-૪૫ અન્વયે દરેક નાણાકીય વર્ષ દરમિયાનના તૈયાર થયેલા અહેવાલો અને આવા વાર્ષિક અહેવાલો અને તેનાં ફોર્મ.

(એચ) કલમ-૪૬ હેઠળ સ્થાનિક જે ફંડ અને ઓડિટેડ હિસાબોની નકલો અને ઓડિટરના અહેવાલની સાથે રજૂ કરવી અને તેની જાળવણી અને ઓડિટની રીત-ભાત નક્કી કરવી.

(આઈ) બીજી કોઈપણ બાબતો કે જે દર્શાવેલ કે દર્શાવ્યા વિનાની પણ હોય તે તમામ.

(૩) આ કલમ હેઠળ રાજ્ય સરકાર કોઈપણ નિયમ બનાવે, તે તુરત જ બનાવ્યા બાદ, રાજ્યના વિધાન ગૃહ સમક્ષ રજૂ કરવું કે જે રાજ્યનાં બંનેય ગૃહોમાં અથવા વિધાનસભામાં એક ગૃહમાં રજૂ કરવો બાદ બીજા ગૃહમાં રજૂ કરવો.

**૬૪. નિયમન કરવાની સત્તાઓ**

રાષ્ટ્રીય જૈવ વૈવિધ્ય સત્તાધિકારીએ મધ્યસ્થી કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી સિવાય, આ કાયદાના હેતુઓને અમલમાં લાવવા ઓફિશિયલ ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરી શકશે.

**૬૫. મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા**

(૧) આ કાયદાની જોગવાઈઓની અસરો અન્વયેની કોઈપણ મુશ્કેલીઓ ઉત્પન્ન થશે ત્યારે મધ્યસ્થી કેન્દ્ર સરકાર કોઈપણ હુકમ, કરી શકશે. આ કાયદાની અસંગતતા અન્વયેની મુશ્કેલીઓ દૂર કરી શકશે.

આ કાયદાના અમલમાં આવ્યાની શરૂઆત થયાના ૨ વર્ષ બાદ કોઈપણ હુકમ કરી શકાશે નહીં.

(૨) આ કલમ અન્વયેનો દરેક હુકમ તુરત જ લોકસભા સમક્ષ રજૂ કરવાનો રહેશે.

• • •

# ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭

## (સન ૧૯૨૭નો અધિનિયમ નંબર ૧૬)

## અનુક્રમણિકા

### પ્રકરણ-૧

### પ્રારંભિક

**કલમો**


૧. *ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ*

૨. *અર્થઘટન કલમ*


### પ્રકરણ -૨

### આરક્ષિત વન બાબત


૩. *વનોને આરક્ષિત બનાવવાની સત્તા*

૪. *રાજ્ય સરકારનું જાહેરનામું*

૫. *વન હકો પ્રાપ્ત થવાને બાધ*

૬. *વન વ્યવસ્થા અધિકારીને ઢંઢેરો બહાર પાડવા બાબત.*

૭. *વન વ્યવસ્થા અધિકારીએ કરવાની તપાસ.*

૮. *વન વ્યવસ્થા અધિકારીની સત્તા*

૯. *હકો નષ્ટ થવા બાબત*

૧૦. *ફરતી ખેતીની પદ્ધતિ સંબંધી દાવાની તજવીજ*

૧૧. *જેના ઉપર હકનો દાવો થયો હોય તે જમીન સંપાદિત કરવાની સત્તા*

૧૨. *ઢોર ચારવાના અથવા વન-પેદાશના હકો અંગેના દાવા ઉપર હુકમ*

૧૩. *વન-વ્યવસ્થા અધિકારીએ નોંધ કરવા બાબત*

૧૪. *પોતે દાવો સ્વીકારે ત્યારે નોંધ કરવા બાબત*

૧૫. *સ્વીકારેલા હકોના ભોગવટા બાબત*

૧૬. *હકના બદલામાં સામટું વળતર*

૧૭. *કલમ ૧૧, કલમ ૧૨, કલમ ૧૫ અથવા કલમ ૧૬ હેઠળ કરેલા હુકમ સામે અપીલ*

૧૮. *કલમ ૧૭ હેઠળની અપીલ*

૧૯. વકીલો

૨૦. આરક્ષિત વન જાહેર કરતું જાહેરનામું

૨૧. વનના આજુબાજુના પ્રદેશોમાં આવા જાહેરનામાના ભાષાંતરની પ્રસિદ્ધિ

૨૨. કલમ ૧૫ અથવા કલમ ૧૮ હેઠળ થયેલી વ્યવસ્થા ફેરવવાની સત્તા

૨૩. આરક્ષિત વન ઉપર આમાં કોઈ જોગવાઈ કરી હોય તે સિવાય, બીજી રીતે કોઈ હક્ક પ્રાપ્ત થતો નથી.

૨૪. મંજૂરી વગર હકો બીજાને તબદીલ કરવાની મનાઈ

૨૫. આરક્ષિત વનમાંના માર્ગો અને જળમાર્ગો બંધ કરવાની સત્તા

૨૬. આવાં વનમાં પ્રતિબંધિત કાર્યો.

૨૭. વન આરક્ષિત નહિ રહેલ હોવાનું જાહેર કરવાની સત્તા

## પ્રકરણ-૩

## ગ્રામ વનો

૨૮. ગ્રામ વનોની રચના

## પ્રકરણ-૪

## રક્ષિત વનો બાબત

૨૯. રક્ષિત વનો.

૩૦. ઝાડ વગેરેને અનામત બનાવવા બાબત જાહેરનામું બહાર પાડવાની સત્તા

૩૧. આજુબાજુના પ્રદેશમાં આવા જાહેરનામાનાં ભાષાંતરની પ્રસિદ્ધિ

૩૨. રક્ષિત વનો માટે નિયમો કરવાની સત્તા

૩૩. કલમ ૩૦ હેઠળના જાહેરનામા કે કલમ ૩૨ હેઠળના નિયમોનું ઉલ્લંઘન કરીને કરેલાં કાર્યો માટે શિક્ષા

૩૪. આ પ્રકરણના કોઈપણ મજકૂરથી કેટલીક બાબતોમાં કરેલાં કાર્યો ઉપર પ્રતિબંધ ન હોવા બાબત.

## પ્રકરણ-૫

## સરકારની મિલકત ન હોય તેવા વન જમીનના નિયંત્રણ બાબત

૩૫. ખાસ હેતુઓ માટે વનોનું રક્ષણ

૩૬. વનનો વહીવટ પોતાને હસ્તક લેવાની સત્તા

૩૭. કેટલાક કિસ્સાઓમાં વનોનું સંપાદન

૩૮. માલિકોની વિનંતી ઉપરથી વનનું રક્ષણ

## પ્રકરણ-૬

## ઈમારતી લાકડાં તથા બીજી વનપેદાશ ઉપરની ડ્યુટી

૩૯. ઈમારતી લાકડાં તથા બીજી વન-પેદાશ ઉપર ડ્યુટી નાખવાની સત્તા

૪૦. ખરીદીનાં નાણાં કે રોયલ્ટીને મર્યાદા લાગુ નહિ પાડવા બાબત

## પ્રકરણ - ૭

## ઈમારતી લાકડાં તથા બીજી વન-પેદાશની હેરફેર ઉપર નિયંત્રણ બાબત

૪૧. વન-પેદાશની હેરફેરના નિયમન માટે નિયમો કરવાની સત્તા

૪૧. ક (A) જકાત સરહદોને પાર કરીને ઈમારતી લાકડાં લઈ જવા સંબંધમાં કેન્દ્ર સરકારની સત્તા

૪૨. કલમ ૪૧ હેઠળ કરાયેલા નિયમોના ભંગ બદલ શિક્ષા

૪૩. ડિપોમાં વન-પેદાશને થયેલ નુકસાન માટે સરકાર તથા વન-અધિકારીઓ જવાબદાર નહિ હોવા બાબત

૪૪. ડિપોમાં થયેલ અકસ્માત વખતે તમામ વ્યક્તિઓની મદદ કરવાની જવાબદારી

## પ્રકરણ-૮

## તણાઈ આવેલાં તથા વેરવિખેર થયેલાં ઈમારતી લાકડાં એકઠાં કરવા બાબત

૪૫. કેટલીક જાતનાં ઈમારતી લાકડાં ઉપર હક સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી, સરકારની મિલકત હોવાનું ગણવા અને તે અનુસાર તે એકઠાં કરવા બાબત.

૪૬. તણાઈ આવેલાં ઈમારતી લાકડાંના હકદારને નોટિસ

૪૭. આવાં ઈમારતી લાકડાં બાબત માગણી થયા પછીની કાર્યરીતિ

૪૮. માગણી ન કરેલાં ઈમારતી લાકડાંના નિકાલ બાબત

૪૯. આવાં ઈમારતી લાકડાંને થયેલા નુકસાન માટે સરકાર અને તેના અધિકારીઓ જવાબદાર નહિ હોવા બાબત

૫૦. ઈમારતી લાકડાં માગણી કરનારને સોંપવામાં આવે તે પહેલાં તેણે કરવાની ભરપાઈ

૫૧. નિયમો કરવાની અને શિક્ષા ઠરાવવાની સત્તા

## પ્રકરણ-૯

## શિક્ષા અને કાર્યરીતિ

૫૨. સરકાર દાખલ કરવાને પાત્ર મિલકત કબજે લેવા બાબત

૫૩. કલમ ૫૨ હેઠળ કબજે લીધેલી મિલકત મુક્ત કરવાની સત્તા

૫૪. ત્યાર પછીની કાર્યરીતિ
૫૫. વન-પેદાશ, ઓજારો વગેરે ક્યારે સરકાર દાખલ થવાને પાત્ર થાય
૫૬. વન-ગુનાના ઈન્સાફનું કામ પૂરું થયે જેના સંબંધમાં ગુનો થયો હોય તે પેદાશનો નિકાલ
૫૭. ગુનેગાર અજ્ઞાત હોય અથવા મળી શકતો ન હોય ત્યારે કાર્યરીતિ
૫૮. કલમ ૫૨ હેઠળ કબજે લીધેલી બગડી જાય તેવી મિલકત બાબત કાર્યરીતિ
૫૯. કલમ ૫૫, કલમ ૫૬ કે કલમ ૫૭ હેઠળ કરેલા હુકમો સામે અપીલ
૬૦. મિલકત સરકારમાં ક્યારે નિહિત થાય
૬૧. કબજે લીધેલી મિલકત મુક્ત કરવાની સત્તાનો અપવાદ
૬૨. ગેરકાયદેસર કબજે લેવા બદલ શિક્ષા
૬૩. ઝાડ અને ઈમારતી લાકડાં ઉપર બનાવટી ચિહ્નો કરવા અથવા ચિહ્નો બગાડવા તથા સીમાચિહ્નો બદલવા
૬૪. વોરંટ વગર પકડવાની સત્તા
૬૫. પકડાયેલ વ્યક્તિને મુચરકાને આધારે છોડવાની સત્તા
૬૬. ગુનો થતો અટકાવવાની સત્તા
૬૭. ગુનાનો સંક્ષિપ્ત રીતે ઈન્સાફ કરવાની સત્તા
૬૮. ગુનાની માંડવાળ કરવાની સત્તા
૬૯. વન-પેદાશ સરકારની માલિકીની માની લેવા બાબત

## પ્રકરણ-૧૦

## ઢોર-અપપ્રવેશ

૭૦. "ઢોર-અપપ્રવેશ અધિનિયમ, ૧૮૭૧" લાગુ પાડવા બાબત
૭૧. તે અધિનિયમ હેઠળ ઠરાયેલા દંડમાં ફેરફાર કરવાની સત્તા

## પ્રકરણ-૧૧

## વન અધિકારીઓ બાબત

૭૨. રાજ્ય સરકાર વન અધિકારીઓને કેટલીક સત્તા આપી શકશે.
૭૩. વન અધિકારીઓ રાજ્ય સેવકો ગણાશે
૭૪. શુદ્ધબુદ્ધિથી કરેલાં કાર્યો માટે રક્ષણ
૭૫. વન અધિકારીઓને વેપાર કરવાની મનાઈ

## પ્રકરણ-૧૨

## પેટા-નિયમો


૭૬. નિયમો કરવાની વધારાની સત્તા

૭૭. નિયમોના ભંગ માટે શિક્ષા

૭૮. ક્યારે નિયમો કાયદા તરીકે અમલી બનશે


## પ્રકરણ-૧૩

## પ્રકીર્ણ


૭૯. વન અધિકારીઓ તથા પોલીસ અધિકારીઓને મદદ કરવાને બંધાયેલ વ્યક્તિઓ

૮૦. સરકારની તથા અન્ય વ્યક્તિઓની મજમુ મિલકત હોય તેવા વનનો વહીવટ

૮૧. જે બજાવવા માટે સરકારી વનની પેદાશનો ભોગ ભોગવવા મળતો હોય તે નોકરીમાં ચૂક કરવા બાબત

૮૨. સરકારનાં લેણાં વસૂલ કરવા બાબત

૮૩. આવાં નાણાં માટે વન-પેદાશ ઉપર ધારણાધિકાર બાબત

૮૪. આ અધિનિયમ હેઠળ જોઈતી જમીન, "જમીન સંપાદન અધિનિયમ, ૧૯૮૪" હેઠળ જાહેર હેતુ માટે જરૂરી હોવાનું ગણવા બાબત

૮૫. મુચરકા હેઠળ લેણી થતી દંડની રકમ વસૂલ કરવા બાબત

૮૫-ક (A) કેન્દ્ર સરકારના હક્કો માટે અપવાદ

૮૬. રદ કરવા બાબત

અનુસૂચિ (રદ થી)


• • •

# ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭

## (સન ૧૯૨૭નો ભારતનો અધિનિયમ નંબર ૧૬)

## (૨૧મી સપ્ટેમ્બર, ૧૯૨૭)

*વન, વન-પેદાશની હેરફેર અને ઈમારતી લાકડાં તથા અન્ય વન-પેદાશની લેવાતી ડ્યુટી સંબંધી કાયદો એકત્રિત કરવા બાબત અધિનિયમ.*

*વન, વન-પેદાશની હેરફેર અને ઈમારતી લાકડાં તથા અન્ય વન-પેદાશની ઉપર લેવાની ડ્યુટી સંબંધી કાયદો એકત્રિત કરવો ઈષ્ટ છે.*

*આથી નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:*

### પ્રકરણ-૧

### પ્રારંભિક

**ક. ૧. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ**

*(૧) આ અધિનિયમ, "ભારત વન અધિનિયમ, ૧૯૨૭" કહેવાશે.*

*(૨) તે સન ૧૯૫૬ના નવેમ્બર મહિનાની ૧લી તારીખની તરત પહેલાં ભાગ-ખ રાજ્યોના ભાગ હતા તે રાજ્યક્ષેત્રો સિવાયના સમગ્ર ભારતને લાગુ પડે છે.*

*(૩) સન ૧૯૫૬ના નવેમ્બર મહિનાની ૧લી તારીખની તરત પહેલાં બિહાર, મુંબઈ, કુર્ગ, દિલ્હી, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ રાજ્યોનાં ભાગ હતાં તે રાજ્યક્ષેત્રોને તે લાગુ પડે છે; પરંતુ કોઈ રાજ્યપત્રમાં જાહેરનામાથી, જેને આ અધિનિયમ લાગુ પડતો હોય અને જ્યાં તે અમલમાં ન હોય તે સમગ્ર રાજ્ય કે તેના નિર્દિષ્ટ કરેલા કોઈ ભાગમાં આ અધિનિયમ અમલમાં લાવી શકશે.*

**રાજ્ય સુધારો**

*૨. પેટા-કલમ (૩) પછી, એજનથી નીચેનો પરંતુક ઉમેરવામાં આવ્યો છે;*

*"પરંતુ ભારત વન (ગુજરાત એકીકરણ અને સુધારા) અધિનિયમ, ૧૯૬૦નો આરંભ થયે, આ અધિનિયમ રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ અમલમાં આવશે."*

**ક. ૨. અર્થઘટન કલમ :**

*આ અધિનિયમમાં, વિષય કે સંદર્ભથી વિરુદ્ધ ન હોય તો -*

*(૧) "ઢોર"માં હાથી, ઊંટ, પાડા-ભેંસ, ઘોડા-ઘોડી, ખસી કરેલાં પ્રાણી, ટટ્ટુ, વછેરા, વછેરી, ખચ્ચર, ગધેડાં, ડુક્કર, મેઢાં, મેઢીઓ, ઘેટાં, ઘેટાંનાં બચ્ચાં અને લવારાનો સમાવેશ થાય છે.*

*(૨) "વન અધિકારી" એટલે આ અધિનિયમ તમામ કે કોઈ હેતુ સિદ્ધ કરવા માટે અથવા આ અધિનિયમ કે તેની હેઠળ કરેલા કોઈ નિયમ મુજબ વન અધિકારી કામગીરી માટે રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકારે આ અર્થે અધિકાર આપેલા કોઈ અધિકારી નીમે તે વ્યક્તિ;*

(૩) “વન સંબંધી ગુનો” એટલે આ અધિનિયમ કે તે હેઠળ કરેલા કોઈ નિયમ હેઠળ શિક્ષાપાત્ર બનતો ગુનો;

(૪) “વન-પેદાશ”માં નીચેનાનો સમાવેશ થાય છે.

(ક) (A) વનમાંથી મળેલ અથવા લાવેલ હોય કે ન હોય તે ઈમારતી લાકડાં, કોલસા, કુચુક (કાચું રબ્બર), કાથો, લાકડાનું તેલ, રાળ, કુદરતી વાર્નિશ, છાલ, લાખ, મહુડાનાં ફૂલ, મહુડાનાં બી, કુથ અને હરડાં અને

(ખ) (B) વનમાંથી મળેલી અને લાવેલી નીચેની વસ્તુઓ

(૧) ઝાડ, તથા પાંદડાં, ફૂલ તથા ફળ અને ઝાડના આગળ જણાવવામાં આવ્યા ન હોય તેવા તમામ ભાગો અથવા પેદાશ;

(૨) ઝાડ સિવાયના (ઘાસ, વેલ, બરૂ તથા લીલ સહિતના) છોડ અને તેના તમામ ભાગો કે પેદાશ;

(૩) જંગલી પ્રાણીઓ અને ચામડું, હાથીદાંત, શીંગડાં, હાડકાં, રેશમ, કોશેટો (રેશમના કીડાનું ઘર), મધ તથા મીણ અને પ્રાણીઓના બીજા તમામ ભાગો કે પેદાશ; અને

(૪) પીટ (કોહવાઈને સખત બનેલી કાર્બનયુક્ત વનસ્પતિ), સપાટી ઉપરની માટી, ખડક તથા (ચૂનાના પથ્થર, છારૂ, ખનિજતેલ તથા ખાણની તથા પથ્થર ખાણની તમામ ઊપજ સહિત) ખનિજ પદાર્થો.

**HkßÞMkwÄkk**

(૧) કલમ ૨ ના ખંડ (૪) ના પેટા-ખંડ (ક) (A) માં “કુથ” એ શબ્દ પછી “આસીન્દ્રા અને ટીમરૂના પાન” એ શબ્દો સન ૧૯૫૫ના મુંબઈના ૨૪મા અધિનિયમની કલમ ૨થી દાખલ કરવામાં આવ્યા છે.

(૨) કલમ ૨ના ખંડ (૪) પેટા-કલમ (ક) (A) માં ટીમરૂના પાન એ શબ્દો પછી “રોસા ઘાસ, રાર્વાલ્ફિયા સર્પેન્ટિના (સર્પગંધા)” એ શબ્દો સન ૧૯૫૬ના મુંબઈના ૧૭મા અધિનિયમની કલમ ૨ થી દાખલ કરવામાં આવ્યા છે.

(૩) કલમ ૨ના ખંડ (૪) પેટા-ખંડ (ક) (A) માં “રાર્વાલ્ફિયા સર્પેન્ટિયા (સર્પગંધા)” એ શબ્દો રાર્વાલ્ફિયા સર્પેન્ટિયા (સર્પગંધા), કડાયા ગુંદર એ શબ્દોને સન ૧૯૭૬ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૨થી મૂકવામાં આવ્યા છે.

(૪-ક) (A) “માલિક” માં કોર્ટ ઓફ વોર્ડઝની દેખરેખ હેઠળ અથવા તેના હવાલામાં હોય તેવી મિલકતની બાબતોમાં કોર્ટનો સમાવેશ થાય છે.

**HkßÞMkwÄkk**

(૧) કલમ ૨માં ખંડ (૪-ક) પછી, નીચેના ખંડો સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬(બી) થી દાખલ કરવામાં આવ્યા છે:

(૪-ખ) (B) “પોલીસ અધિકારી” એટલે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો કોઈ પોલીસ અધિકારી;

*(૪-ગ)*(C) *"મહેસૂલ અધિકારી" એટલે, મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો અથવા જ્યાં તે અધિનિયમ અમલમાં ન હોય ત્યાં, તે અધિનિયમના તત્સમાન કાયદામાં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો કોઈ મહેસૂલ અધિકારી;*

*(૫) "નદી" માં કુદરતી કે માનવસર્જિત ઝરા, નહેર, ખાડી અથવા અન્ય જળપ્રવાહનો સમાવેશ થાય છે.*

*(૬) "ઈમારતી લાકડાં"માં પડી ગયેલ અથવા પાડી નાખવામાં આવેલા ઝાડનો અને કોઈ હેતુસર કે તે વિના કાપી, કોતરી કે કોરી કાઢેલાં ન હોય તેવાં તમામ લાકડાંનો સમાવેશ થાય છે; અને*

*(૭) "ઝાડ" માં તાડ, વાંસ, ઠુંડા, ઝાંખરા તથા નેતરનો સમાવેશ થાય છે.*

**hkì÷Mw&Äkrk**

*(૧) કલમ ૨ પછી, નીચેની કલમ સન ૧૯૬૧ના ગુજરાતના છઠ્ઠા અધિનિયમની કલમ ૬(ગ) થી દાખલ કરવામાં આવી છે:*

**કેન્દ્ર અથવા મુંબઈ અધિનિયમોના કેટલાક ઉલ્લેખોનો અર્થ**

*"૨-ક*(A) *ગુજરાત રાજ્યના મુંબઈ વિસ્તાર સિવાયના કોઈ વિસ્તારને આ અધિનિયમ લાગુ પાડવામાં કેન્દ્ર અથવા મુંબઈના કોઈ અધિનિયમની જોગવાઈનો કોઈ ઉલ્લેખ, તે વિસ્તારમાં આવો કોઈ અધિનિયમ અમલમાં ન હોય ત્યારે તે વિસ્તારમાં કઈ તત્સમાન કાયદો અલમમાં હોય, તો તેની જોગવાઈનો ઉલ્લેખ છે એમ સમજવું."*

*(૨) સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૨, ૩, ૪, ૫, ૭ અને ૮ નીચે પ્રમાણે છે.*

**f. 2-yu.** (A) **yk yrÄrIkÞ{ MkIk 1927Ikk 16{k yrÄrIkÞ{Ikk «fhý 6êkIku y™u f÷{ 41-f** (A) **Iku -køwÃkzþu Ikrn.**

*આ અધિનિયમનો કોઈ પણ મજકૂર, ઈમારતી લાકડું અને બીજી પેદાશ ઉપર જકાત નાખવાના કેન્દ્રીય સરકારની સત્તાને અને સીમાશુલ્કની હદ ઓળંગીને ઈમારતી લાકડાંની હેરફેર અંગેના કેન્દ્ર સરકારની સત્તાને લગતા ભારત વન અધિનિયમ, ૧૯૨૭ના અનુક્રમે પ્રકરણ ૬ અને કલમ ૪૧-ક*(A) *ને લાગુ પડશે નહિ.*

**f. 3. MkIk 1927Ikku 16{ku yrÄrIkÞ{ MkkiHkü»xÙ rðMíkkh{kt -køwÃkzðk çkkçkík**

*આ અધિનિયમ આરંભથી તરત જ પહેલાં ગુજરાત રાજ્યના મુંબઈ વિસ્તારમાં અમલમાં છે તે પ્રમાણેનો ભારત વન અધિનિયમ ૧૯૨૭ આથી ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં લાગુ પાડવામાં આવ્યો છે અને આવી રીતે લાગુ પાડવા અંગે તે વિસ્તારમાં અમલમાં રહેશે.*

**f. 4. fåA rðMíkkh{kt fu÷kf Mw&Äkhk -køwÃkzðk çkkçkík**

*(૧) ભારત વન અધિનિયમ ૧૯૨૭ ગુજરાત રાજ્યના કચ્છ વિસ્તારને જ માત્ર લાગુ પાડવામાં, સદરહુ અધિનિયમની જોગવાઈઓમાં કોઈપણ કાયદાથી કરેલા તમામ સુધારા (પછી તે તેમાં ફેરફાર કરીને, તેમાંથી મજકૂર રદ કરીને, તેમાં એકને બદલે બીજો મજકૂર દાખલ કરીને, તેમાં નવો મજકૂર દાખલ કરીને, તેમાં ઉમેરો કરીને અથવા બીજી રીતે કરેલા હોય તો પણ) અમલમાં ચાલુ ગણાતા બંધ થશે અને રદ થયેલા ગણાશે.*

(૨) ગુજરાત રાજ્યના મુંબઈ વિસ્તાર પૂરતા સરહદ અધિનિયમમાં કરેલા અને અધિનિયમના આરંભ વખતે અમલમાં હોય તેવા તમામ સુધારા રાજ્યના કચ્છ વિસ્તારમાં લાગુ પાડવામાં આવ્યા છે અને તેમાં અમલમાં છે એમ ગણાશે અને સદરહુ અધિનિયમમાં સંબંધ ધરાવતી જોગવાઈઓ (પછી તે તેમાં ફેરફાર કરીને, તેમાં એકને બદલે બીજો મજકૂર દાખલ કરીને તેમાંથી મજકૂર રદ કરીને, તેમાં નવો મજકૂર દાખલ કરીને, તેમાં ઉમેરો કરીને અથવા બીજી રીતે કર્યો હોય તો પણ) તદનુસાર સુધાર્યા છે એમ ગણાશે.

**5. Õekïìk :**

આ અધિનિયમમાં હવે પછી જણાવેલી જોગવાઈઓમાં, "મુખ્ય અધિનિયમ" એ શબ્દપ્રયોગ એટલે સમગ્ર ગુજરાત રાજ્ય પૂરતો "ભારત વન અધિનિયમ, ૧૯૨૭."

**6. hË fhõk çkkçkík :**

સન ૧૯૪૮ના સૌરાષ્ટ્ર રાજ્ય (કેન્દ્રીય અને મુંબઈ અધિનિયમો લાગુ પાડવા) બાબતના વટહુકમથી ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં અનુકૂળ કર્યા પ્રમાણે અને લાગુ પાડવા પ્રમાણેનો ભારત વન અધિનિયમના ૧૯૨૭ના પ્રકરણ-૬ સિવાય, આથી રદ કર્યો છે.

**7. yÃkðkËÃk Xhkð :**

આ અધિનિયમની રૂએ કોઈપણ કાયદો રદ કરવાથી -

(ક) (A) તેવી રીતે રદ કરેલા કાયદાનો પૂર્વ અમલને અથવા તે હેઠળ યોગ્ય રીતે કરેલા અથવા કરવા દીધેલા કોઈપણ કૃત્યને;

(ખ) (B) તેવી રીતે રદ કરેલા કાયદા હેઠળ સંપાદન કરેલ, પ્રાપ્ત થયેલ અથવા વહોરેલ, કોઈપણ હક, વિશેષાધિકાર, ફરજ અથવા જવાબદારીને; અથવા

(ગ) (C) તેવી રીતે રદ કરેલ કાયદાની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈ વિરુદ્ધ કરેલા કોઈપણ ગુનાના સંબંધમાં થયેલ કંઈ પણ દંડ, જપ્તી અથવા શિક્ષાને; અથવા

(ઘ) (D) ઉપરોક્ત કોઈપણ હક, વિશેષાધિકાર, ફરજ, જવાબદારી, દંડ, જપ્તી અથવા શિક્ષાના સંબંધમાં કોઈપણ તપાસ કાનૂની કાર્યવાહી અથવા ઉપાયને, અસર થશે નહિ અને જાણે કે આ અધિનિયમ પસાર થયો ન હોય તેમ આવી કોઈપણ તપાસ, કાનૂની કાર્યવાહી અથવા ઉપાય માંડી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા અમલમાં મૂકી શકાશે અને આવો કોઈપણ દંડ, જપ્તી અથવા શિક્ષા નાખી શકશે:

વધુમાં આગલા પરંતુકને આધીન રહીને, તેવી રીતે રદ કરેલા કાયદાની જોગવાઈઓથી અથવા તે હેઠળ (કાઢેલા જાહેરનામા અને આદેશો, કરેલ નિયમો, નિયુક્તિઓ, અધિકાર પમો, તેવી રીતે રદ કરેલા કાત્રો, ચોકસીઓ, હુકમો, જાહેરાતો, મિલકતના નામફેર અથવા જપ્તીઓ, સ્થાપેલ વનકોર્ટો, આપેલી સત્તા અથવા મંજૂરી, આપેલાં લાઈસન્સો, પરવાનગીઓ અથવા પાસો, પ્રસિદ્ધ ઉદ્ઘોષણાઓ, કરેલી નોંધો, કાઢેલી અથવા બજાવેલી નોટિસો, હાથ પર લીધેલું વનનું નિયંત્રણ અથવા વ્યવસ્થા અને કરેલા ખત સહિત) કરેલું કોઈ પણ કૃત્ય અથવા લીધેલું કોઈપણ પગલું, જેટલે સુધી તે આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, મુખ્ય અધિનિયમની તત્સમાન જોગવાઈઓ હેઠળ કરેલું અથવા લીધેલું ગણાશે અને મુખ્ય અધિનિયમ હેઠળ કરેલ કોઈપણ કૃત્ય અથવા લીધેલાં કોઈપણ પગલાંથી ફેરવવામાં, રદ કરવામાં અથવા સુધારવામાં ન આવે ત્યાં સુધી, તદનુસાર અમલમાં ચાલુ રહેશે."

# પ્રકરણ -૨

## આરક્ષિત વન બાબત

### ક. ૩. વનોને આરક્ષિત બનાવવાની સત્તા

*સરકારી મિલકત હોય અથવા જેની ઉપર સરકારના માલિકી હકો હોય અથવા જેની તમામ વન-પેદાશ ઉપર અથવા તેના કોઈપણ ભાગ ઉપર સરકારનો હક હોય તેવી વન-જમીન અથવા પડતર જમીનને આમાં હવે પછી જોગવાઈ કરેલી રીતે રાજ્ય સરકાર આરક્ષિત વન બનાવી શકશે.*

### ક. ૪. રાજ્ય સરકારનું જાહેરનામું

*(૧) કોઈ જમીનને આરક્ષિત-વન બનાવવામાં નિર્ણય કરવામાં આવે ત્યારે, રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામું બહાર પાડવું જોઈશે અને તેમાંથી -*

*(ક) (A) એ જમીનને આરક્ષિત-વન બનાવવાનો નિર્ણય કર્યો છે એવું જાહેર કરવું જોઈશે;*

*(ખ) (B) શક્ય હોય તેટલી ચોકસાઈથી, આવી જમીનનું સ્થળ તથા હદ નિર્દિષ્ટ કરવાં જોઈશે; અને*

*(ગ) (C) આવી હદની કોઈ જમીનમાં અથવા જમીન ઉપર અથવા વનની કોઈ પેદાશમાં અથવા પેદાશ ઉપર કોઈ વ્યક્તિના કહેવાતા વિદ્યમાન હકના અસ્તિત્વ, પ્રકાર અને પ્રમાણની તપાસ કરી તે નક્કી કરવા માટે અને તે અંગે આ પ્રકરણમાં જોગવાઈ કર્યા પ્રમાણે તજવીજ કરવા માટે (જેને આમાં હવે પછી, "વન વ્યવસ્થા અધિકારી' કહ્યા છે તેવા) એક અધિકારીની નિમણૂક કરવી જોઈશે.*

**સ્પષ્ટીકરણ :** *ખંડ (ખ) ના હેતુ માટે રસ્તા, નદી, ડુંગરની ધાર અથવા બીજી જાણીતી કે સહજ સમજાય એવી સીમા જણાવીને વનની હદનું કરેલું વર્ણન પૂરતું થશે.*

*(૨) પેટા-કલમ (૧) ખંડ (ગ) હેઠળ નીમવામાં આવે તે અધિકારી સામાન્ય રીતે વન-વ્યવસ્થા અધિકારીના હોદ્દા સિવાયનો વન સંબંધી બીજો કોઈ હોદ્દો ધરાવતો હોવો ન જોઈએ.*

*(૩) આ અધિનિયમ હેઠળ વન-વ્યવસ્થા અધિકારીની ફરજો બજાવવા માટે રાજ્ય સરકારને વધુમાં વધુ ત્રણ અધિકારીઓ નીમવામાં આ કલમના કોઈ મજકૂરથી બાધ આવશે નહિ, પરંતુ તેમાંથી એકથી વધુ વ્યક્તિ ઉપર કહ્યા પ્રમાણેના હોદ્દા સિવાય વન સંબંધી બીજો કોઈ હોદ્દો ધરાવનાર હોવી જોઈશે નહિ.*

### ક. ૫. વન હકો પ્રાપ્ત થવાને બાધ

*કલમ ૪ હેઠળ જાહેરનામું બહાર પાડ્યા પછી, સત્તાધિકારથી અથવા સરકાર તરફથી અથવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું તે વખતે આવો હક જેમનામાં નિહિત હોય તે વ્યક્તિએ કે તે વ્યક્તિ તરફથી લિખિત રીતે આપેલી ગ્રાન્ટ કે કરારથી પ્રાપ્ત કર્યો હોય તે સિવાય, એ જાહેરનામામાં દર્શાવેલી જમીનમાં કે તે ઉપર કોઈ હક પ્રાપ્ત કરી શકાશે નહિ, અને રાજ્ય સરકાર આ અર્થે કરે તે નિયમોને અનુસર્યા સિવાય, એ જમીનમાં વાવેતર માટે અથવા બીજા કોઈ હેતુ માટે ત્યાર પછી વન ઉન્મૂલન કરી શકાશે નહિ.*

**ક. ૬. વન વ્યવસ્થા અધિકારીને ઢંઢેરો બહાર પાડવા બાબત**

*કલમ ૪ હેઠળ જાહેરનામું બહાર પાડ્યું હોય ત્યારે જાહેરનામામાં દર્શાવેલી જમીનની આસપાસના દરેક નગરમાં તથા ગામમાં વન-વ્યવસ્થા અધિકારી સ્થાનિક લોકભાષામાં નીચેની વિગતો સહિત ઢંઢેરો પ્રસિદ્ધ કરશે:*

(ક) (A) *શક્ય તેટલી ચોકસાઈથી સૂચિત વનનું સ્થળ તથા તેની હદ નિર્દિષ્ટ કરશે;*

(ખ) (B) *આવું વન આરક્ષિત થવાથી આમાં હવે પછી જોગવાઈ કર્યા પ્રમાણે આવનાર પરિણામનો ખ્યાલ આપશે; અને*

(ગ) (C) *એ ઢંઢેરાની તારીખથી ત્રણ મહિના કરતાં ઓછી નહિ તેટલી મુદત નક્કી કરશે અને કલમ ૪ અથવા કલમ ૫ માં જણાવેલા કોઈ હકનો દાવો કરનાર દરેક વ્યક્તિને તે હક્કના પ્રકાર તથા હક અંગે વળતરનો દાવો હોય તો તેની રકમ તથા વિગત દર્શાવતી લિખિત નોટિસ સદરહુ મુદતમાં વન-વ્યવસ્થા અધિકારીને આપવા અથવા તેની સમક્ષ હાજર થઈને સદરહુ હકીકત જણાવવા ફરમાવશે.*

**ક. ૭. વન વ્યવસ્થા અધિકારીએ કરવાની તપાસ.**

*કલમ ૬ હેઠળ કરેલાં તમામ કથનો વન-વ્યવસ્થા અધિકારીએ લખી લેવાં જોઈએ; અને તે કલમ હેઠળ યોગ્ય રીતે કરેલા તમામ દાવા તથા કલમ ૪ કે કલમ ૫ માં જણાવેલા અને કલમ ૬ હેઠળ દાવો નહિ કરેલા હકોના અસ્તિત્વના જેટલે અંશે સરકારના રેકર્ડ ઉપરથી તથા તે બાબતની જેને માહિતી હોવાનો સંભવ હોય એ વ્યક્તિની જુબાની ઉપરથી મેળવી શકાય તેટલી જાણ મેળવવા તેણે અનુકૂળ જગાએ તપાસ કરવી જોઈશે.*

**ક. ૮. વન વ્યવસ્થા અધિકારીની સત્તા**

*આવી તપાસ માટે વન-વ્યવસ્થા અધિકારી નીચેની સત્તા વાપરી શકશે.*

(ક) (A) *કોઈ જમીન ઉપર જાતે અથવા આ હેતુ માટે તેણે અધિકાર આપેલા અધિકારી દ્વારા દાખલ થવાની તથા તે જમીનના સરવે, હદ-નિશાન અને નકશો કરવાની સત્તા; અને*

(ખ) (B) *દાવાનો ઈન્સાફ કરતી વખતની દીવાની કોર્ટની સત્તા.*

**ક. ૯. હકો નષ્ટ થવા બાબત**

*જેને અંગે કલમ ૬ હેઠળ દાવો કર્યો ન હોય તથા જેના અસ્તિત્વની જાણ કલમ ૭ હેઠળ તપાસ કર્યા ઉપરથી પ્રાપ્ત થઈ ન હોય તે હકો અંગે દાવો કરનાર વ્યક્તિ કલમ ૬ હેઠળ ઠરાવેલી મુદતમાં આવો દાવો ન કરવા માટે તેને પૂરતું કારણ હતું એવી ખાતરી, કલમ ૨૦ હેઠળનું જાહેરનામું પ્રસિદ્ધ થયા પહેલાં, વન-વ્યવસ્થા અધિકારીને આપે નહિ તો તે હક્કો નષ્ટ થશે.*

**ક. ૧૦. ફરતી ખેતીની પદ્ધતિ સંબંધી દાવાની તજવીજ**

(૧) *ફરતી ખેતીની પ્રથા સંબંધી કોઈ દાવો કરવામાં આવે ત્યારે, એ દાવા અંગેની તથા જેની હેઠળ તે પદ્ધતિ ચલાવાતી અથવા નિયંત્રિત થતી હોય તે કોઈ સ્થાનિક નિયમ કે હુકમની વિગતો જણાવતું કથન વન-વ્યવસ્થા અધિકારીએ લખવું જોઈશે, અને એ પ્રથા પૂરી કે અમુક અંશમાં ચાલુ રાખવા કે પ્રતિબંધિત કરવા વિષે પોતાના અભિપ્રાય સહિત તેણે તે કથન રાજ્ય સરકારને સાદર કરવું જોઈશે.*

(૨) એ કથન તથા અભિપ્રાય મળ્યે, રાજ્ય સરકાર એવી પ્રથા પૂરી કે અંશમાં ચાલુ રાખવા પરવાનગી આપતો અથવા પ્રતિબંધિત કરતો હુકમ કરી શકશે.

(૩) જો આવી પ્રથા પૂરી કે અંશમાં ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવે તો તે માટે વન-વ્યવસ્થા અધિકારી, નીચે પ્રમાણે કરી શકશેઃ

(ક) (A) પૂરતા પ્રમાણમાં, યોગ્ય પ્રકારની અને વાજબી રીતે અનુકૂળ વિસ્તારમાં તેવી જગ્યા દાવેદારોના હેતુઓ માટે છોડવા, વ્યવસ્થા હેઠળની જમીનની સીમાઓમાં ફેરફાર કરી શકશે, અથવા

(ખ) (B) વ્યવસ્થા હેઠળની જમીનના ચોક્કસ ભાગોના જુદા હક નિશાન કરી તેમાં પોતે ઠરાવે તે શરતોએ દાવેદારોને પ્રથા મુજબ ફરતી ખેતીની પરવાનગી આપશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ કરવામાં આવે તો તે તમામ વ્યવસ્થા રાજ્ય સરકારની પૂર્વમંજૂરીને આધીન રહેશે.

(૫) તમામ કેસોમાં ફરતી ખેતીની પ્રથા રાજ્ય સરકારના નિયંત્રણ, પ્રતિબંધ અને નાબૂદી કરવાના અધિકારીને આધીન વિશેષાધિકાર રહેશે.

**ક. ૧૧. જેના ઉપર હકનો દાવો થયો હોય તે જમીન સંપાદિત કરવાની સત્તા**

(૧) જવા આવવાના કે ઢોર ચારવાના હક સિવાયના કોઈ જમીનમાંના અથવા જમીન ઉપરના બીજા હક અંગેના અથવા વન-પેદાશ કે જળમાર્ગના હક અંગેનો દાવો હોય ત્યારે, વન-વ્યવસ્થા અધિકારીએ તે દાવાનો પૂરો કે આંશિક સ્વીકાર કે અસ્વીકાર કરતો હુકમ કરવો જોઈશે.

(૨) જો તે દાવો પૂરો કે અંશતઃ સ્વીકાર્યો હોય, તો વન-વ્યવસ્થા અધિકારીએ નીચેમાંનું કાંઈ કરવું જોઈશેઃ

(૧) એ જમીન સૂચિત વનની હદની બહાર રાખવી જોઈશે; અથવા

(૨) માલિકના હક તે છોડી દે તેવી સમજૂતી તેની સાથે સાધવી જોઈશે; અથવા

(૩) "જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪" માં જોગવાઈ કરેલી રીતે એ જમીનના સંપાદનની કાર્યવાહી કરવી જોઈશે.

(૩) એ જમીનનું તે રીતે સંપાદન કરવા માટે -

(ક) (A) વન-વ્યવસ્થા અધિકારી "જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪" હેઠળ કાર્યવાહી કરનાર કલેક્ટર ગણાશે;

(ખ) (B) દાવેદાર, હિત ધરાવનાર તથા તે અધિનિયમ કલમ ૯ હેઠળ આપેલી નોટિસ અનુસાર તેની રૂબરૂ હાજર થનાર વ્યક્તિ ગણાશે;

(ગ) (C) તે અધિનિયમની આગલી કલમોની જોગવાઈઓ પળાયેલ હોવાનું ગણાશે; અને

(ઘ) (D) દાવેદારની સંમતિથી કલેક્ટર અથવા બંને પક્ષકારોની સંમતિથી કોર્ટ, જમીનના રૂપમાં અથવા અંશતઃ જમીનના રૂપમાં અને અંશતઃ નાણાંના રૂપમાં વળતર આપી શકશે.

**ક. ૧૨. ઢોર ચારવાના અથવા વન-પેદાશના હકો અંગેના દાવા ઉપર હુકમ**

ઢોર ચારવાના અથવા વન-પેદાશના હકો અંગેના દાવાની બાબતમાં, વન-વ્યવસ્થા અધિકારી તેનો પૂરો કે આંશિક સ્વીકાર અથવા અસ્વીકાર કરતો હુકમ કરી શકશે.

**રાજ્ય સુધારો :**

સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬(ઘ) થી કલમ ૧૨ને તે કલમ પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવામાં આવ્યો છે અને તેવી રીતે ફરી નંબર આપેલ પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ (૨) દાખલ કરવામાં આવી છે.

"(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલા હુકમની એક નકલ, વન-વ્યવસ્થા અધિકારી દાવેદારને પૂરી પાડશે અને તે હુકમની બીજી નકલ તપાસ વખતે હાજર રહ્યો હોય તે વન-અધિકારીને અથવા આવો અધિકારી હાજર ન રહ્યો હોય, તો વન-વિભાગીય અધિકારીને મોકલશે."

**ક. ૧૩. વન-વ્યવસ્થા અધિકારીએ નોંધ કરવા બાબત**

વન-વ્યવસ્થા અધિકારીએ કલમ ૧૨ હેઠળ કોઈ હુકમ કરે ત્યારે, બને ત્યાં સુધી નીચે પ્રમાણે નોંધ કરશે:

(ક) (A) હકનો દાવો કરનાર વ્યક્તિનું નામ, તેના પિતાનું નામ, તેની જ્ઞાતિ, તેનું રહેવાનું સ્થળ અને ધંધો; અને

(ખ) (B) જેના માટે એવા હકોની રૂએ દાવો થયેલ હોય તે તમામ ખેતરો કે ખેતરોનાં જૂથ (હોય તો તેની ઓળખ, સ્થાન અને વિસ્તાર તથા તમામ મકાનો હોય તો તે)ની ઓળખ અને સ્થાન.

**ક. ૧૪. પોતે દાવો સ્વીકારે ત્યારે નોંધ કરવા બાબત**

કલમ ૧૨ હેઠળ વન-વ્યવસ્થા અધિકારી કોઈ દાવો પૂરો કે અંશતઃ સ્વીકારે તો, જેટલાં તથા જે પ્રકારનાં ઢોર વનમાં ચરાવવાનો દાવેદારને વખતોવખત હક હોય, તે તથા જે મોસમમાં આમ ચરાવવાની છૂટ હોય તે તથા જેટલું ઈમારતી લાકડું તથા વન-પેદાશ વખતોવખત લેવા અથવા મેળવવાનો તેને હક હોય તે અને યથાપ્રસંગ, જરૂરી જણાય તેવી બીજી વિગતો જણાવીને જેટલે અંશે પોતે દાવો સ્વીકાર્યો હોય તે પણ તેણે નોંધવું જોઈશે. દાવાની રૂએ મેળવેલું ઈમારતી લાકડું અથવા બીજી વન-પેદાશનું વેચાણ કે અદલોબદલો થઈ શકશે કે કેમ તેની પણ નોંધ કરવી જોઈશે.

**ક. ૧૫. સ્વીકારેલા હકોના ભોગવટા બાબત**

(૧) આ પ્રમાણે નોંધ કર્યા પછી, વન-વ્યવસ્થા અધિકારીએ પોતે સંપૂર્ણ વિવેકશક્તિ વાપરીને તથા જેને અંગે દાવો થયો હોય તે આરક્ષિત વનની જાળવણી ઉપર પૂરતું લક્ષ આપીને, આ રીતે સ્વીકારેલાં હકોનો નિરંતર ભોગવટો થઈ શકે તે જોવા હુકમો કરવા જોઈશે.

(૨) આ હેતુ માટે વન-વ્યવસ્થા અધિકારી -

(ક) (A) પૂરતા વિસ્તારનો તથા વાજબી રીતે અનુકૂળ સ્થાનમાં હોય તેવા બીજા વન-પ્રદેશ એવા દાવેદાર માટે નિયત કરવાના હુકમ અને સ્વીકાર્યા પ્રમાણેનો, યથાપ્રસંગ, ઢોર ચારવાનો અથવા વનની પેદાશના હક દાવેદારોને આપ્યાનો હુકમ નોંધી શકશે; અથવા

(ખ) (B) પૂરતા પ્રમાણમાં તથા વાજબી રીતે અનુકૂળ વિસ્તારમાં હોય તેવી જગા દાવેદારના

ઉપયોગ માટે છોડવા માટે સૂચિત વનની સીમાઓમાં ફેરફાર કરી શકશે; અથવા

(ગ) (C) રાજ્ય સરકાર આ અર્થે વખતોવખત ઠરાવે તે મોસમમાં, સૂચિત વનમાં તે ભાગમાં તથા તેવા નિયમો હેઠળ સ્વીકાર્યા પ્રમાણેનો, યથાપ્રસંગ, ઢોર ચારવા અંગેનો અથવા વનની પેદાશ અંગેનો હક તે દાવેદારો માટે ચાલુ રાખવાનો હુકમ નોંધી શકશે.

**ક. ૧૬. હકના બદલામાં સામટું વળતર**

આરક્ષિત વનની જાળવણીને યોગ્ય રીતે ધ્યાનમાં લઈને, વન-વ્યવસ્થા અધિકારીને એમ જણાય કે સ્વીકાર્યા પ્રમાણેના સદરહુ હકોનો નિરંતર ભોગવટો, થઈ શકે તેવી કલમ ૧૫ હેઠળ વ્યવસ્થા કરવાનું અશક્ય છે ત્યારે, આ માટે રાજ્ય સરકાર વખતોવખત કરે તે નિયમોને અધીન રહીને, તેણે આવા હકોના સામટા વળતરની ગણતરી કરી અને તેની અવેજીમાં તે વ્યક્તિને નાણાંની રકમ અથવા જમીન અથવા પોતાને યોગ્ય લાગે તેવી બીજી રીતથી ચુકવણી કરવી જોઈશે.

**ક. ૧૭. કલમ ૧૧, કલમ ૧૨, કલમ ૧૫ અથવા કલમ ૧૬ હેઠળ કરેલા હુકમ સામે અપીલ**

આ અધિનિયમ હેઠળ દાવો કરનાર વ્યક્તિ અથવા રાજ્ય સરકારે આ અર્થે સામાન્ય રીતે અથવા ખાસ રીતે અધિકાર આપ્યો હોય તે વન-અધિકારી કે અન્ય વ્યક્તિ, એ દાવા ઉપર વન-વ્યવસ્થા અધિકારીએ કલમ૧૧, કલમ ૧૨, કલમ ૧૫ કે કલમ ૧૬ હેઠળ કરેલા હુકમની તારીખથી ત્રણ મહિનાની અંદર એ હુકમો ઉપરની અપીલની સુનાવણી માટે રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામાથી નીમેલા કલેકટર કરતાં ઊતરતો દરજ્જો ન ધરાવતા મહેસૂલ ખાતાના અધિકારી સમક્ષ એ હુકમ સામે અપીલ કરી શકશે.

પરંતુ રાજ્ય સરકારે નીમેલી ત્રણ વ્યક્તિઓની બનેલી કોર્ટ (જેને આમાં હવે પછી "વન કોર્ટ" કહી છે તે) રાજ્ય સરકાર સ્થાપી શકશે અને જ્યારે એ રીતે વન કોર્ટ સ્થાપવામાં આવે ત્યારે, આવી તમામ અપીલો તે કોર્ટને કરવી જોઈશે.

**ક. ૧૮. કલમ ૧૭ હેઠળની અપીલ**

(૧) કલમ ૧૭ હેઠળની દરેક અપીલ લિખિત અરજી રૂપે હોવી જોઈએ અને તે વન-વ્યવસ્થા અધિકારીને પહોંચાડવી જોઈશે. તેણે વિના વિલંબે તે અરજી સુનાવણી માટે યોગ્ય સત્તાધિકારીને મોકલવી જોઈશે.

(૨) અપીલ કલમ ૧૭ હેઠળ નીમેલા અધિકારીને કરી હોય તો, જમીન મહેસૂલને લગતી બાબતોની સુનાવણી માટે તે સમયમાં ઠરાવાઈ હોય તો તે રીતે તેની સુનાવણી કરવી જોઈએ.

(૩) અપીલ વન-કોર્ટને કરી હોય તો, કોર્ટ અપીલની સુનાવણી માટે દિવસ તથા સૂચિત વનની નજીકનું અનુકૂળ સ્થળ નક્કી કરી પક્ષકારોને તે બાબતની નોટિસ આપશે, અને તે અનુસાર આવી અપીલની સુનાવણી કરશે.

(૪) યથાપ્રસંગ, એ અધિકારીએ અથવા કોર્ટે અથવા એ કોર્ટના સભ્યોમાંથી બહુમતિ ધરાવતા સભ્યોએ એ અપીલ ઉપર કરેલા હુકમ, માત્ર રાજ્ય સરકાર દ્વારા રિવિઝનને આધીન રહીને, આખરી ગણાશે.

**ક.૧૯. વકીલો**

*રાજ્ય સરકાર અથવા આ અધિનિયમ હેઠળ દાવો કરનાર વ્યક્તિ, આ અધિનિયમ હેઠળની કોઈ તપાસ કે અપીલ દરમિયાન*

*વન-વ્યવસ્થા અધિકારી અથવા અપીલ અધિકારી અથવા અપીલ કોર્ટ સમક્ષ પોતાની વતી હાજર થવા, વકીલાત કરવા તથા કામ કરવા માટે, કોઈ વ્યક્તિને, નિયુક્ત કરી શકશે.*

**ક.૨૦. આરક્ષિત વન જાહેર કરતું જાહેરનામું**

*(૧) રાજ્ય સરકાર નીચેના સંજોગોમાં આરક્ષિત બનાવવાના વનમાં સીમા ચિહ્નો ચોડીને અથવા બીજી રીતે તેની હદ સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ કરતું જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ કરશે:*

*(ક)* (A) *દાવા કરવા માટે કલમ ૬ હેઠળ નિયત કરેલી મુદત પૂરી થઈ ગઈ હોય, અને તે કલમ અથવા કલમ ૯ હેઠળ દાવો કર્યો હોય તે તમામ દાવાઓનો વન-વ્યવસ્થા અધિકારીએ નિકાલ કરી નાખ્યો હોય;*

*(ખ)* (B) *આવા કોઈ દાવા થયા હોય, તો એ દાવા અંગે થયેલા હુકમ ઉપર અપીલ કરવાની, કલમ૧૭થી મર્યાદિત કરેલ મુદત પૂરી થઈ ગઈ હોય અને એ મુદતની અંદર કરાઈ હોય તે તમામ અપીલોનો, અપીલ અધિકારીએ અથવા કોર્ટે નિકાલ કરી નાખ્યો હોય; અને*

*(ગ)* (C) *કલમ ૧૧ હેઠળ વન-વ્યવસ્થા અધિકારીએ "જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪" હેઠળ સંપાદિત કરવાનું પસંદ કર્યું હોય તેવી સૂચિત વનમાં સમાવિષ્ટ કરવાની (હોય તે) તમામ જમીન તે અધિનિયમની કલમ ૧૬ હેઠળ સરકારમાં નિહિત થઈ ગઈ હોય.*

*(૨) એ રીતે ઠરાવેલી તારીખથી તે વન આરક્ષિત વન ગણાશે.*

**ક.૨૧. વનના આજુબાજુના પ્રદેશોમાં આવા જાહેરનામાના ભાષાંતરની પ્રસિદ્ધિ**

*આવા જાહેરનામાથી ઠરાવેલી તારીખ પહેલાં વન અધિકારીએ વનની આસપાસના દરેક નગર તથા ગામમાં સ્થાનિક લોકભાષામાં તે જાહેરનામાનું ભાષાંતર પ્રસિદ્ધ કરાવવું જોઈશે.*

**ક.૨૨. કલમ ૧૫ અથવા કલમ ૧૮ હેઠળ થયેલી વ્યવસ્થા ફેરવવાની સત્તા**

*કલમ ૨૦ હેઠળ કોઈ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી પાંચ વર્ષની અંદર કલમ ૧૫ કે કલમ ૧૮ હેઠળ થયેલી કોઈ વ્યવસ્થા રાજ્ય સરકાર ફેરવી શકશે, અને આ માટે કલમ ૧૫ કે કલમ ૧૮ હેઠળ કરેલો કોઈ હુકમ રદ કરી શકશે અથવા તેમાં સુધારા કરી શકશે અને કલમ ૧૫માં નિર્દિષ્ટ કરેલી કાર્યવાહીમાંથી એકને બદલે બીજી કાર્યવાહી કરવાનો અથવા કલમ ૧૨ હેઠળ સ્વીકારેલા હકોનું કલમ ૧૬ હેઠળ સામટું વળતર આપવાનો આદેશ આપી શકશે.*

**ક.૨૩. આરક્ષિત વન ઉપર આમાં કોઈ જોગવાઈ કરી હોય તે સિવાય, બીજી રીતે હક્ક પ્રાપ્ત થતો નથી.**

*ઉત્તરાધિકારથી અથવા સરકારે અથવા સરકાર તરફથી અથવા કલમ ૨૦ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોય તે વખતે જેનામાં આવો હક નિહિત હતો તે વ્યક્તિએ કે તે વ્યક્તિ તરફથી લિખિત રીતે કરેલા ગ્રાન્ટ કે કરાર ઉપરથી સંપાદિત કર્યો હોય તે સિવાય આરક્ષિત વનમાં કે તેની ઉપર કોઈ પ્રકારનો હક પ્રાપ્ત થશે નહિ.*

**ક.૨૪. મંજૂરી વગર હકો બીજાને તબદીલ કરવાની મનાઈ**

(૧) કલમ ૨૩માં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ ૧૫ની પેટા-કલમ (૨) ના ખંડ (ગ) હેઠળ ચાલુ રાખેલો કોઈ હક, રાજ્ય સરકારની મંજૂરી સિવાય ગ્રાન્ટ, વેચાણ, પેટા કે ગીરોથી કે બીજો રીતે તબદીલ કરી શકશે નહિઃ

પરંતુ એવો હક કોઈ જમીન કે ઘર સાથે જોડાયેલો હોય ત્યારે, તે જમીન કે ઘરની સાથે વેચી કે બીજી રીતે તબદીલ કરી શકાશે.

(૨) આવા હકની રૂએ મેળવેલું ઈમારતી લાકડું કે બીજી વન-પેદાશ કલમ ૧૪ હેઠળ નોંધેલા હુકમમાં સ્વીકાર્યા પ્રમાણે હોય તે સિવાય, વેચાણ કે અદલાબદલીથી આપી શકાશે નહિ.

**ક.૨૫. આરક્ષિત વનમાંના માર્ગો અને જળમાર્ગો બંધ કરવાની સત્તા**

રાજ્ય સરકારની અથવા આ માટે તેણે યોગ્ય રીતે અધિકાર આપેલા અધિકારીની પૂર્વમંજૂરી લઈને વન-અધિકારી આરક્ષિત વનમાંના કોઈ જાહેર અથવા ખાનગી માર્ગ કે જળમાર્ગ બંધ કરી શકશે, પરંતુ એ રીતે બંધ કરેલા માર્ગ કે જળમાર્ગને બદલે, રાજ્ય સરકારને વાજબી રીતે અનુકૂળ લાગે તેવા બીજા માર્ગ કે જળમાર્ગ વિદ્યમાન હોવો જોઈશે અથવા વન-અધિકારીએ તે કરી કે બાંધી આપેલો હોવો જોઈશે.

**ક.૨૬. આવા વનમાં પ્રતિબંધિત કાર્યો.**

(૧) કોઈ વ્યક્તિ -

(ક) (A) કલમ-૫ થી પ્રતિબંધિત થયા પછી વન-ઉન્મૂલન કરે; અથવા

(ખ) (B) અનામત વનમાં આગ લગાડે અથવા આ માટે રાજ્ય સરકારે કરેલા નિયમો પૈકી કોઈ નિયમનું ઉલ્લંઘન કરીને જોખમમાં મૂકે તે રીતે તેમાં અગ્નિ પેટાવે અથવા અગ્નિ સળગતો મૂકી જાય; અથવા અનામત વનમાં જે વ્યક્તિ -

**રાજ્ય સુધારો -**

સન ૧૯૬૦ના ગુજરાત ૧૫મા અધિનિયમની કલમ ૬(ઈ) થી કલમ ૨૬ની પેટા-કલમ (૧)માં, ખંડ (ખ)ને બદલે નીચેનો ખંડ (ખ) મૂકવામાં આવ્યો છે :

"(ખ) આરક્ષિત વનને અથવા કલમ ૪ હેઠળ જે જમીનને આરક્ષિત વનમાં ફેરવવાનો રાજ્ય સરકારનો નિર્ણય જાહેર કરતું જાહેરનામું કાઢવામાં આવ્યું હોય તે જમીનમાંના વનને આગ લગાડે અથવા આ માટે રાજ્ય સરકારે કરેલા નિયમો પૈકી કોઈ નિયમનું ઉલ્લંઘન કરીને, વનને જોખમમાં મૂકે એ રીતે તેમાં અગ્નિ પેટાવે અથવા અગ્નિ સળગતો મૂકી જાય, અથવા આરક્ષિત વનમાં;"

અથવા કલમ ૪ હેઠળ ઉપર પ્રમાણે જાહેર કરેલા જમીનમાંના વનમાં જે કોઈ વ્યક્તિ,:

(ગ) (C) વન-અધિકારી આ અર્થે જાહેર કરે તે સિવાયની મોસમમાં અગ્નિ પ્રેટાવે, રાખે કે લઈ જાય;

(ઘ) (D) અપપ્રવેશ કરે અથવા ઢોર ચારે કે ઢોરને અપપ્રવેશ કરવા દે;

(ચ) (E) કોઈ ઝાડ પાડવામાં અથવા કોઈ ઈમારતી લાકડું કાપવામાં કે ખેંચી લઈ જવામાં રાખેલ બેદરકારીથી કંઈ નુકસાન કરે;

*(છ)* (F) *કોઈ ઝાડ પડે, તેના પર ગોળ આંકા પાડે, તેની ડાળીઓ કાપે, તેમાં છેદ પાડે અથવા તેને બાળે અથવા તેની છાલ કે પાંદડાં ઉતરડે કે બીજી રીતે તેને નુકસાન કરે;*

*(જી)* (G) *ખાણ ખોદીને પથ્થર કાઢે, ચૂનો પકવે અથવા કોલસો પાડે અથવા કોઈ વન પેદાશ એકઠી કરે અથવા તેના ઉપર કંઈ બનાવવાની પ્રક્રિયા કરે અથવા તેને ખસેડે;*

*(ઝ)* (H) *ખેતી કે બીજા હેતુ માટે કોઈ જમીન સાફ કરે કે ખોદે;*

*(ટ)* (I) *રાજ્ય સરકારે આ માટે કરેલા નિયમોનું ઉલ્લંઘન કરીને શિકાર કરે, ગોળ ચલાવે, માછલાં પકડે, પાણી ઝેરી કરે અથવા પાંજરાં કે છટકાં ગોઠવે; અથવા*

*(ઠ)* (J) *જ્યાં "હાથીઓની જાળવણી બાબતનો અધિનિયમ ૧૮૭૯" અમલમાં ન હોય તેવા વિસ્તારમાં એ રીતે કરેલા કોઈ નિયમોનું ઉલ્લંઘન કરીને, હાથીઓ મારે કે પકડે;*

*તો તે વ્યક્તિ વનને કરેલા નુકસાન માટે ગુનેગાર ઠરાવનાર કોર્ટ ભરવાનું ફરમાવે તેટલા વળતર ઉપરાંત છ મહિના સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.*

*(૨) આ કલમમાંથી કોઈ મજકૂરથી નીચેનાને પ્રતિબંધ થતો હોવાનું ગણાશે નહિ:*

*(ક)* (A) *વન-અધિકારીની લેખિત પરવાનગીથી અથવા રાજ્ય સરકારે કરેલા કોઈ નિયમ હેઠળ કોઈ કાર્ય કરવાને; અથવા*

*(ખ)* (B) *કલમ ૧૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ગ) હેઠળ ચાલુ રાખેલા અથવા કલમ ૨૩ હેઠળ સરકાર કે સરકાર તરફથી કરેલ ગ્રાન્ટ કે લિખિત કરાર ઉપરથી ઉદ્‌ભવતા કોઈ હક ભોગવવાને;*

*(૩) જ્યારે પણ જાણી જોઈને કે ગંભીર બેદરકારીથી આરક્ષિત વનમાં આગ લગાડાયેલ હોય ત્યારે (આ કલમ હેઠળ કંઈ શિક્ષા થઈ હોય તે છતાં) તે વનમાં કે તેના કોઈ ભાગમાં રાજ્ય સરકાર પોતાને લાગે તેટલી મુદત માટે ઢોર ચરાવવાના કે વન પેદાશના તમામ હકો સ્થગિત કરવાનો આદેશ આપી શકશે.*

**રાજ્ય સુધારા**

*કલમ ૨૬ની પેટા-કલમ (૩) પછી નીચેની પેટા-કલમ સન ૧૯૬૦ ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬(ઈ) થી દાખલ કરવામાં આવી છે:*

*"(૪) જો કોઈ વ્યક્તિને પેટા-કલમ (૧)ના ખંડ (ઘ) અથવા (ઝ) હેઠળ દોષિત ઠરાવવામાં આવે ત્યારે -*

*(ક)* (A) *રેન્જરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા વન અધિકારી,*

*(ખ)* (B) *સબ ઈન્સ્પેક્ટરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા વન અધિકારી,*

*(ગ)* (C) *મહાલકારીના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા મહેસૂલ અધિકારી, જેના સંબંધમાં તેણે ગુનો કર્યો હોય તે વન અથવા જમીનમાંથી તેને કાઢી મૂકી શકશે."*

**ક.૨૭. વન આરક્ષિત નહિ રહેલ હોવાનું જાહેર કરવાની સત્તા**

(૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી આ અધિનિયમ હેઠળ આરક્ષિત બનાવેલું કોઈ વન કે તેનો કોઈ ભાગ એ જાહેરનામાથી નક્કી કરેલી તારીખથી, આરક્ષિત વન નહિ રહે તેવો આદેશ આપી શકશે.

(૨) તે રીતે નક્કી કરેલી તારીખથી એવું વન કે તેનો ભાગ આરક્ષિત રહેશે નહિ, પરંતુ વન માંહેના કોઈ હકો નષ્ટ થયા હોય તો તે આરક્ષિત હોતું બંધ થવાને કારણે ફરીથી પ્રાપ્ત થશે નહિ.

## પ્રકરણ-3
## ગ્રામવનો

**ક.૨૮. ગ્રામવનોની રચના**

(૧) આરક્ષિત વન બનાવાયેલી જમીન અંગેના અથવા તે ઉપરના સરકારના હકો રાજ્ય સરકાર કોઈ ગામના લોકોને, સોંપી શકશે તેમજ એ એવી સોંપણી રદ કરી શકશે. આ પ્રમાણે સોંપેલાં તમામ વનો ગ્રામવનો કહેવાશે.

(૨) ગ્રામવનોની વ્યવસ્થા માટે, તે પ્રમાણે જેને સોંપણી કરી હોય તે લોકોને ઈમારતી લાકડું કે બીજી વન પેદાશ કે ચરિયાણ મળે તે માટેની શરતો ઠરાવતા અને આવા વનમાં રક્ષણ તથા સુધારણા માટેની તેની ફરજો ઠરાવતા નિયમો રાજ્ય સરકાર કરી શકશે.

(૩) આ અધિનિયમની આરક્ષિત વન સંબંધી તમામ જોગવાઈઓ (તે પ્રમાણે કરેલા નિયમો સાથે અસંગત ન હોય તેટલા પ્રમાણમાં) ગ્રામવનોને લાગુ પડશે.

**રાજ્ય સુધારા**

(૧) કલમ ૨૮ની પેટા-કલમ (૧)માં "આરક્ષિત વન" એ શબ્દો પછી - "અથવા રક્ષિત વન" એ શબ્દો સન ૧૯૪૮ના મુંબઈના ૬૨મા અધિનિયમનની કલમ ૨(૧)થી દાખલ કરવામાં આવ્યા છે.

(૨) સદરહુ પેટા-કલમમાં "ગ્રામના લોકોને" એ શબ્દો પછી "મુંબઈ ગ્રામ પંચાયત અધિનિયમ, ૧૯૩૩ હેઠળ સ્થપાયેલી ગ્રામ પંચાયતને, અથવા મુંબઈ સરકારી મંડળી અધિનિયમ, ૧૯૨૫ હેઠળ રજિસ્ટર થયેલી અથવા રજિસ્ટર થયેલી ગણાતી સહકારી મંડળીને" એ શબ્દો, સન ૧૯૫૫ના મુંબઈના ૨૪મા અધિનિયમની કલમ ૩(૧) થી દાખલ કરવામાં આવ્યા છે.

(૩) કલમ ૨૮ની પેટા-કલમ (૨) માં "તે લોકોની" એ શબ્દો પછી, "તેટલા પ્રમાણમાં" "પંચાયતને અથવા મંડળીને" એ શબ્દો એંજનથી દાખલ કરવામાં આવ્યા છે.

(૪) કલમ ૨૮ ની પેટા-કલમ (૩)માં "આરક્ષિત" એ શબ્દો પછી, "અથવા રક્ષિત" એ શબ્દો અને "તેટલા પ્રમાણમાં" એ શબ્દો પછી, "સોપેલાં વનો આરક્ષિત કે રક્ષિત વનો હોય તે પ્રમાણે" એ શબ્દો સન ૧૯૪૮ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ ૨(૧) થી દાખલ કરવામાં આવ્યા છે.

## પ્રકરણ-૪

## રક્ષિત વનો બાબત

**ક. ૨૯. રક્ષિત વનો.**

(૧) આરક્ષિત વનમાં સમાવિષ્ટ નહિ થયેલી પરંતુ જે સરકારની મિલકત હોય અથવા જેની ઉપર સરકારનો માલિકી હક હોય અથવા જેની તમામ વન-પેદાશ કે તેના કોઈ ભાગ ઉપર સરકારનો હક હોય કે વન-જમીન કે પડતર જમીનને આ પ્રકરણની જોગવાઈઓ લાગુ પડે છે એમ રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી જાહેર કરી શકશે.

(૨) આવા જાહેરનામામાં જણાવેલી વન-જમીન અથવા પડતર જમીન "રક્ષિત વન" કહેવાશે.

(૩) જાહેરનામામાં જણાવેલી વન-જમીન અથવા પડતર જમીનમાં કે તેની ઉપર સરકારના તથા ખાનગી વ્યક્તિઓના હકના પ્રકાર તથા પ્રમાણની સરવે કે સેટલમેન્ટ વખતે અથવા રાજ્ય સરકારને પૂરતી જણાય તેવી બીજી રીતે તપાસ અને નોંધણી થયા સિવાય, આવું જાહેરનામું બહાર પાડી શકાશે નહિ. જ્યાં સુધી વિરુદ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી, આવી દરેક નોંધણી સાચી હોવાનું માનવામાં આવશે:

પરંતુ કોઈ વન-જમીન કે પડતર જમીનની બાબતમાં, રાજ્ય સરકારને એમ લાગે કે આવી તપાસ તથા નોંધણી જરૂરી છે, પરંતુ તેમ કરવામાં વચગાળાના સમયમાં સરકારના હકો જોખમાય એટલો લાંબો સમય જાય તેમ છે તો એવી તપાસ તથા નોંધણી થાય તે દરમિયાન રાજ્ય સરકાર એ જમીનને વ્યક્તિઓના કે ગામલોકોના કોઈ વિદ્યમાન હકો ઘટે કે બાધ પામે નહિ તે રીતે રક્ષિત વન તરીકે જાહેર કરી શકશે.

**ક.૩૦. ઝાડ વગેરેને અનામત બનાવવા બાબત જાહેરનામું બહાર પાડવાની સત્તા**

**રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી -**

(ક) (A) તે જાહેરનામાથી નક્કી કરેલી તારીખથી રક્ષિત વનમાં કોઈ ઝાડ કે કોઈ વર્ગના ઝાડને અનામત જાહેર કરી શકશે;

(ખ) (B) રાજ્ય સરકારને યોગ્ય લાગે તે પ્રમાણે વધુમાં વધુ ત્રીસ વર્ષની મુદત સુધી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા વનનો કોઈ ભાગ બંધ રહેશે અને એવા ભાગ ઉપર ખાનગી વ્યક્તિઓના કોઈ હકો હોય તો, તે એ મુદત સુધી સ્થગિત રહેશે એમ જાહેર કરી શકશે, પરંતુ એ રીતે બંધ કરેલા ભાગ ઉપરના સ્થગિત થયેલા હકો યોગ્ય રીતે ભોગવવા માટે આવા વનનો બાકીનો ભાગ પૂરતો તથા વાજબી રીતે અનુકૂળ વિસ્તારમાં હોવો જોઈશે;

(ગ) (C) એવા વનમાં, ઉપર કહ્યા પ્રમાણે નક્કી કરેલી તારીખથી ખાણ ખોદીને પથ્થર કાઢવાની કે ચૂનો પકવવાની કે કોલસા પાડવાની કે કોઈ વન-પેદાશ એકઠી કરવાની કે તેની ઉપર કોઈ પ્રક્રિયા કરવાની અને ખસેડવાની અથવા આવા વનની જમીનમાં ખેતી, મકાન-બાંધકામ, ઢોર એકઠા કરવાની કે બીજા હેતુ માટે ખોદકામ કરવાની કે તેને માફ કરવાની મનાઈ કરી શકશે.

**ક. ૩૧. આજુબાજુના પ્રદેશમાં આવા જાહેરનામાના ભાષાંતરની પ્રસિદ્ધિ**

*કલમ ૩૦ હેઠળ બહાર પાડેલા દરેક જાહેરનામાનું સ્થાનિક લોક-ભાષામાં કરેલું ભાષાંતર, જાહેરનામામાં જણાવેલા વનની આસપાસના દરેક નગર તથા ગામમાં સહેલાઈથી દેખાઈ આવે તેવી જગાએ લગાડવાની કલેક્ટરને તજવીજ કરવી જોઈશે.*

**ક.૩૨. રક્ષિત વનો માટે નિયમો કરવાની સત્તા**

*રાજ્ય સરકાર, નીચેની બાબતો માટે નિયમો કરી શકશે.*

*(ક)* (A) *રક્ષિત વનમાંથી ઝાડ અને ઈમારતી લાકડાં કાપવા, વહેરવા, પરિવર્તિત કરવા અને ખસેડવા તથા વન-પેદાશ એકઠી કરવા, તેમાંથી કંઈ બનાવવા અને ખસેડવા બાબતે;*

*(ખ)* (B) *રક્ષિત વનોની નજીકનાં નગરો અને ગામના રહેવાસીઓને તેમના પોતાના ઉપયોગ માટે ઝાડ, ઈમારતી લાકડું કે બીજી વન-પેદાશ લેવા માટે લાઈસન્સ આપવા બાબત અને તે વ્યક્તિઓએ એ લાઈસન્સ રજૂ કરવા તથા પરત કરવા બાબતે;*

*(ગ)* (C) *વેપાર હેતુઓ માટે આવા વનમાંથી ઝાડ કે ઈમારતી લાકડું કે બીજી વન-પેદાશ પાડનાર કે ખસેડનાર વ્યક્તિઓએ લાઈસન્સ આપવા બાબત અને એ વ્યક્તિઓએ એ લાઈસન્સ રજૂ કરવા તથા પરત કરવા બાબત;*

*(ઘ)* (D) *ઝાડ કાપવાની તથા ઈમારતી લાકડું કે બીજી વન-પેદાશ એકઠી કરવા અને ખસેડવાની એવી પરવાનગી માટે ખંડો (ખ) અને (ગ) માં જણાવેલ વ્યક્તિઓએ ભરવાની હોય તે રકમો;*

*(ચ)* (E) *આવાં ઝાડ, ઈમારતી લાકડાં અને પેદાશ માટે તેમણે ભરવાની બીજી રકમો અને તે ભરવાનાં સ્થાન;*

*(છ)* (F) *તે વનમાંથી બહાર લઈ જવાની વન-પેદાશની તપાસ;*

*(જ)* (G) *વનમાં ખેતી કે બીજા હેતુઓ માટે જમીન સાફ કરવા અને ખોદવા બાબત;*

*(ઝ)* (H) *તે વનમાં પડેલાં ઈમારતી લાકડાં અથવા કલમ ૩૦ હેઠળ અનામત રાખેલાં ઝાડનું આગથી રક્ષણ;*

*(ટ)* (I) *તે વનમાં ઘાસ કાપવા તથા ઢોર ચરાવવા બાબત;*

*(ઠ)* (J) *તે વનમાં શિકાર કરવા, ગોળી ચલાવવા, માછલાં પકડવા, પાણી ઝેરી કરવા તથા છટકાં કે જાળ ગોઠવવા બાબત અને જ્યાં*

*"હાથીઓની જાળવણી બાબતનો અધિનિયમ ૧૮૭૯" અમલમાં ન હોય તે વિસ્તારમાં વનમાં હાથી મારવા કે પકડવા બાબત;*

*(ડ)* (K) *કલમ ૩૦ હેઠળ બંધ કરેલા વનના કોઈ ભાગનાં રક્ષણ અને વ્યવસ્થા; અને*

*(ઢ)* (L) *કલમ ૨૯માં ઉલ્લેખેલા હક્કો ભોગવવા બાબત.*

**ક.33. કલમ ૩૦ હેઠળના જાહેરનામા કે કલમ ૩૨ હેઠળના નિયમોનું ઉલ્લંઘન કરીને કરેલાં કાર્યો માટે શિક્ષા**

(૧) કોઈ વ્યક્તિ -

(ક) (A) કલમ ૩૦ હેઠળ અનામત રાખેલાં કોઈ ઝાડ પાડે, તેના પર ગોળ આંકા પાડે, તેની ડાળીઓ કાપે, તેમાં છેદ પાડે, અથવા તેને બાળે અથવા તેની છાલ કે પાંદડાં ઉતરડીને અથવા બીજી રીતે તેને નુકસાન કરે;

(ખ) (B) કલમ ૩૦ હેઠળના કોઈ પ્રતિબંધ વિરુદ્ધ ખાણ ખોદીને પથ્થર કાઢે અથવા ચૂનો પકવે અથવા કોલસો પાડે અથવા વનની કોઈ પેદાશ એકઠી કરે, તેની ઉપર કોઈ પ્રક્રિયા કરે અથવા તેને ખસેડે;

(ગ) (C) કલમ ૩૦ હેઠળના કોઈ પ્રતિબંધ વિરુદ્ધ કોઈ રક્ષિત વનમાંની જમીનને ખેતી કે બીજા હેતુ માટે ખોદે કે સાફ કરે;

(ઘ) (D) એવા વનને આગ લગાડે અથવા કલમ ૩૦ હેઠળ અનામત બનાવેલા ઊભા, પડી ગયેલા કે પાડેલા ઝાડ સુધી અથવા વનના બંધ કરેલા ભાગ સુધી આગ ફેલાય નહિ તે માટે તમામ વાજબી સાવચેતી રાખ્યા વિના અગ્નિ સળગાવે;

(ચ) (E) પોતે સળગાવેલો અગ્નિ એવા કોઈ ઝાડ કે બંધ કરેલા ભાગ નજીક સળગતો રાખીને જાય;

(છ) (F) ઉપર જણાવ્યા પ્રમાણેના અનામત બનાવેલા કોઈ ઝાડને નુકસાન થાય એ રીતે કોઈ ઝાડ પાડે અથવા ઈમારતી લાકડું ઘસડી જાય;

(જ) (G) ઢોરને એવા ઝાડને નુકસાન કરવા દે;

(ઝ) (H) કલમ ૨૧ હેઠળ કરેલા કોઈ નિયમનો ભંગ કરે;

તો તે છ મહિના સુધીની, અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.

(૨) જ્યારે પણ જાણી જોઈને કે ગંભીર બેદરકારીથી રક્ષિત વનમાં આગ લગાડે કે લાગી હોય ત્યારે, આ કલમ હેઠળ કોઈ શિક્ષા થઈ હોય તે છતાં, તે વનમાં અથવા તેના કોઈ ભાગમાં રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેટલી મુદત માટે ઢોર ચરાવવાના અથવા વન-પેદાશના કોઈ હક્ક ભોગવવાનું સ્થગિત કરવાનો આદેશ આપી શકશે.

**રાજ્ય સુધારો**

કલમ ૩૩માં પેટા-કલમ (૨) પછી, નીચેના પેટા-કલમ સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ (૬) (ક) થી દાખલ કરવામાં આવી છે.

"(૩) કોઈ વ્યક્તિને પેટા-કલમ (૧) હેઠળ ગુના બદલ દોષિત ઠરાવવામાં આવે ત્યારે -

(ક) (A) રેન્જરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા વન-અધિકારી;

(ખ) (B) સબ-ઈન્સ્પેકટરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારી; અથવા

(ગ) (C) મહાલકારીના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા મહેસૂલ અધિકારી, જેના સંબંધમાં તેણે ગુનો કર્યો હોય તે રક્ષિત વનમાંથી તેને કાઢી મૂકી શકશે."

**ક.૩૪.આ પ્રકરણના કોઈપણ મજકૂરથી કેટલીક બાબતોમાં કરેલાં કાર્યો ઉપર પ્રતિબંધ ન હોવા બાબત.**

*વન-અધિકારીની લિખિત પરવાનગીથી કલમ ૩૨ હેઠળ કરેલા નિયમો અનુસાર, અથવા કલમ ૩૦ હેઠળ બંધ કરેલા વનના કોઈ ભાગ અંગે હોય અથવા કલમ ૩૩ હેઠળ જેનો ભોગવટો સ્થગિત કરાયો હોય તે હક સિવાય, કલમ ૨૯ હેઠળ નોંધાયેલા હકની રૂએ કરેલા કોઈ કાર્યની આ પ્રકરણના કોઈ મજકૂરથી મનાઈ થયેલ ગણાશે નહિ.*

## પ્રકરણ-૫

## સરકારની મિલકત ન હોય તેવા વન જમીનના નિયંત્રણ બાબત

**ક.૩૫. ખાસ હેતુઓ માટે વનોનું રક્ષણ**

*(૧) નીચેના કોઈ હેતુ માટે એટલે કે -*

*(૧) તોફાન, પવન, ગબડતો પથ્થર, પૂર અને હિમવર્ષા સામે રક્ષણ કરવા માટે;*

*(૨) ટેકરીઓની ધાર અને ઢોળાવ ઉપરથી તથા ખીણ કે પહાડી પ્રદેશમાંથી જમીનના સંરક્ષણ માટે, જમીન ધસી પડતી અથવા ખાઈઓ અને પાણીના ધોધ બનતા રોકવા માટે, અથવા જમીનના ધોવાણ થવા કે તેની ઉપર રેતી, પથ્થર કે કાંકરાના થર જામવા સામેના રક્ષણ માટે ;*

*(૩) ઝરા, નદી અને તળાવમાં પાણી જાળવી રાખવા માટે;*

*(૪) રસ્તા, પુલ, રેલવે તથા વાહનવ્યવહારના બીજા માર્ગોના રક્ષણ માટે;*

*(૫) જાહેર આરોગ્યના રક્ષણ માટે;*

*નિયમન કે મનાઈ કરવાનું જરૂરી હોય ત્યારે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેનામા દ્વારા કોઈ વન કે પડતર જમીનમાં -*

*(ક)* (A) *ખેતી માટે જમીન ખોદવા કે સાફ કરવા માટે;*

*(ખ)* (B) *ઢોર ચરાવવા માટે; અથવા*

*(ગ)* (C) *વનસ્પતિ બાળવા કે નિર્મૂળ કરવા માટે નિયમન અથવા પ્રતિબંધ મૂકી શકશે.*

*(૨) રાજ્ય સરકાર આ હેતુ માટે, કોઈ વન કે તેની પડતર જમીનમાં કે તેની ઉપર પોતાને યોગ્ય લાગે તે બાંધકામો પોતાને ખર્ચે કરી શકશે.*

*(૩) પેટા કલમ (૧) હેઠળનું જાહેરનામું અથવા પેટા-કલમ (૨) હેઠળનું બાંધકામ, યથાપ્રસંગ, શા માટે બહાર ન પાડવું તેના નોટિસમાં નિર્દિષ્ટ કરેલા વાજબી સમયમાં કારણો માંગતી નોટિસ એ વનના કે જમીનના માલિક પર કાઢ્યા વિના અને તેના જો કોઈ વાંધા હોય તો તેની અને તેના સમર્થનમાં તે રજૂ કરે તે પુરાવાની તે અર્થે વિધિસર નિમાયેલા અધિકારી દ્વારા સુનાવણી થયા વિના અને રાજ્ય સરકાર દ્વારા તેની વિચારણા થયા વિના બહાર પાડી શકાશે નહિ, કે શરૂ કરી શકાશે નહિ.*

**રાજ્ય સુધારો**

(૧) *કલમ ૩૫ને બદલે, કલમ ૩૪-ક અને ૩૫ સન ૧૯૪૮ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ ૩(૧) થી દાખલ કરવામાં આવી છે:*

**કલમ-૩૪-ક. (A) અર્થઘટન**

*આ પ્રકરણના હેતુઓ માટે -*

*વન એ સંજ્ઞામાં વૃક્ષો અને છોડવાવાળી કોઈ જમીન, ચારણની જમીન અને રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામા દ્વારા વન તરીકે જાહેર કરે તેવી બીજી ગમે તે પ્રકારની જમીનનો સમાવેશ થાય છે.*

**ક. ૩૫ ખાસ હેતુઓ માટે વનોનું રક્ષણ**

(૧) *રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, નીચેના હેતુઓ પૈકી કોઈ હેતુ માટે -*

(ક) (A) *વૃક્ષો અને વનોના જતન માટે;*

(ખ) (B) *માટીનું સંરક્ષણ કરવા અથવા તેની સુધારણા કરવા માટે અથવા ખારી અથવા પાણી ભરાઈ રહેતું હોય એવી જમીન નવસાધ્ય કરવા માટે જમીન ધસી પડવાનો તથા ખાઈ થવાનો તથા પાણીના વહેળા વહેવા માંડવાનો પ્રતિબંધ કરવા માટે અથવા જમીન ધોવાઈ જાય તેવી જમીનનું રક્ષણ કરવા માટે અથવા તેની ઉપર રેતી, પથ્થર અથવા કાંકરા આવીને પડે, તેથી જમીનનું રક્ષણ કરવા માટે,*

(ગ) (C) *ચરાણની સુધારણા માટે;*

(ઘ) (D) *ઝરામાં, નદીમાં અને તળાવમાં પાણી રાખવા માટે;*

(ચ) (E) *ઘાસચારો, પાંદડાંનું ખાતર, ઈમારતી કામનાં લાકડાં અથવા બળતણનો પુરવઠો નિભાવવા, વધારવા અને તેની વહેંચણી કરવા માટે;*

(છ) (F) *જળાશયો અથવા નહેરનાં કામો અને હાઈડ્રોઈલેક્ટ્રિક કારખાનાંઓ નિભાવવા માટે;*

(જ) (G) *તોફાની તથા પવનથી અને (ડુંગર ઉપરથી) ગબડીને આવનારા પથ્થરથી તથા પૂરથી અને અનાવૃષ્ટિ સામે સંરક્ષણ કરવા માટે;*

(ઝ) (H) *રસ્તા, પુલ, રેલવેના પાટા અને જવા આવવાના બીજા માર્ગોનું સંરક્ષણ કરવા માટે; અને*

(ટ) (I) *લોકોની આરોગ્યતાનું સંરક્ષણ કરવા માટે*

(૨) *કલમ ૩૫ ની પેટા-કલમ (૨) માં "કોઈ વન કે તેની પડતર જમીનમાં કે તેની ઉપર" એ શબ્દોને બદલે "કોઈ વનમાં" એ શબ્દો સન ૧૯૪૮ ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ (૩) (૨) થી મૂકવામાં આવ્યા છે.*

(૩) *કલમ ૩૫ની પેટા-કલમ (૩)માં "કારણો માંગતી નોટિસ" એ શબ્દો પછી આ "આ અર્થે રાજ્ય સરકારે અધિકૃત કરેલ અધિકારીએ" એ શબ્દો સન ૧૯૫૫ મુંબઈના ૨૪મા અધિનિયમની કલમ ૪(૧) થી દાખલ કરવામાં આવ્યા છે અને "કે જમીનના" એ શબ્દો*

*સન ૧૯૪૮ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ ૩(૧) થી, કમી કરવામાં આવ્યા છે.*

(૪) *કલમ ૩૫માં, પેટા-કલમ (૩) પછી, નીચેની પેટા-કલમો સન ૧૯૫૫ના મુંબઈના ૨૪મા અધિનિયમનની કલમ ૪(૨) થી ઉમેરવામાં આવી છે -*

(૪) *પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું શા માટે ન કાઢવું તેનું કારણ દર્શાવવાની નોટિસમાં ફરમાવી શકશે કે એક કરતાં વધુ નહિ તેટલી કોઈ મુદત માટે અથવા જાહેરનામું કાઢ્યાની તારીખ સુધી, બેમાંથી જે વહેલી હોય ત્યાં સુધી, આવા વનના માલિકે અને કોઈ હક, ઈલાખા અથવા હિતને કારણે અથવા કોઈ લાઈસન્સ અથવા કરાર હેઠળ અથવા બીજી રીતે તેમાં પેટા-કલમ (૧) ના ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલ તમામ કાર્યો અથવા તેમાંનું કોઈપણ કાર્ય કરવાને હકદાર હોય અથવા કરવાની પરવાનગી આપી હોય તેવી તમામ વ્યક્તિઓએ નોટિસની તારીખ પછી અને, યથા પ્રસંગ, અગાઉ જણાવેલ મુદત માટે અથવા અગાઉ જણાવેલી તારીખ સુધી, પેટા-કલમ (૧)ના ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલ કોઈ કાર્ય અથવા તમામ કાર્યો નોટિસમાં નિર્દિષ્ટ કર્યા હોય તેટલા પ્રમાણમાં કરવાં નહિ.*

(૫) *પેટા-કલમ (૩) હેઠળ કાઢેલ નોટિસ સમન્સની બજવણી માટે "દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮" માં જોગવાઈ કરેલી રીતે આવા વનના માલિક ઉપર બજાવવી જોઈશે અને નિયમોથી ઠરાવેલ રીતે પ્રસિદ્ધ પણ કરવી જોઈશે.*

(૫) *(ક)* (A) *કલમની પેટા-કલમ (૪)માં "છ મહિના" એ શબ્દોને બદલે "એક વર્ષ" એ શબ્દો સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬(ગ) થી, મૂકવામાં આવ્યા છે.*

*(ખ)* (B) *પેટા-કલમ (૫) પછી, નીચેના પેટા-કલમ (૫-ક) સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬ (જ) (૨) થી દાખલ કરવામાં આવી છે:*

*"(૫-ક)* (A) *જ્યારે નોટિસ પેટા-કલમ (૫) અનુસાર બજાવવામાં અને પ્રસિદ્ધ કરવામાં આવી હોય ત્યારે, ત્યાર પછી તે વનની માલિકીનો હક સંપાદન કરનાર કોઈ વ્યક્તિ, તે નોટિસ માલિક તરીકે તેના ઉપર બજાવવામાં આવી હોય તેમ, તેને બંધનકર્તા રહેશે અને તદનુસાર તેણે પેટા-કલમ (૧) હેઠળ કાઢેલ નોટિસ, માંગણી અને જાહેરનામું, કોઈ હોય તો તેનું પાલન કરવું જોઈશે."*

(૬) *પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું શા માટે ન કાઢવું જોઈએ તેનું કારણ દર્શાવતી નોટિસમાં પેટા-કલમ (૪) હેઠળ કરેલ કોઈ પણ ફરમાનનું ઉલ્લંઘન કરનાર કોઈ વ્યક્તિને, દોષિત ઠર્યેથી છ મહિનાની મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા તે બંનેની શિક્ષા થશે."*

*(ગ)* (C) *પેટા-કલમ (૬) પછી, નીચેની પેટા-કલમ (૭) સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬ (જ) (૩) થી દાખલ કરવામાં આવી છે:*

(૭) *પેટા-કલમ (૧) હેઠળ કાઢેલા જાહેરનામાની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈનું ઉલ્લંઘન કરનાર કોઈ વ્યક્તિને, દોષિત ઠર્યેથી છ મહિનાની મુદત સુધીની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા થશે."*

**નોંધ :** *આ રાજ્ય સુધારા પ્રમાણેની કલમ ૩૫, સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ નંબર ૧૪ થી રદ કરવામાં આવી છે.*

**ક. ૩૬. વનનો વહીવટ પોતાને હસ્તક લેવાની સત્તા**

(૧) કલમ ૩૫ હેઠળના કોઈ નિયમન કે મનાઈની શરૂઆતથી કે જાણી જોઈને અવજ્ઞા કરવામાં આવે ત્યારે અથવા તે કલમ હેઠળ બાંધકામ માટે તેમ કરવું જરૂરી હોય ત્યારે, રાજ્ય સરકાર એવા વનના કે જમીનના માલિકને લેખિત નોટિસ આપ્યા પછી તથા તેને જો કંઈ વાંધો હોય તો તેની વિચારણા કર્યા પછી, તે વન કે જમીન, વન અધિકારીના નિયંત્રણ હેઠળ મૂકી શકશે અને આરક્ષિત વન સંબંધી આ અધિનિયમની તમામ કે કોઈ જોગવાઈ કે વનને જમીનને લાગુ પડશે એમ જાહેર કરી શકશે.

(૨) તે વન કે જમીનના વહીવટમાંથી જે કંઈ ચોખ્ખો લાભ થાય તે સદરહુ માલિકને આપવો જોઈશે.

(૧) કલમ ૩૬માં કે "કે જમીન" એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાં ત્યાંથી તે કમી કરવામાં આવ્યા છે.

(૨) કલમ ૩૬ની પેટા-કલમ (૧) "આરક્ષિત" એ શબ્દ પછી, "અથવા રક્ષિત" એ શબ્દો દાખલ કરવામાં આવ્યા છે.

(૩) સન ૧૯૫૫ના મુંબઈના ૨૪મા અધિનિયમની કલમ ૫ થી કલમ ૩૬ પછી, નીચેની કલમો, ૩૬-ક, ૩૬-ખ અને ૩૬-ગ દાખલ કરવામાં આવી છે.

**ક. ૩૬-ક. (A) કલમ ૩૬ હેઠળ નોટિસ અને હુકમ બજાવવાની રીત**

કલમ ૩૬ની પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલ નોટિસ અને વન અધિકારીના નિયંત્રણ હેઠળ કોઈ વન મૂકવાનો કોઈ હુકમ કર્યો હોય તો તે હુકમ "દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮" માં સમન્સ બજાવવા માટે જોગવાઈ કરેલી રીતે તેવા વનના માલિક પર બજાવવા જોઈશે.

**ક. ૩૬-ખ (B) નિયંત્રણની મુદત**

(૧) કોઈ વનના આવા નિયંત્રણની મુદત ઉપર્યુક્ત હુકમની તારીખથી દસ વર્ષની રહેશે; પરંતુ આવી મુદતને ત્યાર પછી દરેકની દસ વર્ષ કરતાં વધુ ન હોય તેવી ક્રમિક મુદત માટે લંબાવી શકાશેઃ

પરંતુ આવી નિયંત્રણની મુદત હુકમની તારીખથી કુલ મળીને ૩૦ વર્ષ કરતાં વધવી જોઈએ નહિ.

(૨) જેના નિયંત્રણ હેઠળ વન મૂકવામાં આવ્યું હોય તે વન અધિકારીએ, પેટા-કલમ (૧) માં નિર્દિષ્ટ કરેલ કોઈ મુદત પૂરી થયા પહેલાં મોડામાં મોડું છ મહિનામાં આવા નિયંત્રણ સંબંધી રિપોર્ટ કરવો જોઈશે અને પોતાના અભિપ્રાય મુજબ નિયંત્રણની કોઈ મુદત લંબાવવાની છે કે કેમ તે તેમાં જણાવવું જોઈશે.

(૩) આવા રિપોર્ટ ઉપર વિચારણા કર્યા પછી અને પેટા-કલમ (૧) ને અધીન રહીને, રાજ્ય સરકાર નિયંત્રણની કોઈ મુદત લંબાવવી કે કેમ અથવા તેને ત્યાર પછીની કલમમાં જોગવાઈ કરેલી રીતે સમાપ્ત કરવી કે કેમ તેનો નિર્ણય કરશે.

(૪) માલિકને આવી મુદત લંબાવવા માટે કારણ દર્શાવવાની વાજબી તક આપવામાં આવે તે સિવાય, નિયંત્રણની કોઈ મુદત લંબાવી શકાશે નહિ.

**ક. ૩૬-ગ. (C) નિયંત્રણ કાઢી નાખવા બાબત**

(૧) રાજ્ય સરકાર, કોઈ વનના નિયંત્રણની કોઈ મુદત સમાપ્ત કરવાનો નિર્ણય કરે, તો તે રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને અને નિયમોથી ઠરાવવામાં આવે તેની ઉપર બીજી રીતે તેમ જાહેર કરી શકશે;અને તે ઉપરથી વનનો કબજો માલિકને અથવા જો માલિક મૃત્યુ પામ્યો હોય, તો આવા કબજા માટે હકદાર હોય તેવી કોઈ વ્યક્તિને, આવા માલિકને ખાતે જમા હોય તેવાં કોઈ નાણાંની રકમ સાથે આપવો જોઈશે.

(૨) આવા નિયંત્રણની મુદત દરમિયાન અથવા તેવી મુદત લંબાવવામાં આવી હોય તે દરમિયાન વન અધિકારીએ પોતાના નિયંત્રણ હેઠળ મુકાયેલ કોઈ વનના સંબંધમાં કરેલ અથવા કરવાનું અભિપ્રેત હોય તેવાં તમામ કાર્યો આવા વનના માલિકને અથવા જેને આ કલમ હેઠળ વનનો કબજો આપવામાં આવ્યો હોય તે વ્યક્તિને બંધનકર્તા રહેશે."

**ક.૩૭. કેટલાક કિસ્સાઓમાં વનોનું સંપાદન**

(૧) આ પ્રકરણ હેઠળના કોઈ કિસ્સામાં રાજ્ય સરકારને એમ લાગે કે કોઈ વન કે જમીન વન અધિકારીના નિયંત્રણ હેઠળ મૂકવાને તે જાહેર હેતુઓ માટે સંપાદિત કરવી જોઈશે તો રાજ્ય સરકાર "જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪" ની જોગવાઈ અનુસાર તે સંપાદિત કરવાની કાર્યવાહી કરી શકશે.

(૨) કલમ ૩૫ હેઠળના કોઈ જાહેરનામામાં જણાવેલ વન કે જમીનનો માલિક, તેની તારીખથી ઓછામાં ઓછા ત્રણ અથવા વધુમાં વધુ બાર વર્ષની મુદતમાં કોઈપણ સમયે, એ વન કે જમીન જાહેર હેતુઓ માટે સંપાદિત કરવી જોઈએ એવી માગણી કરી શકશે અને રાજ્ય સરકારે તે અનુસાર તે વન કે જમીન સંપાદિત કરવી જોઈશે.

**રાજ્ય સુધારો**

(૧) કલમ ૩૭ થી પેટા-કલમ (૧) માં "કે જમીન" એ શબ્દો સન ૧૯૪૮ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ ૫(૧) થી કમી કરવી.

(૨) સન ૧૯૪૮ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ ૫ થી કલમ ૩૭ની પેટાકલમ (૨) કમી કરવી.

**ક.૩૮. માલિકોની વિનંતી ઉપરથી વનનું રક્ષણ**

(૧) કોઈ જમીનના માલિક અથવા માલિકો એકથી વધુ હોય તે જમીનના ઓછામાં ઓછા એકંદર બે તૃતીયાંશ ભાગના માલિકો તે જમીન ઉપર વન બનાવવા કે તેની ઉપરના વનની જાળવણી માટે નીચે પ્રમાણેની પોતાની ઈચ્છા લિખિત રીતે કલેક્ટર સમક્ષ રજૂ કરી શકશે:

(ક) (A) પરસ્પર સમજૂતી થાય તેની શરતો પ્રમાણે વન-અધિકારીએ જમીનનો આરક્ષિત કે રક્ષિત વન તરીકે તેમના વતી વહીવટ કરે; અથવા

(ખ) (B) આ અધિનિયમની તમામ કે કોઈ જોગવાઈ એ જમીનને લાગુ પાડવામાં આવે.

(૨) બેમાંથી કોઈપણ પ્રસંગે, તેના સંજોગો અનુસાર રાજ્ય સરકારને યોગ્ય લાગે અને અરજદારોની ઈચ્છા હોય તો અધિનિયમની જોગવાઈઓ રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, તે જમીનને લાગુ પાડી શકશે.

## પ્રકરણ-૬

# ઈમારતી લાકડાં તથા બીજી વનપેદાશ ઉપરની ડ્યુટી

### ક.૩૯. ઈમારતી લાકડાં તથા બીજી વન-પેદાશની હેરફેર ઉપર નિયંત્રણ બાબત

*(૧) કેન્દ્ર સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી જાહેર કરે તે રીતે, તે સ્થળે તથા તે દરે નીચે પ્રમાણેનાં તમામ ઈમારતી લાકડાં કે બીજી વન-પેદાશ ઉપર તે ડ્યુટી લઈ શકશે -*

*(ક) (A) આ અધિનિયમ જ્યાં લાગુ પડતો હોય તે રાજ્ય ક્ષેત્રમાં પેદા થયેલા અને જેની ઉપર સરકારનો હક હોય;*

*(ખ) (B) આ અધિનિયમ જ્યાં લાગુ પડતો હોય તે રાજ્યક્ષેત્રોની બહારથી લાવવામાં આવેલ હોય*

*(૨) જ્યારે પણ કિંમત પ્રમાણે તે ડ્યુટી લેવાનો આદેશ આપ્યો હોય ત્યારે કેન્દ્ર સરકાર તે મુજબના જાહેરનામાથી ડ્યુટી આકારવા માટે તેની કિંમત ઠરાવી શકશે.*

*(૩) આ અધિનિયમ કોઈ રાજ્યક્ષેત્રમાં અમલમાં આવે તે વખતે તે રાજ્યક્ષેત્રમાં રાજ્ય સરકારની સત્તાને આધારે ઈમારતી લાકડાં ઉપર અથવા બીજી વન-પેદાશ ઉપર ડ્યુટી લેવામાં આવતી હોય તે તમામ ડ્યુટી આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ યોગ્ય રીતે લેવાય છે તથા લેવામાં આવી છે એમ ગણાશે.*

*(૪) આ કલમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, સંસદ, વિરુદ્ધની જોગવાઈ ન કરે ત્યાં સુધી, સંવિધાનના આરંભ પહેલાં રાજ્ય સરકાર આ કલમ તે વખતે જે પ્રમાણે અમલમાં હતી, તે હેઠળ કાયદેસર રીતે જે ડ્યુટી લેતી હતી તે લેવાનું ચાલુ રાખશે;*

*પરંતુ રાજ્યનાં ઈમારતી લાકડાં તથા બીજી વન-પેદાશ અને રાજ્ય બહારના પ્રદેશોની તેના જેવી જ પેદાશ એ બે વચ્ચે પ્રથમની તરફેણમાં ભેદભાવ કરતી અથવા રાજ્ય બહારના પ્રદેશોમાંનાં ઈમારતી લાકડાં કે બીજી વન-પેદાશની બાબતમાં એક પ્રદેશનાં ઈમારતી લાકડાં કે બીજી વન-પેદાશ અને બીજા પ્રદેશનાં તેના જેવાં જ ઈમારતી લાકડાં કે બીજી વન-પેદાશ વચ્ચે ભેદભાવ કરતી કોઈ ડ્યુટી લેવાનો અધિકાર, આ પેટા-કલમમાંના કોઈ મજકૂરથી મળતો નથી.*

### ક.૪૦. ખરીદીનાં નાણાં કે રોયલ્ટીને મર્યાદા લાગુ નહિ પાડવા બાબત

*કોઈ ઈમારતી લાકડાં કે બીજી વન-પ્રદેશ માટે ખરીદીનાં નાણાં કે રોયલ્ટી તરીકે કોઈ રકમ લેવાની હોય તો તે રકમ તે ઈમારતી લાકડાં કે પેદાશની હેરફેર દરમિયાન ડ્યુટી લેવાય છે તે રીતે લેવામાં આવે તો પણ આ પ્રકરણના કોઈ મજકૂરથી તેના ઉપર કોઈ મર્યાદા મુકાતું હોવાનું ગણાશે નહિ.*

## પ્રકરણ - ૭

# ઈમારતી લાકડાં તથા બીજા વન-પેદાશની હેરફેર ઉપર નિયંત્રણ બાબત

### ક.૪૧. વન-પેદાશની હેરફેરના નિયમન માટે નિયમો કરવાની સત્તા

*(૧) ઈમારતી લાકડાં તરાવીને લાવવા બાબત તેમજ ઈમારતી લાકડાં તથા બીજી વન-પેદાશની જમીન માર્ગે કે જળમાર્ગે હેરફેર કરવા બાબત નદીઓ તથા તેમના કાંઠાનું નિયંત્રણ રાજ્ય સરકારમાં નિહિત થશે અને તે તમામ ઈમારતી લાકડાં અને બીજી વન-પેદાશની હેરફેર માટે નિયમો કરી શકશે.*

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા વિના એ નિયમો નીચે પ્રમાણે કરી શકાશે:

(ક) (A) રાજ્યમાં કે રાજ્યમાંથી કે રાજ્યની અંદરનાં સ્થળોએ ઈમારતી લાકડાં કે બીજી વન-પેદાશની આયાત, નિકાસ કે હેરફેર કરવાના નિયત માર્ગો ઠરાવી શકાશે;

(ખ) (B) પાસ આપવાનો યોગ્ય રીતે અધિકાર ધરાવતા અધિકારીના પાસ વિના કે તેવા પાસની શરતો અનુસાર હોય તે સિવાય,. આ ઈમારતી લાકડાં કે બીજી પેદાશની આયાત કે નિકાસ અથવા હેરફેર પર પ્રતિબંધ મૂકી શકાશે;

(ગ) (C) એવા પાસ આપવા, રજૂ કરવા તથા પરત કરવા બાબત અને તેના માટે ભરવાની ફી બાબત જોગવાઈ કરી શકાશે;

**રાજ્ય સુધારા**

કલમ ૪૧ની પેટા-કલમ (૨) માં ખંડ (ગ) માં "અને તેના માટે ભરવાની ફી બાબત" એ શબ્દો સન ૧૯૬૩ના ૪૮મા અધિનિયમની કલમ ૨થી, કમી કરવામાં આવ્યા છે.

(ઘ) (D) જેની કિંમત તરીકે અથવા તેના ઉપરના એવી કોઈ ડ્યુટી, ફી, રોયલ્ટી કે લાગત તરીકે સરકારને નાણાં ભરવાનાં હોવાનું માનવાને કારણ હોય તે ઈમારતી લાકડું કે બીજી વન-પેદાશને લઈ જવાતી અટકાવવા, તેનો રિપોર્ટ કરવા, તે તપાસવા તથા તેની ઉપર નિશાની કરવા બાબતની જોગવાઈ કરી શકાશે;

(ચ) (E) એવાં ઈમારતી લાકડાં કે બીજી પેદાશ તપાસવા અથવા એવાં નાણાં ભરવા અથવા તેની ઉપર એવી નિશાની કરાવવા માટે તેનો ચાર્જ ધરાવનાર વ્યક્તિએ તેને જ્યાં લઈ જવી જોઈએ તે ડિપો સ્થાપવા તેનું નિયમન કરવાની, તથા એવું ઈમારતી લાકડું કે બીજી પેદાશ ડિપોમાં લઈ જવા, ભરવા તથા ત્યાંથી ખસેડવા અંગેની શરતોની જોગવાઈ કરી શકાશે;

(છ) (F) ઈમારતી લાકડાં કે બીજી વન-પેદાશની હેરફેર માટે, વપરાતો નદીનો માર્ગ કે કાંઠો બંધ કરવા ઉપર અથવા તેમાં નડતર કરવા ઉપર અને એવી નદીમાં ઘાસ, ઝાંખરાં, ડાળીઓ કે પાંદડાં નાંખવા ઉપર અથવા એવી નદીને બંધ કરે અથવા તેમાં નડતર કરે એવો કાર્ય ઉપર પ્રતિબંધ મૂકી શકાશે;

(જ) (G) એવી નદીના માર્ગમાં કે કાંઠામાં થતી નડતર રોકવા કે દૂર કરવા અને કોઈ નડતર રોકવા કે દૂર કરવા માટે જેના કાર્ય કે ગફલતને લીધે ખર્ચ કરવાની જરૂર પડી હોય તે વ્યક્તિ પાસેથી તે વસૂલ કરવાની જોગવાઈ કરી શકાશે;

(ઝ) (H) નિર્દિષ્ટ કરેલી સ્થાનિક હદમાં, વહેરવાના ખાડા સ્થાપવાની, ઈમારતી લાકડાં પરિવર્તિત કરવા, કાપવા, બાળવા, સંતાડવા કે બનાવવાની, તેની ઉપરની કોઈ નિશાની બદલવા કે ભૂંસી નાંખવાની અથવા ઈમારતી લાકડાં ઉપર નિશાની કરવા માટેના હથોડા કે બીજાં સાધનો રાખવાની કે સાથે લઈ જવાની સંપૂર્ણ મનાઈ કરી શકાશે અથવા તે અંગે શરતો મૂકી શકાશે.

**રાજ્ય સુધારા**

કલમ ૪૧ની પેટા-કલમ (૨)ના ખંડ (ઝ)માં "અથવા તે અંગે શરતો મૂકી શકાશે" એ શબ્દોને બદલે "અથવા લાઈસન્સ આપીને તેમ કરવાનું નિયમન કરી શકાશે." એ શબ્દો સને ૧૯૬૩ના ગુજરાતના ૪૮મા અધિનિયમની કલમ ૨થી દાખલ કરવામાં આવ્યા છે.

(ટ) (I) ઈમારતી લાકડાં માટે માલિકી-ચિહ્નોના ઉપયોગનું અને આવા ચિહ્નના રજિસ્ટ્રેશનનું નિયમન કરી શકશે. આવું રજિસ્ટ્રેશન કાયદેસર રહેવાની મુદત ઠરાવી શકશે. એક વ્યક્તિ એવાં કેટલાંક ચિહ્નો રજિસ્ટર કરાવી શકશે, તેની સંખ્યા મર્યાદિત કરી શકાશે અને એવા રજિસ્ટ્રેશન માટે ફી લેવાની જોગવાઈ કરી શકાશે.

**રાજ્ય સુધારા**

૧. ખંડ (ટ) માં, 'અને એવા રજિસ્ટ્રેશન માટે ફી લેવાની જોગાવઈ કરી શકાશે' એ શબ્દો એજનથી કાઢી નાખવામાં આવ્યા છે.

૨. કલમ ૪૧ની પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ (૨-ક) સન ૧૯૬૩ના ગુજરાતના ૪૮મા અધિનિયમની કલમ-૨ થી દાખલ કરવામાં આવી છે.

"(૨-ક) પેટા-કલમ (૨)ના (ગ), (ઝ) અને (ટ)માં ઉલ્લેખ કરેલ પાસ કાઢી આપવા માટે, લાઈસન્સો આપવા માટે અને માલિકીનાં ચિહ્નો રજિસ્ટર કરવા માટે ફી લેવાની આ કલમ હેઠળ કરેલા કોઈ પણ નિયમોથી જોગવાઈ કરી શકાશે."

(૩) આ કલમ હેઠળ કરાયેલો કોઈ નિયમ કોઈ નિર્દિષ્ટ કરેલી જાતના ઈમારતી લાકડાંને અથવા બીજી વન-પેદાશને કે નિર્દિષ્ટ કરેલ કોઈ સ્થાનિક વિસ્તારને લાગુ પડશે નહિ એવો આદેશ રાજ્ય સરકાર કરી શકશે.

**૪૧.ક (A) જકાત સરહદોને પાર કરીને ઈમારતી લાકડાં લઈ જવા સંબંધમાં કેન્દ્ર સરકારની સત્તા**

કલમ ૪૧માં ગમે તે મજકૂર હોય તે છતાં, પોતે ઠરાવ્યા પ્રમાણેની જકાત સરહદ પાર કરીને ઈમારતી લાકડાં કે બીજી વન પેદાશ આ અધિનિયમ લાગુ પડતો હોય તેવા પ્રદેશોમાં અથવા તેમાંથી આયાત કે નિકાસ કરવાના અથવા તેની અંદર હેરફેર કરવાના નિયત માર્ગો ઠરાવવા કેન્દ્ર સરકાર નિયમો કરી શકશે અને કલમ ૪૧ હેઠળ કરેલા કોઈ પણ નિયમનો અમલ આ કલમ હેઠળ કરેલા નિયમોને અધીન રહીને થઈ શકશે.

**ક.૪૨. કલમ ૪૧ હેઠળ કરાયેલા નિયમોના ભંગ બદલ શિક્ષા**

(૧) રાજ્ય સરકાર, આ નિયમોથી તેના ઉલ્લંઘન માટે છ મહિના સુધીની કેદની, અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની, અથવા તે બંનેની શિક્ષા ઠરાવી શકશે.

(૨) ગુનો સૂર્યાસ્ત પછી અને સૂર્યાસ્ત પહેલાં કરવામાં આવે અથવા કાયદેસરના સત્તાધિકારીનો સામનો કરવાની તેયારી કરીને કરવામાં આવે અથવા ગુનેગાર તેવા જ ગુના માટે અગાઉ દોષિત ઠર્યો હોય, ત્યારે પેટા-કલમ (૧) માં જણાવેલી શિક્ષા કરતાં બમણી શિક્ષા કરવાની જોગવાઈ આવા નિયમોથી કરી શકાશે.

**ક.૪૩. ડિપોમાં વન-પેદાશને થયેલ નુકસાન માટે સરકાર તથા વન-અધિકારીઓ જવાબદાર નહિ હોવા બાબત**

કોઈ ઈમારતી લાકડું કે બીજી વન-પેદાશ કલમ ૪૧ હેઠળ કરાયેલા કોઈ નિયમ મુજબ સ્થપાયેલા ડિપોમાં હોય ત્યારે અથવા આ અધિનિયમના હેતુઓ માટે તે બીજી કોઈ જગાએ રોકી રાખેલ હોય ત્યારે, તેના સંબંધમાં કોઈ હાનિ કે નુકસાન થાય તે માટે સરકાર જવાબદાર રહેશે નહિ અને વન-અધિકારીએ ગફલત, દ્વેષ કે કપટથી હાનિ કે નુકસાન કરેલું હોય તે સિવાય, એવી કોઈ હાનિ કે નુકસાન માટે તે જવાબદાર રહેશે નહિ.

**ક.૪૪. ડિપોમાં થયેલ અકસ્માત વખતે તમામ વ્યક્તિઓની મદદ કરવાની જવાબદારી**

*એવા ડિપોમાંની કોઈ મિલકત જોખમમાં મુકાય એવો કોઈ અકસ્માત થાય કે આફત આવે ત્યારે એવું જોખમ ટાળવા માટે અથવા તેવી મિલકતને નુકસાન કે હાનિથી બચાવવા માટે વન અધિકારી મદદ માગે ત્યારે, તે ડિપોમાં સરકારે કે ખાનગી વ્યક્તિએ કામે રાખેલ દરેક વ્યક્તિએ, તેને મદદ કરવી જોઈશે.*

## પ્રકરણ-૮

## તણાઈ આવેલાં તથા વેરવિખેર થયેલાં ઈમારતી લાકડાં એકઠાં કરવા બાબત

**ક.૪૫. કેટલીક જાતનાં ઈમારતી લાકડાં ઉપર હક સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી, સરકારની મિલકત હોવાનું ગણવા અને તે અનુસાર તે એકઠાં કરવા બાબત.**

*(૧) તણાઈ આવેલાં, કાંઠા પર ફેંકાઈ આવેલાં, વેરવિખેર થયેલાં અથવા તળિયે બેઠેલાં, તમામ ઈમારતી લાકડાં, કલમ ૪૧ હેઠળ કરાયેલા નિયમ અનુસાર રજિસ્ટર થયેલ ન હોય એવાં ચિહ્નો ધરાવતાં અથવા જેમના ઉપરથી ચિહ્ન, અગ્નિને કારણે કે બીજી રીતે ભૂંસાઈ કે બદલાઈ કે બગડી ગયેલ હોય, તે તમામ લાકડાં કે ઈમારતી લાકડાં અને*

*રાજ્ય સરકાર આદેશ આપે તે વિસ્તારોમાં, ચિહ્ન વિનાનાં તમામ લાકડાં તથા ઈમારતી લાકડાં,*

*આ પ્રકરણમાં જોગવાઈ કર્યા પ્રમાણે, તેમની ઉપર કોઈ વ્યક્તિ પોતાનો હક અને ઈલાખો સાબિત ન કરે ત્યાં સુધી સરકારની, મિલકત હોવાનું ગણાશે.*

*(૨) વન-અધિકારી અથવા કલમ ૫૧ હેઠળ કરાયેલા કઈ નિયમની રૂએ તે એકઠાં કરવાનો હક હોય તે અન્ય વ્યક્તિ એવાં ઈમારતી લાકડાં એકઠાં કરી શકશે અને વન-અધિકારીએ તણાઈ આવેલાં ઈમારતી લાકડાં માટેના ડિપો તરીકે કરેલ ડિપોમાં તેને લઈ શકશે.*

*(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી કોઈ વર્ગમાં ઈમારતી લાકડાંને આ કલમની જોગવાઈઓમાંથી મુક્તિ આપી શકશે.*

**ક.૪૬. તણાઈ આવેલાં ઈમારતી લાકડાંના હકદારને નોટિસ**

*કલમ ૪૫ હેઠળ એકઠાં કરાયેલાં ઈમારતી લાકડાં માટે વન અધિકારી વખતોવખત જાહેર નોટિસ આપશે એવી નોટિસમાંથી ઈમારતી લાકડાનું વર્ણન હોવું જોઈશે તથા તે નોટિસ ઈમારતી લાકડાં માટે હકદાર વ્યક્તિને નોટિસની તારીખથી તે મહિના કરતાં ઓછી નહિ તેટલી નિર્દિષ્ટ મુદતમાં આવા અધિકારી સમક્ષ હકની માંગણી સંબંધી લિખિત કેફિયત આપવાનું ફરમાવશે.*

**ક.૪૭. આવાં ઇમારતી લાકડાં બાબત માગણી થયા પછીની કાર્યરીતિ**

*(૧) ઉપર જણાવ્યા પ્રમાણે આવી કોઈ કેફિયત રજૂ થઈ હોય ત્યારે, વન અધિકારી પોતાને યોગ્ય લાગે તે તપાસ કર્યા પછી, તે અંગે તેમ કરવાનાં કારણોની નોંધ કરીને માંગણી નામંજૂર કરી શકશે અથવા તે ઈમારતી લાકડાં માંગણી કરનારને સોંપી શકશે.*

*(૨) આવાં ઈમારતી લાકડાં માટે એક કરતાં વધારે વ્યક્તિઓ માંગણી કરે ત્યારે વન અધિકારી તેઓ પૈકી જે વ્યક્તિનો તેના ઉપર હક હોવાનું પોતાને લાગે તેને તે સોંપી શકશે અથવા માંગણી કરનારાઓને દીવાની કોર્ટમાં નિર્ણય કરાવવા જણાવી શકશે અને તે ઈમારતી લાકડાના નિકાલ*

માટે આવી કોઈ કોર્ટમાં હુકમ આવે ત્યાં સુધી તે રાખી મૂકી શકશે.

(૩) આ કલમ હેઠળ જેની માંગણી નામંજૂર કરવામાં આવી હોય તે વ્યક્તિ, પોતે માગણી કરેલાં ઈમારતી લાકડાંનો કબજો મેળવવા માટે એવી નામંજૂરીની તારીખથી ત્રણ મહિનાની અંદર, દાવો માંડી શકશે, પરંતુ એવી નામંજૂરીને કારણે અથવા ઈમારતી લાકડાં રોકી રાખ્યા કે ખસેડવાને કારણે અથવા આ કલમ હેઠળ અન્ય કોઈ વ્યક્તિને સોંપવાને કારણે સરકાર અથવા વનઅધિકારી પાસેથી કોઈ વ્યક્તિ કંઈપણ વળતર કે ખર્ચ વસૂલ કરી શકશે નહિ.

(૪) આ કલમમાં જોગવાઈ કર્યા પ્રમાણે ઈમારતી લાકડાં સોંપવામાં ન આવે અથવા તેને માટે દાવો માંડવામાં ન આવે ત્યાં સુધી એ લાકડાંને કોઈ દીવાની; ફોજદારી કે મહેસૂલી કોર્ટનો કામગીરી હુકમ લાગુ પડશે નહિ.

**ક.૪૮. માગણી ન કરેલાં ઈમારતી લાકડાંના નિકાલ બાબત**

ઉપર જણાવ્યા પ્રમાણે કોઈ કેફિયત રજૂ કરવામાં ન આવે અથવા કલમ ૪૬ હેઠળ કાઢેલી નોટિસમાં નિર્દિષ્ટ કરેલી રીતે તથા મુદતમાં હકદાર પોતાની માંગણી ન કરે અથવા તેણે એવી માંગણી કરી હોય અને તે નામંજૂર કરવામાં આવેલ હોય અને કલમ ૪૭ થી નક્કી કરેલી વધારાની મુદતમાં આવાં ઈમારતી લાકડાંનો કબજો મેળવવા માટે તે દાવો ન માંડે, ત્યારે આવાં ઈમારતી લાકડાંની માલિકી સરકારમાં નિહિત થશે અથવા કલમ ૪૭ હેઠળ આવાં ઈમારતી લાકડાં અન્ય વ્યક્તિને સોંપ્યાં હોય તો પોતે ઊભા ન કરેલા તમામ બોજાથી મુક્ત રીતે તે અન્ય વ્યક્તિને તેવી માલિકી પ્રાપ્ત થશે.

**ક.૪૯. આવાં ઈમારતી લાકડાંને થયેલા નુકસાન માટે સરકાર અને તેના અધિકારીઓ જવાબદાર નહિ હોવા બાબત**

કલમ ૪૫ હેઠળ એકઠાં કરાયેલાં કોઈ ઈમારતી લાકડાંના સંબંધમાં કોઈ હાનિ કે નુકસાન માટે સરકાર જવાબદાર રહેશે નહિ અને કોઈ વન-અધિકારીએ ગફલત, દ્વેષ કે કપટથી કોઈ હાનિ કે નુકસાન કર્યું હોય તે સિવાય, એવી હાનિ અથવા નુકસાન માટે તે જવાબદાર રહેશે નહિ.

**ક.૫૦. ઈમારતી લાકડાં માગણી કરનારને સોંપવામાં આવે તે પહેલાં તેણે કરવાની ભરપાઈ**

કલમ ૫૧ હેઠળ કરાયેલા કોઈ નિયમ હેઠળ ઈમારતી લાકડાં માટે લેણી નીકળતી રકમ વન-અધિકારી કે તે મેળવવાને હકદાર અન્ય વ્યક્તિને ભરી ન આપે ત્યાં સુધી, ઉપર જણાવ્યા પ્રમાણે એકઠાં કરાયેલાં કે સોંપવામાં આવેલાં ઈમારતી લાકડાંનો કબજો પાછો મેળવવા કોઈ વ્યક્તિ હકદાર થશે નહિ.

**ક.૫૧. નિયમો કરવાની અને શિક્ષા ઠરાવવાની સત્તા**

(૧) રાજ્ય સરકાર નીચેની બાબતોનું નિયમન કરવા માટે નિયમો કરી શકશે:

(ક) (A) કલમ ૪૫માં જણાવેલાં તમામ ઈમારતી લાકડાંને બચાવી લેવાં, તે એકઠાં કરવાં અને તેના નિકાલ બાબત;

(ખ) (B) ઈમારતી લાકડાંના બચાવ માટે અને તે એકઠાં કરવા માટે ઉપયોગમાં લેવાતી હોડીઓના ઉપયોગ અને રજિસ્ટ્રેશન બાબત;

(ગ) (C) એ ઈમારતી લાકડાંને બચાવી લેવા, એકઠાં કરવા તેમની હેરફેર કરવા, તેને રાખી મૂકવા અથવા તેના નિકાલ માટે ચૂકવવાની રકમો બાબત; અને

*(ઘ) (D) એ ઈમારતી લાકડાં ઉપર ચિહ્નો કરવા માટે વાપરવાના હથોડા તથા બીજાં સાધનોના ઉપયોગ તથા તેના રજિસ્ટ્રેશન બાબત.*

*(૨) આ કલમ હેઠળ કરાયેલા કોઈ નિયમોના ઉલ્લંઘન માટે રાજ્ય સરકાર છ મહિનાની મુદતની કેદની, અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા, અથવા તે બંને શિક્ષા, કરાવી શકશે:*

## પ્રકરણ-૯

## શિક્ષા અને કાર્યરીતિ

**ક.૫૨.સરકાર દાખલ કરવાને પાત્ર મિલકત કબજે લેવા બાબત**

*(૧) કોઈ વન-પેદાશ સંબંધમાં વન-ગુનો કરવામાં આવ્યો હોવાનું માનવાને કારણ હોય ત્યારે, વન-અધિકારી કે પોલીસ અધિકારી તે ગુનો કરવામાં વપરાયેલાં તમામ ઓજારો, હોડીઓ, ગાડા કે ઢોર સહિત તે પેદાશ કબજે લઈ શકશે.*

**રાજ્ય સુધારો**

*(૧) પેટા-કલમ (૧)માં "ગાડા" શબ્દને બદલે "વાહનો" શબ્દ મૂક્યો છે.*

*(સન ૧૯૫૨ના મુંબઈના ૨૫મા અધિનિયમની કલમ ૨ થી કરવી)*

*(૨) પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી -*

*"(૧-ક) જે કોઈ વન-પેદાશના સંબંધમાં કોઈ વન અંગેનો ગુનો કરવામાં આવ્યો છે અથવા કરવામાં આવી રહ્યો છે એમ માનવાને કારણ હોય તે વન-પેદાશની હેરફેર કરવા માટે કોઈ વાહનનો ઉપયોગ કરવામાં આવ્યો છે અથવા આવી રહ્યો છે એમ માનવાને કોઈ વન અધિકારી અથવા પોલીસ અધિકારીને કારણ હોય, તો તે અધિકારી, આવા વાહનના ડ્રાઈવરને અથવા તેનો હવાલો ધરાવતી અન્ય વ્યક્તિને, વાહન થોભાવવા ફરમાવી શકાશે અને વાહનમાંની ચીજ-વસ્તુઓ તપાસવા માટે અને વનપેદાશને લગતા અને આવા ડ્રાઈવરના અથવા વાહનનો હવાલો ધરાવતી અન્ય વ્યક્તિના અથવા વાહનમાં હોય તેવી અન્ય કોઈ વ્યક્તિના કબજામાંના તમામ દસ્તાવેજોની તપાસણી માટે, વાજબી રીતે આવશ્યક હોય ત્યાં સુધી, તે વાહનને ઊભું રખાવી શકશે."*

**રાજ્ય સુધારો**

*(જુઓ સન ૧૯૮૩ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૨થી)*

*(૩) પેટા-કલમ (૨)માં, "જેના અંગે તે મિલકત કબજે લીધી હોય તે ગુનાનો ઈન્સાફ કરવાની હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટને તેણે બને તેટલો જલદી આવી મિલકત કબજે કર્યાનો રિપોર્ટ કરવો જોઈશે" એ શબ્દોને બદલે, નીચેનો મજકૂર કરવો :*

*"(ક) જેના અંગે તે મિલકત કબજે લીધી હોય તે ગુનો, રાજ્ય સરકારની મિલકત હોય અથવા જેમાં રાજ્ય સરકારને કોઈ હિત હોય તે વન-પેદાશના સંબંધમાં કરવામાં આવ્યો હોય, ત્યારે કલમ ૬૧-ક હેઠળ, સંબંધિત અધિકૃત અધિકારીને; અને*

(ખ) અન્ય દાખલામાં, જેના અંગે તે મિલકત કબજે લીધી હોય તે ગુનાનો ઈન્સાફ કરવાની હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટને;

તેણે બને તેટલો જલદી આવી મિલકત કબજે કર્યાનો રિપોર્ટ કરવો જોઈશે."

(જુઓ સન ૧૯૮૩ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૨ થી)

**ક.૫૩. કલમ ૫૨ હેઠળ કબજે લીધેલી મિલકત મુક્ત કરવાની સત્તા**

જેના કારણે ઓજારો, હોડીઓ, ગાડાં કે ઢોરનો કબજો લેવામાં આવ્યો હોય તે ગુનાનો ઈન્સાફ કરવાની હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટ સમક્ષ ફરમાવવામાં આવે તો અને ત્યારે, તે મિલકત રજૂ કરવાનો મુચરકો કે મિલકતનો માલિક કરી આપે ત્યારે, કલમ ૫૨ હેઠળ તે મિલકત રેન્જરના દરજ્જાથી ઊતરતા નહિ તેવા જે વન-અધિકારીએ અથવા તેની સત્તા નીચેના તેવા વન-અધિકારીએ કબજે લીધેલ હોય તે વન-અધિકારી તે મિલકત મુક્ત કરી શકશે.

**રાજ્ય સુધારો**

આ કલમમાં "ગાડાં" શબ્દને બદલે "વાહનો" શબ્દ મૂક્યો છે.

(જુઓ સન ૧૯૫૨ના મુંબઈના ૨૫મા અધિનિયમની કલમ ૨થી કરવી)

"તે વન-અધિકારી તે મિલકત" એ શબ્દો પછી "કલમ ૬૧-૪ને અધીન રહીને" એ શબ્દો મૂકવા.

(સન ૧૯૮૩નો ગુજરાતનો ૧૯મો અધિનિયમ કલમ ૩)

**ક.૫૪. ત્યાર પછીની કાર્યરીતિ**

આવો રિપોર્ટ મળ્યા ઉપરથી, ગુનેગારની ધરપકડ તથા ઈન્સાફી કાર્યવાહી માટે તથા મિલકતના કાયદા અનુસાર નિકાલ માટે મેજિસ્ટ્રેટ બનતી ત્વરાથી જરૂરી પગલાં લેશે.

**રાજ્ય સુધારો**

(જુઓ સન ૧૯૮૬નો ગુજરાત અધિનિયમ ૧૯ની કલમ ૪) થી આ કલમ કમી કરી છે.

**ક.૫૫. વન-પેદાશ, ઓજારો વગેરે ક્યારે સરકાર દાખલ થવાને પાત્ર થાય**

(૧) સરકારની મિલકત ન હોય તથા જે બાબત વન-ગુનો કરવામાં આવ્યો હોય તેવાં તમામ ઈમારતી લાકડાં કે વન-પેદાશ અને વન-ગુનો કરવામાં વાપરેલાં તમામ ઓજારો, હોડીઓ, ગાડાં અને ઢોર સરકાર-દાખલ થવાને પાત્ર થશે.

(૨) એ ગુના માટે ઠરાવી હોય તે શિક્ષા ઉપરાંત આ મિલકત સરકાર દાખલ કરી શકશે.

**રાજ્ય સુધારો**

(૧) પેટા-કલમ (૧) માં "ગાડાં" શબ્દને બદલે "વાહનો" શબ્દ મૂકવો.

(જુઓ સન ૧૯૫૨ના મુંબઈના ૨૫મા અધિનિયમની કલમ ૨) થી

(૨) "સરકાર દાખલ થવાને પાત્ર થશે" એ શબ્દોને બદલે "કલમ ૬૧-૪ ને અધીન રહીને, સરકાર દાખલ થવાને પાત્ર થશે" એ શબ્દો આંકડા અને અક્ષર મૂકવા

(જુઓ સન ૧૯૮૩નો ગુ. અધિનયમ ૧૯ની કલમ ૫) થી

**ક.૫૬. વન-ગુનાના ઈન્સાફનું કામ પૂરું થયે જેના સંબંધમાં ગુનો થયો હોય તે પેદાશનો નિકાલ**

*વન-ગુનાના ઈન્સાફનું કામ પૂરું થાય ત્યારે, આવો ગુનો જેના સંબંધમાં કરવામાં આવ્યો હોય તે વન પેદાશ સરકારની મિલકત હોય અથવા સરકાર દાખલ થયેલ હોય તો વન-અધિકારી તે સંભાળી લેશે અને તેમ ન હોય તો, કોર્ટ ફરમાવે તેવી રીતે તે તેનો નિકાલ કરી શકશે.*

*અન્વયે વનપેદાશ જ્યારે જપ્ત કરવામાં આવે ત્યારે જ આ કલમ લાગુ પડે છે. કલમ ૫૨*

*(ઈબ્રાહીમ વિ. સ્ટેટ ૪ જી.એલ.આર. ૪૯૩.)*

**રાજ્ય સુધારો**

*(સન ૧૯૮૩નો ગુ.અ., ૧૯ કલમ ૬થી)*

*"તેમ ન હોય તો "એ શબ્દોને બદલે "તેમ ન હોય તો કલમ ૬૧-૪ ને અધીન રહીને" એ શબ્દો આંકડા અને અક્ષર મૂકવા.*

**ક. ૫૭. ગુનેગાર અજ્ઞાત હોય અથવા મળી શકતો ન હોય ત્યારે કાર્યરીતિ**

*ગુનેગાર અજ્ઞાત હોય અથવા તે મળી શકતો ન હોય અને ગુનો કરવામાં આવ્યો છે એવું મેજિસ્ટ્રેટને લાગે ત્યારે, જેના સંબંધમાં ગુનો કરવામાં આવ્યો હોય તે મિલકત સરકાર દાખલ કરી, વન-અધિકારીએ તે સંભાળી લેવા અથવા તે માટે હકદાર હોવાનું પોતાને લાગે તે વ્યક્તિને તે સોંપી દેવા મેજિસ્ટ્રેટ હુકમ કરી શકશે;*

*પરંતુ એવી મિલકત કબજે લીધાની તારીખથી એક મહિનો વીતે નહિ ત્યાં સુધી, અથવા તે મિલકત ઉપર પોતાનો હક્ક કરનાર કોઈ વ્યક્તિ હોય તો તેને તેના દાવાના સમર્થન માટે તે કોઈ પુરાવો રજૂ કરે તો તે સાંભળ્યા વિના આવો કોઈ હુકમ કરી શકશે નહિ.*

**રાજ્ય સુધારો**

*(સન ૧૯૮૩ના ગુ.અ. ૧૯ની કલમ ૭થી)*

*"ગુનો કરવામાં આવ્યો છે એવું મેજિસ્ટ્રેટોને લખો ત્યારે" એ શબ્દોને બદલે "ગુનો કરવામાં આવ્યો છે એવું મેજિસ્ટ્રેટોને લાગે ત્યારે કલમ ૬૧ જ ને અધીન રહીને" એ શબ્દો આંકડા અને અક્ષર મૂકવા.*

**ક. ૫૮. કલમ ૫૨ હેઠળ કબજે લીધેલી બગડી જાય તેવી મિલકત બાબત કાર્યરીતિ**

*આમાં આ પહેલાં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ ૫૨ હેઠળ કબજે લીધેલી અને ઝડપથી અને કુદરતી રીતે બગડી જાય તેવી મિલકત વેચવા માટે મેજિસ્ટ્રેટ હુકમ કરી શકશે અને તે મિલકત વેચી ન હોય તો, તે અંગે પોતે જે તજવીજ કરી હોય તે જ તજવીજ વેચાણની ઊપજ અંગે કરી શકશે.*

**રાજ્ય સુધારો**

*(સન ૧૯૮૩નો ગુજરાત અધિનિયમ ૧૯ની કલમ ૮ થી)*

*(૧) "આમાં આ પહેલાં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ ૫૨ હેઠળ કબજે લીધેલી અને ઝડપથી અને કુદરતી રીતે બગડી જાય તેવી મિલકત વેચવા માટે મેજિસ્ટ્રેટ હુકમ કરી શકશે" એ શબ્દોને બદલે, "કલમ ૫૨ હેઠળ, જેણે કબજો લીધો હોય તે વન અધિકારી, આ અધિનિયમમાં અથવા અન્ય કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ ૫૨ હેઠળ કબજે લીધેલી અને ઝડપથી અને કુદરતી રીતે બગડી જાય તેવી મિલકત વેચી શકશે" એ શબ્દો અને આંકડા મૂકવા;*

*(૨) અંતે નીચેનો મજકૂર ઉમેરવો :*

*"અને તેણે, તેના વરિષ્ઠ અધિકારીને, આવા દરેક વેચાણ અંગે રિપોર્ટ કરવો જોઈશે."*

**ક.૫૯. કલમ ૫૫, કલમ ૫૬ કે કલમ ૫૭ હેઠળ કરેલા હુકમો સામે અપીલ**

*કલમ ૫૨ હેઠળ મિલકત કબજે લેનાર અધિકારી કે તેનો ઉપરી અધિકારી અથવા તે પ્રમાણે કબજે લીધેલી મિલકતમાં પોતાના હિતનો દાવો કરનાર કોઈ વ્યક્તિ કલમ ૫૫, કલમ ૫૬ કે કલમ ૫૭ હેઠળ થયેલા કોઈ હુકમની તારીખથી એક મહિનાની અંદર એવા મેજિસ્ટ્રેટે કરેલા હુકમો સામે સામાન્ય રીતે જે કોર્ટને અપીલ થઈ શકતી હોય તે કોર્ટને અપીલ કરી શકશે અને અપીલમાં થયેલો હુકમ આખરી રહેશે.*

**ક. ૬૦. મિલકત સરકારમાં ક્યારે નિહિત થાય**

*યથાપ્રસંગ, કલમ ૫૫ કે કલમ ૫૭ હેઠળ કોઈ મિલકત સરકાર દાખલ કરવા હુકમ થયો હોય અને તે હુકમ સામે અપીલ કરવા માટેની કલમ ૫૯માં ઠરાવેલી મુદત પૂરી થઈ હોય તથા એવી અપીલ કરવામાં આવી ન હોય અથવા એવી અપીલ થઈ હોય અને અપીલ-કોર્ટ એવી તમામ મિલકત અંગે તમામ મિલકત અંગે કે તેના ભાગ અંગે હુકમ બહાર રાખે ત્યારે, યથા પ્રસંગે, તે તમામ મિલકત કે તેનો તે ભાગ તમામ બોજાથી મુક્ત રીતે સરકારમાં નિહિત થશે.*

**ક. ૬૧. કબજે લીધેલી મિલકત મુક્ત કરવાની સત્તાનો અપવાદ**

*રાજ્ય સરકાર આ અર્થે અધિકાર આપેલા અધિકારીની કલમ ૫૨ હેઠળ કબજે લીધેલી કોઈ મિલકતને તરત મુક્ત કરવાનો આદેશ આપવાની સત્તાને આમાંના ઉપર જણાવેલા કોઈ મજકૂરથી બાધ આવતો હોવાનું ગણાશે નહિ.*

**રાજ્ય સુધારો**

*સન ૧૯૮૩ના ગુજરાત અધિનિયમ ૧૯ની કલમ ૯ થી કલમ ૬૧ પછી નીચેની કલમો દાખલ કરવી :*

**કેટલાક દાખલામાં વન-અધિકારીઓએ મિલકત સરકાર દાખલ કરવા બાબત**

**"૬૧ ક (A)** *(૧) આ પ્રકરણની પૂર્વવર્તી જોગવાઈઓમાં અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકારની મિલકત હોય તેવી કોઈ વન-પેદાશના સંબંધમાં કોઈ વન અંગેનો ગુનો કરવામાં આવ્યો હોવાનું મનાતું હોય, ત્યારે કલમ ૫૨ની પેટા કલમ (૧) હેઠળ, મિલકત કબજે લેનાર અધિકારીએ, ગેરવાજબી વિલંબ કર્યા વિના, તે મિલકત અને આવો ગુનો કરવામાં ઉપયોગમાં લેવાયેલ તમામ સાધનો, દોરડાં, સાંકળો, હોડીઓ, વાહનો અને ઢોર, રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામા દ્વારા આ અર્થે અધિકૃત કરેલા અધિકારી (જેનો આમાં હવે પછી, "અધિકૃત અધિકારી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની સમક્ષ રજૂ કરવા જોઈશે અને એવા અધિકારી, મદદનીશ વન-સંરક્ષકના દરજ્જા કરતાં ઊતરતા દરજ્જાના ન હોવા જોઈશે.*

*(૨) અધિકૃત અધિકારી, કલમ ૫૨ ની પેટા-કલમ (૧) હેઠળ; રાજ્ય સરકારની મિલકત હોય તેવી કોઈ વન-પેદાશ કબજે લે અથવા પેટા-કલમ (૧) હેઠળ, આવી કોઈ મિલકત તે અધિકૃત અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવે અને તેને એમ ખાતરી થાય કે આવી મિલકતના સંબંધમાં વન અંગેનો ગુનો કરવામાં આવ્યો છે, ત્યારે આવા અધિકૃત અધિકારી, આવો વન અંગેનો ગુનો થયો છે તે માટે ફરિયાદ દાખલ કરવામાં આવી હોય કે ન હોય તો પણ, એવી રીતે કબજે લીધેલ મિલકત અને આવો ગુનો કરવામાં ઉપયોગમાં લેવાયેલ તમામ સાધનો, દોરડાં, સાંકળો, હોડીઓ, વાહનો અને ઢોર, સરકાર દાખલ કરવાનો હુકમ કરી શકશે.*

(૩) (ક) પેટા-કલમ (૨) હેઠળ સરકાર દાખલ કરવાનો હુકમ કર્યા પછી, અધિકૃત અધિકારીનો એવો અભિપ્રાય થાય કે જાહેર હિતમાં તેમ કરવું ઇષ્ટ છે, ત્યારે તેઓ, સરકાર દાખલ કરેલી મિલકત અથવા તેનો કોઈ ભાગ, જાહેર લિલામથી વેચવાનો હુકમ કરી શકશે.

(ખ) સરકાર દાખલ કરેલી કોઈ મિલકત, ઉપર કહ્યા પ્રમાણે વેચવામાં આવી હોય, ત્યારે તેની આવક, તેમાંથી આવા કોઈપણ લિલામનું ખર્ચ અથવા તેને લગતું આનુષંગિક ખર્ચ બાદ કર્યા પછી, કલમ ૬૧-ક હેઠળ તે મિલકત સરકાર દાખલ કરવા માટે કરેલો હુકમ, કલમ ૬૧ ગ અથવા ૬૧ ઘ હેઠળના કોઈ હુકમથી રદ અથવા રદબાતલ કરવામાં આવે, ત્યારે તેના માલિકને અથવા જેની પાસેથી તે કબજે લેવામાં આવી હોય તે વ્યક્તિને, આવા હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે મુજબ ચૂકવવી જોઈશે.

**ક. ૬૧-ક હેઠળ સરકાર દાખલ કર્યા પહેલાં, કારણદર્શક નોટિસ કાઢવા બાબત**

**૬૧.ખ (B)** (૧) જેની પાસેથી કોઈ વન-પેદાશ અથવા સાધન, દોરડું, સાંકળ, હોડી, વાહન અથવા ઢોર કબજે લેવામાં આવ્યું હોય તે કોઈ વ્યક્તિને, જે કારણોસર તે સરકાર દાખલ કરવા ધાર્યું હોય તે કારણોની તેને જાણ કરતી અને તેના વાંધા હોય તો તે વિચારણામાં લેવા અંગેની લેખિત નોટિસ આપવામાં આવી હોય તે સિવાય, કોઈ વન-પેદાશ અથવા સાધનો, દોરડાં, સાંકળો, હોડીઓ, વાહનો અથવા ઢોર સરકાર દાખલ કરવા અંગેનો હુકમ, કલમ ૬૧ક હેઠળ કરી શકાશે નહિ.

પરંતુ કોઈ મોટર વાહન સરકાર દાખલ કરવા અંગેનો કોઈ હુકમ કરી શકાશે નહિ, સિવાય કે અધિકૃત અધિકારીના અભિપ્રાય પ્રમાણે તેના રજિસ્ટર થયેલા માલિકને લેખિત નોટિસ આપવાનું શક્ય હોય, તો તેવી નોટિસ આપવામાં આવી હોય, તો તે વિચારણામાં લેવામાં આવ્યા હોય.

(૨) કોઈ સાધન, દોરડું, સાંકળ, હોડી, વાહન અથવા ઢોરના માલિક, અધિકૃત અધિકારીને ખાતરી થાય તે રીતે સાબિત કરે કે પોતાની, તેનો એજન્ટ હોય, તો તેની અને સાધન, દોરડું, સાંકળ, હોડી, વાહન અથવા ઢોરનો હવાલો ધરાવતી વ્યક્તિની જાણ અથવા મૂક સંમતિ વિના, તેનો વન-પેદાશ થઈ જવામાં ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેઓ પૈકી દરેકે, આવા ઉપયોગ સામે તમામ વાજબી અને જરૂરી સાવચેતી લીધી હતી, તે પેટા કલમ (૧) ની જોગવાઈઓને બાધ આવ્યા વિના, સદરહુ સાધન, દોરડું, સાંકળ, હોડી, વાહન અથવા ઢોર સરકાર દાખલ કરવા અંગેનો કોઈ હુકમ ૬૧-ક હેઠળ કરી શકાશે નહિ.

**ફેરતપાસ**

**૬૧ગ. (C)** રાજ્ય સરકારે, આ અર્થે રાજપત્રમાં જાહેરનામા દ્વારા ખાસ રીતે સત્તા આપેલા વન-સંરક્ષકના દરજ્જા કરતાં ઊતરતા દરજ્જા ન હોય તેવા કોઈ વન અધિકારી, પોતાની મેળે, કલમ ૬૧ક હેઠળ અધિકૃત અધિકારીના હુકમની તારીખથી ત્રીસ દિવસ પૂરા થાય તે પહેલાં, તે હુકમના રેકર્ડ મંગાવી અને તપાસી શકશે અને પોતાને યોગ્ય લાગે તેમ તપાસ કરી શકશે અથવા કરાવી શકશે અને તેવા હુકમો કરી શકશે:

પરંતુ કોઈ વ્યક્તિને બાધકારક થાય તેવો હુકમ તેને સાંભળવાની તક આપવામાં આવી હોય તે સિવાય, આ કલમ હેઠળ કરી શકાશે નહિ.

**અપીલ**

**૬૧ ઘ (D)** *(૧) કલમ ૬૧ક અથવા કલમ ૬૧ગ હેઠળ કરેલા કોઈ હુકમથી નારાજ થયેલ કોઈપણ વ્યક્તિ, આવા હુકમની તેને જાણ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર, હુકમ જે મિલકતને લગતો હોય તે મિલકત જે વિસ્તારમાં કબજે લેવામાં આવી હોય તે વિસ્તાર ઉપર હકૂમત ધરાવતા સેશન્સ ન્યાયાધીશને અપીલ કરી શકાશે અને સેશન્સ ન્યાયાધીશ, યથાપ્રસંગ, અપીલ કરનારને અને અધિકૃત અધિકારીને અથવા કલમ ૬૧ગ હેઠળ ખાસ રીતે સત્તા આપેલા અધિકારીને સાંભળવાની તક આપ્યા પછી, પોતાને યોગ્ય લાગે તે મુજબ, જે હુકમ સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમ બહાલ રાખતો, તેમાં ફેરફાર કરતો અથવા તે રદ કરતો હુકમ કરશે.*

*(૨) પેટા-કલમ (૧) હેઠળ સેશન્સ ન્યાયાધીશનો કોઈ હુકમ આખરી રહેશે અને કાયદાની કોઈ કોર્ટમાં તેની સામે વાંધો ઉઠાવી શકાશે નહિ.*

**કોઈ મિલકત સરકાર દાખલ કરવા અંગેના ચુકાદાથી અન્ય શિક્ષાને બાધ આવશે નહિ**

**૬૧ ચ(E)** *કલમ ૬૧ક અથવા ૬૧ ગ અથવા ૬૧ઘ કોઈ મિલકત સરકાર દાખલ કરવા અંગેના ચુકાદાથી, તેનાથી અસર પામેલ વ્યક્તિ, આ અધિનિયમ હેઠળ જે કોઈ શિક્ષાને પાત્ર થાય તે શિક્ષા કરવાને બાધ આવશે નહિ.*

**સરકાર દાખલ થયેલ મિલકત ક્યારે સરકારમાં નિહિત થશે તે બાબત**

**૬૧ છ (F)** *કોઈ મિલકત સરકાર દાખલ કરવા અંગેનો કોઈ હુકમ, કલમ ૬૧ક અથવા ૬૧ગ અથવા ૬૧ઘ હેઠળ કરવામાં આવ્યો હોય અને આવો હુકમ આવી સમગ્ર મિલકત અથવા તેના કોઈ ભાગના સંબંધમાં આખરી થયેલો હોય ત્યારે, યથાપ્રસંગ, આવી મિલકત અથવા તેનો ભાગ અથવા જો તે, કલમ ૬૧કની પેટાકલમ(૩) હેઠળ વેચવામાં આવી હોય, તો તેની વેચાણ-આવક, રાજ્ય સરકારમાં તમામ બોજા મુક્ત નિહિત થશે.*

**કેટલાક દાખલામાં હકૂમતને બાધ**

**૬૧જ. (G)** *રાજ્ય સરકારની માલિકીની કોઈ વન-પેદાશ અથવા કોઈ ગુનો કરવામાં ઉપયોગમાં લેવાયેલ કોઈ સાધન, દોરડું, સાંકળ, હોડી, વાહન અથવા ઢોર, કલમ ૫૨ની પેટા-કલમ (૧) હેઠળ કબજે લેવામાં આવ્યાં હોય, ત્યારે કલમ ૬૧ક હેઠળ અધિકૃત અધિકારીને અથવા કલમ ૬૧ગ હેઠળ ખાસ રીતે સત્તા આપેલા અધિકારીને અથવા કલમ ૬૧ઘ હેઠળ અપીલ સાંભળતા સેશન્સ ન્યાયાધીશને, આવી મિલકતનાં કસ્ટડી, કબજા, ડિલિવરી, નિકાલ અથવા વિતરણ સંબંધી હુકમો કરવાની હકૂમત રહેશે અને આ અધિનિયમમાં અથવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં અથવા તત્સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, અન્ય કોઈપણ અધિકારી, કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા સત્તાધિકારીને, એવા હુકમો કરવાની હકૂમત રહેશે નહિ.*
*(જુઓ સન ૧૯૮૩ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૯)*

**ક.૬૨. ગેરકાયદેસર કબજે લેવા બદલ શિક્ષા**

*આ અધિનિયમ હેઠળ સરકાર દાખલ થવાને પાત્ર મિલકત કબજે લેવાને બહાને કોઈ વન-અધિકારી કે પોલીસ અધિકારી ત્રાસદાયક અને બિનજરૂરી રીતે મિલકત કબજે કરે તો, તે છ મહિના સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને, અથવા તે બંને શિક્ષાને, પાત્ર થશે.*

**ક. ૬૩. ઝાડ તથા ઈમારતી લાકડાં ઉપર બનાવટી ચિહ્નો કરવાં અથવા ચિહ્નો બગાડવાં તથા સીમાચિહ્નો બદલવા માટે શિક્ષા.**

*લોકોને કે કોઈ વ્યક્તિને નુકસાન કે હાનિ કરવાના હેતુથી, અથવા "ભારતના ફોજદારી અધિનિયમ" ની વ્યાખ્યા પ્રમાણે ગેરકાયદે લાભ મેળવવાના હેતુથી જે કોઈ નીચે પ્રમાણે કરે તે બે વર્ષ સુધીની કેદની, દંડની શિક્ષાને, અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે -*

(ક) (A) *કોઈ ઈમારતી લાકડું કે ઊભું ઝાડ સરકારની કે કોઈ ચોક્કસ વ્યક્તિની મિલકત છે અથવા કોઈ ચોક્કસ વ્યક્તિને કાયદેસર રીતે કાપી કે લઈ જઈ શકે છે તેવું દર્શાવવા વન-અધિકારી વાપરતા હોય તેવાં ચિહ્નની ઈમારતી લાકડાં કે ઊભા ઝાડ ઉપર જાણી જોઈને બનાવટ કરે; અથવા*

(ખ) (B) *વન-અધિકારીએ કે તેણે આપેલા અધિકાર હેઠળ કોઈ ઝાડ કે ઈમારતી લાકડાં ઉપર કરેલા ચિહ્નમાં ફેરફાર કરે, તે બગાડે કે ભૂંસી નાખે અથવા*

(ગ) (C) *આ અધિનિયમની જોગવાઈઓ લાગુ પડતી હોય તે વન કે પડતર જમીનનાં સીમા-ચિહ્નો ફેરવે, ખસેડે, નષ્ટ કરે અથવા બગાડી નાખે.*

**ક.૬૪. વોરંટ વગર પકડવાની સત્તા**

(૧) *એક મહિના કે તેથી વધુ મુદતની કેદની શિક્ષાને પાત્ર થાય તે કોઈ વન-ગુનામાં સંકળાયેલ હોવાનો વાજબી શક જેના ઉપર હોય તે વ્યક્તિને, મેજિસ્ટ્રેટના હુકમ અને વોરંટ વિના વન-અધિકારી કે પોલીસ અધિકારી પકડી શકશે.*

**રાજ્ય સુધારા**

*કલમ ૬૪માં પેટા-કલમ (૧) માં "વન અધિકારી કે પોલીસ અધિકારી" એ શબ્દોને બદલે "વન અધિકારી, પોલીસ અધિકારી કે મહેસૂલ અધિકારી" એ શબ્દો સન ૧૯૬૦ના ગુજરાત ૧૫મા અધિનિયમની કલમ ૬(હ) થી મૂકવામાં આવ્યા છે.*

(૨) *આ કલમ હેઠળ ધરપકડ કરનાર દરેક અધિકારીએ બિનજરૂરી વિલંબ વિના તથા મુચરકાને વધારે છોડવા સંબંધી આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, પકડેલી વ્યક્તિને તે બાબતમાં હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટ સમક્ષ, અથવા સૌથી નજીકના પોલીસ સ્ટેશનનો ચાર્જ ધરાવતા અધિકારી સમક્ષ લઈ જવાની અથવા મોકલવાની તજવીજ કરવી જોઈશે.*

(૩) *કલમ ૩૦ના ખંડ (ગ) હેઠળ જેની મનાઈ કરેલી હોય તે સિવાયના પ્રકરણ ૪ હેઠળની કોઈ ગુનાહિત કૃત્ય માટે આ રીતે ધરપકડ કરવાનો અધિકાર, આ કલમના કોઈ મજકૂરથી મળતો હોવાનું ગણાશે નહિ.*

**ક.૬૫. પકડાયેલ વ્યક્તિને મુચરકાને આધારે છોડવાની સત્તા**

*કલમ ૬૪ની જોગવાઈઓ હેઠળ પકડાયેલ વ્યક્તિ, તેને ફરમાવવામાં આવે ત્યારે તે બાબતમાં હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટ કે સૌથી નજીકના પોલીસ સ્ટેશનનો ચાર્જ ધરાવતા અધિકારી સમક્ષ હાજર રહેવાનો મુચરકો કરી આપે તો રેન્જરથી ઊતરતા દરજ્જાના ન હોય એવા કોઈ વન અધિકારીએ અથવા તેની સત્તા નીચેના અધિકારીએ તેને પકડેલ હોય તો તેને છોડી શકશે.*

**રાજ્ય સુધારા**

*કલમ ૬૫માં "કોઈ વન-અધિકારીએ" એ શબ્દો પછી "સબ ઈન્સ્પેકટરથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા જે કોઈ પોલીસ અધિકારીએ અથવા મહાલકારીથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા જે કોઈ મહેસૂલ અધિકારીએ" એ શબ્દો સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬ (આઈ) થી ઉમેરવામાં આવ્યા છે.*

**ક.૬૬. ગુનો થતો અટકાવવાની સત્તા**

*દરેક વન-અધિકારી અને પોલીસ અધિકારીએ વન-ગુનો થતો અટકાવવો જોઈશે અને તે થતો અટકાવવા દરમિયાનગીરી કરી શકશે.*

*(૨) કલમ ૬૬માં "વન-અધિકારી અને પોલીસ અધિકારીએ" એ શબ્દોને બદલે "દરેક વન-અધિકારી, પોલીસ અધિકારી અને મહેસૂલ અધિકારીએ" એ શબ્દો એજનની કલમ ૬ (જે)થી, મૂકવામાં આવ્યા છે.*

**ક. ૬૭. ગુનો સંક્ષિપ્ત રીતે ઇન્સાફ કરવાની સત્તા**

*જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા આ અર્થે રાજ્ય સરકારે જેને ખાસ અધિકાર આપ્યો હોય તેવા પહેલા વર્ગના મેજિસ્ટ્રેટ છ મહિના સુધીની કેદ અને પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને અથવા એ બંને શિક્ષાને પાત્ર વન ગુનાની "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮" હેઠળ સંક્ષિપ્ત રીતે ઈન્સાફી કાર્યવાહી કરી શકશે.*

**રાજ્ય સુધારો**

*કલમ ૬૭માં, "જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા આ અર્થ રાજ્ય સરકારે જેને ખાસ અધિકાર આપ્યો હોય તેવા પહેલા વર્ગના મેજિસ્ટ્રેટ" એ શબ્દોને બદલે, "હાઈકોર્ટ સાથે મસલત ચલાવીને રાજ્ય સરકારે આ અર્થે જેને ખાસ અધિકાર આપ્યો હોય તેવા પહેલા વર્ગના મેજિસ્ટ્રેટ" એ શબ્દો સન ૧૯૫૧ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ ૨ અને અનુસૂચિ ૪ ના ભાગ-૨ થી મૂકવામાં આવ્યા છે.*

**રાજ્ય સુધારો**

*૧. સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬(ક) થી, કલમ ૬૮ને બદલે નીચેની કલમ ૬૮ મૂકવામાં આવી છે.*

**ક. ૬૮. ગુનાની માંડવાળ કરવાની સત્તા**

*(૧) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી, વન અધિકારીને નીચેના અધિકાર આપી શકશેઃ*

*(ક) (A) કલમ ૬૨ અથવા કલમ ૬૩માં નિર્દિષ્ટ કરેલા ગુના સિવાયનો બીજો કોઈ વન સંબંધી ગુનો કર્યો હોવાનો વાજબી શક જેના ઉપર હોય તે વ્યક્તિ પાસેથી જે ગુનો કર્યાનો તેના ઉપર શક આવતો હોય તે ગુના બદલ વળતર તરીકે નાણાંની અથવા તેના સ્વવિવેકાનુસાર એવી નાણાંની રકમ ભરવા માટે લેખિત બાંયધરી સ્વીકારવાનો; અને*

*(ખ) (B) જપ્તીને પાત્ર હોય તેવી કોઈપણ મિલકત કબજે લેવાયેલ હોય ત્યારે તે અધિકારીએ તેની જે કિંમત ઠરાવી હોય તે કિંમત ભરવામાં આવે ત્યારે, અથવા તેના સ્વવિવેક*

અનુસાર, તેની કિંમત ભરવાની લેખિત બાંયધરી સ્વીકારવામાં આવે એટલે, તે મિલકત છૂટી કરવાનો.

(૨) યથાપ્રસંગ, આવી નાણાંની રકમ અથવા આવી ઠરાવેલી કિંમત અથવા બન્ને આવા અધિકારીને ભરવામાં આવે એટલે અથવા તે ભરી આપવાની લેખિત બાંયધરી આવો અધિકારી સ્વીકારે એટલે, શકદાર વ્યક્તિ કસ્ટડીમાં હોય તો, તેને મુક્ત કરવી જોઈશે અને કોઈ મિલકત કબજે લીધી હોય તો તેને છૂટી કરવી જોઈશે અને આવશ્યક હોય ત્યાં કલમ ૮૨ હેઠળની કાર્યવાહી સિવાયની આવી વ્યક્તિ કે મિલકત વિરુદ્ધ કોઈ કાર્યવાહી થઈ શકશે નહિ.

(૨) કલમ ૬૮ની પેટા-કલમ (૩)માં "અને ઓછામાં ઓછા સો રૂપિયાનો માસિક પગાર મેળવતા" એ શબ્દો કમી કરવામાં આવ્યા છે અને "પાંચસો રૂપિયાથી" શબ્દોને બદલે, "બે હજાર રૂપિયાથી" એ શબ્દો સન ૧૯૭૬ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ૩થી મૂકવામાં આવ્યા છે.

(૩) રેન્જરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના નહિ એવા અને ઓછામાં ઓછા સો રૂપિયાનો માસિક પગાર મેળવતા વન-અધિકારી સિવાયના કોઈ વન-અધિકારીને આ કલમ હેઠળ અધિકાર આપી શકાશે નહિ અને પેટા-કલમ (૧) ખંડ (ક) હેઠળ વળતર તરીકે સ્વીકારેલ નાણાંની રકમ, ક્યારેક પચાસ રૂપિયાથી વધારે હોવી જોઈશે નહિ.

(૩) કલમ ૬૮માં, પેટા-કલમ(૧) માં, ખંડ (ખ) માં, "સરકાર દાખલ થવાને પાત્ર હોય તેવી કોઈ મિલકત" એ શબ્દો પહેલાં,

"કલમ ૬૧-જને અધીન રહીને," એ શબ્દો આંકડા અને અક્ષર દાખલ કરવા.

(જુઓ સન ૧૯૮૩ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૧૦)

**ક.૬૯. વન-પેદાશ સરકારની માલિકીની માની લેવા બાબત**

આ અધિનિયમ હેઠળની કોઈ કાર્યવાહીમાં અથવા અધિનિયમ હેઠળ લીધેલાં પગલાંને પરિણામે, કોઈ વન-પેદાશ સરકારની મિલકત હોવા વિશે પ્રશ્ન ઊભો થાય ત્યારે, વિરુદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, તેને સરકારની મિલકત માની લેવી જોઈશે.

## પ્રકરણ-૧૦

## ઢોર-અપપ્રવેશ

**ક.૭૦. "ઢોર-અપપ્રવેશ અધિનિયમ, ૧૮૭૧" લાગુ પાડવા બાબત**

કોઈ આરક્ષિત બનાવેલ વન અથવા રક્ષિત વનનો કોઈ ભાગ ઢોર ચારવા માટે કાયદેસર રીતે બંધ કર્યો હોય ત્યારે, તેમાં અપપ્રવેશ કરનાર ઢોર, "ઢોર અપપ્રવેશ અધિનિયમ, ૧૮૭૧" ની કલમ-૧૧ના અર્થ પ્રમાણે જાહેર ઉદ્યાનમાં નુકસાન કરનાર ઢોર હોવાનું ગણાશે અને કોઈ વન-અધિકારી કે પોલીસ અધિકારી તેવા ઢોર તરીકે તેને પકડીને ડબામાં પુરાવી શકશે.

**ક.૭૧. તે અધિનિયમ હેઠળ ઠરાયેલા દંડમાં ફેરફાર કરવાની સત્તા**

*રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી એમ ફરમાવી શકશે કે - "ઢોર અપપ્રવેશ અધિનિયમ, ૧૮૭૧"ની કલમ ૧૨ હેઠળ ઠરાવેલા દંડને બદલે, આ અધિનિયમની કલમ ૭૦ હેઠળ ડબામાં પુરાયેલ દરેક ઢોર દીઠ પોતાને યોગ્ય લાગે તેટલો, પરંતુ નીચેની રકમ કરતાં વધારે ન હોય તે દંડ લેવામાં આવશે -*

| | |
|---|---|
| *દરેક હાથી દીઠ* | *....... દસ રૂપિયા* |
| *દરેક ભેંસ, પાડા કે ઊંટ દીઠ..* | *....... બે રૂપિયા* |
| *દરેક ઘોડા, ઘોડી, ખસી કરેલાં પ્રાણી ટટ્ટુ, વછેરા, વછેરી, ખચ્ચર, આખલા, બળદ, ગાય કે વાછરડી દીઠ....* | *....... એક રૂપિયો* |
| *દરેક વાછરડા, ગધેડા, ડુક્કર, મેઢી, ઘેટાં, ઘેટાંનાં બચ્ચાં, બકરા કે બકરીનાં બચ્ચાં માટે....* | *....... આઠ આના* |

**રાજ્ય સુધારા**

*કલમ ૭૧માં "આઠ આના" એ શબ્દોને બદલે "પચાસ નયા પૈસા" એ શબ્દો સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬(લ) થી મૂકવામાં આવ્યા છે.*

## પ્રકરણ-૧૧

## વન અધિકારીઓ બાબત

**ક. ૭૨. રાજ્ય સરકાર વન અધિકારીઓને કેટલીક સત્તા આપી શકશે.**

*(૧) રાજ્ય સરકાર વન-અધિકારીને નીચે જણાવેલી તમામ કે કોઈ સત્તા આપી શકશે:*

*(ક) (A) કોઈ જમીનમાં પ્રવેશવાની અને તે જમીનના સરવે, સીમાંકન અને નકશો કરવાની સત્તા;*

*(ખ) (B) સાક્ષીઓને હાજર થવાની અને દસ્તાવેજો તથા મુદ્દાની વસ્તુઓ રજૂ કરવાની ફરજ પાડવાની દીવાની કોર્ટની સત્તા;*

*(ગ) (C) "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮" હેઠળ ઝડતીનું વોરંટ કાઢવાની સત્તા; અને*

*(ઘ) (D) વન-ગુનાની તપાસ કરવાની અને તે તપાસ દરમિયાન પુરાવા લેવા તથા નોંધવાની સત્તા;*

*(૨) પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) હેઠળ નોંધાયેલ પુરાવા આરોપીના લીધેલા હશે તો તે ત્યાર પછીની મેજિસ્ટ્રેટ સમક્ષની કોઈ ઈન્સાફી કાર્યવાહીમાં ગ્રાહ્ય થશે.*

**ક. ૭૩. વન અધિકારીઓ રાજ્ય સેવકો ગણાશે**

*તમામ વન અધિકારી "ભારતના ફોજદારી અધિનિયમ", ના અર્થ મુજબ રાજ્ય સેવકો ગણાશે.*

**ક. ૭૪. શુદ્ધબુદ્ધિથી કરેલાં કાર્યો માટે રક્ષણ**

*કોઈ રાજ્ય સેવકે આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલાં કોઈ કાર્ય માટે તેની સામે દાવો થઈ શકશે નહિ.*

**ક. ૭૫. વન અધિકારીઓને વેપાર કરવાની મના**

*રાજ્ય સરકાર લિખિત પરવાનગી સિવાય, કોઈ વન-અધિકારીથી માલિક કે એજન્ટ તરીકે ઈમારતી લાકડાંનો કે બીજી વન પેદાશનો વેપાર કરી શકશે નહિ અથવા આ અધિનિયમ લાગુ પડતો હોય તે કે તેની બહારના કોઈ રાજ્યક્ષેત્રોમાં વનના કોઈ પટામાં કે કોઈ વન કામ કરવાના કરારમાં હિત રાખી શકશે નહિ કે હિતાધિકારી થઈ શકશે નહિ.*

## પ્રકરણ-૧૨

## પેટા-નિયમો

**ક. ૭૬. નિયમો કરવાની વધારાની સત્તા**

*રાજ્ય સરકારની નીચેની બાબતો માટે નિયમો કરી શકશે -*

*(ક)* (A) *આ અધિનિયમ હેઠળ વન-અધિકારીની સત્તા અને ફરજો ઠરાવવા અને મર્યાદિત કરવા બાબત;*

*(ખ)* (B) *આ અધિનિયમ હેઠળના દંડ તથા જપ્તીની આવકમાંથી અધિકારીઓ અને બાતમીદારોને આપવાના ઈનામો બાબત;*

*(ગ)* (C) *ખાનગી વ્યક્તિઓની માલિકીની અથવા તેમના કબજામાંની જમીન ઉપર ઉગાડેલાં સરકારી માલિકીનાં ઝાડ અને ઈમારતી લાકડાના સાચવણી, પુનરુત્પાદન અને નિકાલ બાબત; અને*

*(ઘ)* (D) *સામાન્ય રીતે આ અધિનિયમની જોગવાઈઓ સિદ્ધ કરવા બાબત.*

**ક. ૭૭. નિયમોના ભંગ માટે શિક્ષા**

*આ અધિનિયમ હેઠળના જે નિયમના ઉલ્લંઘન માટે અધિનિયમમાં શિક્ષાની ખાસ જોગવાઈ ન હોય તેનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ એક મહિના સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને, અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.*

**ક. ૭૮. ક્યારે નિયમો કાયદા તરીકે અમલી બનશે**

*આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે કરેલા તમામ નિયમો, રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવા જોઈએ અને તેમ થયે આ અધિનિયમ સાથે સુસંગત હોય તેટલા પ્રમાણમાં તેમાં સમાવિષ્ટ હોય તેમ અમલી બનશે.*

**રાજ્ય સુધારા**

*સન ૧૯૬૦ ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬(મ) થી કલમ ૭૮ ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવામાં આવ્યો છે અને તે પછી નીચેની પેટા-કલમ (૨) ઉમેરવામાં આવી છે.*

*"(૨) આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ ઓછામાં ઓછા ત્રીસ દિવસ માટે રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે બેઠકમાં તે નિયમો એ રીતે મુકાય તેમાં અથવા ત્યાર પછીની બેઠકમાં વિધાનમંડળ તેમાંથી જે કાંઈ રદ કરે અથવા તેમાં જે કાંઈ ફેરફાર કરે તેને તે આધીન રહેશે."*

## પ્રકરણ-૧૩

## પ્રકીર્ણ

**ક.૭૯. વન અધિકારીઓ તથા પોલીસ અધિકારીઓને મદદ કરવાને બંધાયેલ વ્યક્તિઓ**

*(૧) આરક્ષિત બનાવેલ કે રક્ષિત વનમાં કોઈ હક ભોગવનાર અથવા એવા વનમાંથી વનની કંઈ પણ પેદાશ લઈ જવાની અથવા ઈમારતી લાકડું કાપવાની અને ખસેડવાની અથવા ઢોર ચરાવવાની છૂટ ધરાવનાર વ્યક્તિ તેમજ તેણે એ વનમાં નોકરીએ રાખેલ દરેક વ્યક્તિ; અને આવા વનની લગોલગ આવેલા કોઈ ગામમાં નોકરીએ રાખેલા અથવા લોકોની સેવા બજાવવા માટે સરકાર તરફથી મળતર મેળવનાર દરેક વ્યક્તિ;*

*કોઈ વન-ગુનો થયાની કે કરવાના ઈરાદાથી પોતાની પાસેથી માહિતી બિનજરૂરી વિલંબ વિના સૌથી નજીકના વન-અધિકારી કે પોલીસ અધિકારીને આપવાને બંધાયેલ રહેશે અને વન-અધિકારીઓ કે પોલીસ અધિકારીએ તેમ કરવા ફરમાવ્યું હોય કે ન હોય તો પણ નીચે જણાવેલાં કામો માટે તેણે તરત પગલાં લેવાં જોઈશે;*

*(ક)* (A) *પેટા-કલમ (૧) અનુસાર પૂરી પાડવા યોગ્ય માહિતી સૌથી નજીકના વન-અધિકારી અથવા પોલીસ અધિકારીને બિનજરૂરી વિલંબ વિના પૂરી પાડવા;*

*(ખ)* (B) *કોઈ અનામત કે રક્ષિત વનમાં કોઈ દાવાનળ માટે પેટા-કલમ (૧) અનુસાર લેવા યોગ્ય પગલાં લેવાં;*

*(ગ)* (C) *વનની આસપાસની કોઈ આગને પેટાકલમ(૧) અનુસાર વનમાં ફેલાતી અટકાવવા; અથવા*

*(ઘ)* (D) *એ વનમાં કોઈ વન-ગુનો અટકાવવામાં અથવા એવા વનમાં એવો કોઈ ગુનો કરવામાં આવ્યો છે એમ માનવાને કારણ હોય ત્યારે ગુનેગાર શોધી કાઢવામાં તથા તેને પકડવામાં વન અધિકારી અથવા પોલીસ અધિકારી તેની મદદ માગે તો તે આપવા.*

**ક.૮૦. સરકારની તથા અન્ય વ્યક્તિઓની મજમુ મિલકત હોય તેવા વનનો વહીવટ**

*(૧) કોઈ વન કે પડતર જમીનમાં અથવા તેની તમામ પેદાશ કે તેના કોઈ ભાગમાં સરકાર તથા કોઈ વ્યક્તિનું મજમુ હિત હોય તો, રાજ્ય સરકાર -*

(ક) (A) એ વનનો, પડતર જમીનનો કે પેદાશનો વહીવટ પોતે લઈ શકશે અને તેમાંના એ વ્યક્તિના હિત બાબત તેને હિસાબ આપી શકશે;

(ખ) (B) એવું મજમુ હિત ધરાવનાર વ્યક્તિ તે વન, પડતર જમીન કે પેદાશનો વહીવટ કરે તે માટે અને તેમાંના તમામ પક્ષકારોના હિત માટે પોતાને જરૂરી લાગે તેવા વિનિયમો ઘડી શકશે.

(૨) રાજ્ય સરકાર પેટાકલમ (૧) ના ખંડ (ક) હેઠળ કોઈ વન, પડતર જમીન કે પેદાશનો વહીવટ પોતે સંભાળે ત્યારે તે રાજપત્રમાં જાહેરનામું એવું જાહેર કરી શકશે કે પ્રકરણ-૨ તથા ૪ માંની કોઈ જોગવાઈ એવા વન, પડતર, જમીન કે પેદાશને લાગુ પડશે અને તેમ થયે એ જોગવાઈઓ તે અનુસાર લાગુ પડશે.

**રાજ્ય સુધારા**

સન ૧૯૫૫ના મુંબઈના ૨૪મા અધિનિયમની કલમ ૬ થી સને ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમો ૩, ૪(૨) થી કલમ ૮૦ પછી, નીચેની કલમ ૮૦-ક દાખલ કરવામાં આવી છે:

“ક. ૮૦-ક. (A) આ અધિનિયમની જોગવાઈઓ સરકાર અથવા સ્થાનિક સત્તામંડળની અમુક જમીનને લાગુ પડવાની સરકારની સત્તા.

રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી એમ જાહેર કરી શકશે કે આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓ, કે નહેરો રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળની મિલકત હોય તે નહેરોના કાંઠા ઉપરની અથવા જે રસ્તા રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળની મિલકત હોય તે રસ્તાની બાજુ ઉપરની તમામ અથવા કોઈપણ જમીનને લાગુ પડશે અને તેમ થયે આવી જોગવાઈઓ આવી જમીનને તદનુસાર લાગુ પડશે.”

**ક. ૮૧. જે બજાવવા માટે સરકારી વનની પેદાશનો ભોગ ભોગવવા મળતો હોય તે નોકરીમાં ચૂક કરવા બાબત**

જે વન સરકારની મિલકત હોય અથવા જેની પર સરકારનો માલિકીહક હોય અથવા જેની પેદાશના કોઈ ભાગ ઉપર સરકારનો હક હોય, તેની પેદાશના કોઈ ભાગ ઉપર કોઈ વ્યક્તિને એ સંબંધી નોકરી યોગ્ય રીતે કરવાની શરતે હક હોય તો, એવી નોકરી પ્રમાણે તે સમયે બજાવવામાં આવતી ન હોવાની હકીકત રાજ્ય સરકારની ખાતરી થાય એ રીતે સાબિત થાય તો એ ભાગ સરકાર દાખલ થવાને પાત્ર થશે;

પરંતુ આવી નોકરી યોગ્ય રીતે બજાવ્યાની સાબિતી માટે એ ભાગ પર હકદાર વ્યક્તિની અને તે જો કાંઈ પુરાવા રજૂ કરે તો તેની, રાજ્ય સરકારે આ માટે યોગ્ય રીતે નીમેલા અધિકારીએ સુનાવણી કરી ન હોય ત્યાં સુધી, એ ભાગ સરકાર દાખલ કરી શકશે નહિ.

**ક. ૮૨. સરકારનાં લેણાં વસૂલ કરવા બાબત**

આ અધિનિયમ હેઠળ કે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમ હેઠળ અથવા કોઈ વન-પેદાશની કિંમત કે આવી પેદાશ માટે આ અધિનિયમનો અમલ કરવામાં થયેલા ખર્ચ બદલ સરકારને ભરવાનાં તમામ નાણાં લેણાં થયે ભરવામાં ન આવે તો તે જમીન મહેસૂલની બાકી હોય તે રીતે તે સમયે અમલમાં

*હોય તે કાયદા હેઠળ વસૂલ કરી શકાશે જ્યારે વન-અધિકારી સમક્ષ અન્ડર ટેકિંગ લેવામાં આવ્યું હોય અને તેનો અમલ કરવામાં ન આવે તો તે માટે દીવાની કે ફોજદારી કાર્યવાહી થઈ ન શકે પરંતુ જમીન મહેસૂલ રાહે જ વસૂલ કરી શકાય.*

*(ધી સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. કિશન રુયાજી ધટલ, ૧૯૭૮ ક્રિમિનલ લો રિપોર્ટર (ગુજરાત પા. નં. ૨૬૫))*

**રાજ્ય સુધારા**

*સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમન કલમ ૬(ન) થી કલમ ૮૨માં "પેદાશ માટે" એ શબ્દો પછી અથવા કલમ ૬૮ હેઠળ "આપવાનું કબૂલ કરેલ વળતર અથવા મિલકતની કિંમતને કારણે" એ શબ્દો મૂકવામાં આવ્યા છે.*

**ક. ૮૩. આવાં નાણાં માટે વન-પેદાશ ઉપર ધારણાધિકાર બાબત**

*(૧) કોઈ વન પેદાશ માટે અથવા એના સંબંધમાં આવાં કોઈ નાણાં ભરવાનાં હોય ત્યારે, તેની રકમ આવી પેદાશ ઉપરનો પ્રથમ બોજો ગણાશે અને તે રકમ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી, એવી પેદાશ વન-અધિકારી કબજે લઈ શકશે.*

*(૨) એવી રકમ લેણી થાય ત્યારે ભરવામાં ન આવે તો; વન-અધિકારી આવી પેદાશ જાહેર હરાજીથી વેચી શકશે અને વેચાણની આવક સર્વપ્રથમ આ રકમ ભરપાઈ કરવામાં વાપરવી જોઈશે.*

*(૩) તેમ કરતાં કોઈ રકમ વધે તો તે માટે હકદાર વ્યક્તિ વેચાણની તારીખથી તે મહિનાની અંદર તેની માગણી ન કરે તો તે સરકાર-દાખલ થશે.*

**ક. ૮૪. આ અધિનિયમ હેઠળ જોઈતી જમીન, "જમીન સંપાદન અધિનિયમ, ૧૯૮૪" હેઠળ જાહેર હેતુ માટે જરૂરી હોવાનું ગણવા બાબત**

*આ અધિનિયમના કોઈ હેતુ માટે કોઈ જમીન જોઈતી હોવાનું રાજ્ય સરકારને જણાય ત્યારે, એ જમીન, "જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪" ની કલમ ૪ ના અર્થ મુજબ જાહેર હેતુ માટે જરૂરી હોવાનું ગણાશે.*

**ક. ૮૫. મુચરકા હેઠળ લેણી થતી દંડની રકમ વસૂલ કરવા બાબત**

*કોઈ વ્યક્તિ આ અધિનિયમની કોઈ જોગવાઈ અનુસાર કે હેઠળ કરેલા કોઈ નિયમનું પાલન કરવા માટે કોઈ ફરજ કે કાર્ય બજાવવા મુચરકા કે લેખથી બંધાય અથવા અમુક કાર્ય તે પોતે અથવા તે પોતે તથા તેના નોકરો અને એજન્ટો નહિ કરે એવો કોઈ મુચરકો કે લેખથી કરાર કરે, ત્યારે મુચરકા કે લેખની શરતોનો ભંગ કરવા માટે ભરવાની રકમ તરીકે જણાવેલી આખીયે રકમ, એવો ભંગ થાય ત્યારે "ભારત કરાર અધિનિયમ, ૧૯૭૨" ની કલમ ૭૪માં ગમે તે મજકૂર હોય તે છતાં, જમીન મહેસૂલની બાકી હોય એમ તેની પાસેથી વસૂલ કરી શકાશે.*

**રાજ્ય સુધારા**

*(૧) સન ૧૯૫૬ના મુંબઈના ૧૦મા અધિનિયમની કલમ ૨થી કલમ ૮૫ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવામાં આવ્યો છે અને એવી રીતે નંબર આપેલી પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ (૨) ઉમેરવામાં આવી છે.*

*"(૨) (ક)* (A) *આવા ખત અથવા લેખની શરતોમાંની કોઈ પણ શરતનો ભંગ થયો છે કે કેમ તે બાબત,*

*(ખ)* (B) *આવો ભંગ થવા માટે આપવાની રકમ બાબત,*

*(ગ)* (C) *આવી રકમ આપવાને જવાબદાર હોય તેવી વ્યક્તિ અથવા તેવી વ્યક્તિઓ બાબત,*

*કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રશ્ન રાજ્ય સરકારે આ અધિકૃત કરેલા પેટા-વિભાગીય વન-અધિકારીના હોદ્દા કરતાં ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને મોકલવો જોઈશે અને તેણે સંબંધિત વ્યક્તિને નોટિસ આપ્યા પછી તેના વાંધા (કોઈ હોય તો તે) ઉપર વિચારણા કર્યા પછી તે પ્રશ્નનો નિર્ણય કરવો જોઈશે. આવા અધિકારીના નિર્ણયથી નારાજ થયેલી વ્યક્તિ આવા નિર્ણયની તારીખથી સાઠ દિવસની મુદતમાં રાજ્ય સરકારને અથવા રાજ્ય સરકાર આ માટે નીમે તેવા બીજા અપીલ સત્તાધિકારીને અપીલ કરી શકશે. આવા અધિકારીનો નિર્ણય અપીલ સત્તાધિકારીની અપીલને અધીન રહેશે અને આવી અપીલ પર અપીલ સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે."*

*(૨) પેટા-કલમ (૨)માં, "વિભાગીય વન-અધિકારી" એ શબ્દોને બદલે, "પેટા-વિભાગીય વન અધિકારી" એ શબ્દો સન ૧૯૫૭ના મુંબઈના ૨૬મા અધિનિયમની કલમ ૨થી મૂકવામાં આવ્યો છે.*

**ક. ૮૫-ક (A) કેન્દ્ર સરકારના હક્કો માટે અપવાદ**

*કોઈ રાજ્ય સરકારને, તે રાજ્યમાં નિહિત ન થયેલી કોઈ મિલકત સંબંધમાં કોઈ હુકમ કરવાનો અથવા કંઈ પણ કરવાનો અથવા સંબંધિત સરકારની સંમતિ વિના કેન્દ્ર સરકાર કે બીજી કોઈ રાજ્ય સરકારના હકોને અન્ય રીતે પ્રતિકૂળ અસર થાય તેમ કરવાનો, આ અધિનિયમના કોઈ મજકૂરથી અધિકાર મળશે નહિ.*

**ક.૮૬. રદ કરવા બાબત**

*"કાયદા રદ કરવા અને સુધારવા બાબતના અધિનિયમ, ૧૯૪૮" (સન ૧૯૪૮ના ૨ જા) ની કલમ ૨ અને અનુસૂચિથી રદ થઈ.*

**અનુસૂચિ -**

*અધિનિયમો રદ કરવા બાબત- "કાયદા રદ કરવા અને સુધારવા બાબતના અધિનિયમ, ૧૯૪૮" (સન ૧૯૪૮ના ૨ જા) ની કલમ ૨ અને અનુસૂચિથી રદ થઈ.*

• • •

# ઢોર અપપ્રવેશ અધિનિયમ, ૧૮૭૧

## (સન ૧૮૭૧નો ૧લો)

(૧૩મી જાન્યુઆરી, ૧૮૭૧:)

**ઢોરના અપપ્રવેશ સંબંધી કાયદો એકત્ર કરવા અને સુધારવા માટે અધિનિયમ.**

*ઢોરના અપપ્રવેશ સંબંધી કાયદો એકત્ર કરવાનું અને સુધારવાનું ઈષ્ટ છે. તેથી નીચે પ્રમાણે અધિનિયમ કરવામાં આવે છે :-*

### પ્રકરણ ૧

### પ્રારંભિક

**૧. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ**

*(૧) આ અધિનિયમ "ઢોર અપપ્રવેશ અધિનિયમ, ૧૮૭૧" કહેવાશે; અને*

*(૨) સન ૧૯૫૬ના નવેમ્બર મહિનાની ૧લી તારીખની તરત પહેલાં ભોગ "ખ" રાજ્યોમાં સમાવિષ્ટ હોય તે રાજ્યક્ષેત્રો સિવાયના અને પ્રેસિડેન્સી શહેરો અને રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને આ અધિનિયમના અમલમાંથી વખતોવખત બાકાત રાખે તે સ્થાનિક વિસ્તારો સિવાયના સમગ્ર ભારતને તે લાગુ પડે છે.*

૨. - * * * *

**૩. અર્થઘટન ખંડ**

*આ અધિનિયમમાં -*

*"પોલીસ અધિકારી"માં ગ્રામ ચોકીદારનો પણ સમાવેશ થાય છે. અને "ઢોર" માં હાથીઓ, ઊંટો, ભેંસ તથા પાડાં, ઘોડા, ઘોડીઓ, ખસી કરેલાં પશુઓ, ટટ્ટુઓ, વછેરાં, વછેરીઓ, ખચ્ચરો, ગધેડાં, ડુક્કરો, મેઢાં, મેઢીઓ, ઘેટાં, ઘેટાંનાં બચ્ચાં, બકરાં અને બકરીનાં બચ્ચાંનો સમાવેશ થાય છે, અને*

*"સ્થાનિક સત્તામંડળ" એટલે કોઈ નિર્દિષ્ટ સ્થાનિક વિસ્તારની અંદર તે સમયે કાયદાથી જેને કોઈ બાબતોનાં નિયંત્રણ અને વહીવટ સોંપવામાં આવેલ હોય તેવું વ્યક્તિઓનું મંડળ; અને*

*"લોકલ ફંડ" એટલે કોઈ સ્થાનિક સત્તામંડળના નિયંત્રણ અથવા વહીવટ હેઠળનું ભંડોળ.*

## પ્રકરણ ૨

## ઢોરના ડબા અને ડબાના રખેવાળો

**૪. ઢોરના ડબા સ્થાપવા બાબત**

*રાજ્ય સરકારના સામાન્ય નિયંત્રણને અધીન રહીને, જિલ્લા મેજિસ્ટ્રેટ, વખતોવખત ફરમાવે તે સ્થળોએ ઢોરના ડબાની સ્થાપના કરવામાં આવશે.*

*ક્યા ગામે ક્યા ડબાનો ઉપયોગ કરવો તે જિલ્લા મેજિસ્ટ્રેટ નક્કી કરશે.*

**૫. ઢોરના ડબાનું નિયંત્રણ.**

**ડબામાં પૂરેલાં ઢોરને ચારો નીરવાના ખર્ચના દર.**

*ઢોરનો ડબો જિલ્લા મેજિસ્ટ્રેટ નિયંત્રણ હેઠળ રહેશે; અને તેઓ ડબામાં પૂરેલાં ઢોરોને ચારો નીરવાના અને પાણી પાવાના ખર્ચના દર નક્કી કરશે અને તેમાં વખતોવખત ફેરફાર કરી શકશે.*

**૬. ઢોરના ડબાનાં રખેવાળોની નિમણૂક :**

*ઢોરના દરેક ડબા માટે રાજ્ય સરકાર એક રખેવાળ નીમશે.*

*ઢોરના ડબાના રખેવાળ સાથોસાથ સરકાર હેઠળનો કોઈ બીજો હોદ્દો ધરાવી શકશે.*

*ઢોરના ડબાનો દરેક રખેવાળ ભારતના ફોજદારી અધિનિયમના અર્થ મુજબ રાજ્ય-સેવક ગણાશે.*

## ઢોરના ડબાના રખેવાળોની ફરજો

**૭. રજિસ્ટરો રાખવા અને પત્રકો પૂરાં પાડવા બાબત**

*ઢોરના ડબાના દરેક રખેવાળે, રાજ્ય સરકાર વખતોવખત આદેશ કરે તેવાં રજિસ્ટરો રાખવાં જોઈશે અને એવાં પત્રકો મોકલવાં જોઈશે.*

**૮. પકડેલાં ઢોરો નોંધવા બાબત**

*ડબામાં પૂરવા માટે ઢોરને લાવવામાં આવે, ત્યારે ડબાના રખેવાળે પોતાના રજિસ્ટરમાં -*

*(ક) પશુઓની સંખ્યા અને વિગતની,*

*(ખ) તેને લાવવામાં આવ્યાં તેના દિવસ અને સમયની,*

*(ગ) ઢોર પકડી લાવનારનાં નામ અને રહેઠાણની, અને*

*(ઘ) જાણવામાં આવે તો, માલિકનાં નામ અને રહેઠાણની,*

*નોંધ કરવી જોઈશે અને તેની એક નકલ ઢોર પકડી લાવનારને અથવા તેના એજન્ટને આપવી જોઈશે.*

**૯. ઢોર હવાલે લેવા અને તેમને ચારો નીરવા બાબત**

*ઢોરના ડબામાં રખેવાળે ઢોર પોતાના હવાલામાં લેવાં જોઈશે અને આ અધિનિયમમાં હવે પછી આદેશ આપ્યા પ્રમાણે તેમનો નિકાલ ન થાય ત્યાં સુધી, તેમને ચારો અને પાણી આપવાં જોઈશે.*

## પ્રકરણ ૩

## ઢોરને ડબામાં પૂરવા બાબત

**૧૦. જમીનને નુકસાન પહોંચાડનારાં ઢોર**

*જમીન ખેડનાર અથવા તેનો ભોગવટો કરનાર અથવા જમીન ઉપર પાકનું વાવેતર કરવા અથવા તેની ઊપજ લેવા નાણાં ધીરનાર વ્યક્તિ, અથવા એવો પાક અથવા ઊપજ અથવા તેના કોઈ ભાગ ખરીદનાર અથવા ગીરો રાખનાર,*

*એ જમીન ઉપર અપપ્રવેશ કરીને તેને અથવા તે ઉપરના કોઈ પાકને અથવા ઊપજને નુકસાન પહોંચાડનારાં ઢોરને પકડી અથવા પકડાવી શકશે અને જે ગામમાં તે જમીન આવેલી હોય તે ગામ માટે સ્થાપેલા ઢોરના ડબામાં ચોવીસ કલાકની અંદર તેને મોકલી અથવા મોકલાવી શકશે.*

**(ક) ઢોર પકડવામાં પોલીસે મદદ કરવા બાબત**

*ઢોર પકડવામાં સામનો થતો અટકાવવા માટે અને (ખ) ઢોર પકડનાર વ્યક્તિઓ પાસેથી તેને છોડાવી લઈ જવાતાં અટકાવવા માટે માંગવામાં આવે, ત્યારે તમામ પોલીસ અધિકારીઓએ મદદ કરવી જોઈશે.*

**૧૧. જાહેર રસ્તા, નહેરો અને બંધ-પાળાને નુકસાન પહોંચાડનારાં ઢોર**

*જાહેર રસ્તા, આનંદપ્રમોદની જગાઓ, બગીચા, નહેરો, કાંસ, બંધ-પાળા અને એવાં બીજાં સ્થળોની સંભાળ રાખનાર વ્યક્તિઓ અને પોલીસ અધિકારીઓ એવા રસ્તા, જગાઓ, બગીચા, નહેરો, કાંસ, બંધપાળા અને એવાં બીજાં સ્થળોને અથવા એવા રસ્તા, નહેરો, કાંસ અથવા બંધપાળાની બાજુઓને અથવા તેના ઢોળાવને નુકસાન પહોંચાડતાં અથવા તે ઉપર રખડતાં જણાઈ એવાં ઢોરને પકડી અથવા પકડાવી શકશે.*

*અને નજીકમાં નજીકના ઢોરના ડબામાં ચોવીસ કલાકની અંદર તેમને મોકલશે અથવા મોકલાવશે.*

**૧૨. ડબામાં પૂરેલ ઢોર માટે દંડ**

*ઉપર પ્રમાણે ડબામાં પૂરેલા દરેક ઢોર માટે ડબાનો રખેવાળ, રાજ્ય સરકારે આ માટે રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને તે સમયે ઠરાવેલ, હોય તેવા દર અનુસાર દંડ લેશે. જુદા જુદા સ્થાનિક વિસ્તારો માટે જુદા જુદા દરો ઠરાવી શકાશે.*

*એ રીતે લીધેલા તમામ દંડ રાજ્ય સરકાર આદેશ કરે તે અધિકારીઓ મારફત જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલવા જોઈશે.*

## દંડની અને ચારો નીરવા માટેના ચાર્જની યાદી

*દંડની અને ઢોરને ચારો અને પાણી આપવાના ચાર્જના દરોની યાદી, દરેક ઢોરના ડબા ઉપર અથવા તેની નજીકમાં સહેલાઈથી દેખાઈ આવે એવા સ્થળે ચોંટાડવી જોઈશે.*

## પ્રકરણ ૪

## ઢોર સોંપી દેવા અથવા તેમનું વેચાણ કરવા બાબત

**૧૩. માલિક ઢોર અંગે દાવો કરે અને દંડ અને ચાર્જ ચૂકવે ત્યારે અનુસરવાની કાર્યરીતિ**

*ડબામાં પૂરેલાં ઢોરનો માલિક અથવા તેનો એજન્ટ હાજર થઈને ઢોર અંગે દાવો કરે, તો ડબાના રખેવાળે એ ઢોર અંગે થયેલો દંડ અને ચાર્જ ભરી દેવામાં આવે એટલે તેને ઢોર સોંપી દેવાં જોઈશે.*

*માલિક અથવા તેના એજન્ટે, ઢોર પાછાં લેતી વખતે, ડબાના રખેવાળે રાખેલા રજિસ્ટરમાં ઢોર પાછાં મળ્યાની પહોંચ ઉપર સહી કરી આપવી જોઈશે.*

**૧૪. એક અઠવાડિયાની અંદર ઢોર અંગે દાવો કરવામાં ન આવે તો અનુસરવાની કાર્યરીતિ.**

*ઢોરને ડબામાં પૂર્યાની તારીખથી સાત દિવસની અંદર ઢોર અંગે દાવો કરવામાં ન આવે તો, ડબાવાળાએ સૌથી નજીકના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને અથવા જિલ્લા મેજિસ્ટ્રેટ આ માટે નીમે તેવા બીજા અધિકારીને તે બાબતની જાણ કરવી જોઈશે.*

*તેમ થયે, તે અધિકારીએ પોતાની કચેરીના સહેલાઈથી દેખાઈ આવે એવા ભાગમાં નીચેની વિગતો જણાવતી નોટિસ ચોંટાડવી જોઈશે -*

*(ક) ઢોરની સંખ્યા અને વિગત*

*(ખ) જ્યાંથી તેમને પકડ્યાં હોય તે સ્થળ*

*(ગ) તેમને ડબામાં પૂર્યાં હોય તે સ્થળ.*

*અને તે ગામમાં અને ઢોર પકડ્યાના સ્થળથી નજીકમાં નજીકના બજારના સ્થળે દાંડી પિટાવીને તે બાબતની જાહેરાત કરાવવી જોઈશે.*

*નોટિસની તારીખથી સાત દિવસની અંદર ઢોર અંગે દાવો કરવામાં ન આવે તો, સદરહુ અધિકારી અથવા આ કામ માટે મોકલેલા તેના મહેકમ ઉપરના કોઈ અધિકારી, જિલ્લા મેજિસ્ટ્રેટ વખતોવખત સામાન્ય અથવા ખાસ હુકમ કરીને આદેશ કરે તે સ્થળે અને સમયે અને તે શરતોને અધીન રહીને તે ઢોર જાહેર લિલામથી વેચી નાંખશે:*

*પરંતુ જિલ્લા મેજિસ્ટ્રેટના અભિપ્રાય મુજબ ઉપર જણાવ્યા પ્રમાણે વેચવાથી એવાં ઢોરની વાજબી કિંમત ઊપજવાનો સંભવ ન હોય તો તેઓ તે ઢોરનો પોતાને વાજબી લાગે તે રીતે નિકાલ કરી શકશે.*

**૧૫. ઢોર પકડવાની કાયદેસરતા અંગે તકરાર ઉઠાવનાર, પણ અનામત મૂકનાર માલિકને ઢોર સોંપવા બાબત :**

*માલિક અથવા તેનો એજન્ટ હાજર થાય અને ઢોર પકડવાનું કૃત્ય ગેરકાયદેસર છે અને માલિક કલમ ૨૦ હેઠળ ફરિયાદ કરવાનો છે તે કારણે સદરહુ દંડ અને ખર્ચ ચૂકવવાની ના પાડે તો ઢોર અંગે થયેલો દંડ અને ખર્ચ અનામત મૂકવામાં આવે એટલે તેને ઢોર સોંપી દેવાં જોઈશે.*

**૧૬. માલિક દંડ અથવા ખર્ચ ચૂકવવાની ના પાડે અથવા ચૂકવે નહિ ત્યારે અનુસરવાની કાર્યરીતિ :**

*માલિક અથવા તેનો એજન્ટ હાજર થાય અને સદરહુ દંડ અને ખર્ચ ચૂકવવાની અથવા (કલમ ૧૫માં જણાવેલ દાખલામાં) તે અનામત મૂકવાની ના પાડે અથવા એમ ન કરે તો તે અધિકારી સદરહુ ઢોર અથવા તેમાંથી જરૂરી હોય તેટલાં ઢોર કલમ ૧૪માં ઉલ્લેખ્યા પ્રમાણેનાં સ્થળે અને સમયે અને એવી શરતોને અધીન રહીને જાહેર લિલામથી વેચી નાંખશે.*

**દંડ અને ખર્ચ કાપી લેવા બાબત :**

*વેચાણની ઊપજમાંથી લેવાનો દંડ અને ચારો અને પાણી આપવાનું ખર્ચ તેમજ વેચાણ અંગે કંઈ ખર્ચ થયું હોય તો તે કાપી લેવામાં આવશે.*

**નહિ વેચેલાં ઢોર અને ઊપજની બાકી રકમ સોંપી દેવા બાબત :**

*બાકીનાં ઢોર અને વેચાણના અવેજની કંઈ બાકી રકમ હોય તો તે, નીચેની વિગતો દર્શાવતા હિસાબ સાથે માલિકને અથવા તેના એજન્ટને સોંપી દેવાં જોઈશે -*

*(ક) પકડેલાં ઢોરની સંખ્યા,*

*(ખ) તેમને ડબામાં પૂરી રાખવામાં આવ્યાં તે સમય.*

*(ગ) દંડની અને ખર્ચની થયેલ રકમ,*

*(ઘ) વેચેલાં ઢોરની સંખ્યા,*

*(ચ) વેચાણની ઊપજ, અને*

*(છ) તે ઊપજના નિકાલની રીત*

**પહોંચ :**

*એ હિસાબ અનુસાર પોતાને સોંપી દેવામાં આવેલ ઢોર માટે અથવા પોતાને વેચાણના અવેજની કંઈ બાકી રકમ ચૂકવવામાં આવેલ હોય તો તે માટે માલિકે અથવા તેના એજન્ટે પહોંચ લખી આપવી જોઈશે.*

**૧૭. દંડનો, ખર્ચનો અને વેચાણની ઊપજના વધારાનો નિકાલ :**

*જે અધિકારીએ વેચાણ કર્યું હોય તેણે કાપી લીધેલો દંડ જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલવો જોઈશે*

*કલમ ૧૬ હેઠળ કાપી લીધેલ ચારો અને પાણી આપવાનો ખર્ચ ડબાના રખેવાળને ચૂકવી દેવો જોઈશે, ડબાનો રખેવાળ, કલમ ૧૩ હેઠળ એવા ખર્ચ ખાતે પોતાને મળેલી તમામ રકમો પણ રાખશે અને તેનો વિનિયોગ કરશે.*

*જેને માટે દાવો કરવામાં આવેલ ન હોય એવી ઢોરના વેચાણની વધારાની ઊપજ, જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલવી જોઈશે, જિલ્લા મેજિસ્ટ્રેટ તે રકમ ત્રણ મહિના સુધી અનામત તરીકે રાખશે, અને તે મુદતની અંદર તેના અંગે કોઈ દાવો કરીને સાબિત કરવામાં ન આવે તો, તે મુદત પૂરી થયે, તે રકમ રાજ્યની મહેસૂલી આવકના ભાગ તરીકે તે ધરાવે છે એમ ગણાશે.*

**૧૮** * * * * *

**૧૯. અધિનિયમ હેઠળનાં વેચાણો વખતે અધિકારીઓ અને ઢોરના ડબાના રખેવાળોથી ઢોર ખરીદી શકાશે નહિ**

*કોઈ પોલીસ અધિકારીથી અથવા આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ નીમેલા કોઈ બીજા અધિકારીથી અથવા ઢોરના ડબાના રખેવાળથી આ અધિનિયમ હેઠળના વેચાણ વખતે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઈ ઢોર ખરીદી શકાશે નહિ.*

**ઢોરના ડબાના રખેવાળોએ ડબામાં પૂરેલાં ઢોર ક્યારે ન છોડી મૂકવાં :**

*ડબામાં પૂરેલાં ઢોરને છોડી મૂકવાનો અથવા સોંપી દેવાનો હુકમ મેજિસ્ટ્રેટે અથવા દીવાની કોર્ટે કર્યો ન હોય તો, આ પ્રકરણના આગલા ભાગ અનુસાર હોય તે સિવાય ઢોરના ડબાના રખેવાળથી એવાં ઢોર છોડી મુકાશે નહિ અથવા સોંપી દઈ શકાશે નહિ.*

## પ્રકરણ ૫

## ઢોરને ગેરકાયદેસર પકડ્યા અથવા અટકાવી રાખ્યા બાબતની ફરિયાદો

**૨૦. ફરિયાદ કરવાની સત્તા**

*જેનાં ઢોર અધિનિયમ હેઠળ પકડાયાં હોય અથવા તે રીતે પકડાયા પછી આ અધિનિયમનું ઉલ્લંઘન કરીને અટકાવી રાખવામાં આવ્યાં હોય તે વ્યક્તિ, ઢોર પકડાયાની તારીખથી દસ દિવસની અંદર ગમે તે સમયે, જિલ્લા મેજિસ્ટ્રેટને અથવા જિલ્લા મેજિસ્ટ્રેટે નિર્ણયાર્થે લખાણ મોકલ્યા વિના ફરિયાદો સ્વીકારીને તેની ઈન્સાફી કાર્યવાહી કરવાનો અધિકાર આપેલા મેજિસ્ટ્રેટને ફરિયાદ કરી શકશે.*

**૨૧. ફરિયાદ ઉપરથી અનુસરવાની કાર્યરીતિ**

*ફરિયાદ, ફરિયાદીએ જાતે અથવા જેને સંજોગોની જાતમાહિતી હોય એવા તેના એજન્ટે કરવી જોઈશે. ફરિયાદ લિખિત અથવા મૌખિક થઈ શકે. જો તે મૌખિક કરી હોય તો મેજિસ્ટ્રેટે તેનો સારાંશ લખી લેવો જોઈશે.*

*ફરિયાદી અથવા તેના એજન્ટને તપાસ્યા પછી તે ફરિયાદ વજૂદવાળી છે. એમ માનવાને મેજિસ્ટ્રેટને કારણ હોય તો, તે જેની સામે ફરિયાદ કરવામાં આવી હોય તે વ્યક્તિને સમન્સ કાઢીને બોલાવશે અને તે કેસમાં તપાસ કરશે.*

**૨૨. ઢોર ગેરકાયદેસર પકડવા અને અટકાવી રાખવા માટે વળતર**

*ઢોર પકડાયાની અથવા અટકાવી રાખ્યાની બાબત ગેરકાયદેસર ઠરે તો, મેજિસ્ટ્રેટ, ફરિયાદીને ઢોર પકડવા અને અટકાવી રાખવાથી થયેલી નુકસાની માટે ઢોર પકડનાર અથવા અટકાવી રાખનાર વ્યક્તિ પાસેથી વધુમાં વધુ સો રૂપિયા સુધીનું વાજબી વળતર તેમજ ફરિયાદીએ ઢોર છોડાવવા માટે ભરેલો તમામ દંડ અને તેને થયેલું ખર્ચ અપાવશે.*

**ઢોર છોડી મૂકવા બાબત :** *ઢોર છોડી મૂક્યાં ન હોય તો, મેજિસ્ટ્રેટ એવું વળતર અપાવવા ઉપરાંત તેમને છોડી મૂકવાનો હુકમ કરશે અને આદેશ કરશે કે આ અધિનિયમ હેઠળ લેવાનો દંડ અને ખર્ચ ઢોરને પકડનાર અથવા અટકાવી રાખનાર વ્યક્તિએ ચૂકવવાં જોઈશે.*

**૨૩. વળતર વસૂલ કરવા બાબત**

*કલમ ૨૨માં જણાવેલાં વળતર, દંડ અને ખર્ચ મેજિસ્ટ્રેટે કરેલા દંડ હોય તેમ તે વસૂલ કરી શકાશે.*

## પ્રકરણ ૬
## શિક્ષા

**૨૪. ઢોર પકડવામાં આવે ત્યારે તેનો બળથી સામનો કરવા માટે અથવા તેમને બળથી છોડાવી જવા માટે શિક્ષા**

*જે કોઈ વ્યક્તિ આ અધિનિયમ હેઠળ પકડવાને પાત્ર ઢોર પકડવામાં આવે ત્યારે તેનો બળથી સામનો કરે,*

*અને જે કોઈ વ્યક્તિ ઢોર પકડાયા પછી તેમને ઢોરના ડબામાંથી અથવા નજીકમાં જ હોય અને આ અધિનિયમથી મળેલી સત્તા હેઠળ કાર્ય કરતી હોય એવી અને ઢોરને ડબામાં લઈ જતી અથવા લઈ જવાની હોય એવી વ્યક્તિ પાસેથી છોડાવી લઈ જાય.*

*તે વ્યક્તિને, કોઈ મેજિસ્ટ્રેટ સમક્ષ દોષિત ઠર્યેથી છ મહિના સુધીની કેદની, અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા અથવા બન્ને શિક્ષા થશે.*

**૨૫. ઢોરોની પાસે અપપ્રવેશ કરાવીને કરેલા બગાડ માટેના દંડની વસૂલાત**

*આ પછીની કલમ હેઠળ અથવા કોઈપણ જમીન ઉપર ઢોરોની પાસે અપપ્રવેશ કરાવીને કરેલા બગાડના ગુના માટે કરેલો દંડ જેણે અપપ્રવેશ કર્યો હોય તે તમામ ઢોર અથવા તેમાંના કોઈ ઢોરનું વેચાણ કરીને વસૂલ કરી શકાશે, પછી તે ઢોરને અપપ્રવેશ કરતાં પકડવામાં આવ્યાં હોય કે ન હોય અને તે ઢોર ગુના માટે દોષિત ઠરેલ વ્યક્તિની માલિકીનાં હોય અથવા અપપ્રવેશ થતી વખતે માત્ર તેના હવાલામાં હોય,*

**૨૬. જમીનને અથવા પાકને અથવા જાહેર રસ્તાને ડુક્કરોએ કરેલ નુકસાન માટે શિક્ષા**

*ડુક્કરોનો કોઈ માલિક અથવા રખેવાળ, બેદરકારીથી અથવા બીજી રીતે તેમને કોઈ જમીન અથવા કોઈ પાક અથવા જમીનની ઊપજ અથવા કોઈ જાહેર રસ્તા ઉપર અપપ્રવેશ કરવા દઈને તેને નુકસાન પહોંચાડે અથવા પહોંચાડાવે અથવા તેને નુકસાન પહોંચાડવાની પરવાનગી આપે તો, તે વ્યક્તિને મેજિસ્ટ્રેટ સમક્ષ દોષિત ઠર્યેથી દસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.*

*રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા કોઈ સ્થાનિક વિસ્તાર અંગે વખતોવખત એવો આદેશ કરી શકશે કે આ કલમનો પૂર્વવર્તી ભાગ, ફક્ત ડુક્કરોને જ નહિ પણ સામાન્યતઃ તમામ ઢોરને અથવા જાહેરનામામાં વર્ણવેલા પ્રકારનાં ઢોરને લાગુ પડતો હોય તેમ અથવા તેમાં "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવામાં આવ્યા હોય તેમ, અથવા તેમાં ઉપર મુજબના બન્ને ફેરફારો કરવામાં આવ્યા હોય તેમ, તે ભાગ વાંચવો.*

**૨૭. ઢોરનો રખેવાળ પોતાની ફરજો ન બજાવે તો તે માટે શિક્ષા**

*ઢોરના ડબાનો રખેવાળ કલમ ૧૯ની જોગવાઈઓ વિરુદ્ધ ઢોરને છોડી મૂકે અથવા ખરીદે અથવા સોંપી દે અથવા ડબામાં પૂરેલાં ઢોરને પૂરતો ચારો અથવા પાણી આપે નહિ અથવા આ અધિનિયમથી તેના ઉપર મૂકવામાં આવેલી અન્ય ફરજો પૈકી કોઈ ફરજ બજાવે નહિ તો બીજી કોઈ શિક્ષાને પાત્ર હોય તે ઉપરાંત મેજિસ્ટ્રેટ સમક્ષ દોષિત ઠર્યે તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.*

*એ દંડ ઢોરના ડબાના રખેવાળના પગારમાંથી કાપી લઈને વસૂલ કરી શકાશે.*

**૨૮. કલમ ૨૫, ૨૬ અથવા ૨૭ હેઠળ વસૂલ કરેલા દંડનો ઉપયોગ**

*કલમ ૨૫, કલમ ૨૬ અથવા કલમ ૨૭ હેઠળ વસૂલ કરેલા તમામ દંડનો, દોષિત ઠરાવનાર મેજિસ્ટ્રેટને ખાતરી થાય એ રીતે સાબિત થયેલા નુકસાન અથવા હાનિ બદલ આપવાના વળતર તરીકે પૂરેપૂરો અથવા અંશતઃ વિનિયોગ કરી શકાશે.*

## પ્રકરણ ૭

## વળતર માટેના દાવા

**૨૯. વળતર માટેના દાવાના હક અંગે અપવાદ**

*ઢોરના અપપ્રવેશથી જેના પાકને અથવા જમીનની અન્ય ઊપજને નુકસાન પહોંચ્યું હોય તે વ્યક્તિને, સત્તા ધરાવતી કોઈપણ કોર્ટમાં વળતર માટેનો દાવો માંડવાનો આ અધિનિયમના કોઈપણ મજકૂરથી પ્રતિબંધ કરવામાં આવતો નથી.*

**૩૦. મજરે આપવા બાબત**

*દોષિત ઠરાવનાર મેજિસ્ટ્રેટના હુકમથી તે વ્યક્તિને આ અધિનિયમ હેઠળ મળેલું વળતર, એવા દાવામાં તેણે વળતર તરીકે માંગણી કરી હોય અથવા તેને આપવામાં આવી હોય તે રકમમાંથી મજરે કાપી લેવામાં આવશે.*

## પ્રકરણ ૮

## પૂરક જોગવાઈઓ

**૩૧. અમુક કાર્યો સ્થાનિક સત્તામંડળને સોંપવાની રાજ્ય સરકારને સત્તા.**

*(ક) પોતાના વહીવટ હેઠળનાં જે રાજ્યક્ષેત્રમાં આ અધિનિયમ અમલમાં હોય તેના કોઈ ભાગમાં આવેલા કોઈપણ સ્થાનિક સત્તામંડળને તેની હકૂમતને અધીન સ્થાનિક વિસ્તારની અંદર પોતાનાં અથવા જિલ્લા મેજિસ્ટ્રેટના આ અધિનિયમ હેઠળનાં તમામ અથવા કોઈ કાર્યો સોંપી શકશે.*

*અનુસૂચિ :* ★ ★ ★ ★ ★

• • •

# માર્ગ દ્વારા પરિવહન કાયદો, ૨૦૦૭

(29{e MkÃx[Bçkh, 2007)

**ભારત સરકારનું રાજ્ય પત્ર**

**અસાધારણ**

**ભાગ-૨ વિભાગ :૧**

**અધિકારથી પ્રકાશિત**

*નવી દિલ્હી, સોમવાર, ઓક્ટોબર, ૧, ૨૦૦૭ અશ્વિન ૯-૧૨૨૯.*

---

*આ હિસ્સામાં અલગ પાના નંબર બતાવ્યા છે. જેથી તે અલગ સંગ્રહીત ૨૧૫ માં રાખી શકાય છે.*

**કાયદા અને ન્યાય વિભાગ**

**મંત્રાલય**

**(ધારાકીય વિભાગ)**

**નવી દિલ્હી, ૧ લી ઓક્ટોબર, ૨૦૦૭, ૯ અશ્વિન ૧૯૨૯ (શક)**

**લોકસભાના નીચે જણાવેલ કાયદાએ રાષ્ટ્રપતિની સંમતિથી ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૭ ના રોજ મેળવી અને આથી અત્રે સામાના જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.**

*સામાન્ય પરિવાહકોની જવાબદારીની મર્યાદા તથા તેમને કબજો આપાયેલ માલની મર્યાદા નક્કી કરવા માટે કે જે આવા માલના નુકસાન કે ખોટ માટે તેમની જવાબદારી નક્કી કરવા માટે કે જે નુકસાની તેમની લાપરવાહી કે ગુન્હાહિત કૃત્યથી થતી હોય કે તેમના એજન્ટ કે નોકરોની લાપરવાહી કે ગુન્હાહિત કૃત્યથી થતી હોય તેમજ તેને લગતી સંલગ્ન બાબતો માટે સામાન્ય પરિવાહક વાહનોના નિયમન માટેનો એક કાયદો.*

**૧. ભારતના સ્વાતંત્ર્યના અઠ્ઠાવનમા વર્ષમાં તે કાયદાનું નિર્માણ થયું.**

*૧. આ કાયદો માર્ગ દ્વારા પરિવહન ૨૦૦૭ નો કાયદો કહેવાશે.*

*૨. તેનો અમલ સમગ્ર ભારતમાં જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય વ્યાપ્ત રહેશે.*

*૩. તેનો કેન્દ્ર સરકાર, તેમના કચેરીના રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ દ્વારા નક્કી કરે તે તારીખથી અમલ થશે.*

**૨. પૂર્વાપર અન્ય રીતે વિષય વસ્તુની જરૂરિયાત વ્યાખ્યાઓ ન જણાય તો, આ કાયદામાં**

*(અ) 'સામાન્ય વાહન' નો અર્થ એવો થાય છે કે એક વ્યક્તિ જે માલની પાવતી વડે માલવાહક દ્વારા લઈ જવાતા માલને એકઠો કરવાના, સ્ટોર કરવાના, રવાના કરવાના કે વિતરણ કરવાના ધંધામાં રત હોય અથવા બધા જ લોકો કોઈપણ ભેદભાવ વગરની વ્યક્તિઓ માટે મોટર જેવાં વાહનો દ્વારા રસ્તા પર એક જગ્યાએથી બીજી જગ્યાએ માલને ભાડે રાખવા માટે હેરફેરના ધંધામાં પ્રવૃત્ત હોય અને તે શબ્દ માલનું બુકિંગ કરતી કંપની, કોન્ટ્રાક્ટર, એજન્ટ, બ્રોકર, અને કુરિયર એજન્સીનો સમાવેશ કરે છે કે જે કુરિયર, કંપની દસ્તાવેજો, માલસામાન, અથવા વસ્તુઓને ઘરે ઘરે પહોંચાડવાનાં કાર્યોમાં લાગેલ હોય, જે સીધી કે*

આડકતરી રીતે એક વ્યક્તિની સેવાઓનો ઉપયોગ કરીને આવા દસ્તાવેજો, માલસામાન, કે વસ્તુઓને સાથે રાખવા કે લઈ જવાનું કાર્ય કરે છે પરંતુ આ શબ્દ, સરકારશ્રીનો સમાવેશ કરતો નથી.

(ખ) 'કંસાઈની' શબ્દનો અર્થ એમ થાય છે કે તે વ્યક્તિ જેનો કંસાઈની તરીકે નામોલ્લેખ માલ રવાના કરતી નોંધમાં કર્યો હોય.

(ગ) 'કન્સાઈનમેન્ટ' નો અર્થ કન્સાઈનર દ્વારા સુપરત કરાયેલ દસ્તાવેજ, માલસામાન કે વસ્તુઓ જે સામાન્ય પરિવાહક ને પરિવહન માટે સુપરત કરેલ હોય, જેનું વર્ણન કે વિગતોનો માલ રવાના પાવતીમાં (નોંધમાં) ઉલ્લેખ કર્યો હોય.

(ઘ) 'કન્સાઈનર' નો અર્થ એવો થાય છે કે જે વ્યક્તિના નામનો માલ રવાના નોંધમાં કંસાઈનર તરીકે ઉલ્લેખ થયો હોય કે જેના દ્વારા અથવા જેની તરફેણમાં દસ્તાવેજો, માલસામાન કે વસ્તુઓ કે જે આવી માલ રવાના પાવતીમાં આવી જતી હોય અને તે સામાન્ય પરિવાહકને જે - તે સ્થાને પરિવહન માટે સુપરત કરાયેલ હોય.

(ચ) 'માલ' (ગુડ્સ) શબ્દમાં નીચેનાનો સમાવેશ કરેલ છે.

- કન્ટેઈનરો, પાટિયા કે પાટ કે માલને એકત્રિત કરવામાં વપરાતી તેના જેવી સાધન-વસ્તુઓ.
- પ્રાણી અથવા પશુ ધન

(છ) 'માલ રવાના નોંધ' નો અર્થ એવો થાય છે કે કલમ ૮ તળે લખાવી લેવાયેલ દસ્તાવજ.

(જ) 'માલ પ્રાપ્તિ' પહોંચનો અર્થ એવો થાય છે કે કલમ ૯ તળે જારી કરાયેલ પહોંચ.

(ઝ) 'વ્યક્તિ' શબ્દ વ્યક્તિઓનું કોઈપણ સંગઠન કે સ્વરૂપ (બોડી) જેનું એકત્રીકરણ કરાયું હોય યા ન હોય, પરિવહન બુક કરતી કંપની, કોન્ટ્રાક્ટર, અને એક એજન્ટ કે બ્રોકર કે જે સામાન્ય કુરિયરનો ધંધો કરતા હોય તેમનો સમાવેશ કરે છે.

(ટ) 'નિયત' નો અર્થ એમ થાય છે કે આ કાયદા અન્વયે ઘડેલા નિયમો દ્વારા નિયત કરેલ હોય.

(ઠ) 'નોંધણી કરતા સત્તાધિકારી' નો અર્થ એવો થાય છે કે, મોટર વાહન કાયદો ૧૯૮૮ ની કલમ ૬૮ તળે નિર્માણ થયેલ પ્રાંત પરિવહન સત્તા અથવા રાજ્ય પરિવહન સત્તા.

(ઢ) 'નોંધણી' નો અર્થ એવો થાય છે કે કલમ ૪ ની પેટા કલમ (૫) અન્વયે નોંધણી કરી આપવામાં આવી હોય કે નવી કરી આપવામાં આવી હોય તે.

3 (૧) સામાન્ય પરિવહનના ધંધામાં કોઈ પણ વ્યક્તિ, આ કાયદાના અમલ પછી રહેશે નહીં, જો તેને નોંધણીનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું ન હોય તો.

(૨) આ કાયદાના અમલની શરૂઆતની તુરત જ પૂર્વે કોઈપણ વ્યક્તિ જે પૂરેપૂરી કે થોડું ઘણું સામાન્ય પરિવહનના ધંધામાં રાચતા હોય તેઓ.

(ક) આવી અમલ શરૂઆતની તારીખથી નેવું દિવસની અંદર નોંધણીની અરજી કરશે.

(બ) જો તેમણે નોંધણી માટે અરજી કરી ન હોય અને નોંધણી સત્તાધિકારીઓએ તેમની નોંધણી ન કરી હોય તો, આ કાયદાના અમલની શરૂઆતની તારીખથી એકસો એંસી દિવસ પૂરા થયા પછી આવા ધંધામાં સામેલ રહેવાનું છોડી દેશે.

4 (૧) સામાન્ય પરિવહનના ધંધામાં સામેલ હોય કે સામેલ થવા ઈચ્છા ધરાવતી કોઈપણ વ્યક્તિ સામાન્ય પરિવહનનો ધંધો કરવા માટે નોંધણી સત્તાધિકારીને નોંધણીનું પ્રમાણપત્ર ફાળવવા કે નવું કરી આપવાની અરજી કરશે.

(૨) પેટા કલમ (૧) અન્વયેની અરજી અરજદાર જે વિસ્તારમાં રહેતો હોય, તેને લગતી કે તેમનું ધંધાનુ મુખ્ય મથક હોય તેને લગતી હકૂમત ધરાવતા નોંધણી અધિકારીને અદા કરવી. તેમાં એમ જણાવવું જોઈશે કે તે અરજી મુખ્ય કચેરી માટે છે, તેવા સ્વરૂપમાં અને તેવી રીતે તે અરજી કરવાની કે જેનું સ્વરૂપ અને રીત નિયત કરવામાં આવેલ હોય.

(૩) મુખ્ય કચેરીની નોંધણીનું પ્રમાણપત્ર મળવા કે નવીનીકરણ કરવા માટેની અરજી, શાખા-કચેરી, જો કોઈ હોય તો, તેની વિગતો આપશે કે જેનું સંચાલન રાજ્ય વિસ્તાર કે સંઘ સરકાર વિસ્તાર બહાર થવાનું હોય કે જ્યાં મુખ્ય કચેરીની નોંધણી કરવાની હોય તેની અરજી તેવા સ્વરૂપમાં અને તેવી રીતે કરવાની રહેશે, જેને નિયત કરેલ હોય.

એવી શરતી જોગવાઈ કરવામાં આવે છે કે એક શાખા કચેરી ખોલવા કે બંધ કરવાના હેતુની અરજી મુખ્ય કચેરીની હકૂમતના નોંધણી સત્તાધિકારીને કરવાની રહેશે.

(૪) નોંધણી અંગેનું પ્રમાણપત્ર આપતી વખતે કે નવીનીકરણ કરતાં પહેલાં નોંધણી અધિકારી જાતે તેવો સંતોષ અખત્યાર કરશે કે અરજદાર નિયત કરેલી શરતોનું પાલન કરે છે.

(૫) પેટા કલમ (૨) કે (૩) અન્વયે અરજી મેળવીને અને તેઓ જાતે સંતુષ્ટ થઈને કે અરજદારે પેટાકલમ (૪)ની જરૂરિયાતો પૂરી પાડી છે, પછી નોંધણી અધિકારી નોંધણી અંગેનું પ્રમાણ પત્ર આપશે કે નવીનીકરણ કરશે. જે તે કિસ્સાને અનુરૂપ તે પણ તેવા સ્વરૂપમાં અને તેવી શરતોને આધીન આપશે કે જે નિયત કરેલ હોય.

એવી શરતી જોગવાઈ કરવામાં આવે છે કે અરજદારને સાંભળવાની તક આપવામાં આવી ન હોય અને આવી અરજી પ્રાપ્ત કર્યા બાદ સાઈઠ દિવસની અંદર તેને નકારવાનાં કારણો લેખિતમાં જાણ કરવામાં આવ્યાં ન હોય તો, તેની નોંધણી અંગેનાં પ્રમાણપત્ર આપવા કે નવીનીકરણ કરવાની અરજીનો નોંધણી અધિકારી અસ્વીકાર કરી શકે નહીં.

વિશેષમાં એવી શરતી જોગવાઈ કરવામાં આવે છે કે અરજી કર્યાની તારીખથી સાઈઠ દિવસની અંદર આવી અરજીના અસ્વીકારની જાણ કરવામાં ન આવી હોય તો, નોંધણી અધિકારી બીજા સાઈઠ દિવસની અંદર નોંધણી અંગેનું પ્રમાણપત્ર આપશે અથવા નવીનીકરણ કરી આપશે.

(૬) નોંધણી અંગેનું પ્રમાણપત્ર જે આપવામાં આવ્યું હોય કે નવીનીકરણ પેટાકલમ (૫) અન્વયે કરવામાં આવ્યું હોય તે જુદાં-જુદાં રાજ્યોમાં કે સંઘ સરકારના પ્રદેશોમાં આવેલી શાખા કચેરીઓની વિગતો સામેલ રાખશે. અને આવા અપાયેલા કે નવીન કરેલા પ્રમાણપત્ર અવાચ્યની તારીખથી ૧૦ વર્ષના સમયગાળા સુધી તે યોગ્ય કાયદેસર રહેશે.

એવી શરતી જોગવાઈ કરવામાં આવે છે કે પેટા કલમ (૩) માં નિર્દેશ કરાયેલ પેટા કચેરીઓની નોંધણીના કિસ્સામાં આની નોંધણીની કાયદેસરતા મુખ્ય કચેરીને અપાયેલ નોંધણીની કાયદેસરતા સુધી સીમિત રહેશે.

(૭) નોંધણીનું પ્રમાણપત્ર ધરાવનાર

(અ) એક રજિસ્ટર નિયત કરાયેલ સ્વરૂપમાં અને રીતમાં નોંધશે.

(બ) નોંધણીના પ્રમાણપત્રમાં જણાવાયેલ મુખ્ય કચેરીની ફેરબદલી કરવા માટે નોંધણી અધિકારીને અરજી કરશે જેમણે નોંધણીનું પ્રમાણપત્ર આપ્યું હોય.

એવી શરતી જોગવાઈ કરવામાં આવે છે કે આવી અરજી આવ્યા બાદ ત્રીસ દિવસમાં મુખ્ય કચેરીની ફેરબદલીની મંજૂરી આપશે અથવા નહિ આપે, અને અરજદારને

સાંભળવાની તક આપવામાં ન આવી હોય તો અને અરજીની નોંધણી અધિકારી દ્વારા નકારવાનાં કારણો લેખિતમાં જણાવવામાં આવ્યાં ન હોય તો મુખ્ય કચેરીની ફેરબદલીની અરજીને નકારી શકાશે નહીં.

વિશેષમાં એવી શરતી જોગવાઈ કરવામાં આવે છે કે નોંધણી અધિકારી ત્રીસ દિવસની અંદર પરવાનગી આપે અથવા આપવાનો નકાર કરે નહિ તો ફેરબદલી અંગેની પરવાનગી અપાઈ છે તેમ માની લેવામાં આવશે,

(૬) નોંધણી અધિકારીશ્રીને જેમની હકૂમત તળે મુખ્ય કચેરી આવેલી હોય તેમને મંત્રાલયની પરિવહન સંશોધન શાખાને અને રસ્તા-પરિવહન-અને હાઈ-વે બાબતોને લગતા કેન્દ્ર સરકારશ્રીના દરેક વર્ષના માર્ચ માસની એકત્રીસમી તારીખ પછીના એકસો ને વીશ દિવસની અંદર,તેવી માહિતી અને રિટર્ન પૂરાં પાડશે જે નિયત સ્વરૂપમાં હોય.

(૭) તેની કચેરીમાં કે તેની મુખ્ય કચેરીમાં જાહેર જગ્યા પર અને દરેક શાખા (જો હોય તો) કચેરીમાં જાહેર જગ્યા પર અસર નોંધણી અંગેનું પ્રમાણપત્ર અથવા તેની પ્રમાણિત નકલ જે લાગતા વળગતા નોંધણી અધિકારીશ્રીએ તપાસીને કરી આપેલ હોય, અથવા કોઈ નોટરી દ્વારા કે રાજ્ય સરકારના કે કેન્દ્ર સરકારશ્રીના કોઈ રાજ્ય પત્રિત અધિકારીશ્રીએ પ્રમાણિત કરેલ હોય, તેવી નકલને પ્રદર્શિત કરશે.

(૮) માલ રવાના કરતી પાવતીમાં જેનો ક્રમ જણાવેલો છે તે નોંધણી પ્રમાણપત્રમાં જણાવાયેલ ગ્રોસ-વેહીકલ-વજનથી વધારે પ્રમાણપત્રમાં એક સામાન્ય પરિવાહક મોટર વાહનમાં વજન લાદશે નહીં. અને સામાન્ય પરિવાહક ગ્રોસ-વેહીકલ-વજનથી વિશેષ વજન ભરવાની કોઈપણ મોટરવાહનને છૂટ આપશે નહીં.

5 (૧) નોંધણી અધિકારીશ્રીને તે બાબત પ્રતીત થાય તે નોંધણી પ્રમાણપત્રને ધારણ કરનાર ઈસમ કલમ ૪ ની પેટા કલમ (૭)ની જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ થયા છે તો તેઓ નોંધણી અંગેના પ્રમાણપત્ર ધારણ કરનાર ઈસમને રજિસ્ટર પોસ્ટ દ્વારા કે વિદ્યુત ઉપકરણ દ્વારા અથવા અન્ય કોઈ પ્રાપ્તિ ખરાઈ કરતા સાધન દ્વારા એક નોટિસ આપશે કે તે ત્રીસ દિવસની અંદર ભૂલ સુધાર કરે અને આવા પ્રમાણપત્ર ધારક તેમ કરવામાં નાસીપાસ થાય તો, તપાસ પ્રક્રિયા પૂરી કરીને નોંધણીનું પ્રમાણપત્ર રદ કરશે.

(૨) કંસાઈનર તરફથી નોંધણી અધિકારીને નીચેની બાબતોની ફરિયાદ સામાન્ય પરિવાહક વિરુદ્ધ કરવામાં આવે કે :-

(૧) માલ મળ્યાની પહોંચ અપાતી નથી.,

(૨) હેરફેરમાં રહેલ માલના અતાપતા બાબતે કંસાઈનર કે કંસાઈનીએ પૂછપરછ કરવા છતાં માલ કઈ જગ્યાએ છે તેની જાણ કરાતી નથી.

(૩) કાયદેસરના (યોગ્ય) કારણ વગર ડિલિવરી કરવા યોગ્ય માલની અટકાયત કરાય છે.

(૪) અગાઉ કંસાઈનર કે કંસાઈનીએ સંમત ન થયેલ હોય કે જાણ ન કરાયેલ હોય તેવા વધારાના અયોગ્ય ભરણા (ચાર્જીસ) ની માલ ડિલિવરી સમયે માગણી કરવામાં આવે છે, અથવા

(૫) અગાઉ સંમત થયેલ ભરણા (ચાર્જીસ) જે ટ્રક-માલિકને આપવાના થાય છે તે ચૂકવ્યા નથી, તો

તે અધિકારી રજિસ્ટર પોસ્ટ કે વિદ્યુત માધ્યમ દ્વારા કે બીજી કોઈ નોટિસ મળ્યાની ખરાઈ કરતા સાધન દ્વારા નોંધણી પ્રમાણપત્ર ધારકને નોટિસ આપશે કે તે બાબતની સુધારણા ત્રીસ દિવસના સમયગાળાની અંદર કરેલ હોય અને આવા પ્રમાણપત્રધારક તેમ કરવામાં જો નાસીપાસ થાય તો, તે અંગેની તપાસ પૂરી કરીને નિયમો તળે નિયત કરેલ સમયગાળા સુધી નોંધણી કરેલ સમયગાળા સુધી નોંધણીનું પ્રમાણપત્ર રદ કરશે.

(૩) નોંધણી અધિકારીશ્રી કે ૧૯૮૮ ના મોટર વેહીકલ ધારા તળે અધિકૃત કરાયેલ અન્ય કોઈ અધિકારી કલમ ૪ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓનો ભંગ થયાની સાબિતી મળશે તો તેઓ મોટરવેહીકલ ધારા ૧૯૮૮ ની કલમ ૧૯૪ તળે સામાન્ય પરિવહનનો દંડ કરવાને સક્ષમ રહે છે. તે હકીકતને ધ્યાનમાં નહિ લેવાય કે આવો દંડ ડ્રાયવર, ટ્રક માલિક, વાહનમાલિક કે કંસાઈનર પર કરવામાં આવેલો અને તેમની પાસેથી વસૂલ થયેલો.

(૪) નોંધણી પ્રમાણપત્ર ધારણ કરનારને તપાસ પ્રક્રિયામાં સાંભળવાની તક આપ્યા વગર અને પ્રમાણપત્ર રદ કરવાનાં કારણો તેમને લેખિતમાં જાણ કર્યા વગર, નોંધણી પ્રમાણપત્ર પેટા કલમ(૧) અને (૨) તળે રદ કરવા કોઈ પગલું ભરી શકાશે નહીં.

(૫) જેની હકૂમત તળે સામાન્ય પરિવહનની મુખ્ય કચેરી આવતી હોય તે નોંધણી અધિકારીશ્રી પેટા કલમ(૧) અને (૨) તળે પગલાં લેવાને સક્ષમ રહેશે અને અન્ય નોંધણી સત્તાધિકારી કે જેમણે ઉક્ત પેટા કલમ તળે ફરિયાદ મેળવી હોય કે તે જોગવાઈઓનો ભંગ થતું હોવાનું ધ્યાન પર લીધું હોય તે અધિકારી તેવી બાબતોનો હેવાલ નોંધણી અધિકારીશ્રીને કરશે કે જેની હકૂમતમાં આવા સામાન્ય પરિવહનની મુખ્ય કચેરી સમાવિષ્ટ હોય.

(૬) જ્યારે નોંધણીનું પ્રમાણપત્ર રદ કરવામાં આવે ત્યારે નોંધણીના પ્રમાણપત્રને ધારણ કરનાર ઈસમને તે પ્રમાણપત્ર ત્રીસ દિવસના સમયગાળામાં નોંધણી અધિકારીશ્રીને પરત આપી દેશે. અને નોંધણીપ્રમાણપત્ર ધારક ઈસમ પર તે જવાબદારી રહેશે તે, નોંધણી પ્રમાણપત્ર રદ કર્યાના સમય પહેલાંના સામાન્ય કન્સાઈનમેન્ટ બાબતે ડિલિવરી અને વ્યવહારો પૂરા કરી લેવા કે જે કન્સાઈનમેન્ટ કોઈપણ કન્સાઈનર તરફથી સ્વીકારી લીધા હોય.

(૭) નોંધણી પ્રમાણપત્ર ધારણ કરનાર ઈસમ કોઈપણ સમયે નોંધણી અધિકારીને પ્રમાણપત્ર પરત કરી શકે છે કે જેમણે પ્રમાણપત્ર આપેલું. આવા પરત થતા પ્રમાણપત્ર પર નોંધણી અધિકારી નોંધણી પ્રમાણપત્ર ધારણ કરનાર ઈસમ દ્વારા એવી જાહેરાત બયાનપ્રાપ્ત કરશે કે તેમની સામે કોઈપણ જવાબદારી અદા કરવાની બાકી રહેતી નથી અને જો તે જવાબદાર ઠરશે તે જવાબદારી અદા કરશે તેવી જાહેરાત મેળવ્યા બાદ, નોંધણીનું પ્રમાણપત્ર રદ કરશે.

એવી શરતી જોગવાઈ કરવામાં આવે છે કે પ્રમાણપત્ર કોઈ શાખા કચેરીનું રદ કરવા અંગે હોય તો નોંધણી પ્રમાણપત્રમાંથી શાખા કચેરી અંગેનું લખાણ એનોર્સમેન્ટ ચેકી નાખવામાં આવશે. અને મુખ્ય કચેરી પર હકૂમત ધરાવતા નોંધણી અધિકારી આવા શાખા કચેરીના એકીકરણની જાહેરાત એવા બીજા સત્તાધિકારીને કરશે જે નિયત થયેલ હોય.

6 (૧) આ કાયદા તળે નોંધણી અધિકારીશ્રીના નોંધણી કરી આપવાની ના કરતા કે નવીનીકરણ પ્રમાણપત્રની મના કરતા કે સ્થગિત કે રદ કરતા હુકમથી નારાજ થયેલ કોઈપણ ઈસમ આવા હુકમની તારીખથી સાઈઠ દિવસના સમયગાળામાં, મોટર વાહન કાયદા ૧૯૮૮ ની

કલમ ૮૯ ની પેટાકલમ (૨)તળે નિર્મિત સ્ટેઈટ ટ્રાન્સપોર્ટ ટ્રિબ્યુનલને અપીલ (વિવાદ) કરી શકે છે.

(૨) પેટા કલમ (૧) તળેની અપીલનોંધણી અધિકારીશ્રીના હુકમ વિરુદ્ધ વાંધાઓ જણાવતાં કારણો સાથે મેમોરેન્ડમ સ્વરૂપમાં કરવાની રહેશે અને નિયત ફી સાથે કરવાની રહેશે.

(૩) પેટા કલમ (૧) અને (૨) ની જોગવાઈઓ મોટરવાહન ધારો ૧૯૮૮ની કલમ (૧) અને (૨) ની જોગવાઈઓ આધારની શરૂઆત પૂર્વે

તુર્ત જ અમલમાં હોવાનું માનીને તેમને પૂર્વગ્રહ વિના અપીલ બાબતે જેટલું શક્ય તેટલું દરેક અપીલને લાગુ પડશે જાણે કે ઉપર કહેલી જોગવાઈઓ આ કાયદામાં જ ઘડાઈ હોય તેવા સુધારાને આધીન રહીને કે તેમાં કરેલ કોઈપણ સંદર્ભ જે 'પરવાનગી' પરમીટને કર્યો હોય તેને નોંધણીના સંદર્ભમાં છે તેમ ગણી લેવામાં આવશે.

7. સ્ટેટ પરિવહન સત્તાધિકારી જે-તે દરેક રાજ્ય બાબતમાં અથવા આંધપ્રદેશ, કલમ ૪ ની પેટા કલમ (ક્ષ) ના વાક્ય (ક) માં નિર્દેશિત નોંધણીપ્રમાણપત્ર ધારણ કરનારાઓ દ્વારા પ્રાપ્ત રિટર્ન્સના આધારે જે તે રાજ્યમાં કે સંઘ પ્રદેશમાં સામાન્ય પરિવહન દ્વારા પરિવહન કરાયેલ માલની વિગતોનું વર્ણન અહેવાલ કેન્દ્ર સરકારશ્રીને માર્ગ હેરફેર અને હાઈવેની બાબત સંભાળતા મંત્રાયલ કે ખાતાને વાર્ષિક રીતે રાજ્યમાં કે આંધ્રપ્રદેશમાં જે-તે કિસ્સામાં થયેલ પહિવહનનો હેવાલ રજૂ કરશે.

8 (૧) દરેક કંસાઈનર માલ રવાના કરતી નોંધ લખી આપશે તેવા સ્વરૂપ અને રીતમાં જે નિયત થયેલ હોય, જે એક જાહેર બયાનનો સમાવેશ કરતી હોય કે કંસાઈનમેન્ટની કિંમત કેટલી છે અને માલનો પ્રકાર ભયજનક કે નુકસાનકારક છે કે કેમ.

(૨) માલ રવાના કરતી નોંધણીમાં પૂરી પાડેલ વિગતોની ખરાઈ માટે કંસાઈનર જવાબદાર ગણાશે.

(૩) માલ રવાના કરતી નોંધણીમાં ખરું ન હોવાના કે વિગતો અપૂર્ણતાના કારણે સામાન્ય પરિવાહકને થયેલ નુકસાન વેઠવું પડ્યું હોય તે કંસાઈનર ભરપાઈ કરવા જવાબદાર ઠરે છે.

9 (૧) સામાન્ય પરિવાહક

(અ) કંકાઈનર તરફથી માલ ભરવાનો હોય તેવા સંજોગોમાં, આવું લોડીનું કામ પૂરું થતાં અથવા.

(બ) અન્ય કોઈ સંજોગોમાં તેણે માલ સ્વીકાર્યા પછી, નિયત સ્વરૂપમાં અને રીતમાં માલ મળ્યાની પાવતી પહોંચ લખી આપશે.

(ક) માલ સ્વીકારની પહોંચ વજન કે માપ અને માલની અન્ય વિગતો અને તેમાં જણાવેલ પેકેજીસની સંખ્યાનો પ્રથમ દર્શનીય પુરાવો રહેશે.

(૪) માલ સ્વીકાર પહોંચ સામાન્ય પરિવાહક તરફે કલમ (૧૦) અને (૧૧) તળે બાંહેધરીનો સમાવેશ કરશે.

10. (૧) કંસાઈનર કે ધોરણસર અધિકૃત જે તે કિસ્સામાં સામાન્ય પરિવહન દ્વારા કલમ ૧૧ અન્વયે નિર્ધારિત જોખમ દરથી વિશેષ દર આપવાનું સીધેસીધું કબૂલ્યું ન હોય તો કોઈપણ કન્સાઈનમેન્ટના સામાન્ય પરિવહનથી થતા નુકસાનને કે નાશ માટેની તેની જવાબદારી,

કન્સાઈન્મેન્ટની કિંમત, ભાડું, અને માલના પ્રકાર, દસ્તાવેજ કે વસ્તુઓને ધ્યાનમાં રાખીને પૂરતું નિયત કર્યા પ્રમાણે સીમિત રહેશે.

(૨) સામાન્ય પરિવાહક દ્વારા થતી કોઈ ઢીલ જે કન્સાઈનર દ્વારા અને કન્સાઈનર તથા સામાન્ય પરિવાહક વચ્ચે કરાર સંમત થયેલા સમયગાળા સુધીની હોય અને ખાસ કરીને આવા કન્સાઈનમેન્ટને પરિણામે નુકસાન કે ક્ષતિ પહોંચાડતી ઢીલનો સમાવેશ માલ રવાના કરતી પાવતીમાં જણાવાયેલ હોય, તે ફ્રેઈટ ચાર્જીસ (ભાડું ભરણ) ની રકમ સુધી સીમિત રહેશે કે જ્યાં આવો નાશ-નુકસાન કે ઢીલ હોય જ્યારે કન્સાઈનમેન્ટ આવા પરિવાહકના હવાલામાં રહેલો હોય.

એવી શરતી જોગવાઈ કરવામાં આવે છે કે માલ રવાના કરતી નોંધ પાવતીમાં સંમત થયેલ સમયગાળાથી વિશેષ સમય માટે કલમ ૧૧ ની પેટા કલમ (૧) તળે વળતર ચૂકવવાપાત્ર રહેશે.

એવી વિશેષ શરતી જોગવાઈ કરવામાં આવે છે કે, સામાન્ય પરિવાહક એમ પુરવાર કરી આપે કે આવો નાશ નુકસાન જે કન્સાઈન્મેન્ટને થયું અથવા માલને મુક્ત કરવામાં ઢીલ થઈ તે તેની કે તેના એજન્ટ કે નોકરની ભૂલથી બેદરકારીથી થયેલ નથી તો તે સામાન્ય પરિવાહક જવાબદાર ઠરશે નહીં.

11. ઉચ્ચતર જોખમની લીધેલ બાંહેધરી માટે દરેક સામાન્ય પરિવાહકને ચુકવણું થવા જરૂરી છે કે જે ચોક્કસ કન્સાઈન્મેન્ટ તેવા ભાડાના એવા દરે કે જે તેણે નક્કી કરેલ હોય અને તેના અનુસંધાને તેની જવાબદારી કન્સાઈનર સાથે કરાર થયેલ શરતોમાં ઊભી રહે છે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે સામાન્ય પરિવાહકના ચાલુ (સામાન્ય) ભાડાના દરથી વિશેષ દરે પરિવાહકે ચુકવણું લેવા માટે, તેમણે લેખિત કે છપાવેલી નોટિસ લખી આપી હોય અંગ્રેજીમાં અને અન્ય વાંચી શકે તેવી જે તે રાજ્યની માતૃભાષામાં જે નોટિસ તેના ઉચ્ચતર દર દર્શાવતી સામાન્ય પરિવહન જ્યાં ધંધો કરતા હોય તે જગ્યામાં કે મકાનમાં રાખશે.

12. (૧) કોઈપણ કન્સાઈન્મેન્ટના નાશ કે તેને થયેલ નુકસાન માટે દરેક સામાન્ય પરિવાહક માલ રવાના કરતી પાવતીને અનુલક્ષીને કન્સાઈનરને જવાબદાર ઠરશે, જેમાં સામાન્ય પરિવાહકના કે તેના કોઈ નોકર કે એજન્ટના ગુન્હાહિત કૃત્યથી આવો નાશ કે નુકસાન થયું હોય.

(૨) કન્સાઈન્મેન્ટના નાશ-નુકસાન ડિલિવરી નહીં થવા બાબતે સામાન્ય પરિવાહક વિરુદ્ધ કરવામાં આવેલ કોઈપણ દાવામાં વાદીએ એમ પુરવાર કરવાનું રહેતું નથી કે આવો નાશ-નુકસાન કે નોન-ડિલિવરી સામાન્ય પરિવાહક કે તેના નોકર કે તેના એજન્ટની બેદરકારી કે ગુન્હાહિત કૃત્યના લીધે થયેલ છે.

(૩) જ્યાં એક સક્ષમ સત્તાધિકારી દ્વારા કોઈ કન્સાઈનમેન્ટ પરીક્ષણ કે ચકાસણી કરવા માટે સ્થગિત કરાયેલ હોય અને આવા પરીક્ષણ કે ચકાસણી દરમિયાન તેમને તેવું જણાઈ આવે કે કોઈ મનાઈ ફરમાવેલ માલ કે ધોરણસર ટેક્ષ ન ભરાયેલ માલ અથવા અપૂરતો ટેક્ષ ભરાયેલ માલ કન્સાઈનર દ્વારા સામાન્ય પરિવાહકને સુપરત કરાયો છે જેનું વર્ણન માલ રવાના કરતી પાવતીમાં કરવામાં આવેલ નથી. તેવા કિસ્સામાં આવા પરીક્ષણ કે ચકાસણીનું ખર્ચ કન્સાઈનર ભોગવશે અને આવા સ્થગિતકરણથી કોઈપણ નાશ કે નુકસાન કે બગાડ વગેરે થયા હોય તો તે કન્સાઈનમેન્ટ માટે સામાન્ય પરિવહન પરીક્ષણ ચકાસણી સબબ જવાબદાર ઠરશે નહીં.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે માલ રવાના પાવતીમાં માલના ખોટા વર્ણનવાળી નોંધ કન્સાઈનર તરફથી મળેલી તે સાબિત કરવાની જવાબદારી સામાન્ય પરિવાહકના શિરે રહે છે.

ખુલાસો :- આ કલમના હેતુમાં "સક્ષમ અધિકારી" નો અર્થ એવો થાય છે કે અમલમાં પ્રવર્તમાન કોઈ કાયદા તળે કે કાયદા દ્વારા પરીક્ષણ કે ચકાસણી કરવા અધિકૃત કરાયેલ વ્યક્તિ કે સત્તા જે તે કાયદાની જોગવાઈઓનું પરિપાલન થતું જાળવવાનું કામ કરે છે.

13. (૧) માનવજીવનને હાનિકારક કે ભયાનક પ્રકારનો કોઈપણ માલ કોઈપણ સામાન્ય પરિવાહક દ્વારા તેવી ગતિવિધિને અનુસર્યા સિવાય લઈ જવાશે નહીં. તે નિયત સલામતીની પરિપૂર્તિ કર્યા પછી લઈ જવાશે.

(૨) આ હેતુમાં કેન્દ્ર સરકારશ્રી, નિયમો ઘડીને માનવજીવનને હાનિકારક કે ભયંકર માલના લેબલોનું વર્ગીકરણ કરી શકે અથવા મોટર વાહન પર લેબલ લગાવી શકે અથવા હેરફેર પ્રક્રિયામાં રહેલ તેવા માલ પર લેબલ લગાવી શકે.

(૩) જે તે સમય પૂરતા અમલમાં ચાલુ રહેલ કોઈપણ અન્ય કાયદામાં કંઈપણ સમાવિષ્ટને ગણકાર્યા સિવાય માનવ જીવનને હાનિકારક કે ભયંકર પ્રકારના માલનો સમાવેશ કરતા કોઈપણ કન્સાઈનમેન્ટને હેરફેર કરવાની શરૂઆત પહેલાં દરેક સામાન્ય પરિવાહક ચકાસણી કરશે અને ખાત્રી કરી લેશે કે તે કન્સાઈન્મેન્ટમાં માલની એક કે તેથી વિશેષ ઈન્સ્યુરન્સ પોલિસીથી એવા માલ બાબતે ઈન્સ્યુરન્સના કરાર તળે રખાયેલ છે જે કોઈ વ્યક્તિના મૃત્યુ કે તેને થનાર ઈજા બાબતે જોગવાઈ કરે છે. અથવા કોઈ મિલકત કે કન્સાઈન્મેન્ટને અકસ્માતને લીધે થનાર નુકસાન ભરપાઈની જોગવાઈ કરે છે.

14. કેન્દ્ર સરકારશ્રી તેમના કચેરી રાજ્ય પત્રમાં પ્રસિદ્ધિ દ્વારા જાહેર હિતમાં માલ, વર્ગ કે માલના વર્ગોનું વર્ગીકરણ કરશે જે સામાન્ય પરિવાહક દ્વારા હેરફેર કરી શકાય નહીં.

15. (૧) સામાન્ય પરિવાહકે આપેલ નોટિસની તારીખથી ત્રીસ દિવસમાં માલના કન્સાઈનમેન્ટની ડિલિવરી લેવામાં જો કન્સાઈની નિષ્ફળ જાય તો તેમ માની લેવાશે કે કન્સાઈન્મેન્ટ પર તેનો ક્લેઈમ (દાવો) નથી.

(૨) પેટા કલમ (૧) તળે ક્લેઈમ નહિ કરાયેલ કન્સાઈન્મેન્ટના કિસ્સામાં, સામાન્ય પરિવાહકને

(અ) જો આવું કન્સાઈન્મેન્ટ નાશ પામે તેવા પ્રકારનું હોય તો વેચી નાખવાનો હક્ક રહેશે.
અથવા

(બ) આવું કન્સાઈન્મેન્ટ નાશ પામે તેવા પ્રકારનું ન હોય તો કન્સાઈનીને નોટિસની બજવણી કરશે અથવા કન્સાઈની મળે તેમ ન હોય તો કન્સાઈનરને નોટિસ બજાવશે અને તેમને નોટિસ મળ્યાથી પંદર દિવસની અંદર કન્સાઈનમેન્ટ હટાવી લેવાનું જણાવશે અને તેને નોટિસ અનુસાર વર્તન કરવામાં નિષ્ફળ થવાથી સામાન્ય પરિવાહકને વિશેષ કોઈપણ નોટિસ કન્સાઈની કે કન્સાઈનરને કર્યા સિવાય જે લાગુ પડે તે આવું કન્સાઈન્મેન્ટ વેચવાનો હક્ક છે.

(૩) પેટા કલમ (૨) તળે વેચાણ દ્વારા થયેલ આવકમાંથી સામાન્ય પરિવાહક ભાડા સબબ સ્ટોર કરવા સબબ અને ધોરણસરના ચાર્જ વેચાણ ખર્ચનો સમાવેશ કરીને રકમ રાખી લેશે, જે કંઈ વિશેષ આવા વેચાણ પછી રહે તો કન્સાઈનર કે કન્સાઈની (જે લાગુ પડે તે) ને પરત આપી દેશે.

(૪) સામાન્ય પરિવાહક અને કન્સાઈનર વચ્ચે અન્યથા કરાર સંમતિ થયેલ ન હોય તે કંસાઈની ભાડું અને અન્ય ચાર્જ જે સામાન્ય પરિવાહકને આપવાના થાય છે તે ચૂકવવામાં ડિલિવરી વખતે કસૂર કરે તો સામાન્ય પરિવાહકને તેના લેણા વસૂલ કરવા માટે પૂરેપૂરા અમુક ભાગના કન્સાઈન્મેન્ટને સ્થગિત કરવા કે નિકાલ કરવા હક્કદાર રહે છે.

16. કન્સાઈનરે બુક કરેલ કન્સાઈન્મેન્ટની તારીખથી એકસો એંસી દિવસની અંદર કોઈ દાવો કે કાર્યવાહી કરવાની રહેતી હોય તો તેવો દાવો લાવવાની કે કાયદેસરની કાર્યવાહી કરવાની જે તે કન્સાઈન્મેન્ટના નાશ કે નુકસાન બાબતે લેખિત નોટિસ આવ્યા સિવાય સામાન્ય પરિવાહક વિરુદ્ધ કોઈ દાવો કે કાયદેસરની કાર્યવાહી થઈ શકશે નહીં.

17. આ કાયદામાં અન્ય રીતે જણાવ્યા જોગવાઈ કર્યા સિવાય તેને હેરફેર માટે સોંપાયેલ કન્સાઈન્મેન્ટને નીચે જણાવ્યા સિવાય કોઈપણ કારણસર કન્સાઈન્મેન્ટ નુકસાન નાશ વિનાશ કે બગાડ હેરફેર દરમિયાન કે ડિલિવરીમાં થાય તો તે સબબ સામાન્ય પરિવાહક જવાબદાર ઠરશે.

(અ) કુદરતી પ્રકોપ

(બ) યુદ્ધની સ્થિતિ કે જાહેર દુશ્મની

(ક) હુલ્લડ કે નાગરિક અફડાતફડી

(ડ) કાયદેસરની કાર્યવાહીમાં અટક, અટકાયત, કે જપ્તી વગેરે

(ઈ) આ હેતુમાં કેન્દ્ર સરકારશ્રી કે રાજ્ય સરકારશ્રી કે કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારશ્રીના તાબાના અમલદાર કે સત્તાધિકારી જારી કરેલ હુકમ નિયંત્રણ કે મનાઈ ફરમાઈશ લાદી હોય.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે કન્સાઈન્મેન્ટ વહન કરવામાં સામાન્ય પરિવાહકે ધોરણસરની કાળજી અને સંભાળ અખત્યાર કરીને તેને નાશ વિનાશ કે નકામા થઈ જવા કે માલની ડિલિવરી ન થવાની બાબતને સામાન્ય પરિવાહક નિવારી શકયા હોત. તેમ છતાં તેવા નુકસાન નાશ નોનડિલિવરી બગાડ માટે તેની જવાબદારીમાંથી મુક્ત કરી શકાય નહીં.

18. (૧) જે કોઈપણ કલમ ૩ કલમ ૧૩ની જોગવાઈઓ કે કલમ ૧૪ તળે જારી કરેલ નોટિસની જોગવાઈઓની વિરુદ્ધમાં વર્તશે, તે પહેલી વખતના ગુન્હા માટે પાંચ હજાર રૂપિયાના દંડ સુધી સજાપાત્ર થશે. બીજી વખતે કે તે પછીના ગુન્હામાં રૂપિયા દશ હજાર સુધીના દંડની સજાને પાત્ર થશે.

(૨) આ કાયદા તળે ગુન્હો કરનાર વ્યક્તિને કોઈ કંપની હોય, જ્યારે ગુન્હો આચરણ થયો ત્યારે દરેક વ્યક્તિ જે કંપનીના ધંધાના સંચાલનમાં કંપની વતી ચાર્જમાં હોય અને કંપનીને જવાબદાર હોય તેવા સંજોગોમાં તે વ્યક્તિ તેમજ કંપની તે ગુન્હા આચરણના ગુન્હેગારો ગણાશે અને કાયદેસરની કાર્યવાહી કરવાને તથા તદનુસાર સજા કરવાને જવાબદાર ઠરશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે જો તે વ્યક્તિ એવું પુરવાર કરી દે કે જે તે ગુન્હાનું આચરણ તેની જાણ બહાર થયું અથવા આવા ગુન્હાનું થતું આચરણ રોકવા માટે તેણે ધોરણસરની તકેદારી કાળજી રાખેલી તો આ પેટા કલમમાં સમાવિષ્ટ કંઈપણ તેવી વ્યક્તિને કોઈ સજા માટે જવાબદાર ઠેરવાશે નહીં.

(૩) પેટાકલમ (૧) માં સમાવિષ્ટ કંઈપણ ગણકાર્યા સિવાય આ કાયદા તળે જ્યારે એક ગુન્હો કોઈ કંપની દ્વારા થયો હોય અને તેવું પુરવાર થાય કે કંપનીના કોઈ ડાયરેક્ટર મેનેજર, સેક્રેટરી કે કંપનીના અન્ય અધિકારીની સંમતિ તેના ઈશારે થયેલ છે. અથવા તે કંપનીના ડાયરેક્ટર, મેનજર, સેક્રેટરી કે અન્ય અધિકારીશ્રીના પક્ષ કોઈ લાપરવાહી લાગુ પડી શકે

તેમ છે તો તેવા ડાયરેક્ટર, મેનેજર, સેક્રેટરી કે અન્ય અધિકારી સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે અને તદનુસાર સજા તેમને થઈ શકે છે.

ખુલાસો :- આ કલમના હેતુમાં :-

(અ) 'કંપની' શબ્દનો અર્થ એવો થાય છે કે કોઈપણ કોર્પોરેટ બોડી અને તે એક પેઢી કે વ્યક્તિઓના કોઈપણ સંગઠનોનો સમાવેશ કરે છે અને

(બ) પેઢી સંબંધમાં ડાયરેક્ટરનો અર્થ પેઢીમાં ભાગીદાર થાય છે.

19. (૧) કલમ ૧૮ તળે થયેલ કોઈપણ ગુન્હો કાનૂની કાર્યવાહી થયા પહેલાં કે પછી રાજ્ય સરકારશ્રી તેમના કચેરી રાજ્યપત્રમાં નિયત કરીને બતાવે તેવા અધિકારી કે તેવી સત્તા નિયત રકમના બદલામાં પતાવટ કરી શકે છે.

(૨) જ્યારે કોઈ ગુન્હાની પતાવટ પેટા કલમ (૧) તળે થઈ હોય ત્યારે ગુન્હેગારને છુટ્ટો કરાશે અને આવા ગુન્હા સબબ તેની વિરુદ્ધ કોઈ વિશેષ કાનૂની કાર્યવાહી કરાશે નહીં.

20. (૧) આ કાયદાની જોગવાઈઓનું પરિપાલન કરાવવા માટે કેન્દ્રીય સરકારશ્રી કચેરી રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ કરીને નિયમો બનાવી શકે છે.

(૨) ખાસ કરીને અને આગળ વર્ણન કરેલ સત્તાઓ અધિકારોની સામાન્યતાને પૂર્વગ્રહ કર્યા વિના, નીચે જણાવેલ તમામ અથવા તે માંહેની કોઈ એક બાબતને નિયમોની જોગવાઈ કરી શકાય.

(અ) મુખ્ય કચેરી કે શાખા કચેરીની નોંધણી અંગેનું પ્રમાણપત્ર આપવા કે નવું પ્રમાણપત્ર આપવા કે નવું કરવા માટેનુ અરજી કરવાનું સ્વરૂપ (ફોર્મ) અને અરજીની રીત અંગે કલમ-૪ ની પેટા કલમ (૨) અને (૩) તળે તે અંગેની ફી (લવાજમ)

(બ) કલમ ૪ ની પેટા કલમ (૪) ના વાક્ય (ડ) નીચે અરજીમાં જરૂરિયાતો પૂરી પાડવા માટે યોગ્યતા (એલીજીબીલીટી) માટે અન્ય શરતો.

(ક) નોંધણી અંગેનું પ્રમાણપત્ર આપવા કે નવું કરવાનું સ્વરૂપ અને શરતો જેને આધીન રહીને કલમ ૪ ની પેટા કલમ ૫ તળે પ્રમાણપત્ર આપી કે નવું કરી શકાય.

(ડ) કલમ ૪ ની પેટા કલમ (૭) તળે વાક્ય (અ) માં રજિસ્ટર જાળવવા બાબતનું સ્વરૂપ અને તેની રીત.

(ઈ) કલમ ૪ ની પેટા કલમ (૭) ના વાક્ય (ક) તળે નોંધણી સત્તાધિકારી અને પરિવહન શાખા જે માહિતી અને રિટર્ન રજૂ કરવાના છે.

(ફ) કલમ - ૬ ની પેટાકલમ (૨) તળે અપીલના મેમોરેન્ડમ રજૂ કરવા માટેનું લવાજમ (ફી)

(ગ) કલમ ૮ ની પેટા કલમ (૧) તળે કન્સાઈનરે લખી આપવાની માલ રવાના પાવતીનું સ્વરૂપ અને તેની રીત.

(હ) કલમ ૯ ની પેટા કલમ (૧) તળે સામાન્ય પરિવહને માલ મેળવવાની લખી આપવાની પહોંચનું સ્વરૂપ અને તેની રીત.

(આઈ)કલમ ૧૦ ની પેટા કલમ (૧) તળે કોઈ કન્સાઈનમેન્ટનો નાશ કે તેને થયેલા નુકસાન બાબતે સામાન્ય પરિવાહકની જવાબદારી.

(જે) કલમ ૧૩ ની પેટાકલમ (૧) અન્વયે હાનિકારક કે ભયજનક પ્રકારના માલને વહન કરવા માટેની પૂરી પાડવા યોગ્ય ગતિવિધિ અને સલામતી.

(કે) માનવ જીવનને હાનિકારક કે ભયજનક પ્રકારના માલનું વર્ગીકરણ (સ્પેસિફિકેશન) અને કલમ ૧૩ ની પેટા કલમ (૨) અન્વયે મોટર વાહનની ઉપર કે અંદર અને પરિવહનમાં આપેલ તેવા માલ ઉપર લગાડવા માટેનું લેબલ કે લેબલના પ્રકારો.

(એલ) બીજી કોઈ બાબત જે નિયત કરવી જરૂરી અથવા નિયત થઈ શકે છે.

(૩) આ કલમ તળે ઘડાયેલ દરેક નિયમ અને કલમ ૧૪ તળે જારી કરેલ દરેક નોટિસ તે ઘડાયા કે જારી કરાયા બાદ જેમ બને તેમ તુર્ત જ લોકસભાનાં બંને ગૃહો સમક્ષ રજૂ કરાશે જ્યારે તે સત્તામાં હોય અને તે ત્રીસ દિવસના સમય ગાળા સુધી રજૂ કરાશે જે સમયગાળો એક જ સત્તામાં કે બે કે તેથી વધુ સત્રમાં પૂરા થાય અને જો ઉપર જણાવેલ સત્ર કે તે પછીના પૂરા થતા સત્ર પછી તુર્ત જ સત્ર સમાપ્તિ પહેલાંનાં બંને ગૃહો નિયમમાં કે પ્રસિદ્ધ (નોટિફિકેશન) માં સુધારો વધારો કરવા માટે સંમત થાય તો અથવા જો વધારો કરવા માટે સંમત થાય તો અથવા જો બંને ગૃહો સંમત થાય કે તે નિયમ ઘડી શકાય નહીં કે પ્રસિદ્ધિ જારી કરી શકાય નહી તો ત્યાર પછી તે નિયમ કે પ્રસિદ્ધિની અસર તેવા સુધારા સાથેના સ્વરૂપમાં જ રહેશે, અથવા કોઈ અમલમાં નહીં રહે જેવા સંજોગો તેથી તેમ છતાં આવું કંઈપણ રદ્દીકરણ કે સુધારો તે નિયમ કે પ્રસિદ્ધિ તળે થયેલ કોઈપણ કાર્યવાહીને પૂર્વગ્રહ કરશે નહીં.

21. (૧) આ કાયદાની કોઈપણ જોગવાઈનો અમલ કરવામાં જો કોઈ મુશ્કેલી ઊભી થતી હોય તો કેન્દ્રસરકારશ્રી તેના કચેરી રાજ્યપત્રમાં સામાન્ય કે ખાસ પ્રકારની પ્રસિદ્ધિ કરીને આ કાયદાની કોઈ જોગવાઈને પ્રતિરૂપ નહીં તેવી જોગવાઈઓ કરશે જે તેને મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી જણાતી હોય.

એવી શરતી જોગવાઈ કરવામાં આવે છે કે આ કાયદાની શરૂઆતની તારીખનાં બે વર્ષ પૂરાં થયા બાદ આ કલમ તળે આવા હુકમો કરાશે.

(૨) પેટાકલમ (૧) તળે કરાયેલ હુકમ તે હુકમ પસાર કર્યા બાદ બને તેટલી ત્વરાથી લોકસભાના દરેક ગૃહ સમક્ષ મૂકવામાં આવશે.

22. (૧) ૧૮૬૫ નો કેરિયર્સ કાયદો આથી અત્રે રદ કરવામાં આવે છે.

(૨) ૧૮૬૫ નો કેરિયર્સ કાયદો રદ કર્યાને ધ્યાને નહીં લેતાં, તે કાયદા તળે કંઈપણ કાર્યવાહી થઈ હોય કે કોઈ પગલાં લેવાયાં હોય તો તે જ્યાં સુધી તેવી કાર્યવાહી કે તેવાં પગલાં આ કાયદાની કોઈ જોગવાઈને પ્રતિરૂપ (ઈન્કોસિસ્ટન્ટ) ન હોય ત્યાં સુધી આ કાયદાની જોગવાઈઓ તળે થયેલ કાર્યવાહી કે લેવાયેલ પગલું ગણાશે અને આ કાયદાને તળે કોઈ કાર્યવાહી કોઈ પગલાં દ્વારા સુપરસીડ ન કરાય ત્યાં સુધી તદનુસાર અમલમાં ચાલુ રહેશે.

(૩) આ કલમમાં અમુક બાબતોનો નિર્દેશ રીપીલ (રદ્દીકરણ) ના અમલ બાબત-જનરલ-ક્લોઝીઝ કાયદા-૧૮૯૭ ની કલમ ૬ ની સામાન્ય અસરને પૂર્વગ્રહ કે નુકસાનકર્તા ઠરાવાશે નહીં.

**કે. એન. ચતુર્વેદી**
**ભારત સરકારશ્રીના**
**સેક્રેટરી.**

• • •

# દરિયાકિનારાના છોડ અને પ્રાણી ઉછેર બાબતે સત્તાનો અધિનિયમ, ૨૦૦૫
## (૨૦૦૫ નો ૨૪મો)
## Coastal Aquaculture Authority Act - 2005

*કલમ - ૨૭ ને તત્કાલ અમલી બનાવાઈ છે. જ્યારે આ કાયદાની બાકીની જોગવાઈઓની અસર જાહેરમાં વિદિત કરવામાં આવે તે તારીખથી રહેશે.*

*લોકસભાનો નીચે જણાવેલ અધિનિયમ ભારત રાષ્ટ્ર પ્રમુખશ્રીની સંમતિ તારીખ ૨૩-૬-૨૦૦૫ ના રોજ મેળવી ચૂકયો છે. અને તે અત્રેથી સામાન્ય જન માહિતી માટે જાહેર કરવામાં આવે છે.*

**(૨૦૦૫ નો ૨૪ મો)**

**(૨૦૦૫ ની ૨૩ મી જૂન)**

*દરિયાકિનારાના છોડ-પ્રાણીના ઉછેર સાથે અને દરિયાકિનારાના છોડ-પ્રાણી સાથે જોડાયેલ કે તેને લગતી બનતી બાબતો સાથે જોડાયેલ કારકિર્દી કાર્યવાહીના નિયમન માટે દરિયાકિનારાના છોડ-પ્રાણી ઉછેર બાબતની સત્તા અધિકારની સ્થાપના પૂરી પાડવા માટેનો અધિનિયમ*

*સ્વતંત્ર ભારતના છપ્પનમા વર્ષમાં લોકસભા દ્વારા નીચે પ્રમાણે ઘડવામાં આવે છે.*

### પ્રકરણ - ૧
### પ્રારંભિક

**૧. ટૂંક શીર્ષક અને શરૂઆત :-**

*(૧) આ અધિનિયમને દરિયાકિનારાના છોડ-પ્રાણી ઉછેર સંબંધિત અધિકાર સત્તાનો અધિનિયમ, ૨૦૦૫ કહી શકાય છે. (મે બી)*

*(૨) અધિનિયમની કલમ - ૨૭ ની જોગવાઈઓ તત્કાલ અસરથી અમલમાં રહેશે, અને આ અધિનિયમની બાકીની જોગવાઈઓ કેન્દ્ર સરકાર તેમના રાજ્યપત્રિત ગેઝેટમાં નક્કી કરે તે તારીખથી અમલમાં આવશે.*

**૨. વ્યાખ્યાઓ :-**

*૧. આ અધિનિયમમાં, વાકયમાં તેનો પૂર્વાપર સંબંધ અન્ય જરૂરિયાત ન દર્શાવે તો,*

*(અ) "સત્તા અધિકાર" નો અર્થ દરિયાઈ છોડ-પ્રાણી ઉછેરની સત્તા જેની કલમ - ૪ ની પેટા કલમ (૧) નીચે સ્થાપના થઈ હોય, તે થાય છે.*

*(બ) "ચેર - પરસન" નો અર્થ તેવી સત્તાના ચેર પરસન, તેવો થાય છે.*

*(ક) "દરિયાકિનારાના છોડ-પ્રાણી ઉછેર" નો અર્થ, દરિયાકિનારા વિસ્તારમાં આવેલ સરોવરો, ખાડી, બંધિયાર, કે અન્યથા જે માછીમારી દરિયાઈ શ્રીંપ પ્રાણીઓ અને તેના શિકાર હેતુ ઉપયોગી હોય, કે અન્ય દરિયાઈ પ્રાણી જે ક્ષારવાળા કે સહેજ ખારાશવાળા પાણીમાં મળી આવતાં હોય તેના શિકાર બાબતે રાખેલ સરોવર ખાડીનો નિયંત્રિત સ્થિતિમાં વિકાસ, તેવો થાય છે.*

*(ડ) "દરિયાઈ કિનારા વિસ્તાર" નો અર્થ તા. ૧૯-૨-૧૯૯૧ ના રોજ નં. એસ.ઓ. ૧૧૪ (ઈ) થી (વન્ય વાતાવરણ, વન અને જંગલી જીવન ખાતાની) વન્ય વાતાવરણ*

*અને વન બાબતના ભારત સરકારશ્રીની પ્રસિદ્ધિ જે જે તે સમય પૂરતી અમલમાં હતી, તે દરિયાઈ કિનારાના નિયમન વિભાગ તરીકે તેવો થાય છે અને તે તેવા બીજા વિસ્તારનો પણ સમાવેશ જેનો કેન્દ્રીય સરકારશ્રી તેમની કચેરીના રાજ્યપત્રિત ગેઝેટ દ્વારા ઉલ્લેખ કરશે.*

*(ઈ) "મેમ્બર" (સભ્ય) નો અર્થ કલમ - ૪ ની પેટા કલમ - ૩ તળે નિયુકત થયેલ સત્તાધિકારનો સભ્ય થાય છે. અને તે ચેર પરસન અને મેમ્બર સેક્રેટરીનો સમાવેશ કરે છે.*

*(ફ) "નિયત" (પ્રિસ્ક્રાઈબ્ડ) નો અર્થ આ અધિનિયમ તળે ઘડેલા નિયમોથી નિયત - નિર્દિષ્ટ તેવો થાય છે.*

*(ગ) "નિયમનો" નો અર્થ આ અધિનિયમ તળે સત્તાધિકારીએ ઘડેલા નિયમનો એવો થાય છે.*

*(૨) અત્રે ઉપયોગમાં લેવાયેલા શબ્દો જેની વ્યાખ્યા આપવામાં આવી ન હોય પરંતુ તેમની વ્યાખ્યા પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ ૧૯૮૬ (૧૯૮૬ નો ૨૯ મો) માં આપવામાં આવી હોય, તે અધિનિયમમાં આપવામાં આવેલ જે તે શબ્દનો અર્થ અત્રેના શબ્દોને ક્રમવાર લાગુ પડશે.*

## પ્રકરણ - ૨

## કેન્દ્રીય સરકારની સામાન્ય સત્તાઓ

**3. કેન્દ્ર સરકારશ્રીની વાતાવરણ જીવનના રક્ષણ હેતુ કાર્યવાહી કરવાની સત્તાઓઃ-**

*દરિયાઈ છોડ પ્રાણી ઉછેર દરિયાઈ વાતાવરણ અને જીવનને કોઈ નુકસાનકર્તા ન બને તે જોવા માટે માર્ગદર્શનોનો નિર્દેશ કરીને દરિયાકિનારાનાં છોડ-પ્રાણીઓના ઉછેરના નિયમનને ઉચિત અને જરૂરી જણાય તેમ કેન્દ્ર સરકારશ્રીને ઠીક લાગે તેવી કાર્યવાહી કરશે અને દરિયાકિનારાના વિસ્તારમાં રહેવાના વિવિધ વર્ગોના જીવનભરણ (ભરણપોષણ) ના રક્ષણ માટે દરિયાકિનારાના છોડ-પ્રાણી ઉછેરને નિયમનકર્તા આવા માર્ગદર્શનમાં જવાબદાર દરિયાકિનારા છોડ-પ્રાણી ઉછેરનો આદર્શ જળવાઈ રહેશે.*

## પ્રકરણ - 3

## દરિયાકિનારાના છોડ - પ્રાણી ઉછેર બાબતના સત્તાધિકાર

**૪. સત્તા અધિકારની સ્થાપના અને ચેર પરસન અને સભ્યોની નિમણૂક :-**

*(૧) કેન્દ્રીય સરકારની તેમના રાજ્ય પત્રિત કચેરી, ગેઝેટમાં નક્કી કરે તે તારીખની અસરથી, આ કાયદાના હેતુમાં એક સત્તાધિકાર જે દરિયાઈ કિનારા છોડ-પ્રાણી ઉછેર - સત્તા કહેવાશે, તેની સ્થાપના થશે.*

*(૨) આવી સત્તાનું મુખ્ય મથક (હેડ ઓફિસ) એવી જગ્યાએ રહેશે જે કેન્દ્ર સરકારશ્રી નક્કી કરશે.*

*(૩) આ સત્તા નીચે જણાવ્યા સભ્યોની બનશે જેની નિમણૂક કેન્દ્ર સરકાર કરશે જે :-*

*(અ) ચેર પરસન જે એક વડી અદાલત (હાઈકોર્ટ) ના ન્યાયમૂર્તિ છે, કે હતા.*

*(બ) એક સભ્ય, જે દરિયાકિનારાના છોડ-પ્રાણી ઉછેર બાબતના નિષ્ણાત હોય.*

(ક) કેન્દ્ર સરકારના સમુદ્રિ વિકાસ ખાતા દ્વારા નામ નિર્દેશ કરાયેલ દરિયાકિનારાના ઈકોલોજીના ક્ષેત્રમાં નિષ્ણાત.

(ડ) સમાજ જીવન સંરક્ષણ અને પ્રદૂષણ નિયંત્રણના ક્ષેત્રમાં નિષ્ણાત એવા એક સભ્ય જે કેન્દ્ર સરકારના સમાજ જીવન (એન્વાયરમેન્ટ) સંયોગો અને વન વિભાગના મંત્રાલય દ્વારા નામ નિર્દેશ કરાયેલા હોય.

(ઈ) કેન્દ્ર સરકારના ખેતીવાડી ખાતાના મંત્રાલયનું પ્રતિનિધિત્વ કરતા એક સભ્ય.

(ફ) એક સભ્ય જે કેન્દ્ર સરકારના વાણિજય વિભાગના મંત્રાલયનું પ્રતિનિધિત્વ કરે.

(ગ) પરંપરાગત રીતે જે તે રાજ્યને પ્રતિનિધિત્વ કરનાર દરિયાઈ રાજ્યોના ચાર સભ્યો.

(હ) એક સભ્ય સેક્રેટરી.

(૪) ચેર પરસન અને અન્ય દરેક સભ્યની કચેરીના સમયગાળાની મુદત ત્રણ વર્ષ રહેશે.

(૫) સભ્યોને આપવાપાત્ર વેતન અને ભથ્થાં અને તેમની સેવાની બીજી શરતો અને મુદતો તેવી હશે જે નિયત કરેલી હશે.

**૫. સભ્ય તરીકે નિયુકત થયેલની ગેરલાયકાત :-**

સભ્ય તરીકે નિયુકત થયેલ કોઈપણ વ્યક્તિ તેની નિયુક્તિમાં નીચેના સંજોગોમાં ગેરલાયક થશે.

(અ) તે વ્યક્તિ એવા ગુન્હા સબબ તકસીરવાર ઠરીને જેલ સજાનો હુકમ થયેલ છે. જે ગુન્હો, કેન્દ્ર સરકારશ્રીના મતે સચ્ચારિત્રથી અસંગત બાબતને આવરી લેતો હોય.

(બ) મુકત ન થયેલો કરજદાર છે, અથવા

(ક) નબળા મનનો હોય અને તેમ હોવાને સક્ષમ કાનૂની અદાલતે જાહેર કરેલો હોય, અથવા

(ડ) સરકાર કે કોર્પોરેશનની નોકરીમાંથી રૂખસદ આપેલ હોય કે નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા હોય કે જે કોર્પોરેશન સરકારશ્રીની માલિકી અને નિયંત્રણમાં હોય.

(ઈ) કેન્દ્ર સરકારના અભિપ્રાય મુજબ આ સત્તાધિકારમાં તેનું આર્થિક કે અન્ય તેવું હિત ધરાવે છે. જે સભ્ય તરીકેની તેની કાર્યવાહીને પૂર્વગ્રહિત રીતે નુકસાનકર્તા બને તેમ છે.

**૬. સભ્ય તરીકેની નિમણૂક - લાયકાત :-**

કલમ - ૪ ની પેટા કલમ (૫) ને આધીન રહીને, સભ્ય તરીકેની મુદત પૂરી કરી રહેતા હોય તેવા સભ્ય તરીકે ફરીને નિયુકિતને પાત્ર રહેશે ઉપરા-ઉપરી વધુ બે મુદતથી વિશેષ નહીં

**૭. સત્તાધિકારની મીટિંગ :-**

(૧) સત્તાધિકારીઓ (ઓથોરિટી) તેવા સમય અને તેવી જગ્યાઓએ મીટિંગ ભરશે, અને તેમની મીટિંગમાં વ્યવસાયના વ્યવહારો વિષેની ગતિવિધિના તેવા નિયમોની નોંધ કરશે (મીટિંગમાંહેના કોરમ સહિત) જે નિયમનો દ્વારા જણાવેલ હોય.

(૨) કોઈ કારણસર જો ચેર પરસન આ સત્તાની કોઈ મીટિંગમાં હાજર રહી શકે તેમ ન હોય તો, મીટિંગમાં હાજર અન્ય સભ્યો દ્વારા પસંદ કરાયેલ કોઈ એક સભ્ય મીટિંગની આગેવાની કરશે. (પ્રીસાઇડ ઓવર)

(૩) આ સત્તાની મીટિંગ દરમિયાન ચર્ચામાં આવતા બધા જ પ્રશ્નો હાજર રહેલા અને મત આપીને સભ્યોના બહુમતી મતથી પ્રશ્નોનું નિરાકરણ થશે. મતોની બંને બાજુ સમાનતાના કિસ્સામાં,

*ચેર પરસન, અથવા તેમની અનુપસ્થિતિમાં મીટિંગની આગેવાની કરનાર સભ્યને, બીજો અથવા ઉમેરાનો મત રહેશે અને તેવો બીજો અથવા ઉમેરો કરતો મત અધિકાર અખત્યાર કરી શકશે.*

**૮. સત્તા (બંધારણ) માંહેની ખાલી જગ્યા કાર્યવાહી-કાર્યને ગેરકાયદે કે અયોગ્ય ઠરાવશે નહીં :-**

*આ સત્તાનું કોઈપણ કાર્ય કે કાર્યવાહી નીચે જણાવ્યાં કારણો માત્રને લીધે અયોગ્ય ઠરાવશે નહીં જેમ કે :-*

*(અ) આ સત્તાના (સભ્યો) ની કોઈ ખાલી જગ્યા છે અથવા સત્તાના બંધારણમાં - માળખામાં કોઈ ખામી છે, અથવા*

*(બ) આ સત્તાના સભ્ય તરીકે કામગીરી કરી રહેલી કોઈ વ્યક્તિની નિમણૂકમાં કોઈ ભૂલચૂક છે, અથવા*

*(ક) જે તે કિસ્સાના ગુણદોષને નુકસાન ન કરતી કોઈ ગતિવિધિના અનુસરણમાં આ સત્તાએ કોઈ અનિયમિતતા દાખવી હોય.*

**૯. આ સત્તાના અમલદારો મુલાકાતીઓ અને અન્ય નોકરિયાતોની નિયુકિત :-**

*(૧) આ સત્તા તેની ફરજો કાર્યોને પૂરાં કરવાના હેતુમાં, આ સત્તા એવા અધિકારીઓ અને નોકરિયાતોની એવી સંખ્યામાં નિમણૂક કરશે જે તેમને યોગ્ય લાગશે અને તેવી શરતો અને મુદતોને આધીન જે નિયમનો દ્વારા ઘડી કાઢેલ હોય.*

*(૨) આ સત્તા કોઈ પણ વ્યક્તિને તેમને જરૂરી જણાય તો સલાહકાર કે મુલાકાતી તરીકે જેમ તેને યોગ્ય લાગે તેમ તેમને ઠીક લાગે તેવી શરતો મુદતોને આધીન જે નિયમનો દ્વારા નિર્દેશ કરેલ હોય.*

**૧૦. આ સત્તાના હુકમો અને અન્ય દસ્તાવેજોની સત્ય પ્રમાણિતતા :-**

*આ સત્તાના સર્વ હુકમો, નિર્ણયો અને બીજાં સાધનો કાગળો ચેર પરસન અથવા ચેર પરસને અધિકૃત કરેલ આ સત્તાના કોઈપણ સભા કે કોઈ અમલદારની સહી નીચે પ્રમાણિત થશે.*

## પ્રકરણ - ૪

## આ સત્તાધિકારીની સત્તા અને કાર્યવાહી

**૧૧. આ સત્તાધિકારીની સત્તા :-**

*(૧) કલમ - ૩ તળે કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલ માર્ગદર્શનને આધીન રહીને આ સત્તાધિકારી નીચે મુજબની સત્તાને અખત્યાર કરશે અને નીચે જણાવ્યા મુજબ ફરજો બજાવશે.*

*(અ) દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાઈ જીવન વનસ્પતિ ઉછેરની ફાર્મ બનાવવા તથા તેના સંચાલનને માટે નિયમનો બનાવશે.*

*(બ) દરિયાકિનારાના દરિયાઈ જીવ વનસ્પતિ ઉછેર માટેની ફાર્મ નથી તેમના સમાજ જીવનને લગતી - થતી અસર જાણવા માટે દરિયાકિનારાના દરિયાઈ કિનારાના જીવ વનસ્પતિ ફાર્મનું નિરીક્ષણ કરશે.*

(ક) દરિયાકિનારાના દરિયાઈ કિનારા જીવ વનસ્પતિના ફાર્મની નોંધણી કરવી.

(ડ) કોઈપણ દરિયાકિનારાના જીવ વનસ્પતિ જીવન માટેની ફાર્મ જે પ્રદૂષણ ઉત્પન્નકર્તા હોય તેને, તે ફાર્મના ધારક કબજેદારને સાંભળ્યા પછી, દૂર ખસેડવા કે તોડી પાડવાનો હુકમ કરવો.

(ઈ) નિર્દેશ કરી શકાય તેવી બીજી કાર્યવાહીની ફરજો બજાવવી.

(૨) જ્યાં આ સત્તા પેટા કલમ - ૧ ના વાક્ય (ડ) તળે દરિયાઈ જીવ વનસ્પતિ માટે દરિયા કિનારાની કોઈ ફાર્મને દૂર કરવાનો કે તોડી પાડવાનો હુકમ કરશે ત્યારે તે ફાર્મના કામદારોને તેવું વળતર આપવામાં આવશે જે કામદારો અને ફાર્મના વ્યવસ્થાપક વચ્ચે સંમત થાય - જે એક સત્તાધિકારી દ્વારા અપાશે - અને તે વળતર આપનાર અધિકારીઓમાં આ સત્તાએ નિમણૂક કરેલ એક વ્યક્તિ આપેલ હશે અને આવા અધિકારીઓ જિલ્લા મેજિસ્ટ્રેટની એવી સત્તાઓ અખત્યાર કરશે, આ હેતુમાં જે નિયત કરેલ હોય.

**૧૨. પ્રવેશ કરવાની સત્તા :-**

આ હેતુમાં ઘડેલ કોઈપણ નિયમને આધીન રહીને, અત્રેની સત્તાએ જે તે હેતુમાં સામાન્ય રીતે કે ખાસ કરીને, જ્યાં જ્યાં તેમ કરવું જરૂરી હોય ત્યાં, આ કાયદાના હેતુઓમાં કોઈપણ યોગ્ય સમયે, કોઈપણ દરિયાકિનારાના જીવ વનસ્પતિની જમીનમાં તળાવ કે ખાડામાં કે બંધિયાર પાણી ખાડીમાં પ્રવેશ કરશે અને

(અ) કોઈપણ જાતનું નિરીક્ષણ, માપણી, માપ નોંધ, કિંમત આંકણી કે પૂછતાછ કરી શકશે.

(બ) ત્યાં રહેલ કોઈ પણ માળખું (કન્સ્ટ્રકશન) દૂર કરશે અથવા તોડી પાડશે.

(ક) નિયત કરેલ બીજી એવી કોઈપણ કાર્યવાહી કે વસ્તુ કરી શકશે.

શરત એટલી જ કે આવી દરિયાકિનારાના જીવન વનસ્પતિ ઉછેરની કોઈ જમીન, સરોવર, ખાડી કે બંધિયાર પાણીમાં આવી કોઈ અધિકૃત વ્યક્તિ જે તે જમીન, તળાવ, સરોવર, ખાડી કે બંધિયાર પાણીના કબજેદારને ઓછામાં ઓછી ૨૪ કલાકની લેખિત નોટિસ કર્યા સિવાય આવા ઈરાદાનું કોઈ કૃત્ય કરશે નહીં.

**૧૩. દરિયાકિનારાના દરિયાઈ જીવન વનસ્પતિ ઉછેર માટેની નોંધણી :-**

(૧) આ કલમમાં બીજી રીતે જોગવાઈ કરેલ હોય તે સિવાય કોઈપણ વ્યક્તિ જેણે આ સત્તા સાથે પેટા કલમ - ૫ તળે તેની ફાર્મની નોંધણી કરાવી ન હોય અથવા પેટા કલમ - ૯ ના અનુસંધાને નોંધણી ન કરાવી હોય (જેવો કિસ્સો) તેવી કોઈપણ વ્યક્તિ પરંપરાગત દરિયાઈ પ્રાણી વનસ્પતિ સંવર્ધન ફાર્મમાં દરિયાકિનારાના વિસ્તારમાં રૂઢિગત દરિયાઈ કિનારાના પ્રાણી વનસ્પતિ ઉછેરનું કાર્ય ચાલુ રાખશે નહીં કે ચાલુ રખાવશે નહીં કે જે વિસ્તાર પેટા કલમ - ૯ માં ઉલ્લેખ કરેલ દરિયાઈ કિનારા નિયમન વિસ્તાર (કોસ્ટલ રેગ્યુલેશન ઝોન) માં સમાવિષ્ટ હોય, અને નિયુક્ત તારીખ ઉપર જે દરિયાકિનારાના પ્રાણી વનસ્પતિ સંવર્ધન હેતુમાં ઉપયોગ ન થતો હોય.

(૨) પેટા કલમ - ૧ માં જણાવેલ કોઈપણ બાબતને સાથે ન રાખતાં નિયુક્ત તારીખ પહેલાંના (તુર્ત જ) સમયે દરિયાઈ પ્રાણી વનસ્પતિ સંવર્ધનમાં વ્યસ્ત કોઈપણ વ્યક્તિ તે તારીખ પછીના ત્રણ માસ સુધી આવી કાર્યવાહી કરવાનું, રજિસ્ટ્રેશન ન કરાવ્યું હોય તો પણ ચાલુ રાખશે, અને ઉકત ત્રણ માસના સમયગાળા દરમિયાન જો તે આવી નોંધણી (રજિસ્ટ્રેશન) માટે પેટા

કલમ - ૪ તળે અરજી કરે, તે ત્રણ માસ દરમિયાન તેની અરજીનો સત્તા દ્વારા નિકાલ આવે તે સમયગાળા સુધી તે કાર્યવાહી ચાલુ રાખી શકે છે.

(૩) પેટા કલમ - ૫ તળે નોંધણી થયેલ અથવા પેટા કલમ - ૯ ના અનુસંધાનેઃ-

(અ) પાંચ વર્ષના ગાળા માટે યોગ્ય કાયદેસર રહેશે.

(બ) તેટલા કે તેવા જ સમયગાળાની મુદત સુધી વારંવાર નવી કરણ થઈ શકશે (રીન્યુડ) અને

(ક) તેવા સ્વરૂપમાં (ફોર્મ) અને તેવી શરતોને આધીન રહેશે જે નિયમનો દ્વારા નિર્દેશ કરેલ હોય.

(૪) જે વ્યક્તિ દરિયાઈ પ્રાણી - વનસ્પતિ ઉછેરની કાર્યવાહી કરવા ઇચ્છતી હોય તેમણે તેમની ફાર્મના રજિસ્ટ્રેશન માટે તેવા સ્વરૂપમાં (ફોર્મ) અને તેટલા લવાજમ સાથે (ફી) આ સત્તા સમક્ષ રજિસ્ટ્રેશન માટે અરજી કરશે, કે અરજીના સ્વરૂપ અને સાથેના લવાજમ બાબતે રજિસ્ટ્રેશન અંગે પેટા કલમ - ૫ તળે નિર્દેશ કરેલ છે.

(૫) પેટા કલમ - ૪ તળે કરેલી અરજી સત્તાધિકાર (ઓથોરિટી) ને મળવાથી તેની નિયત રીત-રસમમાં અરજીની વિચારણા કરશે અને અરજી ઉપરની વિચારણાને અંતે ફાર્મની નોંધણી કરશે અથવા અરજીનો અસ્વીકાર કરશે, રદ કરશે.

શરત એટલી કે, આવી અરજીની અસ્વીકૃતિ બાબતે કારણોની નોંધ કર્યા વિના આ સત્તા (ઓથોરિટી) અરજીનો અસ્વીકાર કરશે નહીં.

(૬) આ સત્તાધિકારી પેટા કલમ - ૫ તળે ફાર્મની નોંધણી કર્યા પછી, આવા રજિસ્ટ્રેશન માટે અરજ લાવનાર વ્યક્તિને નિયત સ્વરૂપમાં નોંધણી પ્રમાણપત્ર સર્ટિફિકેટ ઓફ રજિસ્ટ્રેશન) ફાળવશે.

(૭) બે હેકટર કે તેથી વધુ વિસ્તારમાં ફેલાયેલા પાણીવાળા ફાર્મના કિસ્સામાં, દરિયાકિનારાના પ્રાણી વનસ્પતિ ઉછેરને સંબંધિત કોઈપણ કાર્યવાહી શરૂ કરવા માટે નોંધણીની અરજી, આ સત્તાધિકારીશ્રી તેમને યોગ્ય જણાય તેવી તપાસ કાર્યવાહી કર્યા પછી, તેમને તેવો સંતોષ ન થાય કે આવી ફાર્મની નોંધણી દરિયાકિનારા વિસ્તારના સમાજ જીવનને નુકસાનકારક નથી તો દરિયાઈ કિનારાના પ્રાણી વનસ્પતિ ઉછેરની ફાર્મની નોંધણી પેટા કલમ - ૫ તળે વિચારણામાં લેશે નહીં.

(૮) આ કલમમાં નિર્દિષ્ટ કંઈ પણ બાબતને સાથે ન રહેતા,

(અ) મોટી ભરતીની હરોળથી બસો મીટરના વિસ્તારમાં દરિયાકિનારાના પ્રાણીસંવર્ધનની કાર્યવાહી કરી શકાશે નહીં.

(બ) નાના બંદર (ખાડી) નદી કે ભરતીના પાછા ફરતા પાણીમાં (બેકવોટર) જે ૧૯૮૬ ના (૧૯૮૬ નો ૨૯) સમાજ જીવન (સંરક્ષણ) ધારાના દરિયાકિનારા નિયમન વિસ્તારમાં આવતા હોય, તેના પર આવી કાર્યવાહી થઈ શકશે નહીં.

શરત એટલી કે દરિયાઈ કિનારાના પ્રાણી સંવર્ધનની ફાર્મ જે નિયુક્તિની તારીખે કાર્ય કરતી અસ્તિત્વમાં હોય તેને અને બિનવ્યાવસાયિક અને પ્રયોગાત્મક દરિયાઈ પ્રાણી સંવર્ધનની ફાર્મ સરકારશ્રીની સંશોધન કરતી સંસ્થા દ્વારા હાથ ધરાઈ હોય કે

હાથ ધરાવાને વિચારાધીન હોય અને જેને સરકારશ્રી ભંડોળ પૂરું પાડતી હોય તેવી ફાર્મને આ પેટા કલમમાં હેતુ કંઈપણ લાગુ પડતું નથી.

વિશેષમાં શરત એટલી કે, આ સત્તાધિકાર પ્રથમ જોગવાઈ તળે મુક્તિ આપવાના હેતુમાં (એકઝમ્પ્ટ) દરિયાકિનારાના પ્રાણી સંવર્ધન ફાર્મને સમયે સમયે તેના અસ્તિત્વ અને કાર્યવાહીને પુનઃ બહાલી (રિવ્યુ) આપશે અને આવી પુનઃ બહાલીની પશ્ચાત ભૂમિકામાં (વિચારણામાં) દરિયાઈ પ્રાણી સંવર્ધન ફાર્મને આ કલમની જોગવાઈઓ લાગુ પડશે.

ખુલાસો :- આ પેટા કલમના હેતુઓમાં ઊંચી ભરતી (હાઈ ટાઈડ) નો અર્થ ઉચ્ચતમ મોજાંના સમય દરમિયાન જે જમીનની સીધી લાઈનમાં ઉચ્ચતમ મોજાંનું પાણી પહોંચતું હોય તે લાઈન (સીધ)

(૯) આ કલમમાં નિર્દિષ્ટ કંઈ પણ બાબતે નહીં જોતાં, કોઈપણ પરંપરાગત દરિયાઈ કિનારા પ્રાણી વનસ્પતિ ઉછેર ફાર્મ જે પર્યાવરણ અને વન મંત્રાલય (પર્યાવરણ વન અને વન્યજીવન વિભાગ)નું જાહેરનામું (નોટિફિકેશન) નંબર એસ.ઓ. ૧૧૪ (ઈ) તારીખ ૧૯-૨-૧૯૯૧ દ્વારા જાહેર થયેલ દરિયાકિનારા નિયમન વિભાગમાં (કોસ્ટલ રેગ્યુલેશન ઝોન) આવતી હોય અને નિયુકત તારીખ પર દરિયાકિનારાના પ્રાણી વનસ્પતિ ઉછેરના હેતુમાં ઉપયોગ ન થતો હોય (ન થયો હોય) આવી જગાના માલિકીની સાબિતી આપતા દસ્તાવેજો જે તે ફાર્મના માલિક દ્વારા આ સત્તાધિકારીને રજૂ કરાતાં, પેટા કલમ - ૫ તળે નોંધણી થશે. ઉપરોકત (દસ્તાવેજો વગેરે સાબિતી આપવામાં) નિષ્ફળ થવાથી, પેટા કલમ - ૫ તળે નોંધણી થશે નહીં, અને આવી વ્યક્તિ આવી નોંધણી થયા પછી જો આવા ફાર્મનો ઉપયોગ એક વર્ષના ગાળામાં દરિયાઈ કિનારા પ્રાણી વનસ્પતિ ઉછેરના ઉપયોગમાં, તો આ સત્તાધિકારી તેની નોંધણીને રદ કરશે.

(૧૦) જે કોઈ વ્યક્તિ પેટા કલમ - ૫ અન્વયે કે પેટા કલમ - ૯ ના અનુસંધાને તેમની નોંધણી નવીકરણ કરવા ઈચ્છતા હોય તે નિયત ફોર્મમાં, નિયત લવાજમ સાથે આ સત્તાધિકારીને તેમની નોંધણીની મુદત પૂરી થવાના બે માસ અગાઉના સમયગાળામાં અરજી કરશે અને આવી અરજી મળ્યા બાદ, આ સત્તાધિકારી આવી નોંધણીને નવીકરણ (રિન્યુ) કરશે, અને આવા હેતુ માટે, આ ફોર્મ સંબંધિત (અરજી) નોંધણીનું પ્રમાણપત્ર જે પેટા કલમ - (૬) તળે અપાયેલ હોય, તેમાં તેના સીલ (સ્ટેમ્પ) સાથે નોંધ કરશે.

(૧૧) આ સત્તાધિકારીને તે બાબત સંતોષકારક રીતે જણાય કે જે વ્યક્તિને આવી નોંધણી કરી આપવામાં આવી છે તે દરિયાકિનારા પ્રાણીના ઉછેર હેતુમાં ઉપયોગ કરવામાં નિષ્ફળ થયેલ છે અથવા કોઈ યોગ્ય કારણ (સંયોગ) વિના આ કાયદાની જોગવાઈઓનો ભંગ કરેલ છે અથવા કોઈ નિયમ નિયમન - સૂચના કે કલમ - ૧૧ તળે થયેલ હુકમનો અનાદર કર્યો છે, તો આ સત્તા પેટા કલમ - ૧૦ તળે નોંધણી નવીકરણની ના કરી શકે છે.

શરત એટલી જ કે આવી વ્યક્તિને આ અંગે સાંભળવાની તક આપ્યા વિના નોંધણી નવીકરણની આવી મનાઈ કરી શકાશે નહીં.

**ખુલાસો :-૧**. આ કલમના હેતુઓમાં નિયુકત દિવસ (એપોઈન્ટેડ ડે ) નો અર્થ આ સત્તાની સંસ્થાપનાની તારીખ

**ખુલાસો :- ૨.** *શંકાઓના નિવારણ માટે, આથી અત્રે જાહેર કરવામાં આવે છે કે પેટા કલમ - ૧૦ અને ૧૧ માં ઉલ્લેખ કરેલ શબ્દો નોંધણી નવીકરણ કરવા (ટુ રિન્યુ ધ રજિસ્ટ્રેશન) નું અર્થઘટન નોંધણીના વિશેષ નવીકરણ (આગળ ઉપર ) ને આવરી લેશો.*

14. IkkUÄye fÈko rðLkk ËrhÞkrfLkkhkLkk ËrhÞkE «kýe ðLkMÃkrík WAuhLke fkÞoðkne [k÷w hk¾ðk {kxuLke Mkò :–

*જો કોઈ વ્યક્તિ દરિયાકિનારાના દરિયાઈ પ્રાણી - વનસ્પતિ સંવર્ધનની કે પરંપરાગત દરિયાઈ કિનારાના પ્રાણી સંવર્ધન કાર્યવાહી ચાલુ રાખશે અથવા દરિયાકિનારાના પ્રાણી - વનસ્પતિ, સંવર્ધન કે પરંપરાગત દરિયાઈ પ્રાણી વનસ્પતિ સંવર્ધનની કાર્યવાહી ચાલુ રાખવામાં ભાગ લેશે (કરાવશે) જે કલમ - ૧૩ ની પેટા કલમ - ૧ ની વિરુદ્ધ છે, તો તે વ્યક્તિ ત્રણ વર્ષ જેટલી સજા અને એક લાખ રૂપિયાના દંડ, કે બંનેને પાત્ર થશે.*

15. økwLkkLke òý :–

*આ સત્તા દ્વારા તે હેતુમાં અધિકૃત અધિકારીએ કરેલી લેખિત ફરિયાદ સિવાય, કલમ - ૧૪ તળે ગુન્હાની જાણ (નોંધ) કોઈ પણ અદાલત કરશે નહીં.*

## પ્રકરણ - ૫

## અર્થકારણ - હિસાબ અને હિસાબ તપાસ (ઓડિટ)

**૧૬. સત્તાધિકારીને વેતન :-**

*લોકસભા દ્વારા ધોરણસર આ હેતુમાં કાયદાથી અધિકૃત કર્યા બાદ, કેન્દ્ર સરકારશ્રી આ સત્તા આ કાયદાની ફરજો (કાર્યવાહી) બજાવવા માટે જરૂરી હોય તેવી વિચારણાએ, દરેક આર્થિક વર્ષમાં એવી રકમ આ સત્તાને આપશે.*

**૧૭. આ સત્તાનું ભંડોળ :-**

*(૧) આ સત્તાનું તેનું પોતાનું ભંડોળ રહેશે અને કેન્દ્ર સરકારશ્રી દ્વારા સમયે સમયે આપવામાં આવે તે તેવી રકમ અને આ સત્તાધિકારે મેળવેલી બધી જ પહોંચ (રકમ) (રાજ્ય સરકારશ્રી કે બીજી કોઈ સત્તા કે વ્યક્તિ જે રકમ આ સત્તાને આપે તેના સમાવેશ સાથે) તેના ભંડોળમાં જમા થશે અને આ સત્તા દ્વારા થવાની સર્વ ચુકવણી આ ભંડોળમાંથી થશે.*

*(૨) ભંડોળની માલિકીનું સંર્વધન તેવી બેંકોમાં જમા કરાશે અથવા તેવી રીતે રોકાણ કરાશે, જે કેન્દ્ર સરકારશ્રીની મંજૂરીને આધીન આ સત્તા દ્વારા નિર્ણય લેવામાં આવશે.*

*(૩) આ કાયદા તળે તેની ફરજોનું પાલન કરવા માટે આ સત્તાને યોગ્ય લાગે તે રીતે તેવી રકમોનો ખર્ચ કરશે, અને આવી રકમો આ સત્તાના ભંડોળમાંથી ચૂકવવાપાત્ર રકમ તરીકે લેખાશે.*

**૧૮. બજેટ (અંદાજપત્ર) :-**

*આ સત્તાધિકારી તેવા સ્વરૂપ (ફોર્મ) માં અને તેવા સમયમાં દરેક વર્ષે એક અંદાજપત્ર તૈયાર કરશે જે નિયત સ્વરૂપમાં હોય, અને તે હવે પછીના બીજા આર્થિક વર્ષ અંગેનું હોય જે અંદાજિત પહોંચો અને ખર્ચાઓ દર્શાવતું હોય અને તેમની નકલો કેન્દ્ર સરકારને રવાના કરવામાં આવશે.*

**૧૯. વાર્ષિક અહેવાલ :-**

*દરેક કેલેન્ડર વર્ષમાં આ સત્તા એક વખત તેવા સ્વરૂપ (ફોર્મ) માં અને તેવા સમયે જે નિયત કરેલ હોય, ત્યારે વાર્ષિક અહેવાલ તૈયાર કરશે જે આગલા વર્ષની તેની તમામ કાર્યવાહીની પૂરેપૂરી અને સાચી વિગતોનો ચિતાર આપશે અને તેની નકલો કેન્દ્ર સરકારને રવાના કરવામાં આવશે અને સરકારશ્રી તેને લોકસભાના બંને ગૃહોમાં રજૂ કરાવશે.*

**૨૦. હિસાબ અને હિસાબ તપાસ :-**

*(૧) આ સત્તા હિસાબના તેવા ચોપડાઓની અને બીજાઓની જાળવણી રખાવશે જે તેના હિસાબના સંબંધે હોય તેવા સ્વરૂપમાં અને તેવી રીતમાં, જે કંપ્ટ્રોલર અને ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાના સંપર્કમાં રહીને નિયત કરી શકાય.*

*(૨) આમ સત્તાધિકારી, તેના વાર્ષિક હિસાબો પૂરા થયા બાદ જેટલી બને તેટલી ત્વરાથી, તેવા સ્વરૂપ (ફોર્મ) માં હિસાબોનું બયાન તૈયાર કરશે અને કંપ્ટ્રોલર અને ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાને તેવી તારીખ પહેલા રવાના કરશે. જે કેન્દ્ર સરકારની કંપ્ટ્રોલર અને ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાના સંપર્કમાં રહીને નિર્ણય કરશે.*

*(૩) આ સત્તાના હિસાબોની તપાસ કંપ્ટ્રોલર અને ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા તેવા સમયે અને તેવી રીતમાં કરશે જે તેમને ઠીક લાગશે.*

*(૪) આ સત્તાના હિસાબો જે કંપ્ટ્રોલર અને ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા અથવા તેમણે આ હેતુમાં નિમણૂક કરેલ બીજી કોઈપણ વ્યક્તિ દ્વારા પ્રમાણિત કરાયા હોય, તે પરના તેના તપાસ અહેવાલ સાથે (ઓડિટ રિપોર્ટ) વર્ષે, કેન્દ્ર સરકારશ્રીને રવાના કરવામાં આવશે અને તે સરકાર લોકસભાનાં બંને ગૃહો સમક્ષ રજૂ કરાવશે.*

## પ્રકરણ - ૬

## પરચૂરણ

**૨૧. ચેર પરસન અને બીજા સભ્યો અને આ સત્તાધિકારના બીજા નોકરિયાતો જાહેર સેવકો (પબ્લિક-સર્વન્ટસ) છે.**

*આ સત્તાના ચેર પરસન અને બીજા સભ્યો અને બીજા નોકરિયાત કર્મચારીઓ અને આ સત્તાએ નીમેલી અન્ય સત્તા કે અધિકારી, ભારતીય ફોજદારી ધારાની કલમ - ૨૧ (૧૯૬૦ નો ૪૫ મો) ના અર્થઘટનમાં જાહેર સેવકો (પબ્લિક સર્વન્ટસ) ગણાશે.*

**૨૨. નિષ્ઠાપૂર્વક લીધેલાં પગલાંનો બચાવ :-**

*કંઈપણ કાર્યવાહી નિષ્ઠા (ગુડ ફેઈથ) પૂર્વક આ કાયદાના પરિપાલનમાં કે તે નીચે ઘડાયેલ નિયમો કે નિયમનો તળે કરવામાં આવી હોય, કે કરવા માટે ઈરાદો થયો હોય તેના બારામાં કોઈ દાવો ગુન્હાકીય કાર્યવાહી કે બીજી કોઈ કાનૂની કાર્યવાહી કેન્દ્ર સરકાર, આ સત્તા કે આ સત્તાના ચેર પરસન, અને બીજા સભ્યો કે આ સત્તાએ અધિકૃત કરેલ અધિકારી સત્તા કે કોઈ વ્યક્તિ જેને આ સત્તાએ અધિકૃત કરેલ હોય, અથવા કોઈ અમલદાર જેની નિમણૂક આ સત્તાના ચેર પરસનએ કરેલ હોય, તેની વિરુદ્ધ ચાલશે નહીં.*

**૨૩. મુસીબતો (અડચણો) દૂર કરવાની સત્તા :-**

(૧) કેન્દ્ર સરકારની આ કાયદાને અસર યુક્ત થવા માટે જો કોઈ મુશ્કેલી ઊભી થાય તો, તેમના કચેરી રાજ્ય પત્રિત ગેઝેટમાં હુકમ પ્રસિદ્ધ કરીને, તેવી જોગવાઈઓ જે આ કાયદાની જોગવાઈઓને અસંગત ન હોય, કરશે જે મુશ્કેલીઓ દૂર કરવા માટે જરૂરની અને ઉચિત જણાય.

શરત એટલી કે આ કાયદાની શરૂઆતની તારીખ મુદત પૂરી થયાના બે વર્ષના ગાળા બાદ આવો હુકમ કરવામાં આવશે નહીં.

(૨) આ કલમ તળે થયેલ દરેક હુકમ - હુકમ થયા પછી જેમ બને તેમ જલદીથી લોકસભાના દરેક ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.

**૨૪. નિયમો ઘડવાની કેન્દ્ર સરકારની સત્તા :-**

(૧) આ કાયદાની જોગવાઈઓનું પરિપાલન કરવા માટે તેમની કચેરીના રાજ્યપત્રિત ગેઝેટમાં નિયમો બતાવશે.

(૨) ખાસ કરીને, અને આગળ જણાવેલી સત્તાઓના સામાન્યીકરણને પૂર્વગ્રહિત ન થાય તે રીતે, આવા નિયમો નીચે દર્શાવેલી બધી જ કે તે માંહેની કોઈ એક બાબતે જોગવાઈ કરશે.

(અ) કલમ - ૩ નીચે માર્ગદર્શન.

(બ) કલમ - ૪ ની પેટા કલમ - ૫ તળે સભ્યોની સેવાની મુદતો શરતો અને તેમને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાઓ

(ક) કલમ - ૧૧ ની પેટા કલમ - ૧ ના વાકય (ઇ) નીચે આ સત્તાની અન્ય કાર્યવાહી

(ડ) કલમ - ૧૧ ની પેટા કલમ - ૨ તળે આ સત્તા દ્વારા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની અખત્યાર કરવા પાત્ર સત્તાઓ

(ઈ) નિયમો જેના તાબામાં કોઈપણ દરિયાકિનારાના દરિયાઈ પ્રાણી ઉછેર માટેની જમીન, સરોવર, ખાડી કે બંધિયાર પાણી પર પ્રવેશ કરનાર કલમ - ૧૨ તળે જણાવેલ કોઈપણ વ્યક્તિ

(ફ) કલમ - ૧૨ ના વાકય (ક) તળે બીજાં કાર્યો કે વસ્તુઓ

(ગ) કલમ - ૧૩ પેટા કલમ - ૪ તળે રજૂ કરવાની અરજીનું સ્વરૂપ અને તે સાથે આપવાનું લવાજમ (ફી) બાબતે

(હ) કલમ - ૧૩ ની પેટા કલમ ૫ તળે અરજીની વિચારણા બાબતે રીત.

(આઈ)કલમ - ૧૩ ની પેટા કલમ - ૫ તળે નોંધણીના પ્રમાણપત્રનું સ્વરૂપ (ફોર્મ)

(જે) કલમ - ૧૩ ની પેટા કલમ - ૧૦ તળે કરવાની અરજીનું સ્વરૂપ અને તે સાથે ભરવાપાત્ર લવાજમ (ફી)

(કે) કલમ - ૧૮ તળે અંદાજપત્ર તૈયાર કરવાનું સ્વરૂપ અને સમય.

(એલ) કલમ - ૧૯ તળે તૈયાર કરવા પાત્ર વાર્ષિક અહેવાલ.

(એમ) હિસાબના ચોપડાઓ અને આ સત્તાના હિસાબને લગતા બીજા ચોપડાઓની જાળવણી અને કલમ - ૨૦ ની પેટા કલમ - ૧ તળે આવા હિસાબના ચોપડાઓ અને હિસાબને લગતા અન્ય ચોપડાઓની જાળવણીની રીત અને સ્વરૂપ.

(એન) બીજી કોઈ બાબત જે કરવાની જરૂરી છે અથવા નિયત કરી શકાય.

**૨૫. નિયમનો ઘડવાની આ સત્તાધિકારીની સત્તા :-**

(૧) રાજ્યપત્રિત ગેઝેટમાં પ્રસિદ્ધિ દ્વારા આ કાયદાના હેતુઓને સિદ્ધ કરવા માટે આ કાયદાની અને તેની નીચેના નિયમોની જોગવાઈઓને અસંગત ન થાય તેવા નિયમનોને ઘડશે.

(૨) ખાસ કરીને અને આગળ જણાવેલ સત્તાઓની સામાન્યતાને પૂર્વગ્રહી ન થાય તેમ નિયમનો નીચે જણાવેલ સર્વે બાબતો કે તે માંહેની કોઈ એક બાબતે જોગવાઈઓ પૂરી પાડી શકે છે જે નામે :-

(અ) કલમ - ૭ ની પેટા કલમ - ૧ તળે આ સત્તાની મળવા યોગ્ય મીટિંગનું સ્થાન અને સમય અને ગતિવિધિના નિયમો (મીટિંગના કોરમ સહિત) જે મીટિંગમાં વ્યવસાયના વ્યવહારોની બાબતે બતાવવામાં આવે.

(બ) કલમ - ૯ ની પેટા કલમ ૧ તળે અમલદારો અને અન્ય નોકરિયાતોની નિમણૂક અંગેની મુદતો અને શરતો

(ક) કલમ - ૯ ની પેટા કલમ - ૧ તળે સલાહકાર કે સંપર્ક કરનારની નિયુક્તિની મુદતો અને શરતો

(ડ) કલમ - ૧૧ ની પેટા કલમ - ૧ ના વાકય (અ) તળે દરિયાકિનારાના વિસ્તારમાં દરિયાકિનારાના પ્રાણી વનસ્પતિ સંવર્ધનની ફાર્મનું બાંધકામ અને તેમાં થતી કાર્યવાહી માટે.

(ઈ) કલમ - ૧૩ ની પેટા કલમ ૩ ના વાયક (ક) નીચે નોંધણીનું ફોર્મ અને શરતો.

(ફ) દરિયાકિનારાના દરિયાઈ જીવો વનસ્પતિના ઉછેરના સામાન્ય રીતે બહેતર નિયમન માટે.

**૨૬. લોકસભા સમક્ષ નિયમો અને નિયમનો રજૂ કરવા બાબત :-**

દરેક નિયમ અને દરેક નિયમનો જે આ કાયદા નીચે બનાવાયાં હોય, તેને બતાવ્યા બાદ, જેટલું બની શકે તેટલી જલદીથી, જ્યારે લોકસભા તેના ચાલુ સત્રમાં હોય ત્યારે બંને ગૃહો સમક્ષ મૂકવામાં (રજૂ કરવામાં) આવશે. જે સત્ર કુલ મળીને એક સત્રમાં ૩૦ દિવસ માટે મળે છે, અથવા ૨ કે ૩ (પછીની) મળીને સત્ર સમયમાં રજૂ કરી દેવા એક સત્ર પૂરું થયા બાદ તુર્ત જ બીજા સત્રના (ઉપર જણાવ્યા મુજબ) સમયગાળા દરમિયાન, જો બંને ગૃહો સંમત થાય, કે કોઈ નિયમ અથવા નિયમનમાં સુધારો બનાવવો જોઈએ કે તે નિયમ કે નિયમન ન ઘડવા જોઈએ તેમ સંમત થાય, તો તે નિયમ કે નિયમન તેના તેવા સુધારેલા સ્વરૂપથી જ માત્ર અસર રહેશે, અથવા તેનો અમલ-અસર બિલકુલ રહેશે નહિ, જેવા સંયોગો (બંને ગૃહોના નિર્ણય પ્રમાણે) મુજબની સ્થિતિ રહેશે, તેથી, તેમ છતાં, તેવું (નિયમ કે નિયમનું) રદ્દીકરણ, કે થયેલો સુધારો, તે અગાઉ તે નિયમ કે નિયમન નીચે કરેલી કોઈપણ કાર્યવાહીની યોગ્યતા - કાયદેસરતા (વેલિડિટી) ને પૂર્વગ્રહિત કર્યા સિવાય રહેશે.

**૨૭. વિધિ માન્યતાકરણ (વેલિડેશન) :**

(૧) પર્યાવરણ સંરક્ષણ (એનવીરોગીન પ્રોટેકશન) અધિનિયમ, ૧૯૮૬ (૧૯૮૬ નો ૨૯ મો) ની કલમ-૩ ની પેટા કલમ (૨) ના વાક્ય (૫) માં અને પર્યાવરણ સંરક્ષણ અધિનિયમના

*નિયમોના નિયમ-૫ ના પેટા નિયમ (૩) ના વાક્ય (ડ)માં, જે પર્યાવરણ અને વન મંત્રાલય (પર્યાવરણ વન અને વન્યજીવન વિભાગ) ભારત સરકારનું જાહેરનામું એસ.ઓ. ૧૧૪ (ઈ) થી તા. ૧૯-૨-૧૯૯૧ ના રોજ પ્રસિદ્ધ થયેલ (આ કલમમાં હવે પછીથી જેનો સંદર્ભ 'ઉક્ત નોટિસ' તેવો કરાશે), જે કંઈ પણ જોગવાઈ હોય તેને નહિ ગણતાં (નોટ વીથ સ્ટેન્ડિંગ એનીથિંગ ઈન), ઉક્ત નોટિસના પેરા-૨ માં પેટા પારા-(૧૩) પછી, નીચે જણાવ્યા પ્રમાણેનો પેરાગ્રાફનો ઉમેરો કરવામાં આવશે, અને તે હંમેશાં માટે તા. ૧૯-૨-૧૯૯૧ ની અસરથી જ ઉમેરો થયેલ ગણાશે જે*

*"૧૪" આ પેરેગ્રાફમાં સમાવિષ્ટ કંઈપણ બાબત દરિયાકિનારાના દરિયાઈ પ્રાણી-વનસ્પતિ સંવર્ધનને લાગુ પડશે નહિ."*

*(૨) ઉક્ત પ્રસિદ્ધિનો (ઉક્ત નોટિસ) બધા જ હેતુઓમાં અમલ રહેશે અને હંમેશ માટે બધા જ હેતુઓમાં અમલ રહેશે, જાણે કે આ કલમની આગળ ઉપર જણાવેલ જોગવાઈઓ બધા અગત્યના સમયે અને સંજોગોમાં અમલમાં હતી જ અને તદ્નુસાર, કોઈપણ ચુકાદો, હુકમનામા કે હુકમ અથવા અદાલત,ટ્રિબ્યુનલ, કે અન્ય કાયદેસરની સત્તામાં સમાવિષ્ટ કંઈપણ બાબતને નહિ ગણકારીને, ઉક્ત પ્રસિદ્ધિના વિરોધાભાસમાં કોઈપણ દરિયાકિનારાના પ્રાણી ઉછેરની કાર્યવાહી કરાતી નથી, અથવા કાર્યવાહી કરવા હાથ ધરાતું નથી કે હાથ ધરવા રખાયું નથી, કે હાથ ધરવા માટે સ્થપાયું નથી (પરપોર્ટેડ) અને તે હંમેશને માટે અને બધા જ હેતુઓમાં હંમેશને માટે કાયદાને અનુરૂપ રહેશે. જાણે કે આ કલમની આગળ ઉપર જણાવેલી સર્વ જોગવાઈઓ બધા જ મહત્ત્વના સમયે અમલયુક્ત હતી અને આગળ જણાવેલી જોગવાઈઓની સામાન્ય સ્થિતિને પૂર્વગ્રહિત કર્યા સિવાય, દરિયાકિનારાના પ્રાણી-વનસ્પતિ ઉછેરથી કાર્યવાહી કરતી ફાર્મની બંધિયાર જગાને ખસેડવાના કે તે નીચે બંધાયેલ કોઈ બાંધકામને તોડી પાડવાની સૂચના કરતા કોઈ હુકમ કે હુકમનામાના કોઈ અદાલતે કરેલ સૂચનાના અમલ માટે કોઈ દાવો, કે અન્ય કાનૂની કાર્યવાહી કોઈ અદાલતમાં ચાલશે નહિ કે ચાલુ સ્થિતિમાં રખાશે નહિ, જો આ કલમની આગળ ઉપર જણાવેલ જોગવાઈઓ બધા જ અગત્યના સમયે અમલ ધરાવતી હતી તેમ હોય તે, જે તે બાંધકામ ફાર્મ, વગેરે દૂર કરવા, બંધ કરવા, કે તોડી પાડવાની જરૂરત હતી નહિ, છે નહિ.*

*(ભારત સરકારનું રાજ્યપત્ર, નોંધ - પીટી-૧૧-કલમ-૧ નં. ૨૭ તા. ૨૬-૩-૨૦૦૫-પાનું - ૧ - ૨૦૦૫ - સી.સી.એસ. પાનું - ૫૭૧/એચ-૧૯૬)*

• • •

# કસ્ટમ એકટ ૧૯૬૨
# (સીમાશુલ્ક કાયદો)

## પ્રકરણ - ૧૩

## તપાસ, જપ્તી અને ધરપકડ

### કલમ-૧૦૦ ભારતમાં દાખલ થતી કે ભારત છોડતી શંકાસ્પદ વ્યક્તિને શોધવાની સત્તા.

*(૧) જો અધિકૃત અધિકારીને માનવા માટે કારણ હોય કે, કોઈપણ વ્યક્તિ કે જેને આ કલમ લાગુ પડે છે. તેણે જાણીબૂજીને કોઈ એવો માલ કે તેને લગતા દસ્તાવેજો કે જે સ્થગિત / જપ્ત કરી શકાય એવા છે તે છુપાવ્યા છે / સંતાડ્યા છે. તો તે વ્યક્તિની તપાસ કરી શકશે.*

*(૨) આ કલમ નીચેની વ્યક્તિઓને લાગુ પડે છે. જેવી કે :-*

*(એ) કોઈપણ વ્યક્તિ કે જે ભારતની ધરતી ઉપર ઊતરી છે કે (વિદેશ) જવાની તૈયારીમાં છે કે એવા કોઈપણ વહાણમાં છે કે જે ભારતીય કસ્ટમ્સની (પાણીની) સીમા રેખામાં હોય.*

*(બી) કોઈપણ વ્યક્તિ કે જે ભારતની ધરતી ઉપર ઊતરી છે કે બહાર જવાની તૈયારીમાં છે કે વિદેશ જતા હવાઈ જહાજમાં જઈ રહી છે.*

*(સી) કોઈપણ વ્યક્તિ પાસે એવું કોઈ વાહન હોય કે જે તેણે મેળવેલું હોય કે ભારતમાં મેળવવાનું હોય કે જે ભારત બહારના કોઈપણ સ્થળે લઈ જવાનું હોય,*

*(ડી) એવી કોઈપણ વ્યક્તિનો પદ - (એ), (બી) અને (સી) માં સમાવેશ નહીં થાય કે જેણે ભારતમાં પ્રવેશ મેળવી લીધો હોય કે ભારત છોડવાની તૈયારીમાં હોય,*

*(ઇ) કસ્ટમ્સના વિસ્તારમાં આવતી કોઈપણ વ્યક્તિ.*

### કલમ - ૧૦૧

*(૧) કલમ - ૧૦૦ ની જોગવાઈઓને લાગુ પાડ્યા સિવાય, જો કસ્ટમ્સના કોઈપણ અધિકારી તેને સ્થાપેલ સામાન્ય અને ખાસ હુકમ (કમિશનર ઓફ કસ્ટમ્સ) અન્વયે, જો તેમને એમ માનવાને કારણ હોય કે, કોઈપણ વ્યક્તિએ જાણીબૂજીને, પેટા કલમ - ૨ માં જણાવ્યા અનુસારનો કોઈપણ માલ કે તેને લગતા દસ્તાવેજો કે જે જપ્ત / સ્થગિત કરી શકાય એવા છે તે છુપાવ્યા છે, તો તે વ્યક્તિની તપાસ કરી શકશે.*

*(૨) પેટા કલમ - ૧ માં જે માલ વર્ણવેલ છે તે આ પ્રમાણે છે.*

*એ. સોનું*
*બી. હીરાઓ,*
*સી. સોના અથવા હીરાની બનાવટ*
*ડી. ઘડિયાળો,*
*ઈ. બીજો કોઈપણ એવા પ્રકારનો માલ કે જે કેન્દ્ર સરકાર તેના જાહેરનામા દ્વારા સત્તાવાર રાજ્યપત્રમાં જાહેર કરે,*

**કલમ - ૧૦૨ જે વ્યક્તિઓની તપાસ કરવાની છે / શોધ કરવાની છે તેમને કસ્ટમ્સના રાજ્યપત્રિત અધિકારી કે મેજિસ્ટ્રેટ સમક્ષ લઇ જવાની જરૂરિયાત બાબત :-**

(૧) જે કોઈપણ કસ્ટમ્સના અધિકારી જે કોઈપણ વ્યક્તિની તપાસ કલમ - ૧૦૦ અથવા કલમ - ૧૦૧ ની જોગવાઈ હેઠળ કરવા માંગતા હોય, તે અધિકારી જો તે વ્યક્તિ (જેની તપાસ કરવાની છે તે) ઇચ્છે / માંગણી કરે તો તેને કોઈપણ જાતના બિનજરૂરી વિલંબ વગર, નજીકના કસ્ટમ્સના રાજ્યપત્રિત અધિકારી અથવા ન્યાયાધીશ (મેજિસ્ટ્રેટ) સમક્ષ લઈ જશે.

(૨) જો આ માંગણી કરવામાં આવે તો, અધિકારી તે વ્યક્તિને કસ્ટમ્સના રાજ્યપત્રિત અધિકારી અથવા ન્યાયાધીશ (મેજિસ્ટ્રેટ) સમક્ષ લઈ જવામાં આવે ત્યાં સુધી, તેની (વ્યક્તિની) અટકાયત કરી શકાશે.

(૩) કસ્ટમ્સના રાજ્યપત્રિત અધિકારી અથવા ન્યાયાધીશ (મેજિસ્ટ્રેટ) ને જો એમ જણાય કે, લાવવામાં આવેલ વ્યક્તિની તપાસ કરવાનાં કોઈ વાજબી કારણો નથી. તો તે વ્યક્તિને છોડવાનો હુકમ કરી શકશે, અન્યથા તેઓ તપાસ કરવાની સૂચના / નિર્દેશન આપી શકશે.

(૪) કલમ - ૧૦૦ કે કલમ - ૧૦૧ ની જોગવાઈ અન્વયે વ્યક્તિની તપાસ કરતાં પહેલાં, કસ્ટમ્સના અધિકારી બે કે તેથી વધારે વ્યક્તિઓને તપાસ દરમિયાન હાજર રહેવા માટે બોલાવી શકશે અને આ પ્રમાણે હાજર રહેવા માટે તેઓ તેમને (સાક્ષીઓને) લેખિતમાં હુકમ જારી કરી શકશે. અને આ વ્યક્તિઓની (સાક્ષીઓની) હાજરીમાં કરતા આવશે અને તપાસ દરમિયાન સ્થગિત કરતા તમામ વસ્તુઓની સૂચિ / યાદી કે જે અધિકારી દ્વારા કે અન્ય વ્યક્તિઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ હોય તેને સાક્ષીઓ દ્વારા સહી કરવામાં આવશે.

(૫) કોઈપણ સ્ત્રીની તપાસ અન્ય સ્ત્રી સિવાય કોઈનાથી કરી શકાશે નહીં.

**કલમ-૧૦૩ સંતાડેલો માલ શોધવા માટે શંકાસ્પદ વ્યક્તિના શરીર પર સ્ક્રીનિંગ કે એક્સ-રે (ક્ષ કિરણો) અંગેની સત્તા :-**

(૧) જ્યારે અધિકૃત અધિકારીને માનવા માટે કારણ હોય કે, કલમ - ૧૦૦ ની પેટા કલમ (૨) માં જણાવ્યા પ્રમાણેની કોઈપણ વ્યક્તિ કે જેણે જપ્ત કરી શકાય એવો માલ તેના શરીરની અંદર સંતાડ્યો છે / છુપાવ્યો છે તો તે વ્યક્તિની અટકાયત કરી શકશે અને બિનજરૂરી વિલંબ વિના તેને નજીકના ન્યાયાધીશ સમક્ષ લઈ જશે.

(૨) પેટા કલમ - ૧ અન્વયે જે વ્યક્તિને ન્યાયાધીશ સમક્ષ લઈ જવાયેલ હોય, ત્યારે ન્યાયાધીશને જો એમ લાગે કે સદર વ્યક્તિએ એવા પ્રકારનો કોઈ માલ તેના શરીરની અંદર સંતાડેલ નથી તો તે વ્યક્તિને તે છોડી મૂકશે.

(૩) જ્યારે કોઈપણ ન્યાયાધીશને માનવા માટે કારણ હોય તે, સદર વ્યક્તિએ તેના શરીરમાં માલ છુપાવેલ છે અને સાથે તેમને (ન્યાયાધીશને) ખાતરી થાય કે, આ માલ મેળવવા માટે સદર વ્યક્તિનું સ્ક્રીનિંગ કે એપેલેન્ટે કરાવવું જરૂરી છે, તો તે પ્રકારનો હુકમ તેઓ કરી શકશે.

(૪) જ્યારે પેટા કલમ - (૩) અન્વયે ન્યાયાધીશ હુકમ કરે ત્યારે, તેના સંદર્ભમાં અધિકૃત અધિકારી શક્ય એટલી ત્વરાથી, તે વ્યક્તિને (કે જેની તપાસ કરવાની છે) આ કલમના હેતુથી કેન્દ્ર સરકારે માન્યતા આપી હોય તેવા જરૂરી લાયકાતવાળા રેડિયોલોજિસ્ટ પાસે લઈ જશે અને સદર વ્યક્તિ રેડિયોલોજિસ્ટને તેના શરીરના સ્ક્રીનિંગ કે એક્સ - રે માટે મંજૂરી આપશે.

(૫) રેડિયોલોજિસ્ટ કે જેની પાસે પેટા કલમ - ૪ અન્વયે વ્યક્તિ લવાયેલ હોય, તેના સ્ક્રીનિંગ અને એક્સ-રે પછી તેનો અહેવાલ (રિપોર્ટ) એક્સ-રે ફિલ્મની (ફોટો) સાથે બિનજરૂરી વિલંબ વિના ન્યાયાધીશને મોકલી આપશે.

(૬) પેટા કલમ - ૫ અન્વયેના અહેવાલ (રિપોર્ટ) ની પ્રાપ્તિ પછી કે બીજી કોઈપણ રીતે, જો ન્યાયાધીશ એ બાબતમાં સંતુષ્ટ થાય કે, સદર વ્યક્તિએ જપ્ત કરી શકાય એવો માલ તેના શરીરમાં સંતાડેલ છે તો તે નોંધાયેલ તબીબી અધિકારીને તેની સલાહ અને વડપણ (નિરીક્ષણ) હેઠળ તે માલ યોગ્ય પ્રક્રિયાથી શરીરમાંથી બહાર કાઢવા માટે નિર્દેશનો આપી શકશે અને સદર વ્યક્તિ તે નિર્દેશનોનો અમલ કરવા બંધાયેલ રહેશે.

સિવાય કે, કોઈપણ સ્ત્રી હોય તેવા કિસ્સામાં આ પ્રકારનાં પગલાં / કાર્યવાહી નોંધાયેલ મહિલા તબીબી અધિકારીની સલાહ અને વડપણ (નિરીક્ષણ) સિવાય લઈ શકાશે નહીં.

(૭) જ્યારે કોઈપણ વ્યક્તિને આ કલમ અન્વયે ન્યાયાધીશ સમક્ષ લઈ જવામાં આવે ત્યારે, આ કલમના હેતુના અમલ માટે તે વ્યક્તિને, તે (ન્યાયાધીશ) નિર્દિષ્ટ કરે / નક્કી કરે તેટલા સમય માટે અટકાયતમાં રાખી શકાશે.

(૮) પેટા કલમ - ૧ માં જણાવ્યા અનુસારનું કંઈપણ એવી વ્યક્તિને લાગુ નહીં પડે છે જે સ્વીકારે કે જપ્ત કરી શકાય એવો માલ એના શરીરમાં સંતાડેલ છે અને જે સ્વૈચ્છિક રીતે, તે માલને શરીરની બહાર લાવવા માટે યોગ્ય કાર્યવાહી કરવા સંમત હોય.

**સમજૂતી :-** આ કલમના હેતુ માટે નોંધાયેલ તબીબી અધિકારી, એટલે કે એવી વ્યક્તિ કે જે ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ એક્ટ ૧૯૧૬ (૧૯૧૬ નો ૭મો) ની અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે જરૂરી લાયકાત ધરાવતી હોય કે આ કાયદાની કલમ - ૩ અન્વયે જાહેર થયેલ હોય કે મેડિકલ કાઉન્સિલ એક્ટ ૧૯૫૬ (૧૯૫૬ નો ૧૦૨) અન્વયેની કોઈપણ અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે હોય.

**કલમ-૧૦૪ ધરપકડની સત્તા :-**

(૧) જો કોઈપણ અધિકારીને તેને મળેલા સામાન્ય અથવા ખાસ હુકમ (કમિશનર ઓફ કસ્ટમ્સ) અન્વયે તેમની પાસે માનવાને કારણ હોય કે કોઈપણ વ્યક્તિએ ભારતમાં કે ભારતીય કસ્ટમ્સની દરિયાઈસીમામાં કલમ - ૧૩૫ હેઠળ સજાને પાત્ર થાય એવો ગુનો આચરેલ છે. તો તે વ્યક્તિની ધરપકડ કરી શકશે અને શકય એટલી ઝડપે તે વ્યક્તિને તેની ધરપકડનાં કારણોની જાણ કરશે.

(૨) પેટા કલમ - (૧) અન્વયે ધરપકડ થયેલ વ્યક્તિને બિનજરૂરી વિલંબ વિના ન્યાયાધીશ સમક્ષ લઈ જવામાં આવશે.

(૩) જ્યારે અધિકારીએ કોઈપણ વ્યક્તિની પેટા કલમ - ૧ અન્વયે ધરપકડ કરેલ હોય ત્યારે તેને જામીન પર કે બીજા હેતુથી છોડી મૂકવા માટે, પોલીસ સ્ટેશનના જે અધિકારી પોલીસ સ્ટેશનનો હવાલો સંભાળતા હોય, તેમને હોય તેવા અને તેટલા જ તથા કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૮૯૮ (૧૮૯૮ નો ૫ મો) અન્વયે હોય તેટલા જ અધિકાર અને સત્તા રહેશે.

(૪) આમાંનું કંઈપણ જો ગુનો કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૮૯૮ અન્વયેનો હોય તો લાગુ પડશે નહીં.

**કલમ-૧૦૫ ઇમારત / સ્થળ તપાસ કરવાની સત્તા :-**

(૧) જો બે દેશ વચ્ચેની સીમા રેખા કે ભારતનો દરિયાકિનારાનો વિસ્તાર કે જે બોર્ડ દ્વારા ખાસ સત્તા અપાયેલ અધિકારી, (આસિસ્ટન્ટ (મદદનીશ) કમિશનર ઓફ કસ્ટમ્સ કે ડેપ્યુટી (નાયબ કમિશનર ઓફ કસ્ટમ્સ) જો તેમને એમ માનવા માટે કારણ રહે કે, માલ જપ્ત કરવા યોગ્ય છે કે તેમના અભિપ્રાય મુજબ કોઈપણ દસ્તાવેજ કે વસ્તુઓ આ કાયદાની જોગવાઈઓ અન્વયેની કાર્યવાહી માટે ઉપયોગી અને જરૂરી છે. અને તે જાણીબૂજીને કોઈપણ સ્થળે છુપાવેલ છે. તો તે કસ્ટમ્સના કોઈપણ અધિકારી તે માલ, વસ્તુઓ કે દસ્તાવેજો શોધવા અધિકૃત કરી શકશે અથવા પોતે શોધશે.

(૨) કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર ૧૮૯૮ (૧૮૯૮ નો ૫ મો) ની તપાસ સંબંધિત જોગવાઈઓ, કે જે આ કોડની કલમ - ૧૬૫ ની પેટા કલમ ૫ ના તપાસ સંબંધી સુધારાને લાગુ પડે છે ત્યાં સુધી જો જ્યાં મેજિસ્ટ્રેટ શબ્દ વપરાતો હોય ત્યાં કમિશનર ઓફ કસ્ટમ્સ શબ્દ વાપરવો.

**કલમ-૧૦૬ માલની હેરાફેરી રોકવાની અને તેને તપાસ કરવાની સત્તા :-**

(૧) જ્યારે અધિકૃત અધિકારીને માનવા માટે કારણ હોય કે, ભારતમાં કોઈપણ વિમાન, વાહન કે પ્રાણી કે ભારતમાં કોઈપણ વહાણ કે ભારતની કસ્ટમ્સની હકૂમત હેઠળની દરિયાઈ સીમામાં કોઈપણ માલની દાણચોરી માટે કે કોઈપણ માલ કે જે દાણચોરીથી આવેલ હોય તેના વહન માટે ઉપયોગ થયેલ છે, થાય છે કે થવાનો છે, તો તે કોઈપણ સમયે આ પ્રકારના વાહન, પ્રાણી કે વહાણને રોકી શકશે અથવા હવાઈ જહાજના કિસ્સામાં તેને ઉતરાણ કરવાની ફરજ પાડી શકશે અને

(એ) કોઈપણ હવાઈ જહાજ, વાહન કે વહાણની તલસ્પર્શી તપાસ કરી શકશે.

(બી) હવાઈ જહાજ, વાહન કે વહાણ કે પ્રાણી ઉપરનો કોઈપણ માલ ચકાસણી કરી શકશે.

(સી) જો તાળાની ચાવી સોંપવામાં ન આવે તો પદ (એ) અને (બી) અન્વયેની સત્તાના અંતર્ગત કોઈપણ દરવાજાનું કે મુદ્દા / વસ્તુનું તાળું તોડી શકશે.

(૨) આ પેટા કલમ (૧) ના હેતુ માટે,

(એ) જ્યારે કોઈ વહાણ કે હવાઈ જહાજને રોકવું કે ફરજિયાત ઉતરાણ કરવા માટેની ફરજ પાડવાની હોય ત્યારે તેવા સંજોગોમાં તે વહાણ કે હવાઈ જહાજે જે તે સરકારનો યોગ્ય ધ્વજ લગાડવાનો રહેશે. અને એવા સમયે કેન્દ્ર સરકાર દ્વારા આ બાબતમાં અધિકૃત થયેલ / કરવામાં આવેલ કોઈપણ સત્તા આ પ્રકારના વહાણને કે હવાઈ જહાજને ઊતરવાની કે ફરજિયાત ઉતરાણ કરવા માટે સૂચના આંતરરાષ્ટ્રીય સૂચના, કાયદો કે અન્ય અધિકૃત પદ્ધતિથી આપે તો તે વહાણે રોકવાનું રહેશે. અને હવાઈ જહાજે તરત જ ઉતરાણ કરવાનું રહેશે અને જો તેમ ન કરવામાં આવે / કરવામાં નિષ્ફળ જાય તો, તે વહાણ અથવા હવાઈ જહાજનો બળપૂર્વક કબજો લઈ શકાશે અને જો બંદૂકની ગોળી સૂચના તરીકે છૂટ્યા પછી પણ જો વહાણ રોકાય નહીં / નિષ્ફળ જાય તો કે હવાઈ જહાજ ઉતરાણ કરે નહીં / ઉતરાણ કરવામાં નિષ્ફળ જાય તો તેની ઉપર ગોળી છોડવામાં આવશે.

(બી) કોઈપણ વાહન કે પ્રાણીને રોકવા માટે અધિકૃત અધિકારી દ્વારા તમામ કાયદાકીય પગલાં લેવામાં આવશે અને જો વાહન અથવા પ્રાણી એમ ન કરે / નિષ્ફળ જાય તો જ તેમના પર ગોળી છોડવામાં આવશે.

**કલમ-૧૦૬ (એ) નિરીક્ષણની સત્તાઓ :-**

*કોઈપણ અધિકૃત અધિકારી કે જેને (કમિશનર ઓફ કસ્ટમ્સ) દ્વારા આ બાબતમાં અધિકૃત કરાયેલ હોય તે, આ કાયદાની જરૂરિયાતોનું પાલન થયું છે કે નહીં તે નક્કી કરવાના હેતુથી પ્રકરણ - ૪ એ અથવા પ્રકરણ - ૪ બી માં જણાવ્યા અનુસારના કોઈપણ સ્થળે જે પ્રમાણે કિસ્સો / ઘટના હોય તે અનુસાર, કોઈપણ યોગ્ય સમયે દાખલ થઈ શકશે અને ત્યાં રખાયેલ અથવા સંગ્રહાયેલ માલનું નિરીક્ષણ કરી શકશે અને ત્યાં હાજર હોય તેવો કોઈપણ માણસ, કે જે તે સમય પૂરતો સંભાળ રાખતો હોય, તેને પ્રકરણ - ૪ એ અથવા ચાર બી અન્વયે રાખેલા હિસાબના ચોપડાઓ રજૂ કરવાનું અને તે સિવાય બીજી કોઈપણ જરૂરી યોગ્ય માહિતી પૂરી પાડવાનું તે માલ ગેરકાયદેસર આયાત થયેલો છે કે નિકાસ થયેલો છે કે ગેરકાયદે નિકાસ થવાનો છે તે નક્કી કરવા કરી શકશે.*

**કલમ-૧૦૭ વ્યક્તિની તપાસ અંગેની સત્તા :-**

*કસ્ટમ્સના કોઈપણ અધિકારી સામાન્ય અથવા ખાસ હુકમ (કમિશનર ઓફ કસ્ટમ્સ) દ્વારા આ બાબતમાં, કોઈપણ માલની દાણચોરીની ચાલુ પૂછપરછના સંદર્ભમાં,*

*(એ) કોઈપણ વ્યક્તિને પૂછપરછ માટે જરૂરી હોય, તેવા દસ્તાવેજો કે વસ્તુઓ રજૂ કરવા કે પૂરા પાડવા જણાવી શકશે.*

*(બી) કેસ / ઘટના સાથે સંકળાયેલ કોઈપણ વ્યક્તિની પૂછપરછ કરી શકશે.*

**કલમ-૧૦૮ વ્યક્તિને પુરાવા આપવા અને દસ્તાવેજો રજૂ કરવા માટે સૂચના આપવાની સત્તા :-**

*(૧) કસ્ટમ્સના કોઈપણ રાજ્યપત્રિત તપાસનીશ અધિકારીને જો એમ લાગે કે, કોઈ વ્યક્તિની હાજરી કે જે દાણચોરીના કેસની તપાસ ચાલી રહી છે તેમાં જરૂરી છે તો, તે વ્યક્તિને હાજર રહેવા પુરાવા રજૂ કરવા કે દસ્તાવેજો રજૂ કરવા સૂચના આપી શકશે.*

*(૨) આપવામાં આવેલ સૂચના, દસ્તાવેજ રજૂ કરવા માટે કે ચોક્કસ વર્ણનવાળા ચોક્કસ દસ્તાવેજ રજૂ કરવા માટે કે તમામ દસ્તાવેજ રજૂ કરવા માટે કે ચોક્કસ વર્ણનવાળી વસ્તુઓ કે જે વ્યક્તિને સૂચના આપવામાં આવી છે તેના કબજામાં હોય તેની રજૂ કરવા માટે હશે.*

*(૩) તમામ વ્યક્તિઓ કે જેને સૂચના આપવામાં આવી હોય તેઓ વ્યક્તિગત કે તેમના અધિકૃત અધિકારી જણાવે તે પ્રમાણે બંધાયેલ રહેશે. અને તમામ વ્યક્તિઓ કે જેને સૂચના આપવામાં આવી હોય, તેઓને જે વિષય / બાબતમાં તપાસવામાં આવે, ત્યારે તેઓ સત્ય બોલવા બંધાયેલ રહેશે અને જરૂર જણાય તે પ્રમાણે નિવેદનો કરવાના અને દસ્તાવેજ કે બીજી વસ્તુઓ રજૂ કરવાની રહેશે.*

*સિવાય કે, કોડ ઓફ સિવિલ પ્રોસિજર, ૧૯૦૮ ની કલમ - ૧૩૨ અન્વયેના હંગામી સંપાદન / કરજ / લેણાને આ કલમમાંથી હાજર રહેવા બાબત મુક્તિ આપવામાં આવશે.*

*(૪) ઉપર જણાવેલ તમામ તપાસને ભારતીય ફોજદારી ધારો, ૧૮૬૦ (૧૮૬૦ નો ૪૫ મો) ની કલમ - ૧૯૩ અને કલમ - ૨૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી ગણવામાં આવશે.*

**કલમ-૧૦૯ જમીન દ્વારા લેવાયેલ માલના લેવડદેવડ/ નિકાલની પરવાનગી બાબતના પ્રમાણપત્ર માંગવાની સત્તા :-**

*કસ્ટમ્સનો કોઈપણ અધિકારી કે જે બોર્ડના સામાન્ય અથવા ખાસ હુકમથી ભારતની સીમા રેખા પર નિયુકત થયેલ હોય, તેને માનવાને જો યોગ્ય કારણ હોય તો, તે કોઈપણ વ્યક્તિ કે જેના કબજામાં કોઈપણ માલ હોય તેને જમીન દ્વારા ભારતમાં આયાત કરવા માટેનું માલના નિકાલ અંગેનો કલમ - ૪૭ અન્વયેનો હુકમ માગી શકશે.*

સિવાય કે, કલમ - ૭ ૫૬ - સી અન્વયે જણાવેલ પથ / માર્ગ અનુસાર કોઈપણ આયાતી માલ કે જે સીમા રેખા પરથી જમીન દ્વારા કસ્ટમ્સ સ્ટેશન દ્વારા આવતો હોય તેને લાગુ પડશે નહીં.

**કલમ-૧૧૦ માલ, દસ્તાવેજો અને વસ્તુઓ જપ્ત કરવી.**

(૧) જો કોઈપણ અધિકૃત અધિકારીને એમ માનવાને યોગ્ય કારણ હોય કે કોઈપણ માલ, આ કાયદા અન્વયે જપ્ત કરવા યોગ્ય છે તો તે માલને જપ્ત કરી શકશે.

સિવાય કે, જ્યારે કોઈપણ માલને જપ્ત કરવાનો વ્યવહાર ન હોય ત્યારે, આ અધિકારી માલના માલિકને એવો હુકમ કરશે કે તેની (અધિકારીની) પૂર્વ મંજૂરી સિવાય માલને દૂર કરવો નહીં, ભાગ પાડવા નહીં કે કોઈપણ પ્રકારે સોદો કરવો નહીં.

(એ) કેન્દ્ર સરકાર, ઝડપથી નિકાલ કરવો પડે તેવી બગડી જાય તેવી વસ્તુઓ કે જેની મુદતનો સમય પસાર થવાની સાથે અવમૂલ્યન થાય છે તેને સાચવવા માટે સંગ્રહસ્થાન / વખાર કે જબરી વ્યવસ્થા માટે ફરજ પાડશે, તથા સત્તાવાર રાજ્યપત્રમાં સમયાંતરે આપેલ જાહેરનામા પ્રમાણે પેટા કલમ - ૧ હેઠળ તેની જપ્તી પછી આવા પ્રકારના માલનો નિકાલ અધિકૃત અધિકારી નીચે જણાવેલ પદ્ધતિ અનુસાર કરી શકશે.

(બી) જ્યારે અધિકૃત અધિકારી દ્વારા પેટા કલમ - ૧ એ હેઠળ જપ્ત કરવામાં આવેલ માલની પેટા કલમ - ૧ હેઠળ યાદી / સૂચિ તૈયાર કરવામાં આવશે અને તે યાદીમાં તે માલનું વર્ણન, ગુણવત્તા, જથ્થો, નિશાની, આંકડા, ઉત્પત્તિ સ્થાન અને તે સિવાય બીજી એ તમામ વિગતો કે જે અધિકૃત અધિકારીને માલની ઓળખ બાબતમાં આ કાયદાની જોગવાઈ હેઠળ જરૂરી લાગે તે તૈયાર કરશે અને ન્યાયાધીશને આ હેતુ માટે અરજી કરશે.

એ. તૈયાર કરેલ યાદી / સૂચિની સત્યાર્થતા પ્રમાણિત કરવા માટે.

બી. માલના ફોટોગ્રાફ લેવા માટે કે લેવાયેલ ફોટોગ્રાફની ખરાઈ કરવા માટે ન્યાયાધીશની હાજરી જરૂરી હોય કે,

સી. ન્યાયાધીશની હાજરીમાં માલના સરખા નમૂનાઓ કરવા માટે, અને નમૂનાઓની કોઈપણ યાદીની ખરાઈ કરવા માટે કે પ્રમાણિત કરવા માટે.

(સી) જ્યારે પેટા કલમ - ૧ (બી) હેઠળ અરજી કરવામાં આવશે ત્યારે ન્યાયાધીશ તે અરજી શક્ય એટલી ત્વરાએ મંજૂર કરશે.

(૨) જ્યારે પેટા કલમ - ૧ હેઠળ માલને જપ્ત કરાવેલ હોય અને કલમ - ૧૨૪ ના ૫૬ (એ) હેઠળ માલ જપ્ત થયાના ૬ મહિનાની અંદર કોઈ નોટિસ / સૂચના અપાયેલ ન હોય તો, જે વ્યક્તિના કબજામાંથી માલ જપ્ત કરાયેલ હોય, તે વ્યક્તિને તે માલ પરત કરવાનો રહેશે.

જોગવાઈ એવી કરવામાં આવે છે કે, ઉપર જણાવેલ છ મહિનાનો સમયગાળો, પૂરતાં કારણો દર્શાવીને કમિશનર ઓફ કસ્ટમ્સ દ્વારા છ મહિનાથી વધુ નહીં તેવા સમયગાળા માટે લંબાવી શકાશે.

(૩) અધિકૃત અધિકારી તેના અભિપ્રાય મુજબ આ કાયદાની જોગવાઈ અન્વયે કોઈપણ કાર્યવાહીમાં ઉપયોગી હોય તેવા કોઈપણ દસ્તાવેજ કે વસ્તુઓ જપ્ત કરી શકશે.

(૪) જે વ્યક્તિના કબજામાંથી કોઈ દસ્તાવેજો પેટા કલમ - ૩ હેઠળ જપ્ત કરાયેલ હોય તે કસ્ટમ્સના અધિકારીઓની હાજરીમાં તેની નકલ કે ઉતારો મેળવવા હક્કદાર રહેશે.

## પ્રકરણ - ૧૪

# માલની જપ્તી, હેરાફેરી અને દંડ કરવો

### કલમ-૧૧૧ યોગ્ય રીતે આયાત કરેલા માલ વગેરેની જપ્તી :-

*નીચે જણાવેલ માલ કે જે ભારત બહારથી લાવવામાં આવેલ હોય તેની જપ્તી કરવામાં આવશે.*

*(એ) કોઈપણ માલ કે જે દરિયાઈ અથવા હવાઈ માર્ગે આયાત કરેલ હોય અને કલમ - ૭ ના પદ - એ અન્વયે જણાવેલ કોઈપણ કસ્ટમ્સના બંદર કે હવાઈ મથક સિવાયના અન્ય હવાઈ મથકે ઉતાર્યો હોય કે ઉતારવાનો પ્રયત્ન કરેલ હોય.*

*(બી) કોઈપણ આયાતી માલ કે જે જમીન કે સ્થાનિક દરિયાઈ વિસ્તાર દ્વારા લવાયેલ હોય કે જેનો માર્ગ કલમ - ૭ પદ - સી અન્વયે પ્રકાશિત થયેલ જાહેરનામા અંતર્ગત દર્શાવેલ માર્ગ અનુસારનો ન હોય.*

*(સી) કોઈપણ જકાત માત્ર અને પ્રતિબંધિત માલ કે જે ઉપસાગર, અખાત, ખાડી કે ભરતીના વહેણવાળી નદી મારફત કસ્ટમ્સના બંદર સિવાયની જગ્યાએ ઉતારવાના હેતુથી લાવવામાં આવેલ હોય.*

*(ડી) જે તે સમયે કાયદો અમલમાં હોય તેની માલના આયાતના પ્રતિબંધને લગતી જોગવાઈઓની વિસ્તૃતમાં કોઈપણ માલ ભારતીય દરીયાઈ સીમા મારફતે આયાત કરવામાં આવે કે આયાત કરવાનો પ્રયત્ન કરવામાં આવે.*

*(ઈ) કોઈપણ હેરાફેરી દરમિયાન જકાતપાત્ર કે પ્રતિબંધિત માલ સંતાડેલો / છુપાવેલો મળી આવે.*

*(એફ) સ્પષ્ટ રીતે આયાત કરેલા જકાતપાત્ર કે પ્રતિબંધિત માલને કાયદાની જોગવાઈ મુજબ કે આયાત અહેવાલમાં દર્શાવવામાં આવેલ ન હોય,*

*(જી) કોઈપણ જકાતપાત્ર કે પ્રતિબંધિત માલ કે જે હેરાફેરી દરમિયાન કલમ - ૩૨ નો ભંગ કરીને ઉતારવામાં / ખાલી કરવામાં આવ્યો હોય, અને બીજો માલ શુદ્ધબુદ્ધિપૂર્વક ઉતારવામાં આવ્યો હોય પરંતુ તેની નોંધ કલમ - ૪૫ ની પેટા કલમ - ૨ હેઠળ દફતરમાં ઉમેરવામાં આવી હોય.*

*(એચ) કોઈપણ જકાતપાત્ર કે પ્રતિબંધિત માલ કલમ - ૩૩ અને કલમ - ૩૪ નો ભંગ કરીને ઉતારવામાં આવેલ હોય કે ઉતારવાનો પ્રયત્ન કરવામાં આવેલ હોય.*

*(આઇ) કોઈપણ જકાતપાત્ર કે પ્રતિબંધિત માલ કોઈપણ સ્વરૂપમાં માલના મુદ્દામાં તે ખાલી કરતાં પહેલાં કે પછી છુપાવેલ હોય.*

*(જે) કોઈપણ જકાતપાત્ર કે પ્રતિબંધિત માલને કસ્ટમના વિસ્તારમાંથી કે વખારમાંથી અધિકૃત અધિકારીની પરવાનગી વગર કે તે પરવાનગીની વિસ્તૃતમાં દૂર કરવામાં કે દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે.*

*(કે) કોઈપણ જકાતપાત્ર કે પ્રતિબંધિત માલ કે જે જમીન માર્ગે આયાત કરવામાં આવેલ હોય અને તે માલના નિકાલ માટે કલમ - ૧૦૯ અન્વયેનું માલના નિકાલ અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી હોય અને તે રજૂ કરેલ ન હોય કે તે કોઈપણ પ્રકારની વિગતો પરથી સ્પષ્ટ થતું ન હોય.*

*(એલ) કોઈપણ જકાતપાત્ર કે પ્રતિબંધિત માલ કે જેને આ કાયદાની જોગવાઈઓ અન્વયે સમાવેશ કરવામાં આવ્યો નથી. અથવા તો જે માલનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાંથી તેને બાકાત રાખવામાં આવેલ છે, કે કલમ - ૭૭ અન્વયે જાહેર કરાયેલ સામાન*

(એમ) (કોઈપણ માલ કે જેનો સમાવેશ કિંમત કે અન્ય વિગતોમાં થતો ન હોય) આ કાયદા અન્વયે તેની નોંધ કરવામાં આવી હોય કે સામાનના કિસ્સામાં કલમ - ૭૭ હેઠળ કબૂલાતનામું હોય (તેના સંદર્ભમાં કે માલ વહાણમાં હોય તેવા કિસ્સામાં કલમ - ૫૪ પેટા કલમ - ૧ હેઠળનું કબૂલાતનામું કે જે આ સંદર્ભે જોગવાઈમાં દર્શાવેલ હોય)

(એન) કોઈપણ જકાત પાત્ર અને પ્રતિબંધિત માલ કે માર્ગમાં માલની હેરાફેરી સમયે કે હેરાફેરી વગર કે હેરાફેરી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય ત્યારે પ્રકરણ - ૮ ની જોગવાઈઓના ભંગ બદલ.

(ઓ) આ કાયદાની જોગવાઈ અન્વયે કોઈપણ માલને જકાત કે પ્રતિબંધમાંથી આયાતના સંદર્ભમાં કોઈપણ શરતોને આધીન મુક્તિ આપવામાં આવેલ હોય કે જે તે સમયે અમલમાં હોય તેવા કાયદા અન્વયે તેમ કરવામાં આવ્યું હોય, કે જેના સંદર્ભમાં શરતનું અવલોકન ન થયેલ હોય કે જ્યાં સુધી અધિકૃત અધિકારી દ્વારા શરતને ધ્યાને ન લેવાની મંજૂરી આપવામાં આવેલ હોય.

(પી) આ કાયદાની પ્રકરણ - ૪ એ ની જોગવાઈઓના સંદર્ભમાં જાહેર કરાયેલ કોઈપણ માલ કે જેમાં પ્રકરણમાંના હેતુઓનો ભંગ થતો હોય.

**કલમ-૧૧૨ અયોગ્ય રીતે આયાત કરેલા માલ ઉપર દંડ વગેરે.**

કોઈપણ વ્યક્તિ

(એ) જે કોઈપણ માલના સંદર્ભમાં,કોઈપણ કાર્ય કરે અથવા કરવાનું ટાળે કે કસૂર કરે કે જે કામે કરવાનું અથવા કાર્યલોપના કારણે કે કોઈ કાર્યમાં ઉત્તેજન આપવાના કારણે કલમ - ૧૧૧ હેઠળ જપ્તીને પાત્ર ઠરશે.

(બી) જે વ્યક્તિ કબજો સંપાદન કરે અથવા તેને લાગુ પડતા કોઈપણ સંદર્ભમાં તેને લઈ જાય, દૂર કરે, જમા કરાવે, સાચવે, રાખે, છુપાવે, વેચે કે ખરીદે કે બીજા કોઈપણ પ્રકારે માલનો સોદો કરે કે જે તેના માહિતીમાં હોય કે તેની પાસે માનવાને કારણ હોય કે સદર માલ કલમ - ૧૧૧ અન્વયે જપ્તીને પાત્ર છે તે જવાબદાર રહેશે.

(૧) આ કાયદા હેઠળ પ્રતિબંધિત હોય અથવા જે તે સમયે અમલમાં હોય તેવા કાયદા અન્વયે પ્રતિબંધિત હોય તેવા માલના સંદર્ભમાં માલની કિંમતથી પાંચ ગણી અથવા એક હજાર રૂપિયા પૂરા (૧૦૦૦ રૂા.) જે વધારે હશે તેટલો દંડ થશે.

(૨) જકાતપાત્ર માલના કિસ્સામાં કે જે પ્રતિબંધિત માલથી જુદા છે તેમાં જે જકાત નાખવાની હોય તે પાંચ ગણાથી વધુ નહીં તેવી અથવા ૧૦૦૦ રૂા. જે વધુ હશે તે દંડ થશે.

(૩) આ કાયદા અન્વયે કે કલમ - ૭૭ ની જોગવાઈ અન્વયે માલની જણાવેલી કિંમતના કિસ્સામાં (હવે પછી તેને જાહેર કરાયેલ કિંમત તરીકે સંબોધવામાં આવશે) કે સામાનના કિસ્સામાં, જો તેની કિંમત (જાહેર કરેલી કિંમત કરતાં વધારે હોય તો તેને) જાહેર કરેલી કિંમત યાને મૂળ કિંમતના તફાવતનો પાંચ ગણો દંડ થશે અથવા તો ૧૦૦૦ રૂા. પૂરા બેમાંથી જે વધારે હશે તે દંડ થશે.

(૪) જે કિસ્સામાં માલ પદ (૧) અને (૩) અન્વયે આવતો હોય તે કિસ્સામાં દંડ માલની કિંમતથી પાંચ ગણાથી વધે નહીં તેટલો અથવા માલની કિંમત અને જાહેર કરાયેલ કિંમતના તફાવતથી પાંચ ગણો કે એક હજાર રૂપિયા પૂરા (૧૦૦૦ રૂા. પૂરા) જે સૌથી વધુ હશે તે

(૫) જે કિસ્સામા માલ ૫૬ (૨) અને (૩) અન્વયે આવતો હોય તેવા કિસ્સામાં દંડ પાંચ ગણાથી વધારે ન થાય તેવો કે માલની કિંમત અને જાહેર કરાયેલ કિંમતના તફાવતના પાંચ ગણો કે એક હજાર રૂપિયા પૂરા (૧૦૦૦ રૂા. પૂરા) જે સૌથી વધુ હશે તે,

**કલમ-૧૧૩ અયોગ્ય રીતે નિકાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય તેવા માલની જપ્તી :-**

નીચે જણાવેલ નિકાલ કરવાનો માલ જપ્તીને પાત્ર થશે.

(એ) એવો કોઈપણ માલ કે જે કસ્ટમ્સનાં નિર્ધારિત બંદરો અથવા હવાઈ મથકો કે જે આ પ્રકારના માલ માટે જ બનાવાયાં છે તે સિવાયના દરિયાઈ કે હવાઈ માર્ગે નિકાસ કરવાનો પ્રયત્ન થતો હોય.

(બી) એવો કોઈપણ માલ કે જે જમીન અથવા સ્થાનિક દરિયાઈ સરહદ મારફતે કલમ ૭ ૫૬ - સી હેઠળ પ્રકાશિત થયેલ જાહેરનામાની જોગવાઈઓ હેઠળના માર્ગ સિવાયના અન્ય માર્ગો પરથી આ પ્રકારનો માલ મોકલવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય,

(સી) કોઈપણ જકાતપાત્ર કે પ્રતિબંધિત માલ કે જે દેશની સરહદ પાસે લાવવામાં આવે કે ભારતના દરિયાઈ કિનારાની નજીક લાવવામાં આવે કે નિકાસ કરવાના હેતુથી ઉપસાગર, અખાત, ખાડી કે ભરતીના વહેણવાળી નદી પાસે લાવવામાં આવે કે જે સ્થળ આ પ્રકારનો માલ ભરવા માટેના કસ્ટમ્સ સ્ટેશન કે બંદરથી અલગ હોય / સિવાયનું હોય.

(ડી) આ કાયદાની જોગવાઈઓ હેઠળ પ્રતિબંધિત હોય કે જે તે સમયે અમલમાં હોય તેવા કાયદાથી પ્રતિબંધિત હોય તેવો માલ નિકાસ કરવા માટે કસ્ટમ્સના વિસ્તારની નજીક લાવવામાં આવે

(ઈ) કોઈપણ જકાતપાત્ર કે પ્રતિબંધિત માલ તેના પેકેજમાં છુપાવીને નિકાલ કરવાના હેતુથી કસ્ટમ્સના વિસ્તારની નજીક લાવવામાં આવે.

(એફ) કોઈપણ જકાતપાત્ર કે પ્રતિબંધિત માલ કે જે ભરવામાં આવેલ છે કે ભરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે કે જેમાં કલમ - ૩૩ અને ૩૪ ની જોગવાઈઓનો ભંગ થતો હોય,

(જી) કોઈપણ જકાતપાત્ર કે પ્રતિબંધિત માલ કોઈપણ હેરાફેરી માટે કે કોઈ વહાણમાં દરિયાઈ માર્ગે લઈ જવા માટે ભરવામાં આવ્યો હોય કે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો હોય અને તે ઘટના સ્થળ ભારતની બહાર હોય અને તે અધિકૃત અધિકારીની પરવાનગી વગર કરવામાં આવે.

(એચ) એવો જકાતપાત્ર કે પ્રતિબંધિત માલ કે જે આ કાયદાની જોગવાઈ અન્વયે કરાયેલ નોંધમાં સમાવેશ કરવામાં આવેલ નથી. અથવા એવો માલ કે જેની નોંધ કરાયેલ નથી કે કલમ - ૭૭ અન્વયેના કબૂલાતનામાના કિસ્સા અન્વયેનો સામાન,

(આઈ)એવો કોઈપણ જકાતપાત્ર કે પ્રતિબંધિત માલ (માલને નિકાલ કરવાના દાવા હેઠળ પરત ખેંચી શકાશે) કે જે વિગત જે કાયદાની કોઈપણ નોંધ સાથે મેળવાશે / જોડાશે નહીં અને કલમ - ૭૭ ના કબૂલાતનામા અન્વયેનો સામાનના સંદર્ભમાં પણ એ જ રીતે લાગુ પડશે.

(૨) કોઈપણ નિકાસ કરવાના માલને પરત ખેંચવાનો દાવો કે જે દાવો (પરત ખેંચવા અંગેનો કલમ - ૭૫ હેઠળનો દર નક્કી કરવા માટે તેના સંદર્ભમાં કોઈપણ વિગતો સાથે મેળવાશે નહીં)

(જે) એવો કોઈપણ માલ કે જેના પર આયાત જકાત ચૂકવેલ નથી. અને તે કલમ - ૭૪ હેઠળ નિકાસ માટે પરત ખેંચવા માટે આવેલ છે.

(કે) કોઈપણ માલ નિકાસ માટેના પરત ખેંચવાના દાવા હેઠળ નિકાલ કરેલ હોય કે જે નિકાસ માટે

કોઈ ઈરાદાપૂર્વક બેદરકારીથી કે નિકાસ કરનારના તેના એજન્ટના કે કર્મચારીના વાંક / ભૂલના કારણે ભરવામાં આવેલ ન હોય, કે નિકાલકર્તાએ માલ ભર્યા પછી અધિકૃત અધિકારીની પરવાનગી વગર ખાલી મૂકેલ હોય,

(એલ) આ કાયદા અન્વયેના કોઈ નિયમો કે પ્રકરણ ૪-બી ની કોઈ જોગવાઈઓ અન્વયે કોઈપણ નિશ્ચિત માલ, તે જોગવાઈઓના ભંગ બદલના હેતુ માટે ગણવામાં આવશે.

**કલમ-૧૧૪ માલને અયોગ્ય રીતે નિકાસ કરવા માટે દંડ**

કોઈપણ વ્યક્તિ કે જે, કોઈપણ માલના સંદર્ભમાં કોઈ કાર્ય કરે કે નિષ્કાળજી દાખવે તો કલમ - ૧૧૩ અન્વયે આ પ્રકારની નિષ્કાળજીને કારણે માલ જપ્તીને પાત્ર થશે કે જે કાર્યને ઉત્તેજન પામવા કે નિષ્કાળજી બાબત હશે અને તે

(૧) એવો કોઈપણ માલ કે જેના સંદર્ભમાં કાયદાની જોગવાઈ અન્વયે પ્રતિબંધ અમલમાં હોય અથવા જે તે સમયે પ્રતિબંધિત હોય તે બાબતમાં માલની પાંચ ગણી કિંમતથી વધે નહીં તેટલી અથવા એક હજાર રૂા. (૧૦૦૦ રૂા. પૂરા) બે માંથી જે વધુ હશે તેટલો દંડ

(૨) કોઈપણ જકાતપાત્ર માલના કિસ્સામાં કે જે પ્રતિબંધિત ન હોય, તેવા કિસ્સામાં જકાત થતી હોય તેની પાંચ ગણી રકમ અથવા ૧૦૦૦ રૂા. પૂરા બેમાંથી જે વધુ હોય તેટલો દંડ થશે.

(૩) જે કિસ્સામાં માલને પરત ખેંચવાની માંગણી / દાવો હોય, તેવા કિસ્સામાં દાવો પરત ખેંચવા માટેની રકમની પાંચ ગણી રકમ કે જે રૂા. ૧૦૦૦ પૂરાની રકમ બેમાંથી જે વધારે હશે તેટલો દંડ થશે.

**કલમ-૧૧૪ એ કેટલાક કિસ્સાઓમાં ઓછો દંડ લેવો અથવા દંડ ન લેવો / વસૂલ કરવો.**

જ્યારે જકાત વસૂલ ન થયેલ હોય કે ઓછી વસૂલ થયેલ હોય કે વ્યાજની રકમ આકારવામાં આવેલ ન હોય કે ચૂકવવામાં આવેલ ન હોય કે અડધી ચૂકવવામાં આવેલ હોય કે જકાત અથવા વ્યાજ ખોટી રીતે વ્યક્તિના ખોટા નિવેદનથી કે મેળાપીપણામાં કે હકીકતો છુપાવીને પરત અપાઈ ગયેલ હોય, તો જે તે કિસ્સા પ્રમાણે વ્યક્તિ કે જે દર અથવા વ્યાજ ભરવાને પાત્ર છે તેણે કલમ - ૨૮ ની પેટા કલમ - ૨ માં જણાવ્યા પ્રમાણે જકાત અને વ્યાજ ઉપરાંત દંડ ભરવાને પણ પાત્ર થશે.

સિવાય કે જ્યારે ચૂકવવાપાત્ર થતી જકાત કે વ્યાજ કમિશનર (અપીલ) એપેલેટ ટ્રિબ્યુનલ કે જે તે કેસ પ્રમાણે નામ. અદાલતે ઘટાડેલ કે વધારેલ હોય તો, તે જકાત અથવા વ્યાજ જે તે કેસ પ્રમાણે ગણતરીમાં લેવાનું રહેશે.

જોગવાઈ એવી કરવામાં આવે છે કે આ કલમ હેઠળ જ્યારે કોઈપણ દંડ વસૂલ કરવામાં આવે ત્યારે કલમ - ૧૧૨ કે કલમ - ૧૧૪ હેઠળ કોઈ દંડ વસૂલ કરવામાં આવશે નહીં.

**કલમ-૧૧૫ પરિવહન દરમિયાન જપ્તી :-**

નીચે જણાવેલ પરિવહન જપ્તીને પાત્ર રહેશે.

(એ) કોઈપણ વહાણ કે જે ભારતીય દરિયાઈ પરિસીમામાં હતું કે છે, કોઈપણ હવાઈ જહાજ કે જે ભારતમાં છે કે હતું કે કોઈપણ વાહન કે જે કસ્ટમ્સના વિસ્તારમાં હતું કે છે કે જ્યારે માલ સંતાડવાના / છુપાવવાના હેતુથી બંધાયેલ સુધારેલ, પરિવર્તિત કરેલ કે કોઈપણ સ્વરૂપે જોડેલ હોય.

(બી) કોઈપણ હેરાફેરી કે જેમાં આખેઆખો માલ કે તેનો કોઈ ભાગ કસ્ટમ્સના અધિકારી દ્વારા થતી જપ્તી અટકાવવા માટે વહાણમાંથી પાણીમાં નંખાયેલ હોય, ભૂકો કરી નાખેલ હોય કે તેનો નાશ કરવામાં આવેલ હોય,

(સી) કોઈપણ હેરાફેરી કે જે કલમ - ૧૦૬ અન્વયે રોકવું જરૂરી હોય કે ઉતરાણ કરવું જરૂરી હોય તે કરવામાં નિષ્ફળ ગયેલ હોય, સિવાય કે કોઈ સારું અને પૂરતું કારણ હોય,

(ડી) કોઈપણ એવું હેરાફેરી કે જેમાં વખારમાંથી નિકાસ માટે માલનો નિકાલ કરવામાં આવ્યો હોય કે બીજો કોઈપણ માલનો નિકાસ પરત ખેંચવાના દાવા હેઠળ નિકાલ કરવામાં આવ્યો હોય અને તે અધિકૃત અધિકારીની પરવાનગી વગર ખાલી કરવામાં આવે,

(ઈ) કોઈપણ હેરાફેરી દરમિયાન આયાતી માલ ભારતમાં દાખલ થયેલ હોય અને પાછળથી જાણવા મળે કે, આ માલનો આખો કે કેટલોક ભાગ ખોવાઈ ગયેલ છે, જ્યાં સુધી વહાણનો કે હવાઈ જહાજનો કપ્તાન તે માલ ખોવાઈ જવા વિશે કે તૂટ વિશે જણાવવા સક્ષમ ન હોય.

(૨) કોઈપણ હેરાફેરી કે પ્રાણી કે જે કોઈપણ દાણચોરીના માલમાં પરિવહન માટે વપરાયેલ હોય કે કોઈપણ દાણચોરી થયેલ માલના વાહન તરીકે વપરાયેલ હોય તે જપ્તીને પાત્ર રહેશે, સિવાય કે એવી હેરાફેરી કે પ્રાણીનો માલિક સાબિત કરે કે, તે માલિક જાતે, તેનો એજન્ટ અન્ય કોઈ કે જે વ્યક્તિના હાથમાં હેરાફેરી કે પ્રાણી હતું તેમની માહિતી કે મેળાપીપણા વગર માલની હેરાફેરી થયેલ છે.

સિવાય કે જ્યારે આ પ્રકારની હેરાફેરી ભાડેથી માલના કે મુસાફરોના વહન માટે થયેલ હોય ત્યારે વાહનના માલિકને જપ્તીને બદલામાં દંડનો વિકલ્પ આપવામાં આવશે અને તે દંડની રકમ જે માલ દાણચોરી થવાનો છે અથવા માલ દાણચોરી થયેલ છે તેના બજારભાવ કરતાં વધુ નહીં હોય અને તે જે તે કિસ્સા પ્રમાણે હશે.

**સમજૂતી :-** આ કલમમાં બજારભાવ એટલે એ તારીખનો બજારભાવ જે તારીખે માલની જપ્તી કરવામાં આવે.

**કલમ-૧૧૬ માલની ગણતરી ન રાખવા બદલ દંડ :-**

જો કોઈપણ આયાત કરેલ માલ ભારતમાં હેરાફેરી માટે ભરવામાં આવ્યો હોય, કે કોઈપણ માલ આ કાયદાની જોગવાઈ અનુસાર દરિયાઈ માર્ગે હેરાફેરી કરીને લવાયેલ હોય, અને તે ભારતમાં તેના નિર્ધારિત સ્થળે ખાલી કરવામાં આવ્યો ન હોય કે જો તેનો જથ્થો નિર્ધારિત સ્થળે ભરેલા જથ્થા કરતાં ખાલી કરેલ સ્થળે જથ્થો ઓછો હોય અને તે ખાત્રી / તૂટનું (આસિસ્ટન્ટ (મદદનીશ) કમિશનર ઓફ કસ્ટમ્સ કે ડેપ્યુટી (નાયબ) કમિશનર ઓફ કસ્ટમ્સ) ને વાજબી સંતોષકારક કારણ ન મળે તો જે વ્યક્તિના તાબામાં હેરાફેરી હશે તે જવાબદાર રહેશે.

(એ) ભારતમાં આયાત કરવા માટે ભરેલ માલની હેરાફેરીના કિસ્સામાં કે માલને આ કાયદાની જોગવાઈઓ હેઠળ દરિયાઈ સરહદેથી ભરવામાં આવેલ હોય તો જે માલ ખાલી કરવામાં આવ્યો નથી તેની જકાતની કિંમતની બમણી જકાતથી વધે નહીં તેટલી કે અપૂરતા આયાત કરેલા માલ માટે જો તે માલ આયાત કરવામાં આવ્યો હોત તો જે પ્રમાણે કિસ્સો હોય તે પ્રમાણે દંડની રકમ થશે.

(બી) કોઈપણ દરિયાઈ માલના કિસ્સામાં ખાલી કરવામાં ન આવેલ હોય કે અપૂરતો માલ હોય તેવા કિસ્સામાં દંડની રકમ નિકાસ જકાતની બમણી રકમથી વધે નહીં તેવી જો તે માલ નિકાસ કરવામાં આવ્યો હોત તો, તે જ રીતે કિસ્સો હોય તે પ્રમાણે થશે.

**કલમ-૧૧૭ સ્પષ્ટ રીતે જણાવેલ ન હોય તેવા ભંગ બદલ દંડ :-**

કોઈપણ વ્યક્તિ આ કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે કે ઉલ્લંઘન કરવામાં સહાય કરે / ઉત્તેજન આપે કે આ કાયદાની જોગવાઈઓનો અમલ કરવામાં નિષ્ફળ જાય કે જેનો અમલ કરવો તેની ફરજ હતી, તો ભંગ કે નિષ્ફળતા બદલ આ કાયદામાં કયાંય સ્પષ્ટ જોગવાઈ ન હોવા છતાં તે ૧૦૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા) થી વધુ નહીં તેવા દંડને પાત્ર થશે.

**કલમ-૧૧૮ મુદ્દામાલની જપ્તી :-**

(એ) જ્યારે આયાત કરેલ કોઈપણ માલના પેકેટ્સ (ખોખા) જપ્તીને પાત્ર હોય ત્યારે તે મુદ્દો અને તેની અંદર રહેલો બીજો આયાત થયેલ માલ પણ જપ્તીને પાત્ર રહેશે.

(બી) જ્યારે મુદ્દામાલને નિકાસ કરવાના હેતુથી કસ્ટમ્સના હદના વિસ્તારમાં લાવવામાં આવે અને તે જપ્તીને પાત્ર હોય તો તેમાં રહેલ બીજો માલ પણ જપ્તીને પાત્ર રહેશે.

**કલમ-૧૧૯ દાણચોરીના માલને છુપાવવા / સંતાડવા માટે વપરાયેલ માલની જપ્તી :-**

કોઈપણ માલ કે જે દાણચોરીના માલને સંતાડવા માટે વાપરવામાં આવ્યો હોય તે પણ જપ્તીને પાત્ર રહેશે.

**સમજૂતી :-** આ કલમમાં માલના પરિવહન માટે વપરાયેલ વાહનનો સમાવેશ થતો નથી.

**કલમ-૧૨૦ જપ્તીમાં દાણચોરીના માલના સ્વરૂપમાં કોઈ ફેરફાર ન કરવા બાબત :-**

(૧) દાણચોરીના માલની જપ્તી સમયે તેના સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

(૨) જ્યારે દાણચોરી થયેલ માલને બીજા માલ સાથે એવી રીતે ભોગવવામાં / મિશ્ર કરવામાં આવે કે તેને જુદો પાડી શકાય નહીં તો આવો સમગ્ર જથ્થો જપ્ત કરવામાં આવશે.

(૩) સિવાય કે માલનો માલિક જો સાબિત કરે કે તેને ભેળવાયેલો માલ દાણચોરીનો છે તે બાબતની કોઈ માહિતી નહોતી કે તેની પાસે એવું કોઈ કારણ નહોતું કે તેણે દાણચોરીનો માલ અન્ય માલની સાથે મિશ્ર કર્યો છે તો માલનો ફકત એટલો જ ભાગ કે જેની કિંમત દાણચોરીના માલની કિંમત જેટલી જ થતી હોય તે જપ્તીને પાત્ર થશે.

**કલમ-૧૨૧ દાણચોરીથી લવાયેલ માલની વેચાણ કાર્યવાહી પર જપ્તી :-**

જ્યારે વ્યક્તિને કોઈપણ દાણચોરીનો માલ વેચતી હોય અને તેને માહિતી હોય કે સદર માલ દાણચોરીનો છે તો તે માલ વેચાણની કાર્યવાહી જપ્તીને પાત્ર રહેશે.

**કલમ-૧૨૨ જપ્તી અને દંડનો અમલ :-**

આ પ્રકરણ અન્વયે જે કંઈપણ જપ્તીને પાત્ર હોય કે જે કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર હોય, તે જપ્તી અથવા દંડનો અમલ થઈ શકશે.

(એ) કોઈપણ હદ વગર (કમિશનર ઓફ કસ્ટમ્સ) અથવા (જોઈન્ટ (સંયુકત) કમિશનર ઓફ કસ્ટમ્સ)

(બી) જ્યારે જપ્તીને પાત્ર વસ્તુઓની કિંમત રૂા. ૫૦૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) થી વધતી ન હોય, (આસિસ્ટન્ટ કમિશનર ઓફ કસ્ટમ્સ કે ડેપ્યુટી કમિશનર ઓફ કસ્ટમ્સ)

(સી) કસ્ટમ્સના રાજ્યપત્રિત અધિકારી કે જે આસિસ્ટન્ટ કમિશનર ઓફ કસ્ટમ્સથી નીચેના હોદ્દા પર હોય ત્યારે જપ્તીને પાત્ર માલની કિંમત (અંકે રૂપિયા બે હજાર પાંચસો પૂરા) ૨૫૦૦/- રૂા. પૂરા થી વધતી ન હોય.

**કલમ-૧૨૩ કેટલાક કિસ્સાઓમાં સાબિતી પુરવાર કરવાનો બોજો :-**

આ કાયદા હેઠળ જો કોઈ માલ જપ્ત કરવામાં આવ્યો હોય કે જેમાં એ વાજબી માન્યતા એવી છે કે તે માલ દાણચોરી થયેલ માલ છે, તેને આ કલમ લાગુ પડે છે. તે માલ દાણચોરીનો માલ નથી તે પુરવાર કરવાનો બોજો આ પ્રમાણે રહેશે.

(૧) કોઈપણ વ્યક્તિની કબજામાંથી જપ્તી કરવામાં આવી હોય તે કિસ્સામાં

(૨) એ વ્યક્તિ ઉપર કે જેના કબજામાંથી માલ જપ્ત કરવામાં આવ્યો હોય અને

(૩) એવી બીજી કોઈપણ વ્યક્તિ ઉપર કે જે તે માલના માલિક સિવાયની અન્ય વ્યક્તિ હોય કે જેના કબજામાંથી માલ જપ્ત થયેલ હોય અને તે વ્યક્તિ તે માલના માલિક હોવાનો દાવો કરતી હોય.

(બી) બીજા કોઈપણ કિસ્સામાં કે જેમાં વ્યક્તિ પોતે માલિક હોવાનો દાવો કરતી હોય.

(૨) આ કલમ સોનું (તથા તેની બનાવટો) ઘડિયાળો, તથા બીજા માલને કે જેને કેન્દ્ર સરકાર સત્તાવાર રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા જાહેર કરે તેને લાગુ પડશે. અમલમાં હોય તેવા કાયદા દ્વારા પ્રતિબંધિત છે તો તે માલના માલિકને (કે જ્યારે આવો માલિક કોણ છે તે જ્ઞાત ન હોય કે જેના પાસેથી તે માલ જપ્ત કરવાનો છે તે માલનો કબજો લીધેલ છે.) તે અધિકારીને યોગ્ય લાગે તેટલી દંડની રકમ જપ્તીના બદલે ભરવા માટે વિકલ્પ આપશે.

જોગવાઈ એવી કરવામાં આવે છે કે, કલમ - ૧૧૫ ની પેટા કલમ - ૨ ની જોગવાઈઓના અનુસંધાને કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આ દંડની રકમ જે માલની જપ્તી કરવાની છે તેની બજારકિંમત કરતાં વધવો જોઈએ નહીં અને આયાતી માલના કિસ્સામાં તેની ઉપર જકાત આકારવાપાત્ર થશે.

(૨) જ્યારે માલની જપ્તીના બદલામાં દંડ પેટા કલમ -૧ હેઠળ લાદવામાં આવે ત્યારે, માલના માલિકે કે પેટા કલમ - ૧ માં જણાવેલ વ્યક્તિ દંડની રકમ ઉપરાંત, વધારામાં, જકાત અને કર આ માલના સંદર્ભમાં ચૂકવવાપાત્ર થશે.

**કલમ-૧૨૪ માલની જપ્તી વગેરે કરના પહેલાં કારણદર્શક નોટિસ (સૂચના) કાઢવી :-**

આ પ્રકરણ અન્વયે કોઈપણ વ્યક્તિ ઉપર માલની જપ્તીનો કે કોઈપણ દંડની રકમનો હુકમ કરી શકાશે નહીં કે જ્યાં સુધી માલના માલિકને કે આવી વ્યક્તિને

(એ) લેખિતમાં જાણ કરતી નોટિસ (સૂચના) માલની સૂચિત જપ્તી કે લાદવામાં આવનાર દંડની રકમ બાબતમાં આપવામાં આવે,

(બી) જે નોટિસમાં જપ્તી અંગેનાં કારણો દર્શાવેલ હોય કે દંડની રકમ જણાવેલ હોય તે બાબતમાં તેને લેખિતમાં રજૂઆત કરવાની પૂરતો સમય આપીને વાજબી તક આપવામાં આવે અને

(સી) તેને કિસ્સાની બાબતમાં સુનાવણીની વાજબી તક આપવામાં આવે,

*સિવાય કે, પદ (એ) માં જણાવેલ નોટિસ અને પદ (બી) માં જણાવેલ રજૂઆત સંબંધિત વ્યક્તિની વિનંતીથી મૌખિક હોય,*

f÷{ 125 : hkßÞMkkíkLkk çkË÷k{kt Ëtz¼hðkLkku rðfÕÃk

(1) surfMMkk{kt {k÷ hkßÞMkkík fhðkLkkeMk¥kk ykÃku÷ nkuÞ, íÞkhu su {k÷ fusuLke ykÞkík fu rLkfkMk ykÚkðk ykLkÞ fkÞËknuX¤«ríkçktrÄíknkuÞ, íku ytøkuLk÷e fhLkkhMk¥kkrÄfkheMkËh {k÷ hkßÞMkkík fhðkLkuçkË÷uíkuLkk {kr÷fLku (òu {kr÷fLkeòýLknkuÞ íkkuíku {k÷ suLkk fçò fufMze{ktÚkesÃíkÚkÞkunkuÞíkuÔÞÂõíkLku), Ëtz¼hðkLkkurðfÕÃk ykÃkþu; òufuyðeþhíkufu, f÷{ 115(2) Lku çkkÄ Lk ykðu íku heíku, ykËtzLke hf{ {k÷Lke®f{ík (ykÞkíke {k÷Lkk rfMMkk{kt íkuLkkWÃkhLkezâwxeçkkË fhe) Úke ðÄðe Lk òEyu.

(2) ßÞkhu {k÷ hkßÞMkkík fhðkLku çkË÷u, íkuLkkWÃkhWõíkÃkuxkf÷{ (1) nuX¤Võík Ëtz÷kËðk{kt ykðu íÞkhu yk {k÷Lkk {kr÷f yÚkðk Ãkuxk f÷{ (1) {kt Ëþkoðu÷ÔÞÂõíkyu, íkuWÃkhktík, zâwxe yLku Mk Ëh {k÷ ytøkuLkk ík{k{ [kŠsMk¼hðkÃkzþu.

**કલમ-૧૨૬ જપ્તીના કારણે મિલકતનું કેન્દ્ર સરકારમાં નિહિત થવું.**

(૧) *જ્યારે આ કાયદા અન્વયે કોઈપણ માલ જપ્ત થાય ત્યારે આ માલ ત્યારબાદ કેન્દ્ર સરકારમાં નિહિત થશે.*

(૨) *સક્ષમ અધિકારી કે જેણે માલની જપ્તી કરેલ હોય તે જપ્ત થયેલ માલનો કબજો ધારણ કરશે અને સંભાળશે.*

**કલમ-૧૨૭ કસ્ટમ્સના અધિકારી દ્વારા જપ્તી કે દંડના હુકમની બીજી સજામાં દખલ થઈ શકશે નહીં.**

*આ કાયદાની જોગવાઈ અન્વયે કસ્ટમ્સ અધિકારી દ્વારા કરવામાં આવેલ જપ્તી કે દંડના હુકમની પ્રકરણ - ૧૫ હેઠળ કે બીજા અન્ય કાયદા હેઠળ લાદવામાં આવનાર સજાની અસરકર્તા વ્યક્તિ પર અસર પડશે નહીં.*

**કલમ-૧૩૧ સી વ્યાખ્યાઓ :-**

*આ પ્રકરણમાં*

(એ) *નિયત દિવસ એટલે ફાઈનાન્સ એક્ટ ૧૯૮૦ (૧૯૮૦ નો ૪૪ મો) ના પાંચમી અનુસૂચિ, ભાગ - ૧ માં જણાવ્યા અનુસાર આ કાયદામાં થયેલ સુધારાઓ અમલમાં આવતો દિવસ.*

(બી) *વડી અદાલત એટલે કે*

(૧) *કોઈપણ રાજ્યના સંદર્ભમાં રાજ્યની વડી અદાલત*

(૨) *કેન્દ્ર શાસિત પ્રદેશના સંદર્ભમાં જે રાજ્યની વડી અદાલતની હકૂમત ત્યાં સુધી લંબાવવામાં આવી હોય, તે વડી અદાલત.*

(૩) *દાદરા અને નગર હવેલી અને (દમણ અને દિવ) ના કેન્દ્રશાસિત પ્રદેશોના સંદર્ભમાં મુંબઈની વડી અદાલત.*

(૪) *તે સિવાય કોઈપણ કેન્દ્રશાસિત પ્રદેશો માટે સર્વોચ્ચ અદાલત સિવાય જે તે પ્રદેશની દીવાની અપીલ માટે જે તે વડી અદાલત.*

## પ્રકરણ -૧૫

## ગુનાઓ અને કાર્યવાહીઓ

**કલમ-૧૩૨ ખોટી જાહેરાત, ખોટા દસ્તાવેજો વગેરે :-**

*જે કોઈપણ નોંધ, નિશાની કે ઉપયોગ કે કારણોથી કરવાના હોય, જે સહી થયેલ હોય અને ઉપયોગ થયેલ હોય કોઈપણ જાહેરાત નિવેદન કે દસ્તાવેજ કે જે કસ્ટમ્સને સંબંધિત ધંધામાં વપરાવવાના હોય અને તે પ્રકારની જાહેરાત નિવેદન કે દસ્તાવેજ ખોટો હોવાનું જે કોઈપણ જાણતું હોય કે એવું માનવાને કારણ હોય, તો તે કેદની સજાને પાત્ર થશે અને તેની મુદત છ મહિના સુધી વધારી શકાશે કે દંડને પાત્ર થશે અથવા બંને થશે.*

**કલમ-૧૩૩ કસ્ટમ્સના અધિકારીને અવરોધ / અટકાવ**

*જે કોઈપણ વ્યક્તિ આ કાયદા અન્વયે કસ્ટમ્સના અધિકારીને મળેલ સત્તા અન્વયે કાર્ય કરવામાં જાણીને અવરોધ ઊભો કરે તો તે વ્યક્તિને કેદની સજા થશે અને તે વધુમાં વધુ છ મહિના સુધી વધારી શકાશે. સજાને પાત્ર થશે અથવા દંડને પાત્ર થશે અથવા બંને થશે.*

**કલમ-૧૩૪ એકસ રે (ક્ષ કિરણો) બાબતે ઇન્કાર :-**

*જો કોઈ વ્યક્તિ,*

*(એ) કલમ - ૧૦૩ અન્વયે ન્યાયાધીશે કરેલા હુકમ અનુસાર રેડિયોલોજિસ્ટને તેના શરીરનો ફોટો લેવા માટે સ્ક્રીનિંગ કે એક્સ રે બાબતે પ્રતિકાર કરે કે ઈન્કાર કરે તો,*

*(બી) કલમ - ૧૦૩ ની જોગવાઈ પ્રમાણે, તેના શરીરમાં છુપાવેલ વસ્તુને શરીરમાંથી બહાર લાવવા માટે નોંધાયેલ યોગ્ય તબીબના નિરીક્ષણ અને વડપણ / માર્ગદર્શન હેઠળ કે જે જપ્તીને પાત્ર સંતાડેલી વસ્તુ છે તેના બહાર લાવવા માટે પ્રતિકાર અને ઈન્કાર કરે તો,*

*તે કેદની સજાને પાત્ર થશે અને તેની મુદત છ મહિના સુધી વધારી / લંબાવી શકાશે અથવા દંડ થશે અથવા બંને થશે.*

**કલમ-૧૩૫ ફરજો કે પ્રતિબંધોની અવગણના :-**

*(૧) આ કાયદા અન્વયે લેવાયેલ કોઈપણ પગલા સાથે પૂર્વગ્રહ વગર, જો કોઈ વ્યક્તિ :-*

*(એ) આ કાયદા અન્વયે કોઈપણ માલના સંદર્ભમાં જાણીબૂજીને કે દગાથી અવગણના કરે કે અવગણના કરવાનો પ્રયત્ન કરે કે જે ફરજ કે પ્રતિબંધ આ કાયદા અન્વયે જે તે સમયે લાદવામાં આવ્યો હોય કે જે તે સમયે માલના સંદર્ભમાં લાદવામાં આવ્યો હોય કે,*

*(બી) કાયદાની કલમ - ૧૧૧ અન્વયે કોઈપણ માલ જપ્તીને પાત્ર છે એવું જાણતા હોવા છતાં તેનો કબજો સંપાદિત કરે કે બીજા કોઈ પણ રસ્તા / પ્રયત્નો દ્વારા તેને લઈ લે, દૂર કરે, જમા કરાવે, કાર્યલોપ રાખે છુપાવે , વેચાણ કરે કે ખરીદ કરે કે બીજી કોઈપણ પદ્ધતિથી તે માલનો સોદો કરે તે સજાને પાત્ર થશે.*

*(૧) કલમ - ૧૨૩ લાગુ પડતી હોય તેવા કોઈપણ માલને લગતા ગુનાના કિસ્સામાં, અને જેની બજારકિંમત રૂા. એક લાખથી વધતી હોય તેવા કિસ્સામાં કેદની સજાને પાત્ર થશે જેની મુદત (સાત વર્ષ) વધી શકશે અને દંડ થશે.*

*સિવાય કે અદાલત દ્વારા ચુકાદામાં પૂરતાં અને ખાસ કારણો કે જે વિરુદ્ધમાં નોંધાયેલાં હોય તેની ગેરહાજરીમાં આ પ્રકારની કેદ ત્રણ વર્ષથી ઓછી થશે નહીં.*

(૨) *કોઈપણ કિસ્સામાં કેદની સજાની મુદત (ત્રણ વર્ષ) વધી શકશે કે દંડ થશે અથવા બંને થશે.*

(૨) *કોઈપણ વ્યક્તિ આ કલમ અન્વયે ગુનાની સજા પામેલ હોય કે કલમ - ૧૩૬ ની પેટાકલમ - ૧ અન્વયે ગુનાની ફરીથી સજા પામેલ હોય તો તેને બીજા અને ત્યારપછીના પ્રત્યેક ગુના માટે કેદની સજા થશે અને તેની મુદત સાત વર્ષ સુધી વધી શકશે અને સાથે દંડ થશે.*

*સિવાય કે અદાલત દ્વારા નોંધવામાં આવેલ પૂરતાં અને ખાસ કારણોના અભાવે તેની સજા એક વર્ષથી ઓછી નહીં તેટલી થશે.*

(૩) *પેટા કલમ - ૧ અને ૨ ના હેતુ માટે નીચે જણાવેલ કારણોને એક વર્ષથી ઓછી સજા માટે પૂરતાં અને ખાસ કારણો ગણી શકાશે નહીં જેવાં કે,*

(૧) *જ્યારે આરોપીને આ કાયદા અન્વયે ગુના માટે પ્રથમવાર સજા આપેલ હોય,*

(૨) *આ કાયદા હેઠળની કાર્યવાહીમાં હકીકતથી ફરિયાદ પક્ષ સિવાય આરોપીને દંડ ચૂકવવાનો હુકમ કરાવેલ હોય કે માલ કે જે આ કાર્યવાહીનો વિષય વસ્તુ છે / ભાગ છે તેને જપ્ત કરવાનો હુકમ કરાવેલ હોય કે બીજું કોઈપણ કાર્ય/પ્રથા કે જે તેના વિરુદ્ધમાં સમાન કૃત્ય માટે હોય કે જે ગુનામાં પરિણમે,*

(૩) *એવી હકીકત હોય કે આરોપી ગુનેગાર ન હોય પરંતુ માલના વાહક તરીકે કાર્ય કરતો હોય કે ગુનો બનવાના સમયે તે અન્ય પક્ષકાર હોય.*

(૪) *આરોપીની ઉંમર*

**કલમ-૧૩૫-એ તૈયારી :-**

*જો કોઈ વ્યક્તિ આ કાયદાનો ભંગ કરીને કોઈપણ માલને નિકાસ કરવાની તૈયારી કરે અને કેસના સંજોગો ઉપરથી એવું વાજબી રીતે સ્પષ્ટ થતું હોત કે જો તેના ઈરાદાને સ્વતંત્ર રીતે રોકવામાં નહીં આવે તો, તે ગુનો આચરશે તે કેદની સજાને પાત્ર થશે અને તેની મુદત ત્રણ વર્ષ સુધી લંબાવી શકાશે અથવા દંડ થશે અથવા બંને થશે.*

**કલમ-૧૩૫બી કાયદા અન્વયે સજા થયેલ વ્યક્તિનું નામ ધંધાનું સ્થળ વગેરે જાહેર કરવાની અદાલતની સત્તા :-**

(૧) *જ્યારે કોઈપણ વ્યક્તિને આ કાયદાની કોઈપણ જોગવાઈના ભંગ બદલ સજા થયેલ હોય તો, અદાલત તેનું નામ, ધંધાનું સ્થળ કે તે વ્યક્તિના ઘર બાબત કે ધંધાના પ્રકાર બાબત જાણવા સક્ષમ ગણાશે. અને જો અદાલતને કેસના સંજોગો પ્રમાણે અદાલતને જરૂરી લાગે તો તે વ્યક્તિના ખર્ચે દૈનિક વર્તમાનપત્રમાં છપાવવા બાબત વિચારણામાં લેશે કે બીજી કોઈપણ રીતે જે અદાલત નિર્દેશન આપશે.*

(૨) *પેટા કલમ - ૧ અન્વયેનું કંઈપણ છાપી શકાશે નહીં કે જ્યાં સુધી અદાલતના હુકમની વિરુદ્ધમાં અપીલ કરવાનો સમય અપીલ કર્યા વગર વીતી ન ગયો હોય કે આખી અપીલ કે જે કરવામાં આવેલ હોય અને તેનો નિકાલ આવ્યો હોય / ફેંસલો થયેલ હોય.*

(૩) પેટા કલમ - ૧ અન્વયેનો કોઈપણ છપામણીનો ખર્ચ જો તે વ્યક્તિને અદાલત દ્વારા દંડ કરવામાં આવ્યો હોય તો વસૂલાતને પાત્ર રહેશે.

**કલમ-૧૩૬ કસ્ટમ્સના અધિકારીઓ દ્વારા ગુનાઓ :-**

(૧) જો કસ્ટમ્સના કોઈપણ અધિકારી કોઈ કરારમાં દાખલ થાય કે કોઈ કરાર કરવા માટે દખલ કરે, પરવાનગી આપે, છુપાવે કે મેળાપીપણાથી એવું કોઈ પણ કૃત્ય કરે કે જેના દ્વારા કસ્ટમ્સની વસૂલાતને પાત્ર હોય તેવી કોઈપણ માલ પરની કોઈપણ જકાત કે આ કાયદા અન્વયે જે તે સમયે પ્રતિબંધિત હોય તેવી કોઈ વસ્તુ કે બીજા કોઈપણ કાયદા કે જે તે સમયે અમલમાં હોય અને કોઈપણ માલના સંદર્ભમાં તેની અવગણના કરે તો તે કેદની સજાને પાત્ર થશે અને તેની મુદત ત્રણ વર્ષ સુધી વધારી શકાશે કે દંડને પાત્ર થશે અથવા બંને થશે.

(૨) કસ્ટમ્સના કોઈપણ અધિકારી :-

(એ) એવું માનવાને કોઈ કારણ ન હોય કે કોઈ વ્યક્તિ પાસે કોઈપણ છુપાવેલો માલ કે છુપાવેલા દસ્તાવેજો છે કે જે કોઈપણ જપ્તીને પાત્ર માલને સંબંધિત દસ્તાવેજો છે અને તેની તપાસ કરે,

(બી) એવું માનવાને કોઈ કારણ ન હોય કે કોઈપણ વ્યક્તિએ કલમ - ૧૩૫ અન્વયે સજાને પાત્ર ગુનો કર્યો છે અને તેની ધરપકડ કરે.

(સી) કસ્ટમ્સના કોઈપણ અધિકારી એવા સ્થળની તપાસ કરે કે જ્યાં એવું માનવાને કોઈ કારણ ન હોય કે ત્યાં કલમ - ૧૦૫ અન્વયે દર્શાવેલા પ્રકારનો કોઈપણ માલ, દસ્તાવેજો કે વસ્તુઓ છુપાવેલાં છે.

તો તે કેદની સજાને પાત્ર થશે અને તેની મુદત છ મહિના સુધી વધારી શકાશે અને દંડ કરવામાં આવશે કે જે રૂા. ૧૦૦૦ પૂરા સુધી વધારી શકાશે કે બંને થશે.

(૩) જો કસ્ટમ્સના કોઈપણ અધિકારી તેની ફરજના સમય દરમિયાન વિશ્વાસથી, જે તે સમયે અમલમાં હોય તેવા કાયદાની ક્ષમતામાં સાંભળેલ કોઈ વિગત કોઈપણ માલના સંદર્ભમાં જાહેર કરે તો તે કેદની સજાને પાત્ર બનશે અને તેની મુદત છ મહિના સુધી વધારી શકાશે અથવા દંડ કરવામાં આવશે કે જેથી રૂા. ૧૦૦૦ સુધી વધારવામાં આવશે અથવા બંને થશે.

**કલમ-૧૩૭ ગુનાઓ અંગે હકૂમત :-**

(૧) કમિશનર ઓફ કસ્ટમ્સ એ મંજૂરી સિવાય કોઈપણ અદાલતને કલમ - ૧૩૨ કલમ - ૧૩૩, કલમ - ૧૩૪ કે કલમ - ૧૩૫ અન્વયેના ગુના બાબત કોઈ હકૂમત રહેશે નહીં.

(૨) કોઈપણ અદાલતને કલમ - ૧૩૬ અન્વયેના ગુના બાબત હકૂમત રહેશે નહીં.

(એ) જ્યારે એવું માનવામાં આવતું હોય કે થયેલ ગુનો કસ્ટમ્સના કોઈ અધિકારી કે જે (આસિસ્ટન્ટ કમિશનર ઓફ કસ્ટમ્સ) થી નીચેના હોદ્દાના ન હોય તો કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી સિવાય

(બી) જ્યારે એવું માનવામાં આવતું હોય કે કસ્ટમ્સના કોઈપણ અધિકારી દ્વારા થયેલ ગુનો કે જે (આસિસ્ટન્ટ કમિશનર ઓફ કસ્ટમ્સ) થી નીચેના હોદ્દાના નથી ત્યારે (કમિશનર ઓફ કસ્ટમ્સ) ની પૂર્વ મંજૂરી સિવાય.

**કલમ-૧૩૮ ગુનાઓ સંક્ષિપ્તમાં ચલાવવા**

*કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર ૧૮૯૮ (૧૮૯૮ નો ૫ મો) માનું કંઈપણ આ પ્રકરણ અન્વયે, બીજા સજાને પાત્ર ગુનાઓ કરતાં (કલમ - ૧૩૫ ની પેટા કલમ - ૧ પદ - ૧ કે આ કલમની પેટા કલમ - ૨) લાગુ પડશે નહીં. અને તેને ન્યાયાધીશ દ્વારા સંક્ષિપ્તમાં ચલાવવામાં આવશે.*

**કલમ-૧૩૮-એ ગુનાહીત માનસિક સ્થિતિની પૂર્વધારણા :-**

*(૧) આ કાયદા અન્વયેના કોઈપણ ગુનામાં આરોપીનું ગુનાહીત માનસ છતું થાય તો અદાલત તે માનસિક પરિસ્થિતિના અસ્તિત્વની પૂર્વધારણા કરશે પરંતુ તે સાબિત કરવાનો બોજો આરોપી પર રહેશે કે તેના પર જે કૃત્યનો આરોપ મુકાયો છે તે ગુનો બન્યો ત્યારે તેની તાત્કાલિક પરિસ્થિતિ તે ન હતી.*

**સમજૂતી :-** *આ કલમમાં ગુનાહીત માનસિક સ્થિતિ એટલે કે ઇરાદો, હેતુ, હકીકતનું જ્ઞાન અને તેની માન્યતા કે માનવા માટેનાં કારણો, હકીકત*

*(૨) આ કલમના હેતુ માટે, હકીકતને સાબિત થયેલ ત્યારે માનવામાં આવશે કે જ્યારે અદાલત શંકાથી પર રીતે હોવાનું માને અને ફકત તેની સ્થાપિત થયેલ બહુ મોટી સંભવિતતાના કારણે નહીં.*

**કલમ-૧૩૮બી કેટલાક સંજોગો હેઠળ નિવેદનોની પ્રસ્તુતતા**

*(૧) આ કાયદા અન્વયેની તપાસ કે કાર્યવાહી દરમિયાન વ્યક્તિએ કસ્ટમ્સના રાજ્યપત્રિત અધિકારી સમક્ષ કરેલ અને સહી કરેલ નિવેદન કે અન્ય કોઈ કાર્યવાહી*

**કલમ-૧૩૯ કેટલાક કિસ્સાઓમાં દસ્તાવેજની પૂર્વધારણા**

*(૧) જ્યારે કોઈપણ દસ્તાવેજ આ કાયદા અન્વયે કે બીજા કોઈપણ કાયદા અન્વયે કે જે કોઈ વ્યક્તિ દ્વારા રજૂ કરાયેલ છે અથવા કોઈ વ્યક્તિના કબજા કે તાબામાંથી જપ્ત કરાયેલ છે.*

*(૨) આ કાયદા અન્વયે ભારત બહારના કોઈ સ્થળેથી મળેલ હોય/પ્રાપ્ત હોય કે કોઈપણ ગુનો થયેલ હોય તો તેની તપાસના સમયગાળા દરમિયાન મળેલ હોય,*

*તો આવો દસ્તાવેજ ફરિયાદ પક્ષ દ્વારા તેની વિરુદ્ધમાં કે તેમને તેની સાથે બીજી વ્યક્તિ જે સંયુકતપણે કેસ ચાલી રહ્યો છે તેની વિરુદ્ધમાં પુરાવા તરીકે રજૂ કરવામાં આવે ત્યારે અદાલત,*

*(એ) જો કંઈ વિરુદ્ધમાં સાબિત ન થાય તો પૂર્વધારણા કરશે કે, દસ્તાવેજના બીજા ભાગો અને સહી કે જે કોઈપણ ખાસ માણસની છે તેવું માને અથવા અદાલત એવું વાજબીપણે માને કે તે ખાસ વ્યક્તિ દ્વારા સહી થયેલ છે કે લખાયેલ છે અને દસ્તાવેજ અમલીકરણ અને સાક્ષીકરણના કિસ્સામાં તે એ વ્યક્તિ દ્વારા અમલીકરણ અને સાક્ષીકરણ થયેલ છે. જેના દ્વારા તે થયાનું માનવામાં આવતું હોય,*

*(બી) દસ્તાવેજને પુરાવા તરીકે દાખલ કરશે. જો તેમાં જરૂરી સ્ટેમ્પ ન લગાડેલ હોય પરંતુ બીજી બધી રીતે પુરાવા તરીકે દાખલ કરવા યોગ્ય હોય,*

*(સી) જો પદ (૧) અન્વયે દસ્તાવેજ આવતો હોય તો જ્યાં સુધી વિરુદ્ધમાં કંઈ સાબિત ન થાય ત્યાં સુધી તે દસ્તાવેજની વિગતોની સત્યાર્થતાને માનવામાં આવશે.*

**સમજૂતી :-** *આ કલમના હેતુ માટે દસ્તાવેજ માં કલમ - ૧૧૦ પેટા કલમ - (૧ સી) અન્વયે યાદી /સૂચિ, ફોટોગ્રાફસ અને ન્યાયાધીશ દ્વારા પ્રમાણિત થયેલ યાદીનો સમાવેશ થાય છે.*

**કલમ-૧૪૦ કંપની દ્વારા ગુનાઓ :-**

*(૧) જો આ પ્રકરણ અન્વયે વ્યક્તિ દ્વારા થયેલ ગુનો એ કંપની હોય તો, એવી દરેક વ્યક્તિ કે જે ગુનો થયો તે સમયે ફરજમાં હતી અને કંપનીને તેના વાણિજ્યિક વ્યવહારો માટે જવાબદાર હતી, તે જ રીતે કંપનીને ગુના માટે ગુનાહીત ગણવામાં આવશે અને તેની વિરુદ્ધમાં કાર્યવાહી કરવામાં આવશે અને તે પ્રમાણે શિક્ષાને પાત્ર થશે.*

*સિવાય કે આ પેટા કલમમાંનું કંઈપણ એવી કોઈ વ્યક્તિને લાગુ નહીં પડે અને આ પ્રકરણ અન્વયે સજાને પાત્ર નહીં થાય કે જે સાબિત કરે કે જે ગુનો બન્યો તે તેની માહિતી બહારનો હતો /તેની માહિતી નહોતી કે તેણે તે ગુનાને રોકવા માટે જરૂરી તમામ પગલાં લીધાં હતાં.*

*(૨) પેટા કલમ - ૧ માંનું કંઈપણ આને લાગુ નહીં પડે કે જ્યારે (૧) આ પ્રકરણ અન્વયેનો ગુનો કંપની દ્વારા કરવામાં આવ્યો છે અને એ સાબિત થયેલ હોય કે જે ગુનો આચરવામાં આવ્યો છે તે ડાયરેક્ટર, મેનેજર, સેક્રેટરી કે બીજા અધિકારીઓની સંમતિ કે મેળાપીપણા કે કોઈ ખાસ પ્રકારની બેદરકારીથી થયેલ છે તો તેઓને તે ગુના માટે ગુનાહીત ગણીને તેમની વિરુદ્ધમાં કાર્યવાહીને અને સજાને પાત્ર થશે.*

**સમજૂતી :-** *આ કલમના હેતુ માટે :-*

*(એ) કંપની એટલે કે તેમાં કોર્પોરેટ ક્ષેત્રનો પેઢીનો કે બીજા સ્વતંત્ર વ્યક્તિઓના મંડળનો સમાવેશ થાય છે અને*

*(બી) ડાયરેક્ટર પેઢીના સંદર્ભમાં એટલે કે પેઢીના ભાગીદાર.*

• • •

# વિદેશ વ્યાપાર (વિકાસ અને નિયમન) કાયદો, ૧૯૯૨

## વિદેશ વ્યાપાર (વિકાસ અને નિયમન) કાયદો, ૧૯૯૨

**(૧૯૯૨ ના નં. ૨૨)**

*(૭ મી ઓગસ્ટ-૧૯૯૨)*

*ભારતમાં આયાત અને નિકાસની સગવડ દ્વારા વિદેશ વ્યાપારના વિકાસ અને નિયમન માટે અને તે હેતુને સંલગ્ન કે સંબંધિત બાબતો માટે એક કાયદાની તજવીજ થાય છે.*

*પ્રજાસત્તાક ભારતના તેતાલીસમા વર્ષમાં નીચેની વિગતે લોકસભા દ્વારા આ કાયદો ઘડાય છે.*

### પ્રકરણ -૧

### પ્રારંભિક

**૧. ટૂંકું શીર્ષક અને શરૂઆત :**

*(૧) આ કાયદો વિદેશ વ્યાપાર (વિકાસ અને નિયમન) ધારો, ૧૯૯૨ કહેવાશે.*

*(૨) આ કલમ ૧૧ થી ૧૪ ત્વરિત અસરથી અમલમાં આવશે અને આ ધારાની બાકી રહેતી જોગવાઈઓ ૧૯મી તારીખ માહે જૂન ૧૯૯૨ થી અમલમાં હોવાની ધારણા રહેશે.*

**૨. વ્યાખ્યા**

*આ કાયદામાં પૂર્વાપર સંબંધ ધરાવતો શબ્દ કે વાક્યનો ભાગ, પદ અન્યથા જરૂરિયાત ધરાવતો ન હોય તો :*

*(અ) ન્યાય નિર્ણય કરનાર સત્તા એટલે તેવી સત્તા છે જે કલમ - ૧૩ નીચે કે તેમાં વર્ણન કરેલી છે.*

*(બ) "વિવાદી સત્તા" એટલે કલમ-૧૫ની પેટા કલમ(૧) માં કે તેની નીચે વર્ણન કરેલી સત્તા છે.*

*(ક) "સ્થાન બદલો કરતું સાધન કે વાહન" ઓ અર્થ કોઈપણ વાહન વહાણ, જહાજ વાયુયાન અથવા કોઈપણ સ્થાનિક બદલો કરતું સાધન કોઈ પ્રાણીનો સમાવેશ કરે છે.*

*(ડ) "દિગ્દર્શક સર્વ" નો અર્થ કલમ-૬ નીચે નિયુક્ત વિદેશ વ્યાપારના દિગ્દર્શક સર્વ થાય છે.*

*(ઈ) "આયાત અને નિકાસ"નો અર્થ જમીન-સમુદ્ર કે હવાઈ માર્ગે ભારતમાં અનુક્રમે લાવવામાં આવતો કે ભારત બહાર રવાના કરાતો માલસામાન વસ્તુ વગેરે થાય છે.*

*(ફ) "આયાત-નિકાસકારી સંકેત ચિહ્ન (કોડ) ક્રમાંક" નો અર્થ કલમ-૭ નીચે અપાયેલો કોડ ક્રમાંક.*

*(ગ) "સનદ" નો અર્થ આયાત અથવા નિકાસને અપાયેલ સનદ અને જે કસ્ટમ (રસમ-પ્રથા) ભરપાઈ થયાની મંજૂરી કે અન્ય કોઈપણ મંજૂરી કે આ કાયદા નીચે અપાયેલી મંજૂરીનો સમાવેશ કરે છે.*

*(હ) "હુકમ" નો અર્થ કલમ-૩ તળે કેન્દ્ર સરકારશ્રી દ્વારા કરાયેલ કોઈપણ હુકમ અને*

*(આઈ) "નિયત" (અથવા મુકરર) નો અર્થ આ કાયદા તળે ઘડેલા નિયમોમાં આદેશ કે મુકરર કરેલ થાય છે.*

## પ્રકરણ-૨

### હુકમો જારી કરવા અને નિકાસ અને આયાતની કૂટનીતિ જાહેર કરવાની કેન્દ્ર સરકારશ્રીની સત્તા

**૩. આયાત અને નિકાસને સંબંધ કરતી જોગવાઈઓ કરવાની સત્તા**

*(૧) સત્તાવાર ગેઝેટમાં જાહેર કરેલ હુકમ દ્વારા, કેન્દ્ર સરકારનો વધારો કરતી જોગવાઈઓ કરી શકે.*

*(૨) સત્તાવાર ગેઝેટમાં જાહેર કરેલ હુકમ દ્વારા કેન્દ્ર સરકાર મનાઈ ફરમાવતી અટકાયત કરતી અથવા અન્યથા નિયમન કરતી, બધા જ કિસ્સાઓમાં અથવા વર્ગીકૃત પ્રકારના કિસ્સાઓમાં અને એવા કેટલાક અપવાદોને આધીન જો કોઈ અપવાદ હોય તો જે હુકમ દ્વારા અથવા હુકમ નીચે બતાવાયા હોય, માલ વસ્તુની આયાત કે નિકાસની જોગવાઈઓ પણ કરી શકે છે.*

*(૩) તમામ ચીજ-વસ્તુ જે ને પેટા કલમ-(૨) નીચેનો હુકમ સ્પર્શતો હોય તેને કસ્ટમના કાયદા ૧૯૬૨ (૧૯૬૨નો ૫૨મો) ની કલમ-૧૧ નીચે મનાઈ ફરમાવેલ હોવાની ધારણામાં રહેશે અને તદનુસાર તે કાયદાની બધી જ જોગવાઈઓ અસરકાર રહેશે.*

**૪. અસ્તિત્વ ધરાવતા હુકમોની વિશેષ સમયાવધિ :**

*૧૯૪૭ (૧૯૪૭નો ૧૮મો) ના આયાત નિકાસ (નિયંત્રણ) ધારા નીચે થયેલા સર્વે હુકમો અને આ કાયદાની શરૂઆતની તુર્ત જ પહેલાં અમલમાં રહેલ, આ કાયદાની જોગવાઈઓ અસંગત ન હોય ત્યાં સુધી, અમલમાં હોવાનું ચાલુ રહેશે અને તે આ કાયદા નીચે ઘડાયેલ હોવાની ધારણા રહેશે.*

**૫. આયાત-નિકાસ કૂટનીતિ (પોલિસી) :**

*કેન્દ્ર સરકાર સત્તાવાર ગેઝેટમાં જાહેરનામા દ્વારા સમયે-સમયે નિકાસ અને આયાતની કૂટનીતિની સંરચના કરશે અને જાહેર કરશે, અને તેવી જ રીતે તે કૂટનીતિમાં સુધારો-વધારો કરશે.*

**૬. દિગ્દર્શક-નિયામક-સર્વની નિયુક્તિ અને તેનાં કાર્યો :**

*(૧) આ કાયદાના હેતુમાં કેન્દ્ર સરકાર વિદેશ-વ્યાપારના નિયામક (દિગ્દર્શક) સર્વ તરીકે કોઈપણ વ્યક્તિની નિયુક્તિ કરશે.*

*(૨) નિયામક કે (દિગ્દર્શક) સર્વ નિકાસ અને આયાતની કૂટનીતિના ઘડતર બાબત કેન્દ્ર સરકારને સલાહ-સૂચન કરશે અને તે કૂટનીતિને પાર પાડવામાં તેઓ જવાબદાર રહેશે.*

*(૩) સત્તાવાર ગેઝેટમાં જાહેર કરેલ હુકમ દ્વારા કેન્દ્ર સરકાર નિર્દેશ કરશે કે આ કરવા યોગ્ય કોઈપણ અધિકાર (કલમ ૩-૫-૧૫ અને ૧૯ સિવાયનો) જે અખત્યાર પણ થઈ શકે છે એવા કિસ્સાઓમાં અને એવી શરતોને આધીન નિયામક સર્વ અથવા નિયામક સર્વશ્રીની નીચેના અન્ય અધિકારી દ્વારા અધિકારો-હુકમમાં નિર્દેશ કર્યા મુજબ અખત્યાર કરી શકે.*

## પ્રકરણ-૩

**૭. આયાત-નિકાસ કરનારનું સંકેત ચિહ્‌ન ક્રમાંક (કોડ નંબર) અને સનદ :**

*આ વિષયમાં નિયામક સર્વશ્રી કે તેમણે અધિકૃત કરેલા અધિકારીશ્રી દ્વારા નિયત કરેલા ગતિવિધિમાં (પ્રોસિજર) આયાતકારી કે નિકાસકારી સંકેત ચિહ્‌ન ક્રમાંક (કોડ નંબર) અપાયેલ ન હોય તેવી કોઈપણ વ્યક્તિ માલની આયાત કે નિકાસ કરી શકે નહીં.*

**૮. આયાતકારી-નિકાસકારી સંકેત ચિહ્‌ન ક્રમાંક (કોડ નંબર)નું સ્થગિતકરણ (સસ્પેન્શન) કે રદ્દીકરણ બાબત થવું (કેન્સેલેશન) :**

*(૧) જ્યાં...*

*(અ) કોઈપણ વ્યક્તિએ કેન્દ્રીય શુલ્ક (સેન્ટ્રલ એક્સાઈઝ) કે કસ્ટમ કે વિદેશી મુદ્રા વિનિમય (ફોરીન એક્ષ્ચેંજ) ના કોઈ કાયદાનું ઉલ્લંઘન કર્યું હોય અથવા સત્તાવાર ગેઝેટમાં જાહેરનામાંથી પ્રતિપાદિત કરેલ જે તે સમયના અમલમાં બીજા કોઈપણ કાયદા નીચે આર્થિક ગુન્હાનું આચરણ કર્યું હોય, અથવા*

*(બ) નિયામક સર્વશ્રીને એમ માનવાને એવું કારણ બને કે કોઈ વિદેશ સાથે ભારત સરકારના વ્યાપાર સંબંધોને અથાગ પૂર્વગ્રહી રીતે કોઈ વ્યક્તિએ આયાત કે નિકાસ કરી છે અથવા દેશના આયાત કે નિકાસમાં વ્યસ્ત બીજી કોઈ વ્યક્તિના હિતને પૂર્વગ્રહી રીતમાં નિકાસ કે આયાત કરી છે અથવા દેશની આબરૂ કે દેશના માલને બે-આબરૂ કરે તેવી રીતમાં આયાત-નિકાસ કરી છે, ત્યારે*

*નિયામક સર્વશ્રી તે વ્યક્તિ પાસેથી દફતર નોંધ કે માહિતી મંગાવશે અને તે વ્યક્તિને લેખિત નોટિસથી માહિતી આપીને જે તે કારણોની જાણ કરશે તે તેમના આયાતકારી કે નિકાસકારી સંકેત ચિહ્‌ન (કોડ નંબર) ને સ્થગિત કરવાના છે કે રદ કરવાના છે અને તેમને લેખિતમાં રજૂઆત કરવા માટે યોગ્ય તક એવા યોગ્ય સમયાવધિ સુધીમાં રજૂઆત કરવાની તક આપશે જે સમય જે તે નોટિસમાં જણાવ્યો હશે અને જો તે વ્યક્તિ તેમ કરવા ઈચ્છતી હોય તો તેમને સાંભળવાની તક આપશે અને ત્યારબાદ સંકેત ચિહ્‌ન હુકમમાં જણાવ્યા સમય સુધી સ્થગિત કરશે અથવા તે વ્યક્તિને અપાયેલી આયાતકારી-નિકાસકારી સંકેત ચિહ્‌નને રદબાતલ કરશે.*

*(૨) પેટા કલમ-(૧) અન્વયે જ્યારે કોઈ વ્યક્તિને અપાયેલ આયાત-નિકાસ સંકેત ચિહ્‌નને સ્થગિત કરવામાં આવે કે રદ કરવામાં આવે ત્યારે તે વ્યક્તિ કોઈપણ માલ, વસ્તુને આયાત કે નિકાસ કરવાને હક્ક ધરાવશે નહીં, સિવાય કે નિયામક સર્વશ્રીએ નિયત કરેલ રીતમાં અને તેમણે કરેલ શરતને આધીન ખાસ સનદ આપવામાં આવી હોય.*

**૯. સનદ મંજૂરી - સ્થગિતકરણ - કે રદ થવા બાબતે :**

*(૧) તેવી વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહ કે જેમણે સનદ મળવા કે મળેલી સનદ કે ફરી નવીનીકરણ કરવા માટે તેવી રીતે અરજ કરી હોય જે રીતે નિયામક સર્વશ્રીએ દર્શાવી હોય તેવા અપવાદને બાદ કરતાં કેન્દ્રીય સરકાર લવાજમ (ફી) વસૂલ કરશે.*

(૨) *નિયામક સર્વશ્રી કે તેમણે અધિકૃત કરેલ અમલદાર સનદ મળવા કે મળેલી સનદ કે ફરી નવીનીકરણ માટે આવેલ અરજ બાબતે તેમને ઠીક જણાય તેવી તપાસ તજવીજ કર્યા બાદ તેવી ચીજ-વસ્તુ જેનું વર્ણન નિયત થયેલ હોય બાબતે સનદ આપશે અથવા નવીનીકરણ કરશે અથવા સનદ આપવાની કે નવીનીકરણ કરવાની મના કરશે અને આવી મનાઈ બાબતે એવાં કારણોની લેખિતમાં નોંધ કરશે.*

(૩) *આ કલમ નીચે અપાયેલ કે નવીનીકરણ થયેલ સનદ*

(અ) *એવા સ્વરૂપમાં હશે જે નિયત કરેલ હોય (નિર્દેશ કરેલ હોય)*

(બ) *નિયત સમયમર્યાદામાં કાયદેસર રહેશે.*

(ક) *એવી શરતોને આધીન રહેશે જે નિર્દિષ્ટ (દર્શાવાઈ) હોય અથવા જે સનદમાં બતાવેલી હોય જે શરતો નિયમો અને નિયમોનો (રિસ્ટ્રીકશન) ને સંબંધિત હોય.*

(૪) *નિયામક સર્વશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારી નિર્દિષ્ટ કરેલ એવી શરતોને આધીન સારાં અને પર્યાપ્ત કારણોને લેખિત નોંધ કરીને પેટા કલમ (૨) નીચે આ કાયદા તળે અપાયેલી કોઈપણ સનદને સ્થગિત કરશે (સસ્પેન્ડ) અથવા રદ કરશે (કેન્સલ) શરત એટલી કે સનદ ધારકને આ બાબતે સાંભળવા માટે યોગ્ય તક આપ્યા સિવાય આવું કોઈ સ્થગિતકરણ કે રદ્દીકરણ કરી શકાય નહીં.*

(૫) *સનદ આપવા કે નવીનીકરણ કરવાના કે સ્થગિત કે રદ કરતા હુકમની સામેના વિવાદ (અપીલ), કોઈ હુકમ સામે કલમ-૧૫ તળેના વિવાદની રીતે થાય.*

## પ્રકરણ -૪

## શોધ, તપાસ, જપ્તી, દંડ અને કબજે કરવા બાબત

**૧૦. શોધ-તપાસ અને જપ્તી સંબંધિત અધિકાર :**

(૧) *એવાં મકાનોમાં પ્રવેશીને શોધ તપાસ નિરીક્ષણ કરવા માટે તેવી વસ્તુઓ, દસ્તાવેજો, માલ અને વાહનો જપ્ત કરવા જરૂરિયાત અને તેવી શરતોને આધીન જે નિર્દેશ કરેલ હોય અથવા અધિકારોને અખત્યાર કરવા કે હેતુમાં કેન્દ્ર સરકારશ્રી કોઈપણ વ્યક્તિને સત્તાવાર ગેઝેટમાં જાહેર કરીને અધિકૃત કરી શકે છે.*

(૨) *આ કલમ નીચે દરેક શોધ તપાસ જપ્તી - બને તેટલું - ૧૯૭૩ના (૧૯૭૩નો ૨જો) ફોજદારી કાર્યવાહી ગતિવિધિ (ક્રિમિનલ પ્રોસિજર કોડ) ના કાયદાની જોગવાઈઓ લાગુ રહેશે.*

**૧૧. આ કાયદાની કોઈપણ જોગવાઈ-નિયમ-હુકમો અને નિકાસ અને આયાત કૂટનીતિનો ભંગ :**

(૧) *આ કાયદાની જોગવાઈઓને નિયમોને કે તે નીચે થયેલ હુકમોને અને જે તે સમયે અમલમાં રહેલ આયાત-નિકાસ કૂટનીતિને અનુરૂપ હોય તે સિવાય કોઈપણ વ્યક્તિ કોઈ આયાત કે નિકાસ કરી શકે નહીં.*

(૨) *જ્યાં કોઈપણ વ્યક્તિ કોઈપણ આયાત કે નિકાસ આ કાયદાની જોગવાઈઓની વિરુદ્ધમાં કે આ કાયદા નીચે ઘડાયેલ નિયમો કે થયેલ હુકમો કે જે તે સમયે અમલમાં આયાત-નિર્યાત*

*કૂટનીતિ વિરુદ્ધમાં નિકાસ કે આયાત કરે કે કરવાને પ્રેરણા કરે ત્યાં તે વ્યક્તિ એક હજાર રૂપિયાથી વિશેષ નહીં તેવી રકમ અથવા આ કાયદાના ભંગમાં જે વસ્તુ કે માલ આયાત-નિકાસ કર્યો હોય તે કરવાને પ્રયત્ન કર્યો હોય તે માલ કે વસ્તુની કિંમત અથવા પાંચ ગણી વધારે રકમ બેમાંથી જે મોટી થતી હોય તે રકમનો દંડ ભરવાને જવાબદાર ઠરશે.*

(૩) *જ્યારે કોઈપણ વ્યક્તિને ન્યાય નિર્ણય કરનાર સત્તાધિકારીએ કરેલ નોટિસ પછી કોઈ ભંગ કર્યો હોવાનું સ્વીકારે ત્યારે ન્યાય નિર્ણય કરનાર સત્તા આવા પ્રકાર કે, પ્રકારોના કિસ્સાઓમાં નિર્દિષ્ટ રીતમાં સમાધાન - પતાવટ માર્ગે તે વ્યક્તિઓ ભરપાઈ કરવાની થતી રકમનો નિર્ણય લેશે.*

(૪) *આ કાયદા નીચે લાદેલ દંડ જો ભરપાઈ કરવામાં ન આવે તો તે જમીન મહેસૂલ વસૂલની રીતે વસૂલ કરી શકાશે અને દંડ ન ભરનાર તેવી વ્યક્તિના નિકાસ-આયાત સંકેત-ચિહ્ન (કોડ) ક્રમાંક જે તે દંડ રકમ ભરપાઈ થઈ વસૂલ ન થાય ત્યાં સુધી ન્યાય નિર્ણય કરનારી સત્તા સ્થગિત કરશે.*

(૫) *જ્યાં આ કાયદાની કોઈ જોગવાઈઓ તે નીચે થયેલ કોઈ નિયમો કે હુકાનો કે આયાત-નિર્યાત અથવા તેવો ભંગ થયો હોય કે થતો હોય, ત્યાં જે - તે માલ સાથે તેનું પેકેજ આવરણ (કવર) કરનાર કે તેને ધારણ કરનાર પદાર્થ અને કોઈપણ વાહન તેવી જરૂરિયાતો અને શરતોને આધીન જે નિર્દેશ કરેલ હોય ન્યાય નિર્ણય કરનાર સત્તા દ્વારા જપ્ત થવાને પાત્ર રહેશે.*

(૬) *પેટા કલમ (૫) તળે જપ્ત કરાયેલ માલ અથવા વાહન તેવી રીતમાં અને નિર્દેશ કરેલ શરતો નીચે જપ્તી-મુક્તિની લવાજમ રકમ (ચાર્જીસ) જે માલની કે વાહનની બજારકિંમતને બરાબર થતી હોય તે સંબંધિત વ્યક્તિ દ્વારા ભરપાઈ કરાતાં ન્યાય-નિર્ણય કરનારી સત્તા મુક્ત કરશે.*

**૧૨. દંડ અથવા જપ્તી બીજી સજાઓને સબંધકર્તા નથી :**

*આ કાયદા નીચે કરાયેલ દંડ કે જપ્તી જે તે સમયે અમલમાં બીજા કાયદાઓની જોગવાઈઓ તળે કોઈ સજા કે દંડમાંથી જે તે કસૂરવાર વ્યક્તિને અટકાવી શકે નહીં.*

**૧૩. ન્યાય-નિર્ણય કરતી સત્તા :**

*નિયામક સર્વશ્રી કે સૂચિત મર્યાદામાં આવા કોઈ બીજા અધિકારીશ્રી (અમલદાર) દ્વારા કોઈપણ દંડ કરી શકાય જેને કેન્દ્ર સરકાર અધિકૃત ગેઝેટમાં જાહેર કરે તે અથવા આ કાયદાતળે કરેલ કોઈપણ માલ જપ્તીનો ન્યાય નિર્ણય કરી શકાય છે.*

**૧૪. માલ વસ્તુના માલિકને તક આપવા વગેરે બાબત :**

*જો માલ કે વાહન માલિક કે તત્સંબંધી અન્ય કોઈપણ વ્યક્તિને લેખિત નોટિસ દ્વારા જાણ કરેલ ન હોય દંડ કે જપ્ત થયેલ માલનો ન્યાય-નિર્ણય કરવાનો કોઈ હુકમ કરી શકાય નહીં.*

(અ) *તેવી લેખિત જાણ નોટિસથી કરવાની કે જે કારણોસર દંડ કરવા કે માલનો કે વાહનો જપ્તીનો હુકમ વિચારાયો હોય અને*

(બ) *કરવાપાત્ર દંડ કે નોટિસમાં જણાવેલ જપ્તી કરવાની વિચારણા વિરુદ્ધ લેખિત રજૂઆત યોગ્ય સમયમર્યાદામાં કરવા અને જો તે ચાહે તો તેમને તે બારામાં રૂબરૂ સાંભળવા માટે તક આપવામાં આવી હોય.*

## પ્રકરણ-૫

### ૧૫. અપીલ

(૧) *કોઈપણ વ્યક્તિ આ કાયદા તળે ન્યાય નિર્ણય કરતી સત્તાના નિર્ણય કે કોઈપણ હુકમ સામે નારાજ હોય તો વિવાદ પસંદ કરી શકે છે.*

(અ) *જ્યાં આવા નિર્ણય કે હુકમ નિયામક સર્વશ્રીએ કરેલ હોય તો તે સામે કેન્દ્ર સરકારશ્રી સમક્ષ*

(બ) *જ્યાં નિયામક સર્વશ્રીના તાબામાં રહેલ અધિકારીશ્રી દ્વારા આવા નિર્ણય કે હુકમો થયા હોય ત્યાં વિવાદ નિયામક-સર્વશ્રી કે ન્યાય નિર્ણય કરતી સત્તાના ઉપરી અધિકારીશ્રી જેમને નિયામક સર્વશ્રીએ અધિકૃત કરેલા હોય તેમની સમક્ષ કરી શકાય.*

*આવી વ્યક્તિ બજવણી કરેલ આવા નિર્ણય કે હુકમ બજવાના પિસ્તાલીસ દિવસની અંદર વિશેષ શરત એટલી કે વિવાદી અધિકારીશ્રી માને કે ઉપર જણાવ્યા સમયમર્યાદામાં વિવાદી વિવાદ પસંદ કરી શકે તેમ ન હોવાનાં પૂરતાં (સંતોષકારક) કારણો હતાં જેમને તેમને અટકાવ્યા તો તેઓ જે તે અપીલ વિશેષ ત્રીસ દિવસમાં પસંદ કરવાની મંજૂરી આપી શકે.*

*વિશેષમાં શરત એટલી કે દંડ કે માલ મુક્તિની લવાજમ રકમ (રિડેમ્પશન ચાર્જીસ) કરતાં નિર્ણય કે હુકમ સામેના વિવાદમાં વિવાદી દંડની કે માલ મુક્તિના લવાજમની રકમ આવી કોઈ અપીલનો સ્વીકાર થઈ શકે નહીં.*

*એટલી પણ શરત કે, જ્યાં વિવાદી સત્તાના અભિપ્રાયમાં દંડ કે માલમુક્તિની જમા કરવાની રકમ વિવાદીને નિરર્થક (અનડ્યુ) હાડમારી કરે તેમ છે ત્યાં તેમની મુનાસીબીએ આવી જમા કરવાની રકમને બિનશરતે જતી કરે અથવા તેઓ નક્કી કરે તે શરતે જમા કરાવે.*

(૨) *વિવાદી સત્તાધિકારી વિવાદીને સાંભળવાની યોગ્ય તક આપીને જો તેઓ તેમ કરવા ઈચ્છે તો અને એવી વિશેષ તપાસ કર્યા બાદ જો કાંઈ હોય તો જે તેમના મતે જરૂરી જણાતી હોય તેમને યોગ્ય લાગે તેવા જે તે વિવાદગ્રસ્ત ન્યાયનિર્ણય કે હુકમોને કાયમી કરતાં સુધારો વધારો કે ફેરફાર કરતા કે વ્યર્થ કે રદ કરાવતા હુકમો કરી શકે છે અથવા તેમને યોગ્ય લાગે તેવાં સૂચનો સાથે નવેસર ન્યાય નિર્ણય કે નિર્ણય જેવો કેસ હોય તેવો કરવા માટે જો જરૂરી હોય તો વિશેષ પુરાવો લઈને કેસને પરત મોકલી શકે છે.*

*શરત એટલી કે દંડ માલમુક્તિના લવાજમની રકમમાં વધારો કરવો કે વિશેષ મોટી કિંમતનો માલ જપ્ત કરવાનો હુકમ આ કલમ તળે નહીં કરી શકાય, જો લેખિત રજૂઆત કરવાની વિવાદીને તક ન આપવામાં આવી હોય અને જો તે ઈચ્છે તો તેમના બચાવમાં રૂબરૂ સાંભળવાની તક ન આપવામાં આવી હોય તો.*

### ૧૬. ફેર વિચારણા (રિવિઝન) :

*નિયામકે નિર્ણય કરેલ વિવાદના હુકમ સિવાય કેન્દ્ર સરકાર અથવા નિયામક સર્વશ્રી તેમના તાબાના અધિકારીશ્રીએ નિર્ણય કરેલ કોઈપણ હુકમ બાબતે તેઓ સ્વયં કે સ્વેચ્છાએ કે અન્યથા તેવી કાર્યવાહી (પ્રોસિડિંગ્સ) ના રેકર્ડ અને કાગળો તેમની પાસે મંગાવે અને તેમનું*

પરીક્ષણ કરે કે જે કાર્યવાહીમાં કોઈ દંડ કે ચાર્જ ભરવામાંથી મુક્તિ અથવા જપ્તીની ન્યાયિક કાર્યવાહી કરતો નિર્ણય કે હુકમ થયો હોય અને જેના વિરુદ્ધ કોઈ વિવાદ પસંદ ન કરાયો હોય તે કાર્યવાહી કે તેમના પોતાના સંતોષ માટે જે બાબત લાગુ પડે તે આવા નિર્ણય કે હુકમની સત્યતા કાયદેસરતા કે યોગ્યતાની ચકાસણી કરી શકે છે અને તેમને યોગ્ય લાગે તેવા હુકમ કે હુકમો કરી શકે છે.

શરત એટલી કે આ કલમ નીચે કોઈપણ હુકમ કોઈપણ વ્યક્તિને પૂર્વગ્રહ રીતે નુકસાન અસર કરતા થાય તેવી રીતે બદલાવી શકાશે નહીં, જો આવી વ્યક્તિને,

(અ) આવા નિર્ણય કે હુકમ પછીના બે વર્ષના સમયગાળામાં આવા નિર્ણય કે હુકમ બદલવા માટે કારણદર્શક નોટિસ ન મળી હોય અને

(બ) લેખિત રજૂઆત કરવા માટે તેને યોગ્ય તક ફાળવવામાં ન આવી હોય અને જો તે ઈચ્છે તો તેના બચાવમાં રૂબરૂ સાંભળવામાં ન આવ્યા હોય.

**૧૭. ન્યાય-નિર્ણય કરતા અને બીજી સત્તાઓના અધિકારો :**

(૧) આ કાયદા તળે દરેક સત્તાધિકારી જે વિવાદનો ન્યાય નિર્ણય કે સુનાવણી કરતા હોય અથવા આ કાયદા તળે ફેર વિચારણા કરવાના અધિકારો અખત્યાર કરતા હોય તેમને સિવિલ પ્રોસિજર કોડ, ૧૯૦૮ (૧૯૦૮ નો ૫મો ઠરાવ) મુજબ અધિકાર કરતી દીવાની અદાલત (સિવિલ કોર્ટ) ના બધા જ અધિકારો પ્રાપ્ત રહેશે જે સત્તાઓ દાવાઓ ચલાવતી વખતે અદાલત અખત્યાર કરતી હોય નીચેની જણાવેલ બાબતોના જેમ કે :

(અ) સાક્ષીઓને હાજર થવા ફરમાન કરવું અને તેમને બળથી હાજર રાખવા

(બ) કોઈપણ દસ્તાવેજની શોધ અને રજૂઆતની જરૂરિયાત દાખવવી.

(ક) કોઈપણ અદાલત કે કચેરીમાંથી જાહેર રેકર્ડ કે તેની નકલની લેખિત માંગણી કરવી

(ડ) સોગંદનામાથી પુરાવો લેવો

(ઈ) સાક્ષીઓ કે દસ્તાવેજોના પરીક્ષણ માટે પંચની નિમણૂક કરવી.

(૨) આ કાયદા તળે કોઈપણ સત્તા કોઈ વિવાદનો ન્યાય નિર્ણય કરતી હોય કે સુનાવણી કરતી હોય કે ફેર વિચારણા કરવાના કોઈ અધિકાર અખત્યાર કરતી હોય તે ફોજદારી કાર્યવાહીની ગતિવિધિ (ક્રિમિનલ પ્રોસિજર કોડ), ૧૯૭૩ (૧૯૭૪નો ૨જો ઠરાવ) ના કાયદાની કલમ - ૩૪૫ અને ૩૪૬ના હેતુમાં કામ કરતી દીવાની અદાલત હોવાનું અનુમાન રહેશે.

(૩) કોઈ વિવાદનો ન્યાય નિર્ણય કરતી કે સુનાવણી કરતી આ કાયદા તળે કોઈપણ સત્તા જે ફેરવિચારણાના અધિકાર પણ અખત્યાર કરતી હોય આંતરિક પ્રકારના એવા હુકમો કરવાના અધિકારો અખત્યાર કરી શકે છે તેમને યોગ્ય લાગે તેમ અને પૂરતાં કારણોને લઈને કોઈપણ નિર્ણય કે હુકમને સ્થગિત કરવાનો હુકમ પણ કરી શકે છે.

(૪) કોઈપણ નિર્ણય કે હુકમમાં કારકુની કે અંકગણિત ભૂલ અથવા તેમાં ઊભી થતી ભૂલો જે કોઈ આકસ્મિક ગફલત કે ચૂકથી થઈ હોય, તેની સુધારણા સત્તાધિકારીએ નિર્ણય હુકમ કર્યો હોય તેઓ કોઈપણ સમયે કરી શકે છે, તેઓ તેમના સ્વયં અધિકારે, અથવા પક્ષકારો માંહેના કોઈની પણ અરજ ઉપર.

*શરતી એટલી કે આ પેટા કલમ તળે કોઈપણ સુધારણા કરવા ધારેલ બાબત જે કોઈ વ્યક્તિને પૂર્વગ્રહિત રીતે અસર કે નુકસાન કરતા થાય તેમ હોય તો આવી સુધારણા કરી શકાશે નહીં સિવાય કે, તે બાબતમાં લેખિત રજૂઆત કરવા માટે તે વ્યક્તિને યોગ્ય તક ફાળવવામાં આવી હોય અને આવા નિર્ણય કે હુકમ થયાની તારીખથી બે વર્ષ પૂરાં થયા બાદ આવી સુધારણા કરી શકાય નહીં.*

## પ્રકરણ-૬

**પરચૂરણ**

**૧૮. શુભનિષ્ઠાથી લીધેલા પગલાનું રક્ષણ :**

*આ કાયદા તળે કરેલા કે કર્યા હોવાનું મનાતા હુકમ કોઈપણ અદાલતમાં સવાલ કરી શકાય નહીં અને આ કાયદા તળે શુભનિષ્ઠાથી કોઈપણ કરેલ વ્યક્તિ વિરુદ્ધ કોઈ દાવો મુદ્દાઓ કાનૂની કાર્યવાહી કે બીજાં કાયદેસરનાં કાર્યો થઈ શકશે નહીં જે આ કાયદા તળે કરવાના ઈરાદાથી થયું હોય કે આ કાયદા તળે કરવાના ઈરાદાથી ઠેરાવ્યું હોય તેની વિરુદ્ધ કોઈ કાર્યવાહી થઈ શકશે નહીં.*

**૧૯. નિયમો બનાવવા કે ઘડવાની સત્તા :**

*(૧) કેન્દ્ર સરકાર સત્તાવાર ગેઝેટમાં જાહેરનામા દ્વારા આ કાયદાની જોગવાઈઓના અમલ માટે નિયમો ઘડી શકે છે.*

*(૨) ખાસ કરીને, અને આગળ વર્ણન કર્યા અધિકારો - સત્તાઓની સમાનતાને પૂર્વગ્રહ કર્યા સિવાય, આવા નિયમો નીચે જણાવેલ બધી જ કે તે માંહેની કોઈ એક બાબતે જોગવાઈ કરી શકે જેમ કે...*

*(અ) કલમ-૮ પેટા કલમ (૨) તળે જે તે રીતમાં અને જે તે શરતોને આધીન એક ખાસ સનદ આપવામાં આવે.*

*(બ) જે અપવાદોના આધારે વ્યક્તિ કે વ્યક્તિઓના વર્ગને લવાજમ વસૂલ કરી શકાય અને કલમ-૯ ની પેટા કલમ (૧) તળે જે રીતમાં એક સનદ આપી શકાય કે નવી કહી શકાય.*

*(ક) કલમ-૯ની પેટા કલમ (૨) તળે સનદ ફાળવી શકાય તેવા માલ કે વસ્તુના વર્ગો માટે.*

*(ડ) કલમ-૯ ની પેટા કલમ (૩) તળે મળવાપાત્ર સનદનું સ્વરૂપ (ફોર્મ) અને જે શરતો-નિયમોને આધીન આપી શકાય તે.*

*(ઈ) કલમ-૯ની પેટા કલમ (૪) તળે સ્થગિત કરવાપાત્ર કે રદ થવાપાત્ર સનદની શરતો.*

*(ફ) મકાન કે જગ્યા, માલ, દસ્તાવેજો, વસ્તુઓ અને વાહનો જેના બારામાં અને જરૂરિયાતો અને શરતો જેને આધીન-પ્રવેશ-શોધ તપાસ-નિરીક્ષણ અને જપ્તીનો અધિકાર કલમ-૧૦ પેટા કલમ(૧) તળે અખત્યાર કરી શકાય.*

(ગ) કિસ્સાઓનો વર્ગ કે વર્ગો જેના માટે અને જે રીત કે જે રીતમાં કલમ-૧૧ની પેટા કલમ-(૧) તળે સમાધાનની રાહે એક રકમનો નિર્ણય કરી શકાય.

(હ) કલમ-૧૧ ની પેટા કલમ (૫) તળે જપ્તીને પાત્ર માલ અને વાહનની જરૂરિયાત અને જે શરતને આધીન જપ્તી થાય તે.

(આઈ) જે રીતમાં અને જે શરતોને આધીન માલ અને વાહનો માલમુક્તિનો ચાર્જ ભર્યાથી મુક્ત કરી શકાય.

(જે) બીજો કોઈ રીત અથવા તો જે વર્ણવી શકાય અથવા નિર્દિષ્ટ કરી શકાય અથવા જેના બારામાં જોગવાઈ નિયમો દ્વારા થવાની કે કરવાની છે.

(૩) દરેક નિયમ અને દરેક હુકમ જે આ કાયદા તળે કેન્દ્ર સરકારે ઠરાવેલ હોય, તે કર્યા બાદ બને તેટલા તુર્ત જ લોકસભાનાં બંને ગૃહો સમક્ષ મુકાશે જે એક સત્રમાં અથવા બે કે તેથી વિશેષ સત્રમાં જે કુલ મળીને ત્રીસ દિવસ માટે જે એક જ સત્રમાં કે બે કે તેથી વિશેષ સત્રોમાં ગણાઈ જતા હોય જે એક સત્ર પછી તુર્ત જ બીજા ક્રમે આવતું હોય અથવા ઉપર જણાવ્યા પ્રમાણે પછીના સત્રમાં થયા હોય અને બંને ગૃહો કોઈ નિયમ કે હુકમ કરવાના નથી તો તે નિયમ કે હુકમ જેને લાગુ પડે તેને તેવા સુધારા-વધારા પૂરતી જ અસર આવા સુધારેલા સ્વરૂપમાં થશે અથવા તો કોઈ અસર ધરાવતો સુધારો રહેશે નહીં. જે લાગુ પડે તો તેની, તેમ છતાં આવી કોઈપણ સુધારણા કે વધારો અથવા રદ્દીકરણ, અગાઉ તે નિયમ તળે કે હુકમ તળે થયેલ કાર્યવાહીની કાયદેસરતા (કે યોગ્યતા) ને પૂર્વગ્રહ કરશે નહીં.

**૨૦. નાબૂદી અને સાચવણી :**

(૧) આથી અત્રે આયાત અને નિર્યાત (સીમા) ધારો, ૧૯૪૭ (૧૯૪૭નો ૧૮મો) અને વિદેશ વ્યાપાર (વિકાસ અને નિયમન) વટહુકમ, ૧૯૯૨ (૧૯૯૨નો ૧૧મો વટહુકમ) નાબૂદ કરવામાં આવે છે.

(૨) તેમ છતાં, ૧૯૪૭નો આયાત અને નિર્યાત (સીમા) કાયદો ૧૯૪૭ (૧૯૪૭નો ૧૮મો) ની નાબૂદી.

(અ) આ રીતે નાબૂદ થયેલ કાયદાનું પૂર્વે થયેલ કાર્ય અને તે કાર્ય તળે જે કંઈ પણ કરવામાં આવ્યું હોય કે સહન થયું હોય, અથવા

(બ) આ રીતે નાબૂદ થયેલ કાયદા તળે કોઈ હક્ક ફરજ જવાબદારી મેળવાયેલ કે ઊભા થયેલ હોય તે

(ક) આ નાબૂદ કરેલ કાયદા તળે તેના ભંગ બદલ થયેલ દંડ - સજા કે જપ્તીને અથવા

(ડ) કોઈપણ કાર્યવાહી, અથવા હક્ક, ફરજો જવાબદારીના વિષયમાં દંડ-જપ્તી કે ઉપર કહેવા મુજબ સજા વગેરેને જે અગાઉ તે કામમાં નાબૂદ થયેલ નહીં તેને આ નાબૂદી અસર કરશે નહીં.

(૩) વિદેશ વ્યાપાર (વિકાસ અને નિયમન) દ્વારા વટહુકમ ૧૯૯૨ (૧૯૯૨નો ૧૧મો) ની નાબૂદીને ગણકાર્યા સિવાય તે વટહુકમ તળે અમલ કરેલ કોઈપણ પગલું આ કાયદાની લાગતી વળગતી જોગવાઈઓ મુજબ ભરવામાં આવ્યું છે તેમ અનુમાન રહેશે.

• • •

# આયાત નિકાસ નીતિ

## ૨૦૦૪-૨૦૦૯

### નિકાસ નીતિ બાબતે સામાન્ય નોંધ :- નિયંત્રણ હેઠળનો માલ.

### (નિર્યાત)

**૧. મુક્ત નિકાસ નીતિ**

*જે માત્ર નિકાસ પરવાના પ્રકરણમાં તેની સૂચિ સાથે દર્શાવેલ હોય તે સિવાયનો તમામ માલ મુક્ત રીતે નિકાસ કરી શકાય છે. તેમ છતાં, મુક્ત નિકાસ નીતિએ જે - તે સમયે અમલમાં હોય તેવા કાયદાને આધીન છે. જે માલ સૂચિમાં દર્શાવેલ ન હોય તે માલ વિદેશ વ્યાપારના નિયમો (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) ધારો, ૧૯૯૨ તથા તેના નિયમો, તથા સમયાંતરે પ્રકાશિત થતાં જાહેરનામાં અને પરિપત્રોની શરતો લાગુ પાડ્યા સિવાય મુક્ત રીતે નિકાસને પાત્ર છે. નિકાસ પરવાના નીતિ પ્રકરણમાં અને સૂચિમાં દર્શાવેલ બાબતોને વિદેશ વ્યાપાર (ડેવલપમેન્ટ અને રેગ્યુલેશન) ધારો, ૧૯૯૨ ના અન્વયે પ્રકાશિત થયેલ જાહેરનામાથી પ્રતિબંધિત કરતી નથી.*

*જે માલ મુક્ત તરીકે જાહેર થયેલ હોય તેને નિકાસ પરવાના વગર પણ નિકાસ કરી શકાય પરંતુ તે સંબંધિત નોંધની સામે જણાવેલ શરતો અનુસાર હોવો જોઈએ. આ બાબતોના પરિપાલનની ચકાસણી અધિકૃત અધિકારી દ્વારા નિકાસના સમયે કરી શકાય.*

**૨. આંકના કારણે વસ્તુના વર્ણનની મર્યાદા નથી.**

*ચોક્કસ વસ્તુની નિકાસ મુખ્યત્વે વસ્તુના વર્ણન અને પ્રકારણમાં નિયંત્રણના પ્રકાર આધારે નક્કી થશે. આંકડાકીય સંખ્યા વર્ગીકરણના ઉદાહરણ માટે છે પરંતુ વસ્તુના વર્ણન પર મર્યાદા લાદતો નથી તે આઈટીસી (એચએસ) વર્ગીકરણના ભાગ તરીકે હોય છે.*

**૩. નિકાસ વ્યાપાર નિયંત્રણના વર્ગો.**

**(એ) નિષેધિત માલ**

*નિષેધ થયેલ વસ્તુઓની નિકાસ કરવાની પરવાનગી નથી. સામાન્ય સંજોગોમાં નિષેધ વર્ગ માટે નિકાસ પરવાનો આપવામાં આવશે નહીં.*

**(બી) નિયંત્રિત માલ :-**

*નિયંત્રિત માલને પરવાના હેઠળ નિકાસ કરવાની પરવાનગી આપી શકાય. નિકાસ પરવાના માટેની સામાન્ય જરૂરિયાતો ઉપરાંત નિયંત્રિત માલ માટે ચોક્કસપણે દર્શાવેલી પદ્ધતિ/ શરતોનું પાલન કરવું જોઈએ.*

**(સી) રાજ્ય સરકારનાં વ્યાપાર કરતાં સાહસો :-**

*એસટીઈ(એસ) દ્વારા નિકાસ થનાર વસ્તુ જે - તે વસ્તુની સામે દર્શાવીને અધિકૃત એસટીઈ(સી) દ્વારા પરવાના વગર પણ એક્ઝીમ પોલિસી ૨૦૦૨-૨૦૦૭ ના ફકરા નં. ૨.૧૧ ની શરતો આધીન મોકલી શકાય.*

**(ડી) નિકાસ થતા દેશો પર નિયંત્રણ**

*ઈરાકને થતી નિકાસ કાર્યપ્રણાલીની સંહિતા ૨૦૦૨-૨૦૦૭ (ભાગ-૧) ના ફકરા ૨.૨ ની શરતોને આધીન રહેશે તથા અન્ય શરતો આઈટીસી(એચએસ) મથાળા હેઠળ વસ્તુની આયાત અને નિકાસના વર્ગીકરણને અનુસાર રહેશે.*

**નિકાસ પરવાના પત્રક**

નોંધ :- નીચેના પત્રકમાં પાંચ ભાગ છે. ભાગનું નામ અને વર્ણન આ પ્રમાણે છે.

| ભાગ નં. | નામ | વર્ણન |
|---|---|---|
| ૧ | નોંધ નંબર | તે પત્રકમાં મુખ્યનોંધનો ક્રમ આપે છે. તેને સરળ સંદર્ભ માટે બનાવવામાં આવેલ છે અને તે ટેરીફ આઈટમ આંકમાં હરોળમાં આવતી બાબતોની લેખિત આપે છે, તે સાથે તે એકમ, નિકાસનીતિનું વર્ણન તથા નિયંત્રણનો પ્રકાર સાથે સાથે પરવાના નોંધ અને સૂચિ આપે છે. |
| ૨ | ટેરીફ આઈટમ (કોડ) | આ આઠ આંકડાનો નંબર પુસ્તકના અગાઉ આયાત નીતિના ભાગમાં જકાત માટે મને ડીજીસીટીએસ કોડમાં આવે છે. પહેલા બે આંકડા પ્રકરણ નંબર અને મથાળા નંબર આપે છે. છેલ્લા બે આંકડા પેટા મથાળુ આપે છે. છ આંકડા અને ઉત્પાદનનું વર્ણન બરાબર ૬ આંકડાના ડબલ્યુસીઓ (વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઈઝેશન) સાથે એક્સરખી રીતે મળે છે. ભારતમાં છેલ્લા આંકડાઓનો વિકાસ ટેરીફ આઈટમમાં સામાન્ય વર્ગીકરણ અન્વયે થયેલ છે. |
| ૩ | એકમ | બીજા ભાગમાં આવતો એકમ ટેરીફ આઈટમમાં માપ અથવા વજન દર્શાવે છે કે જે દરિયાઈ માર્ગે જતા માલના બિલ માટે તેમજ અન્ય દસ્તાવેજોમાં વપરાય છે. મોટા ભાગના કેસોમાં, એકમ "યુ" તરીકે વપરાય છે જે વસ્તુના ભાગોની સંખ્યા દર્શાવે છે. |
| ૪ | નિકાસ નીતિ | આ ભાગ વસ્તુના વહીવટની સામાન્ય પ્રણાલી માટે છે. સામાન્ય રીતે નિકાસ નીતિ નિયમોમાંથી એક હોય છે.નિષેધિત / પ્રતિબંધિત :- સામાન્ય સંજોગોમાં નિકાસ પરવાનો આપવામાં આવશે નહીં. નિયંત્રિત : ડીજીએફટી દ્વારા પરવાનો મેળવેથી નિકાસની પરવાનગી.એસ.ટી.ઈ. : નક્કી કરેલા રાજ્ય વ્યાપારી સાહસો દ્વારા જ નિકાસને પરવાનગી અને તે નિકાસ અને આયાત નીતિના ફકરા ૨.૧૧ તથા નિકાસ નીતિની શરતોને આધીન રહેશે. |
| ૫ | વસ્તુનું વર્ણન | દરેક કોડની સામે વસ્તુનું વર્ણન જે માલની નિકાસ થવાની હોય તે માલનું ચોક્કસ વર્ણન આપે છે. આ વર્ણન સામાન્ય રીતે ગુણવત્તા મુક્ત વર્ણન આપતું નથી. તે સામાન્ય રીતે ગુણવત્તા વાળા વર્ણનનો એક ભાગ હોય છે. |
| ૬ | નિયંત્રણનો પ્રકાર | આ ભાગ નિકાસ માટેના માલ કે જે વસ્તુના વર્ણનનો ભાગ છે તેના નિકાસ માટેની ખાસ શરતો નિર્દેશિત કરે છે. આ ભાગ નિકાસનીતિના ભાગમાં બહોળા અર્થમાં નિયંત્રણનો પ્રકાર સમજાવે છે. |

## કોષ્ટક - એ (નિર્યાત)

માલ આઈટીલી (એચએસ) વર્ગીકરણમાં એક કરતાં વધારે વર્ગમાં પડતો હોય તેના માટે (સંરક્ષણ) ધારો, ૧૯૭૨ માં જણાવ્યા પ્રમાણે એમ જ અર્થ રહેશે.

| અ. નં. | પ્રકરણ | વસ્તુનું વર્ણન | નીતિ | નિયંત્રણનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | ૦૧૦૬<br>૦૨૦૮<br>૦૨૧૦<br>૦૩૦૦<br>૦૪૦૭<br>૦૫૦૨<br>૦૫૦૪<br>૦૫૦૫<br>૦૫૦૬<br>૦૫૦૭<br>૦૫૦૮<br>૦૫૦૯<br>૦૫૧૦<br>૦૫૧૧<br>૧૫૦૪<br>૧૫૦૬<br>૧૫૧૬<br>૧૫૧૭<br>૧૫૧૮<br>૧૬૦૦<br>૩૦૦૦ | તમામ વન્ય પ્રાણીઓ, પ્રાણીજન્ય બનાવટો તથા તેમનાં ઉત્પાદનો અને તેમાંથી ઉદ્ભવતી એવી પેદાશો કે જેના માલિકીપણાના પ્રમાણપત્રને માન્યતા આપવામાં આવેલ છે અને જે શૈક્ષણિક, વૈજ્ઞાનિક સંશોધન તથા વ્યવસ્થાપન માટે વન્યજીવન (સંરક્ષણ) ધારો, ૧૯૭૨ અન્વયે તેના ભાગો અને પેદાશો સહિત જરૂરી છે તે સિવાય. | પ્રતિબંધિત | નિકાસ કરવાની પરવાનગી નથી. |
| ૬ | કોઈપણ પ્રકરણ | આ પુસ્તકના પ્રકરણ - ૨ માં આપેલ માલના નમૂનાઓ / આંક | મુક્ત | આ પુસ્તકના પ્રકરણ - ૨ માં સમાવિષ્ટ થયેલ માલના નમૂના / આંક પ્રકરણ - ૨ ની સૂચિ - ૩ માં આપેલ તમામ પ્રતિબંધિત વસ્તુઓ અને બધી વસ્તુઓ અને બધી વસ્તુઓ (સ્કોમેટ) તથા પ્રકરણ - ૨૯, ૯૩ અને ૯૭ માં જણાવેલ નિર્ણયિત વસ્તુઓ સિવાય |
| | કોઈપણ પ્રકરણ | કોઈપણ અન્ય વસ્તુઓ કે જેની નિકાસ આ બાબતમાં વિદેશ વ્યાપારના ડાયરેક્ટર જનરલ દ્વારા જાહેર નોટિસથી નિયંત્રિત કરવામાં આવે છે. | મુક્ત | સંબંધિત જાહેર નોટિસમાં આપેલ શરતો અનુસાર |

## પ્રકરણ :- ૧ (નિર્યાત)
## જીવંત/પાલતુ પ્રાણીઓ

નોંધ : ૧ શબ્દ 'પ્રાણીઓ' માં ગાય, બળદ, પાડો(સાંઢ) અને વાછરડાનો સમાવેશ થાય છે.

(ii) *અરજ કરનાર વ્યક્તિ સમાન્યતયા જે નક્કી કરેલ સત્તાની હદમાં રહેતી હોય તે સત્તાને અરજી કરવી અને જો તેનું નિવાસસ્થાન કોઈ ચોક્કસ સ્થળ ન હોય તો તેણે કેન્દ્ર સરકાર જણાવે તેવી સત્તાને અરજી કરવી.*

**૪. ફી તથા રજિસ્ટ્રેશન :**

*રજિસ્ટ્રેશન માટેની દરેક અરજી સાથે રૂા. ૨૫/- ની ફી રોકડ રકમમાં અથવા તો નક્કી કરેલ સત્તા જણાવે તેવી રીતે ભરવી.*

**૫. રજિસ્ટ્રેશન માટેના પ્રમાણપત્રનું ફોર્મ :**

(i) *બીજા શિડ્યુલ (યાદી) માં જણાવેલ ફોર્મ મુજબ નક્કી કરેલ સત્તા રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપશે.*

(ii) *જે ક્રમમાં અરજીઓ નોંધવામાં આવી હોય તે ક્રમાંક દરેક નોંધ (રજિસ્ટ્રેશન) ને આપવામાં આવશે અને અરજ કરનારના રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં તેનો ક્રમાંક લખવામાં આવશે.*

**૬. રજિસ્ટર :**

*દરેક વ્યક્તિ જેને આ નિયમો અંતર્ગત રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપવામાં આવે તેણે પોતાનું નામ ત્રીજી યાદીમાં જણાવેલ ફોર્મ મુજબ રાખવામાં આવનાર રજિસ્ટરમાં દાખલ કરાવી લેવાનું રહેશે.*

**૭. રજિસ્ટરની તપાસણી :**

*આ નિયમો હેઠળ રાખવામાં આવનાર રજિસ્ટર બે રૂપિયાની ફી ફરીને કોઈપણ કામકાજના દિને કામકાજના સમય દરમિયાન તપાસી શકાશે અને કોઈપણ વ્યક્તિ આ રજિસ્ટરમાંથી જોઈતો ઉતારો લઈ શકશે અથવા તો તેમાં રહેલ નોંધની ખરી નકલ પાંચ રૂપિયા ફી ભરીને નક્કી કરેલ સત્તા પાસેથી મેળવી શકશે.*

**૮. રજિસ્ટરની નોંધમાં ફેરફાર કરવાનો હોય તો તે અંગેની અરજી :**

*આ કાયદાની કલમ ૨૩ પેટા કલમ (૫) હેઠળ રજિસ્ટરમાં નોંધેલ હકીકતમાં ફેરફાર કરવા માટેની અરજી ચોથી યાદીમાં જણાવેલ નિયત ફોર્મમાં કરવી અને માહિતીમાં ફેરફાર કરવામાં આવે તો રજિસ્ટ્રેશનનું હાલનું સર્ટિફિકેટ રદ કરવું અને અરજદારને નવું સર્ટિફિકેટ આપવું.*

**૯. પ્રમાણપત્રોની ડુપ્લિકેટ નકલો કાઢવા બાબત :**

*આ નિયમો હેઠળ જે વ્યક્તિનું નામ નોંધેલું હોય તે વ્યક્તિ એવો પુરાવો રજૂ કરે કે તેનું પ્રમાણપત્ર ખોવાઈ ગયું છે કે નાશ પામ્યું છે તો પાંચ રૂપિયાની ફી લીધા બાદ તેને રજિસ્ટ્રેશન પ્રમાણપત્રની ડુપ્લિકેટ નકલ આપવી અને આવા ડુપ્લિકેટનું મૂળ પ્રમાણપત્ર જેટલું જ મહત્ત્વ સમજવું.*

**૧૦. સર્ટિફિકેટની નકલો વગેરે ભારતીય જીવ-જંતુ કલ્યાણ બોર્ડને મોકલવી :**

*નક્કી કરેલ સત્તાએ આ નિયમો અંતર્ગત આપેલ નોંધણી પ્રમાણપત્રો અગર તો ડુપ્લિકેટ નોંધણી પ્રમાણપત્રો અગર તો નવા નોંધણી પ્રમાણપત્રોની નકલ તેવા પ્રમાણપત્રો અપાયા બાદ જેમ બને તેમ જલદીથી ભારતીય જીવ-જંતુ કલ્યાણ બોર્ડને મોકલી આપવી.*

**જાહેરનામું**

*જી.એસ.આર. ૬૧૯ (ઈ) તા. ૧૪-૧૦-૧૯૯૮ પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯મો) ની કલમ-૨૧ ની મળેલ અધિકારી અન્વયે તથા ભારત સરકારના તત્કાલીન પર્યાવરણ અને જંગલ મંત્રાલયના જાહેરનામા જી.એસ.આર. નં. ૨૫૨ તા. ૨-૩-૧૯૯૧ અને જી.એસ.આર. નં. ૪૮૫ તા. ૭-૮-૧૯૯૧ ના રદ થવાથી જે બાબતો આ જાહેરનામા રદ થયા પહેલાં થયેલ હોય કે રદ થયેલ હોય, કેન્દ્ર સરકાર આથી સ્પષ્ટતા કરે છે કે નીચે જણાવેલાં પ્રાણીઓને મનોરંજન કરતાં પ્રાણીઓ તરીકે પ્રદર્શિત કરવામાં કે તાલીમ આપવામાં આ જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી આવશે નહીં જેવાં કે :*

*૧. રીંછ*

*૨. વાંદરાઓ*

*૩. વાઘ*

*૪. દીપડો*

*૫. સિંહ*

• • •

# પ્રથમ શિડ્યુલ (યાદી)

## (નિયમ ૩જો જુઓ)

## અરજીનું ફોર્મ

૧. ખેલ કરતાં પ્રાણીઓના નિયમો, ૧૯૭૩ હેઠળ રજિસ્ટ્રેશન માટે હું નીચે સહી કરનાર અરજી કરું છું. અને જાહેર કરું છું કે નીચે જણાવેલ હકીકત મારી માન્યતા અને માહિતી મુજબ ખરી અને સંપૂર્ણ છે.

સહી ............................

તારીખ ..........................

રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર જ્યાં

મોકલવાનું હોય તે સરનામું

..............................................

..............................................

## વિગતો

૧. અરજદારનું પૂરું નામ (બ્લોક લેટરમાં)

૨. રાજ્યનું નામ (જો ભારતમાં ઉપયોગમાં લેવાતું હોય તો)

૩. રાષ્ટ્રીયતા

૪. (a) ભારતમાં ચોક્કસ નિવાસનું સરનામું અથવા તો

(b) ભારતમાં ટપાલનું કાયમી સરનામું કે જ્યાં અરજદારને લખાયેલ કાગળો મોકલી શકાય.

૫. પ્રવાસ પર હોય ત્યારે જે કામચલાઉ સરનામું કે સરનામા હોય તે સિવાયનું ભારતમાં અજરદારનું કાયમી સરનામું કે સરનામાઓ કે જ્યાં અરજદાર ખેલ કરનાર પ્રાણીઓને તાલીમ આપતો હોય કે આપવા માંગતો હોય.
(જો એવું સરનામું ન હોય તો "ના" લખવું.)

૬. ખેલ કરતાં પ્રાણીઓના નિયમો, ૧૯૭૩ અંતર્ગત અગાઉ રજિસ્ટર કરાવેલ છે કે કેમ ? અને જો રજિસ્ટર કરેલું હોય તો રજિસ્ટ્રેશન સર્ટિફિકેટનો નંબર તથા તારીખ જણાવવા

૭. (i) ખેલ કરનાર પ્રાણીઓની જાત જેમને

| | તાલીમ આપવાની છે | | જેમનું પ્રદર્શન કરવાનું છે. | |
|---|---|---|---|---|
| | જાત | સંખ્યા | જાત | સંખ્યા |

(a) તાલીમ પામેલા

(b) પ્રદર્શન માટેના

દરેક જાતના પ્રાણીની જાત અને સંખ્યા

(ii) પ્રદર્શન માટે (ખેલ માટેના) તાલીમ પામેલ પ્રાણીઓ

૮. પ્રાણીઓ કેવી જાતના ખેલ કરવાના છે કે પ્રદર્શન કરવાના છે જે માટે એમને તાલીમ અપાઈ છે, તેનું ટૂંકમાં સામાન્ય વર્ણન* અને ખેલ કે તાલીમ માટે જે સાધન વપરાતું હોય તેનો ઉલ્લેખ

---

* ખેલમાં ભાગ લેનાર પ્રાણીઓ તે ખેલમાં શું કરવાના છે તેનો સામાન્ય ખ્યાલ આવે તેટલા પૂરતું વર્ણન હોવું જોઈએ. ઉપરાંત ખેલ આશરે કેટલા સમયનો હશે, એક દિવસમાં એ ખેલના કેટલા પ્રયોગો કરવામાં આવશે અને દરેક ખેલમાં કેટલાં અને કઈ જાતનાં પ્રાણીઓ ભાગ લેશે તે જણાવવું. ધંધાકીય ગુપ્તતાની વિગતો આપવાની જરૂર નથી.

# રજું શિડ્યુલ (યાદી)

**(નિયમ - ૫ જુઓ)**

## રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે નીચેની હકીકતો સાથે સંબંધ ધરાવનાર વ્યક્તિને આજ રોજે ખેલ કરતા પ્રાણીઓના નિયમ, ૧૯૭૫ હેઠળ રજિસ્ટર કરવામાં આવે છે.

રજિસ્ટરમાં નોંધણીનો ક્રમાંક : .......................

સ્થાન :

તારીખ :

રજિસ્ટ્રેશન કરનાર સત્તાના કારકુનની સહી

**વિગતો**

| તાલીમ આપનાર અથવા પ્રદર્શન કરનારનું નામ | રાષ્ટ્રીયતા | ભારતમાં નિવાસનું ચોક્કસ (૧) સ્થાનનું સરનામું (૨) ભારતમાં જે સ્થળે પત્ર મોકલવામાં આવે તેનું ટપાલનું સરનામું | ખેલ કરનાર પ્રાણીઓની તાલીમનું સ્થાન કે સ્થાનોનું સરનામું | અગાઉ રજિસ્ટ્રેશન થયેલ હોય તો તેની વિગતો | ખેલ કરનાર પશુની જાત | | ખેલના પ્રકારનું સામાન્ય વર્ણન | રજિસ્ટ્રેશનની તારીખ | પ્રાણી ક્રૂરતા નિવારણ, અધિનિયમ ૧૯૬૦ની ૨૪ મી કલમ હેઠળ કોર્ટે કરેલ કોઈ હુકમની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | તાલીમ માટેનાં પશુઓની જાત અને સંખ્યા | ખેલ માટેનાં પશુઓની જાત અને સંખ્યા | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| | | | | | | | | | |

# ૩જું શિડ્યુલ (યાદી)

**(નિયમ - ૬ જુઓ)**

## રજિસ્ટરનું ફોર્મ

| અનુ. નંબર | તાલીમ આપનાર અથવા પ્રદર્શન કરનારનું નામ | રાષ્ટ્રીયતા | ભારતમાં નિવાસનું ચોક્કસ (૧) સ્થાનનું સરનામું (૨) ભારતમાં જે સ્થળે પત્ર મોકલવામાં આવે તેનું ટપાલનું સરનામું | ખેલ કરનાર પ્રાણીઓને જ્યાં તાલીમ આપવાની હોય તે સ્થળનું સરનામું | અગાઉ રજિસ્ટ્રેશન થયેલ હોય તો તેની વિગતો | ખેલ કરનાર પશુની જાત | | ખેલના પ્રકારનું સામાન્ય વર્ણન | રજિસ્ટ્રેશન ની તારીખ | પ્રાણી ક્રૂરતા નિવારણ, અધિનિયમ ૧૯૬૦ની ૨૪ મી કલમ હેઠળ કોર્ટે કરેલ કોઈ હુકમની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | તાલીમ માટેનાં પશુઓની જાત અને સંખ્યા | ખેલ માટેનાં પશુઓની જાત અને સંખ્યા | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
| | | | | | | | | | | |

## ૪થું શિડ્યુલ (યાદી)

*રજિસ્ટરમાં નોંધેલ વિગતોમાં ફેરફાર કરાવવા માટેની અરજીનું ફોર્મ*

*અરજ કરનારની રજિસ્ટરમાં નોંધેલ વિગતોમાં ફેરફાર કરાવવા અંગેની અરજી*

*પ્રતિ,*

*નક્કી કરેલ સત્તા,*

*અરજદારનું પૂરું નામ :* ______________________________

*(બ્લોક લેટરમાં)*

*રજિસ્ટ્રેશન કરેલ પ્રમાણપત્રનો નંબર તથા તારીખ :* ____________________

*ખેલ કરતાં પ્રાણીઓના નિયમો, ૧૯૭૩ હેઠળ મને અપાયેલ રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આથી હું પરત કરું છું અને ફેરફાર થયેલ હકીકત નોંધવા હું આથી અરજી કરું છું જે ફેરફારો નીચે મુજબ છે અને નીચે આપેલ કારણો મુજબ છે :*

*હું એવી પણ અરજ કરું છું કે મારું હાલનું પ્રમાણપત્ર રદ કરવામાં આવે અને મને રજિસ્ટ્રેશનનું નવું પ્રમાણપત્ર આપવામાં આવે.*

*સહી* ____________________

*સરનામું* ____________________

____________________

____________________

**નોંધ :** *રજિસ્ટ્રેશનના નવીન પ્રમાણપત્ર માટે કોઈ ફી ભરવાની નથી.*

---

*(ગેઝેટ ઑફ ઈન્ડિયાના બીજા વિભાગના ત્રીજા ખંડમાં, બીજા ઉપ-ખંડમાં ભારત સરકારના કૃષિ મંત્રાલયની અધિસૂચના ક્રમાંક ૩૫-૪/૭૨-એલડી, તા. ૨૨મી મે, ૧૯૭૩ અન્વયે પ્રકાશિત કરવામાં આવેલ છે.)*

# ખેલ કરતાં પ્રાણીઓના (નોંધણી) નિયમો, ૨૦૦૧

સ્ટેન્ડિંગ ઓર્ડર ૨૬૭ (૯) આથી મનોરંજન કરતાં પ્રાણીઓના (નોંધણી) નિયમો ૨૦૦૫ નો મુસદ્દો કે જે કલમ ૩૮૦ ની પેટા કલમ (૧) પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ ૧૯૬૦ (૧૯૬૦ નો ૫૦ મો) હેઠળ તથા ભારત સરકારના સોશિયલ જસ્ટીસ અને એન્વાયરમેન્ટ ખાતાના નંબર એસ.ઓ. ૧૧૬૨ (૯) તારીખ ૨૬-૧૨-૨૦૦૦ ના રોજ ભારત સરકારના એક્સ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટ ભાગ ૨ કલમ ૩ પેટા કલમ (૨) તા. ૨૭-૧૨-૨૦૦૦ ના રોજ અસરકર્તા / લાગુ પડતું હોય તેવી તમામ વ્યક્તિઓ તરફથી વાંધાઓ અને સૂચનો ગેઝેટની કોપીઓ કે જેમાં સદર નોટિફિકેશન છે તે પ્રજાને પ્રાપ્ત થાય ત્યારથી ૬૦ દિવસની મુદતની અંદર મંગાવવામાં આવ્યા.

અને આથી સદર ગેઝેટની કોપીઓ પ્રજાને ૧લી જાન્યુઆરી ૨૦૦૧ ના રોજ પ્રાપ્ત થઈ.

અને આથી કેન્દ્ર સરકાર સરકારના ઉપરોક્ત નિયમોના મુસદ્દાના સંદર્ભમાં વાંધા તથા સૂચનો પ્રજા તરફથી મળ્યા નહીં.

અને તેથી પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી એક્ટ, ૧૯૭૦ ની કલમ ૩૮ ની પેટા કલમ (૧) અને (૨) અન્વયે મળેલ સત્તાની રૂએ કેન્દ્ર સરકારે નીચે પ્રમાણેના નિયમો બનાવ્યા જેવા કે :-

**૧. ટૂંકી સંજ્ઞા અને વિજ્ઞપ્તિ :-**

(૧) આ નિયમોને મનોરંજન કરતાં પ્રાણીઓની (નોંધણી) અંગેના નિયમો ૨૦૦૧ તરીકે કહેવાશે.

(૨) તેમનો અમલ રાજ્યપત્રિત ગેઝેટમાં છપાયાની તારીખથી શરૂ થયેલો ગણાશે.

**૨. વ્યાખ્યાઓઃ-**

આ નિયમોમાં કંઈપણ વિરોધાભાસી ઉત્પન્ન થાય તે સિવાયઃ-

(એ) કાયદો એટલે કે પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતાને પ્રતિબંધિત કરતો કાયદો, (૧૯૬૦ નો ૫૯ મો)

(બી) બોર્ડ એટલે કે કાયદાની કલમ ૪ અન્વયે સ્થાપિત થયેલ તથા ૫ અન્વયે રીસ્થાપિત થયેલ એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા

(સી) ફિલ્મ એટલે સિનેમેટોગ્રાફ કાયદો ૧૯૫૨ (૩૭ મો ૧૯૫૨) માં વ્યાખ્યા પ્રમાણે સિનેમેટોગ્રાફ ફિલ્મ

(ડી) ક્ષમતા યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર એટલે કે વેટરનરી (પ્રાણીઓ) ના ડોકટર કે જે સક્ષમ સત્તાધિકારી / નિયત સત્તાધિકારી દ્વારા માન્ય હોય તેમના દ્વારા પ્રાણીની તંદુરસ્તી અને યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર

(ઈ) માલિક એટલે કે પ્રાણીનો માલિક અને બીજી એવી કોઈપણ વ્યક્તિ કે જેની માલિકી તથા કબજામાં પ્રાણીઓ તેના માલિકની સંમતિથી કે સંમતિ વગર હોય.

(એફ) માલિકી હક્કનું પ્રમાણપત્ર એટલે કે વન્ય સંરક્ષણ કાયદો ૧૯૭૨ (૫૩ મો ૧૯૬૨) ની કલમ ૪૨ હેઠળ આપવામાં આવેલ પ્રમાણપત્ર

(જી) પ્રમાણિત સત્તા એટલે કે બોર્ડ દ્વારા અધિકૃત કરવામાં આવેલ બોર્ડ અથવા બીજી સત્તા અથવા અધિકારી

(એચ) મનોરંજન કરતું પ્રાણી એટલે કે પ્રાણી કે જે ફિલ્મ અથવા તેના જેવા જ બીજા કોઈ મનોરંજનના હેતુ માટે ઉપયોગમાં લેવાતું પ્રાણી કે જેમાં પ્રજા / લોકો સમાવિષ્ટ હોય

(આઈ) અનુસૂચિ એટલે કે આ નિયમોની સાથે સંકળાયેલ અનુસૂચિ

(જે) વેટરીનરી ડોક્ટર એટલે કે એવી વ્યક્તિ કે જે વેટરીનરી કાઉન્સિલ એક્ટ ૧૯૮૪ હેઠળ સ્થાપિત થયેલ વેટરીનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા નોંધણી પામેલ વ્યક્તિ.

**૩. નોંધણી અંગેની અરજી.**

(૧) જે કોઈપણ વ્યક્તિ પ્રાણીને મનોરંજન માટેના હેતુથી તાલીમ આપવા અથવા પ્રદર્શિત કરવા ઈચ્છતી હોય તે આ નિયમો અમલમાં આવ્યાની શરૂઆતથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર સક્ષમ અધિકારી / નિયત સત્તાધિકારીને નોંધણી માટે અરજી કરી શકશે અને નોંધણી થયા સિવાય તે પ્રાણીને તાલીમ કે પ્રદર્શિત કરી શકશે નહીં.

(૨) જે કોઈપણ વ્યક્તિ કે જે પ્રાણીને મનોરંજનના હેતુથી તાલીમ આપવા અથવા પ્રદર્શિત કરવા ઈચ્છતી હોય તે પ્રથમ અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેના અરજીના નિયત નમૂનામાં અરજી કરી શકશે.

(૩) આ પ્રકારની દરેક અરજી સક્ષમ સત્તાધિકારી / નિયત સત્તાધિકારી સમક્ષ થઈ શકશે.

**૪. ફી અને નોંધણીઃ-**

આ હેતુ માટેની નોંધણી માટેની અરજીથી પાંચસો રૂપિયા (૫૦૦/- રૂપિયા પૂરા) ફી રોકડમાં અથવા બોર્ડ નક્કી કરે તે પ્રમાણે ચૂકવવાની રહેશે.

**૫. વધારાની માહિતી મંગાવવાની સત્તા**

(૧) અરજીની વિગતો જોયા પછી સક્ષમ / નિયત અધિકારી વધારાની વિગતો / માહિતી તેમને યોગ્ય લાગે તે રીતે અરજી કરનાર પાસેથી માંગી શકશે.

(૨) જો સક્ષમ / નિયત સત્તાધિકારી સૂચિત મનોરંજનના હેતુ અંગે તથા અરજી કરનાર જે વ્યક્તિને અનુસરવાના છે તે બાબતમાં સંતુષ્ટ થાય તો તે નોંધણી અંગે માન્યતા આપી શકશે.

(૩) સક્ષમ / નિયત અધિકારી મનોરંજન કરતા પ્રાણીનો તાલીમ તથા તેની જાળવણી માટે તેમને યોગ્ય લાગે તેવી વધારાની શરતો મૂકી શકશે.

**૬. નોંધણી અંગેનું પ્રમાણપત્ર :-**

(૧) સક્ષમ / નિયત સત્તાધિકારી નોંધણી અંગેનું પ્રમાણપત્ર દ્વિતીય અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે આપી શકશે.

(૨) દરેક નોંધણીને તે જે ક્રમમાં કરવામાં આવી હશે તે પ્રમાણે એક પછી એક નંબર આપવામાં આવશે અને તે પ્રમાણપત્રમાં દર્શાવવામાં આવશે.

## ૭. મનોરંજનના હેતુથી પ્રાણીનો ફિલ્મમાં ઉપયોગ કરતાં પહેલાં આગોતરી માહિતી

(૧) *જે કોઈપણ વ્યક્તિ કે જે પ્રાણીનો ફિલ્મ બનાવવામાં મનોરંજનના હેતુથી ભાડે આપવા કે ઉતારવા માટે ઉપયોગ કરવા માંગતી હોય તેણે સક્ષમ / નિયત સત્તાધિકારી દ્વારા નિયત કરેલ નમૂનામાં આ હેતુ માટે પ્રાણીનો પ્રકાર, પ્રાણીની ઉંમર પ્રાણીની શારીરિક ક્ષમતા મનોરંજનનો પ્રકાર કે જે પ્રાણી દ્વારા કરવામાં આવનાર હોય, કેટલા સમય માટે પ્રાણીનો ઉપયોગ કરવામાં આવનાર છે તે તેમજ કયા પ્રકારની પદ્ધતિ અનુસરવામાં આવનાર છે તેમજ તેનો ફિલ્મમાં ઉપયોગ અંગેનો ખુલાસો તથા તે સિવાયની બીજી કોઈપણ આ અંગેની માહિતી સક્ષમ / નિયત અધિકારીને અગાઉથી આપવાની રહેશે.*

(૨) *આ પ્રકારની દરેક અરજી સાથે વેટરીનરી (પ્રાણીઓના) તબીબે આપેલ પ્રાણીની તંદુરસ્તી / શારીરિક ક્ષમતાની યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અને જો પ્રાણી વન્ય જીવન (સંરક્ષણ) ધારો ૧૯૭૨ (૫૩ મો ૧૯૭૨) હેઠળ આવતું હોય તો તે સાથે માલિકી હક્કનું પ્રમાણપત્ર પણ રજૂ કરવાનું રહેશે.*

## ૮. નોંધણી માટેની સામાન્ય શરતોઃ-

(૧) *સક્ષમ / નિયત સત્તાધિકારી નોંધણીનું પ્રમાણપત્ર આપતી વખતે આ શરતો ઉપરાંત તેમને જરૂરી લાગે તો નીચે જણાવેલ નિયમો અને શરતો લાગુ કરી શકશે*

- (૧) *જે કોઈ પણ વ્યક્તિ દસ અથવા વધારે મનોરંજન કરવા માટેનાં પ્રાણીઓ ધરાવતા હોય તેની પાસે પ્રાણીઓની નિયમિત સંભાળ, સારવાર અને પરિવહન માટે વેટરીનરી તબીબી તેના નિયમિત કર્મચારી તરીકે હોવો જોઈએ.*
- (૨) *માલિક રોડ દ્વારા પરિવહન કરતી વખતે સતત આઠ (૮) કલાકથી વધારે વાહન ચલાવી શકશે નહીં સિવાય કે પાંજરાનું માપ પાંચમી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે હોય.*
- (૩) *માલિકે રોકાણ દરમિયાન યોગ્ય ખોરાક અને પ્રાણીની બાબતમાં બાંહેધરી આપવાની રહેશે.*
- (૪) *માલિકે પરિવહન બાદ પ્રાણીઓને ખોરાક તથા આરામ બાબતની વ્યવસ્થા છઠ્ઠી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે કરવાની રહેશે.*
- (૫) *માલિકે બાંહેધરી આપવાની રહેશે કે પ્રાણી તાલીમ દરમિયાન પ્રદર્શન દરમિયાન કે પછી કોઈપણ પ્રકારની પીડા કે દુખાવો / ઈજાથી પીડાતું નથી.*
- (૬) *માલિક પ્રાણીને તાલીમ આપવાના હેતુથી કે કોઈ યુક્તિ (કરામત) શીખવવા માટે ખોરાક અથવા પ્રાણીથી વંચિત રહેવાની ફરજ પાડી શકશે નહીં / રાખી શકશે નહીં.*
- (૭) *માલિકે પ્રાણીને મનોરંજન કરતા પ્રાણી તરીકે રજૂ કરવા માટે તેની કુદરતી શૈલી અનુસાર તાલીમ આપવાની રહેશે.*
- (૮) *માલિક જો મનોરંજન કરનાર પ્રાણી માંદું હોય, ઈજાગ્રસ્ત હોય કે ગર્ભવતી હોય તો તેનો મનોરંજન માટે ઉપયોગ કરી શકશે નહીં.*

(૯) પ્રાણીની નજીકમાં ઈરાદાપૂર્વક કોઈ મોટો અવાજ / ઘોંઘાટ ન થાય તથા પ્રાણીને ગભરાવવાના હેતુથી તેને આગ નજીક લઈ જવામાં નહીં આવે તેની માલિકે બાંહેધરી આપવાની રહેશે.

જો મનોરંજન કરતા પ્રાણીને મનોરંજન / પ્રદર્શન કૃત્રિમ પ્રકાશ હેઠળ કરવાનું હોય તો તે પ્રકારની તીવ્રતા ૫૦૦ એલયુએક્સ થી વધવી જોઈએ નહીં.

(૧૦) પ્રાણીનું મૃત્યુ થાય કે ઈજા થાય તેવી કોઈપણ ક્રિયા માલિક તેને શીખવી શકશે નહીં.

(૧૧) આ પ્રકારનાં મનોરંજન કરતાં પ્રાણીઓ માટે માલિક છિદ્રો કે ઝડપ વધારવા બાબતે કંઈપણ ઉપયોગ કરી શકશે નહીં.

(૧૨) માલિક, પ્રાણીનું પ્રદર્શન સળગતી આગમાં કે આગના અકસ્માતમાં કરી શકશે નહીં.

(૧૩) જ્યારે વિસ્ફોટકો કે બીજા મોટા અવાજ ઘોંઘાટવાળાં દશ્યોનું ફિલ્માંકન થતું હોય ત્યારે માલિક કોઈપણ પ્રાણી તથા ઘોડાને એની નજીકના વિસ્તારમાં રાખી શકશે નહીં.

(૧૪) પ્રદર્શન / દેખાવ દરમિયાન પ્રાણીના શરીરના બાહ્યભાગો જેવા કે નખ, શિંગડાં, પૂંછડી કેશવાળી કે અન્ય તેવાં અંગો / ભાગોને ઈજા ન થાય તેની માલિકે બાંહેધરી આપવાની રહેશે.

(૧૫) ઘોડો તથા તેના જેવાં પ્રાણીઓને ઢાળ ઉપરથી ઊતરવા તેમજ ઢાળ ચઢાવવા માટે પગમાં નાળ નાંખ્યા વગર કરવામાં આવશે નહીં તેની માલિકે બાંહેધરી આપવાની રહેશે.

(૧૬) ઘોડા તથા અન્ય પ્રાણીઓના માલિક ચામડાનો કોરડો ઉપયોગમાં લઈ શકશે નહીં ફક્ત વૈજ્ઞાનિક પરીક્ષણ કરાયેલ કોરડા જ વાપરી શકશે, કે જેના વડે ઉઝરડા, ચાઠાં વગેરે થાય નહીં, અને તે પણ આ શરતોને આધીન રહેશે.

(એ) કોરડા ઉપર , ટાંકા પટ્ટીઓ વગેરે હોવા જોઈએ નહીં.

(બી) કોરડો ફક્ત અધિકૃત જોડી દ્વારા જ ઉપયોગમાં લઈ શકાશે.

(સી) માલિકે બાંહેધરી આપવી પડશે કે, કોરડો કપાળની મધ્યમાં કે પાછળના ભાગે ખભાની બરાબર મધ્યમાં નીચેના ભાગે વીંઝી શકાશે નહીં. તેને વીંઝવા માટે ખભા સુધીની ઊંચાઈ લેવી પડશે.

(ડી) કોરડાને રેસમાં ૩ થી વધારે વખત વીંઝી શકાશે નહીં.

(૧૭) માલિકે બાંહેધરી આપવાની રહેશે કે પ્રાણીઓનો ઉપયોગ મંચ / સ્ટેજ કે જે કૃત્રિમ ઉપયોગ વિના લીસા સુંવાળા હોય તેના ઉપર જ કરવામાં આવશે.

(૧૮) માલિકે બાંહેધરી આપવાની રહેશે કે એવી રીતે પ્રાણીઓને સમૂહમાં ભેગાં નહીં કરે કે જેથી પ્રાણીઓનો ઘસારો થાય.

(૧૯) માલિકે બાંહેધરી આપવાની રહેશે કે પ્રાણીઓને બીજા પ્રાણીની સામે / વિરુદ્ધમાં લડાઈ માટે તૈયાર / ઉશ્કેરણી કરશે નહીં. વધુમાં બાંહેધરી આપવાની રહેશે કે તેઓ પ્રાણીને દર્દશામક / નશાકારક, ઘેન ઉદ્‌ભવે તેવી કે શારીરિક ક્ષમતામાં વધારો થાય તેવી

સ્ટેટોઈડ્સ આપશે નહીં. ફક્ત પ્રાણીઓના તબીબ (વેટરીનરી ડોક્ટર) ઈજાગ્રસ્ત પ્રાણીની સારવારના હેતુથી કે માંદા પ્રાણીની સારવારના હેતુથી ઘેન (એનેસ્થેસિયા) આપી શકશે.

(૨૦) માલિકે બાંહેધરી આપવાની રહેશે કે પ્રાણીઓને પરિવહન સમયે કે રાખવામાં આવે તે સમયે પાંજરાં, જખાના કે જેની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ પ્રાણીઓના પરિવહનના નિયમો, ૧૯૭૮ ધી રેકગનાઈઝેશન ઓફ ધ રૂલ્સ ૧૯૯૨ કે આ હેતુ માટે બનાવેલા કોઈપણ કાયદાની જોગવાઈ અનુસાર ન હોય તો પરિવહન / રાખવામાં આવશે નહીં.

(૨૧) માલિકે બાંહેધરી આપવાની રહેશે કે પ્રાણીઓનો ઉપયોગ સતત ચિત્રપટ ચિત્રાંકન / શુટિંગ કરવા માટે પૂરતો આરામ આપ્યા સિવાય કરશે નહીં અને જો સાપનો ઉપયોગ કરવાનો હોય તો તેને કોઈ પદાર્થ ખાદ્ય તરીકે આપવામાં આવશે નહીં. શરીરના કોઈ ભાગ ઉપર કે ગરમ જમીન ઉપર તેનો ઉપયોગ કરશે નહીં તેમજ સંઘર્ષ માટે કે બીજા કોઈ પર ફેંકવા માટે કે કોઈ અઘરાં કામ કરવા માટે ઉપયોગ કરશે નહીં.

(૨૨) માલિકે બાંહેધરી આપવાની રહેશે કે ચિત્રપટનું ચિત્રાંકન / શુટિંગ જીવિત પ્રાણીઓ હોય ત્યાં, મરઘાના ફાર્મની નજીકમાં કે પક્ષીઓ રહેતાં હોય ત્યાં કરશે નહીં.

(૨૩) માલિકે ચાર અઠવાડિયાં અગાઉ નિયત / સક્ષમ સત્તાધિકારીને ચિત્રપટનું શુટિંગ કરવાનું સ્થળ, તારીખ સમય ચિત્રપટના ચિત્રાંકનનો અસલ સમય કે જેમાં પ્રાણીનો ઉપયોગ થવાનો હોય તેની જાણ કરવાની રહેશે.

(૨) નિયત / સક્ષમ સત્તાધિકારી આ સિવાય તેમને જરૂરી અને યોગ્ય લાગે તેવી વધારાની શરતો પ્રાણીઓના કલ્યાણ માટે લાદી શકશે.

**૯. નોંધણી પત્રકઃ-**

આ નિયમો હેઠળ નોંધણી પામેલ વ્યક્તિઓનું નામ નોંધણી પત્રકમાં નોંધાયેલું રહેશે તથા ત્રીજી અનુસૂચિમાં જણાવ્યા અનુસારના નિયત નમૂનામાં રાખવામાં આવશે.

**૧૦. નોંધણી પત્રકનું નિરીક્ષણ :-**

આ નિયમો અનુસારનું નોંધણી પત્રકનું કચેરીના કાર્યના કલાકો દરમિયાન નિરીક્ષણ માટે ૨૦ (વીસ રૂપિયા પૂરા) ની ફી ભર્યેથી નિરીક્ષણ કરી શકાશે તથા ૫૦ (પચાસ રૂપિયા પૂરા) ભર્યેથી વ્યક્તિ નિયત / સક્ષમ સત્તાધિકારી પાસેથી તેની પ્રમાણિત નકલ મેળવી શકશે.

**૧૧. નોંધણીપત્રકમાંની નોંધણી ફેરફાર માટેની અરજી :-**

આ નિયમોની જોગવાઈ હેઠળ બનાવવામાં આવેલ નોંધણીપત્રકની કોઈપણ નોંધમાં ફેરફાર કરવા માટે ચોથી અનુસૂચિમાં (નિયત નમૂનો) જોગવાઈ કરવામાં આવેલ છે અને જો કોઈપણ વિગતોમાં ફેરફાર થાય તો જે પ્રમાણપત્ર અસ્તિત્વમાં છે તે રદ થશે અને નવું પ્રમાણપત્ર આપવામાં આવશે.

**૧૨. વેટરીનરી ડોકટર દ્વારા અહેવાલની રજૂઆત :-**

*વેટરીનરી ડોકટરે સક્ષમ / નિયત સત્તાધિકારી સમક્ષ નિયત નમૂનામાં દરેક મહિનાની સાતમી તારીખે કે તે પહેલાં નોંધણી થયેલ હોય તેવા તમામ મનોરંજન કરતાં પ્રાણીઓની તંદુરસ્તી જન્મ તથા મરણનો માસિક અહેવાલ રજૂ કરવામાં રહેશે.*

**૧૩. ચોક્કસ / નિયત પ્રાણીઓની તાલીમ તથા પ્રદર્શન નિદર્શન પર પ્રતિબંધ :-**

*મનોરંજન કરતાં પ્રાણીઓ કે જેમની તાલીમ / પ્રદર્શન / નિદર્શન આ કાયદાની કલમ ૨૨ ની પેટા કલમ ૨ હેઠળ પ્રતિબંધિત ગણાશે.*

**૧૪. નિરીક્ષણની સત્તાઓઃ-**

*(૧) નિયત / સક્ષમ સત્તાધિકારી તેમને યોગ્ય લાગે તેવા અધિકારીની અથવા અન્ય કોઈપણ વ્યક્તિને મનોરંજન કરતાં પ્રાણીની તાલીમ તથા પ્રદર્શન / નિદર્શન દરમિયાન થતાં પરિવહનનો પ્રકાર સંભાળ અને જાળવણી કે ચિત્રપટના ચિત્રાંકન / દશ્યાંકન સમયે નોંધણી સમયની શરતોનું પાલન થાય છે કે નહીં તે બાબતના નિરીક્ષણ અંગે અધિકૃત કરી શકશે.*

*(૨) માલિક આ પ્રકારના અધિકારી અથવા અધિકૃત વ્યક્તિના પ્રવેશ બાબતે વાંધો વિરોધ લઈ શકશે નહીં અને તેને જરૂરી તમામ માહિતી / માર્ગદર્શન પૂરું પાડશે.*

**૧૫. નિરીક્ષણનો અહેવાલ :-**

*નિયત / સક્ષમ સત્તાધિકારીને તેમના દ્વારા નક્કી કરવામાં આવેલ નિયમો અને શરતોના થતા પાલન અંગેના નિયમ ૧૪ હેઠળનો અહેવાલ નિમાયેલ અધિકારી અથવા અધિકૃત વ્યક્તિ રજૂ કરશે.*

**૧૬. નોંધણી થઈ હોય અને રદ કરવા બાબત :-**

*(૧) નોંધણીની શરતો તથા આ નિયમોનું પાલન કરવાની શરતે કરવામાં આવેલ નિયમ ૫ હેઠળ પ્રાણીની નોંધણી અન્વયે પ્રદર્શન / નિદર્શન તથા તાલીમ આપવામાં આવશે.*

*(૨) આ નિયમો તથા નોંધણીના નિયમોનું પાલન થવાની શરતે નિયમ ૫ હેઠળ નોંધવામાં આવેલ પ્રાણી ચિત્રપટ માટે પ્રદર્શિત / નિદર્શિત કરી શકાશે.*

*(૩) નિયત / સક્ષમ સત્તાધિકારી નિયમ ૫ હેઠળની નોંધણીની શરતોનો ભંગ થવાથી કે અન્ય કોઈ નિયમોનો ભંગ થવાથી સુનાવણીની તક આપીને તપાસ કરાવી શકશે તથા પ્રાણીઓના કલ્યાણ /હિત અર્થે નોંધણી કામચલાઉ મુલતવી રાખવાનો / વંચિત કરવાનો જે તેમને યોગ્ય લાગે તે હુકમ કે નિદર્શિત આપી શકશે.*

**૧૭. પ્રમાણપત્રની બીજી ડુપ્લિકેટ નકલો આપવા બાબત :-**

*જો કોઈ વ્યક્તિ કે જે તે નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવેલ છે તે સાબિતીઓ સાથે રજૂઆત કરે કે, સદર પ્રમાણપત્ર તેનાથી ખોવાઈ ગયું છે કે નાશ થઈ ગયો છે તો તેને રૂા. ૧૦૦ (એકસો રૂપિયા પૂરા) ની ફી ભર્યેથી બીજું (ડુપ્લિકેટ) પ્રમાણપત્ર કાઢી આપવામાં આવશે જેનું મહત્ત્વ અસલ પ્રમાણપત્ર જેવું જ ગણાશે અને તે આ નિયમોના હેતુ અન્વયે હશે.*

• • •

## પ્રથમ અનુસૂચિ

## અરજીનો નમૂનો

### (જુઓ નિયમ ૩ (૨)

*હું નીચે સહી કરનાર આથી મનોરંજન કરતાં પ્રાણીઓના નિયમો (નોંધણી) ૨૦૦૦ હેઠળ નોંધણી અંગે અરજી કરું છું અને જાહેર કરું છું કે નીચે જણાવેલ વિગતો મારા જ્ઞાન અને માનવા પ્રમાણે ખરી અને પૂર્ણ છે.*

*સહી અવાચ્ય*

*તારીખ*

*સરનામું કે જેના પર માન્યતા*
*અંગેનો હુકમ મોકલવાનો છે.*

### વિગતો

*૧. અરજી કરનારનું પૂરું નામ :-*
*(અંગ્રેજીમાં મૂળ મૂળાક્ષરોમાં)*

*૨. રાજ્યનું નામ (જો ભારતમાં હોય તો)*

*૩. રાષ્ટ્રીયતા*

*૪. (એ) સરનામું ભારતના કોઈ નિયત સ્થળનું હોય અને*
*(બી) ભારતમાં પત્ર વ્યવહારનું સરનામું*
*જે સ્થળે પત્રો મોકલવાના હોય ત્યાંનું હોય*

*૫. પ્રવાસ સિવાયના ભારતમાં સરનામું*
*અથવા સરનામાઓ (કોઈપણ) કે જ્યાં અરજી કરનાર મનોરંજન કરતાં પ્રાણીઓને તાલીમ આપતા હોય અથવા આપવા ઈચ્છતા હોય (જો લાગુ ન પડતું હોય તો કંઈ નહીં) અથવા લાગુ પડતું નથી.*

*૬. જો મનોરંજન કરતાં પ્રાણીઓના નિયમો ૧૯૭૩ હેઠળ નોંધણી થયેલ હોય તો તેની વિગતો આપવી અને જો તેમ હોય તો પ્રાણીઓની સંખ્યા તથા નોંધણીની તારીખ જણાવવી / લખવી*

*૭. જો પ્રાણી વન્યજીવન (સંરક્ષણ) ધારો, ૧૯૭૨ હેઠળ આરક્ષિત જાતિનું હોય, તો માલિકી હક્કના પ્રમાણપત્રની નકલ.*

*૭ (૧) મનોરંજન કરતા પ્રાણી અંગેની વિગતો*
*સ્પેશીસ પ્રાણીની જાતિ કુલ) જાતિ ઉંમર સંખ્યા*
*(એ) તાલીમ પામેલ*
*(બી) પ્રદર્શિત થયેલ ફિલ્મના ઉપયોગ માટે*
*(સી) તાલીમ પામેલ અને પ્રદર્શિત થયેલ*

*(ડી) તાલીમ પામેલાં મનોરંજન કરતાં પ્રાણીઓ કે જે પહેલેથી જ પ્રદર્શન માટે પ્રાપ્ત હોય*

*(ઇ) મનોરંજન કરતાં પ્રાણીઓ જે મનોરંજન કરવાનાં હોય તે મનોરંજન / મનોરંજનનું સ્વરમ્ય અને તેને જેના માટે તાલીમ આપવામાં આવી હોય તેની વિગતો :-*

**સમજૂતી :** *મનોરંજનમાં (ખેલ / ) માં ભાગ લેતાં પ્રાણીઓનો દેખાવ તાલીમની પદ્ધતિ દેખાવનો સરેરાશ સમયગાળો દિવસ દરમિયાન કરવામાં આવેલ મનોરંજન (ખેલ / ) ની વિગતો અને દરેક પ્રકારનાં પ્રાણીઓની મનોરંજનમાં સંખ્યાની સંપૂર્ણ વિગતો*

# દ્વિતીય અનુસૂચિ

## નોંધણીનું પ્રમાણપત્ર (જુઓ નિયમ ૬)

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ વિગતો સંબંધિત વિગતો જે વ્યક્તિને લાગુ પડે છે તેને મનોરંજન કરતાં પ્રાણીઓ (નોંધણી નિયમો ૨૦૦૧ હેઠળ અન્વયે નોંધવામાં આવે છે.

નામ અને સ્થળ :-

તારીખ :-

નોંધણી પત્રકમાં શ્રેણી નંબર :-

નોંધણી કરનાર કારકુનની સહી

(નોંધણી વિભાગ)

વિગતો

| તાલીમ આપનાર પ્રદર્શનકર્તાનું નામ | રાષ્ટ્રીયતા | (એ) ભારતમાં રહેઠાણનું કાયમી સરનામું અથવા ટપાલનું સરનામું કે જ્યાં તાલીમ આપનાર કે પ્રદર્શનકર્તાની સાથે પત્રવ્યવહાર થઈ શકે. | મનોરંજન કરતાં પ્રાણીઓને તાલીમ અપાતી હોય તો સરનામું અથવા સરનામાઓ | જો અગાઉ કોઈ નોંધણી પડાવેલ હોય તો તેની વિગતો | સૂચિત મનોરંજનકર્તા પ્રાણીનો પ્રકાર | | | સામાન્ય દેખાવની વિગતો | નોંધણીની તારીખ | જો પ્રીવેન્શન ઓફ કુઅલ્ટી એક્ટ ૧૯૬૦ જેની કલમ ૨૪ હેઠળ અદાલત દ્વારા કોઈ હુકમ કરવામાં આવ્યો હોય તો તેની વિગતો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | જેને તાલીમ આપવાની છે. | જેને પ્રદર્શન કરવાનું છે. | તાલીમ/ અથવા પ્રદર્શન ચિત્રપટમાં કરવાનું છે. | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |

## ત્રીજી અનુસૂચિ

## નોંધણીનું પ્રમાણપત્ર (જુઓ નિયમ ૬)

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ વિગતો સંબંધિત વિગતો જે વ્યક્તિને લાગુ પડે છે તેને મનોરંજન કરતાં પ્રાણીઓ (નોંધણી નિયમો ૨૦૦૧ હેઠળ અન્વયે નોંધવામાં આવે છે.

નામ અને સ્થળ :-

તારીખ :-

નોંધણી પત્રકમાં શ્રેણી નંબર :-

નોંધણી કરનાર કારકુનની સહી

(નોંધણી વિભાગ)

વિગતો

| તાલીમ આપનાર પ્રદર્શનકર્તાનું નામ | રાષ્ટ્રીયતા | (એ) ભારતમાં રહેઠાણનું કાયમી સરનામું અથવા ટપાલનું સરનામું કે જ્યાં તાલીમ આપનાર કે પ્રદર્શનકર્તાની સાથે પત્રવ્યવહાર થઈ શકે. | મનોરંજન કરતાં પ્રાણીઓને તાલીમ અપાતી હોય તો સરનામું અથવા સરનામાઓ | જો અગાઉ કોઈ નોંધણી પડાવેલ હોય તો તેની વિગતો | સૂચિત મનોરંજનકર્તા પ્રાણીનો પ્રકાર | | | સામાન્ય દેખાવની વિગતો | નોંધણીની તારીખ | જો પ્રીવેન્શન ઓફ કુઅલ્ટી એકટ ૧૯૬૦ જેની કલમ ૨૪ હેઠળ અદાલત દ્વારા કોઈ હુકમ કરવામાં આવ્યો હોય તો તેની વિગતો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | જેને તાલીમ આપવાની છે. | જેને પ્રદર્શન કરવાનું છે. | તાલીમ/ અથવા પ્રદર્શન ચિત્રપટમાં કરવાનું છે. | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |

## ચોથી અનુસૂચિ

## નોંધણી પત્રકમાં નોંધાયેલ વિગતોમાં ફેરફાર કરવા માટેનો અરજીનો નમૂનો (જુઓ નિયમ ૧)

*અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજી કે જે નોંધણી પત્રકમાં નોંધવામાં આવેલ વિગતોના ફેરફારના સંદર્ભમાં છે.*

*પ્રતિ,*

*નિયત / સક્ષમ અધિકારીશ્રી,*

*અરજદારનું પૂરું નામ કે અંગ્રેજીના મૂળ મૂળાક્ષરોમાં*

*નોંધણી પ્રમાણપત્રનો નંબર અને તારીખ :-*

*આ સાથે મનોરંજન કરતાં પ્રાણીઓ (નોંધણી) નિયમો ૨૦૦૧ હેઠળ નોંધાયેલ મારું પ્રમાણપત્ર હું પરત કરું છું અને નીચેની વિગતોના ફેરફાર સાથે અને નીચે દર્શાવેલ કારણોથી નોંધણી પત્રકમાં નોંધણી કરવા માટે અરજી કરું છું.*

## પાંચમી અનુસૂચિ

## પરિવહન દરમિયાન પાંજરાનું સૂચનાત્મક માપ

**(નિયમ ૮ (૨) જુઓ)**

| સ્પેશીસ | લંબાઈ (મી.) | પહોળાઈ (મી) | ઊંચાઇ (મી) |
|---|---|---|---|
| સ્લેન્ડરર્સ લોરીસ | ૦.૪૦ | ૦.૨૫ | ૦.૩૫ |
| સ્લો લોરીસ | ૦.૬૦ | ૦.૨૫ | ૦.૪૫ |
| ઘોડા (પાલતુ /રોજિંદા / જંગલી) | ૩.૦૦ | ૧.૦૦ | ૧.૭૫ |
| ગધેડા (પાલતુ /રોજિંદા / જંગલી) | ૨.૨૫ | ૦.૮૦ | ૧.૨૮ |
| જેબ્રા | ૨.૬૦ | ૦.૯૫ | ૧.૮૦ |
| હાથી (પુખ્ત) | ૪.૮૦ | ૨.૪૦ | ૨.૮૪ |
| હિપોપોટેમસ (કોમન) | ૪.૦૬ | ૨.૧૦ | ૧.૫૦ |
| પીગ્મી હીપચો | ૧.૫૨ | ૧.૦૦ | ૦.૭૪ |
| સીવેટ | ૦.૭૯ | ૦.૪૦ | ૦.૩૮ |
| મોનગોસ | ૦.૫૬ | ૦.૨૫ | ૦.૧૩ |
| બતક | ૦.૩૮ થી ૦.૬૩ | ૦.૨૨ થી ૦.૩૫ | ૦.૭૮ |
| કબૂતર | ૦.૪૬ | ૦.૨૦ | ૦.૨૧ |

## છઠ્ઠી અનુસૂચિ

### ભક્ષણ કરે તેવાં મહત્ત્વનાં પ્રાણીઓ માટે ભાગી ન શકે તેવા પોષણ / આરામ મળે તેવા નિયત રચના ઘનાકાર પાંજરાં

### (નિયમ ૮ (૫) જુઓ) બધી બાજુથી બંધ વિસ્તારનું માપ

| નેમ ઓફ ધી સ્પેશીસ ફેમિલી ફેલીડાઈ | લંબાઈ | પહોળાઈ | ઊંચાઈ |
|---|---|---|---|
| ચિત્તો | ૨.૦૦ | ૧.૫૦ | ૨.૦૦ |
| નાની બિલાડી | ૧.૮૦ | ૧.૫૦ | ૧.૫૦ |
| ફેમિલી હાથણી - હાથી | ૮.૦ | ૬.૦ | ૫.૫ |
| ફેમિલી રેનોસીરોટાઈડે વન હોર્નડ | | | |
| ઈન્ડીયન રીનોસીયર્સ એક સીંગવાળો ભારતીય ગેંડો | ૫.૦ | ૩.૦ | ૨.૫ |
| ફેમિલી કાર્વીડાઈ | | | |
| બ્રો એન્ટલર્ડ ડીયર (હરણ) | ૩.૦ | ૨.૦ | ૨.૫ |
| હંગુલ | ૩.૦ | ૨.૦ | ૨.૫ |
| સ્વામ ડીઅર (હરણ) | ૩.૦ | ૨.૦ | ૨.૫ |
| મસ્ક ડીઅર (હરણ) | ૨.૫ | ૧.૫ | ૨.૦ |
| માઉસ ડીઅર (ઉંદરના મોઢાવાળું હરણ) | ૧.૫ | ૧.૦ | ૧.૫ |
| ફેમિલી બોવીડાઈ | | | |
| નીલગીરી તહાર | ૨.૫ | ૧.૫ | ૨.૦ |
| ચિંકારા ચાર શીંગડાંવાળો | ૨.૫ | ૧.૫ | ૨.૦ |

| નેમ ઓફ ધી સ્પેશીસ ફેમિલી ફેલીડાઈ | | લંબાઈ | પહોળાઈ | ઊંચાઈ | |
|---|---|---|---|---|---|
| ફોર ઓનર્ડ એન્ટેલોપ (હરણ) | | ૨.૫ | ૧.૫ | ૨.૦ | |
| વોઈલ્ડ જંગલી બુરીયાલો | | ૩.૦ | ૧.૫ | ૨.૦ | |
| ઈન્ડિયન બીશન-ભારતીય જંગલી પાડો | | ૩.૦ | ૨.૦ | ૨.૫ | |
| યાક | | ૪.૦ | ૨.૦ | ૨.૫ | |
| ભારલ, ગોરલ, જંગલી ઘેટા શીપ એન્ડ મારખોર | | ૨.૫ | ૧.૫ | ૨.૦ | |
| ફેમિલી ઈકવીડાઈ ઘોડા | | ૬.૦ | ૪.૦ | ૩.૦ | |
| જંગલી ગધેડા | | ૪.૦ | ૨.૦ | ૨.૫ | |
| ફેમિલી કેનીડાઈ શિયાળ, વેલ્ફ, વરૂ એન્ડ | | | | | |
| જંગલી કૂતરા | | ૨.૦ | ૧.૫ | ૧.૫ | |
| ફેમિલી વીવીરીડાઈ | | | | | |
| પામ કાવેટ | | ૨.૦ | ૧.૦ | ૧.૦ | |
| લાર્જ ઈન્ડિયન સીવેટ એન્ડ બીનટ્રંચેંગ | | ૨.૦ | ૧.૫ | ૧.૦ | |
| ફેમિલી મસટેલીડાઈ | | | | | |
| દરેક પ્રકારના ઓટરસ | | ૨.૫ | ૧.૫ | ૧.૦ | |
| ઊંધા રૂગબાકગર | | ૨.૫ | ૧.૫ | ૧.૦ | |
| મારટેહા | | ૨.૦ | ૧.૫ | ૧.૦ | |
| ફેમિલી પ્રોસીમીડાઈ રેડ પાડા | | ૩.૦ | ૧.૫ | ૧.૦ | |
| ફેમિલી લોરીસીડાઈ | | | | | |
| સ્લો લોરીસ એન્ડ સ્લેન્ડર્સ લોરીસ | | ૧.૦ | ૧.૦ | ૧.૫ | |

# ખેલ કરતાં પ્રાણીઓ (નોંધણી) સુધારા નિયમો, ૨૦૦૧

**rIkP{-2 (S)** "rIkPikMkÞkk" yux÷u fu fuLÿ Mhfkh îkhk yÃkf]ík fhu÷ fuLÿ Mhfkh, fu ylÞ MkÞkk fu su{kt çkkuzo fuhkßÞ Mhfkh Ikku Mk{kðuþ Úkíkk Ikkuk nkuÞ.

3. yk rIkP{ku{kt rIkP{-(3) Ikk Ãkux k- rIkP{ (1) {kt Ike[u sýkðu÷ òuzkðkEW{uhðk{kt ykðþu, su{fu: òuzkðkE yuðe fhðk{kt ykðþu Au fu, {kr÷fkuîkhk MÃkÄko Ëkuz {kxu Ikk su ½kuzk ykuxÃo (½kuzk Ëkuz) ykÚkkuhexeÍ (Mkr{rík) ÃkkMku Ikkut Ãye fhkðu÷ nkuÞ, íku{Ike rIkPikMkÞkk Mk{ûkMkq[IkkÚke Ikkut Ãye fhkðþe sÞhe hnu þu Ikne. yIku rIkP{-8 {kt Ëþkoðu÷ Mkðo Mkk{kIÞ þíkku yk Ikkut Ãye Iku, rIkPik MkÞkk îkhk ykÞ su þíkku÷ ÷kËðk{kt ykðu íku Iku ykÄeIk hne Iku ÷kðwÃkzþu.

**(y)** **rIkP{-8** (1) {kt (y) Shall Iku çkË÷u May òÃkhkþu.

**(k)** 16 Ikt çkh Ike f÷{ {kt nðk Ike økkËe þçËhEËÚkþu.

**(f)** °ký ðkh Iku çkË÷u ykX ðkh ÷¾þu.

Ãkuxk rIkP{-ze ÃkAe Ike[u {wsçk (E) y™u (yuV) W{uhkþu.

- **(E)** «íPuf ½kuzku MÃkÄko ÃkAe yIku Vhe Úke 6 f÷kf Ikk Mk{Þkkðk çkkË Ãkht íkwMÃkÄko Ikk ykX f÷kf Ike yËh Eòyku {kxu ðuxhIkhe (Ãkþwr[rfíMkf) Ikk rIkheûký Iku ykÄeIk hnuþu.
- **(yuV)** ½kuzkyku Iku 12 Vqx X 12 Vqx {kÃk Ikk íkçku÷kyu {kt yufçkeò Iku òEþfu íku ðe Ãkqhíke MkwrðÄk MkkÚku íkÚkk Ãkqhíkk nðk Wòm Ike òuzkðkE y Iku þðP nkuÞ íEkt MkwÄe økh{eÚke hûký ðkre yIku ÃkEkoð hýeÞ heíku MkwrðÄkðkºk ðkíkkðhý {kt hk¾ðk{kt ykðþu.

**(z)** Ike[u {wsçk Ike «kuðÄku W{uhkþu.

"òuzkðkE yuðe fhðk{kt ykðþu Au fu òu ½kuzk - Ëkuz {kt [kçkwf ykX fhíkk ðÃkkhu ðkh ðkÃkhðk{kt ykÔEkurnkuÞ íkku rIkPikMkÞkk, xÃo ykÚkkuhexeÍ (½kuzk-Ëkuz çkkç kíkIke Mkr{rík) MkkÚku [[ko rð[kýk fEkoçkkË yk fkEË Ike òuzkðkE yIðÞu fu EÃký Ãkøk÷kt ÷uðkIkk níkwÚke Ik÷e fhþu fu, òu [kçkwf Ikku WÃkEkuzk rIkPikMktÍEk Ëþkoð Ek fhíkk ðÃkkhu ðkh ÚkEku níkku íkku, íku ½kuzk Iku fu òufeIku (½kuzk Ãkh çku Mk Ikkh) fku EÃký fkhýÚke çk[kðk {kxu ÚkEku níkku fu fu{ ?"

**(E)** Ãkuxk f÷{-20 Ikk ytíku Ike[u {wsçk Ikku W{uhku Úkþu.

"yIku MkuhkuEz, Ikku WÃkEkuzk þðP nkuÞ íEkt MkwÄe xkºðk{kt ykðþu. òuzkðkE yuðe fhðk{kt ykðþu Au fu òu çkeòu fkuE s rððÃk «kÞ Ik Úke íku Ãkþwr[rfíMkf Ike EkËe (ðuxhIkhe r«íeÃþIk) îkhk íkku {kÞ nkuÞ yIku ykðk MkuhkuEz MkIke ³heËe ³ «çk s yÃkf]íkËwfkIk (Mkkuh) {kt Úke fhðk{kt ykðu÷ nkuÞ."

**(yuV)** Ãkuxk f÷{ 24 ÃkAe Ike[u {wsçk Ike f÷{ W{uhkþu.

(25) suÔÃòíkyku ½kuzkyku Iku yufMÚkkIkÚke çkeòMÚkkIk Ãkh Ãkrhðn Ik fhðk Ike EåAk Ähkðíkk nkuÞ íku{ýu ½kuzkyku Iku {wMkkVhe íku{sMk÷k{íke {kxu Ike W{uhkÞu÷e þhíkku Iku {kIPhk¾ðe Ãkzþu. su{fu:-

- (y) fku EÃký ½kuzk Iku yuðe heíku çkktÄðk{kt ykðþu Ikne fu su Úke íku Ikk {kÚkk yIku økºk Ikwtn÷Ik[÷Ik Ãkrhðn Ik Mk{Þu rIkEtr°kík ÚkEòÞ.
- (k) ík{k{ ½kuzkyku Iku «íPuf [kh f÷kfu Ãkkýe Ãkeðzkððwt s òuEyu yIku ykX f÷kf Ikk Mk{ÞkÄk{kt Ãkwhíkku [kh u (Mkqfwt ½kMk) Ikwt Ãkqhku Ãkkzðku s òuEyu.
- (Mk) Ãkrhðn Ik ËhBEk Ik Ãkqhíkk nðk WòmMk yIku [ku¾÷e nðk Ikku Ãkqhíkku sÚkku ðkn Ik{kt {¤ðku òuEyu.
- (z) ½kuEPíkrºEk {kxu ½kMk ÃkkÚkhðk Ikk çkË÷u hçç kh Ike òºe Ikku WÃkEkuzk fhðku òuEyu.
- (E) ½kuzk-Ëkuz (hMk) Ikk [kuðe Mk f÷kf Ike yËh ½kuzkyku Ikwt Ãkrhðn Ik fhðk{kt ykðþu Ikr[.
- (yuV) fku EÃký ½kuzk Iku 6 f÷kfÚke ðÄkhu {wMkkVhe/Ãkrhðn Ik fhðk{kt ykðu÷ nkuÞ íkku MÃkÄko{kt Wíkkhðk{kt ykðþu Ikr[. rMkðkÞ fu {wMkkVhe, Ãkrhðn Ik ÃkAe Yúk ËEk Iku [kuðe Mk f÷kf Ikku Mk{Þkkðku ÃkMkkh ÚkE økÞku nkuÞ.

# પ્રાણી ક્રૂરતા નિવારણ

# (દંડ કરવાના) નિયમો, ૧૯૭૮

*પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિય, ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯મો કાયદો) ની કલમ ૩૮ પેટા કલમ (૨) ના પેટા ખંડ (કે) માં આપવામાં આવેલ સત્તાનો ઉપયોગ કરી કેન્દ્ર સરકાર આથી નીચેના નિયમો ઘડે છે; જે નિયમો ઉપરોક્ત કલમ મુજબ અગાઉ પ્રસિદ્ધ થયા છે:*

## પ્રાણી ક્રૂરતા નિવારણ

## (દંડ કરવાના) નિયમો, ૧૯૭૮

**૧. ટૂંકું શીર્ષક :**

*આ નિયમોને પ્રાણી ક્રૂરતા નિવારણ (દંડ કરવાના) નિયમો, ૧૯૭૮ કહેવાશે.*

**૨. વ્યાખ્યાઓ :**

*આ નિયમોમાં જ્યાં સુધી સંદર્ભ જુદું ન જણાવે ત્યાં સુધી;*

(a) *'એક્ટ' નો અર્થ પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯નો કાયદો) છે.*

(b) *'બોર્ડ' એટલે આ કાયદા હેઠળ સ્થપાયેલું ભારતીય જીવ-જંતુ કલ્યાણ બોર્ડ*

(c) *'દંડ'નો અર્થ આ કાયદા હેઠળ લાગુ પડતો દંડ*

**૩. દંડ વસૂલ કર્યાનો ખર્ચ બાદ કરી બાકીની રકમ બોર્ડને સોંપવી :**

*આ કાયદા અંતર્ગત લદાયેલ અને વસૂલ કરવામાં આવેલ દંડની રકમ તે દંડ વસૂલ કરવા માટે કરેલ ખર્ચની રકમ (તેણે આ બાબતે વિધાનસભા દ્વારા કરેલ કાયદા અનુસાર) બાદ કરીને રાજ્ય સરકારે બોર્ડને મોકલી આપવી.*

**૪. બોર્ડને સુપરત થયેલ દંડની રકમનો ઉપયોગ :**

*(૧) કોઈપણ રાજ્ય સરકારે બોર્ડને દંડની જે રકમ સુપરત કરી હોય તે ફક્ત નીચેના હેતુઓ માટે ઉપયોગમાં લેવામાં આવશે; જેમ કે :-*

(i) *પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ માટે કાર્ય કરતી સોસાયટીઓ અથવા તો જે સંસ્થાઓ બોર્ડ દ્વારા તત્પૂરતા સમયે માન્યતા પ્રાપ્ત હોય અને પ્રાણી કલ્યાણના કામમાં સક્રિય રસ લેતી હોય, તેમને આર્થિક મદદ આપવા માટે.*

(ii) *પશુઓની ઈસ્પિતાલ, પાંજરાપોળ કે અશક્તાશ્રમ નભાવવા માટે.*

*(૨) જે રાજ્યમાંથી દંડની રકમ વસૂલ કરવામાં આવી હોય અને બોર્ડને સુપરત કરવામાં આવી હોય તે રકમ કેવળ તે રાજ્યની હદમાં હોય એવી જ સોસાયટીઓ કે અન્ય સંસ્થાઓને આપવી અને અન્યત્ર નહીં.*

**૫. દંડની રકમ વાપરવા બાબતના સિદ્ધાંતો :**

*કોઈપણ રાજ્યમાંની સોસાયટીઓ / સંસ્થાઓના લાભ માટે જે દંડ દ્વારા વસૂલ રકમનો ઉપયોગ કરવાનો હોય તે રકમ આપવામાં બોર્ડ નીચેના સિદ્ધાંતો ધ્યાનમાં લેશે : જેમ કે -*

(i) *તે રાજ્યની સીમામાં આવેલ પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા નિવારણ કરનારી સોસાયટીઓ કે જેને તત્પૂરતા સમયે બોર્ડની માન્યતા મળી હોય, તેને સૌથી પ્રથમ નાણાકીય મદદ કરવી.*

(ii) *આવી સોસાયટીઓને આર્થિક મદદ આપતી વખતે આ નિયમો અમલમાં આવ્યા તે પહેલાં રાજ્ય સરકાર તેમને જે રકમ આપી હોય તેને ધ્યાનમાં રાખવી અને બોર્ડ પાસે દંડની જે રકમ આવી હોય તેને ખ્યાલમાં રાખી તથા જે તે સોસાયટીની આવક તથા તેના જે હેતુઓ માટે તે રકમ આપવાની હોય વગેરે તત્સંબંધી બાબતોનો બોર્ડ સમગ્ર રીતે વિચાર કરશે. અત્યાર સુધી આવી સોસાયટીઓ જે રકમ મેળવતી હતી તેમાં ઘટાડો થાય નહિ તે બાબત સુનિશ્ચિત કરવાનો બોર્ડ પ્રયત્ન કરશે.*

(iii) *અગાઉ ઉલ્લેખ કરેલ સોસાયટીઓને આર્થિક મદદ આપ્યા પછી જો કોઈ રકમ હજી વણવપરાયેલી રહે તો બોર્ડ પોતાના વિવેક મુજબ તે રકમ બીજી જે સંસ્થાઓ સક્રિય રીતે પ્રાણી કલ્યાણ માટે કાર્ય કરતી હોય, જેમ કે અશકતાશ્રમ, પાંજરાપોળ અને પશુઓની ઈસ્પિતાલ ચલાવવાનું કાર્ય કરતી હોય તેમને આપવી.*

*(ગેઝેટ ઑફ ઈન્ડિયાના પહેલા વિભાગના બીજા ખંડના બીજા ઉપ-ખંડમાં ભારત સરકારના કૃષિ અને સિંચાઈ મંત્રાલય (કૃષિ-વિભાગ)ની અધિસૂચના ક્રમાંક ૧૪-૨૧/૭૬ - એલડીઆઈ, તા. ૧૫મી ફેબ્રુઆરી ૧૯૭૮ અન્વયે પ્રકાશિત કરવામાં આવેલ છે.)*

• • •

# પ્રાણી ક્રૂરતા નિવારણ (પ્રાણી રાખવાના સ્થળની નોંધણી) નિયમો, ૧૯૭૮

*પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯મો કાયદો) ની કલમ ૩૮ની પેટા કલમ (૨) ના પેટા ખંડ(આઈ)માં આપવામાં આવેલ સત્તાનો ઉપયોગ કરી કેન્દ્ર સરકાર આથી નીચેના નિયમો ઘડે છે:*

**૧. ટૂંકું શીર્ષક અને નિયમો લાગુ કરવા બાબત :**

*(૧) આ નિયમોને પ્રાણી ક્રૂરતા નિવારણ (ઢોર રાખવાના સ્થળનું રજિસ્ટ્રેશન) નિયમો, ૧૯૭૮ કહેવાશે.*

*(૨) જે શહેર કે કસબાની વસતિ એક લાખથી વધુ હોય તેને જ આ નિયમો લાગુ પડશે.*

*(૩) સરકારી ગેઝેટમાં પ્રકાશિત થયાની તારીખથી આ નિયમો લાગુ પાડવામાં આવશે.*

**૨. વ્યાખ્યાઓ :**

*આ નિયમોમાં જ્યાં સુધી સંદર્ભ જુદું ન જણાવે ત્યાં સુધી :*

(a) *'ઢોર' નો અર્થ સાંઢ, ભેંસ, ગાય, બળદ, ઘોડા અને તેમનાં વાછરડાં છે.*

(b) *'સર્ટિફિકેટ' એટલે રજિસ્ટ્રેશન કર્યાનો દાખલો.*

(c) *'રજિસ્ટર કરનાર સત્તા' એટલે કે રાજ્ય સરકારના અથવા તો સ્થાનીય સત્તાના પશુ ચિકિત્સા ખાતાના તેવા અધિકારી જે રાજ્ય સરકારે કોઈ ખાસ કે સાધારણ હુકમ દ્વારા આ અંગે જણાવ્યા હોય.*

**૩. ઢોર રાખવાના સ્થળનું રજિસ્ટ્રેશન :**

*નફાના ઉદ્દેશ માટે રખાતા અને જ્યાં પાંચ ઢોરથી ઓછાં ન રખાતાં હોય તેવા ઢોર રાખવાના સ્થળના માલિક અથવા તો તે સ્થળ જેની દેખરેખમાં હોય તેવી વ્યક્તિએ જો આવું સ્થળ પહેલેથી અસ્તિત્વમાં હોય તો આ નિયમો અમલમાં આવવાના ત્રણ માસની અંદર અને આ નિયમો અમલમાં આવ્યા બાદ જો આવું સ્થળ અસ્તિત્વમાં આવવાનું હોય તો તુરત જ ઢોર રાખવાના સ્થળનું રજિસ્ટ્રેશન કરવા માટે રજિસ્ટર કરનાર સત્તાને અરજી કરવી.*

**૪. રજિસ્ટ્રેશન માટેની અરજી :**

*રજિસ્ટ્રેશન માટેની દરેક અરજીમાં જે પ્રાણીઓને રાખ્યાં હોય કે રાખવાનાં હોય તેમની જાત તથા સંખ્યા, ક્યા હેતુથી તેમને રાખવામાં આવ્યાં છે કે આવનાર છે, તેમને રાખવાની જગ્યા, ફરશ, જગ્યાના હવા-ઉજાસ, ખોરાક તથા પાણીનો પુરવઠો, જંતુ કે ચેપી મુક્તિ, ગટર, છાણ કે અન્ય બિનજરૂરી વસ્તુનો નિકાલ, સ્થળની હદની દીવાલ અને રજિસ્ટર કરનાર સત્તા દ્વારા આના જેવી અન્ય જે માહિતી માંગવામાં આવે તે હોવી જોઈએ.*

**૫. રજિસ્ટ્રેશનનો દાખલો (પ્રમાણપત્ર) :**

(i) *જો રજિસ્ટર કરનાર સત્તાને સંતોષ થાય કે જે માહિતી પૂરી પાડવામાં આવી છે તે પૂરતી છે અને ઢોરોના કલ્યાણનો બંદોબસ્ત પૂરતી રીતે કર્યો છે, અને તેમને કોઈ પણ જાતની અનાવશ્યક પીડા સહન કરવી પડે તેમ નથી, તો તે આવા ઢોર રાખવાના સ્થળને રજિસ્ટર કરશે અને આ અંગેનું પ્રમાણપત્ર અરજ કરનારને આપવામાં આવશે.*

(ii) *આવું દરેક પ્રમાણપત્ર અપાયાની તારીખથી ત્રણ વરસ માટે માન્ય ગણાશે, પણ તેનું વખતોવખત એક વેળાએ ત્રણ વરસ માટે પુનર્નવીનીકરણ થઈ શકશે, જે માટે ઢોર રાખવાનું સ્થળ ધરાવનાર, વ્યક્તિએ પ્રમાણપત્રનો સમય પૂરો થાય તે પહેલાં ત્રણ મહિનાની અંદર અરજી કરવી.*

**૬. ઢોર રાખવાના સ્થળનું નિરીક્ષણ :**

*આ નિયમો અંતર્ગત જે ઢોર રાખવાનું સ્થળ રજિસ્ટર થયું હોય, તે સઘળા યોગ્ય સમયે રાજ્ય સરકાર કે અન્ય સ્થાનીય સત્તા દ્વારા નિમાયેલ પશુ ચિકિત્સક કે જાહેર સ્વાસ્થ્ય અધિકારી અને જેને રાજ્ય સરકારે આ અંગે સમાન્ય કે ખાસ હુકમ દ્વારા સત્તા આપી હશે, તેના દ્વારા નિરીક્ષણ માટે ખુલ્લું રખાશે.*

**૭. રજિસ્ટ્રેશન રદ કરવા બાબત :**

*આ નિયમોની પરિપાલના થાય તે અનુસાર જો કોઈ ઢોર રાખવાનું સ્થળ ન રખાતું હોય, તો રજિસ્ટર કરનાર સત્તા તેના માલિકને લેખિત નોટિસ આપશે અને તેમાં ક્યા કારણથી નોટિસ આપી છે તે જણાવી તેને સંબદ્ધ વ્યક્તિને ખુલાસો કરવાની તક આપી પ્રમાણપત્ર રદ કરશે.*

**૮. અપીલ**

*આ નિયમો અનુસાર જો કોઈ ઢોર રાખવાના સ્થળનું રજિસ્ટ્રેશન કરવાની ના પાડતો અથવા રજિસ્ટ્રેશન રદ કરતો આદેશ કરવામાં આવે તો તેની સામે એવા ઓફિસર કે બીજી સત્તા આગળ અપીલ કરી શકાશે કે જેની રાજ્ય સરકારે આ અંગે નિમણૂક કરી હોય.*

**૯. કાયદાની ૧૨મી કલમનું પ્રદર્શન :**

*જો કોઈ ઢોર રાખવાના સ્થળે દુધાળુ ઢોર રાખ્યાં હોય, તો ઢોરના માલિકે ઢોર રાખવાના સ્થળની અંદર કે નજીક પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ (૧૯૬૦ નો ૫૯મો કાયદો)ની ૧૨મી કલમની એક નકલ પ્રદર્શિત કરવી ( જે કલમ નીચે આપેલ છે) અને જે તે વિસ્તારમાં સામાન્ય રીતે સમજાય તે ભાષામાં લખવી.*

*"(૧૨) ગાય કે અન્ય દુધાળુ પ્રાણી પર જો કોઈ વ્યક્તિ ફુક્કા કે ડુમ દેવાનું ઓપરેશન કરે અથવા તો આવું ઓપરેશન તેના કબજામાં અથવા તો તેના નિયંત્રણમાં હોય તેવા કોઈ પ્રાણી પર કરવા દે તો તેને દંડ કરવામાં આવશે. તે દંડ ૧૦૦૦ રૂપિયા સુધીનો હશે અથવા તો તેને બે વરસ સુધીની કેદની સજા કરવામાં આવશે અથવા તો આ બંને સજાઓ લાગુ પડશે અને જે ઢોર પર આવું ઓપરેશન કરાયું હશે તે ઢોર સરકાર જપ્ત કરશે."*

**૧૦. અપવાદ :**

*જે ક્ષેત્રમાં આ નિયમો લાગુ પડતા હોય ત્યાં સ્થાનિક સત્તા દ્વાર કરાયેલ કોઈ કાયદા હેઠળ એવા કોઈ નિયમો, રેગ્યુલેશન, પેટા-નિયમો વગેરે તત્સમયે લાગુ પાડવામાં આવ્યા હોય જેમાં ઢોરો અથવા તેમની જાતના કોઈ પણ પશુઓને રાખવાના સ્થળના રજિસ્ટ્રેશન કે પરવાના બાબત જોગવાઈ હોય, તો તેવા નિયમો, રેગ્યુલેશન, પેટા-નિયમો વગેરે તેટલી હદ સુધી લાગુ નહીં પડે જેટલી હદ સુધી આ નિયમો લાગુ પડે છે.*

*(ગેઝેટ ઑફ ઈન્ડિયાના બીજા વિભાગના ત્રીજા ખંડના બીજા ઉપ-ખંડમાં ભારત સરકારના કૃષિ અને સિંચાઈ મંત્રાલય (કૃષિ વિભાગ)ની અધિસૂચના ક્રમાંક ૧૪-૨૦/૭૬-એલડીઆઈ, તા. ૩૦મી નવેમ્બર, ૧૯૭૮ અન્વયે પ્રકાશિત કરવામાં આવેલ છે.)*

• • •

# પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો, ૧૯૭૮

*પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯મો કાયદો) ની કલમ ૩૮ પેટા કલમ (૨) ના પેટા ખંડ (એચ) માં આપવામાં આવેલ સત્તાનો ઉપયોગ કરી કેન્દ્ર સરકાર આથી નીચેના નિયમો ઘડે છે; કે જે નિયમો ઉપરોક્ત કલમ મુજબ અગાઉ પ્રસિદ્ધ થાય છે,*

## પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો - ૧૯૭૮

**૧. ટૂંકું શીર્ષક :**

*આ નિયમોને પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો, ૧૯૭૮ કહેવાશે.*

**૨. વ્યાખ્યાઓ :**

*સંદર્ભમાં જો કોઈ બીજો અર્થ ન થતો હોય તો આ નિયમો મુજબ -*

(a) *તાલીમ પામેલ પશુચિકિત્સકનો અર્થ એવી વ્યક્તિ કે જે માન્ય વેટરીનરી કૉલેજનો ડિપ્લોમા કે ડિગ્રી ધરાવતી હોય*

(b) *'શિડ્યુલ' એટલે આ નિયમો સાથે જોડેલ યાદી.*

### પ્રકરણ - ૨

### કૂતરાઓ તથા બિલાડીઓની હેરફેર

૩. *નિયમ ૪ થી ૧૪ બધી જાતના કૂતરા તથા બિલાડીને રેલવે, રોડ, આંતરિક જળમાર્ગ, સમુદ્ર કે હવાઈ માર્ગે હેરફેર કરતી વખતે લાગુ પડશે.*

૪. (a) *કૂતરાઓ કે બિલાડીઓને જ્યારે રેલવે, રોડ, આંતરિક, જળમાર્ગ, સમુદ્ર કે હવાઈ માર્ગે એક સ્થળથી બીજે સ્થળે લઈ જવાના હોય તો તેઓ આવી યાત્રા કરવા માટે સ્વસ્થ અને લાયક છે તથા કોઈ સંસર્ગજન્ય રોગ અથવા તો હડકવાના રોગથી પીડાતા નથી તે મતલબનું તાલીમ પામેલ પશુ-ચિકિત્સક દ્વારા અપાયેલ કાયદેસરનું પ્રમાણપત્ર દરેક કન્સાઈનમેન્ટ સાથે હોવું જરૂરી છે અને તે પ્રમાણપત્ર શિડ્યુલ - 'A' માં જણાવેલ ફોર્મમાં હોવું જોઈએ.*

(b) *જો આવું પ્રમાણપત્ર ન હોય તો વાહકે કન્સાઈનમેન્ટ લઈ જવાની ના પાડવી.*

૫. *જે કૂતરી કે બિલાડી ગર્ભાવસ્થાના લગભગ છેલ્લે તબક્કે હોય તેની હેરફેર થઈ શકશે નહિ.*

૬. (a) *જે ખાનામાં ( કે પાંજરામાં) કૂતરાઓ કે બિલાડીઓ લઈ જવામાં આવે તે એક ખાનામાં એક જ સમાન ઓલાદ કે જાતના હોવા જોઈએ.*

(b) *જે કુરકુરિયા કે બિલાડીના બચ્ચાનું હજી ધાવણ છૂટ્યું ન હોય તેમને તેની માતા સિવાય અન્ય મોટા કૂતરાઓ કે બિલાડીઓ સાથે લઈ જઈ શકાય નહિ.*

(c) *જે કૂતરી કે બિલાડી સંભોગ-કાળમાં હોય તેને કોઈ નર જાતિના પ્રાણી સાથે લઈ જઈ શકાશે નહિ.*

૭. (a) જો કોઈ કૂતરો કે બિલાડી હિંસક કે હુમલાખોર સ્વભાવનું હોય તો તેને એકલા જ એક પાંજરામાં, મોઢે બાંધીને પાંજરા પર લેબલ લગાડીને અને તેનો ચાર્જ લેનારને તે અંગે ચેતવણી આપીને રાખવું.

(b) અસાધારણ સંજોગોમાં આવા કૂતરા કે બિલાડીને કોઈ તાલીમ પામેલ પશુ-ચિકિત્સક દ્વારા ઊંઘની દવા અપાવીને તેમની હેરફેર કરવી.

૮. (૧) જ્યારે કૂતરાઓ કે બિલાડીઓને લાંબા અંતરે લઈ જવાના હોય ત્યારે;

(a) તેમને મુસાફરી પહેલાં ઓછામાં ઓછા બે કલાક પહેલાં ખોરાક અને પાણી આપવા અને જો તે ભૂખ્યા કે તરસ્યા હોય તો તેમને વહન માટે લઈ જવા નહિ.

(b) પરિવહન માટે લઈ જતાં પહેલાં તેઓને કસરત કરાવવી.

(c) ઉનાળામાં તેમને દર ચાર કલાકે અને શિયાળામાં દર છ કલાકે પૂરતા પ્રમાણમાં પાણી પાવું.

(d) મોટી ઉંમરના કૂતરા કે બિલાડીને બાર કલાકના ગાળામાં એક વાર ખવડાવવા અને બચ્ચાં હોય તો તેમને મોકલનારા વ્યક્તિના નિર્દેશ પ્રમાણે દર ચાર કલાકે ખવડાવવા.

(e) મુસાફરી વખતે તેમની પૂરી કાળજી અને તકેદારી રાખવી.

(૨) જ્યારે કૂતરાઓને કે બિલાડીઓને રેલવે માર્ગે લઈ જવાના હોય અને જો તે મુસાફરી છ કલાકથી વધુ સમયની હોય તો તેમને મુસાફરી દરમિયાન ખોરાક અને પાણી આપવા માટે એક પરિચારક રાખવો અને આ કામ માટે પરિચારકને દરેક સ્ટેશને તે પ્રાણીઓ પાસે પહોંચવાની સગવડ હોવી જોઈએ અને આવી મુસાફરી વખતે કોઈપણ કૂતરા કે બિલાડીને સીધો પવન લાગવો ન જોઈએ.

૯. કોઈ જાહેર વાહનમાં કૂતરા કે બિલાડીને ટૂંકા અંતર માટે લઈ જવાના હોય ત્યારે નીચેની કાળજી લેવી જરૂરી છે;

(a) તેઓને એક પાંજરામાં પૂરવા અને કૂતરા કે બિલાડી ભરેલા પાંજરા વાહનના છાપરા ઉપર મૂકવા નહિ. પણ તેમને વાહનની અંદર અને બનતા સુધી વાહનના પાછલા ભાગમાં મૂકવા.

(b) કૂતરા કે બિલાડીને લઈ જનાર વાહનની જેમ બને તેમ ગતિ સ્થિર રાખવી, અચાનક થોભવાનું ટાળવું અને આંચકા અને ધક્કા ઓછા લાગે તેનું ધ્યાન રાખવું.

(c) આ પ્રાણીઓ સાથે મુસાફરીમાં હંમેશાં એક પરિચારક રાખવો અને તેણે ખ્યાલ રાખવો કે મુસાફરી માટેની શરતો યોગ્ય રીતે પળાય. વળી તેણે જ્યારે જરૂર પડે ત્યારે પ્રાણીઓને ખોરાક અને પાણી પૂરાં પાડવાં.

**૧૦. જ્યારે વિમાન દ્વારા કૂતરા કે બિલાડીને લઈ જવાના હોય :**

(a) કૂતરા કે બિલાડીના પાંજરા સારી રીતે સાફ રાખવા અને તેમને પાંજરામાં પૂરતાં પહેલાં પાંજરાને જંતુનાશક દવાથી શુદ્ધ કરવા.

(b) બિલાડીઓના પાંજરામાં પૂરતા પ્રમાણમાં પરાળ, લાકડાનો વહેર કે કાગળના ટુકડા પાથરવા જેથી બિલાડીઓને આરામ મળી શકે.

(c) આંતરરાષ્ટ્રીય પરિવહન માટે કૂતરા તથા બિલાડીને પ્રેશરાઈઝડ ખાનામાં નિયંત્રિત તાપમાન સાથે રાખવા.

૧૧. કૂતરા તથા બિલાડી માટેના પાંજરા જેમ બને તેમ ક્રમશઃ શિડ્યુલ B અને C માં બતાવેલ પ્રકાર તથા આકાર મુજબના હોવા જોઈએ.

૧૨. કૂતરા તથા બિલાડીના પાંજરાઓ પર મોકલનારનું નામ, સરનામું અને ટેલિફોન નંબર (જો હોય તો) જણાવતું સ્પષ્ટ રીતે લખેલ લેબલ હોવું જોઈએ.

૧૩. જેને આ પશુઓ મોકલાવાતાં હોય તે વ્યક્તિને ટ્રેન કે વાહન કે વિમાનના પહોંચવાનો સમય અગાઉથી જણાવવો.

૧૪. કૂતરા કે બિલાડીને રેલવે કે રોડ માર્ગે મોકલવાના હોય તો તેમને બુકિંગ કર્યા બાદ રવાના થતી પહેલી જ પેસેન્જર ટ્રેન કે માલગાડી કે બસમાં રવાના કરવા અને એમનું બુકિંગ કર્યા પછી તેમને રોકી રાખવા નહિ.

## પ્રકરણ -3

## વાંદરાઓની હેરફેર

૧૫. જ્યાંથી વાંદરાઓ પકડવામાં આવતા હોય ત્યાંથી સહુથી નજીકના રેલવે સ્થળે વાંદરાઓના પરિવહન માટે ક્રમાંક ૧૬ થી ૨૩ સુધીના નિયમો લાગુ પડશે.

૧૬. (a) વાંદરાઓને જ્યારે એમના પકડવાના સ્થળેથી સૌથી નજીકના રેલવે સ્ટેશને લઈ જવાના હોય તો તેઓ આવી યાત્રા કરવા માટે સ્વસ્થ અને લાયક છે તથા કોઈ સંસર્ગજન્ય રોગથી પીડાતા નથી તે મતલબનું તાલીમ પામેલ પશુ-ચિકિત્સક દ્વારા અપાયેલ કાયદેસરનું પ્રમાણપત્ર દરેક કન્સાઈનમેન્ટ સાથે હોવું જરૂરી છે.

(b) જો આવું પ્રમાણપત્ર ન હોય તો વાહકે કન્સાઈમેન્ટ લઈ જવાની ના પાડવી.

(c) આ પ્રમાણપત્ર શિડ્યુલ (યાદી) D પ્રમાણેના ફોર્મમાં હોવું જોઈએ.

૧૭. (૧) એક બીજાને ચેપ ન લાગે તે માટે એક વિસ્તારમાંથી પકડેલા વાંદરાઓને બીજા વિસ્તારમાંથી પકડેલા વાંદરાઓ સાથે ભળવા દેવા નહિ.

(૨) વાંદરાઓને તેમના પકડવાના સ્થળેથી નજીકના રેલવે સ્ટેશને લઈ જવાનો સમય જેમ બને તેમ ઓછો રાખવો. અને વાંદરાને કનડગત કરે તેવાં કારણો જેમ બને તેમ ઘટાડવાં.

(૩) જો આવી મુસાફરીમાં છ કલાકથી વધુ સમય લાગવાનો હોય તો રસ્તામાં વાંદરાઓને ખોરાક તથા પાણી મળે તેવી સગવડ કરવી.

(૪) મુસાફરી દરમિયાન વાંદરાને અતિશય તાપ કે ઠંડીવાળું હવામાન ન લાગે તેની કાળજી લેવી અને રસ્તામાં જો કોઈ વાંદરો મરી જાય તો તેનો જલદી નિકાલ કરી દેવો.

૧૮. જે વાંદરાનું ધાવણ પૂરેપૂરું છૂટ્યું ન હોય, એટલે કે જેનું વજન ૧.૮ કિલોથી ઓછું હોય તેની કેન્દ્ર સરકારની ખાસ પરવાનગી વગર હેરફેર કરવી નહિ.

૧૯. (a) જો કેન્દ્ર સરાકારની ખાસ પરવાનગી ન હોય તો ગર્ભવતી અને બચ્ચાંને પોષતી વાંદરીની હેરફેર કરવી નહિ.

(b) જો વાંદરી ગર્ભવતી હોય કે બચ્ચાને પોષતી હોય અને એવા વાંદરા કે જેનું વજન ૫ કિલોથી વધુ હોય તેમની અલગ અલગ ખાના પાડેલા પાંજરામાં હેરફેર કરવી.

**૨૦.** એક જ પાંજરામાં રાખેલ બધા જ વાંદરાઓ એક જ જાતના હોવા જોઈએ અને તેમનું વજન તથા કદ પણ લગભગ સરખાં હોવાં જોઈએ.

**૨૧.** જે વાંદરાઓને તેમના કુદરતી રહેઠાણના સ્થળેથી પકડવામાં આવ્યા હોય તેઓને નવા, ચેપમુક્ત અથવા તો પૂર્ણ રીતે સ્વચ્છ કરેલ પાંજરામાં રાખવા અને જો પછીથી તેમના પાંજરાં બદલવાં પડતાં હોય તો તે પાંજરાં પણ નવાં, ચેપ-મુક્ત અને પૂર્ણ રીતે સ્વચ્છ હોવાં જોઈએ.

**૨૨.** વાંદરાઓને પકડવાની જગ્યાથી નજીકના રેલવે સ્ટેશન સુધી લઈ જવા માટે ઉપલબ્ધ હોય તેવું સૌથી ઝડપી વાહન વાપરવું અને મુસાફરી દરમિયાન વાંદરાઓને દેખરેખ વગર ન રાખવા.

**૨૩.** (૧) (a) વાંદરાને લાકડા કે વાંસના એવા અનુકૂળ પાંજરામાં લઈ જવા જોઈએ કે જેમાંથી વાંદરા છટકી ન શકે પણ તેમાં પૂરતા પ્રમાણમાં પ્રકાશ હોય અને હવાની અવરજવર થઈ શકે.

(b) આ પાંજરાની બહારના કે અંદરના ભાગમાં કોઈપણ જાતના ખીલા કે ધાતુના દાંતા કે તીણી ધાર બહાર નીકળેલી હાલતમાં ન હોવી જોઈએ.

(c) દરેક પાંજરામાં પાણી તથા ખોરાકનું યોગ્ય વાસણ રાખવું જે કાણા વગરનું, સાફ કરી શકાય તેવું તથા મુસાફરી દરમિયાન ફરીથી ભરી શકાય તેવું હોવું જોઈએ.

(૨) પાંજરાની ફરસબંધી વાંસની પટ્ટીઓની બનેલી હોવી જોઈએ અને બે પેટીઓ વચ્ચેનું અંતર ૨૦ મિ. મીટરથી ૩૦ મિ. મીટરનું હોવું જોઈએ.

(૩) આ પાંજરાં સહેલાઈથી લઈ જઈ શકાય તે માટે પાંજરાના ચારે ઉપલા ખૂણાઓ ઉપર દોરડાંઓ બાંધી શકાય તેવા ગાળિયા હોવા જોઈએ.

(૪) વાંદરા સાથેના એક પાંજરાનું વજન ૪૫ કિલોથી વધુ ન હોવું જોઈએ.

(૫) નીચેનાં બે માપનાં પાંજરાં વાપરવાં :

(a) ૯૧૦X ૭૬૦X ૫૧૦ મિ. મીટરનાં પાંજરાં - જેમાં ૧૨ થી વધુ એવા વાંદરા ન રાખવા જેમનું પ્રત્યેકનું વજન ૧.૮ થી ૩.૦૦ કિલોગ્રામ વચ્ચેનું હોય અથવા તો ૧૦ થી વધુ એવા વાંદરા ન રાખવા જેમનું પ્રત્યેકનું વજન ૩.૧ થી ૫.૦ કિલો વચ્ચેનું હોય.

(b) ૭૧૦X ૭૧૦X ૫૧૦ મિ.મીટરનાં પાંજરાં - જેમાં ૧૦ થી વધુ એવા વાંદરા ન રાખવા જેમનું પ્રત્યેકનું વજન ૧.૮ થી ૩.૦૦ કિલો વચ્ચેનું હોય અથવા તો ૮ થી વધુ એવા વાંદરા ન રાખવા જેમનું પ્રત્યેકનું વજન ૩.૧ કિલોથી ૫.૦૦ કિલોની વચ્ચેનું હોય.

જો કે આ નિયમોના F શિડ્યુલમાં બતાવેલ આકાર તથા પ્રકારના લાકડાના પાંજરાનો ઉપયોગ વાંદરાને પકડવાની જગ્યાથી રેલવે સ્ટેશન સુધી લઈ જવા માટે પણ કરી શકાય.

(૬) બન્ને જાતનાં પાંજરાંના આકાર અને પ્રકારની માહિતી શિડ્યુલ E માં છે.

**૨૪.** વાંદરાને એક રેલવે સ્ટેશનથી બીજા રેલવે સ્ટેશને અથવા તો એક રેલવે સ્ટેશનથી નજીકના વિમાન મથક સુધી લઈ જવા માટે નિયમ ક્રમાંક ૨૫ થી ૩૨ લાગુ પડશે.

**૨૫..** (a) વાંદરાઓના પાંજરાને ચઢાવવા અને ઉતારવાનું કામ ઝડપથી અને કુશળતાથી કરવું.

(b) પાંજરાંઓ એવી રીતે ગોઠવવાં કે જેથી પૂરતા હવા ઉજાસ મળે અને વાંદરાઓને સીધો પવન,

સીધી ગરમી કે ઠંડી ન લાગે.

(c) જે વાંદરા મરી ગયેલા હોય તેમનો જેમ બને તેમ જલદી યોગ્ય સ્થળે નિકાલ કરી દેવો.

**૨૬.** પરિવહનનાં પાંજરાં ૨૩મા નિયમમાં બતાવેલ વિવરણ મુજબ હોવાં જોઈએ.

**૨૭.** (૧) વાંદરાઓ મોકલનારે મુસાફરી દરમિયાન વાંદરાઓ માટે પૂરતા પ્રમાણમાં ખોરાક તથા પાણીની સગવડ કરવી.

(૨) જો મુસાફરી છ કલાકથી વધુ સમયની હોય તો રસ્તે વાંદરાઓને ખોરાક, પાણી વગેરે આપવા એક પરિચારક સાથે રાખવો અને રસ્તા પરના બધા સ્ટેશને તે વાંદરાઓને ખોરાક, પાણી આપવા તથા દેખરેખ માટે પહોંચી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

(૩) ખોરાક તથા પાણીનાં વાસણ કમસે કમ છ કલાકે તપાસી જોવાં અને જરૂર હોય તો ફરીથી ભરી દેવાં.

(૪) રાત્રે વાંદરાઓને ખલેલ પહોંચાડવી નહિ.

**૨૮.** એક પાંજરા પર એકથી વધુ પાંજરું મૂકવું નહિ અને જો એક પર એક મુકાયું હોય તો આવાં બે પાજરાં વચ્ચે કંતાનનું પેકિંગ મૂકવું.

**૨૯.** વાંદરાઓને વિમાન મથક પર પૂરતા પ્રમાણમાં વહેલા લઈ જવા.

**૩૦.** વિમાનમાં વાંદરાઓને ચઢાવવાના તુરત પહેલાં ખોરાક અને પાણી આપવાં.

**૩૧.** (a) પાંજરાંઓ પર લેબલ હોવાં જોઈએ કે જેમાં મોકલનારનું તથા લેનારનું નામ, સરનામું અને ટેલિફોન નંબર (જો હોય તો) સ્પષ્ટ રીતે લખેલાં હોવાં જોઈએ.

(b) કઈ ગાડીમાં વાંદરાઓ મોકલ્યા છે અને તે ગાડી ક્યારે પહોંચશે તે અંગેની માહિતી અગાઉથી વાંદરાઓ જેને મોકલાઈ રહ્યા હોય તેને આપી દેવી.

(c) જે વાંદરાઓને મોકલવાના હોય તેમને બુકિંગ થયા બાદ રવાના થતી પહેલી જ પેસેન્જર ટ્રેન કે માલગાડીમાં રવાના કરવા અને એમનું બુકિંગ કર્યા પછી તેમને રોકી રાખવા નહિ.

**૩૨.** (a) વાંદરાઓને જ્યારે રેલવે માર્ગે સૌથી નજીકના રેલવે સ્ટેશનથી બીજા સ્ટેશને લઈ જવાના હોય અથવા એક રેલવે સ્ટેશનથી નજીકના વિમાની મથકે લઈ જવાના હોય તો તેઓ આવી યાત્રા કરવા માટે સ્વચ્છ અને લાયક છે તથા કોઈ સંસર્ગજન્ય રોગથી પીડાતા નથી તે મતલબનું તાલીમ પામેલ પશુ-ચિકિત્સક દ્વારા અપાયેલ કાયદેસરનું પ્રમાણપત્ર દરેક કન્સાઈનમેન્ટ સાથે હોવું જરૂરી છે.

(b) જો આવું પ્રમાણપત્ર ન હોય તો મુસાફરી કરવા દેવાની વાહકે કન્સાઈનમેંટ લઈ જવાની ના પાડવી.

(c) આ પ્રમાણપત્ર શિડ્યુલ (યાદી) D મુજબના ફોર્મમાં હોવું જોઈએ.

**૩૩.** વિમાન દ્વારા મોકલવામાં આવતા વાંદરાઓને માટે નિયમ ક્રમાંક ૩૪ થી ૪૫ લાગુ પડશે.

**૩૪.** મુસાફરીનો ગાળો જેમ બને તેમ ઓછો હોવો જોઈએ અને વાંદરાઓને કનડગત જેમ બને તેમ ઓછી થવી જોઈએ.

૩૫. જે વાંદરાનું ધાવણ પૂરેપૂરું છૂટેલું ન હોય, એટલે કે જેનું વજન ૧.૮ કિલોગ્રામથી ઓછું હોય તેની કેન્દ્ર સરકારની ખાસ પરવાનગી વગર હેરફેર કરવી નહિ.

૩૬. જો કેન્દ્ર સરકારની ખાસ પરવાનગી ન હોય તો ગર્ભવતી તથા બચ્ચાંને પોષતી વાંદરીની હેરફેર કરવી નહિ. ગર્ભવતી અને બચ્ચાંને પોષતી વાંદરી અને એવા વાંદરા કે જેનું વજન ૫ કિલોગ્રામથી વધુ હોય તો તેમને ખાસ બનાવેલ અલગ અલગ પાંજરામાં લઈ જવા.

૩૭. એક જ પાંજરામાંના વાંદરાઓ એક જ જાતિના તથા લગભગ સરખા વજન અને કદના હોવા જોઈએ.

૩૮. (૧) ચેપ ન લાગે તે માટે વિમાનની એક કેબિનમાં કે ડબ્બામાં એક જ જાતના વાંદરાને લઈ જવા.

(૨) માંદા અથવા તો અશક્ત જણાતા વાંદરા કે જેને બાહ્ય ઈજા થઈ હોય અથવા જંતુઓ લાગેલા હોય તેમનું પરિવહન કરવું નહિ.

(૩) બીજી જાતનાં પ્રાણીઓ, પક્ષીઓ, માછલાનો ખોરાક કે ઝેરી પદાર્થ જેમ કે જંતુનાશક અને કીટનાશક દવાઓ એક જ કેબિન કે ડબ્બામાં લઈ જઈ શકાશે નહિ.

૩૯. (૧) માલવાહક વિમાનમાં વાંદરાઓ મોકલવાના હોય તો તેમની સાથે એક પરિચારક કાયમ રહે તેમ રાખવા.

(૨) જ્યારે વિમાન જમીન પર હોય ત્યારે વાંદરા પાસે ઓછામાં ઓછો એક પરિચારક સતત હાજર હોવો જોઈએ.

૪૦. (૧) વાંદરાને લાકડા કે વાંસના એવા અનુકૂળ પાંજરામાં લઈ જવા જોઈએ કે જેમાંથી વાંદરા છટકી ન શકે પણ તેમાં પૂરતા પ્રમાણમાં પ્રકાશ હોય અને હવાની અવરજવર થઈ શકે. આ પાંજરાની બહારના કે અંદરના ભાગમાં કોઈપણ જાતના ખીલા કે ધાતુના છેડા કે તીણી ધાર બહાર નીકળેલી હાલતમાં ન હોવી જોઈએ. દરેક પાંજરામાં પાણી તથા ખોરાકનું યોગ્ય વાસણ રાખવું કે કાણા વગરનું, સાફ કરી શકાય તેવું તથા મુસાફરી દરમિયાન ફરીથી ભરી શકાય તેવું હોવું જોઈએ. ઝાડો કરવાની તાસકમાં ભીનાશ શોષી લે તેવો પદાર્થ જેમ કે લાકડાનો વહેર પાથરવો.

(૨) વાંદરાના વજન સાથેના કોઈપણ પાંજરાનું વજન ૪૫ કિલોથી વધુ ન હોવું જોઈએ.

(૩) નીચેનાં બે માપનાં પાંજરાં વાપરવાં :

(a) ૪૬૦x ૪૬૦x ૪૬૦ મિ. મીટરનાં પાંજરાં - જેમાં ૧૦ થી વધુ એવા વાંદરા ન રાખવા જેમનું પ્રત્યેકનું વજન ૧.૮ થી ૩.૦૦ કિલોગ્રામ વચ્ચેનું હોય અથવા તો ૪ થી વધુ એવા વાંદરા ન રાખવા જેમનું પ્રત્યેકનું વજન ૩.૧ થી ૫.૦ કિલો વચ્ચેનું હોય.

(b) ૭૬૦x ૫૩૦x ૪૬૦ મિ.મીટરનાં પાંજરાં - જેમાં ૧૦ થી વધુ એવા વાંદરા ન રાખવા જેમનું પ્રત્યેકનું વજન ૧.૮ થી ૩.૦૦ કિલો વચ્ચેનું હોય અને તો ૮ થી વધુ એવા વાંદરા ન રાખવા જેમનું પ્રત્યેકનું વજન ૩.૧ કિલોથી ૫.૦૦ કિલોની વચ્ચેનું હોય.

(૪) બન્ને જાતનાં પાંજરાંના આકાર અને પ્રકારની માહિતી શિડ્યુલ F માં છે.

(૫) ગર્ભવતી અથવા તો પોષણ આપતી વાંદરીઓ માટેના પાંજરાની વિગત શિડ્યુલ (યાદી) G માં આપી છે.

૪૧. (a) પાંજરા પર સ્પષ્ટ રીતે લખેલ લેબલ લગાવેલાં હોવાં જોઈએ કે જેમાં વાંદરાઓ મોકલનારનું તથા લેનારનું નામ, સરનામું અને જો હોય તો ટેલિફોન નંબર સ્પષ્ટ રીતે લાલ શાહીમાં લખેલા હોવા જોઈએ.

(b) જે વિમાનમાં વાંદરા મોકલ્યા હોય તે વિમાનનો ફલાઈટ નંબર તથા તેના પહોંચવાનો સમય જેને વાંદરાઓ મોકલાયા હોય તેને આગાઉથી જણાવવા જોઈએ.

(c) વાંદરાઓનું બુકિંગ કર્યા બાદ રવાના થતાં પહેલાં જ માલવાહક વિમાનમાં તેમને રવાના કરવા અને એમનું બુકિંગ કર્યા પછી રોકી રાખવા નહિ.

**૪૨.** (૧) કોઈ તાલીમ પામેલા પશુ ચિકિત્સકે આપેલું એવી મતલબનું સ્વાસ્થ્યનું પ્રમાણપત્ર કે વાંદરા વિમાનની મુસાફરી માટે લાયક છે અને તેમને કોઈ ચેપ કે ચેપી રોગ નથી, મુસાફરી દરમિયાન સાથે હોવું જોઈએ.

(૨) જો આવું પ્રમાણપત્ર ન હોય તો વિમાન કંપનીએ આવા વાંદરા હેરફેર માટે સ્વીકારવાની ના પાડવી.

(૩) પેટા-નિયમ (૧) માં જણાવેલ પ્રમાણપત્રનું ફોર્મ શિડ્યુલ D માં આપેલું છે.

**૪૩.** (૧) (વિમાનની કેબિનમાં) દર કલાકે ઓછામાં ઓછા ૧૨ વખત હવા બદલવી. પવનના સીધા મારાથી (વાંદરાઓને) દૂર રાખવા, અને (કેબિનમાં) હવા-રહિત સ્થાન ન હોવું જોઈએ.

(૨) વાંદરાઓને ખવડાવવાનું કે પાણી પાવાનું હોય તે સિવાયના સમયે તેમને શાંત રાખવા. તેમની મુસાફરી અર્ધ-અંધારામાં કરાવવી, જેથી તેઓ આપસમાં લડશે નહીં અને તેમને આરામ કરવાની બહેતર તક મળશે.

**૪૪.** વિમાનના દરેક થોભવાના સ્થળે વાંદરાનો ખોરાક તથા પાણીનાં પાત્રો તપાસી લેવાં અને જરૂર હોય તો ફરીથી ભરી દેવાં; વિમાનમાં તથા વિમાનના થોભવાના સ્થળે પૂરતા પ્રમાણમાં ખોરાક અને પાણીનો જથ્થો ઉપલબ્ધ હોય તેની તકેદારી રાખવી.

**નોંધ :** વાંદરાને દરરોજ લગભગ ૮૫ ગ્રામ ખોરાકની જરૂર હોય છે. અનુકૂળ ખોરાકમાં સૂકું કઠોળ કે ચણા છે. આખા ચણાના બનાવેલ બિસ્કિટ અથવા તો ઘઉંના પાઉં ખવડાવવાની ભલામણ છે. દરરોજ દરેક વાંદરાને ઓછામાં ઓછું ૧૪૦ મિ. લીટર પાણી આપવું જોઈએ.

**૪૫.** મુસાફરી દરમિયાન કોઈ વાંદરો માંદો પડે અથવા તો ઈજા પામે તેને માટે વિમાનમાં નિયત માપનું એક ખાલી પાંજરું રાખવું જેની ચારે બાજુઓ ઢાંકેલી હોય પણ મથાળા પરની જગ્યા ૫૦ મિ. મીટરની ખુલ્લી જગ્યા રાખવી કે જેથી હવા-ઉજાસ મળી શકે.

## પ્રકરણ - ૪

## ઢોરોની હેરફેર

**૪૬.** નિયમ ક્રમાંક ૪૭ થી ૫૬ સુધીના નિયમો ગાય, સાંઢ, બળદ, ભેંસ, યાક અને તેના બચ્ચાને (આ નિયમોમાં હવે પછી જેમનો ઉલ્લેખ "ઢોર" તરીકે કરવામાં આવશે) ટ્રેનમાં કે રોડ રસ્તે લઈ જવાના હોય, ત્યારે લાગુ પડશે.

**૪૭.** (a) કોઈ તાલીમ પામેલ પશુ ચિકિત્સકે આપેલું એવી મતલબનું પ્રમાણપત્ર કે ઢોર ટ્રેનમાં કે રોડ દ્વારા મુસાફરી કરવાને લાયક છે અને તેમને કોઈ ચેપ કે ચેપી રોગ કે જંતુથી થતો રોગ નથી અને તેમને રીન્ડર પેસ્ટ (રોગ) થી અન્ય ચેપી રોગોથી બચવાની રસી આપેલી છે, ઢોરના પ્રત્યેક કન્સાઈનમેન્ટ સાથે હોવું જોઈએ.

(b) જો આવું પ્રમાણપત્ર ન હોય તો પરિવાહકે ઢોરોને હેરફેર માટે સ્વીકારવાની ના પાડી દેવી.

(c) આ પ્રમાણપત્ર શિડ્યુલ E માં આપેલ ફોર્મ મુજબ હશે.

૪૮. ઢોરોની પ્રત્યેક ટુકડી સાથે ઢોરને માટે જરૂરી પ્રાથમિક પશુ ઉપચારનાં સાધનો સાથે રાખવાં.

૪૯. (a) ઢોરના મોકલવાતા પ્રત્યેક કન્સાઈનમેન્ટ સાથે એક લેબલ રાખવું કે જેમાં લાલ શાહીએ મોટા અક્ષરે ઢોર મોકલનાર તથા લેનારનું નામ, સરનામું અને ટેલિફોન નંબર, જો હોય તો, લખવા. ઉપરાંત ઢોરની જાત અને સંખ્યા તથા તેમને માટે રાખેલ સ્ટેશન અને ખોરાકની માત્રા પણ જણાવવી.

(b) જેને ઢોર મોકલવાતા હોય તેને જે ગાડી કે વાહનમાં ઢોર મોકલાવાઈ રહ્યા હોય તેની વિગત અને તેના પહોંચવાનો સમય અગાઉથી જણાવવો.

(c) ઢોરને રેલવે કે રોડ માર્ગે મોકલવાના હોય તો તેમને બુકિંગ કર્યા બાદ રવાના થતી પહેલી જ ટ્રેન કે વાહનમાં રવાના કરવા અને એમનું બુકિંગ કર્યા પછી રોકી રાખવા નહિ.

૫૦. રેલવેના ડબ્બામાં કે વાહનમાં ઢોર દીઠ જગ્યા સરેરાશ બે ચોરસ મીટરથી ઓછી ન હોવી જોઈએ.

૫૧. (a) વાહનમાં ઢોરને ચઢાવતી કે ઉતારતી વખતે યોગ્ય દોરડા તથા પાંચડા (પ્લેટફામ) નો ઉપયોગ કરવો.

(b) રેલવે દ્વારા ઢોરને મોકલતી વખતે ઢોરોને પ્લેટફોર્મ પરથી ચઢાવતી કે ઉતારતી વખતે વેગનના બારણાને પ્લેટફોર્મ પર ઢાળી તેનો ઉપયોગ પાટિયા તરીકે કરવો.

૫૨. ઢોરને યોગ્ય ખોરાક અને પાણી આપ્યા પછી જ તેમને ટ્રેનમાં કે વાહનમાં ચઢાવવાં.

૫૩. જે ઢોર ગર્ભાવસ્થામાં લગભગ છેલ્લે તબક્કે હોય તેમને અન્ય નાની ઉંમરના ઢોરો સાથે ન રાખવા. જેથી મુસાફરી દરમિયાન થતી ધક્કામુક્કીથી તેમનો બચાવ થાય.

૫૪. (૧) રસ્તામાં પાણી પાવાની વ્યવસ્થા કરવી અને કટોકટીના સમય માટે પૂરતા પ્રમાણમાં પાણી સાથે રાખવું.

(૨) આખી મુસાફરી દરમિયાન પૂરું પડે તેટલું ખાણ અને ઘાસચારો સાથે રાખવો.

(૩) ઢોરને પૂરતા હવા-ઉજાસ મળવા જોઈએ.

૫૫. જ્યારે ઢોરને ટ્રેનમાં મોકલવાના હોય ત્યારે :

(a) બ્રોડગેજ પર દોડતી સામાન્ય માલગાડીના ડબ્બામાં ૧૦ મોટાં ઢોર અથવા તો ૧૫ વાછરડાંથી વધુ ન રાખવાં, મીટરગેજ પર દોડતી ગાડીના ડબ્બામાં ૬ મોટાં ઢોર અથવા તો ૧૦ વાછરડાંથી વધુ ન રાખવાં અને નેરોગેજવાળી ગાડીના ડબ્બામાં ૪ મોટાં ઢોર અથવા ૬ વાછરડાંથી વધુ ન લઈ જવા.

(b) ઢોર લઈ જતા દરેક વેગનમાં ઓછામાં ઓછો એક પરિચારક રાખવો.

(c) ગાડીના પાટાના સમાંતરે એકબીજાના મોં સામે રહે તે રીતે ઢોરોને ડબ્બામાં રાખવાં.

(d) ડબ્બાની ફરશ પર પરાળનું ઓછામાં ઓછું ૬ સે.મી. જાડું પેકિંગ કરવું કે જેથી ઢોર જો નીચે બેસી જાય તો તેને ઈજા ન થાય.

(e) મુસાફરીમાં ઢોરનું રેશન (ખોરાક) ડબ્બાની વચ્ચેના ભાગમાં રાખવું.

(f) પૂરતા પ્રમાણમાં હવા-ઉજાસ મળે તે માટે વેગનની એક બાજુનું ઉપરનું બારણું (લટકતું ન રહે તેમ) ખુલ્લું રાખવું. વેગનના ઉપરના બારણામાં તારની જાળી રાખવી અને તે એવી રીતે નજીક નજીક જડેલી કે ગૂંથેલી હોવી જોઈએ કે એન્જિનમાંથી ઊડતા તણખા તેમાંથી અંદર આવે નહિ

અને આગ લાગે નહિ.

(g) ઢોરનાં વેગનો ગાડીના મધ્ય ભાગમાં જોડાયેલાં હોવાં જોઈએ.

(h) ડબ્બામાં રસોઈ કરી શકાય નહીં અને ચીમની વગરનું ફાનસ પણ રાખી શકાય નહિ.

(i) વેગનની બંને બાજુએ છાતી સમા સળિયા હોવા જોઈએ. એક સળિયો ૬૦ થી ૮૦ સે.મી.ની ઊંચાઈએ અને બીજો ૧૦૦ થી ૧૧૦ સે.મી.ની ઊંચાઈએ હોવો જોઈએ.

(j) દૂધ આપતા ઢોરને દિવસમાં ઓછામાં ઓછા બે વાર દોહવા જોઈએ અને વાછરડાને પીવા માટે પૂરતા પ્રમાણમાં દૂધ આપવું.

(k) બને ત્યાં સુધી ઢોરોની મુસાફરી રાત્રે જ કરાવવી.

(l) જો શક્ય હોય તો દિવસના સમયે ઢોરને ગાડીમાંથી નીચે ઉતારવા, ખવડાવવા, પાણી પીવા અને આરામ આપવો અને દુધાળું ઢોરને દોહી લેવાં.

**૫૬.** જ્યારે ઢોરને ટ્રકમાં લઈ જવાના હોય તો નીચે જણાવેલી કાળજી લેવી :

(a) ટ્રક ખાસ ફિટ કરેલ અને તેમાં ખાસ પ્રકારનું ટેલ બોર્ડ (પાછલું પાટિયું) હોવું જોઈએ અને અંદરથી ચારે બાજુઓમાં પેડીંગ કરેલું હોવું જોઈએ.

(b) સામાન્ય ટ્રકમાં સરી ન પડાય તેવું (જેમ કે કાથીનું પાથરણું અથવા તો ફરશ પર લાકડાની પટ્ટીઓ હોવી જોઈએ) અને ઉપરનો સીલિંગનો ભાગ જો નીચો જણાય તો તેને ઊંચો કરવો જોઈએ.

(c) કોઈપણ ટ્રકમાં ૬ થી વધુ ઢોર લઈ જવાય નહિ.

(d) દરેક ટ્રકમાં એક પરિચારક રાખવો.

(e) જ્યારે ઢોરોને લઈ જવાના હોય ત્યારે તે ટ્રકમાં બીજો કોઈ માલ-સામાન ભરવો નહિ અને

(f) ઢોર ગભરાઈ ન જાય કે ઈજા ન પામે તે માટે ઢોરોનું મોં એન્જિન સમક્ષની દિશામાં રાખવું.

## પ્રકરણ - ૫

## ઘોડા વગેરેની હેરફેર

**૫૭.** રેલવે, રોડ કે સમુદ્ર મારફતે ઘોડાઓ, ખચ્ચરો અને ગધેડાઓની હેરફેર માટે નિયમ ક્રમાંક ૫૮ થી ૬૩ લાગુ પડશે.

**૫૮.** (a) કોઈ તાલીમ પામેલ પશુ-ચિકિત્સકે આપેલું એવી મતલબનું પ્રમાણપત્ર કે એકવાઈન (ઘોડા ઈત્યાદિ) પશુઓ રેલવે, રોડ કે સમુદ્ર રસ્તે મુસાફરી કરવાલાયક છે અને તેમને કોઈ ચેપ કે ચેપી રોગ નથી, દરેક કન્સાઈનમેન્ટની સાથે રાખવું.

(b) જો આવું પ્રમાણપત્ર ન હોય તો માલ પરિવાહકે વહન માટે કન્સાઈનમેન્ટ સ્વીકારવાની ના પાડવી.

(c) આ પ્રમાણપત્ર શિડ્યુલ-I માં જણાવેલ ફોર્મમાં હશે.

**૫૯.** (a) આવાં પ્રાણીઓના મોકલાવાતા દરેક કન્સાઈનમેન્ટ સાથે એક લેબલ રાખવું કે જેમાં લાલ શાહીએ મોટા અક્ષરમાં ઘોડા આદિ મોકલનાર તથા લેનારનું નામ, સરનામું અને ટેલિફોન નંબર ( જો

હોય તો) લખવાં. તેમાં પ્રાણીઓની સંખ્યા, જાત વગેરે તથા તેમને માટે મૂકેલ રેશન અને ખોરાકનું પ્રમાણ પણ જણાવવું.

(b) જે ટ્રેન, ટ્રક કે વહાણમાં આ પ્રાણીઓ મોકલાતાં હોય તેની માહિતી અને પહોંચવાનો સમય અગાઉથી પ્રાણીઓ જેને મોકલાતાં હોય તેને જણાવવાં.

(c) ઘોડાઓ વગેરેને બુકિંગ બાદ રવાના થતી પહેલી જ ગાડી કે ટ્રક કે સ્ટીમરમાં રવાના કરવા અને એમનું બુકિંગ કર્યા પછી એમને રોકી રાખવા નહિ.

૬૦. (a) ગર્ભવતી ઘોડી અને નાનાં બચ્ચાને બીજાં પ્રાણીઓ સાથે રાખવાં નહિ.

(b) જુદી જુદી જાતના ઘોડા વગેરે અલગ અલગ રાખવા.

(c) ઘોડાઓને પૂરતા પ્રમાણમાં ખોરાક અને પાણી આપ્યા પછી વાહનમાં ચડાવવા અને રસ્તે પાણી પાવાની સગવડ કરવી અને મુસાફરીમાં પહોંચે તેટલો પૂરતો ખોરાક પણ રાખવો.

(d) ઘોડાની દરેક ટુકડી માટે ઢોરોના પ્રાથમિક ઉપચારનાં સાધનો સાથે રાખવાં.

(e) પૂરતા પ્રમાણમાં હવા-ઉજાસ મળે તેમ કરવું.

(f) યોગ્ય ઢોળાવનાં પાટિયાં અને માંચડા અને તે ન મળે તો કામચલાઉ પાટિયાં તેમને વાહનમાં ચડાવવા અને નીચે ઉતારવા વાપરવાં.

૬૧. રેલવે દ્વારા ઘોડાઓ વગેરેને મોકલતી વેળાએ નીચેની કાળજી રાખવી :

(a) આ પ્રાણીઓને પેસેન્જર કે મિશ્ર ગાડીઓમાં જ મોકલવા.

(b) સામાન્ય બ્રોડગેજની માલગાડીના ડબ્બામાં ૮ થી ૧૦ ઘોડા અથવા ૧૦ ખચ્ચર કે ૧૦ ગધેડા અને મીટરગેજની ગાડીના ડબ્બામાં ૬ ઘોડા કે ૮ ગધેડાથી વધુ ન રાખવા.

(c) જો ગરમી ખૂબ જ વધુ હોય તો ઘોડાના ડબ્બા પર રેલવે વિભાગે તાપમાન નીચું લાવવા પાણી છાંટવું. તાલીમ પામેલા પશુ-ચિકિત્સકના મતે જરૂરી જણાય તો ડબ્બાની નીચેના ભાગમાં ખાસ બનાવેલ ખોખામાં બરફની લાદીઓ મૂકવી.

(d) જો ઘોડાની સંખ્યા ૨ થી વધુ હોય તો પ્રત્યેક ડબ્બામાં ૨ પરિચારક રાખવા.

(e) ગાડીના પાટાને સમાંતર હોય તેમ અને એકબીજાનાં મોં સામ-સામે આવે તેવી રીતે ઘોડા ડબ્બામાં રાખવા.

(f) ડબ્બાની ફરશ પર પરાળનું ૬ સેમી. જાડું પેડીંગ કરવું કે જેથી જો ઘોડા નીચે બેસી જાય તો તેને ઈજા ન થાય.

(g) પૂરતા પ્રમાણમાં હવા-ઉજાસ મળે તે માટે વેગનની એક બાજુનું ઉપરનું બારણું (લટકતું ન રહે તેમ) ખુલ્લું રાખવું. વેગનના ઉપરના બારણમાં તારની જાળી રાખવી અને તે એવી રીતે નજીક નજીક જડેલી કે ગૂંથેલી હોવી જોઈએ કે એન્જિનમાંથી ઊડતા તણખા તેમાંથી અંદર આવે નહિ અને આગ લાગે નહિ.

(h) વેગનની બન્ને બાજુએ બે છાતી સમા સળિયા હોવા જોઈએ; એક ૫૦ થી ૮૦ સે.મી.ની ઊંચાઈએ અને બીજો સળિયો ૧૧૦ સે.મી.ની ઊંચાઈએ.

૬૨. ટ્રક કે અન્ય વાહન દ્વારા ઘોડાના પરિવહન માટે નીચેની કાળજી રાખવી :

(a) ટ્રક ખાસ ફિટ કરેલ અને તેમાં ખાસ પ્રકારનું ટેલ બોર્ડ (પાછલું પાટિયું) હોવું જોઈએ અને અંદરથી ચારે બાજુઓમાં પેડિંગ કરેલું હોવું જોઈએ.

(b) સામાન્ય ટ્રકમાં - સરી ન પડાય તેવું (જેમ કે કાથીનું પાથરણું અથવા તો ફરશ પર લાકડાની પટ્ટીઓ હોવી જોઈએ) અને ઉપરનો સીલિંગનો ભાગ જો નીચો જણાય તો તેને ઊંચો કરવો જોઈએ.

(c) દરેક ઘોડા વચ્ચે વાંસના થાંભલા (કમ સે કમ ૮ સે.મી. વ્યાસના) હોવા જોઈએ અને પાછળના ભાગમાં બે મજબૂત ડંડા પ્રાણી પડી ન જાય તે માટે રાખવા.

(d) ઘોડા ગભરાઈ ન જાય કે ઈજા ન પામે તે માટે તેમનાં મોં રસ્તે પસાર થતા ટ્રાફિકથી દૂર, ગાડીની ડાબી બાજુએ રાખવા.

(e) દરેક વાહનમાં ૪ કે ૬ થી વધુ ઘોડા ન લઈ જવા.

(f) દરેક વાહનમાં એક દેખરેખ રાખનાર પરિચારક રાખવો.

(g) આ વાહનો કલાકે ૩૫ કિલોમીટરથી વધુ ઝડપે ન ચલાવવાં.

**૬૩.** સમુદ્ર માર્ગે ઘોડાની મુસાફરી માટે નીચેની કાળજી રાખવી :

(a) સામાન્ય રીતે એક ઘોડાને એક જ પાંજરામાં અને ખચ્ચરને ચાર કે પાંચ રહે તેવાં પેન (કોઢ)માં રાખવા.

(b) વહાણમાં પુષ્કળ હવા-ઉજાસ માટે પોટહોલ રાખવા અને તેમાં કાયમી હવાની પેટીઓ અથવા તો વીજળી દ્વારા ચાલે તેવા blowers પંખા, બધા ડેક પર મૂકવા અને એક્ઝોસ્ટ પંખા ખરાબ હવા દૂર કરવા મૂકવા.

(c) ઘોડાઓને ઊભા રાખવાની જગ્યા વહાણ સોંસરવી ત્રાંસી (ખૂણાકારે) હોવી જોઈએ અને તેમનાં મોં અંદરના ભાગમાં રહેવાં જોઈએ.

(d) ઘોડાઓને ત્રાસ ન થાય તે માટે અને વિશેષ કરી ગરમીની ઋતુમાં વહાણમાં જેવું માલ ભરવાનું પૂરું થાય કે તરત જ હંકારવું જોઈએ અને યાત્રા પૂરી થતાં ઘોડાઓને તરત જ વહાણમાંથી ઉતારી લેવા જોઈએ.

(e) વછેરા કે વછેરી ખુલ્લા ડેક (તૂતક) પર રાખવા.

(f) ઘોડાઓ માટે દવાખાનું તથા પાંચ ટકા જેટલાં વધારાનાં પાંજરાં હોવાં જોઈએ.

(g) પેન (કોઢ) ની બે હારમાળા વચ્ચે ઓછામાં ઓછો ૧.૫ મીટરનો ગાળો રાખવો.

## પ્રકરણ - ૬

## ઘેટાં તથા બકરાંની હેરફેર

**૬૪.** રેલવે કે રોડ દ્વારા છ કલાકથી વધુ સમયની મુસાફરી હોય તો ઘેટાં, બકરાંની મુસાફરી માટે નિયમ ક્રમાંક ૬૫ થઈ ૭૫ લાગુ પડશે.

**૬૫.** (a) કોઈ તાલીમ પામેલ પશુ-ચિકિત્સકે આપેલું એવી મતલબનું સ્વાસ્થ્યનું પ્રમાણપત્ર કે ઘેટાં-બકરાં ઈત્યાદિ રેલવે કે રોડ રસ્તે મુસાફરી કરવાલાયક છે અને તેમને કોઈ ચેપ કે ચેપી રોગ નથી, દરેક કન્સાઈનમેન્ટની સાથે રાખવું.

(b) જો આવું કોઈ પ્રમાણપત્ર ન હોય તો માલ પરિવાહકે વહન માટે કન્સાઈનમેન્ટ સ્વીકારવાની ના પાડવી.

(c) આ પ્રમાણપત્ર શિડ્યુલ (યાદી) J માં જણાવેલ ફોર્મમાં હશે.

૬૬. (a) આવાં પ્રાણીઓના મોકલાવાતા દરેક કન્સાઈનમેન્ટ સાથે એક લેબલ રાખવું કે જેમાં લાલ શાહીએ મોટા અક્ષરમાં ઘેટાં-બકરાં આદિ મોકલનાર તથા લેનારનાં નામ, સરનામું અને ટેલિફોન નંબર (જો હોય તો) લખવાં. તેમાં ઘેટાં બકરાંઓની સંખ્યા, જાત વગેરે તથા તેમને માટે મૂકેલ રેશન અને ખોરાકનું પ્રમાણ પણ જણાવવું.

(b) જે ટ્રેન કે ટ્રકમાં આ પ્રાણીઓ મોકલાતાં હોય તેની માહિતી અને પહોંચવાનો સમય અગાઉથી પ્રાણીઓ જેને મોકલાતાં હોય તેને જણાવવાં.

(c) ઘેટાં કે બકરાંને તેમનું બુકિંગ થાય બાદ રવાના થતી પહેલી જ ટ્રેન કે ટ્રકમાં રવાના કરવાં અને એમનું બુકિંગ કર્યા પછી એમને રોકી રાખવાં નહિ.

૬૭. (a) મુસાફરી વખતે ઘેટાં-બકરાં માટે પ્રાથમિક ઉપચારનાં સાધનો રાખવાં.

(b) ઘેટાં-બકરાંને ચઢવા કે નીચે ઉતારવા યોગ્ય ઢોળાવવાળું પાટિયું રાખવું.

(c) રેલવે વેગનમાં પ્લેટફોર્મ પર જ્યારે તેમને ચઢાવવા કે ઉતારવાના હોય ત્યારે વેગનના બારણાને પ્લેટફોર્મ પર ઢાળી તેનો ઉપયોગ પાટિયા તરીકે કરવો.

૬૮. ઘેટાં અને બકરાંને અલગ અલગ લઈ જવા, પણ જો તેમનો જથ્થો નાનો હોય તો તેમને અલગ રાખવા ખાસ નાના પાર્ટીશન કરવા.

૫૯. ઘેટાં તથા નાનાં ઘેટાં અને ઘેટી એક જ ડબ્બામાં સાથે રાખવાં નહિ.

૭૦. મુસાફરીમાં પહોંચે તેટલો પૂરતા પ્રમાણમાં ખોરાક કે ચારો રાખવો અને નિયમિત અંતરે તેમને માટે પાણીની સગવડ રાખવી.

૭૧. જો કોઈ પ્રાણી ફરશ પર બેસી જાય તો તેને ઈજા ન પહોંચે માટે પરાળ વગેરે પેડીંગ (ગાદી) તરીકે પાથરવું અને આવી ગાદીની જાડાઈ ૫ સે.મી.થી ઓછી ન હોવી જોઈએ.

૭૨. જો પ્રાણીઓ કૂદી પડે તેવી દહેશત ન હોય તો તેમને રસ્સીથી બાંધવાં નહીં અને તેમના પગને બાંધવા નહિ.

૭૩. એક બકરી માટે ઊનવાળાં ઘેટાં જેટલી જગ્યા જોઈએ અને ટ્રકમાં કે રેલવે વેગનમાં નીચે પ્રમાણે જગ્યા દરેક ઘેટાં દીઠ હોવી જોઈએ.

| પ્રાણીઓનું કિલોગ્રામમાં | જગ્યા ચો. મીટરમાં | |
|---|---|---|
| આશરે વજન | ઊનવાળાં ઘેટાં માટે જગ્યા | ઊન કાપેલ ઘેટાં માટે |
| ૨૦ થી વધુ નહિ | ૦.૧૮ | ૦.૧૬ |
| ૨૦ થી વધુ પણ ૨૫ થી વધુ નહિ | ૦.૨૦ | ૦.૧૮ |
| ૨૫ થી વધુ પણ ૩૦ થી વધુ નહિ | ૦.૨૩ | ૦.૨૨ |
| ૩૦ થી વધુ | ૦.૨૮ | ૦.૨૬ |

૭૪. (a) કોઈપણ રેલવેના વેગનમાં નીચેની સંખ્યા કરતાં વધુ ઘેટાં-બકરાં નહીં લઈ જવાશે :

| બ્રોડગેજ | | મીટરગેજ | | નેરોગેજ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| વેગનનું ક્ષેત્રફળ ૨૧.૧ ચો.મી. કરતાં ઓછું હોય તો | વેગનનું ક્ષેત્રફળ ૨૧.૧ ચો. મીટર અને તેથી વધુ હોય તો | વેગનનું ક્ષેત્રફળ ૧૨.૫ ચો. મી. કરતાં ઓછું હોય તો | વેગનનું ક્ષેત્રફળ ૧૨.૫ ચો.મીટર અને તેથી વધુ હોય તો | |
| ૭૦ | ૧૦૦ | ૫૦ | ૬૦ | ૨૫ |

(b) પૂરતા પ્રમાણમાં હવા-ઉજાસ મળે તે માટે વેગનની એક બાજુનું ઉપરનું બારણું (લટકતું ન રહે તેમ) ખુલ્લું રાખવું. વેગનના ઉપરના બારણામાં તારની જાળી રાખવી અને તે એવી રીતે નજીક નજીક જડેલી કે ગૂંથેલી હોવી જોઈએ કે એન્જિનમાંથી ઊડતા તણખા તેમાંથી અંદર આવે નહિ અને આગ લાગે નહિ.

૭૫. (૧) ૫ કે ૪.૫ ટન વજનની ક્ષમતાવાળા વાહન કે સામાન્યતયા પ્રાણીઓની હેરફેર માટે વપરાય છે તેમાં ૪૦ થી વધુ ઘેટાં કે બકરાં રાખવાં નહિ.

(૨) મોટા વાહન કે વેગન હોય તો પહોળાઈમાં દર બે કે ત્રણ મીટરના અંતરે પાર્ટીશન રાખવું કે જેથી ઘેટાં-બકરાંનું એક જ જગ્યાએ ટોળું થાય નહિ અને તેઓ પુરાઈ ન જાય.

(૩) ઘેટી, બકરી કે લવારા કે બકરીના મેમણા કે જે ૬ અઠવાડિયાંથી ઓછી ઉંમરનાં હોય તેમને માટે અલગ ડબ્બાની સગવડ રાખવી.

• • •

# ૧. શિડ્યુલ - A

## (નિયમ ૪ જુઓ)

## કૂતરા / બિલાડીની મુસાફરી માટેની સ્વસ્થ સ્થિતિ માટેના પ્રમાણપત્રનું પ્રારૂપ

*કોઈ તાલીમ પામેલ પશુ ચિકિત્સકે આ પ્રમાણપત્ર ભરીને તે પર સહી કરવી.*

પરીક્ષણની તારીખ તથા સમય ________________

કૂતરા / બિલાડીની જાત ________________

પાંજરાની સંખ્યા ________________ કૂતરા / બિલાડીની સંખ્યા ________________

લિંગ ________________ ઉંમર ________________

ઓલાદ અને ઓળખની નિશાનીઓ જો કોઈ હોય તો ________________

____________ થી ____________ સુધી વાયા ____________ મોકલવામાં આવ્યા.

હું આથી પ્રમાણિત કરું છું કે પ્રાણીઓની હેરફેરના નિયમો, ૧૯૭૮ના બીજા પ્રકરણમાંના નિયમ ૮ થી ૧૪ મેં વાંચ્યા છે :

૧. કે, માલ મોકલનાર (તેનું નામ : ________________ ) ની વિનંતીથી મેં ઉપર જણાવેલ કૂતરા /બિલાડીને તેમની રવાનગીના બાર કલાકથી ઓછા સમય પહેલાં તેમના મુસાફરીના પાંજરામાં તપાસ્યા છે.

૨. કે, દરેક કૂતરો / બિલાડી તંદુરસ્ત જણાય છે, ઈજાથી અને રેબી ઉપરાંત અન્ય ચેપી રોગથી મુક્ત છે અને ટ્રેન/રોડ/આંતરિક જળમાર્ગ/હવાઈમાર્ગે મુસાફરી કરવાને માટે સ્વસ્થ સ્થિતિમાં છે.

૩. કે, કૂતરા / બિલાડીને મુસાફરી માટે પૂરતો ખારોક અને પાણી પાવામાં આવ્યું છે.

૪. કે કૂતરા / બિલાડીને રસી મૂકેલી છે.

(a) રસીનો પ્રકાર :

(b) રસી મૂક્યાની તારીખ :

સહી : ________________

સરનામું : ________________

________________

________________

લાયકાત : ________________

તારીખ : ________________

# ૨. શિડ્યુલ - B

**(નિયમ ૧૧ જુઓ)**

## કૂતરાઓની હેરફેર માટેના પાંજરાનો આકાર અને પ્રકાર

*પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો, ૧૯૭૮ના ૨ જા પ્રકારણના ૧૧મા નિયમમાં પાંજરાની ડિઝાઈનનો જે ઉલ્લેખ છે તે ડિઝાઈન ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટિટ્યુટના* IS - *૪૭૪૬-૧૯૬૮ : ના ૭મા પાના પર છાપેલ છે, તે પ્રમાણેની હશે.*

**બધાં માપ સે.મી.માં છે.**

**રેલવે / રોડ / આંતરિક જળમાર્ગ / સમુદ્ર / વિમાન દ્વારા**

| | | | |
|---|---|---|---|
| *લંબાઈ* | (L) | Ax1.5 | A+C+10 |
| *પહોળાઈ* | (W) | A | D+2+10 |
| *ઊંચાઈ* | (H) | B+15 | B+0 |

| | | |
|---|---|---|
| *લંબાઈ* | - | *નાકની અણીથી પૂંછડીના મૂળ સુધી* (A) |
| *પહોળાઈ* | - | *ખભાઓ વચ્ચેની પહોળાઈ* (D) |
| *ઊંચાઈ* | - | *ઊભા હોય ત્યારે કાનના છેડાથી પગના અંગૂઠા સુધી* (B) |
| *કોણીની સાઈઝ* | - | *કોણીના મથાળાથી પગના અંગૂઠા સુધી* (C) |

*નોંધ : કૂતરાઓની હેરફેર માટેનાં પાંજરાં, ખોખાં કે કારટન એવી સામગ્રીમાંથી બનેલાં હોવાં જોઈએ કે જે સહેલાઈથી ફાટે કે ડૂચો ન થાય. તે પૂરા હવા - ઉજાસવાળાં હોવાં જોઈએ અને તેમાં કૂતરાઓની તંદુરસ્તી જળવાય તેવી પૂરતી જગ્યા અને સલામતી આપનારાં હોવાં જોઈએ. વળી તારની જાળી નાક કે પંજાને ઈજા કરે તેવી નહીં હોવી જોઈએ. ૩ મિ.મી. જાડાઈવાળા તારની જાળી ૧૨* x *૧૨ મિ.મી.ના અંતરવાળી હોવી જોઈએ. આ માટે પહોળી ધાતુની પટ્ટીની જાળી અનુકૂળ નથી. કોઈ બહાર પડતા ખીલા કે તારનો અરક્ષિત છેડો ન હોવો જોઈએ. ગાડીના ડબ્બામાં કૂતરાઓનું પાંજરું એવી રીતે મૂકેલું હોવું જોઈએ કે જેથી કૂતરાઓને ભારે ગરમી તથા પક્ષીઓના ત્રાસથી બચાવે અને કૂતરાઓને તે ખાનામાં પૂરતા પ્રમાણમાં જગ્યા અને સલામતી મળે.*

# ૩. શિડ્યુલ (યાદી) - C

**(નિયમ ૧૧ જુઓ)**

**બિલાડીની હેરફેર માટેના પાંજરાનો આકાર અને પ્રકાર**

*પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો, ૧૯૭૮ના ૨જા પ્રકરણના ૧૧મા નિયમમાં પાંજરાની ડિઝાઈનનો જે ઉલ્લેખ છે તે ડિઝાઈન ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટિટ્યુટના* IS - *૪૭૪૬-૧૯૬૮ : ના ૮મા પાના પર છાપેલ છે, તે પ્રમાણેની હશે.*

**બધાં માપ સે.મી.માં છે.**

**રેલવે / રોડ / આંતરિક જળમાર્ગ / સમુદ્ર / વિમાન દ્વારા**

| | | | |
|---|---|---|---|
| *લંબાઈ* | (L) | A x 2 | A x 2 |
| *પહોળાઈ* | (W) | A | A |
| *ઊંચાઈ* | (H) | B+15 | B+0 |

| | | |
|---|---|---|
| *લંબાઈ* | - | *નાકની અણીથી પૂંછડીના મૂળ સુધી* (A) |
| *પહોળાઈ* | - | *ખભાઓ વચ્ચેની પહોળાઈ* (D) |
| *ઊંચાઈ* | - | *ઊભા હોય ત્યારે કાનના છેડાથી પગના અંગૂઠા સુધી* (B) |
| *કોણીની સાઈઝ* | - | *કોણીના મથાળાથી પગના અંગૂઠા સુધી* (C) |

**નોંધ :** *બિલાડીની હેરફેર માટેનાં પાંજરાં, ખોખાં કે કારટન એવી સામગ્રીમાંથી બનેલાં હોવાં જોઈએ કે જે સહેલાઈથી ફાટે કે તૂટે ન થાય, પૂરા હવા - ઉજાસવાળાં હોવાં જોઈએ અને તેમાં બિલાડીની તંદુરસ્તી જળવાય તેવી પૂરતી જગ્યા અને સલામતી આપનારાં હોવાં જોઈએ. વળી તારની જાળી નાક કે પંજાને ઈજા કરે તેવી નહીં હોવી જોઈએ. ૩ મિ.મી. જાડાઈવાળા તારની જાળી ૧૨* x *૧૨ મિ.મી.ના અંતરવાળી હોવી જોઈએ. આ માટે પહોળી ધાતુની પટ્ટીની જાળી અનુકૂળ નથી. કોઈ બહાર પડતા ખીલા કે તારનો અરક્ષિત છેડો ન હોવો જોઈએ. ગાડીના ડબ્બામાં બિલાડીનું પાંજરું એવી રીતે મૂકેલું હોવું જોઈએ કે જેથી બિલાડીને ભારે ગરમી તથા પક્ષીઓના ત્રાસથી બચાવે અને બિલાડીને તે ખાનામાં પૂરતા પ્રમાણમાં જગ્યા અને સલામતી મળે.*

# ૪. શિડ્યુલ (યાદી) - D

**(નિયમ ૧૬ અને ૩૨ જુઓ)**

**વાંદરાની હેરફેર માટેની સ્વસ્થ સ્થિતિ માટેના પ્રમાણપત્રનું પ્રારૂપ**

*તપાસની તારીખ તથા સમય :* ____________________

*વાંદરાની જાત :* ____________________

*પાંજરાની સંખ્યા :* ____________________

*વાંદરાની સંખ્યા :* ____________________

*લિંગ* ______________ *ઉંમર* ______________

*વાંદરાની ઓલાદ અને જો કોઈ ઓળખની નિશાની હોય તો તે* ______________

______________ *થી* ______________ *સુધી વાયા* ______________ *મોકલ્યા છે.*

*હું આથી પ્રમાણિત કરું છું કે પ્રાણીઓની હેરફેરના નિયમો, ૧૯૭૮ના ત્રીજા પ્રકરણમાંના નિયમ ૧૫ થી ૪૫ મેં વાંચ્યા છે :*

૧. *કે, માલ મોકલનાર (તેનું નામ ______________) ની વિનંતીથી મેં ઉપર જણાવેલ વાંદરાઓને તેમની રવાનગીના બાર કલાકથી ઓછા સમય પહેલાં તેમના મુસાફરીના પાંજરામાં તપાસ્યા છે.*

૨. *કે, વાંદરો તંદુરસ્ત જણાય છે, ઈજાથી અને અન્ય ચેપી રોગથી મુક્ત છે અને તેમના પકડવાના વિસ્તારથી નજીકના રેલવે સ્ટેશન સુધી / નજીકના રેલવે સ્ટેશનથી અન્ય રેલવે સ્ટેશન સુધી / અન્ય રેલવે સ્ટેશનથી નજીકના વિમાની મથક સુધી / વિમાન દ્વારા મુસાફરી કરવાને માટે સ્વચ્છ સ્થિતિમાં છે.*

૩. *કે, કોઈપણ વાંદરો છ મહિનાથી ઓછી ઉંમરનો અથવા તો કોઈપણ વાંદરી ગર્ભવતી જણાતી નથી.*

૪. *કે, વાંદરાઓને મુસાફરી માટે પૂરતો ખોરાક અને પાણી પાવામાં આવ્યું છે.*

૫. *કે, વાંદરાઓને રસી મૂકેલી છે.*
   (a) *રસીનો પ્રકાર :*
   (b) *રસી મૂક્યાની તારીખ :*

*સહી :* ____________________

*સરનામું :* ____________________

____________________

____________________

*લાયકાત :* ____________________

*તારીખ :* ______________

# ૫. શિડ્યુલ - E

**(નિયમ ૨૩(૫) (a) અને ૨૩(૬) જુઓ)**

**પકડવાની જગ્યાથી સહુથી નજીકના રેલવે સ્ટેશને વાંદરાને લઈ જવા માટેના**

**પાંજરાનો આકાર અને પ્રકાર :**

*પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો, ૧૯૭૮ના ૩ જા પ્રકરણના નિયમ ૨૩ (૫)* (a) *માં પાંજરાની ડિઝાઈનનો જે ઉલ્લેખ છે તે માપ અને ડિઝાઈન ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટિટ્યૂટના* IS : *૩૬૯૯ (ભાગ-૧) - ૧૯૬૬ : ના ૫મા પાના પર છાપેલ છે, તે પ્રમાણેની હશે.*

# ૬. શિડ્યુલ - F

**(નિયમ ૪૦(૪) જુઓ)**

**વિમાન દ્વારા વાંદરાની મુસાફરી માટેના પાંજરાનો આકાર અને પ્રકાર**

*પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો, ૧૯૭૮ના ૩ જા પ્રકરણના નિયમ ૪૦(૩)* (a) (b) *માં પાંજરાની ડિઝાઈનનો જે ઉલ્લેખ છે તે માપ અને ડિઝાઈન ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટિટ્યૂટના* IS : *૩૦૫૯ - ૧૯૬૫ : ના ૬ઠ્ઠા પાના પર છાપેલ છે, તે પ્રમાણેની હશે.*

# ૭. શિડ્યુલ (યાદી) - G

**નિયમ ૪૦(૫) જુઓ)**

**વિમાન દ્વારા ગર્ભવતી તથા પોષણ આપતી વાંદરી અને ૫ કિલોથી વધુ વજનના**

**વાંદરાની હેરફેર માટેના પાંજરાનો આકાર અને પ્રકાર**

*પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો, ૧૯૭૮ના ૩ જા પ્રકરણના નિયમ ૪૦ (૫) માં પાંજરાની ડિઝાઈનનો જે ઉલ્લેખ છે તે માપ અને ડિઝાઈન ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટિટ્યૂટના* IS : *૩૦૫૯ - ૧૯૬૫ : ના ૭મા પાના પર છાપેલ છે, તે પ્રમાણેની હશે.*

# ૮. શિડ્યુલ - H

## ( નિયમ ૪૭ જુઓ)

### ઢોરની મુસાફરી માટેની સ્વસ્થ સ્થિતિ માટેના પ્રમાણપત્રનું પ્રારૂપ

*કોઈ તાલીમ પામેલ પશુ ચિકિત્સકે આ પ્રમાણપત્ર ભરીને તે પર સહી કરવી.*

*પરીક્ષણની તારીખ અને સમય* ____________________

*ઢોરની જાત* ____________________

*ટ્રક / રેલવે વેગનની સંખ્યા* ____________________

*ઢોરની સંખ્યા* ____________________

*લિંગ* ____________ *ઉંમર* ____________

*ઓલાદ અને ઓળખની નિશાનીઓ જો કોઈ હોય તો* ____________

____________ *થી* ____________ *સુધી વાયા* ____________ *મોકલવામાં આવ્યા.*

*હું આથી પ્રમાણિત કરું છું કે પ્રાણીઓની હેરફેરના નિયમો, ૧૯૭૮ના ચોથા પ્રકરણમાંના નિયમ ૪૬ થી ૫૬ મેં વાંચ્યા છે :*

*૧. કે, ઢોરોને મોકલનાર (તેનું નામ : ____________________) ની વિનંતીથી મેં ઉપર જણાવેલ ઢોરોને તેમની રવાનગીના બાર કલાકથી ઓછા સમય પહેલાં તેમના મુસાફરીના પાંજરામાં તપાસ્યાં છે.*

*૨. કે, દરેક ઢોર ટ્રક / રેલવે દ્વારા મુસાફરી કરી શકવા માટે તંદુરસ્ત જણાય છે અને કોઈપણ ચેપી રોગથી મુક્ત છે અને તેને રિન્ડરપેસ્ટ કે અન્ય ચેપી રોગોથી બચવાની રસી મુકાયેલ છે.*

*૩. કે, દરેક ઢોરને મુસાફર માટે પૂરતો ખારોક અને પાણી પાવામાં આવ્યું છે.*

*૪. કે ઢોરોને રસી મૂકેલી છે.*

(a) *રસીનો પ્રકાર :*

(b) *રસી મૂક્યાની તારીખ :*

*સહી :* ____________________

*સરનામું :* ____________________

____________________

____________________

*લાયકાત :* ____________________

*તારીખ :* ____________

# ૯. શિડ્યુલ - I

## (નિયમ ૫૮ જુઓ)

## ઘોડા વગેરેની મુસાફરી માટેની સ્વસ્થ સ્થિતિ માટેના પ્રમાણપત્રનું પ્રારૂપ

કોઈ તાલીમ પામેલ પશુ ચિકિત્સકે આ પ્રમાણપત્ર ભરીને તે પર સહી કરવી.

પરીક્ષણની તારીખ અને સમય ______________________

ઘોડા કે અન્ય પશુની જાત ______________________

ઘોડા વગેરેની સંખ્યા ______________________

લિંગ ______________ ઉંમર ______________

ઓલાદ અને ઓળખની નિશાનીઓ જો કોઈ હોય તો ______________

__________ થી __________ સુધી વાયા __________ મોકલવામાં આવ્યા.

હું આથી પ્રમાણિત કરું છું કે પ્રાણીઓની હેરફેરના નિયમો, ૧૯૭૮ના પાંચમા પ્રકરણમાંના નિયમ ૫૭ થી ૬૩ મેં વાંચ્યા છે :

૧. કે, ઘોડાને મોકલનાર (તેનું નામ : ________________) ની વિનંતીથી મેં ઉપર જણાવેલ ઢોરોને તેમની રવાનગીના બાર કલાકથી ઓછા સમય પહેલાં તેમના મુસાફરીના પાંજરામાં તપાસ્યાં છે.

૨. કે, દરેક ઘોડો / રેલવે / રોડ / દરિયાઈ માર્ગે મુસાફરી કરી શકવા માટે તંદુરસ્ત જણાય છે અને કોઈપણ ચેપી રોગથી મુક્ત છે અને તેને રિન્ડરપેસ્ટ કે અન્ય ચેપી રોગોથી બચવાની રસી મુકાયેલ છે.

૩. કે, દરેક ઘોડા વગેરેને મુસાફરી માટે પૂરતો ખારોક અને પાણી પાવામાં આવ્યું છે.

૪. કે ઘોડા વગેરેને રસી મૂકેલી છે.

(a) રસીનો પ્રકાર :

(b) રસી મૂક્યાની તારીખ :

સહી : ______________________

સરનામું : ______________________

______________________

______________________

લાયકાત : ______________________

તારીખ : ______________

# ૧૦. શિડ્યુલ - J

## (નિયમ ૬૫ જુઓ)

### ઘેટાં અને બકરાંની મુસાફરી માટેની સ્વસ્થ સ્થિતિ માટેના પ્રમાણપત્રનું પ્રારૂપ

કોઈ તાલીમ પામેલ પશુ ચિકિત્સકે આ પ્રમાણપત્ર ભરીને તે પર સહી કરવી.

પરીક્ષણની તારીખ અને સમય ____________________

ઘેટાં કે બકરાંની જાત ____________________

ઘેટાં કે બકરાંની સંખ્યા ____________________

લિંગ ______________ ઉંમર ______________

હું આથી પ્રમાણિત કરું છું કે પ્રાણીઓની હેરફેરના નિયમો, ૧૯૭૮ના છઠ્ઠા પ્રકરણમાંના નિયમ ૬૪ થી ૭૫ મેં વાંચ્યા છે :

૧. કે, ઘેટાં બકરાંને મોકલનાર (તેનું નામ :____________________) ની વિનંતીથી મેં ઉપર જણાવેલ ઢોરોને તેમની રવાનગીના બાર કલાકથી ઓછા સમય પહેલાં તેમના મુસાફરીના પાંજરામાં તપાસ્યાં છે.

૨. કે, દરેક ઘેટું / બકરું / રેલવે / રોડ માર્ગે મુસાફરી કરી શકવા માટે તંદુરસ્ત જણાય છે અને કોઈપણ ચેપી રોગથી મુક્ત છે અને તેને ચેપી રોગોથી બચવાની રસી મુકાયેલ છે.

૩. કે, ઘેટાં બકરાંને મુસાફરી માટે પૂરતો ખારોક અને પાણી પાવામાં આવ્યું છે.

૪. કે ઘેટાં બકરાંને રસી મૂકેલી છે.

(a) રસીનો પ્રકાર :

(b) રસી મૂક્યાની તારીખ :

સહી : ____________________

સરનામું : ____________________

____________________

____________________

લાયકાત : ____________________

તારીખ : ______________

# પ્રાણીઓની હેરફેર નિયમો ૨૦૦૧

**પ્રાણીઓની હેરફેર (પરિવહન) (સુધારો) નિયમો ૨૦૦૧ હેઠળ ચેપ્ટર ૭, ૮, અને ૯ સાથે નિયમો ૭૬ થી ૯૮ અને મુખ્ય નિયમોમાં અનુસૂચિ (કે) ઉમેરાયેલ છે.**

**એસ.ઓ. ૨૬૯ (ઇ) :-**

*આથી કેટલાક નિયમોનો મુસદ્દો પ્રાણીઓનું પરિવહન નિયમો, ૧૯૭૮ વધુ સુધારા માટે રજૂ કરવામાં આવ્યો કે જે પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ ધારો ૧૯૬૦ (૧૯૬૦ નો ૫૯) ની કલમ ૩૮ પેટા કલમ (૧) હેઠળ ભારત સરકારના સોશિયલ જસ્ટીસ એન્ડ એન્વાયરમેન્ટ મંત્રાલયના જાહેરનામા હેઠળ ૬૦ નં. ૧૧૬૩ (૯) એ ગેઝેટ ઓફ ઇન્ડિયા એક્સ્ટ્રા ઓર્ડિનરી ભાગ ૨ કલમ ૩ પેટા કલમ (૨) તા.૨૭-૧૨-૨૦૦૦ ના રોજ પ્રકાશિત થયા અને તે અન્વયે પ્રજાને જેમને અસરકર્તા હોય તે તમામ પાસેથી સૂચનો તથા વાંધા સાઇઠ દિવસની મુદત કે જે સદર જાહેરનામાની નકલો પ્રજાને પ્રાપ્ત થાય ત્યારથી સાઇઠ દિવસની મુદત પૂરી થાય તે પહેલાં મંગાવવામાં આવ્યા.*

*અને આથી ગેઝેટની નકલો પ્રજાને ૧લી જાન્યુઆરી, ૨૦૦૧ ના રોજ પ્રાપ્ત કરવામાં આવી.*

*અને આથી પ્રજા તરફથી કેન્દ્ર સરકારના સદર નિયમોના મુસદ્દા અન્વયે કોઈ વાંધા કે સૂચનો મળ્યાં નહીં.*

*તેથી પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એકટ ૧૯૬૦ અન્વયે મળેલ સત્તાની રૂએ કેન્દ્ર સરકારે નીચે જણાવેલ વધારાના નિયમો પ્રાણીઓના પરિવહનના નિયમો ૨૦૦૧ ના સુધારા માટે બનાવ્યા જેવા કે,*

*(૧) આ નિયમોને પ્રાણીઓના પરિવહન (સુધારો) નિયમો, ૨૦૦૧ તરીકે કહેવાશે.*

*(૨) તેમની સમક્ષ રાજ્યપત્રિત ગેઝેટમાં છપાયાની તારીખથી શરૂ થયેલો ગણાશે.*

*(૨) પ્રાણીઓના પરિવહનના નિયમો ૨૦૦૧ (કે જેને હવે પછી તેવા નિયમો તરીકે લખવામાં આવશે) પ્રકરણ ૭ પછી નીચે મુજબનાં પ્રકરણો ઉમેરવામાં આવ્યાં છે, જેવાં કે,*

## પ્રકરણ - ૭

## મરઘાનું રેલવે માર્ગ, સડક માર્ગ અને હવાઈ પરિવહન

**૭૬. વ્યાખ્યા**

*આ પ્રકરણમાં જ્યાં સુધી વિરોધાભાસ ન થાય ત્યાં સુધી મરઘા એટલે બાળ મરઘા, તુર્કી મરઘા, મરઘી, બતક, ગીધ ક્વોઇલ્સ વગેરેનો સમાવેશ થયેલ ગણાશે.*

**૭૭. સામાન્ય જરૂરિયાત :-**

*મરઘાના રેલવે માર્ગ, સડક માર્ક, અને હવાઈ પરિવહન માટે*

*(એ) મરઘા મૂકતાં પહેલાં ખાનું / ખોખું યોગ્ય રીતે સફાઈ કરેલ તેમજ જંતુમુક્ત હોવું જોઈએ.*

*(બી) પરિવહન દરમિયાન મરઘાં પર સીધો સૂર્યપ્રકાશ, વરસાદ કે હવા આવવી જોઈએ નહીં.*

*(સી) સંભાળ અને ખાતરીપૂર્વક એવો પ્રયત્ન કરવાનો રહેશે કે પ્રત્યેક મરઘા શકય તેટલી ત્વરાથી રવાના કરેલ સ્થળ ઉપર પહોંચી જાય.*

(ડી) મોકલનાર વ્યક્તિએ મરઘા આગળ સ્વીકારનાર વ્યક્તિ પાસે બાંહેધરી આપવાની રહેશે કે મરઘાંને સૂર્યપ્રકાશ વરસાદ તથા ગરમીથી દૂર રાખવામાં આવેલ છે.

(ઈ) કાળજી એવી રીતે લેવાની રહેશે કે, ખોખાંઓ એકસરખી પરીસ્થિતિમાં રહે અને મરઘીઓ એકબીજા પર પડવાનો ભય ન રહે તેમજ ખોખાંઓની ઉપર અને આજુબાજુ બીજો સામાન મૂકી શકાશે નહીં.

**૭૯. તાજા જન્મેલ મરઘીઓ તથા તુર્કી મરઘીઓ સિવાયના મરઘા :-**

તાજા જન્મેલ મરઘીઓ તેમજ તુર્કી મરઘીઓ સિવાયની મરઘીઓના રેલવે, સડક માર્ક અને હવાઈ પરિવહન માટે

(એ) મરઘાને તંદુરસ્તી અને સારા વાતાવરણમાં પરિવહન કરવાનું રહેશે. તેમજ વેટરનરી તબીબી દ્વારા રોગોથી મુકત હોવા અંગેનું પરીક્ષણ અને પ્રમાણિત કરવાનું / કરાવવાનું રહેશે.

(બી) જે મરઘીઓનું પરિવહન કરવાનું છે તે એક જ જાતિની અને એક જ સરખા ઉંમરની હોવી જોઈએ.

(સી) પરિવહન કરતાં પહેલાં મરઘાને પૂરતા પ્રમાણમાં પાણી અને ખોરાક આપવાના રહેશે એટલું જ નહીં પણ ખાનામાં પણ તેની (પાણી અને ખોરાકની) યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(ડી) પરિવહન દરમિયાન પાણી અને ખોરાકની પૂરતી વ્યવસ્થા કરવાની રહેશે. અને ગરમ આબોહવાના સમયે દર છ કલાકે પાણીની વ્યવસ્થા કરવાની રહેશે.

(ઈ) નર મરઘાંને માદા મરઘાની સાથે એક જ ખાનામાં રાખવામાં આવશે નહીં.

**૮૦. માર્ગ દ્વારા મુસાફરી**

મરઘાના માર્ગ દ્વારા પરિવહન માટે ખાનાંઓને એકની ઉપર એક ગોઠવવામાં આવશે નહીં. તેમજ યોગ્ય રીતે પ્રકાશ અને હવા મળે તેવી ગોઠવણી કરવાની રહેશે અને વરસાદ, ગરમી તેમજ ઠંડી હવા ન લાગે તે રીતે ખાનાં ઢાંકવાનાં રહેશે.

**૮૧. રેલવે દ્વારા પરિવહન**

મરઘાના રેલવે દ્વારા પરિવહન માટે

(એ) જો મુસાફરી ૧૨ કલાક કરતાં વધારેની હોય તો એક ધ્યાન રાખતી વ્યક્તિને સાથે રાખવાની રહેશે.

(બી) મરઘાને સીધો સૂર્યપ્રકાશ કે અતિશય હવાની આગળ રાખવામાં આવશે નહીં.

(સી) જ્યાં સુધી શકય હોય ત્યાં સુધી પૂરતી હવા ઉજાસની વ્યવસ્થાવાળા રેલવેના વેગનોમાં મરઘાંને લઈ જવામાં આવશે અને તેની સાથે મરઘાંને નુકસાન થાય તેવો કોઈ જ સામાન રાખવામાં આવશે નહીં.

**૮૨. હવાઇ પરિવહન :-**

મરઘાના આંતરરાષ્ટ્રીય હવાઈ પરિવહન માટે તેમને નિયત કરેલ તાપમાનવાળા દબાણયુકત ખાનાંઓમાં રાખવામાં આવશે અને તેમને દરવાજાની નજીક રાખવામાં આવશે એટલું જ નહીં પહોંચતાંની સાથે તરત જ તેમને ખાલી કરી નાંખવામાં આવશે.

**૮૩. પરિવહન માટે ખાનાંઓ (બોક્ષ)**

મરઘાના રેલવે, સડક અને હવાઈ પરિવહન માટે

(એ) મરઘાના પરિવહન માટે બનાવવામાં આવેલ ખાનામાં એવી ધાતુ / પદાર્થમાંથી બનાવવામાં આવશે કે તૂટી જાય નહીં તેમજ તેમની રચના એવી રીતે હોવી જોઈએ કે પૂરતી હવા ઉજાસ પૂરતી જગ્યા અને સલામતી મળી રહે.

(બી) મરઘાને રાખવાના ખાનાની રચના એવી હોવી જોઈએ કે બહારથી પક્ષીઓ એક ખૂણામાં એક જથ્થામાં એકત્ર થવાનું શકય બને નહીં અને હવા ઉજાસની પૂરતી વ્યવસ્થા જાળવી શકાય.

(સી) બધાં જ ખાનાંઓ ઉપર મોકલનાર તથા સ્વીકારનાનાં નામ, સરનામું તથા ટેલિફોન નંબર (દૂરભાષ) સહિતની સ્પષ્ટ વિગતો દર્શાવતી સ્પષ્ટ ચબરખી ચોંટાડવાની રહેશે.

(ડી) મરઘાંને પરિવહનમાં લઈ જવા માટે ખાનામાં ઓછામાં ઓછી જરૂરી જગ્યા તેમજ ક્ષેત્રફળનું કોષ્ટક નીચે જણાવેલ છે જેમ કે,

**કોષ્ટક**

| અ.નં. | મરઘાનો પ્રકાર | ન્યૂનતમ જમીન પર જગ્યા | ક્ષેત્રફળ | | | ખાનામાં સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | લંબાઈ સેમી | પહોળાઈ સેમી | ઊંચાઈ સેમી | |
| ૧. | ૧ મહિનાની ઉંમરની મરઘી | ૭૫ | ૬૦ | ૩૦ | ૧૮ | ૨૪ |
| ૨. | ત્રણ મહિના ઉંમર | ૨૩૦ | ૫૫ | ૫૦ | ૩૫ | ૧૨ |
| ૩. | પુખ્ત (ચીઝ અને તુર્કી સિવાય | ૪૮૦ | ૧૧૫ | ૫૦ | ૪૫ | ૧૨ |
| ૪. | ચીઝ અને તુર્કી | ૯૦૦<br>૧૩૦૦<br>૧૯૦૦ | ૧૨૦<br>૭૫<br>૫૫ | ૭૫<br>૩૫<br>૩૫ | ૭૫<br>૭૫<br>૭૫ | ૧૦ યંગસ<br>૨ ગ્રોવીંગ<br>૧ ગ્રોનઅપ |
| ૫. | નાની મરઘી (ચિકસ) | | ૬૦ | ૪૫ | ૧૨ | ૮૦ |
| ૬. | મરઘાં (પોલ્ટસ) | | ૬૦ | ૪૫ | ૧૨ | ૬૦ |

**૮૪. નાના મરઘાં (ચિક્સ) અને મરઘા (પોલ્ટસ) માટે ખાસ પ્રકારનાં ખાનાંઓની જરૂરિયાત :-**

*(એ) ખાનાના તળિયે કોઈપણ પ્રકારના તાર કે જાળીનો ઉપયોગ કરવામાં આવશે નહીં.*

*(બી) કોઈપણ પ્રકારની નુકસાની ન થાય તે રીતે ખાનાની રચના હોવી જોઈએ.*

*(સી) પરિવહન દરમિયાન કાળજી રાખો આ પ્રકારની સૂચના સ્પષ્ટ દેખાય તેવી રીતે ખાનાની ઉપર ચોંટાડેલી અથવા છાપેલી હોવી જોઈએ.*

*(ડી) સ્વીકારનારને અગાઉથી ટ્રેન, વિમાનનો નંબર તથા પહોંચવાનો સમય અગાઉથી જણાવવાનો રહેશે.*

*(ઈ) મરઘાને એક સાથે ૬ કલાકથી વધારે મુસાફરી કરાવી શકાશે નહીં અને પ્રત્યેક છ કલાકના અંતે તેનું નિરીક્ષણ કરવાનું રહેશે.*

*(એફ) પરિવહન ૩૦ મિનિટથી વધારે સમય સ્થિર અવસ્થામાં રાખી શકાશે નહીં અને એ સમય દરમિયાન તેને છાયામાં રાખવું જોઈશે તેમજ પાણી તથા ખોરાકની પૂરતી વ્યવસ્થા કરવાની રહેશે.*

*(જી) આગ ન લાગે તેની આગોતરી કાળજી લેવાની રહેશે. તેમજ અગ્નિશામક સાધનોને પરિવહન દરમિયાન રાખવાનાં રહેશે.*

## પ્રકરણ - ૮

## ભૂંડનું રેલવે તથા માર્ગ દ્વારા પરિવહન

**૮૫. વ્યાખ્યા**

*આ પ્રકરણમાં જ્યાં સુધી વિરોધાભાસ ઊભો ન થાય ત્યાં સુધી ભૂંડમાં ભૂંડનાં બચ્ચાં, સૂવર, સૂવરનાં બચ્ચાં તથા ભૂંડ કુટુંબનાં પ્રાણીઓનો સમાવેશ થશે.*

**૮૬. પરિવહનનો સમયગાળો :-**

*(ભૂંડ (ડુક્કર) ની છ કલાકથી વધારેની રેલવે / માર્ગની મુસાફરી / પરિવહન માટે નિયમો ૮૭ થી ૯૫ લાગુ પડશે)*

**૮૭. તંદુરસ્તીનું પ્રમાણપત્ર**

*(૧) વેટરીનરી ડોક્ટરનું માન્ય તંદુરસ્તી અંગેનું પ્રમાણપત્ર હોવું જોઈએ કે જેમાં ભૂંડ (ડુક્કર) રેલવે માર્ગના પરિવહન માટે યોગ્ય તંદુરસ્તી ધરાવે છે તેમજ કોઈપણ પ્રકારના ચેપી કે ફેલાવો કરે તેવા રોગથી પીડાતા નથી.*

*(૨) પેટા નિયમો (૧) ની જોગવાઈ હેઠળના પ્રમાણપત્ર વિના લઈ જનાર વ્યક્તિ પરિવહન માટે સામાન સ્વીકારવાનો ઈન્કાર કરી શકશે.*

*(૩) પેટા નિયમ (૧) હેઠળ પ્રમાણપત્ર અનુસૂચિત કે જેમાં જણાવેલ નમૂના પ્રમાણે હશે.*

**૮૮. મોકલનાર અને સ્વીકારનારની ઓળખ**

*આ પ્રકારના હેતુ માટે*

*(એ) દરેક ખાના ઉપર મોટા લાલ અક્ષરોથી મોકલનાર તથા સ્વીકારનારનાં નામ તથા સરનામાં તેમજ ટેલિફોન નંબર (જો હોય તો) લખવાનાં રહેશે. તે ઉપરાંત ભૂંડ (ડુક્કર)નો પ્રકાર તેમજ તેમાં મૂકેલ ખોરાકનો જથ્થો પણ લખવાનો રહેશે.*

(બી) સ્વીકારનારને અગાઉથી ટ્રેન અથવા અન્ય વાહનનો સમય તથા નંબર જણાવવાના રહેશે.

(સી) ભૂંડ (ડુક્કર) ના ખાનાને પછીની ટ્રેન કે વાહનો માટે નોંધવામાં આરક્ષિત કરવામાં આવશે અને નોંધાઈ આરક્ષિત થઈને સ્વીકારાઈ ગયા પછી રોકી રાખવામાં આવશે નહીં.

**૮૯. પ્રાથમિક સારવાર :-**

ભૂંડના માર્ગ રેલવે દ્વારા પરિવહન માટે :-

(એ) પ્રાથમિક સારવારના સાધનોની ભૂંડ (ડુક્કર)ની સાથે જ રાખવામાં આવશે.

(બી) ભૂંડ (ડુક્કર)ને મૂકતી વખતે અને ઉતારતી વખતે યોગ્ય ઢાળ રાખવામાં આવશે.

(સી) રેલવે વેગનના કિસ્સામાં જ્યારે ભૂંડ (ડુક્કર)ને પ્લેટફોર્મ પર મૂકવાના કે ખાલી કરવાના હોય ત્યારે વેગનનો ખોલાયેલો દરવાજો ઢાળ તરીકે રહેશે.

**૯૦. ભૂંડનો સમૂહ ભૂંડના માર્ગ અથવા રેલવેથી પરિવહન માટે**

નર અને માદાને એક જ ડબ્બામાં રાખવામાં આવશે નહીં.

**૯૧. ખોરાક અને પાણીની વ્યવસ્થા :-**

ભૂંડ (ડુક્કર) રેલવે અથવા માર્ગ દ્વારા પરિવહન માટે પાણી અને ખોરાકની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે તેમજ સમગ્ર મુસાફરીના સમય દરમિયાન નિયમિત સમયે તે આપવાનું રહેશે.

**૯૨. મુસાફરી દરમિયાન જમીન પર થરની વ્યવસ્થા :-**

ભૂંડ (ડુક્કર)ના રેલવે / રોડના પરિવહન દરમિયાન જો પ્રાણી જમીન ઉપર સૂવે તો તેને ઈજા ન થાય તે માટે ૫ સે.મી. થી ઓછું જાડું નહીં તેનું થર કરવાનું રહેશે અને તે ઘાસનું હોવું જોઈએ.

**૯૩. પ્રાણીઓના બાંધવા પર પ્રતિબંધ :-**

ભૂંડના રેલ / રોડ પરના પરિવહન દરમિયાન પ્રાણીઓને જો તેઓનું કૂદી પડવાનું જોખમ ન હોય તો પગેથી બાંધવા નહીં.

**૯૪. રેલવેના પરિવહન દરમ્યાન જરૂરી જગ્યા :-**

પીગ્સના રેલવે દ્વારા પરિવહન માટે :-

(એ) નીચે જણાવેલ સંખ્યાથી વધારે સંખ્યાના પીગ્સ રેલવે વેગનમાં લઈ જઈ શકાશે નહીં.

**ટેબલ**

| બ્રોડગેજ<br>(૧) | મીટરગેજ<br>(૨) | | નેરોગેજ | નેરોગેજ |
|---|---|---|---|---|
| વેગનનું<br>ક્ષેત્રફળ ૨૧.૧<br>થી ઓછું ચોરસ<br>મીટર<br>પીગ્સની સંખ્યા<br>૩૫ | વેગનનું<br>ક્ષેત્રફળ ૨૧.૧<br>થી વધુ ચોરસ<br>મીટર<br>પીગ્સની સંખ્યા<br>૫૦ | વેગનનું<br>ક્ષેત્રફળ ૧૨.૫<br>થી ઓછું<br>ચોરસમીટર<br>પીગ્સની<br>સંખ્યા ૨૫ | વેગનનું<br>ક્ષેત્રફળ<br>૧૨.૫ થી<br>વધુ ચો.મી.<br>પીગ્સની<br>સંખ્યા ૩૦<br>(પરવાનગી<br>નથી) | પરવાનગી<br>નથી. |

*(બી) દરેક વેગનમાં પૂરતી હવા ઉજાસની વ્યવસ્થા કરવાની રહેશે. અને વેગનની ઉપરનો એક દરવાજો ખુલ્લો રાખવાનો રહેશે. તથા યોગ્ય રીતે ફિટ કરેલો હોવો જોઈશે. વેગનના ઉપરના દરવાજાને તારની જાળી હોવી જોઈશે કે જે ચુસ્ત રીતે વેલ્ડિંગ કરેલ હોય અને એન્જિન તરફથી આવતા ગરમ ધુમાડાને વેગનમાં આવતા રોકી શકે અને આગની પરિસ્થિતિ ઊભી થતાં રોકે.*

**૯૫. માર્ગ પરિવહન દરમિયાન જરૂરી જગ્યા :-**

*પીગ્સના માર્ગ દ્વારા પરિવહન માટે*

*(એ) જે વાહન ૫ થી ૪૫ ટનની ક્ષમતા ધરાવે છે અને સામાન્ય રીતે પ્રાણીઓના પરિવહન માટે વપરાય છે તેમાં ૨૦ થી વધારે પીગ્સ લઈ જઈ શકાશે નહીં.*

*(બી) મોટાં વાહનો અને ખાનાંઓના કિસ્સામાં દર બે થી ત્રણ મીટરના અંતરે આડશ કરવામાં આવશે કે જેથી અવ્યવસ્થા ન સર્જાય.*

*(સી) ૬ અઠવાડિયાંની ઉંમરના પીગ્સ માટે અલગ વ્યવસ્થા કરવી જોઈએ.*

## પ્રકરણ - ૯

## પ્રકીર્ણ

**૯૬. પરિવહન પહેલાં પ્રમાણપત્ર જારી કરવું.**

*(૧) અધિકારી અથવા વ્યક્તિ કે જે પ્રાણીઓના કલ્યાણ અર્થે કાર્ય કરતું મંડળ કે જેને ફક્ત આ જ હેતુઓ માટે એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા કે ભારત સરકારે માન્યતા આપી અને અધિકૃત કરેલ હોય અને તેણે પ્રમાણપત્ર આપેલ હોય કે પરિવહન પહેલાં પ્રાણીઓને લાગુ પડતા રાજ્ય સરકારના અને કેન્દ્ર સરકારના નિયમોની ચકાસણી કરી છે અને તે નિયમોનું પરિવહનના નિયમો સહિત પાલન થયેલ છે તથા તે કોઈપણ કાયદાના નિયમોની વિરુદ્ધમાં પરિવહન કરવામાં કશું જ થયેલ નથી તો તે પ્રમાણપત્ર માન્ય ગણાશે.*

*(૨) આ પ્રમાણપત્ર ન હોય તો સામાન લઈ જનાર લઈ જવાનો અસ્વીકાર કરી શકશે.*

*(૩) સમજૂતી આ નિયમોના હેતુ માટે કેન્દ્ર સરકારે માન્યતા આપી હોય તે પ્રકારના નમૂનામાં પ્રમાણપત્ર ભરી આપવાનું રહેશે.*

**૯૭. પરિવહનની પરવાનગી અથવા અધિકૃતતા રદ કરવી.**

*(૧) જો આ પ્રાણીઓના પરિવહનના કિસ્સામાં કોઈ નિયમોના ભંગ બાબતમાં કે આ નિયમોના કોઈપણ અધિકારીના કોઈ નિયમોના અમલ નહિ કરવાની બાબતમાં કે વ્યક્તિ કે પ્રાણીઓના કલ્યાણ અર્થે કાર્ય કરતું મંડળ કે જે કેન્દ્ર સરકાર અથવા એનિમલ વેલ્ફેર બોર્ડ દ્વારા અધિકૃત થયેલ છે આ અંગે લેખિતમાં ધ્યાન દોરે તો તાત્કાલિક પરિવહનની પરવાનગી / અધિકૃતતા રદ કરવામાં આવશે અને જે તે સત્તાધિકારી દ્વારા પોલીસની એ ફરજ ગણાશે કે તે જે તે સ્થળથી આગળ તરફનું પરિવહન (વચ્ચેથી પણ) અને આવો ગુનો કરનારની વિરુદ્ધમાં કાયદાકીય રીતે કાર્યવાહી કરવામાં આવશે અને તેવાં પ્રાણીઓની કાયદા મુજબની વ્યવસ્થા કરશે.*

*(૨) રેલવે વેગન ટ્રક કે અન્ય વાહન ખાલી કર્યા પછી પ્રાણીઓનો કબજો જો અધિકૃત એનિમલ વેલ્ફેર ઓર્ગેનાઈઝેશન હોય તો ત્યાં સુધી તેને સોંપવામાં આવશે કે જ્યાં સુધી હકૂમત ધરાવતા સક્ષમ અધિકારી કે મેજિસ્ટ્રેટ પ્રાણીની સંભાળ અને જાળવણી માટે કોઈ નિર્ણય ન કરે.*

**૯૮. પરિવહનની સામાન્ય શરતો :-**

*(૧) જે પ્રાણીઓને પરિવહન કરવાનાં છે તે તંદુરસ્ત અને સારી પરિસ્થિતિમાં હોવાં જોઈએ તથા વેટરીનરી કલેકટર દ્વારા તપાસેલ હોવાં જોઈએ કે તેઓ ચેપી રોગોથી મુક્ત છે અને મુસાફરી કરવા માટે યોગ્ય છે. આ સમયે મુસાફરી/પરિવહનનો પ્રકાર અને સમયગાળો ધ્યાનમાં લેવાનો રહેશે.*

*(૨) જે પ્રાણીઓ પરિવહન માટે અયોગ્ય હોય તેવાં અને જે તાજા જન્મેલાં, રોગી, અંધ, પાછલા ૭૨ કલાકમાં બચ્ચાને જન્મ આપવાની તૈયારીમાં હોય તેવા પ્રાણીઓનું પરિવહન કરી શકાશે નહીં.*

*(૩) ગર્ભધારણ કરેલ અને ખૂબ જ નાનાં પ્રાણીઓને બીજાં પ્રાણીઓની સાથે રાખવામાં આવશે નહીં.*

*(૪) અલગ અલગ વર્ગનાં પ્રાણીઓને પરિવહન દરમિયાન અલગ રાખવામાં આવશે.*

*(૫) રોગિષ્ટ પ્રાણીઓને જ્યારે સારવાર માટે પરિવહન ન કરવાનું હોય ત્યારે બીજાં પ્રાણીઓની સાથે મિશ્ર કરવામાં આવશે નહીં.*

*(૬) જોખમી પ્રાણીઓને પરિવહન માટે લોડિંગ કરતાં પહેલાં ઘેનની દવા આપવાની રહેશે.*

*પ્રાણીઓને તેમના બનાવેલા સમૂહની સાથે પરિવહન કરાવવામાં આવશે કે જેની રચના ઓછામાં ઓછી એક અઠવાડિયા અગાઉ થયેલી હોવી જોઈએ.*

**3 yk rlk{ku{kt ylkwMq[ "si' Ã}Ae lke[u sÃkÚ ylkwMq[ik**
**W[ulk{kt ykÔu su{ fu,**

**અનુસૂચિ - કે**

**(જુઓ નિયમ ૮૭ (૩)**

*મુસાફરી / પરિવહન કરનાર પીગ્સની યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર*

*(આ પ્રમાણપત્ર વેટરીનરી ડોક્ટરે સહી કરેલ હોવું જોઈશે.)*

*પરીક્ષણની તારીખ અને સમય :-*

*પ્રાણીની જાતિ :-*

*પ્રાણીઓની સંખ્યા :-*

*જાતિ :-*

*ઉંમર :-*

*આથી હું પ્રમાણિત કરું છું કે મેં પ્રાણીઓના પરિવહનના નિયમો ૧૯૭૮ પ્રકરણ ૮ નિયમો ૮૬ થી ૯૫ વાંચ્યા છે.*

*(૧) આથી પ્રાણીઓને લઈ જનાર શ્રી................................ ની વિનંતીથી મેં ઉપર જણાવેલ પ્રાણીઓને તેમના રવાના થવાના ૧૨ કલાક પહેલાં તપાસ્યાં છે.*

*(૨) તેઓ દરેક યોગ્ય પરિસ્થિતિમાં રેલવે / માર્ગ / દરિયાથી પરિવહન કરી શકવાની સ્થિતિમાં છે અને એક પણ રોગ કે ચેપી રોગનું ચિહ્ન દર્શાવતા નથી અને ચેપી અને ફેલાઈ શકે તેવા રોગ સામે તેમને રસીકરણ કરવામાં આવેલ છે.*

• • •

## «kýeykuLke nuhVuh ytøkuLkk rLkP{ku, 2009

1. (૧) આ નિયમોને પ્રાણીઓનું પરિવહન (સુધારા) નિયમો, ૨૦૦૯ કહેવાશે.
   (૨) તેઓ રાજ્યપત્રમાં પ્રસિદ્ધની તારીખથી અમલમાં આવ્યા ગણાશે.

2. પ્રાણીઓના પરિવહન નિયમો, ૧૯૭૮ (હવે પછી તેમને નિયમો તરીકે સંબોધવામાં આવશે) તેમાં નિયમ ૫૦ માટે, નીચે પ્રમાણે નિયમ-૫૦ નો ફેરફાર કરવામાં આવ્યો છે.

   "૫૦. રેલવેના વેગન કે વાહનમાં દરેક પ્રાણીદીઠ સરેરાશ જગ્યા નીચે પ્રમાણે કોષ્ટક-૧ અને કોષ્ટક-૨ માં જણાવેલ છે."

**કોષ્ટક-૧**

**દરેક પ્રાણીદીઠ જગ્યાની ફાળવણી**

| | |
|---|---|
| પ્રાણી ૨૦૦ કિ.ગ્રા. સુધીના વજનનું | ૧ ચોરસ મીટર |
| ૨૦૦-૩૦૦ કિ.ગ્રા. વજનનું પ્રાણી | ૧.૨૦ ચો.મીટર |
| ૩૦૦-૪૦૦ કિ.ગ્રા. વજનનું પ્રાણી | ૧.૪૦ ચો. મીટર |
| ૪૦૦ કિ.ગ્રા. ઉપરના વજનનું પ્રાણી | ૨.૦ ચો. મીટર |

**કોષ્ટક -૨**

| | | | પ્રાણીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| વાહનનું માપ લંબાઈX પહોળાઈ ચો. મીટર | વાહનનો જમીન સપાટીનો વિસ્તાર ચો. મીટર | ૨૦૦ કિ.ગ્રા. સુધીના વજનનું પ્રાણી (૧ ચો.મી. જગ્યા દરેક પ્રાણીદીઠ) | ૨૦૦-૩૦૦ કિ.ગ્રા. સુધીના વજનનું પ્રાણી (૧.૨૦ ચો.મી. દરેક પ્રાણીદીઠ) | ૩૦૦-૪૦૦ કિ.ગ્રા. વજનનું પ્રાણી (૧.૪૦ ચો.મી. દરેક પ્રાણીદીઠ) | ૪૦૦ કિ.ગ્રા. વજનનું પ્રાણી (૨.૦ ચો.મી. દરેક પ્રાણી દીઠ) |
| ૬.૯X ૨.૪ | ૧૬.૫૬ | ૧૬ | ૧૪ | ૧૨ | ૮ |
| ૫.૬X ૨.૩ | ૧૨.૮૮ | ૧૨ | ૧૦ | ૮ | ૮ |
| ૪.૧૬X ૧.૯ | ૭.૯૦૪ | ૮ | ૬ | ૬ | ૪ |
| ૨.૯X ૧.૮૯ | ૫.૪૮૧ | ૫ | ૪ | ૪ | ૨ |

3 આ નિયમોમાં નિયમ ૫૮ માં નોંધ (સી) પછી નીચે પ્રમાણે નોંધ ઉમેરવામાં આવશે જેમ કે,

| ઘોડાઓ | ચો. મીટરમાં જગ્યા |
|---|---|
| સંકરણ માટેના ઘોડાઓ | ૨.૨૫ |
| મેર (ઘોડાઓ પ્રકાર) (ગર્ભ હોય તેવા સમાવિષ્ટ) | ૨ |
| નાનો ઘોડો | ૧.૫ |
| ૬ મહિનાથી ૧૨ મહિના | ૧.૪ |
| ૧૨ મહિનાથી ૧૮ મહિના | ૧.૬ |
| ૧૮ મહિનાથી ઉપર અને ૨ વર્ષ સુધી | ૨ |
| ઘોડા (મેર પગમાં ખરી સાથે (૬ મહિના સુધી) | ૨.૨૫ |

4 આ નિયમોમાં નિયમ ૭૩માં "ઘેટાં માટે" શબ્દ પછી નીચે પ્રમાણે ઉમેરવામાં આવશે જેમ કે,
"અને બકરાંઓનું પરિવહન રેલવે /માર્ગ દ્વારા નીચે પ્રમાણે કરવામાં આવશે."
ઘેટાં અને બકરાં : રેલ/માર્ગ દ્વારા પરિવહન વખતે જગ્યાની જરૂરિયાત.

| | ચોરસમીટરમાં જગ્યાની જરૂરિયાત | |
|---|---|---|
| પ્રાણીનું સરેરાશ વજન કિલોગ્રામમાં | ઊનવાળાં | સાદાં |
| ૨૦ થી વધુ નહીં. | ૦.૧૭ | ૦.૧૬ |
| ૨૦ થી વધુ પરંતુ ૨૫ થી વધુ નહીં. | ૦.૧૯ | ૦.૧૮ |
| ૨૫ થી વધુ પરંતુ ૩૦ થી વધુ નહીં | ૦.૨૩ | ૦.૨૨ |
| ૩૦ થી વધુ પરંતુ ૪૦ થી વધુ નહીં | ૦.૨૭ | ૦.૨૫ |
| ૪૦ થી વધુ | ૦.૩૨ | ૦.૨૯ |

5 આ નિયમોમાં નિયમ-૯૪ માં, પેટા-નિયમ (અ) પછી, કોષ્ટક (ટેબલ)માં હરોળ-૧માં બ્રોડગેજના મથાળા હેઠળ નોંધ માટે, નીચે પ્રમાણે નોંધ ઉમેરવામાં આવશે.

| બ્રોડગેજ |
|---|
| "વેગનનું ક્ષેત્રફળ બીપીયુ ૬૩.૫ ચો. મીટર જમીનના વિસ્તારના ક્ષેત્રફળનું ડુક્કરની સંખ્યા - ૧૦૪ (દરેક ડુક્કર દીઠ ૦.૬૧ ચો. મીટર" |

6 આ નિયમોમાં નિયમ-૯૫માં પદ (અ) માટે નીચે પ્રમાણે પદ મૂકવામાં આવશે.

જેમ કે,

"(અ) એક જ સરખા માપવાળા માર્ગીય વાહન માટે મહત્તમ ડુક્કરની પરવાનગી."

| | | એક જ સરખા માપવાળા માર્ગીય વાહન માટે મહત્તમ ડુક્કરની પરવાનગી | | | |
|---|---|---|---|---|---|
| અનુક્રમ નંબર | પ્રાણીનો પ્રકાર | વાહનનું માપ ૩.૦૩ મી ૨.૧૮ મી. | વાહનનું માપ ૫.૬ મી. X ૨.૩૫ મી. | વાહનનું માપ ૫.૧૫ મી. X ૨.૧૮ મી. | વાહનનું માપ ૨.૯ મી. X ૨.૦ મી. |
| ૧. | બાળ | ૨૨ | ૪૩ | ૩૭ | ૧૯ |
| ૨. | પુખ્ત ન હોય તેવું | ૧૫ | ૩૧ | ૨૬ | ૧૩ |
| ૩. | પુખ્ત | ૧૦ | ૨૧ | ૧૮ | ૯ |

નોંધ : ડુક્કરના તમામ પ્રકારના સંકરણ ઉંમર અને જાતિ માટે નીચે પ્રમાણે જગ્યાની વ્યવસ્થા અમલમાં રહેશે.

(અ) બાળ : જે ડુક્કરનું બચ્ચું માતાથી પોષણ માટે (સ્વતંત્ર) થયું હોય અને સામાન્ય રીતે વજન ૧૨ કિ.ગ્રા. - ૧૫ કિ.ગ્રા. હોય.

(બ) પુખ્ત ન હોય તેવું :

નર અથવા માદા ડુક્કર કે જે ૩ થી ૬ મહિનાની ઉંમરનું હોય અને સામાન્ય રીતે વજન ૧૫ કિ.ગ્રા. - ૫૦ કિ.ગ્રા. હોય.

• • •

## પ્રાણી ક્રૂરતા નિવારણ (પ્રાણીઓને પકડવા અંગેના) નિયમો, ૧૯૭૯

## રજી. નંબર ૧૦૫૬ તા. ૧૩મી માર્ચ, ૧૯૭૯

*આ પ્રાણી ક્રૂરતા નિવારણ (પ્રાણીઓને પકડવા અંગેના) નિયમો, ૧૯૭૮નો ખરડો પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯મો કાયદો) ની કલમ ૩૮, પેટા-કલમ (૨) ના પેટા-ખંડ(i) ની જરૂરિયાત મુજબ કેન્દ્ર સરકારના ૧૩મી જાન્યુઆરી, ૧૯૭૯ને દિને પ્રકાશિત ગેઝેટના ભાગ-(૨) વિભાગ (૩) પેટા-વિભાગ (ii) ના ૧૩૯ તથા ૧૪૦ મા પાના પર પ્રગટ થયો છે, જે કેન્દ્ર સરકારના ખેતીવાડી અને સિંચાઈ મંત્રાલય (કૃષિખાતું) ના ૩૦ ડિસેમ્બર, ૧૯૭૮ની અધિસૂચના નંબર ૧૪-૧૯/૭૬ LDI પ્રમાણે છે, અને આ કાયદાની જેને અસર પહોંચે તેવી વ્યક્તિઓ પાસેથી વાંધા કે સૂચનો ઉપરોક્ત અધિસૂચના જાહેર કર્યાની તારીખથી ૪૫ દિવસની અંદર મંગાવવામાં આવેલ હતા.*

*અને ઉપરોક્ત ગેઝેટ જાહેર જનતાને ૧૩મી જાન્યુઆરી ૧૯૭૯એ મળે તેમ કરવામાં આવ્યું હતું.*

*અને, જાહેર જનતા તરફથી ઉપરોક્ત ખરડા વિરુદ્ધ કોઈ વાંધા કે સૂચનો સરકારને મળ્યા ન હતા.*

*તેથી, હવે પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯મો કાયદો)ની કલમ ૩૮ ની પેટા કલમ (૨) ના પેટા ખંડ(આઈ) માં આપવામાં આવેલ સત્તાનો ઉપયોગ કરી કેન્દ્ર સરકાર આથી નીચેના નિયમો ઘડે છે;*

**૧. ટૂંકું શીર્ષક અને શરૂઆત :**

(i) *આ નિયમોને પ્રાણી ક્રૂરતા નિવારણ (પ્રાણીઓને પકડવા અંગેના) નિયમો, ૧૯૭૯ કહેવાશે.*

(ii) *સરકારી ગેઝેટમાં પ્રકાશિત થયાની તારીખથી આ નિયમો લાગુ પાડવામાં આવશે.*

**૨. પક્ષીઓને પકડવા બાબત :**

*વેચાણ, નિકાસ કે અન્ય કોઈ હેતુ માટે કોઈપણ પક્ષીને જાળ વગર પકડી શકાશે નહિ.*

**સ્પષ્ટતા (ખુલાસો) :** *પક્ષીને પકડવા જાળ પદ્ધતિનો ઉપયોગ ત્યારે થયો ગણાશે જ્યારે તેમાં એવી જાળનો ઉપયોગ કરાયો હોય, જે જાળ કાંતેલ દોરાનું બનેલું હોય અને તે દોરો સુંવાળો, વીંટી શકાય તેવો અને પૂરતા પ્રમાણમાં મજબૂત હોય, તે સૂતરનો, શણનો અથવા તો કોઈ સિન્થેટિક તાંતણાનો બનેલો હોય અને એવી રીતે વણેલો હોય કે જેથી જાળ એવી યોગ્ય સાઈઝની બને કે કોઈપણ જાતની ઈજા પક્ષીને થાય નહિ.*

**૩. અન્ય પ્રાણીઓને પકડવા માટે :**

*(૧) કોઈપણ પ્રાણી વેચાણ, નિકાસ અથવા તો કોઈ અન્ય હેતુ માટે કોથળા અને ફાંસલા પદ્ધતિ સિવાયની રીતે પકડવા નહિ.*

**ખુલાસો :** *જો કોઈ પ્રાણી તેના કદ, સ્વભાવ કે અન્ય કારણો કે સંજોગોના કારણે, કોથળા અને ફાંસલાની પદ્ધતિએ પકડી ન શકાય તો તેને ટ્રાન્કવીલાઈઝર (સુષુપ્ત કરી દે તેવી) ગન અથવા તો અન્ય પદ્ધતિથી પકડવા, કે જેથી પકડતાં પહેલાં તે પ્રાણી પીડા-શૂન્ય થઈ જાય.*

*(૨) આ નિયમ પક્ષીઓને પકડવામાં લાગુ પડશે નહિ.*

**ખુલાસો :** *જો કોઈ પશુને પકડવા માટે નીચેનું સાધન વપરાય તો તે પ્રાણી કોથળા અને ફાંસલાની પદ્ધતિથી પકડાયેલ ગણાશે, જેમ કે; કોથળાના રૂપમાં મજબૂત કેનવાસ (જાડું કાપડ) કે જેની લંબાઈ ૯૨ સે.મી. હોય અને જેનો વ્યાસ ૧૩૮ સે.મી. હોય, જેમાં સુંવાળું દોરડું પરોવેલું હશે જે ૫.૫ મીટરથી ઓછું લાંબું નહીં હોય અને તે ૪ સે.મી. વ્યાસની દસ કે વધુ રિંગમાંથી પસાર થતું હશે અને તે દોરડાનો છેડો ખુલ્લો હશે અને આમ તેનું રૂપ ફાંસલા* (Loop) *જેવું હશે. પકડાય ત્યારે પ્રાણીથી શ્વાસ લઈ શકાય તે માટે કોથળામાં યોગ્ય સ્થળે નાનાં નાનાં કાણાં હશે અને કોથળો તેના પર ફેંકીને પ્રાણીને પકડવું અને પછી ફાંસલો* (Loop) *ખેંચીને પકડી લેવું.*

*(ગેઝેટ ઓફ ઈન્ડિયા, ૧૯૭૯, ભાગ-૨, સેકશન ૩* (ii) *પાનું ૮૩૫, ખેતીવાડી અને સિંચાઈ મંત્રાલય દ્વારા પ્રકાશિત અધિસૂચના ક્રમાંક ૧૪-૧૯/૭૬-એલડીઆઈ).*

• • •

# પ્રાણીઓની પ્રજોત્પત્તિ (સંકરણ) અને પ્રયોગો માટેના નિયમો ૧૯૯૮

## સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય

### જાહેરનામું

સ્થાયી હુકમો - ૧૦૭૪ - કે જેમાં ભારતનું સરકારના અસાધારણ રાજ્ય પત્ર ભાગ-૨માં કલમ-૩૧ પેટા કલમ-૨ અન્વયે પર્યાવરણ અને વન મંત્રાલય અને પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ (૧૯૬૦ નો ૫૯મો) ની કલમ-૧૭ ની પેટા કલમ-૧ અન્વયેની જરૂરિયાતો પ્રમાણે પ્રાણીઓના સંકરણ તથા તેમના પર પ્રયોગો (નિયંત્રણ અને નિરીક્ષણ) નિયમો - ૧૯૯૮ અન્વયે સ્થાયી હુકમો - ૭૮૯ (ઈ) તા. ૮ સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ જાહેરનામા દ્વારા મુસદ્દો પ્રકાશિત કરવામાં આવ્યો અને તેના દ્વારા અસર થાય તેમ હોય તેવી વ્યક્તિઓ પાસેથી રાજ્યપત્રની નકલ પ્રાપ્ત થાય ત્યારથી ૩૦ દિવસની મુદત વીતી જાય તે પહેલાં વાંધા મંગાવવામાં આવ્યા.

રાજ્યપત્રની નકલ જાહેર જનતાને ૮ સપ્ટેમ્બર ૧૯૯૮ થી પ્રાપ્ય કરવામાં આવી.

અને જે વાંધાઓ / સૂચનો નિયમોના મુસદ્દાના સંદર્ભમાં આવ્યા, તેને સમિતિ દ્વારા પ્રાણીઓ પર થતા પ્રયોગોના નિયંત્રણ અને નિરીક્ષણ બાબતે ધ્યાનથી વિચારણામાં લેવામાં આવ્યા.

તેથી પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ (૧૯૬૦ નો ૫૯મો) ની કલમ-૧૭ ની પેટા કલમ-૧, ૧-એ અને ૨ અન્વયે પ્રાણીઓ પરના પ્રયોગો માટે નિયંત્રણ અને નિરીક્ષણ માટેની સમિતિએ નીચે પ્રમાણે નિયમો બનાવ્યા જેમ કે,

**૧. ટૂંકું નામ અને શરૂઆત :**

(૧) આ નિયમો પ્રાણીઓના સંકરણ અને પ્રયોગો માટેના નિયમો (નિયંત્રણ અને નિરીક્ષણ) નિયમો ૧૯૯૮ કહેવાશે.

(૨) તેમનો અમલ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી થયેલો ગણાશે.

**૨. વ્યાખ્યા :-**

આ નિયમોમાં જ્યાં સુધી બીજો સંદર્ભ જરૂરી ન હોય ત્યાં સુધી :

(એ) "કાયદો" એટલે પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા પ્રતિબંધક ધારો, ૧૯૬૦ (૧૯૬૦ નો ૫૯મો)

(બી) "ઉછેર કરનાર" માં વ્યક્તિ સહિત સંસ્થાનો પણ સમાવેશ થાય છે કે જે બીજી અધિકૃત સંસ્થાને પ્રયોગો કરવા માટે પ્રાણીઓનું હસ્તાંતરણ કરે છે.

(સી) "સમિતિ" એટલે કાયદાની કલમ-૧૫ હેઠળ પ્રાણીઓ પર થતા પ્રયોગોના નિયંત્રણ અને નિરીક્ષણ માટેની સમિતિ.

(ડી) "જાહેર સંસ્થા" એટલે કોઈપણ વ્યક્તિગત, કંપની, પેઢી, કોર્પોરેશન, સંસ્થા કે જે ઉચ્ચતર માધ્યમિક શાળા સિવાયની હોય અને પ્રાણીઓ પર પ્રયોગો કરતી હોય.

(ઈ) "પ્રયોગો" એટલે પ્રાણી / પ્રાણીઓ પરની કોઈપણ કાર્યક્રમ / યોજના કે જે શરીર રચનાની નવી શોધના જ્ઞાન માટે ઉપયોગી હોય અને જે માનવ કે પ્રાણીઓની જિંદગી બચાવવા કે લંબાવવા માટે કે પીડા ઓછી કરવા માટે કે કોઈપણ રોગનો પ્રતિકાર કરવા માટે ઉપયોગી હોય.

(એફ) "પ્રાણીઓ માટે સંસ્થાકીય નીતિમત્તા સમિતિ" એટલે કે સમિતિ દ્વારા ઓળખાતા અને નોંધાયેલા એવા લોકોનો સમૂહ કે જે સમિતિની કાર્યપ્રવૃત્તિ અનુસાર રચના થયેલ અને તે અનુસાર પ્રાણીઓ પર થતા પ્રયોગોનું નિયંત્રણ અને નિરીક્ષણ કરનાર સમિતિ.

(જી) "સંયુક્ત સંશોધન" એટલે કે એવું સંશોધન કે જે બે સંશોધન સંસ્થાઓ દ્વારા એક જ મુદ્દા પર હાથ ધરાયેલ હોય અને તેમાં કોઈપણ નાણાકીય બાબતનો સમાવેશ ન હોય તથા તેનો હેતુ ફક્ત આધુનિક વૈજ્ઞાનિક શોધનો અને માનવ કલ્યાણનો હોય.

(એચ) "નિશ્ચિત (નિયત) નમૂનો" એટલે કે સમિતિ દ્વારા સમયાંતરે નક્કી થયેલો નમૂનો.

**૩. પ્રાણીઓનું સંકરણ :-**

(એ) કોઈપણ જાહેર સંસ્થા પ્રાણીઓના સંકરણ માટેનો વ્યાપાર કે પ્રાણીઓનો વ્યાપાર પ્રયોગો માટેથી કરી શકશે નહીં સિવાય કે તે નોંધાયેલ હોય.

(બી) દરેક સંકરણકાર / જાહેર સંસ્થા કે જે પ્રાણીઓના સંકરણ માટેનો વ્યાપાર કરતા હોય કે પ્રાણીઓનો વ્યાપાર કરતા હોય તે આ નિયમોના અમલથી ૬૦ દિવસની અંદર જ નોંધણી માટેની અરજી કરવાની રહેશે અને જો નોંધણી સમિતિ દ્વારા રદ કરવામાં આવે તો પ્રાણીઓનું સંકરણ બંધ કરવાનું રહેશે.

**૪. જાહેર સંસ્થાની નોંધણી :-**

(એ) કોઈપણ જાહેર સંસ્થા પ્રાણીઓ ઉપર પ્રયોગો કરી શકશે નહીં સિવાય કે નોંધાયેલ હોય.

(બી) જે જાહેર સંસ્થાઓ પ્રાણીઓ ઉપર પ્રયોગો કરતી હોય તેમણે આ નિયમોના અમલથી ૬૦ દિવસની અંદર જ નોંધણી માટેની અરજી કરવાની રહેશે અને જો નોંધણી સમિતિ દ્વારા રદ કરવામાં આવે તો પ્રાણીઓ પર પ્રયોગો બંધ કરવાના રહેશે.

**૫. નોંધણી માટેની અરજી :-**

(એ) સંકરણકાર દ્વારા નોંધણી માટેની અરજી નિયમ-૩ના પેટા નિયમ-બી તથા જાહેર સંસ્થા દ્વારા નિયમ-૪ના પેટા નિયમ-બી દ્વારા નિયત નમૂનામાં સમિતિ દ્વારા નિમાયેલ સભ્ય સચિવ કે અન્ય અધિકૃત ઠરાવેલ અધિકારીને કરવાની રહેશે.

(બી) સભ્ય સચિવ અથવા સમિતિના અધિકૃત કરેલ અધિકારી નોંધણીના મુદ્દા બાબતે જ્યાં પ્રયોગો કરવાના છે તે મકાન બાબતની જાણકારી, પ્રાણીઓના રહેણાંકની સગવડ, પ્રાણીઓના સંકરણ બાબતની વિગત, અને તેનો વ્યાપાર, તે ઉપરાંત પ્રાણીઓની જાળવણી બાબતે તાલીમ પામેલા માણસોની પ્રાપ્યતા તથા નોંધણી બાબતની અરજીમાં જણાવેલ હકીકતોની ચકાસણી કરશે અને જો સંતુષ્ટ થાય તો, તે જાહેર સંસ્થા કે સંકરણકારની નોંધણી કરશે.

(સી) સંકરણકાર કે જાહેર સંસ્થા પ્રાણીઓ પર પ્રયોગો કરવાના હેતુથી, સભ્ય સચિવ કે સમિતિ દ્વારા અધિકૃત કરેલ કોઈપણ અધિકારી દ્વારા નોંધણીના સમયે નિશ્ચિત કરાયેલ શરતોનું પાલન કરશે.

**૬. કરવામાં આવેલ પ્રયોગોની વિગતો :-**

(એ) દરેક નોંધાયેલ જાહેર સંસ્થા નિયત નમૂના પ્રમાણે નોંધણી પત્રક રાખશે અને તેમાં કોઈપણ પ્રકારના પ્રયોગો માટે ઉપયોગમાં લેવાતા પ્રાણીઓની સંપૂર્ણ વિગતો પ્રાણીનું આરોગ્ય

કરવામાં આવનાર પ્રયોગનો પ્રકાર અને ખાસ પ્રકારની જાતિ ઉપર કરવામાં આવતા પ્રયોગોનાં કારણોની સંપૂર્ણ વિગતો રાખશે.

(બી) સમિતિ દ્વારા નિમાયેલ સભ્ય સચિવ કે અધિકૃત કરાયેલ અધિકારી આ બાબતમાં નોંધણી પત્રકની ચકાસણી કરી શકશે અને જો તેમાં સુધારાની તક આપવા છતાં સંતુષ્ટ ન થાય તો સદર બાબત, નિર્દેશનો માગવા માટે સમતિના ધ્યાન પર મૂકી શકશે.

**૭. પ્રાણીઓનો જથ્થો :-**

સંકરણકાર અને જાહેર સંસ્થા દ્વારા પ્રાણીઓનો નીચે પ્રમાણેની રીતે જથ્થો રાખવામાં આવશે.

(એ) પ્રાણીઓને રાખવાનાં સ્થાન શાંત વાતાવરણમાં અને વાહન વ્યવહાર ન હોય તેવી રીતે હોવાં જોઈએ અને તે સ્થાન સુઘડ, જંતુમુક્ત અને અનાવૃષ્ટિ કે આબોહવાની વિષમતાઓથી રક્ષણ થાય તેવાં હોવાં જોઈએ.

(બી) નાનાં પ્રાણીઓ માટે પાંજરા તથા મોટાં પ્રાણીઓ માટે તબેલાઓ એવા પ્રકારના હોવા જોઈએ કે પ્રાણીઓ તેમાં અનુકૂળતાથી રહી શકે તથા ભીડ ટાળી શકાય.

(સી) ભારતીય ધારાધોરણ સંસ્થાને (ઈન્ડિયન સ્ટાર્ન્ડ ઈન્સ્ટિટ્યુશન) નક્કી કરેલાં ધારાધોરણો પાંજરાઓ કે તબેલાઓ માટે નક્કી કર્યા પ્રમાણે રહેશે.

(ડી) પ્રાણીઓને સાચવનારા સેવકો તાલીમ પામેલા અને તેમને સોંપવામાં આવેલી ફરજો નિભાવી શકે તેવા હોવા જોઈએ.

(ઈ) પ્રાણીઓની પ્રયોગો પહેલાં અને પછી તાલીમ પામેલા સેવક દ્વારા સંભાળ લેવાવી જોઈએ.

(એફ) કાર્યકાળના કલાકો બાદ તથા રજાના દિવસે પ્રાણીઓની સંભાળ રાખવા માટે સંતોષકારક વ્યવસ્થા કરવાની રહેશે.

**૮. પ્રયોગો કરવા માટે સમિતિની જરૂરી પરવાનગી :-**

(એ) પ્રત્યેક નોંધાયેલ જાહેર સંસ્થા પ્રાણીને મેળવતાં પહેલાં કે પ્રાણી કે પ્રાણીઓ ઉપર પ્રયોગો કરતાં પહેલાં પરવાનગી માટે સમિતિ કે ઈન્સ્ટિટ્યુશનલ એનિમલ્સ એથીક્સ કમિટી (પ્રાણીઓ માટે સંસ્થાકીય નીતિમત્તા સમિતિ) ને પરવાનગી બાબતે જરૂરી વિગતો સાથે નિયત નમૂનામાં સભ્ય સચિવ કે ઈન્સ્ટિટ્યુશનલ એનિમલ એથીક્સ કમિટીને જે તે કિસ્સા પ્રમાણે અરજી કરશે.

(બી) સમિતિના સભ્ય સચિવ કે ઈન્સ્ટિટ્યુશનલ એનિમલ્સ એથીક્સ કમિટી પરવાનગીના માટે આવેલી અરજી સમિતિ / ઈન્સ્ટિટ્યુશનલ એનિમલ્સ એથીક્સ કમિટી સમક્ષ જે તે કિસ્સા પ્રમાણે મૂકશે અને સમિતિ / ઈન્સ્ટિટ્યુશનલ એનિમલ્સ એથીક્સ કમિટી અરજીની ચકાસણી કર્યા બાદ જો સંતુષ્ટ થાય તો જાહેર સંસ્થાને પ્રાણીઓના જાતિ અને તેની સંખ્યા પ્રમાણે પ્રયોગો મેળવવા માટે મંજૂરી આપી શકશે.

(સી) સમિતિ કે ઈન્સ્ટિટ્યુશનલ એનિમલ્સ એથીક્સ કમિટી, જે - તે કિસ્સા પ્રમાણે પરવાનગી આપતી વખતે પ્રાણીઓ ઉપર જ્યારે પ્રયોગો કરવામાં આવે તે પહેલાં, દરમિયાન અને પ્રયોગો થઈ ગયા પછી બિનજરૂરી પીડા અને વેદના ન થાય તે માટે શરતો મૂકી શકશે.

(ડી) જે પ્રયોગો માટે મંજૂરી આપવામાં આવી હોય તે પ્રયોગો પૂરા થયા પછી તેની વિગતો જે જાહેર સંસ્થા કોઈ વ્યક્તિ કે જેવો પ્રાણી ઉપર પ્રયોગો કર્યા હોય તે અને ઈન્સ્ટિટ્યુશનલ એનિમલ્સ એથીક્સ કમિટીએ તેની વિગતો સમિતિને મોકલવી જરૂરી છે.

**૯. પ્રયોગોનું પરિણામ :-**

પ્રાણીઓ ઉપર પ્રયોગો કરવા માટે નીચે જણાવેલી શરતો રહેશે, જેવી કે,

(એ) કરવામાં આવતા દરેક પ્રયોગ આ બાબતમાં લાયકાત ધરાવતી હોય તેવી વ્યક્તિ દ્વારા જ અને તેના નિરીક્ષણ નીચે પ્રયોગો થવા જોઈએ એટલે કે સરકારશ્રી દ્વારા માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી કે સંસ્થામાં પશુ ચિકિત્સા વિજ્ઞાનમાં પદવી કે પ્રમાણપત્ર ધરાવતા હોય કે ઔષધ વિજ્ઞાન કે લેબોરેટરી એનિમલ સાયન્સ (પ્રાણીઓ બાબતનું પ્રયોગશાળા વિજ્ઞાન) ધરાવતા હોય તેમને આ હેતુ માટે અને તે વાતની જવાબદારી હેઠળ પ્રયોગ કરવા લેવામાં આવશે.

(બી) પ્રયોગો પૂરતી કાળજી અને માનવતાથી કરવા જોઈએ.

(સી) જે પ્રાણીઓ ઉપર પ્રયોગો કરવામાં આવે તેના પરિણામ ઉપર પ્રયોગો પહેલાં અને પછી યોગ્ય રીતે ધ્યાન આપવું જોઈએ.

(ડી) પ્રાણીઓ ઉપર થતી વાઢકાપની પ્રક્રિયા એ સાદા રસીકરણ રોગ પ્રતિબંધક (સી) કે કૃત્રિમ રસીકરણ કરતાં વધારે તીવ્રતાવાળી છે. અને તે પ્રાણીને દર્દ ઓછું થાય તે માટે એનેસ્થેટીસ્ટની હાજરીમાં કરવી જોઈએ અને તેમની હાજરી સમગ્ર પ્રયોગ દરમિયાન રહેવી જોઈએ. એનેસ્થેસિયાનો ઉપયોગ, એનેસ્થેસિયાની તાલીમ પામેલા પશુચિકિત્સક નિષ્ણાત (વેટરનરી સર્જન) દ્વારા અથવા આ હેતુ માટે તાલીમ પામેલા વૈજ્ઞાનિક / એનેસ્થેસિયન કે જે પ્રયોગ પૂરો થાય ત્યાં સુધી પ્રાણીની પાસે રહે તેમની હાજરીમાં જ કરવો જોઈએ.

(ઈ) પ્રયોગો એનેસ્થેટીસ્ટની દેખરેખ હેઠળ જ કરવાના રહેશે અને ઈજા પામેલાં પ્રાણીઓને કે જેમનું સાજા થવું એ ખૂબ જ દર્દ થાય તેમ હોય તો તેમનો એનેસ્થેટીસ્ટની દેખરેખ હેઠળ જ માનવતાપૂર્ણ રીતે નાશ કરવો. / મૃત્યુ નિપજાવવું.

(એફ) જ્યારે એવું માનવાને કારણ હોય કે પ્રયોગો દરમિયાન પ્રાણીને અસામાન્ય પીડા અને ખૂબ જ દર્દ થઈ રહ્યાં છે. તો પ્રયોગો આગળ વધાર્યા વગર જ પ્રયોગના એ જ તબક્કે પ્રાણીનો નાશ કરવો.

(જી) પ્રયોગોને શાળા, કૉલેજો અને પ્રતિષ્ઠિત તાલીમ સંસ્થાઓ સિવાય પોતાનું કૌશલ્ય મેળવવા કે જાળવી રાખવા માટે કરવા દેવામાં આવશે નહીં.

(એચ) ઉદાહરણ માટે પ્રયોગો કરવામાં આવશે નહીં.

(આઈ) જાહેર નિદર્શન માટે પ્રયોગો કરવામાં આવશે નહીં.

(જે) યુરારી કે ક્યુરારી તરીકે ઓળખાતા પદાર્થો કે શરીરને જકડી રાખે તેવા કે ભાન ગુમાવી દેવાય તેવા પદાર્થોનો સમૂહમાં કોઈપણ પ્રયોગો માટે ઉપયોગ પૂરતા જ્ઞાનવાળા એનેસ્થેટીસ્ટ સિવાય કરાશે નહીં.

(કે) અગાઉ જે પ્રયોગ કરવામાં આવી ગયો હોય, તેનું કોઈપણ પ્રકારના પૂરતા ખુલાસા વગર પુનરાવર્તન કરવામાં આવશે નહીં.

(એલ) પ્રયોગો દરમિયાન કોઈપણ રાસાયણિક પદાર્થના શોષણ માટે પ્રાણીને દર્દ આપવા માટે આંખની કીકી કે પડદા દ્વારા આપવામાં આવશે નહીં.

(એમ) પ્રયોગોના હેતુથી કૂતરાંને ભસતાં બંધ કરવામાં આવશે નહીં.

(એન) જ્યારે કોઈ સંસ્થામાં પ્રયોગો કરવામાં આવે ત્યારે તેની જવાબદારી જે વ્યક્તિ સંસ્થા સંભાળતી હોય તેની હોય છે. જ્યારે પ્રયોગોની બાબતમાં લાયકાત ધરાવતી વ્યક્તિ, વ્યક્તિગત રીતે પ્રયોગો કરે ત્યારે તે તેની પોતાની જવાબદારી હોય છે.

**૧૦. પ્રયોગો માટે પ્રાણીઓનું પરિવહન અને પ્રાપ્યતા :-**

(એ) સંકરણકાર કોઈપણ પ્રાણીને વેચાણ કે બીજી કોઈ અન્ય રીતે કોઈપણ જાહેર સંસ્થાને હસ્તાંતરણ કરી શકશે નહીં. સિવાય કે તે આ નિયમો હેઠળ નોંધાયેલ હોય.

(બી) જાહેર સંસ્થા કોઈપણ પ્રાણીને વેચાણ કે બીજી કોઈપણ રીતે નોંધાયેલ સંકરણકાર / જાહેર સંસ્થા સિવાય મેળવી શકશે નહીં.

(સી) કોઈપણ જાહેર સંસ્થા પ્રાણીને મેળવ્યા પછી વેચાણ કે બીજી કોઈપણ અન્ય રીતે પ્રાણીને હસ્તાંતરણ કરી શકશે નહીં સિવાય કે તે નોંધાયેલ જાહેર સંસ્થા / સંકરણકાર હોય.

(ડી) જે પ્રાણીનો ઉપયોગ ઉત્પત્તિ / જાતિ સુધારવાની યોજનામાં થાય તે સંકરણકારની સંસ્થા દ્વારા રોજિંદા ઉપયોગમાં અપાઈ શકે.

(ઇ) જે પ્રાણીઓ દેશમાં પ્રાપ્ય હોય તેને સંકરણકાર કે જાહેર સંસ્થા આયાત કરશે નહીં.

(એફ) સમિતિ દ્વારા પ્રાણીઓ ઉપર થતા પ્રયોગોના નિયંત્રણ અને નિરીક્ષણ માટે જે નિર્દેશનો આપવામાં આવ્યાં છે તે સંકરણકાર તથા જાહેર સંસ્થાને બંધનકર્તા રહેશે.

**૧૧. દફતર :-**

(એ) દરેક જાહેર સંસ્થા / ઈન્સ્ટિટ્યુશનલ એનિમલ્સ એથીક્સ કમિટી, નિયત નમૂનામાં તેના નિયંત્રણ અને કબજા હેઠળ દફતર જાળવશે.

(બી) પ્રત્યેક જાહેર સંસ્થા કે ઈન્સ્ટિટ્યુશનલ એનિમલ્સ એથીક્સ કમિટી નિયત નમૂનામાં માહિતી જ્યારે જ્યારે સમિતિ માગે ત્યારે સમયાંતરે પૂરી પાડશે.

(સી) તમામ પ્રયોગશાળાઓ પ્રાણીઓની ચોક્કસ સંખ્યા / જાતિની માહિતી સભ્ય સચિવ અથવા નિયુક્ત કરાયેલ અધિકૃત અધિકારીને તેના નિયત નમૂનામાં આપશે.

**૧૨. પ્રાણીઓ ઉપર પ્રયોગો માટેનો કરાર :-**

કોઈપણ જાહેર સંસ્થા, કોઈપણ જાહેર સંસ્થા કે સંશોધન સંસ્થા કે શૈક્ષણિક સંસ્થા કરારના ધોરણે પ્રયોગો કરવા માટે કરાર કરી શકશે નહીં અથવા બાંહેધરી આપશે નહીં. આ નિયમ સંયુક્ત રીતે સંશોધન કરતા શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે નહીં.

**૧૩. ઇન્સ્ટિટ્યુશનલ એનિમલ એથીક્સ કમિટીનું બંધારણ :-**

દરેક ઈન્સ્ટિટ્યુશનલ એનિમલ એથીક્સ કમિટીમાં જીવવૈજ્ઞાનિક, બે અલગ અલગ જીવવિજ્ઞાનની શાખાના વૈજ્ઞાનિકો, પ્રાણીની કાળજી માટે પશુ ચિકિત્સક, પ્રાણીઓની સગવડતા માટે સંબંધિત જાહેર સંસ્થા સાથે સંકળાયેલ હોય તેવા વૈજ્ઞાનિક, સંસ્થાની બહારના વૈજ્ઞાનિક, વૈજ્ઞાનિક ન હોય તેવા સામાજિક રીતે જાણકાર સભ્ય અને જોખમી ઘટકો જેવા કે, રેડિયો - એક્ટિવ અને એકબીજા પર આધારિત હોય તેવી સૂક્ષ્મ જોખમી શરીર રચનાવાળા અતિ જોખમી પ્રયોગોની

*પુર્નવિચારણા થતી હોય ત્યારે નિષ્ણાતના પ્રતિનિધિ કે તેમણે નીમેલ ખાસ વ્યક્તિની પસંદગી કરવી.*

**૧૪. નોંધણી મુલતવી રાખવાની કે રદ કરવાની સત્તા :-**

*(એ) સભ્ય સચિવ કે સમિતિ દ્વારા અધિકૃત કરાવેલ અધિકારી દ્વારા કરાયેલા અહેવાલ પરથી સમિતિને કોઈપણ નિરીક્ષણ કે તે સમયે મળેલ માહિતી પરથી ખાતરી થાય કે જે નિયમો બનાવવામાં આવ્યા છે તેનું પાલન કોઈ સંકરણકાર કે સંસ્થા દ્વારા પાલન થતું નથી. તો સમિતિ આ બાબતમાં સંકરણકાર જાહેર સંસ્થા કે ઈન્સ્ટિટ્યુશનલ એનિમલ્સ એથીક્સ કમિટીને સુનાવણીની પૂરતી તક આપ્યા પછી આવી જાહેર સંસ્થા, સંકરણકાર કે ઈન્સ્ટિટ્યુશનલ એનિમલ્સ એથીક્સ કમિટીની નોંધણી નિશ્ચિત કે અનિશ્ચિત સમય માટે રદ કરી શકશે અથવા જાહેર સંસ્થા, સંકરણકાર કે ઈન્સ્ટિટ્યુશનલ એનિમલ્સ એથીક્સ કમિટીને ખાસ વધારાની શરતો જે સમિતિ નક્કી કરે તે લાદીને વિષય પર કાર્યવાહી ચાલુ રાખવાની પરવાનગી આપશે.*

*(બી) સમિતિ અંતિમ નિર્ણય બાકી હોય ત્યારે જો એવા મંતવ્ય પર આવે કે જાહેર સંસ્થા કે સંકરણકાર પ્રાથમિક રીતે નિયમોની જોગવાઈનું પાલન કરવામાં નિષ્ફળ ગયા છે તો તે જાહેર સંસ્થા કે સંકરણકારની નોંધણી રદ કરી શકશે.*

*(સી) સમિતિ જે સંસ્થા કે સંકરણકારની નોંધણી રદ કરે કે મુલત્વી રાખે તેને જે પ્રાણીઓ તેમના કબજા અને નિયંત્રણમાં છે તેમની સંભાળ અને રક્ષણ માટે જરૂરી નિર્દેશન આપી શકશે.*

*(ડી) પરવાનાની નોંધણી રદ કરવાના કે મુલતવી રાખવાના કિસ્સામાં સંસ્થા કે સંકરણકારને તાત્કાલિક પત્રવ્યવહારથી પ્રાણીઓ પર કરવામાં આવતા પ્રયોગો તથા પરિવહન રોકવાની કે પ્રાણી પ્રાપ્ત કરતાં રોકવાની જાણ કરવામાં આવશે.*

*એફ. નં. ૭-૫/૯૮-એ-ડબલ્યુ*
*અશોલપાલ સિંઘ*
*પ્રાણીઓ ઉપર થતા પ્રયોગો ઉપર*
*નિયંત્રણ અને નિરીક્ષણ માટેની સમિતિ*

• • •

## પ્રાણીઓનું સંકરણ અને તેના પ્રયોગો (નિયંત્રણ અને નિરીક્ષણ) સુધારા નિયમો,૨૦૦૧
## સામાજિક ન્યાય અને અધિકારીના મંત્રાલય
## જાહેરનામું
## નવી દિલ્હી ૧૫ ફેબ્રુઆરી - ૨૦૦૧

*સ્થાયી હૂકમો (૧૩૪) (ઈ)*

*ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીના મંત્રાલયના જાહેરનામાના સ્થાયી હુકમો ક્રમાંક - ૧૬૮ (ઈ), તારીખ ૧૮-૦૨-૨૦૦૦ અન્વયે પ્રાણીઓનું સંકરણ અને તેના પરના પ્રયોગો (નિયંત્રણ અને નિરીક્ષણ) નિયમો, ૧૯૯૮ કે જે પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા પ્રતિબંધક ધારો, ૧૯૬૦ (૧૯૬૦ નો ૫૯મો) કલમ-૧૭ની પેટા-કલમ (૧) અંતર્ગત જે વ્યક્તિઓ આનાથી અસરકર્તા હોય તેના વાંધાઓ અને સૂચનો આ જાહેરનામાની નકલ જાહેરજનતા મળ્યાના ૩૦ દિવસની અંદર મંગાવવામાં આવ્યાં.*

*અને આ રાજ્યપત્રની નકલ જાહેર જનતાને ૨૪, ફેબ્રુઆરી, ૨૦૦૦ના રોજ પ્રાપ્ય કરવામાં આવી. અને જેમાં આ સુધારા નિયમોના સંદર્ભમાં વાંધાઓ/સૂચનોને પ્રાણીઓ ઉપરના પ્રયોગોના નિયંત્રણ અને નિરીક્ષણ માટેની સમિતિએ સંપૂર્ણ રીતે વિચારણામાં લીધાં.*

*હવે, પ્રાણીઓ પ્રત્યેનો ક્રૂરતા પ્રતિબંધક ધારો, ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯મો) ની કલમ-૧૭ ની પેટા-કલમ (૧) (૧એ) અને (૨) અન્વયે, પ્રાણીઓ ઉપર થતા પ્રયોગોના નિયંત્રણ અને નિરીક્ષણ માટેની કમિટીએ નીચે જણાવેલ પ્રાણીઓના સંકરણ (નિયંત્રણ અને નિરીક્ષણ) નિયમો, ૧૯૯૮ જેમ કે :*

1. *(૧) આ નિયમો પ્રાણીઓનું સંકરણ અને તેના પ્રયોગો (નિયંત્રણ અને નિરીક્ષણ) સુધારા નિયમો, ૨૦૦1 કહેવાશે.*

   *(૨) તેઓ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવ્યા ગણાશે.*

2. *પ્રાણીઓનું સંકરણ અને તેના પ્રયોગો (નિયંત્રણ અને નિરીક્ષણ) સુધારા નિયમો, ૧૯૯૮ ના નિયમ-૨માં હાલના પદ (ઈ) માં નીચે જણાવેલ પદ અવેજીમાં મૂકવામાં આવશે. જેમ કે;*

   *(ઇ) "પ્રયોગો" એટલે કોઈપણ કાર્યક્રમ કે યોજના કે જે પ્રાણીઓના જૈવિક, શરીરશાસ્ત્ર, લાક્ષણિકતા, શારીરિક કે રસાયણ પ્રકારના જ્ઞાનના સંપાદન માટે હોય અને તેમાં વૃદ્ધિ કે ઉદ્દીપક તથા બ્લડ પ્રોટીન તથા ફોરેન સબસ્ટન્સ (કે જે બ્લડ પ્રોટીન માટે જરૂરી છે.) રોજિંદા નિરીક્ષણ, (રોગની ઓળખ) પરીક્ષણ પ્રક્રિયા અને ટ્રાન્સજેનિક જથ્થાની જરૂરિયાત માટે જિંદગી બચાવવા કે લંબાવવા માટે કે પીડા ઓછી કરવાના ચોક્કસ હેતુથી દેશના લોકોના કલ્યાણ માટે કે માનવજાત અથવા પ્રાણીઓના કોઈપણ પ્રકારના રોગના પ્રતિકાર માટે.*

3. *આ નિયમોમાં નિયમ-૫માં પેટા નિયમ (સી) પછી નીચે જણાવેલ પેટા-નિયમ (સી) ઉમેદવારમાં આવશે. જેમ કે;*

   *(સી) જાહેર સંસ્થા અથવા સંકરણકાર પ્રયોગો કરવાના હેતુથી કમિટી દ્વારા નોંધણી થયા બાદ નિયત કરેલ શરતોનું પાલન કરશે.*

   *(ડી) કમિટી અથવા કમિટી દ્વારા અધિકૃત કરાયેલ અધિકારી નોંધણી બાબતે અરજી કર્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર નિર્ણય લેશે.*

(ઈ) જો સવલતોની બાબતમાં કોઈ સુધારણાની જરૂરિયાત નોંધતાં પહેલાં જણાય તો, કમિટી આ બાબતની જાણ કરશે.

4 આ નિયમોમાં નિયમ-૬માં નીચે જણાવેલ નિયમ અવેજીમાં મૂકવામાં આવશે. જેમ કે;

**૬. જે પ્રયોગો કરાયેલ હોય તેની વિગતો :**

(એ) દરેક નોંધાયેલ જાહેર સંસ્થા જે પ્રાણીઓ રોજિંદા પ્રયોગોમાં વપરાયા હોય તેની સંખ્યા, જાતિ, ઉંમર, પ્રકાર અને બીજી જરૂરી વિગતો દર્શાવતું નોંધણી પત્રક મેળવશે.

(બી) કમિટી અથવા અન્ય અધિકૃત અધિકારી નોંધણીપત્રકની ચકાસણી કરી શકશે અને જો કમિટીને સુધારણાની તક આપ્યા પછી પણ સંતોષ ન થાય તો, તે આ નિયમો અન્વયે યોગ્ય કાર્યવાહી કરી શકશે.

5 આ નિયમોમાં નિયમ-૭માં હાલની શરત (એફ) પછી નીચેની શરતો ઉમેરવામાં આવશે. જેમ કે

(જી) જે પ્રાણીઓનો વિવિધ જાતિઓના પ્રયોગોમાં ઉપયોગ કરવાનો હોય તેની રહેઠાણ, પોષણ અને જાળવણીની સંપૂર્ણ વિગતો કે જે કમિટી દ્વારા નિર્દેશિત હોય, તેનું નોંધાયેલ જાહેર સંસ્થાએ પાલન કરવાનું રહેશે.

(એચ) આ સ્પષ્ટતાઓ પ્રકાશિત થાય ત્યાં સુધીના વચગાળાના સમયમાં સંકરણકાર અને નોંધાયેલ જાહેર સંસ્થાએ ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડમી ગાઈડલાઈન્સનો અમલ કરવાનો રહેશે.

6 આ નિયમોમાં નિયમ-૯ (આઈ) માં હાલની શરત (એ) માં નીચે જણાવેલ શરત અવેજીમાં આવશે. જેમ કે,

(એ) દરેક કિસ્સામાં કરવામાં આવતા પ્રયોગો સંપૂર્ણ રીતે લાયકાતવાળી વ્યક્તિની હાજરીમાં એટલે કે, ઔષધશાસ્ત્રમાં પદવીધારી કે પશુ ચિકિત્સામાં પદવીધારી, લાઈફ સાયન્સ / ફાર્માસ્યુટિકલ સાયન્સમાં અનુસ્નાતક, કમિટીએ માન્યતા આપેલા નોંધાયેલ સંસ્થામાંથી લેબોરેટરી એનિમલ ટેકનિક સાયન્સમાં ડિપ્લોમા/પ્રમાણપત્ર ધરાવતા હોય તેવી વ્યક્તિના નિયંત્રણ અને નિરીક્ષણ અને જવાબદારી હેઠળ પ્રાણીઓ ઉપર પ્રયોગો કરવામાં આવશે.

(૨) હાલની શરત (જી) ના સ્થાને નીચે જણાવેલ શરત અવેજીમાં આવશે. જેમ કે

(જી) પ્રયોગો કૌશલ્ય મેળવવાના કે સિદ્ધ કરવાના હેતુથી કરવા દેવામાં આવશે નહીં. સિવાય કે કમિટીએ ચકાસણી કરીને શાળા, મહાવિદ્યાલય અને નોંધાયેલ જાહેર સંસ્થાને પરવાનગી આપેલ હોય.

(૩) હાલની શરતમાં "યુરારી કે ક્યુરારી કે તેના જેવા જડ કરી શકે તેવા પદાર્થો વાપરવામાં આવશે નહીં" શબ્દોની જગ્યાએ "કોઈપણ જડ કરી શકે તેવો એજન્ટ સહિત તે ક્યુરારે સુધી સીમિત નહીં તે વાપરી શકાશે નહીં." અવેજીમાં મૂકવામાં આવશે.

7 મૂળનિયમોના નિયમ-૧૦માં

(૧) પેટા-નિયમ (બી) માટે નીચે જણાવેલ પેટા-નિયમ અવેજીમાં મૂકવામાં આવશે જેમ કે;

*(બી) સંકરણકાર અને નોંધાયેલ સંસ્થા કોઈ પણ પ્રાણીને વેચાણ કે અન્ય કોઈ રીતે નોંધાયેલ સંકરણકાર અથવા જાહેર સંસ્થા સિવાય મેળવી શકશે નહીં.*

*(બીબી) પ્રયોગશાળામાં પ્રયોગો કરવા માટે મોટા ઉંદરો અને નાના ઉંદરોની ખાસ પ્રકારની જાતિ જો દેશમાં ઉપલબ્ધ ન થાય તો, નોંધાયેલ સંકરણકાર કે જાહેર સંસ્થા પરવાનગી માટે ઈન્સ્ટિટ્યૂશનલ એથીક્સ કમિટી કે જે પ્રાણીઓ ઉપરના પ્રયોગોના નિયંત્રણ અને નિરીક્ષણ માટે નોંધાયેલ છે તેને અરજી કરશે.*

*(૨) પેટા-નિયમ (ઈ) માટે નીચે જણાવેલ પેટા-નિયમ અવેજીમાં મૂકવામાં આવશે જેમ કે*

*(ઈ) નોંધાયેલ સંકરણકાર કે જાહેર સંસ્થા પ્રયોગો માટે જરૂરી ખાસ પ્રકારની જાતિના મોટા ઉંદર અને નાના ઉંદર જો દેશમાંથી પ્રાપ્ત ન થાય તે સિવાય બહારથી આયાત કરી શકશે નહીં.*

૪ *આ નિયમમાં નિયમ-૧૨ માટે નીચે જણાવેલ નિયમ-અવેજીમાં મૂકવામાં આવશે. જેમ કે;*

**૧૨. પ્રાણીઓના પ્રયોગો બાબતે કરાર :**

*કોઈપણ જાહેર સંસ્થા સંશોધન બાબતે કરાર કરી શકશે નહીં કે કરારના ધોરણે કોઈપણ જાહેર સંસ્થા કે સંશોધન કે શૈક્ષણિક સંસ્થાવતી કમિટીની પૂર્વમંજૂરી સિવાય પ્રયોગો કરી શકશે નહીં. જોગવાઈ એવી કરવામાં આવે છે કે એ સંયુક્ત રીતે સંશોધન કરતા શૈક્ષણિક સંસ્થાનોને આ નિયંત્રણ લાગુ પડશે નહીં.*

*(એફ નં. ૭-૫/૯૮ - એડબલ્યુ - (વોલ્યુ-૨)*

*એ. કે. જોષી, સભ્ય સચિવ*

*(પ્રાણીઓ ઉપર થતા પ્રયોગોના નિયંત્રણ અને નિરીક્ષણના હેતુ માટેની સમિતિ)*

*(નોંધ : મૂળ નિયમો, ભારત સરકારના અસાધારણ રાજ્યપત્ર, ભાગ-૨, કલમ-૩, પેટા-કલમ-૨ સ્થાયી હુકમો ક્રમાંક : ૮૦૯, તારીખ : ૧૫-૧૨-૧૯૯૮ના રોજ પ્રસિદ્ધ થયા.)*

• • •

## પ્રાણીઓનું સંકરણ અને પ્રયોગો (નિયંત્રણ અને નિરીક્ષણ) સુધારા નિયમો,૨૦૦૬

૫૧૦ પ્રાણીઓનું સંકરણ અને પ્રયોગો (નિયંત્રણ અને નિરીક્ષણ) સુધારા નિયમો, ૨૦૦૬ મુખ્ય નિયમો ૧૯૯૮માં - નિયમ ૨ (ઈ), ૧૦(બી) અને (ઈ) ૧૨ અને ૧૪(એ) - અવેજીમાં મૂકવામાં આવ્યા - નિયમ-૯ (બીબી), (સીસી) અને (એફએફ) ઉમેરવામાં આવ્યા.

સ્થાયી હુકમો - ૧૮૧૮ (ઈ) - ભારત સરકારના પર્યાવરણ અને વન્ય મંત્રાલયના જાહેરનામાના સ્થાયી હુકમો ક્રમાંક - ૪૨ (ઈ) તા. ૧૦-૦૧-૨૦૦૬ અન્વયે પ્રાણીઓનું સંકરણ અને તેના પ્રયોગો (નિયંત્રણ અને નિરીક્ષણ) નિયમો, ૧૯૯૮ કે જે પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા પ્રતિબંધક ધારો, ૧૯૬૦ (૧૯૬૦ નો ૫૯મો) ની કલમ-(૧), (૧-એ) અને (૨) અંતર્ગત જે વ્યક્તિઓ આનાથી અસરકર્તા હોય તેના વાંધાઓ અને સૂચનો જાહેરનામાની નકલ જાહેર જનતાને મળ્યાના ૩૦ દિવસની અંદર મંગાવવામાં આવ્યાં.

અને આ જાહેરનામાની નકલ જાહેર જનતાને ૧૦-૦૧-૨૦૦૬ના રોજ પ્રાપ્ય કરવામાં આવી.

અને તેથી, પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા, પ્રતિબંધક ધારો, ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯મો)ની કલમ-૧૭ની પેટા કલમ ૧ ની, (૧-એ), (૨) અન્વયે પ્રાણીઓ પર પ્રયોગોના નિયંત્રણ અને નિરીક્ષણ માટેની કમિટીએ નીચે જણાવેલા નિયમો પ્રાણીઓના સંકરણ અને તેના પરના પ્રયોગો (નિયંત્રણ અને નિરીક્ષણ) નિયમો, સુધારવા માટે બનાવ્યા જેમ કે;

1. (૧) આ નિયમોને પ્રાણીઓનું સંકરણ અને તેના પ્રયોગો (નિયંત્રણ અને નિરીક્ષણ) સુધારા નિયમો, ૨૦૦૬ કહેવાશે.

   (૨) તેઓ રાજ્યપત્રમાં અંતિમ પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવ્યા ગણાશે.

2. પ્રાણીઓનું સંકરણ અને તેના પ્રયોગો (નિયંત્રણ અને નિરીક્ષણ) નિયમો, ૧૯૯૮ (હવે પછી તેને "નિયમો" કહેવાશે.) અવેજીમાં મૂકવામાં આવશે. જેમ કે;

   (ઈ) "પ્રયોગો" એટલે કોઈપણ કાર્યક્રમ કે યોજના કે જે પ્રાણીઓના જૈવિક, શરીરશાસ્ત્ર, લાક્ષણિકતા, શારીરિક કે રાસાયણિક પ્રકારના જ્ઞાનના સંપાદન માટે હોય અને તેમાં વૃદ્ધિ કે ઉદ્દીપક તથા બ્લડ પ્રોટીન તથા ફોરેન સબસ્ટન્સ (કે જે બ્લડ પ્રોટીન માટે જરૂરી છે.), રોજિંદા, નિરીક્ષણ, (રોગની ઓળખ), પરીક્ષણ પ્રક્રિયા અને ટ્રાન્સજેનીક જથ્થાની જરૂરિયાત માટે, જિંદગી બચાવવા કે લંબાવવા માટે, કે પીડા ઓછી કરવાના ચોક્કસ હેતુથી દેશના લોકોના કલ્યાણ માટે કે માનવજાત અથવા પ્રાણીઓના કોઈપણ પ્રકારના રોગના પ્રતિકાર માટે.

30. નિયમ-૯, આ નિયમમાં,

   (૧) પદ-(બી) પછી, નીચે પ્રમાણે પદ ઉમેરવામાં આવશે. જેમ કે;

   "બીબી" ઓછામાં ઓછાં પ્રાણીઓને, સાયલોજેનેટીક સ્કેલ કે જે વૈજ્ઞાનિક રીતે માન્યતા પ્રાપ્ત પરિણામ આપે છે. તેને પ્રથમ વિચારણામાં લેવા જોઈએ. તેમાં લઘુતમ (સહુથી ઓછાં) પ્રાણીઓને પ્રયોગોમાં ૯૫% સંતોષકારક પરિણામોની વિશ્વસનીયતા માટે ઉપયોગમાં લેવાં જોઈએ.

   જોગવાઈ એવી કરવામાં આવે છે કે, વૈકલ્પિક બદલાવને પ્રાણીઓની બાબતમાં જરૂરી અને પૂર્ણ વિચારણામાં લેવાં જોઈએ અને વિકલ્પો પ્રાપ્ય હોવા છતાં ઉપયોગમાં ન લેવાય તો તર્કપૂર્ણ ખુલાસો કરવો જોઈએ.

(૨) પદ - (સી) પછી નીચે પ્રમાણે પદ ઉમેરવામાં આવશે જેમ કે;

(સીસી)

(૧) જે કર્મચારીઓ પ્રયોગો માટે પ્રાણીઓનો ઉપયોગ પ્રયોગો માટે કરતા હોય તેઓ પ્રયોગો દરમિયાન પ્રાણીઓના કલ્યાણ માટે જવાબદાર રહેશે.

(૨) સંશોધનકર્તા પ્રયોગો પછી પ્રાણીઓની સંભાળ અને પુનર્વસન માટે જવાબદાર રહેશે અને પદ (એફએફ) માં દર્શાવ્યા સિવાયની પરિસ્થિતિમાં પ્રાણીને દર્દ ન થાય તે રીતનું મૃત્યુ નિપજાવી શકશે નહીં.

(૩) પ્રયોગો પછીની પ્રાણીની સંભાળ અને પુનર્વસનનો ખર્ચ એ સંશોધનનો ભાગ રહેશે અને તેને હકારાત્મક અભિગમથી પ્રાણીઓની સંભાળ અને પુનર્વસનનો ખર્ચ ગણતરીમાં લેવાનો રહેશે.

(૪) પ્રયોગો બાદ પ્રાણીઓની પુનર્વસનની સારવાર જ્યાં સુધી પ્રાણી પોતાની સામાન્ય જિંદગી જીવવા સક્ષમ ન થાય ત્યાં સુધી પુનર્વસનની અંદાજિત રકમ આપવામાં આવશે તથા તેની સંભાળ તેની અંદાજિત બાકીની જિંદગી જીવી શકે ત્યાં સુધી સંભાળ રાખવાની રહેશે.

(૫) જે જાહેર સંસ્થા પ્રયોગો કરતી હોય તે બાંહેધરી આપીને કે યોગ્ય પરવાનાવાળી અધિકૃત પ્રાણી કલ્યાણ સંસ્થા કમિટીના નિયંત્રણ હેઠળ અંદાજિત રકમની ચુકવણીથી પ્રાણીઓની પુનર્વસનની જવાબદારી લઈ શકે.

(૩) પદ-(એફ) પછી નીચેનું પદ ઉમેરવામાં આવશે જેમ કે

(એફએફ) પીડારહિત મૃત્યુ માટે નીચેના માપદંડો અનુસરવાના રહેશે જેમ કે;

(૧) જ્યારે પ્રાણી જડ બની ગયું હોય અને તેની દૈનિક કાર્યવાહી કરી શકે તેમ ન હોય કે તે સ્વતંત્ર રીતે જીવી શકે તેમ ન હોય કે તે સામાન્ય પરિસ્થિતિમાં વાતાવરણમાં ગોઠવાઈ શકે તેમ ન હોય, કે.

(૨) જો પ્રયોગો દરમિયાન પ્રાણીને દર્દ થતું હોય એમ લાગે અને સ્પષ્ટ રીતે જણાય કે તેને પીડા અને દર્દ થાય છે, કે

(૩) જો પ્રયોગોત્મક પ્રાણીની જિંદગીનો અંત લાવવામાં ન આવે તો તે બીજાં પ્રાણીઓની જિંદગીને કે માનવ-જાતને ખતરાછાપ છે તો.

4 નિયમ-૧૦, આ નિયમમાં

(૧) પદ (બી) માટે નીચે જણાવેલ પદ અવેજીમાં મૂકવામાં આવશે, જેમ કે;

(બી) (i) જાહેર સંસ્થા ફક્ત નોંધાયેલ સંકરણકાર પાસેથી પ્રયોગો માટે પ્રાણીઓ સંપાદન કરી શકશે.

(ii) જો નોંધાયેલ સંકરણકાર પાસેથી પ્રાણીઓ પ્રાપ્ય ન થાય તો પછી તે બીજા કાયદેસરના સ્રોત દ્વારા મેળવવામાં આવશે.

(iiii) જો પ્રાણીને અન્ય કાયદેસરના સ્રોત મારફતે મેળવવામાં આવ્યું હોય તો તેને જે તે સમયે અમલમાં હોય તેવા કાયદા અન્વયે સક્ષમ સત્તાધિકારીની પરવાનગી બાદ લેવામાં આવશે; અને

(iv) પ્રાણી મેળવનાર જાહેર સંસ્થા તેનું દફતર જાળવશે અને જ્યારે જરુર પડે ત્યારે તે કમિટી સમક્ષ મૂકશે.

(૨) પદ-(ઈ) માટે નીચે જણાવેલ પદ અવેજીમાં મૂકવામાં આવશે જેમ કે;

(ઈ) જો પ્રાણી નોંધાવેલ સંકરણકાર કે વૈકલ્પિક કાયદેસરના સ્રોત પાસેથી દેશમાંથી જ ઉપલબ્ધ ન થાય તો, ખાસ ઉત્પત્તિ ધરાવતા પ્રાણીઓ ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (વિદેશ વ્યાપાર) ની પરવાનગીથી આયાત કરવામાં આવશે.

જોગવાઈ એવી કરવામાં આવે છે કે, દેશમાં ખાસ પ્રકારની જાતિના અછત અપ્રાપ્યતાની શરત પ્રયોગશાળામાં વપરાતા નાના અને મોટા ઉંદરોને લાગુ પડશે નહીં.

5 આ નિયમોમાં નિયમ-૧૨માં નીચે જણાવેલ નિયમ અવેજીમાં મૂકવામાં આવશે જેમ કે;

૧૨ પ્રાણીઓ પર પ્રયોગો બાબત કરાર :

નોધાયેલ જાહેર સંસ્થા, અન્ય એજન્સી (સંસ્થા) માટે પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા પ્રતિબંધક ધારો, ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯મો) અને તેના નિયમોની જોગવાઈઓને આધીન સંશોધન બાબતે કરાર કરી શકશે.

6 આ નિયમોમાં નિયમ-૧૪માં પદ-(એ) પછી નીચે જણાવેલ પદ અવેજીમાં મૂકવામાં આવશે જેમકે;

(એ) જો કમિટી, સભ્ય સચિવના કે અન્ય કોઈ અધિકૃત અધિકારીના અહેવાલથી સંમત થાય (કે જે કોઈ નિરીક્ષણ કે માહિતી ન મળવાના આધારે કે અન્ય રીતે કરવામાં આવ્યો હોય) કે-

(i) નિયમોનું જાહેર સંસ્થા કે સંકરણકાર દ્વારા યોગ્ય પાલન કરવામાં આવતું નથી કે,

(ii) જાહેર સંસ્થા કે સંકરણકાર દ્વારા કમિટીએ આપેલા નિર્દેશનોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે અને નિર્દેશનોના ભંગને સુધારવા માટે કમિટીએ આપેલા નિર્દેશનોનો નિશ્ચિત સમયમાં અમલ કરવામાં આવ્યો નથી.

આ બાબતે કમિટી જાહેર સંસ્થા કે સંકરણકારનો પરવાનો મુલતવી કે રદ કરવાનો લેખિતમાં હુકમ કરી શકશે અને/અથવા હુકમમાં જણાવ્યા પ્રમાણે નિશ્ચિત સમય માટે પ્રાણી ઘટની સવલતો બંધ કરી શકશે.

જોગવાઈ એવી કરવામાં આવે છે કે જાહેર સંસ્થા કે સંકરણકારને સુનાવણીની તક આપ્યા સિવાય કોઈપણ હુકમ કરી શકાશે નહીં.

વધુમાં જોગવાઈ એવી કરવામાં આવે છે કે સામાન્ય ઉલ્લંઘન બદલ જાહેર સંસ્થા કે સંકરણકારનો પરવાનો રદ કરવાનો/મુલતવી રાખવાનો હુકમ કરી શકાશે નહીં.

સમજૂતી : આ પદના હેતુ માટે "સામાન્ય ઉલ્લંઘન" એટલે કોઈપણ એવું વધારાનું કે રહી ગયેલું કૃત્ય કે જે પ્રાણીના આરોગ્ય પર સીધી અસર કરતું ન હોય અને જેના કારણે પ્રાણીના આરોગ્ય પર વિસદ અસર કરતું ન હોય અને જેના કારણે તેને પીડા અને દર્દ થતાં ન હોય કે તેનું મૃત્યુ નીપજતું ન હોય.

(જાહેરનામા નં. - એફ. નં. ૨૫/૪/૨૦૦૫-એડબલ્યુડી તા. ૨૩-૧૦-૨૦૦૬ ભારતનું રાજ્યપત્ર - અસાધારણ - પીટી II- કલમ-૩ (ii) નં ૧૨૭૯ તા. ૨૫-૧૦-૨૦૦૬ પી.-૫) = ૨૦૦૬ સીસીએસ./પી. ૧૮૩૭/એચ. ૫૧૦

• • •

# પ્રાણી અત્યાચાર નિવારણ (પ્રાણીઓની પગપાળા હેરફેર પરિવહન) નિયમો ૨૦૦૧

*સ્ટેન્ડિંગ ઓર્ડર ૨૬૮ (ઈ) આથી પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી (પ્રાણીઓનું ચલાવીને પરિવહન) નિયમો ૨૦૦૦ નો મુસદ્દો પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ અધિનિયમ ૧૯૬૦ (૧૯૬૦ નો ૫૯ મો) ની કલમ ૩૮ પેટા કલમ (૧) હેઠળ ભારત સરકારના સોશિયલ જસ્ટીસ એન્ડ એન્વાયરમેન્ટ મંત્રાલયના જાહેરનામા હેઠળ ૬૦ નં. ૧૧૬૩ (૯) એ ગેઝેટ ઓફ ઈન્ડિયા એક્સ્ટ્રા ઓર્ડિનરી ભાગ ૨ કલમ ૩ પેટા કલમ (૨) તા. ૨૭-૧૨-૨૦૦૦ ના રોજ પ્રકાશિત થયાં તે તમામ પાસેથી સૂચનો / જેમને અસરકર્તા હોય તે તમામ પાસેથી સૂચનો તથા વાંધા સાઈઠ દિવસની મુદત કે જે સદર જાહેરનામાની નકલો પ્રજાને પ્રાપ્ત થાય ત્યારથી સાઈઠ દિવસની મુદત પૂરી થાય તે પહેલાં મંગાવવામાં આવ્યા.*

*અને આવી ગેઝેટની નકલો પ્રજાને ૧ લી જાન્યુઆરી ૨૦૦૧ ના રોજ પ્રાપ્ત કરવામાં આવી.*

*અને આથી પ્રજા તરફથી કેન્દ્ર સરકારના સદર નિયમોના મુસદ્દા અન્વયે જો કોઈ વાંધા કે સૂચનો મળ્યાં નહીં.*

*તેથી પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ ૧૯૬૦ (૧૯૬૦ નો ૫૯ મો) ની કલમ ૩૮ પેટા કલમ (૧) અને (૨) અન્વયે મળેલ સત્તાની રૂએ કેન્દ્ર સરકારે નીચે જણાવેલ નિયમો બનાવ્યા જેવા કે,*

**૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ :-**

*(૧) આ નિયમોને પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (પ્રાણીઓનું પગ દ્વારા ચલાવીને પરિવહન) નિયમો ૨૦૦૧ કહેવાશે*

*(૨) તે ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી અમલમાં આવ્યા ગણાશે.*

**૨. વ્યાખ્યાઓ :-**

*આ નિયમોમાં જ્યાં સુધી સામાન્ય સંજોગોમાં બીજું કંઈ પણ વિરોધાભાસ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી*

*(એ) પ્રાણીઓ એટલે કે જીવંત પ્રાણીઓ કે જેમાં નીચેનાં પ્રાણીઓનો સમાવેશ થાય છે જેમણે*

*૧. પ્રાણીઓમાં આખલો, ભેંસ, પાડો, બળદ, ગાય, યાક તેમજ વાછરડાં વગેરેનો સમાવેશ થશે.*

*૨. એન્કવેઈનસ કે જેમાં ઘોડો, વછેરા, મુલસ તેમજ ગધેડાનો સમાવેશ થશે.*

*૩. ઘોડો કે જેમાં સ્ટેલીનસ્ટ, ગોલ્ડીન્ગસ, બ્રુડમાર્સ, કલોટચ અને ફીલીસનો સમાવેશ થશે.*

*૪. બકરામાં પુખ્ત બકરો, નર કે માદા બે વર્ષની કે તેનાથી વધુ ઉંમર*

*૫. રક એટલે કે નર બકરો*

*૬. બાળ બકરો એક વર્ષની નીચેની ઉંમર*

*૭. નેની માદા બકરો*

૮. ઘેટું એટલે કે પુખ્ત ઘેટું, માદા કે નર બે વર્ષની ઉંમર કે તેનાથી ઉપરની

૯. ઈવ માદા ઘેટું

૧૦. બાળ ઘેટું એક વર્ષથી નીચેની ઉંમરનું

૧૧. રેમ નર ઘેટું

૧૨. વેધરમાં નાના (બાળ) ઘેટાનો સમાવેશ થાય છે કે જેને જાતીય પુખ્તતા ધારણ કર્યા પહેલાં નપુસંક કરાયેલ હોય

૧૩. ડુક્કર એટલે કે પુખ્ત ડુક્કર, નર કે માદા એક વર્ષની ઉંમરથી ઉપર

૧૪. બાળ ડુક્કર એટલે કે એક વર્ષની અંદરનું ડુક્કર

(બી) વેટરીનરી ડોક્ટર એટલે ઈન્ડિયન વેટરીનરી કાઉન્સિલ એકટ ૧૯૮૪ (૧૯૮૪ નો ૫૨) હેઠળ સ્થાપિત વેટરીનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અન્વયે નોંધાયેલ વ્યકિત.

(સી) અનુસૂચિ એટલે આ નિયમો સાથે જોડાયેલ અનુસૂચિ

૩. આ નિયમો પગથી ચલાવીને પ્રાણીનો પરિવહન કરવા માટેના નિયમો ગણાશે કે જ્યારે એક માપની હદથી બીજા ગામ, નગર કે શહેરનું ખેતર ૫ કિ.મી. કે તેનાથી વધારે હોય.

**૪. પગે ચલાવીને પ્રાણીને લઈ જવા માટે પ્રાણીઓની તંદુરસ્તીની પરિસ્થિતિઃ-**

(૧) દરેક પ્રાણી કે જેને પગ દ્વારા ચલાવીને પરિવહન કરવા માટે તે તંદુરસ્તી અને સારી સ્થિતિમાં હોવું જોઈએ.

(૨) વેટરીનરી ડોકટરનું દરેક પ્રાણી કે જેનું પરિવહન કરવાનું છે તેના સંદર્ભમાં પ્રમાણપત્ર જોઈશે કે પ્રાણી કોઈ ચેપી ફેલાવો કરે તેવા કોઈ રોગથી પીડાતું નથી.

(૩) પ્રમાણપત્ર પેટા નિયમો (૨) હેઠળ પહેલી અનુસૂચિમાં આપેલ નમૂના અનુસારનું રહેશે.

**૫. કેટલાક ચોક્કસ પ્રાણીઓને પગ દ્વારા ચલાવીને પરિવહન કરાવશે નહીંઃ-**

નવાં જન્મેલા પ્રાણીઓ, રોગી, અંધ, દૂબળાં, અપંગ, અતિશય થાકેલાં, તેમજ પાછલા બોંતેર કલાકમાં જેમણે પરિવહન દરમિયાન બચ્ચાંને જન્મ આપ્યો હોય તેવાં પ્રાણીઓને પગ દ્વારા ચલાવીને પરિવહન કરાવી શકશે નહીં.

**૬. સ્થાપિત થયેલ સામાજિક સમૂહ સાથે પરિવહન :-**

પ્રાણીઓનું પરિવહન સામાજિક સમૂહ સાથે કરી શકાશે કે તેની સ્થાપના ઓછામાં ઓછી એક અઠવાડિયા પહેલાં થયેલ હોવી જોઈએ.

**૭. પગે ચલાવીને પરિવહન કરતાં પ્રાણીઓ માટે પ્રાથમિક સારવારનાં સાધનો સાથે રાખવા બાબત :-**

પ્રાણીઓના માલિકે પગેથી ચલાવીને પ્રાણીઓને પરિવહન કરાવવા માટે જ્યારે મુસાફરી ચાલુ હોય ત્યારે પ્રાણીઓ સંબંધી પ્રાથમિક સારવારનાં સાધનો સાથે રાખવાનાં રહેશે.

**૮. પરિવહન દરમિયાન પ્રમાણપત્ર સાથે રાખવું.**

જો પ્રાણીઓનું પગે ચલાવીને પરિવહન કરાવતી વખતે વ્યક્તિ તે પ્રાણીઓનો માલિક ના હોય તો તેણે બીજી અનુસૂચિમાં જણાવ્યા અનુસારનું પ્રમાણપત્ર પરિવહન / મુસાફરી દરમિયાન સાથે રાખવાનું રહેશે.

**૯. પરિવહન / મુસાફરી દરમિયાન પાણીની વ્યવસ્થા :-**

*પ્રાણીઓના માલિકે પ્રાણીઓને પગે ચલાવીને મુસાફરી / પરિવહન કરાવવાના કિસ્સામાં પરિવહન / મુસાફરીના સમગ્ર રસ્તા દરમિયાન પાણીની વ્યવસ્થા કરવાની રહેશે.*

**૧૦. પ્રાણીઓના પરિવહન દરમિયાન પ્રાણીઓને લગતા ખોરાકની વ્યવસ્થા :-**

*પ્રાણીઓના માલિકે પરિવહન દરમિયાન પ્રાણીઓને લગતા ખોરાકના પૂરતા સંચિત જથ્થાની વ્યવસ્થા કરવાની રહેશે.*

**૧૧. પગ દ્વારા ચલાવીને પરિવહન કરાતાં પ્રાણીઓની મુસાફરી દરમિયાન લાકડી વગેરે પર પ્રતિબંધ**

*(૧) કોઈપણ વ્યક્તિ પરિવહન દરમિયાન (પગેથી ચલાવીને) પ્રાણીઓ પર લાકડી કે કોઈપણ જાતના સાધનનો ઉપયોગ કરી શકશે નહીં એટલુ જ નહીં રવાના માટે મરચા કે બીજા પદાર્થોનો પ્રાણીના શરીરના ભાગમાં ઉપયોગ કરીને પણ ચાલવા માટે દબાણ કરી શકશે નહીં.*

*(૨) જો પગે ચલાવીને લઈ જવાતાં પ્રાણીઓ માટે તેને દોરડાથી બાંધવાની જરૂરિયાત જણાય તો, તે દોરડાની આજુબાજુ કપડું વીંટાળેલું હોવું જોઈએ એટલું જ નહીં, પ્રાણીને પગેથી બાંધવાનું રહેશે. પ્રાણીને નાક પાસેથી કે ગળા પાસેથી દોરડું વીટાળી શકાશે નહીં.*

*(૩) જો બે કરતાં વધારે પ્રાણીઓને એક સાથે બાંધવાનાં થાય તો તેવા કિસ્સામાં બે પ્રાણીઓ વચ્ચેનું અંતર બે ફૂટનું રાખવું જોઈશે. એટલું જ નહીં બંને પ્રાણીઓ એક જ સરખી શારીરિક ક્ષમતા અને શક્તિવાળાં હોવાં જોઈએ. બેથી વધારે પ્રાણીઓને એક સાથે બાંધી શકાશે નહી.*

**૧૨. પગેથી ચલાવીને પ્રાણીઓને લઈ જવા પરના કેટલાક પ્રતિબંધો :-**

*(૧) કોઈપણ વ્યક્તિ પગેથી ચલાવીને પ્રાણીઓનું પરિવહન સૂર્યોદય પહેલાં કે સૂર્યાસ્ત પછી કરી શકશે નહીં.*

*(૨) પગેથી ચલાવીને પરિવહન કરવા માટે પ્રાણીને નીચે જણાવેલ અંતર, સમય આરામનો સમયગાળો અને તાપમાનની ઉપરવટ જઈ શકાશે નહીં.*

| જાતિ | આવરેલું મહત્તમ અંતર દિવસ કિમી. | મુસાફરી દરમિયાન ચાલવાના મહત્તમ કલાકો | આરામનો સમય | તાપમાન ગાળો મહત્તમ ડિગ્રી સેલ્સિયસ ન્યૂનતમ ડિગ્રી સેલ્સિયસ |
|---|---|---|---|---|
| ઢોર - ગાય | ઢાંખર ૩૦ કિ.મી. દિવસ દરમિયાન ૪ કિ.મી.કલાક દરમિયાન | ૮ કલાક | દરેક બે કલાકે પાણી માટે અને દરેક બે કલાકે ખોરાક માટે | ૧૨ ડિગ્રી થી ૩૦ ડિગ્રી |
| ભેંસ | ૨૫ કિ.મી. દિવસ દરમિયાન ૩ કિ.મી.કલાક દરમિયાન | ૮ કલાક | દરેક બે કલાકે પાણી માટે અને દરેક બે કલાકે ખોરાક માટે | ૧૨ ડિગ્રી થી ૩૦ ડિગ્રી |

| | | | | |
|---|---|---|---|---|
| ગાય અને ભેંસ વાછરડા | ૧૬ કિ.મી. દિવસ દરમિયાન ૨.૫ કિ.મી.કલાક દરમિયાન | ૬ કલાક | દરેક દોઢ કલાકે પાણી માટે અને દરેક ૩ કલાકે ખોરાક માટે | ૧૫ ડિગ્રીથી ૨૫ ડિગ્રી |
| ઘોડા પોનીઝ મ્યુલ્સ ગધેડા | ૪૫ કિ.મી. દિવસ દરમિયાન ૬ કિ.મી.કલાક દરમિયાન | ૮ કલાક | દરેક ૩ કલાકે પાણી માટે અને દરેક ૬ કલાકે ખોરાક માટે | ૧૨ ડિગ્રીથી ૩૦ ડિગ્રી |
| બાળ પ્રાણી (ફોલ) | ૨૫ કિ.મી. દિવસ દરમિયાન ૪ કિ.મી.કલાક દરમિયાન | ૬ કલાક | દરેક બે કલાકે પાણી માટે અને દરેક ૪ કલાક ખોરાક માટે | ૧૫ ડિગ્રીથી ૨૫ ડિગ્રી |
| બકરી અને ઘેટાં | ૩૦ કિ.મી. દિવસ દરમિયાન ૪ કિ.મી.કલાક દરમિયાન | ૮ કલાક | દરેક બે કલાકે પાણી માટે અને દરેક ૪ કલાકે ખોરાક માટે | ૧૨ ડિગ્રીથી ૩૦ ડિગ્રી |
| બાળ ઘેટાં | ૧૬ કિ.મી. દિવસ દરમિયાન ૨.૫ કિ.મી.કલાક દરમિયાન | ૮ કલાક | દરેક દોઢ કલાકે પાણી માટે અને દરેક ૩ કલાકે ખોરાક માટે | ૧૫ ડિગ્રીથી ૨૫ ડિગ્રી |
| ડુક્કર | ૧૫ કિ.મી. દિવસ દરમિયાન ૨ કિ.મી.કલાક દરમિયાન | ૮ કલાક | દરેક દોઢ કલાકે પાણી માટે અને દરેક ૩ કલાકે ખોરાક માટે | ૧૨ ડિગ્રીથી ૨૫ ડિગ્રી |
| બાળ ડુક્કર | ૧૦ કિ.મી. દિવસ દરમિયાન ૧.૫ કિ.મી.કલાક દરમિયાન | ૮ કલાક | દરેક દોઢ કલાકે પાણી માટે અને દરેક ૩ કલાકે ખોરાક માટે | ૧૫ ડિગ્રીથી ૨૫ ડિગ્રી |

નોંધ:- પ્રાણીને પાણી આપ્યા બાદ ૨૦ મિનિટ સુધી મુસાફરી શરૂ કરતાં પહેલાં આરામ આપવાનો રહેશે તથા ખોરાક આપ્યા બાદ પગેથી ચલાવીને પરિવહન શરૂ કરવા માટે એક કલાકનો આરામ આપવાનો રહેશે.

*(૩) કોઈપણ પ્રાણીને ભારે વરસાદ ઠંડા પવનો અતિશય સૂકા અને ગરમ વાતાવરણમાં પગેથી ચલાવીને લઈ જઈ શકાશે નહીં.*

**૧૩. કેટલાક કિસ્સામાં પ્રાણીઓને નાળ વગર પરિવહનની પરવાનગી આપી શકાશે નહીં.**

*પ્રાણીએ કે જેમના પગમાં નાળ નથી (વન્ય અને વરસાદી પ્રાણીઓના કિસ્સામાં) તેમનું પરિવહન પગેથી ચલાવીને સિમેન્ટ ધાતુના પાટા પ્રવાહી પદાર્થો ટેકરા કે ખડકાળ વિસ્તારોમાં કરી શકાશે નહીં.*

**૧૪. પોલીસને માલિક દ્વારા પ્રાણી, ન્યાયાધીશ સમક્ષ રજૂ કરાવવાની સત્તાઃ-**

*(૧) જો કોઈપણ પોલીસ અધિકારી કે જે કોન્સ્ટેબલના દરજ્જાથી ઉપર હોય કે અન્ય કોઈપણ વ્યક્તિ કે જે કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર કે ભારત સરકારના પ્રાણીઓના વેલફેર બોર્ડ સામાન્ય કે ખાસ હુકમથી અધિકૃત હોય અને જેમની પાસે માનવા માટે કારણ હોય કે પ્રાણીઓના સંદર્ભમાં કોઈ ગુનો આચરેલ છે કે આચરવાના છે કે જે આ નિયમોની વિરુદ્ધમાં છે તો તે માલિકને કોઈપણ વ્યક્તિ કે જેના કબજામાં આ પ્રાણી છે તેને પ્રાણી નજીકના ન્યાયાધીશ સમક્ષ રજૂ કરવાની ફરજ પાડી શકશે.*

*(૨) પેટા નિયમ (૧) માં દર્શાવ્યા પ્રમાણે જો કોઈપણ માલિક કે જેના કબજામાં પ્રાણી છે અને તે પોલીસ અધિકારી દ્વારા કરવામાં આવેલ માંગણીનો અસ્વીકાર કરે તો તે પોલીસ અધિકારી કે અન્ય વ્યક્તિ તે પ્રાણીને કાયદેસર નજીકના ન્યાયાધીશ પાસે લઈ જશે.*

• • •

## પ્રથમ અનુસૂચિ

## (પ્રાણીઓના પરિવહન માટે તંદુરસ્તી અંગેનું પ્રમાણપત્ર)

*(નિયમ ૪ (૩) જુઓ)*

*આ પ્રમાણપત્ર પૂરું ભરેલું હોવું જોઈએ અને માન્ય વેટરીનરી ડોક્ટર દ્વારા સહી થયેલ હોવી જોઈએ*

*પરીક્ષણનો સમય અને તારીખ :-*

*જાતિ સમૂહ :-*

*ખટારા / રેલવે વેગનોની સંખ્યા :-*

*પ્રાણીઓની સંખ્યા :-*

*જાતિ :-* *ઉંમર :-*

*ઓળખ :-*

*સંકરણ (લાક્ષણિકતા) ક્યાંથી મળેલ છે તે વિસ્તાર :-*

*સામાન્ય પ્રતિકારક શક્તિ અને ગરમી સહન*

*કરવાની શક્તિની વિગતો :-*

*પ્રાણીનાં પોતાનાં લક્ષણો :-*

*શરીરનો રંગ :-*

*ઊંચાઈ :-*

*શરીરનું વજન (આશરે) :-*

*પ્રાણીની લંબાઈ :-*

*પહોળાઈ (પેલ્વીક બોન્સ વચ્ચે મપાયેલ) :-*

*આંખોનો રંગ :-*

*શિંગડાનો આકાર :-*

*સામાન્ય પરિસ્થિતિ (જેવી કે તંદુરસ્તી,*

*બાહ્ય દેખાવ) :-*

*તંદુરસ્તી બાબત :-*

*(પ્રાણીનો ઈતિહાસ :- ખાવાનો અભાવ દર્શાવેલ છે / મરડાનાં લક્ષણો છે)*

*૧. શરીરના તાપમાનની નોંધ :-*

*૨. આંખની દૃષ્ટિ ઓજા અંધાપો કે પડદાની ક્ષમતા કીકીનું પરીક્ષણ*

*૩. ચામડીની પરિસ્થિતિ*

*(શરીરમાંથી પાણીનું ઓછું થવું, ખાવા પ્રત્યે અરૂચિ, ઈજાની તપાસ (શરીર પર ચાઠાંની તપાસ કરવી)*

૪. કાન

કાનની તપાસ કરવી (પ્રાણીનો સાંભળવા પ્રત્યેનો પ્રતિભાવ તેમજ કોઈપણ હોય, લાલાશ કે ગાંઠથી વધારે પડતી ચીકાશ લોહી કે કોઈ પ્રવાહી) ની તપાસઃ-

૫. સોજા માટે સમયગાળાનું પરીક્ષણ (કોઈપણ અસામાન્યતા કે દુખાવા માટે)

૬. (માદા પ્રાણીમાં ગર્ભ હોય તેનું પરીક્ષણ)

જો હા તો કયો તબક્કો ૧ લો બીજો કે ત્રીજો

૭. આંચળ અને તેની ડીંટડીની / નીપલની તપાસ :-

એ. જોડાયેલ સરખા ભાગોનું માપ

બી. સોજો ફાઈબ્રોઈડ / બરછટપણાની તપાસ

સી. સમયાંતરે પાલ્વેશન સ્વતંત્ર ભાગોની ચકાસણી

ડી. નીપલ નલિકા પર ગાંઠ અથવા બરછટપણાની ચકાસણી

૮. એ. જો માદા હોય તો

બાહ્ય જનનાંગો (વાલ્વા) ની તપાસ દ્વારા યોનિ સ્ત્રાવની ચકાસણી

બી. જો નર હોય તો :-

વૃષણનું માપ :-

શિશ્ન ઘા, ઉઝરડા, છોલાયેલ છે કે નહીં તે કડકપણું

સ્ત્રાવ વગેરેની નોંધ

૯. પેટના દુખાવાની તપાસ :-

(ગેઈટ અને પ્રાણીના દેખાવની તપાસ, પ્રાણીના પેટની ગરબડની તપાસ, આંતરડાની તપાસ માટે કાળું પડવું તપાસવું (ખાલી કે ભરેલું) લોહી મળ વગેરે.

૧૦. પાચનતંત્ર :-

મુખની તપાસ અને વિગતો :-

૧. દાંતની વિગતો

૨. દાંતની ઈજાની વિગતો

તૂટેલા કે આગળના ભાગે કપાયેલા

૧૧. શ્વસનતંત્ર

એ. શ્વાસોચ્છ્વાસની ગતિ

બી. હૃદયના ધબકારા અવાજ શ્વસનતંત્રની તકલીફની તપાસ

૧૨. જો ગાયને શિંગડાં હોય તો

તપાસીને વિગતો જણાવવી

એ. શિંગડાનો આકાર

બી. શિંગડાના વળાંકોની સંખ્યા

સી. દિશામાં કોઈ ફેરફાર

ડી. બે શિંગડાંનો દેખાવ

૧૩. પાંસળીની તપાસ :-

અસ્થિભંગ છે કે નહીં તેના માટે અને તેની વિગતો :-

૧૪. આંતરડાની દીવાલની વેન્ટલ કે અમ્બીનીકલ હર્નીયા માટે તપાસ :-

૧૫. હાડકાની લીમ્બ તથા સાંધા વચ્ચેની જગ્યાની વિગતો પ્રાણી ખોડંગાતું નથી તેની તપાસ અને વિગત.

૧૬. સાંધાની વચ્ચેની (ઈન્ટરડીજીટલ) જગ્યાની તપાસ

૧૭. પગમાં કોઈ પણ પ્રકારે ચાંદા, સોજો કે વધારે પડતા ઘસારાની નિશાની

૧૮. રૂધિરાભિસરણ તંત્રની તપાસ

૧. નાડી ધબકારાનો દર

૨. સ્નાયુઓમાં વધારે પડતા પ્રવાહીની હાજરી અથવા ગેરહાજરી

૧૯. પરિવહન ........... થી ........... વાયા

આથી હું પ્રમાણિત કરું છું કે મેં પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (પગ દ્વારા ચલાવીને પરિવહન / મુસાફરી) નિયમો ૨૦૦૧ વાંચ્યા છે.

૧. આથી સંમતિ આપનારની વિનંતીથી મેં તેમના રવાના થવાના ૧૨ કલાક પહેલાં માલ લઈ જવાના વાહનમાં / રેલવેના વેગનમાં તપાસ્યા છે.

૨. આથી દરેક પ્રાણી રેલવે / માર્ગ દ્વારા મુસાફરી કરવા માટે યોગ્ય પરિસ્થિતિમાં છે અને કોઈપણ ચેપી, ફેલાવો કરે તેવા રોગથી પીડાતું નથી અને તેને ચેપી રોગના ફેલાવાના પ્રતિકાર માટે રસી આપેલ છે.

૩. પ્રાણીને મુસાફરી માટે પૂરતા પ્રમાણમાં પાણી અને ખોરાક આપવામાં આવેલ છે.

૪. પ્રાણીને રસી આપવામાં આવેલ છે.

અ. રસીનો પ્રકાર

બ. રસીકરણની તારીખ

તારીખ :-

સહી..............................

સરનામું..........................

હોદ્દો / લાયકાત ....................

## દ્વિતીય અનુસૂચિ
## અધિકૃતતાનું પ્રમાણપત્ર
## (જુઓ નિયમ ૮)

૧. માલિકનું નામ અને ઉંમર :-

૨. પિતાનું નામ

૩. માલિકનું સરનામું

૪. પરિવહન કરનાર દરેક પ્રાણીઓની સંખ્યા :-
દરેક પ્રાણીનાં જાતિ ઉંમર અને કુળ જણાવવાં

૫. પ્રાણીઓનું પરિવહન કરનાર વ્યક્તિ / વ્યક્તિઓનાં નામ :-

૬. મૂળ જે જગ્યાથી પ્રાણીઓનું પરિવહન કરવાનું છે તે જગ્યા અને છેલ્લે પ્રાણીઓને જે સ્થળે પહોંચાડવાનાં છે તે સ્થળનું નામ :-

૭. વેટરીનરી પ્રમાણપત્રની નિયમ ૮ હેઠળની નકલ જોડવી

૮. પરિવહન દરમિયાન પ્રાણીની ખોરાક પાણી તથા આરામની વ્યવસ્થાની વિગતો

*આથી હું જાહેર કરું છું કે ઉપર જણાવેલાં પ્રાણીઓનો હું માલિક છું. મેં શ્રી ...................... પુત્ર ............ રહેવાસી ............ ને પ્રાણીઓના પરિવહન / મુસાફરીને અધિકૃત કરેલ છે. મેં પ્રાણીઓના પરિવહન અંગેના નિયમો ૨૦૦૧ વાંચેલ છે અને સમજેલ છું અને તે નિયમોનું મેં પાલન કરેલ છે તથા પરિવહન દરમિયાન પાલન કરવાની ખાતરી આપું છું.*

*આથી હું જાહેર કરું છું કે ઉપરની વિગતો ખરી અને સાચી છે.*

**સહી /-**

**માલિક**

*પરિવહન કરાવનારે ભરવું*

*હું.............. પુત્ર. ........... રહેવાસી ........... આથી હું ઉપર જણાવેલાં પ્રાણીઓને તેમના મૂળ સ્થાનેથી પરિવહન કરાવીને લઈ જવા અંગે મારી સંમતિ આપું છું.*

*મેં પ્રાણીઓના પરિવહન માટેના નિયમો ૨૦૦૧ વાંચ્યા છે અને સમજેલ છું અને આ નિયમોનું પરિવહન / મુસાફરી દરમિયાન પાલન કરવામાં આવશે.*

*આથી હું જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી ખરી અને સાચી છે.*

**સહી/-**

**પરિવહન કરાવનાર**

*(નોટી.નં. એફ.નં. ૧૯-૧-૨૦૦૦- એ.ડબલ્યુ.ડી. તા. ૨૬-૩-૦૧ ગેઝેટ ઓફ ઇન્ડિયા, એક્સ્ટ્રા / ઓર્ડિનરી ભાગ ૨ કલમ - ૩ (ii) નં. ૧૯૬ તા. ૨૬-૩-૨૦૦૧ પાનું - ૨૬)*

# પ્રાણી ક્રૂરતા નિવારણ (કતલખાનાં) નિયમો - ૨૦૦૧

## જાહેરનામું

## નવી દિલ્હી, ૨૬ માર્ચ ૨૦૦૧

*પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એકટ, ૧૯૬૦ (૫૯-૧૯૬૦) ની કલમ-૩૮ ની પેટા કલમ-૧ અને ૨ અનુસાર પ્રાપ્ત અધિકાર મુજબ કેન્દ્ર સરકાર નીચે મુજબ નિયમો જાહેર કરે છે.*

**(૧) ટૂંકું શીર્ષક અને શરૂઆત :**

- *આ કાયદા પ્રાણી ક્રૂરતા નિવારણ (કતલખાના) નિયમો ૨૦૦૧ થી ઓળખાશે.*
- *સદર કાયદાનો અમલ સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી કરાશે.*

**(૨) વ્યાખ્યા :**

- *આ કાયદાની વિરુદ્ધ જોગવાઈઓ સિવાય*

*(અ) કાયદો : મતલબ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી એનિમલ્સ એક્ટ, ૧૯૬૦ (૧૯૬૦નો કાયદો) તરીકે ઓળખાશે.*

*(બ) સ્લોટર (કતલ) મતલબ કોઈપણ પ્રાણીની ખોરાકના ઉદ્દેશથી કતલ કે નાશ, કોઈપણ પ્રાણીના કતલના આશયથી કરવામાં આવતી તૈયારી કે પ્રક્રિયાનો આમાં સમાવેશ થાય છે.*

*(ક) સ્લોટર હાઉસ (કતલખાના) મતલબ કે કેન્દ્ર, રાજ્ય કે સ્થાનિક કાયદાઓની જોગવાઈ અનુસાર પ્રમાણિત અથવા પરવાનો ધરાવનાર, જ્યાં દસ અગર દસથી વધુ પ્રાણીઓની દિવસ દરમિયાન કતલ કરવામાં આવતી હોય તેવી જગ્યા.*

*(ડ) વેટરીનરી ડોક્ટર મતલબ કે ઈન્ડિયન વેટરીનરી કાઉન્સિલ એક્ટ, ૧૯૮૪ (૫૨-૧૯૮૪)ની જોગવાઈ અનુસાર વેટરીનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા પ્રમાણિત અને નોંધાયેલ વ્યક્તિ.*

**(3) માન્ય અથવા પરવાનાવાળા કતલખાના સિવાય પ્રાણીઓની કતલ થઈ શકશે નહિ.**

- *જે તે સમયના કાયદા અનુસાર પ્રમાણિત અને પરવાનેદાર કતલખાના સિવાય મ્યુનિસિપલ વિસ્તારમાં અન્ય કોઈ વ્યક્તિ પ્રાણીઓની કતલ કરી શકશે નહિ.*
- *કોઈ પ્રાણી જે*

  *(૧) ગર્ભાધાન કરેલ હોય, અગર*

  *(૨) ત્રણ માસથી નાની સંતતિ હોય અગર*

  *(૩) ત્રણ માસથી નાનું હોય અગર*

  *(૪) વેટરીનરી દાક્તર દ્વારા કતલ માટે યોગ્ય પ્રમાણિત જાહેર કરેલ ન હોય, તેની કતલ થઈ શકશે નહિ.*

* *દિવસ દરમિયાન વધુમાં વધુ કેટલાં પશુની કતલ થઈ શકે તે બાબતે જે તે વિસ્તારની જન સંખ્યાના આધારે મ્યુનિસિપલ અથવા સ્થાનિક સંસ્થા, કતલખાનાની અવકાશ મર્યાદાને ધ્યાનમાં રાખી નક્કી કરી શકશે.*

**(૪) સ્વાગત વિસ્તાર અથવા આરામની જગ્યા :**

*(૧) પશુ ચિકિત્સકની તપાસના આધારે ઢોરની સંખ્યાને ધ્યાનમાં લઈ સ્વાગત કક્ષ/વિસ્તાર રાખવાનો રહેશે.*

*(૨) પશુ ચિકિત્સક કલાકના વધુમાં વધુ ૧૨ અને દિવસના ૯૫ પશુની તપાસ કરી શકશે.*

*(૩) આ બાબતે કેન્દ્ર સરકારને નિયત કરેલ ફોર્મમાં પશુચિકિત્સકે પ્રાણીની યોગ્યતાનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.*

*(૪) પ્રાણીઓને વાહન કે રેલવે વેગનમાંથી ઉતારવા કતલખાનામાં યોગ્ય ઢાળ બનાવવાનો રહેશે તેમજ પૂરતી ખોરાક (ઘાસ) પાણીની વ્યવસ્થા કરવાની રહેશે.*

*(૫) ચેપી રોગની શક્યતાવાળાં, ચેપીરોગ ફેલાવે તેવાં તેમજ તોફાની પશુઓને અલગ-અલગ રાખવા માટે અલાયદા વાડા રાખવાના રહેશે તેમજ તે પૂરતા ઘાસચારા (ખોરાક) પાણીની વ્યવસ્થા કરવી પડશે.*

*(૬) યોગ્ય ઘાસચારા અને પાણી સાથે પ્રાણીના જુદા જુદા વર્ગ પ્રમાણે તેમને રાખવાની યોગ્ય અને પૂરતી જગ્યા રાખવાની રહેશે.*

*(૭) આરામની જગ્યાને યોગ્ય અને બચાવ થઈ શકે તેવા છાપરાથી ઢાંકવાની રહેશે.*

*(૮) કતલખાનામાં વાડા તથા કતલ પહેલાં પશુને રાખવાનો વિસ્તાર, લપસી ન પડાય તેવા સમાંતર વાંકાચૂકા પાટાનો રસ્તો બનાવવો અને સિમેન્ટ, ઈંટોથી બનાવવો જેથી ખરીના કારણે નુકસાન ન થાય તેમજ ખરાબ પાણીના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થા સાથેનો બનાવવી. વાડાના પ્રાણીની ફરતે ૧૫૦ મી.મી. થી ૩૦૦ મી.મી. ની ઊંચાઈવાળો ભાગ બનાવવો.*

**(૫) પશુઓ માટેના આરામની જગ્યા :**

*(૧) કતલના ૨૪ કલાક પહેલાં પશુચિકિત્સકની તપાસ બાદ દરેક પ્રાણીને આરામની જગ્યાએ મોકલવા.*

*(૨) આરામની જગ્યા પૂરતી હોવી જરૂરી છે.*

*(૩) ઉપરોક્ત જગ્યા મોટા પ્રાણી માટે ઓછામાં ઓછી ૨.૮ ચો.મી. અને નાના પશુ માટે ૧.૬ ચો.મી. રાખવી.*

*(૪) પ્રાણીની જાત અને વર્ગ પ્રમાણે અલગ-અલગ રાખવા તેમજ તે જગ્યા ઠંડી, વરસાદ તથા ગરમીથી પ્રાણીનું રક્ષણ થાય તેમ રાખવી.*

*(૫) મરણોત્તર તપાસ તથા પાણીની યોગ્ય વ્યવસ્થા જરૂરી.*

**(૬) કતલ :**

*(૧) કોઈપણ પ્રાણીની નજર સમક્ષ અન્ય પશુની કતલ કરવી નહિ.*

*(૨) કતલ કરતાં પહેલાં ચોક્કસ રોગ અંગેની સારવાર માટેની દવા સિવાય કોઈપણ પ્રકારનાં રસાયણ,*

દવા કે અન્ય કોઈ ઈન્જેકશન વગેરે આપવાં નહિ.

(૩) કતલખાનામાં કતલ માટેના ઓરડાઓની દિશા એવી રીતે રાખવી કે જેથી કતલ થનાર પશુ અન્ય પ્રાણીની નજરમાં ન આવે.

(૪) કતલ પહેલાં બેશુદ્ધિ માટે અલગ કક્ષ રાખવા તેમજ કતલ પછી મૃતદેહની સાફસૂફી માટે અલાયદી વ્યવસ્થા કરવી.

(૫) કતલ માટેનો ફટકો (ઘા) મારવાની જગ્યા એવી રીતે રાખવી જેથી પ્રાણી, ખાસ કરીને ધાર્મિક વિધિ માટેના પશુને, અલગ અલગ રાખી શકાય તેમજ સંરક્ષણ હરોળથી કતલ કરનાર સહેલાઈથી નીકળી શકે.

(૬) કેન્દ્ર સરકારના નિયમોને આધીન લોહી વહેવા માટે યોગ્ય જગ્યા રાખવી જેથી કરીને બીજાં પશુઓ પર કે હાડપિંજર પર લોહીના છાંટા ન ઊડે.

(૭) લોહી એકઠું કરવાની તથા નિકાલ કરવાની યોગ્ય અને તાત્કાલિક વ્યવસ્થા જરૂરી.

(૮) કતલખાનામાં સમયાંતરે સાફસૂફી માટે તથા છરી સાફ કરવા માટે તથા હાથ ધોવા માટે યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.

(૯) પ્રાણીના મૃતદેહની સાફ સફાઈ જમીન પર કરવી નહિ તેમજ પશુને બાંધવા સહિતની પ્રક્રિયા માટે જરૂરી અને યોગ્ય સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે. પ્રાણીની ખાલ કે ચામડું તરત નિકાલ કરવાની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) પ્રાણીની ખાલ કે ચામડું નાના ગાડા કે વાહનમાં કતલખાનેથી તાત્કાલિક ખસેડવું પડશે. કોઈપણ સંજોગોમાં તપાસ કે નિરીક્ષણ માટે ખાલ, ચામડું જમીન પર મૂકી શકાશે નહિ.

(૧૧) કતલખાનામાં હાથ ધોવા માટેના બેઝીન તથા જમીનની સફાઈ માટે પૂરતા પ્રમાણમાં વ્યવસ્થા રાખવી પડશે અને તે જીવાણુ મુક્ત હોય તે જોવાનું રહેશે. કતલ પછી પ્રાણીના પગ, શિંગડાં, પગની ખરી કે બીજા ભાગોના તાત્કાલિક નિકાલ માટે નાનાં ગાડાં કે ઢાળવાળી ચેનલ કે બંધ વાહન (ટ્રક) નો ઉપયોગ કરવો. જે તે વાહન માટે સરળ રસ્તો સાફ સફાઈના સ્થળ સુધી આપવાનો રહેશે.

(૧૨) વિસેરા (જઠર) ની તપાસ માટે યોગ્ય અને પૂરતી જગ્યા અને સગવડો પૂરી પાડવી પડશે તેવી જ રીતે હાથ ધોવા માટે, સાધનોને જીવાણુમુક્ત કરવા માટે, જમીનની સાફ સફાઈ માટે તેમજ અવયવો અલગ પાડી, નકામી વસ્તુઓના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવી.

(૧૩) હાડપિંજર, જઠર અને માથાના ભાગની યોગ્ય તપાસ, તારવણી અને ઓળખ માટે કતલખાનાના માલિકે વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૪) મૃતદેહ (હાડપિંજર) ની સાફ સફાઈ માટે પાણીના ફુવારા સહિતની અલાયદી વ્યવસ્થા માલિકે કરવાની રહેશે અથવા ૧ મીટરે ૩૩ એમ.એમ. નો એવો ઢાળ બનાવવો કે જ્યાં મૃતદેહ પાણીના ફુવારાથી સાફ થઈ શકે, તેવી વ્યવસ્થા કતલખાનાના માલીકે કરવાની રહેશે.

**(૭) કતલખાનાના મકાન અંગે :**

કતલખાનાના માલિકે નીચે જણાવ્યા મુજબ કતલખાનાના મકાનનું અલગ પ્રકારનું બાંધકામ કરવું પડશે.

(એ) પ્રક્રિયા માટેનું (પ્લાન્ટનું મકાન) : બાંધકામ સામગ્રી અભેદ્ય, સહેલાઈથી ધોઈ શકાય તેવી તેમજ

જલદી કટાઈ ન જાય કે ખરાબ ન થઈ જાય તેવી વાપરવાની રહેશે.

(ii) લાકડું, પ્લાસ્ટર બોર્ડ કે કોઈપણ પ્રકારનું લાકડું જે જલદી શોષી લે તેવું હોય અગર સાફ-સફાઈ કરી ન શકાય તેવું હોય તે વાપરવું નહિ.

(બી) ભોંયતળિયું : લપસી ન પડાય તેવું તેમજ વસ્તુ શોષી ન લે તેવું ભોંયતળિયું બનાવવું. વળી યોગ્ય પાણીના નિકાલની વ્યવસ્થા રાખવી જરૂરી.

(સી) ભોંયતળિયા અને દીવાલ મળે તે જગ્યાએ સ્વાસ્થ્ય યોગ્ય અંતર રાખવું. જે સામાન્ય રીતે ૧૦૦ મી.મી. થી ઓછું ન રાખવું.

(ડી) અંદરની દીવાલો

(૧) અંદરની દીવાલો સીધી અને લીસી રાખવી તે માટે પોર્ટલેન્ડ સિમેન્ટનું પ્લાસ્ટર અથવા ગ્લેઝ ટાઈલ્સ કે ગ્લેઝ ઈંટોનો ઉપયોગ કરવો તેમજ દીવાલો માટે શોષાય નહિ તેવું તેમજ ઝેરી ન હોય તેવી સામગ્રી જ વાપરવી.

(૨) હાથથી, ટ્રકથી કે હાડપિંજર કે અન્ય વસ્તુથી નુકસાન ન થાય તે રીતે યોગ્ય દીવાલ બનાવવી.

(૩) અંદરની દીવાલ ધોઈ શકાય તેવી સપાટીની રાખવી તેમજ તેની ઊંચાઈ ૨ મીટર રાખવી જેથી કરીને છાંટા ઊડ્યા હોય તો ધોઈ શકાય અને જીવાણુમુક્ત રાખી શકાય.

(ઈ) છત :

(૧) દરેક ઓરડામાં ૫ મીટર કે વધુ ઊંચાઈની તેમજ સીધી અને લીસી હોવી જોઈએ.

(૨) છત પોર્ટલેન્ડ સિમેન્ટના પ્લાસ્ટરથી અથવા મોટી સાઈઝના એસ્બેસ્ટોસ સિમેન્ટ બોર્ડથી બનાવવી અને તેના સાંધા મજબૂત સામાનથી ભરવા જેથી કરીને પોપડા કે થર ન ઊપસી આવે કે કચરો જમા ન થાય.

(૩) ટાઈલ્સ ઉપરની દીવાલનો ભાગ અને છત ભેજથી બચાવી શકાય તેવા રંગથી રંગવો.

(એફ) વાછોટિયાં :

વાછોટિયાં ૪૫ ડિગ્રીનો ઢાળ આપી એવી રીતે બેસાડવા કે જેથી કરીને બારીના કાચને નુકસાન ન થાય તેમજ હવાની અવરજવર બરાબર રહે. બારીના સિલ જમીનથી ૧૨૦૦ મી.મી. ની ઊંચાઈએ રાખવા તેમજ છતની સાથે યોગ્ય હવાબારીઓ રાખવી.

(જી) બારણાં તથા દરવાજા :

(૧) જે દરવાજેથી હાથલારી કે અન્ય રીતે માલ લાવવાનો હોય તે દરવાજાની ઊંચાઈ ઓછામાં ઓછી ૧૫૦૦ મી.મી. હોવી જરૂરી. તેવી જ રીતે તેની પહોળાઈ પણ ૧૫૦૦ મી.મી. હોવી જરૂરી.

(૨) દરવાજા બનાવવા ધૂળ ન ચોંટે એવો સામાન વાપરવો. જો પોલા લાકડાથી બનાવ્યા હોય તો બંને બાજુથી વેલ્ડિંગ કરી રક્ષિત કરવું.

(૩) દરવાજાનાં ચોકઠાં ધૂળ ન ચોંટે એવી ધાતુથી મઢી લેવાં તેમજ દીવાલ પાસે ઊધઈ કે જીવાત ન લાગે તે રીતે સીલ કરવાં.

(એચ) દરેક બારી બારણાં અને ખુલ્લી જગ્યાઓ જ્યાંથી મચ્છર-માખી પ્રવેશી શકે તે દરેક જગ્યાને જાળી કે મચ્છર માખી દૂર રાખનાર પંખા જેવાં સાધનોથી સુરક્ષિત કરવાં.

(આઈ) ઉંદર સહિતના કોતરી ખાનાર પશુ, જાનવર વગેરેથી રક્ષણ માટે દીવાલ અને જમીન ભેગા થાય તે જગ્યાએ ૧૨.૫ મી.મી. ની જાળી ઊભી તથા આડી લગાડવી.

(જે) ટ્રક માટેની જગ્યા : મકાનની શરૂ કરીને ૬ મીટર સુધી પાણી વહી શકે તે રીતે સિમેન્ટ - ક્રોંક્રિટનો રસ્તો બનાવવો તેમજ જે જગ્યાએ વાહનો ભરાય કે ખાલી થાય ત્યાં યોગ્ય "પ્લેટફોર્મ" કે "ડોક્સ" બનાવવા.

(કે) પાઈપલાઈન / ગટર :

(૧) જ્યાં જ્યાં પાણીના વપરાશની જરૂર હોય તેવી પ્રક્રિયા કરવાની હોય ત્યાં દર ૩૭ ચો.મી. એક ચકલીની વ્યવસ્થા કરવી.

(૨) જ્યાં જ્યાં પાણી આપવાની વ્યવસ્થા હોય ત્યાં ૨૦ મી.મી. નો ઢાળ આપવો જેથી કરીને કોઈપણ પ્રકારનું પ્રવાહી જમા ન થાય.

(૩) વતાનુકૂલિત ઓરડાઓમાં કે સૂકી વસ્તુ રાખવાના વિસ્તારમાં જમીન સાથે પાઈપ કે એવી કોઈ વસ્તુ લગાડવી નહિ અને જ્યાં આવી પાઈપ હોય ત્યાં બદલી શકાય તેવા સ્ક્રૂ પ્લગ વડે બંધ કરી દેવી.

(એલ) જ્યાં પાઈપલાઈનમાં જાળી કે ખુલ્લો ભાગ હોય ત્યાં, દરેક પાઈપ કે લોહી વહેવડાવવાની નીક, પી.યુ.કે.એસ. આકારના સાધનથી સજ્જ કરી રાખવી. તેવી જ રીતે પાઈપલાઈનમાં બહારની હવા આવે અને છતાંય કોતરી ખાનાર જીવજંતુ પ્રવેશે નહિ તે રીતે સજ્જ કરવી.

(એમ) સંડાસ-બાથરૂમની પાઈપલાઈન :

સંડાસ તથા બાથરૂમની પાઈપલાઈન બીજી પાઈપલાઈન સાથે રાખવી નહિ કોઈપણ કારણસર ક્યાંય "ગળતર" હોય તો સાધનો કે ઉત્પાદિત માલને નુકસાન ન થવું જોઈએ.

(એન) હવા-ઉજાસ :

(૧) વાતાનુકૂલિત ન હોય તેવા દરેક ઓરડામાં કુદરતી અગર કૃત્રિમ સાધનોની મદદથી પૂરતા હવા-ઉજાસની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) બારીઓમાં તથા હવા બારીઓમાં પારદર્શક કાચ વાપરવાના રહેશે.

(૩) ઓરડાઓના ભોંયતળિયાનો ચોથો ભાગ કાચનાં બારી-બારણાં વડે સજાવવો. જ્યાં બાજુમાં મકાન, સાંકડો રસ્તો કે બીજી આડશો હોય તેવી જગ્યાએ કુદરતી તડકો મળી રહે તે માટે કાચનો વધુમાં વધુ ઉપયોગ કરવાનો રહેશે.

(૪) જ્યાં કુદરતી પ્રકાશ અપૂરતો હોય ત્યાં કેન્દ્ર સરકારે જાહેર કર્યા મુજબ કૃત્રિમ પ્રકાશની પૂરતી વ્યવસ્થા કરવાની રહેશે.

(ઓ) જ્યાં માસનું નિરીક્ષણ કે તપાસ થતી હોય તેવા દરેક ઓરડાઓ કે કક્ષમાં કેન્દ્ર સરકારે નક્કી કર્યા મુજબ યોગ્ય અંતરે ૨૦૦ લક્સ (યુનિટ) ની પ્રકાશની વ્યવસ્થા કરવાની રહેશે. કુલ મળીને કતલખાનામાં ૫૦૦ લક્સ (યુનિટ) થી ઓછો કૃત્રિમ પ્રકાશ ચાલશે નહિ.

(પી) દરેક કતલખાનામાં બહારની હવા પૂરતા પ્રમાણમાં આવે તે પ્રમાણે વ્યવસ્થા રાખવી જરૂરી છે. સાથે સાથે પશુના મૃતદેહ પર સીધેસીધો સૂર્યપ્રકાશ ન પડે તે જોવું પણ જરૂરી છે.

(ક્યુ) યોગ્ય દબાણ સાથે સતત અને પૂરતો પાણી પુરવઠો મળતો રહેવો જોઈએ.

(આર) સામાન્ય રીતે ભોંયતળિયું ધોવા માટે ૨૦૦ થી ૩૦૦ કે.પી.એ. દબાણ મળવું જોઈએ.

(એસ) પ્રાણીના મૃતદેહની સાફ સફાઈ માટે ૧૦૦૦ કે.પી.એ. થી ૧૭૦૦૦ કે.પી.એ. પાણીનું દબાણ મળવું જોઈએ.

(ટી) કતલની જગ્યાએ તથા કામકાજના ઓરડાઓમાં દર ૩૭ ચો.મી. ના અંતરે પાણીની યોગ્ય વ્યવસ્થા જરૂરી.

(યુ) કતલની જગ્યાઓ તથા કામકાજના ઓરડાઓમાં પૂરતું ગરમ પાણી મળવું જોઈએ. તેમજ સાધનોને જીવાણુમુક્ત કરવા ઓછામાં ઓછું ૮૨ ડિગ્રી સેલ્સિયસ ગરમ પાણી મળવું જોઈએ.

(વી) પાઈપ-ગટર લાઈન માટે જ્યાં જરૂરી હોય ત્યાં યોગ્ય સાધનો રાખવાં જરૂરી. જેથી ક્યાંય ખરાબ પાણી-કચરો જમા થાય નહિ.

(ડબલ્યુ) કતલખાનામાં નીચે મુજબનો માલ સામાન વાપરવો જરૂરી છે.

(૧) તાંબુ તથા સંયોજિત ધાતુનાં સાધનો જેનો ખાવાના ઉત્પાદનમાં ઉપયોગ થતો હોય.

(૨) ખાવાની વસ્તુના ઉત્પાદન માટે યોગ્ય પ્રકારના "કેલેમાઈન" નો ઉપયોગ કરવો.

(૩) ઉત્પાદન વિસ્તારમાં રંગ કરેલાં ઢાંકણાનો ઉપયોગ કરવો.

(૪) પાસ ચઢાવેલી ધાતુનાં વાસણો કે સાધનો વાપરવાં હિતાવહ નથી.

(૫) સીસું

(એક્સ) તમામ કાયમી જોડેલા સાધનો દીવાલથી ઓછામાં ઓછા ૩૦૦ મી.મી. દૂર રાખવાં જેથી યોગ્ય સફાઈ અને નિરીક્ષણ થઈ શકે.

(વાય) તમામ કાયમી જોડેલા સાધનો ક્યાં તો જમીન ઉપર પૂરતાં જડી શકાશે (ઓછામાં ઓછા ૩૦ મી.મી. કે જેથી યોગ્ય સફાઈ અને નિરીક્ષણ શઈ શકે અથવા તો જમીન વિસ્તાર સાથે સંપૂર્ણ સીલ (વોટર ટાઈટ) કરવાં પડે.

**(૮) રોજગારી બાબતે :**

(૧) મ્યુનિસિપલ કે અન્ય સ્થાનિક સંસ્થાનું પ્રમાણ કે પરવાનો ધરાવતી વ્યક્તિ સિવાયની અન્ય વ્યક્તિ પશુની કતલ માટે રોકી શકાશે નહિ.

(૨) અઢાર વર્ષથી નીચેની વ્યક્તિને કામ પર રાખી શકાશે નહિ.

(૩) ચેપી રોગવાળી વ્યક્તિને પ્રાણીની કતલ કરવા દેવાશે નહિ.

**(૯) કતલખાનાની તપાસ :**

(૧) એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા, વ્યક્તિ અથવા એનિમલ વેલ્ફેર ઓર્ગેનાઈઝેશન દ્વારા અધિકૃત કોઈપણ વ્યક્તિ કામકાજના સમય દ્વારા કતલખાનાના માલિકને જાણ કર્યા સિવાય તપાસ માટે આવી શકશે અને નિયમોનું પાલન યોગ્ય રીતે થાય છે કે કેમ તે તપાસી શકશે.

(૨) ઉપરોક્ત અધિકૃત વ્યક્તિ કે એનિમલ વેલ્ફેર ઓર્ગેનાઈઝેશન તપાસ કર્યા પછી તે અંગેનો રિપોર્ટ એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા તથા મ્યુનિસિપાલિટી કે સ્થાનિક સંસ્થાને મોકલશે તેમજ નિયમોનું ઉલ્લંઘન થયું હોય તો કાયદાકીય પગલાં લેવા જણાવી શકશે.

## «ký¤e yíÈk[kh rÌkõðkhý Äkhku (fík÷¾kLkk) MkwÄkhku rLkÞ{ku 2010 – ð»ko 2001Lkkt {q¤ MkwÄkhku rLkÞ{kuLkkt rLkÞ{ Lkt. 9(1)Lkkt þçËku{kt VuhVkh

yuMk.yku. 1995 (E). – «ký¤e ¢whíkk rLkðkhý ÄkhkLke f÷{ 38(1) {wsçk «ký¤e ¢whíkk rLkðkhý (fík÷¾kLkk) rLkÞ{ku 2001{kt MkwÄkhku fhðk {kxu {wMkÆkLkkt rLkÞ{ku¼khík MkhfkhLkkt ÃkÞkoðhý yLku ðLkrð¼køkLkkt yuMk.yku. 3316(E) íkk. 21.12.2009Lkkt ònuhLkk{k {wsçk¼khík MkhfkhLkkt yufMxÙk ykuzeoLkhe økuÍux¼køk (2) f÷{–3, Ãkuxkf÷{ (2) íkk. 31.12.2009Lkkt hkus «fkþeík fhe íkuLkktÚke yMkh ÚkkÞ íkuðe ík{k{ ÔÞÂõíkykuLkkt ðktÄk yLku Mkw[Lkku {tøkkðu÷ yLku ykòuhLkk{wøkuÍux{kt «fkrþík ÚkÞkLkkt 45 rËðMk{kt òuh sLkíkkLku íkuLke Lkf÷ku «kÃÞ fhu÷ yLku MkËh økuÍuxLke Lkf÷ku òuh sLkíkkLku íkk. 31.12.2009Lkkt hkus «kÃÞ ÚkÞu÷ yLku ykMkwÄkhk rLkÞ{ku ytøku òuh sLkíkkLkku fkuE ðktÄku fu Mkw[Lkku {¤u÷ LkÚke yLku íkuÚke nðu, «ký¤e yíÈk[kh rÌkõðkhý Äkhku 1960Lke f÷{–38 (1), (2) nuX¤ fuLÿ Mkhfkh «ký¤e yíÈk[kh rÌkõðkhý (fík÷¾kLkk) rLkÞ{ku 2001{kt ðÄw MkwÄkhku fhu Au, yux÷u fu :

1 yk rLkÞ{kuLku «ký¤e yíÈk[kh rÌkõðkhý (fík÷¾kLkk) MkwÄkhk rLkÞ{ku 2010 fnuðkþu.

(1) òuhLkk{kLkkt ytrík{ «fkþLkLke íkkhe¾Úke íku y{÷{kt ykðþu.

(2) «ký¤e yíÈk[kh rÌkõðkhý (fík÷¾kLkk) rLkÞ{ku –2001Lkkt rLkÞ{–9{kt, Ãkuxk rLkÞ{ (1){kt, "fkuEÃký ÔÞÂõík fuMk¥kk ykÃkðk{kt ykðu÷ nkuÞ íkuðe «ký¤e fÕÞký MktMÚkk", Lku çËu÷u "hk¿Þ «ký¤e fÕÞký çkkuzo yÚkðk ÞkuøÞ íkk Äh kðLkkh «ký¤e r[rfíMkf suLku ¼khíkLkkt «ký¤e fÕÞký çkkuzo yuMk¥kk ykÃku÷ nkuÞ íku, ËhufA {rnLkkLkkt økk¤k{kt ykuAk{kt ykuAe yufðkh", ðkÃkhðk.

• • •

# પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી સ્થાપના અને વહીવટી નિયમો, ૨૦૦૧

## એસ.ઓ. ૨૭૧(ઈ) તા. ૨૬-૦૩-૨૦૦૧

*પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ ઓફ ૧૯૬૭ (૧૯૬૦ નો ૫૯ મો) ની કલમ-૩૮ ની પેટા કલમ-૩૮ ની પેટા કલમ (૧) અને (૨) અન્વયે મળેલ અધિકારની રૂએ, આથી કેન્દ્ર સરકારે નીચે જણાવેલ ઘડ્યા છે.*

**૧. ટૂંકી સંજ્ઞા અને આરોપ :**

*(૧) આ નિયમોને પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (એસ્ટાબ્લીસમેન્ટ એન્ડ રેગ્યુલેશન ઓફ સોસાયટીઝ ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ) રૂલ્સ, ૨૦૦૧ તરીકે ઓળખવામાં આવશે.*

*(૨) તેમનો અમલ સત્તાવાર રાજ્યપત્રમાં તેમની પ્રસિદ્ધિની તારીખથી શરૂ થયેલો ગણાશે.*

**૨. વ્યાખ્યાઓ :**

*આ નિયમોમાં જ્યાં સુધી કોઈ વિરોધાભાસ ઊભો ન થાય ત્યાં સુધી,*

*(એ) "કાયદો" એટલે પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એક્ટ, ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯મો)*

*(બી) "પ્રાણી કલ્યાણ સંસ્થા" એટલે પ્રાણીઓ માટેની કલ્યાણકારી સંસ્થા કે જે સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ (૧૮૬૦ નો ૨૧મો) કે જે તે સમયે અમલમાં હોય તેવા બીજા કાયદા અન્વયે નોંધાયેલ તથા બોર્ડ અથવા કેન્દ્ર સરકાર દ્વારા માન્યતા પામેલ સંસ્થા,*

*(સી) "બોર્ડ" એટલે આ કાયદા અન્વયે રચના કરવામાં આવેલ પ્રાણી (જીવજંતુ) કલ્યાણ બોર્ડ,*

*(ડી) "સ્થાનિક સત્તા" એટલે કે મ્યુનિસિપલ બોર્ડ કે મ્યુનિસિપલ કમિટી, રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ, જિલ્લા બોર્ડ કે કોઈપણ સ્થાનિક પ્રાણી કલ્યાણ સંસ્થા કે જે પ્રાણીઓના સંદર્ભમાં નિયંત્રણ અને વહીવટનું કાર્ય કરતી હોય, કાયદાથી અધિકૃત હોય અને નિયત સ્થાનિક વિસ્તારમાં આવેલ હોય,*

*(ઈ) "સોસાયટી" એટલે સોસાયટી ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (હવે પછીથી અહીં તેને એસપીસીએ તરીકે સંબોધવામાં આવશે) કે જેને કોઈપણ જિલ્લામાં સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ (૧૮૬૦ નો ૨૧મો) અન્વયે કે જે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદા અન્વયે રાજ્યમાં રચાયેલ હોય અને તે કોઈપણ જિલ્લામાં એસપીસીએ (સોસાયટીઝ ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ) ને લગતાં તમામ કાર્યો કરશે.*

*(એફ) "પશુ ચિકિત્સક" એટલે કે ઈન્ડિયન વેટરીનરી કાઉન્સિલ એક્ટ, ૧૯૮૪ (૧૯૮૪નો ૫૨મો) અન્વયે રચાયેલ વેટરીનીટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા નોંધાયેલ વ્યક્તિ,*

**૩. જિલ્લામાં સોસાયટી એક્ટ પ્રિન્વેશન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સની રચના :**

*(૧) દરેક સરકાર, આ નિયમો અમલમાં આવતાંની સાથે સત્તાવાર રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા કોઈપણ સંજોગોમાં શક્ય એટલી ત્વરાએ, છ મહિનાની અંદર દરેક જિલ્લામાં સોસાયટી કે જે એસપીસીએ (સોસાયટીઝ ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ) તરીકે ઓળખાશે તેની રચના કરશે.*

જોગવાઈ એવી કરવામાં આવે છે કે કોઈપણ જિલ્લામાં ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ અન્વયે કામ કરતી સંસ્થા આ નિયમો અમલમાં આવતાંની સાથે જ એસપીસીએની રચના થાય ત્યાં સુધી આ નિયમો અન્વયે જિલ્લામાં ફરજો બજાવવાનું ચાલુ રાખશે.

(૨) સોસાયટી (સંસ્થા) ની વ્યવસ્થાપક સમિતિની નિમણૂક રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તા દ્વારા જે પ્રમાણે કિસ્સો હશે તે પ્રમાણે બોર્ડની સંમતિથી કરવામાં આવશે અને બીજા સભ્યો રાજ્ય સરકાર તથા જિલ્લાની સ્થાનિક સત્તાની વિચારણા અન્વયે જે જરૂરી લાગે તે પ્રમાણે લેવામાં આવશે કે જેની શરતો આ પ્રમાણે રહેશે.

(એ) ઓછામાં ઓછા બે સભ્યો પ્રાણી કલ્યાણ સંસ્થાના પ્રતિનિધિ સભ્યો હશે જે પ્રાણીઓ પર થતા અત્યાચાર અટકાવવાના કાર્ય સાથે અને જિલ્લામાં પ્રાણીઓના કલ્યાણ અંગેના કાર્ય સાથે સક્રિય રીતે સંકળાયેલ હશે, અને

(બી) ઓછામાં ઓછા બે સભ્યો સોસાયટીની સામાન્ય સભાના સભ્યોમાંથી ચૂંટાયેલા હશે.

(૩) સંસ્થા/સમિતિનું કાર્ય સરકાર બોર્ડ તથા સ્થાનિક સત્તાને આ કાયદાના અમલ માટે મદદ કરવાનું રહેશે તથા તેને ફરજો બજાવવામાં યોગ્ય અને જરૂરી લાગે તેવી પેટા કાયદાઓ અને નિર્દેશનો બનાવવાનો અધિકાર રહેશે.

(૪) સંસ્થા/સમિતિ કે તેમના દ્વારા અધિકૃત થયેલ કોઈપણ વ્યક્તિને જો માનવા માટે એમ કારણ હોય કે, આ કાયદાનો ભંગ કરી કોઈ વ્યક્તિએ ગુનો કર્યો છે તો આ અધિકૃત વ્યક્તિ તે વ્યક્તિને તેના કબજામાં રહેલ, નિયંત્રણમાં, માલિકી હકમાં કે કોઈપણ પરવાનો, પરવાનગી કે આ સંદર્ભમાં માન્યતા આપવામાં આવેલ કોઈપણ દસ્તાવેજ કે જે આ કાયદા અન્વયે આપવામાં આવેલ હોય તે રજૂ કરવા જણાવી શકશે અને જો તે અધિકૃત વ્યક્તિને એમ માનવાને કારણ હોય કે કોઈ વ્યક્તિએ આ કાયદાની જોગવાઈઓનો ભંગ કરીને ગુનો કર્યો છે તે (અધિકૃત વ્યક્તિ) કોઈપણ વાહનને રોકી શકશે, કોઈપણ સ્થળે તપાસ અને શોધ માટે દાખલ થઈ શકશે કે કોઈપણ પ્રાણીને જપ્ત કરી શકશે.

(૫) રાજ્ય સરકાર બોર્ડ સાથે ચર્ચા વિચારણા કર્યા પછી આ નિયમો અન્વયે મળેલ અધિકારો/સત્તા ઉપરાંત કોઈપણ સંસ્થા/સમિતિને આ નિયમો અન્વયે મળેલ સત્તા/અધિકારોથી ફરજ બજાવવા માટે બીજા વધારાના નિયમો કરી શકશે.

**૪. પ્રાણીઓ માટે હોસ્પિટલ અને આશ્રય સ્થાન સ્થાપના :**

(૧) દરેક રાજ્ય સરકાર હોસ્પિટલ અને આશ્રય સ્થાનની સ્થાપના માટે પૂરતી જમીન તથા અન્ય સુવિધાઓ પૂરી પાડશે.

(૨) દરેક હોસ્પિટલ તથા આશ્રય સ્થાન પાસે,

(એ) પ્રાણીઓની હોસ્પિટલ કે આશ્રય સ્થાનના અસરકારક અને સુવ્યવસ્થિત વહીવટ માટે પૂર્ણ સમયના પશુ ચિકિત્સક તથા બીજો સ્ટાફ હશે અને

(બી) સંસ્થા / સમિતિ દ્વારા નિમાયેલ વહીવટદાર હશે.

(૩) દરેક સંસ્થા/સમિતિ તેની હકૂમત અને નિયંત્રમ હેઠળ તેના વહીવટદાર દ્વારા અથવા બીજી કોઈપણ રીતે હોસ્પિટલ તથા પ્રાણીઓના આશ્રય સ્થાનથી કાર્ય પદ્ધતિનું સંપૂર્ણ નિરીક્ષણ કરી શકશે.

(૪) ખોવાયેલ પ્રાણીઓને રહેવાની તમામ જગ્યા અને પાંજરાપોળ સ્થાનિક સત્તા દ્વારા ચલાવવામાં આવશે અને સંયુક્ત રીતે સંસ્થા / સમિતિ કે પ્રાણી કલ્યાણ સંસ્થા દ્વારા વ્યવસ્થા / વહીવટ કરવામાં આવશે.

**૫. એસપીસીએ (સોસાયટીઝ ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ) ના નિયમો :**

(૧) દરેક સોસાયટી તેના વાર્ષિક હિસાબની સાથે બોર્ડને તેણે આ કાયદાની તથા નિયમોની જોગવાઈના અમલ માટે કરેલ કાર્યવાહી તથા પ્રાણીઓના કલ્યાણ અંગે લેવાયેલ પગલાંની નોંધ મોકલશે અને સાથે કાયદા દ્વારા અધિકૃત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ચકાસણી કરેલ હિસાબો પણ હશે કે જે હિસાબો વ્યવસ્થાપક કમિટી દ્વારા અંતિમ સ્વરૂપ આપયાથી એક મહિનાની અંદર હશે.

(૨) બોર્ડ, સોસાયટી દ્વારા રજૂ કરાયેલ હિસાબોની ચકાસણી કરશે અને આ કાયદાની તથા નિયમોની જોગવાઈઓની અસરકારકતા માટે તેને કોઈપણ સૂચના આપશે કે સોસાયટીની વ્યવસ્થાપક સમિતિને વિખેરી શકશે.

જોગવાઈ એવી કરવામાં આવશે કે, સોસાયટીના પેટા નિયમો પ્રમાણે નવી વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી યોજવા માટે અને સોસાયટીના જૂની વ્યવસ્થાપક સમિતિના સભ્યોને વિખેરી નાખતાં પહેલાં તેમને અથવા તેમના દ્વારા નક્કી થયેલ કોઈપણ અધિકૃત પ્રતિનિધિને અંગત સુનાવણીની તક આપવામાં આવશે.

(૩) આ કાયદાના તથા નિયમો અન્વયેની જોગવાઈઓના સરળ અને અસરકારક વહીવટ માટે બોર્ડ કોઈપણ સોસાયટીના સભ્યોની નવી ચૂંટણી યોજવા માટે નાણાકીય સ્રોતના ઉપયોગ માટે અને સોસાયટીની મિલકતોના વહીવટ માટે કોઈપણ સૂચના આપી શકશે.

• • •

# પ્રાણીઓના જન્મ નિયંત્રણ (કૂતરાઓ) અંગેના નિયમો ૨૦૦૧

## એસ.ઓ. ૧૨૫૬(ઈ) તા. ૨૪-૧૨-૨૦૦૧

પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી એક્ટ, ૧૯૬૦ (૧૯૬૦ નો ૫૯મો) ની કલમ-૩૮ પેટા-કલમો (૧) અને (૨) અન્વયે મળેલ અધિકારની રૂએ, કેન્દ્ર સરકાર નીચે જણાવેલ નિયમો બનાવે છે. જેવા કે,

**૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ :**

(૧) આ નિયમોને પ્રાણીઓ જન્મ નિયંત્રણ (કૂતરાઓ) નિયમો, ૨૦૦૧ કહેવાશે.

(૨) તેમનો અમલ સત્તાવાર રાજ્યપત્રમાં તેમની અંતિમ પ્રસિદ્ધિની તારીખથી શરૂ થયેલો ગણાશે.

**૨. વ્યાખ્યાઓ :**

(૧) આ નિયમોમાં જ્યાં સુધી કોઈ વિરોધાભાસ ઊભો ન થાય ત્યાં સુધી,

(એ) "કાયદો" એટલે પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટીટુ એનિમલ્સ એક્ટ, ૧૯૬૦

(બી) "પ્રાણી (જીવજન્તુ) કલ્યાણ સંસ્થા" એટલે તેમાં પ્રાણીઓ પરના અત્યાચાર અટકાવતી સમિતિ તથા પ્રાણીઓના કલ્યાણ માટે કાર્ય કરતી બીજી કોઈપણ સંસ્થા કે જે સોસાયટીઝ રજિસ્ટ્રેશન (નોંધણી) એક્ટ, ૧૮૬૦ (૧૮૬૦ નો ૨૧મો) હેઠળ કે જે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદા હેઠળ નોંધાયેલ હોય અને ભારત સરકારના પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા અધિકૃત હોય તેવી સંસ્થાનો સમાવેશ થાય છે.

(સી) "બોર્ડ" એટલે કે ભારત સરકારનું પ્રાણી કલ્યાણ બોર્ડ કે જે આ કાયદાની કલમ-૪ અન્વયે રચાયેલ છે અને કલમ-૫ એ અન્વયે ફરીથી રચના થયેલ છે.

(ડી) "સમિતિ" એટલે કે આ નિયમો અન્વયે રચાયેલ સમિતિ

(ઈ) "સ્થાનિક સત્તા" એટલે મ્યુનિસિપલ કમિટી, જિલ્લા બોર્ડ કે સત્તા કે જે તે કાયદા દ્વારા જે તે સમય પૂરતા કોઈપણ બાબતના નિયંત્રણ અને વહીવટ માટે નિયત સ્થાનિક વિસ્તારમાં રચાયેલ હોય,

(એફ) "માલિક" એટલે કે પ્રાણીનો માલિક અને તેમાં પ્રાણી જે વ્યક્તિના કબજા કે હવાલામાં તેના માલિકની સંમતિ સાથે કે વ્યક્તિ હોય તેનો પણ સમાવેશ થાય છે.

(જી) "પશુ ચિકિત્સક" એટલે કે જે અધિકૃત વેટરનરી કૉલેજની પદવી/ઉપાધિ ધરાવે છે અને ઈન્ડિયન વેટરીનીટી કાઉન્સિલ દ્વારા નોંધાયેલ છે.

**૩. કૂતરાઓનું વર્ગીકરણ અને ખસીકરણ :**

(૧) તમામ કૂતરાઓને નીચે જણાવેલ બે વર્ગોમાંથી એક વર્ગમાં વર્ગીકૃત કરવામાં આવશે.

(અ) પાળેલા કૂતરા

(બ) શેરીના કૂતરા

(૨) પાળેલા કૂતરાઓનો માલિકને પ્રજોત્પત્તિના નિયંત્રણ માટે રસીકરણ માટે તથા ખસીકરણ માટે કે જે આ નિયમો અનુસાર કે જે તે સમયે અમલમાં હોય તેવા નિયમોના અમલ માટે નિયત સ્થાનિક વિસ્તાર માટે પરવાનો આપવામાં આવશે.

(૩) શેરીના કૂતરાઓને રસીકરણ તેમજ ખસીકરણ પ્રાણી કલ્યાણ સંસ્થાઓ બહારના સ્વતંત્ર નાગરિકો તેમજ સ્થાનિક સત્તાઓના સહયોગથી કરવામાં આવશે.

**૪. સ્થાનિક સત્તા દ્વારા નીચે જણાવેલ સભ્યોની બનેલી નિરીક્ષણ/અવલોકન સમિતિ બનાવવામાં આવશે જેવા કે**

*(એ) કમિશ્નર/સ્થાનિક સત્તાની મુખ્ય વ્યક્તિ કે જે સત્તાની રૂએ સમિતિના અધ્યક્ષ રહેશે.*

*(બી) સ્થાનિક સત્તાના જાહેર આરોગ્ય ખાતાના પ્રતિનિધિ,*

*(સી) કોઈપણ સ્થાનિક સત્તાના પ્રાણી કલ્યાણ વિભાગના પ્રતિનિધિ,*

*(ડી) પશુ ચિકિત્સક*

*(ઈ) જિલ્લાની સોસાયટી ફોર પ્રિવેન્શન ફોર ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (એસપીસીએ) ના પ્રતિનિધિ*

**૫. સમિતિનાં કાર્યો :**

*નિયમ-૪ અન્વયે રચાયેલ સમિતિ કૂતરાઓના નિયંત્રણ અંગેના કાર્યક્રમની યોજના અને વહીવટ બાબત આ નિયમો અન્વયે જવાબદાર રહેશે. સમિતિ આ પ્રમાણેનાં કાર્યો કરી શકશે.*

*(એ) કૂતરાઓને પકડવા, પરિવહન/હેરાફેરી કરવા, આશ્રય આપવા, ખસીકરણ કરવા, રસીકરણ કરવા, સારવાર આપવા અને ખસીકરણ કરેલા, રસીકરણ કરેલા તેમજ સારવાર પામેલા કૂતરાઓને છોડી મૂકવા બાબત સૂચનાઓ જારી કરી શકશે.*

*(બી) પશુ ચિકિત્સકને દરેક કિસ્સા પ્રમાણે જરૂરિયાત પ્રમાણે ગંભીર/સખત રીતે બીમાર, મૃત્યુની નજીક હોય તેવી ઈજા પામેલા તથા હિંસક (હડકવા) બનેલા કૂતરાને દર્દ વિહીન મૃત્યુ માટે સ્વતંત્ર રીતે નિર્ણય કરવા દઈને સોડિયમ એન્ટાવોલનો ઉપયોગ કરવા દઈ શકશે. બીજી કોઈપણ રીત સખત રીતે પ્રતિબંધિત છે.*

*(સી) જાહેર જનતામાં જાગૃતિ લાવવી, સહકાર ઊભો કરવો અને નાણાકીય વ્યવસ્થા કરવાનું કાર્ય કરશે.*

*(ડી) સમયાંતરે પાળેલા કૂતરાના માલિકો માટે તેમજ વ્યાપારી ધોરણે (કૂતરાની) પ્રજોત્પત્તિ સાથે સંકળાયેલાઓને માટે નિર્દેશનો પૂરા પાડશે.*

*(ઈ) સ્વતંત્ર એજન્સી દ્વારા શેરીમાં રખડતા કૂતરાઓની સંખ્યાની મોજણી કરાવશે.*

*(એફ) કૂતરા કરડવાના કિસ્સામાં તેનાં કારણોની જે વિસ્તારમાં આ ઘટના બની હોય તે વિસ્તારની તથા તે રખડતું કૂતરું છે કે પાળેલું તેની તપાસ કરવી.*

*(જી) શેરીના કૂતરાઓના નિયંત્રણ તથા વ્યવસ્થા રસીકરણનો વિકાસ તથા ખસીકરણ અને રસીકરણની વાજબી કિંમતથી અસરકારક પદ્ધતિઓ બાબત થતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંશોધનોના વિકાસ પર નજર રાખવી.*

**૬. સ્થાનિક સત્તાની જવાબદારી :**

*(૧) સ્થાનિક સત્તાઓ આ પ્રમાણે પૂરું પાડશે.*

*(એ) પ્રાણી કલ્યાણ સંસ્થા દ્વારા વહીવટ થતો હોય તેવા રખડતા કૂતરા માટે પૂરતી સંખ્યામાં પ્રાણી આશ્રય સ્થાન સહિત આશ્રય સ્થાન બનાવવા.*

*(બી) શેરીના કૂતરાઓને પકડવા અને હેરાફેરી/પરિવહન માટે પૂરતી સંખ્યામાં ઢાળવાળાં વાહનો રાખવાં.*

*(સી) દરેક કૂતરા પકડવાના વાહન માટે એક ડ્રાઈવર તથા બે તાલીમ પામેલા કૂતરા પકડવાવાળા માણસોને રાખવા.*

*(ડી) સારવારની વ્યવસ્થા હોય તેવી રુટની એમ્બ્યુલન્સની ખસીકરણ તથા રસી મૂકવા માટેની જોગવાઈ કરવી.*

(ઈ) કૂતરાના મૃત શરીરના નિકાલ માટે તેને બાળી શકાય / રાખ કરી શકાય તેવી વ્યવસ્થા સ્થાનિક સત્તા દ્વારા કરવી.

(એફ) આશ્રય સ્થાનની સમયાંતરે મરામત કરાવવી.

(૨) જો મ્યુનિસિપલ કોર્પોરેશન કે સ્થાનિક સત્તાને એમ લાગે કે શેરીના કૂતરાની વસ્તીને નિયંત્રિત કરવી એ સલાહભર્યું છે, તો તેમના ખસીકરણની તેમજ રસી મૂકવા બાબતે તેઓ પ્રાણી કલ્યાણ અંગે કાર્ય કરતી સંસ્થાઓ, સ્વતંત્ર નાગરિકો અને સ્થાનિક સત્તાના સહયોગથી કાર્ય કરી શકશે.

(૩) પ્રાણી કલ્યાણ સંસ્થાઓ ખસીકરણની/રસી મૂકવાના દર કે જે સમિતિ દ્વારા નક્કી કરવામાં આવ્યો હોય તે પખવાડિક દરે ખસીકરણ/રસી મૂક્યાની સંખ્યા પર આધારિત નક્કી કરી શકશે, સરભર કરી શકશે.

## ૭. પકડવા / ખસીકરણ / રસી મૂકવી / છોડી મૂકવા :

(૧) કૂતરાને પકડવા એ આ બાબતો પર આધારિત રહેશે જેમ કે :

(એ) ખાસ પ્રકારની ફરિયાદો (કે જેના માટે સ્થાનિક સત્તામંડળ નિરીક્ષણ સમિતિ સાથે ચર્ચા વિચારણા કર્યા પછી કૂતરા નિયંત્રણ એકમની રચના કરશે કે જે કૂતરાઓના ત્રાસ/રંજાડ, કૂતરા કરડવા અંગે તેમજ હડકાયા કૂતરા અંગેની ફરિયાદો મેળવવા બાબત કાર્ય કરશે)

(બી) સામાન્ય :

(૧) કૂતરા દ્વારા રંજાડ કે કરડવા બાબતની ખાસ પ્રકારની ફરિયાદ મળ્યા પછી તેના પર અગ્રતાના ધોરણે ધ્યાન આપવામાં આવશે, પછી તે ગમે તે વિસ્તારમાંથી મળેલ હોય આ પ્રકારની ફરિયાદ મળ્યા પછી ફરિયાદીનું નામ, પૂરતું સરનામું, ફરિયાદનો સમય અને તારીખ, ફરિયાદનો પ્રકાર વગેરે કાયમી ધોરણે જાળવવામાં આવતા નોંધણી પત્રકમાં નોંધવામાં આવશે.

(૨) સામાન્ય હેતુ માટે પકડવા બાબતના સમય અને તારીખ, સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે.

(૨) કૂતરા પકડવાની ટુકડી આ પ્રમાણે હશે :

(એ) કૂતરા પકડવાનું વાહન ચલાવનાર ડ્રાઈવર,

(બી) સ્થાનિક સત્તાના કૂતરા પકડવાની તાલીમ પામેલા બે અથવા વધારે કર્મચારીઓ,

(સી) પ્રાણી કલ્યાણ સંસ્થાનો કોઈપણ એક પ્રતિનિધિ,

કૂતરા પકડવાની ટુકડીના દરેક સભ્ય પાસે સ્થાનિક સત્તાએ આપેલ માન્ય ઓળખકાર્ડ રહેશે. કૂતરા પકડવાની ટુકડીમાં પ્રાણી કલ્યાણ સંસ્થાએ આ બાબતમાં નિયુક્ત કરેલ એક પ્રતિનિધિ રહેશે.

(૩) ખાસ પ્રકારની કૂતરા પકડવાની ફરિયાદ મળ્યા પછી કે સામાન્ય કિસ્સામાં, કૂતરા પકડવાની ટુકડી સંબંધિત વિસ્તારની મુલાકાત લેશે, અને ફરિયાદી દ્વારા ઓળખી આપવામાં આવેલ કૂતરાને પકડશે તથા સામાન્ય કિસ્સામાં બીજા કૂતરાઓને પકડશે. બધા કૂતરાઓને ઓળખ માટે સાથે બાંધવામાં આવશે અને બાંહેધરી આપશે કે, તેમને એ જ વિસ્તારમાં ખસીકરણ અને રસી મૂક્યા પછી છોડી મૂકવામાં આવશે. રુગ્ણ ખાસ પ્રકારના કૂતરાઓને પ્રાણી જન્મ નિયંત્રણ બોર્ડ દ્વારા વાહનમાં પકડવામાં આવશે. પકડાયેલા કૂતરા અંગેની નોંધ તેમનું નામ, વિસ્તારનું નામ, પકડવાનો સમય તથા તારીખ, કૂતરાને પકડવાની ટુકડીમાં તે દિવસ રહેલ માણસોનાં નામ, કૂતરાની વિગતો જેવી કે નર કૂતરાની સંખ્યા, માદા કૂતરાની સંખ્યા વગેરે નોંધણી પત્રકમાં નોંધવામાં આવશે.

(૪) કૂતરાને પકડવા માટે પાડનારે માનવતા પૂર્ણ રીતો જેવી કે, પોચા દોરડાનો ઢીલો ગાળિયો કે પોચી જાળીનો ઉપયોગ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી (કેપ્યર ઓફ એનિમલ્સ) રૂલ્સ, ૧૯૭૯ અન્વયે કરવાનો રહેશે.

(૫) જ્યારે કોઈપણ સ્થાનિક વિસ્તારમાંથી કૂતરાં પકડવામાં આવે ત્યારે સ્થાનિક સત્તામંડળના કે પ્રાણી કલ્યાણ સંસ્થાના પ્રતિનિધિ કૂતરાં પકડવાની સાથે રહેશે અને જાહેર જનતાને સંબોધીને જાહેરાત કરશે કે તે વિસ્તારમાંથી કૂતરાં ખસીકરણ તેમજ રસી મૂકવાના હેતુથી પકડવામાં આવ્યાં છે અને તેમને તે જ વિસ્તારમાં રસીકરણ તેમજ ખસીકરણ બાદ છોડી મૂકવામાં આવશે. આ જાહેરાત દ્વારા સ્થાનિક વિસ્તારની પ્રજાને કૂતરાં નિયંત્રણ કાર્યક્રમની માહિતી અપાશે અને સાથે સાથે એ પણ ફરીથી ખાતરી અપાશે કે, સ્થાનિક સત્તામંડળ તેમની સલામતી માટે પૂરતાં પગલાં લઈ રહેલ છે.

(૬) પકડવામાં આવેલ કૂતરાઓને તેના માટે ખાસ ઊભા કરાયેલ આશ્રય સ્થાનમાં પ્રાણી કલ્યાણ સંસ્થા (એડબલ્યુઓએસ) દ્વારા લાવવામાં આવશે. આશ્રય સ્થાનમાં પહોંચાડ્યા પછી તંદુરસ્ત અને માંદાં કૂતરાંઓને પશુ ચિકિત્સક દ્વારા ચકાસણી કરીને જુદાં પાડવાં જોઈએ. માંદાં કૂતરાંઓને સોસાયટી ફોર પ્રિવેન્શન ઑફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (એસપીસીએ) કે બીજી સંસ્થાઓ દ્વારા ચલાવાતી હોસ્પિટલમાં સારવાર આપવી જોઈએ અને સારવાર પછી જ તેમને ખસીકરણ તથા રસી આપવી જોઈએ, કૂતરાંઓને ખસીકરણ/રસી સોસાયટીઝ ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (એસપીસીએ) પ્રાણી કલ્યાણ સંસ્થા કે બીજાં કૂતરાંઓ માટેના આશ્રય સ્થાન દ્વારા ચલાવાતી હોસ્પિટલમાંના પશુ ચિકિત્સક દ્વારા તેના નિરીક્ષણ હેઠળ અપાવી જોઈએ. નિરીક્ષણના જરૂરી/પૂરતા સમય બાદ, કૂતરાંઓને એ જ જગ્યાએ કે સ્થાનિકમાં છોડી મૂકવામાં આવશે કે જ્યાંથી તેઓને પકડવામાં આવ્યા હોય, અને તેમને છોડી મૂકવા બાબતની નોંધ કરવામાં આવશે. પ્રાણી કલ્યાણ સંસ્થાના પ્રતિનિધિ કૂતરાંને છોડી મૂકવાના સમયે પણ ટુકડીની સાથે રહેશે.

(૭) રખડતાં કૂતરાંઓને રાખવાની જગ્યાએ એક જ સમયે કૂતરાંઓનો એક સમૂહ રસીકરણ/ખસીકરણ માટે એક જ વિસ્તારમાંથી લાવવામાં આવશે. બે અલગ વિસ્તારમાંથી કૂતરાંઓનો સમૂહ લાવીને એક જ આશ્રય સ્થાનમાં ભેગો કરાશે નહીં.

(૮) કૂતરાંઓ માટેના આશ્રયસ્થાનમાં કૂતરાંઓને રહેવાની અને હરવા-ફરવાની યોગ્ય અને મુક્ત જગ્યા હોવી જોઈએ. તે જગ્યા પૂરતા હવા-ઉજાસવાળી કુદરતી પ્રકાશવાળી અને સારી હોવી જોઈએ. પુખ્ત અને બાળ કૂતરાંઓને (ગલૂડિયાંઓને) જુદાં રાખવા તથા પુખ્ત કૂતરાંઓમાં પણ નર અને માદાને અલગ રાખવા જ્યારે કૂતરાઓ હવાલામાં હોય ત્યારે તેમને પીવાના પાણીની તથા ખોરાકની પૂરતી વ્યવસ્થા કરવામાં આવશે.

(૯) માદા કૂતરા (કૂતરી) જો ગર્ભવતી માલૂમ પડે તો તેને ગર્ભપાત કરાવવામાં આવશે નહીં (પછી ગર્ભાવસ્થાનો કોઈપણ તબક્કો હોય, અને ખસીકરણ કરવામાં આવશે નહીં તથા તે બચ્ચાંને (ગલૂડિયાંને) જન્મ આપે ત્યાં સુધી તેને છોડી મૂકવી જોઈએ.

**૮. ઓળખ અને નોંધ :**

ખસીકરણ કરેલાં કૂતરાંઓને છોડી મૂકતાં પહેલાં રસી આપવામાં આવશે તથા કૂતરાંઓના કાન પાસે નાનકડું કાણું અને / અથવા નિશાની તે ખસીકરણ/રસી અપાયેલ કૂતરાં તરીકે ઓળખતાં પહેલાં કરવી જોઈએ. વધારામાં કૂતરાંઓને નિશાની કે નાયલોન કોલર (દોરી/પટ્ટી) ઓળખ માટે આપવી જોઈએ તથા આ પ્રકારની ઓળખના રેકોર્ડની નોંધ થવી જોઈએ, નવા જ પ્રકારની નિશાનીની પરવાનગી આપવામાં આવશે નહીં.

**૯. શેરી કૂતરાં (રખડતાં કૂતરાં)ઓનું દર્દ ન થાય તે રીતે મૃત્યુ નિપજાવવું :**

*સાજાં ન થઈ શકે તેવાં માંદાં તથા મૃત્યની નજીક હોય (રિબાતાં હોય) તેવાં કૂતરાંઓ કે જેને સમિતિ દ્વારા નિમાયેલ લાયકાત ધરાવતા પશુ ચિકિત્સક દ્વારા તપાસવામાં આવેલ હોય તેમને નિયત કલાકોમાં ઓછામાં ઓછું દર્દ થાય તે રીતે પુખ્ત કૂતરાંઓને સોડિયમ પેન્ટાથોલ તથા ગલૂડિયાંઓને થાયોપેન્ટાલ ઈન્ટ્રોપેનીટોનીલ લાયકાત ધરાવતા પશુ ચિકિત્સક દ્વારા તથા ભારત સરકારના પ્રાણી કલ્યાણ બોર્ડે માન્યતા આપેલ હોય તેવી ઓછામાં ઓછું દર્દ થાય તેવી કોઈપણ રીતે આપવામાં આવશે. કોઈપણ કૂતરાંને બીજાં કૂતરાંની હાજરીમાં મૃત્યુ આપવામાં આવશે નહીં. જે વ્યક્તિ કૂતરાંના મૃત્યુ માટે જવાબદાર હોય તેણે તેના નિકાલ પહેલાં ખાતરી આપવી પડશે કે, કૂતરો મૃત્યુ પામેલ છે.*

**૧૦. હિંસક કે અતિશય શાંત (મૂઢ), હડકવા થયો હોય તેવાં કૂતરાં :**

*(૧) સ્થાનિક સત્તાનું કૂતરાં નિયંત્રણ એકમ, જનતા તરફથી ફરિયાદ મળ્યાના સંદર્ભમાં કે જાતે સ્થાનિક સત્તાની કૂતરાં પકડવાની ટ્રકડેટ, આવાં હડકવા થયો હોય તેની શંકાવાળાં કૂતરાંઓને પકડશે.*

*(૨) પકડાયેલ કૂતરાને તેના આશ્રય સ્થાનમાં અલગ ઓરડામાં એકલો રાખવામાં આવશે.*

*(૩) હડકવાની શંકાવાળા કૂતરાનું ત્યારબાદ બે તબીબ દ્વારા પરીક્ષણ/નિરીક્ષણ થશે. જેમ કે*

*(એ) સ્થાનિક સત્તા દ્વારા નિમાયેલ પશુ સર્જન*

*(બી) પ્રાણી કલ્યાણ સંસ્થાના પ્રતિનિધિ*

*(૪) જો કૂતરાંને ખૂબ જ સખત હડકવા થયો છે એમ જાણવામાં આવે તો, તેને તેના કુદરતી મૃત્યુ સુધી અલગ રાખવામાં આવશે. સામાન્ય રીતે હડકવા થવાના ૧૦ દિવસ સુધીમાં કુદરતી મૃત્યુ થાય છે. હડકવાની શંકાવાળા કૂતરાંનું સમય પહેલાં મોત નિપજાવવાની વાતને અટકાવવામાં આવે છે. કારણ કે જેથી કરીને તેને યોગ્ય દવા આપી શકાય અને યોગ્ય પગલાં લઈ શકાય.*

*(૫) જો કૂતરાંને હડકવાના બદલે કોઈ બીજો રોગ જણાય તો તેને પ્રાણી કલ્યાણ સંસ્થાને સોંપી દેવામાં આવશે જેથી કરીને તેના ઈલાજ અને પુનરોત્થાન માટે જરૂરી પગલાં લઈ શકાય.*

**૧૧. મૃતદેહનો નિકાલ :**

*આ રીતે મૃત્યુ પામેલાં કૂતરાંઓનો મૃતદેહ સ્થાનિક સત્તાએ કરેલ વ્યવસ્થા પ્રમાણે બાળીને રાખ થઈ જાય તે રીતે કરવાનો રહેશે.*

**૧૨. પ્રજોત્પત્તિ (વ્યવસાય) કરાવનારાઓ માટે નિર્દેશન :**

*(i) પ્રજોત્પત્તિ કરાવનારની નોંધણી ભારત સરકારના પ્રાણી કલ્યાણ બોર્ડ સમક્ષ થયેલ હોવી જોઈએ.*

*(ii) તેણે સ્વતંત્ર રીતે કૂતરીઓ દ્વારા જન્મેલાં/મૃત્યુ પામેલાં ગલૂડિયાંઓની સંપૂર્ણ નોંધ રાખવી જોઈએ.*

*(iii) તેણે બચ્ચાં (ગલૂડિયાં) ખરીદનારની સંપૂર્ણ નોંધ રાખવી પડશે તથા ખાતરી કરવી જોઈશે કે ખરીદનારને ગલૂડિયાં (બચ્ચાં) ની જાળવણી/સંભાળ/ઉછેર અંગેનું જરૂરી જ્ઞાન છે.*

*આ નિયમોનો અમલ કે જ્યાં સ્થાનિક પેટા-નિયમો હોય ત્યાં :*

*જો કોઈપણ વિસ્તારમાં આ નિયમોના અમલનું વિસ્તરણ કરવામાં આવે તો, કોઈપણ કાયદો, નિયમ, પેટા કાયદો કે જે કોઈપણ કાયદા અન્વયે રાજ્ય સરકાર કે સ્થાનિક સત્તામંડળ દ્વારા કોઈપણ બાબતમાં બનેલ હોય કે જે અંગેની જોગવાઈ આ નિયમોમાં હોય, તો તે નિયમો કે પેટા-નિયમોનું વિસ્તરણ આ રીતે થશે.*

*(i) આ નિયમોમાં હોય તેવી જોગવાઈ પ્રાણીઓને ઓછું નુકસાન થાય તેવી વધુ લાગુ પડશે.*

*(ii) પ્રાણીઓને નુકસાન થાય તેવી કોઈપણ જોગવાઈ અસરકર્તા રહેશે નહીં.*

# પ્રાણી જન્મ પ્રબંધ (કૂતરા) નિયમો-૨૦૧૦

*પર્યાવરણ અને વન વિભાગ*

*જાહેરનામું*

*૨૬મી માર્ચ, ૨૦૧૦, નવી દિલ્હી*

*એસ.ઓ. ૭૧૪(ઈ)*

*પ્રાણી જન્મ પ્રબંધ (કૂતરા) નિયમો-૨૦૧૦માં વધુ સુધારો કરવા માટે પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ (૫૯/૧૯૬૦) ની કલમ-૩૮(૧) ની જોગવાઈ મુજબ નીચે મુજબના મુસદ્દા નિયમો જાહેર જનતા કે જેને સદર નિયમોથી અસર થઈ શકે તેમની જાણ માટે પ્રકાશિત કરવામાં આવે છે અને આ સાથે નોટિસ આપવામાં આવે છે કે સદર મુસદ્દા, નિમયો જાહેરનામામાં પ્રકાશિત થાય બાદના ૩૦ દિવસથી પછી કે ત્યારબાદ ધ્યાને લેવાશે.*

*જો કોઈ વ્યક્તિને સદર મુસદ્દા નિયમો અંગે સુચનો હોઈ કે વાંધા હોય તો તેઓ ઉપરોક્ત સમય મર્યાદામાં પર્યાવરણ અને વન વિભાગનાં સંયુક્ત સચિવ (પ્રાણી કલ્યાણ) પર્યાવરણ ભવન, રૂમ નં. ૬૨૧, સી. જી. કોમ્પલેક્ષ, નવી દિલ્હી-૧૧૦૦૦૩ ને મોકલવા.*

૧. *(૧) આ નિયમો પ્રાણી જન્મ, પ્રબંધ (કૂતરા) સુધારા નિયમો, ૨૦૦૯ કહેવાશે.*

*(૨) જે ઓફીસીયલ ગેઝેટમાં અંતિમ પ્રકાશનની તારીખથી અમલમાં આવશે.*

૨. *પ્રાણી, જન્મ, પ્રબંધ (કૂતરા) નિયમો-૨૦૦૧ (હવે પછી જેને "ઉક્ત નિયમો" કહેવાશે) ના નિયમોમાં*

*(અ) "સ્થાનિક સંસ્થા દ્વારા બનાવેલની જગ્યાઓ" "૩ વર્ષના સમય ગાળા માટે" ઉમેરાશે.*

*(બ) ક્લોઝ (એફ) પછી નીચે મુજબના વિધાનો ઉમેરાશે. જેવા કે (જી) માનવ હિતનાં સમર્થક એવા લોકોના પ્રતિનિધિ અથવા પ્રતિષ્ઠિત વ્યક્તિ કે જેમને વિસ્તારમાં પ્રાણી કલ્યાણનો અનુભવ હોય.*

૩. *સદર નિયમોને નિયમ-૫ માં, ક્લોઝ-(જી) નીચે મુજબના વિધાનો ઉમેરાશે જેવા કે (એફ) સમિતિની પ્રવૃત્તિઓ ઘોષણચઓ અને જાહેરાતો દ્વારા લોકોના ધ્યાને લાવવી.*

૪. *સદર નિયમોના નિયમ (૬)માં, નિયમ-(૩) પછી નીચે મુજબ નિયમ ઉમેરાશે. જેવા કે-*

*(૪) સદર વિસ્તારની મોનીટરીંગ કમિટિ, પ્રાણી જન્મ પ્રબંધક કાર્યક્રમના અમલ અંગેની ચકાસણી માટે દરેક મહિનામાં ઓછામાં ઓછી એક વાર મળશે.*

૫. *સદર નિયમોના નિયમ-(૭) માં નિયમ-(૬)માં અન્ય સંસ્થાઓ શબ્દોની જગ્યાએ અન્ય સ્વીકૃત સંસ્થા લખાશે.*

*ફાઈલ નં. ૨૭-૨/૨૦૦૯ અને એ. ડબલ્યુ ડી હેમપાંડે સંયુક્ત સી...*

*નોંધ : મૂળ નિયમો અસાધારણ ભારતના ગેઝેટમાં તા. ૨૪-૧૨-૦૧ ના જાહેરનામાં નં. એસ.ઓ.૧૨૫૬(ઈ) હેઠળ પ્રકાશિત થયેલ.*

# વિદેશ વ્યાપાર (નિયમન) નિયમો, ૧૯૯૩

*વ્યાપાર પ્રધાન ખાતાના જાહેરનામા ક્રમ - જીએસઆર ૭૯૧ (ઈ) તારીખ : ૩૦-૧૨-૧૯૯૩*

*વિદેશ વ્યાપાર (વિકાસ અને નિયમન) ધારો, ૧૯૯૨ (૧૯૯૨નો ૨૨મો) ની કલમ ૧૯ દ્વારા પ્રતિપાદિત અધિકારોનો અખત્યારમાં કેન્દ્ર સરકાર આથી અત્રે નીચે જણાવ્યા નિયમોને ઘડી રહી છે જે*

**૧. ટૂંકું શીર્ષક અને શરૂઆત :**

*(૧) આ નિયમો વિદેશ વ્યાપાર (નિયમન) નિયમો, ૧૯૯૩ તરીકે ઓળખાશે.*

*(૨) તે નિયમો સત્તાવાર ગેઝેટમાં જાહેર થયાની તારીખથી અમલમાં આવશે, ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૩*

**૨. વ્યાખ્યાઓ :**

*આ નિયમોમાં પૂર્વાપરનો સંબંધ અન્યથા જરૂરિયાત ઊભી કરે તે નહીં તો*

*(અ) 'કાયદો' નો અર્થ વિદેશ વ્યાપાર (વિકાસ અને નિયમન) ધારો, ૧૯૯૨ (૧૯૯૨નો ૨૨મો) થાય છે.*

*(બ) 'સખાવતી હેતુ' (ચેરીટેબલ) ગરીબને અપાતી રાહત, શિક્ષણ દવાઓ વગેરેની રાહત અને સામાન્ય પ્રજાને ઉપયોગિતાની બીજી કોઈપણ પૂર્વ રાહત (એડવાન્સમેન્ટ)નો સમાવેશ કરે છે.*

*(ક) "આયાત કરનાર" કે "નિર્યાત કરનાર" નો અર્થ એવી વ્યક્તિ થાય છે જે માલની આયાત કે નિર્યાત કરે છે અને કલમ-૭ નીચે ફાળવાયેલ કાયદેસરનું આયાતકારી-નિકાસકારી સંકેત ચિહ્ન ધરાવે છે.*

*(ડ) "પરવાનો આપનાર" સત્તાનો અર્થ એવી સત્તા જેને કલમ-૯ની પેટા કલમ (૨) તળે (ડાયરેક્ટર જનરલ) નિયામકશ્રી દ્વારા અધિકૃત અધિકારી જે પરવાનો આપવા કે નવીનીકરણ કરવાને અધિકૃત છે.*

*(ઈ) "કૂટનીતિ" નો અર્થ કેન્દ્ર સરકારશ્રી દ્વારા કલમ-૫ તળે ઘટાડેલ અને જાહેર કરાયેલ આયાત અને નિર્યાત કૂટનીતિ થાય છે.*

*(ફ) "પરિપત્ર" નો અર્થ આ નિયમો સાથે જોડેલ પરિપત્ર થાય છે.*

*(ગ) "કલમ" નો અર્થ કાયદાની કલમ થાય છે.*

*(હ) "ખાસ પરવાનો" નો અર્થ કલમ-૮ની પેટા કલમ (૨) તળે ફાળવેલ એક પરવાનો થાય છે.*

*(આઈ) "કિંમત" નો અર્થ ૧૯૬૨ (૧૯૬૨નો ૫૨મો) ના કસ્ટમ કાયદાની કલમ-૨ના (૪૧)ના વાક્યમાં જણાવેલ કિંમત થાય છે.*

*(જે) આ નિયમોમાં ઉપયોગ કરાયેલ શબ્દો અને વર્ણનો જેની વ્યાખ્યા આપી નથી પરંતુ કાયદાની જોગવાઈમાં તેની વ્યાખ્યા આપી છે તેનો અર્થ તેમને અનુક્રમે લાગુ પડતો રહેશે.*

**૩. ખાસ પરવાનાની ફાળવણી :**

(૧) જે કિસ્સાઓમાં જે કોઈ વ્યક્તિને આયાતકારી કે નિકાસકારી સંકેત ચિહ્ન અપાયેલ હોય અને તેને સ્થગિત કે રદ કરવામાં આવેલ હોય પેટા કલમ (૧) કલમ - ૮ ની જોગવાઈએ તેમાં નિયામક સર્વશ્રી નીચે જણાવેલ બાબતનો ખ્યાલ રાખીને તેને ખાસ સનદ ફાળવી શકે.

(૧) ખાસ પરવાનો આપવાની ના કરવાથી ભારતની વિદેશ વ્યાપાર પ્રણાલીને વિરોધાત્મક હાનિ કરે તેમ છે.

(૨) આયાતકારી - નિકાસકારી સંકેત ચિહ્નને સ્થગિત કે રદ કરવાથી કોઈ આંતરરાષ્ટ્રીય કરાર નીચે દેશ તેની જવાબદારીને નિભાવી શકતી નથી તેવો દેખાવ થાય.

(૨) પેટાનિયમ (૧) તળે કોઈપણ વ્યક્તિને ફાળેવેલ ખાસ પરવાનો તબદીલ ન કરવાપાત્ર છે.

**૪. પરવાનો મળવા માટેની અરજી :**

કૂટનીતિ (પોલિસી)ની જોગવાઈઓને અનુરૂપ અથવા કલમ-૩ તળે કરાયેલ હુકમ મુજબ માલની નિર્યાત - આયાત કરવા પરવાનો મળવા માટે એક વ્યક્તિ અરજી કરી શકે છે.

**૫. લવાજમ (ફી) :**

(૧) આયાત કરવા મેળવવા યોગ્ય પરવાના માટેની દરેક અરજી પરિપત્રમાં દર્શાવેલ લવાજમ સાથે સામેલ હોવી જોઈએ.

(૨) લવાજમ જમા કરાવવાની રીત બાબત પરિપત્રમાં વર્ણન કર્યા મુજબ રહેશે.

(૩) નીચે જણાવેલાઓએ કરેલ અરજીના બારામાં કોઈપણ લવાજમ ભરવાપાત્ર રહેશે નહીં.

(અ) કેન્દ્ર સરકારશ્રી રાજ્ય સરકારશ્રી અથવા સરકારશ્રીનું કોઈપણ ખાતું અથવા તેની કચેરી

(બ) કોઈપણ સ્થાનિક સત્તા તેની જરૂરિયાત મુજબ માલની પ્રમાણિક આયાત માટે

(ક) શૈક્ષણિક સખાવતી (દાન વગેરે) કે ખાસ ધાર્મિક હેતુ માટે રચાયેલ મંડળ કે કોઈ તેવી સંસ્થા.

(ડ) કોઈપણ માલ (વાહન સિવાયના) ની આયાત કરવા માટે અરજ કરતા કોઈપણ અરજદાર જો તે માલ તેના વ્યક્તિગત ઉપયોગના હેતુ માટે આયાત થવાનો હોય અને તે વ્યાપાર કે ઉત્પાદન કરવાના હેતુમાં નહીં.

(૪) એક વખત લવાજમ આપ્યા પછી કોઈપણ સંજોગોમાં તે પરત થઈ શકશે નહી, સિવાય કે નીચે જણાવ્યા સંજોગોમાં નામે :

(૧) જ્યાં લવાજમ નિયત કરેલ પ્રમાણ કરતાં વિશેષમાં આપ્યું હોય અથવા

(૨) જ્યાં લવાજમ ભરાઈ ગયું હોય પરંતુ કોઈ અરજ (પરવાના અંગે) મળી નથી

(૩) જ્યાં ભૂલથી લવાજમ ભરાઈ ગયું હોય પરંતુ અરજદાર લવાજમ ભરવાની જવાબદારીથી મુકત થતા હોય.

**૬. પરવાનાની શરતો :**

(૧) નિર્યાત કરવા માટેનો દરેક પરવાના માટે શરતો છે જ તેમ અનુમાન રહેશે જે નીચે મુજબ છે.

(૧) પરવાનો આપનાર સત્તાઓ પરવાનાને અદલા-બદલીથી કોઈને આપી શકશે નહીં કે એકનો પરવાનો બીજો ધારણ કરી શકે નહીં, સિવાય કે કૂટનીતિ (પલિસી) ની જોગવાઈઓને અનુરૂપ તેમ થાય.

(૨) જે માલની નિર્યાત માટે પરવાનો આપવામાં આવતો હોય તે માલ નિર્યાત કરવાના સમયે પરવાના ધારકની સંપત્તિ રહેશે.

(૨) પરવાનો આપતી સત્તા આયાત કરવા માટે એક કે વધુ નીચે જણાવેલ શરતોને આધીન પરવાનો ફાળવશે જે :-

(અ) પરવાનાને સંલગ્ન માલ કૂટનીતિ (પોલિસી) ની જોગવાઈને અનુરૂપ ન હોય અથવા પરવાનો આપતી સત્તાઓ પરવાનામાં જણાવેલ રીત મુજબ ન હોય તો અન્યથા તેનો નિકાલ કરી શકાશે નહીં.

(બ) પરવાનો મળવા અરજ કરતાં અરજદાર પરવાનાની શરતો કબૂલાતોનું પાલન કરે તેવું લેખિત જામીન ખત કરી આપે.

(૩) આયાત માટે દરેક પરવાનાની તે શરત હોવાનું અનુમાન રહેશે કે

(અ) પરવાનો આપતી સત્તાએ આપેલ પરવાનો કોઈપણ વ્યક્તિ બીજાને આપી શકે નહીં કે અન્ય કોઈ તેની પાસેથી લઈ શકે નહીં જે કૂટનીતિ (પોલિસી) ની જોગવાઈઓને અનુસરતી ન હોય.

(બ) જે માલની આયાત માટે પરવાનો આપવામાં આવતી હોય તે માલ આયાત થવાના સમયે અને તે પર કસ્ટમ ડ્યુટી કલીઅર થઈ જાય તે સમય સુધી પરવાના ધારકની સંપત્તિ રહેશે.

(ક) આયાત માટે અપાયેલ પરવાનો નીચેનો માલ પરવાનામાં વર્ણન કરેલ અન્યથા ન હોય તો નવો જ માલ હોવો જોઈએ.

(ડ) નિયામક સર્વશ્રી (કે દિગ્દર્શક સર્વશ્રી) ની લેખિત પરવાનગી મળ્યા સિવાય આયાત પરવાના સંબંધી માલની નિર્યાત થઈ શકે નહીં.

(૪) અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાંથી માલની આયાત કરનાર કોઈપણ વ્યક્તિ જે ભારત-અમેરિકા વચ્ચે તકનિકી અદલાબદલીની યાદીની શરતોને આધીન આયાત કરતી હોય, યાદીમાં જણાવાયેલ શરતોમાં અપાયેલ આયાત-પ્રમાણપત્રની તમામ ખાતરી અને શરતોનું પરિપાલન કરશે અને તેવી શરતો કે જે ભારત સરકારશ્રી મારફતે અમેરિકાના સંયુક્ત રાજ્યોને માલની આયાત કરતી વખતે શરતો અને ખાતરીનું પાલન કરવા બંધાયેલ હોય, તેનું પણ અત્રે પાલન કરશે.

**૭. પરવાનો આપવાની ના :**

(૧) નિયામક સર્વશ્રી (દિગ્દર્શક સર્વશ્રી) અથવા પરવાનો આપતી સત્તા કારણોની લેખિતમાં નોંધ કરીને પરવાનો આપવાની કે નવીનીકરણ કરવાની મના કરી શકે છે જો :

(એ) અરજદારે કસ્ટમના કે વિદેશી ચલણ અદલાબદલીના કાયદાનો ભંગ કરેલ હોય.

(બી) પરવાના માટે અરજ કરનાર અરજદાર આ નિયમોની કોઈ જોગવાઈનું મહદ અંશે પાલન કર્યું નથી.

(સી) પરવાના માટેની અરજી કે તેના સમર્થનમાં ઉપયોગ કરેલ કોઈ દસ્તાવેજ કોઈ ખોટું છળકપટ ભર્યું કે ગેરમાર્ગે દોરતું બયાન ધરાવે છે.

(ડી) કેન્દ્ર સરકારે એવો નિર્ણય કરેલ છે કે માલની નિર્યાત અને આયાતને અને તેની વહેંચણી ને જેવા સંયોગો વર્ગીકૃત વચેટીયા દ્વારા એકસૂત્ર કરવા.

(ઈ) અરજદાર વિરુદ્ધ જે તે સમયે અમલમાં કોઈ કાર્યો તેના નિયમો કે તેની નીચે થયેલ હુકમો અનુસાર કોઈ કાર્યવાહી ચાલુ હોય.

(એફ) અરજદાર એક ભાગીદારી પેઢીના વ્યવસ્થાપક ભાગીદાર છે કે હતા અથવા કોઈ ખાનગી સમિતિ કંપનીના એવા દિગ્દર્શક (ડાયરેક્ટર) છે કે હતા કે જેમાં તેમનું કાબૂ ધરાવતું હિત છે કે હતું જે (પેઢી કે કંપની) ની વિરુદ્ધ જે તે સમયે અમલમાં કોઈ કાયદા કે તેના નિયમો કે તે નીચે હુકમ દ્વારા લીધેલાં પગલાંનો નિકાલ આવ્યો નથી. (પેન્ડિંગ).

(જી) જે તે કાયદા તળે હુકમ થયેલ દંડની રકમ અરજદારે ભરપાઈ કરી નથી.

(એચ) અરજદારે એક પરવાના સાથે ચેડાં કર્યા છે.

(આઈ) અરજદાર કે અરજદારના કોઈ એજન્ટ કે નોકર તેની સંમતિથી કોઈ બનાવટી કે કપટયુક્ત કે ભ્રષ્ટ કૃત્ય દ્વારા બીજી કોઈ પરવાનો મેળવવા કરેલ પ્રયત્નમાં સામેલ હોય.

(જે) કૂટનીતિ (પોલિસી)ની કોઈ જોગવાઈને પ્રતિકૂળ હોઈ અરજદાર પરવાનો મેળવવા યોગ્ય નથી.

(કે) દિગ્દર્શક (નિયામક) સર્વશ્રી કે પરવાનો આપતી સત્તાએ માગ્યા મુજબ દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળ થયા છે.

(એલ) આયાત માટેની પરવાનાના કિસ્સામાં તે હેતુ માટે વિદેશી ચલણ મળવાપાત્ર નથી.

(એમ) કૂટનીતિની જોગવાઈઓ તળે અરજદારે અધિકૃત ઠરાવેલ વ્યક્તિ સિવાય અન્ય કોઈએ અરજ નીચે હસ્તાક્ષર કર્યા હોય.

(એન) અરજદારો, તેમણે કરેલ નિર્યાત માલ સંબંધે કેન્દ્ર સરકારશ્રી કે તેમણે અધિકૃત કરેલ એજન્સી પાસેથી નોંધણી કરાયેલ નિર્યાતકારોને મંજૂર થયેલ રોકડ વળતરની સહાય કે બીજા સમાન લાભો કોઈ જૂઠા કપટભર્યા કે ગેરમાર્ગે દોરનારા બયાન દ્વારા કે કોઈ જૂઠા બનાવટી કે ચેડાં કરેલ દસ્તાવેજ દ્વારા રોકડ વળતર કે અન્ય સમાન લાભ મેળવ્યા છે અથવા મેળવવા પ્રયત્ન કર્યા છે.

(૨) પેટા-નિયમ (૧) તળે મના કરાતો પરવાનો, પરવાનો આપનાર સત્તાએ આ કાયદા તળે લેવાં જોઈતાં અન્ય પગલાંને પૂર્વગ્રહિત કરશે નહીં.

**૮. પરવાનાનો સુધારો :**

પરવાનો આપનાર સત્તાધિકારી તેમની જાતે જ અથવા પરવાના ધારકની અરજી ઉપર તેવી રીતમાં પરવાનામાં સુધારો કરશે જે જરૂરી જણાય અથવા પરવાનામાં તેની કોઈ ભૂલ બાકી રહેતી બાબતને સુધારણા કરશે.

**૯. પરવાનાનું નિલંબીકરણ (સ્થગીકરણ) :**

(૧) નિયામક અથવા પરવાનો આપતા સત્તાધિકારીશ્રી લેખિત હુકમ દ્વારા નીચે જણાવેલાઓને અપાયેલ પરવાનાનો અમલ નિલંબિત (સસ્પેન્ડ) કરશે જે

(અ) જો વિદેશી ચલણ-વિનિમય અને દાણચોરી અટકાયત ધારો ૧૯૭૪ (૧૯૭૪નો ૫૨મો) ધારાની જોગવાઈઓ તળે એવી વ્યક્તિ કે જેની વિરુદ્ધ અટક કરવાનો હુકમ પારિત થયો હોય અથવા

(બ) એક ભાગીદારી પેઢી કે ખાનગી સીમિત કંપની જો પેટાવાક્ય (અ) માં નિર્દેશ કરેલ વ્યક્તિ કે પેઢીનો ભાગીદાર કે તે કંપનીનો પૂરતા સમયનો નિર્દેશક અથવા વ્યવસ્થાપક-નિર્દેશક જે લાગુ પડે તે હોય.

શરત એટલે કે આગળ જણાવેલ તે વ્યક્તિ જે ભાગીદારી પેઢીમાં કે કંપનીમાં હોય જે લાગુ પડે તો તેની વિરુદ્ધ સનદના નિલંબીકરણનો હુકમ સ્થગિત રહેશે જ્યારે આવી વ્યક્તિ વિરુદ્ધ અટક કરવાનો હુકમ.

(૧) અટક કરવાનો હુકમ હોવા છતાં તે હુકમને વિદેશી ચલણ વિનિયમ (ફોરેન એક્ષ્ચેંજ એકટ) અને કસ્ટમ દાણચોરીને અટકાયતી ધારા-૧૯૭૪ (૧૯૭૪નો ૫૨મો)ની કલમ-૯ની જોગવાઈઓ લાગુ થતી ન હોય તે કાયદાની કલમ-૮ અન્વયે સલાહકાર બોર્ડ (એડવાઈઝરી બોર્ડ) દ્વારા થયેલ અહેવાલથી રદ કરવામાં આવ્યો હોય અથવા સલાહકાર બોર્ડનો હેવાલ આવતાં પહેલાં અથવા સલાહકાર બોર્ડને તે અંગે સંદર્ભ (લેખિત જાણ) કર્યા પહેલાં અથવા

(૨) અટકાયતી હુકમ હોઈ ૧૯૭૪ (૧૯૭૪નો ૫૨મો) (વિદેશી ચલણ વિનિમય રક્ષણ અને કસ્ટમ દાણચોરી અટકાયત ધારો) ની કલમ-૯ની જોગવાઈઓ લાગુ થતી હોય તે કાયદાની કલમ-૮ તળે સલાહકાર બોર્ડનો અહેવાલ મળ્યા પછી સાથે કલમ-૯ની પેટા કલમ-(૨) વંચાણે લેતાં, અથવા

(૩) સક્ષમ હકૂમત ધરાવતી અદાલત દ્વારા રદ કરવામાં આવ્યો હોય

(૨) આ નિયમોના નિયમ-૧૦ પરવાનાને રદ કરવાની કાર્યવાહી કરવામાં આવી હોય તેવા કિસ્સામાં નિયામક અથવા પરવાનો આપનાર સત્તાધિકારી આ નિયમો તળે અપાયેલ કોઈપણ પરવાનાના અમલને લેખિત હુકમ દ્વારા નિલંબિત કરશે.

**૧૦. પરવાના રદ્દીકરણ (કેન્સલેશન) :**

આ નિયમો તળે ફાળવાયેલ કોઈપણ પરવાનાને નિયામક કે પરવાનો આપતા સત્તાધિકારીશ્રી લેખિત હુકમ દ્વારા રદ કરી શકે છે જો :

(અ) તે પરવાનો છળકપટ હકીકતોનો અવરોધ (સત્ય છુપાવીને) કરીને કે ગેરમાર્ગે દોરીને મેળવી હોય, અથવા

(બ) પરવાનાધારકે પરવાનો મળવા અંગેની કોઈપણ શરતનો ભંગ કર્યો હોય અથવા

(ક) પરવાનાધારકે તે પરવાના સાથે કોઈપણ રીતે ચેડાં કર્યા હોય અથવા

(ડ) પરવાનાધારકે કસ્ટમને લગતા કે વિદેશી ચલણ વિનિમય કાયદાના કોઈ નિયમો અને નિયમનનો ભંગ કર્યો હોય.

**૧૧. આયાત કરેલ માલની ગુણવત્તા અને કિંમત અંગેનું બયાન-બહાલી :**

*કોઈપણ કસ્ટમ એરિયા - બંદરમાં આયાત થયેલ કે ત્યાંથી નિકાસ કરાતા માલની શુલ્ક (ડ્યુટી) ભરવાપાત્ર હોય કે ન હોય તે માલનો માલિક બિલ ઓફ એન્ટ્રીમાં કે શીપિંગ બિલમાં અથવા કસ્ટમના કાયદા ૧૯૬૨ (૧૯૬૨નો ૫૨મો) તળે નિયત કરેલ ફોર્મમાં તેની પૂરતી જાણ આધારિત આવા માલની કિંમત ગુણવત્તા અને વર્ણનનું બયાન કરી આપશે અને માલની નિર્યાત બાબતના કિસ્સામાં એવું પ્રમાણિત કરી આપશે કે તે દસ્તાવેજોમાં વર્ણન કરેલ માલની ગુણવત્તા અને વર્ગીકરણ ખરીદનાર કે માલ મેળવનાર સાથે તેમણે કરેલ નિર્યાત કરારની શરતો મુજબના છે કે જે કરારના અનુસરણમાં તે માલ નિર્યાત થઈ રહ્યો છે અને બિલ ઓફ એન્ટ્રી કે શીપિંગ બિલ કે બીજા જે તે દસ્તાવેજની નીચે આવા બયાનની સત્યતાની જાહેરાત લખી આપશે.*

**૧૨. આયાત-નિર્યાતકારી સંકેત ચિહ્ન અંગેનું જાહેર બયાન :**

*કોઈપણ કસ્ટમ એરિયા કે બંદરની અંદર આયાત કરાતા કે ત્યાંથી નિકાસ કરાતા માલના આયાતકર્તા કે નિકાસ કરનારે બિલ ઓફ એન્ટ્રી શીપિંગ બિલ કે જે તે કાયદા તળે કે કસ્ટમ એક્ટ, ૧૯૬૨ (૧૯૬૨નો ૫૨મો) ના કાયદા તળે જે લાગુ પડે તે ના નિયમોથી નિયત થયેલા દસ્તાવેજમાં તેમને સક્ષમ સત્તાધિકારીશ્રીએ ફાળવેલ તેમના આયાતકારી/નિકાસકારી સંકેત ચિહ્ન (કોડ નંબર) ને લખી જણાવશે જ.*

**૧૩. આયાત થયેલ માલની ઉપયોગિતા :**

*(૧) કોઈપણ વ્યક્તિ સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા કે અન્ય બીજી કોઈ પણ એન્જસીનો જેને કેન્દ્ર સરકારશ્રીએ માન્ય કરેલ હોય તે તેને સોંપાયેલ આયાત કરેલ માલનો ઉપયોગ, તેમણે આવો માલ મળવા માટે કરેલ અરજી કે તેના સમર્થનમાં સામેલ અન્ય દસ્તાવેજમાં જાહેર કરેલ હેતુ કે રીત સિવાય અન્ય રીતે કે અન્ય હેતુમાં કરી શકે નહીં.*

*(૨) કોઈપણ વ્યક્તિ તેને અપાયેલ પરવાના સામે આયાત કરેલ માલનો નિકાસ આવી પરવાનામાં જણાવેલ શરતોને આધીન ન હોય તો કરી શકે નહિ.*

**૧૪. કોઈપણ જાહેર બયાન (ડેકલેરેશન) કે દસ્તાવેજ લખી આપવા કે તેમાં સહી કરવાની ક્રિયાની મનાઈ બાબતે :**

*(૧) કોઈપણ વ્યક્તિ માલની આયાત-નિર્યાત માટે પરવાનો મેળવવા માટેના કોઈપણ જાહેર બયાન કે દસ્તાવેજ લખી કે લખાવી આપશે નહીં કે તેમાં સહી કરી શકશે નહીં કે તેનો ઉપયોગ કરી શકશે નહીં કે જે વિશે તે જાણે છે કે તેને તેવું માનવાને કારણ છે કે તેવી જાહેરાત બયાન કે દસ્તાવેજ મહત્ત્વની વિગતોમાં ખોટું છે.*

*(૨) કોઈપણ વ્યક્તિ પરવાનો મેળવવાના કે કોઈ માલની આયાત કે નિર્યાત કરવાના હેતુઓમાં કોઈ ભ્રષ્ટ (કરાર) કે છળકપટ કે બનાવટનો ઉપયોગ કરશે નહીં.*

**૧૫. મકાનમાં પ્રવેશ કરવા નિરીક્ષણ કરવા માલ દસ્તાવેજો અને વાહનો જપ્ત કરવાના અધિકારો :**

*(૧) કલમ-૧૦ની પેટા કલમ (૧) તળે સત્તા અપાયેલ કોઈપણ વ્યક્તિ (જે હવે પછી અધિકૃત વ્યક્તિ તરીકે કહેવાશે) કોઈપણ યોગ્ય સમયે કોઈપણ મકાનમાં પ્રવેશશે, જેમાં :*

*(૧) આ કાયદાની જોગવાઈઓ તળે જપ્ત કરવા યોગ્ય આયાત કરેલ માલ કે ચીજવસ્તુ*

(૨) હિસાબના કોઈ ચોપડાઓ દસ્તાવેજો અથવા વસ્તુઓ જે તેમના અભિપ્રાયે આ કાયદા તળે કાનૂની કાર્યવાહી માટે કે તે કાર્યવાહીને લાગતા વળગતા છે, જે શંકા તળે છે કે અનુ સંતાડી રાખેલા છે તે માલ ચીજ વસ્તુઓ હિસાબના ચોપડાઓ દસ્તાવેજો અથવા વસ્તુઓનું નિરીક્ષણ કરી શકે છે અને તે માંહેના તેવા ઉતારા કે નોંધ તેને ઠીક લાગે તે લઈ શકે છે.

(૨) જો તે અધિકૃત વ્યક્તિને તેમ માનવાને કોઈ કારણ હોય કે :

(૧) આ કાયદા તળે જપ્ત કરવા પાત્ર કોઈ આયાત કરેલ કોઈ માલ કે ચીજવસ્તુ અથવા

(૨) હિસાબના ચોપડાઓ, દસ્તાવેજો કે વસ્તુઓ જે તેમના અભિપ્રાયે આ કાયદા તળે કાનૂની કાર્યવાહી માટે ઉપયોગી કે તેને લાગતા વળગતા છે તે કોઈ મકાનમાં સંતાડાયેલા છે તેમાં તે દાખલ થઈ શકે છે અને આવા માલ, ચીજવસ્તુઓ, હિસાબના ચોપડાઓ, વસ્તુઓની શોધ તપાસ કરી શકે છે.

(૩) (અ) જો તે અધિકૃત અધિકારીને તેમ માનવાને કારણ હોય કે કોઈ માલ કે ચીજ વસ્તુઓ આ કાયદા તળે જપ્ત કરવા યોગ્ય છે તો તે આવા માલ કે ચીજ વસ્તુઓને તેમના આચ્છાદિત (કવરિંગ) બંધ કે ગાંસડી સાથે આચ્છાદિત કે પાવતી જો કંઈ હોય તો જેમાં આવો માલ કે ચીજ વસ્તુઓ મળી આવે જે બીજી કોઈ ચીજ વસ્તુ કે બીજા માલ સાથે ભેળસેળ કરેલ છે તેને જપ્ત કરી શકે છે.

શરત એટલી કે જ્યાં આવો માલ કે ચીજ વસ્તુઓ કબજે કરવા માટે શક્યતા ન હોય (પ્રેક્ટિકલ) ત્યાં અધિકૃત વ્યક્તિ આવા માલ કે ચીજ વસ્તુઓના માલિકને એક હુકમ બજવણી કરી શકે તે માલ ચીજ વસ્તુઓને ક્યાંય ખસેડશે નહીં કે અલગ કરશે નહીં કે અન્યથા તે માલ કે વસ્તુ સાથે કોઈ વ્યવહાર કરશે નહીં તેમ કરવા માટે અધિકૃત અધિકારીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય.

(બ) જ્યાં કોઈ માલ કે ચીજ વસ્તુઓ ઉપવાક્ય (અ) તમે જપ્ત કરવામાં આવ્યા હોય અને તે માલ કે ચીજ વસ્તુઓની જપ્તી અંગે જપ્ત કર્યા પછી છ માસની અંદર કોઈ જાણ કરવામાં આવી ન હોય જેના કબજામાંથી તે માલ કે ચીજ વસ્તુઓ કબજે કરવામાં આવેલ હોય તે માલિકે ચીજ વસ્તુઓ તેના માલિકને પરત આપવામાં આવશે.

શરત એટલી કે, ઉપર જણાવેલ છ માસનો સમય ગાળો પૂરતું કારણ જણાવવામાં આવેલો નિયામક કે દિગ્દર્શકશ્રી દ્વારા વિશેષ સમય માટે લંબાવવામાં આવશે પરંતુ બીજા છ માસથી વિશેષ નહીં.

(ક) અધિકૃત અધિકારીશ્રી તેમના મતે એમ લાગે કે કોઈ હિસાબના ચોપડાઓ કે દસ્તાવેજો કે ચીજો (વસ્તુઓ) આ કાયદાની કાનૂની કાર્યવાહી માટે ઉપયોગી કે તેને લાગતા વળગતા છે તો તે ચોપડાઓ દસ્તાવેજો કે વસ્તુઓને જપ્ત કરી શકાશે.

(ડ) આ પેટા નિયમ નીચે જે વ્યક્તિના કબજામાંથી કોઈ દસ્તાવેજો અધિકૃત અધિકારીની રૂબરૂમાં જે તે દસ્તાવેજમાંથી ઉતારાઓ કે નકલો કરી શકે છે.

(ઈ) આ પેટા નિયમ નીચે જપ્ત થયેલ કોઈ હિસાબના ચોપડા દસ્તાવેજ કે વસ્તુઓ જેના કાયદેસરના હક્કદાર વ્યક્તિ જેની પાસેથી કબજે લેવાયેલ હોય કોઈ કારણસર તે હિસાબી ચોપડાઓ, દસ્તાવેજો કે વસ્તુઓ અધિકૃત અધિકારીના કબજામાં જ રાખવા વિરોધ વાંધો ધરાવતા હોય તો તેઓ કેન્દ્ર સરકારશ્રીને અરજી દ્વારા તેમાં કારણ સહિત અરજી દ્વારા તેમાં જણાવશે કે તેઓ શા માટે વાંધો ઉઠાવે છે અને તેમાં તેવી વિનંતી કરશે કે તેમને તે હિસાબના ચોપડાઓ દસ્તાવેજો કે વસ્તુઓ પરત મળે.

(ફ) વાક્ય (ઈ) તળે અરજી મળવાથી કેન્દ્ર સરકારશ્રી અરજદારને રૂબરૂ સાંભળવાની તક આપ્યા બાદ યોગ્ય લાગે તે હુકમ કરી આપશે.

(ગ) જ્યાં આ કાયદા તળે કોઈ વ્યક્તિ દ્વારા કોઈ દસ્તાવેજ રજૂ કરવામાં આવ્યો હોય કે પૂરો પાડવામાં આવ્યો હોય અથવા કલમ-૧૧ તળે દર્શાવાયેલ (જોગવાઈઓ) નું ખંડન કર્યા બદલ ભારત બહારના દેશમાંથી આવેલ હોય અને આવો દસ્તાવેજ આવી કોઈ વ્યક્તિ જેણે રજૂ કરેલ હોય, વિરુદ્ધ પુરાવા તરીકે રજૂઆતમાં હોય અથવા એવી વ્યક્તિ વિરુદ્ધ પુરાવા તરીકે રજૂ થતું હોય અથવા એવી વ્યક્તિના કબજામાંથી જપ્ત કરીને પુરાવા તરીકે રજૂ થતું હોય જેની સામે કાનૂની કાર્યવાહી સંયુક્ત રીતે ચાલુ હોય, ન્યાયી કાર્યવાહી ચલાવતા સત્તાધિકારીશ્રી બીજા કોઈ કાયદામાં જે તે સમયે વિરુદ્ધ વિધાન હોવા છતાં ગણકાર્યા વિના

(૧) એવી ધારણા કરશે કે જો અન્યથા પુરવાર ન થયું હોય કે સહી અને તે દસ્તાવેજનો બીજો દરેક ભાગ કે કોઈ ચોક્કસ વ્યક્તિના હસ્તાક્ષર હોવાની શક્યતા છે કે જેના વિશે ન્યાયાધિકાર ચલાવતા સત્તાધિકારીને સકારણ એવું માનવાને યોગ્ય લાગે કે તે હસ્તાક્ષર તે વ્યક્તિના જ છે અથવા તે દસ્તાવેજ જે લખી આપેલ કે ચકાસી કાઢેલ હોય.

(૨) તે દસ્તાવેજ જે કાયદેસર સ્ટેમ્પ લગાડેલ ન હોય તો પણ જો તે દસ્તાવેજ પુરાવામાં અન્યથા સામેલ કરવા યોગ્ય હોય તો તેને પુરાવામાં સામેલ કરશે.

(૪) અધિકૃત વ્યક્તિ જો તેમને તેવી શંકા હોવાનું કારણ હોય કે કોઈ વાહન (હેરાફેરી કરનાર) કે પ્રાણી તેવા આયાત કરેલ માલ કે ચીજવસ્તુ (પદાર્થો)નું સ્થાનફેર કરવાના ઉપયોગમાં લેવાઈ રહ્યું છે કે સ્થાનફેરના ઉપયોગમાં લેવાય તેવી ધારણા છે કે જે માલ કે પદાર્થો આ કાયદા તળે જપ્ત થવાને પાત્ર છે અને આવા સ્થાનફેર દ્વારા આ કાયદાની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન થઈ ગયું છે કે થઈ રહ્યું છે કે થાય તેવી સંભાવના કોઈપણ સમયે છે તો તેઓ તેવા સ્થાનફેરને કે પ્રાણીને રોકી શકે છે અથવા એઈરક્રાફ્ટના કિસ્સામાં તેને જમીન પર લાવવા ફરજ પાડી શકે છે અને

(અ) આવા વાહન કે તે માંહેના કોઈ ભાગને

(બ) જે તે વાહનમાં રહેલા કે પ્રાણી ઉપરના કોઈપણ માલને કે ચીજવસ્તુને શોધ કરી શકે પરીક્ષણ કરી શકે છે.

(ક) જો આવા વાહન કે પશુને અટકાવવા માટે જરૂરી જણાય તો તેને અટકાવવા માટે કાયદેસરના બધા જ વિકલ્પો અપનાવી શકે છે અને જ્યાં આવા વિકલ્પો નિષ્ફળ જાય ત્યાં તે વાહન કે પ્રાણી ઉપર ગોળીબાર કરી શકાય છે.

અને જ્યાં તેમને એ બાબત સંતોષકારક જણાય કે આ કાયદાની કોઈ જોગવાઈનું કે નિયમોનું કે તે નીચે કરેલા હુકમોનું ઉલ્લંઘન થતું રોકવા માટે અથવા કોઈ સનદ અંગેની શરતો કે કૂટનીતિ (પોલિસી) નું ઉલ્લંઘન થતું  રોકવા માટે જરૂરી છે તો તેઓ આવા વાહન કે પશુ પ્રાણીને કબજામાં લઈ શકે છે.

સ્પષ્ટતા : આ નિયમમાં વાહનનો ઉલ્લેખ કર્યો હોય ત્યાં સંદર્ભ જુદો પડતો હોય તે સિવાય, વાહન એટલે તેમાં વિમાન, વાહન કે વહાણનો સમાવેશ થશે.

**૧૬. સમાધાન :**

(૧) જે વ્યક્તિને તેવી નોટિસ આપવામાં આવી હોય અને જેમણે સમાધાન માટે સ્વેચ્છા કબૂલ કરી હોય અને જણાવેલ કોઈ પણ ઉલ્લંઘન કર્યાનું સ્વીકાર્યું હોય તેમને ન્યાય નિર્ણય કરવા સત્તાધિકારીશ્રી નીચે જણાવેલ કિસ્સાઓમાં સમાધાન અંગેની રકમ ભરવાનો નિર્ણય લઈ શકે છે જે -

(૧) જ્યાં તેમના અભિપ્રાયે આ કાયદાની કોઈપણ જોગવાઈ કે નિયમો કે કૂટનીતિ (પોલિસી)ની જોગવાઈઓનું ઉલ્લંઘન ગુનાહિત માનસ જાણી જોઈને કરેલી ભૂલ કે હકીકતોની સત્યતાને છુપાવ્યા વિના કે કોઈપણ મેળાપીપણામાં કે કોઈપણ છળકપટ કે બનાવટ સાથે કરવામાં આવેલ નથી કે વિદેશી મુદ્રા વિનિમયને નુકસાન કર્યા વિના કરવામાં આવેલ છે અથવા

(૨) જ્યાં માલની આયાત કરનાર વ્યક્તિએ ખરા ઉપયોગ કરનારની શરતોને પૂરી કરી નથી જે શરતો કૂટનીતિ (પોલિસી)માં જણાવી હોય અને તેમણે તે આયાત કરેલ માલનો ગેર-ઉપયોગ કર્યો હોય અથવા

(૩) આયાત કરનાર વ્યક્તિએ નિર્યાત પ્રક્રિયાની ફરજોનું પરિપાલન ન કર્યું હોય અને આયાત કરેલ તે માલનો ગેર-ઉપયોગ ન કર્યો હોય.

(૨) જ્યાં કોઈ વ્યક્તિએ સમાધાન માટે સ્વેચ્છા દર્શાવી હોય પેટા નિયમ (૧) તળે ત્યાં ન્યાય નિર્ણય કર્તા અધિકારીશ્રીએ કરેલ સમાધાન આખરી રહેશે.

**૧૭. જપ્તી અને મુક્તિ અંગેનો ખર્ચ :**

(૧) કોઈપણ આયાત કરેલ માલ કે જેના બારામાં

(અ) પરવાનાની કોઈપણ શરત અથવા અધિકારપત્રની શરત કે જે નીચે માલની આયાત કરી હોય તેનો ઉપયોગ કે વહેંચણી (ની શરતો)

(બ) તેમના ઉપયોગ કે વહેંચણી અંગેની કોઈ શરત જેની નીચે કોઈ એજન્સી મારફતે કે તેની પાસેથી માલ આયાત કર્યો હોય અને જે એજન્સી કેન્દ્ર સરકાર દ્વારા માન્ય કરેલ હોય તેની પાસેથી કે તેના દ્વારા માલ આયાત કર્યો હોય તેની કોઈ શરત.

(ક) આવા માલ કે ચીજ વસ્તુના વેચાણ કે નિકાલ બાબતે કૂટનીતિ તળે કોઈ શરત લાદવામાં આવી હોય,

*તે શરતનું ઉલ્લંઘન થયું હોય કે થઈ રહ્યું હોય કે ઉલ્લંઘન કરવા પ્રયત્ન થયો હોય તે તેના આવરણો (કવર) પોટલા કે ગાંસડી (પેકેજ) કે આયાત ખોખા વગેરે સહિત કે જેમાં આવો માલ મળી આવે તે ન્યાય નિર્ણય કરનાર સત્તાધિકારીશ્રી દ્વારા જપ્ત કરવાને પાત્ર રહેશે અને જ્યાં આવો માલ કે ચીજવસ્તુ બીજા કોઈ માલ કે ચીજ વસ્તુ સાથે ભેળસેળ એવી રીતે કરેલ હોય કે જે તુરત જ અલાયદો (છૂટો) ન કરી શકાય તેવો બીજો માલ કે ચીજવસ્તુઓ પણ જપ્ત કરવાને પાત્ર રહેશે.*

*શરત એટલી કે ન્યાય નિર્ણય કરતી સત્તાને સંતોષ થાય તે રીતે એમ પ્રતીતિ કરાવવામાં આવે કે આ નિયમ તળે જપ્તી કરવાને પાત્ર કોઈ માલિકે ચીજ-વસ્તુઓ વ્યક્તિગત ઉપયોગ માટે આયાત કરવામાં આવેલ છે અને કોઈ વ્યાપાર કે ઉદ્યોગ માટે નહીં આવો માલ કે ચીજવસ્તુ જપ્ત કરવાનો હુકમ થશે નહીં.*

*(૨) ન્યાય નિર્ણય કરતા સત્તાધિકારીશ્રી જપ્ત કરાયેલ માલ કે ચીજવસ્તુઓની મુક્તિ માટે આવા માલની કે ચીજવસ્તુઓની બજાર કિંમત જેટલું મુક્તિ લાવાજમ ભરપાઈ કરી આપ્યા બાદ આવા જપ્ત થયેલ માલ કે ચીજવસ્તુની મુક્તિ છૂટા કરવા માટે પરવાનગી આપી શકે છે.*

**૧૮. વાહન સ્થાનફેર કરતા સાધનની જપ્તી (રાજ્યસાત) :**

*(૧) કોઈપણ વાહન કે પશુ પ્રાણી જેનો ઉપયોગ આયાત થયેલ માલ કે ચીજવસ્તુ જે નિયમ-૧૭ નીચે જપ્તીને પાત્ર છે તેના સ્થાનફેર માટે થયો છે કે તેવા ઉપયોગના પ્રયત્નો થયા છે જો તે વાહન કે પશુ પ્રાણીના માલિક જાતે તેના વચેટીયા (એજન્ટ) અને તે વાહન કે પશુના ચાર્જમાં (સોંપણી કરાયેલ) વ્યક્તિની જાણ કે મેળાપીપણા સિવાય થયો છે - થાય છે કે થવાનો છે અને તેઓ માંહેની દરેક વ્યક્તિએ આવા ઉપયોગ સામે બધી જ યોગ્ય અગમચેતી (પ્રીકોશન્સ) રાખેલી છે તેવું પુરવાર કરે નહીં તો ન્યાય નિર્ણય કરવા અધિકારીશ્રીએ તે વાહન કે પશુ-પ્રાણીને જપ્ત કરવાપાત્ર રહેશે.*

*(૨) જપ્ત થયેલ આવા વાહન કે પશુની બજારકિંમત બરાબર મુક્તિ-ચાર્જ ભરપાઈ કરવાથી માલની હેરફેર કરતા વાહન કે પશુ કે ભાડું લઈને મુસાફરોને લઈને જતા આવતા હોય તેની મુક્તિની પરવાનગી ન્યાય નિર્ણય કરતા અધિકારીશ્રી આપશે.*

• • •

*ભારત સરકારના એક્સ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટ, ભાગ-૨ કલમ-૩ પેટા કલમ (૨) તારીખ : ૨૮-૩-૧૯૭૩*

# કૃષિ મંત્રાલય

# કૃષિખાતું

# માંસ ખાદ્ય ઉત્પાદન હુકમ - ૧૯૭૩

# (બનાવટ)

*(સ્થાયી હુકમ) ૧૭૯ (ઈ)*

*આવશ્યક ચીજવસ્તુઓનો કાયદો ૧૯૫૫ (૧૯૫૫ નો ૧૦મો) ની કલમ-૩ અન્વયે મળેલ અધિકાર/સત્તાની રૂએ કેન્દ્ર સરકારે આથી, નીચે પ્રમાણેના નિયમો બનાવેલ છે. જેવા કે :-*

**૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ**

*(૧) આ હુકમને માંસ ખાદ્ય પેદાશોનું ઉત્પાદન, ૧૯૭૩ કહેવામાં આવશે.*

*(૨) તેનો અમલ ૧૫-૦૭-૧૯૭૫ થી શરૂ થશે.*

**૨. વ્યાખ્યાઓ :**

*આ હુકમમાં જ્યાં સુધી વિરોધાભાસ ઊભો ન થાય ત્યાં સુધી.*

*(એ) "પ્રાણી" એટલે નીચે જણાવેલ કોઈપણ જાતિઓનો સમાવેશ થતો હોય તેવાં પ્રાણી*

*(૧) ઘેટાંના પ્રકારનાં/વર્ગનાં પ્રાણીઓ;*

*(૨) કેપ્રાઈન્સ;*

*(૩) સ્યુઈલીન્સ;*

*(૪) બોવીન્સ;*

*અને મરઘાંનો સમાવેશ થશે.*

*(બી) "મૃત શરીર" એટલે કે જે પ્રાણીની કતલ થયેલ છે/મૃત છે તેના શરીરનો કોઈ ભાગ અથવા આંતરિક ભાગો સહિતનું શરીર,*

*(સી) "સમિતિ" એટલે કે પદ-૩ અન્વયે સ્થાપિત થયેલ/રચના થયેલ માંસ ખાદ્ય પેદાશ સલાહકાર સમિતિ,*

*(ડી) "ફેક્ટરી" એટલે કે કોઈપણ મકાન/બાંધકામ અને તેનો એ સંકળાયેલો વિસ્તાર કે જેમાં માંસ ખાદ્ય પેદાશો કે પેક કરવામાં આવતી હોય,*

*(ઈ) "પરવાનેદાર" એટલે કે બનાવનાર કે જેને આ હુકમ અન્વયે પરવાનો આપવામાં આવ્યો હોય,*

*(એફ) "પરવાનો આપનાર સત્તા" એટલે કે ભારત સરકારના ખેતીવાડી માર્કેટિંગ સલાહકાર અને તેમાં તેમના દ્વારા આ બાબતમાં અધિકૃત થયેલ કોઈપણ અધિકારી કે જેમની કેન્દ્ર સરકાર દ્વારા અગાઉથી મંજૂરી અપાયેલ હોય,*

*(જી) "સ્થાનિક સત્તા" એટલે કે મ્યુનિસિપલ કાઉન્સિલ, સમિતિ, કોર્પોરેશન, પંચાયત, જાહેર થયેલ વિસ્તાર સમિતિ કે બીજી સત્તા કે નિયમો દ્વારા અને પરવાનગીથી સ્થાનિક વિસ્તારમાં કતલખાનાની નિયમોથી મંજૂરી મળેલ હોય,*

(એચ) "બનાવનાર (ઉત્પાદક)" એટલે કે વ્યક્તિનો સમાવેશ થશે કે જે ખાદ્ય માંસ પેદાશો વેચાણ કરવાના હેતુથી બનાવ્યા, પેકિંગ (ભેગું કરીને વીંટાળવું) કે રી-પેકિંગ (ફરીથી પેક કરવું), ફરીથી નામ આપવાના વેપારમાં/સાથે સંકળાયેલ હોય, પણ તેમાં એવી વ્યક્તિનો સમાવેશ થઈ શકશે નહીં કે જે આ પ્રકારની ખાદ્ય પેદાશો બનાવે છે અને સ્થળ પર જ તેનું રેસ્ટોરન્ટ, હોટેલ, બોર્ડિંગ હાઉસ, નાસ્તા ઘર, ધાબા કે અન્ય આ પ્રકારની વ્યવસ્થામાં વેચાણ કરે છે.

(આઈ) "માંસ" એટલે કે શરીરની ત્વચા/ચામડી તથા હાડકાંની વચ્ચેનો ભાગ તથા મૃત શરીરના બીજા ખાઈ શકાય તેવા ભાગ.

(જે) "ખાદ્ય માંસ ઉત્પાદન" એટલે કે આ હેતુ માટે બનાવેલ કોઈપણ ખોરાક કે પદાર્થ કે જે ખોરાક તરીકે વાપરી શકાય તેમ હોય અને કે જે માંસને સૂકવી, રાંધી, સિઝાવી કે ધુમાડાથી કે ઉપરની કોઈપણ પ્રક્રિયાને અનુસરીને બનાવેલ પેદાશ, પરંતુ તેમાં નીચેની પેદાશોનો સમાવેશ થશે નહીં કે જ્યાં સુધી બનાવનાર પોતે આ હુકમની જોગવાઈઓ અન્વયે સંકળાવા માગતો હોય જેમ કે,

(i) માંસનો અર્ક, માંસનો સૂપ અને જથ્થો માંસ - સોસ તથા અન્ય સસ્તી પેદાશો કે જેમાં માંસના ટુકડા થતા હોય,

(ii) આખાં, તૂટેલાં કે ભૂકો કરેલાં હાકડાં, એનિમલ જીલેટીન, પેપ્ટોન્સ, માંસનો ભૂકો (પાઉડર), પીગના માંસનો ભૂકો, બ્લડ પ્લાઝમા, સૂકવેલા લોહીનો પ્લાઝમા, સેલ્યુલર પ્રોટીન્સ, હાડકાંનો અર્ક (ભૂકો) અને અન્ય સમાન પેદાશો,

(iii) પ્રાણીઓની માંસ પેશીઓમાંથી ઓગાળેલ/પિગાળેલ ચરબી,

(iv) પેટ, બ્લેડર અને આંતરડાં કે રાસાયણિક પ્રક્રિયાથી કે સૂર્ય પ્રકાશમાં સારું કરેલાં હોય તે અને / અથવા સૂકવેલાં હોય,

(v) માંસના ટુકડાઓ સાથે સંકળાયેલ પેદાશ, પરંતુ માંસનો જથ્થો કે પેદાશનો જથ્થો અંતિમ પેદાશ/નીપજના ૧૦% થી વધવો જોઈએ નહીં.

(vi) પેટીસ, પફસ, રોલ્સ, સમોસા, કટલેસ, કોફતા, કબાબ, ચોપ્સ, ટીક્કાસ અને સૂપ કે જે મટન મરઘાનું માંસ, બકરાનું માંસ, ભેંસનું માંસ અને ગ્રીલ્ડ ચીકનમાંથી તાત્કાલિક ઉપયોગ માટે બનાવવા માટે થાય છે અને તેને ફ્રીઝમાં થિજાવીને પણ રાખી શકાતું નથી.

(કે) "ખાદ્ય માંસ પેદાશોના નિરીક્ષક" એટલે કે અધિકૃત વેટેરીનરીયન કે જે પરવાનો આપનાર સત્તા દ્વારા નિમાયેલ હોય અને તેમાં એ અધિકારીનો પણ સમાવેશ થશે કે જે અધિકારી સ્થાનિક સત્તાનો હોય અને ખાદ્ય માંસ નિરીક્ષક તરીકે આ હુકમ અન્વયે ફરજો બજાવવા અધિકૃત કરેલ હોય,

(એલ) "અનુસૂચિ/પરિશિષ્ટ" એટલે આ હુકમ સાથે જોડાયેલ પરિશિષ્ટ/અનુસૂચિ,

(એમ) "કતલખાનું" એટલે એવું મકાન કે બાંધકામ કે જે સ્થાનિક સત્તા દ્વારા માનવ ખોરાક માટે પ્રાણીઓની કતલ માટે કતલખાના તરીકે અધિકૃત કરવામાં આવેલ હોય,

(એન) "વર્ષ" એટલે કે કેલેન્ડર વર્ષ કે તેનો કોઈપણ ભાગ,

**૩. સમિતિનું બંધારણ :**

(૧) આ હુકમનો આરંભ થયા પછી તરત જ અને ત્યારપછી પ્રત્યેક બે વર્ષના સમયગાળા બાદ, ભારત સરકાર હુકમ દ્વારા ઓફિશિયલ ગેઝેટમાં પ્રસિદ્ધ કરીને ખાદ્ય માંસ ઉત્પાદન સલાહકાર સમિતિની રચના કરશે કે જેમાં ભારત સરકારના કૃષિ ખાતાના ખેતીવાડી બજારના સલાહકાર કે જે તેના ચેરમેન રહેશે અને બીજા સભ્યો નીચે પ્રમાણે હશે, જેમ કે;

(એ) ભારત સરકારના એનિમલ હસબન્ડરી કમિશનર કે તેના અનુગામી,

(બી) ભારત સરકારના આરોગ્ય સેવાઓના ડાયરેક્ટર જનરલ કે તેના અનુગામી,

(સી) ભારત સરકારના ટેક્નિકલ ખાતાના ડાયરેક્ટર જનરલ કે તેના અનુગામી,

(ડી) ભારત સરકારના પુરવઠા (ખાદ્ય) અને પોષણ નિગમ ડિપાર્ટમેન્ટ ઓફ ફૂડના કાર્યપાલક નિયામક કે તેના અનુગામી,

(ઈ) સેન્ટ્રલ ફૂડ ટેકનોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ મૈસૂરના નિયામક કે તેના અનુગામી,

(એફ) રાજ્ય સરકારના એનિમલ હસબન્ડરી ખાતાના કે વેટરનરી સર્વિસીસના બે અધિકારી કે જે કેન્દ્ર સરકાર દ્વારા નીમવામાં આવ્યા હોય,

(જી) ભારત સરકાર દ્વારા નિમાયેલ બનાવનારમાંથી નિમાયેલ કોઈપણ બે વ્યક્તિ, * ૨

(એચ) ડાયરેક્ટર ઓફ માર્કેટિંગ અને ઈન્સ્પેકશનથી નિમાયેલ કોઈપણ અધિકારી કે જે પરવાનો આપનાર સત્તા દ્વારા નિમાયેલ હોય કે સમિતિના સેક્રેટરી (મંત્રી) તરીકે કાર્ય કરશે.* ૨

(૨) આ સમિતિની જેના માટે રચના કરવામાં આવી છે તે સમયગાળા માટે સમિતિના સભ્યોનો કાર્યકાળ ગણાશે.

સિવાય કે સભ્યએ લેખિતમાં રાજીનામું સમિતિના ચેરમેનને આપ્યું/મોકલ્યું હોય.

(૩) જો સમિતિના કોઈ સભ્યના મૃત્યુ કે રાજીનામાથી જગ્યા ખાલી પડે તો, તે જગ્યા તેના અનુગામીથી ભરવામાં આવશે અને નિમાયેલ સભ્ય સામાન્ય સંજોગોમાં એ જ રીતે ઓફિસ (હોદ્દો) ધારણ કરી શકશે કે જે સંજોગોમાં તે જે સભ્યના સ્થાને નિમાયેલ છે તેણે ઓફિસ (હોદ્દો) ધારણ કર્યો હોય.

(૪) સમિતિની મીટિંગમાં સભ્યોની સંખ્યા પાંચ (૫) ની રહેશે, પણ સમિતિ કોઈપણ સંજોગોમાં જો સભ્ય સંખ્યા ઓછી/ખાલી હોય તો કાર્ય કરી શકશે.

(૫) સમિતિ પોતાને લાગે તે રીતે તેની કાર્યવાહીનું નિયમન કરી શકશે, પરંતુ જો કોઈપણ બાબતમાં સમિતિના મત સરખા ભાગે વહેંચાયેલ પડ્યા હોય તો ચેરમેન કે મીટિંગનું અધ્યક્ષ સ્થાન સંભાળનાર બીજો અથવા નિર્ણાયક મત આપી શકશે.

(૬) સમિતિનું કાર્ય ભારત સરકારના એનિમલ હસબન્ડરી કે ખાદ્ય માંસ પેદાશ ઉદ્યોગને લગતી કોઈપણ બાબતમાં મદદ અને સલાહ આપવાનું રહેશે.

(૭) કેન્દ્ર સરકારને જો કોઈપણ સમયે જાહેર હિતમાં યોગ્ય લાગે તો હુકમ દ્વારા સમિતિનું વિસર્જન કરી શકશે અને તેના દ્વારા સમિતિનું વિસર્જન થયેલું ગણાશે અને સમિતિમાં નિમાયેલ તમામ સભ્યો જે તારીખે હુકમ થયો તે તારીખથી તેના સભ્યો મટી જશે.

સિવાય કે કેન્દ્ર સરકાર પેટા-પદ (૧) માં જણાવ્યા પ્રમાણે શક્ય તેટલી ઝડપથી સમિતિની પુર્નરચના કરવા માટે પગલાં લે.

**૪. પરવાનો :**

(૧) આ હુકમમાં નીચે જણાવેલી શરતોનો અને નિયમોનો અમલ કર્યા સિવાય કોઈપણ વ્યક્તિ ઉત્પાદક તરીકે ધંધો ચાલુ રાખી શકશે નહીં.

(૨) પરવાનો મેળવવા માટેની પ્રત્યેક અરજી પ્રથમ અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે કરવાની રહેશે તથા સાથે પેટા-પદ(૩)માં જણાવ્યા પ્રમાણેની ફી ભર્યાનું તિજોરી ઓફિસનું ચલણ પુરાવા તરીકે મૂકવાનું રહેશે.

(૩) આ હુકમમાં જણાવેલ હેતુ માટે કોલમ-૨ માં દર્શાવ્યા અનુસાર ત્રણ કેટેગરી/પ્રકાર નીચે જણાવેલા કોષ્ટક પ્રમાણે રહેશે અને પરવાનાની ચૂકવવાપાત્ર/ભરવાપાત્ર થતી ફી કે દરેક પ્રકારના ઉત્પાદકે કોષ્ટકમાં દર્શાવેલ ટેબલની કોલમ-૩માં જણાવ્યા પ્રમાણે ભરવાની રહેશે.

| ક્રમ નં. | ઉત્પાદકનો પ્રકાર | પરવાના ફી (વાર્ષિક) |
|---|---|---|
| ૧ | પ્રકાર"એ" | |
| | એવા ખાદ્ય માંસ પેદાશના ઉત્પાદક કે જે સંપૂર્ણપણે તેની ફેકટરીમાં કતલ થયેલ પ્રાણીઓના માંસમાંથી ખાદ્ય માંસ પેદાશ બનાવતા હોય.<br>(૧) જો ખાદ્ય માંસ પેદાશનો વાર્ષિક જથ્થો ૧૫૦ ટનથી વધારે હોય તો<br>(૨) જો ખાદ્ય માંસ પેદાશનો વાર્ષિક જથ્થો ૧૫૦ ટનથી ઓછો હોય તો | <br><br><br>રૂા. ૫,૦૦૦/-<br>રૂા. ૨,૫૦૦/- |
| ૨. | પ્રકાર"બી" | |
| | ખાદ્ય માંસ પેદાશના એવા ઉત્પાદક કે જે સંપૂર્ણપણે તેમની ફેકટરી નજીકમાં આવેલા અધિકૃત કતલખાના-માં કતલ થયેલા પ્રાણીઓનાં માંસમાંથી પેદાશ બનાવતા હોય.<br>(૧) જો માંસ ખાદ્ય પેદાશનો જથ્થો વાર્ષિક ૧૫૦ ટન કરતાં વધારે હોય તો<br>(૨) જો માંસ ખાદ્ય પેદાશનો જથ્થો વાર્ષિક ૧૫૦ ટન કરતાં ઓછો હોય તો | <br><br><br>રૂા. ૨,૫૦૦/-<br>રૂા. ૧,૦૦૦/- |
| ૩. | પ્રકાર"સી" | |
| | એવા ઉત્પાદક કે જે માંસ ખાદ્ય પેદાશ સંપૂર્ણપણે મરઘાં અને/અથવા પીગ માંસમાંથી બનાવતા હોય કે જે જગ્યાએ અધિકૃત કતલખાનાં અસ્તિત્વમાં ન હોય તેમજ તેનો કુલ જથ્થો વાર્ષિક ૩૦ ટનથી વધતો ન હોય. | રૂા. ૧,૦૦૦/- |

(૪) પરવાનો આપનાર સત્તા પરવાનો આપશે અથવા નકારી શકશે.

સિવાય કે જો પરવાનો નકારવામાં આવે તો પરવાનો આપનાર સત્તા પરવાનો નકારવાનાં કારણોનાં તમામ કારણોની નોંધ કરશે અને તેની કોપી અરજદારને આપવામાં આવશે.

(૫) જ્યારે વ્યક્તિને પરવાનો આપવામાં ન આવે ત્યારે તેણે ભરેલી ફી પરત કરવામાં આવશે.

(૬) જો પરવાનો રદ કરવામાં ન આવે કે મુલતવી રાખવામાં ન આવે તો તે વર્ષ પૂરું થયા સુધી ચાલુ રાખવામાં / ગણવામાં આવશે.

**૫. પરવાનાને ફરી માન્યતા આપવી :**

(૧) આ હુકમ અન્વયે અપાયેલ પરવાનગી માન્યતા ફરીથી ચાલુ રાખવા અંગેની અરજી પરવાનો પૂરો થવાના ઓછામાં ઓછા ૬૦ દિવસ પહેલાં કરવાની રહેશે.

(૨) ફરીથી માન્યતા માટેની પ્રત્યેક અરજી પ્રથમ અનુસૂચિમાં દર્શાવ્યા પ્રમાણે નમૂના-એ માં જણાવ્યા પ્રમાણે કરવાની રહેશે અને પદ-૪ ના પેટા-પદ (૩) માં દર્શાવ્યા પ્રમાણેની પરવાનાની ફી તિજોરી કાર્યાલયના ચલણ અથવા બેંક ડ્રાફટ દ્વારા ભરવાની રહેશે.

(૩) પરવાનો ફરી માન્યતા આપવા અંગેની અરજીનો પરવાનો પૂરો થવાની મુદત પૂરી થાય તે પહેલાં નિકાલ કરવાનો રહેશે અને જો તેનો નિકાલ ન થાય તો તે વધુ પાંચ વર્ષ માટે માન્યતા આપ્યાનું માની લેવામાં આવશે.

(૪) પરવાનેદાર માંસ ખાદ્ય પેદાશોનું પરવાનાની મુદત પૂરી થયા પછી જ્યાં સુધી ફરી માન્યતા ન અપાય ત્યાં સુધી ઉત્પાદન કરી શકશે નહીં. જો પરવાનાની ફરી માન્યતા માટેની અરજી મોડી મળે તેવા સંજોગોમાં પરવાનો આપનાર સત્તા જો વિલંબનાં કારણોથી સંતુષ્ટ થાય તો માસિક કે તેના ભાગના રૂા. ૧૦૦ દંડ સાથે પરવાનો ફરી ચાલુ કરી શકશે.

(૫) જો પરવાનો ખોવાઈ ગયેલ હોય, નાશ પામેલ હોય, ફાટી ગયેલ હોય તો પરવાનેદાર માન્યતાના સમયગાળા દરમિયાન પરવાનાની બીજી નકલ માટે અરજી કરી શકશે અને આ પ્રકારની અરજી સાથે રૂા. ૧૦૦ ફી ભરવાની રહેશે. આ પ્રકારની અરજી મળ્યેથી પરવાનો આપનાર સત્તા પરવાનેદારને પરવાનાની બીજી નકલ આપી શકશે.

(૬) પરવાનો આપનાર સત્તા કે અન્ય કોઈપણ અધિકારી કે જેને નિરીક્ષણ માટે અધિકૃત કરેલ હોય તેમણે પરવાનેદાર પરવાનાની ચોપડી જ્યારે માગે ત્યારે બતાવવાની રહેશે.

**૬. પરવાનાની શરતો :**

આ હુકમ અન્વયે આપવામાં આવેલ પરવાનો પ્રથમ અનુસૂચિમાં દર્શાવેલ નમૂના-બીમાં જણાવ્યા પ્રમાણેનો રહેશે અને તેના નિયમો અને શરતો પરવાનો આપનાર સત્તાધિકારી લાદી શકશે.

**૭. પરવાનો રદ કરવો અથવા મુલતવી રાખવો :**

(૧) નીચે જણાવેલાં કારણોસર પરવાનો આપનાર સત્તા/સત્તાધિકારી પરવાનો રદ કરી શકશે, મુલતવી રાખી શકશે કે રૂા. ૧૦૦૦/- (*૭) નો દંડ પરવાનેદારને સાંભળવાની/રજૂઆતની વાજબી તક આપ્યા બાદ કરી શકશે.

(એ) જો પરવાનાની કોઈ શરતોનો ભંગ થયો હોય તો.

(બી) પરવાનેદારે હુકમની જોગવાઈઓનો ભંગ કર્યો હોય.

(સી) પરવાનેદાર હુકમ અન્વયેના કોઈ નિર્દેશનો/સૂચનાઓનો/હુકમોનો અમલ કરવામાં નિષ્ફળ ગયા હોય.

(૨) જ્યારે પેટા-પદ (૧) હેઠળ પરવાનો રદ કરવામાં આવે કે મુલતવી રાખવામાં આવે ત્યારે પરવાનો આપનાર સત્તા આ પ્રકારે પરવાનો રદ કરવાના કે મુલતવી રાખવાનાં કારણોની લંબાણથી નોંધ કરશે અને જેનો પરવાનો રદ કરવામાં આવ્યો છે કે મુલતવી રાખવામાં આવ્યો છે તેને તેની નકલ આપવામાં આવશે.

**૮. અપીલ :**

જો કોઈપણ વ્યક્તિ પરવાનો આપનાર સત્તાના પદ-૪ કે ૭ ના પેટા-પદ (૪) હેઠળ કરાયેલ હુકમ અંગે અસંતુષ્ટ હોય તો તે પરવાનો માન્યતા આપવાના અસ્વીકાર અંગેના નિવેદન/સ્ટેટમેન્ટની નકલ મળ્યાના ૩૦ દિવસની અંદર કેન્દ્ર સરકારને તેમના નિર્ણય માટે અપીલ કરી શકશે.

**૯. પરવાનેદાર દ્વારા પૂરી પાડવાની વિગતો :**

(૧) કોઈપણ પરવાનેદાર માંસ ખાદ્ય પેદાશનું ઉત્પાદન હુકમમાં જણાવ્યા પ્રમાણે અને નીચે જણાવ્યા સિવાય કરી શકશે નહીં.

(૨) પ્રત્યેક પરવાનેદાર બીજી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે માંસ ખાદ્ય પેદાશોનું ઉત્પાદન તેના નિકાલની અને બીજી જરૂરિયાતોની બાંહેધરી/વ્યવસ્થા આપીને કરી શકશે.

(૩) પ્રત્યેક પરવાનેદાર ત્રીજી અનુસૂચિમાં જણાવ્યા અનુસાર માંસ ખાદ્ય પેદાશો બનાવવાના હેતુસર પ્રાણીઓની કતલ હાઈજેનીક અને બીજી વ્યવસ્થાની ખાતરી આપીને કરી શકશે.

(૪) પ્રત્યેક પરવાનેદાર ચોથી અનુસૂચિમાં જણાવ્યા અનુસાર ખાદ્ય પેદાશોનાં ખાનાંઓ ઉપર પેકિંગ, નોંધણી અને લેબલિંગ માટેની જરૂરિયાતોનો અમલ રહેશે.

(૫) પેટા-પદ (૧) (૨) અને (૩) માં કંઈપણ ન હોય તેવું, પરવાનો આપનાર સત્તા તેમને યોગ્ય લાગે તે રીતે વધારાની શરતો ઓફિશિયલ ગેઝેટમાં પ્રસિદ્ધ કરાવી શકશે અને પરવાનેદારે તેનો અમલ કરવાનો રહેશે અને વધારાની શરતોનું પાલન કરવાની દરેક પરવાનેદારની ફરજ રહેશે.

**૧૦. રિટર્ન :**

પ્રત્યેક પરવાનેદારે, દરેક વર્ષના છેલ્લા દિવસ કે તે પહેલાં, પ્રથમ અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે નમૂના "સી" અનુસાર ક્યા પ્રકારની માંસ ખાદ્ય પેદાશો બનાવેલ છે, વેચેલ છે કે નિકાસ કરેલ છે તેની વિગતોનું રિટર્ન પરવાનો આપનાર સત્તાને ભરવાનું રહેશે.

**૧૧. ડીલર દ્વારા વેચવા વગેરે ઉપર પ્રતિબંધ :**

કોઈપણ માંસ ખાદ્ય પેદાશ ભારતમાં બની હોય તો જો માંસ ખાદ્ય પેદાશોનું ઉત્પાદન પરવાનેદાર દ્વારા થયું ન હોય તો તેવા કિસ્સામાં કોઈપણ વ્યક્તિ કે જે ડીલર, એજન્ટ, દલાલ કે વેન્ડર હોય તે માંસ ખાદ્ય પેદાશોનું વેચાણ, નિદર્શન, કે રવાના કે સ્વીકાર કરી શકશે નહીં.

**૧૨. સૂચનાઓ જારી કરવાની સત્તા :**

આ હુકમની જોગવાઈઓના અમલીકરણના હેતુથી પરવાનો આપનાર સત્તા સૂચનાઓ જારી કરી શકશે.

**૧૩. ઉત્પાદન કર્તાને સૂચનાઓ અથવા હુકમ બંધનકર્તા રહેશે :**

પ્રત્યેક પરવાનેદાર કે જેને સૂચનાઓ કે હુકમ કે જે આ હુકમની જોગવાઈઓના સંદર્ભમાં જારી કરવામાં આવ્યા છે તે બંધનકર્તા રહેશે અને તેના અમલ બાબતની નિષ્ફળતાને તે ઉત્પાદનકર્તા દ્વારા સૂચના કે હુકમના અમલનો ભંગ કર્યા બાબત ગણાશે.

**૧૪. પ્રવેશ, શોધ અને જપ્ત કરવું વગેરે :**

(૧) ડાયરેક્ટર ઓફ માર્કેટિંગ એન્ડ ઈન્સ્પેક્શન માર્કેટિંગ અધિકારીના હોદ્દાથી નીચેના હોદ્દાના નહીં તેવા કે પરવાનો આપનાર *૪ કે તેમના દ્વારા અધિકૃત થયેલ આ હુકમના ચોક્કસ અમલીકરણના હેતુથી :

(એ) કોઈપણ વ્યક્તિ કે જે માંસ ખાદ્ય પેદાશોનું ઉત્પાદન કરતી હોય અને તેની પાસે તે પેદાશના ઉત્પાદન અને નિકાલની હોય તે તેમાંની વિગતો માગી શકશે.

(બી) પરવાનેદારની મિલકત/બાંધકામના હુકમમાં જણાવેલ જરૂરિયાતોનું પાલન થાય નહીં તે જોવા ગમે ત્યારે દાખલ થઈ શકશે.

(i) આ નિયમોના ભંગ બદલ યોગ્ય પહોંચ આપીને બનાવેલ માંસ ખાદ્ય પેદાશ કે જે નોંધાવેલ હોય, પેક કરેલ હોય કે નામકરણ (લેબલ) કરેલ હોય કે (નિશાની) નોંધ, પેક કરે કે નામકરણ (લેબલ) લગાડે તેવી આશંકા હોય તે સ્થગિત કરી શકશે કે પોતાના કબજામાં કરી શકશે.

(ii) જ્યારે એવું માનવાને કારણ હોય કે આ હુકમનો ભંગ કતલખાનામાં જ થયેલ છે તે સંજોગોમાં યોગ્ય પહોંચ આપીને કાચો માલ, દસ્તાવેજો અને માંસ ખાદ્ય પેદાશના ઉત્પાદન સાથે સંકળાયેલ બીજા પુરાવાઓ સ્થગિત કરી શકશે કે પોતાના કબજામાં કરી શકશે.

(iii) તેમને યોગ્ય લાગે તે રીતે સ્થગિત કરેલ કે કબજે કરેલ તમામ માંસ ખાદ્ય પેદાશનો કાચા માલનો નિકાલ કરી શકશે.

(સી) માંસ ખાદ્ય પેદાશના ઉત્પાદનને તથા નિકાલને લગતા પરવાનેદારના તમામ ચોપડાઓ કે બીજા દસ્તાવેજનોનું નિરીક્ષણ કરી શકશે.

(ડી) *૩ પરવાનેદાર પાસેથી કોઈપણ પ્રકારની રકમ આપ્યા વગર/નિઃશુલ્ક રીતે યોગ્ય પહોંચ આપીને કે બીજી કોઈપણ વ્યક્તિ પાસેથી માંસ ખાદ્ય પેદાશોનો નમૂનો કે જે વેચાયેલ છે કે વેચવાનો છે કે જે વેચાણ માટે નિર્દેશિત કરાયેલ છે કે રવાના થવાનો છે કે કોઈપણ ડીલરને એજન્ટ કે દલાલને વેચવાના હેતુથી મળી ગયેલ છે તેનું પરવાનો આપનાર સત્તા પ્રયોગશાળામાં વિશ્લેષણ કરાવી શકશે.

(ઈ) પરવાનેદારની મિલકત/બાંધકામમાંથી યોગ્ય પહોંચ આપીને નિઃશુલ્ક રીતે માંસ ખાદ્ય પદાર્થોનો નમૂનો કે કોઈ રસાયણ, ડાઈ કે બીજા કોઈપણ પદાર્થો કે જે માંસ ખાદ્ય પદાર્થોની બનાવટમાં વપરાયા હોય તે એકત્ર કરી શકશે કે જ્યારે એવું માનવાને કારણ હોય કે આ નિયમોનો ભંગ થયેલ છે.

અથવા

(એફ) લેખિત હુકમથી કોઈપણ માંસ ખાદ્ય પેદાશનું ઉત્પાદન કે વેચાણ અટકાવી શકશે કે જ્યારે એવું માનવાને કારણ હોય કે આ હુકમના નિયમોનો ભંગ થયેલ છે.

(૨) કોઈપણ વ્યક્તિ કોઈપણ માહિતી કે જે તેની પાસે આ હુકમની જોગવાઈઓના અન્વયે કાયદેસર માંગવામાં આવી છે તે આપવાનો આ હુકમની જોગવાઈઓને અવગણવાના હેતુસર ઈન્કાર કરી શકશે નહીં કે કોઈપણ ચોપડા કે દસ્તાવેજોને રદ, નાશ, ચેડાં કે છેકછાક કરવી.

(૩) કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ (૧૯૭૪ નો બીજો) ની શોધ અને સ્થગિત સંબંધની જોગવાઈઓ શોધ કરનાર અને સ્થગિત કરનારને લાગુ પડશે. (પદ* ૪ હેઠળ)

**૧૫.** પરવાનો આપનાર સત્તાની અગાઉથી આગોતરી મંજૂરી (સેન્કશન) વગર આ નિયમોના ભંગ માટે/બદલ કોઈપણ કાર્યવાહી કરી શકાશે નહીં.

**(હવે રદબાતલ)**

• • •

# ખાદ્ય પદાર્થ ભેળસેળ અટકાવવાના (સુધારો) નિયમો, ૨૦૦૧
# પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટરેશન રૂલ્સ ૧૯૫૫
# સુધારો - ૨૦૦૧

**ભાગ-૭**

*ખોરાકને એકસાથે વીંટાળવો અથવા બાંધીને રાખવો અને નામકરણ કરવું.*

**નિયમ-૩૨ ખોરાકને નામકરણ (લેબલ) કરીને બંધ કરવો :**

*દરેક પેકિંગ (બંધ કરેલો જથ્થો) કરેલા ખોરાક પર નામકરણની વિગતો લગાવવાની રહેશે. સિવાય કે અન્ય કોઈ રીતે આ નિયમોમાં જોગવાઈ હોય, દરેક નામકરણ (લેબલ) માટે ચોક્કસ નિયમો છે.*

*(એ) બંધ કરેલા ખોરાકના જથ્થાનું નામ, વ્યાવસાયિક નામ કે વર્ણન હોવું જોઈએ.*

*(બી) ઉત્પાદનમાં વપરાયેલા ઘટકોનું સંયોજન તેમના વજન અને કદ સાથે ઘટતા ક્રમમાં જે તે બનાવટ પ્રમાણે દર્શાવવું.*

*જોગવાઈ એવી કરવામાં આવે છે કે, કૃત્રિમ સુગંધી તત્ત્વ વાપરવામાં આવ્યું હોય તેવા કિસ્સામાં, નામકરણ (લેબલ) ઉપર તે તત્ત્વનું રાસાયણિક નામ જાહેર કરવામાં નહીં આવે, પરંતુ, જો કુદરતી સુગંધીવાળું તત્ત્વ અથવા કુદરતી સમાન સુગંધીવાળું તત્ત્વ વાપરવામાં આવ્યું હોય તો તેવા સંજોગોમાં તે સુંગધનું સામાન્ય નામ લેબલ ઉપર જાહેર કરવાનું રહેશે.*

*જોગવાઈ એવી કરવામાં આવે છે કે, જ્યારે જિલેટીનને તત્ત્વ તરીકે ઉમેરવામાં આવે ત્યારે ઉપર "પ્રાણીજન્ય - જિલેટીન" શબ્દ ઉમેરવાનો રહેશે.*

*ચોકલેટ - પેસ્ટી કે જેનું વજન ૨૦ ગ્રામ કે તેથી ઓછું હોય, તેમને પણ બનાવટમાં વપરાયેલ ઘટકો જાહેર કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે, અને જો તે "પ્રાણીજન્ય-જિલેટીન" ધરાવતું હોય તો પણ તે મુક્તિને પાત્ર ગણાશે. એવી જોગવાઈ કરવામાં આવી છે કે, આવી જાહેરાત પેકેટ (જથ્થો) ખોલ્યા વગર પણ વાંચી શકાય તે રીતે જથ્થાની ઉપર લગાવવી જોઈએ.*

*ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૨૬૦ ની પેટા-કલમ (૧) માં નિર્દિષ્ટ કરેલ ગુનાની સંક્ષિપ્ત રીતે ઈન્સાફી કાર્યવાહી કરવા જે તત્સમયે સત્તા આપેલ કોઈપણ મેજિસ્ટ્રેટ અથવા મેજિસ્ટ્રેટની બેન્ચ, ફરિયાદીએ આ અર્થે અરજી કર્યે, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઈપણ ગુનાની સદરહુ અધિનિયમની કલમો ૨૬૨ થી ૨૬૫માં જણાવેલી જોગવાઈઓ અનુસાર ઈન્સાફી કાર્યવાહી કરી શકશે.*

**૧૮. શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ**

*(૧) કલમ ૪ હેઠળ કરેલ અથવા કરેલ હોવાનું ગણાતા કોઈપણ હુકમ અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈપણ કૃત્ય માટે કોઈપણ વ્યક્તિ, સામે કોઈપણ દાવો, ફરિયાદ અથવા અન્ય કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.*

*(૨) કલમ ૪ હેઠળ કરેલ અથવા કર્યા હોવાનું ગણાતા કોઈપણ હુકમ અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈપણ કૃત્ય દ્વારા થયેલ અથવા થવાનો સંભવ હોય તેવા કોઈપણ નુકસાન માટે સરકાર સામે કોઈ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.*

**૧૯. નિયમો કરવાની સત્તા**

*રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી અને પૂર્વ પ્રસિદ્ધિની શરતને આધીન રહીને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.*

**૨૦. રદ કરવા બાબત અને અપવાદ**

*(૧) આવશ્યક ચીજવસ્તુ અને ઢોર (નિયંત્રણ) અધિનિયમ, ૧૯૫૮ આથી રદ કરવામાં આવે છે.*

*(૨) સદરહુ અધિનિયમ આવી રીતે રદ થવા છતાં સદરહુ અધિનિયમ હેઠળ કરેલ કોઈપણ કાર્ય અથવા કોઈપણ પગલું (કરેલ કોઈપણ નિયમ અથવા હુકમ, બહાર પાડેલ જાહેરનામું અથવા કરેલ નિમણૂક સહિત), આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી આ અધિનિયમ હેઠળ કરેલ અથવા લીધેલ છે એમ ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કરેલ કોઈપણ કાર્ય અથવા લીધેલ પગલાં રદ કરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં છે એમ ગણાશે.*

**૨૧. સન૧૯૫૫ના ૧૦મા અધિનિયમથી તજવીજ કરેલ આવશ્યક ચીજવસ્તુને અધિનિયમ લાગુ પડશે નહિ.**

*આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ હેઠળ આવશ્યક ચીજવસ્તુ હોય અથવા આવશ્યક ચીજવસ્તુ તરીકે જાહેર કરેલી હોય તેવી કોઈપણ ચીજવસ્તુને અથવા ચીજવસ્તુના વર્ગને આ અધિનિયમમાંનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ અને અનુસૂચિના ભાગ-૧માં સમાવિષ્ટ કરેલ કોઈપણ ચીજવસ્તુને, તે અધિનિયમ હેઠળની આવશ્યક ચીજવસ્તુ તરીકે જાહેર કરેલ હોય, તો એવી રીતે જાહેરાત કર્યે; આ અધિનિયમ, એવી જાહેરાત પહેલાં કરેલ અથવા ન કરેલ કૃત્ય સંબંધી હોય તે સિવાય તેને લાગુ પડતો બંધ થશે.*

## અનુસૂચિ

### ભાગ - ૧

### આવશ્યક ચીજવસ્તુઓ

૧. મકાનના હેતુઓ માટે વાપરેલ ઈંટો.

### ભાગ - ૨

ઢોર

| | | | |
|---|---|---|---|
| ૧. | આખલા (સાંઢ) | ૫. | વાછરડા |
| ૨. | બળદ | ૬. | ભેંસ |
| ૩. | ગાયો | ૭. | બકરાં |
| ૪. | વાછરડી (વોડકી) | ૮. | ઘેટાં |

• • •

*રજિ નં. જી/જી એન.આર./૨*

# ગુજરાત સરકારનું જાહેરનામું એક્સ્ટ્રા ઓર્ડિનરી (અસાધારણ)

*ઓથોરિટી (સત્તા) દ્વારા પ્રકાશિત*

*અંક-૪૬ બુધવાર ૧૬મી નવેમ્બર ૨૦૦૫- કાર્તિક ૨૫, ૧૯૨૭*

*આ ભાગને અલગ પાના નંબર આપવામાં આવેલ છે જેથી કરીને તે અલગ રીતે સંકલન ગ્રંથમાં અલગ રીતે બાંધી શકાય.*

ભાગ - ૪- બી

ગુજરાત સરકાર દ્વારા

ગુજરાત કાયદાઓ હેઠળના બનાવવામાં આવેલ રૂલ્સ તેમજ હુકમો (ઓર્ડર્સ)

(ભાગ-૧, ૧-અ અને ૧-ઈ માં પ્રકાશિત થયેલ રૂલ્સ અને હુકમો સિવાયના)

## હુકમો (ઓર્ડર)

### કૃષિ અને સહકાર વિભાગ

**સચિવાલય, ગાંધીનગર, ૧૬મી નવેમ્બર, ૨૦૦૫**

**ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ અને પ્રાણીઓનો (નિયંત્રણ) કાયદો, ૨૦૦૫**

**નંબર : જી.એચ.કે.એચ. - ૪૦-૨૦૦૫-એસ.એલ.ટી.-૨૦૦૫-૨૫૪૬-પી-૧**

*આથી રાજ્ય સરકાર એવા અભિપ્રાય - મંતવ્ય ઉપર આવેલ છે કે પ્રાણીઓનો પુરવઠો અને યથા યોગ્ય વહેંચણી માટે આમ કરવું જરૂરી તેમજ સલાહભર્યું છે.*

*હવે આથી ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ અને પ્રાણીઓનો (નિયંત્રણ) નો કાયદો, ૨૦૦૫ (ગુજરાત ૨૦૦૫નો ૧૫મો) ની કલમ-૪ ની પેટાકલમ ૧ (બી) ના હેઠળ મળેલ સત્તાની રૂએ તેમજ આ અંગે મળેલ દરેક સત્તાઓની રૂએ તેમજ રાજ્ય સરકારના કૃષિ, શહેરી તેમજ સરકાર વિભાગના જાહેરનામાને જી.એચ.આર.બી /૧૮૯/૭૬/એસ.એલ.ટી./૧૧૭૩/૬૬૯૨૮/આર તા. ૧૫મી ઓક્ટોબર ૧૯૭૬ તેમજ રાજ્ય સરકારના કૃષિ તેમજ ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા નં. જી.એચ.કે.એચ-૨૩-૮૯-એસ.-એલ.ટી.-૧૪૮૯ - ૨૯૨ - પી - ૧ તા. ૧૧ મી ડિસેમ્બર ૧૯૮૯ ને રદ કરીને તેની જગ્યાએ આથી રાજ્ય સરકાર એવો હુકમ કરે છે કે કતલખાના કે જે આ સાથે બીડેલ અનુસૂચિના ખાના નં. ૨માં દર્શાવેલ જગ્યા સ્થળ ઉપર આવેલ હોય, તેમાં કોઈપણ રવિવારથી શરૂ થતા સપ્તાહ દરમિયાન આ સાથે બીડેલ અનુસૂચિના ખાના નં. ૩ માં દર્શાવેલ કુલ સંખ્યા કરતાં વધુ સંખ્યામાં ભેંસોની કતલ કરી શકાશે નહિ.*

| *અનુક્રમ નંબર* | *જગ્યા/સ્થળ* | *સપ્તાહમાં વધુમાં વધુ કેટલી ભેંસોની કતલ થઈ શકે તે દર્શાવતી સંખ્યા* |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૨૧૨ |
| ૨ | ધોળકા | ૫ |
| ૩ | કલોલ (ગાંધીનગર જિલ્લો) | ૪ |

| અનુક્રમ નંબર | જગ્યા/સ્થળ | સપ્તાહમાં વધુમાં વધુ કેટલી ભેંસોની કતલ થઈ શકે તે દર્શાવતી સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૪ | છોટા ઉદેપુર | ૭ |
| ૫ | સુરત | ૧૦૦ |
| ૬ | રાંદેર | ૧ |
| ૭ | કપડવંજ | ૪૦ |
| ૮ | બોરસદ | ૧૪૧ |
| ૯ | નડિયાદ | ૧૩૨ |
| ૧૦ | પેટલાદ | ૩૫ |
| ૧૧ | ખંભાત | ૩૫ |
| ૧૨ | ભાલેજ | ૪૦ |
| ૧૩ | આણંદ | ૪૫ |
| ૧૪ | બાલાસિનોર | ૭ |
| ૧૫ | ગોધરા | ૨૨ |
| ૧૬ | દાહોદ | ૧૨ |
| ૧૭ | ભરૂચ | ૬૦ |
| ૧૮ | અંકલેશ્વર | ૧૬ |
| ૧૯ | જૂનાગઢ | ૧૭૭ |
| ૨૦ | ઉના | ૩૦ |
| ૨૧ | કુતિયાના | ૧૫ |
| ૨૨ | માંગરોલ | ૮૦ |
| ૨૩ | રાજકોટ | ૪૦ |
| ૨૪ | ધોરાજી | ૧૫૦ |
| ૨૫ | ગોંડલ | ૨૫ |
| ૨૬ | મીયાણા | ૭ |
| ૨૭ | દસાડા | ૭ |
| ૨૮ | ભાવનગર | ૧૮ |
| ૨૯ | મહુવા | ૬ |

સમજૂતી : શંકાના નિરાકરણ માટે આથી તેવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે મુંબઈ પ્રાણી સંરક્ષણ કાયદો, ૧૯૫૪ની કલમ-૫ મુજબ ગાય, વાછરડાં (પછી તે નર હોય કે માદા વાછરડું હોય) આખલો તેમજ બળદ કતલ પ્રતિબંધિત છે.

ગુજરાત રાજ્યપાલશ્રી ના નામે તેના હુકમથી
સહી. એ. એમ. સોલંકી
સરકારના વધારાના સચિવ

# મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧

## (સન ૧૯૮૮ના જાન્યુઆરી મહિનાની ૩૧મી તારીખ સુધી સુધારેલ)

### ૧૦૧ પશુ ભાડે આપવા અથવા વેચવા વગેરે માટે ખુલ્લાં મૂકવાં વગેરે

*કોઈપણ વ્યક્તિએ વાહન-વ્યવહારને મોટી અડચણ થાય અથવા રહેવાસીઓને અથવા લોકોને ભારે ત્રાસ થાય એ રીતે, કોઈપણ રસ્તામાં અથવા સાર્વજનિક જગ્યામાં યોગ્ય અધિકારી પરવાનગી આપે એવા સમયે અને સ્થળે હોય તે સિવાય કોઈપણ પશુ અથવા વાહન ભાડે આપવા માટે અથવા વેચવા માટે મૂકવું નહિ, કંઈપણ ફર્નિચર અથવા વાહન સાફ કરવું નહિ, અથવા કોઈ ઘોડો અથવા બીજું પશુ સાફ કરવું અથવા તેની ચાકરી કરવી નહિ અથવા કોઈ ઘોડાને અથવા બીજા પશુને કેળવવું અથવા પળોટવું નહિ અથવા કોઈ વાહન અથવા વાહનનો કોઈ ભાગ તૈયાર કરવો નહિ અથવા અકસ્માતને લીધે તે જ જગા ઉપર મરામત કરવાનું અનિવાર્ય હોય તે સિવાયને પ્રસંગે કોઈ વાહન અથવા વાહનના કોઈ ભાગની મરામત કરવી નહિ અથવા કંઈપણ ઉત્પાદનનું કામ અથવા બીજું કૃત્ય કરવું નહિ.*

### ૧૦૫ રસ્તા અથવા સાર્વજનિક જગા ઉપર અથવા તેની નજીક ત્રાસ આપે એવાં કૃત્ય કરવાં

*કોઈપણ વ્યક્તિએ, કોઈ રસ્તામાં અથવા સાર્વજનિક જગામાં અથવા તેની નજીક અથવા તે ઉપરથી દેખાય એવી જગાએ, પડોશમાં રહેનારને અથવા ત્યાંથી જનાર લોકોને સૂગ ચડે એવી રીતે, કોઈ પશુનો વધ કરવો નહિ, અથવા મૂએલા પશુનું મડદું અથવા ચામડું સાફ કરવું નહિ અથવા નાહવું નહિ અથવા પોતાનું શરીર સાફ કરવું નહિ (પણ યોગ્ય અધિકારીના હુકમથી સદરહુ કામ માટે જગા અલાયદી રાખી હશે તે ઠેકાણે તેમ કરશે તો હરકત નથી)*

### ૧૧૯ પશુઓ તરફ ઘાતકીપણે વર્તવા બાબત શિક્ષા

*(જેને માટે કમિશનર નીમવામાં આવેલ ન હોય તેવા કોઈ વિસ્તારમાંની) કોઈ જગામાં જે કોઈ વ્યક્તિ કોઈ પશુને ઘાતકીપણે મારશે, તેને પરોણી ઘોંચશે, તેની પાસેથી વધારે કામ લેશે, તેની તરફ ગેરરીતિ ચલાવશે અથવા તેના ઉપર જુલમ કરશે અથવા એવું કામ કોઈ પાસે કરાવશે અથવા એવું કામ કરવા માટે કોઈ પશુ મેળવશે તેને, તેનો ગુનો સાબિત થયે, એક મહિના સુધીની કેદની અથવા સો રૂપિયા સુધીના દંડની અથવા બન્ને પ્રકારની શિક્ષા થશે.*

# ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫

**સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ૨૬થી સુધારેલો.**

*દારૂ ગેરકાયદેસર ધંધો કરનારા, ભયજનક વ્યક્તિઓ, ઔષધ ગુનેગારો, અનૈતિક વેપાર ગુનેગારો અને મિલકત પચાવી પાડનારાઓની જાહેર વ્યવસ્થા જાળવી રાખવાને બાધ આવે તેવી અસામાજિક અને ભયજનક પ્રવૃત્તિઓ અટકાવવાને તેમની નિવારક અટકાયત માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.*

*આથી, ભારતના ગણરાજ્યના છત્રીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે.*

**૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ**

*(૧) આ અધિનિયમ 'ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫' કહેવાશે.*

*(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.*

*(૩) તે, સન ૧૯૮૫ના મે મહિનાની ૨૭મી તારીખે અમલમાં આવ્યો છે એમ ગણાશે.*

**૨. વ્યાખ્યા**

*આ અધિનિયમમાં, સંદર્ભ ઉપરથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-*

*(ક) "અધિકૃત અધિકારી" એટલે કલમ-૩ની પેટા-કલમ (૧) હેઠળ મળેલી સત્તા વાપરવા માટે, તે કલમની પેટા-કલમ (૨) હેઠળ અધિકૃત કરેલ જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ કમિશનર.*

*(ખખખ) "ક્રૂર વ્યક્તિ" એટલે જે કોઈ વ્યક્તિ મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની કલમ ૮ હેઠળ શિક્ષાપાત્ર ગુનો, પોતે અથવા ટોળીના સભ્ય અથવા સરદાર તરીકે વારંવાર કરે અથવા કરવાની કોશિશ કરે અથવા તે કરવામાં મદદગારી કરે તે વ્યક્તિ;"*

*(ઘ) "અટકાયત હુકમ" એટલે કલમ-૩ હેઠળ કરેલો હુકમ;*

*(ચ) "અટકાયતી" એટલે અટકાયત હુકમ હેઠળ અટકમાં રાખેલી વ્યક્તિ;*

**2. (333/444)Ikk WEpku yIku fkhyku**

*એવું ધ્યાન ઉપર આવ્યું છે કે મુંબઈ જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૮૮૭ની કલમ ૪ હેઠળ શિક્ષાને પાત્ર જુગારનો અડ્ડો ચલાવનાર વ્યક્તિની પ્રવૃત્તિઓ અને મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની કલમ ૮ હેઠળ શિક્ષાને પાત્ર અનધિકૃત રીતે પશુઓનો વધ કરતી વ્યક્તિઓની પ્રવૃત્તિઓ, જે અસામાજિક પ્રકારની છે તે, અમુક સંજોગોમાં સામાન્ય લોકોમાં અસલામતીની લાગણી અને લોકોના જીવનને ગંભીર અને વ્યાપક કરી જોખમ ઊભા કરે છે અને તેનાથી રાજ્યમાં જાહેર વ્યવસ્થાની જાળવણીની અસર થાય છે, રાજ્યમાં જાહેર વ્યવસ્થા જાળવવા માટે, આવી વ્યક્તિઓને અસામાજિક પ્રવૃત્તિઓ ચલાવતી અટકાવવાનું જરૂરી જણાયું છે અને તે હેતુ માટે, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ સુધારવા ધાર્યું છે.*

**૩. અમુક વ્યક્તિઓને અટકાયતમાં રાખવાના હુકમો કરવાની સત્તા**

(૧) *કોઈ વ્યક્તિના સંબંધમાં રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે જાહેર વ્યવસ્થા જાળવી રાખવાને બાધ આવે તેવી કોઈ રીતે કાર્ય કરતી તેને અટકાવવાના ઉદ્દેશથી, તેમ કરવું જરૂરી છે, તો તે, એવી વ્યક્તિને અટકાયતમાં રાખવાનો આદેશ આપતો હુકમ કરી શકશે.*

(૨) *જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ કમિશનરની હકૂમતની સ્થાનિક હદમાંના કોઈ વિસ્તારમાં પ્રવર્તતા અથવા પ્રવર્તતા હોવાનો સંભવ હોય તે સંજોગો ધ્યાનમાં લઈને, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે તેમ કરવું જરૂરી છે, તો તે લેખિત હુકમ કરીને એવો આદેશ આપી શકશે કે જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ કમિશનર પણ, પેટા-કલમ (૧)માં જોગવાઈ કર્યા પ્રમાણે ખાતરી થાય, તો સદરહુ પેટા-કલમથી મળેલી સત્તાઓ વાપરી શકશે.*

(૩) *આ કલમ હેઠળ કોઈ અધિકૃત અધિકારીએ કોઈપણ હુકમ કર્યો હોય, ત્યારે તેણે, ક્યાં કારણોસર હુકમ કરવામાં આવ્યો છે તે અને તેના અભિપ્રાય મુજબ, તે બાબત અંગે સંબંધ ધરાવતી હોય તેવી બીજી વિગતો સહિત, તે હકીકતની રાજ્ય સરકારને તરત જ જાણ કરવી જોઈશે અને આવો કોઈ હુકમ, તે કરવામાં આવે તે પછી, બાર દિવસ કરતાં વધુ દિવસ સુધી અમલમાં રહેશે નહિ, સિવાય કે તેટલા સમયમાં જ રાજ્ય સરકારે તેને મંજૂર કર્યો હોય.*

(૪) *આ કલમના હેતુ માટે, દારૂનો ગેરકાયદેસર ધંધો કરનાર અથવા જુગારનો અડ્ડો ચલાવનાર અથવા ક્રૂર વ્યક્તિ અથવા ભયજનક વ્યક્તિ અથવા ઔષધ ગુનેગાર અથવા અનૈતિક વેપાર ગુનેગાર અથવા મિલકત પચાવી પાડનાર તરીકે કોઈ વ્યક્તિ, જાહેર વ્યવસ્થા જાળવી રાખવાને પ્રતિકૂળ અસર કરતી હોય અથવા જેનાથી પ્રતિકૂળ અસર થવાનો સંભવ હોય એવી પ્રવૃત્તિઓ, પૈકી કોઈ પ્રવૃત્તિમાં રોકાયેલ હોય અથવા તેમાં રોકાવા માટે તૈયારી કરતી હોય, ત્યારે આવી વ્યક્તિ, "જાહેર વ્યવસ્થા જાળવી રાખવાને બાધ આવે તેવી રીતે કામ કરે છે" એમ ગણાશે.*

**સ્પષ્ટીકરણ :**

*આ પેટા-કલમના હેતુ માટે, આ પેટા-કલમમાં ઉલ્લેખેલી કોઈ વ્યક્તિની પ્રવૃત્તિઓ પૈકીની કોઈ પ્રવૃત્તિથી, પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે, સામાન્ય લોકોમાં અથવા તેના કોઈપણ વર્ગમાં, કંઈ પણ ઉપદ્રવ, જોખમ અથવા ભય અથવા અસલામતીની લાગણી ઊભી થતી હોય અથવા ઊભી થવાનો સંભવ હોય અથવા જાન, મિલકત અથવા જાહેર આરોગ્ય, ગંભીર અથવા વ્યાપક પ્રમાણમાં જોખમમાં મુકાતા હોય અથવા મુકાવાનો સંભવ હોય, તો બીજી બાબતોની સાથે, જાહેર વ્યવસ્થાને પ્રતિકૂળ રીતે અસર થઈ હોવાનું ગણાશે અથવા પ્રતિકૂળ રીતે અસર થવાનો સંભવ હોવાનું ગણાશે.*

**૧૪. અટકાયતની વધુમાં વધુ મુદત**

*આ અધિનિયમ હેઠળ કરેલા જે કોઈ અટકાયત હુકમને કલમ ૧૩ હેઠળ બહાલ રાખવામાં આવ્યો હોય તે અટકાયત હુકમ અનુસાર વધુમાં વધુ જે મુદત સુધી કોઈપણ વ્યક્તિને અટકાયતમાં રાખી શકાય તે મુદત, અટકાયતની તારીખથી એક વર્ષની રહેશે.*

**૧૭. શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ**

*આ અધિનિયમ અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય માટે, રાજ્ય સરકાર અથવા કોઈ અધિકારી અથવા વ્યક્તિ સામે, કોઈ દાવો, ફરિયાદ અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.*

• • •

309 {]ík«kýeykuIkk þçkIkku rIkfk÷ :-

(1) þnuh{kt {]íÞwÃkk{íkk ík{k{ «kýeykuIkk þçkIkku rIkfk÷ fhðkIke íÚkk Mkøkðz fhðkIke fr{þ™hIke sðkçkËkhe hnuþu.

(2) «kýeIkk {]íÞwÃkkBkkIkk3 f÷kfIke ytËh ýÚkðkòu «kýehk°keËh BkIk {]íÞwÃkkBwt nkuÞ íkku MkqÞkoËÞ ÚkBkIkk3 f÷kfIke ytËh íkuIke òýIkSfIkk BwrIkrMkÃk÷ ykhkuøÞ³kíkkIku fhðkIke sðkçkËkhe su {fkIk{kt fu {fkIkWÃkh «kýe {]íÞwt ÃkkBwyÚkðksu {fkIk{kt fu {fkIkWÃkh «kýeIkwt þçk {®eykðunkuÞ íku {fkIkIkk fçsuËkhIke yIkuþuhe fu³Õ÷e sðkçk{kt «kýe {ÞwO nkuÞ íkkusu÷íku «kýeIkk fçsuËkhIke hnuþu.

(3) ykËhuf «kýeIkk þçkËh fBko çkË÷ BwrIkrMkÃk÷ yusIMkeyu «kýeIkk {kr÷f yÚkðkòu «kýe {kr÷fIk³çkhnkuÞ íkku, su÷íku {fkIkIkk fçsuËkh fu «kýeIkk fçsuËkhu, fr{þIkhurIkÞík fhu÷ Ve [qfððkIke hnuþu.

## માર્કેટો અને કતલખાના નિભાવ અને નિયમન બાબત.

**૩૨૭. મ્યુનિસિપલ માર્કેટો અને કતલખાનાં કોને કોને ગણવાં તે બાબત**

*જે માર્કેટો અને કતલખાનાં કોર્પોરેશનની માલિકીનાં હોય અથવા કોર્પોરેશન તરફથી નિભાવાતાં હોય તે સઘળાં મ્યુનિસિપલ માર્કેટો અથવા "મ્યુનિસિપલ કતલખાનાં" કહેવાશે. બીજાં સઘળાં માર્કેટો અને કતલખાનાં ખાનગી ગણાશે.*

**૩૨૮ નવાં મ્યુનિસિપલ માર્કેટો અને કતલખાનાંનો પ્રબંધ કરવા બાબત**

*(૧) કમિશનર, તેને આ અર્થે કોર્પોરેશને અધિકૃત કર્યો હોય, ત્યારે, નવી મ્યુનિસિપલ માર્કેટ અથવા નવું મ્યુનિસિપલ કતલખાનું અથવા પશુ રાખવાનો તબેલો સ્થાપવાના હેતુ સારુ અથવા કોઈપણ મ્યુનિસિપલ માર્કેટ અથવા કતલખાનું વધારવા અથવા સુધારવા માટે કોઈપણ ઈમારત અથવા જમીન બાંધી શકશે, ખરીદ કરી શકશે, પટે લઈ શકશે અથવા બીજી કોઈ રીતે સંપાદન કરી શકશે અથવા કમિશનર વખતોવખત પોતાને યોગ્ય લાગે તેવાં મ્યુનિસિપલ માર્કેટો, કતલખાનાં અને પશુ રાખવાના તબેલામાં જે લોકો વેપાર અથવા ધંધો ચલાવતા હોય અથવા વારંવાર જતા હોય તેમના ઉપયોગ માટે પોતાને યોગ્ય લાગે તેવાં હાટ, દુકાનો, છાપરાં વાડો અથવા બીજી ઈમારતો અથવા જરૂરી સગવડો પૂરી પાડતી જગાઓ બાંધી શકશે અને નિભાવી શકશે, અને તે પ્રકારની મ્યુનિસિપલ માર્કેટમાં વેચાતો માલ તોળવા અથવા માપવા સારુ પોતાને યોગ્ય લાગે તેવાં ઈમારતો, જગાઓ, યંત્રો, વજનો, ત્રાજવાં અને માપ તેમાં રાખી તથા નિભાવી શકશે.*

*(૨) મ્યુનિસિપલ કતલખાનાં અને પશુ રાખવાના તબેલા શહેરમાં અથવા ૧(રાજ્ય) સરકારની મંજૂરી લઈને શહેરની બહાર રાખી શકાશે.*

**૩૨૯. મ્યુનિસિપલ માર્કેટો, કતલખાનાં અને પશુ રાખવાના તબેલા બંધ કરી શકાશે**

*કમિશનર, કોર્પોરેશનની મંજૂરી મેળવીને કોઈપણ વખતે કોઈપણ મ્યુનિસિપલ માર્કેટ અથવા કતલખાનું અથવા પશુ રાખવાનો તબેલો અથવા તેના કોઈપણ ભાગ બંધ કરી*

*શકશે, અને તેવી રીતે બંધ કરેલી કોઈપણ માર્કેટ અથવા કતલખાનું અથવા પશુ રાખવાનો તબેલો અથવા તેનો કોઈપણ ભાગ જે જગા ઉપર આપેલો હોય તે જગાનો કોર્પોરેશનની મિલકત તરીકે નિકાસ કરી શકાશે.*

**૩૩૦. મ્યુનિસિપલ માર્કેટોમાં વેચાતી જણસો વેચવાનો પ્રતિબંધ**

(૧) *કોર્પોરેશનની પૂર્વ મંજૂરી મેળવીને કમિશનર, વખતોવખત જાહેર નોટિસ કાઢીને, નોટિસમાં નિર્દિષ્ટ કરેલી જણસો અથવા તે જણસોમાંની કોઈપણ જણસ, જે સાધારણ રીતે કોઈપણ મ્યુનિસિપલ માર્કેટમાં વેચાતી હોય તેનું સદરહુ મ્યુનિસિપલ માર્કેટથી ૫૦ વારની અંદર વેચાણ કરવાના અથવા વેચાણ માટે ખુલ્લી મૂકવાનો પ્રતિબંધ કરે તો તે કાયદેસર ગણાશે.*

(૨) *પેટા કલમ(૧) મુજબ કાઢેલી કોઈપણ નોટિસ તેવી જ મંજૂરી મેળવીને કમિશનર કોઈપણ વખત રદ કરી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે.*

**૩૩૧. ખાનગી માર્કેટો અને ખાનગી કતલખાનાં કાઢવા બાબત**

(૧) *શહેરની અંદર અથવા શહેરના કોઈપણ નિર્દિષ્ટ કરેલા ભાગની અંદર નવાં ખાનગી માર્કેટો સ્થાપવાની અથવા નવાં કતલખાનાં સ્થાપવાની અથવા નિભાવવાની પરવાનગી આપવી કે કેમ તે બાબત કોર્પોરેશનને વખતોવખત નક્કી કરવી.*

(૨) *કોઈપણ વ્યક્તિએ કમિશનરની મંજૂરી સિવાય, માણસના ખોરાક માટેના પશુ અથવા માણસના ખોરાકની કોઈપણ ચીજ અથવા પશુધન અથવા પશુધન માટેના ખોરાકની ચીજો વેચવા માટે અથવા વેચવા સારું ખુલ્લી મૂકવા માટે ખાનગી માર્કેટ સ્થાપવી નહિ અથવા ખાનગી કતલખાનું નિભાવવું નહિ. કમિશનરે આવી મંજૂરી આપતી વખતે તે સમયે અમલમાં હોય તેવા કોર્પોરેશનના નિર્ણયો અનુસાર વર્તવું.*

(૩) *કોઈ ખાનગી માર્કેટ અથવા કતલખાનાની સ્થાપના માટે તેવી રીતે મંજૂરી આપવામાં આવી હોય ત્યારે જે ઈમારત અથવા જગામાં એવી માર્કેટ ભરવાની હોય તેની ઉપરના અથવા તેની નજીકના સહેલાઈથી દેખાઈ આવે એવા કોઈ ભાગ ઉપર તેવી મંજૂરીની નોટિસ કોર્પોરેશન વખતોવખત નિર્દિષ્ટ કરે તેવી ભાષા અથવા ભાષાઓમાં કમિશનર ચોંટાડાવવી.*

**સ્પષ્ટીકરણ :** *પેટા-કલમ(૨) ના હેતુ સારુ જે જગામાં ખાનગી માર્કેટ અથવા કતલખાનું સ્થાપવામાં આવ્યું હોય તે જગાના માલિકે અથવા ભોગવટો કરનારે તે માર્કેટ સ્થાપ્યું છે એમ ગણાશે.*

**૩૩૨. મ્યુનિસિપલ માર્કેટો કતલખાનાં અને પશુ રાખવાના તબેલામાં હાટનું ભાડું, બીજું ભાડું તથા ફી લેવા બાબત**

(ક) *કોઈ મ્યુનિસિપલ માર્કેટ અથવા કતલખાનું અથવા પશુ રાખવાના તબેલામાં કોઈપણ હાટ, દુકાન, બેઠક, છાપરું, વાડા અથવા બીજી ઈમારતના ભોગવટા અથવા વપરાશ સારુ કોઈ મ્યુનિસિપલ માર્કેટમાં માલ ખુલ્લો મૂકીને વેચવાના હક સારુ અને તેવી કોઈપણ માર્કેટમાં માલ વેચાય તે તોળવા અથવા માપવા સારુ તથા કોઈપણ મ્યુનિસિપલ કતલખાનામાં પશુ કાપવાના હક સારુ હાટનું ભાડું, બીજું ભાડું અને ફી સ્થાયી સમિતિની મંજૂરી લઈને મ્યુનિસિપલ કમિશનર આ અર્થે પોતે વખતોવખત નક્કી કરે તે લઈ શકશે.*

(ખ) ઉપરના કહ્યા પ્રમાણેનું હાટનું ભાડું, બીજું તથા ફી અથવા તેનો કોઈપણ ભાગ એકી વખતે વધુમાં વધુ એક વર્ષની કોઈપણ મુદત સારુ સ્થાયી સમિતિની મંજૂરી લઈને ઈજારાથી આપી શકશે; અથવા

(ગ) કોઈ મ્યુનિસિપલ માર્કેટ અથવા કતલખાનું અથવા પશુ માટેના તબેલામાં કોઈપણ હાટ, દુકાન, બેઠક, છાપરાં, વાડા અથવા બીજી ઈમારતના ભોગવટાના અથવા તે વાપરવાના વિશેષાધિકારનું પોતાને યોગ્ય વાગે તે મુદત સુધી અને તે શરતો પ્રમાણે લિલામ કરી શકશે અથવા સ્થાયી સમિતિની મંજૂરી લઈને માલની વેચાણથી તેનો નિકાલ કરી શકશે.

**૩૩૩. કોઈપણ મ્યુનિસિપલ કતલખાનાં પશુ રાખવાના તબેલા માર્કેટ અથવા જગામાંથી જીવતાં ઢોર, ઘેટાં, બકરાં અથવા ડુક્કર ખસેડવા બાબત**

(૧) કોઈપણ વ્યક્તિએ કમિશનરની લેખિત પરવાનગી સિવાય અને તે ઠરાવે તેવી ફી આપ્યા સિવાય, કોઈપણ મ્યુનિસિપલ કતલખાનામાંથી અથવા પશુ રાખવાના તબેલામાંથી અથવા તેવાં કતલખાનાં અથવા પશુ રાખવાના તબેલા તેને અથવા તેના સંબંધમાં વપરાતા અથવા વાપરવાનો ઈરાદો હોય તેવી કોઈપણ મ્યુનિસિપલ માર્કેટમાંથી અથવા જગામાંથી કોઈપણ જીવતાં ઢોર, ઘેટાં, બકરાં અથવા ડુક્કર ખસેડવાં નહિ.

પરંતુ જે કોઈપણ પશુ, એવાં કતલખાનાં, પશુ રાખવાના તબેલા માર્કેટ અથવા જગાની અંદર વેચવામાં આવ્યું ન હોય અને જે કમિશનરે આ અર્થે કરેલા હુકમ મુજબ ઠરાવેલી મુદત કરતાં વધારે મુદત સુધી એવાં કતલખાનાં પશુ રાખવાના તબેલા, માર્કેટ અથવા જગાની અંદર ન હોય અથવા જેને કોઈપણ પેટા કાયદા અનુસાર એવાં કોઈપણ કતલખાનાં, માર્કેટ અથવા જગામાં કતલ કરવા માટે, અયોગ્ય ઠેરાવીને સ્વીકારવામાં આવ્યું ન હોય તેવાં પશુને ખસેડવા માટે આવી પરવાનગીની જરૂર રહેશે નહિ.

(૨) પાંજરોપોળમાં ખસેડેલા કોઈપણ પશુના સંબંધમાં, પેટા કલમ (૧) મુજબ પરવાનગી માટે આપેલી કોઈપણ ફી પાંજરાપોળના અધિકારીઓના હવાલામાં જેવું પશુ આવ્યું છે એવી મતલબનું તે સત્તાધિકારીઓને પ્રમાણપત્ર રજૂ કરવામાં આવે એટલે, આ અર્થે કમિશનરે કરેલા હુકમોને આધીન રહીને પાછી આપવી.

**૩૩૪. નિયમો પેટા-કાયદાઓ અથવા સ્થાયી હુકમોનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિઓને કાઢી મૂકવાની સત્તા.**

(૧) કોઈપણ મ્યુનિસિપલ માર્કેટ, કતલખાનું અથવા પશુ રાખવાના તબેલામાં અમલમાં હોય તેવા કોઈપણ નિયમ, પેટા-કાયદા અથવા સ્થાયી હુકમના ઉલ્લંઘન બદલ જે કોઈ વ્યક્તિ અથવા જેનો સેવક દોષિત ઠર્યો હોય તે વ્યક્તિને તેવી માર્કેટ, કતલખાનાં અથવા પશુ રાખવાના તબેલામાંથી કમિશનર કાઢી મૂકી શકશે અને તેવી વ્યક્તિને જાતે અથવા પોતાના સેવકો મારફત તેવી માર્કેટ કતલખાનાં

અથવા પશુ રાખવાના તબેલામાં વધારે વખત કોઈપણ વેપાર અથવા ધંધો ચલાવતાં અથવા તેમાંના કોઈપણ હાટ, દુકાન, બેઠક, છાપરાં, વાડા અથવા જગાનો ભોગવટો કરતાં અટકાવી શકશે અને નવા કોઈપણ હાટ, દુકાન, બેઠક, છાપરાં, વાડા અથવા જગા બાબત જે કોઈપણ પટો અથવા બીજો સત્તાધિકાર તેવી વ્યક્તિ ધારણ કરતી હોય તે સમાપ્ત કરી શકશે.

(૨) આ અધિનિયમ મુજબ લાઈસન્સ આપેલા કોઈપણ ખાનગી માર્કેટ અથવા કતલખાનાના માલિક અથવા એવી માર્કેટના અથવા કતલખાનાના અથવા તેમના કોઈપણ હાટનો પટેદાર અથવા તેવા માલિકનો અથવા પટેદારના કોઈપણ એજન્ટ કોઈપણ નિયમ, પેટા-કાયદા અથવા સ્થાયી હુકમનું ઉલ્લંઘન કરવા બદલ દોષિત ઠર્યો હોય તો કમિશનરે તેવા માલિક, પટેદાર, એજન્ટ અથવા સેવકને ફરમાનમાં જણાવવામાં આવે છે તેવા વખતની અંદર એવી કોઈપણ માર્કેટ અથવા કતલખાનું છોડી જવાનું ફરમાવી શકશે અને તે જો આવા ફરમાનનું પાલન કરવાને ચૂકે, તો આ અધિનિયમ મુજબ તેને જે કોઈપણ શિક્ષા કરી શકાય તે ઉપરાંત તેને એવી જગામાંથી સંક્ષિપ્ત રીતે કાઢી મૂકી શકાશે.

(૩) કમિશનરને, એમ જણાય કે આવા કોઈપણ દાખલામાં ઉપર કહ્યા પ્રમાણે દોષિત ઠરેલો કોઈપણ સેવક અથવા એજન્ટ પેટા કલમ(૨) મુજબના ફરમાનનું પાલન કરવામાં ચૂક્યો હોય, તેની સાથે માલિક અથવા પટેદાર કપટસંધીથી કામ કરે છે, તો કમિશનર, તેને યોગ્ય લાગે તો, એવા માલિક અથવા પટેદારનું તેની જગા માટેનું લાઈસન્સ રદ કરી શકશે.

**૩૩૫. શહેરની અંદર પરવાનગી વગર ઢોર વગેરેની આયાત કરવાનો પ્રતિષેધ**

(૧) માનવ ઉપભોગ માટેનાં કોઈપણ ઢોર, બકરાં અથવા ડુક્કર અથવા આ અધિનિયમ મુજબ નિભાવવામાં આવતું ન હોય અથવા લાઈસન્સ આપવામાં આવ્યું ન હોય તેવાં કોઈપણ કતલખાનાં અથવા જગામાં કતલ કરેલા તેવા કોઈપણ પશુનું માંસ કમિશનરની લેખિત પરવાનગી સિવાય કોઈપણ વ્યક્તિએ શહેરમાં લાવવું નહિ.

(૨) પેટા કલમ (૧)નું ઉલ્લંઘન કરીને જે કોઈપણ વ્યક્તિ શહેરમાં કોઈપણ પશુ અથવા માંસ લાવે તેને કોઈપણ પોલીસ અધિકારી વોરંટ વગર પકડી શકશે.

(૩) આ કલમનું ઉલ્લંઘન કરીને જે કોઈપણ પશુ શહેરમાં લાવવામાં આવ્યું હોય તેને કમિશનર અથવા કોઈપણ મ્યુનિસિપલ અધિકારી અથવા નોકર અથવા કોઈપણ પોલીસ અધિકારી અથવા રેલવેની જગ્યામાં અથવા તેની ઉપર રેલવેનો કોઈપણ નોકર પકડી શકશે, અને એવી રીતે પકડેલું કોઈપણ પશુ અથવા માંસ કમિશનર નિર્દિષ્ટ કરે તે પ્રમાણે વેચી શકશે અથવા તેનો બીજી રીતે નિકાલ કરી શકશે, અને તેની કોઈપણ ઊપજ થાય, તો તે કોર્પોરેશનની માલિકીની ગણાશે.

(૪) આ કલમનો કોઈપણ મજકૂર મીઠાવાળાં અથવા આથેલા માંસને લાગુ પડશે નહિ.

• • •

## વેચાણની જગાઓ વગેરેનું નિરીક્ષણ

**૩૩૬. જે કોઈપણ જગાએ આ અધિનિયમની જોગવાઈઓ વિરુદ્ધ પશુઓની કતલ થાય છે અથવા માંસ વેચાય છે તેવો શક હોય તેવી જગામાં કમિશનર દાખલ થઈ શકશે.**

*(૧) આ અધિનિયમની જોગવાઈઓ મુજબ યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવી ન હોય તેવી કોઈપણ જગામાં અથવા તેવી રીતે માનવ ઉપયોગ માટેના કોઈપણ પશુની કતલ થઈ છે અથવા થવાની છે અથવા સંભવ છે અથવા તેવા કોઈપણ પશુનું માંસ વેચાય છે, અથવા વેચવા માટે ખુલ્લું મૂકવામાં આવે છે એવું માનવાને કમિશનરને કારણ હોય, તો કમિશનર, આ અધિનિયમની અથવા કોઈપણ પેટા-કાયદાની કોઈપણ જોગવાઈનું તે જગામાં ઉલ્લંઘન થાય છે કે કેમ તે વિષે પોતાની ખાતરી કરવાના હેતુ સારુ નોટિસ આપ્યા વગર, દિવસે અથવા રાત્રે, કોઈપણ વખતે તેવી જગામાં દાખલ થઈ શકશે અને તેમાં મળી આવેલાં કોઈપણ પશુને અથવા આવા પશુના મુડદાને અથવા તેવા માંસને પકડી શકશે.*

*(૨) પેટા-કલમ (૧) મુજબ પકડેલું કોઈપણ પશુ અથવા કોઈપણ પશુનું મુડદું અથવા કોઈપણ માંસ ખસેડી શકશે અને કમિશનર તેને લિલામથી વેચીને અથવા બીજી રીતે તેની વ્યવસ્થા કરી શકશે.*

*(૩) આવી રીતે પકડ્યા પછી એક મહિનાની અંદર પશુ, મુડદું અથવા માંસનો માલિક હાજર થવાને અને કમિશનરને ખાત્રી થાય તેવી રીતે તેનો દાવો સાબિત કરવાને ચૂકે તો અથવા તેવા પશુ અથવા મુડદા અથવા માંસના સંબંધમાં, આ અધિનિયમ મુજબ કોઈપણ ગુના માટે તેવો માલિક દોષિત ઠરે, તો પેટા-કલમ (૧) મુજબ કરેલા કોઈપણ વેચાણની ઊપજ કોર્પોરેશનને પ્રાપ્ત થશે.*

*(૪) પેટા-કલમ(૧) મુજબ કરેલા કોઈપણ પ્રવેશથી અથવા એવો પ્રવેશ કરવા માટે કોઈપણ બળ વાપરવું પડ્યું હોય તેથી જે કોઈપણ અનિવાર્ય નુકસાન થાય તે તેના વળતરને બાબત કોઈપણ વ્યક્તિ ઉપર દાવો ચાલી શકશે નહિ.*

**૩૩૭. માણસના ખોરાક માટે જે ચીજો વેચવા સારુ ખુલ્લી મૂકવામાં આવી હોય તેના નિરીક્ષણ માટે કમિશનર પ્રબંધ કરવો**

*જે પશુ પશુનાં મુંડદાં, માંસ, મરઘાં, બતકાં, શિકારનાં પંખી, માંસ, માછલાં, ફળો, શાકભાજી, અનાજ, દુગ્ધાલયનું ઉત્પાદન અને બીજી જે કોઈપણ ચીજ વેચવા માટે ખુલ્લી મૂકી હોય, ફેરી કરીને વેચવામાં આવતી હોય અથવા જે કોઈપણ જગાએ વેચવાના અથવા વેચવા માટે તૈયાર કરવાના હેતુ સારુ રાખવામાં આવી હોય અથવા લાવવામાં આવી હોય અને જે માણસના ખોરાક અથવા દવા માટેની હોય તેના સતત અને સચેત નિરીક્ષણ માટે પ્રબંધ કરવાની કમિશનરની ફરજ રહેશે અને તેવા કોઈપણ હેતુ માટે તે ખુલ્લી મૂકવામાં આવી ન હોય અથવા ફેરી કરીને વેચવામાં આવી ન હોય અથવા રાખી મૂકવામાં અથવા લાવવામાં આવી ન હોય અથવા તે માણસના ખોરાક માટેની અથવા દવા માટેની ન હતી એવી સાબિતી આપવાનો જેના ઉપર આરોપ મૂકવામાં આવ્યો હશે, તે પક્ષકારને માથે રહેશે.*

**૩૩૮. કુપથ્ય ચીજો વગેરે પકડવી**

(૧) *ઉપર કહેલા પ્રકારનું કોઈપણ પશુ અથવા ચીજવસ્તુને તૈયાર કરવા, બનાવવા અથવા ભરવાનું કોઈપણ વાસણ અથવા ઠામનું સાધન જે જેનું વખતોવખત નિરીક્ષણ કરી શકશે અને તે તપાસી શકશે.*

(૨) *જો કમિશનરે એમ જણાય કે તેવું કોઈપણ પશુ અથવા તેવી કોઈપણ ચીજ, પ્રસંગ પ્રમાણે, રોગિષ્ટ અથવા દોષવાળી અથવા કુપથ્ય અથવા માનવ ઉપયોગ માટે અયોગ્ય છે અથવા તેનું જે વર્ણન કરવામાં આવ્યું હોય તેવી તે નથી અથવા તેવું કોઈપણ વાસણ અથવા ઠામ એવી જાતનું છે અથવા તેવી સ્થિતિમાં છે કે તેમાં તૈયાર કરેલી, બનાવેલી અથવા ભરેલી કોઈપણ ચીજ કુપથ્ય અથવા માનવ ઉપયોગ માટે અયોગ્ય થાય એમ છે, તો કમિશનર, તેવાં પશુ ચીજ, વાસણ અથવા ઠામ પકડી શકશે અને આમાં હવે પછી ઠરાવ્યું છે તે પ્રમાણે, તેનો નિકાલ કરી શકાય તે માટે, તેને લઈ જઈ શકશે અને તેવું પશુ અથવા ચીજ જેના હવાલામાં હોય તેવી કોઈપણ વ્યક્તિ તેને પકડી શકશે અને નજીકમાં નજીકના પોલીસ થાણે લઈ જઈ શકશે.*

**૩૩૯. કલમ ૩૩૮ મુજબ પકડેલી બગડી જાય એવી ચીજોનો નિકાલ કરવા બાબત**

*જો કોઈપણ માંસ, માછલાં, શાકભાજી અથવા બગડી જાય એવા પ્રકારની બીજી ચીજ ૩૩૮ મુજબ પકડવામાં આવી હોય અને કમિશનરના અભિપ્રાય પ્રમાણે તે પ્રસંગ પ્રમાણે, રોગિષ્ટ, દોષવાળી, કુપથ્ય અથવા માનવ ઉપયોગ માટે અયોગ્ય હોય, તો કમિશનરે, તે ફરી વેચવા માટે ખુલ્લી મૂકી ન શકાય અથવા માનવ ઉપયોગ માટે વાપરી ન શકાય તે રીતે તેનો તરત નાશ કરાવવો અને તે ચીજ પકડવામાં આવી હોય તે વખતે તે જેના કબજામાં હોય તે વ્યક્તિએ તેનો ખર્ચ આપવો.*

**૩૪૦. મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૪૮નો બચાવ**

*આ પ્રકરણમાંના કોઈપણ મજકૂરથી મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૪૮ની જોગવાઈઓના અમલને કોઈપણ રીતે અસર થશે નહિ.*

## ૩. મ્યુનિસિપલ માર્કેટોમાં વેચાણ કરવા માટેનાં લાઈસન્સો

**૩૭૭ મ્યુનિસિપલ માર્કેટમાં કમિશનરના લાઈસન્સ સિવાય, વેચાણ કરવાનો પ્રતિષેધ :**

(૧) *કોઈપણ વ્યક્તિને કમિશનર લાઈસન્સ સિવાય કોઈપણ મ્યુનિસિપલ માર્કેટમાં કોઈપણ પશુ અથવા ચીજ વેચવી નહિ અથવા વેચવા માટે ખુલ્લી મૂકવી નહિ.*

(૨) *આ કલમનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિને કમિશનર અથવા કોઈપણ મ્યુનિસિપલ અધિકારી અથવા નોકર સંક્ષિપ્ત રીતે કાઢી મૂકી શકશે.*

## ૪. ખાનગી માર્કેટો માટે લાઈસન્સો

**૩૭૮ ખાનગી માર્કેટો લાઈસન્સ વગર ઉઘાડાં રાખવાં નહિ :**

(૧) આ અર્થે કમિશનરે આપેલા લાઈસન્સ સિવાય અથવા તેની બોલીઓનું પાલન કર્યા સિવાય બીજી કોઈપણ રીતે કોઈપણ વ્યક્તિએ -

(ક) (A) ખાનગી માર્કેટ ઉઘાડી રાખવી નહિ, અથવા ઉઘાડી રાખવા દેવી નહિ.

(ખ) (B) શહેરમાંની કોઈપણ જગા કતલખાના તરીકે અથવા માણસના ખોરાક માટેના કોઈપણ પશુની કતલ કરવા માટે વાપરવી નહિ અથવા વાપરવા દેવી નહિ.

(ગ) (C) શહેરની અંદર ઉપભોગ કરવાના માણસના ખોરાક માટેના કોઈ પણ પશુની કતલ કરવા માટે શહેર બહારની કોઈપણ જગા કતલખાના તરીકે અથવા બીજી રીતે વાપરવી નહિ અથવા વાપરવાની પરવાનગી આપવી નહિં.

પરંતુ -

(૧) જે જગ્યાએ માર્કેટ ભરવાની હોય તે જગા, આ અધિનિયમ અથવા નિયમો, પેટાકાયદા અથવા સ્થાયી હુકમોની કોઈપણ જરૂરિયાત અનુસાર ન હોય તે કારણસર હોય તે સિવાય, કમિશનરે નક્કી કરેલા દિવસે કાયદેસર સ્થપાયેલી ખાનગી માર્કેટ ખુલ્લી રાખવા માટેનું લાયસન્સ આપવાની ના પાડવી નહિ, પણ આવા લાઈસન્સ માટેની અરજી નક્કી કરેલા દિવસથી બે મહિનાની અંદર કરવી જોઈએ.

(૨) ખાનગી માર્કેટનો માલિક, આ અધિનિયમની કોઈ જોગવાઈનું અથવા કોઈ સ્થાયી હુકમનું અથવા કોઈ પેટા-કાયદાનું પાલન કરવાને ચૂકે તે સિવાયના બીજા કોઈપણ કારણસર, કમિશનરે ખાનગી માર્કેટ ખુલ્લી રાખવા માટેનું કોઈપણ લાઈસન્સ રદ કરવું નહિ, તહકૂબ કરવું નહિ અથવા તે તાજું કરી આપવાની ના પાડવી નહિ.

(૩) ખાનગી માર્કેટનો માલિક માર્કેટમાંનો કોઈપણ હાટ, દુકાન, બેઠક, છાપરાં, વાડા અથવા બીજી જગાના ભોગવટા અથવા ઉપયોગ માટે તેને અથવા તેના એજન્ટને હાટનું ભાડું, બીજું ભાડું, ફી અથવા બીજી રકમ મળે તે માટે પોતાના લાઈસન્સની શરતો અનુસાર લેખિત પહોંચ આપવાને ચૂકે તે બદલ, કમિશનર કોઈપણ લાયસન્સ રદ કરી શકશે અથવા તહકૂબ કરી શકશે.

(૪) કોઈપણ ઉત્સવ અથવા સમારંભને પ્રસંગે અથવા ખાસ સંજોગોમાં કમિશનરને યોગ્ય લાગે તેવી કોઈપણ જગામાં કોઈ પશુની કતલ કરવા માટે, કમિશનર લેખિત પરવાનગી આપવામાં આ કલમના કોઈપણ મજકૂરથી પ્રતિબંધ નડે છે એમ ગણાશે નહિ.

(૨) જ્યારે ખાનગી માર્કેટ ખુલ્લી રાખવા માટેનું કોઈપણ લાઈસન્સ આપવાની કમિશનરે ના પાડી હોય અથવા તે રદ અથવા તહકૂબ કર્યું હોય, ત્યારે કમિશનરે તેમ કર્યા બાબતની નોટિસ, કોર્પોરેશન વખતોવખત નક્કી કરે તે ભાષા અથવા ભાષાઓમાં જે ઈમારત અથવા જગામાં તેવી માર્કેટ ભરાતી હોય, તેના અથવા તેની નજીકના સહેલાઈથી દેખાઈ આવે એવા કોઈ ભાગ ઉપર ચોંટાડાવવી.

**૩૭૯ અનિધિકૃત ખાનગી માર્કેટોમાં વેચાણ કરવાનો પ્રતિષેધ :**

જે કોઈપણ વ્યક્તિ એમ જાણતી હોય કે કોઈપણ ખાનગી માર્કેટ કમિશનરની મંજૂરી સિવાય સ્થાપવામાં આવી છે અથવા કમિશનરે તે ખુલ્લી રાખવા માટે લાઈસન્સ આપવાની ના પાડ્યા પછી અથવા રદ કર્યા પછી અથવા તહકૂબ કર્યા પછી ખુલ્લી રાખવામાં આવી છે તેવી વ્યક્તિએ તે માર્કેટમાં કોઈપણ પશુ અથવા માણસના ખોરાકની ચીજો અથવા કોઈપણ મકાન પશુધન અથવા પશુધન માટેનો ખોરાક વેચવો નહિ અથવા વેચાવા માટે ખુલ્લો મૂકવો નહિ.

**૩૮૦. ચામડા માટે પશુઓની કતલ કરવા બાબત :**

કોઈપણ વ્યક્તિએ, કમિશનરની લેખિત પરવાનગી અનુસાર હોય તે સિવાય બીજી રીતે મ્યુનિસિપલ કતલખાના અથવા લાઈસન્સવાળાં કતલખાનાંની બહારની કોઈપણ જગ્યાએ કોઈપણ ઢોર, ઘોડાં, ઘેટાં, બકરાં અથવા ડુક્કરોની તેમની ચામડી ઉતારી લેવા માટે કતલ કરવી નહિ અથવા કોઈપણ તેવા પશુનું કોઈપણ મુડદું કાપવું નહિ.

## ૫. માર્કેટોની બહાર ખોરાકની ચીજો વેચવા માટેનાં લાઈસન્સો

**૩૮૧. માર્કેટ સિવાય પશુ વગેરે વેચવાનો પ્રતિષેધ :**

કોઈપણ વ્યક્તિએ કમિશનરના લાઈસન્સ સિવાય -

(ક) (A) કોઈપણ ચોપગુ પશુ અથવા માણસના ખોરાક માટેનું માંસ અથવા માછલાં મ્યુનિસિપલ અથવા ખાનગી માર્કેટ સિવાયની બીજી જગ્યાએ;

(ખ) (B) બરફ અને વાતપૂર્ણ પીણાં, કુલ્ફી, શેરડીનો રસ, કાપેલાં અથવા છાલ કાઢેલાં ફળ, શાકભાજી કોઈપણ મીઠાઈ અથવા કમિશનર જાહેર નોટિસથી વખતોવખત નિર્દિષ્ટ કરે તેવો માનવ ઉપભોગ માટેનો બીજો રાધેલો ખોરાક અથવા તેવી બીજી ચીજો, મ્યુનિસિપલ અથવા ખાનગી માર્કેટ અથવા લાઈસન્સવાળાં ભોજનગૃહ અથવા મીઠાઈની દુકાન સિવાયની બીજી કોઈપણ જગ્યાએ.

- વેચવી નહિ અથવા વેચવા માટે ખુલ્લી મૂકવી નહિ.

• • •

# ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩

## સન ૧૯૬૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૪

## બજારો, ખોરાકની ચીજોના વેચાણ વગેરેનું નિયમન

**૨૦૭. બજારો અને કતલખાના સંબંધી લાયસન્સ આપવા બાબત**

(૧) કારોબારી સમિતિએ આપેલા લાઈસન્સની શરતો અન્વયે અથવા તે અનુસાર હોય તે સિવાય, નગરપાલિકાના બજાર અથવા કતલખાના સિવાય બીજી કોઈ જગ્યા, કલમ-૨૭૫ની પેટા કલમ (૧)ના ખંડ (ખ)ના પેટા ખંડો (૧) અને (૨)માં નિર્દિષ્ટ કરેલા હેતુઓ પૈકી કોઈ પણ હેતુ માટે વાપરવી નહીં એવો આદેશ નગરપાલિકા કરે તો તે કાયદેસર ગણાશે. આવાં લાઈસન્સો સામાન્યતઃ અથવા વ્યક્તિગત દાખલામાં નગરપાલિકા પોતાની વિવેકબુદ્ધિ અનુસાર આપી શકશે. તહકૂબ કરી શકશે, આપવાની ના પાડી શકશે અથવા પાછાં ખેંચી લઈ શકશે.

(૨) જે કોઈ વ્યક્તિ આવા આદેશ વિરુદ્ધ અથવા ઉપર કહ્યા પ્રમાણે જરૂરી હોય એવા લાયસન્સ સિવાય અથવા એવા લાયસન્સની શરતો પૈકી કોઈ શરતનું ઉલ્લંઘન કરીને અથવા એવું લાયસન્સ તહકૂબ કરવામાં આવ્યું હોય તે દરમિયાન અથવા તે પાછું ખેંચી લેવામાં આવ્યું હોય તે પછી કોઈ પણ જગ્યા વાપરે અથવા વાપરવા દે તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૩) આ કલમની પેટા કલમ(૨) અન્વયે કોઈ જગ્યાના સંબંધમાં, કોઈ વ્યક્તિ દોષિત ઠરે એટલે કારોબારી સમિતિની અરજી ઉપરથી, પણ બીજી રીતે નહીં, એવી જગ્યા બંધ કરવા માટે મેજિસ્ટ્રેટે હુકમ કરવો અને તેમ થયે તેણે આવી જગ્યા એવી રીતે વપરાતી અટકાવવા માટે વ્યક્તિઓ નીમવા અથવા બીજાં પગલાં લેવા અને એવી બંધ કરવા માટે, એ રીતે હુકમ કરવામાં આવ્યો હોય તે પછી આવી જગા આ રીતે જે વ્યક્તિ વાપરે અથવા વાપરવા દે તે દરેક વ્યક્તિનો તે જગા બંધ કરવાનો આ રીતે હુકમ કરવામાં આવ્યો હોય તે પછી તે જગા તે વ્યક્તિ આ પ્રમાણે જેટલા દિવસ વાપરવાનું ચાલુ રાખે અથવા ચાલુ રાખવા દે તે દરેક દિવસ માટે દસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૪) આ કલમનો અથવા કલમ ૨૭૫ની પેટા કલમ (૧) ખંડ (ખ)ના પેટા ખંડ (૨)નો કોઈ પણ મજૂર મુંબઈ નશાબંધી અધિનિયમ ૧૯૪૯માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના કોઈ પણ દારૂને લાગુ પડશે નહીં.

**૨૦૮. સન ૧૯૪૯ નો મુંબઈનો ૨૫મો બજારો તથા કતલખાના ખોલવા બંધ કરવા તથા ભાડે આપવા બાબત**

(૧) નગરપાલિકા કોઈ સાર્વજનિક બજાર અથવા કતલખાનું વખતોવખત ખોલાવી શકશે અથવા બંધ કરી શકશે, એવું કોઈ બજાર અથવા કતલખાનું કોઈ વ્યક્તિ વાપરે તે બદલ હાટનું ભાડું અથવા બીજું ભાડું અથવા ફી પણ તે લઈ શકશે અથવા એવા કોઈ પણ બજારોના અથવા કતલખાનાના કોઈ હાટ અથવા જગાનો ભોગવટો કરવાનો અથવા એવું કોઈ બજાર અથવા કતલખાનું બીજી રીતે વાપરવાનો વિશેષાધિકાર જાહેર લિલામ કરીને અથવા બીજી રીતે પણ વેચી શકશે.

(૨) જે કોઈ વ્યક્તિ નગરપાલિકાની પરવાનગી અથવા તેની પાસેથી લાઇસન્સ મેળવ્યા સિવાય સદરહુ બજારોમાં કોઈ પણ ચીજ વેચશે અથવા વેચવા માટે ખુલ્લી મૂકશે અથવા સદરહુ કતલખાના વાપરશે તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**૨૦૯. નગરપાલિકાને બજારોમાંથી વ્યક્તિઓને કાઢી મૂકવાની સત્તા**

નગરપાલિકાએ આ અર્થે ખાસ અધિકાર આપેલા કોઈ અધિકારીને જો એવી ખાતરી થાય કે કોઈ પણ બજારમાંના કોઈ પણ હાટ અથવા જગાનો ભોગવટો કરનાર કોઈપણ વ્યક્તિ તે હાટ અથવા જગાનો અનધિકૃત ભોગવટો કરે છે અથવા ભોગવટો કરવાનો અધિકાર પૂરો થયા પછી હાટ અથવા જગાનો ભોગવટો કરવાનું ચાલુ રાખે છે, તો તે અધિકારી, નગરપાલિકાની પૂર્વમંજૂરી લઈને, એવી વ્યક્તિને ફરમાનમાં જણાવવામાં આવે તેવા વખતની અંદર હાટ અથવા જગા ખાલી કરવાનું ફરમાવી શકશે અને જો એવી વ્યક્તિ ફરમાનનું પાલન કરવાનું ચૂકે તો તેને અધિનિયમ અન્વયે કરવામાં આવે તેવી કોઈ પણ શિક્ષા ઉપરાંત, હાટમાંથી અથવા જગામાંથી સંક્ષિપ્ત કાર્યવાહી કરીને કાઢી મૂકી શકાશે.

**૨૧૦. નગરપાલિકા હદની બહારના કતલખાના વગેરે**

નગરપાલિકા, વિકાસ કમિશનરની અથવા જો વિકાસ કમિશનરે કલેક્ટરને અધિકૃત કર્યો હોય તો કલેક્ટરની મંજૂરીથી નગરની હદની બહાર કતલખાના અથવા જાનવરોનાં મુડદાંનો નિકાલ કરવા માટેની જગ્યાઓ સ્થાપે તો તે કાયદેસર ગણાશે અને નગરમાંનાં આવાં કતલખાનાં અથવા જગાઓને લગતા અધિનિયમ તથા તે અન્વયે અમલમાં હોય તેવા ઉપનિયમોની તમામ જોગવાઈઓ આ અધિનિયમ અન્વયે સ્થાપેલાં કતલખાનાં અથવા જગાઓમાં જાણે તે કતલખાનાં અથવા જગાઓ નગરની અંદર હોય તે પ્રમાણે સંપૂર્ણપણે અમલમાં રહેશે.

**૨૧૧. આરોગ્યને હાનિ કરે એવી ચીજો માટે ઝડતી અને તપાસણી**

(૧) પ્રમુખ, ઉપપ્રમુખ, આરોગ્ય સમિતિનો અધ્યક્ષ, મુખ્ય અધિકારી અથવા નગરપાલિકાએ આ અર્થે અધિકૃત કરેલ કોઈ સભ્ય અથવા અધિકારીઓ-

(ક) પશુઓ, મુડદાં, માંસ, મરઘાં, બતકાં, શિકાર, ગોસ, માછલી, ફળ, શાકભાજી, અનાજ, રોટી, આટો, દૂધ, ઘી, માખણ અથવા માનવ ખોરાક અથવા પીણાં માટેની અથવા દવા માટેની બીજી ચીજો, પછી તે વેચવા માટે ખુલ્લા મૂકેલા હોય અથવા વેચવા માટે તેની ફેરી કરવામાં આવતી હોય અથવા વેચવાના હેતુ માટે અથવા વેચવા માટે તૈયાર કરવાના હેતુ માટે કોઈ પણ જગામાં મૂકેલા હોય અથવા આણેલાં હોય તેની તપાસણી કરવા માટે તમામ વાજબી વખતે કોઈ પણ જગામાં દાખલ થઈ શકશે અને તેની તપાસણી કરી શકશે અથવા કતલખાના માટે વપરાતી કોઈ જગામાં દાખલ થઈ શકશે અને તેની તપાસણી કરી શકશે અને તે જગામાંથી કોઈપણ ચીજ તપાસી શકશે અને

(ખ) એવો કોઈ પશુ, મુડદાં અથવા ઉપર જણાવેલી બીજી ચીજો રોગિષ્ટ અથવા બગડી ગયેલી અથવા આરોગ્યને હાનિ કરે એવી અથવા માનવ ખોરાક અથવા પીણાં અથવા દવા માટે અયોગ્ય છે એવું જણાય ત્યારે તે ચીજો કબજે કરી શકશે.

*જલદી બગડી જાય એવા પ્રકારની કોઈ ચીજ પ્રમુખ, ઉપપ્રમુખ અથવા આરોગ્ય સમિતિના અધ્યક્ષ અથવા મુખ્ય અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે રોગિષ્ટ, બગડી ગયેલી, આરોગ્યને હાનિ કરે એવી અથવા માનવ ખોરાક, પીણાં અથવા દવા માટે અયોગ્ય હોય તો તેનો તેમના હુકમથી તરત નાશ કરાવી શકશે.*

*જે દરેક પશુ અને જલદી બગડે નહીં એવા પ્રકારની જે દરેક ચીજ, ઉપર કહ્યા પ્રમાણે કબજે કર્યા હોય તો તેને મેજિસ્ટ્રેટ સમક્ષ લઈ જવા.*

*જો મેજિસ્ટ્રેટને પૂરતા પુરાવા પરથી એમ જણાય કે એવું કોઈ પશુ અથવા એવી કોઈ ચીજ રોગિષ્ટ, બગડી ગયેલી, આરોગ્યને હાનિ કરે એવી અથવા માનવ ખોરાક, પીણાં અથવા દવા માટે અયોગ્ય છે, તેના માલિકને અથવા તેનો માત્ર નિક્ષેપી અથવા વાહક ન હોય એવી જે વ્યક્તિના કબજામાંથી તે મળી આવી હોય તે વ્યક્તિને જો એવા પ્રસંગે ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૨૭૩ની જોગવાઈઓ લાગુ પડતી ન હોય તો બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને તે મેજિસ્ટ્રેટે તેવા પશુ અથવા ચીજનો નાશ કરાવવો અથવા તે વેચવા માટે ખુલ્લી મુકાય નહીં અથવા તે માનવ ખોરાક અથવા પીણાં અથવા દવા તરીકે વપરાય નહીં એવી રીતે તેનો નિકાલ કરાવવો.*

*(૨) આ કલમની જોગવાઈઓ વિરુદ્ધ ગુનો કર્યાનો જે કોઈ વ્યક્તિ ઉપર આરોપ હોય તે વ્યક્તિને હાજર રહેવા બાબતના સમન્સના માટેની અરજી આવી વ્યક્તિ ઉપર જે ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તે ગુનો જે તારીખે થયાનું કહેવામાં આવતું હોય તે તારીખથી વાજબી મુદતની અંદર કરવામાં આવે તે સિવાય, આ કલમ અન્વયેની તમામ ફરિયાદોમાં મેજિસ્ટ્રેટે તેવું સમન્સ કાઢવાની ના પાડવી.*

**સન ૧૯૮૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૬.૧★**

• • •

# ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ - ૨૦૦૩

**સને ૨૦૦૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૮.**

**(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૦૩ના માર્ચ મહિનાની ૧૨મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)**

**ગુજરાત રાજ્યના અંતર્દેશીય અને પ્રાદેશિક જળ ક્ષેત્રમાં મત્સ્યોદ્યોગના રક્ષણ, સંરક્ષણ અને વિકાસ માટે અને રાજ્યની તટરેખાને સમાન્તર અંતર્દેશીય અને પ્રાદેશિક જળક્ષેત્રમાં માછીમારીનું નિયમન કરવા માટે અને તેની સાથે સંકળાયેલ અને તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.**

*આથી, ભારતના ગણરાજ્યના ચોપનમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે -*

## પ્રકરણ ૧

## પ્રારંભિક

**૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આંરભ :**

*(૧) આ અધિનિયમ ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ કહેવાશે.*

*(૨) તે રાજ્યની તટરેખાને સમાંતર પ્રાદેશિક જળક્ષેત્ર સહિત સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.*

*(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં, જાહેરનામાથી નક્કી કરે તે તારીખે અમલમાં આવશે.*

**૨. વ્યાખ્યા**

*આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, -*

*(ક) "ન્યાયનિર્ણય કરનાર અધિકારી" એટલે કલમ ૧૭ના હેતુ માટે રાજ્ય સરકાર નીમે તેવા નાયબ મત્સ્યોદ્યોગ નિયામકથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા મત્સ્યોદ્યોગ અધિકારી;*

*(ખ) "જૈવિક નમૂનો" એટલે કોઈ જીવંત અથવા મૃત સજીવ;*

*(ગ) "અમલ બજવણી અધિકારી" એટલે કલમ ૧૫ના હેતુ માટે રાજ્ય સરકાર નીમે તેવા મત્સ્યોદ્યોગ અધિકારી;*

*(ઘ) "વિદેશી માછલી" એટલે ભારત સિવાયના કોઈ દેશની માછલીની તમામ જાત;*

*(ચ) "માછલી" એટલે તેમના જીવનકાળના તમામ તબક્કાઓમાં કોઈ જળચર પ્રાણી અને જળચર વનસ્પતિ;*

*(છ) "મત્સ્યોદ્યોગ અધિકારી" એટલે આ અધિનિયમના હેતુઓ માટે રાજ્ય સરકારે મત્સ્યોદ્યોગ અધિકારી તરીકે નીમેલ કોઈ અધિકારી અને તેમાં મત્સ્યોદ્યોગ અધિકારીની સત્તા વાપરવા અને કાર્યો બજાવવા નિમાયેલ અધિકારીનો સમાવેશ થાય છે;*

(જ) "માછીમારી વહાણ" એટલે માછીમારીમાં રોકાયેલ હોય તેવો, ચલાવવા માટેની યાંત્રિક રચના જોડેલ હોય કે ન હોય તેવો કોઈપણ પ્રકારનો મછવો;

(ઝ) "માછીમારી ઉપકરણ" એટલે માછીમારી માટે વપરાતી કોઈ જાળ, પાંજરું, છટકું અથવા બીજું સાધન;

(ટ) "લાઈસન્સ આપનાર અધિકારી" એટલે કલમ ૧૦ના હેતુ માટે રાજ્ય સરકાર નીમે તેવા મત્સ્યોદ્યોગ અધિક્ષકથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા મત્સ્યોદ્યોગ અધિકારી;

(ઠ) "મત્સ્ય ઉછેર" એટલે પ્રાદેશિક જળક્ષેત્રમાં દરિયાકિનારે કરાતો મત્સ્ય ઉછેર;

(ડ) "માછીમારી બંદર" એટલે સ્થળ જેવા કે બંદર, હાર્બર, ધક્કો, ડક્કો, ડોક, જેટી અને માલ ઉતારવાનું સ્થળ જ્યાં માછીમારી વહાણોને માલ ઉતારવાની અને લાંગરવાની સુવિધા પૂરી પાડવામાં આવતી હોય અને તેની નજીકના સમારકામ માટેની જગ્યા, બળતણ અને બરફ પૂરો પાડવાના સ્થાપનો, હરાજી ખંડ, માછલી પ્રોસેસ કરવાના પ્લાન્ટ માટે અલગ રાખેલ અને રાજ્ય સરકાર વખતોવખત નિર્દિષ્ટ કરે તેવી હદોની અંદરના અડીને આવેલા વિસ્તારો;

(ઢ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ત) "ખાનગી જળક્ષેત્ર" એટલે -

(૧) કોઈ વ્યક્તિની સુવાંગ મિલકત હોય તેવું, અથવા

(૨) જેમાં તે સમય પૂરતો કોઈ વ્યક્તિનો માલિક, પટેદાર તરીકે અથવા બીજી કોઈપણ હેસિયતમાં માછીમારી કરવાનો સુવાંગ અધિકાર હોય

તેવું જળક્ષેત્ર;

**સ્પષ્ટીકરણ :** આ વ્યાખ્યાના અર્થ મુજબ, બીજી વ્યક્તિઓને તેમાં માછીમારીનો રૂઢિગત હક હોવાના કારણ માત્રથી તે જળક્ષેત્ર, "ખાનગી જળક્ષેત્ર" હોતું બંધ થશે નહિ;

(થ) "રજિસ્ટર થયેલ માછીમારી વહાણ" એટલે કલમ ૧૨ હેઠળ રજિસ્ટર થયેલ માછીમારી વહાણ;

(દ) "રજિસ્ટ્રેશન અધિકારી" એટલે કલમ ૧૨ના હેતુ માટે રાજ્ય સરકાર નીમે તેવા મત્સ્યોદ્યોગ અધિકારી;

(ધ) "નિર્દિષ્ટ વિસ્તાર" એટલે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવો નિર્દિષ્ટ અંતર્દેશીય જળ વિસ્તાર અથવા પ્રાદેશિક જળ વિસ્તારમાંનો વિસ્તાર;

(ન) "નિર્દિષ્ટ અંતર્દેશીય જળક્ષેત્ર" એટલે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવું અંતર્દેશીય જળક્ષેત્ર;

(પ) ગુજરાત રાજ્યના સંબંધમાં, "પ્રાદેશિક જળક્ષેત્ર" એટલે પ્રાદેશિક જળક્ષેત્ર, આર્થિક ઝોન સિવાયની ખંડીય છાજલી અને બીજા મત્સ્યોદ્યોગ ઝોન અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૩ની પેટા-કલમ (૨) અનુસાર, માપેલ બાર દરિયાઈ માઈલના અંતરમાં રાજ્યના તટ સાથે જોડાયેલ ખુલ્લા સમુદ્રમાંનો કોઈપણ ભાગ.

## પ્રકરણ ૨

## માછલીનું રક્ષણ

**૩. વિસ્ફોટકોથી માછલીનો નાશ કરવા ઉપર પ્રતિબંધ**

*કોઈ વ્યક્તિ, કોઈ જળક્ષેત્રમાં, માછલી પકડવા અથવા તેનો નાશ કરવાના ઈરાદાથી, તેમાં કોઈ દારૂગોળો અથવા બીજો વિસ્ફોટક પદાર્થ વાપરી શકશે નહિ.*

**૪. જળક્ષેત્રમાં ઝેર નાખીને માછલીનો નાશ કરવા ઉપર પ્રતિબંધ**

*(૧) કોઈ વ્યક્તિ, કોઈ જળક્ષેત્રમાં કોઈ, માછલી પકડવા અથવા નાશ કરવાના ઈરાદાથી, તેમાં ઝેર, ચૂનો અથવા હાનિકારક પદાર્થો નાખી શકશે નહિ.*

*(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, કોઈપણ નિર્દિષ્ટ વિસ્તારમાં પેટા-કલમ (૧) નો અમલ મોકૂફ રાખી શકશે અને તેવી રીતે એવું કોઈપણ જાહેરનામું સુધારી અથવા રદ કરી શકશે.*

**૫. વિદેશી માછલી મૂકવા ઉપર પ્રતિબંધ**

*કોઈપણ વ્યક્તિ, કોઈ જળક્ષેત્રમાં, કોઈપણ માછલીનો નાશ કરવાના ઈરાદાથી તેમાં કોઈ વિદેશી માછલી મૂકી શકશે નહિ.*

**૬. માછલીના રક્ષણ માટે નિયમો કરવાની સત્તા**

*(૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, ખાનગી જળક્ષેત્ર સિવાયના કોઈ જળક્ષેત્ર માટે, નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે નિયમો કરી શકશે;*

*(ક) (૧) માછીમારી ઉપકરણ (ફિશિંગ ગીયર) ઊભા કરવા અથવા વાપરવા પર,*

*(૨) આડબંધ, ડેમ અને બંધના બાંધકામ પર,*

*(૩) અંતર્દેશીય જળક્ષેત્રમાં માછલીની જાતો અથવા માછલીના ખોરાક માટે હાનિકારક હોય તેવું કોઈ ઔદ્યોગિક કચરાવાળું પાણી અથવા ગંદું પાણી છોડવા પર, પ્રતિબંધ મૂકવા અથવા તેનું નિયમન કરવા બાબત;*

*(ખ) વાપરવાની જાળના પરિમાણ અને પ્રકારનું અને તેના ઉપયોગની રીતનું નિયમન કરવા બાબત;*

*(ગ) નિર્દિષ્ટ જળક્ષેત્રોમાં, બે વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત માટે તમામ પ્રકારની માછીમારી પર પ્રતિબંધ મૂકવા બાબત;*

*(ઘ) કોઈપણ જળક્ષેત્રમાં, કોઈપણ માછલી પકડવાના અથવા તેનો નાશ કરવાના ઈરાદાથી કોઈ બંદૂક, ભાલા, તીર અથવા તેના જેવી વસ્તુના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા બાબત;*

*(ચ) પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય, માછલીની જાતો માટે હાનિકારક હોય તેવી કોઈપણ જાતની માછલી મૂકવા પર પ્રતિબંધ મૂકવા બાબત;*

*(છ) અંતર્દેશીય જળક્ષેત્રોમાં મત્સ્યોદ્યોગનું નિયમન કરવા બાબત;*

(જ) જાહેર જળક્ષેત્ર સંસાધનને નિર્દિષ્ટ મુદત માટે પટે આપવા અને એવી રીતે પટે આપવા માટેની ફી લેવા બાબત;

(ઝ) માછલીનાં ઈંડાં, ફ્રાઈ, ફિંગરલિંગ અને યારલિંગના વેચાણનાં ધોરણોનું નિયમન કરવા બાબત;

(ટ) મૌસમ ન હોય તે દરમિયાન માછીમારી અને માછલીના વેચાણ ઉપર પ્રતિબંધ મૂકવા બાબત.

**સ્પષ્ટીકરણ :** *આ ખંડના હેતુ માટે, "મોસમ ન હોવી" એટલે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવી મુદત.*

(૨) આ કલમ હેઠળ નિયમો કરતી વખતે, રાજ્ય સરકાર નીચેના માટે જોગવાઈ કરી શકશે :

(૧) નિયમોનું ઉલ્લંઘન કરીને બાંધેલ અથવા વાપરેલ માછીમારી ઉપકરણ કબજે લેવા, સરકાર દાખલ કરવા અને દૂર કરવા માટે;

(૨) આવા કોઈપણ માછીમારી ઉપકરણના સાધન દ્વારા પકડેલ કોઈપણ માછલી સરકાર દાખલ કરવા માટે; અને

(૩) પેટા-કલમ (૧) ના ખંડ (ટ) માં નિર્દિષ્ટ કરેલ મુદત દરમિયાન પકડેલ અથવા વેચેલ માછલી સરકાર દાખલ કરવા માટે.

(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, કોઈપણ ખાનગી જળક્ષેત્રને, તેના માલિકની અને તત્સમયે તેમાં માછીમારીનો સુવાંગ હક ધરાવતી તમામ વ્યક્તિઓની લેખિત સંમતિથી, આવા નિયમો અથવા તે પૈકીનો કોઈપણ નિયમ લાગુ પાડી શકશે.

## પ્રકરણ ૩

## નિર્દિષ્ટ વિસ્તારમાં માછીમારીના નિયમન બાબત

**૭.** (૧) રાજ્ય સરકાર, પેટા-કલમ (૨) માં ઉલ્લેખેલ બાબતોને ધ્યાનમાં લઈને, રાજપત્રમાં જાહેરનામાથી, કોઈપણ નિર્દિષ્ટ વિસ્તારમાં,-

(ક) જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વર્ગ અથવા વર્ગોના માછીમારી વહાણો દ્વારા માછીમારી પર અને તેટલી મુદત સુધી;

(ખ) જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે એવા પ્રકારની માછલી તેટલી મુદત સુધી પકડવા પર;

(ગ) જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે એવા માછીમારીના ઉપકરણોના ઉપયોગ પર;

(ઘ) મત્સ્ય ઉછેર પર;

(ચ) જૈવિક નમૂના એકઠા કરવા પર; અને

(છ) માછીમારી માટે ઉપયોગમાં લઈ શકાય તેવાં માછીમારી વહાણોની સંખ્યાનું નિયમન કરી શકશે, તેનું નિયંત્રણ કરી શકશે અથવા તેના પર પ્રતિબંધ મૂકી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડતી વખતે, રાજ્ય સરકારે નીચેની બાબતો ધ્યાનમાં લેવી જોઈએ.

(ક) માછીમારીમાં રોકાયેલ ખાસ કરીને સઢવાળી હોડી, દેશી હોડી અથવા નાવડી જેવા પરંપરાગત મછવાનો ઉપયોગ કરીને માછીમારીમાં રોકાયેલ હોય તેવી વ્યક્તિઓનાં જુદાં જુદાં જૂથોના હિતનું રક્ષણ કરવા માટેની જરૂરિયાત.

(ખ) માછલીનું રક્ષણ કરવાની અને વૈજ્ઞાનિક ધોરણે માછીમારીનું નિયમન કરવાની જરૂરિયાત.

(ગ) દરિયાની અંદર અને દરિયાકાંઠા ઉપર કાયદો અને વ્યવસ્થા જાળવવાની જરૂરિયાત, અને

(ઘ) ઠરાવવામાં આવે તેવી કોઈપણ બીજી બાબત.

**૮. કલમ ૭ હેઠળ બહાર પાડેલ જાહેરનામાનું ઉલ્લંઘન કરીને માછીમારીના વહાણોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ**

માછીમારી વહાણનો કોઈપણ માલિક અથવા કપ્તાન, કલમ ૭ હેઠળ બહાર પાડેલ જાહેરનામાનું ઉલ્લંઘન કરીને, માછીમારી માટે માછીમારી વહાણનો ઉપયોગ કરી શકશે નહિ અથવા કરાવડાવી શકશે નહિ અથવા ઉપયોગ કરવા દઈ શકશે નહિ;

પરંતુ આવા જાહેરનામાના કોઈપણ મજકૂરનો અર્થ, કોઈપણ નિર્દિષ્ટ વિસ્તાર સિવાયના કોઈપણ વિસ્તારમાં માછીમારીના હેતુ માટે અથવા બીજા કોઈપણ હેતુ માટે આવા બીજા વિસ્તાર સુધી અથવા ત્યાંથી કોઈપણ નિર્દિષ્ટ વિસ્તારમાં થઈને કિનારાથી કિનારા સુધી કોઈપણ માછીમારી વહાણની અવરજવર અટકાવવા તરીકે કરી શકાશે નહિ.

વધુમાં, કોઈપણ નિર્દિષ્ટ વિસ્તારમાં થઈને આવા માછીમારી વહાણના અવરજવરથી સઢવાળી હોડી, દેશી હોડી અથવા નાવડી જેવા કોઈ પરંપરાગત મછવાના ઉપયોગથી નિર્દિષ્ટ વિસ્તારમાં માછીમારીમાં રોકેલ હોય તેવી કોઈપણ વ્યક્તિની માલિકીની માછલાં પકડવાની કોઈપણ જાળ અથવા આંકડીને કોઈપણ રીતે નુકસાન થવું જોઈશે નહિ.

**૯. લાઈસન્સ આપેલ ન હોય તેવા માછીમારી વહાણોના ઉપયોગ પર પ્રતિબંધ**

કલમ ૧૦ હેઠળ લાઈસન્સ આપેલ ન હોય તેવા કોઈપણ માછીમારી વહાણને, આ અધિનિયમના આરંભની તારીખ (જેનો આમાં હવે પછી "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) પછી, કોઈપણ નિર્દિષ્ટ વિસ્તારમાં, માછીમારી માટે ઉપયોગમાં લઈ શકાશે નહિ.

પરંતુ આ કલમનો કોઈ મજકૂર, સદરહુ તારીખથી છ મહિનાની મુદત અથવા રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી વધુ મુદત સુધી, સદરહુ તારીખે વિદ્યમાન કોઈપણ માછીમારી વહાણને લાગુ પડશે નહિ.

**૧૦. માછીમારી વહાણોને લાઈસન્સ આપવા બાબત**

(૧) માછીમારીના વહાણનો માલિક, નિર્દિષ્ટ વિસ્તારમાં અને નિર્દિષ્ટ મુદત સુધી માછીમારી માટે માછીમારી વહાણના ઉપયોગ માટે લાઈસન્સ આપવા લાઈસન્સ આપનાર અધિકારીને અરજી કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળની દરેક અરજી ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, વિગતોવાળી અને તેની સાથે તેટલી ફી જોડેલી હોવી જોઈએ.

(૩) લાઈસન્સ આપનાર અધિકારી, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી અને પેટા-કલમ (૪) માં નિર્દિષ્ટ કરેલા પરિબળોને ધ્યાનમાં લઈને, માછીમારીના વહાણના માલિકને લાઈસન્સમાં જણાવેલ નિર્દિષ્ટ વિસ્તારમાં, માછીમારી માટેનું લાઈસન્સ આપી શકશે અથવા આપવાની ના પાડી શકશે :

પરંતુ કલમ ૧૨ હેઠળ રજિસ્ટર થયેલ ન હોય તેવા માછીમારી વહાણના સંબંધમાં કોઈ લાઈસન્સ આપી શકાશે નહીં:

વધુમાં, માછીમારી વહાણના માલિકને, સુનાવણીની વાજબી તક આપી હોય તે સિવાય, માછીમારી વાહણના સંબંધમાં લાઈસન્સ આપવાની ના પાડી શકાશે નહિ.

(૪) પેટા-કલમ (૩) હેઠળ લાઈસન્સ આપતી અથવા આપવાની ના પાડતી વખતે, લાઈસન્સ આપનાર અધિકારીએ નીચેનાં પરિબળો ધ્યાનમાં લેવાં જોઈએ :

(ક) માછીમારી વહાણ રજિસ્ટર થયેલ માછીમારી વહાણ છે કે કેમ;

(ખ) જેની સાથે તે જોડાયેલ હોય તેવા અંગભૂત ભાગો અને માછીમારી ઉપકરણ સહિતની માછીમારી વહાણની સ્થિતિ;

(ગ) કલમ ૭ હેઠળ બહાર પાડેલ કોઈપણ જાહેરનામું;

(ઘ) અરજીમાં નિર્દિષ્ટ મુદત જણાવેલ છે કે કેમ; અને

(ચ) ઠરાવવામાં આવે તેવાં બીજાં કોઈપણ પરિબળો.

(૫) આ કલમ હેઠળનું લાઈસન્સ ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી બોલીઓ અને શરતોએ અને તેટલી ફી ચૂકવ્યે, આપવું જોઈએ.

(૬) આ કલમ હેઠળ આપેલા લાઈસન્સ, અગાઉ તેને મોકૂફ રાખવામાં અથવા રદ કરવામાં આવ્યું હોય તે સિવાય, જે તારીખે તે આપવામાં આવ્યું હોય તે તારીખથી ત્રણ વર્ષની મુદત સુધી કાયદેસર ગણાશે અને ઠરાવવામાં આવે તેટલી ફી ચૂકવ્યે, ત્રણ વર્ષની મુદત માટે તેને વખતોવખત તાજું કરી શકાશે.

**૧૧. લાઈસન્સ રદ કરવા, મોકૂફ રાખવા અને સુધારવા બાબત**

(૧) લાઈસન્સ આપનાર અધિકારીને, આ અર્થે પોતાને કરેલ ઉલ્લેખ પરથી અથવા અન્યથા એવી ખાતરી થાય કે -

(ક) કલમ ૧૦ હેઠળ આપેલ લાઈસન્સ જરૂરી હકીકતની ખોટી રજૂઆતથી મેળવેલ છે; અથવા

(ખ) લાઈસન્સ ધરાવનારે, વાજબી કારણ સિવાય, જેને આધીન રહીને લાઈસન્સ આપવામાં આવ્યું હોય તેવી કોઈ શરતનું પાલન કર્યું નથી અથવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ નિયમ અથવા તે હેઠળ બહાર પાડેલ કોઈપણ જાહેરનામાની કોઈપણ જોગવાઈનું

ઉલ્લંઘન કરેલ છે તો, આ અધિનિયમ હેઠળ, લાઈસન્સ ધરાવનાર, કોઈપણ બીજી શિક્ષાને પાત્ર થાય તેને બાધ આવ્યા સિવાય, લાઈસન્સ આપનાર અધિકારી, લાઈસન્સ ધરાવનારને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, લાઈસન્સ મોકૂફ રાખી શકશે અથવા રદ કરી શકશે.

(૨) આ અર્થે કરવામાં આવે તેવા કોઈપણ નિયમોને આધીન રહીને, લાઈસન્સ આપનાર અધિકારી, કલમ ૧૦ હેઠળ આપેલ લાઈસન્સમાં ફેરફાર અથવા સુધારો કરી શકશે.

**૧૨. વહાણના રજિસ્ટ્રેશન બાબત**

(૧) માછીમારીના હેતુ માટે ઉપયોગમાં લેવાતું હોય અથવા ઉપયોગમાં લેવાનો ઈરાદો હોય અને રાજ્યમાં રાખેલ હોય તેવા દરેક વહાણના માલિકે, આ કલમ હેઠળ પોતાનું વહાણ રજિસ્ટર કરાવી લેવું જોઈશે.

(૨) (ક) વહાણના રજિસ્ટ્રેશન માટેની દરેક અરજી, વહાણના માલિકે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેવી વિગતોવાળી હોવી જોઈશે અને તેની સાથે તેટલી ફી જોડીને રજિસ્ટર કરનાર અધિકારીને કરવી જોઈશે;

(ખ) એવા વહાણના માલિકે, અરજીમાં, તે જ્યાંથી પોતાના વહાણનું સંચાલન કરવાનો ઈરાદો ધરાવતો હોય તે બંદર અથવા મત્સ્યોદ્યોગ બારું જણાવવા જોઈશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ વહાણના રજિસ્ટ્રેશન માટેની અરજી =

(ક) આ અધિનિયમના આરંભની તારીખે વિદ્યમાન વહાણના કિસ્સામાં, સદરહુ તારીખથી ત્રણ મહિનાની અંદર કરવી જોઈશે; અને

(ખ) બીજા કોઈપણ વહાણના કિસ્સામાં, તેના માલિકે, પોતે તેનો માલિક બને તે તારીખથી એક મહિનાની અંદર કરવી જોઈશે.

(૪) જો અરજદાર, રજિસ્ટર કરનાર અધિકારીને એવી ખાતરી કરાવી આપે કે સદરહુ મુદતની અંદર અરજી ન કરવા માટે પોતાને પૂરતું કારણ હતું, તો રજિસ્ટર કરનાર અધિકારી, પેટા-કલમ(૩)માં નિર્દિષ્ટ કરેલ મુદત પછી કરેલ અરજી હાથ ધરી શકશે.

(૫) (ક) રજિસ્ટ્રેશન કરનાર અધિકારી, પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી વહાણના માલિકને રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર આપી શકશે અથવા આપવાની ના પાડી શકશે.

(ખ) રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી બોલીઓ અને શરતોવાળું હોવું જોઈએ.

(ગ) રજિસ્ટ્રેશન કરનાર અધિકારીએ, રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં, વહાણનો માલિક જ્યાંથી તેના વહાણનું સંચાલન કરવાનો હોય તે બંદર અથવા મત્સ્યોદ્યોગ - બારું નિર્દિષ્ટ કરવું જોઈશે.

(ઘ) રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાંની વિગતો, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં રાખવાના રજિસ્ટરમાં નોંધવી જોઈએ.

(૬) પેટા-કલમ (૫) હેઠળ આપેલ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, તે જે તારીખે કાઢી આપવામાં આવ્યું હોય તે તારીખથી પાંચ વર્ષની મુદત માટે કાયદેસર ગણાશે, સિવાય કે તે, અગાઉ રદ કરવામાં આવ્યું હોય અને તે ઠરાવવામાં આવે તેટલી ફી ભર્યે, વખતોવખત પાંચ વર્ષની મુદત માટે તાજું કરી શકાશે.

(૭) આ કલમ હેઠળ રજિસ્ટર થયેલ દરેક વહાણને, રજિસ્ટર કરનાર અધિકારીએ નોંધણી ચિહ્ન આપવું જોઈએ, જેને ઠરાવવામાં આવે તેવી રીતે વહાણ ઉપર પ્રદર્શિત કરવું જોઈએ.

**૧૩. રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ, કરેલ હોય તે સિવાયના વિસ્તાર માટે વહાણનું સંલાલન કરવા માટેની પરવાનગી.**

(૧) કલમ ૧૨ હેઠળ રજિસ્ટર થયેલ વહાણના કોઈ માલિક, તેને કાઢી આપેલ રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના કોઈપણ બંદર અથવા મસ્ત્યોદ્યોગ-બારાથી રજિસ્ટર કરનાર અધિકારીની પૂર્વ પરવાનગી સિવાય પોતાના વહાણનું સંચાલન કરી શકશે નહિ.

(૨) (ક) રજિસ્ટર થયેલ માછીમારી વહાણનો કોઈ માલિક કે જે તેને કાઢી આપેલ રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના કોઈ બંદર અથવા મત્સ્યોદ્યોગ-બારાએથી પોતાના વહાણનું સંચાલન કરવાનો ઈરાદો ધરાવતો હોય તો, તે જે બંદર અથવા મત્સ્યોદ્યોગ બારાથી અને જે મુદત માટે પોતાના વહાણનું સંચાલન કરવા ઈરાદો ધરાવતો હોય તેનું નામ અને મુદત અરજીમાં જણાવીને પોતાના વહાણનું તેવી રીતે સંચાલન કરવા માટેની પરવાનગી માટેની અરજી કરી શકાશે.

(ખ) ખંડ (ક) હેઠળની અરજી મળ્યે, રજિસ્ટર કરનાર અધિકારી, હુકમથી પરવાનગી આપી શકશે અથવા આપવાની ના પાડી શકશે.

(ગ) રજિસ્ટર કરનાર અધિકારી, હુકમથી, ખંડ (ખ) હેઠળ આપેલી પરવાનગી જે મુદત માટે તે આપવામાં આવી હોય તે મુદત પૂરી થાય તે પહેલાં તેને સમાપ્ત કરી શકશે.

પરંતુ રજિસ્ટર કરનાર અધિકારી, રજિસ્ટર થયેલ વહાણના માલિકને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, ખંડ (ખ) હેઠળ પરવાનગીની ના પાડી શકશે નહિ અથવા ખંડ (ગ) હેઠળ પરવાનગી સમાપ્ત કરી શકશે નહિ.

**૧૪. રજિસ્ટર થયેલ માછીમારી વહાણના માલિકે પત્રકો પૂરાં પાડવા બાબત**

(૧) રજિસ્ટર થયેલ માછીમારી વહાણના દરેક માલિકે, રજિસ્ટર કરનાર અધિકારીને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં તેટલી મુદત માટે, તેવી તારીખ સુધીમાં અને તેવી રીતે માછીમારી અંગેનાં પત્રકો પૂરાં પાડવાં જોઈશે.

(૨) રજિસ્ટર કરનાર અધિકારી, પેટા-કલમ (૧) હેઠળ પૂરાં પાડેલાં પત્રકો ખરાં અને સંપૂર્ણ છે કે કેમ તેની ખરાઈ કરવા માટે કોઈપણ સમયે, કોઈપણ રજિસ્ટર થયેલ માછીમારી વહાણની તપાસ કરી શકશે.

**૧૫. અમલ બજવણી અધિકારીની સત્તા**

અમલ બજવણી અધિકારીને એમ માનવાને કારણ હોય કે કોઈપણ માછીમારી વહાણનો, આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલ કોઈ નિયમ અથવા હુકમ અથવા તે હેઠળ બહાર પાડેલ કોઈ જાહેરનામાની કોઈપણ જોગવાઈ અથવા કલમ ૧૦ હેઠળ કાઢી આપેલ લાઈસન્સની કોઈપણ શરતનું ઉલ્લંઘન કરીને, ઉપયોગ થઈ રહ્યો છે અથવા ઉપયોગ કરવામાં આવેલ છે તો, તે --

(૧) એવા વહાણમાં પ્રવેશી શકશે અને ઝડતી લઈ શકશે અને એવા વહાણને અટકાવી શકશે અને તેમાંથી મળેલ કોઈપણ માછલી કબજે લઈ શકશે,

(૨) અટકાવેલ માછીમારના વહાણને ઠરાવવામાં આવે તેવા સ્થળે અને તેવી રીતે રાખી શકશે.

(૩) એવી રીતે કબજે લીધેલ માછલીઓ ઠરાવવામાં આવે તેવી રીતે નિકાલ કરી શકશે અને તેની ઊપજ જમા કરાવી શકશે.

(૪) કલમ ૨૧ ની પેટા-કલમ (૧) ના ખંડો (ખ), (ગ), (ઘ) અથવા (ચ) હેઠળ ગુનો શિક્ષાપાત્ર હોય તો, કોર્ટને અને બીજા કિસ્સાઓમાં, પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા પોલીસ અધિકારીને ઉલ્લંઘનનો રિપોર્ટ કરી શકશે.

**૧૬. હુકમો આખરી ગણવા બાબત**

કલમ ૧૦ હેઠળ માછીમારી વહાણ માટે લાઈસન્સ આપવાનો અથવા આપવાની ના પાડવાનો અથવા કલમ ૧૧ હેઠળ એવું લાઈસન્સ મોકૂફ રાખવાનો, રદ કરવાનો, તેમાં ફેરફાર કરવાનો અથવા સુધારો કરવાનો લાઈસન્સ આપનાર અધિકારીનો દરેક નિર્ણય અને કલમ ૧૨ હેઠળ રજિસ્ટર કરવાનો અથવા રજિસ્ટ્રેશન રદ કરવાનો અથવા કલમ ૧૩ હેઠળ પરવાનગી આપવાનો અથવા પરવાનગી આપવાની ના પાડવાનો અથવા પરવાનગી સમાપ્ત કરવાનો રજિસ્ટર કરનાર અધિકારીનો દરેક નિર્ણય, કલમ ૧૭ હેઠળની કોઈ અપીલને આધીન રહીને આખરી ગણાશે.

## પ્રકરણ ૪

## અપીલ અને ફેરતપાસ

**૧૭. અપીલ**

(૧) (ક) કલમ ૧૦ હેઠળ માછીમારી વહાણ માટે લાઈસન્સ આપવાની ના પડતાં અથવા કલમ ૧૧ હેઠળ, માછીમારી વહાણ માટે આપેલ લાઈસન્સને મોકૂફ રાખતાં, રદ કરતાં, ફેરફાર કરતાં અથવા સુધારતાં લાઈસન્સ આપનાર અધિકારીના હુકમથી; અથવા

(ખ) કલમ ૧૨ હેઠળ વહાણનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર આપવાની ના પાડતાં અથવા વહાણની નોંધણી રદ કરતાં અથવા કલમ ૧૩ હેઠળ બીજા કોઈ બંદરેથી અથવા મત્સ્યોદ્યોગ બારાથી વહાણનું સંચાલન કરવાની પરવાનગી આપવાની ના પાડતાં અથવા આવી પરવાનગી સમાપ્ત કરતાં રજિસ્ટર કરનાર અધિકારીના હુકમથી

નારાજ થયેલી કોઈપણ વ્યક્તિ, તેને જે તારીખે હુકમથી જાણ કરવામાં આવી હોય, તે તારીખથી ત્રીસ દિવસની અંદર, ન્યાયનિર્ણય કરનાર અધિકારીને અપીલ કરી શકશે.

પરંતુ ન્યાય નિર્ણય કરનાર અધિકારી, ત્રીસ દિવસની મુદત પૂરી થયા પછી પણ અપીલ દાખલ કરી શકશે. પરંતુ અપીલ કરનારે, ન્યાયનિર્ણય કરનાર અધિકારીને એવી ખાતરી કરાવવી જોઈશે કે એવી મુદતની અંદર અપીલ ન કરવા માટે તેને પૂરતું કારણ હતું.

(૨) પેટા-કલમ (૧) હેઠળની અપીલ મળ્યે, ન્યાયનિર્ણય કરનાર અધિકારીએ, અપીલ કરનારને સુનાવણીની વાજબી તક આપ્યા પછી અપીલમાં, પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવો, હુકમ કરવો જોઈશે.

**૧૮. મુદત અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૪ અને ૧૨ લાગુ પાડવા બાબત**

કલમ ૧૭માં જણાવેલી મુદતની ગણતરી કરતી વખતે, મુદત અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૪ અને ૧૨ની જોગવાઈઓ શક્ય હોય તેટલે સુધી લાગુ પડશે.

**૧૯. ફેરતપાસ**

(૧) આ અર્થે કરવામાં આવે તેવા નિયમોને આધીન રહીને, રાજ્ય સરકાર, કલમ ૧૭ હેઠળની અપીલમાં ન્યાયનિર્ણય કરનાર અધિકારીએ કરેલ હુકમની તારીખથી પોતાની મેળે બે વર્ષની અંદર અથવા નારાજ થયેલી વ્યક્તિએ કરેલી અરજી ઉપરથી એક વર્ષની અંદર, આવા કોઈપણ હુકમનું રેકર્ડ મંગાવી શકશે અને તપાસી શકશે અને તેના ઉપર પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે:

પરંતુ :

(૧) કલમ ૧૬ હેઠળની અપીલ કરી શકાય તેમ હોય પરંતુ કોઈ અપીલ કરવામાં આવી ન હોય તે કિસ્સામાં અથવા

(૨) કલમ ૧૭ હેઠળની અપીલ કરવામાં આવી હોય અને આવી અપીલ નિકાલ બાકી હોય તે કિસ્સામાં,

ન્યાયનિર્ણય કરનાર અધિકારીની કોઈ કાર્યવાહીનું રેકર્ડ મંગાવી શકાશે નહિ.

(૨) કોઈ વ્યક્તિને પ્રતિકૂળ અસર થાય તેવો આ કલમ હેઠળ કોઈ હુકમ કરી શકશે નહિ સિવાય કે આવી વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપવામાં આવી હતી.

**૨૦. દીવાની કોર્ટની હકૂમતને બાધ**

આ અધિનિયમથી અથવા તે હેઠળ મત્સ્યોદ્યોગ અધિકારી, લાઈસન્સ આપનાર અધિકારી, રજિસ્ટ્રેશન અધિકારી, ન્યાયનિર્ણય કરનાર અધિકારી અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકારને તજવીજ કરવાની અથવા નિર્ણય કરવાની સત્તા હોય તેવા કોઈ પ્રશ્નની તજવીજ કરવાની અથવા નિર્ણય કરવાની કોઈપણ દીવાની કોર્ટને હકૂમત રહેશે નહિ. અને આ અધિનિયમથી અથવા તે હેઠળની કોઈ સત્તા અનુસાર લીધેલ અથવા લેવાના કોઈ પગલાંના સંબંધમાં, કોઈ દીવાની કોર્ટ, કોઈ મનાઈહુકમ આપી શકશે નહિ.

## પ્રકરણ ૫

## ગુના અને શિક્ષા

**૨૧. ગુના અને શિક્ષા**

(૧) (ક) જે કોઈ વ્યક્તિ, કલમો ૩, ૪ અથવા ૫ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને ગુનો સાબિત થયે, છ મહિના સુધીની કેદની અથવા દશ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

(ખ) જે કોઈ વ્યક્તિ, કલમ ૮ નું ઉલ્લંઘન કરીને માછીમારી માટે માછીમારી વહાણનો ઉપયોગ કરે તેને ગુનો સાબિત થયે, પચાસ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા દંડની શિક્ષા કરવામાં આવશે.

(ગ) જે કોઈ વ્યક્તિ, કલમ ૯નું ઉલ્લંઘન કરીને કોઈ નિર્દિષ્ટ વિસ્તારમાં માછીમારી માટે લાઈસન્સ ધરાવતી ન હોય તેવા માછીમારી વહાણનો ઉપયોગ કરે તેને પચાર હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા દંડની શિક્ષા આપવામાં આવશે.

(ઘ) જે કોઈ વ્યક્તિ, કલમ ૧૩ની પેટા-કલમ (૧) નું ઉલ્લંઘન કરીને રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના કોઈ બંદર અથવા મત્સ્યોદ્યોગ બારામાંથી તેનું વહાણ ચલાવે તેને ગુનો સાબિત થયે, વીસ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા દંડની શિક્ષા કરવામાં આવશે.

(ચ) જે કોઈપણ વ્યક્તિ, આ અધિનિયમ હેઠળ કરેલ નિયમો અથવા હુકમની કોઈપણ જોગવાઈનો ભંગ કરે તે દસ હજાર રૂપિયા સુધીના દંડની અને ભંગ ચાલુ રહે, ત્યારે આવો ભંગ ચાલુ રહે તે મુદત દરમિયાન રોજના એક્સો રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા દંડની શિક્ષાને પાત્ર થશે.

(૨) પેટા-કલમ (૧) ના ખંડો (ક) થી (ઘ) પૈકીના કોઈપણ ખંડ હેઠળનો ગુનો ચાલુ હોય ત્યારે, ગુનેગારને, આવો ભંગ ચાલુ રહે તે મુદત દરમિયાન રોજના દસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડની શિક્ષા કરવામાં આવશે.

**૨૨. કંપનીઓએ કરેલા ગુના**

(૧) આ અધિનિયમ હેઠળનો ગુનો કોઈ કંપનીએ કર્યો હોય ત્યારે, ગુનો કરવામાં આવ્યો હોય તે સમયે કંપનીના કાર્યસંચાલન માટે કંપનીનો હવાલો, સંભાળતી તેમજ કંપનીને જવાબદાર હોય તે દરેક વ્યક્તિ તેમજ કંપની તે ગુના માટે દોષિત છે એમ ગણાશે અને તેની સામે કામ ચલાવી શકાશે અને તદ્નુસાર તેમને શિક્ષા કરી શકાશેઃ

પરંતુ એવી વ્યક્તિ એમ સાબિત કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા આવો ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ ઘટતી કાળજી લીધી હતી તો, આવી કોઈપણ વ્યક્તિ, આ પેટા-કલમમાંના કોઈ મજકૂરથી આ અધિનિયમમાં જોગવાઈ કરેલી શિક્ષાને પાત્ર થશે નહિ.

(૨) પેટા-કલમ (૧) માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ કલમ હેઠળનો ગુનો કોઈ કંપનીએ કર્યો હોય અને તે ગુનો કંપનીના કોઈ ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી કે બીજા અધિકારીની સંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલ કોઈ બેદરકારીને લીધે થયેલ છે એમ સાબિત થાય ત્યારે આવો ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી કે અધિકારી પણ તે ગુના માટે દોષિત છે એમ ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે.

**સ્પષ્ટીકરણ :** આ કલમના હેતુ માટે -

(ક) "કંપની" એટલે કોઈ સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી કે વ્યક્તિઓના બીજા એસોસિએશનનો સમાવેશ થાય છે, અને

(ખ) પેઢીના સંબંધમાં "ડિરેક્ટર" એટલે પેઢીનો ભાગીદાર.

**૨૩. ગુનાની ન્યાયિક નોંધ લેવા બાબત**

*(૧) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ ૨૧ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) હેઠળ અથવા કલમ ૬ હેઠળ કરેલા કોઈપણ નિયમો હેઠળ શિક્ષાને પાત્ર ગુનાની ન્યાયિક નોંધ લેવામાં આવશે.*

*(૨) કોઈપણ કોર્ટ કલમ ૨૧ની પેટા-કલમ (૧) ના ખંડો (ખ), (ગ), (ઘ) અથવા (ચ) હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાની ન્યાયિક નોંધ લઈ શકશે નહિ સિવાય કે અમલ બજવણી અધિકારીએ, કલમ ૧૫ હેઠળ લેખિતમાં રિપોર્ટ કર્યો હોય.*

## પ્રકરણ ૬

## મત્સ્યોદ્યોગ ટર્મિનલ સત્તામંડળ

**૨૪.** *(૧) રાજ્ય સરકાર, હુકમથી, કોઈ ધક્કા, ડક્કા, ગોદી અને બીજા માલ ઉતારવાના સ્થળ અને સમારકામની જગ્યા, બળતણ અને બરફ પૂરો પાડવાના સ્થાપનો, હરાજી ખંડ, માછલી પ્રોસેસ કરવાના પ્લાન્ટ, ગોદામ અને મચ્છી બજાર માટે સત્તામંડળે અલગ રાખેલ તેની નજીકના વિસ્તારો સહિત મત્સ્યોદ્યોગ બારા અને માછલી ઉતારવાની જેટીના વિકાસ, નિભાવ, સંચાલન અને વહીવટ માટે હુકમમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર માટે મત્સ્યોઉદ્યોગ ટર્મિનલ સત્તામંડળ (જેનો આમાં હવે પછી "સત્તામંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની રચના કરી શકશે.*

*(૨) સત્તામંડળ નીચેના સભ્યોનું બનશે જેમને રાજ્ય સરકાર નીમશે :*

| | | |
|---|---|---|
| *(૧)* | *મત્સ્યોદ્યોગ કમિશનર* | *અધ્યક્ષ* |
| *(૨)* | *ગુજરાત મેરીટાઈમ બોર્ડમાંથી એક પ્રતિનિધિ* | *સભ્ય* |
| *(૩)* | *મરીન પ્રોડક્ટસ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીમાંથી એક પ્રતિનિધિ* | *સભ્ય* |
| *(૪)* | *ગુજરાત વિદ્યુત બોર્ડમાંથી એક પ્રતિનિધિ* | *સભ્ય* |
| *(૫)* | *ગુજરાત પાણી પુરવઠા અને ગટરવ્યવસ્થા બોર્ડમાંથી એક પ્રતિનિધિ* | *સભ્ય* |
| *(૬)* | *ગુજરાત મત્સ્યોદ્યોગ મધ્યસ્થ સહકારી મંડળમાંથી એક પ્રતિનિધિ* | *સભ્ય* |
| *(૭)* | *રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકમાંથી એક પ્રતિનિધિ* | *સભ્ય* |
| *(૮)* | *રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમમાંથી એક પ્રતિનિધિ* | *સભ્ય* |
| *(૯)* | *ફિશ પ્રોસેસર્સ એસોસિએશનમાંથી એક પ્રતિનિધિ* | *સભ્ય* |
| *(૧૦)* | *બોટ ઓનર્સ એસોસિએશનમાંથી એક પ્રતિનિધિ* | *સભ્ય* |

| | |
|---|---|
| (૧૧) સીમા શુલ્ક ખાતામાંથી એક પ્રતિનિધિ | સભ્ય |
| (૧૨) માછલીના વેપારીઓમાંથી એક પ્રતિનિધિ | સભ્ય |
| (૧૩) અગ્રગણ્ય બેન્કમાંથી એક પ્રતિનિધિ | સભ્ય |
| (૧૪) સંબંધિત સ્થાનિક નગરપાલિકામાંથી એક પ્રતિનિધિ | સભ્ય |
| (૧૫) સંબંધિત પ્રદેશના નાયબ નિયામક | સભ્ય |

**૨૫. સત્તામંડળનાં કાર્યો**

(૧) સત્તામંડળ, નીચેનાં કાર્યો બજાવશે :

(ક) મત્સ્યોદ્યોગ હાર્બર ટર્મિનલ વિકસાવવું, તેનું નિયમન અને નિયંત્રણ કરવું;

(ખ) મત્સ્યોદ્યોગ હાર્બર ટર્મિનલ માટે જમીન સંપાદન કરવી અને સાધનો તથા યંત્રસામગ્રી ખરીદવી;

(ગ) મત્સ્યોદ્યોગ હાર્બર ટર્મિનલ અંદર વહાણોના આગમન અને પ્રસ્થાન માટે અને કાંઠા પરનાં સંસ્થાનો માટે સલામતીનાં પગલાંની જોગવાઈ કરવી;

(ઘ) મત્સ્યોદ્યોગ હાર્બર ટર્મિનલોની અંદર ત્વરિત અને આરોગ્યપ્રદ રીતે માછલી લાવવા લઈ જવાની અને તેના નિકાલની વ્યવસ્થા કરવી;

(ચ) મત્સ્યોદ્યોગ બારાને સ્વચ્છ રાખવું અને પ્રદૂષણથી મુક્ત રાખવું;

(છ) રાજ્ય સરકાર સોંપે તેવાં બીજાં કાર્યો બજાવવાં; અને

(જ) સત્તામંડળનાં કાર્યો કાર્યક્ષમ રીતે બજાવવા માટે જરૂરી હોય તેવાં બીજાં કાર્યો કરવાં.

**૨૬.** સત્તામંડળ, મત્સ્યોદ્યોગ હાર્બર ખાતે સેવા પૂરી પાડવા માટે, રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેટલી રકમ વસૂલ કરી શકશે.

## પ્રકરણ ૭

## પ્રકીર્ણ

**૨૭. મુક્તિ**

(૧) આ અધિનિયમનો કોઈપણ મજકૂર, કેન્દ્ર સરકારના અથવા રાજ્ય સરકારના અથવા તેવા કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારની માલિકીના અથવા નિયંત્રણ હેઠળના કોર્પોરેશનના કોઈપણ વહાણ જેનો સર્વે અને સંશોધન માટે ઉપયોગ કરવામાં આવતો હોય તેને લાગુ પડશે નહિ.

(૨) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે જાહેર હિતમાં તેમ કરવું જરૂરી છે ત્યારે, તે, રાજપત્રમાં જાહેરનામાથી, કોઈપણ નિર્દિષ્ટ વિસ્તારમાં મત્સ્યોદ્યોગ માટે વપરાતાં મત્સ્યોદ્યોગ વહાણોના આવા વર્ગ અથવા વર્ગોને જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને અને તેટલી મુદત માટે, આ અધિનિયમની તમામ અથવા કોઈપણ જોગવાઈમાંથી મુક્તિ આપી શકશે.

**૨૮. સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્યસેવકો ગણાશે.**

*સત્તામંડળના તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને સભ્યો, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમની જોગવાઈઓ અનુસાર કામ કરતા હોય અથવા કામ કરતા હોવાનું અભિપ્રેત હોય ત્યારે, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવકો ગણાશે.*

**૨૯. શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ**

*આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા હુકમોની જોગવાઈઓ અનુસાર, શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય માટે, સત્તામંડળના કોઈપણ સભ્ય અથવા રાજ્ય સરકારના કોઈ અધિકારી અથવા કર્મચારી સામે કોઈ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.*

**૩૦. નિયમો કરવાની સત્તા**

*(૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.*

*(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, રાજ્ય સરકાર, નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે નિયમો કરી શકશે:*

*(ક) કલમ ૬ હેઠળ માછલીઓના રક્ષણ બાબત;*

*(ખ) કલમ ૧૦ની પેટા-કલમ (૨) હેઠળ, જે નમૂનામાં માછીમારી વહાણ માટેનું લાઈસન્સ આપવા માટે અરજી કરવી જોઈશે તે નમૂનો અને આવી અરજી જોડવી જોઈશે તે વિગતો અને ફી બાબત;*

*(ગ) કલમો ૧૦ની પેટા-કલમ (૫) હેઠળ, જે નમૂનામાં અને જે બોલીઓ અને શરતોને આધીન રહીને તે માછીમારી વહાણ માટેનું લાઈસન્સ આપી શકાય તે નમૂના અને બોલીઓ અને શરતો બાબત;*

*(ઘ) કલમ ૧૧ ની પેટા-કલમ (૨) હેઠળ, જે આધીન રહીને લાઈસન્સ આપનાર અધિકારી, લાઈસન્સમાં ફેરફાર અથવા સુધારા કરી શકશે તે નિયમો બાબત;*

*(ચ) કલમ ૧૨ની પેટા-કલમ (૨) હેઠળ, જે નમૂનામાં વહાણના રજિસ્ટ્રેશન માટે અરજી કરવી જોઈશે તે વિગતો અને ફી બાબત:*

*(છ) કલમ ૧૨ની પેટા-કલમ (૫) હેઠળ, જે નમૂનામાં અને જે બોલીઓ અને શરતોએ રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપવું જોઈએ તે નમૂનો અને બોલીઓ અને શરતો બાબત અને જે નમૂનામાં આવા પ્રમાણપત્રની વિગતો નોંધવા માટે રજિસ્ટર બનાવવું જોઈએ તે નમૂના બાબત;*

*(જ) કલમ ૧૨ની પેટા-કલમ (૭) હેઠળ, જે રીતે વહાણનું નોંધણી-ચિહ્ન પ્રદર્શિત કરવું જોઈશે તે રીતે બાબત;*

*(ઝ) કલમ ૧૪ની પેટા-કલમ (૧) હેઠળ, માલિકે, જે નમૂનામાં, જે મુદતની અંદર, જે તારીખ સુધીમાં અને જે રીતે પત્રક પૂરું પાડવું જોઈશે તે નમૂનો, મુદત, તારીખ અને રીત બાબત;*

(ટ) કલમ ૧૫ હેઠળ, અમલ બજવણી અધિકારીએ એવી રીતે અટકાવેલ માછીમારી વહાણ જે સ્થળે અને જે રીતે રાખવું જોઈશે તે સ્થળ અને રીત બાબત;

(ઠ) કલમ ૧૫ હેઠળ, અમલ બજવણી અધિકારીએ એવી રીતે કબજે લીધેલ માછલીઓનો જે રીતે નિકાલ કરવો જોઈશે તે રીત બાબત અને તેની ઊપજ જમા કરાવવા બાબત;

(ડ) કલમ ૧૯ ની પેટા-કલમ (૧) હેઠળ, રાજ્ય સરકાર, ન્યાયનિર્ણય કરનાર અધિકારીએ કરેલા હુકમનું રેકર્ડ જેને આધીન રહીને મંગાવી શકશે અને તપાસી શકશે તે નિયમો બાબત; અને

(ઢ) આ અધિનિયમ હેઠળ, ઠરાવવાની અથવા ઠરાવી શકાય તેવી બીજી કોઈપણ બાબત;

(૩) આ કલમથી, મળેલી નિયમો કરવાની સત્તા, પૂર્વપ્રસિદ્ધિ પછી કરવામાં આવતા નિયમોની શરતને આધીન રહેશેઃ

પરંતુ રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે તાત્કાલિક પગલાં લેવા માટે જરૂરી જણાય તેવા સંજોગો પ્રવર્તે છે, તો તે, આ કલમ હેઠળ કરવાના કોઈપણ નિયમની પૂર્વપ્રસિદ્ધિ વિના ચલાવી શકશે.

(૪) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈએ અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવે તેમાં અથવા ત્યાર પછી, તરતના સત્રમાં, રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કોઈ ફેરફાર કરે તેને આધીન રહેશે.

(૫) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કાંઈ રદ કરે અથવા જે કાંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તેનો અમલ થશે.

**૩૧. રદ કરવા બાબત**

(૧) આથી, ભારતનો મસ્ત્યોદ્યોગ અધિનિયમ, ૧૮૯૭, ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતો રદ કરવામાં આવે છે.

(૨) સદરહુ અધિનિયમ રદ થવા છતાં, સદરહુ અધિનિયમથી અથવા તે હેઠળ (કરેલ કોઈ નિયમ અથવા હુકમ, કાઢેલ કોઈ જાહેરનામું અથવા કરેલ કોઈ નિમણૂક સહિત) કરેલ કોઈપણ કાર્ય અથવા લીધેલ કોઈ પગલું, જેટલે સુધી આ અધિનિયમની જોગવાઈઓ સાથે અંસગત ન હોય તેટલે સુધી, આ અધિનિયમથી અથવા તે હેઠળ કરેલ અથવા લીધેલ છે એમ ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કરેલ કોઈપણ કાર્ય અથવા લીધેલ કોઈ પગલાંથી રદ કરવામાં ન આવે ત્યાં સુધી તે અમલમાં ચાલુ રહેશે.

• • •

# મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત) નિયમો, ૧૯૬૭

## The Bombay Animal Preservation (Gujarat) Rules, 1967

**૧. ટૂંકી સંજ્ઞા**

*આ નિયમો, મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત) નિયમો, ૧૯૬૭ કહેવાશે.*

**૨. વ્યાખ્યા**

*આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય.*

*(૧) "અધિનિયમ" એટલે મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪.*

*(૨) "કલમ" એટલે અધિનિયમની કલમ*

*(૩) આ નિયમોમાં વાપરેલ પણ જેની વ્યાખ્યા આપી ન હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ અધિનિયમમાં તેમનો જે અર્થ આપ્યો છે તે જ થશે.*

**૨એ. ખરા ધાર્મિક હેતુઓ અને ધાર્મિક દિવસો**

*(૧) કલમ ૫ ની પેટા-કલમ (૩) ના ખંડ (એ) ના હેતુઓ માટે, બકરી ઈદના રોજ "કુરબાની" એ શરતે ધાર્મિક હેતુ ગણાશે.*

*(૨) કલમ ૫ની પેટા-કલમ (૩) ના ખંડ (બી) ના હેતુ માટે, નીચેના દિવસો પૈકી કોઈપણ દિવસ ધાર્મિક દિવસ ગણાશે.*

*(એ) બકરી ઈદ*

*(બી) ઈદે-મિલાદ*

*(સી) રમઝાન ઈદ*

**૩. પ્રમાણપત્રનો નમૂનો અને ફી -**

*(૧) (એ) કલમ ૫ ની પેટા-કલમ (૧) હેઠળનું પ્રમાણપત્ર આ નિયમોને જોડેલ નમૂના ૧ મુજબ રહેશે.*

*(બી) કલમ-૨એમાં નિર્દિષ્ટ કરેલ કોઈપણ ખરા ધાર્મિક હેતુ માટે અથવા પ્રસંગ પ્રમાણે ધાર્મિક દિવસો પૈકી કોઈપણ દિવસો કોઈપણ પશુની કતલ માટેનું પ્રમાણપત્ર આ નિયમોને જોડેલ નમૂના ૧ એ મુજબ રહેશે.*

*(૨) કલમ ૫ હેઠળનું પ્રમાણપત્ર, ૫૦ પૈસાની ફી ભર્યે આપવામાં આવશે.*

**૪. પ્રમાણપત્રો મેળવવા અને રદ કરવા બાબત.**

*કલમ ૫ હેઠળ કાઢેલ પ્રમાણપત્ર હેઠળ કતલ કરેલ પશુની બાબતમાં, આવું પ્રમાણપત્ર, સ્થાનિક સત્તા મંડળે નીમેલી વ્યક્તિએ મેળવવું અથવા પોલીસ પટેલે મેળવવું અને સક્ષમ સત્તાધિકારીને તે મોકલી આપવું સક્ષમ સત્તાધિકારી તેમ થયે પ્રમાણપત્ર રદ કરી શકશે.*

**૫. સક્ષમ સત્તાધિકારીની બીજી ફરજો**

*સક્ષમ સત્તાધિકારીની એવું જોવાની ફરજ રહેશે કે, કોઈપણ પશુની કતલ કરવી નહિ સિવાય કે અધિનિયમ હેઠળ પ્રમાણિત કરેલ હોય અને કલમ ૬ હેઠળ નિર્દિષ્ટ કરેલ સ્થળ હોય.*

**૬. અમુક પશુઓને અધિનિયમ લાગુ પડશે નહિ**

*કલમ ૧૩ ના ખંડ (૨) હેઠળ પશુ ચિકિત્સક સર્જને પ્રમાણિત કરેલ હોય અને આ નિયમોને જોડેલ નમૂના ૨ મુજબ, પ્રમાણપત્ર હોય તો, અને એવી રીતે પ્રમાણિત કરેલ પશુઓની, પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલ સ્થળે કતલ સ્થળે કતલ કરી હોય અને તેના અવશેષોનો તેવી રીતે નિકાલ કર્યો હોય તો કોઈપણ પશુની કતલ કરવાને અધિનિયમ લાગુ પડશે નહિ.*

## નમૂનો -૧

### (જુઓ નિયમ ૩)

### (મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની કલમ ૫ હેઠળનું પ્રમાણપત્ર)

*મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની કલમ ૫ અનુસાર આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ગામ ____________ તાલુકો ____________ જિલ્લો ____________ માં રહેતા ____________ ની માલિકીનું નીચે વર્ણન કરેલ પશુની કતલ માટે યોગ્ય છે.*

**૧. પશુનું વર્તન**

*પ્રકાર --- વંશ ---*

*જાતિ --- ઉંમર --- રંગ --*

*અગત્યનું ઓળખ ચિહ્ન*

*૨. જ્યાં પશુની કતલ કરવી જોઈએ તે સ્થળ ----*

*૩. પશુ કતલ માટે યોગ્ય હોવાનું ગણવા માટેનાં કારણો ----*

*સ્થળ ---*

*તારીખ --- ૧૯ ----*

*સક્ષમ સત્તાધિકારીની સહી*

— — — — — — — — — — — — — — — — — — — — — — — — — —

# નમૂનો-૧-એ

## (જુઓ નિયમ ૩)

## (મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની કલમ ૫ હેઠળ પ્રમાણપત્ર)

*મુંબઈ પશુ સંરક્ષણ (અધિનિયમ ૧૯૫૪ની કલમ ૫ ની પેટા-કલમ (૩) ના પરંતુક અનુસાર, આથી એવું પ્રમાણિત કરવામાં આવે છે કે નીચે વર્ણન કરેલ પશુ ________ ગામ ________ તાલુકો ________ જિલ્લામાં રહેલા ________ ની માલિકીનું છે અને તે પશુની ઉંમર ૧૫ વર્ષ કરતાં વધુ છે. તે ગાય બળદ અથવા આખલો/બળદ/આખલો હોય તે સિવાયના પશુની ઉંમર પંદર વર્ષથી વધુ છે /ગાય અથવા / ગાયનાં વાછરડાં સિવાયનું પશુ કોઈ કતલ માટે યોગ્ય છે.*

૧. *પશુનું વર્ણન ________________*

*પ્રકાર ________ વંશ ________*

*જાતિ ________________*

*ઉંમર ________________*

*રંગ ________________*

*અગત્યનું ઓળખ ચિહ્ન ________________*

૨. *જ્યાં પશુની કતલ કરવી જોઈએ તે સ્થળ ________*

૩. *ખરા ધાર્મિક હેતુઓ હોઈ ________ ના હેતુ માટે આ પશુની કતલ કરવાની પરવાનગી આપેલ છે. આજ તારીખ ________ માહે ________ સન ૧૯ ________ ના રોજ ________ ધાર્મિક દિવસ છે.*

*સ્થળ :*

*તારીખ :*

**સક્ષમ સત્તાધિકારીની સહી**

— — — — — — — — — — — — — — — — — — — — — — — — — — — —

## નમૂનો - ૨

**(જુઓ નિયમ ૬)**

**(મુંબઈ પશુ સંરક્ષણ અધિનિય ૧૯૫૪ની કલમ ૧૩(૨) હેઠળ પ્રમાણપત્ર)**

*મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની કલમ ૧૩ની પેટા-કલમ (૨) અનુસાર, આથી પ્રમાણિત કરવામાં આવે છે કે નીચે વર્ણન કરેલ પશુ ________ જિલ્લાના ________ તાલુકાના ________ ગામના રહીશ ________ ની માલિકીનું છે. તેથી આજ તારીખ ________ માહે ________ સન ૧૯________ ના રોજ મેં તપાસ કરી છે અને જાહેર આરોગ્યના હિતમાં સદરહુ પશુની કતલ કરવી જરૂરી છે. સદરહુ પશુ ________ રોગથી પીડાય છે જે બીજા પશુઓ માટે જોખમકારક અને સ્પર્શજન્ય છે.*

*સદરહુ પશુઓની ________ સ્થળે આવેલ કતલખાનામાં કતલ કરવામાં આવશે અને જ્યારે તેની કતલ થતી હોય ત્યારે તેના હાડપિંજરનો નીચે નિર્દિષ્ટ કરેલી રીતે નિકાલ કરવો જોઈએ.*

*૧. પશુનું વર્ણન ________*

*પ્રકાર ________ વંશ ________*

*જાતિ ________ ઉંમર ________ રંગ ________*

*અગત્યનું ઓળખ ચિહ્ન ________*

*૨. જ્યાં પશુની કતલ કરવામાં આવશે તે સ્થળ ________*

*૩. હાડપિંજરનો નિકાલ કરવાની રીત ________*

*સ્થળ :*

*તારીખ :*

**પશુચિકિત્સક સર્જન**

---

# Notifications

## જાહેરનામું

*ગુજરાત સરકારના ખેતી, વન અને સરકાર વિભાગના જાહેરનામા નંબર જીએચ કેએચ-૨૦૦-એસએલટી-૧૦૬૧/૪૨૪૭૧/આર(૨) તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૭૩ ના જાહેરનામામાં સુધારો કરતું નીચેનું જાહેરનામું બહાર પાડ્યું છે.*

*મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ (સન ૧૯૫૪ના મુંબઈના ૭૨મા) ની કલમ ૪ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી., ગુજરાત રાજ્યમાં પશુ ચિકિત્સા હોસ્પિટલ/દવાખાનાના દરેક ઈન્ચાર્જ પશુ ચિકિત્સક અધિકારીને પોતાની હકૂમતની અંદરના સ્થાનિક વિસ્તાર માટે સક્ષમ સત્તાધિકારી તરીકે નીમે છે. વધુમાં સક્ષમ પ્રમાણપત્ર કાઢવા માટેનો નિર્ણય કરતાં પહેલાં, તે સમયે હાજર હોય તેવી સલાહકાર સમિતિના સભ્યોની પેનલે આપેલ સલાહ ધ્યાનમાં લેવી જોઈએ. દરેક કાયદેસર કતલ ખાના માટે ત્રણ કરતાં વધુ ન હોય તેવી સલાહકાર સમિતિના સભ્યની પેનલ વખતોવખત પશુ સંવર્ધન નિયામક નીમશે.*

*(જાહેરનામું નંબર જીએચકેએચ-૨૦૫/૮૨/એચએલટી ૧૦૮૨ પી એમ-૧-પી (૧) તારીખ ૮-૧૦-૧૯૮૨. ગુ.ગ.ગે. અસાધારણ ભાગ -૪ બી તારીખ ૧૮-૧૦-૧૯૮૨ પા. ૨૧૮)*

økwshkík Ãkpw Mkthûký (MkwÄkhk) rlkÞ{ku 2011

òmuhIkk{wt

³«úíkeõkze yIku Mknfkh rõ¼køk

Mkr[ðk÷Þ, økktÄeIkøkh

íkkhe¾ : 24-10-2011

Iktçkh : yuÃkeyu/10/2011/633855/95/Ãke-1

su{kt økwshkík Mkhfkhu Iku³ kíkhe Úkðu÷ Au fu su Mkt òuøkku WÃkÂMÚkík ÚkÞu÷ Au íku òuíkkt, økwshkík yuIke{ÕMk «eÎðuþIk yuõx, 1954 (çkkuBçku 1954 Ikku 52{ku) Ike f÷{-15 Ike Ãkuxk-f÷{-(3) yIkõðu yøkkW «rMØ ÚkÞu÷ òuøkõkEÞ Ë fhõkIkwt yIku íkkífkr÷f Iköðk rlkÞ{ku çkIkkððkIkwt fkÞo fhõwt sYhe Au.

yIku, íkuÚke økwshkík Mkhfkh, çkkuBçku yuIke{÷ «eÎðuþIk (økwshkík) rlkÞ{ku, 1967 Ike f÷{-15 Ike Ãkuxk-f÷{-(1) yIkõðu {¤u÷ MkÆkkIke Yyu ykÚke rlkÞ{ku{kt MkwÄkhku fhu Au su{ fu;

(1) yk rlkÞ{kuIku økwshkík yuIke{÷ «eÎðuþIk (yu{uLz{uLx MkwÄkhk) rlkÞ{ku, 2011 fnuõkþu.

(2) çkkuBçku yuIke{÷ «eÎðuþIk (økwshkík) YÕMk, 1967{kt (nðu ÃkAe íkuIku "yk rlkÞ{ku" fnuõk{kt ykðþu.) rlkÞ{-2 {kxu Ike[u sýkõu÷ rlkÞ{ çkË÷õk{kt ykðþu, su{ fu;

2. ÔÞkÏÞk

(y) yk rlkÞ{ku{kt ßÞkt MkwÄe yIÞ heíku rõhkuÄ Ãk¢kMke IkÚkkÞ íÞkt MkwÄe

(i) "fkÞËku" yux÷u fu økwshkík yuIke{ÕMk «eÎðuþIk yuõx, 1954 (çkkuBçku 1954 Ikku 52{ku)

(ii) "Mkr{ríkfu yrÄfkhe" yux÷u fu yk rlkÞ{kuMkkÚku òuzkÞu÷ yIkwMkqr[{kt Ëþkoõu÷ «{kýu ÃkkhõkIkkuu Ñhe fhõk {kxuIke Mkr{ríkfu yrÄfkhe

(iii) þÂõçkwØ ÃkþqÄkfIkku ³«úíkeõkze fu Ãkpw Ãkkr÷IkkIkku níkw yux÷u fu;

(y) EçkÂwíÃkkËIk (çke) Mkt÷fhý

(Mke) ³«úíkeõkze (z) yAík

(E) Mkkhõkh, hMkefhý, hkuøkIkkk Vu÷kðk {kxu ðIkõhIku Eçnhk¼õkIkku Mk{õkkðku (õkuhIkxkEIk), [Ãkehkuøk Ikk/hkuøkk Ikk Vu÷kðk çkkçkík Ikkrlk Þ°ký {kxu yufkíkðkMk yIku yIÞ Mkt÷¢kÞu÷ Ãkpwr[fíMkk Mktçkt ÄeMkuðkyku.

(S) Ãkqh, yAík, Äkík efþ Ãk, Ëwfk¤ su õe fwËhíke yÃkr¥kyku

(yu[) MÃkÄko, rneVkE, «ËþoIk yIku Ë³ kõkIkku níkw

(ykE) MktþkuÄIk, Mkthûký yIku ðneðxe çkkçkík

(s) WÃkh sýkõu÷ níkwyku {kxu «kýe/«kýeyku Ikwt ðu[ký/økÚkkfu {uõkõk yIku"

(f) yIÞ ykðk çkeò níkwyku

(iv) "Vku{o (Ik{qIkku)" yux÷u fu yk rlkÞ{kuMkkÚku òuzkÞu÷ Vku{o

(v) "ÃkhõkIkku" yux÷u fu rlkÞ{-6 Ikk Ãkuxk-rlkÞ{-(2) nuX¤ Ik{qIkk-(4) yIkõðu Mkr{ríkfu yrÄfkhe îkhk Ñhe fhõk{kt ykðu÷ ÃkhõkIkku,

(vi) "yIkwMkqr[" yux÷u fu yk rlkÞ{kuMkkÚku òuzkÞu÷ yIkwMkqr[

(vii) "f÷{" yux÷u fu fkÞËkIke f÷{

(çke) yk rlkÞ{ku{kt õÃkhkÞu÷ þçËku yIku yr¼ÔÞÂõíkyku Ãkhtíkw íku yk rlkÞ{ku{kt ÔÞkÏÞkrÞík nkuÞ Ikrn íkuIkku fkÞËk{kt Ëþkoõu÷ yÚko IkkuMk{kIk ykÚko nþu.

3. ykrlkÞ{ku{kt nk÷{kt yÂMíkíð{kt Ikk rlkÞ{-6 Iku Vhe Úke ¢{kt f ykÃkðk{kt ykðþu yLku íku rlkÞ{-7 hnuþu yLku rlkÞ{-7 Vhe Úke ¢{ ykÃkðk{kt ykðu÷ nkuðkÚke, Ike[u«{kýu rlkÞ{ W{uhðk{kt ykðþu su{ fu;

6. Ãkhðk Ikku {tsqh fhðk çkkçkík Ike yhS

(1) suÔÞÂõík f÷{-5 Ike Ãkuxk-f÷{ (1yu) {kt Ëþkoðu÷ «{kýu fku EÃký «kýe Iku ³⁄₄íkeðkze fu ÃkþwÃkk÷IkIkk þw/çkwr/Ãkoþðf Ikk núíkwÚke Ãkrhðn Ik hkßÞIke ytËh fhðk EåAu fu íku{ fhðk {kxu íku Ike ÃkkMku fkhýnkuÞ íkku íku Mkr{rík fu yrÄfkhe Iku Ik{qIkk-3 «{kýu yhS fhþu.

(2) Ãkuxk-rlkÞ{-(1) yLðÞu yhS {éÞk çkkË òu Mkr{rík fu yrÄfkhe Iku ³⁄₄íkhe Úkk Þ fu Ãkhðk Ikku {tsqh fhðk{kt ftEÃký ðktÄksIkf IkÚke. íkku íku Ik{qIkk-4 {kt Ëþkoðu÷ «{kýu Ike þhíkku yLku çkku÷eyku Iku ykÄeIk Ãkhðk Ikku òhe fhþu.

(3) Ãkrhðn Ik Ikku MktÃkqýo Mk{Þøkk¤k Ëhr{ÞkIk yhsËkhu Ãkhðk Ikku Ãkkuíkk Ike ÃkkMku hk³⁄₄ðk Ikku hnuþu.

(4) Mkr{rík, yhS Ike Ikf÷ òu íku Ike MkkÚku fku EËMíkkðuòu nkuÞ íkku íku Mkrník yLku Ãkhðk Ikk Ike Ikf÷ 1 ð»ko {kxu òºðþu yLku ßÞkhu sYh Ãkzu íÞkhu hkßÞ Mkhfkh Mk{ûk hsq fhþu.

4. yk rlkÞ{ku{kt rlkÞ{-7 ÃkAe, Ike[u sýkðu÷ yLkwMkqr[ W{uhðk{kt ykðþu, su{ fu;

## yLkwMkqr[

## (rlkÞ{-2 (yu) (ii) `swyku)

fkÞËk Ike f÷{-6 yu Ike Ãkuxk-f÷{-(2) nuX¤ Ãkhðk Ikku òhe fhðk {kxu Ike[u sýkðu÷ `Mkr{rík fu yrÄfkhe" hnuþu.

(yu) ík÷kxe

(çke) økúk{Mkuðf

(Mke) økúk{ Ãkt[kÞík Ikk MkhÃkt[ yLku IkkÞçk MkhÃkt[

(ze) íkk÷wfk Ãkt[kÞík Ikk «{w³⁄₄ yLku WÃk-«{w³⁄₄

(E) íkk÷wfk rðfkMk yrÄfkhe

(yuV) {k{÷íkËkh yLku IkkÞçk {k{÷íkËkh

(S) rsÕ÷k Ãkt[kÞík Ikk «{w³⁄₄, WÃk-«{w³⁄₄, rsÕ÷k rðfkMk yrÄfkhe, IkkÞçk rsÕ÷k rðfkMk yrÄfkhe, íkk÷wfk rðfkMk yrÄfkhe

(yu[) BÞwrIkrMkÃkk÷exe Ikk «{w³⁄₄, WÃk-«{w³⁄₄, {wÏÞ yrÄfkhe ([eV ykuVeMkh), IkkÞçk {wÏÞ yrÄfkhe (zuÃÞwxe [eV ykuVeMkh), MknkÞf {wÏÞ yrÄfkhe (ykMke. MkLx [eV ykuVeMkh), fu Mk{fûk yrÄfkhe yku fu BÞwrIkrMkÃkk÷fku Ãkkufhu þLk ({nkIkøkh MkuðkMkËLk) Ikk {uÞh, IkkÞçk {uÞh, fr{þLkh, IkkÞçk fr{þLkh, MknkÞf fr{þLkh fu Mk{fûk yrÄfkhe yku.

(ykE) økúkBÞ ËqÄ Mknfkhe {tz¤e Ikk «{w³⁄₄, WÃk«{w³⁄₄, Mkr[ð (Mku¢uxhe), økúkBÞ Mkuðk Mknfkhe {tz¤e Ikk «{w³⁄₄, WÃk«{w³⁄₄, Mkr[ð (Mku¢uxhe), (Mknfkhe {tz¤e)

(su) IkkUÄkÞu÷ Ãkktshk Ãkku¤ Ikk nkuÆËuËkhku, nkuÂMÃkx÷, økkiþk¤k, «kýeyku «íÞu Ike ¢qhík k rlkðkhý çkkçkík Ike Mkr{rík (MkkuMkkÞxe) (yuMkÃkeMkeyu), «kýe fÕÞký MktMÚkk Ik (yu Ike {÷ð÷Vh ykuøkuo Ikk ËÍþLk)

(fu) ÃkþwÃkk÷Ik³⁄₄íkk Ikk (yu Ike {÷nMçkLzhe) Ãkk÷íkq«kýe çkkçkík Ikk Ikeheûkf (÷kEðMxkuf EIMÃkufxh), ÃkþwÃkk÷Ik [rfíMkf yrÄfkhe (ðuxhIkhe ykuVeMkh), MknkÞf rlkÞk{f, IkkÞçk rlkÞk{f, MktÞwõík rlkÞk{f, rlkÞk{f.

5. ykrIkÞ{ku{kt, Vku{o (Ik{q]Ikku) -2ÃkAe Ike[usÿkÔIk«{kýu Vku{o (Ik{q]Ikku) W[uhðk{kt ykðþu. su{fu;

Vku{o : III

(rIkÞ{-6 swyku)

yhSIkwt Vku{o

**nwt³úIke ðkzeÃkþwÃkk÷IkIkkt þwØ{kwðØÃkqþÞfIkk núIkwykyu {kwu ðkwsIkÍIkhkÍEIke yüÈh«kýyeykuIkk Ãkrhðõ{Ikke {tsqhe {kwu Ãkrhðõ{Ikku yÃkðkrðõIktIke fhwtAwt.**

nwt ______________________ hnuðkMe ______________________

| økk{ : ______ | íkk÷wfku : ______ | rsÕ÷ku : ______ |
|---|---|---|
| nwt Ike[usýkðu÷ «kýyeykuIkwt Ãkrhðn Ik fhkððkEåAwt Awt. | | |

**ÚkÕe**

| økk{ : ______ | íkk÷wfku : ______ | rsÕ÷ku : ______ |
|---|---|---|

**«rík, (MÚkÍIkwt Ikk{ yÃkðwt) íkkhe³yIku íkkhe³ (ðå[u)**

| økk{ : ______ | íkk÷wfku : ______ | rsÕ÷ku : ______ |
|---|---|---|

þwØ{kwðØÃkqþÞfIkk³úIkeðkzeIkk yIku/ÝÚkðkÃkþwÃkk÷IkIkkk núIkwykyu {kwu ðknIk íkhk ______
IkkUÄýeIktçkh ______ ðknIkIkk {kr÷fIkwt Ikk{ ______
ðknIk[k÷fIkwt Ikk{ ______ MkVkE fhIkkhÔÉÂõík (õ÷eIkh) Ikwt Ikk{ ______
yÚkðk ÃkrhðõIkIke yIÞ fkuE «fkhIke rðøkíkku ______

| yIkw¢{ Ikt. | «kýeIkku «fkh | Ãkrhðõ{Ik fhðk{kt ykðIkkh «kýeykuIke MktÏÞk | |
|---|---|---|---|
| | | ykt fzk{kt | þçËku{kt |
| 1. | økkÞ | | |
| 2. | IkhðkAhzwt | | |
| | (y) ³Mke fhu÷ IkhðkAhzwt | | |
| 3. | (çke) ³Mke Ik fhu÷ rnkuÞíkuðwt IkhðkAhzwt | | |
| 4. | {kËkðkAhzwt | | |
| 5. | ÃkkzkuMkkZ | | |
| 6. | ¼uË | | |
| **Ãkrhðõ{Ik fhðkIkwt rnkuÞíku «kýeykuIke fw÷ MktÏÞk** | | | |

**Ike[usýkðu÷ núIkwykyu {kwu**

| yIkw. Ik. | Ãkrhðõ{Ik {kwuIkk núIkwyku | {nuMkqÕke yrÄfkhe/{k{ÕkíkËkh{kt (✓) rIkþkIke fhku | yIkw. Ik. | Ãkrhðõ{Ik {kwuIkk núIkwyku | {nuMkqÕke yrÄfkhe/{k{ÕkíkËkh{kt (✓) rIkþkIke fhku |
|---|---|---|---|---|---|
| (i) | ËqÄkÞwÃkkËIkIkk núIkw {kwu | | (vi) | Ãkkuxþk{e«ÃkÃkkkk {kwu | |
| (ii) | MktðÄoIkk núIkw {kwu | | (vii) | Ãkþw, yÄík / ÈwfkÍIkk rfMMkk{kt ³¼uhnkfIke y«ÃkÞíkk yIku {kuxe ykÃkr¥k{kt ÔÉðMÚkkIkk÷kðk íkhefu | |
| (iii) | ³úIkeðkzeIkk núIkw {kwu | | (viii) | MÃkÄko, nheVkE, «ËþoIk yIku Ë¾kðIkk núIkw {kwu | |
| (iv) | yÄíkIkk núIkw {kwu | | (ix) | MktþkuÄIk, Mkth¢ký yIku ðnuðxe núIkwyku {kwu | |
| (v) | Mkkhðkh, hMkefhý, ðIkðõ{Ikuhkuøk{kt Ëqh hk¾ðk {kwu y÷øk hk¾ðkIkku Mk{Þøkk¤u, hkuøkIkku/hkuøkkuIkku Vu÷kðu yIku rIkÞtºký {kxuíkuðkMkyIku yIÞÃkþwr[rfíMkk MktçktÄe núIkwyku {kwu | | (x) | WÃkh sýkðu÷ þwØ{kwðØÃkqþÞfIkk núIkwyku {kwu ðu[ký/«kýyeyku {kwu økúkrnfku {ut¤ðð. | |
| | | | (xi) | ¼eòyIÞ íkuIkks ðõk núIkwyku (núIkw ³¾ku.) | |

## fçkcç:kíkIkk{wt/ònuhIkk{wt

1. yhS{kt ykÃkðk{kt ykðu÷e rððkíkku {khk ¿kkIk «{kýu³khe yIkuMkk[eAu.
2. yk yhSIkeMkkÚku {qfðk{kt ykðu÷k ËMíkkðuS Ãkwhkðkyku³hk yIkuMkk[kAu.
3. «kýeykuIkk Ãkrhðõ Ikçkkçkíku økwshkík yuIke{ÕMk«eÍðuqpIk yuõx, 1954 yIku íku yIðÞuçkIkkððk{kt ykðu÷/rIkÞ{kuIkefkuEÃkký òuøkðkEIkwt nwt WÕ÷t½Ik fhep Ikn[a].
4. ÃkrhðõIkËhr{ÞkIk`ÃkhðkIkkuʼnwtMkkÚkuhk³4ep.

MÚk¤ : ____________

íkkhe³4 : ____________

yhsËkhIkeMkrefuytøkwXkIkwt
rIkþkIk

____________

Mk{Þ : ____________ (yu.yu{./Ãke.yu{.)

Ikk{ : ____________

**IkkUÄ :** yhsËkh yhS {kxu yk Ikf÷Ikku WÃkÞkuøk fhe þfu Au yÚkðk Vku{o Ikt. III {kt sýkÔÞk «{kýuIkk Ik{qIkk{kt nMíkr÷r³4ík yhS fhe þfþu.

**5. ykrIkÞ{ku{kt, Vku{o (Ik{oIkku) -2ÃkAeIke[usykÔEk«{kýuVku{o (Ik{oIkku) W{uhðk{kt ykðþu. su{fu;**

Vku{o : IV

(rIkÞ{-2 swyku)

yhSIkwt Vku{o

**økwshkík ÃkþwMkthûký fkÞËku 1954 Ike f÷{-5 Ike Ãkuxk f÷{-1-yu {wsçk økwshkík hkßÞIke ytËh «kýeykuIkk Ãkrhðnk {kxu**

ÃkhðkIkku ykÃkIkkh MkûkkðkøkÞ ________ ÃkwYIkk{ ________ nkuÆku ________

| økk{ : ________ | íkk÷wfku : ________ | rsÕ÷ku : ________ | íkk. ________ |
|---|---|---|---|
| ykÃkhðkIkøke, ðhe fËko íkkhe¾ke 3 rËðMk MkwÄe [k÷wh hnuþu. | | | |

**@e ________ {kr÷fe ________**

| økk{ : ________ | íkk÷wfku : ________ | rsÕ÷ku : ________ |
|---|---|---|
| **Ike[u {wsçkIkk «kýeykuIkk ÃkrhðnIkIke ÃkhðkIkøke ykÃkðk{kt Au.** | | |

**«rík, (MÚkkIkwt Ikk{ ykÃkðwt) íkkhe¾ yIku íkkhe¾ (ðå[u)**

| økk{ : ________ | íkk÷wfku : ________ | rsÕ÷ku : ________ |
|---|---|---|

þwØçkwØÃkoþofIkk¾úíkeðkzeIkk yIku/ýÚkðk ÃkþwÃkk÷IkIkknuíkwyku {kxu ðknIk ÎkhIk ________
IkkUÄýeIktçkh ________ ðknIkIkk {kr÷fIkwt Ikk{ ________
ðknIk[k÷fIkwt Ikk{ ________ MkVkE fhIkkh ÔÞÂõík (ö÷eIkh) Ikwt Ikk{ ________
ýÚkðk ÃkrhðnIkIke yIkÞ fkuE «fkhIke rðøkíkku ________

| **yIkw¢{ Ikt** | **«kýeIkku «fkh** | **Ãkrhðnk fhðk{kt ykðÚkkh «kýeykuIke MktÏÞk** | |
|---|---|---|---|
| | | **ykt fzk{kt** | **þçËku{kt** |
| 1. | økkÞ | | |
| 2. | IkhðkAhzwt | | |
| | (y) ³ðMkþ fhu÷ IkhðkAhzwt | | |
| 3. | (çk) ³ðMkIk fhu÷ rnuÞ íkuðwt IkhðkAhzwt | | |
| 4. | {kËkðkAhzwt | | |
| 5. | ÃkkzkuMkktZ | | |
| 6. | çk¤Ë | | |
| **Ãkrhðnk fhðkIkwt rnuÞ íku «kýeykuIke fw÷ MktÏÞk** | | | |

**ykÃkhðkIkk nuíkw Ãkrhðnk fhðk {kxu ðknIkíkk ðknIkIke rðøkíkku :**

| | |
|---|---|
| ðknIkIkku «fkh | |
| ðknIkIkku IkkUÄýeIktçkh | |
| ðknIkIkk {kr÷fIkwt Ikk{ | |
| ðknIk[k÷fIkwt Ikk{ | |
| MkVkE fhIkkh ÔÞÂõík (ö÷eIkh) Ikwt Ikk{ | |
| ÃkrhðnIkIkk yIkÞ fkuE yIkÞ «fkhIke rðøkíkku | |

íkkhe¾ : ________ Ike íkuIke / íkuýeIke yhSIkk MktËÇko{kt yhS «{kýu ÃkrhðnIkIkku nuíkw ________.

**:Ã¾ÃÂ‚ÃŠÃ·:** 

**:þíkku:**

1. WÃkhsýkÕu÷k«kýeykuIkkÃkrhõnIkIkkuÃkhõkIkku, ÃkhõkIkk{ktËÞkoÕu÷kMÚk¤ÚkehkßÞIkkËÞkoÕu÷kMÚk¤MkwÄeIkkuhnuþu. yLÞhkßÞ{ktÃkrhõnIk {kxu {kLÞøkýkþu Lknª.
2. ÃkhõkIkkÄkhfuÃkrhõnIkËhBÞkLk ŸÃkhõkIkku' MkkÚkuhk²õkIkkuhnuþu.
3. økwshkík {kuxhðknefÕMk YÕMk, 1989«{kýuIkeòuøkðkEykuIkwtÃkhõkIkkÄkhfu«kýeykuIkkÃkrhõnIkIkkMktËÞ¼o{kt [wMík heíkuÃkk÷IkfhðwtÃkzþu.
4. ÃkhõkIkk{ktËÞkoÔÞk«{kýu«kýeykuIkkÃkrhõnIkIkeÃkhõkIkøke {kLÞøkýkþu.
5. ÃkhõkIkk{kt sýkÔÞk«{kýuIkknuíkw {kxusÃkhõkIkøke {kLÞøkýkþu.
6. ßÞkhu fkuEÃkýMkr{ríkfuyrÄfkhe ìkhk {ktøkýe fhõk{kt ykðu íÞkhuÃkhõkIkkÄkhfuÃkhõkIkøkehsq fhõkIkehnuþu.

| | |
|---|---|
| **MÚk¤ :** ____________ | **ðhe fhIkkh yrÄfkheIkeMkne :** ____________ |
| **íkkhe¾ :** ____________ | **Ikk{ :** ____________ |
| **Mk{Þ :** ____________ **(yuyu{./Ãkeyu{.)** | **nkuÆku:** ____________ |

**«ríkÕe** ____________ **Ikk (yhsËkh)** ____________

| | | |
|---|---|---|
| økk{ : ____________ | íkk÷wfku : ____________ | rsÕ÷ku : ____________ |

**økwshkík hkßÞIkk {rk{rn{ hkßÞÃkk÷©e**
**IkkrnÕÚkeykuIkuIkkIkk{u**

**(çkfw÷ þkn)**
**Mkhfkh©eIkk IkkÞçk Mkr[ð**

# ગુજરાત મત્સ્યોદ્યોગ નિયમો - ૨૦૦૩

çktÈhkuyÃku {íMkuãkuøkr÷¼køk,

Mkr[ðk:÷Þ, økktÄeLkøkh.

*તારીખ : ૧૫મી ઓગસ્ટ, ૨૦૦૩*

**ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩.**

**ક્રમાંકઃજી/પીએફ/૧૨/૨૦૦૩/એફડીએક્સ/૧૧૨૦૦૨/૧૮૧૭/ટીઃ-** *ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ ગુજરાતના ૧૮મા)ની કલમ ૩૦ની પેટા કલમ (૨)ના પરંતુક હેઠળ નિયમો કરવા માટે અને તેની પૂર્વપ્રસિદ્ધિ વિના ચલાવી લેવા માટે તાત્કાલિક પગલાં લેવાનું જરૂરી બને તેવા સંજોગો પ્રવર્તે છે;*

*તેથી, હવે સદરહુ અધિનિયમની કલમ ૩૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે :-*

## પ્રકરણ ૧

## પ્રારંભિક

**૧. સંજ્ઞા**

*આ નિયમો ગુજરાત મત્સ્યોદ્યોગ નિયમો, ૨૦૦૩ કહેવાશે.*

**૨. વ્યાખ્યા**

*આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-*

*(ક) "કૃત્રિમ રીફ" એટલે માછલી એકત્રિત કરવા માટેનું કૃત્રિમ સાધન;*

*(ખ) "બાય કેચ રિડ્યુસિંગ ડિવાઇસ" એટલે માછલી અને તેના બચ્ચામાંથી કચરો છૂટો પાડવા માટેનું સાધન;*

*(ગ) "કમિશનર" એટલે રાજ્ય સરકારે નીમેલ મત્સ્યોદ્યોગ કમિશનર, ગુજરાત રાજ્ય;*

*(ઘ) "માછીમાર બંદર" એટલે બંદર, બારૂ, ધક્કો, ડક્કો,ડોક, જેટી જેવાં સ્થળ અને માછીમારી વહાણો માટે માલ ઉતારવાની અથવા વહાણ લાંગરવાની સવલત પૂરી પાડેલ હોય તેવું ઉતરાણ અથવા ફૂરજાનું સ્થળ અને મરામત વાડા, ઈંધણ અને બરફ પુરવઠાનાં સ્થાપનો, હરાજીખંડ, માછલી પર પ્રક્રિયા કરવાના પ્લાન્ટ માટે રાજ્ય સરકાર આ અર્થે નિર્દિષ્ટ કરે તેવી હદની અંદર અલગ રાખેલા તેના નજીકના વિસ્તારો;*

*(ચ) "બચ્ચાં" એટલે માછલીનાં બચ્ચાં;*

*(છ) "સોલ્ટ બિટર્ન" એટલે મીઠાના અગર અથવા ઉદ્યોગનો બાકીનો કચરો;*

## પ્રકરણ ૨

## માછલીનું રક્ષણ

**૩. વિસ્ફોટકોથી માછલીનો નાશ કરવા ઉપર પ્રતિબંધ :**

*(૧) જળાશયના માલિક સિવાયની કોઈ પણ વ્યક્તિ, કોઈ જાહેર જળક્ષેત્રમાં, તેમાંની માછલી પકડવા અથવા તેનો નાશ કરવાના ઈરાદાથી, તેમાં કોઈ દારૂગોળો અથવા બીજા વિસ્ફોટક પદાર્થ વાપરી શકાશે નહીં*

*(૨) જળાશયના માલિક સિવાયની કોઈ પણ વ્યક્તિની જાહેર જળક્ષેત્રના એક કિલોમીટરના ઘેરાવા (સીમાક્ષેત્ર)માં કોઈ દારૂગોળો અથવા વિસ્ફોટક પદાર્થ લઈ જઈ શકશે નહીં. ખડકો અથવા ખાણને ડાયનેમાઈટથી તોડી પાડવા માટે ઈચ્છતી કોઈ વ્યક્તિએ સદરહુ અધિનિયમની કલમ-૧૦ હેઠળ નિમાયેલ લાઈસન્સ આપનાર અધિકારી પાસેથી પરવાનગી મેળવવી પડશે.*

**૪. જળક્ષેત્રમાં ઝેર નાખીને માછલીનો નાશ કરવા ઉપર પ્રતિબંધઃ**

*(૧) કોઈ વ્યક્તિ, કોઈ જળક્ષેત્રમાં, કોઈ પણ માછલી પકડવા અથવા નાશ કરવાના ઈરાદાથી, તેમાં ઝેર, ચૂનો અથવા ડાઈક્લોરો ડાઈફિનાઈલ ટ્રાઈક્લોરોથેન જેવા હાનિકારક પદાર્થ, બેન્ઝેન હેક્ઝાક્લોરાઈડ જેવી જંતુનાશક દવા, સંલગ્ન રસાયણો, મહુડાનો ખોળ, ચાની ભૂકી અને "THOR XIR" અથવા કોઈ દેશી અથવા વનસ્પતિજન્ય દ્રવ્ય નાખી શકશે નહીં અથવા તેમાં છોડી શકશે નહીં અથવા તેમાં તેનો નિકાલ કરી શકશે નહીં.*

*(૨) કોઈ વ્યક્તિ, જળક્ષેત્રના એક કિલોમીટરના ઘેરાવા (સીમાક્ષેત્ર)માં ઝેર, ચૂનો અથવા હાનિકારક પદાર્થ લઈ જઈ શકશે નહીં.*

**૫. વિદેશી માછલી મૂકવા ઉપર પ્રતિબંધ.-**

*(૧) કોઈ પણ વ્યક્તિ, મત્સ્યોદ્યોગ અધિકારીની પરવાનગી સિવાય, કોઈ જળક્ષેત્રમાં, તેમાંની માછલીઓનો નાશ કરવાના ઈરાદાથી તેમાં તિલાપીયા, ગ્રાસ કાર્પ (ઘાસ માછલી), સિલ્વર કાર્પ, કોમન કાર્પ, ગોલ્ડ ફિશ, ગપ્પિ, ગોરેમિ, થાઈ મગુર, આફ્રિકન મગુર, બીગ હેડ અને બીજી નુકસાનકારક માછલી મૂકી શકશે નહીં.*

*(૨) કોઈ વ્યક્તિ, જળક્ષેત્રના એક કિલોમીટરના ઘેરાવા (સીમાક્ષેત્ર)માં, પેટા-નિયમ (૧)મા ઉલ્લેખેલ કોઈ વિદેશી માછલીની હેરફેર અથવા વિતરણ કરી શકશે નહીં.*

*(૩) કોઈ પણ વ્યક્તિ, થાઈ મગુર, આફ્રિકન મગુર, બીગ હેડ અને હાઈબ્રીડ/ગોલ્ડન રેડ તિલાપીઆનું સઘન, અર્ધ સઘન અને સઘન એકવિધ અથવા બહુવિધ સંવર્ધન કરી અથવા કરાવી શકશે નહીં :*

*પરંતુ થાઈ મગુર, આફ્રિકન મગુર, બીગ હેડ, હાઈબ્રીડ/ગોલ્ડન રેડ તિલાપીઆ જેવી વિદેશી માછલી ધરાવતી હોય તેવી વ્યક્તિએ તેનો નાશ કરવો જોઈશે.*

**૬. માછીમારોનું નિયમનઃ**

(૧) (ક) કોઈ વ્યક્તિ, પરવાનગી સિવાય જાહેર જળક્ષેત્રમાં માછીમારી ઉપકરણો બેસાડેલા એન્જિન, સ્ટેઇકનેટસ બેરિયર્સ વગેરે અથવા એવી કોઈ રચના ઊભી કરી શકશે નહિ અથવા નદીમાં અથવા નદીના મુખમાં તેનો ઉપયોગ કરી શકશે નહિ. નર્મદા, તાપી, મહી, દમણગંગા જેવી મોટી નદીઓના કિસ્સામાં, દરિયાના સામા પ્રવાહના ૧૦૦ કિલોમીટરના વિસ્તારમાં, જૂનથી સપ્ટેમ્બર દરમિયાન આવા માળખા અથવા રચના ઊભી કરી શકશે નહીં અથવા ચલાવી શકશે નહિ.

(ખ) કોઈ પણ વ્યક્તિ દરમિયાનમાં નદીના મુખના સાથેના પ્રવાહના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં માછીમારી કરી શકશે નહિ.

(૨) કોઈ ડેમ અથવા બંધ બાંધેલ હોય અથવા માછલી અથવા માછલીના જૂથોના સ્થળાંતરીય માર્ગને અસર કરતી હોય એવી કોઈ નદી હોય તો મત્સ્યોદ્યોગ અધિકારીએ મંજૂરી આપતી વખતે જણાવેલ શરતો પ્રમાણે ફિશ લેડર વગેરે જેવાં સાધનોની જરૂરી જોગવાઈ કરવી જોઈશે.

(૩) (ક) કોઈ વ્યક્તિ ઉદ્યોગ, નગરપાલિકા, સ્થાનિક મંડળ અથવા કોઈ એજન્સી માછલી અથવા માછલીના ખોરાકને નુકસાનકારક હોય તેવો ઔદ્યોગિક કચરો, ગંદું પાણી અથવા પ્રક્રિયા કર્યા વિનાનું ગંદું પાણી જાહેર જળક્ષેત્રમાં છોડી શકશે નહીં.

(ખ) કોઈ વ્યક્તિ અથવા ઉદ્યોગ, ઝેરી સોલ્ટ બિટર્ન અથવા બાકી વધતો બીજો કોઈ રાસાયણિક કચરો મીઠાના અગર અને ઉદ્યોગોમાંથી જળ પર્યાવરણીય પદ્ધતિમાં છોડી શકશે નહીં.

(ગ) કોઈ વ્યક્તિ, સફેદ ડાઘ, ચાંદાને લગતા રોગોનાં લક્ષણો અથવા કોઈ બીજા રોગો દેખાય તેમ હોય તેવા અથવા કોઈ બીજા રોગો દેખાય તેમ હોય તેવા વિનાશાત્મક જૈવિક અથવા બીજા ફેરફારો થતા હોય તેવા મત્સ્યતળાવ અથવા મત્સ્ય ઉછેર મથકમાંથી કોઈ પાણીનો નિકાલ કરી શકાશે નહીં.

(૪) (ક) કોઈ વ્યક્તિ મત્સ્યોદ્યોગ અધિકારી વખતોવખત નિર્દિષ્ટ કરે તેવા કાણાની કદની જાળ અથવા તેવા વિગતવર્ણનથી ઓછાં હોય તેવાં ઉપકરણો, જાળ, માછલી પકડવાનાં સાધનનો ઉપયોગ કરી શકશે નહીં. તેમ છતાં (ડોલ, ગોલવા, ગુંજા અને ટ્રોલનેટ વગેરે) જેવી બેગનેટના કિસ્સામાં, પાછલા છેડે ઓછામાં ઓછી ૪૦ મિલિમીટરનું જાળીનું કદ જાળવવું જોઈએ.

(ખ) ટ્રોલનેટના કિસ્સામાં, કોઈ પણ વ્યક્તિને પાછલા છેડાના હિસ્સામાં ઓછામાં ઓછી ૪૦ મિલિમીટર કદની ચોરસ જાળી સિવાયના બીજા કોઈ પરિમાણવાળી ટ્રોલનેટ ચલાવા દઈ શકાશે નહીં. માછીમારોએ નમૂના ૧૮માં જણાવ્યા પ્રમાણે કદની જાળી વાપરવી જોઈએ.

(ગ) કોઈ વ્યક્તિ માછલી પકડવાના ઈરાદાથી જળપટમાંથી (મહાજાળ અને છતિજાળ જેવી) છંટાજાળનો ઉપયોગ કરી શકશે નહીં:

પરંતુ વીડ માછલી નાબૂદ કરવાના હેતુ માટે મત્સ્યોદ્યોગ અધિકારીની પરવાનગીને આધીન રહીને આવા માછીમારીનાં ઉપકરણોનો ઉપયોગ કરી શકશે.

(ઘ) કોઈ વ્યક્તિ અંતર્દેશીય અને મીઠા પાણીમાં ૧૫૦ મિલિમીટર કરતાં ઓછા કદની જાળી વાપરી શકશે નહીં.

(૫) (ક) મત્સ્યોદ્યોગ અધિકારી, મત્સ્ય સંપત્તિના જતન અથવા તેના રક્ષણ, પુનઃસ્થાપનના હિતમાં બે વર્ષથી વધુ નહિ તેટલી મુદત માટે કોઈ પણ જળપટમાં કોઈ પણ પ્રકારની માછીમારી પ્રતિબંધિત કરી શકશે.

(ખ) મત્સ્યોદ્યોગ અધિકારીને, ચોક્કસ ઋતુ દરમિયાન કોઈ વિશિષ્ટ ઉપકરણ અથવા ઓજારથી માછલીની કોઈ ચોક્કસ પ્રજાતિઓની માછીમારી પ્રતિબંધિત કરવાનું અથવા તેમ કરતાં અટકાવવાનો હક રહેશે.

(ગ) કોઈ પણ વ્યક્તિ વખતોવખત સુધાર્યા પ્રમાણેના વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ સંરક્ષિત પ્રજાતિઓ તરીકે જાહેર કરેલ કોઈ પણ પ્રજાતિઓની માછીમારી કરી શકશે નહિ.

(ઘ) કોઈ પણ વ્યક્તિ મત્સ્યોદ્યોગ અધિકારીની પરવાનગી સિવાય, કોઈ પણ જળપટમાંથી ઈંડા અથવા મત્સ્યબીજ ધરાવતી માછલી અથવા ઈંડાં પકડી શકશે નહિ. મત્સ્યોદ્યોગ અધિકારીની પૂર્વ પરવાનગીથી સંશોધન અને વિકાસના હેતુ માટે ઈંડાં અથવા મત્સ્યબીજ ધરાવતી માછલી ઈંડાં સેવનથી નીકળેલાં બચ્ચાં પકડવાની હાથ ધરી શકાશે.

(૬) (ક) કોઈ વ્યક્તિ, કોઈ પણ જાહેર જળક્ષેત્રમાં તેમાંની કોઈ પણ માછલી પકડવાના, લેવાના અથવા તેનો નાશ કરવાના ઈરાદાથી કોઈ બંદૂક, ભાલા, તીર, માછલી પકડવાનો કાંટાળો ભાલો જેવા હથિયારનો ઉપયોગ કરી શકશે નહિ.

(ખ) વીજળીક માછીમારી પ્રતિબંધિત છે.

(૭) કોઈ વ્યક્તિને, કોઈ પણ પ્રકારના રોગના ચેપનો અથવા રાજ્યમાંની માછલીની વિદ્યમાન અને ભવિષ્યની આરોગ્યલક્ષી સ્થિતિને નુકસાનકારક હોવાનો સંભવ હોય તેવા કોઈ દેશ અથવા વિદેશના કોઈ પણ સ્થળેથી કોઈ પણ માછલી અને મત્સ્યબીજ રાજ્યમાં લાવવાની પરવાનગી આપી શકશે નહિ.

(૮) (ક) કમિશનર વખતોવખત અંતર્દેશીય જળપટના વિકાસ માટે દશ વર્ષ માટે જળપટ, પટે અથવા લાયસન્સથી આપવા માટેની સર્વગ્રાહી પટા નીતિ ઘડી શકશે.

(ખ) પટા નીતિ આરક્ષિત જળપટ, પહેલી બોલીની કિંમત મંજૂર કરનાર સત્તાધિકારી, ભાવ પસંદગી, જળવ્યાપ્ત વિસ્તારમાં પદ્ધતિસરનું કાર્ય, પટા અથવા લાયસન્સની ચુકવણી, ટેન્ડર પ્રક્રિયા, ટેન્ડરનું આખરીકરણ, મત્સ્યોદ્યોગ સંગ્રહ કેન્દ્રનું સંચાલન, પટાની અપૂરતી રકમ જતી કરવી, ગેમ ફિશરી, અપીલ, પકડાયેલ માછલીના આંકડાનું એકત્રીકરણ, માછલીની હેરફેર, મહાજાળ અને છતિજાળની કામગીરી, અનઅધિકૃત માછીમારી, બ્લેક લિસ્ટિંગ, પેટા પટો, પટેદારનું સંગ્રહ કેન્દ્ર પાછું લઈ લેવું, જાહેર હિતમાં પટો રદ કરવો, પેટ્રોલિંગ અંતર્દેશીય જળક્ષેત્રમાં યાંત્રિક માછીમારી નાવ ન ચલાવવી વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

(ગ) માછલી અને કરચલાના સંવર્ધન પ્રવૃત્તિમાં લાયસન્સ આપનાર અધિકારી પાસે, વર્ષે રૂ. ૧૦૦/-ની ફી ચૂકવીને, નમૂના ૧૯માં રજિસ્ટર કરાવવાનું રહેશે. આવા સંવર્ધકે નમૂના ૨૦માં તેની લાગણીની વિગતો આપવી જોઈશે.

(ઘ) માછલી અથવા મત્સ્યબીજના જથ્થાબંધ અથવા છૂટક વેપારી મત્સ્યોદ્યોગ અધિકારી પાસેથી લાયસન્સ મેળવ્યા સિવાય આવું કામકાજ ચલાવી શકશે નહિ. તેણે આવા લાયસન્સ માટે નમૂના ૧૦માં અરજી કરવી જોઈશે અને લાયસન્સ આપનાર અધિકારીએ, પોતાને યોગ્ય લાગે તેવી જરૂરી તપાસ કર્યા પછી અને કલમ-૧૦ની પેટા કલમ-૧માં જણાવેલ જોગવાઈઓને ધ્યાનમાં લઈને, તેણે લાગુ પડતી ફી ચૂકવ્યે, નમૂના ૧૧માં આવું લાયસન્સ આપશે.

(ચ) ત્રણ વર્ષ માટે ફીનો દર નીચે પ્રમાણે રહેશે.

(૧) જથ્થાબંધ વેપારી માટે વર્ષે રૂ. ૧૦૦૦/-

(૨) છૂટક વેપારી માટે વર્ષે રૂ. ૫૦/-

(છ) નીચેની માછલી અને ઝીંગાની પ્રજાતિઓને તેમની અલગ જૈવિક લાક્ષણિકતાઓને કારણે સંરક્ષિત રાખવી જોઈએ.

(૧) ટોર ટોર

(૨) હિલ્સા

(૩) એમ રોઝેનબર્ગી

અને તેથી, નર્મદા, મહી અને તાપી અને દક્ષિણ ગુજરાતની નદીઓમાં ચોમાસા દરમિયાન અને ચોમાસા પછીથી ઑક્ટોબર મહિના સુધી પ્રજાતિઓને અને બચ્ચાં પકડવાનું પ્રતિબંધિત કરવું જોઈશે.

(જ) એક સ્થળ અથવા બજારથી બીજા સ્થળ અથવા બજારમાં રેલવે મારફત અથવા વાહનવ્યવહારનો કોઈ બીજા સાધન દ્વારા માછલી વેચવા ઈચ્છતી વ્યક્તિએ, આવા વેપાર અથવા વેચાણ માટે ના વાંધા પ્રમાણપત્ર કાઢી આપવા માટે મત્સ્યોદ્યોગ અધિકારીને નમૂના ૧૨માં અરજી કરવી જોઈશે. મત્સ્યોદ્યોગ અધિકારી પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી આવી પરવાનગી આપી શકશે અને નમૂના ૧૩માં બે નકલ પ્રમાણપત્ર કાઢી આપી શકશે.

(ઝ) કોઈ પણ વ્યક્તિ અંતર્દેશીય જળક્ષેત્રમાં, મત્સ્યોદ્યોગ અધિકારીની પૂર્વ પરવાનગી સિવાય, યાંત્રિક નાવથી સંચાલિત જાળથી માછલી લઈ શકશે નહીં.

(ટ) કોઈ પણ વ્યક્તિ, અંતર્દેશીય જળક્ષેત્રમાં યાંત્રિક નાવથી સંચાલિત જાળથી માછલી લેતી જણાય તો, અમલબજવણી અધિકારીએ યાંત્રિક નાવ સહિત જાળ કબજે લેવી જોઈશે અને તેણે અધિનિયમની કલમ-૨૧ (૧)(ચ) હેઠળ લાદેલ શિક્ષાને બાધ આવ્યા સિવાય અધિનિયમની જોગવાઈઓ અનુસાર કાર્યવાહી કરવી જોઈશે.

(ઠ) અમલબજવણી અધિકારીએ, કોઈ નિયમોનો ભંગ થતો શોધવા માટે અંતર્દેશીય જળક્ષેત્રમાં પેટ્રોલિંગ કરવું જોઈશે. ભંગ કરનાર સામે પગલાં લેતી વખતે માછીમારી જાળ, સ્કીફ અથવા તેનાં અંગભૂત સાધનોને જડતર સહિતની નાવને કોઈ નુકસાન થાય તો સરકાર અથવા પેટ્રોલિંગ કરતા અધિકારી આવા નુકસાન માટે જવાબદાર રહેશે નહિ.

(ડ) દરેક વ્યક્તિએ, અંતર્દેશીય અને ખારા પાણીમાંના કૃષિ મત્સ્યોદ્યોગની બાબતમાં ઉપર મત્સ્યોદ્યોગ કમિશનર, મત્સ્યોદ્યોગ વિભાગ, ગાંધીનગર વખતોવખત બહાર પાડે તેવી સૂચનાઓનું પાલન કરવું જોઈશે.

(ઢ) કોઈ વ્યક્તિ, જાહેર જળપટમાં પાંચ કિલોમીટરના ઘેરાવાના વિસ્તારમાં માછલી સાથે અથવા માછલીની હેરફેર કરતી જણાય તો તે, આવી માછલી તે જ જળપટમાંથી પકડેલી તેમ ગણાશે.

(ત) લાઈસન્સ આપનાર અધિકારી, નોંધણી કરનાર અધિકારી, અમલ બજવણી અધિકારી, ન્યાય નિર્ણય કરનાર અધિકારી, મત્સ્યોદ્યોગ કમિશનર અથવા અધિનિયમના અમલીકરણ માટે તેણે નીમેલ કોઈ અધિકારી માર્ગ/રેલવે દ્વારા અથવા બીજી કોઈ રીતે હેરફેર કરવામાં આવતા મત્સ્યબીજ/માછલી, રવાના કરેલ માછલીના માલની વિશ્વાસપાત્રતા ચકાસવા સક્ષમ રહેશે.

૧. મત્સ્યબીજ, ઝીંગાબીજની આયાત કરવા ઈચ્છતી કોઈ પણ વ્યક્તિએ લાયસન્સ આપનાર અધિકારીને નમૂના ૧૪માં અરજી કરવી જોઈશે અને લાયસન્સ આપનાર અધિકારી પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી આવી પરવાનગી આપી શકશે.

૨. વાણિજ્યિક ધોરણે ઈંડા સેવનગૃહ ચલાવવા ઈચ્છતા ખાનગી ઉદ્યોગ સાહસિકોએ નોંધણી ફી સાથે નમૂના-૧૬માં અરજી કરીને લાયસન્સ આપનાર અધિકારી પાસેથી પરવાનગી મેળવવી પડશે અને લાયસન્સ આપનાર અધિકારી પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી નીચેની બોલીઓ અને શરતોએ નમૂના ૧૭માં આવી પરવાનગી આપી શકશે :-

(૧) ઈંડા સેવનગૃહની નોંધણી માટેની ફી નીચે પ્રમાણે રહેશે.

(ક) ભારતીય કુસોના ઈંડા સેવનગૃહ માટે રૂ. ૨,૫૦૦/-

(ખ) મોટી માછલીના ઈંડા સેવનગૃહ માટે રૂ. ૩૦૦૦/-

(૨) કોઈ પણ વ્યક્તિ, અંતર્દેશીય અને પ્રાદેશિક જળક્ષેત્રમાં અંગ્રેજી વર્ષમાં ૧૦મી જૂનથી ૧૫ ઑગસ્ટ સુધી કોઈ પણ પ્રકારની માછમારી કરી શકશે નહિ.

(૩) અમલબજવણી અધિકારી, નિયમોના ઉલ્લંઘન કરતી વખતે ઉપયોગમાં લીધેલ અથવા ઊભાં કરેલ માછીમારી ઉપકરણો કબજે લેશે, સરકાર દાખલ કરશે અને તે દૂર કરશે.

(૪) અમલ બજવણી અધિકારીએ માછીમારી ઉપકરણની મદદથી લીધેલ માછલી સરકાર દાખલ કરવી જોઈશે અને હેરફેરના વાહનની સાથોસાથ માછીમારીનું ઉપકરણ સરકાર દાખલ કરવું જોઈશે.

(૫) અમલ બજવણી અધિકારી માછલી અને માછીમારી ઉપકરણ વેચવા હકદાર રહેશે.

(૬) રાજ્ય સરકાર, ખાનગી જળક્ષેત્રના માલિકની અને તેમાં તત્સમયે મત્સ્યોદ્યોગનો સુવાંગ હક ધરાવતી તમામ વ્યક્તિઓની લેખિત સંમતિથી, કોઈ ખાનગી જળક્ષેત્ર લઈ શકશે.

## પ્રકરણ ૩

## નિર્દિષ્ટ વિસ્તારમાં માછીમારીનું નિયમન

**૭. નિર્દિષ્ટ વિસ્તારમાં માછીમારીનું નિયમનઃ**

(૧) લાઈસન્સ આપનાર અધિકારીએ, રાષ્ટ્રીય સંસ્થાઓ અને ફિશરી સર્વે ઑફ ઈન્ડિયા, મુંબઈ, સેન્ટ્રલ મરીન ફિશરીઝ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, કોચી, ગુજરાત કૃષિ યુનિવર્સિટી (ગુ.કૃ.યુ.), દાંતીવાડા વગેરે જેવી રાજ્ય યુનિવર્સિટીઓ સાથે વિચાર વિનિમય કરીને માછીમારી વહાણોનું નિયમન કરી શકશે.

(૨) લાઈસન્સ આપનાર અધિકારીએ માછલી પકડવાના સ્થળનું વિભાગ અને પેટા-વિભાગમાં વિભાજન કરવું જોઈશે અને તદ્નુસાર માછીમારી ક્વૉટા ફાળવવો જોઈશે.

(૩) લાઈસન્સ આપનાર અધિકારીએ માછીમારી બારાની ક્ષમતા ધ્યાનમાં રાખીને માછીમારી લાઈસન્સ કાઢી આપવા જોઈશે.

(૪) યાંત્રિક માછીમારી વહાણમાંની દરેક વ્યક્તિએ, એવું યાંત્રિક વહાણ ધક્કા અથવા લંગર નાંખવાની જગા પરથી ઊપડે તે પહેલાં રજિસ્ટ્રેશન અધિકારી પાસેથી ટોકન મેળવવું જોઈશે અને સદરહુ ધક્કા અથવા લંગર નાખવાની જગા પર પાછા ફરતી વખતે રજિસ્ટ્રેશન અધિકારીને ટોકન પરત સોંપવું જોઈશે.

(૫) યાંત્રિક માછીમારી વહાણના દરેક માલિકે, સરકારે જોગવાઈ કરેલ માછીમારી બારામાં તેનું વહાણ લાંગરવાની ગોઠવણ કરવી જોઈશે.

(૬) કોઈ માલિક તેની નાવ, માછીમારી બારામાં તેને ફાળવેલ જગ્યા સિવાયની કોઈ જગ્યાએ રાખી શકશે નહીં.

(૭) યાંત્રિક અથવા બિનયાંત્રિક વહાણોના માલિક, ગુજરાત મેરીટાઈમ બોર્ડે વહાણોની અવરજવર માટે બંદરમાં પ્રવેશવા માટે નિશાની કરેલ ખાડીની કાંસમાં માછીમારી કરી શકશે નહીં.

(૮) બિનયાંત્રિક માછીમારી વહાણોનો ઉપયોગ કિનારાને સમાંતર પાંચ દરિયાઈ માઈલની અંદર થઈ શકશે અને લાઈસન્સ આપનાર અધિકારી દ્વારા મંજૂર કરવામાં આવે તે રીતે હૂક અને લાઈન ફિશિંગ ગિલ નેટિંગ વગેરે કરવું જોઈશે.

(૯) દરિયાકાંઠાને સમાંતર પાંચ દરિયાઈ માઈલ (૯.૦૦ કિમી)ની અંદર બોટમ ટ્રોલિંગ ઓપરેટર્સ ચલાવી શકશે નહિ.

(૧૦) દરિયાકાંઠાને સમાંતર પાંચ દરિયાઈ માઈલની અંદર યાંત્રિક માછીમારી વહાણોનો ઉપયોગ કરી શકાશે નહિ, પણ એવા માછીમારી વહાણ પાંચ દરિયાઈ માઈલ પછીના નિર્દિષ્ટ વિસ્તારમાં માછીમારી કરી શકશે.

(૧૧) લાઈસન્સ આપનાર અધિકારીએ તમામ ટ્રોલિંગ વહાણોને કેચ રિડ્યુસિંગ ડિવાઈસ (CRD) લગાડવા માટે સૂચના અથવા આદેશો આપવા જોઈશે.

(૧૨) કોઈ વ્યક્તિ જળપટમાંથી માછલીનાં બચ્ચાં અથવા અપરિપક્વ માછલી પકડી શકશે નહિ. કોઈ વ્યક્તિ ૧' થી ૧.૫' નું માપ ધરાવતા વર્ગની નાની શાર્ક માછલી પકડી શકશે નહીં.

(૧૩) સંબંધિત અથવા લાગુ પડતા લાઈસન્સ આપનાર અધિકારીની મંજૂરી સિવાય ઔદ્યોગિક ઉપયોગ માટે દરિયાનું પાણી ખેંચી શકાશે નહિ.

(૧૪) કોઈ વ્યક્તિએ મેન્ગ્રુવ્સ (ચેર)નો નાશ કરવો નહિ અથવા તે એકઠા કરવા નહિ.

(૧૫) જૈવિક નમૂનાનું નિયમન કરતા લાઈસન્સ આપનાર અધિકારીની પૂર્વ મંજૂરી સિવાય કોઈ વ્યક્તિએ જૈવિક નમૂના એકઠા કરવા નહિ. લાઈસન્સ આપનાર અધિકારીની પૂર્વમંજૂરી સિવાય સુશોભિત માછલીઓ અથવા દરિયાઈ સુશોભિત માછલીઓ એકઠી કરી શકાશે નહિ.

(૧૬) સંબંધિત અથવા લાગુ પડતા લાઈસન્સ આપનાર અધિકારીની પૂર્વમંજૂરી સિવાય, કોઈ વ્યક્તિ જીવંત અથવા મૃત દરિયાઈ પેદાશોનો ઉપયોગ કરી શકશે નહિ.

(૧૭) સંબંધિત અથવા લાગુ પડતા લાઈસન્સ આપનાર અધિકારીની પૂર્વમંજૂરી સિવાય, કોઈ વ્યક્તિ અશ્મિભૂત પરવાળા અને કાલુ છીપનો ઉપયોગ કરી શકશે નહિ.

(૧૮) કોઈ પણ વ્યક્તિ વ્હેલ, શાર્ક, કાચબા અને વ્હેલ અને વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ સંરક્ષિત બીજાં પ્રાણીઓ પકડી શકશે નહિ. લાઈસન્સ આપનાર અધિકારીએ આપેલ પરવાનગી સિવાય કોઈ વ્યક્તિ છીપ વેચી શકશે નહિ.

(૧૯) વ્હેલ, શાર્ક, કાચબા અને વ્હેલને પકડવાના આવા બનાવનો રિપોર્ટ, લાઈસન્સ આપનાર અધિકારીએ અધિકૃત વન અધિકારીઓને કરવો જોઈશે.

(૨૦) દરિયાઈ જીવ સૃષ્ટિ, કૃત્રિમ રીફ ડિવાઈસ અને જથ્થામાં વધારો કરવાની યોજનાને ઉત્તેજન આપવાની લાઈસન્સ આપનાર અધિકારીની ફરજ રહેશે.

(૨૧) દેશી મછવા અથવા હોડી જેવાં પરંપરાગત સાધનોથી માછમારી કરતા માછીમારોનાં હિતોનું રક્ષણ કરવાની રજિસ્ટ્રેશન અધિકારી, લાઈસન્સ આપનાર અધિકારી અને અમલ બજવણી અધિકારીની ફરજ રહેશે.

(૨૨) પ્રાદેશિક જળક્ષેત્ર અને દરિયાકાંઠા પર કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં સહાય કરવાની લાઈસન્સ આપનાર અધિકારી, રજિસ્ટ્રેશન અધિકારી, અમલ બજવણી અધિકારી અને મત્સ્યોદ્યોગ ટર્મિનલ સત્તામંડળની ફરજ રહેશે.

(૨૩) માછીમારી લાઈસન્સમાં ઉલ્લેખેલ શરતોનું ઉલ્લંઘન કરીને કોઈ વ્યક્તિને ખલાસી તરીકે લઈ જવો એ કાયદા હેઠળ શિક્ષાપાત્ર બનશે.

(૨૪) લાઈસન્સ આપનાર અધિકારી, રજિસ્ટ્રેશન અધિકારી, અમલ બજવણી અધિકારી, ન્યાય નિર્ણય કરનાર અધિકારી અને કમિશનરની સહીના નમૂના તટરક્ષક દળને વખતોવખત પૂરા પાડવા જોઈશે.

(૨૫) કોઈ વ્યક્તિ ચોક્કસ કદ કરતાં નાની માછલી પકડી શકશે નહિ. વેચાણ માટેની માછલીઓના એવા કદની યાદી કમિશનરે પરિપત્રિત કરવી જોઈશે.

(૨૬) પ્રક્રિયા પ્લાન્ટનો કોઈ માલિક પ્રક્રિયા માટે ઓછા કદની માછલી ખરીદી શકશે નહિ.

(૨૭) કોઈ વેપારી ઓછા કદની માછલી વેચાણ માટે ખરીદી શકશે નહિ.

(૨૮) કોઈ વ્યક્તિ માલ ઉતારવાના સ્થળથી બજાર અથવા પ્રક્રિયા પ્લાન્ટ સુધી ઓછા કદની માછલીની હેરફેર કરી શકશે નહિ.

(૨૯) કોઈ વ્યક્તિ ચક્રવાત દરમિયાન તેનું વહાણ ચલાવી શકશે નહિ.

(૩૦) ચક્રવાત દરમિયાન દરેક માછીમારને, રજિસ્ટર થયેલ બંદરે અથવા નજીકના રક્ષિત સ્થળે પાછા ફરવા અને રજિસ્ટર કરનાર અને અધિકારીને તેનો રિપોર્ટ કરવા ફરમાવવું જોઈશે.

(૩૧) ભૂતિયા માછીમારી પ્રતિબંધિત છે.

(૩૨) કોઈ વ્યક્તિએ જૂની જાળ, તેના વપરાયેલા કે વણવપરાયેલ ટુકડા વગેરે જાહેર જળક્ષેત્રમાં નાખવા નહિ.

(૩૩) કોઈ માછીમારે થર્મોકોલના ટુકડા, જૂના લાકડા, જૂની જાળના ટુકડા, વપરાયેલ ટીન અને શીશીઓ, બળેલું ઓઈલ, વપરાયેલા કાપડના ટુકડા અને વપરાયેલ નાળિયેર બારામાં ફેંકવા નહિ.

(૩૪) કોઈ માછીમારે તૂતક પર ખુલ્લામાં હાજતે જવું નહિ. તેમણે કેબિન સાથે જોડાયેલ સંડાસ-જાજરુનો ઉપયોગ કરવો જોઈશે.

(૩૫) દરેક હોડીના માલિકે, રજિસ્ટર કરનાર અધિકારી આદેશ કરે તે પ્રમાણે ઉપરની રૂપરેખા અનુસાર બંદર પ્રમાણે તેમની કેબિન અને હોડીના બહારનો ભાગ જુદા જુદા રંગથી રંગવો જોઈશે. જેથી કરીને દરિયામાં દૂરથી માછીમાર વહાણને ઓળખી શકાય.

(૩૬) જેમના માછીમારી વહાણ પાકિસ્તાન મરીન સિક્યુરિટી એજન્સી દ્વારા પકડાયેલ હોય તેવી હોડીઓના માલિકોના ડીઝલકાર્ડ અને લાઈસન્સ રદ કરવામાં આવશે.

(૩૭) મત્સ્યોદ્યોગને લગતા દરેક જહાજવાળા, પ્રક્રિયા પ્લાન્ટ, બરફના કારખાના અને બીજા ઉદ્યોગોએ રજિસ્ટ્રેશન માટે રજિસ્ટર કરનાર અધિકારીને રૂ. ૧૦૦૦/-ની ફી સહિત અરજી કરવી જોઈશે.

**૮. ક માછીમારી લાઇસન્સ માટે અરજી.**

(૧) માછીમારી વહાણનો કોઈ માલિક નિર્દિષ્ટ વિસ્તારમાં તેની માછીમારીની પ્રવૃત્તિ કરી શકશે નહિ, સિવાય કે તેણે રજિસ્ટર કરનાર અધિકારી પાસે તેમનું માછીમારી વહાણ રજિસ્ટર કરાવ્યું હોય અને લાઈસન્સ આપનાર અધિકારી પાસેથી કાયદેસરનું લાઈસન્સ મેળવ્યું હોય.

(૨) નિર્દિષ્ટ વિસ્તારમાં નિર્દિષ્ટ મુદત માટે માછીમારી માટે માછીમાર વહાણનો ઉપયોગ કરવા માટે લાઈસન્સ આપવા માટે, માછીમાર વહાણનો માલિક નમૂના-૧માં લાઈસન્સ આપનાર અધિકારીને અરજી કરી શકશે.

(૩) લાઈસન્સ આપવા માટેની અરજીનો નમૂનો લાઈસન્સ આપનાર અધિકારીની કચેરીમાં ફક્ત પાંચ રૂપિયા ભર્યેથી મેળવી શકાશે.

(૪) રાજ્ય બહારના માછીમારી વહાણના માલિકે પણ લાઈસન્સ આપનાર અધિકારી પાસેથી લાઈસન્સ મેળવવું પડશે.

(૫) રાજ્ય બહારના માછીમાર માલિકે પણ તેનું વહાણ રજિસ્ટર કરનાર અધિકારીને અરજી કરીને રજિસ્ટર કરાવવું જોઈશે. લાઈસન્સ આપનાર અધિકારીએ તેની નોંધ લાઈસન્સમાં કરવી જોઈશે.

¾ (ખ) લાઈસન્સ આપવા માટે અને તાજું કરવા માટે ચૂકવવાપાત્ર ફી:-

(૧) નિયમ ૮(ક) હેઠળ માછીમારી લાઈસન્સ મેળવવા માટેની અથવા એવું લાઈસન્સ ફરી તાજું કરવા માટેની દરેક અરજી સાથે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ દરે ફી જોડવી જોઈશે.

**લાઇસન્સ આપવા અને ફરી તાજું કરવા માટેની ફીનું કોષ્ટક**

| અનુ. ક્રમાંક | માછીમારી વહાણનો વર્ગ | નિર્દિષ્ટ વિસ્તાર માટેની ફીની રકમ | લાઈસન્સ તાજું કરવા માટે ફીની રકમ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | **દરિયાઈ (નમૂનો-૧ અને ૨)** ૫૦ હોર્સપાવર અથવા ૨૫ ગ્રોસ ટનેજ કરતાં વધુ હોર્સપાવરવાળું એન્જિન લગાડેલ ૧૫ મીટર કરતાં વધુ કુલ લંબાઈવાળું યાંત્રિક માછીમારી વહાણ. | ફક્ત પંદર હજાર રૂપિયા | ફક્ત બાર હજાર રૂપિયા |
| ૨. | ૫૦ હો.પા. અથવા ૨૫ ગ્રોસ ટનેજ કરતાં વધુ નહિ તેટલા હોર્સ પાવરવાળું એન્જિન લગાડેલ ૧૫ મીટર સુધીની કુલ લંબાઈવાળું યાંત્રિક વહાણ | ફક્ત છ હજાર રૂપિયા | ફક્ત ચાર હજાર પાંચસો રૂપિયા |
| ૩. | બીચ લેન્ડિંગ હોડીઓ અથવા બીજી યાંત્રિક હોડીઓ | ફક્ત એક હજાર પાંચસો રૂપિયા | ફક્ત એક હજાર બસો રૂપિયા |
| ૪. | હલેસાં વાપરતી ૩ ટન કરતાં વધુ, કુલ રજિસ્ટર્ડ ટનેજ ધરાવતી ૮.૫ મીટર કરતાં વધુ કુલ લંબાઈવાળું બિનયાંત્રિક માછીમારી વહાણ | ફક્ત એક હજાર રૂપિયા | ફક્ત સાતસો પચાસ રૂપિયા |

| | | | |
|---|---|---|---|
| ૫. | ૩ ટન કરતાં વધુ ગ્રોસ રજિસ્ટર્ડ ટનેજ ધરાવતી ૮.૫ મીટર સુધીની કુલ લંબાઈ ધરાવતી બિનયાંત્રિક માછીમારી વહાણ/ઝાડના થડ કોતરીને બનાવેલા હોડકા/ફાઈબર ગ્લાસ રિઈન્ફોર્સ્ડ પ્લાસ્ટિકના હોડકા | ફક્ત પાંચસો પચાસ રૂપિયા | ફક્ત ચારસો પચાસ રૂપિયા |
| ૬. | ટીન બોટ/ફાઈબર ગ્લાસ રિઈન્ફોર્સ્ડ પ્લાસ્ટિક બોટ/લાકડાના તરાપા/ટાયર ટ્યુબથી અંતર્દેશીય જળક્ષેત્રમાં કરાતી માછીમારી (નમૂના ૨૧ અને ૨૨) | ફક્ત પાંચસો રૂપિયા | ફક્ત એકસો રૂપિયા |
| ૭. | નમૂના ૨૪માં અપાતું પગડીયા લાઈસન્સ | ફક્ત બસો રૂપિયા | ફક્ત એકસો રૂપિયા |

(૨) લાઈસન્સ માટેની ફી, જેને લાઈસન્સ આપવા માટે અરજી કરવામાં આવી હોય તે લાઈસન્સ આપનાર અધિકારીને રોકડેથી અથવા તેમની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટથી ચૂકવી શકાશે.

(૩) લાઈસન્સ માટે એકવાર ભરેલ ફી, તે માટેના પાડવાના અથવા બીજી વ્યક્તિ નામે તબદીલ કરવામાં આવે તે સિવાય અરજદારને પાછી આપવામાં આવશે નહિ.

(૪) હોડી અથવા વહાણના માલિકને અને પગડીયા માછીમારી માટે આપેલ લાઈસન્સ વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત સુધી માન્ય રહેશે. સિવાય કે, પહેલા મોકૂફ અથવા રદ કરવામાં આવે. ત્યાર પછી તેમણે યોગ્ય કાર્યરીતિ અનુસાર જરૂરી લાઈસન્સથી ચૂકવીને તે તાજું કરાવી શકાશે.

**૭. લાઈસન્સ આપવા માટેની શરતો :-**

(૧) લાઈસન્સ આપનાર અધિકારીને અરજી મળ્યાની તારીખથી એક મહિનાની મુદતની અંદર અને લાઈસન્સમાં જણાવવામાં આવે તેવી શરતોને આધીન રહીને નમૂના-૨માં લાઈસન્સ આપવું જોઈશે.

(૨) કોઈ દરિયાઈ યાંત્રિક વહાણના સંબંધમાં કોઈ લાઈસન્સ આપી શકાશે નહિ, સિવાય કે એવું વહાણ દરિયાઈ જોખમ અને વહાણ ઉપર કામ કરતી વખતે અકસ્માતના જોખમ સામે એવા માછીમારી વહાણના દરેક કર્મચારીઓના જાનના જોખમ એ બંને સામે રાજ્ય સરકારે મંજૂર કરેલ એજન્સી દ્વારા યોગ્ય રીતે વીમો ઉતરાવેલ હોય.

(૩) કોઈ દરિયાઈ યાંત્રિક વહાણના સંબંધમાં કોઈ પણ લાઈસન્સ આપી શકાશે નહિ સિવાય કે એવું વહાણ નીચે નિર્દિષ્ટ કરેલ જીવન રક્ષક સાધનો અને અગ્નિશામક સાધનો ધરાવતું હોય:-

(ક) (મર્કન્ટાઇલ મરીન વિભાગ દ્વારા માન્ય) માન્ય લાઈફ જેકેટ હોવા જોઈશે. જેથી હોડી પરની દરેક પુખ્ત વ્યક્તિ માટે એક લાઈફ જેકેટ ઉપલબ્ધ થાય.

(ખ) વહાણની બંને તરફ એક એક બોયું રાખવું. જેમાંનું એક સ્વયંસ્ફુરિત લાઈટ સાથે જોડાયેલ લાઈફલાઈન ધરાવતું હોય.

(ગ) એન્જિન રૂમમાં ફોમ (ફીણ) પ્રકારના અગ્નિ પ્રતિરોધકો.

(ઘ) રેતી ભરેલી બે ડોલ.

(ચ) દરિયામાં ૪૮ કલાક કરતાં વધુ રોકાવાનાં હોય તેવાં દરેક વહાણોમાં અને સંચાલનના સ્થળેથી ૫૦ દરિયાઈ માઈલ કરતાં વધુ અંતરની સફર કરનારાં વહાણોમાં દ્વિમાર્ગી સંદેશાવ્યવહાર માટે ખૂબ જ ઊંચી આવૃત્તિવાળા રેડિયો-ટેલિફોન સંદેશાવ્યવહાર સાધનો.

(છ) સુકાનની ઓરડીનો ઉપરનો ભાગ અથવા તેની કેનોપી નારંગી રંગથી રંગવી, જેની ઉપર તેનો રજિસ્ટ્રેશન નંબર કાળા રંગથી લખવો.

(જ) ઉપરથી ઓળખવા માટે નારંગી રંગનો વચ્ચે કાળો ચોરસ અથવા વર્તુળ ધરાવતો કેનવાસનો ટુકડો.

(ઝ) આપત્તિના સમયે વાપરવા માટેની યોગ્ય ફ્લેર.

(ટ) દરેક રજિસ્ટર થયેલ માછીમારી વહાણ પર માસ્ટર અથવા ડ્રાઈવરે નમૂના-૯ મુજબ જાળવવાની લોગ બુક હોવી જોઈશે.

(ઠ) તમામ યાંત્રિક માછીમારી વહાણમાં (આકસ્મિક જરૂર માટે સઢ) "SAIL"(સેઈલ) હોવા જોઈશે.

(ડ) દરેક યાંત્રિક અથવા બિનયાંત્રિક માછીમારી વહાણ સફર વખતે માછીમારી દરમિયાન હવામાન સંબંધી આગાહીઓ સાંભળવા માટે ટ્રાન્ઝિસ્ટર રેડિયો અથવા રાજ્ય સરકાર વખતોવખત ઠરાવે તેવા બીજા સંદેશાવ્યવહાર સાધનો જેવી સવલતોથી સુસજ્જ હોવું જોઈશે.

(ઢ) માછીમારી વહાણમાં સર્ચ એન્ડ રેસ્ક્યુ ટ્રાન્સપોન્ડર (SART) લગાડેલ હોવા જોઈશે.

(ત) ફ્લેગ વિક્ટરઃ ફ્લેગ વિકટર દેખાઈ આવે તેવી સ્થિતિમાં ફરકાવવો જોઈશે. તેથી તટરક્ષક અને ભારતીય નૌકાદળ અને વેપારી વહાણો જાણી શકે કે માછીમાર વહાણ આપત્તિમાં છે અને તેને મદદની જરૂર છે.

(થ) દરેક માછીમારી વહાણમાં નીચેના આપત્તિસૂચક સંકેતો હોવા જોઈશે અને તેના ઉપયોગની જાણકારી તમામ કર્મચારી ગણને આપવી જોઈશેઃ-

૧. લાલ પ્રકાશવાળી ત્રણ વળવાળી ફ્લેર અથવા રોકેટ ફ્લેર;

૨. નારંગી ધુમાડાવાળા ત્રણ સ્મોક સિગ્નલ;

૩. કૂવાથંભ પર એકબીજાની ઉપર અલગ એવી એક મીટરના અંતરે ઊભી બે લાલ લાઈટ આપત્તિના સમયે સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી રાખવી.

(દ) તમામ યાંત્રિક વહાણ ઉપર સંદેશાવ્યવહારનાં સાધનોના સેટ હોવાં જોઈશે. ખૂબ ઊંચી આવૃત્તિવાળો ૧૬ ચેનલવાળો એક રેડિયો-ટેલિફોન અને સેન્ટ્રલ વાયરલેસ વિન્ગ સાથે વિચાર વિનિમય કરીને વૈકલ્પિક બે ચેનલો.

(ધ) દરેક માછીમારી વહાણની સફર શરૂ કરતાં પહેલાં તેની વિગતો તમામ બારા અને માલ ઉતારવાના સ્થળ ઉપર માછીમાર એસોસિયેશન દ્વારા નમૂના ૯માં જાળવવામાં આવતી માસ્ટર લોગબુકમાં નોંધાવવી.

(ન) માછીમારી વહાણના માલિકે હોકાયંત્ર અને એનેરોઇડ બેરોમીટર રાખવું જોઈશે, જેથી કરીને દબાણ આધારિત પટ્ટાના વિસ્તારમાં દિશા અને હવામાન જાણી શકાય.

(પ) દરેક માછીમારી વહાણમાં કટોકટીના કિસ્સામાં ટેલિસ્કોપ સ્થિતિ અને પવનના ધક્કા માટે સઢ લઈ જવાની અને ઊભો કરવાની સુવિધા હોવી જોઈશે. તમામ માછીમારી વહાણોના સઢની સામગ્રી શક્ય હોય તો પ્રોલિપ્રોપિલીન બનેલી હોવી જોઈશે, જેથી કરીને એન્જિન નિષ્ફળ થવાના કિસ્સામાં તે દરિયાકાંઠે પહોંચી જાય. સઢનો સ્તંભ ચમકતા નારંગી રંગથી રંગેલો હોવો જોઈશે. જેથી વિમાન દ્વારા ઝડપથી ઓળખી શકાય.

(ફ) તમામ માછીમારી વહાણોમાં તમામ સમયે પૂરતા અનાજ, પાણી અને (ઠંડી, વરસાદ સામે રક્ષણ આપે તેવા પ્રકારનાં) કપડાં લઈ જવાં જોઈશે.

(૪) કોઈ દરિયાઈ બિનયાંત્રિક માછીમારી વહાણ સંબંધમાં કોઈ પણ લાયસન્સ આપી શકાશે નહિ, સિવાય કે વહાણ પર કામ કરતી વખતે અકસ્માતના જોખમ સામે દરેક વહાણના કર્મચારીગણના દરેક સભ્યના જીવનનો રાજ્ય સરકારે માન્ય કરેલી વીમા કંપની પાસે વીમો ઉતરાવેલ હોય.

(૫) લાઈસન્સ આપનાર અધિકારીએ તેણે આપેલ લાયસન્સની વિગતો નમૂના-૩માં રાખવાના અને જાળવવાના રજિસ્ટરમાં નોંધવી જોઈશે.

(૬) લાઈસન્સ આપવા માટે અરજી કરાયેલ હોય અને લાઈસન્સ આપનાર અધિકારી તેવી અરજી સ્વીકારવા માંગતા ન હોય ત્યારે તેણે માછીમારી વહાણના માલિકને પોતાના ઈરાદાની નોટિસ અને એવા અસ્વીકાર માટે સુનાવણીની તક આપવી જોઈશે અને માલિકે રજૂ કરેલી અરજી અથવા કારણોની વિચારણા કર્યા પછી લાઈસન્સ આપનાર અધિકારીએ અરજી મળ્યાની તારીખથી એક મહિનાની મુદતની અંદર અરજદારને પોતાના નિર્ણયની જાણ કરવી જોઈશે.

(૭) કોઈ માછીમારી વહાણના લાઇસન્સ ધારક દ્વારા લાઇસન્સની શરતો અને અધિનિયમ અથવા નિયમોની જોગવાઈઓના ભંગ, ઉલ્લંઘન અથવા તેના અપાલનના કિસ્સામાં, લાઇસન્સ આપનાર અધિકારી સદરહુ વહાણનું લાઇસન્સ મોકૂફ રાખી શકશે અથવા રદ કરી શકશે અને ન્યાય નિર્ણય કરનાર અધિકારીને તેનો રિપોર્ટ કરશે.

(૮) લાઇસન્સ આપવામાં આવેલ માછીમારી વહાણનો ઉપયોગ માછીમારી સિવાયની કોઈ કામગીરીમાં કરી શકાશે નહિ.

(૯) લાઈસન્સ આપવામાં આવેલ માછીમારી વહાણ, 'માછીમારી પ્રતિબંધિત વિસ્તાર' અથવા લાઈસન્સ આપનાર અધિકારી દ્વારા પ્રતિબંધિત વિસ્તારમાં માછીમારી પ્રવૃત્તિ કરી શકશે નહિ.

(૧૦) જેને લાઈસન્સ આપવામાં આવ્યું હોય તે માછીમારી વહાણનો માલિક, માલિકીના ફેરફારના કિસ્સામાં લાઈસન્સની તબદીલી માટે લાઈસન્સ આપનાર અધિકારીને અરજી કરી શકશે અને લાઈસન્સ આપનાર અધિકારી, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, માછીમારી વહાણને લગતા જરૂરી ફેરફાર, પોતાની સહી અને કચેરીના સિક્કા અને એવા ફેરફારની તારીખ નોંધીને કરી શકશે. માલિકીનો આવો ફેરફાર નમૂના-૩માં જાળવવામાં આવતા લાઈસન્સ રજિસ્ટરમાં નોંધવો જોઈશે.

(૧૧) લાઈસન્સ આપનાર અધિકારી, લાઈસન્સદાર અથવા માછીમારી વહાણના માલિકે નમૂના-૧માં કરેલ અરજી પરથી હકીકતો અને દસ્તાવેજી પુરાવા, હોય તો, તેની યોગ્ય ખરાઈ કર્યા પછી અને પોતાને અરજીના ખરાપણા અંગે ખાતરી થાય, ત્યારે અસલ લાઈસન્સ ફી માટે ભરેલ ફીના ૧૦ ટકા જેટલી ફી ચૂકવ્યેથી ડુપ્લિકેટ લાઈસન્સ (લાઈસન્સની બીજી પ્રત) કાઢી આપી શકશે.

**ઘ. લાઇસન્સ તાજું કરવા બાબત :-**

૧. લાઈસન્સ તાજું કરવા માટેની દરેક અરજી માછીમારી વહાણના માલિકે, ચૂકવવાપાત્ર ફી અને ફીના કોષ્ટકમાં નિર્દિષ્ટ ફી સહિત નમૂના-૧માં તે વિસ્તારના લાઈસન્સ આપનાર અધિકારીને કરવી જોઈશે.

૨. લાઈસન્સ તાજું કરવા માટેની દરેક અરજી, લાઈસન્સની માન્યતાની મુદત પૂરી થવાની છેલ્લી તારીખથી બે મહિના પહેલાં કરવી જોઈશે.

૩. લાઈસન્સ આપનાર અધિકારીએ, લાઈસન્સ તાજું કરવા માટેની અરજી મંજૂર અથવા નામંજૂર કરી શકશે. લાઈસન્સ આપનાર અધિકારી, લાઈસન્સ તાજું કરવા માટેની તેની અરજી સ્વીકારવા માગતા ન હોય, તેણે અરજદારને, પોતાના ઈરાદાની નોટિસ આપવી જોઈશે અને તેને પંદર દિવસની અંદર રજૂઆત કરવાની તક આપવી જોઈશે અને ખુલાસા, રજૂઆતને ધ્યાનમાં લીધા પછી અરજી અંગે નિર્ણય લેવો જોઈશે.

**૯.ક. વહાણનું રજિસ્ટ્રેશનઃ-**

(૧) માછીમારી વહાણના રજિસ્ટ્રેશન માટેની અરજીનો નમૂનો ૪, રજિસ્ટર કરનાર અધિકારીની કચેરીમાં ફક્ત રૂપિયા પાંચ ભર્યેથી મળી શકશે.

(૨) માછીમારી વહાણના રજિસ્ટ્રેશન માટેની અરજી એવા વહાણના માલિકે નમૂના-૪માં કરવી જોઈશે, જેની સાથે નીચેની સામગ્રી જોડવી જોઈશેઃ

ક. માછીમારી વહાણની રૂપરેખા અને વહાણની માલિકીના નિશાનીરૂપે સાબિતી.

ખ. રજિસ્ટ્રેશન ફી ભર્યાના સમર્થનરૂપ દસ્તાવેજ.

**ખ. માછીમારી વહાણના રજિસ્ટ્રેશન માટે ભરવાની ફીઃ-**

૧. માછીમારી વહાણના રજિસ્ટ્રેશન માટેની ફી દર પાંચ વર્ષે નીચેના કોષ્ટકમાં નિર્દિષ્ટ કરેલા દરે ભરવી જોઈશે:-

| અનુ. ક્રમાંક | વહાણનો વર્ગ | ફીની રકમ | તાજું કરવા માટેની ફી |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | **દરિયાઈ (નમૂનો ૪ અને ૫)** ૨૫ ગ્રોસ ટનેજ ઉપરાંતના અથવા પંદર મીટર કરતાં વધુ કુલ લંબાઈવાળા યાંત્રિક માછીમાર વહાણ | ફક્ત દશ હજાર રૂપિયા | ફક્ત દશ હજાર રૂપિયા |
| ૨. | ૧૫ મીટર સુધીની કુલ લંબાઈવાળા યાંત્રિક માછીમાર વહાણ | ફક્ત પાંચ હજાર રૂપિયા | ફક્ત પાંચ હજાર રૂપિયા |
| ૩. | બીચ લેન્ડિંગ હોડીઓ અને બીજી યાંત્રિક હોડીઓ | ફક્ત બે હજાર પાંચસો રૂપિયા | ફક્ત બે હજાર પાંચસો રૂપિયા |
| ૪. | સઢ અને હલેસાંવાળી કુલ ૮.૫ મીટરથી વધુ લંબાઈવાળી હોડીઓ. | ફક્ત બારસો પચાસ રૂપિયા | ફક્ત બારસો પચાસ રૂપિયા |
| ૫. | સઢ અને હલેસાંવાળી કુલ ૮.૫ મીટર સુધીની દેશી હોડીઓ | ફક્ત છસો પચીસ રૂપિયા | ફક્ત છસો પચીસ રૂપિયા |
| ૬. | અંતર્દેશીય/ખારા પાણીનું જળક્ષેત્ર નમૂનો-૨૩ અને ૨૪) ટીન બોટ/ફાઈબર ગ્લાસ રિઈન્ફોર્સ્ડ પ્લાસ્ટિક/વુડન તરાપા | ફક્ત ત્રણસો પંચોતેર રૂપિયા | ફક્ત ત્રણસો પંચોતેર રૂપિયા |

૨. એકવાર ભરેલ રજિસ્ટ્રેશન ફી, નામંજૂર થવાના કિસ્સામાં હોય તે સિવાય પાછી આપી શકાશે નહિ અથવા બીજાના નામે તબદીલ કરી શકાશે નહિ.

**ગ. રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર આપવા માટેની શરતોઃ-**

*રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નીચેની બોલીઓ અને શરતોએ આપવામાં આવશેઃ-*

*(૧) રજિસ્ટર કરનાર અધિકારીએ બંદર દીઠ માછીમારી વહાણ રજિસ્ટર કરવા જોઈશે. જેથી કરીને ગુજરાત મેરિટાઈમ બોર્ડ, કંડલા પોર્ટટ્રસ્ટ, મરીન મર્કન્ટાઈલ વિભાગ અથવા સીમા શુલ્ક વિભાગે આપેલ રજિસ્ટ્રેશન નંબર અનુસાર માછીમારી વહાણનું નિયમન કરી શકાય.*

*(૨) રજિસ્ટર કરનાર અધિકારીએ બંદર અથવા માછીમારી બારાની લાંગરવાની ક્ષમતાને વિચારણામાં લીધા પછી રજિસ્ટ્રેશન માટેની અરજી મંજૂર કરવી જોઈશે.*

*(૩) કોઈ પણ માલિક રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં દર્શાવેલ માછીમારી વહાણના લે-આઉટ ડિઝાઈનમાં રજિસ્ટર કરનાર અધિકારીની પૂર્વ પરવાનગી વિના કોઈ ફેરફાર કરી શકાશે નહિ.*

*(૪) માલિકે, કમિશનરે જાહેર કરેલ દરિયાઈ પેદાશોની જાળવણી, પ્રક્રિયા અને સંગ્રહ માટે પરવાનગી અપાયેલ હોય તેવા જ રસાયણોનો ઉપયોગ કરવો જોઈશે.*

*(૫) માલિકે, રજિસ્ટર કરનાર અધિકારી વખતોવખત આપે તેવા બીજા આદેશોનું પાલન કરવું જોઈશે.*

*(૬) માલિકે રજિસ્ટર કરનાર અધિકારીની પૂર્વમંજૂરી સિવાય, માલિકી રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર તબદીલ કરી શકશે નહિ.*

*(૭) રજિસ્ટર થયેલ વહાણના દરેક માલિકે વર્ષના દરેક ત્રિમાસના અંતે રજિસ્ટર કરનાર અધિકારીને નમૂના-૮માં માછીમારીનાં પત્રકો રજૂ કરવાં જોઈશે.*

*(૮) રજિસ્ટ્રેશન અધિકારી, માલિકે રજૂ કરેલ પત્રકો સાચાં અને સંપૂર્ણ છે કે કેમ તેની ખરાઈ કરવા માટે રજિસ્ટર થયેલ માછીમાર વહાણ કોઈ પણ સમયે તપાસી શકશે.*

**ઘ. રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવા બાબત :-**

*(૧) રજિસ્ટર કરનાર અધિકારી પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી અરજી મળ્યાની તારીખથી એક મહિનાની મુદતની અંદર તેની વિગતો નમૂના-૬માં જાળવવાના રજિસ્ટ્રેશનના રજિસ્ટરમાં નોંધીને માછીમારી વહાણના માલિકને રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે.*

*(૨) રજિસ્ટર કરનાર અધિકારી પોતાને જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી, સુનાવણીની વાજબી તક આપીને માછીમારી વહાણને રજિસ્ટર કરવાની ના પાડી શકશે. રજિસ્ટર કરનાર અધિકારીએ, અરજી મળ્યાની તારીખથી એક મહિનાની મુદતની અંદર એવી રીતે ના પાડવાની જાણ અરજદારને લેખિતમાં કરવી જોઈશે.*

*(૩) આપવામાં આવેલ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, તે કાઢી આપવામાં આવ્યું હોય તે તારીખથી પાંચ વર્ષની મુદત સુધી માન્ય રહેશે, સિવાય કે તેને વહેલું રદ કરવામાં આવે અને તેને રજિસ્ટ્રેશન માટેની ફીના કોષ્ટકમાં નિર્દિષ્ટ કરેલી તાજું કરવા માટેની ફી ભર્યેથી પાંચ વર્ષની વધુ મુદત માટે વખતોવખત તાજું કરી શકાશે.*

*(૪) રજિસ્ટ્રેશન અધિકારીએ, રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપ્યેથી માછીમારી વહાણને રજિસ્ટ્રેશન નંબર આપવો જોઈશે. સુકાનની ઓરડી (વ્હીલ હાઉસ) અથવા કેનોપી નારંગી રંગથી રંગવી જોઈશે, જેના*

ઉપર વહાણનો રજિસ્ટ્રેશન નંબર કાળા રંગથી લખવો જોઈશે.

(૫) રજિસ્ટ્રેશન કરનાર અધિકારીએ યાંત્રિક અને બિનયાંત્રિક દરિયાઈ માછીમારી વહાણના માલિક પાસે, એવા વહાણની ડાબી અને જમણી બાજુએ ચાર જગ્યાએ ભારતીય ધ્વજ ચિતરાવવો જોઈશે.

**ચ. માલિકીમાં ફેરફારઃ-**

૧. માછીમારી વહાણની માલિકીમાં ફેરફારના કિસ્સામાં, જેના નામે માલિકી તબદીલ કરવાની હોય તે વ્યક્તિએ, માલિકીમાં ફેરફાર અને રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાંની વિગતોમાં ફેરફાર માટે ફીના કોષ્ટકમાં નિર્દિષ્ટ કરેલ ફી સહિત નમૂના-૭માં પોતાની તરફેણમાં રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવા માટે સંબંધિત રજિસ્ટર કરનાર અધિકારીને અરજી કરવી જોઈશે.

૨. રજિસ્ટર કરનાર અધિકારી, પોતે જરૂરી ગણે તેવી તપાસ કર્યા પછી અને પોતાને ખાતરી થાય તે માટેની તેવી માહિતી, હોય તો, તે મેળવ્યા પછી અસલ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર પર પોતાની સહી, સિક્કો અને તેવા ફેરફારની તારીખનો શેરો કરી શકશે એવી રીતે કરેલો ફેરફાર નમૂના-૬માં રાખવામાં અને જાળવવામાં આવતા રજિસ્ટરમાં પણ નોંધવો જોઈશે.

**માલિકીમાં ફેરફાર માટેનું ફીનું કોષ્ટક**

| અનુ. ક્રમાંક | વહાણનો વર્ગ | ફીની રકમ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | દરિયાઈ<br>૨૫ કરતાં વધુ ગ્રોસ ટનેજવાળા અથવા કુલ ૧૫ મીટર કરતાં વધુ લંબાઈવાળા યાંત્રિક માછીમાર વહાણ | ફક્ત પાંચ હજાર રૂપિયા |
| ૨. | કુલ ૧૫ મીટર સુધીની લંબાઈવાળા યાંત્રિક માછીમાર વહાણ | ફક્ત બે હજાર પાંચસો રૂપિયા |
| ૩. | બીચ લેન્ડિંગ હોડીઓ અને બીજી મોટરથી ચાલતી હોડીઓ | ફક્ત એક હજાર પાંચસો રૂપિયા |
| ૪. | સઢ અને હલેસાં વાપરતી કુલ ૮.૫ મીટર કરતાં વધુ લંબાઈ હરાવતી હોડીઓ | ફક્ત આઠસો રૂપિયા |
| ૫. | સઢ અને હલેસાં વિનાની કુલ ૮.૫ મીટર સુધીની લંબાઈ ધરાવતી દેશી હોડીઓ | ફક્ત પાંચસો રૂપિયા |
| ૬. | **અંતર્દેશીય/ખારા પાણીમાં ચલાવાતી**<br>ટીન બોટ/ફાઈબર ગ્લાસ રિઈન્ફોર્સ્ડ પ્લાસ્ટિક / વુડન (લાકડાના) તરાપા | ફક્ત બસો રૂપિયા |

**છ. રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર તપાસવા અને બીજી નકલમાં પ્રમાણપત્ર વગેરે કાઢી આપવા બાબતઃ-**

*રજિસ્ટર થયેલ માછીમારી વહાણના માલિકે, તેના માછીમારી વહાણ ઉપર તમામ સમયે રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રાખવું જોઈશે અને તપાસ માટે તે (પ્રમાણપત્ર) જ્યારે જ્યારે રજૂ કરવાનું ફરમાવવામાં આવે ત્યારે રજિસ્ટર કરનાર અધિકારીએ તે અર્થે અધિકૃત કરેલ કોઈ અધિકારીને તપાસ માટે રજૂ કરવું જોઈશે. રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર ખોવાઈ જાય, નુકસાન પામે અથવા યથાપ્રસંગ, ફાટી જાય તો, માછીમારી વહાણના માલિકે રજિસ્ટર કરનાર અધિકારીને રિપોર્ટ કરવો જોઈશે, જેને રૂપિયા પાંચની ફી ચૂકવ્યે અને સદરહુ પ્રમાણપત્ર ખોવાયાની, નુકસાન થયાની અથવા યથાપ્રસંગ, ફાટી જવા અંગેની ખાતરી થયે પ્રમાણપત્ર બીજી પ્રતમાં કાઢી આપશે.*

**જ. વહાણ ઉપરનો બોજો રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર અંગેનો ચાર્જ નોંધવા બાબતઃ-**

*રજિસ્ટર થયેલ માછીમારી વહાણનો માલિક, એવું વહાણ ગીરોથી અથવા સાનગીરોથી નાણાકીય એજન્સી અથવા કોઈ બીજી વ્યક્તિને આપે અથવા ભાડા ખરીદીના કરાર ઉપર વહાણ ખરીદે અથવા ભાડે રાખે અથવા આપે અથવા અન્ય રીતે એવા વહાણ ઉપર કોઈ બોજો ઊભો કરે તો, તેણે, એવો બોજો ઊભો કર્યાની તારીખથી સાત દિવસની અંદર, એવો બોજો ઊભો કર્યાની માહિતી રજિસ્ટર કરનાર અધિકારીને પૂરી પાડવી જોઈશે. એવી માહિતી મળ્યે રજિસ્ટર કરનાર અધિકારીએ રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં એવો બોજો નોંધવો જોઈશે અને રજિસ્ટરમાં, નમૂના-૬માં પોતે રાખવો અને જાળવવો જોઈશે.*

**ઝ. માછીમારી વહાણ જપ્ત કરવા બાબતઃ-**

*૧. અમલબજવણી અધિકારીને જપ્ત કરેલ માછીમારી વહાણને, લાઇસન્સના મુખ્ય બંદર ખાતે અથવા અમલબજવણી અધિકારી ફરમાવે તેવા કોઈ બીજા બંદરે લાંગરીને રાખવું જોઈશે.*

*૨. અધિકૃત કરેલ અધિકારીએ જપ્ત કરેલ માછીમારી વહાણનો બળતણ માટેનો પંપ (*Fuel Pump*) મિકેનિકની મદદથી દૂર કરવો જોઈશે અને એવા વહાણને કસ્ટડીમાંથી બળપૂર્વક લઈ જવાનું અટકાવવાના તે વહાણનો હવાલો મત્સ્યોદ્યોગ અધિકારીને સોંપવો જોઈશે.*

*૩. જપ્ત કરેલ વહાણના લાંગરવાના સ્થાન અંગે માછીમારી વહાણના માલિકને જાણ કરવી જોઈશે.*

*૪. જપ્ત કરેલ માછીમારી વહાણની જાળવણી માટે કોઈ ખર્ચ વહોરેલ હોય તો, માછીમારી વહાણના માલિક તે ખર્ચ ચૂકવવાને જવાબદાર રહેશે.*

**ટ. વહાણમાંથી માછલીનો નિકાલ કરવા બાબત.**

*જપ્ત કરેલ માછીમારી વહાણમાંથી કબજે લીધેલ માછલીનો નિકાલ જાહેર હરાજીથી કરવો જોઈશે અને તેમાંથી થયેલ આવક અમલ બજવણી અધિકારીના આદેશ હેઠળ સરકારી તિજોરીમાં જમા કરાવવી જોઈશે અને અધિનિયમની કલમ-૨૧ની પેટા કલમ-૧ના ખંડ (ખ) (ગ) (ઘ) અથવા (ચ) હેઠળ સજાપાત્ર હોય તેવા ગુના હોય તો કોર્ટને અને અન્ય કેસોમાં પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા પોલીસ અધિકારીને રિપોર્ટ કરવો જોઈશે.*

## પ્રકરણ ૫

## અપીલ અને ફેરતપાસ

**૧૦૬. અપીલ સત્તાધિકારીને અપીલ રજૂ કરવા માટેની અને અપીલનો નિકાલ કરવા માટેની કાર્યરીતિ:-**

૧. *માછીમારી વહાણનો માલિક અથવા માલિકે અધિકૃત કરેલ વ્યક્તિ લેખિતમાં અથવા રૂબરૂમાં અથવા રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા અપીલ અધિકારીને અપીલ રજૂ કરી શકશે.*

૨. *એવી અપીલ, એજન્ટ દ્વારા રજૂ કરવામાં આવી હોય ત્યારે, અરજદારે તેની એવી રીત નિમણૂક કર્યાનો અધિકૃતિપત્ર અપીલની સાથે જોડવો જોઈશે.*

૩. *દરેક અપીલ, જે હુકમની વિરુદ્ધ અપીલ રજૂ કરેલ હોય તેની પ્રમાણિત નકલ તેની સાથે જોડીને, જે તારીખે પોતાનો હુકમ અંગેની જાણ કરવામાં આવી હોય તે તારીખથી ત્રીસ દિવસની અંદર કરવી જોઈશે.*

*૪. દરેક અપીલ યાદી, -*

*(ક) ટાઈપ કરેલી અથવા શાહીમાં સુવાચ્ય રીતે હાથે લખેલી હોવી જોઈશે;*

*(ખ) માછીમારી વહાણનું નામ અને તેની વિગતો અને માલિકનું નામ અને સરનામું નિર્દિષ્ટ કરતી હોવી જોઈશે.*

*(ગ) જેની વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તેના હુકમની તારીખ અને જેણે હુકમ કર્યો હોય તેવા સત્તાધિકારીનો હોદ્દો નિર્દિષ્ટ કરતી હોવી જોઈશે.*

*(ઘ) હકીકતો અંગેનું સ્પષ્ટ નિવેદન અને કોઈ પુરાવા અથવા સાબિતી હોય તો તે અને જેની વિરુદ્ધ અપીલ કરેલ હોય તે હુકમની નકલનું યોગ્ય રીતે બિડાણ ધરાવતી હોવી જોઈશે.*

*(ચ) અરજદારે માગેલ દાદ હોય તે સ્પષ્ટ રીતે જણાવતી હોવી જોઈશે.*

*(છ) અરજદારે અથવા તેણે અધિકૃત કરેલ વ્યક્તિએ તેમાં સહી કરવી જોઈશે અને ચકાસેલી હોવી જોઈશે.*

૫. *અપીલ મળ્યે, અપીલ સત્તાધિકારીએ, અપીલ મળ્યાની તારીખનો શેરો તેની ઉપર કરવો જોઈશે.*

૬. *અપીલ સત્તાધિકારી શક્ય એટલું જલદી તેની તપાસ કરશે અને*

*(ક) અપીલ રજૂ કરતી વ્યક્તિ એવું કરવાની સત્તા ધરાવે છે કે કેમ;*

*(ખ) અપીલ ઠરાવેલ સમય મર્યાદાની અંદર કરેલ છે કે કેમ;*

*(ગ) આ અધિનિયમ અને નિયમોને લગતી તમામ જોગવાઈ અનુસાર છે કે કેમ*

*તે અંગેની ખાતરી કરશે.*

૭. અપીલ મળ્યે, અપીલ સત્તાધિકારીએ સુનાવણી માટે તારીખ નક્કી કરવી જોઈશે અને અરજદારને તેમજ લાઈસન્સ આપનાર અધિકારીને અથવા યથાપ્રસંગ, રજિસ્ટર કરનાર અધિકારીને સુનાવણી માટેની નોટિસો મોકલવી જોઈશે.

૮. એવી રીતે નક્કી કરેલી તારીખે, અપીલ સત્તાધિકારીએ, અરજદાર અથવા તેના એજન્ટ અને લાઈસન્સ આપનાર અધિકારી અથવા યથાપ્રસંગ, રજિસ્ટર કરનાર અધિકારી તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવાના આધારે સુનાવણી કરવી જોઈશે.

૯. ન્યાયનિર્ણય કરનાર અધિકારી તબક્કે અપીલની સુનાવણી કોઈ બીજા દિવસ સુધી મુલતવી રાખી શકશે.

૧૦. અપીલની સુનાવણી પૂરી થયે, ન્યાય નિર્ણય કરનાર અધિકારીએ અરજી અંગે નિર્ણય કરવો જોઈશે અને પોતે ન્યાયી અને ઉચિત ગણે એવો હુકમ કરી શકશે અને તરત જ તેનો ચુકાદો જાહેર કરી શકશે અથવા તે માટે ત્યાર પછીની તારીખ અનામત રાખી શકશે.

૧૧. અપીલ સત્તાધિકારીએ અરજદારને અને પોતે ઉચિત ગણે તેવા બીજા પક્ષકારોને પોતાના હુકમની નકલથી પોતાનો નિર્ણય અરજદારને જણાવવો જોઈશે.

૧૨. દસ્તાવેજો અને હુકમોની પ્રમાણિત નકલો પૂરી પાડવા માટેની ફી.

૧૩. એવી પ્રમાણિત નકલો પાના દીઠ રૂ. પાંચના દરે ઉપલબ્ધ કરાવવી જોઈશે.

**ખ. ફેરતપાસ :**

(૧) કલમ-૧૭ હેઠળ ન્યાયનિર્ણય કરનાર અધિકારીએ કરેલ હુકમની વિરુદ્ધ નારાજ થયેલ વ્યક્તિએ ફેરતપાસ માટેની અરજી રાજ્ય સરકારને કરવાની રહેશે.

(૨) રાજ્ય સરકારે ફેરતપાસની અરજી અંગે કલમ-૧૯ હેઠળ કરેલ જોગવાઈ અનુસાર નિર્ણય કરવો જોઈશે.

• • •

અરજદારનો ફોટો ચોંટાડવો (માલિક)

# નમૂનો ૧

[(જુઓ નિયમ ૮ (ક)]

**નિર્દિષ્ટ વિસ્તારમાં માછીમારી માટે માછીમારી વહાણનો ઉપયોગ કરવા માટે લાઇસન્સ આપવા માટે અથવા લાઇસન્સ તાજું કરાવવા માટેની અરજીનો નમૂનો.**

**પ્રતિ,**

**મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક, અથવા**

**..........................**

**મત્સ્યોદ્યોગ અધિક્ષક,**

**(.......................)**

**...............જિલ્લો**

**વિષયઃ માછીમારી વહાણના ઉપયોગ માટે લાઇસન્સ આપવા માટેની અરજી બાબત.**

*મહાશય,*

*હું/અમે આથી માછીમારી વહાણનો ઉપયોગ કરવા માટેનું લાઇસન્સ આપવા માટે વિનંતી કરું છું/ કરીએ છીએ. નીચે જણાવેલ નિર્દિષ્ટ વિસ્તારોમાં માછીમારી માટે તેની વિગતો આપવામાં આવી છેઃ-*

| | | |
|---|---|---|
| ૧. | માછીમારી વહાણના માલિકોનાં નામ (મો) અને સરનામું (મા): | |
| ૨. | (ક) રજિસ્ટ્રેશન નંબર<br>(ખ) માછીમારી વહાણનું મુખ્ય બંદર અથવા માછીમારી બારું: | |
| ૩. | માછીમારી વહાણનું નામઃ | |
| ૪. | માછીમારી વહાણ યાંત્રિક હોય તો તેના એન્જિનના હોર્સ પાવરઃ | |
| ૫. | અગાઉ લાઇસન્સ આપેલ હતું કે કેમ? જો એમ હોય તો અગાઉના લાઇસન્સનો નંબર અને તેની મુદત પૂરી થયાની તારીખઃ | |

| | | |
|---|---|---|
| ૬. | જેટલી મુદત માટે લાઇસન્સની જરૂર હોય તે મુદતઃ | |
| ૭. | માછીમારી વહાણ જે મુખ્ય બંદર અથવા માછીમારી બારામાંથી કામે રાખવા ધાર્યું હોય તે મુખ્ય બંદર અથવા માછીમારી બારુંઃ | |
| ૮. | કામે રાખવા ધારેલ માછીમારી ઉપકરણનો પ્રકારઃ | |
| ૯. | જે વિસ્તારમાં માછીમારીની કામગીરી કરવાની હોય તે વિસ્તારઃ | |
| ૧૦. | તાલીમ પામેલ ખલાસીઓનાં નામ અને તેમની લાયકાતોઃ | |
| ૧૧. | દરિયાઈ જોખમો સામે વહાણનો વીમો ઉતરાવેલ છે કે કેમઃ | |
| ૧૨. | જો એમ હોય તો, વીમા કંપનીનું નામ અને પોલિસી અથવા પ્રીમિયમની પહોંચની તારીખ અને વીમાની પાકતી મુદત (કાયદેસર મુદતઃ) | |
| ૧૩. | દરિયામાં થતા અકસ્માતની સામે ખલાસીનું જોખમ આવરી લીધેલ છે કે કેમઃ | |
| ૧૪ | જો એમ હોય તો, ખલાસી બનતા માછીમારોના નામ અને તેમના અકસ્માત વીમાની વિગતોઃ | કાયદેસર વીમા કંપનીનું નામ, મુદત નામ ચૂકવેલ (પાકતી પ્રીમિયમની મુદત) પહોંચ અને પોલિસી નંબર અને તારીખ |
| ૧૫ | ચૂકવેલ લાઇસન્સ ફીની ચુકવણીની વિગતો | |
| ૧૬. | માછીમારી વહાણમાં બે બેન્ડવાળો ટ્રાન્ઝિસ્ટર રેડિયો લઈ જવામાં આવે છે કે કેમ? જો એમ હોય તો, રેડિયોસેટની વિગતો. | |

*હું/અમે આથી, જાહેર કરું છું/કરીએ છીએ કે હું ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩નો ગુજરાતના ૮મો) અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓથી વાકેફ/માહિતગાર છું અને સમજું છું/સમજીએ છીએ અને હું/અમે સદરહુ અધિનિયમની જોગવાઈઓ અને નિયમો અને જે બોલીઓ અને શરતોએ લાઈસન્સ આપવામાં આવે તેનું પાલન કરીશ/કરીશું.*

*સ્થળ:* *માછીમારી વહાણના માલિકની સહી*

*તારીખ :*

**(ફક્ત કચેરીના ઉપયોગ માટે)**

*લાઈસન્સ આપવા માટેની અરજી રૂ. .............ની લાઈસન્સ ફી સાથે તા. ...........ના રોજ મળેલ છે. ...........ના રોજ અરજદારને .................થી .............ની મુદત સુધીનું નંબર ............. ધરાવતું લાઈસન્સ આપવામાં આવે છે.*

| | | |
|---|---|---|
| *સ્થળ:* | *કચેરીનો* | *(સહી)* |
| *તારીખ:* | *સિક્કો* | *લાઈસન્સ આપનાર* |
| | | *અધિકારીનું નામ અને હોદ્દો* |

*અરજદારનો ફોટો ચોંટાડવો*

*(માલિક)*

# નમૂનો ૨

**(જુઓ નિયમ ૮ (ગ))**

*નિર્દિષ્ટ વિસ્તારમાં માછીમારી માટે માછીમારી વહાણનો ઉપયોગ કરવા માટેનું લાઈસન્સ.*

*બંદર અથવા માછીમારી બારું .............*

*જિલ્લો ....................... લાઈસન્સ નંબર ...........*

*લાઈસન્સ કાઢી આપ્યા તારીખ...............*

*લાઈસન્સની મુદત ............થી ..................... સુધી*

*પ્રતિ,*

*શ્રી .............*

*માછીમારી વહાણના માલિકનું નામ અને સરનામું*

**વિષયઃ માછીમારી માટેના માછીમારી વહાણ માટે**

**લાઈસન્સ આપવા બાબત.**

*............ (અહીં નિર્દિષ્ટ વિસ્તાર જણાવવો)*

*નિર્દિષ્ટ વિસ્તારની અંદર સમુદ્રમાં માછીમારી માટે માછીમારી વહાણ ઉપયોગ કરવા ................ના મુખ્ય બંદર અથવા .............ના માછીમારી બારામાંથી માછીમારીની કામગીરી માટે રજિસ્ટ્રેશન નંબર ..............વાળું ..................માછીમારી વહાણ માટે ............... (માછીમારી વહાણના માલિકના નામ (માં જણાવ્યા)ને આથી લાઈસન્સ આપવામાં આવે છે.*

*આ લાઈસન્સ ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩, ગુજરાત મત્સ્યોદ્યોગ નિયમો, ૨૦૦૩ની જોગવાઈઓને આધીન રહીને, નીચેની બોલીઓ અને શરતોએ આપવામાં આવે છે:-*

૧. આ લાઈસન્સ ઉપર નિર્દિષ્ટ કરેલ મુદત સુધી ………. બંદર અથવા ………… માછીમારી બારામાંથી માછીમારીની કામગીરી માટે માન્ય ગણાશે, સિવાય કે સદરહુ મુદત પૂરી થાય તે પહેલાં લાઈસન્સ મોકૂફ રાખવામાં, પાછું ખેંચવામાં અથવા રદ કરવામાં આવ્યું હોય.

૨. જે નિર્દિષ્ટ વિસ્તાર માટે લાઈસન્સ આપવામાં આવ્યું હોય તે નિર્દિષ્ટ વિસ્તારની અંદર જ માછીમારી વહાણ ચલાવવું જોઈશે.

૩. વહાણની રૂપરેખા, આકાર અને ક્ષમતામાંનો કોઈ પણ ફેરફાર, લાઈસન્સ આપનાર અધિકારીની પૂર્વ મંજૂરીથી જ અમલી ગણાશે.

૪. લાઈસન્સ આપેલ માછીમારીના ઉપકરણના પ્રકારમાંનો કોઈ પણ ફેરફાર, લાઈસન્સ આપનાર અધિકારીની પૂર્વમંજૂરીથી જ અમલી ગણાશે.

૫. લાઈસન્સ આપનાર અધિકારી અથવા અમલબજવણી અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ કોઈ અધિકારી માછીમારી વહાણ પાણીમાં કે કિનારા પર છે કે કેમ તે અંગેની તપાસના હેતુ માટે માછીમારી વહાણમાં દાખલ થવા માટે સક્ષમ ગણાશે.

૬. કોઈ વહાણ જપ્ત કરવામાં આવે અથવા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અથવા કસૂર બદલ તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમ હેઠળ જપ્ત કરવામાં આવે તો અથવા વહાણનો યોગ્ય રીતે વીમો ઉતરાવવામાં આવ્યો ન હોય અને વીમો ચાલુ રાખવામાં આવેલ ન હોય અથવા લાઈસન્સ આપતી વખતે ઠરાવેલી શરતોના ભંગ અથવા અધિનિયમ અથવા નિયમોની જોગવાઈઓના ઉલ્લંઘન બદલ લાઈસન્સ રદ થવાને પાત્ર છે.

માછીમારી વહાણ અને તેના ખલાસી બેડાના દરેક સભ્યો માટે દરિયાઈ જોખમ અને અકસ્માત સામે યોગ્ય રીતે વીમો ઉતરાવવો જોઈશે. માછીમારી માટે સમુદ્રમાં જતી વખતે દરેક માછમારી વહાણ તેની સાથે બે બેન્ડવાળો ટ્રાન્ઝિસ્ટર રેડિયો અને સાધનસામગ્રી અથવા ઉપકરણો લઈ જઈ શકશે.

| | | |
|---|---|---|
| સ્થળ: | કચેરીનો | (સહી) |
| તારીખ : | સીલ | લાઈસન્સ આપનાર |
| | | અધિકારીનું નામ અને હોદ્દો |

## નમૂનો 3

(જુઓ નિયમ ૮ (ગ) (૫))

### લાઈસન્સનું રજિસ્ટર

| લાઈસન્સ નંબર અને તારીખ | માછીમારી વહાણનો રજિસ્ટ્રેશન નંબર અને તેનું નામ એન્જિનનું નામ અને તેના હોર્સ પાવર | માછીમારી વહાણ યાંત્રિક છે કે કેમ જો એમ હોય તો | મુખ્ય બંદર અથવા માછીમારી બારુ | માછીમારી ઉપકરણનો પ્રકાર | માછીમારી કામગીરી માટેનો વિસ્તાર | ઉતરાવેલ વહાણ વીમો લાઈસન્સની મુદત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |
| | | | | | | |

| | | ખલાસી બેડાનો વીમો | | બે બેન્ડવાળા ટ્રાન્ઝિસ્ટરની વિગતો | વિશેષ નોંધ | લાઈસન્સ આપનાર અધિકારીની સહી |
|---|---|---|---|---|---|---|
| વહાણનો વીમો | કાયદેસરતાની મુદત | વીમો | કાયદેસરતાની મુદત | | | |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| | | | | | | |

વહાણના માલિકનો ફોટો

# નમૂનો-૪

## (જુઓ નિયમ ૯ ક)

માછીમારી વહાણનું રજિસ્ટ્રેશન કરી આપવા માટે અથવા લાઈસન્સ તાજું કરવા માટેની અરજીનો નમૂનો.

પ્રતિ,

રજિસ્ટ્રેશન અધિકારી,

..............

જિલ્લો ..........

હું / અમે વિનંતી કરું છું / કરીએ છીએ કે મારા/અમારા માછીમારી વહાણને માછીમારી કામગીરી કરવા માટે રજિસ્ટર કરાવવા નીચે પ્રમાણે વિગતો આપું છું/આપીએ છીએ :-

| | | |
|---|---|---|
| ૧. | માછીમારી વહાણના માલિકોનાં નામ (મો) અને સરનામું (મા): | |
| ૨. | માછીમારી વહાણનું નામ | |
| ૩. | અગાઉનો રજિસ્ટ્રેશન નંબર અને બંદરનું રજિસ્ટ્રેશન જો કોઈ હોય તો, તે: | |
| ૪. | વહાણનું પરિમાણ: | એકંદર લંબાઈ ...........મી.<br>પઠાણની લંબાઈ ...... મી.<br>પહોળાઈ ..............મી.<br>ઊંડાઈ .............. મી |
| ૫. | માછીમારી વહાણની બાંધણીનું સ્થળ અને વર્ષ: | |
| ૬. | વહાણ યાંત્રિક અથવા બિનયાંત્રિક છે કે કેમ? | |
| ૭. | વહાણ યાંત્રિક હોય તો તેમાં બેસાડેલ એન્જિનની વિગતો | બનાવટ.....<br>શક્તિ ......... હોર્સ પાવર<br>એન્જિન બેસાડ્યાનું વર્ષ |
| ૮. | માછીમારી વહાણ જ્યાંથી માછીમારી કરવાનું હોય તે મુખ્ય બંદર અથવા માછીમારી બારું: | |

| | | |
|---|---|---|
| ૯. | માછીમારી વહાણ ઉપર ગીરો (મોર્ગેજ) સાનગીરો (હાઈપોથિકેશન) અથવા અન્ય બોજા અંગેની માહિતી : | |
| ૧૦ | રજિસ્ટ્રેશન ફી ભર્યાની વિગતો: | |
| ૧૧. | જેટલી મુદત માટે રજિસ્ટ્રેશનની જરૂર હોય તે મુદત : | |

ઉપર આપેલ માહિતી મારી/અમારી ઉત્તમ જાણ મુજબ ખરી અને સાચી છે.

હું/અમે વાકેફ છે/ છીએ કે માછીમારી કામગીરીના મુખ્ય બંદરમાં કોઈ ફેરફાર થાય તેવા કિસ્સામાં મારે/ અમારે રજિસ્ટર કરનાર અધિકારી તરફથી લેખિતમાં પૂર્વમંજૂરી લેવાની થશે.

હું/અમે ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩, ગુજરાત મત્સ્યોદ્યોગ નિયમો, ૨૦૦૩,ની જોગવાઈઓથી વાકેફ છું/છીએ અને સદરહુ જોગવાઈઓનું અને લાઈસન્સ આપવા માટે ઠરાવવામાં આવે એવી અન્ય બોલીઓ અને શરતોનું પાલન કરીશ/કરીશું.

સ્થળ : અરજદારની સહી ...........

તારીખ :

(ફક્ત કચેરીના ઉપયોગ માટે)

માછીમારી વહાણના રજિસ્ટ્રેશન માટે અરજી મળ્યા તારીખ ............

રજિસ્ટ્રેશન ફી રૂ. ........... ભર્યા તારીખ ....................

અરજી મંજૂર રાખી અને રજિસ્ટ્રેશન નંબર : .................

ફાળવ્યા તારીખ : ..................

| | | |
|---|---|---|
| સ્થળ : | કચેરીનો | (સહી) |
| તારીખ: | સિક્કો | રજિસ્ટર કરનાર<br>અધિકારીનું નામ અને હોદ્દો |

વહાણના માલિકનો ફોટો

# નમૂનો ૫

## (જુઓ નિયમ ૯ ઘ)

## માછીમારી વહાણનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર

*પ્રતિ,*

*માછીમારી વહાણના માલિકનું નામ*

*અને સરનામું*

**વિષયઃ માછીમારી વહાણનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવા બાબત.**

*શ્રીમાન,*

*માછીમારી વહાણને રજિસ્ટ્રેશન આપવા માટે નમૂના નંબર-૪ મુજબની આપની અરજીના અનુસંધાનમાં, ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈમાં નિર્દિષ્ટ કરેલી બોલીઓ અને શરતોએ નમૂના નં.-૫માં નીચે મુજબ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવામાં આવે છે :-*

| | | |
|---|---|---|
| ૧. | માછીમારી વહાણના માલિક (માલિકો) નું નામ(નામો) અને સરનામું (સરનામા) | |
| ૨. | માછમારી વહાણ જે બંદર અથવા માછીમારી બારાએથી ચલાવવાનું હોય તેનો રજિ. નંબર | |
| ૩. | રજિસ્ટ્રેશન નંબર : | |
| ૪. | રજિસ્ટ્રેશન તારીખ : | |
| ૫. | માછીમારી વહાણનું રજિસ્ટ્રેશન ચિહ્‌ન | |
| ૬. | રજિસ્ટ્રેશન અમલમાં રહેવાનું હોય તે મુદત | |
| ૭. | માછીમારી વહાણનું નામ | |
| ૮. | વહાણ યાંત્રિક છે કે બિનયાંત્રિક | |
| ૯. | માછીમારી વહાણનું પરિમાણ | કુલ લંબાઈ ..........મીટર<br>પઠાણની લંબાઈ ............ મીટર<br>પહોળાઈ .......... મીટર<br>ઊંડાઈ .......... મીટર<br>રજિ. થયેલ કુલ ટન ક્ષમતા .......... |

| | | |
|---|---|---|
| ૧૦. | જો યાંત્રિક હોય તો એન્જિનની વિગતો | |
| ૧૧. | માછમારી વહાણના બાંધકામનું સ્થળ અને વર્ષ | |
| ૧૨. | એન્જિન બેસાડ્યાનું વર્ષ | |
| ૧૩. | માછીમારી વહાણ જ્યાંથી ચલાવવાનું હોય તે મુખ્ય મથક | |
| ૧૪ | માછીમારી વહાણ પર સાનગીરો, ગીરો કે અન્ય બોજો હોય તો તેની વિગત | |

**બોલીઓ અને શરતોઃ**

૧. કોઈ શરતના ભંગ અને અધિનિયમ અને નિયમોના ઉલ્લંઘન બદલ રજિસ્ટ્રેશન કોઈ પણ સમયે રદ કરી શકાશે.

૨. રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર તેની મુદત પૂરી થયા પહેલાં તાજું કરાવવું જરૂરી છે.

૩. રજિસ્ટર કરનાર અધિકારીની પૂર્વમંજૂરી સિવાય માછીમારી વહાણના લેઆઉટ, ડિઝાઈન અથવા ક્ષમતા વગેરેમાં કોઈ પણ ફેરફાર કરી શકાશે નહિ.

૪. જો માછીમારી વહાણનો માલિક, રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના કોઈ બંદર અથવા મત્સ્યોદ્યોગ બારાએથી વહાણ ચલાવવાનો ઈરાદો ધરાવતો હોય તે, તેણે, સદરહુ હેતુ માટે રજિસ્ટર કરનાર અધિકારીની પૂર્વમંજૂરી મેળવવી પડશે.

૫. માલિક, કમિશનર જાહેર કરે તેવી દરિયાઈ પેદાશના સંગ્રહ માટે તેવા જ રાસાયણિક પદાર્થો વાપરી શકાશે.

૬. માલિક, રજિસ્ટર કરનાર અધિકારીની પૂર્વમંજૂરી સિવાય રજિસ્ટ્રેશન પ્રમાણપત્રની માલિકી તબદીલ કરી શકશે નહીં.

૭. રજિસ્ટ્રેશન અધિકારી યાંત્રિક અને બિન યાંત્રિક દરિયાઈ માછીમારી વહાણના માલિકને, આવા વહાણની આગળની જમણી બાજુએ અને ઉપર ભારતીય ધ્વજ ચિતરાવવા ફરમાવશે.

સ્થળઃ ............ કચેરીનો સિક્કો સહી

તારીખ : ............. રજિસ્ટ્રેશન કરનાર અધિકારીનું

નામ અને હોદ્દો

# નમૂનો ૬

## (જુઓ નિયમ ૯(ઘ) (૧))

## માછીમારી વહાણનું રજિસ્ટર

**બંદર અથવા મત્સ્યોદ્યોગ બારાનું નામ: ....................................... જિલ્લો : ...................**

| રજિસ્ટ્રેશન | રજિસ્ટ્રેશન તારીખ | માછીમારી વહાણના માલિકનું નામ (મો) | માછીમારી વહાણનું નામ અને અગાઉનું રજિસ્ટ્રેશન નંબર જો કોઈ હોય તો | યાંત્રિક અથવા બિનયાંત્રિક |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

| માછીમારી વહાણનું પરિમાણ | | | ઊંડાઈ | રજિસ્ટર થયેલ કુલ ટન ક્ષમતા | એન્જિન | |
|---|---|---|---|---|---|---|
| કુલ લંબાઈ | પઠાણની લંબાઈ | પહોળાઈ | | | બનાવટ | હોર્સ પાવર |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| | | | | | | |

| માછીમારી વહાણની બાંધણીનું વર્ષ | વહાણ ચલાવવા માટેનું મુખ્ય બંદર અથવા માછીમારી બારું | કોઈ બોજો અથવા સાનગીરો હોય જો હોય તો | નોંધ | રજિસ્ટર કરનાર અધિકારીની સહી |
|---|---|---|---|---|
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| | | | | |

# નમૂનો ૭

## (જુઓ નિયમ ૯(ગ))

## રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાંની વિગતોમાં ફેરફાર માટેની અરજી

પ્રતિ,
રજિસ્ટ્રેશન અધિકારી
જિલ્લો ....................

**વિષયઃ રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાંની વિગતોના ફેરફાર માટેની અરજી.**

શ્રીમાન,

હું/અમે, આથી, રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાંની વિગતોમાં ફેરફાર કરવા વિનંતી કરીએ છીએ. જેની વિગતો નીચે આપેલ છે:-

| | બાબત ક્રમાંક | રજિસ્ટ્રેશન પ્રમાણપત્રની વિદ્યમાન વિગતો | વિગતોમાં ફેરફાર |
|---|---|---|---|
| ૧. | માછીમારી વહાણના માલિક(કો)નું નામ (મો) અને સરનામું (મા) : | | |
| ૨. | જ્યાંથી માછીમારી વહાણ ચલાવવાનું હોય તે બંદર અથવા માછીમારી બારું: | | |
| ૩. | રજિસ્ટ્રેશન નંબર : | | |
| ૪. | રજિસ્ટ્રેશન તારીખ : | | |
| ૫. | માછીમારી વહાણના રજિસ્ટ્રેશનનું ચિહ્નઃ | | |
| ૬. | રજિસ્ટ્રેશન જેટલી મુદત માટે અમલમાં હોય તે મુદતઃ | | |
| ૭. | માછીમારી વહાણનું નામઃ | | |
| ૮. | યાંત્રિક અથવા બિનયાંત્રિક છે કે કેમ? | | |

| | | | |
|---|---|---|---|
| ૯. | માછીમારી વહાણનું પરિમાણઃ | કુલ લંબાઈ ........ મીટર<br>વહાણના પઠાણની<br>લંબાઈ ............ મીટર<br>પહોળાઈ .......... મીટર<br>ઊંડાઈ ......... મીટર<br>રજિસ્ટર થયેલ કુલ ટન<br>ક્ષમતા ................ | |
| ૧૦. | વહાણ યાંત્રિક હોય તો માછીમારી વહાણના એન્જિનની વિગતઃ | | |
| ૧૧. | માછીમારી વહાણની બાંધણીનું સ્થળ અને વર્ષ: | | |
| ૧૨. | એન્જિન બેસાડ્યાનું વર્ષ: | | |
| ૧૩. | માછીમારી વહાણ જ્યાંથી ચલાવવામાં આવશે તે મુખ્ય બંદરઃ | | |
| ૧૪. | માછીમારી વહાણ પર સાનગીરો, ગીરો અથવા અન્ય કોઈ બોજો હોય તો તેની વિગતો: | | |

હું/અમે સદરહુ વહાણના સંબંધમાં ઉપર જણાવેલી વિગતોમાંના ફેરફાર કરવા અને તેને રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં આમેજ કરવા માટે વિનંતી કરીએ છીએ.

સ્થળ ................ રજિસ્ટર થયેલા માછીમારી

તારીખ : ............ વહાણના માલિકની સહી

બિડાણ:

રજિસ્ટર થયેલ માછીમાર વહાણના નવા માલિકની સહી (જો માલિકીફેર કરવા ધાર્યું હોય તો)

# નમૂનો ૮

## (જુઓ નિયમ ૯(ગ) (૭))

## ત્રિમાસિક પત્રક

પ્રતિ,
રજિસ્ટ્રેશન અધિકારી અથવા
મત્સ્યોદ્યોગ અધિકારીનો હોદ્દો
જિલ્લો ......................
વિષયકઃ પત્રક રજૂ કરવા બાબત.
શ્રીમાન,

હું/અમે, આથી, ગુજરાત મત્સ્યોદ્યોગ નિયમો, ૨૦૦૩ના નિયમોથી ઠરાવ્યા પ્રમાણે .............થી .................. મુદત સુધીનું નમૂના-૮ મુજબનું ત્રિમાસિક પત્રક રજૂ કરીએ છીએ.

| | | |
|---|---|---|
| ૧. | રજિસ્ટ્રેશન નંબર : | |
| ૨. | લાઈસન્સ નંબર અને તારીખઃ | |
| ૩. | ત્રિમાસ પૂરા થયાનું પત્રકઃ | |
| ૪. | માછીમારી વહાણની વિગતઃ | |
| ૫. | હોડી જ્યાંથી ચલાવવામાં આવતી હતી તે બંદર : | |
| ૬. | માછીમારીના કુલ દિવસો : | |
| ૭. | કરવામાં આવેલ માછમારીનો પ્રકાર :<br>(ક) ટ્રોલ<br>(ખ) ગિલ નેટ<br>(ગ) પર્સ સિન<br>(ઘ) બોટ સિન<br>(ચ) લોંગ લાઈન | |
| ૮. | મચ્છીનો ઉતારેલ જથ્થોઃ | |
| ૯. | ઉતારવામાં આવેલ મચ્છીઓની જુદી જુદી મહત્ત્વની જાતઃ | |
| ૧૦. | ઈંધણ વપરાશ :<br>ક. ડીઝલ<br>ખ. ઓઈલ | |
| ૧૧. | છૂટી કરેલ કુલ ઊપજઃ | |
| ૧૨. | ચૂકવેલ લંગર ખર્ચઃ | |
| ૧૩. | ઉતરામણ ખર્ચ : | |
| ૧૪. | ત્રિમાસ માટે વાપરેલ બરફની કિંમતઃ | |
| ૧૫. | ખલાસીગણને ચૂકવેલ ખલાસઃ | |

| | | |
|---|---|---|
| ૧૬. | મરામત ખર્ચ<br>૧. હોડી માટે<br>૨. ગૂંથેલી જાળ માટે | |
| ૧૭. | ભરપાઈ કરેલ વીમાની રકમ અને આવરી લીધેલ મુદત: | |
| ૧૮. | કોઈ નવી જાળની ખરીદીની કિંમત: | |
| ૧૯. | જો વહાણને બિનઉપયોગમાં રાખેલ હોય તો, તેમ કરવાનાં કારણો | |

હું/અમે ....................................... આથી, જાહેર કરીએ છીએ કે ઉપર રજૂ કરેલ વિગતો મારી/અમારી ઉત્તમ જાણ પ્રમાણે ખરી છે.

સ્થળ : ............ વહાણના માલિકની સહી(ઓ)

તારીખ : ..........

## નમૂનો ૯

### (જુઓ નિયમ ૮(ગ)(૩) (૯) અને ૧૬)

### મુખ્ય લોગબુક

| અનુ. ક્રમાંક | વહાણની પરવાનગી તારીખ અને સમય | માછીમારી વહાણનું નામ અને તેનો રંગ. | રજિસ્ટ્રેશન નંબર | વહાણના માલિક/ કપ્તાનનું નામ અને ખલાસી બેડાના નામની યાદી | વહાણ ચલાવવાનું હોય તે વિસ્તાર | વહાણ આવવાની તારીખ સહિત સંભવિત સમય | સાથે લઈ ગયેલ ઈંધણ અને પાણીનો જથ્થો | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |

તારીખ : ................ હોડીના માલિકની સહી કપ્તાનની સહી

સ્થળ : ................

માછલી વેચનારનો ફોટો

# નમૂનો ૧૦

## (જુઓ નિયમ ૬(૮)(ઘ))

## માછલી વેચાણ હાટ માટેનું લાઇસન્સ મેળવવા માટેની અરજી

| | |
|---|---|
| ૧. અરજદારનું નામ | |
| ૨. ધંધાનું સ્થળ | |
| ૩. સરનામું | |
| ૪. લાઈસન્સનો પ્રકાર | જથ્થાબંધ અથવા છૂટક |
| ૫. ચૂકવેલ લાઈસન્સ ફીની વિગતોરૂપિયા | ........................................<br>ટીઆર-૫ નંબર ............... તારીખ ............ |

સ્થળ : ............... સહી

તારીખ : ............. અરજદારનું નામ

**નોંધઃ** અરજદારે પાસપોર્ટ સાઈઝના બે ફોટા અરજી સાથે જોડવા.

# નમૂનો ૧૧

## (જુઓ નિયમ ૬ (૮) (ઘ))

## માછલી વેચાણ હાટ માટેનું લાઇસન્સ

| | |
|---|---|
| ૧. અરજદારનું નામ | |
| ૨. ધંધાનું સ્થળ | |
| ૩. સરનામું | |
| ૪. લાઈસન્સનો પ્રકાર | જથ્થાબંધ અથવા છૂટક |

સ્થળ : .................... કચેરીનો સિક્કો (સહી)

તારીખ : .................. લાઈસન્સ આપનાર અધિકારીનું નામ અને હોદ્દો

# નમૂનો ૧૨

## (જુઓ નિયમ ૬(ઘ) (૮))

**માછલીનો રવાનગી માલ નોંધવા માટે 'ના વાંધા પ્રમાણપત્ર' મેળવવા માટેની અરજીનો નમૂનો**

| | | |
|---|---|---|
| ૧. | અરજદારનું નામઃ | |
| ૨. | સરનામુંઃ | |
| ૩. | માછલી મેળવવાનું અથવા ખરીદીનું સ્થાન : | |
| ૪. | માલભાડાનું ઠેકાણું : | ...................થી ................... સુધી |
| ૫. | માછલીનો જથ્થો કિલોગ્રામઃ | કિલોગ્રામ ..................................... |
| ૬. | જુદી જુદી જાત સંબંધી વિગતોઃ | |

સ્થળ : ................... અરજદારની સહી

તારીખ : ................. નામ.

# નમૂનો-૧૩

## (જુઓ નિયમ ૬ (૮) (ઘ))

**માછલીનો રવાનગી માલ નોંધવા માટેનું 'ના વાંધા પ્રમાણપત્ર'**

| | | |
|---|---|---|
| ૧. | પક્ષકારનું નામ | |
| ૨. | જથ્થો | |
| ૩. | નોંધવાનું સ્થળ | |
| ૪. | માલ-ભાડાનું ઠેકાણું | ....................થી .................. સુધી |

આથી .................. થી .................. સુધીનો માછલીનો રવાનગી માલ નોંધવા માટે 'ના વાંધા પ્રમાણપત્ર' કાઢી આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| સ્થળ : ................. | કચેરીનો | સહી |
| તારીખ : ............. | સિક્કો | લાઇસન્સ આપનાર અધિકારીનું નામ અને હોદ્દો. |

# નમૂનો-૧૪

## (જુઓ નિયમ ૬)

## મત્સ્ય બીજ/ઝીંગા બીજ આયાત કરવા માટેની અરજી

| | | |
|---|---|---|
| ૧. | અરજદારનું નામ: | |
| ૨. | સરનામું : | |
| ૩. | જળપટના પટાની વિગતો. | |
| ૪. | આયાત કરવામાં આવનાર મત્સ્ય બીજની સંખ્યા | પ્રજાતિ.................................. સંખ્યા .................................. |
| ૫. | જ્યાંથી મત્સ્ય બીજ આયાત કરવાના હોય તે સ્થળ. | |

સ્થળ : ................ અરજદારની સહી.

તારીખ : ............. નામ.

# નમૂનો ૧૫

## (જુઓ નિયમ ૬)

## મત્સ્ય બીજ/ઝીંગા બીજ આયાત કરવા માટેની પરવાનગી

| | | |
|---|---|---|
| ૧. | પટેદારનું નામ | |
| ૨. | સરનામું : | |
| ૩. | મત્સ્યબીજનો સંગ્રહ કરવાનો હોય તે જળાશયનું નામ: | પ્રજાતિ .................................. સંખ્યા .................................... |
| ૪. | મત્સ્યબીજની સંખ્યા. | |
| ૫. | મત્સ્યબીજ જ્યાંથી આયાત કરવાના હોય તે સ્થળ. | |

સ્થળ : ............... કચેરીનો સહી

તારીખ : ............. સિક્કો લાઈસન્સ આપનાર

અધિકારીનું નામ અને હોદ્દો

**નોંધ :** પટેદારે, પરવાનગીમાં જણાવેલ હોય તેવા મત્સ્યબીજનો સ્ટોક, આ કચેરીના પ્રતિનિધિની હાજરીમાં જળાશય ખાતે રાખવાનો રહેશે અને આવા સ્ટોક માટેનું 'રોજકામ' રજૂ કરવાનું રહેશે.

# નમૂનો ૧૬

## (જુઓ નિયમ ૬)

### ખાનગી ઈંડા સેવનગ્રહોમાં સંવર્ધન કાર્યક્રમો યોજવાની પરવાનગી મેળવવા માટેની અરજી

| | | |
|---|---|---|
| ૧. | અરજદારનું નામ | |
| ૨. | સરનામું | |
| ૩. | ઈંડા સેવનગૃહનું સ્થળ | |
| ૪. | મત્સ્ય સંવર્ધન કાર્યક્રમોની વિગતો | જાતિ ........ ઉત્પન્ન કરવાના બીજની સંખ્યા .............. |
| ૫. | સંવર્ધન કાર્યક્રમો માટેની સવલતો અને ઈંડા સેવનગૃહની ક્ષમતાની વિગતો. | |
| ૬. | ઉત્પન્ન કરેલ બીજના ખરીદ વેચાણની વિગતો. | |

સ્થળ : ...........　　　　અરજદારની સહી .......................

તારીખ : .........　　　　નામ ..................................

# નમૂનો ૧૭

## (જુઓ નિયમ ૬)

### ખાનગી ઈંડા સેવનગૃહે મત્સ્ય સંવર્ધન કાર્યક્રમો યોજવા માટેની પરવાનગી

| | | |
|---|---|---|
| ૧. | અરજદારનું નામ | |
| ૨. | સરનામું | |
| ૩. | ઈંડા સેવનગૃહનું સ્થળ | |
| ૪. | જેના માટે પરવાનગી આપવામાં આવી હોય તે મત્સ્ય સંવર્ધન કાર્યક્રમોની વિગતો | જાતિ .................. ઉત્પન્ન કરવાના બીજની સંખ્યા .................... |

સ્થળ :　　　　કચેરીનો　　　　(સહી)

તારીખ :　　　　સિક્કો　　　　લાઈસન્સ આપનાર

અધિકારીનું નામ અને હોદ્દો

**નોંધ:** *ઉપર આપેલ પરવાનગી સિવાયના સંવર્ધન કાર્યક્રમોની મંજૂરી આપવામાં આવશે નહિ.*

# નમૂનો ૧૮

## (જુઓ નિયમ ૬(૪)(ખ))

### જાળના કદની અને પકડવાની માછલીઓ માટે દરિયાઈ માછીમારે અનુસરવાની વિગતો

| ઉપકરણ | જાળનું કદ | પકડવાની માછલી |
|---|---|---|
| ટ્રોલ નેટ/ડોલ નેટ/ગોલ્વા | કોડ એન્ડમાં ૪૦ મિમિ ચો. જાળનું કદ | ડેમરસલ (દરિયાના તળિયેથી મળી આવતી) માછલીઓ |
| ગીલ નેટ | ૫" | પોમફ્રેટ, બ્લેક પોમફ્રેટ (હલવો માછલી) અને બીજી માછલીઓ |
| ગીલ નેટ | ૧૦" | ગોલ, દારા, રવાસ, સરમઈ, તુના અને બીજી માછલી |
| ગીલ નેટ | ૩.૭" | મુલેટ (ગાંધિયો) |

| | | |
|---|---|---|
| સ્થળ : | કચેરીનો | (સહી) |
| તારીખ : | સિક્કો | લાઈસન્સ આપનાર |
| | | અધિકારીનું નામ અને હોદ્દો |

અરજદારનો ફોટો

# નમૂનો ૧૯

## (જુઓ નિયમ ૬(૮)(ગ))

## માછલી અને છીપ-માછલી સંવર્ધન નોંધવાની અરજી

| | | |
|---|---|---|
| ૧. | અરજદારનું નામ | |
| ૨. | સરનામું | |
| ૩. | સંવર્ધનની તારીખ | |
| ૪. | સંવર્ધનનો વિસ્તાર | |
| ૫. | બીજ સ્ટોકિંગની વિગતો | |
| ૬. | જે રીતે મેળવેલ હોય તેની વિગતો | |
| ૭. | સબસિડી રકમ | |
| ૮. | બેન્ક સહાય | |

સ્થળ : ..........
તારીખ : .........

અરજદારની સહી ......................
નામ .................................

# નમૂનો ૨૦

## (જુઓ નિયમ ૬(૮) (ગ))

## સંવર્ધનમાંના પાકની વિગતો

| | | |
|---|---|---|
| ૧. | અરજદારનું નામ | |
| ૨. | સરનામું | |
| ૩. | મત્સ્ય-દાણનો (ફીડ) ઉપયોગ | |
| ૪. | મત્સ્ય-દાણની (ફીડ) વિગતો | |
| ૫. | આહાર વપરાશ ગુણોત્તર | |
| ૬. | ઉત્પાદન/વાર્ષિક | |
| ૭. | વેચાણની વિગતો | |

સ્થળ : ..........
તારીખ : .........

અરજદારની સહી ......................
નામ .................................

# નમૂનો ૨૧

### (જુઓ નિયમ ૮ (ખ) (૧))

### બોટ (હોડી)ના લાઇસન્સ માટેની અરજી

| | | |
|---|---|---|
| ૧. | અરજદારનું નામ | |
| ૨. | સરનામું | |
| ૩. | જળાશયનું નામ | |
| ૪. | બોટ(હોડી)ની વિગતો | પ્રકાર .......... લંબાઈ .......... |
| ૫. | સહકારી મંડળીનું નામ | |
| ૬. | ચૂકવેલ ફી | રૂ. .......... ટીઆરપી નં. ..........<br>તારીખ .................... |

સ્થળ : ........... અરજદારની સહી .......................

તારીખ : ......... નામ ..................................

ફોટો

# નમૂનો ૨૨

### (જુઓ નિયમ ૮ (ખ) (૧))

## અંતર્દેશીય જળ પટમાં બોટ (હોડી)નું લાઇસન્સ

| | | |
|---|---|---|
| ૧. | નામ | |
| ૨. | જળાશય/પાણીનો વિસ્તાર | |
| ૩. | રજિસ્ટ્રેશન નંબર | |

થળ : કચેરીનો (સહી)

તારીખ : સિક્કો લાઈસન્સ આપનાર

અધિકારીનું નામ અને હોદ્દો

અરજદારનો ફોટો

# નમૂનો-૨૩

## (જુઓ નિયમ ૮(ખ) (૧))

## પગડીયા લાઇસન્સ આપવા અથવા લાઇસન્સ તાજું કરાવવા માટેની અરજી

પ્રતિ,

મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક અને

લાઈસન્સ આપનાર અધિકારીશ્રી,

............................

અધિક્ષકશ્રી મત્સ્યોદ્યોગ અને

લાઈસન્સ આપનાર અધિકારીશ્રી

...............................

હું, નીચે જણાવેલ નિર્દિષ્ટ વિસ્તારમાં પગડીયા માછીમારી માટે મને પગડીયા લાઈસન્સ આપવા આપશ્રીને વિનંતી કરું છું. મારી વિગતો નીચે પ્રમાણે છેઃ-

| | | |
|---|---|---|
| ૧. | અરજદારનું નામ અને સરનામું | |
| ૨. | ઉપયોગમાં લેવાની જાળની વિગતો | |
| ૩. | કામગીરીનો નિર્દિષ્ટ વિસ્તાર | |
| ૪. | અગાઉ લાઈસન્સ આપવામાં આવ્યું હતું કે કેમ, જો આપવામાં આવ્યું હોય તો, અગાઉના લાઈસન્સનો નંબર અને તેની મુદત પૂરી થયાની તારીખ. | |
| ૫. | રજિસ્ટ્રેશન ફીની ચુકવણીની વિગતો. | |

હું, આથી જાહેર કરું છું કે હું ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓથી વાકેફ છું અને મને લાઈસન્સ આપવામાં આવશે તો તેની બોલીઓ અને શરતોનું પાલન કરીશ.

સ્થળ : ......................  અરજદારની સહી .........................

તારીખ : ....................  નામ ....................................

લાઈસન્સ ધરાવનારનો ફોટો

# નમૂનો ૨૪

## (જુઓ નિયમ ૮(ખ) (૧))

## પગડીયા માછીમારી માટેનું લાઇસન્સ

લાઈસન્સ નંબર ....................

| | | |
|---|---|---|
| ૧. | નામ | |
| ૨. | સરનામું | |
| ૩. | કામગીરીનો વિસ્તાર | |
| ૪. | ઉપયોગમાં લેવાની જાળની વિગતો | |
| ૫. | લાઈસન્સની કાયદેસરતાઃ | ..........થી .......... સુધી |

**શરતો :**

૧. મત્સ્યોદ્યોગ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ વ્યક્તિ માગણી કરે ત્યારે લાઇસન્સ રજૂ કરવું.

૨. લાઈસન્સદાર લાઇસન્સમાં જણાવેલ કામગીરીના નિર્દિષ્ટ વિસ્તાર સિવાયના બીજા કોઈ વિસ્તારમાં કામગીરી કરી શકશે નહીં.

૩. લાઈસન્સદારે લાઇસન્સમાં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના વિસ્તારમાં કોઈ માછીમારી ઉપકરણથી કામગીરી કરવી નહીં.

૪. તારીખ પૂરી થાય તે પહેલાં લાઈસન્સ તાજું કરાવવું.

૫. આ લાઈસન્સ હેઠળ લાઈસન્સદાર સિવાયની કોઈ પણ બીજી વ્યક્તિ માછીમારી કરી શકશે નહિ.

૬. ધાર્મિક સ્થળથી ૧૨૦ મીટરની અંદર માછીમારી પ્રવૃત્તિ કરી શકાશે નહિ.

૭. લાઈસન્સદારે જ્યારે માછલાં પકડવા અંગેની માહિતી માંગવામાં આવે ત્યારે પૂરી પાડવી.

| | | |
|---|---|---|
| સ્થળ : ........... | કચેરીનો | (સહી) |
| તારીખ : ........... | સિક્કો | લાઈસન્સ આપનાર<br>અધિકારીનું નામ અને હોદ્દો |

અરજદારનો ફોટો

# નમૂનો ૨૫

**(જુઓ નિયમ ૭ (૩૭))**

**જહાજવાડો (બોટ બિલ્ડિંગ યાર્ડ), પ્રોસેસિંગ પ્લાન્ટ, આઇસ ફેક્ટરી (બરફનું કારખાનું) અથવા મત્સ્યોદ્યોગને લગતા બીજા ઉદ્યોગો સંબંધી રજિસ્ટ્રેશન માટેની અરજી.**

પ્રતિ,
મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક અને
રજિસ્ટ્રેશન અધિકારીશ્રી,
...............................
મત્સ્યોદ્યોગ અધીક્ષક અને
રજિસ્ટ્રેશન અધિકારીશ્રી
...........................

હું/અમે, મારા/અમારા / મત્સ્યોદ્યોગ સંબંધી ઉદ્યોગની નોંધણી કરવા આપશ્રીને વિનંતી કરું છું/કરીએ છીએ, તેની વિગતો નીચે પ્રમાણે આપેલ છે:

| | | |
|---|---|---|
| ૧. | ઉદ્યોગના માલિક (કો)નું નામ (મો) અને સરનામું (મા): | |
| ૨. | ઉદ્યોગની વિગતો:<br>(૧) જહાજવાડો (બોટ બિલ્ડિંગ યાર્ડ):<br>(૨) પ્રોસેસિંગ પ્લાન્ટ:<br>(૩) આઇસ ફેક્ટરી:<br>(૪) બીજી કોઈ બાબત: | |
| ૩. | ઉદ્યોગ જ્યાં આવેલ હોય તે જગ્યા: | |
| ૪. | ફેક્ટરી/ઉદ્યોગની યુનિટ કોસ્ટ: | |
| ૫. | વાર્ષિક ઉત્પાદન ક્ષમતા: | |
| ૬. | રજિસ્ટ્રેશન ફીની ચુકવણીની વિગતો: | |

હું, આથી જાહેર કરું છું કે, હું/અમે, ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓથી વાકેફ છું/છીએ અને મને/અમને લાઇસન્સ આપવામાં આવશે, તો તેની બોલીઓ અને શરતોનું પાલન કરીશ/કરીશું.

સ્થળ : ................     અરજદાર (રો)ની સહી (ઓ) ......................

તારીખ : ..............     નામ : ..........................................

પ્રમાણપત્રધારકોનો ફોટો

## નમૂનો ૨૯

### (જુઓ નિયમ ૭(૩૭))

### .........................નું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર

*રજિસ્ટ્રેશન નંબર ............*

| | | |
|---|---|---|
| ૧. | અરજદાર (રો)નું નામ (મો) | |
| ૨. | સરનામું (મા) | |
| ૩. | ઉદ્યોગ/ફેક્ટરી (કારખાના)નું સ્થળ | |

*ગુજરાત મત્સ્યોદ્યોગ નિયમો, ૨૦૦૩માં કરેલી જોગવાઈઓને આધીન રહીને, આ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવામાં આવે છે.*

*પ્રવૃત્તિમાંના કોઈ ફેરફાર અથવા તે સિવાયની અન્ય પ્રવૃત્તિ રજિસ્ટ્રેશન અધિકારીની પૂર્વ પરવાનગી મેળવ્યા પછી હાથ ધરવી.*

*સ્થળ : ............ કચેરીનો (સહી)*

*તારીખ: ............ સિક્કો લાઈસન્સ આપનાર*

*અધિકારીનું નામ અને હોદ્દો*

*ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,*

**અનિલ પટેલ,**

*સરકારના નાયબ સચિવ,*

*બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ.*

~~૧૯. રદ કરવા બાબત અને અપવાદ~~

*(સન ૧૯૮૫નો ગુજરાત વટહુકમ ૧૧)* 

*(૧) ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત વટહુકમ, ૧૯૮૫, આથી રદ કરવામાં*

# ગુજરાત વાહન વ્યવહારના નિયમો - ૧૯૮૯

**૧૨૩. માલ લઈ જવાના / હેરાફેરી કરવાના વાહન / ડબ્બામાં પ્રાણીઓનું પરિવહન :**

(૧) કોઈપણ પ્રાણીને માલ પરિવહન કરવાના વાહન/ડબ્બામાં જાહેર સ્થળે પરિવહન કરવામાં આવશે નહીં સિવાય કે :

૧. બકરી, ઘેટાં, હરણ કે નાના કૂતરા

(એ) વાહનમાં દરેક પ્રાણીને ઓછામાં ઓછી જમીન પર ૦.૧૯ ચોરસ મીટર જગ્યા પૂરી પાડવી.

(બી) હવા ઉજાસની યોગ્ય વ્યવસ્થા તથા ગરમી સામે રક્ષણ પૂરું પાડવું.

૨. બીજા કોઈપણ પ્રાણીના કિસ્સામાં :

(એ) પશુદીઠ ઓછામાં ઓછી ૨/૧ મીટર જેટલી ભોંયતળિયાની જગ્યા તથા ધાવણ છોડાવ્યું હોય તેવા પશુનાં બચ્ચાં (નાનાં જન્મેલાં) માટે અડધી જગ્યા ભોંયતળિયામાં રાખવામાં આવી હોય.

(બી) વાહનનું ભારખાનું જમીનથી બધી બાજુથી અને પાછળથી ઓછામાં ઓછી ૧૫ મીટરની ઊંચાઈવાળું તથા મજબૂત સપાટ લાકડાથી કે લોખંડનાં પતરાંથી બનાવેલ હોવું જોઈએ.

(સી) સૂતી વખતે અવાજોને રોકવા માટે લાંબા નાના લાકડાના ચોરસ ટુકડાની વ્યવસ્થા કરવી.

(ડી) પ્રાણીને પીડા થાય / તકલીફ થાય તેવો એક પ્રકાશ / છાયાને પ્રાણીથી દૂર રાખવા.

(ઈ) પ્રાણીઓની સલામતી માટે વાહનથી આજુબાજુમાં દોરડા બાંધવા.

(૨) જો પ્રાણીને બે માળવાળા માલ લઈ જવાના વાહનમાં લઈ જવામાં આવતા હોય તો :

(એ) ઉપરના માળનો તળિયાને ઓછામાં ઓછી (સેન્ટીમીટરની ઊંચાઈવાળા ધાતુના પતરાથી ચારે બાજુથી ઢાંકી દેવું જેથી કરીને નીચેના માળ પર પહેલા પ્રાણીઓ પર ઉપરના માળના પ્રાણીઓનો કુદરતી કચરો જેવો કે પેશાબ, છાણ, મળ વગેરે ન પડે.

(બી) દરેક માળ પર ગટરની / કચરાના નિકાલની વ્યવસ્થા કરવી.

(સી) દરેક માળ પર પ્રાણીઓને સૂતી વખતે અવાજોથી રક્ષણ આપવા માટે લાકડાના લાંબા નાના ચોરસ ટુકડાની વ્યવસ્થા કરવી.

(ડી) જોગવાઈ એવી કરવામાં આવે છે કે, વાહનના ઉપરના માળે ફક્ત ગાય, ભેંસ, બળદ, આખલો, ઘોડો, કોઈપણ જાતનો નાનો ઘોડો, નર ગધેડો (બાળ), ઘોડી(બાળ)નાં બચ્ચાંઓને જ રાખી શકાશે.

(૩) સરકસ, નાનું પ્રાણી (સંગ્રહાલય કે પ્રાણી સંગ્રહાલયના પ્રાણીઓ કે તેને લગતા પ્રાણીઓને માલ પરિવહન કરતા વાહનમાં લઈ જઈ શકાશે નહીં / હેરાફેરી કરી શકાશે નહીં સિવાય કે,

૧. જંગલી અને હિંસક પ્રાણીઓના કિસ્સામાં, પૂરતી ક્ષમતાવાળું યોગ્ય પાંજરું કે પ્રાણીને હેરાફેરીથી લઈ જતાં વાહનમાં અલગ રીતે હોય અથવા તેવી અંદર જ બાંધવામાં આવેલ હોય કે જેથી પ્રાણીને દરેક વખતે સલામત રીતે રાખી શકાય.

૨. વાહનના તળિયામાં / જમીન પર દરેક પ્રાણીને માટે યોગ્ય મોકળાશ હોવી જોઈએ.

(૪) જ્યારે કોઈપણ માલ હેરાફેરી કરતું વાહન, પ્રાણીઓની હેરાફેરી કરતું હોય ત્યારે તેની ઝડપ કલાકના ૪૦ કિ.મી. થી વધવી જોઈએ નહીં.

**સમજૂતી :** આ નિયમોના હેતુ માટે પ્રાણીઓ એટલે કે તેમાં બકરીઓ, ઘેટાં, ભેંસ, આખલો કે ગાય, હરણ, ઘોડો, વછેરાં, ગધેડા, ડુક્કર કે તેનાં નાનાં બચ્ચાઓનો સમાવેશ થાય છે.

• • •

# આવશ્યક ચીજવસ્તુઓ અને પ્રાણી (ઢોર) નિયંત્રણ
# કાયદા હેઠળના હુકમો

**(ગુજરાત આવશ્યક ચીજવસ્તુ અને ઢોર (નિયંત્રણ) અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૨૦ (૨) મુજબ, આ હુકમો અમલમાં છે તેમ ગણાશે.)**

**૧. ક્રમ એસ.એલ.ટી. ૧૦૫૯/૮૨૧૬-ડી.**

*મુંબઈના આવશ્યક ચીજવસ્તુ અને પશુ - પ્રાણી (નિયમન) ધારો ૧૯૫૮ (મુંબઈ ૧૯૫૮ નો ૬૨ મો) ની કલમ - ૪ થી સુપરત થયેલ અધિકારોના અખત્યારમાં, આથી અત્રે મુંબઈની સરકારશ્રી તેનો હુકમ કરે છે કે રવિવાર તારીખ ૧૮ મી નવેમ્બર, ૧૯૫૯ ની અસરથી મુંબઈ રાજ્યમાં કે કોઈ પણ વ્યક્તિ - અત્રે પ્રસ્તુત (અનુસૂચિ) પરિશિષ્ટ દ્વારા બાકાત કરેલ વિસ્તાર સિવાય નીચે જણાવ્યા પ્રમાણેના પ્રકાર માંહેના કોઈપણ પ્રકાર (કે જાતના) પશુ - પ્રાણી કતલ કરશે નહિ જ કે કતલ કરાવશે નહીં જ, કે કતલ માટે પ્રાપ્ત કરશે કે પુનઃ વેચાણ કરશે નહીં જ.* (Shall Not) *જે નામે નીચે પ્રમાણે :-*

*(૧) ખુંટીઓ, બળદિયાઓ અને પાડાઓ જે ઉપયોગી છે અથવા દૂધ સિવાય કે પ્રજોત્પત્તિના હેતુમાં ઉપયોગમાં આવે તેવા છે અને વાછરડાઓ, અથવા*

*(૨) ગાયો, ભેંસો, અને એક વાછરડાવાળી ગાયો કે જે ઉપયોગી છે અથવા દૂધ અથવા તેમનો ઋતુકાળ જીતવાના હેતુમાં ઉપયોગી થાય તેમ છે, અને વાછરડીઓ*

*શરત એટલી કે આ હુકમમાં હેતુ કંઈપણ*

*(અ) પંદર વર્ષથી ઉપરની ઉંમરનાં કોઈ પશુ પ્રાણીની ખરેખર ધાર્મિક હેતુમાં કતલ કરવા માટેની પ્રાપ્તિ*

*(બ) રાજ્ય સરકારશ્રી દ્વારા સંસ્થાપિત, સંચાલિત કે માન્ય સંસ્થામાં દૂધનું પાણી બનતી બીમારીમાં શસ્ત્રક્રિયા કરેલ કે પશુ - પ્રાણીની કતલ માટેની પ્રાપ્તિ.*

**ખુલાસો :-** *આ હુકમના હેતુઓમાં "કતલ" નો અર્થ ખાટકીએ વેચાણ માટે માંસ મેળવવા માટે મારી નાખેલું એમ થાય છે.*

## અનુસૂચિ (પરિશિષ્ટ)

*(૧) બૃહદ મુંબઈ (ગ્રેટર) ની મ્યુનિસિપલ કોર્પોરેશનની હદની અંદરનો વિસ્તાર / વિસ્તારો*

*(૨) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ માંહેના વિસ્તારો*

*(૩) પૂના શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં વિસ્તારો અને પૂનાના કેન્ટોનમેન્ટની હદના વિસ્તારો*

*(૪) ભરૂચ બરો મ્યુનિસિપાલિટીની હદના વિસ્તારો, ભરૂચ.*

*(૫) બરો મ્યુનિસિપાલિટી સુરતની હદના વિસ્તારો, સુરત.*

*(૬) ગોધરાની મ્યુનિસિપાલિટીની હદના વિસ્તારો.*

*(૭) અહેમદનગરની બરો મ્યુનિસિપાલિટીની હદ માંહેના અને અહેમદનગરના કેન્ટોનમેન્ટની હદના વિસ્તારો.*

*(૮) ધુલિયાની બરો મ્યુનિસિપાલિટીની હદના વિસ્તારો.*

*(૯) ખેડા જિલ્લાના કપડવંજની બરો મ્યુનિસિપાલિટીની હદ માંહેના વિસ્તારો*

(૧૦) નાસિક જિલ્લાના માલેગાંવની બરો મ્યુનિસિપાલિટીની હદ માંહેના વિસ્તારો.

(૧૧) સોલાપુરની બરો મ્યુનિસિપાલિટીની હદ માંહેના વિસ્તારો.

(૧૨) થાણા જિલ્લાના કલ્યાણની બરો મ્યુનિસિપાલિટીની હદના વિસ્તારો.

(૧૩) મુંબઈ રાજ્યનો સૌરાષ્ટ્ર વિસ્તાર

(૧૪) ઔરંગાબાદ, જાલના, પરભણી, સાઈલુ, ભીર, નાન્દેદ, ઓસ્માનાબાદ, લાતુર અને મુંબઈ રાજ્યના મરાઠાવાડામાં ઉદગીરની શહેર મ્યુનિસિપાલિટી (નગરપાલિકા) ની હદ માંહેના વિસ્તારો.

(૧૫) મુંબઈનો વિદર્ભ વિસ્તાર.

**૨. ક્રમ એસ.એલ.ટી. - ૧૧૬૦/૧૮૪ તારીખ ૨-૪-૬૨ :-**

૧૯૫૮ (૧૯૫૮ નો ૬૨ મો) ના મુંબઈ આવશ્યક ચીજવસ્તુ અને પશુ પ્રાણી નિયંત્રણ ધારાની કલમ ૪ અને ૫ ના વાકય (બ) પેટા કલમ (૧), અને તેનું વાકય (ગ) દ્વારા સુપરત થયેલ સત્તાના અખત્યારમાં, ગુજરાત રાજ્યની રાજ્ય સરકારશ્રી આથી તેવો હુકમ કરે છે કે પહેલી એપ્રિલ ૧૯૬૨ ના દિવસે અને તે સમયથી અસરકારક (૧) ભેંસો અને (૨) ઘણ - ખુંટો અને બળદિયાઓ રવિવારથી શરૂ થતા કોઈ અઠવાડિયા દરમિયાન કતલ કરવામાં આવે તેની સંખ્યા અહીં અત્રે સામેલ અનુસૂચિની સૂચના ૧ માં દર્શાવેલ જગ્યાએ કતલખાનું હોય ત્યાં તે સૂચનાની સામે જણાવેલ સંખ્યા ક્રમથી વધી શકશે નહીં, જે સૂચના ક્રમ ૨ અને ૩ માં જણાવેલ છે.

## અનુસૂચિ

| અનુક્રમ | જગ્યા | અઠવાડિયા દરમિયાન કતલ કરવાપાત્ર ભેંસોની સંખ્યા વિશેષતમ | ખુંટ અને બળદોની વિશેષતમ સંખ્યા (બધા મળીને) જે એક અઠવાડિયા દરમિયાન કતલપાત્ર હોય. |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૨૦૦ | ૩૫૦ |
| ૨. | કપડવંજ | ૧૮ | ૮ |
| ૩. | નડિયાદ | ૩૦ | ૨ |
| ૪. | બોરસદ | ૧૬ | ૨ |
| ૫. | ભરૂચ | ૬૦ | ૨૦ |
| ૬. | અંકલેશ્વર | ૧૬ | ૫ |
| ૭. | જંબુસર | શૂન્ય | ૧ |
| ૮. | ગોધરા | ૧૮ | ૬૬ |
| ૯. | દાહોદ | ૬ | ૭૦ |
| ૧૦. | સુરત | ૬૧ | ૧૦ |
| ૧૧. | વલસાડ | શૂન્ય | ૨ |
| ૧૨. | રાંદેર | ૧ | ૫ |

(નોંધ : હવે આ રદ થયેલ છે.)

## ગુજરાત રાજ્ય પશુ પ્રાણી (હેરફેર નિયંત્રણ)હુકમ ૧૯૭૫

*વિગતો*

**વાક્યો :-**

*(૧) ટૂંક શીર્ષક અને શરૂઆત*

*(૨) રાજ્યમાં એક જિલ્લામાંથી વલસાડ, ભરૂચ, સુરત અને બનાસકાંઠાના સરહદી જિલ્લાઓમાં પશુ પ્રાણી (ઢોર) ની હેરફેર ઉપર નિયંત્રણ*

*(૩) પશુ પ્રાણીની હેરફેર બાબતની ખબર અધિકૃત અમલદારને પૂરી પાડવી.*

## ગુજરાત રાજ્ય પશુ પ્રાણી (હેરફેર નિયંત્રણ) હુકમ ૧૯૭૬

*હુકમ નં. જી.એચ.કે.એચ. ૧૯૫/એલ.વી.એસ. ૧૦૭૫/૨૭૪૯૦/આર., તા. ૭-૯-૧૯૭૬*

*ગુજરાત રાજ્યના સરકારી ગેઝેટમાં પ્રકાશિત ઈ.એક્ષ.ટી. પીટી.*

*૪ બી તા. ૨૨-૯-૧૯૭૬ પાનું ૫૨૨*

(s) Mktøkún fhðk {kxu ftÃkkIkeyu yrÄf]ík fhu÷ ÔÞÂõíkIkk Ikk{ yIku Ikktçkh :

(Í) MktþkuÄIkIkk «fkh yIku ÔÞkÃk, íku{ktÚke {¤u÷ yIku {¤ðk yÃkurûkík nkuÞ íkuðk ðkrýÂßÞf WÃkÞkuøk Mkkríkíkk suníkwt {kxu «ðMkIke rðkítíke fhðk{kt yðe nkuÞ íku níkwt :

(x) MktÃkr¥kIkku fkuE Mktøkún yÚkðk WÃkÞkuøk sirðf rðrðÄíkkIkk fkuEÃký ½xfIku ¼Þ{kt {qfu Au fu Ikrn yIku «ðþÚke WíÃkðk ÚkE þfu íku¾íkhu :

3. MktþkuÄIk yIku rðfkMkIke «ð]r¥kyku{kt ¼køk ÷pu íkuðe fkuEÃký hkßÞÌkÞ MktMÚkkIke rðøkík.

4. «kó fhu÷ MktÃkr¥kIkwt «kÚkr{f rIkÄkoheík MÚkkIk yIku MktþkuÄIk yIku rðfkMk «ð]r¥kyku ßÞkt y{÷{kt {qfkpu íku MÚkkIkIke yku¾.

5. «kó sirðf MktÃkr¥kIkk WÃkÞkuøk yÚkðk MktþkuÄIkÚke WËT¼ðíkkt yÚkSík ykŠÚkf yIku yLÞ ÷k¼ku yIku yhsËkh yÚkðk íkuIkk fu íkuýeIkk ËÍpIku WËÜ nkuÞ íkuðwt yÚkðk «kó ÚkE þfu íkuðwt ¿kkIk.

6. sirðf MktÃkr¥k{ktÚke {uYðÕkIkk çkkÞkuxufIkku÷kuSf÷, Ôi¿kkrIkf, Mkk{krsf yÚkðk fkuE yLÞ ÷k¼ku yIku «kó fhðk Ähu÷wt WËÜ nkuÞ íkuðwt ¿kkIk.

7. «kó sirðf MktÃkr¥k yIku ÃkhtÃkhøkík ¿kkIkIkk WÃkÞkuøk{ktÚke WËT¼ðíkk ÷k¼ku fu suMk{ËkÞkuIku {¤u íkuIkku yËks.

8. ÷k¼kuIke ¼køkçkxkE {kxu Mkq[ík {k¾wt yIku økkuXðý.

9. MkwMktøkík sýkÞ íkuðe fkuEÃký yLÞ {krníke.

## ભાગ ખ
## એકરાર

**હું/અમે જાહેર કરીએ છીએ કે,**

- Mqr[ik sirðf MktÃkr¥kIkk Mktøkún yIku WÃkÈkuøk MktÃkr¥kIkk yÃkhIku rðÃkheik yMh fhpu Ikn.
- Mqr[ik sirðf MktÃkr¥kIkk Mktøkún yIku WÃkÈkuøk fkuE ÃkEkoðhý÷uke yMh {kxu fkhý¼qik Úkpu Ikn.
- Mqr[ik sirðf MktÃkr¥kIkk Mktøkún yIku WÃkÈkuøk ÃkrhÂMÚkrik iktºk, («kýeyku, ðIkMÃkrik, ðkuhIke) ðikku yIku rsIkurxf zkÈðÎMkrx Mkrnik Ike sirðf-rðrðÄikkIku fkuE ³ikhku/ðk³( Q¼wt fhpu Ikn.
- Mqr[ik sirðf MktÃkr¥kIkk Mktøkún yIku WÃkÈkuøk MÚkkrIkf Mk{wËkÈkuIku «ríkfqø yMh fhpu Ikn.

nwt/y{u ðÃw{kt ònuh fheyu Aeyu fu yhSÃk°kf{kt Ãkqhe Ãkkzðk{kt ykðu÷e {krníke ³kre yIku Mkk[e Au yIku nwt/y{u fkuEÃký ¼q÷ðkre yÚkðk ³kuxe {krníke {kxu sðkçkËkh hnepwt.

**MÚk¤ :-** **Mne :-**
**ikkhe¾ :-** **Ikk{ :-**

**økwshkík hkßÞ Ãkk÷Ikk nwf{Úke yIku ikuÄIkk Ikk{u,**
**{kir÷f ³hkze,**
**Mkhfkh Ikk WÃkMkr[ð.**

## ગુજરાત બાયોલોજીકલ ડાયવર્સીટી રૂલ્સ, ૨૦૧૦ વિધાનસભા સમક્ષ રજુ કરવામાં થયેલ વિલંબના કારણો દર્શાવતું નિવેદન

økwshkík çkkÞku÷kuSf÷ zkÞðMkeoxe YÕMk, 2010 yk rð¼køkIkk ikk. 18-02-2010Ikk ònuhIkk{kt ¢{ktf : WLP/2003/1777/2009(45)W (PART II) Úke ytøkúuS{kt «rMkØ fhðk{kt ykðu÷. MkËhw ònuhIkk{wt økwshkíke{kt «rMkØ fhðk {kxu ðiÄkrIkf yIku MktMkËeÞ çkkçkíkkuIkk rð¼køkIku sýkðu÷ níkwt. suIkk MktËR¼o{kt økwshkík çkkÞku÷kuSf÷ zkÞðMkeoxe YÕMk, 2010 Iku ðiÄkrIkf yIku MktMkËeÞ çkkçkíkkuIkk rð¼køk ikhVÚke økwshkíke ¼k»kk{kt yIkwðkË fhe ikk. 19-02-2010Ikk økuÍux{kt «rMkØ fhðk{kt ykðu÷ Au. yIku yk rIkÞ{ku økwshkíke{kt yk rð¼køkIku ikk. 15-04-2010Ikk hkus {¤u÷ Au. yIku iÞkhçkkË {¤Ikkh rðÄkIkMk¼kIkk ykøkk{e Mkºk{kt rðÄkIkMk¼k øk]nIkk {us WÃkh {wfðk hsq fhðk{kt ykðu÷ Au. yk{ MkËhw rIkÞ{kuIkku økwshkíke yIkwðkË fhðk{kt Mk{Þ ÷køkðu÷ nkuE rðÄkIkMk¼k Mk{ûk hsq fhðk{kt rð÷tçk Úkðk Ãkk{u÷ Au. suÚke ÚkÞu÷ rð÷tçk Ëhøkwsh fhðk rðÄtíke Au.

• • •

# પરિપત્રો / સૂચનાઓ / જાહેરનામા

## ૧. ફરિયાદ નોંધવા અંગેના ગૃહ વિભાગનો તા.૨૨-૪-૯૮ નો પરિપત્ર

*પોલીસ સ્ટેશન અધિકારી જ્યારે કોગ્નીઝેબલ ગુનાની ફરિયાદ નોંધવાની ના પાડે ત્યારે તાલુકા મેજિસ્ટ્રેટશ્રીને ફરિયાદ આપવા બાબત.*

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

**ઠરાવ ક્રમાંક - પસફ - ૨૦૯૮ - ૨૫૧૧ - ડ**

**સચિવાલય, ગાંધીનગર**

**તા. ૨૨-૪-૯૮**

**આમુખ**

*કોઈ કોગ્નીઝેબલ ગુનાહીત કૃત્ય અંગે પ્રજા તરફથી ફરિયાદ આપવામાં આવે તો તે અંગે તાત્કાલિક ફરિયાદની નોંધણી અને તે અંગે કાનૂની કાર્યવાહી કરવાની પોલીસ સ્ટેશન અધિકારીની ફરજ છે. આમ છતાં ઘણા કિસ્સાઓમાં એવું જોવા મળ્યું છે કે, જે તે પોલીસ સ્ટેશનના અધિકારીઓ ફરિયાદ નોંધતા નથી કે સ્વીકારતા નથી. તેવી રજૂઆતો રાજ્ય સરકારને મળતી રહે છે. ફરિયાદ નહીં નોંધવાની આ ક્રિયા પ્રજાજનોને ન્યાય માટે "ના પાડવા" બરાબર છે. પોલીસ સ્ટેશન અધિકારીઓની આવી ફરિયાદો તાકીદે નોંધવાની અને કાયદા રાહે તેનો ઝડપથી ઉકેલ આવે તે જોવાની ફરજ છે. ફોજદારી કાર્યરીતિ ધારાની કલમ-૧૫૪માં કોગ્નીઝેબલ ગુનાની ફરિયાદ નોંધવાની કાર્યપદ્ધતિ વર્ણવેલ છે જે નીચે મુજબ છે.*

**કલમ-૧૫૪, પોલીસ અધિકારીના કેસોમાં ખબર**

*(૧) પોલીસ અધિકારીનો કોઈ ગુનો થવા અંગેની દરેક ખબર કોઈ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને મૌખિક રીતે આપવામાં આવે તો તેણે તે લખી લેવી જોઈએ અથવા પોતાની દેખરેખ નીચે લખાવી લેવી જોઈશે અને ખબર આપનારને વાંચી સંભળાવવી જોઈએ અને એવી લેખિત કે લખી લેવાયેલ ખબર ઉપર, ખબર આપનારે સહી કરવી જોઈશે અને આ માટે રાજ્ય સરકાર ઠરાવે તેવા નમૂનામાં તે અધિકારીએ પોતે રાખવાની ચોપડીમાં તેનો સારાંશ નોંધી લેવો જોઈશે.*

*(૨) પેટા કલમ (૧) હેઠળ નોંધ્યા પ્રમાણેની ખબરની એક નકલ ખબર આપનારને વિનામૂલ્યે તરત આપવી જોઈશે.*

(૩) પેટા કલમ (૧) માં ઉલ્લેખેલી ખબર નોંધવા માટે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીએ ના પાડ્યાની નારાજ થયેલી કોઈપણ વ્યક્તિને માહિતીનો સારાંશ સંબંધિત પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટને લખીને ટપાલ મારફત મોકલી શકશે અને જો તે પોલીસ સુપ્રિ. ને ખાતરી થાય કે તેવી ખબરથી પોલીસ અધિકારીનો ગુનો થયાનું જણાય છે તો તેઓ આ અધિનિયમમાં ઠરાવેલ રીતે જાતે પોલીસ તપાસ કરશે અથવા પોતાની સત્તા નીચેના પોલીસ અધિકારીને તે પ્રમાણે પોલીસ તપાસ કરવાનો આદેશ આપશે અને તેના અધિકારીને તે ગુના સબંધમાં પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને જે સત્તા હોય છે તે તમામ સત્તા રહેશે.

ફોજદારી કાર્યરીતિ ધારાની કલમ-૧૫૪(૩) હેઠળ જિલ્લા પોલીસ અધિકારીની મદદથી ફરિયાદીની ફરિયાદ નોંધાવવાની ઉપર્યુક્ત જોગવાઈ હોવા છતાં ફરિયાદ નહીં નોંધવાની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયેલ નથી. પ્રજાને આવી ફરિયાદો નોંધાવવા માટે જિલ્લાના પોલીસ મુખ્ય મથકે મદદ લેવા જવામાં ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે. ખરેખર તો ફરિયાદો નોંધાવવા ફરિયાદીએ તેમના વતન-ગામડેથી ઘણે દૂર જવું ન પડે તે માટે આવી વૈકલ્પિક વ્યવસ્થા તેમના ગામથી નજીકના તાલુકા કક્ષાએ થાય તે જરૂરી જણાતું હતું.

**ઠરાવ**

ફોજદારી કાર્યરીતિ ધારાની કલમ-૧૫૪ની સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં અમુક પોલીસ સ્ટેશનમાં સ્થાનિક પોલીસ સ્ટેશન અધિકારી કોગ્નીઝેબલ ગુનાના પ્રથમદર્શી અહેવાલ (એફ.આઈ.આર.)ની નોંધણી નથી કરતા તેવી જાહેર જનતાની રજૂઆત લક્ષમાં લઈને રાજ્ય સરકારે લોકોની રજૂઆત યોગ્ય રીતે નોંધાય તે માટે વિશેષ વ્યવસ્થા કરવાનું જરૂરી જણાયું છે. આના કારણે સમાજના નબળા વર્ગના ફરિયાદીને યોગ્ય ન્યાય મેળવવામાં વિશેષ મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

**ગૃહ વિભાગ**

જ્યારે સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારી આવી નોંધણી ન કરે ત્યારે સબંધિત વ્યક્તિ નજીકના તાલુકા મેજિસ્ટ્રેટને લેખિતમાં કોગ્નીઝેબલ ગુનાનો પ્રથમદર્શી અહેવાલ (એફ.આઈ.આર.) આપી શકશે અને તાલુકા મેજિસ્ટ્રેટ આ ફરિયાદ તેમના "શેરા" સાથે સબંધિત પોલીસ સ્ટેશન અધિકારીને મોકલશે. તાલુકા મેજિસ્ટ્રેટ તરફથી આવી વિગતો મળ્યેથી તુરત જ જે તે પોલીસ અધિકારીએ તેની નોંધણી કરવાની રહેશે. આમાં કોઈ કસૂર ન થાય તે જોવાની જવાબદારી જિલ્લા પોલીસ અધિક્ષકની રહેશે. કોઈ કિસ્સામાં કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય તો તેનું નિરાકરણ જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ અધિક્ષક, જિલ્લા મેજિસ્ટ્રેટના પરામર્શમાં કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. મહાપાત્ર
સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
- સર્વે માન. રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
- સર્વે નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- અધિક પોલીસ મહાનિર્દેશક સી.આઈ.ડી. (ક્રાઈમ), ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- અધિક પોલીસ મહાનિર્દેશક (રેલવે) સી.આઈ.ડી. (ક્રા. અને રે.)ની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

**ગૃહ વિભાગ :**

- તમામ પોલીસ કમિશનરશ્રીઓ,
- સર્વે ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ,
- સર્વે નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ,
- તમામ જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ,
- પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલવે, વડોદરા
- તમામ તાલુકા મેજિસ્ટ્રેટશ્રીઓ,
- ગૃહ વિભાગની તમામ શાખાઓ/ અધિકારીશ્રીઓ,
- શાખા સિલેક્ટ ફાઈલ, મદદનીશ સિલેક્ટ ફાઈલ.
- સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ.

## ૨. ફરિયાદ નોંધવા અંગે ગૃહખાતાની હેલ્પલાઈન

# હોમ ડિપાર્ટમેન્ટ - ગાંધીનગરની

# હેલ્પલાઈન

# ...(૦૭૯) ૨૩૨૫૧૮૦૫

# ... (૦૭૯) ૨૩૨૫૧૮૦૭

– *આ હેલ્પલાઈનમાં આપ ગુનાહિત બાબતની ફરિયાદ નોંધાવી શકો છો*

– *આ હેલ્પલાઈન તદ્દન વિનામૂલ્યે* (Toll Free) *ચાલે છે.*

– *ફરિયાદ આપતી વખતે ફરિયાદીએ પોતાનું નામ - સરનામું ઓળખ આપવી જરૂરી નથી.*

– *હેલ્પલાઈન એક રેકોર્ડિંગ સિસ્ટમથી ચાલે છે, એક લાંબી વ્હીસલ પૂરી થાય પછી સ્પષ્ટ અવાજમાં, મુદ્દાસર ફરિયાદ લખાવી દેવી જે સાંજના સમયે ઉતારી સંબંધિત જિલ્લા પોલીસ વડા / પોલીસ કમિશનરને મોકલી આપવામાં આવે છે.*

– *ફરિયાદનો ચોક્કસ નિકાલ આવે તે માટે તે સલાહભર્યું છે કે ફરિયાદ સળંગ ૨ થી ૩ દિવસ રોજ એકવાર નોંધાવવી.*

## ૩. ફરિયાદ નોંધવા અંગે ડી.જી.પી. ગુજરાતનો તા. ૧૧-૭-૦૭ નો પરિપત્ર

*ક્રમાંક : જી-૧ (ક્રાઈમ) /ટિ-૧/પરચ-૯૮/૧૭૧૨/૨૦૦૭*
*પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,*
*ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, સેક્ટર-૧૮,*
*ગાંધીનગર-૩૮૨૦૧૮.*
*તા. ૧૧/૦૭/૨૦૦૭.*

**વિષય : કોગ્નીઝેબલ ગુનાઓની એફ.આઈ.આર. નોંધવા બાબત.**

**હવાલો : અ. પો. મહા. શ્રી, સી. આઈ. ડી. (ક્રાઈમ) ગુ.રા., ગાંધીનગરનાઓની કચેરીના પત્ર ક્રમાંક : પીઆરસી/એફઆઈઆર/સરક્યુલર/૦૮/૦૭, તા. ૦૬-૦૧-૨૦૦૭.**

*ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અ.પો.મહા.શ્રી, સી. આઈ. ડી. (ક્રાઈમ) ગુ.રા., ગાંધીનગરનાઓએ હવાલાવાળા પત્રથી રાજ્યના તમામ પોલીસ કમિશનરશ્રીઓ/પોલીસ અધિક્ષકશ્રીઓને ગુનાની એફ.આઈ.આર. નોંધવા અને તે અંગેની સમયસર કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે.*

*વધુમાં રિલાયન્સ કોમ્યુનિકેશન લિ. ના તા. ૩૦-૦૫-૨૦૦૭ ના પત્રથી અત્રે રજૂઆત મળેલ છે કે, “તેમની કંપનીની સંદેશા વ્યવહારની સિસ્ટમ, ઓપ્ટીકલ ફાયબર અને તાંબાના કેબલ” દ્વારા ચલાવવામાં આવી રહેલ છે. તાજેતરના ભૂતકાળમાં કેટલાંક અસામાજિક તત્ત્વો દ્વારા કેબલ નેટવર્કને કાપી નુકસાન કરી ચોરી કરવામાં આવે છે. જેથી સંદેશા વ્યવહારની સિસ્ટમમાં વિક્ષેપ પડે છે. આવા કેબલને કાપી નુકસાન કરવાના કિસ્સાઓમાં કંપની તરફથી સંબંધિત પો.સ્ટે.માં લેખિત ફરિયાદો આપવામાં આવે છે. પરંતુ તે અરજી સ્વરૂપમાં સ્વીકારી એફ. આઈ. આર. નોંધવામાં આવતી નથી. જેથી આ પત્રથી સૂચના કરવામાં આવે છે કે, સદર કંપની તથા અન્ય કોઈ આવી જ કંપનીઓ તરફથી જ્યારે પણ ઉપરોક્ત બાબતો અંગેની રજૂઆત/ફરિયાદો મળે ત્યારે તપાસ દરમિયાન કોગ્નીઝેબલ ગુનાની વિગતો જણાઈ આવે તો તુર્ત જ એફ. આઈ. આર. નોંધવા તાબાના સર્વે પો.સ્ટે./અધિકારીશ્રીઓને સૂચના કરવી.*

*વધુમાં તૂટેલા નેટવર્કના સમારકામમાં જો કોઈ વ્યક્તિ અડચણ પેદા કરતી હોય તો યોગ્ય જણાય તો આવી કોમ્યુનિકેશન કંપનીઓને તેઓના ખર્ચે પૂરતો પોલીસ બંદોબસ્ત આપવા માટે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવામાં આવે અને હવે પછી આ બાબતે આવી કંપનીઓ તરફથી અત્રેની કચેરી સુધી રજૂઆત કરવાનો અવકાશ ન રહે તે જોવા વિનંતી છે.*

*(અમિતાભ પાઠક)*
*પોલીસ મહાનિરીક્ષક*
*(કા./વ્ય./ક્રાઈમ), ગુ.રા. ગાંધીનગર*

*પ્રતિ,*
*તમામ પોલીસ કમિશનરશ્રી*
*તમામ રેન્જ વડાશ્રી*
*તમામ પોલીસ અધિક્ષકશ્રી*

## ૪. ફરિયાદ નોંધવા અંગે તા. ૬-૧-૦૭ નો ડી.જી.પી. નો પરિપત્ર

*નં. પી.આર.સી./એફ.આઈ.આર/પરિપત્ર/૦૮/૦૭*
*એડી. ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસની ઓફિસ*
*સી.આઈ.ડી. (ક્રાઈમ્સ અને રેલવે)*
*ગુજરાત રાજ્ય, ગાંધીનગર*
*તા. ૬-૦૧-૨૦૦૭*

| | | |
|---|---|---|
| વિષય | : | એફ. આઈ. આર (ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ) ફરિયાદ દાખલ કરવા બાબત. |
| સંદર્ભ | : | નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો (લાલન ચૌધરી અને બીજાઓ વિરુદ્ધ બિહાર રાજ્યના કેસમાં) |

**પરિપત્ર :-**

*નામદાર સુપ્રીમ કોર્ટના નામદાર ન્યાયમૂર્તિશ્રી એચ. કે. સેમા તેમજ નામદાર ન્યાયમૂર્તિ શ્રી પી.કે. બાલા સુબ્રમણ્યમનાઓએ લાલન ચૌધરી અને બીજાઓ વિરુદ્ધ બિહાર રાજ્યના કેસમાં ચુકાદો આપેલ છે કે :*

*આ કેસમાં, લાલન ચૌધરી તેમજ અન્ય ૮ ઈસમોએ ભારતીય ફોજદારી ધારા હેઠળના ગુનાઓ માટે બિહારમાં ફરિયાદ નોંધાવેલ હતી. ફરિયાદના કથન મુજબ પોલીસ અધિકારીશ્રી યોગેન્દ્ર પ્રસાદે ફરિયાદ નોંધવાનો ઈન્કાર કરેલ તેથી તેઓ (ફરિયાદીઓ) સેશન્સ જજ (સત્રન્યાયધીશ) સમક્ષ ફરિયાદ નોંધાવી જે ફરિયાદ તેઓશ્રીએ પોલીસને મોકલી આપી. ત્યાર પછી ફરિયાદ નોંધવામાં આવી પરંતુ મોટા ભાગના ગુનાઓ જે દર્શાવવામાં આવેલ હતા તે ફરિયાદમાં લેવામાં (નોંધવામાં) આવેલ ન હતા. ટ્રાયલ કોર્ટ તેમજ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ સાહેબે આ પ્રમાણે જે તહોમતનામું ઘડવામાં આવેલું તેનો સ્વીકાર કરેલ પરંતુ તેની સામેની અપીલમાં નામદાર પટણા હાઈકોર્ટ મેજિસ્ટ્રેટશ્રીને વધારાના તહોમત (ગુના) ઉમેરવાનો આદેશ આપેલ. આ કેસમાં, નામદાર સુપ્રીમ કોર્ટે ( ઉચ્ચતમ ન્યાયાલય) નીચે મુજબના આદેશો આપેલા :-*

*કોગ્નીઝેબલ ગુનો જાહેરાત કરતી માહિતી (ફરિયાદ) જ્યારે પોલીસ ઓફિસરને મળે ત્યારે તે અંગે કેસ નોંધવા માટે પોલીસ ઓફિસર તેની ફરજની રૂએ બંધાયેલ છે. આવી માહિતી ખરેખર સાચી હોવી કે વિશ્વાસપાત્ર હોવી જોઈએ તે કેસ નોંધવા માટેની પૂર્વ શરત નથી. ફક્ત કેસની નોંધણી કર્યા બાદ એ હકીકત વિચારણા હેઠળ લેવાની રહે છે કે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ કેસ (ગુનો) જાહેર થાય છે કે નહિ.*

*પોલીસ ગુનો કે ક્રાઈમ અંગેની ફરિયાદ નોંધવામાં ઢીલ કે ઈન્કાર કરી શકે નહિ. જજમેન્ટ/ચુકાદો લખતી વેળાએ, નામદાર ન્યાયમૂર્તિશ્રી સેમા સાહેબે એવું જણાવેલ કે ફોજદારી કાર્યરીતિ ધારા (સી.આર.પી.સી.) ની કલમ ૧૫૪ નો આદેશ/અધિકાર એવો છે કે કોગ્નીઝેબલ (ઈન્સાફમાં લઈ શકાય તેવું) ગુનો જાહેર કરતી માહિતીના આધારે જ્યારે કોઈ ગુનો કે કેસની નોંધણી (રજિસ્ટ્રેશન) કરવામાં આવે ત્યારે તે તબક્કે પોલીસ અધિકારી એવી તપાસ કરી શકે નહિ કે તેવી માહિતી આધારભૂત કે સાચી છે કે નથી અથવા તો આવી માહિતી બિનજરૂરી કે વિશ્વાસપાત્ર નથી તેવા કારણથી કેસ નોંધવાની ના પાડી શકે નહિ.*

ઉપરોક્ત હકીકતને લક્ષમાં લેતાં, એફ.આઈ.આર(ફોજદારી ફરિયાદ) સમયસર લેવામાં (નોંધવામાં) માટે તે ફરિયાદીએ જાહેર કરેલી હકીકતો ઉપર આધારિત હોવી જોઈએ તે તેની ખાત્રી કરવા માટે કડક/આકરાં પગલાં લેવા આથી વિનંતી કરવામાં આવે છે.

સહી. જી.સી. રાઈગર
ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ
સી.આઈ.ડી. (ક્રાઈમ્સ અને રેલવે)
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**પ્રતિ :**

- દરેક પોલીસ કમિશ્નરશ્રીઓ
- દરેક વિભાગીય ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ/ ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસશ્રીઓ
- દરેક પોલીસ અધિક્ષકશ્રીઓ
- ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ, ક્રાઈમ - ૧ અને ૨
- ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ, ક્રાઈમ અને વહીવટ
- પોલીસ અધિક્ષકશ્રી ક્રાઈમ ૧, ૨ તેમજ ઈકોનોમી સેલ
- ડેપ્યુટી પોલીસ અધિક્ષકશ્રી, સી.આઈ.સેલ, નારકોટીક સેલ, પી.આર.સી. ઈકોનોમિક સેલ, અમદાવાદ ઝોન, ગાંધીનગર ઝોન, રાજકોટ ઝોન, બરોડા ઝોન (વિભાગ
- દરેક ડી.પી.આઈ, સી.આઈ.ડી. (ક્રાઈમ)

નકલ ડાયરેક્ટર જનરલ અને ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ ગુજરાત રાજ્ય, ગાંધીનગર ..................... માહિતી માટે.

## ૫. તા. ૧૯-૬-૯૭ નો ડી.જી.પી. ગુજરાતનો ગુનો નોંધવા અંગેનો પરિપત્ર

ક્રમાંક
પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ
અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,
અમદાવાદ, તારીખઃ ૧૯-૬-૯૭

### વિષય : કોઈપણ પોલીસ સ્ટેશને ફરિયાદીનો ગુનો નોંધવા બાબત.

*ગૃહ વિભાગના તા. ૧૬-૬-૯૭ ના પત્ર ક્રમાંક : પરચ/૨૯૯૭/૫૮૪૪/ડ થી માનનીય મુખ્યમંત્રીશ્રીને પોલીસ મહાનિર્દેશકશ્રીને જાણ કરેલ છે. કે, ફરિયાદી જ્યારે કોઈપણ પોલીસ સ્ટેશનમાં તેની ફરિયાદ લઈને જાય છે ત્યારે તે અંગેનો ગુનો દાખલ કરવામાં આવતો નથી. અને ગુનો જે વિસ્તારમાં બન્યો હોય તે વિસ્તારમાં પોલીસ સ્ટેશનમાં જઈ ફરિયાદ નોંધાવવા જણાવવામાં આવે છે. આ બાબત યોગ્ય નથી એ તેને ઘણી ગંભીરતાથી લેવામાં આવેલ છે.*

૨. *ગુજરાત પોલીસ મે-યુમલ ભાગ-૩ ના નિયમ-૧૨૦ અન્વયે ફરિયાદી કોઈપણ નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી શકે છે. અને જો તે ફરિયાદી તેમના વિસ્તાર બહારનો હોય તો ઝીરો નંબરથી ગુનો દાખલ કરી ફરિયાદ સંબંધિત પોલીસ સ્ટેશને મોકલવા સ્પષ્ટ જણાવેલ છે. આ નિયમનું ઉલ્લંઘન કોઈપણ રીતે ન થાય તે જોવા અને જો કોઈ અધિકારી ઉલ્લંઘન કરતો જણાય તો તેની સામે યોગ્ય શિક્ષાત્મક પગલાં ભરવા પોલીસ મહાનિર્દેશકશ્રીના આદેશથી સૂચના આપવામાં આવે છે.*

પી.સી.પાન્ડે
ખાસ મુખ્ય પોલીસ અધિકારી (કા.અને વ્ય)
ગુજરાત રાજ્ય અમદાવાદ

પ્રતિ,

- તમામ પોલીસ કમિશનરશ્રી
- તમામ જિલ્લા પોલીસ અધિકારીશ્રી (પશ્ચિમ રેલવે સહિત)

• • •

## ૬. ડી.જી.પી. ગુજરાતનો તા. ૨૧-૧૧-૦૫ નો પ્રાણીઓ/પક્ષીઓ તાંત્રિક ઉપયોગ પ્રતિબંધ પત્ર

*ક્રમાંક : જી-૧ (ક્રાઈમ)/ટે-૨/પ્રાણી-૨૫/૪૧૪૦/૨૦૦૫*
*પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,*
*ગુજરાત રાજ્ય પોલીસ ભવન, સેક્ટર-૧૮,*
*ગાંધીનગર-૩૮૨૦૧૮.*
*તા. ૨૧/૧૧/૨૦૦૫.*

**વિષય : તાંત્રિક વિધિમાં રક્ષક પ્રાણી-પક્ષીના ક્રૂર ઉપયોગ દર્શાવતાં પુસ્તકો ઉપર પ્રતિબંધ મૂકવા બાબત.**
**મુંબઈ જીવદયા મંડળી, અમદાવાદની રજૂઆત.**

**સંદર્ભ: ગૃહ વિભાગના પત્ર ક્રમાંક : વિ. ૨/પશઅ/૧૧૦૫/આર.આઈ.ટી-૧, તા. ૭-૧૧-૨૦૦૫**

પરિપત્ર

*મુંબઈ જીવદયા મંડળી, અમદાવાદે પ્રાણી પક્ષીઓના ક્રૂર ઉપયોગ દર્શાવતાં પુસ્તકો પર પ્રતિબંધ મૂકવા ગુજરાત સરકારશ્રી સમક્ષ રજૂઆત કરી હતી અને રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ ૨૦૦૫ અન્વયે સંસ્થાની આ રજૂઆત બાબતમાં સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી માંગેલ હતી. આ સંદર્ભમાં ગૃહ વિભાગના અંગ્રેજી પત્ર ક્રમાંક :* SB. 11/PSA/112005/RTI-1, *તા. ૨૯-૧૦-૨૦૦૫ થી રજૂઆત કર્તા સંસ્થાને મોકલવામાં આવેલ માહિતીની તથા ગુજરાત એનિમલ્સ એન્ડ બર્ડ્સ સેક્રીફાઈસીસ (પ્રોહિબિશન) અધિનિયમ-૧૯૭૨ ની નકલ આ સાથે સામેલ રાખી મોકલેલ છે.*

*જાહેર જનતાને જાણકારી આપવાના હેતુથી આ અધિનિયમની જોગવાઈઓને બહોળી પ્રસિદ્ધિ આપવા ગૃહ વિભાગના સંદર્ભમાં નિર્દિષ્ટ પત્રથી સૂચના થઈ આવેલ છે. આ અધિનિયમની કલમ ૯ મુજબ અધિનિયમની જોગવાઈઓના ઉલ્લંઘનની જાણકારી/માહિતી આપવામાં આવે તુરત જ ગુનો દાખલ કરી નામ. કોર્ટનો મનાઈ હુકમ મેળવવાની ફરજ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીની છે.*

*સરકારશ્રીની સૂચના મુજબ જાહેર જનતાની જાણ માટે આ અધિનિયમને બહોળી પ્રસિદ્ધિ આપવા વ્યવસ્થા કરવા અને મુંબઈ જીવદયા મંડળીના પ્રતિનિધિ અગર તો કોઈપણ વ્યક્તિ આ અધિનિયમના ભંગની માહિતી આપે ત્યારે અધિનિયમની જોગવાઈઓ મુજબ ત્વરિત કાર્યવાહી હાથ ધરવા આથી સર્વેને સૂચના આપવામાં આવે છે.*

*પોલીસ મહાનિર્દેશકશ્રીના હુકમથી*
*બિડાણ :- ઉપર મુજબ.*

*(અમિતાભ પાઠક)*
*પોલીસ મહાનિરીક્ષક*
*(કા./વ્ય./ક્રાઈમ), ગુ.રા., ગાંધીનગર*

*પ્રતિ,*
*સઘળા પોલીસ કમિશનરશ્રીઓ, ગુ.રા.*
*સઘળા પોલીસ અધિકારીશ્રીઓ (પશ્ચિમ રેલવે વડોદરા તથા વિજીલન્સ સહિત) ગુ.રા.*

**નકલ સવિનય રવાના :**
*શ્રી સંજય બી. કોઠારી,*
*ટ્રસ્ટી મુંબઈ જીવદયા મંડળી,*
*૩૧૭, નાલંદા એન્ક્લેવ, સુદામા રીસોર્ટની સામે, પ્રિતમનગર, પહેલા ઢાળ,*
*એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.*

*અગ્ર સચિવશ્રી,*
*ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, બ્લોક નં. ૨, ગાંધીનગર-૩૮૨૦૧૦.*
*૨/- ગૃહ વિભાગના પત્ર ક્રમાંક : વિ. ૨/૫શઅ/૧૧૦૫/આર.આઈ.ટી-૧, તા. ૭-૧૧-૦૫ અન્વયે જાણ સારુ*

– *અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી,*
*સી.આઈ.ડી. (ક્રાઈમ અને રેલવેઝ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૮.*

– *અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી,*
*તાલીમ, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૮.*

– *સઘળા આચાર્યશ્રીઓ, પોલીસ તાલીમ મહાશાળા/પોલીસ તાલીમ શાળા*
*સઘળા રેન્જ વડાશ્રીઓ, ગુ.રા.*

## ૭. ભારતીય જીવજન્તુ કલ્યાણ બોર્ડ (વન્ય અને પર્યાવરણ મંત્રાલય, ભારત સરકાર)

ભારત સરકાર
ડી.ઓ.આઈ.આર. નં.
૫૬/૨૦૦૮/પી.સી.એ.
તા. : ૧૮-૮-૨૦૦૮

**વિષય :** **જિલ્લા ખુરદા ઓરિસ્સા-પ્રદેશમાં પ્રાણીઓની સાથે અમાનવીય વ્યવહાર તથા પ્રાણીઓનું ગેરકાયદે લેવાતું બલિદાન અટકાવવા માટે તથા પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા પ્રતિબંધક ધારો, ૧૯૬૦ના તાત્કાલિક અમલ માટે.**

**સંદર્ભ :** **કચેરીના ડી.ઓ. પત્ર નં. ૩૫/૨૦૦૮ પીસીએ તા. ૦૬-૦૬-૨૦૦૮ અને ડી.ઓ. પત્ર નં. ૬૦/૨૦૦૮ પીસીએ તા. ૧૮-૦૮-૨૦૦૮**

સાહેબશ્રી,

ઉપરના વિષયના સંદર્ભમાં અમે આધારભૂત સૂત્રો દ્વારા, ઓરિસ્સા રાજ્યના ખુરદા જિલ્લામાં પ્રાણીઓના પરિવહન સમયે તેમજ પ્રાણીઓની સાથે ક્રૂરતા ભર્યો મોટા પ્રમાણમાં વ્યવહાર થતો હોવાની ફરિયાદ મળી છે.

જીવજંતુ કલ્યાણ બોર્ડ (એડબલ્યુબીઆઈ) એ સંસદ દ્વારા પસાર કરાયેલા કાયદો પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા પ્રતિબંધક ધારો, ૧૯૬૦ અન્વયે સ્થાપના થયેલ વૈધાનિક સંસ્થાન છે. કે જે સામાન્ય રીતે પ્રાણીઓના કલ્યાણ માટે તેમજ પ્રાણીઓને થતી બિનજરૂરી વેદના અને દુઃખ પરત્વે રક્ષણ આપવાનું કાર્ય કરે છે. બી. ડબલ્યુ.આઈ. પ્રાણીઓની પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધક ધારો અન્વયે બનાવવામાં આવેલ વિવિધ કાયદા અને નિયમોને સાંકળીને પ્રાણીઓ માટે કલ્યાણની યોજનાઓનો અમલ કરાવે છે.

'વ્યક્તિગત અને તાલીમ ખાતું (પર્સોનલ એન્ડ ટ્રેનિંગ) વ્યક્તિગત જાહેર વિવાદ તથા પેન્શન મંત્રાલય, નવી દિલ્હીના પત્ર નં. એફ-30.0૯.૨૦૦૬ - વેલફેર તા. ૨૬.૦૫.૨૦૦૮ અનુસાર, એવું જણાવવામાં આવ્યું છે કે, જો કોઈ સરકારી કર્મચારી પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતાની બાબતમાં કોઈ દખલ કરશે તો, તે પોતે પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા પ્રતિબંધક ધારો, ૧૯૬૦ હેઠળ કાર્યવાહી માટે જવાબદાર થશે. આ કાયદાની શિક્ષા ઉપરાંત તે પોતે સી.એસ.એસ.(વર્તણૂક) નિયમો હેઠળ સરકારી કર્મચારીને થતી શિક્ષાને પાત્ર થશે. એ નોંધવું જરૂરી છે કે, રખડતા પ્રાણીઓના પ્રશ્ન માટે, સરકારી / સ્થાનિક સ્વરાજ્યની ઘણી સંસ્થાઓ માન્યતા ધરાવે છે.

દેશમાં તથા કોઈપણ રાજ્યમાં પ્રાણીઓ પ્રત્યે થતી ક્રૂરતા અટકાવવાનું કાર્ય એ રાજ્ય સરકાર તથા જે તે વિસ્તારનાં પ્રાણીઓ બચાવવાની કાર્યવાહી કરતા કાર્યકરોના પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા પ્રતિબંધક ધારો, ૧૯૬૦ અને બીજા રાજ્ય સરકારે બનાવેલા કાયદા, કેન્દ્ર સરકારે બનાવેલા કાયદા તથા રાજ્યનો પ્રદૂષણ નિયંત્રણ ધારો, રાજ્યનો મ્યુનિસિપલ ધારો અને ભારતીય ફોજદારી ધારો, ૧૯૬૦ની કલમ ૪૨૮, ૪૨૯ તથા ભારતનું બંધારણ ૧૯૫૦ના અનુચ્છેદ ૪૮, ૪૮-એ તથા ૫૧ના સંયુક્ત પ્રયત્નોથી ઉપયોગથી થાય છે.

અને તેથી હું આપશ્રીને, સંબંધિત સત્તામંડળ / સત્તાધિકારોઓને પ્રાણીઓના પરિવહન વખતે તેમને થતી બિનજરૂરી વેદના, પીડા તથા તેમના પ્રત્યેની ક્રૂરતા અટકાવવા માટે પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા પ્રતિબંધક ધારો, ૧૯૬૦ અન્વયે પગલાં લેવા બાબત જરૂરી સૂચનાઓ જારી કરવાની વિનંતી કરું છું.

જવાબની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ
(ડી. રાજાશેકર)

મુખ્ય સચિવ,
ઓરિસ્સા સરકાર, પી.ઓ. ભુવનેશ્વર, ઓરિસ્સા.

## ૮. ૧૭-૧૧-૦૫ નો આવશ્યક ચીજવસ્તુ અને પ્રાણી નિયંત્રણ કાયદા હેઠળ બળદ વિ. નો રદ થયેલ કોટા અંગેનો પરિપત્ર

**સુપ્રીમ કોર્ટ મેટર**

**સમયમર્યાદા**

*સિવિલ અપીલ નં. ૪૯૩૭ થી ૪૯૪૦/૧૯૯૮ના કેસમાં સુપ્રીમ કોર્ટ તા. ૨૬-૧૦-૨૦૦૫ના રોજ આપેલ ચુકાદાના સંદર્ભમાં મુંબઈ આવશ્યક ચીજવસ્તુઓ અને પશુ (નિયંત્રણ) અધિનિયમ ૧૯૫૮ હેઠળ તા. ૧૫-૧૦-૧૯૭૬ અને તા. ૧૧/૧૨/૧૯૮૯ના જાહેરનામાથી બળદ કે ધણખૂંટની કતલના ક્વોટા નિયત કરેલ છે તે રદ કરવા બાબત.*

**ગુજરાત સરકાર**
**કૃષિ અને સહકાર વિભાગ,**
**પરિપત્ર ક્રમાંક એસ.એલ.ટી-૨૦૦૫-૨૫૪૬-૫, ૧**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. ૧૭-૧૧-૨૦૦૫.**

**<u>પરિપત્ર</u>**

૧. *ગુજરાત રાજ્યમાં મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ અમલમાં છે. આ કાયદા અન્વયે ગાય અને ૧૬ વર્ષથી નીચેના ગૌવંશની કતલ પર સંપૂર્ણ પ્રતિબંધ અમલમાં હતો. પરંતુ રાજ્યના રજિસ્ટર્ડ (નિયંત્રિત) કતલખાનાંઓમાં ૧૬ વર્ષથી ઉપરની ઉંમરનાં બિનઉપયોગી બળદ/ધણખૂંટની અધિકૃત પશુચિકિત્સા અધિકારીના પ્રમાણપત્રના આધારે કતલ કરી શકાતી હતી.*

૨. *મુંબઈ આવશ્યક ચીજવસ્તુઓ અને પશુ (નિયંત્રણ) અધિનિયમ ૧૯૫૮ હેઠળ રાજ્ય સરકારના તા. ૧૫-૧૦-૧૯૭૬ના જાહેરનામા ક્રમાંક : જીએચઆરબી-૧૮૯-૭૬-એસએલટી- ૧૧૭૩-૬૬૯૨૮-આર થી ધણખૂંટ /બળદ અને ભેંસની કતલ અંગેના ક્વોટા નિયત કરવામાં આવેલ હતા. ત્યારબાદ રાજ્ય સરકારશ્રીના તા. ૧૧-૧૨-૧૯૮૯ ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૩-૮૯-એસએલટી-૧૪૮૯-૨૯૨૫-૫.૧ થી ધણખૂંટ કે બળદની કતલ અંગેના ક્વોટામાં સુધારો કરવામાં આવેલ હતો.*

૩. *ઉક્ત અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે ૧૯૯૩ ના ગુજરાતના ચોથા સુધારા વટહુકમ તા. ૨૩-૯-૧૯૯૩ થી ધણખૂંટ કે બળદની કતલ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવતો સુધારો કર્યો હતો. ત્યારબાદ રાજ્ય સરકારે ૧૯૯૪ ના ગુજરાતનાં ચોથા સુધારા અધિનિયમ તા. ૧૫-૩-૧૯૯૪ થી ઉક્ત વટહુકમને કાયદાનું સ્વરૂપ આપવામાં આવેલ હતું. જેને લીધે ધણખૂંટ કે બળદની કતલ પર સંપૂર્ણ પ્રતિબંધ અમલમાં આવ્યો હતો.*

૪. રાજ્ય સરકારના ૧૯૯૩ના ગુજરાતના ચોથા સુધારા વટહુકમને મીરઝાપુર મોટી કુરેશી કસબ જમાત, અમદાવાદ અને બીજી ત્રણ સંસ્થાઓએ નામદાર હાઈકોર્ટમાં પડકારેલ હતો. નામ. ગુજરાત હાઈકોર્ટે એસસીએ નંબર:૯૯૯૧/૯૩, ૧૧૨૦૪/૯૩, ૧૧૩૦૯/૯૩ અને ૧૧૩૭૯/૯૩ ના કેસોમાં તા. ૧૬-૪-૯૮ ના રોજ ચુકાદો જાહેર કરી રાજ્ય સરકારના ચોથા સુધારા અધિનિયમને ગેરબંધારણીય ઠરાવેલ હતો. આમ, ૧૯૫૪ ના કાયદાની મૂળ જોગવાઈઓ પુનઃ અમલમાં આવતાં અગાઉ તા. ૧૫-૧૦-૧૯૭૬ અને તા. ૧૧-૧૨-૧૯૮૯ જાહેરનામાથી ૧૬ વર્ષથી ઉપરની ઉમરના ધણખૂંટ કે બળદની અધિકૃત પશુચિકિત્સા અધિકારીશ્રીના પ્રમાણપત્રના આધારે કતલ થઈ શકતી હતી.

૫. ફકરા નં. ૪ માં દર્શાવેલ નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૧૬-૪-૧૯૯૮ ના ચુકાદા સામે રાજ્ય સરકારશ્રીએ નામ . સુપ્રીમ કોર્ટમાં સિવિલ અપીલ નં. ૪૯૩૭ થી ૪૯૪૦/૧૯૯૮ દાખલ કરેલ હતી. આ કેસની અંતિમ સુનાવણી તા. ૨-૮-૨૦૦૫ થી તા. ૧૦-૮-૨૦૦૫ સુધી સાત જજશ્રીઓની બંધારણીય બેચ સમક્ષ થયેલ અને તેના આધારે નામ. સુપ્રીમ કોર્ટ તા. ૨૬-૧૦-૨૦૦૫ ના ચુકાદાથી રાજ્ય સરકારશ્રીએ મુંબઈ પશુસંરક્ષણ અધિનિયમ -૧૯૫૪ હેઠળ ૧૯૯૪ ના ગુજરાતના ચોથા સુધારા અધિનિયમથી સંપૂર્ણ ગૌવંશ હત્યા પ્રતિબંધનો જે સુધારો કરેલ હતો તેને બંધારણીય ઠરાવી નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૧૬-૪-૧૯૯૮ ના ચુકાદાને રદબાતલ ઠેરવેલ છે. આમ હવે રાજ્યમાં તા. ૨૬-૧૦-૨૦૦૫ થી સંપૂર્ણ ગૌવંશ પ્રતિબંધ અમલમાં આવતાં હવે પછી ગૌવંશના ગાય, વાછરડી કે વાછરડો, ધણખૂંટ કે બળદ પૈકીના કોઈપણ પશુની કતલ થઈ શકશે નહીં તેમજ પશુચિકિત્સા અધિકારીશ્રીએ ઉક્ત પશુઓની કતલના સંદર્ભમાં કોઈપણ પ્રમાણપત્ર આપવાનું રહેશે નહીં.

૬. ફકરા નં. ૨ માં દર્શાવેલ રાજ્ય સરકારશ્રીના તા. ૧૫-૧૦-૧૯૭૬ અને તા. ૧૫-૧૨-૧૯૮૯ ના જાહેરનામાથી મુંબઈ આવશ્યક ચીજવસ્તુઓ અને પશુ નિયંત્રણ અધિનિયમ ૧૯૫૮ હેઠળ ધણખૂંટ કે બળદની કતલનો ક્વોટા નિયત કરવામાં આવેલ હતો. તે નામ. સુપ્રીમ કોર્ટના તા. ૨૬-૧૦-૨૦૦૫ ના ચુકાદાના પરિપ્રેક્ષ્યમાં રદબાતલ કરવો જરૂરી બનેલ હતો જે હવે આ સાથે રાખેલ તા. ૧૬-૧૧-૨૦૦૫ ના હુકમ ક્રમાંક : જીએચકેએચ-૪૦-૨૦૦૫-એસએલટી-૨૦૦૫-૨૫૪૬-૫.૧ થી રદબાતલ ઠરાવવામાં આવેલ છે. જે નોટિફિકેશનની નકલ આપની જાણ અર્થે સામેલ કરેલ છે.

૭. સુપ્રીમ કોર્ટના તા. ૨૬-૧૦-૨૦૦૫ના ચુકાદા મુજબ રાજ્યમાં હવે સંપૂર્ણ ગૌવંશ પ્રતિબંધ અમલમાં આવતો હોઈ, ગૌવંશના કોઈપણ પશુની કતલ થઈ શકશે નહીં અને આવી કતલ જો કોઈ ઈસમ કરતો માલૂમ પડે તો તેને મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ ની કલમ-૮ હેઠળ જેલની સજા અથવા દંડ અથવા દંડ સાથેની સજા તેમજ ગુજરાત આવશ્યક ચીજનવસ્તુઓ અને પશુ (નિયંત્રણ) અધિનિયમ-૨૦૦૫ની કલમ-૯ હેઠળ પણ જેલની સજા સાથે દંડની સજા થઈ શકે છે. આથી આ બંને અધિનિયમોની રાજ્યમાં ચુસ્તપણે અમલવારી કરવા સંબંધિત સર્વે વિભાગો તેમજ પશુપાલન ખાતાને આથી વિનંતી કરવામાં આવે છે. તદ્ ઉપરાંત આ પરિપત્રમાં દર્શાવેલ જોગવાઈઓ મુજબ હવે મ્યુનિસિપલ કોર્પોરેશન/ નગરપાલિકા / નગર પંચાયત / ગ્રામ પંચાયત વિસ્તારની હદમાં આવતા માન્ય સ્લોટર હાઉસમાં કે ગેરકાયદેસર ગૌવંશના પશુની કતલ ન થાય તે માટે આ અધિનિયમોની અમલવારી સચિવાલયના જે વહીવટી વિભાગો દ્વારા થાય છે. તે વિભાગોએ તેમના નિયંત્રણ હેઠળની ખાતાના વડાની કચેરીઓ તેમજ ક્ષેત્રીય કચેરીઓને આ અંગે સતત, ઘનિષ્ટ અને ચાંપતી દેખરેખ રાખવાની, તેનો ચુસ્તપણે

અમલ થાય તે માટે જરૂરી સૂચનાઓ તાત્કાલિક આપવા પણ આથી વિનંતી કરવામાં આવે છે. તેમજ ગેરકાયદેસર કતલના કિસ્સાઓ જણાય તો તેવા ઈસમો સામે ઉક્ત કાયદાઓની જોગવાઈઓ હેઠળ કાયદેસર ઘટતી કાર્યવાહી કરવા પણ આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ. જી. ચૌધરી)
ઉપસચિવ
કૃષિ અને સહકાર વિભાગ

બિડાણ : ઉપર મુજબ

પ્રતિ

૧. અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. કલેકટરશ્રી તમામ.
૫. જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ.
૬. પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૭. જિલ્લા નાયક પશુપાલન નિયામકશ્રી, તમામ જિલ્લા પંચાયત,
૮. મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, તમામ.
૯. સભ્ય સચિવશ્રી, ગૌ સેવા આયોગ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના

૧. માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. મંત્રીશ્રી કૃષિ અને પશુપાલનના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. રા. ક. મંત્રીશ્રી (પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. અગ્ર સચિવશ્રી (કૃષિ), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. સચિવશ્રી, પશુપાલન, ગૌ સંવર્ધન અને મત્સ્યોદ્યોગ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. અધિક સચિવશ્રી (પશુપાલન) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. ક્રમાંક ૧ થી ૩ સિવાયના સચિવાલયના તમામ વિભાગો.
૮. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત લાયન સ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ, પશુપાલન નિયામક કચેરી, ગાંધીનગર.
૯. વિભાગની તમામ શાખાઓ.
૧૦. સિલેક્ટ ફાઈલ.

• • •

## ૯. તા. ૨૬-૧૧-૧૯૯૭નો કેટલ લાઈસન્સિંગ ઈન્સ્પેક્ટર તથા જિલ્લા પશુપાલન નિયામકને પ્રાણીઓની ક્વોટા થી વધુ કતલ ન થાય અને ગેરકાયદે કતલ અંગે પોલીસને જાણ કરવાની સુચના આપતો પશુપાલન નિયામકનો પરિપત્ર

જા.નં.વી/વીઈટી-૨/૪૯/૯૫૦૭-૪૮
પશુપાલન નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય, કૃષિભવન, પાલડી,
અમદાવાદ-૬.
તા. ૨૬-૧૧-૧૯૯૭

પરિપત્ર :

ગુજરાત રાજ્યમાં પશુપાલનને લગતા કાયદાઓ જેવા કે, ગોવંશ હત્યા પ્રતિબંધ અધિનિયમ કલમ (૯) પ્રાણી ક્રૂરતાં નિવારણ અધિનિયમ વગેરે અમલમાં છે. આવા કાયદાઓનું કડક અમલીકરણ પોલીસ વિભાગ મારફતે કરાવવામાં આવે છે પરંતુ ક્યારેક ક્યારેક સમાચારપત્રોમાં 'ગેરકાયેદસર કલત માટે લઈ જતાં પકડાયેલ પશુઓ' જેવા સમાચાર આવતાં હોય છે. તેમજ માનનીય ધારાસભ્યશ્રી દ્વારા પણ અવારનવાર પશુઓમાં ગેરકાયદેસર કતલ થતી હોવા બાબતે જુદા જુદા જિલ્લાઓનો ઉલ્લેખ કરી વિધાનસભામાં પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવે છે. આવા સંજોગોનાં પરિપ્રેક્ષ્યમાં પશુપાલન ખાતા હસ્તકના તમામ સંબંધિત નાયબ પશુપાલન નિયામકશ્રીઓને જણાવવાનું કે, જિલ્લામાં આવેલા કતલખાનાઓમાં માન્ય પશુઓની નિર્ધારિત સંખ્યા (ક્વોટા) મુજબ કતલ થતી હોય તે અંગે જરૂરી તપાસ કરવી તથા ગેરકાયદેસર કતલ માટે પશુઓની હેરફેર થતી હોવાનું સીધી કે આડકતરી રીતે જાણવા મળે તો સત્વરે પોલીસ ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરી જરૂરી કાર્યવાહી કરવા જાગ્રત રહેવું અને રાજ્યના કાયદાઓના અમલમાં જરૂરી સહકાર આપવો. ઉપરાંત આ અન્વયે જે તે જિલ્લાના કેટલ લાઈસન્સિંગ ઈન્સ્પેક્ટરશ્રીઓએ પણ આ બાબતે જાગૃતિ કેળવવા આથી જણાવવામાં આવે છે. આ પરિપત્રમાં જણાવેલ સૂચનાઓનો ચુસ્તપણે અમલ ખાતાના સરળ વહીવટ માટે ખૂબ જ આવશ્યક છે.

સહી /અવાચ્ય
પશુપાલન નિયામક
ગુ. રા. અમદાવાદ.

**નકલ જરૂરી કાર્યવાહી થવા સારું પ્રતિ,**

૧. વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, રાજકોટ
૨. સંયુક્ત પશુપાલન નિયામકશ્રી ડેરી, અમદાવાદ
૩. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી
૪. નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત, તમામ
૫. મદદનીશ પશુપાલન નિયામકશ્રી, માર્કેટિંગ
૬. કેટલ લાઈસન્સિંગ ઈન્સ્પેક્ટર તમામ

## ૧૦. પશુપાલન નિયામકશ્રીનો તા. ૧૪-૭-૨૦૧૦નો પ્રાણીઓના ક્વોટા અને ગેરકાયદે કતલ અંગેનો પરિપત્ર

*જા.નં. વી. વીઈટી-૨-૩૫૧૦-૩૫૫૧*
*પશુપાલન નિયામકની કચેરી*
*કૃષિભવન, ગાંધીનગર*
*તા. ૧૪-૦૭-૨૦૧૦*

**પરિપત્ર :**

*ગુજરાત રાજ્યમાં પશુપાલનને લગતા કાયદાઓ જેવાકે, પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦, ગૌવંશ હત્યા પ્રતિબંધ અધિનિયમ, બોમ્બે એનીમલ પ્રિઝર્વેશન એક્ટ-૧૯૫૪ વગેરે અમલમાં છે. આવા કાયદાઓનું કડક અમલીકરણ ગૃહ વિભાગ મારફતે કરાવવામાં આવે છે. પરંતુ ક્યારેક ક્યારેક સમાચારપત્રોમાં "ગેરકાયદેસર કતલ માટે લઈ જતા પકડાયેલ પશુઓ" જેવા સમાચાર આવતાં હોય છે. જે અન્વયે*

૧. *જિલ્લા પશુપાલન અધિકારી - નાયબ પશુપાલન નિયામકશ્રી તથા તેના તાબા હેઠળના પશુચિકિત્સા અધિકારીશ્રીઓએ પશુપાલન ખાતા હસ્તક અને સત્તાની બાબત - જીલ્લામાં આવેલ રજિસ્ટર્ડ કતલખાનામાં સરકારશ્રીએ નિયત કરાયેલ ક્વોટા મુજબનાં જ પશુઓની કતલ થાય તેની તપાસ રાખી સતર્કતા દાખવવી.*

૨. *ગેરકાયદેસર કતલ માટે પશુઓની હેરફેર થતી હોવાનું સીધી કે આડકતરી રીતે જાણવા મળે અથવા તો જિલ્લા પોલીસતંત્ર દ્વારા આવા કિસ્સાઓ જાણમાં આવ્યેથી પશુપાલન ખાતાની સત્તા મર્યાદાની કાર્યવાહી કરવા જાગૃત રહી પોલીસતંત્રને સહયોગ આપવો.*

૩. *જિલ્લાના કેટલ લાયસન્સિંગ ઈન્સ્પેક્ટરશ્રીઓને પણ આ બાબતે સતર્ક રહેવા જરૂરી સહકાર આપવા આથી જણાવવામાં આવે છે.*

*આ પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવા સર્વે સંબંધિતોને ખાસ સૂચના છે.*

*પશુપાલન નિયામક*
*ગુજરાત રાજ્ય, ગાંધીનગર*

*મુસદ્દો નિયામકશ્રી દ્વારા મંજૂર*

**નકલ રવાના જાણ અમલ સારુ પ્રતિ,**

(૧) *વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, રાજકોટ*
(૨) *જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી.....*
(૩) *નાયબ પશુપાલન નિયામકશ્રી/મદદનીશ નિયામકશ્રી જિલ્લા પંચાયત તમામ*
(૪) *અત્રેની કચેરીની માર્કેટીંગ શાખા તરફ*
(૫) *કેટલ લાયસન્સીંગ ઈન્સ્પેક્ટર તમામ*

## ૧૧. હોટલમાં પિરસાતી બિનશાકાહારી વાનગીઓને લેબલ માટે તા.૧૨-૧૨-૦૬ નો પ્રશ્ન તા. ૨૯-૬-૦૭ નો પત્ર, તા. ૨૮-૭-૦૬ નો પરિપત્ર

એકદમ તાત્કાલિક
પી. ૧૫૧૯/૧૪/૨૦૦૪ પી.એચ. (ફૂડ)
ડાયરેક્ટર જનરલ, હેલ્થ સર્વિસીસ
નિર્માણ ભવન,
નવી દિલ્હી,
તા. ૨૯-૦૬-૨૦૦૬

પ્રતિ,
પ્રમુખશ્રી
ભારતના હોટલ અને રેસ્ટોરન્ટ મંડળોનો સંઘ
બી-૧૨, ૮ મો માળ, હિમાલયા હાઉસ,
૨૩, કસ્તૂરબા ગાંધી માર્ગ,
નવી દિલ્હી.

**વિષય :** હોટેલો તેમજ રેસ્ટોરન્ટો દ્વારા પૂરા પડાતા શાકાહારી તેમજ માંસાહારી ખોરાક ઉપર અનુક્રમે "લીલા" તેમજ "લાલ" રંગના ટપકા લગાવવા અંગેનું પાલન કરવા બાબત.

મેડમ/સાહેબશ્રી

અમારા ધ્યાન ઉપર એવું આવેલ છે કે ઘણી બધી હોટલો તેમજ રેસ્ટોરન્ટ દ્વારા શાકાહારી તેમજ માંસાહારી ખોરાક માટે અનુક્રમે "લીલા" અને "કથ્થઈ (બ્રાઉન)" ટપકા દર્શાવા જે ફરજિયાતપણે દર્શાવવાના હોય છે, તેનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવતું નથી. આ દેશમાં ઘણી બધી હોટલો કે રેસ્ટોરન્ટમાં જ્યાં બુફેટ બપોરનું ખાણું કે રાતનું ખાણું તેમના ગ્રાહકો માટે આપવામાં આવે છે તેવી હોટલો - રેસ્ટોરન્ટમાં તેવું ખાણું જે તેમના ગ્રાહકોને પૂરું પાડવામાં આવે છે તે કઈ જાતનું છે એટલે કે તે "શાકાહારી" છે કે "માંસાહારી" છે તેવું સ્પષ્ટપણે દર્શાવતી કોઈ સૂચના મૂકવામાં આવતી નથી. ઉપરાંત ઘણી બધી ખાદ્ય વસ્તુઓમાં ઉત્પાદનોને એવી રીતે નામાભિધાન કરવામાં આવે છે કે ઘણા બધા ગ્રાહકો અને ખાસ કરીને શાકાહારી ગ્રાહકો તેનાથી ગેરમાર્ગે દોરાય છે.

ખાદ્ય ચીજવસ્તુ ભેળ સેળ નિવારણ ધારો, ૧૯૫૪ (પ્રીવેન્શન ઓફ ફૂડ એડલ્ટરેશન એક્ટ ૧૯૫૪) ની કલમ - ૧૧ ની પેટા કલમ (૧૦) માં "પેકેજ" ની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવેલી છે. :-

(૧૦) "પેકેજ" એટલે ખોખું (બોક્ષ), શીશી, પેટી-ડબ્બો કે કરંડીઓ (કાસ્કેટ), પતરાનો નાનો ડબ્બો (ટીન), પીપ (બેરેલ), કેસ (પેટી, કબાટ, ખોખું, ટોપલો, મ્યાન, આવરણ, ખોળ), રીસેપ્ટેકલ ( પાત્ર, બારદાન, વાસણ), સેક (કોથળો, થેલો, ગુણ), બેગ (થેલી), રેપર (વેષ્ટન) અથવા તે એવી બીજી વસ્તુઓ કે જેની અંદર ખાધ પદાર્થ મૂકવામાં આવેલો હોય કે પેક કરવામાં આવેલો હોય."

નામદાર દિલ્હી હાઈકોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી વિરુદ્ધ સુંદરદાસના ચુકાદામાં કે જે ૧૯૮૨ (૧) એફ. એ. સી. પાન નં. ૧૦૬ ઉપર પ્રસિદ્ધ થયેલો છે તેમાં નામદાર દિલ્હી હાઈકોર્ટ સમક્ષ

એવો પ્રશ્ન વિચારણા હેઠળ હતો કે ખુલ્લું વાસણ જેવું કે "ભગોના" નો ખાદ્યચીજવસ્તુ ભેળસેળ નિવારણ ધારા અંતર્ગત "પેકેજ" ની વ્યાખ્યા સમાવેશમાં થાય કે નહિ. નામદાર દિલ્હી કોર્ટે તે ચુકાદામાં એવું ઠરાવેલ કે શબ્દ "પેકેજ" ની વ્યાખ્યા બહુ વિશાળ છે અને તે વ્યાખ્યામાં "ભગોના" જેવો ખુલ્લા વાસણનો પણ સમાવેશ થઈ જાય છે.વિજયકુમાર વિરુદ્ધ રાજ્ય સરકાર ૨૦૦૦(૧) એફ.એ.સી. પાન નં. ૧૩ ઉપર પ્રસિદ્ધ થયેલા ચુકાદામાં પણ નામદાર દિલ્હી હાઈકોર્ટે ફરી વખત ઉપરોક્ત કાયદા હેઠળની "પેકેજ" ની વ્યાખ્યા વિચારણા હેઠળ લીધી. અગાઉના ઉપર જણાવેલ ચુકાદાનો આધાર લઈ, નામદાર દિલ્હી હાઈકોર્ટે એવું ઠરાવ્યું કે "પેકેજ" ની વ્યાખ્યા વિશાળ વિપુલતા ધરાવે છે અને તે તેના આગોશમાં "તાસક (ટ્રે)" જેવા ખુલ્લા વાસણનો પણ સમાવેશ કરે છે.

આથી જ્યારે કોઈ ખાદ્ય પદાર્થ બપોરના જમણવાર કે સાંજના વાળુ વખતે પીરસવામાં આવે, ભલે પછી તે "બુફેટ" દ્વારા કેમ ન હોય, ત્યારે આવો ખાદ્ય પદાર્થ પીરસતી વખતે તેવા ખોરાકનો પ્રકાર એટલે કે તેવો ખોરાક "શાકાહારી" છે કે "માંસાહારી" છે તે દર્શાવતી અનુક્રમે "લીલા" કે "કથ્થાઈ" ટપકા વાળી જાહેરાત દર્શાવવી ઇચ્છનીય જરૂરી છે.

આથી તમોને એવી વિનંતી કરવામાં આવે છે કે દરેક હોટલો તેમજ રેસ્ટોરન્ટ કે જે તમારા સંઘના સદસ્યો છે તેઓને જરૂરી સૂચના / માર્ગદર્શન જારી કરવામાં આવે કે જ્યારે તેમના દ્વારા બુફેટ કે બપોરનું કે સાંજનું ભોજન પીરસવામાં આવે ત્યારે "શાકાહારી" તેમજ "માંસાહારી" વાનગીઓના કિસ્સામાં તેમજ ખાદ્ય ઉત્પાદનોના લિસ્ટમાં (મેનુ) તેમજ જાહેરાતના પાટિયા ઉપર પણ "લીલા" અને "કથ્થઈ" ટપકા દર્શાવવામાં આવે જેથી કરીને તે "શાકાહારી" કે "માંસાહારી" ખાદ્ય ઉત્પાદન છે તેવી ખબર પડે.

આ અંગે લેવામાં આવેલ પગલાં અંગેનો અહેવાલ આ વિભાગને જલદીથી મોકલી આપવો.

આ પત્ર મળેલ છે તે બદલની પહોંચ પણ મોકલશો.

આપનો વિશ્વાસુ
સહી. ડો. ડી. ચટોપાધ્યાય
આસિસ્ટન્ટ ડાયરેક્ટર જનરલ (પી.એફ.એ.)

પ્રતિ,

નકલ રવાના

- રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશની દરેક ખોરાક (આરોગ્ય) સત્તાઓ ................ તેઓની જાણ અર્થે તેમજ "લીલા" તેમજ "કથ્થઈ" ટપકા જરૂર મુજબના કેસમાં થાય છે કે નહિ તે જોવા જરૂરી પગલાં લેવા માટે.

સહી. ડો. ડી. ચટોપાધ્યાય

આસિસ્ટન્ટ ડાયરેક્ટર જનરલ (પી.એફ.એ.)

**<u>નવમી અતારાંકિત યાદી</u>**

સભાગૃહના મેજ ઉપર મૂક્યા

તારીખ: ૨૯-૩-૨૦૦૭

**અગિયારમી વિધાનસભા**

**અગિયારમું સત્ર, ૨૦૦૭**

**અતારાંકિત પ્રશ્નોતરી**

## હોટલ/રેસ્ટોરન્ટમાં શાકાહારી તથા માંસાહારી ખોરાકના નેઈમ અને પ્લેટ અંગે

*અતારાંકિત ૭૭૨૬ (૧૨-૧૨-૦૬) શ્રી ભાવિન શેઠ (એલિસબ્રિજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,*

(૧) ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગર તરફથી હોટલ/રેસ્ટોરન્ટમાં શાકાહારી તથા માંસાહારી ખોરાક માટે ખાદ્ય પદાર્થોના લેબલ નેઈમ પ્લેટ તથા મેનુમાં લીલા તથા કથ્થઈ રંગનું ચિહ્ન મૂકવું ફરજિયાત બનાવ્યું છે, તે હકીકત સાચી છે.

(૨) અમદાવાદમાં આ આદેશના અમલ કરવા શી વ્યવસ્થા ગોઠવાઈ છે, અને

(૩) આ જવાબદારી કોને સોંપાઈ છે ?

**આરોગ્ય અને પરિવાર મંત્રીશ્રી (૭-૨-૦૭)**

(૧) હા, જી.

(૨) કમિશનરની ક્ચેરીના દ્વારા તા. ૨૮-૭-૦૬ના પરિપત્રથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારી અને લોકલ હેલ્થ ઓથોરિટીને પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવેલ છે. અને તેઓના આરોગ્ય વિભાગ દ્વારા તેનો અમલ કરવાની વ્યવસ્થા ગોઠવાયેલી છે. (પરિપત્ર અને ભારત સરકારનો પત્ર સામેલ રાખેલ છે.)

(૩) આરોગ્ય અધિકારી અને લોકલ હેલ્થ ઓથોરિટી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને જવાબદારી સોંપાયેલ છે.

*અગત્યનું/તાકીદનું*

*જા.નં.પ્રી.એફ.એ./હોટલ/૫૦૬૫૭-૮૭*
*કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,*
*ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮/૧.*
*ગાંધીનગર,*
*તારીખ : ૨૮-૭-૨૦૦૬*

**-: પરિપત્ર :-**

**વિષય : હોટલમાં પીરસવામાં આવતી ખાદ્ય ચીજો ઉપર મૂકવામાં આવતા લેબલ ઉપર શાકાહારી/બિનશાકાહારી માટે લીલા રંગનું અને અને કથ્થઈ રંગનું ચિહ્ન દર્શાવવા બાબત.**

*ગુજરાત રાજ્યના તમામ લોકલ હેલ્થ ઓથોરિટીને/કોર્પોરેશન સહિતનાને જણાવવાનું કે, ડાયરેક્ટ જનરલ ઓફ હેલ્થ સર્વિસીસ, ન્યુ દિલ્હીના તા. ૨૯-૬-૦૬ ના પત્રની નકલ આ સાથે મોકલી આપવામાં આવે છે. તેમના કાર્યક્ષેત્ર હેઠળ આવતી તમામ હોટલો અને રેસ્ટોરન્ટોને આ યાદી બાબતે જાણ કરી તેનું ચુસ્ત રીતે પાલન થાય તે જોવા અને સમયાંતરે તપાસ કરી અત્રે અહેવાલ કરવા જણાવવામાં આવે છે.*

સહી/-અવાચ્ય,
કમિશનર,
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,
ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ.

*પ્રતિ,*

*૧. લોકલ હેલ્થ ઓથોરિટી, તમામ (કોર્પોરેશન સહિત)*

*૨. ફૂડ ઈન્સ્પેકટરશ્રી, વડી કચેરી, તમામ.*

• • •

## ૧૨. વાહનો વિરુદ્ધનાં પગલાં અંગે તા.૨૧-૩-૯૯ નો ગુજરાત વિધાનસભાનો તારાંકિત પ્રશ્ન

# અગિયારમી ગુજરાત વિધાનસભા
# બીજું સત્ર, ૨૦૦૩

**તારાંકિત પ્રશ્નોત્તરી**
**શુક્રવાર, તા. : ૨૧મી માર્ચ, ૨૦૦૩.**
**(બીજી બેઠક)**

**જવાબ આપનાર મંત્રીશ્રી :**

*(૧) માન. મુખ્યમંત્રીશ્રી : સામાન્ય વહીવટ, ગૃહ ઉદ્યોગ, ઊર્જા, પેટ્રોકેમિક્સ, બંદરો, માહિતી અને પ્રસારણ, નર્મદા, કલ્પસર પ્રભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, નીતિઓ (જેવી કે, આયોજન, ખાણ, ખનિજ, કૃષિ સહકાર, પાણી, મહિલા વિકાસ અને અન્ય તમામ નીતિઓ) અને અન્ય કોઈ મંત્રીશ્રીને ફાળવેલ ન હોય તે તમામ વિષયો/બાબતો.*

### ગેરકાયદેસર કતલખાને જતાં વાહનો જપ્ત કરવા અંગે

**૨૪૮૩ શ્રી શીવજીભાઈ આહિર (ભુજ) : માન. મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે.**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| *(૧) ગેરકાનૂની અબોલ ગૌવંશ જીવોને લઈ જતાં ગુનાહીત વાહનો પોલીસતંત્ર દ્વારા પકડવામાં આવે તે મોટા ભાગના કિસ્સામાં છોડી મૂકવામાં આવે છે તે હકીકત સાચી છે* | *(૧) ગુનાના કામે પકડાયેલ વાહનો પોલીસ કે સરકાર તરફથી છોડી મૂકવામાં આવતાં નથી પરંતુ કેસ જ્યારે કોર્ટમાં રજૂ થાય છે ત્યારે ગુણદોષ ઉપર અમુક કિસ્સાઓમાં કોર્ટ તરફથી વાહનો છોડી મૂકવામાં આવે છે.* |
| *(૨) જો હા, તો આને પરિણામે ગુનાહિત વાહનો ફરી પાછાં આજ ગુનાહીત પ્રવૃત્તિમાં લાગી જાય છે અને ગુનાના પુનરાવર્તન માટે વપરાય છે તે ગંભીર હકીકત સરકાર જાણે છે. અને* | *(૨) શક્યતા નકારી શકાય તેમ નથી.* |
| *(૩) આ ગુનાહીત પ્રવૃત્તિ પર રોક લગાવવા તથા કેસના અંત સુધી ગુનાહીત વાહનો જપ્ત રહે તે માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે ?* | *(૩) ગૌવંશ પ્રાણીઓની ગેરકાયદેસર કતલના હેતુસર પરિવહનના ગુનામાં વાહન ફરીવાર પકડાય ત્યારે કોર્ટમાં બોન્ડ રદ કરાવવાની કાર્યવાહી કરવામાં આવે છે.* |

• • •

## ૧૩. વાહનો વિરુદ્ધનાં પગલાં અંગે તા. ૨૧-૩-૦૮ નો ગુજરાત વિધાનસભાનો તારાંકિત પ્રશ્ન

અતારાંકિત યાદી
સભાગૃહના મેજ પર મૂક્યા તારીખ
૩૦ ઓગસ્ટ -૨૦૦૧

## દશમી ગુજરાત વિધાનસભા
### નવમું સન ૨૦૦૧
### અતારાંકિત પ્રશ્નોતરી

**ગેરકાનૂની કતલખાનામાં પ્રાણીઓને લઈ જતાં ગુનાહિત વાહનો**

*અતારાંકિત : ૫૪૨૭ (૧૧/૬/૨૦૦૧) શ્રી મહેન્દ્ર મશરૂ (જૂનાગઢ) : માનનીય*

**વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે :-**

(૧) *માર્ચ ૨૦૦૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ગેરકાનૂની કતલખાનાંમાં પ્રાણીઓને લઈ જતાં કેટલાં ગુનાહિત વાહનોને જિલ્લાવાર આઈડેન્ટીફાય કરવામાં આવ્યાં.*

(૨) *ઉપરોક્ત વાહનો પૈકી એકથી વધુ વખત આ ગુનામાં પકડાયાં હોય તેવાં વાહનો કયાં કયાં છે તથા કેટલાં છે અને*

(૩) *આઈન્ડેટીફાય થયેલાં આ વાહનો ગુનાહિત પ્રવૃતિમાં ફરી ન સંડોવાય તે માટે સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.*

**વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) (૨૪/૭/૨૦૦૧)**

(૧) *૪૮૫ વાહનો (સામેલ પત્રક મુજબ)*

(૨) *૧૭ વાહનો (સામેલ પત્રક મુજબ)*

(૩) *પકડાયેલા વાહન ચાલક તથા સંડોવાયેલ ઈસમોની વિરુદ્ધ ગુના દાખલ કરવામાં આવે અને આવું પકડાયેલ વાહન ફરીથી ગુનામાં સંડોવાય નહીં તેવી વાહન માલિકોને સૂચના આપી વાહન માલિકની લેખિત બાંહેધરી લેવામાં આવે છે. અને જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ વાહનોના નંબર જણાવી તેની ઉપર સતત વોચ રાખવામાં આવે છે.*

• • •

## ૧૪. વાહનો વિરુદ્ધનાં પગલાં અંગે તા. ૨૩-૩-૯૯ તથા તા. ૧૭-૧૧-૦૬ નો વિધાનસભાનો અતારાંકિત પ્રશ્ન

*સોળમી અતારાંકિત યાદી*
*સભાગૃહના મેજ પર મૂક્યા તારીખ*
*૨૩-માર્ચ-૧૯૯૯*

### દશમી ગુજરાત વિધાનસભાના
### નિયમ-૮૭- અન્વયે

*કતલખાને જતાં પ્રાણી ભરેલાં વાહનોને સીલ કરી જપ્ત કરવા બાબત*

*આતારાંકિત ૧૨૪૯ (૭-૧૧-૯૮) શ્રી દેવાણંદભાઈ સોલંકી (માળિયા) : માન. મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે,*

*(૧) ગૌવંશ હત્યાના કિસ્સામાં ગૌવંશ પ્રાણીઓને કતલખાને લઈ જવાતાં હોય તેવાં વાહનોના કેસનો અંત આવે ત્યાં સુધી વાહન સીલ કરી જપ્ત કરવામાં આવશે તેવી જુલાઈ ૯૮માં સરકારે જાહેરાત કરી છે તે હકીકત સાચી છે.*

*(૨) આ જાહેરાતના અનુસંધાને ગૃહ વિભાગ તરફથી પોલીસતંત્રને શા ચોક્કસ આદેશો આપવામાં આવ્યા છે. અને*

*(૩) આ જાહેરાત થયા પછી ક્યા વિસ્તારમાં વાહનો સીલ કરી તારીખ ૩૦-૯-૯૮ સુધીમાં જપ્ત કરી લેવામાં આવ્યાં છે.*

*મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) (૨૩-૨-૯૯)*

*(૧) હા, જી*

*(૨) અને (૩) આવી પ્રવૃત્તિ માટે વારંવાર વપરાતાં વાહનો જપ્ત કરવા નામદાર કોર્ટમાં અસરકારક રજૂઆત કરવા પોલીસને સૂચના આપી છે.*

• • •

### ગૌવંશ પ્રાણીઓને ગેરકાયદે કતલખાને લઈ જતાં પકડાયેલ વાહનો સામે કાર્યવાહી

*અતારાંકિત ૭૭૪૫ (૧૭-૧૧-૦૬) શ્રી ભાવિનભાઈ શેઠ (એલિસબ્રિજ) : માન. મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે,*

*(૧) એકથી વધુ વાર ગૌવંશ પ્રાણીઓને ગેરકાયદે કતલખાનામાં લઈ જવાતાં વાહનો પકડાય તેની સામે કડક તથા અસરકારક કાર્યવાહી કરવા રાજ્ય સરકારે કોઈ વિચારણા કરી છે, અને*

*(૨) જો હા, તો તેની વિગતો શી છે?*

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૪-૧-૦૭) :**

*(૧) હા, જી.*

*(૨) (૧) આવા ગુનામાં વપરાયેલ વાહન કબજે કરવામાં આવે છે.*

*(૨) આ કામના આરોપી ડ્રાઈવરનું લાયસન્સ રદ કરવા આર.ટી.ઓ. માં રિપોર્ટ કરવામાં આવે છે.*

*(૩) બે થી વધારે વખત વાહન ગુનામાં વપરાયેલ હોય ત્યારે તેનું રજિસ્ટ્રેશન તથા રોડ પરમીટ રદ કરવા આર.ટી.ઓ.શ્રીને રિપોર્ટ કરવામાં આવે છે.*

*(૪) બે કરતાં વધુ ગુનામાં પકડાયેલ આરોપીને "ક્રૂર વ્યક્તિ" તરીકે ગણતરી કરી "તડીપાર" ની કાર્યવાહી કરવામાં આવતી હોય છે.*

• • •

## ૧૫. તા. ૧૪-૭-૦૪ નો પ્રાણી હેરફેર અંગેનો પરિપત્ર

ભારત સરકાર
રેલવે મંત્રાલય
(રેલવે બોર્ડ)
નવી દિલ્હી
તા. ૧૪-૦૭-૨૦૦૪

નં. ટી.ટી. - ૩/૫૨/૧
જનરલ મેનેજરશ્રી :

- મધ્ય રલવે, મુંબઈ
- પૂર્વ રેલવે, કલકત્તા
- ઉત્તર-મધ્ય રેલવે, હાજીપુર
- પૂર્વકાંઠા રેલવે, ભુવનેશ્વર
- ઉત્તર રેલવે, નવી દિલ્હી
- ઉત્તર પૂર્વ રેલવે, ગોરતાપુર
- ઉત્તર ફ્રન્ટ રેલવે, માલીગાંવ, ગૌહત્તી
- ઉત્તર પશ્ચિમ રેલવે, જયપુર
- દક્ષિણ રેલવે, મદ્રાસ - ચેન્નઈ
- દક્ષિણ-મધ્ય રેલવે, સિકંદરાબાદ
- દક્ષિણ-પૂર્વ રેલવે, કલકત્તા
- દક્ષિણ-પશ્ચિમ મધ્ય રેલવે, હુબલી
- પશ્ચિમ રેલવે, મુંબઈ
- પશ્ચિમ-મધ્ય રેલવે, જબલપુર

**વિષય : ભારતીય રેલવે દ્વારા જીવંત ઢોર ઢાંખર/પ્રાણીઓના જથ્થાનાં પરિવહન.**

આ મંત્રાલયના સંદેશા નં. ૨૦૦૧/ટીટી-૩/૫૨/૧/પી.ટી.તા. ૧૭-૬-૨૦૦૨ના સંદર્ભથી જીવંત પ્રાણીઓનો જથ્થો ભરવા તેમજ પરિવહન ઉપર પ્રતિબંધ(મર્યાદા) લગાવવામાં આવેલ હતો. એનિમલ વેલફેર બોર્ડ (જીવજંતુ કલ્યાણ બોર્ડ) ઓફ ઈન્ડિયાએ કરેલી સ્પષ્ટતાઓને લક્ષમાં લેતાં, આ મંત્રાલયે હવે એવો નિર્ણય લીધેલ છે કે જે તે રેલવે હવે જીવંત પ્રાણીઓનો જથ્થો ભારતીય રેલવેની માલવાહક ગાડીઓ (માલગાડીઓ)માં ભરીને તેનું પરિવહન કરી શકશે.

લાગતા વળગતા વિભાગીય રેલવેએ નીચેની શરતોનું પાલન થયેલું છે કે નહિ તેની ખાતરી કરવાની રહેશે :-

૧. અગાઉ આ મંત્રાલયના પત્ર ક્રમાંક ટીસીઆર/૧૨૮૩/૯૯/૨ તા. ૬-૧-૨૦૦૦ સને ૨૧-૨-૨૦૦૦ માં જારી કરેલ સૂચનાઓ મુજબ, લાગતા વળગતા રેલવેના વિભાગીય રેલવે મેનેજરોએ ડબ્બા(વેગનમાં) માં ઢોર ભરતાં પહેલાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનો દાખલો જરૂરથી માંગવાનો રહેશે જેથી કરીને.... (અધૂરું છે.?)

૨. પ્રાણીઓના પરિવહનના નિયમો ૧૯૭૮ કે જે બોર્ડના પત્ર ક્રમાંક ટીસીઆર/૨૨૧૧/૨૦૦૦/૧૨ તા. ૧૫-૧૧-૨૦૦૦ થી તેમજ પ્રાણીઓના પરિવહનના (સુધારા) નિયમો, ૨૦૦૧ કે જે આ બોર્ડના પત્ર ક્રમાંક ટીસીઆર/૨૨૧૧/૨૦૦૦/૧૨ તા. ૧૬-૧૦-૨૦૦૧ થી મોકલવામાં આવેલ છે. તેવા નિયમોમાં જણાવેલ શરતોનું પાલન થયેલ છે કે કેમ.

૩. માલ મોકનારે માલ પરિવહન પહેલાં અને આવી દરખાસ્ત મોકલતી વખતે એવું પ્રમાણપત્ર રેલવેને રજૂ કરવું/મોકલવાનું રહેશે કે પ્રાણીઓને લગતા દરેક રાજ્ય તેમજ કેન્દ્ર સરકારના કાયદાઓની જોગવાઈઓનું યથાયોગ્ય રીતે પાલન કરવામાં આવેલ છે.

એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાએ પણ નીચે મુજબની સ્પષ્ટતાઓ કરેલ છે.

(અ) પ્રાણીઓના પરિવહનના નિયમો ૧૯૭૮ ના નિયમ ૫૫(કે) માં એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે શક્ય હોય ત્યાં સુધી પ્રાણીઓનું પરિવહન ફક્ત રાત્રિ દરમિયાન જ કરવું જોઈએ. નિયમ ૫૫(૧) માં વધુમાં એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે દિવસ દરમિયાન, જો શક્ય હોય તો, પ્રાણીઓને ડબ્બામાંથી પાછાં ઉતારી લેવાં જોઈએ, તેમને ખોરાક, પાણી તેમજ આરામ આપવો જોઈએ અને જો દુધાળાં ઢોર હોય તો તેમને દોહી લેવાં જોઈએ.

એ જરૂરી છે કે પરિવહન કરતી સંસ્થાઓ જેમાં રેલવેનો પણ સમાવેશ થઈ જાય છે ઉપરોક્ત નિયમોની જોગવાઈઓનું પાલન કરે.

(બ) ટ્રેન કે તેમાં ઢોર ઢાંખર/પ્રાણીઓનું પરિવહન કરવામાં આવવાનું હોય તેવી ટ્રેનના ઊપડવાનો સમય, રેલવેનો પરિવહન માર્ગ, તેમજ ટ્રેન ઊભી રહેવાના સમય વગેરેની એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા, તેમજ બોર્ડ દ્વારા અધિકૃત કરેલ માણસોને તેમજ માર્ગમાં પડતા દરેક રાજ્યના એનિમલ હસબન્ડરી વિભાગને આગોતરી જાણ કરવા અંગે જેથી કરીને નિયમો પ્રમાણે તેની તપાસ થઈ શકે, આ સંદર્ભમાં એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાએ હવે એવી સૂચના/સલાહ આપેલી છે કે રેલવે દ્વારા આવી આગોતરી જાણ કરવા અંગે દર્શાવેલી કેટલીક વ્યાવહારિક અડચણો તેમજ ચોક્કસ સમય માળખાના અભાવને લક્ષમાં લેતાં, રેલવેએ રેલવે પરિવહન માર્ગ, ટ્રેન ઊપડવાનો સમય વગેરે વિગતોની પણ આવી ટ્રેન ઊપડવાના સંભવિત સમયના એક દિવસ પહેલાં બોર્ડ દ્વારા અધિકૃત કરાયેલ માણસોને કરવાની રહેશે.

આનું પાલન થાય તે જોવા વિનંતી.

સહી. આર.ડી. ત્રિવેદી
એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, ટ્રાફિક ટ્રાન્સપોર્ટ (એસ)
રેલવે બોર્ડ.

• • •

## ૧૬. પ્રાણી પરિવહન નિયમો હેઠળ પ્રમાણપત્ર આપવા અધિકૃત વ્યક્તિઓ

### આંધ્રપ્રદેશ

**શ્રીમતી અમલા અક્કીની**
*નં. ૪૦૩/૯, રોડ નં. ૩૫, જ્યુબીલી હીલ્સ,*
*હૈદરાબાદ, ૫૦૦૦૩૩*

**શ્રી પી. કે. જૈન**
*૧૫-૮/૫૫૯, હીલખાના,*
*હૈદરાબાદ-૫૦૦૦૧૨*

**શ્રી જસરાજ શ્રીમાલ**
*૧૫-૮-૫૧૧/૭૩, બીજે માળ*
*જૈન દેરાસર રોડ, ફીલખાના, હૈદરાબાદ-૧૨.*
*ટે. નં. (ઓ) ૦૪૦- ૪૭૪૪૫૭૮*
*(રહે) ૪૬૧૬૧૮૪*

**શ્રી ગુંડેરાવ વિજયશ્રી**
*૪-૫૨૧૨, કોડી,*
*હૈદરાબાદ-૫૦૦૧૯૫.*

**શ્રી પ્રદીપ કુમારનાથ**
*વિશાખા* **SPCA,** *પ્લોટ નં.* **MIG -** *૪૩,*
*શ્રી નિવાસ કોલોની,* **PM -** *પાલોની પોસ્ટ,*
*કોમાડીમ, વિશાખાપટ્ટનમ-૫૩૦૦૪૧*

### આસામ

**શ્રીમતી સંગીતા ગોસ્વામી**
*મેમ્બર,* **AWBI** *પીપલ ફોર એનિમલ્સ,*
*ગોવાહાટી બ્રાન્ચ, ગોસ્વામી નવજન રોડ,*
*ઉઝર બજાર, ગોવાહાટી-૧,*
*ટે નં. ૦૩૬૦- ૫૨૨૮૯૬*

**શ્રી લુંકરન જૈન**
*દુલબારી સોહમ પ્રસાદ રોડ,*
**PO** *સીલ્વર-૭૮૮૦૧*
*ટે. નં. ૦૩૮-૪૨૩૩૧૦૪*

**શ્રી સિદ્ધાર્થ ભટ્ટાચાર્ય**
**M.A.LL.B** *(એડવોકેટ)*
*ગોવાહાટી હાઈકોર્ટ, હેવન કોમ્પલેક્ષ*
*જી. એસ. રોડ, ઉલુબારી ગોવાહાટી-૭*
*(આસામ) ટે. નં. ૦૩૮-૪૨૩૩૧૦૪*

**શ્રી અનુપ પુરાકાસ્થ્યા**
*આઝાદ સાગર રોડ,* **P.O.** *કોરિગન્જ, આસામ.*
*અરૂણાચલ પ્રદેશ, શ્રી મદંગ સોહમ*
*પબ્લીક લીડર, સીપા હોસ્ટેટ કોલોની,*
**P.O.** *જી. પર્વ કામોન્ગ (અરૂણાચલ)*
*ટે. નં. ૦૩૭૮૩-૨૨૩૬૫*

### અરૂણાચલ પ્રદેશ

**શ્રી મદંગ સોનમ (S.T.)**
*પબ્લીક લીડર*
*સીયા ફોરેસ્ટ કોલોની,* **P.O.** *સીપા,*
*જી. પૂર્વ કામોન્ગ, (અરૂણાચલ)*
*ફોન : ૦૩૭૮૭-૨૨૩૬૫*

### બિહાર

**શ્રી પવનકુમાર મિશ્રા**
*એડવોકેટ*
*કે. એમ. સીંગ. લેન, ઈસ્ટ બોરીંગ કેનાલ રોડ,*
*પટના - ૮૦૦૦૦૧ (બિહાર)*
*ટે. નં. ૦૬૧૨-૨૩૨૫૪૨*

**શ્રી ત્રિલોકનાથ બાગી**
*શાસ્ત્રી ભવન,* **H.** *નં. ૩/૧૪,*
*રામ નારાયણ શાસ્ત્રી*
*રાજેન્દ્ર નગર રોડ નં. ૧૧,*
*પટના - ૮૦૦૦૧૩*
*ટે. નં. ૦૬૧૨ - ૬૭૧૧૧૫*

**શ્રી રામપાલ અગ્રવાલ નૂતન**
*હોટલ સિદ્ધાર્થ લેન, ઈસ્ટ બોરીંગ કેનાલ રોડ,*
*પટના, ૮૦૦૦૦૧*
*ટે. નં. ૦૬૧૨-૫૨૪૭૧૯*

### ચંડીગઢ

**શ્રીમતી પાયલ સોની**
*૨૦૩૪, સેક્ટર ૧૫ સી, ચંડીગઢ,*

*ડો. નિતિન જૈન*
*૯૨, સેક્ટર-૨૧, ચંડીગઢ*

### ગોવા

**શ્રીમતી એન્જલા કાજી**
*મેમ્બર* **A.W.B.I** *માનદ સેક્રેટરી,*
*પીપલ ફોર એનિમલ્સ ગોવા,*
*૩/૪, બીચ નાસ્ટ, મીરામાર*
*પણજી- ૪૦૩૦૦૧ (ગોવા)*
*ટે.નં. ૨૨૧૭૮૩, ૨૫૬૪૭૯*

### ગુજરાત

**શ્રી કમલેશ બી. શાહ**
*એ/૧૦૩, તીર્થરાજ કોમ્પ્લેક્ષ, હસુભાઈ ચેમ્બર્સ,*
*ટાઉન હોલ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬*
*ટે. નં. (ઓ) ૦૭૯-૬૫૭૩૧૭૧,*
*(ઘર) ૬૫૮૧૫૩૬*

### મહારાષ્ટ્ર

**શ્રી મંગલ પ્રભાત લીના**
*૨૧૬, સોહ એન્ડ નહેર એસ્ટેટ*
*ડો. ઈ મોસેસ રોડ, વર્લી, મુંબઈ-૪૦૦૧૮*

**શ્રી અનીલ શાહ**
*વાલકેશ્વર રોડ,*
*મુંબઈ-૪૦૦૦૦૬*

**શ્રી કેસરીચંદ મહેતા**
*મેમ્બર* **A.W.B.I** *અખિલ ભારતીય કૃષિ*
*ગૌસેવા સંઘ, પી. બી. નં. ૧૧૫,*
*પોસ્ટ. માલેગાંવ-૪૨૩૨૦૩, ડ્રી. નાસીક*
*(મહારાષ્ટ્ર)*

**શ્રી અલીમ ચંદાની**
*મેમ્બર* **A.W.B.I** *૪૦૩, સી-ક્રાફ્ટ*
*૧૦૪, વોડહાઉસ રોડ, કોલાબા*
*મુંબઈ-૪૦૦૦૦૫*

**શ્રી સુનીલ માનસીંગકા**
*ગૌ-વિજ્ઞાન અનુસંધાન કેન્દ્ર*
*કામધેનુ ભવન, પંડિત બચરાજ વ્યાસ ચોક,*
*મહાલ, નાગપુર-૪૪૦૦૦૨*

**શ્રી રતનલાલ ખંડેલવાલ**
*આદર્શ ગૌ-સેવા આવામ, અનુસંધાન પ્રકલ્પ,*
*વિધ્નહર્તા એપાર્ટમેન્ટ, ચિત્રા ટોકીઝ પાછળ,*
*રાજપુત પુરા, અકોલા - ૪૪૪૦૦૧*

**શ્રી રતનલાલ બાફના**
*નયનતારા, સુભાષચોક, જલગાંવ-૪૨૫૦૦૧.*

## મનીપુર

**શ્રી એન. રામસિંગ**
*પબ્લીક નેતા, સાંગલબંધ, બોકરેકપમ*
*લેકાઈ - પો. ઈમ્ફાલ - ૭૯૫૦૦૧*
*ટે.નં. ૦૩૮૫-૨૪૬૧૬૪*

**શ્રી રોબીન કુરબાહ**
*સોસીયલ વર્કર, રાઈસ લેન, ઈવાડુ માર્કેટ*
*બારા બજાર, શીલોંગ -૭૯૩૦૧૩*
*મેઘાલય ટે. નં. ૦૩૬૪-૫૬૦૮૧૧*

## નાગાલેન્ડ

**શ્રી પી. યાલેમ કોનયાક**
*પબ્લીક નેતા, મોન ટાઉન પોસ્ટ મોન*
*જિ. : મોન, નાગાલેન્ડ.*

## ન્યુ દિલ્હી

**ડો. સુનીલ શાસ્ત્રી**
*સંજય ગાંધી એનિમલ કેર સેન્ટર*
*શીવાજી કોલેજ, રાજા ગાર્ડન્સ*
*ન્યુ દિલ્હી - ૧૧૦૦૦૧*
*ટે. નં. ૦૧૧-૩૭૯૨૬૩૩, ૦૫૫૧-૨૫૫૪૫૩*

**શ્રી દાનવે રાવસાહેબ પાટીલ (એમ. પી.)**
*૩૨, નોર્થ એવન્યુ, ન્યુ દિલ્હી-૧૧૦૦૦૧*

**શ્રી લલિતભાઈ મહેતા (એમ. પી.)**
*૫૭, સાઉથ એવન્યુ, ન્યુ દિલ્હી-૧૧૦૦૦૧*
*ટે.નં. ૦૧૧-૩૦૧૬૧૨૪*

**મી. ગૌતમ ગોવર**
*બી.એ/૧એ, અશોક વિહાર,*
*ન્યુ દિલ્હી-૧૧૦૦૫૨*

**શ્રીમતી ગીતા સેસમની**
*ધ ફ્રેન્ડીકોસ સેકા*
*૨૭૧, ૨૭૩ ડીફેન્સ કોલોની ફલાઈ ઓવરની*
*નીચે, (જંગપુર સાઈડ માર્કેટ)*
*ન્યુ દિલ્હી-૧૧૦૦૧૪*
*ટે.નં. ૦૧૧-૪૬૨૧૯૩૯ (ઘર)*
*૪૬૨૪૭૮૭ (ઓ)*

**શ્રી ડી. કે. જૈન**
*૬૦૦૯, કાબુલનગર, સાદરા,*
*ન્યુ દિલ્હી-૧૧૦૦૩૨*
*ટે.નં. ૦૧૧-૨૨૮૩૫૩૨ (ઓ)*
*૨૧૭૩૧૩૦ (ઘર)*

**શ્રી જયનારાયણ ખાંડેલવાલ**
*૬/૭૬૦૦૩૦* **WEA** *કારોલ બાગ,*
*ન્યુ દિલ્હી-૧૧૦૦૦૫*
*ટે.નં. ૦૭૫૫-૫૬૦૬૭૩*

**શ્રી સંતરામ ગોએલ**
*બી- ૧/૧૫૨, કીરન ગાર્ડન, ઉત્તમનગર*
*ન્યુ દિલ્હી-૧૧૦૦૫૭*

## ઓરિસ્સા

**શ્રી નબા કિશોર મિશ્રા**
*રાજેન્દ્રનગર, કટક-૭૫૩૦૧૦ (ઓરિસા)*

**શ્રી એસ. આર. અગ્રવાલ**
*રાવટ, નયા બજાર, પો. નયાબજાર,*
*કટક, ઓરિસ્સા.*

**શ્રી નબાકિશોર મિશ્રા**
*વિશ્વ હિન્દુ પરિષદ, કોલેજ સ્ક્વેર*
*કટક-૭૫૩૦૧૦*

**શ્રી પ્રસંન્ન આચાર્ય (એમ. પી.)**
*ક્વાટર્સ નં. ૪/આર-૨. યુનિટ-૮*
*ગોપાબંધુ સ્કવેર, ભુવનેશ્વર-૭૫૧૦૧૨*

## પંજાબ

**ડો. આર. આર. મસ્તાના**
*સૂરજ બસ્તી, નંદદેવ માર્ગ,*
*ભટીંડા-૧૫૧૦૦૧ (પંજાબ)*
**શ્રી જસબીર રાલહન**
*પ્રસીડેન્ટ* **SPCA** *ચંડીગઢ*
*ઘર નં. ૫૬, સેક્ટર ૧૬/એ, ચંડીગઢ.*

**શ્રી ગુરૂચરણજીત એડવોકેટ**
C/o.*કરણચંદ ભાટીયા સન ઓફ ચાંદીઆની કૂર્દ*
*બાલાચર, જિ.નવાનસેહર, પંજાબ*

**ડો. સંદીપ જૈન**
*મેમ્બર* **A.W.B.I** *લુધિયાના*
*૨૯૯૬/૧ એ, કીંડ પેલેસ સામે,*
*સુંદરનગર, લુધિયાના-૧૪૧૦૦૭*

**શ્રી સુરીન્દર જૈન**
*૧૧૭-ડી, સુંદરનગર, લુધિયાના-૭*

## રાજસ્થાન

**શ્રી જય બહાદુરસિંગ શેખાવત**
*બી-૧૧ કલ્યાણ કુંજ, ચૌમા હાઉસ,*
*સરદાર પટેલ માર્ગ, જયપુર, રાજસ્થાન.*

**શ્રી ત્રિલોકચંદ ગુહા**
*શ્રીકનૈયા ગૌશાળા, પાલગાંવ, પાલ રોડ,*
*જોધપુર, રાજસ્થાન*

**શ્રી કે. એલ. ગોઘા**
*૨૨૨, અશોકનગર, ઉદેપુર-૩૧૩૦૦૧.*

**શ્રી હરિહર પરીખ**
*વી. એચ. પી. ઓફિસ, ભારત માતા મંદિર*
*સિવિલ લાયસન્સ,*
*શ્રી રાજેન્દ્રસિંગ રાજપુરોહિત*
*દિપક કુટિર પુટા બી રોડ*
*જોધપુર (રાજસ્થાન)*

**શ્રી મોહનલાલ નામદાર**
*૨૬/એ, પ્રતાપનગર, ચિતોડગઢ-૩૧૨૦૦૧*

**શ્રી મનેન્દસિંગ સોસવાલ**
*પ્રાણી મિત્ર સંઘ, ચારડીયા ભવન*
*નાગોરી ગેટ પાસે, ગોલા બિલ્ડિંગ રોડ,*
*જોધપુર-૩૪૨૦૦૩*

**શ્રી ચંચલમલ ચોરડીયા**
*ચોરડીયા ભવન, ઝીલોરી ગેટ બહાર,*
*જોધપુર.*

**શ્રી એ. પી.સિંઘલ**
*શ્રી ગિરીધર ગૌસેવા સમિતિ*
*માનવ વિકાસ ભવન, ૩, રાવતભટ્ટા રોડ,*
*કોટા-૩૨૪૦૦૭ (રાજસ્થાન)*

## સિક્કિમ

**શ્રી સંજય અગરવાલ**
*પબ્લિક નેતા ધંધાર્થી*
*મે. સોસાયટી હાર્ડવેર*
*ટી.એસ. રોડ, ગંગટોક-૭૩૭૧૦૧*
*ટે.નં. ૦૩૫૯૨-૨૮૮૧*

## તામીલનાડુ

**Lt.Gen (Retd)** *એ.કે. ચટરજી*
*એસલીંગ એરોમોડેલ,*
*ઔરોવિલા-૬૦૫૧૦૨*

**શ્રી મદન ગોપાલ એડવોકેટ**
*૧૧૬, વરાડામુથીયાપન સ્ટ્રીટ,*
*ચેન્નઈ-૬૦૦૦૦૧*

**શ્રી ક્રિશ્નાચંદ ચોરડીયા**
*સુગન હાઉસ, ૧૮/૧, રામાનુંજ ઐયર સ્ટ્રીટ,*
*ચેન્નાઈ - ૬૦૦૦૭૯.*

**શ્રી લાલચંદ મુનોથ**
*૨૭,* **EVK** *સંપથ રોડ, વિપરી, ચેન્નઈ-૯*

**શ્રી ચિન્ની ક્રિશ્ના**
*વાઈસ પ્રસીડેન્ટ, બ્લુ ક્રોસ ઓફ ઈન્ડિયા*
*૧/એ, એલડમ્સ રોડ, અલવારપેટ,*
*ચેન્નઈ-૬૦૦૦૧૮*

**શ્રી એસ શ્રીપાલ IPS** *(નિવૃત્ત ડી.જી.પી.)*
*નં. ૮/બી, કંન્નડાસન સલાઈ*
*ટી.નગર, ચેન્નઈ-૬૦૦૦૧૭*

## ત્રિપુરા

**શ્રીમતી અનિલા મલાકર (S.C.)**
*સોસીયલ વર્કર*
*કુમારી ટીંલ્લા(બી. ટી. કોલેજ પાસે),*
*અગરતલા-૭૯૯૦૦૬ (ત્રિપુરા)*
*ટે.નં. ૦૩૮૧-૩૫૬૧૧૩*

## ઉત્તરપ્રદેશ

**શ્રી પરમાનંદ મિત્તલ એડવોકેટ**
**K.D.** *૫૫, કાવીનગર*
*ગાઝીયાબાદ-૨૦૧૦૦૨ (યુપી)*

**શ્રી સુબેદારસિંગ, ભારતીય સિખા મંદિર**
*ઈંગ્લીશલેન, વારાસણી (યુ.પી)*

**શ્રી નિહાલચંદ તનેજા**
*શ્રી મુનિ ઈન્ટર કોલેજ*
*ગોવિંદનગર, કાનપુર (યુ.પી.)*
*ટે.નં. ૦૫૧૨-૭૫૦૧૬૭*

**શ્રી પુરૂસોત્તમદાસ તોસનીવાલ**
*૧૮૬, પોકરપુર, (લાલબંગલો)*
*કાનપુર-૨૦૮૦૧૦ (યુ.પી.)*
*ફોન : ૦૫૧૨- ૩૬૭૭૫૫*

**શ્રી સૂર્યકાન્ત જાલન કનુભાઈ**
*બી/૨૭/૭૫-ડી, રવીન્દ્રપુરી,*
*વારાણસી-૨૨૧ ૦૦૫ (યુ.પી)*
*ટે. નં. ૦૫૪૨ - ૩૫૨૨૧૨*

**શ્રી શિવકુમાર ત્યાગી**
*ગામ - વાઈરા, ફિરોજપુર*
*જિ. બુલંદ શાસર-૨૪૫૪૧૨ યુ.પી.*

**ડો. અપર્ણ ત્રિપાઠી**
*મેમ્બર* **A.W.B.I SPCA** *ગોરખપુર*
*વિકાસ ભવન*
*કમિશ્નર ઓફિસ કેમ્પસ*
*ગોરખપુર-૨૭૩૦૦૪*

## વેસ્ટ બંગાલ

**શ્રી ગોપાલ કારવા**
*૬૪, નલિની શેઠ રોડ,*
*કલકત્તા-૭૦૦૦૦૭* **(W.B.)**
*ટે.નં. ૦૩૩-૨૩૯૫૩૯૮*

**શ્રી ઉમાશંકર બાસુ**
*૩૩, ભુપેન બોસ એવન્યુ, કલકત્તા-૭૦૦૦૦૪*

**શ્રી મહાબીર પ્રસાદ નરસરીયા**
*૫૪/૪/સી, સ્ટ્રેન્ડ રોડ, કલકત્તા -૭૦૦૦૦૭*
*ટે. નં. ૦૩૩-૨૩૮૭૦૪૫*

**શ્રી પન્નાલાલ મુન્ધરા**
*૧૬, ઈન્ડિયા એક્ષચેન્જ પ્લેસ*
*બીજે માળ, કલકત્તા* **(W.B.)**

**શ્રી ડો. ડી આર. મરવાહ**
*૩૦, ચૌરંગી મેન્સન્સ*
*કાઈડ સ્ટ્રીટ કલકત્તા-૭૦૦૦૧૬*
*ટે. નં. ૦૩૩-૨૪૭૩૫૬૭*

**શ્રી દેબાસીસ ચક્બોર્ટી**
*મેમ્બર* **A.W.B.I** *ટ્રસ્ટી,*
*કંપેસનેટ ક્રૂસેડર ટ્રસ્ટ,*
*૧/૧૩ એ, ઓલાઈ ચંડી રોડ,*
*કલકત્તા -૭૦૦૦૩૭*

## ૧૭. પ્રાણી પરિવહન પહેલાં પ્રમાણપત્ર મેળવવા અંગે પ્રાણી કલ્યાણ બોર્ડનો તા. ૨૭-૨-૦૨ નો પરિપત્ર

*તા. ૦૪૪૪૪૫૪૯૫૮*
*૦૪૪૪૪૫૪૯૩૫*
*ફેક્સ : ૦૪૪-૪૪૫૩૩૦*

*તાર- જીવબંધુ*

**સંસદ દ્વારા બનાવવામાં આવેલ કાયદા અન્વયે રચાયેલ.**

ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડ
(જીવજંતુ કલ્યાણ વિભાગ, ભારત સરકાર)
પોસ્ટ બોક્સ નંબર - ૮૬૭૨
ત્રીજો સીવાઈ રોડ, વાલ્મીકિનગર,
તિસવાન મિસૂર, ચેન્નાઈ-૬૦૦૦૪૧.

નં. ૮-૧૩/૨૦૦૨-એચઈ. ૨૭-૦૨-૨૦૦૨

*(૧) સેક્રેટરી, એનિમલ હસબન્ડરી વિભાગ અને*
*(૨) સચિવશ્રી, પરિવહન વિભાગ,*
*સર્વે રાજ્યોના અને અંડર ટેકિંગ*
*(૩) સચિવશ્રી, રેલવે બોર્ડ, રેલભવન, નવી દિલ્હી*
*(૪) સર્વે જિલ્લા કલેક્ટરશ્રી/જિલ્લા ન્યાયધીશશ્રી,*

*મહોદય/મહોદયા,*

**વિષય : પ્રાણીઓની હેરાફેરી (સુધારા) નિયમો, ૨૦૦૧નું અમલીકરણ - હેરાફેરી / પરિવહન પહેલાં પ્રમાણપત્ર જારી કરવું - નોંધણી**

*ભારત સરકારે પ્રાણીઓની હેરા-ફેરી/પરિવહન (સુધારા) નિયમો, ૨૦૦૧, ૨૬-૦૩-૨૦૦૧ ના રોજ સત્તાવાર રાજ્યપત્રમાં પ્રકાશિત કર્યા છે. આ નિયમોના નિયમ-૯૬ અન્વયે ભારત સરકારે ભારતીય જીવજંતુ કલ્યાણબોર્ડના ચેરમેન (અધ્યક્ષશ્રી) ને અથવા તેના પ્રતિનિધિને આ નિયમોથી મળતા અધિકારોની સત્તાનો ઉપયોગ કરવા અધિકૃત કર્યા છે. જો રેલવે કે બીજી કોઈપણ પરિવહન કંપની જો પ્રાણીઓની હેરાફેરી, આ પ્રમાણપત્ર વગર કરશે તો, તે પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ, ૧૯૬૦ ની જોગવાઈઓના ભંગ બદલ શિક્ષાને પાત્ર થશે. હેરાફેરી/પરિવહન કરતી એજન્સીઓની કોઈપણ સમયે ભારતીય જીવજંતુ કલ્યાણબોર્ડના અધિકૃત પ્રતિનિધિને કોઈપણ સ્થળે અને સમયે નિરીક્ષણ કરવા દેવાની જવાબદારી છે.*

*આ સંદર્ભમાં મને નીચે પ્રમાણે જણાવવાની સૂચના મળી છે.*

સામાન્ય રીતે ઘણાં બધાં રાજ્યોમાં મોટી સંખ્યામાં પ્રાણીઓ ખાસ કરીને પશુઓની કતલના હેતુથી હેરાફેરી કરવામાં આવે છે. આ પ્રકારનું પરિવહન હેરાફેરી રોકવાના દરેક રાજ્યના પોતાના કાયદા છે. ઉદાહરણ તરીકે, રાજસ્થાનના કાયદા પ્રમાણે આ પ્રકારની પરવાનગી કહેવાતા ખેતીવાડીના હેતુ માટે જ આપી શકાય છે. પરવાનગી માટેના નમૂના સદર પ્રાણી ખેતીવાડીના ઉપયોગ માટે કોને આપવાનું છે તે દર્શાવવાનું હોય છે. પણ સામાન્ય રીતે જોવા મળ્યું છે કે, આ પ્રકારનો પરવાનો એમ જ વ્યક્તિને મોટી સંખ્યાના પ્રાણીઓ માટે તે પ્રાણીઓ કોને મોકલવાના છે તેમજ તે ખેડૂત છે કે નહીં તેની ખાતરી કર્યા વગર આપવામાં આવે છે. આ સંદર્ભમાં નામદાર રાજસ્થાન હાઈકોર્ટનો તા. ૨૭-૦૧-૨૦૦૦ નો ચુકાદો કે જેની નકલ આ સાથે સામેલ છે, તે સ્વયંસ્પષ્ટ છે. આ ચુકાદો વિવિધ એજન્સીઓ મેળાપીપણામાં પ્રાણીઓની કતલ માટે જે હેરા-ફેરી કરે છે તે ખુલ્લું પાડે છે. કમનસીબે રાજ્ય સરકારો દ્વારા મેળાપીપણામાં કાર્ય કરતા અધિકારીઓ પરત્વે કોઈ જ પગલાં લેવાયાં નથી એટલું જ નહીં નાગરિકના કલેકટરશ્રીએ આ પ્રકારે પરવાનગી આપવાનો આગ્રહ રાખ્યો છે અને લેખિતમાં વિવિધ એજન્સીઓને કોઈપણ રીતે નિયમ-૯૬ હેઠળ "ના વાંધા" પ્રમાણપત્ર આપવા જણાવ્યું છે.

ઉત્તર પ્રદેશમાં, શ્રી રાજીવ ગુપ્તા, આઈ.એ.એસ. સચિવશ્રી, એનિમલ હસબન્ડરી અને સચિવશ્રી, ઉત્તરપ્રદેશ ગૌ સેવા આયોગ ખાસ કરીને ખેતીવાડીને લગતાં પ્રાણીઓને પરવાનગી ન આપવા અને વિવિધ કાળજીઓ લેવા માટે સૂચનાઓ બહાર પાડી છે. જાહેરનામાની નકલ આ સાથે સામેલ છે.

બોર્ડને એવું લાગે છે કે, રાજ્ય સરકારો તેમના પોતાના બનાવેલા કાયદાનો ઝીણવટ ભરી અને સખત/કડક રીતે અમલ કરવાના બદલે ખાદ્ય માંસ તથા નિકાસની પરવાનગી આપીને ઔદ્યોગિકીરણની પ્રવૃત્તિ સંકળાયેલ છે કે કેટલાક કિસ્સામાં મેળાપીપણું કે લાંચરશવત થાય છે.

આથી બોર્ડ સ્પષ્ટ કહે છે કે, કલમ-૯૬ હેઠળનું "ના વાંધા" પ્રમાણપત્ર અધિકૃત અધિકારી દ્વારા ફક્ત તેમને કહેવાથી મળી શકશે નહીં. નિયમો અને ધારાધોરણો તેમજ અરજી અને તે સાથેના જરૂરી પરવાનગીને સંબંધિત કાગળો અને મંજૂર કરાયેલ પરવાનગીની અધિકારી દ્વારા ચકાસણી કરવામાં આવશે એટલું જ નહીં, ઝીણવટભરી ચકાસણી પછી જો સંતોષ થાય કે, આ હેરા-ફેરી/પરિવહન, ફક્ત ખેતીવાડીના હેતુ માટે છે અને તેનો કતલ માટે દુરુપયોગ થવાની કોઈ જ શક્યતા નથી, તો ફક્ત તે સંજોગોમાં જ તે પરવાનગી આપશે. અરજદારે સંબંધિત પરવાનગી આપતા અધિકારી/સત્તાને પૂર્ણ વિગતોથી ભરેલા અરજીના તમામ નમૂનાઓ (ફોર્મ) તેમજ વિવિધ અધિકારીઓ દ્વારા જારી કરવામાં આવેલાં પ્રમાણપત્ર અને પરવાનગીને લગતા કાગળો અસલમાં કે તેની નકલો તથા પ્રાણીઓને તેની દરેક પ્રકારની ચકાસણી માટે પૂરા પાડવાના રહેશે. ત્યારબાદ અધિકૃત અધિકારી પોતે તપાસ કરવા યોગ્ય તમામ પૂછપરછ કરશે અને દરેક સ્વતંત્ર અરજી કે દરેક સ્વતંત્ર પ્રાણી માટે છે તે ગુણવત્તાના ધોરણે નક્કી કરશે.

રાજ્ય સરકારની પરવાનગી આપતી સત્તા પરવાનગી આપ્યા પછી પૂરી/સ્થગિત થાય છે અને પછી તે (પ્રાણીઓ) મોકલવા બાબત રસ દર્શાવવો જોઈએ નહીં. નામદાર રાજસ્થાન હાઈકોર્ટ પ્રમાણે વધારાનો રસ / હિત દર્શાવવું એ ફક્ત એ જ દર્શાવે છે કે, તેમાં ક્યાંક મેળાપીપણું છે અથવા સત્તા ખેતીવાડીને લગતાં પશુઓ મોકલવા માટે મોકલનાર (માધ્યમ) બનવા માગે છે જેના કારણે "ના વાંધા" પ્રમાણપત્ર અસરકારક/ ગુણવત્તાવાળું રહેતું નથી/રદ થાય છે.

બંધ હેરાફેરી/પરિવહન કરનારાઓએ બાંહેધરી આપવાની રહેશે કે તેઓ તમામ હેરા-ફેરી દરમિયાન ખોરાક-પાણી, આરામ તથા દૂધની તમામ સગવડોની વ્યવસ્થા અને જાળવણી કરશે. તેના માટે હેરા-ફેરીને સંબંધિત સત્તા/સત્તાધિકારીને હેરાફેરીના સમય અને સ્થળની બોર્ડના નિયત વિસ્તારના જે જવાબદાર પ્રતિનિધિ હોય તેમને જાણ કરવી. પ્રાણીની હેરા-ફેરીના રેલમાર્ગની તથા રવાના થવાના સમયની વિગતો તથા બોર્ડના અધિકૃત અધિકારીને આપવી જેથી કરીને તેઓ યોગ્ય નિરીક્ષણ કરી શકે. પરિવહનકર્તાએ એ પણ બાંહેધરી આપવાની રહેશે કે, તે તમામ વિગતો રાજ્યના એનિમલ હસબન્ડરી વિભાગને યોગ્યતા તથા તંદુરસ્તીના પ્રમાણપત્ર માટે સમયસર પહોંચાડશે.

પ્રાણીઓને લગતા કાયદાનો પરિવહન કરતી એજન્સીઓ દ્વારા જો ભંગ થાય તો તેને ફોજદારી ગુનો ગણવામાં આવશે અને સંબંધિત વિસ્તારના બોર્ડના પ્રતિનિધિ આ બાબતમાં કાર્યવાહી ફરિયાદ કરશે.

મને આપશ્રીને વિનંતી કરવાની સૂચના આપવામાં આવી છે કે, આપશ્રીએ સંબંધિત રેલવે સત્તા કે પરિવહન ખાતું / સત્તાને આ નિયમોની જોગવાઈઓનો કડક રીતે અમલ થાય તે રીતે સૂચના આપવી. આ સાથે નિયમો એટલે કે, પ્રાણીઓનું પરિવહન / હેરાફેરી (સુધારા) નિયમો, ૨૦૦૧ ની નકલ જાણ અર્થે સામેલ છે.

આ સાથે જુદા જુદા રાજ્યમાં જે વ્યક્તિઓ અધિકૃત રીતે અધિકારો/સત્તાનો ઉપયોગ કરી શકે તેમ છે. તેમનાં સરનામાંઓ સામેલ છે તેની નકલ રેલવે સત્તા, પરિવહન/એનિમલ હસબન્ડરીને પણ મોકલવામાં આવેલ છે.

આપનો વિશ્વાસુ
સેક્રેટરી
(ઓફિશીએટિંગ)

બિડાણ : ઉપર પ્રમાણે
નકલ સવિનય રવાના :

(૧) માનનીય ચેરમેનશ્રી
(૨) શ્રી આર. કે. જૈન, નિયામક (એ.ડબલ્યુ)
મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટીક્સ એન્ડ પ્રોગ્રામ
ઈમ્પ્લીમેન્ટેશન, નવી દિલ્હી.

• • •

## ૧૮. તા. ૮-૧-૦૨ નો પ્રાણી પરિવહન અંગે પ્રમાણપત્ર અધિકારીઓ

*૮ જાન્યુઆરી, ૨૦૦૨*

*પશુઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ-૩૮માં ભારત સરકારે પોતાના સખત અધિકારોનો ઉપયોગ કરતાં પ્રાણીઓના પરિવહન સંબંધમાં નિયમો ઘડેલ છે. તારીખ : ૨૬ માર્ચ, ૨૦૦૧ ના રોજ ભારત સરકારે અસાધારણ રાજપત્ર બહાર પાડી નિયમ ૯૬ અને ૯૭ પ્રસ્થાપિત કરેલ છે. આ જ નિયમોને આધીન રહી પોતાના અધિકારોનો ઉપયોગ કરીને ભારત સરકારે અધ્યક્ષ ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડને અધિકૃત કરેલ છે.*

*એના અનુસંધાનમાં ન્યાયમૂર્તિશ્રી ગુમાન મલ લોઢા, અધ્યક્ષ ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડની ભારત સરકારે ઉપરોક્ત અધિનિયમના અનુસાર રેલ અને વાહન પરિવહનમાં પરિવહનના પહેલાંનાં પ્રમાણપત્ર રજૂ કરવા માટે નિમ્નલિખિત વ્યક્તિઓને એમના સમક્ષ લખેલ રાજ્યોને માટે અધિનિયમ બહાર પાડું છું. એમને એ અધિકારો આપવામાં આવે છે કે એ કોઈપણ રેલ, ટ્રક મારફતે જીવજંતુ, પશુ-પક્ષીઓના પરિવહન એમના સંબંધિત નિયમો, કાયદાઓને અંતર્ગત રહીને થઈ રહેલ છે કે નહીં, એની પૂરી તપાસ કરીને એમાં કોઈપણ પ્રકારની ખામીઓ જણાવતાં પરિવહનના પહેલાંના પ્રમાણપત્ર જારી ન કરે.*

*કદાચ એમને પૂરી તપાસ કરી એ વિશ્વાસ થઈ જાય કે દરેક કાયદાની કલમનું પાલન થયેલ છે તો એમને વિસ્તારપૂર્વકમાં લખીને પરિવહનના પહેલાંનું પ્રમાણપત્ર આપવા માટે અધિકાર છે.*

| | | | |
|---|---|---|---|
| *ઉત્તરપ્રદેશ* | : | | *શ્રી રતનકુમાર શ્રીવાસ્તવ, વિશેષ કાર્ય અધિકારી,<br>જિલ્લો ઉ. પ્ર. શાસન અને વિશેષ કાર્ય અધિકારી,<br>ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડ, હેવલક રોડ,<br>વેટરિનરી હોસ્પિટલ કેમ્પ, યોજના ભવન પાસે,<br>લખનઉ - ૨૨૬૦૦૧.<br>ફોન : ૦૫૨૨-૨૩૯૫૫૬<br>મોબાઈલ : ૦૯૮૩૮૦૬૧૭૮૭* |
| *પંજાબ* | : | | *ડૉ. સંદીપ જૈન, સભ્ય ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડ,<br>૨૬૯૬/૧, એ. કિંગ પેલેસ પાસે, સુંદર નગર, લુધિયાના - ૭* |
| *હરિયાણા* | : | | *આચાર્યશ્રી બળદેવજી મહારાજ,<br>રાષ્ટ્રીય ગોશાળા, ઘડૌલી, પો. કાલવા, જિ. જીંદ* |
| *રાજસ્થાન* | : | ૧. | *શ્રી હરીહર લાલ પરીખ, ભારત માતા મંદિર,<br>જમનાલાલ બજાર માર્ગ, સી-સ્કીમ, જયપુર.* |
| | | ૨. | *શ્રી રાજેન્દ્રસિંહ રાજપુરોહિત<br>૩, વિષ્ણુ ભવન, ઉદયમંદિર, જોધપુર.* |
| *મધ્યપ્રદેશ* | : | ૧. | *શ્રી કાંતિકુમાર શર્મા, મ. પ્ર. ગૌશાળા સંઘ,<br>૧૩૭, માલવીય નગર, નીમચ.* |
| | | ૨. | *શ્રી ઉદયલાલ જારોલી, એડવોકેટ<br>જારોલી ભવન, નીમચ.* |
| *મહારાષ્ટ્ર* | : | ૧. | *શ્રી આર. કે. જોશી, એડવોકેટ, વિનિયોગ પરિવાર<br>બી-૨/૧૦૪, વૈભવ, જામલી ગલી, બોરીવલી, વેસ્ટ મુંબઈ-૯૨.* |

| | | | |
|---|---|---|---|
| | | ૨. | શ્રી કેસરીચંદ મહેતા, ૯૯, તિલક માર્ગ,<br>પો.બો. નં. ૧૧૫, માલેગાંવ, જિલ્લા નાસિક. |
| કર્ણાટક | : | | શ્રી ઉત્તમચંદ દુગ્ગડ, ૪/૬, પદમ નિવાસ,<br>ચોથો બ્લોક, જયનગર, બેંગલોર. |
| ગુજરાત | : | ૧. | શ્રીમતી સ્નેહલ ભટ્ટ, એસ.પી.સી., વડોદરા. |
| | | ૨. | શ્રી કમલેશભાઈ, એ/૧૦૩, તીર્થરાજ કોમ્પ્લેક્ષ,<br>બી/એચ, આશુભાઈ ચેમ્બર, એલિસબ્રિજ, અમદાવાદ-૬. |
| દિલ્લી | : | | ડૉ. ડી. કે. જૈન, ૯૦ સૂર્યા વિહાર, નવી દિલ્લી. |
| બિહાર | : | | શ્રી ત્રિલોકીનાથ બાગી, શાસ્ત્રી ભવન,<br>મ. નં. ૩/૧૪, પં. રામનારાયણ શાસ્ત્રી પથ,<br>રાજેન્દ્રનગર, પટના - ૧૬. |
| રખન્ડ | : | ૧. | શ્રી ચીમનલાલ ભાલોટિયા |
| | | ૨. | શ્રી પુરુષોત્તમલાલ ઝુનઝુનવાળા<br>કલકત્તા પાંજરાપોળ સોસાયટી, ચાકુલિયા,<br>જિલ્લા પૂર્વી સિંહભૂન. |
| છત્તીસગઢ | : | ૧. | શ્રી અચલદાસ પારેખ, છાતાગઢ, મોહલાઈ, દુર્ગ. |
| | | ૨. | શ્રી ઝુમરલાલ ટાવરી, દિનેશવસ્ત્ર ભંડાર, ભિલાઈ. |
| આન્ધ્રપ્રદેશ | : | ૧. | સ્વામીશ્રી સ્વયં ભગવાનદાસ, શ્રી શ્રી રાધા ગોપાલ<br>ગૌ-સેવા સંઘ, ૩-૫-૧૨૧/ડી, ઈડન બાગ,<br>રામકોટ, હૈદરાબાદ. |
| | | ૨. | શ્રી જે. બી શર્મા, એડવોકેટ, ૨-૨,<br>૧૧૩૦/૧૯/સી, ન્યુ નાલાકુંટા, હૈદરાબાદ. |
| | | ૩. | શ્રી શ્રીમાલ જસરાજજી, એફ.સી.એ.<br>૧૫-૮-૫૧૧/૭૩, જૈન ટેમ્પલ ટ્રસ્ટ, ફીલખાના,<br>હૈદરાબાદ - ૫૦૦૦૧૨. |
| તામીલનાડુ | : | ૧. | શ્રીમતી ગોહર અજીજ,<br>૪/૩૨૯, અન્ના મલાઈ, વાલ્વાકરન, ચેન્નઈ. |
| | | ૨. | શ્રી મદન ગોપાલ, એડવોકેટ, ચેન્નઈ. |
| બંગાળ | : | ૧. | શ્રી ગોપાલ જી. કરવા<br>૬૪, નલિની શેઠ રોડ, કલકત્તા-૭. |
| | | ૨. | શ્રી સુદર્શન ઢાંઢરિયા,<br>૪૮-ડી, મુક્તારામબાબુ સ્ટ્રીટ, બીજા તલ્લા, કલકત્તા - ૭ |

**સહી**
**(ગુમાન મલ લોઢા)**
**અધ્યક્ષ**

• • •

## ૧૯. ટ્રક દ્વારા પ્રાણીઓના પરિવહન બાબતે પ્રમાણપત્ર અંગે તા. ૨૮-૮-૦૭ અંગે ભારતીય જીવજન્તું કલ્યાણ બોર્ડનો પત્ર

¼khíkeP SõsLíkw fÕEký çkkuzo,
(ÃkEkoðhý yLku ðLk {t°kk÷E, ¼khík Mkhfkh)
ÃkkuMx çkkuûk Lkt. 8672
૧૩/૧, ત્રીજો સીવાર્ડ રોડ, વાલ્મીકિનગર,
તિરુવાનમિયૂર, ચેન્નાઈ - ૬૦૦૦૪૧.
ડી.ઓ.નં. ૧૭-૧/૨૦૦૭-પીસીએ/સીસી
તા.૨૮-૮-૦૭

**વિષય : ટ્રક દ્વારા પ્રાણીઓના પરિવહન બાબતે પ્રમાણપત્ર - રજી**

**સંદર્ભ : હાઈકોર્ટ કેસ નં. ૩૨૩/૨૦૦૭ ઈન**
**રીટ પીટીશન નં. ૮૫૦૨/૨૦૦૪**
**રીટ પીટીશન નં. ૨૦૮૮૮/૨૦૦૭**

સાહેબશ્રી, નમસ્કાર

પ્રાણીઓના પરિવહન (સુધારા) નિયમો - ૨૦૦૧ના નિયમ-૯૬ અન્વયેના કેસના સંદર્ભમાં ભારતીય જીવજન્તુ કલ્યાણ બોર્ડ ટ્રક દ્વારા પરિવહન કરતાં પહેલાં પ્રાણીઓને પ્રમાણપત્ર આપવા બાબતે નીચે પ્રમાણે નિર્ણય લીધો છે.

ભારતીય જીવજન્તુ કલ્યાણ બોર્ડે નક્કી કર્યું છે કે, સહાયક નિયામક/એસ.ડી. માંથી નીચેની કક્ષાના નહીં તેવા પશુ ચિકિત્સકો સંયુક્ત રીતે ક્યાંતો પ્રાણી કલ્યાણ અધિકારી અથવા પ્રાણી કલ્યાણ સંસ્થાના પ્રમુખ/મંત્રી સાથે દરેક રાજ્યના દરેક જિલ્લામાં પ્રાણીઓના પરિવહન બાબત પ્રમાણપત્રો જારી કરી શકશે. આ પ્રકારની જરૂરિયાતની મુખ્ય સચિવ/નિયામક, પશુપાલન ખાતું, રાજ્ય સરકારને આ બાબતની શક્ય એટલી ઝડપથી જાણ કરવાની રહેશે. પ્રાણીઓના માલિક પાસેથી પ્રમાણપત્ર જારી કરવા માટે સહાયક નિયામક/એસ.ડી.ઓ. પશુપાલન ખાતું રૂા. ૫૦૦/- (અંકે રૂા. પાંચસો પૂરા) નું માનદ ભથ્થું લઈ શકશે.

આ જરૂરિયાતની તમામ મુખ્ય સચિવો/નિયામક, પશુપાલન ખાતાને ત્વરિત અમલ માટે જાણ કરવી.

આપશ્રીને આથી આપશ્રીના તાબા હેઠળ કાર્યરત તમામ અધિકારીશ્રીઓને આ બાબતમાં જરૂરી અમલ માટે જાણ કરવાની વિનંતી કરવામાં આવે છે.

આપના વિશ્વાસુ
(કે. રાધાસ્વામી)
સલાહકાર સચિવ

શ્રી ડી. મુખર્જી, આઈ.પી.એસ.
ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ, તામિલનાડુ સરકાર,
કામરાજાર સાભાઈ, ચેન્નાઈ-૬૦૦૦૦૪.

**નકલ રવાના :**

૧. તમામ રાજ્યના તમામ મુખ્ય સચિવશ્રી
૨. તમામ રાજ્યના તમામ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ
૩. તમામ રાજ્યના પશુપાલન ખાતાના નિયામકશ્રી તથા પશુચિકિત્સક સેવાઓના નિયામકશ્રીઓ.

## ૨૦. સર્ટિફિકેશન અંડર રૂલ્સ-૯૬ ફોર ટ્રાન્સપોર્ટેશન અંગે તા. ૧૪-૩-૨૦૧૧નો ઉપસચિવ, કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ

*સર્ટિફિકેશન અંડર રૂલ્સ-૯૬ ફોર ટ્રાન્સપોર્ટેશન ઓફ*
*બાય રેલવે/ટ્રક્સ*
*ગુજરાત સરકાર*
*કૃષિ અને સહકાર વિભાગ,*
*ઠરાવ ક્રમાંક : એએચએસ/૧૧૨૦૧૦/૨૬૨૫/પ.ર.*
*સચિવાલય, ગાંધીનગર.*
*તારીખ : ૧૪/૩/૨૦૧૧*

**વંચાણે લીધા :**

*(૧) ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડ, ચેન્નાઈના પત્ર નં. એફ નં. ૧૧/૨૦૧૦/સીઓએડબલ્યુબીઆઈ/તા. ૧૧/૮/૨૦૧૦*

*(૨) પશુપાલન નિયામકશ્રીના પત્ર નં. બનિ/૧૫/૧૦, તા. ૧૫/૧૧/૨૦૧૦*

*પ્રસ્તાવના :*

*ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડ દ્વારા સર્ટિફિકેશન અંડર રૂલ્સ-૯૬ ફોર ટ્રાન્સપોર્ટેશન ઓફ એનીમલ્સ બાય રેલવે એન્ડ/ટ્રક્સ બાબતે રાજ્યમાં એનીમલ વેલ્ફેર બોર્ડની રચના કરવી અને બોર્ડનું કાર્ય પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા નિવારણા માટેના ભારતમાં અમલમાં હોય તેવા કાયદાનો સતત અભ્યાસ કરતાં રહેવું અને તેમાં વખતો વખત સુધારાઓ અંગે સલાહ આપવાનું કાર્ય છે. પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ હેઠળ ટ્રાન્સપોર્ટેશન ઓફ એનીમલ રૂલ્સ, ૧૯૭૮ એમેન્ડમેન્ટ રૂલ્સ-૨૦૦૧ના નિયમ નં. ૯૬ અન્વયે પશુ પરિવહન પહેલાં એનીમલ વેલ્ફેર બોર્ડ દ્વારા અધિકૃત કરેલ અધિકારી દ્વારા પ્રમાણપત્રના નિયમ નં. ૯૬ અને પશુ પરિવહન પહેલાં એનીમલ વેલ્ફેર બોર્ડ દ્વારા અધિકૃત કરેલ અધિકારી દ્વારા પ્રમાણપત્ર લેવું ફરજીયાત બનાવેલ છે.*

*ઠરાવ :*

*હાલમાં રાજ્યમાં એનીમલ વેલ્ફેર બોર્ડની રચના થયેલ ન હોઈ, રાજ્યમાં એનીમલ વેલ્ફેર બોર્ડની રચના કરવામાં આવે ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા માટે રાજ્યમાં જે સ્થળેથી પશુ પરિવહન થવાનું હોય તે તાલુકામાં પશુ દવાખાના ખાતે ફરજ બજાવતા પશુ ચિકિતસા અધિકારીએ સર્ટિફિકેશન અંડર રૂલ્સ-૯૬ ફોર ટ્રાન્સપોર્ટેશન ઓફ એનીમલ બાય રેલવે/ટ્રક્સ માટે પ્રમાણપત્ર આપવા માટે આથી અધિકૃત કરવામાં આવે છે.*

*આ ઠરાવ માન. મંત્રીશ્રી (કૃષિ અને કાયદા) ની તા. ૬/૨/૧૧ ની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ અન્વયે બહાર પાડવામાં આવે છે.*

*ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,*

*(હસમુખ પ્રજાપતિ)*
*ઉપ સચિવ*
*કૃષિ અને સહકાર વિભાગ*

## ૨૧. પ્રાણીઓની હેરફેરના નિયમોનું અમલીકરણ કરવા માટેનું પ્રમાણપત્ર આપવા બાબત પશુપાલન નિયામક, ગુજરાત રાજ્યનો તા. ૧૭-૩-૧૧નો પરિપત્ર

*જાનં. બનિ/૨૬-૧૭૦/૧૧*
*પશુપાલન નિયામકની કચેરી,*
*ગુ. રાજ્ય, કૃષિભવન,*
*સેક્ટર-૧૦એ, ગાંધીનગર*
*તા. ૧૭-૦૩-૧૧*

**પરિપત્ર :**

**વિષય : પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ અંતર્ગત પ્રાણીઓની હેરફેરનું અમલીકરણ કરવા માટેનું આપવા બાબત**
**સંદર્ભ : ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : એએચએસ/૧૧૨૦૧૧/ ૨૬૨૫/પ.૨ સચિવાલય, ગાંધીનગર. તા. ૧૪/૩/૨૦૧૧**

*ઉપરોક્ત વિષય તથા ગુજરાત સરકારશ્રીના સંદર્ભિત ઠરાવ અન્વયે જણાવવાનું કે હાલમાં રાજ્યમાં વેલ્ફેર બોર્ડની રચન થયેલ ન હોઈ, રાજ્યમાં એનીમલ વેલ્ફેર બોર્ડની રચના કરવામાં આવે ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા માટે રાજ્યમાં જે સ્થળે પશુ પરિવહન થવાનું હોય તે તાલુકામાં પશુ દવાખાના ખાતે ફરજ બજાવતા પશુચિકિત્સા અધિકારીને સર્ટિફિકેશન અંડર રૂલ્સ-૯૬ ટ્રાન્સપોર્ટેશન ઓફ એનીમલ બાય રેલ્વે/ટ્રક્સ માટે આ સાથે બિડાણ સામેલ રાખેલ પ્રમાણપત્ર મુજબ એનીમલ વેલ્ફેર બોર્ડના અધિકૃત પ્રતિનિધિ તરીકે પ્રમાણપત્ર મેળવવા પરિવહન કરનાર સંપર્ક કરે ત્યારે પશુ દવાખાનાના પશુચિકિત્સા અધિકારીએ જરૂરી ચકાસણી કરી પ્રમાણપત્ર નિયત નમુનામાં આપવાનું રહેશે.*

*મુસદ્દો નિયામકશ્રી દ્વારા મંજુર*

*બિડાણ : (૧) ઠરાવની નકલ*
*(૨) પ્રમાણપત્રનો નમુનો*

*પશુપાલન નિયામક વતી*
*ગુ. રાજ્ય, ગાંધીનગર.*

*નકલ રવાના જાણ તથા ઘટતી કાર્યવાહિ સારૂ :*
*પ્રતિ,*
*માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રીનું કાર્યાલય, બ્લોક નં. ૧, સચિવાલય, ગાંધીનગર*
*માન. મંત્રીશ્રી (કૃષિ અને કાયદો)ના અંગત સચિવ, બ્લોક નં. ૧/૭, સચિવાલય, ગાંધીનગર*
*માન. રાજ્યકક્ષાનાં મંત્રીશ્રી (પશુપાલન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર*
*અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.*
*પશુપાલન નિયામકશ્રી, કૃષિભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.*
*પોલીસ મહાનિર્દેશકશ્રી, પોલીસભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર.*
*સર્વે જિલ્લા પંચાયત/શાખા સંગ્રહ*

## ૨૨. ગેરકાયદેસર રીતે કતલખાનામાં મોકલવામાં આવતા પશુઓની હેરાફેરી અંગે

*નં.:ડી.એ.જી.એમ.વી.આર.-૧૨૩-પશુસુરક્ષા-૧૧૮,*
*વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,*
*ગુજરાત રાજ્ય, અમદાવાદ*
*તા. ૪-૧-૨૦૦૨*

*પ્રતિ,*
*બધા જ પ્રાદેશિક તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીઓ,*
*બધીજ ચેકપોસ્ટો,*

**વિષય : ગેરકાયદેસર રીતે કતલખાનામાં મોકલવામાં આવતાં પશુઓની હેરાફેરી અંગે**
**સંદર્ભ : અત્રેનો પત્ર નં. ડીએ-જીએમવીઆર-૧૨૩-પશુસુરક્ષા-૮૧૪૮ તા. ૨૯-૧૨-૨૦૦૧**

*ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૧૯ હેઠળ લાયસન્સ અધિકારી (આરટીઓ/એઆરટીઓ) કોગ્નિઝેબલ ગુન્હો કરવા માટે વપરાયેલ મોટર વાહનના ડ્રાઈવરને સાંભળવાની તક આપ્યા પછી તેનું ડ્રાઈવિંગ લાયસન્સ રદ કરી શકે છે. મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ની કલમ ૯ હેઠળ સદર અધિનિયમ હેઠળના ગુન્હાઓ પોલીસ અધિકારના (કોગ્નિઝેબલ) ગણવામાં આવેલ છે. આ દૃષ્ટિએ પશુઓને ગેરકાયદેસર કતલખાનાઓ તરફ લઈ જવા એ કોગ્નીઝેબલ ગુન્હો ગણાય અને તેથી મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની જોગવાઈ મુજબ તેમના ડ્રાઈવિંગ લાયસન્સ રદ કરી શકાય છે. આથી પશુઓને ગેરકાયદે રીતે કતલખાનાઓ તરફ લઈ જવા વપરાતા વાહનોના ડ્રાઈવિંગ લાયસન્સ રદ કરવા જણાવવામાં આવે છે.*

*ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૨૩માં માલ વાહનોમાં પશુઓ લઈ જવા બાબતની જોગવાઈ છે. તેમાંની જોગવાઈ અનુસાર બકરાં, ઘેટાં, હરણ અથવા ડુક્કર સિવાયના ઢોરની બાબતમાં ઢોર દીઠ ઓછામાં ઓછી ૨ મીટર X ૧ મીટર જેટલી ભોંયતળિયાની જગ્યા સ્વતંત્રપણે અને ધાવણ છોડાવ્યું હોય તેવા ઢોરનાં નાનાં બચ્ચાં માટે તેવા ભોંયતળિયાની અડધી જગ્યા માલવાહક વાહનમાં રાખવાની રહેશે. આ જોગવાઈ અનુસાર માલવાહક વાહનમાં જ્યારે ગાય, વાછરડાં લઈ જવામાં આવતા હોય ત્યારે ઢોરદીઠ ઓછામાં ઓછી ૨ મીટર X ૧ મીટર જેટલી ભોંયતળિયાની જગ્યા અને બચ્ચાં માટે તેવા ભોંયતળિયાની અડધી જગ્યા માલવાહક વાહનમાં રાખવાની રહેશે. આ જોગવાઈનો ભંગ કરીને પશુઓ લઈ જવામાં આવતાં હોય ત્યારે વધારાના પશુઓને ઉતારીને અન્ય માલવાહક વાહનમાં લઈ જવા વાહન માલિક / ડ્રાઈવરને ફરજ પાડવા જણાવવામાં આવે છે અને મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૮૬(૧) હેઠળ માલવાહકની પરમીટ મોકૂફ રાખવા અથવા રદ કરવા અથવા વિકલ્પે કલમ ૮૬(૫) હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળે ઠરાવેલ માંડવાળ ફી વસૂલ લેવા જણાવવામાં આવે છે.*

*ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.*

*સહી/અવાચ્ય*
*સંયુક્ત વાહન વ્યવહાર નિયામક,*
*ગુજરાત રાજ્ય, અમદાવાદ.*

## ૨૩. પ્રાણીઓના પરિવહન સમયે પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ

ક્રમાંક : પીઆરસી/પ્રાણી પરિવહન/૧૫/૦૬
અધિક પોલીસ મહાનિર્દેશકની કચેરી,
સી.આઈ.ડી.ક્રાઈમ અને રેલવેઝ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તા. ૧૯-૦૧-૨૦૦૬

**યાદી :**

**વિષય : પ્રાણીઓના પરિવહન સમયે પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ તથા ટ્રાન્સપોર્ટ ઓફ એનીમલ્સ રૂલ્સ ૧૯૭૮ની જોગવાઈઓનું ચૂસ્તપણે અમલીકરણ કરવા અંગે**

સવિનય જણાવવાનું કે ગુજરાત રાજ્યમાં આવેલ કેટલીક સંસ્થાઓ તરફથી સરકારશ્રીમાં, ડી.જી.પી. શ્રી ગુ.રા.નાઓને તથા અત્રેની કચેરીએ પ્રાણીઓના પરિવહન તેમજ ગેરકાયદે કતલ અને રખડતાં ઢોર અંગે સખ્ત અસરકારક પગલાં લેવા તેમજ લીધેલ પગલાંની તેઓને જાણ થવા રજૂઆત થતી રહે છે. જેથી આ દિશામાં આપનું ધ્યાન દોરીને જણાવવાનું કે,

પ્રાણીઓના પરિવહન તથા ગેરકાયદેસર થતી કતલ અંગે નીચેની કાયદાકીય જોગવાઈઓ તથા પરિપત્રો પ્રસિદ્ધ થયેલાં છે.

(૧) મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪
(૨) મુંબઈ આવશ્યક ચીજવસ્તુઓ ધારા ૧૯૫૮ (કલમ.૪-કલમ.૯ મુજબ શિક્ષા)
(૩) પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ તથા ૨૬/૩/૨૦૦૧ થી ભારત સરકારના ગેઝેટમાં બહાર પાડેલ એમેન્ડમેન્ટ રૂલ્સ.
(૪) ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ (કલમ. ૨૦૭, ૨૦૮ કતલખાનાં ખોલવા/બંધ રાખવા)
(૫) ગુજરાત ડીસીસીઝ ઓફ એનીમલ એન્ડ કન્ટ્રોલ એક્ટ ૧૯૬૩ (પશુને રોગ પ્રતિકારક રસી મુકવી)
(૬) ગુજરાત કેટલ મુવમેન્ટ કન્ટ્રોલ ઓર્ડર ૧૯૮૫ (સરહદી જિલ્લામાં જિલ્લા મેજીની પશુ હેરાફેરી માટે જરૂરી પરવાનગી)
(૭) મુંબઈ પોલીસ એક્ટ (કલમ ૧૧૯)
(૮) ગુજરાત મોટર વ્હીકલ એક્ટ (કલમ.૧૨૩ અને ૯૧, ૧૭૭, ૧૮૮)
(૯) ગુજરાત એક્ષપોર્ટ ઓર્ડર (કલમ .૧૯(૨) નો ભંગ)
(૧૦) ઈન્ડીયન પીનલ કોડ (કલમ. ૨૭૯ પશુ રાખેલ વાહન ગફલતભરી રીતે જીવ જોખમમાં મૂકી ચલાવવું.)
(૧૧) ગુજરાત એક્ટ ૪/૧૯૯૪ તા. ૧૫/૩/૯૪ ગૌવંશ હત્યાનો કાયદો.

**પરિપત્રો :**

(૧) ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગ (એ) ના નંબર એસબી. ૨/સીઓએમ/૧૦૯૮/જીપીએસ-૧૯૬, તા. ૨/૨/૧૯૯૯
(૨) ગુ.સ.શ્રી ગૃહવિભાગના નંબર વિ. ૨/પશઅ/૧૦૨૦૦૦/૭૪, તા. ૧૫/૧/૨૦૦૦
(૩) ----- નંબર વિશેષ/વિ. ૨/પશઅ/૧૦૨૦૦૦/૯૪, તા. ૨૭/૧/૨૦૦૦
(૪) શહેરી વિકાસ અને શહેર ગૃહનિર્માણ, ગાંધીનગરના ક્રમાંક : અમન/૮૦૨૦૦૧/એસસીએ/૧૫૮/પી. તા. ૧૭/૫/૨૦૦૨.

(૫) શહેરી વિકાસ અને શહેર ગૃહનિર્માણ, ગાંધીનગરના ક્રમાંક : નપલ/૪૫૯૯/૧૨૦/મ.તા.૨/૯/૨00૩.
(૬) તાજેતરમાં તા. ૨૬/૧૦/૦૫ ના રોજ સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ ૨૦૦૫(૧૨)૫૮૦ અપીલ નં. ૪૯૩૭ થી ૪૯૪૫/૧૯૯૮ ના કામે આખરી રુલીંગ બહાર પાડેલ છે તે
(૭) તા. ૧૭/૧૧/૦૫ નો કૃષિ સહકાર ખાતાનો પરિપત્ર (સુપ્રિમ કોર્ટ ચુકાદા અંગેનો છે.)

તેમજ વધુમાં :

પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ પ્રકરણ-૨ માં કલમ.૪ થી ૧૦ મુજબ નિર્દિષ્ટ એનીમલ્સ (એમેન્ડમેન્ટ) રૂલ્સ, ૨૦૦૧ તા. ૨૬/૩/૨૦૦૫ થી ભારત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે. જેમાં પ્રાણીઓના કલ્યાણને વેગ આપવા અને વિના કારણ દુઃખ અને પીડામાંથી ઉગારો કરવાના હેતુથી 'એમીનલ વેલ્ફર બોર્ડ ઓફ ઈન્ડીયા' ની કેન્દ્ર સરકાર તરફથી રચના કરવામાં આવેલ છે. જે સંસ્થાને આ કાયદાની જોગવાઈઓને આધીન રહી મિલકત મેળવવાનો, ધારણ કરવાનો, તબદીલ કરવાના હક્ક સાથે સતત પરંપરાગત અને સાર્વજનિક મુદ્દાઓ જેવાં કે આ કાયદાને સતત અભ્યાસ હેઠળ રાખવો, વખતો વખત કાયદામાં કોઈપણ સુધારા-વધારા કરવા અંગે સરકારશ્રીને સલાહ આપવી. પ્રાણી પરિવહન અંગે તથા પ્રાણીના ગેરકાયદે કતલ અંગે લોકોના પ્રવચનો, પુસ્તકો, પોસ્ટરો, સિનેમેટોગ્રાફીક એકઝિબિશન કરવા કે તેવા બીજા સાધનો દ્વારા પ્રાણીઓનું કલ્યાણ થાય તે અર્થેની કાર્યવાહી કરવી અને તેવી કાર્યવાહીને ઉત્તેજન આપવું વગેરે આ બોર્ડના કાર્યો છે, જે બોર્ડ તરફથી તા. ૮/૧/૨૦૦૨ તથા ૨૭/૨/૨૦૦૨ ના પત્રો આ સાથે સામેલ છે તે તથા ટ્રાન્સપોર્ટ ઓફ એનીમલ્સ રૂલ્સ. ૧૯૭૮ના ચેપ્ટર-૧ થી ૬ મુજબના કેન્દ્ર સરકાર તરફથી બહાર પડાયેલ રૂલ્સમાં દર્શાવેલ પશુ પરિવહન અંગેના નિયમો (રેલ તથા રોડ માર્ગો વાહનમાં) નો ઉલ્લેખ છે જેમાં શું શું જોગવાઈઓનું નિયમાનુસાર પાલન થયેલ છે કે કેમ ? તે ચકાસવા સરકારી પ્રતિનિધિ ઉપરાંત એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડીયાના સભ્યોની રાજ્ય પ્રમાણે પણ નિમણૂંક કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે.

જેથી રાજ્યમાં આપના કાર્યક્ષેત્રમાં પ્રાણીઓના પરિવહન વખતે કાયદાકીય જોગવાઈઓ મુજબનાં જરૂરી પ્રમાણપત્રો વાહનચાલકો/સંચાલકો ધરાવે છે કે કેમ ? તેની પણ ચકાસણી કરવી અને તે પ્રમાણે નિયમોનો ભંગ કરેલાનું જણાઈ આવે તો ગુનો નોંધાય તે સમયે પ્રથમથી જ એફ.આઈ.આર. માં તે અંગેનો ઉલ્લેખ પણ થાય તે ખાસ ધ્યાને લેવા વિનંતી છે.

(જી.સી. રાયગર)
અધિક પોલીસ મહાનિર્દેશક
સી.આઈ.ડી.ક્રાઈમ અને રેલવેઝ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**બિડાણ :**
(૧) ટ્રાન્સપોર્ટ ઓફ એનીમલ્સ રૂલ્સ ૧૯૭૮ના પ્રકરણ ૧ થી ૬ પાના નં. ૧૭ થી ૩૭
(૨) એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડીયાના તા.૮/૧/૦૨ તથા ૨૭/૨/૦૨ ના પત્રો સામેલ સાધનિક કાગળો સાથે

પ્રતિ,
– તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ.
– તમામ રેન્જ વડાશ્રીઓ.
– તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ (પ.રે. વડોદરા સહિત)

**નકલ સવિનય રવાના : (જાણ સારુ)**
પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

## ૨૪. ગૌવંશ અંગેના ગુના અંગે સઘન તપાસ અંગે ગૃહમંત્રીનો તા.૧૯-૧૨-૨૦૦૦ નો પત્ર

ક્રમાંક : રા.ક.મં.શ.શ-. ગૃહ અને મા.પ્ર.
રાજકક્ષા મંત્રી,
સરહદી સુરક્ષા (સ્વતંત્ર હવાલો),
ગૃહ અને માહિતી પ્રસારણ,
ગુજરાત સરકાર,
બ્લોક નં. ૨, ૪થો માળ, સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦.
તા. ૧૯-૧૨-૨૦૦૦

સ્નેહીશ્રી,

૧. આપ એ હકીકતથી વાકેફ હશો જ કે, ગૌવંશ સુરક્ષા માટે આ સરકાર કટિબદ્ધ છે. આ હેતુસર તા. ૧૫-૧-૨૦૦૦ થી તા. ૧૫-૩-૨૦૦૦ ના બે માસના સમયગાળા માટે ગૌવંશ સુરક્ષા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેનાં નોંધપાત્ર પરિણામો પ્રાપ્ત થયાં હતાં પરંતુ ત્યારબાદ આ કામગીરી શિથિલ બની હોવાનું અને મુંબઈ પશુ સંરક્ષણ ધારો, ૧૯૫૪ ના અમલીકરણની બાબતમાં પોલીસ સહિતના તંત્રમાં ઉદાસીનતા પ્રવર્તતી હોવાનું જણાયું છે.

૨. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે કૃષિ વિષયક હેતુઓ માટે અત્યંત ઉપયોગી ગૌવંશનાં પ્રાણીઓ અર્થાત ગાય, વાછરડો, વાછરડી, બળદ, ધણખૂંટ, ભેંસ, પાડો અને પાડીની સુરક્ષા હેતુ અને તેઓની ગેરકાયદે કતલ અટકાવવા માટે પાસા એક્ટમાં સુધારો કરીને મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની કલમ-૮ હેઠળ શિક્ષાપાત્ર ગુનો વારંવાર કરનાર, આવો ગુનો કરવાની કોશિશ કરનાર કે ગુનો કરવામાં મદદગારી કરનાર વ્યક્તિની પાસા હેઠળ ક્રૂર વ્યક્તિની કેટેગરીમાં અટકાયત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ બાબતના અમલ અંગે રાજ્ય સરકાર મક્કમ છે તેમ છતાં અટકાયત માટેની આ જોગવાઈઓનો અમલ આપના જિલ્લાના વિસ્તારમાં કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી. આ માટે મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની જોગવાઈઓનું અસરકારક અમલીકરણ કરવામાં પોલીસતંત્રમાં નીચલા સ્તરે દાખવવામાં આવતી ક્ચાશ તથા પોલીસ અધિકારીઓ દ્વારા સેવવામાં આવતી ઉપેક્ષા કારણભૂત હોય તેમ જણાય છે.

૩. મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ હેઠળના ગુનાઓની તપાસ એ.એસ.આઈ./હેડ કોન્સ્ટેબલ કક્ષાના પોલીસ કર્મચારી કરે છે. તેઓ આ કાયદાની જોગવાઈઓથી વાકેફ પણ હોતા નથી. વળી, કતલના ઈરાદે વાહનોમાં ગૌવંશનાં પ્રાણીઓના વહનના કેસોમાં મૂળ સુધી તપાસ થતી નથી. આરોપીઓ ગૌવર્ગનાં પ્રાણીઓને કતલ માટે ક્યા શહેર/નગરના ક્યા વિસ્તારમાં આવેલ કાયેદસરના કતલખાને લઈ

જવાતાં હતાં તથા તે ગેરકાયદેસરના કતલખાનાના સંચાલકો કોણ છે અને સંચાલકો સંડોવાયેલા છે કે કેમ ? વગેરે મુદ્દાઓ સંબંધમાં ઝીણવટભરી તપાસ ખંતપૂર્વક કરવામાં આવે તે અત્યંત આવશ્યક છે. આથી ગુનાના મૂળ સુધી તપાસ કર્યા બાદ મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ હેઠળના ગુનાઓમાં વારંવાર સંડોવાયેલ વ્યક્તિ સામે પાસા હેઠળ અટકાયત માટેની દરખાસ્ત કરી શકાય. વધુમાં અન્ય ખાતાંઓ હેઠળની આ બાબતની કાનૂની જોગવાઈઓ લક્ષ્યમાં લઈ તે અંગે કાર્યવાહી કરવા સંબંધિત ખાતા / કચેરીના અધિકારીને જણાવવામાં આવે તે પણ જરૂરી છે.

૪. ઉપરોક્ત બાબતમાં આપ અંગત રસ લઈ આપના તાબાના પોલીસ અધિકારીઓ મારફતે પોલીસ કોન્સ્ટેબલ / હેડ કોન્સ્ટેબલ / એ.એસ.આઈ. જેવા નીચલા સ્તરના પોલીસ કર્મચારીઓને મીટિંગ કરીને પણ જરૂરી માર્ગદર્શન તથા યોગ્ય સૂચનાઓ આપીને ગંભીરતાપૂર્વક પરિણામલક્ષી કાર્યવાહી થાય તેવી વ્યવસ્થા ગોઠવશો. મુંબઈ પશુ સંરક્ષણ ધારો, ૧૯૫૪ની જોગવાઈઓ તથા તે અંગેના ગુના કરનાર વ્યક્તિની પાસ એક્ટ હેઠળ ક્રૂર વ્યક્તિની કેટેગરીમાં અટકાયત કરવા બાબતમાં એક માસમાં કરેલ કાર્યવાહીની વિગતોથી મને વાકેફ કરશો.

આપનો સહૃદયી
(હરેન પંડ્યા)

પ્રતિ,
શ્રી જે. કે. ભટ્ટ
જિલ્લા પોલીસ અધિકારીશ્રી,
ભાવનગર જિલ્લો,
ભાવનગર

• • •

## ૨૫. ગૃહ વિભાગનો તા. ૩-૩-૯૯ નો બી.પી.એમ.સી. એક્ટ અને મુંબઈ પશુ સંરક્ષણ ધારાના ગુના નોંધવાનો હુકમ

*ગેરકાયદેસર રીતે કતલખાને લઈ જવાતાં ઢોરો*
*પશુ સંરક્ષણ ધારો, ૧૯૬૦ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરવા*
*ગૃહ વિભાગ*
*ગુજરાત સરકાર*
*પરિપત્ર ક્રમાંક - વિર/----/૧૦૯૯/૩૦૭૭, સચિવાલય ગાંધીનગર.*
*તારીખ : ૩-૩-૯૯*

*પરિપત્ર :*

*૧. સરકારશ્રીના ધ્યાન ઉપર એ બાબત આવી છે કે, ગેરકાયદેસર રીતે કતલખાને લઈ જવાતાં ઢોરોને છોડાવીને પોલીસ દ્વારા ગુનો નોંધી નામ. કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. જો કે મોટા ભાગના કિસ્સાઓમાં આ સંબંધમાં પશુઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ ધારા, ૧૯૬૦ની કલમ : ૧૧ (૧) (ક) હેઠળ ગુનો નોંધી ચાર્જશીટ કરવામાં આવે છે. આ કલમ હેઠળ પ્રથમ ગુનાની સજા ફક્ત રૂા. ૫૦/- સુધીના દંડની છે. પરિણામે આરોપીઓ આ ગુનાને ગંભીરતાથી લેતા નથી.*

*૨. ગેરકાયદેસર કતલખાને લઈ જવાતાં ઢોરોના કિસ્સામાં મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ (૧૯૭૬ના સુધારા મુજબ) ની કલમ - ૫, ૬ અને ૮ હેઠળ જો ગુનો નોંધવામાં આવ્યો હોય તો છ માસ સુધી કેદની સજા અથવા રૂા. ૧,૦૦૦/- સુધીનો દંડ અથવા બંને ફરમાવવાની જોગવાઈ છે. વળી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં જો આ મુજબનો ગુનો બનેલ હોય તો બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ : ૩૨૫ અને ૩૭૬ (૧) મુજબના ગુના, બદલ રૂા. ૧૦૦/- અને રૂા. ૫૦૦/- ના દંડની જોગવાઈ કરવામાં આવી છે.*

*૩. આથી તમામ પોલીસ કમિશનરશ્રી /જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને જાણ કરવામાં આવે છે કે, ગેરકાયદેસર રીતે કતલખાને લઈ જવાતાં ઢોરોના કિસ્સામાં કાયદાની અસરકારકતા વધે અને આવી ગુનાહીત પ્રવૃત્તિ નિયંત્રણમાં આવે તે હેતુસર આવા પ્રકારનો ગુનો જ્યારે બને ત્યારે પોલીસ સ્ટેશન ખાતે પશુ સંરક્ષણ ધારો, ૧૯૫૪ની કલમ : ૫, ૬ અને ૮ અને જો ગુનો મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં બનેલ હોય તો બી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ની કલમ : ૩૩૫ અને ૩૭૬(૧) ( ) હેઠળ પણ ગુનો નોંધી નામ. કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે તેઓશ્રીના તાબા હેઠળના સંબંધકર્તા તમામ પોલીસ અધિકારીશ્રીઓ ખાસ કરીને પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા અમલદારશ્રીઓને યોગ્ય સૂચના /માર્ગદર્શન આપવું. તથા આ સૂચનાનો જાણીબૂજીને ઉલ્લંઘન કરનાર પોલીસ અધિકારી/કર્મચારી સામે ખાતાકીય ધોરણે પગલાં ભરવામાં આવશે, તેની નોંધ લેવા પણ સર્વ સંબંધકર્તા પોલીસ અધિકારીશ્રીઓને જણાવવા વિનંતી છે.*

*ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,*

*(જે. આર. રાજપૂત)*
*ઉપસચિવ*
*ગૃહ વિભાગ*

*પ્રતિ,*

*તમામ પોલીસ કમિશનરશ્રી/તમામ જિલ્લા પોલીસ અધિકારીશ્રી*

*પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલવે, વડોદરા.*

**સવિનય નકલ રવાના :**

*પ્રતિ,*

*પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારશ્રી ગુ.રા. અમદાવાદ.*

*પોલીસ મહાનિર્દેશક (ઈન્ટે.) ગુ. રા. અમદાવાદ.*

*અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (સીઆઈડી) (રેલવે) ગુ.રા., અમદાવાદ.*

*તમામ રેન્જના સ્પે.આઈ.જી.પી./ડી.આઈ.જી./તમામ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,*

*કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.*

*શહેર વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.*

*પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.*

• • •

## ૨૬. તા. ૭-૮-૨૦૦૦ નું કોમર્સ મિનિસ્ટ્રીનો ગૌમાંસ આયાત પ્રતિબંધ જાહેરનામું

**ભારત સરકારના ગેઝેટ વિભાગ - ૨**
**પેટા કલમ (૨) કલમ ૩ માં પ્રસિદ્ધ કરવા સારુ**

ભારત સરકાર
વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય
વાણિજ્ય વિભાગ
જાહેરનામા નં. ૨૯ (આર.ઈ -૨૦૦૦) ૧૯૯૭-૨૦૦૨
ન્યુ દિલ્હી - ૭ મી ઓગસ્ટ ૨૦૦૦

– *(આર. ઈ) ફોરેન ટ્રેડ (ડેવલપમેન્ટ અને રેગ્યુલેશન) ના કાયદાની કલમ ૫ ની મળેલ સત્તાની રૂઈએ તેમજ આયાત અને નિકાસ પોલિસી (નીતિ) ૧૯૯૭ - ૨૦૦૨ ના ફકરા ૧.૩ અને ૪.૧ સાથે વાંચતા, કેન્દ્ર સરકાર આઈ.ટી. સી. (એચ. એસ) આયાત અને નિકાસની વસ્તુઓના વર્ગીકરણ ૧૯૯૭-૨૦૦૨ તા. ૩૧ મી માર્ચ ૧૯૯૭ (આર.ઈ. ૭૯૮) જેમાં વારંવાર સુધારાઓ થયેલા છે. તેમાં નીચે મુજબના સુધારા કરે છે, જેવા કે :-*

*પ્રકરણ ૧-અ ના ફકરા - ૨ પછી નીચે મુજબનો ઉમેરો કરવો :-*

*આઈ.ટી.સી. (એચ. એસ.) આયાત અને નિકાસની વસ્તુઓના વર્ગીકરણ ૧૯૯૭-૨૦૦૨ અંગે સામાન્ય ટીપ્પણી :*

– *કોઈ પણ પ્રકારના બીફ (ગાયનું માંસ) ની આયાત તેમજ કોઈ પણ પ્રકારનું ઉત્પાદન કે જેમાં બીફ (ગાયનું માંસ) નો વપરાશ હોય તેની આયાત પ્રતિબંધિત છે.*

– *ખાદ્ય તેલના કન્ટેનર્સ તેમજ પકવેલાં ખાદ્ય ઉત્પાદનો (પ્રોસેસ્ડ પ્રોડેક્ટ્સ) કે જેની મોટા પાયે આયાતના જહાજી/શીપિંગ દસ્તાવેજો સાથે નિકાસ કરનારની જાહેરાત (ડેક્લેરેશન) નમૂનામાં સાથે હોવી જરૂરી છે કે જેમાં એવી જાહેરાત કરવામાં આવી હોય કે કન્ટેનર્સ કોઈપણ પ્રકારનું બીફ (ગાયનું માંસ) ધરાવતું નથી, દરેક પ્રકારનાં ખાદ્ય તેલ ઉત્પાદનો કે જેનો આયાત ઉપભોગકતા પેકિંગમાં (ગ્રાહકો માટેના પેકિંગમાં) કરવામાં આવી હોય તો તેવા દરેક ઉપભોગકતા પેકિંગ ઉપર એવી જાહેરાત લગાવેલી હોવી જોઈએ કે "આ ઉત્પાદન કોઈ પણ પ્રકારના બીફ (ગાયનું માંસ) ધરાવતું નથી."*

*આ સુધારો જાહેર હિતમાં જારી કરવામાં આવેલ છે.*

*સહી. એન.એલ. લખનપાલ*
*ડાયરેક્ટર જનરલ, ફોરન ટ્રેડ તેમજ હોદ્દાની રૂઈએ*
*ભારત સરકારના વધારાના સચિવશ્રી*

**નકલ રવાના :-**
*પ્રતિ,*
*- દરેક લાગતા વળગતાઓને*

*સહી. ઓ.પી. હીસરીઆ*
*ડેપ્યુટી ડાયરેક્ટર, જનરલ ફોરેન ટ્રેડ*

• • •

## ૨૭. ગાય, બળદ, વાછરડા વગેરે પશુઓની થતી ગેરકાયદેસર કતલ અંગે બોમ્બે એનિમલ પ્રિઝર્વેશન એક્ટ હેઠળ લગલાં લેવાં તા. ૨૨-૨-૮૩નો ગૃહવિભાગનો ઠરાવ

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ (વિશેષ)
પરિપત્ર ક્રમાંક : પકન-૧૦૮૩-૩૮૫
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૨-૨-૧૯૮૩

અખિલ ભારતીય કૃષિ ગૌસેવા સંઘ (ગુજરાત)એ ગૌવંશ વધની બંધી અંગે સરકાર સમક્ષ રજૂઆત કરી હતી જેમાં એક મુદ્દો એવો દર્શાવવામાં આવ્યો હતો કે અમદાવાદમાં તથા ગુજરાતના અન્ય શહેરોમાં ગેરકાયદેસર સ્થળોએ પશુની જે કતલ કરવામાં આવે છે તેને રોકવા માટે પોલીસ ખાતાએ કડક પગલાં ભરવા જરૂરી છે. સંઘ તરફથી આ દિશામાં કોઈપણ પગલાં લેવામાં આવે, તેમાં જનતાનો સહકાર પ્રાપ્ત કરવામાં સંઘને પોલીસ વિભાગ તરફથી જરૂરી સહકાર મળવો જરૂરી છે. હાલમાં ગેરકાયદેસર કતલને રોકવા માટે જે કાયદાને આધારે પગલાં ભરાય છે તેમાં બહુ મામુલી દંડની જોગવાઈ છે. એટલે બોમ્બે એનીમલ પ્રીઝર્વેશન એક્ટ-૧૯૫૪ની કલમ-૮માં જે પ્રમાણે દંડની જોગવાઈ કરવામાં આવી છે તે પ્રમાણે દંડ કરવો જરૂરી છે. જેથી આવા ગેરકાયદેસર ચાલતા કતલખાનાં કાબુમાં રાખી બંધ કરી શકાય.

ઉપર જણાવેલા સંજોગોમાં આથી તમામ લાગતાં વળગતાં અધિકારીને સૂચના આપવામાં આવે છે કે આવી ગેરકાયદેસર થતી કતલ રોકવા માટે જરૂરી તપાસ કરી તાત્કાલિક ઘટતું કરવું અને આ બાબતમાં પૂરતો સહકાર આપવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/અવાચ્ય
(નગીન મેકવાન)
ઉપસચિવ
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,
પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, સીઆઈડી, રેલવે, અમદાવાદ.
સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ
મા. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવ, ગૃહખાતાના અંગત સચિવશ્રી
સચિવશ્રી ખેતી, વન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ, સર્વે મેજીસ્ટ્રેટશ્રીઓ
સચિવશ્રી, પંચાયત અને શહેરી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
શાખા સિલેક્ટ ફાઈલ
મદદનીશ સિલેક્ટ ફાઈલ

## ૨૮. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની મુંબઈ પશુ સંરક્ષણ ધારા હેઠળ કતલ કરવાના સ્થળ નક્કી કરવાની સત્તા આપતું તા. ૧૦-૭-૭૩ નું જાહેરનામું

**પ્રકરણ - ૫૫**

**મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ અન્વયે ગ્રામ પંચાયતને સુપરત થયેલી સત્તા**

**ખેતી, વન અને સહકાર વિભાગ**

**જાહેરનામું**

**સચિવાલય, ગાંધીનગર, ૧૦ મી જુલાઈ ૧૯૭૩**

**મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪**

ક્રમાંક જી એચ-કે એચ-૧૯૯ (અ) એચ એલ ટી -૧૦૬૧-૪૨૪૭૧-આર (૧)

*મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ (સને ૧૯૫૪ના મુંબઈના ૭૨ મા)ની કલમ ૬ થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે અમલમાં હોય તેવાં અગાઉનાં તમામ જાહેરનામાં રદ કરીને ગુજરાત સરકાર આથી આ સાથેની અનુસૂચિમાં જણાવેલ દરેક સ્થાનિક સત્તામંડળને સદરહુ કલમ -૬ના હેતુઓ માટે પોતપોતાની હદની અંદર આવેલા વિસ્તાર માટેના સત્તામંડળ તરીકે નીમે છે. :*

**અનુસૂચિ**

**સ્થાનિક સત્તામંડળનું નામ**

*૧. મ્યુનિસિપલ કોર્પોરેશન*

*૨. નગરપાલિકા*

*૩. નગર પંચાયત*

*૪. ગ્રામ પંચાયત*

**સમજૂતી :**

૧. *મુંબઈ પશુસંરક્ષણ ધારાની કલમ ૬ અન્વયે રાજ્ય સરકારે નિયુક્ત કરેલ અધિકારી અથવા સત્તામંડળે નિર્દિષ્ટ કરેલા સ્થળ સિવાયના બીજા કોઈપણ સ્થળે કતલ માટે પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય તેવા કોઈ પશુ (સાંઢ, બળદ, ગાય, વાછરડા, ભેંસ, પાડા)ને આ કાયદો લાગુ પડે છે. તેથી આ જાહેરનામાથી સરકારે ગ્રામ પંચાયત વિસ્તારમાં તેવાં પશુઓ માટે કતલ કરવાની જગ્યા નક્કી કરવાની સત્તા ગ્રામ પંચાયતને સુપરત કરેલી છે. ગ્રામ પંચાયતે નક્કી કરેલા સ્થળ સિવાયના બીજા કોઈ સ્થળે તેવાં પશુ કતલ થઈ શકે નહીં અને તેનો ભંગ કરનાર કલમ ૬ હેઠળ ગુનેગાર થશે અને દોષિત ઠર્યેથી ૬ માસ સુધીની કેદ અથવા રૂ. એક હજાર સુધીનો દંડ અથવા બંને પ્રકારની સજાને પાત્ર થશે. આવો ગુનો પોલીસ અધિકારીનો (કોગ્નીઝેબલ) ગણાશે. વધુમાં આવા ગુનાઓ માટે ઉશ્કેરનાર અથવા ગુનો કરવાનો પ્રયત્ન કરનાર પણ આવા ગુના જેટલી શિક્ષાને પાત્ર થશે. (કલમ ૮,૯,૧૦)*

૨. *આ કાયદો લાગુ પડે છે તેવાં ઉપર જણાવેલ પશુઓની કતલ કરતાં પહેલાં કલમ ૫ મુજબ યોગ્ય અધિકારીનું પ્રમાણપત્ર મેળવવાનું છે અને તેવા પ્રમાણપત્ર વિના કોઈ પશુની કતલ કરી શકાય નહિ. પ્રમાણપત્ર આપવા માટે અને કાયદા હેઠળના યોગ્ય અધિકારી તરીકે ગુજરાત રાજ્યમાં પશુ ચિકિત્સા હોસ્પિટલ અથવા પશુ દવાખાનાનો હવાલો ધરાવતા દરેક પશુ ચિકિત્સા અધિકારીને (પોતાની હકૂમતમાંના) સ્થાનિક વિસ્તાર પૂરતા નિયુક્ત કરવામાં આવેલ છે અને તેવું પ્રમાણપત્ર તેવા અધિકારીએ કાઢી આપતાં પહેલાં જે તે સ્થળે હાજર હોય તેવા સલાહકાર સમિતિની પેનલે આપેલી સલાહ વિચારણામાં લેશે. દરેક નિયંત્રિત કતલખાના માટે ત્રણ કરતાં વધુ ન હોય તેવી સલાહકાર સમિતિના સભ્યોની પેનલ પશુપાલન નિયામક વખતોવખત નીમશે. (ખેતી-વન વિ. જાહેરનામું જી એચ કે એચ-૨૦૫/૮૨-૧એસ એલ ટી-૧૦૮૨-પીએમ-૧-પી-૧ તા. ૮-૧૦-૮૨*

## **૨૯. પ્રાણી કતલ નિયમોના પાલન અંગે નગરપાલિકા નિયામકનો પરિપત્ર**

*ક્રમાંક : નાનિક - યુનિટ-૩ - સ્લોટર હાઉસ,*
*વશી - ૧૮૩૧ થી ૧૯૦૦ : ૨૦૦૩*
*પ્રાદેશિક નિયામક,*
*નગરપાલિકાઓની કચેરી,*
*કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ.*
*તા. : ૧૮-૬-૦૩*

*પ્રતિ*
*ચીફ ઓફિસરશ્રી : તમામ*

**વિષય : ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ ૧૯૬૦ અન્વયે ધી સ્લોટર હાઉસ રૂલ્સ-૨૦૦૧ ના અમલીકરણ બાબત..**

**સંદર્ભ : ભારત સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાની નકલ તા. ૨૬-૩-૨૦૦૧**

*ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે જિલ્લા કલેકટરશ્રી, તરફથી આપને ધી સ્લોટર હાઉલ રૂલ્સ-૨૦૦૧ ના અમલીકરણ સંબંધમાં જાહેરનામાની નકલ મોકલાયેલ હશે. તેમ છતાં આ સાથે જાહેરનામાની નકલ સામેલ છે.*

*ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ - ૧૯૬૦ ગૃહવિભાગના કાર્યક્ષેત્રનો અધિનિયમ છે. આ અધિનિયમ હેઠળ બહાર પાડવામાં આવેલ ધી સ્લોટર હાઉસ-૨૦૦૧માં કતલખાનાં ચલાવવા માટે અત્યંત કડક ધોરણો અને જોગવાઈઓ લાગુ પાડવામાં આવેલ છે. આથી તેનું પાલન કરવામાં આવે તો ગેરકાનૂની અને ગેરરીતિથી ચાલતાં કતલખાનાં આપોઆપ બંધ કરવાં પડે તેવી જોગવાઈ રહેલી છે. આ જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવા આથી તમોને સૂચના આપવામાં આવે છે.*

*ગેરકાયદે ચાલતાં કતલખાનાં અંગેની માહિતી સંબંધિત પોલીસ અધિકારીશ્રીને પહોંચાડી તેની જાણ અત્રેને તથા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને પણ જે તે સમયે કરવા વિનંતી છે.*

*પ્રાદેશિક નિયામક*
*નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય*
*રાજકોટ*

**નકલ સાદર રવાના :**

*૧. સેક્શન અધિકારી,*
*શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય,*
*સરદાર ભવન, બ્લોક નંબર ૧૪ : ૯, ગાંધીનગર તરફ જાણ સારુ*

*૨. નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય*
*ગાંધીનગર તરફ તેઓશ્રીના તા. ૩-૦૩-૦૩ ના પત્ર અન્વયે જાણ અર્થે.*

*૩. જિલ્લા કલેકટરશ્રી, તમામ : સ્થાનિક સ્વરાજ્ય શાખા*

## પરિપત્ર-૩૦

## કતલખાના માટે લાગુ પડતા આઈ.એસ. ધારા ધોરણો

| | | |
|---|---|---|
| ૧. | આઈ.એસ.૧૯૮૫ : ૧૯૭૧ | માંસ દેતા પ્રાણીની મરણ પૂર્વેની તથા મરણ પછીની તપાસની પદ્ધતિનો ધારો (પહેલો સુધારો) |
| ૨. | આઈ.એસ. ૪૩૯૩ : ૧૯૬૭ | કતલખાના માટે મૂળભૂત જરૂરી બાબતો (પ્રથમ સુધારો) |
| ૩. | આઈ.એસ. ૧૩૦૬૧ : ૧૯૯૧ | માંસ અને માંસની પેદાશો - સલ્મોનેલોની ભાળ મેળવવા અંગે (રેફરન્સ પદ્ધતિ) |
| ૪. | આઈ.એસ. ૭૦૫૩ : ૧૯૭૩ | નાનાં પ્રાણીઓના માંસના વેચાણ માટેની દુકાન માટે પાયાની જરૂરિયાત |
| ૫. | આઈ.એસ. ૮૭૦૦ : ૧૯૭૭ | મોટાં પ્રાણીઓના માંસના વેચાણ માટેની દુકાન માટે પાયાની જરૂરિયાત |
| ૬. | આઈ.એસ. ૮૮૯૫ : ૧૯૭૮ | કતલખાનાની આડ-પેદાશોની વ્યવસ્થા, સંગ્રહ તથા સ્થળાંતર માટે માર્ગદર્શક નિયમો તથા સ્થળાંતર માટે માર્ગદર્શક નિયમો |
| ૭. | આઈ.એસ. ૪૧૫૭ (ભાગ-૨)૧૯૮૩ | પ્રાણી-ધનને લાવવા લઈ જવાનો ધારો રેલવે માર્ગ તથા રોડ મારફતે જીવતાં પશુઓની હેરફેર (પ્રથમ સુધારો) |
| ૮. | આઈ.એસ.૪૧૫૭ (ભાગ-૩)૧૯૮૩ | પ્રાણીઓને લાવવા લઈ જવાનો નિયમ ઘેટાં બકરાંની રેલવે રસ્તે તથા રોડ મારફતે હેરફેર (પ્રથમ સુધારો) |
| ૯. | આઈ.એસ. ૫૨૩૫:૧૯૬૨ | ડુક્કર કે ભૂંડને રેલવે દ્વારા લાવવા લઈ જવાનો ધારો |
| ૧૦. | આઈ.એસ. ૬૬૨૮ : ૧૯૭૨ | કતલખાનામાં ઉપયોગ માટે સરકતા પાટા અંગે |
| ૧૧. | આઈ.એસ. ૬૧૮૨ : ૧૯૭૨ | હોર્ગ ગેમ્બલ્સ |
| ૧૨. | આઈ.એસ. ૬૯૫૦ : ૧૯૭૩ | ભૂંડો માટે હૂક્સ (પિગ હૂક્સ) |
| ૧૩. | આઈ.એસ. ૭૮૯૧ : ૧૯૭૩ | અખાદ્ય ઓફલ ટ્રોલીઝ |
| ૧૪. | આઈ.એસ. ૭૯૮૯ : ૧૯૭૫ | ભૂંડ માટે બેભાન બનાવવા વીજળીથી સંચાલિત ચીપિયા |
| ૧૫. | આઈ.એસ. ૧૧૫૩૩ : ૧૯૮૫ | ઘટાંની ચામડી લેવા માટે જરૂરી હૂક |
| ૧૬. | આઈ.એસ. ૧૧૬૩૧ : ૧૯૮૫ | ઘેટાં-બકરાં માટે ગ્રેમ્બેલ |
| ૧૭. | આઈ.એસ. ૧૨૧૮૯ : ૧૯૮૭ | ઘેટાને પહોળું કરવાનું સાધન |
| ૧૮. | આઈ.એસ. ૧૨૧૯૦ : ૧૯૮૭ | ઘેટાનું લોહી ટપકાવવા સાંકળ |
| ૧૯. | આઈ.એસ. ૧૨૪૮૬ : ૧૯૮૮ | માંસ-પરીક્ષણનું મેજ |
| ૨૦. | આઈ.એસ. ૧૨૪૮૭ : ૧૯૮૮ | નાનાં પ્રાણીઓ માટે વ્યવસ્થાનું ઓફલ મેજ |
| ૨૧. | ૪૨૯૩ : ૧૯૬૭ | પ્રાણીઓને ઓછામાં ઓછા ચોવીસ કલાક આરામ આપવાનું, વિવિધ ક્રિયાઓ માટે યોગ્ય જગ્યા રાખવાનું, ગરમ-ઠંડા પાણીનો પુરવઠો રાખવાનું આવશ્યક છે. |
| ૨૨. | ૧૯૮૨ : ૧૯૭૧ | (મુજબ) મરણ પહેલાંની તથા પછીની તપાસનો વિસ્તૃત અહેવાલ જરૂરી છે. |
| ૨૩. | ૧૩૬૧ : ૧૯૯૧ | (મુજબ) સેલ્મોનેલ્લા, ઈ-કોલા ઈત્યાદિનું પરીક્ષણ ફરજિયાત છે. |
| ૨૪. | આઈ.એસ.૭૦૪૯ : ૧૯૭૩ | પોલ્ટ્રી હેન્ડલિંગ, પ્રોસેસ, ગુણવત્તા ચકાસણી, સંગ્રહ |
| ૨૪. | આઈ.એસ.૯૮૦૦ : ૧૯૯૩ | એક દિવસના મરઘાના બચ્ચા (લોયરા બ્રોઈલર્સ) પાયાની જરૂરિયાતો (પહેલો સુધારો) |

## ૩૧. તા.૩૧-૪-૦૭ નો નગરપાલિકા નિયામકના કતલખાના નિયમોના અમલ અંગે પરિપત્ર તથા તા. ૨૬-૬-૦૬ નો પ્રાદેશિક નિયામક, રાજકોટનો પત્ર

પ્રાદેશિક નિયામક
નગરપાલિકાઓની કચેરી
કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ
રાજકોટ.
તા. : ૨૮-૬-૦૬

પ્રતિ.
ચીફ ઓફિસરશ્રી : તમામ :

**વિષય : ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ ૧૯૬૦ અન્વયે ધી સ્લોટર હાઉસ રૂલ્સ-૨૦૦૧ ના અમલીકરણ બાબત.....**

ઉપયુક્ત વિષય પરત્વે જણાવવાનું કે જિલ્લા કલેક્ટરશ્રી, તરફથી આપને ધી સ્લોટર હાઉસ રૂલ્સ-૨૦૦૧ ના અમલીકરણ સંબંધમાં જાહેરનામાની નકલ મોકલાયેલ હશે. તેમ છતાં આ સાથે જાહેરનામાની નકલ સામેલ છે.

ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ-૧૯૬૦ ગૃહવિકાસના કાર્યક્ષેત્રનો અધિનિયમ છે. આ અધિનિયમ હેઠળ બહાર પાડવામાં આવેલી ધી સ્લોટર હાઉસ - ૨૦૦૧માં કતલખાનાં ચલાવવા માટે અત્યંત કઠિન ધોરણો અને જોગવાઈઓ લાગુ પાડવામાં આવેલ છે. આથી તેનું પાલન કરવામાં આવે તો ગેરકાનૂની અને ગેરરીતિથી ચાલતાં કતલખાનાં આપોઆપ બંધ કરવાં પડે તેવી જોગવાઈ રહેલી છે. આ જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવા આથી તમોને સૂચના આપવામાં આવે છે.

ગેરકાયદે ચાલતાં કતલખાનાં અંગેની માહિતી સંબંધિત પોલીસ અધિકારીશ્રીને પહોંચાડી તેની જાણ અત્રેને તથા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટને પણ જે તે સમયે કરવા વિનંતી છે.

પ્રાદેશિક નિયામક
નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય,
રાજકોટ

નકલ સાદર રવાના :

૧. સેકશન ઓફિસરશ્રી
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય,
સરદાર ભવન, બ્લોક નંબર ૧૪:૯, ગાંધીનગર તરફ જાણ સારુ

૨. નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય
ગાંધીનગર તરફ તેઓશ્રી ના તા. ૩-૩-૦૩ ના પત્ર અન્વયે જાણ અર્થે,

૩. જિલ્લા કલેક્ટરશ્રી, તમામ સ્થાનિક સ્વરાજ્ય શાખા,

**કતલખાના માટેના નીતિનિયમોનું ચુસ્તપણે પાલન કરવા બાબત**

**નગરપાલિકા નિયામકની કચેરી,**
**બ્લોક નં. ૧૪, ત્રીજો માળ,**
**ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર**
**ક્રમાંક : નપાનિ/યુ.૧/વશી-૯૯૪/૦૭**
**તા. ૩૧/૦૪/૦૭**

**પરિપત્ર :**

*આથી રાજ્યની તમામ નગરપાલિકાઓના ચીફ ઓફિસરશ્રીઓને જણાવવાનું કે, પીપલ ફોર ઈથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ્સ દ્વારા નામ. સુપ્રીમ કોર્ટમાં ફાઈલ કરવામાં આવેલ રીટપીટીશન સિવિલ નં. ૪૪/૨૦૦૧ ફાઈલ કરવામાં આવેલ છે. જેમાં નામ સુપ્રીમકોર્ટ દ્વારા તા. ૧૧.૧૧.૨૦૦૬ના હુકમથી રાજ્ય સરકારને પીટીશનમાં દર્શાવેલ ૯ સૂચનો માટે એફીડેવિટ રજૂ કરવા જણાવેલ હતું. સદરહુ નવ સૂચનો પૈકી નગરપાલિકાઓને લગતાં સૂચનો માટે નીચે જણાવ્યા પ્રમાણે જરૂરી સૂચનાઓ આપવામાં આવે છે.*

(૧) *કતલ માટેનાં પશુઓની હેરફેર, પશુ હેરફેર નિયમો ૧૯૭૮ અને પશુઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ (પગપાળા હેરફેર) નિયમો ૨૦૦૦ના ભંગ કરીને કરવામાં ન આવે તેની કાળજી રાખવી તેમજ ઉક્ત નિયમોને ચુસ્ત રીતે વળગી રહેવું.*

(૨) *નગરપાલિકા વિસ્તારમાં કેવળ લાઈસન્સ અપાયેલ/માન્ય કતલખાનાંમાં જ પશુઓની કતલ કરવામાં આવે તેની કાળજી રાખવી તેમજ તમામ અનધિકૃત કતલખાનાં બંધ કરવાનાં રહેશે.*

(૩) *માન્ય કતલખાનાં પશુઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ (કતલખાનાં) નિયમો ૨૦૦૦ની જોગવાઈને અનુરૂપ છે તેની ખાત્રી કરવી અને બિન-અનુરૂપ માન્ય કતલખાનાં, જો તેઓ નામદાર અદાલત દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સમયની અંદર ઉક્ત નિયમો હેઠળ જોગવાઈ કરવામાં આવ્યા પ્રમાણે આદેશમૂલક જોગવાઈઓના અનુપાલનમાં નિષ્ફળ જાય તો તેવાં કતલખાનાં બંધ કરવાં.*

(૪) *એક પશુની સ્થિતિ અન્ય પશુઓ જુએ તે રીતે કરવામાં આવે નહીં અથવા જે પશુ ગાભણું (પ્રેગનન્ટ) હોય અથવા જેને ત્રણ માસથી ઓછી ઉંમરનું બચ્ચું હોય અથવા ત્રણ માસથી ઓછી ઉંમરનું હોય અથવા તે કતલ કરવાની સ્થિતિમાં છે તેવું પશુ રોગ ચિકિત્સક દ્વારા પ્રમાણિત કરેલ ન હોય તેવાં પશુઓની કતલ કરવામાં ન આવે તેની કાળજી રાખવી.*

(૫) *૧૮ વર્ષની વયે પહોચી હોય અને કોઈ સંચારી કે ચેપી રોગથી પીડાતી ન હોય એવી અધિકૃત વ્યક્તિઓને જ માન્ય કતલખાનામાં નોકરીએ રાખવાની પરવાનગી આપવામાં આવે તેની કાળજી રાખવી.*

(૬) *કતલ માટે લાવવામાં આવેલાં પશુઓને યોગ્ય અને પૂરતો સ્વીકાર વિસ્તાર આરામનું મેદાન અને લેરએજ (વિશ્રામસ્થાન) ઉપલબ્ધ કરવામાં આવે અને પશુના લેવરેજમાં આગમનના ૨૪ કલાક પહેલાં એની કતલ કરવામાં આવે નહીં તેની કાળજી રાખવી.*

(૭) કતલ પહેલાં અને કતલ પછી માંસની ગુણવત્તાના પ્રમાણપત્ર માટે દરેક પશુના આરોગ્યની ચકાસણી માટે પૂરતી સંખ્યાના પશુચિકિત્સકો નીમવામાં આવે તેની કાળજી રાખવી.

ઉપરોક્ત સૂચનાઓનો નગરપાલિકા વિસ્તારમાં ચુસ્તપણે અમલ થાય તે જોવાનું રહેશે.

સહી
(મમતા વર્મા)
નિયામક નગરપાલિકાઓ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**રવાના કર્યું :**
**નિયામક, નગરપાલિકાઓ,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર વતી**

**પ્રતિ,**
**પ્રમુખશ્રી/ચીફ ઓફિસરશ્રી,**
**સંબંધિત નગરપાલિકાઓ,**

**નકલ રવાના :**

૩. ઉપસચિવશ્રી (ન.પા.) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગર
૪. ઉપસચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, રાજકોટ.
૬. કલેક્ટરશ્રી (તમામ)
૭. સિલેક્ટ ફાઈલે

• • •

## ૩૨. બકરીઈદના દિવસે અધિકૃત કતલખાના સિવાયના સ્થળે પ્રાણીની કતલ ઉપર પ્રતિબંધ મુકતો વડોદરાના પોલીસ કમિશનરનો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

*ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૫૬૨૮/૨૦૦૭*
*પોલીસ કમિશનરની કચેરી,*
*વડોદરા શહેર, વડોદરા.*
*તા. ૧૯-૧૨-૨૦૦૭*

*આગામી બકરી ઈદના તહેવારનો દિવસ કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે અગર તો કતલખાનાની બહાર ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, બકરા કે અન્ય કોઈપણ પશુની કતલને કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ જણાય છે અને તેમ થતું અટકાવવાનું જાહેર હિતમાં ઈચ્છનીય છે.*

*વાસ્તે, હુ રાજન પ્રિયદર્શી, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટિફિકેશન નંબર જીજી/૪૨૨/સી.આસ.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - ૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા. ૧૭-૦૧-૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ. પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એક્ઝી. મેજિ. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૦-૧૨-૨૦૦૭ કલાક ૦૦:૦૦ થી તારીખ ૨૮-૧૨-૨૦૦૭ કલાક ૨૪:૦૦ સુધી નીચેનાં કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.*

**કૃત્યો :**

*કોઈપણ ઇસમે આ દિવસો દરમિયાનમાં અધિકૃત કતલખાનાની બહાર કે કોઈ જાહેર કે ખાનગી સ્થળે જ્યાં બહારથી જોઈ શકાય તે રીતે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, પાડી, બકરા વગેરે કોઈપણ પશુની કતલ કરવી નહીં અથવા ઉપરોક્ત વિસ્તારની હદની અંદર કોઈ શેરીમાં, જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય કોઈ પશુની કતલ કરવી નહીં.*

**વિસ્તાર અને અમલવારીના પિરિયડ :**

*વડોદરા શહેર પોલીસ કમિશનરની હકૂમતની હેઠળનો સમગ્ર વિસ્તાર.*

*આ હુકમનો અમલ તા. ૨૦-૧૨-૨૦૦૭ ના કલાક ૦૦:૦૦ થી તારીખ ૨૮-૧૨-૨૦૦૭ના કલાક ૨૪:૦૦ સુધી કરવાનો રહેશે.*

*આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.*

*હું આથી આદેશ આપું છું કે આ હૂકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર સાથેના વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.*

*આજ તારીખ ૧૯-૧૨-૨૦૦૭ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.*

*(રાજન પ્રિયદર્શી)*
*પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા.*

## ૩૩. ગુજરાત રાજ્યના શહેરોમાં ચાલતાં ગેરકાયદેસર કતલખાનાં બંધ કરવા નિયાબ સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા. ૨૭-૯-૯૯ના રોજનો પરિપત્ર

*ગુજરાત સરકારી*
*શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ*
*પરિપત્ર ક્રમાંક : પરચ/૮૦૯૭/૮૫૦/પી,*
*સચિવાલય, ગાંધીનગર.*
*તા. ૨૭/૦૯/૧૯૯૯*

**વંચાણે લીધો :**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને તા. ૧૯-૦૩-૯૭ નો પરિપત્ર ક્રમાંક : પચર/૮૦૯૭/૮૨૦/પી.**

**પરિપત્ર :**

*ગુજરાત રાજ્યનાં નાનાં મોટાં શહેરોમાં કેટલાંક ગેરકાયદેસર કતલખાનાં ચાલતાં હોવાની હકીકત રાજ્ય સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે.*

*આથી સર્વે નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓના વડાઓને સૂચના આપવામાં આવે છે કે, આપના કાર્યક્ષેત્રમાં ચાલતા પરવાના વગરના, ગેરકાયદેસર કતલખાનાંમાં તાત્કાલિક અસરથી બંધ કરાવવા માટેની કાર્યવાહી હાથ ધરવી, આવાં ગેરકાયદેસર કતલખાનાં બંધ કરાવવા જરૂર જણાય તો સ્થાનિક પરિસ્થિતિને લક્ષમાં લઈને પોલીસનો સહયોગ પણ લેવા આપને જણાવવામાં આવે છે.*

*ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.*

**સહી અવાચ્ય**
**(પી. બી. સોલંકી)**
**નાયબ સચિવ,**
**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

*પ્રતિ,*

- *મ્યુનિસિપલ કમિશનરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર.*
- *નિયામકશ્રી, નગરપાલિકા નિયામકશ્રીની કચેરી, અમદાવાદ.*
- *પ્રમુખશ્રી/વહીવટદારશ્રી, નિયામકશ્રી, સર્વે નગરપાલિકા.*
- *પ્રાદેશિક નિયામકશ્રી, પ્રાદેશિક નિયામકશ્રીની કચેરી, રાજકોટ.*

– મુખ્ય પોલીસ નિર્દેશક અને પોલીસ અધિકારીશ્રી, ન્યુ મેન્ટલ, અમદાવાદ.
– કલેકટરશ્રી, (સર્વે.)

**નકલ રવાના : સવિનય જાણ સારુ.**

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. રા.ક.મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. માન. રા.ક.મંત્રીશ્રી (શ.વિ.) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
૫. અધિક મુખ્ય સચિવશ્રી, (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
૬. અધિક મુખ્ય સચિવશ્રી, (પંચાયત) શ.વિ. અને શ.ગૃ.નિ.વિ., સચિવાલય, ગાંધીનગર.
૭. નાયબ સચિવશ્રી, (નગરપાલિકા) શ.વિ. અને શ.ગૃ.નિ.વિ., સચિવાલય, ગાંધીનગર.
૮. સેક્શન અધિકારીશ્રી (મ-શાખા), સચિવાલય, ગાંધીનગર તરફ.

સર્વે નગરપાલિકાઓ દ્વારા હાથ ધરાતી કાર્યવાહીની વિગતો આપની શાખામાં સંકલિત કરવાની વિનંતી સહ.

તા.ક. પ્રમુખ/વહીવટદારશ્રી : સર્વે નગરપાલિકાઓને વિનંતી કરવાની કે, આપના કાર્યક્ષેત્રમાં હાથ ધરાયેલ કાર્યવાહીની વિગતો ઉપસચિવશ્રી (ન.પા.)ને મોકલવાની વિનંતી સહ.

• • •

## ૩૪. તા. ૨૨-૮-૨૦૧૧નો પોલીસ અધિક્ષક આણંદનો પશુ ગુનામાં કડક પગલાં લેવા અંગેનો પરિપત્ર

¢{ktf : økIkn/Ãkpw¼kíkfe/Ãkøk÷k
Ãkku÷eMk yrÄûkfIke f[uhe
ykýtË. íkk. 22-8-2010

**rð»kÞ:** **ÃkpwykuWÃkhÚkíkkyíÞk[khuIkkøkwInkykuk{kt÷køkwÚkíke f÷{kuËÞkoððkíkÚkkfzfÃkøk÷k÷uðkçkkçkík.**

**rðËku:-** **yhsËkh@e, MkwhuLÿfw{khnrh÷MkkËrnkÚkeyuIke{÷ ðÕÙuçkkuzoykuVELzeÞkIkkykuIkeyhSyLðÞu...**

WÃkhkuõíkrð»kÞyLku rð÷kyLkwtMktÄkLku sýkððkIkwt fu, økuh fkÞËuMkh heíku fík÷³kLku÷Esðkíkk Zkuhku Lku Akuzkðe Ãkku÷eMk îkhk økwInku Ikkut Äe Ikk{Ëkh fkuxo{kt [ksoþex hsw fhe fkÞËuMkh Ike f÷{ 11 (1) (2) nuX¤ økwInku Ikkut Äe [ksoþex fhðk{kt ykðu Au. yk fkÞËk nuX¤«Úk{ økwInk Ike Mkò Võík fhðkÚke økwInuøkkhku çkuÄzf Ãkkuíkk Lke økwIkkneík«ð]r¥kyku{kt WÃkhku¥khðÄkhku fhíkk hnu Au. Ãkku÷eMk íkt°kLke íkÚkk fkxofhku Lke {nuIkík ÔÞÚkoçkIku Au.

ßÞkhu Ãkpwyku¼hu÷kðkn Ikku ÃkfzkÞ fu Ãkøku [÷kðe Lku÷Esíkk Ãkpwyku Ãkku.Mxu. îkhk ÃkfzkÞ íÞkhu Lke [u sýkðu÷ f÷{ku {wsçk økwInku çkIku Au.

(1) {wtçkE ÃkpwMkthûký Äkhk 1954 Lke f÷{ 5,6 íkÚkk³kxfe ÃkkMkuxÙkIMk Ãkkux ch ÃkkMku fík÷{kxu fu xÙkIMkÃkkux uqpLk {kxu yrÄf]íkMkxeoVefux nkuíkw IkÚke. íkuLke [fkMkýe fhðe.

(2) [uÃke Ãkpwyku su Lkehkuøke Ãkpwyku MkkÚku¼hu÷knkuÞ Au. sÚke [uÃk Vu÷kððkIkku «ÞkMk fÞkoIkku økwInku E.Ãke.fku.f÷{ 269 {wsçk Au.

(3) òuh{kt÷kufkuLke y®nMkk ðkËeyku Lke ÄkŠ{f÷køkýe Ëw¼kÞ íÞkhu E.Ãke.fku.f÷{ 295 (1) nuX¤ økwInku çkIku Au.

(4) çke.Ãke.yuõx f÷{ 119 íkÚkk Ãkpw yíÞk[kh Äkhk 1960 Lke f÷{ 11 (1) {kt íkÚkk MkËh nqf{{kt ½ýkus íkVkðíkAu. çktLkuLke swËe Au. su f÷{ yuV.ykE.ykh {kt Ëpkoððe ykð~ÞfAu.

økuh fkÞËuMkh fík÷³kLku÷Esðkíkk Zkuhku Ikk rfMMkkyku{kt {wtçkE ÃkpwMkthûký yrÄrLkÞ{ 1954 (1971) IkkMkwÄkhk {wsçk Lke f÷{ 5,6 yLku 8 nuX¤ òu økwInku Ikkut Äðk{kt ykÔÞku nkuÞ íkku A {kMk MkwÄe Lke fuËLke Mkò ýÚkðk Yk. 1000/- MkwÄe Ikku Ëtz ýÚkðk çktÒku Mkò Vh{kððkLke òuøkðkE Au. òu BÞwrLkMkeÃk÷fku Ãkkohu ìpLkrðMkkh{kt yk {wsçkIkku økwInku çkIku÷nkuÞ íkku çke.Ãke.yu{.Mke yuõx 1949 Lke f÷{ 335 yLku 376 (1) {wsçkIkk økwInk çkË÷ Yk. 100/- yLku Yk. 500 /- Ikk ËtzLke òuøkðkE fhðk{kt ykðu Au.

WÃkhkuõík hswykík çkkçkíku yÚke SÕ÷kLkk ík{k{ ÚkkýkEL[kso©eyku Lku sýkððk{kt ykðu Au. fu, økuh fkÞËuMkh heíku fík÷³kLku÷Esðkíkk Zkuhku Ikk rfMMkk{kt fkÞËkLke yMkhfkh fíkkðÄu yLku ykðe økwIkkneík«ð]r¥krLkÞt°ký{kt ykðu íkunu íkwMkh ykðk«fhkIkku økwInku ßÞkhu çkIku íÞkhu Ãkku.Mxu.

³⁄₄kíkuÃkþwMkhtûkýÄkhk 1954 Ikef÷{ 5,6 yIku 8 yIkuòuBEwrIkMkeÃk÷fkuÃkkou.h.þIkrðMIkkh{kt çkIku÷nkuÞíkkuçke.Ãke.yu{.Mke.yuõx 1949 Ikef÷{ 335 yIku 376(1) nuX¤Ãkýøkw.Inku IkkutÄe Ikk{Ëkh fkuxo{kt [ksoþex fhðkIkefkÞËuMkhIkefkÞoðknenkÚkÄhðk{kxuMkq[Ikkykuïkku [wMIkÃkýu y{÷fhðku. suÃkku.Mku.{kt ykðkøkwInkËk³⁄₄÷ÚkÞu÷nkuÞíkkuf÷{kuIkkuW{uhku fhesYhe fkÞoðkne Ãkqýofhkððe.

(yu.fu.òzuò)

Ãkku÷eMkyrÄûkf)

ykýtË.

«rík,

SÕ÷kIkkík{k{ ÚkkýkEL[ksoMeykuíkhV...

Ikk.Ãkku.yrÄ./Mke.Ãke.ykE.@eík{k{...

Ãkku. EIMk.@eyu÷.Mke.çke./yuMk.yku.S.ykýtË...

Ikf÷MkrðIkÞhðkIkk :-

1. SÕ÷k {uSMkÚux yIku f÷uõxh@e, ykýtË.......... (òýMkkY)

2. @e,MkwhuIýfw{khnrh«MkkËnkÚke ykuIkuçk÷ [eVykuVeMkhyuIke{÷ðuÕVuhçkkuzoykuVELzeÞk hnu.@enk÷kh yuLSIkeEh³⁄₄øk ðfoMk fkþe rðIkkÚk {trËh ÃkkA¤, ò{Ikøkh.

VuõMk :- (0288-2568471)

## ૩૫. પ્રાણી કલ્યાણ બોર્ડ/સમિતિની રચના અંગે તા.૨૫/૨૬-૨-૦૨ તથા તા. ૧૫-૩-૦૨ નો પત્ર

*ફોન નં. ૪૪૫૪૯૫૮*
*૪૪૫૪૯૩૫*
*ફેક્સ નં. ૦૪૪-૪૪૫૪૩૩૦*
*ટેલિગ્રામ - 'જીવનબન્ધુ'* *ઈમેઈલ-*Awbi@MD3.Bsnl.net.in
*વેબસાઈટ :-* www.Awbi.org

**ભારત સરકારનું જીવજંતુ (પ્રાણી) કલ્યાણ બોર્ડ,**

*(પ્રાણી કલ્યાણ વિભાગ, ભારત સરકાર)*

*પોસ્ટ બોક્સ નં. ૮૬૭૨*
*ત્રીજો સીવોર્ડ રોડ, વાલ્મીકિ નગર,*
*વીરૂજાનમીયુર,*
*ચેન્નાઈ- ૬૦૦૦૪૧*
*તા. ૧૫-૦૩-૨૦૦૨*

*નં. ૨/૨૦૦૨-પીસીએ*
*બધા રાજ્યના બધા એનિમલ*
*હસબન્ડરી સચિવો,*
*કેન્દ્ર શાસિત પ્રદેશો,*
*બધા જિલ્લા કલેક્ટર અને*
*જિલ્લા ન્યાયાધીશો,*
*મહોદય / મહોદયા,*

**વિષયઃ-પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ રૂલ્સ, ૨૦૦૨ (પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ અન્વયે મંડળોની રચના) નો અમલ.**

*ભારત સરકારે પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ ધી એનિમલ્સ (પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ ધી એનિમલ્સ અન્વયે મંડળોની રચના) નિયમો ૨૦૦૧ જાહેર કર્યા છે. નિયમોની કોપી આ સાથે બિડાણમાં મૂકેલ છે.*

*આ સંદર્ભમાં મને, આપશ્રીને વિનંતી કરવાની સૂચના આપવામાં આવી છે કે, આપે આપના તાબા હેઠળના જિલ્લાઓમાં પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ અન્વયે સમિતિની રચના કરવા જરૂરી સૂચનાઓ જારી કરવી, અને પ્રાણી (જીવજંતુ) કલ્યાણ સમિતિ / સંસ્થા / મંડળ ચાલુ કરવા બાબત નમૂનો અને સાહિત્ય મોકલી રહ્યા છીએ.*

*આપશ્રી દ્વારા લેવાયેલ પગલાં / કરાયેલ કાર્યવાહીની માહિતી અમોને મોકલશોજી. આભાર સહ.*

*આપનો વિશ્વાસુ*
*સેક્રેટરી (ઓફિશીએટિંગ)*

વીણા ઉપાધ્યાય
સંયુક્ત સચિવ
ટેલિ/ફેક્સ - ૩૩૪૪૪૨૧
ડી.પો.નં. ૧૯૭/જે.એસ.(એ.ડબલ્યુ)/૨૦૦૨

ભારત સરકાર

૨૫/૨૬-૨-૨૦૦૨

પ્રિય મહોદય,

૧. પ્રાણી (જીવજંતુ) કલ્યાણ બોર્ડની મુખ્ય જવાબદારી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ, ૧૯૬૦ અને આ કાયદા અન્વયે બનેલા બીજા વિવિધ નિયમોની જોગવાઈઓના અમલીકરણ અંગેની છે. આ કાયદાનો હેતુ પ્રાણીઓને થતી પીડા અને યાતના ઘટાડવાનો તથા પ્રાણીઓ (જીવજંતુ) ના કલ્યાણ અંગેનાં માપદંડો સ્વીકારવાનો છે. આ હેતુને પૂર્ણ કરવા માટે બે વૈધાનિક સંસ્થાઓ પણ સહકાર આપે છે. જેવી કે, ભારતીય પ્રાણી (જીવજંતુ) કલ્યાણ બોર્ડ તથા પ્રાણીઓ પર થતા પ્રયોગોનું નિરીક્ષણ અને તેને નિયંત્રણમાં રાખતી સમિતિ (સી.પી.સી.ઇ.એ.)

૨. આપશ્રીનું એ બાબત પરત્વે નમ્રપણે ધ્યાન દોરું છું કે જે, મારા પુરોગામીના ડી.ઓ.નં. ૧૦૫/૨૦૦૧- ઓ.ડબલ્યુ.ડી. તા. ૨૯-૧૧-૨૦૦૧ કે જે મુખ્ય સચિવશ્રીને સંબોધીને લખાયેલ હતો કે અને જેમાં પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (એસ્ટાબ્લીશમેન્ટ એન્ડ રેગ્યુલેશન ઓફ સોસાયટીઝ ફોર પ્રિવેન્સન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ) રૂલ્સ, ૨૦૦૧ ની નકલ જોડેલ છે. અને પ્રાણીઓ પર થતા અત્યાચાર અટકાવવા માટે દરેક જિલ્લામાં સોસાયટી (સમિતિ) ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (ડીએસપીસીએ) ની રચના અગ્રતાના ધોરણે કરવા વિનંતી કરેલ હતી. હકીકતમાં આ નિયમો ૨૬-૦૩-૨૦૦૧ ના રોજ અમલમાં આવ્યા અને સદર સમિતિની રચના દરેક જિલ્લામાં નિયમો અમલમાં આવ્યાના છ મહિનામાં થઈ જવી જોઈતી હતી. આ નિયમો નિયમ - ૪ (૧), અન્વયે રાજ્ય સરકારશ્રીએ પણ સદર સમિતિની રચના માટે પૂરતી જમીન, હોસ્પિટલ તથા પ્રાણીઓના આશ્રય માટે, અન્ય સુવિધાઓ પૂરી પાડવાની રહેશે.

૩. આપશ્રી એ બાબતમાં સહમત હશો જ કે સમવાયી તંત્રમાં, એકસરખી સ્પષ્ટ નીતિ, પ્રાણીઓના કલ્યાણ અંગે હોવી જોઈએ જેથી, પ્રાણીઓના કલ્યાણ અંગેના હેતુનું રાજ્ય તથા જિલ્લા કક્ષાએ એકસરખું ધોરણ જળવાઈ રહે. આ સંદર્ભમાં નીચે સહી કરનારે આપશ્રીને રાજ્ય પ્રાણી (જીવજન્તુ) કલ્યાણ બોર્ડને કાર્યાન્વિત કરવા તથા પ્રાણી (જીવજંતુ) કલ્યાણ વિભાગના પ્રતિનિધિના સભ્ય તરીકે નિમણૂક કરવા, અથવા તેમને ખાસ આમંત્રિત સભ્ય તરીકે જોડવા, મારા ડી.ઓ.નં. ૧૬૬/જે.એસ./એ.ડબલ્યુ/૨૦૦૨ તા. ૨૦-૨-૨૦૦૨ થી વિનંતી કરેલ છે.

૪. અમારી પાસે ઉપલબ્ધ માહિતી અનુસાર આપશ્રીના રાજ્યમાં જ જિલ્લાઓ છે જેમાં એસ.પી.સી.એ. (સોસાયટીઝ ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ) ની રચના થયેલ છે જે જિલ્લાઓનાં નામ બિડાણમાં જણાવેલ છે.

૫. સોસાયટીઝ ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ ધી એનિમલ્સની રચનાને બીજા જિલ્લાઓમાં પણ ટોચ ક્રમની અગ્રતા આપવામાં આવશે તો હું આભારી થઈશ. આ સંદર્ભમાં જિલ્લા કલેકટરશ્રી તથા જિલ્લા ન્યાયાધીશોને મોકલી આપવામાં આવેલ સૂચનાઓ તથા માહિતીઓ નીચે સહી કરનારને

દફતરી નોંધ તથા માહિતી માટે મોકલી આપવામાં આવે. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય રહેશે કે પ્રાણીઓના આશ્રય સ્થાન તેમજ એમ્બ્યુલન્સ વગેરે માટે નાણાકીય સ્ત્રોતની ઉપલબ્ધિ, જરૂરિયાતની ઉપસ્થિતિ અને યોગ્યતાનાં ધોરણોની પરિપૂર્ણતા માટે નાણાકીય સહાય બાબત સોસાયટીઝ ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (એસ.પી.સી.એ) વિનંતી કરી શકાશે, જે વિચારણામાં લેવામાં આવશે.

આભાર સહ.

આપની સહદયર,
સહી અવાચ્ય

ડો.એ.ડબલ્યુ.પી.ડેવીડ
સેક્રેટરી એનિમલ હસબન્ડરી,
ગુજરાત, ગાંધીનગર.
ફેક્સ નં. ૦૨૭૧૨-૨૪૩૯૩

બિડાણ :-

ગુજરાત

જે જિલ્લાઓમાં સોસાયટીઝ ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (એસ.પી.સી.એ.) હાલમાં અસ્તિત્વમાં છે તે નીચે પ્રમાણે છે.

૧. અલકાપુરી
૨. અમદાવાદ
૩. ભુજ
૪. વડોદરા

• • •

## ૩૬. પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા અટકાવવા માટે દરેક જિલ્લામાં રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ અને સોસાયટીની સ્થાપના બાબતના તા. ૧૫-૧૦-૦૮ના રોજનો ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડનો પત્ર

ડી.ડી પત્ર નં. ૭૨/૨૦૦૮-પીસીએ
તા. ૧૫-૧૦-૨૦૦૮

પ્રતિ,
નિયામક,
દરેક રાજ્યના તથા કેન્દ્ર શાસિત પ્રદેશનું
પશુપાલન ખાતું,
સાહેબશ્રી

**વિષય : પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા અટકાવવા માટે દરેક જિલ્લામાં રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ અને સોસાયટીની સ્થાપના બાબત - રજિ.**

શુભેચ્છાઓ,

પ્રાણી કલ્યાણ બોર્ડની સ્થાપના ભારત સરકાર દ્વારા પ્રાણીઓ પ્રત્યે થતી ક્રૂરતા નિયંત્રણ ધારો, ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯મો) ની કલમ-૪ અન્વયે થઈ હતી. બોર્ડની સ્થાપના ખાસ કરીને પ્રાણીઓને થતી બિનજરૂરી પીડા અને દર્દને અટકાવવા માટેના હેતુથી તેમજ પ્રાણીઓના કલ્યાણને સામાન્ય રીતે અગ્રતા આપવાના હેતુથી થઈ હતી. બોર્ડનું મુખ્ય કાર્ડ ભારતમાં સતત અભ્યાસ દ્વારા પ્રાણીઓ પ્રત્યે આચરવામાં આવતી ક્રૂરતાને નિયંત્રણમાં રાખવાનું, કાયદાનો અમલ કરવાનું તથા સરકારશ્રીને પ્રાણીઓના કલ્યાણના મુદ્દે સલાહ આપવાનું છે.

કેન્દ્ર સરકારે દરેક રાજ્ય સરકારોને રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડની સ્થાપના રાજ્ય કક્ષાએ કરવાના અને પ્રાણીઓને લગતા સ્થાનિક પ્રશ્નો તથા પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા નિયંત્રણ ધારો, ૧૯૬૦નો અસરકારક રીતે અમલ કરવાનો નિર્દેશનો આપ્યાં છે.

આ સંદર્ભમાં હું આપશ્રીના ધ્યાન પર મૂકું છું કે, નામદાર સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ રીટ પીટીશન (સિવિલ) નં. ૪૪૦/૨૦૦૪ (ગીથા શેષામણી વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા) નો કેસ કે જેમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે એ હકીકતની નોંધ લીધી છે કે, ઉપર દર્શાવેલ નિયમોની જોગવાઈ હોવા છતાં, નામદાર કોર્ટે તેમના તા. ૬-૮-૨૦૦૮ના હુકમમાં દરેક રાજ્ય સરકારને ત્રણ મહિનાના સમયગાળામાં પ્રાણીઓ પ્રત્યે થતી ક્રૂરતા અટકાવવા માટે સોસાયટીની રાજ્ય કક્ષાએ રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડની (એસપીસીએસ) સ્થાપના કરી અને તે દરેક જિલ્લામાં પણ નિયમોમાં થયેલ જોગવાઈ પ્રમાણે સ્થાપવી એવા નિર્દેશનો આપ્યા છે. (નકલ સામેલ છે.)

ઉપરના સંદર્ભમાં, આથી આપશ્રીને વિનંતી કરવામાં આવે છે કે, પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા નિયંત્રણ ધારો-૧૯૬૦ ની જોગવાઈનો યોગ્ય અને અસરકારક રીતે અમલ કરવો અને તેનો ભંગ તે નામદાર સુપ્રીમ કોર્ટના હુકમનો તિરસ્કાર કર્યો ગણાશે.

આપશ્રીને આથી તમામ સંબંધિત સત્તાધિકારીઓને / સત્તામંડળોને રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડની સ્થાપના કરવા માટે જરૂરી પગલાં લેવાની તથા પ્રાણીઓ પ્રત્યે થતી ક્રૂરતા અટકાવવા માટે દરેક જિલ્લામાં સોસાયટીની સ્થાપના કરવા માટેની જરૂરી સૂચનાઓ / નિર્દેશનો જારી કરવાની આથી વિનંતી કરવામાં આવે છે તથા આ બાબતમાં કરાયેલ કાર્યવાહી અંગેની વિગતો અમારી કચેરી કાર્યવાહી તથા દફતર તથા આગળની કાર્યવાહી માટે મોકલવી.

આપનો વિશ્વાસુ.
ડી. રાજાશંકર

**જવાબની અપેક્ષા સહ :**

બિડાણ :
ઉપર પ્રમાણે

## ૩૭. તા. ૧૪-૧૦-૯૮ નો ખેલ માટે પ્રતિબંધિત પ્રાણીઓ અંગેનું જાહેરનામું

### સામાજિક ન્યાય અને સશસ્ત્રીકરણ (એમ્પાવરમેન્ટ) મંત્રાલય

*જાહેરનામું*
*નવી દિલ્હી તા. ૧૪ મી ઓક્ટોબર, ૧૯૯૮*

*જી. એસ. આર. ૬૧૯ (ઈ) :-*

*આથી, દિલ્હીની ઉચ્ચ અદાલતે કેસ નં. સી. ડબલ્યુ. પી. નં. ૮૯૦/૧૯૯૧ માં તા. ૨૧ મી ઓગસ્ટ, ૧૯૯૭ ના હુકમથી એવો આદેશ આપેલ છે કે "કેન્દ્ર સરકાર તા. ૨-૩-૧૯૯૧ ના જાહેરનામાને ફરી નવેસરથી વિચારણા હેઠળ લેશે." તેમજ "કેન્દ્ર સરકાર પાસે જે કંઈ સાહિત્ય હાથવગુ હોય અથવા તો કેન્દ્ર સરકાર આ અંગેનું કોઈ પણ સાહિત્ય કોઈ અધિકૃત એજન્સી કે બીજી કોઈ એજન્સી કે વિશેષજ્ઞોને સમિતિ કે જેને કેન્દ્ર સરકાર નિમણૂક આપવાનું નક્કી કરે, તેના દ્વારા એકત્ર કરી તેને વિચારણામાં લેશે."*

*આમ, દિલ્હી ઉચ્ચ અદાલતના ઉપરોક્ત હુકમના અનુસંધાને કોઈ પણ અધિકૃત એજન્સીઓ પાસે તેમજ આવા બીજા માણસો જે કંઈ વધારાનું સાહિત્ય ધરાવતા હોય તે તેને ધ્યાનમાં લઈને, જાહેરનામાને જી. એસ. પી. નં. ૨૫૨ તારીખ ૨-૩-૧૯૯૧ નો નવેસરથી વિચારણા હેઠળ લેવા માટે, કેન્દ્ર સરકારે એડિશનલ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ ફોરેસ્ટ (વાઈલ્ડ લાઈફ) ના ચેરમેન પદ હેઠળ એક સમિતિ બનાવેલી.*

*ઉપરોક્ત સમિતિએ તેનો અહેવાલ કેન્દ્ર સરકારને આપી દીધેલ છે.*

*કેન્દ્ર સરકારે તે સમિતિએ આપેલ અહેવાલને ધ્યાનમાં લીધેલ છે.*

*હવે તેથી, પ્રાણીઓની ક્રૂરતા નિવારણનો કાયદો, ૧૯૬૦ (૧૯૬૦ નો ૫૯ મો) ની કલમ - ૨૨ હેઠળ મળેલી સત્તાની રૂએ તેમજ ભારત સરકારના અગાઉના પર્યાવરણ અને જંગલ વિભાગના મંત્રાલયના જાહેરનામાને જી.એસ.આર નં. ૨૫૨ તારીખ ૨-૩-૧૯૯૧ તેમજ જી. એસ. આર. નં. ૪૮૫ તા. ૭-૮-૧૯૯૧ ને રદ કરીને આ રદ કરતાં અગાઉ કરેલાં કાર્યો તેમજ કરવા જેવાં કાર્યો કે જે રહેવા દીધેલાં છે તે સિવાયનાં, તેની જગ્યાએ કેન્દ્ર સરકાર આથી એવું નિર્દિષ્ટ કરે છે કે નીચે જણાવ્યા મુજબનાં પ્રાણીઓને, આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી મનોરંજન કરતાં પ્રાણીઓ તરીકે ટ્રેનિંગ આપીને પ્રદર્શિત કરી શકાશે નહિ. જેવાં કે :-*

૧. રીંછ
૨. વાંદરાઓ
૩. વાઘ
૪. દીપડા
૫. સિંહ

*(ફાઈલ નં. ૯-૯/૯૭ એ-ડબલ્યુ)*
*સહી. ડો. એમ.એસ. અહેમદ*
*જોઈન્ટ સેક્રેટરી*

## પર્યાવરણ અને વન મંત્રાલય
## જાહેરનામું

*નવી દિલ્હી તા. ૧૧ મી જુલાઈ, ૨૦૧૧*

*જી. એસ. આર. ૫૨૮ (ઈ) :-*

*પ્રાણી અત્યાચાર નિવારણ કાયદો ૧૯૬૦ (૫૯/૧૯૬૦) ની કલમ ૨૨ ની સત્તાની રૂએ અને અગાઉના ભારત સરકારના સામાજિક ન્યાય અને સત્તાધિકરણ મંત્રાલયના જાહેરનામાં નંબર જીએસઆર ૬૧૯ (ઈ) તા. ૧૪-૧૦-૯૮ ને રદ કરી, (સિવાય કે આ રદ કર્યા પહેલાનાં કાર્યો બાબત), કેન્દ્ર સરકાર આ સાથે એવું ફરમાવે છે કે આ જાહેરનામું પ્રકાશિત થયાની તારીખથી નીચે મુજબના પ્રાણીઓને ખેલ કરતાં પ્રાણીઓ તરીકે પ્રદર્શિત કરવા નહીં કે ખેલ કરતાં પ્રાણી તરીકે તાલીમ આપવી નહીં.*

૧. રીંછ
૨. વાંદરાઓ
૩. વાઘ
૪. દીપડા
૫. સિંહ
૬. આખલાં

*(ફાઈલ નં. ૨૭-૧/૨૦૧૧ એ-ડબલ્યુ)*
*અંજનીકુમાર, ડીરેક્ટર*
*(એનિમલ વેલફેર-એ.ડબલ્યું.)*

• • •

## ૩૮. બાર કાઉન્સિલ સૂચિત પ્રાણી કાયદાનું શિક્ષણ

*ભારત સરકાર*

*પી.આઈ.બી. ની જાહેરાત રિપોર્ટ*

*લીગલ એજ્યુકેશન સમિતિના અભ્યાસક્રમમાં પ્રાણી અંગેના કાયદાઓનો સમાવેશ કરવાની ભલામણ.*

*બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની લીગલ એજ્યુકેશન સમિતિએ "પ્રાણીઓનું કલ્યાણ" (એનિમલ વેલફેર) નો વિષય કાયદાકીય અભ્યાસ માટે અભ્યાસક્રમમાં દાખલ કરવો જોઈએ અને તેને "એન્વીશેનમેન્ટલ લો" (પર્યાવરણ અંગેનો કાયદો) તરીકે ભણાવવો જોઈએ જેમાં વન્ય પ્રાણી અને બીજા સજીવોના રક્ષણ અંગેના કાયદાઓનો પણ સમાવેશ થયેલો હોવો જોઈએ, એવી ભલામણ કરેલ છે. શ્રી ડી.વી. સુબ્બારાવ, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેનશ્રીએ તેમના પત્રમાં આ અંગે સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયને જણાવેલ છે.*

*આ ભલામણો દરેક વિશ્વવિદ્યાલયોને પણ તેમના અભ્યાસક્રમમાં આ વિષય દાખલ કરવા (પરિચય કરવા) માટે મોકલી આપવામાં આવેલી છે. કેટલાંક વિશ્વવિદ્યાલયોએ આવો અભ્યાસક્રમ ક્યારનો દાખલ કરી દીધેલ છે અથવા તો તેમના અભ્યાસક્રમમાં આવો વિષય દાખલ કરવા માટેનાં પગલાં લઈ લીધેલ છે. આવી યુનિવર્સિટીઓમાં (વિશ્વ વિદ્યાલયોમાં) નેશનલ લો સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી, બેંગલોર, જામીયા મીલીયા ઈસ્લામીયા યુનિવર્સિટી નવી દિલ્હી, પંજાબી યુનિવર્સિટી પટિયાલા, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢ, વેસ્ટ બંગાળ નેશનલ યુનિવર્સિટી ઓફ જ્યુરીડીકલ સાયન્સ કલકત્તા, નો સમાવેશ થાય છે.*

*આથી એવી આશા રાખવામાં આવે છે કે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની આવી ભલામણો તેમજ આવો વિષય અભ્યાસક્રમમાં દાખલ થવાથી, એવા ઓફિસરો કે જેઓ પ્રાણીઓ ઉપર થતી ક્રૂરતા અંગેની ફરિયાદો અંગેના કેસો સંભાળે છે તેઓને વધુ સંવેદનશીલ બનાવશે અને પર્યાવરણ તેમજ પ્રાણી કલ્યાણને લગતા મુદ્દાઓ/હકીકતો અંગેની જાગૃતિમાં પણ વધારો થશે કારણ કે પ્રાણીઓના કાયદાઓ અંગેની જાગૃતિનો અભાવ એવી પરિસ્થિતિ તરફ દોરી જતો હતો જ્યાં પ્રાણીઓના કલ્યાણના મુદ્દાઓને નજર અંદાજ કરવામાં આવતા હતા.*

• • •

## ૩૯. તા. ૧૦-૧-૦૩નું પ્રાણીઓ ઉપર થતા પ્રયોગ નિયંત્રણ સમિતિની સ્થાપના અંગે જાહેરનામું

*એસ.ઓ. ૩૨(ઈ) તા.૧૦-૦૧-૨૦૦૩*

*પ્રિવેન્શન ઓફ ક્રૂઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ, ૧૯૬૦ (૧૯૬૦ નો ૫૯મો) ની કલમ-૧૫ અન્વયે મળેલા અધિકારોની રૂએ, કેન્દ્ર સરકાર બોર્ડની સલાહથી તથા પ્રાણીઓ ઉપર થતા પ્રયોગો પર નિયંત્રણ અને નિરીક્ષણના હેતુ માટે સમિતિ જરૂરી છે એ બાબતે સંતુષ્ટ થઈને આથી નીચે જણાવેલ સભ્યો ધરાવતી વ્યક્તિઓની સમિતિની રચના કરે છે, તેનો અમલ સત્તાવાર રાજ્યપત્રમાં પ્રકાશિત થયેલ જાહેરનામાની તારીખથી થયેલો ગણાશે જેમ કે :*

| | | |
|---|---|---|
| ૧. | સ્પેશિયલ સેક્રેટરી, મિનિસ્ટ્રી ઓફ એનવાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ, સીજીઓ કોમ્પ્લેક્ષ, લોઢી રોડ, નવી દિલ્હી. | અધ્યક્ષ/સભ્ય |
| ૨. | અનુગામી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નિર્માણ ભવન, નવી દિલ્હી. | સભ્ય |
| ૩. | અનુગામી ડિપાર્ટમેન્ટ ઓફ બાયો ટેકનોલોજી, સીજીઓ કોમ્પ્લેક્ષ, નવી દિલ્હી. | સભ્ય |
| ૪. | મદદનીશ નિયામક જનરલ (પ્રાણી વિજ્ઞાન) આઈસીએઆર ખેતીવાડી સંશોધન અને શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી. | સભ્ય |
| ૫. | નિયામક, ઈન્ડિયન વેટરનીટી રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, બરેલી, ઉત્તરપ્રદેશ. | સભ્ય |
| ૬. | વાઈસ ચાન્સેલર, તામીલનાડુ યુનિવર્સિટી ઓફ વેટરનીટી એન્ડ એગ્રીકલ્ચરલ સાયન્સીસ (ટીએ અને યુબીએસ) કે તેના અનુગામી, ચેન્નાઈ | |
| ૭. | વાઈસ ચાન્સેલર, મહારાષ્ટ્ર એનિમલ એન્ડ ફીશરેઝ સાયન્સ યુનિવર્સિટી કે તેના અનુગામી | સભ્ય |
| ૮. | ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નિર્માણ ભવન, નવી દિલ્હી. | સભ્ય |
| ૯. | ડાયરેક્ટર, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ સાયન્સીઝ, અન્સારી નગર, નવી દિલ્હી. | સભ્ય |

| | | |
|---|---|---|
| ૧૦. | ડાયરેક્ટર, ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સીઝ, અન્સારીનગર, નવી દિલ્હી. | સભ્ય |
| ૧૧. | ડાયરેક્ટર, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ, બેંગ્લોર | સભ્ય |
| ૧૨. | પ્લાન્ટ પ્રોડકશન એડવાઈઝર, ખેતીવાડી મંત્રાલય, નવી દિલ્હી | સભ્ય |
| ૧૩. | સંયુક્ત સચિવ (પ્રાણી કલ્યાણ) પર્યાવરણ અને જંગલ મંત્રાલય, નવી દિલ્હી | સભ્ય |
| ૧૪. | શ્રી બાલા ક્રિશ્નામૂર્તિ, ડાયરેક્ટર, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ બાયો ટેકનોલોજી અને ફિસીકોલોજી (આઈઆઈબીએસ) મદ્રાસ | સભ્ય |
| ૧૫. | શ્રી કે. એમ. ચારો, ડેપ્યુટી ડાયરેક્ટર, શ્રીરામ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ, નવી દિલ્હી. | સભ્ય |
| ૧૬. | મિસ નોર્મા અલવારેઝ પીપલ ફોર એનિમલ્સ, ગોવા. | સભ્ય |
| ૧૭. | મિસ સાનોબાર ભરુચા, કમ્પેશન અનલિમિટેડ પ્લસ એક્શન (સીયુપીએ), બેંગ્લોર. | સભ્ય |
| ૧૮. | ડાયરેક્ટર (પ્રાણી કલ્યાણ) પર્યાવરણ અને જંગલ મંત્રાલય, નવી દિલ્હી. | સભ્ય/સચિવ |

૨. આ કેન્દ્ર સરકાર આથી આ કાયદાની કલમ-૧૫ અન્વયે સ્પેશિયલ સેક્રેટરી (ખાસ સચિવ), પર્યાવરણ અને જંગલ મંત્રાલય, અધ્યક્ષ/અધ્યક્ષા નિમણૂક કરે છે.

૩. સમિતિની મુદત જો ત્વરિત વિસર્જન ન થાય તો, તેની રચનાથી ચાર વર્ષ સુધીની રહેશે.

૪. રાજ્યપત્રમાં જાહેરનામા નં. એસ.ઓ. ૧૪૦ (ઈ) તા. ૧૭-૦૨-૨૦૦૦ અન્વયે રચાયેલ સમિતિ આથી આ જાહેરનામાની સત્તાવાર રાજ્યપત્રમાંની પ્રસિદ્ધિથી વિસર્જન પામે છે.

• • •

## ૪૦. વન્યજીવન (સંરક્ષણ) ધારો ૧૯૭૨-કલમ-૩૮ હેઠળ ગુજરાત સરકાર, જંગલ અને પર્યાવરણ વિભાગના તા. ૧૦-૮-૦૭ના ઠરાવથી વન્યજીવન ગુહા એકમની રચના

*એસ.ઓ.-૯૧૮ (ઈ) વન્યજીવન (સંરક્ષણ) ધારો ૧૯૭૨ ની કલમ-૩૮ વાય અન્વયે મળેલ સત્તાની રૂએ, કેન્દ્ર સરકાર આથી વાઘ અને તેના જેવાં બીજાં ભયજનક પ્રાણીઓ અંગેના ગુના નિયંત્રણ શાખાની, નિયામક વન્ય જીવન રક્ષણ, નિયામક તરીકે સત્તાની રૂએ મળેલા અધિકારો, આ કાયદા અન્વયે સોંપાયેલ ફરજોનો અમલ કરવા માટે આ હુકમ સત્તાવાર રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી રચના કરવામાં આવે છે.*

*હુકમ નં. એફ.નં.૯-૧/૨૦૦૪-પીઈ તા.૬-૬-૦૭-ભારત સરકાર ગેઝેટ - ખાસ વિભાગ-૨ કલમ ૩* (ii) *નં. ૬૮૩ તા. ૬-૬-૦૭ પાના નં. ૧૭=૨૦૦૭ સી.સી.એસ./પી. ૬૨૩/એસ. ૨૮૩.*

**વન્યજીવન ગુના એકમની રચના**

**ગુજરાત સરકાર**
**જંગલ અને પર્યાવરણ વિભાગ,**
**જીઆર. નં. - એચએલસી-૧૦૨૦૦૭-૬૦૩-જી૧**
**નવા સચિવાલય, ગાંધીનગર.**
**તા. ૧૦-૦૮-૨૦૦૭.**

**આમુખ :**

(૧) *તાજેતરમાં ગીરમાં સિંહોના શિકારથી ચોંકી જઈને માન. મુખ્યમંત્રીશ્રીએ સાસણ ગીરની મુલાકત લીધી અને ખૂબ જ દુઃખ ભરી લાગણી પ્રગટ કરી અને જણાવ્યું કે, રાજ્ય સરકારે આ ઘટનાને ખૂબ જ ગંભીરતાથી લીધી છે. માન. મુખ્યમંત્રીશ્રીએ ભારતભરની સંસ્થાઓ, વન્યજીવન નિષ્ણાતો અને બીજી રાજ્ય સરકારો સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી શિકારના ગુનાઓ પર અસરકારક કામગીરી માટે જંગલ ખાતામાં અલગ વન્યજીવન ગુના એકમની રચનાની જાહેરાત કરી અને આ રીતે, વન્યજીવન ગુના એકમ સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.*

*જી.આર : રાજ્ય સરકારે હર્ષપૂર્વક વન્યજીવનને લગતા ગુના એકમની રચના કરેલ છે.*
*એકમ નીચે જણાવેલા મુદ્દાઓ પ્રત્યે ધ્યાન આપશે.*

(૧) *ભારતભરની સંસ્થાઓ સાથે ચર્ચા વિચારણા કરીને શિકારના ગુનાઓ અંગે અસરકારક કાર્યવાહી કરશે.*
(૨) *તે વન્યજીવન નિષ્ણાતો અને બીજી રાજ્ય સરકારોની સંસ્થાઓ સાથે પણ કાર્યવાહી/કામગીરી કરશે.*
(૩) *રાજ્યમાં વન્યજીવનને લગતા ગુનાઓ અંગેની માહિતીનું એકત્રીકરણ અને વિશ્લેષણ કરશે.*
(૪) *રાજ્યમાં વન્યજીવનને લગતા ગુનાઓને ઓછા ગંભીર બનાવવાના ઉપાયો સૂચવશે.*
(૫) *આ ગુનાઓ પર અસરકારક પગલાં લેવાનાં માપદંડો સૂચવશે.*

(૨) *એકમની રચનામાં નીચે પ્રમાણેના સભ્યો હશે.*

| | | |
|---|---|---|
| ૧. | એડિશનલ ડીજીપી, હોમડિપાર્ટમેન્ટ | ચેરમેન |
| ૨. | પીસીસીએફ (વન્યજીવન) | સભ્ય |
| ૩. | આઈ.જી.પી., સી.આઈ.ડી. (ક્રાઈમ) | સભ્ય |
| ૪. | કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (વન્યજીવન) જૂનાગઢ | સભ્ય |
| ૫ | કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (વન્યજીવનને લગતા ગુના), ગાંધીનગર | સભ્ય સચિવ |

(૩) વહીવટી હેતુસર, એકમના વડા તરીકે કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (વન્યજીવનને લગતા ગુનાઓ), ગાંધીનગર ફરજ બજાવશે. એકમ માટે નીચે જણાવેલ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (વન્યજીવનને લગતા ગુના) | એક |
| ૨. | આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટસ | બે |
| ૩. | હિસાબનીશ | એક |
| ૪. | ડ્રાઈવર | એક |
| ૫. | કલાર્ક | એક |
| ૬. | પટાવાળો | બે |
| | **કુલ જગ્યા** | **આઠ** |

જગ્યાઓની ભરતી એનેક્ષ્ચર-એ માં જણાવ્યા પ્રમાણે થશે.

(૪) નીચે જણાવેલા વાહનોને એકમ માટે મંજૂરી આપવામાં આવી છે અને તેમની ખરીદી નીચે જણાવેલ શરતો અને બોલીઓ પ્રમાણે થશે.

(૧) એક કાર - કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટસ માટે (વન્યજીવનને લગતા ગુના), ગાંધીનગર.

(i) જુદીજુદી સંસ્થાઓ પાસેથી સ્પર્ધાત્મક ભાવો/દર મંગાવવામાં આવશે તે ડીજીએસ અને જી કરારના દરો હશે અને કાર, જે સંસ્થા કારની સહુથી ઓછી કિંમત કે જે પાંચ લાખ રૂપિયા. (રૂા. ૫ લાખ પૂરા) ની અંદર હોય તેવી જણાવે, તેની પાસેથી ખરીદવામાં આવશે.

(ii) કાર, ડીઝલ/સીએનજી દ્વારા માલની અને વાતાનુકૂલિત ન હોય તેવી હશે. જો, ખરીદાયેલ વાહન સીએનજી ન હોય તો, તેને ખરીદી પછી સીએનજીમાં ફેરવવાનું / બદલવાનું રહેશે.

(૨) એક જીપ - આસિસ્ટન્ટ કમિશનર ઓફ ફોરેસ્ટસ માટે

જીપને તત્કાલીન અમલમાં હોય તેવા સરકારશ્રીના નિયમો અને જોગવાઈઓ અનુસાર ભાડે રાખવામાં આવશે.

(૫) ખર્ચ નીચે જણાવેલ અંદાજપત્ર સદરની બચતમાંથી મેળવી શકાશે.

માંગણી નં. - ૨૬

મુખ્ય સદર - ૨૪૦૬

પેટા સદર - ૦૨

એફએસટી - ૨૦ રાષ્ટ્રીય બગીચા અને અભયારણ્યની વ્યવસ્થા અને વિકાસ

૨૪૦૬ ૦૨ ૧૧૦ ૦૨૮

નાણાં ખાતાની સરખા નંબરની ફાઈલ ઉપર તા. ૧૬-૭-૦૭ ની નોંધના આધારે નાણાં ખાતાની સંમતિથી રવાના કર્યું.

**સરકારશ્રીના ઉપસચિવ,**
**જંગલ અને પર્યાવરણ ખાતું.**

**નકલ સવિનય રવાના :**

– મુખ્ય સચિવ, જંગલ અને પર્યાવરણ ખાતું, બ્લોક નં. -૧૪, નવા સચિવાલય, ગાંધીનગર.

– એડિશનલ ડીજીપી, ગૃહ વિભાગ

– આઇજીપી, સીઆઈડી (ગુના અને રેલવે), ગુજરાત પોલીસભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર.

– પીસીસીએફ, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૪, ગાંધીનગર.

– પ્રિન્સિપાલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટસ (ડબલ્યુ એલ), ગુજરાત રાજ્ય
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. -૧૪, ગાંધીનગર

– કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ (વન્યજીવનને લગતા ગુના) ગાંધીનગર.

– કન્ઝર્વેટર ફોરેસ્ટસ (વન્યજીવન), ગાંધીનગર

– એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.

– નાણાખાતું સચિવાલય, ગાંધીનગર.

– નાણાકીય સલાહકાર, એફ એન્ડ ઈ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

– પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.

– આર. એ. ઓ. ગાંધીનગર/અમદાવાદ. (રેસિડેન્ટ ઓડિટ ઓફિસર)

– સ્થાયી ફાઈલ.

• • •

# એનેક્ષર - એ

| નં. | હોદ્દાનું નામ | પગાર ધોરણ | મંજૂર થયેલ જગ્યા | નીચે પ્રમાણે પૂરવી |
|---|---|---|---|---|
| ૧. | કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (વન્યજીવન ગુના) | રૂા. ૧૬૪૦૦-૪૫૦-૨૦૦૦૦ | ૧ (એક) | આંતરિક વ્યવસ્થા |
| ૨. | આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ | રૂા. ૮૦૦૦-૨૭૫-૧૩૫૦૦ | ૨ (બે) | આંતરિક વ્યવસ્થા |
| ૩. | હિસાબનીશ | રૂા. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | ૧ (એક) | પ્રતિનિયુક્તિ પર, નામ વિભાગના મહેકમ એકમમાંથી |
| ૪. | ડ્રાઈવર | રૂા. ૩૦૫૦-૭૫-૪૫૯૦ | ૧ (એક) | આંતરિક વ્યવસ્થા |
| ૫. | કલાર્ક | રૂા.......................... | ૧ (એક) | બાંધ્યા પગાર રૂા. ૫૦૦/- થી કરાર પ્રમાણે ૧૧ મહિના માટે આવે જોડેલ શરતો મુજબ |
| ૬. | પટાવાળા | રૂા. ૩૦૫૦-૭૫-૪૫૯૦ | ૨ (બે) | સામાન્ય વહીવટ વિભાગના સરકારી ઠરાવ નં. એમ.કે.એમ. ૨૦૦૪-૨૫૩૯-કે.એચ.૩ તા.૩૦-૧૧-૦૬ તે બહારથી કરાવવાનું રહેશે તથા તેનો ખર્ચ ૧૫૦૦/- થી વધવો જોઈએ નહીં. |
| | કુલ જગ્યા | | ૮ (આઠ) | |

## ૪૧. વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન બોર્ડની રચના અને કામગીરી અંગે તા. ૯-૩-૦૫નો વિધાનસભા પ્રશ્ન

**તારાંકિત પ્રશ્ન નં. ૧૦૭૭૨ શ્રી ગોવિંદભાઈ પરમાર (તલાલા)**

**પ્રશ્ન રજૂ થયા તા. ૦૯-૦૩-૦૫**

| **પ્રશ્ન :** | | **જવાબ : માનનીય વનમંત્રીશ્રી** | |
|---|---|---|---|
| *(૧)* | *ધી વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ-૨૦૦૨ ના સુધારાથી સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની જોગવાઈ મુજબ બોર્ડની રચના કરવામાં આવી છે તે વાત ખરી છે.* | *(૧)* | *હા, જી* |
| *(૨)* | *જો હા, તો આ બોર્ડની ક્યા પ્રકારની કામગીરી છે, અને* | *(૨)* | *સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની ફરજ રાજ્ય સરકારને નીચેની બાબતમાં સલાહ આપવાની હોય છે.*<br>*(અ) અભયારણ્ય / રાષ્ટ્રીય ઉદ્યાન જેવા રક્ષિત વિસ્તારની પસંદગી અને વ્યવસ્થાપન માટેની કામગીરી.*<br>*(બ) વન્ય જીવન અને રક્ષિત પ્લાન્ટ્સના રક્ષણ અને જાળવણી માટેની નીતિ ઘડવાની કામગીરી.*<br>*(ક) વન્ય પ્રાણી અધિનિયમની અનુસૂચિમાં સુધારા-વધારા માટેની બાબતો.*<br>*(ઈ) વન્યપ્રાણી જીવનના રક્ષણને સંબંધી જે બાબતે રાજ્ય સરકાર સલાહ માંગે તે અંગે.* |
| *(૩)* | *ક્યા ક્યા જિલ્લામાં લાગુ પાડવામાં આવેલ છે ?* | *(૩)* | *સમગ્ર રાજ્ય માટે સ્થાપવામાં આવેલ છે.* |

• • •

## ૪૨. ઓક્સીટોસીન ઈન્જેકશનનો દુરુપયોગ અટકાવવા અંગે તા.૨૪-૫-૨૦૦૫નો પરિપત્ર

*ઔષધ નિયમન તંત્ર ગુજરાત દ્વારા રાજ્યના ઘણા ભાગોમાં દરોડા દરમિયાન પાનના ગલ્લા, પ્રોવિઝન સ્ટોર્સ તથા અન્ય વેપારીઓ પાસેથી ઓક્સીટોસીનનાં બિનઅધિકૃત ઈન્જેકશનનો જથ્થો પકડવામાં આવેલ છે.*

*ઓક્સીટોસીન ઈન્જેકશન પશુ સારવારમાં રજિસ્ટર્ડ, પશુચિકિત્સા અધિકારીના નિરીક્ષણ હેઠળ પશુ ઔષધ તરીકે સારવાર માટે જ વાપરવાનું હોય છે. આ એક અંતઃસ્ત્રાવ છે. અને તેનો બેફામ ઉપયોગ પશુના સ્વાસ્થ્ય ઉપર ઘણી જ ગંભીર બીમારીનો પશુ ભોગ બને છે. તેના દ્વારા ઉત્પન્ન થયેલ દૂધ પણ વપરાશમાં લેતાં લાંબા ગાળે મનુષ્યમાં પણ બીમારીઓ ઉત્પન્ન કરતું જણાયેલ છે.*

*વધુ દૂધ ઉત્પાદન મેળવવા અણઘડ પશુચિકિત્સકો તથા પશુપાલકો દ્વારા આ ઈન્જેકશનના આડેધડ ઉપયોગથી પશુઓના સ્વાસ્થ્યને માઠી અસર થાય છે. જે મનુષ્યના સ્વાસ્થ્ય પર લાંબા ગાળે અવળી અસર કરી શકે છે.*

*પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ જે ગુજરાત સરકારે ૧૯૮૨ સુધીના સુધારાઓ સહિત સ્વીકારેલ છે. તેની કલમ- ૧૨ મુજબ દૂધ ઉત્પાદન વધારવા માટે વપરાતી પદ્ધતિઓ (જેમાં કોઈપણ પ્રકારના ઈન્જેકશનનો ઉપયોગ થાય છે.) જેમાં પીટ્યુટરીનનો સમાવેશ થાય છે. જેનાથી પશુના સ્વાસ્થ્યને હાનિ પહોંચે છે. તેવી પદ્ધતિઓના ઉપયોગ કરતી વ્યક્તિઓ સામે નીચે મુજબના દંડ અને સજાની જોગવાઈ છે.*

૧. *જો કોઈ વ્યક્તિ ગાય અથવા બીજાં દૂઝણાં પ્રાણી ઉપર ફૂકા કે દૂમદેવ તરીકે ઓળખાતી ક્રિયા કરે (ફૂંકા અથવા દૂમદેવ કે એવી બીજી પ્રક્રિયા જેમાં કોઈપણ પ્રકારના ઈન્જેકશનનો સમાવેશ થાય છે) જેથી પશુ દૂધ વધુ આપે અને તે પશુની તંદુરસ્તીને નુકસાનકારક હોય તો આવી ક્રિયા કરવી તે બદલ રૂા. ૧૦૦૦ સુધીનો દંડ અથવા ૩ વર્ષ સુધી જેલ અથવા બંને શિક્ષાને પાત્ર થશે, આવું પશુ સરકાર દ્વારા જપ્ત કરવામાં આવશે.*

૨. *પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ ૩૧ મુજબ કોમ-૧૨ હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હો તે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૯૮ મુજબ પોલીસ અધિકારનો ગુન્હો બને છે.*

૩. *પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ની કલમ ૩૨ (૨) મુજબ જો સબ ઈન્સ્પેકટરથી ઊતરતાં દરજ્જાના નહીં તેવા પોલીસ અધિકારીને અથવા આ સંબંધમાં રાજ્ય સરકારે જેને અધિકાર આપેલો હોય તે વ્યક્તિ (ઓથોરાઈઝેશન) ને એમ માનવાને કારણે હોય કે તેની હકૂમતમાં કોઈ પ્રાણીને ફૂંકા કે દૂમદેવની ક્રિયા તાજેતરમાં કરવામાં આવી છે કે કરાઈ રહેલી છે, તો જ્યાં તેવું પ્રાણી હોવાનું માનવાને તેને કારણ હોય તો સ્થળમાં તે દાખલ થઈ શકે અને પ્રાણીનો કબજો લઈ શકશે અને તે પ્રાણી જ્યાં કબજો લેવાય તે વિસ્તારના પશુ રોગ અધિકારી (પશુચિકિત્સા અધિકારી) દ્વારા તપાસ થવા માટે તેને રજૂ કરી શકશે.*

*આથી પશુપાલન ખાતાના તમામ સંબંધિત પશુચિકિત્સા અધિકારીશ્રીઓ તથા અન્ય તાંત્રિક કર્મચારી/ અધિકારીઓને જણાવવામાં આવે છે કે, ઓક્સીટોસીન ઈન્જેકશનના અણઘડ ઉપયોગથી પશુને નુકસાન પહોંચી શકે છે તથા પશુપાલકોને તેનું પશુ બિનઉત્પાદક બની તેને નુકસાન થઈ શકે છે.*

*આથી આપના સેજાના પશુપાલકોને આવા ઈન્જેકશનના વપરાશ અંગે દંડની તેમજ સજાની જોગવાઈઓ છે તેવી સમજ આપવા અને માર્ગદર્શન આપવા જણાવવામાં આવે છે.*

*વધુમાં આ બાબતે પશુપાલકોમાં જાગૃતિ લાવવા તથા યથાયોગ્ય સમયે પોલીસ તંત્રને પણ સહકાર આપવા જણાવવામાં આવે છે.*

**સ્થળ : ગાંધીનગર**
**તા. : ૨૪-૫-૨૦૦૫**
**વર્ષ ૨૦૦૫-૦૬**

**સહી**
**(ડૉ. આર. બી. શુકલ)**
**પશુપાલન નિયામક**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

**જા.નં. વી-વીઈટી-૨-૩૪૮૩-૩૪૩૬-૨૦૦૫**
**પશુપાલન નિયામકની કચેરી ગુ.રા.,**
**કૃષિ ભવન, સેકટર-૧૦, એ. ગાંધીનગર.**
**તારીખ : ૨૪-૫-૨૦૦૫**

**નકલ જયભારત સહ રવાના પ્રતિ :**

૧. *નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત તમામ*
૨. *નાયબ પશુપાલન નિયામકશ્રી, વેટ. પોલી. તમામ*
૩. *નાયબ પશુપાલન નિયામકશ્રી, ઘનિષ્ટ પશુ સુધારણા યોજના, તમામ*
૪. *નાયબ પશુપાલન નિયામકશ્રી, પશુ ઉછેર કેન્દ્ર તમામ*
૫. *નાયબ પશુપાલન નિયામકશ્રી, ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક તમામ*
૬. *મ. પશુપાલન નિયામકશ્રી.*
૭. *વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, અમદાવાદ વિભાગ, રાજકોટ, વડોદરા.*
૮. *સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, પ.પ.સુ.યો. (મુ.મ)*
૯. *પશુધન શાખા / પશુ આરોગ્ય શાખા.*

**નકલ સવિનય રવાના પ્રતિ :**

૧. *સંયુક્ત કમિશનરશ્રી (ઔષધ)*
*કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,*
*ગુ. રા. બ્લોક નં. ૮, ૧ લો માળ,*
*જીવરાજ મહેતા, ગાંધીનગર તરફ જાણ સારુ.*
૨. *ઉપસચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર.*

**અવાચ્ય**
**નાયબ પશુપાલન નિયામક**
**(એપીડેમીયોલોજી)**

## ૪૩. પ્રાણીઓ પ્રત્યે થતી ક્રૂરતા અટકાવવા અંગે ભારત સરકારના તા.૨૬-૫-૦૬ના સરકારી કર્મચારી વિરૂધ્ધ ખાતાકીય પગલાં લેવાના નિર્દેશનો

ફેક્સ : ૦૧૧-૩૦૧૨૪૩૨ (એન.બી.)
૦૧૧-૩૦૧૩૧૪૨ (ઈ.ઓ.)
૦૧૧-૪૮૨૪૮૨૧ (એલ.એન.સી.)
૦૧૧-૮૧૦૭૯૬૨ (ટીઆરજી.ટીવી)
૦૧૧-૪૩૬૧૨૩૦ (પીઈએસબી)

એફ નં. : ૩૦/૯/૨૨ - વેલફેર
ભારત સરકાર
વ્યક્તિગત, જાહેર વિવાદ અને પેન્શન મંત્રાલય
વ્યક્તિગત અને તાલીમ ખાતું,
નવી દિલ્હી

લોક નાયક ભવન
ખાન માર્કેટ, નવી દિલ્હી
તારીખ : ૨૬.૦૫.૨૦૦૬

કચેરી નોંધ :

**વિષય : પ્રાણીઓ પ્રત્યે થતી ક્રૂરતા અટકાવવા અંગે નિર્દેશનો.**

૧. વિભાગના ધ્યાન ઉપર એ આવ્યું છે કે, ઘણી બધી મંડળીઓ તેમના વિસ્તારમાં જાતે અથવા સલામતી રક્ષકો રાખીને રખડતાં પ્રાણીઓના પ્રશ્ન સાથે સંકળાયેલા છે. એવી પણ માહિતી મળી છે કે, કેટલીક મંડળીઓ પ્રાણીઓને મારવા ઉપરાંત જે રહેવાસીઓ રખડતાં પ્રાણીઓને પોષણ આપે છે/ધ્યાન રાખે છે તેમને ધમકાવે છે.

૨. પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા પ્રતિબંધિત ધારો, ૧૯૬૦ની કલમ ૧૧કે સમયાંતરે સુધારવામાં આવેલ છે, તેના પ્રમાણે જો કોઈપણ વ્યક્તિ પ્રાણીને બિનજરૂરી પીડા અને દર્દ પહોંચે તે રીતે મારે, લાત મારે, અવગણના કરે, વધારે પડતો ભાર ખેંચાવે કે વાહનની ઝડપ અતિ વધારે રાખે કે બીજા અન્ય કોઈપણ રીતે ત્રાસ આપે તો તે દંડ અને/અથવા શિક્ષાને પાત્ર થશે. આ કાયદાની જોગવાઈ અનુસાર સરકારી કર્મચારી જો પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા અટકાવવાના કાર્યમાં દખલ કરે તો તે પોતે પણ પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા પ્રતિબંધક ધારા હેઠળ જવાબદાર થશે. આ કાયદા અનુસારની શિક્ષા ઉપરાંત, તે પોતે સીસીએસ (વર્તણૂક) ના નિયમો હેઠળ સરકારી કર્મચારી હોવાના નાતે કાર્યવાહીને પાત્ર થશે.

૩. અત્રે એ નોંધવું જરૂરી છે કે, રખડતાં પ્રાણીઓના પ્રશ્નના નિરાકરણ માટે સરકારમાં/સ્થાનિક સ્વરાજ્યમાં નોંધાયેલ ઘણી સંસ્થાઓ કાર્યરત છે. આ સંસ્થાઓ નિયમિત રીતે માંદાં પ્રાણીઓને રસી મૂકવાનું, જંતુ રહિત કરવાનું કાર્ય કરે છે. સરકારી વસાહતોમાં આવી નોંધાયેલ સંસ્થાનો સંપર્ક કરીને તેમના પ્રશ્નનું

નિરાકરણ મેળવી શકે. વણનોંધાયેલી મંડળીઓ પણ પોતાના પ્રશ્નો સાથે આવા પ્રકારની મંડળીનો સંપર્ક કરી શકે પણ તેઓ રહેવાસીઓની જાહેરમાં રજૂઆત બાબતે ખોટા દાવાઓ કરવા નહીં. જો રહેવાસીઓનો કોઈપણ વિવાદ હોય અને જો રજૂઆત માટે કોઈપણ નોંધાએલ સંસ્થા ન હોય તો તે એડબલ્યુઓની સંસ્થા દ્વારા / બીડબલ્યુઓની કચેરી પાસે લઈ જવાશે. તેમ છતાં રખડતાં પ્રાણીઓના પ્રશ્નનું સંસ્થાની ચાલુ કાર્યપ્રણાલીની હદમાં રહીને નિરાકરણ કરવાનું રહેશે અને કોઈપણ સંસ્થા કે મંડળી તેમની પોતાની રીતે પોતે કે તેમણે નિયુક્તિ આપેલા સલામતી રક્ષકો વગેરે દ્વારા કોઈપણ પગલાં લઈ શકશે નહીં.

૪. તમામ રહેવાસીઓ અને મંડળીઓ આ બાબતમાં સંબંધિત એજન્સીઓને રજૂઆત કરવા માટે મુક્ત છે, પરંતુ કોઈપણ રહેવાસી / મંડળીઓ, અન્ય નાગરિકો જે પ્રાણીઓનું ધ્યાન રાખે છે તેમના કાર્યમાં દખલ કરી શકશે નહીં. તેમને કોઈપણ સ્વરૂપમાં ધમકાવવા, બિવડાવવા, એ ફોજદારી ગુનો છે. સંબંધિત ફોજદારી કાયદાઓ ઉપરાંત, આવી વ્યક્તિઓ પોતે સીસીએસ. વર્તણૂકના નિયમો હેઠળ જવાબદાર થશે.

સહી
(અવાચ્ય)
ઉપ સચિવ (કલ્યાણ)
ફોન નં. : ૨૪૬૪૬૯૬૧

ભારત સરકારના તમામ મંત્રાલય / ખાતાના સંયુક્ત સચિવો (વહીવટ) ને નકલ રવાના. પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા પ્રતિબંધક ધારો - ૧૯૬૦ની જોગવાઈઓ તથા તેના નિર્દેશનોનો પરિપત્ર આપના ખાતાના તમામ કર્મચારીઓના ધ્યાન પર મૂકવામાં આવે.

પત્રવ્યવહાર ખાતું
(શ્રી પી.ગોપીનાથ, સચિવ)
નવી દિલ્હી

## ૪૪. ડિસેકશન અંગેનો ગુજરાત યુનિર્વસિટીનો પરિપત્ર

એકેડેમિક/બી/૬૦૬૬૬/૨૦૦૭
તા. ૨૦/૨/૨૦૦૭

પરિપત્ર :

કુલપતિશ્રીના આદેશ અનુસાર જણાવવાનું કે વૈજ્ઞાનિક પ્રયોગો અને નિદર્શનોના નિમિત્તે દેડકાં, અળસિયાં, ઉંદર, વંદા જેવાં પ્રાણીઓના જીવલેણ ઉપયોગની સામે દેશવિદેશમાં ઘણો ઉહાપોહ થયો છે અને થતો રહ્યો છે. પ્રાણીઓના આવા પ્રકારના છેદન (ડિસેકશન) ને કારણે શરીરરચનાના શિક્ષણમાં કોઈ સવિશેષ ફેર પડતો નથી એવાં વિદ્વાનોના મંતવ્યો ઊભરી આવ્યાં છે. આજે કમ્પ્યૂટરની મદદથી, ડિસેકશન. સિવાય કમ્પ્યૂટર સિમ્યુલેશન અને ગ્રાફિક્સની મદદથી પ્રાણીઓની શરીર રચના આબેહૂબ દર્શાવવાના વિકલ્પો ઉપલબ્ધ છે તે સંદર્ભમાં તેમજ પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા અને અભ્યાસ દરમિયાન વિદ્યાર્થીઓમાં અનુભવાતી પીડા બેઉ બાબતોને ધ્યાનમાં લઈએ તો આવા છેદનોનો ઉપયોગ ન્યૂનતમ થાય કે નાબૂદ થાય એ ઉચિત જણાય છે.

આ સંદર્ભે તજજ્ઞોના અભિપ્રાયોને ધ્યાનમાં રાખી પ્રાણીશાસ્ત્ર વિષયમાં પ્રાણીઓના ઉપયોગ દૂર કરવાનો આદેશ કરવામાં આવે છે. એ સ્થાને વૈકલ્પિક શૈક્ષણિક પદ્ધતિઓ અપનાવવાનું સૂચન કરવામાં આવે છે.

વધુમાં, પ્રાણીશાસ્ત્ર વિષયમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડિપાર્ટમેન્ટના પ્રસ્તાવને ધ્યાને લઈ પ્રાણીઓના દુરુપયોગને નિવારવા અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૦૭-૦૮ થી યથોચિત ફેરફાર કરવો જરૂરી છે. આ અંગે ગુજરાત યુનિવર્સિટીના પ્રાણીશાસ્ત્ર વિભાગ તરફથી માર્ગદર્શન આપવામાં આવશે. આ પરિપત્રનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી કરવાનો રહેશે.

ઉર્મિલા ચૌધરી
કુલ સચિવ વતી

**પ્રતિ,**

૧. યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાનની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ....
૨. યુનિવર્સિટીના વિજ્ઞાન ભવનના અધ્યક્ષથી તેમજ વિભાગના વડાશ્રીઓ
૩. અધ્યક્ષશ્રી, પ્રાણીશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

• • •

## ૪૫. ઉત્તરાયણ અંગેનું અમદાવાદ પોલીસ કમિશનરનું તા.૦૭-૧-૧૦ના રોજનું જાહેરનામું

*પોલીસ કમિશનર અમદાવાદ શહેર હુકમ*
*ક્રમાંક : વિશા/એસેકશન/૧૦૯૮/૨૦૧૦*
*તા. ૦૭/૦૧/૨૦૧૦*

**વંચાણે લીધેલ : સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૪-૧૨-૦૯ ના પત્રક્રમાંક : ઈએનવી/૧૦/૨૦૦૯/૪૦૦/ઈ**

*ઉત્તરાયણ તહેવાર દરમિયાન સિન્થેટીક મટેરિયલ, ટોક્સીક મટેરિયલ (ઝેરી તત્ત્વો) અથવા નાયલોન વગેરેથી તૈયાર કરેલ પાકા દોરાથી ઉડાવવામાં આવતા પતંગોને કારણે માણસો અને પક્ષીઓ ઘાયલ થતાં હોઈ તથા તેઓનું મૃત્યુ પણ થતું હોઈ આ અટકાવવું જરૂરી જણાય છે, જેથી સરકારશ્રીના ઉપરોક્ત પત્રમાં એન્વાયરમેન્ટલ પ્રોટેકશન એક્ટ-૧૯૮૬ની કલમ-૫ હેઠળ સૂચનાઓ આપવામાં આવેલ છે.*

*કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજરની કલમ ૧૪૪ હેઠળ મળેલ સતની રૂએ હું એસ.કે.સાઈકીયા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આથી જાહેર હિતમાં હુકમ કરું છું કે સિન્થેટીક મટેરિયલ, નાયલોન દોરા અથવા ટોક્સીક મટેરિયલ (ઝેરી તત્ત્વો)ના દોરાનો પતંગ ચગાવવા ઉપયોગ કરવા કે તે હેતુથી વેચાણ કરવા માટે અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળના સમગ્ર વિસ્તારમાં ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને તા. ૦૮-૦૧-૨૦૧૦ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૮-૦૧-૨૦૧૦ કલાક ૨૪-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.*

*આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫) ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.*

*હું આથી આદેશ આપું છું કે ઉપર જાહેર કરેલ વિસ્તારમાં લોકો જાણી શકે તે માટે આ જાહેરનામાની જરૂરી પ્રેસનોટ ઈસ્યુ કરવા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, દૂરદર્શન, આકાશવાણી તેમજ ઈલેકટ્રિક મિડિયામાં પ્રસિદ્ધિ તેમજ જાહેરાત કરાવવી.*

*આજ રોજ તા. ૦૭/૦૧/૨૦૧૦ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.*

*(એસ. કે. સાઈકીયા)*
*પોલીસ કમિશનર*
*અમદાવાદ શહેર*

## ૪૬. ઉત્તરાયણ અંગેનું અમદાવાદ જિલ્લા મેજિસ્ટ્રેટનું તા. ૬-૧-૧૦ના રોજનું જાહેરનામું

*નં. ડીસી/એમએજી/એસ.આર. ૧/૨૦૧૦*
*જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,*
*સુભાષબ્રિજ સર્કલ, આશ્રમ રોડ,*
*અમદાવાદ. તા. ૬/૧/૨૦૧૦*

**વંચાણમાં લીધું :**

**(૧) સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા. ૪-૧૨-૦૯ના પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૦૯/૪૦૦/ઈ**

**(૨) પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્યના તા. ૨૩-૧૨-૦૯ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું/૪૭૦૫/૦૯**

*ઉત્તરાયણના તહેવાર દરમિયાન પ્લાસ્ટિક, સિન્થેટીક મટિરિયલ, ટોક્ષીક મટિરિયલ, લોખંડ પાવડર, કાચ વગેરેથી તૈયાર કરેલ પાકા દોરા તથા ચાયનીઝ બનાવટના દોરાથી ઉડાવવામાં આવતા પતંગોને કારણે પોલીસ અને પક્ષીઓ ઘાયલ થતાં હોઈ તથા તેઓનું મૃત્યુ પણ થતુ હોઈ સરકારશ્રીના આમુખ-૧ના પત્રથી મળેલ સૂચનાઓ મુજબ તેમ થતું અટકાવવા વાસ્તે, હું બી.આર. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે પ્લાસ્ટિક, સિન્થેટીક મટિરિયલ, ટોક્ષીક મટિરિયલ, લોખંડ પાવડર, કાચ વગેરેમાંથી બનાવી તૈયાર કરેલ પાકા દોરા તથા ચાઈનીઝ બનાવટના દોરાના ઉપયોગ કરી પતંગો ઉડાવવા પર તથા તા. ૭-૧-૨૦૧૦ થી તા. ૧૭-૧-૨૦૧૦ સુધી સવારે ૬.૦૦ થી ૮.૦૦ દરમિયાન તથા સાંજના ૫.૦૦ થી ૭.૦૦ દરમિયાન પતંગ ઉડાવવા માટે નીચે દર્શાવેલ વિસ્તારમાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૧૩ તથા ૩૩(ડબલ્યુ) (૧) (૨) હેઠળ મને મળેલ અધિકારીની રૂઈએ પ્રતિબંધ ફરમાવું છું.*

*વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીના હકૂમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર*

*આ હુકમ ભંગ અને ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૧૭ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને. ૧૮૬૦નો અધિનિયમ-૪૫)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.*

*હું આથી આદેશ આપું છું કે, આ હુકમથી જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકરો મારફતે તેની જાહેરાત કરી તે અથવા સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેરખબર આપીને અથવા આકાશવાણી દૂરદર્શન કેન્દ્ર ઉપર તેનું પ્રસારણ કરી પ્રસિદ્ધિ કરવી અને ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં જાહેર કરીને પ્રસિદ્ધ કરવી.*

*આજ તા. ૬/૧/૨૦૧૦ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.*

*સહી*
*(બી. આર. પટેલ)*
*અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ*
*અમદાવાદ.*

**નકલ રવાના :**

*૧. પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ.*
*૨/- સદરહુ જાહેરનામાની નકલો તમામ પોલીસ સ્ટેશને પહોંચાડવા તથા અમલ કરાવવા સારું.*

*૨. સબ ડિવિઝનલ મેજિ. શ્રી અમદાવાદ, વિરમગામ, ધોળકા.*

૩. વિભાગીય પોલીસ અધિકારીશ્રી, ધોળકા, વિરમગામ, સરખેજ.
૪. એક્ઝીક્યુટીવ મેજિ. શ્રી સિટી, દસ્ક્રોઈ, ધોળકા, વિરમગામ, સાણંદ, માંડલ, રાણપુર, બરવાળા, દેત્રોજ, ધંધુકા, બાવળા.
૫. તમામ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી / પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી
.................. પોલીસ સ્ટેશન, અમદાવાદ રેલવે પોલીસ સ્ટેશન

**નકલ સાદર રવાના જાણ સારુ :**

૧. ડાયરેક્ટરશ્રી (પર્યાવરણ) અને અધિક સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૨. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદ.
૪. રજિસ્ટ્રારશ્રી, ડિસ્ટ્રિક્ટ કોર્ટ, જૂની હાઈકોર્ટ બિલ્ડિંગ, નવરંગપુરા, અમદાવાદ
૫. સરકારી વકીલશ્રી, સિટી સિવિલ કોર્ટ, ભદ્ર, અમદાવાદ.
૬. સરકારી વકીલશ્રી, ડિસ્ટ્રિક્ટ કોર્ટ, મિરઝાપુર, અમદાવાદ.

**નકલ રવાના :**

૧. સહાયક માહિતી નિયામકશ્રી, પોલિટેકનિક કોલેજ કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ.
૨/- સદરહુ હુકમની બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિકોમાં વિના મૂલ્યે પ્રસિદ્ધ કરાવવા સારુ.
૨. મેનેજરશ્રી, સરકારી પ્રેસ અને સ્ટેશનરી ડિપાર્ટમેન્ટ, વડોદરા.
૨/- સદરહુ હુકમ ગેઝેટ ભાગ-૧માં પ્રસિદ્ધ કરી તેની ૨૫ નકલો મોકલી આપવા સારુ.

•••

## ૪૭. ધી એનિમલ બંર્થ કન્ટ્રોલ (ડોગ્સ) રૂલ્સ, ૨૦૦૧ ની જાણકારી તથા અસરકારક અમલીકરણ અંગે તા. ૨૫-૮-૦૬ના રોજની પોલીસ મહાનિર્દેશકની યાદી

*ક્રમાંક : પીઆરસી/પ્રાણી-કૂતરા/૧૬૩/૨૦૦૬*
*અધિક પોલીસ મહાનિર્દેશકની કચેરી,*
*સી.આઈ.ડી.ક્રાઈમ અને રેલવેઝ,*
*ગુજરાત રાજ્ય, ગાંધીનગર.*
*તા. ૨૫-૮-૨૦૦૬*

**યાદી :**

**વિષય : ધી એનીમલ બર્થ કન્ટ્રોલ (ડોગ્સ) રૂલ્સ, ૨૦૦૧ ની જાણકારી તથા અસરકારક અમલીકરણ અંગે.**

*સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મુંબઈ પોલીસ એક્ટ ૧૯૫૧ની કલમ ૪૪ તથા ગુજરાત પંચાયત એક્ટ ૧૯૬૧ની કલમ ૧૫૯ થી ૧૬૮ તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૩૮ થી ૨૪૫ ની જોગવાઈઓ હેઠળની કાર્યવાહી હાથ ધરવાની થાય ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા પ્રિવેશન ઓફ ક્રૂઅલ્ટી ટુ એનીમલ એક્ટ ૧૯૬૦ની કલમ ૩૮(૧), (૨) થી મળેલ સત્તા અન્વયે, તા. ૨૪.૧૨.૨૦૦૧ ના નોટિફિકેશનથી પ્રસિદ્ધ કરવામાં આવેલ ધી એનીમલ બર્થ કન્ટ્રોલ (ડોગ્સ) રૂલ્સ, ૨૦૦૧ના નિયમોની જોગવાઈઓ પણ સાથે સાથે ધ્યાને લઈ કાર્યવાહી કરવા વિનંતી છે. જે નોટિફિકેશનની નકલ જાણકારી તેમજ અસરકારક અમલ કરવા અર્થે આ સાથે સામેલ રાખેલ છે.*

*બિડાણ : ઉપર મુજબ*

(જી. સી. રાયગર)
પોલીસ મહાનિર્દેશક
સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલવેઝ,
ગુ.રા. ગાંધીનગર

*પ્રતિ,*

- *તમામ પોલીસ કમિશનરશ્રીઓ,*
- *તમામ રેન્જ વડાશ્રીઓ,*
- *તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ*

**નકલ સવિનય રવાના :**

*(૧) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ (વિશેષ) ગાંધીનગરનાઓ તરફ ક્રમાંક : વિ-૨/અરજ/૧૨૨૦૦૬/૧૪૦૦, તા. ૧૧/૮/૨૦૦૬ અન્વયે જાણસારુ*

*(૨) પો.મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગરનાઓ તરફ જાણસારું*

## ૪૮. કતલખાના મંજુરી અને સક્ષમ ડોકટરશ્રીના અભિપ્રાય રહીત થતાં માંસાહારના વિતરણ અંગે તા. ૧૩-૧૨-૨૦૧૦ના રોજની પોલીસ અધિક્ષક આણંદની યાદી

ક્રમાંક/અરજ/૩૬/સ્થાનિક/૩૦૦૫/વશી/૧૮૩૮૬/૧૦
પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, આણંદ
તા. ૧૩-૧૨-૨૦૧૦

**વિષય : કતલખાના મંજુરી અને સક્ષમ ડૉક્ટરશ્રીના અભિપ્રાય રહીત થતાં માંસાહારના વિતરણ અંગે**
યાદી :

ઉપરોક્ટ વિષય અન્વયે જણાવવાનું કે, અરજદારશ્રી સુરેન્દ્રકુમાર હરિપ્રસાદ હાથી રહે. જામનગર નાઓની તા. ૨૬/૧૧/૧૦ની અરજીથી તેઓએ નીચે પ્રમાણેની રજૂઆત કરેલ છે.

માંસ વિતરણ કરનાર ઈસમો મ્યુનિસિપાલીટી/નગરપાલિકા તથા ખોરાક ઔષધ નિયમન ખાતા તરફથી મળેલ મટનશોપનો પરવાનો મેળવી માંસનું વેચાણ કરતા હોય છે. અને આજ પરવાના આધારે પશુઓની ગેરકાયદેસરની કતલ કરે છે. તેઓ ક્યાં કાયદેસરના પરવાના ધરાવતા કતલખાનામાંથી માંસ મેળવે છે. તે બાબત તેઓ કોઈ હકીકત જણાવતા નથી. કારણકે પશુઓની કતલ કરવામાં આવે તો જ માંસ મળી શકે મટન વેચાણ કરતા દુકાનદારો પાસે બીલ, કેશમેમો તથા ટ્રાન્સપોર્ટ ચલણ કે રસીદ જેવા પુરાવા હોતા નથી. તેમજ આ મુજબના કેશમાં આવા કોઈ પુરાવા પોલીસ તપાસમાં મેળવાતા નથી. જેના કારણે આવુ કૃત્ય કરનાર ઈસમો નામ. કોર્ટમાંથી છુટકારો મેળવી શકે છે.

આ માંસ કોઈ અધિકૃત ડૉક્ટર દ્વારા ચકાસણી થયેલ હોતી નથી. તેમજ ઉપલબ્ધ માંસ પ્રતિબંધીત પશુ કે પ્રાણીનું છે કે કેમ ? તેની કોઈ તપાસ થતી નથી. સ્લોટર હાઉસ રૂલ્સ ૨૦૦૧ના નિયમ મુજબ કાયદેસરના કતલખાના છે કે કેમ ? તેની પણ તપાસ થતી નથી. મટનશોપર ફક્ત મ્યુનિસિપલ/નગરપાલિકા તરફથી દુકાનનો પરવાનો ધરાવે છે. તે આધારે પશુની કતલ કરી માંસનું વેચાણ કરતા હોય છે.

ડૉક્ટરના એન.ઓસ.સી. રહીત કે અધિકૃત કતલખાનાની મંજૂરી/માન્યતા રહીત માંસાહારનું વિતરણ થાય છે. આવી પ્રવૃત્તિ બાબતે આઈ.પી.સી. તથા પશુ સંરક્ષણ ધારો, પશુ અત્યાચાર ધારા, ધ બોમ્બે એનીમલ પ્રીઝર્વેશન એક્ટ મુજબનો ગુનો બને છે અને તે મુજબ આવા બનાવોમાં કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

આથી જિલ્લા સઘળા પો.સ્ટેના અધિકારીઓને જણાવવાનું કે આવી પ્રવૃત્તિ ઉપર મુજબની કાર્યવાહી કરવા તથા આ પ્રકારના ગુનામાં ઉપર મુજબના પુરાવા એકત્રિત કરી કાયદેસરની તપાસ થાય તેમજ નામ. કોર્ટમાં આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવે તો સદર કેશમાં આવી પ્રવૃતિ કરનાર ગુનેગારને કાયદાથી જરૂરી શિક્ષા થઈ શકે છે. અને આવી ગુનાહિત પ્રવૃતિ થતી અટકી શકે છે. જેની તમામે નોંધ લેવી.

(એ. કે. જાડેજા)
પોલીસ અધિક્ષક
આણંદ

પ્રતિ,
જિલ્લાના સઘળા પો. સ્ટે. તથા પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી. તરફ
નકલ સવિનય રવાના : તમામ ના.પો.અધિશ્રી તથા રીડર શાખા
નકલ સવિનાય રવાના : શ્રી સુરેન્દ્રકુમાર હરિપ્રસાદ હાથી
રહે. C/o. શ્રી હાલાર એન્જિનિયરીંગ વર્ક્સ, કાશીવિશ્વનાથ મંદીર પાછળ,
જામનગર : ૩૬૧૦૦૧

## ૪૯. ટ્રેન મારફત વહન થતાં પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા અટકાવવા રેલવે બોર્ડની તા. ૨૫-૯-૯૦ની સૂચના

hûõ‚Ikk sIkh÷{uIku‚Mo Iku Mq[Ikk
¼khík Mkhfkh
hu÷ðu {tºkk÷Þ
hu÷ðu çkkuzo Ikð e rËÕne íkk. 25-9-90
Ikt. xe Mke ykE/90/11/1

sIkh÷{uIku‚Mo
ík{k{ ¼khíkeÞ hu÷ðu

**rð»kÞ : xÙuIk {khVíkðnIk Úkíkk «kýeyku «íÞuIke ¢qhíkk yxfkððk ytøkuIkk Ãkøk÷k**

[uh{uIk «kýe fÕÞký çkkuzo ykuV EÂLzÞk Ikk íkk. 18-5-90 Ikk hksIkk Ãk°k Ikt yuzçkÕÞw/çke ykE/Mkeyu[/ÃkeMkeyu/90 Ikk W÷Ã÷ku íkhV rð»kÞ Ikku Ãk°k Mkk{u ÷Au.

1. xÙuIk îkhk ðnIk Úkíkk «kýeyku «íÞuIke ¢qhíkk yxfkððk ÷køkíkk Ä ðkíkkIku Mkq[Ikk ykÃkðe uf

(1) ðuøkIk{kt ÃkkuhíkkrðÕkWòMkIkeMkøkðz hk¾ðe.

(2) ykuðh÷kuz¼økyxfkððwt yIku

(3) Ãkkýe {kxuIkeÃkkuhíkeMkøkðz ÃkkuheÃkkzðe.

2. ykMktËÜ»ko{kt økwzTMk xuheV Ikk rIkÞ{ 403 ¼køk-1 ðkuÕÞw{-1 íkÚkk fku[ªøk xuheV rIkÞ{-812.6, 812.7 yIku 812.9 íkhV æÞkIk Ëkuhðk{kt ykðu Au.

3. ík{k{ ÷køkíkk Ä ðkíkktIku Mkw[Ikk ykÃkðe yIku ykÃk°kIke ÃkkhkU[ ÃkkXððe.

ykh. yhkð{wÄLk
zkÞhuõxh zkÞhuõxh, xÙkVef (fku{Ãkþ÷)
(ykh.) hûõðu çkkuzo.

## ૫૦. ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ-૨૦૧૧ હેઠળ સક્ષમ સત્તાધિકારીઓ

økwshkík ÃkþwMkthûký (MkwÄkhk) yrÄrLkÞ{-2011
yLð÷uMkûk{ yrÄfkheyku rLkÞík fhðk çkkçkík
f]r»k ykÞkuMkLkfkh rð¼køk
Xhkð ¢{ktf : yuÃkeyu-10-2011-633855-Ãke.1
Mkr[ðk÷Þ, økktÄeLkøkh.
íkk. 24-10-2011

**ðt[kýu ÷eÄk :**

(1) økwshkík ÃkþwMkthûký (MkwÄkhk) yrÄrLkÞ{ 2011

(2) økwshkík ÃkþwMkthûký (MkwÄkhk) rLkÞ{ku 2011,
¢{ktf : yuÃkeyu-10-2011-633855-95-Ãke.1 íkk. 24-10-2011

**yk{w¾ :**

økwshkík ÃkþwMkthûký yrÄrLkÞ{ 1954Lke f÷{ 5 íkÚkk 6{kt WÃkh ðt[kýu ÷eÄu÷ ¢{ (1) Úke MkwÄkhku fhðk{kt ykðu÷ Au yLkuMkò íkÚkk Ëtz Lke hf{{kt ðÄkhku fhðk{kt ykðu÷ Au. yk MkwÄkhk yLkwMktÄkLku sYhe rLkÞ{ku WÃkh ¢{ (2) Úke ðt[kýu ÷eÄu÷ yrÄMkq[Lkk îkhk çkLkkððk{kt ykðu÷ Au. WõíkÃkrhÃkºkLkÞ{kt økwshkík ÃkþwMkthûký (MkwÄkhk) yrÄrLkÞ{ 2011 Lke MkwÄkhu÷ f÷{-6 yu (3) yLku f÷{-6 çke (2) yLð÷uMkûk{ MkûkBkrÄfkheLke rLk{ýqtf fhðkLke hnu Au.

**Xhkð :**

ÃkwÏík rð[khýkLkk ytíku WÃkh yk{w¾{kt Ëþkðu÷ rððhýkku yu økwshkík ÃkþwMkthûký (MkwÄkhk) yrÄrLkÞ{ 2011 Lke f÷{-6 yu (3) yLku f÷{-6 çke (2) Úke {¤u÷ MkøkÞk {wsçk hkßÞ Ãkkur÷Mk Ë¤Lkk Ãkku÷eMk MkçkELMÃkuõxh Úke Wíkhíke LkrnÞ, íkuðe fûkkLkk Ãkku÷eMk yrÄfkheykuLku yrÄrLkÞ{{kt rLkËuþ fhu÷ {wsçkLke økkiðtþLke økkuhfkËËuMkhnhÃh, økkiðtþLke ŸíËk, íkuLkk {ktMkLke økkuhfkËËuMkhnhÃh, ðu[ký òðkuhu çkkçkíku yrÄrLkÞ{{kt Ëþkðu÷ {wsçkLke Mkûk{ Mkûkk rÄfkhe íkhefu Lke Mkûkkykuyk Ãkðk{kt ykðu Au íkÚkk yk Xhkð Úke íkuðk yrÄfkheykuLku Mkûk{ Mkûkk rÄfkhe íkhefu òuh fhðk{kt ykðu Au.

økwshkíkLkk hkßÞÃkk÷©eLkk nwf{Úke yLku íkuyku{Lkk Lkk{u,

**(çkfw÷ ]çkn)**
**LkkÞçk Mkr[ð**

## ૫૧. કતલખાના નિયમોના પાલન અંગે પ્રાણી કલ્યાણ બોર્ડનો તા. ૨૧-૩-૨૦૦૫નો અને પશુપાલન નિયમકનો તા. ૧૬-૯-૨૦૦૬નો પત્ર

### જીવજંતુ કલ્યાણ બોર્ડ, ભારત

**(પર્યાવરણ અને વન ખાતું, ભારત સરકાર)**

*૧૩/૧, ત્રીજો સીવર્ડ રોડ,*
*વાલ્મીકિનગર, થીસ વનમીયુર*
*ચેન્નાઈ-૬૦૦૦૪૧.*
*ફોન : ૦૪૪-૨૪૪૫૪૭૩૫, ૩૫૮*
*ફેક્સ : ૦૪૪-૨૪૪૫૪૩૩૦*
*તારીખ : ૨૧-૩-૦૫*

*ક્રમાંક : ૯-૧/૨૦૦૫ પી.સી.એ.*

*પ્રતિ,*

*- દરેક રાજ્યના સેક્રેટરીશ્રી, પશુપાલન ખાતું, (એનિમલ હસબન્ડરી)*
*- દરેક રાજ્યના મ્યુનિસિપાલિટી/કોર્પોરેશનના કમિશનરશ્રી*
*- દરેક રાજ્યના સરકારશ્રીના સેક્રેટરીશ્રી*
*- દરેક જિલ્લાના જિલ્લા કલેકટરશ્રી તેમજ મેજિસ્ટ્રેટ*

*સાહેબશ્રી,*

*કતલખાનાંઓમાં પશુઓ પ્રત્યેની ક્રૂરતા નિવારણ અટકાવવા હેતુથી તેમજ લોકોને બિનપ્રતિબંધિત પ્રાણીઓનું જથ્થાબંધ માંસ મળી રહે તે હેતુથી આ સાથે પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા નિવારણ (કતલખાના) નિયમો, ૨૦૦૧ હેઠળના કતલખાના અંગેના નિયમો કે જે ભારત સરકારના ગેઝેટમાં તા. ૨૬-૩-૨૦૦૧ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેની નકલ તેના અમલીકરણ માટે આ સાથે મોકલવામાં આવેલ છે. નિયમો અંગેનું જાહેરનામું આ અગાઉ વર્ષ - ૨૦૦૪ના માર્ચ મહિનામાં ફેરવવામાં (મોકલવામાં) આવેલ હતું.*

*ઉપરોક્ત નિયમોના કતલખાનાઓમાં સખત અમલીકરણની ખાત્રી માટે ઉપરોક્ત નિયમો જિલ્લા કક્ષાએ નગરપાલિકાઓ તથા બીજાઓને મોકલી આપવા. આથી વિનંતી કરવામાં આવે છે કે કતલખાનામાં બાળકો, રખડતાં કૂતરાંઓ અને પ્રાણીઓનો પ્રવેશ ન થાય તેની ચોકસાઈ રાખવામાં આવે.*

*આ અંગે શું પગલાં લેવામાં આવેલ છે તે અંગે પ્રત્યુત્તર પાઠવવામાં આવશે તો તે ઘણું સરાહનીય ગણાશે.*

*આભાર સહ,*

આપનો વિશ્વાસુ,
સહી / અવાચ્ય
ડૉ. આર. બાલા સુબ્રમનીયમ
સેક્રેટરી

બિડાણ : ઉપર મુજબ

**સંદર્ભ : મિનિસ્ટ્રી ઑફ એન્વાયરન્મેન્ટ એન્ડ ફોરેસ્ટ ભારત સરકારશ્રીના એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનો પત્ર નં. ૯-૧/૨૦૦૫/પી.સી.એ. તા. ૨૧/૩/૨૦૦૫**

**પરિપત્ર :**

*ભારત સરકારશ્રીના એનિમલ વેલ્ફેર બોર્ડના સંદર્ભમાં જણાવેલ પત્રની નકલ સાથે સ્લોટર હાઉસ રૂલ્સ માર્ચ-૨૦૦૧ અન્વયે સ્લોટર હાઉસમાં કરવામાં આવતી તમામ કામગીરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કતલ માટે રાખવામાં આવતાં પશુઓના વાડા તેમજ કતલની સંપૂર્ણ પ્રક્રિયા બાબતોનો સમાવેશ કરી તેનો અમલ કરવા અંગેનું નોટીફિકેશન (તા. ૨૬-૩-૨૦૦૧) મોકલી આપેલ છે. આ પરિપત્ર ભારત સરકારશ્રી દ્વારા તમામ રાજ્યના મુ. કમિશનર તેમજ જિલ્લા કલેકટરશ્રીઓને પણ મોકલી આપવામાં આવેલ છે.*

*ઉપરોક્ત સ્લોટર હાઉસ રૂલ્સમાં પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ-૩૮ પેટા કલમ-૧ અને ૨ અન્વયે સ્લોટર હાઉસ રૂલ્સના* "**અ.નં.૩ ઉપર ૩ માસથી નાના બચ્ચાની કતલ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે.**" *જે બાબત ધ્યાને લઈ આપના જિલ્લામાં આવેલ તમામ રજિસ્ટર્ડ કતલખાનામાં જે પશુચિકિત્સા અધિકારી કતલ અંગેનું પ્રમાણપત્ર આપવાની કામગીરી માટે નિયુક્ત કરવામાં આવેલ હોય છે. તે તમામ સંબંધિત પશુચિકિત્સા અધિકારીઓને આ બાબતે જરૂરી જાણકારી તથા આ જોગવાઈનો ચુસ્તપણે અમલ થાય તે મુજબ કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે. અને તમામ સંબંધિત પશુચિકિત્સા અધિકારીઓને આ જોગવાઈ અનુસાર તેમજ સ્લોટર હાઉસ રૂલ્સની અન્ય જોગવાઈઓથી જાગ્રત કરવા સ્લોટર હાઉસ રૂલ્સની નકલ તેઓને આપવા જરૂરી વ્યવસ્થા કરવા વિનંતી છે.*

*વધુમાં જણાવવાનું કે, રજિસ્ટર્ડ કતલખાનાંઓમાં કતલ કરવા યોગ્ય પશુની કતલ અંગેનું પ્રમાણપત્ર સંબંધિત પશુચિકિત્સક અધિકારી (કોમ્પીટન્ટ ઓથોરિટી) દ્વારા આપવામાં આવે છે. તે પ્રમાણપત્રમાં અ.નં. ૧ માં જણાવેલ વિગતો જાનવરના વર્ણનમાં ઉંમરનું કોલમ દર્શાવેલ છે.* "**તેમાં સંબંધિત પશુ ત્રણ માસથી નીચેનું નથી. તે મુજબ સ્પષ્ટ રીતે ઉંમર દર્શાવવાની રહેશે.**" *અને આ બાબત પણ પશુચિકિત્સા અધિકારીઓને ધ્યાને મૂકવા વિનંતી છે.*

*સદર બાબત કાયદાકીય હોઈ ઉપર સૂચવ્યા મુજબની કાર્યવાહી ચુસ્તપણે સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવે તે જોવા ખાસ વિનંતી છે.*

*બિડાણ : સ્લોટર હાઉસ રૂલ્સ - ૨૦૦૧*

પશુપાલન નિયામક

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

જા. નં.વી/વીઈટી-૨/૪૬૯૦-૪૭૭૨/૦૬
પશુપાલન નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય, કૃષિ ભવન,
સેક્ટર-૧૦ એ, ગાંધીનગર
તારીખ : ૧૬-૯-૨૦૦૬

**નકલ રવાના પ્રતિ :**

૧. નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત, તમામ

૨. મ્યુ. કોર્પોરેશન, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ/જામનગર/ભાવનગર

૩. ચીફ ઓફિસરશ્રી / નગરપાલિકા / મહાનગર પાલિકા (અ.નં. ૨ માં જણાવેલ છ જિલ્લા સિવાય તમામ જિલ્લા)

૪. જિલ્લા કલેક્ટરશ્રી, તમામ

૫. સેક્શન અધિકારીશ્રી,
કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

૬. સેક્શન અધિકારીશ્રી,
શહેરી વિકાસ વિભાગ,
ગાંધીનગર.

૭. સેક્શન અધિકારીશ્રી,
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ,

૮. વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રી,
અમદાવાદ/રાજકોટ/વડોદરા

જરૂરી જાણ તથા અમલ થવા સંબંધિતોને સૂચના તથા આદેશો આપની કક્ષાએથી આપવા સારુ.

પશુપાલન નિયામક

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

# પ્રકિર્ણ
# (MISCELLENEOUS)

## ૧. ગુજરાત રાજ્યની ઈન્ફરમરી તરીકે માન્યતા પ્રાપ્ત રજિસ્ટર્ડ પાંજરાપોળની નામાવલી

**પ્રાપ્તિસ્થાન : ગૌસેવા આયોગ, ગુજરાત રાજ્ય બ્લોક નં. -૭, બીજે માળે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

**જિલ્લો : અમદાવાદ-પાંજરાપોળ**

(૧) માંડલ મહાજન પાંજરાપોળ, તા. વિરમગામ, જિ. અમદાવાદ
(૨) વિરમગામ મહાજન પાંજરાપોળ, તા. વિરમગામ જિ. અમદાવાદ.
(૩) શ્રીરામપુરા પાંજરાપોળ સંસ્થા, તા. વિરમગામ જિ. અમદાવાદ.
(૪) અમદાવાદ પાંજરાપોળ સંસ્થા, અમદાવાદ.
(૫) શેઠ આણંદજી કલ્યાણજી પાંજરાપોળ, અમદાવાદ.
(૬) શ્રી ધંધુકા ખોડાઢોર પાંજરાપોળ, તા. ધંધુકા, જિ. અમદાવાદ
(૭) રાણપુર પાંજરાપોળ, તા. ધંધુકા, જિ. અમદાવાદ
(૮) ધોલેરા મહાજન પાંજરાપોળ, તા. ધંધુકા, જિ. અમદાવાદ
(૯) બાવળા મહાજન પાંજરાપોળ, તા. ધંધુકા, જિ. અમદાવાદ
(૧૦) નરોડા મહાજન પરબડી અને ખોડા ઢોર પાંજરાપોળ ટ્રસ્ટ, અમદાવાદ
(૧૧) બાવળા પાંજરાપોળ સંસ્થા, તા. બાવળા, જિ. અમદાવાદ
(૧૨) ધોળકા ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા, તા. ધોળકા, જિ. અમદાવાદ
(૧૩) કોઠ પાંજરાપોળ ટ્રસ્ટ, તા. ધોળકા, જિ. અમદાવાદ
(૧૪) તેજપાળ વસ્તુપાળ જૈન ચેરીટી ટ્રસ્ટ, તા. ધોળકા, જિ. અમદાવાદ
(૧૫) શેઠ આણંદજી કુશળજી ખોડાઢોર પાંજરાપોળ, તા. સાણંદ, જિ. અમદાવાદ
(૧૬) પાટડી પાંજરાપોળ સંસ્થા, તા. પાટડી, જિ. અમદાવાદ
(૧૭) બારેજા પાંજરાપોળ સંસ્થા, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ
(૧૮) જીવદયા કલ્યાણ પરિવાર, અમદાવાદ
(૧૯) માણેકચોક ખોડાઢોર પાંજરાપોળ, અમદાવાદ.

## જિલ્લો : સુરેન્દ્રનગર - પાંજરાપોળ

(૧) ધાંગધ્રા મહાજન પાંજરાપોળ, તા. ધાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.
(૨) થાનગઢ મહાજન પાંજરાપોળ, તા. થાનગઢ, જિ. સુરેન્દ્રનગર.
(૩) લીમડી મહાજન પાંજરાપોળ, તા. લીમડી, જિ. સુરેન્દ્રનગર.
(૪) લખતર મહાજન પાંજરાપોળ, તા. લખતર, જિ. સુરેન્દ્રનગર.
(૫) સાયલા મહાજન પાંજરાપોળ, તા. સાયલા, જિ. સુરેન્દ્રનગર.
(૬) હળવદ મહાજન પાંજરાપોળ, તા. હળવદ, જિ. સુરેન્દ્રનગર.
(૭) ચોટીલા મહાજન પાંજરાપોળ, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર.
(૮) મૂળી મહાજન પાંજરાપોળ, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર.
(૯) સુદામડા મહાજન પાંજરાપોળ, તા. સાયલા, જિ. સુરેન્દ્રનગર.
(૧૦) ચુડા મહાજન પાંજરાપોળ, તા. પાટડી, જિ. સુરેન્દ્રનગર.
(૧૧) પાટડી મહાજન પાંજરાપોળ, તા. પાટડી, જિ. સુરેન્દ્રનગર.
(૧૨) બજાણા મહાજન પાંજરાપોળ, તા. દસાડા, જિ. સુરેન્દ્રનગર.
(૧૩) રાજસીતાપુર મહાજન પાંજરાપોળ, તા. પાટડી, જિ. સુરેન્દ્રનગર.
(૧૪) ટીંકર મહાજન પાંજરાપોળ, તા. પાટડી, જિ. સુરેન્દ્રનગર.
(૧૫) ગોડીયા મહાજન પાંજરાપોળ, તા. હળવદ, જિ. સુરેન્દ્રનગર
(૧૬) શ્રી આદરીયાણા મહાજન પાંજરાપોળ, તા. દસાડા, જિ. સુરેન્દ્રનગર
(૧૭) શ્રી વઢવાણ મહાજન પાંજરપોળ, તા. જિ. સુરેન્દ્રનગર
(૧૮) પાણશીણા મહાજન પાંજરાપોળ, તા. લીબડી, જિ. સુરેન્દ્રનગર
(૧૯) શ્રી ઝીંઝુવાડા મહાજન પાંજરાપોળ સંસ્થા, તા. જિ. સુરેન્દ્રનગર
(૨૦) દીપચંદગાર્ડી રૂરલ, તા. જિ. સુરેન્દ્રનગર

## જિલ્લો : મહેસાણા - પાંજરાપોળ

(૧) મહેસાણા પાંજરાપોળ સંસ્થા, તા. જિ. મહેસાણા
(૨) કડી પાંજરાપોળ સંસ્થા, તા. કડી, જિ. મહેસાણા
(૩) વિસનગર ગૌરક્ષણ પાંજરાપોળ, તા. વિસનગર, જિ. મહેસાણા
(૪) વિજાપુર મહાજન પાંજરાપોળ, તા. વિજાપુર, જિ. મહેસાણા
(૫) ખેરાલુ મહાજન પાંજરાપોળ, તા. ખેરાલુ, જિ. મહેસાણા
(૬) તારંગા મહાજન પાંજરાપોળ, તા. ખેરાલુ, જિ. મહેસાણા
(૭) લીંચ મહાજન પાંજરાપોળ, તા. જગુદણ, જિ. મહેસાણા
(૮) જોટાણા મહાજન પાંજરાપોળ, તા. વિસનગર, જિ. મહેસાણા
(૯) ડીંગુચા મહાજન પાંજરાપોળ, તા. વિસનગર, જિ. મહેસાણા
(૧૦) પીલવઈ મહાજન પાંજરાપોળ, તા. વિજાપુર, જિ. મહેસાણા
(૧૧) વડનગર ખોડાઢોર પાંજરાપોળ, તા. વડનગર, જિ. મહેસાણા

## જિલ્લો : પાટણ - પાંજરાપોળ

(૧) પાટણ મહાજન પાંજરાપોળ, જિ. પાટણ
(૨) હારીજ પાંજરાપોળ મહાજન સંસ્થા, તા. જિ. પાટણ
(૩) સમી મહાજન પાંજરાપોળ, તા. સમી, જિ. પાટણ
(૪) મુજપુર મહાજન પાંજરાપોળ, તા. સમી, જિ. પાટણ
(૫) મણુંદ મહાજન પાંજરાપોળ, તા. જિ. પાટણ
(૬) રાધનપુર ખોડાઢોર પાંજરાપોળ, તા. રાધનપુર, જિ. પાટણ
(૭) સાંતલપુર ખોડાઢોર પાંજરાપોળ, તા. સિદ્ધપુર, જિ. પાટણ
(૮) સિદ્ધપુર પાંજરાપોળ, તા. સિદ્ધપુર, જિ. પાટણ
(૯) ચાણસ્મા મહાજન પાંજરાપોળ, તા. ચાણસ્મા, જિ. પાટણ
(૧૦) રણુંજ મહાજન પાંજરાપોળ, તા. રણુંજ, જિ. પાટણ
(૧૧) સરીદય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, તા. જિ. પાટણ
(૧૨) સમી ગૌશાળા મંડળ પાંજરાપોળ, તા. સમી, જિ. પાટણ
(૧૩) સિદ્ધપુર મહાજન પાંજરાપોળ/ગૌશાળા, તા. સિદ્ધપુર, જિ. પાટણ
(૧૪) ઊંઝા મહાજન પાંજરાપોળ, તા. ઊંઝા, જિ. પાટણ
(૧૫) બહુચરાજી મહાજન પાંજરાપોળ, તા. ચાણસ્મા, જિ. પાટણ
(૧૬) ચાણસ્મા મહાજન પાંજરાપોળ, તા. ચાણસ્મા, જિ. પાટણ
(૧૭) મોઢેરા જીવદયા પાંજરાપોળ સંસ્થા, તા. ચાણસ્મા, જિ. પાટણ

## જિલ્લો : ગાંધીનગર - પાંજરાપોળ

(૧) પેથાપુર મહાજન પાંજરાપોળ, તા. જિ. ગાંધીનગર
(૨) ગણેશ આશ્રમ પાંજરાપોળ, તા. જિ. ગાંધીનગર
(૩) માણસા પાંજરાપોળ, તા. માણસા જિ. ગાંધીનગર
(૪) દહેગામ ખોડાઢોર પાંજરાપોળ, તા. દહેગામ જિ. ગાંધીનગર
(૫) કલોલ પાંજરાપોળ સંસ્થા, તા. કલોલ, જિ. ગાંધીનગર
(૬) પાંજરાપોળ સંસ્થા, તા. કલોલ, જિ. ગાંધીનગર
(૭) કડી પાંજરાપોળ, તા. કડી, જિ. ગાંધીનગર
(૮) પંચાસર પાંજરાપોળ સંસ્થા, તા. કલોલ, જિ. ગાંધીનગર

## જિલ્લો : ભાવનગર -પાંજરાપોળ

(૧) બોટાદ મહાજન પાંજરાપોળ, તા. બોટાદ, જિ. ભાવનગર.
(૨) ગઢડા મહાજન તથા ગૌશાળા ટ્રસ્ટ, તા. ગઢડા, જિ. ભાવનગર.
(૩) વલભીપુર પાંજરાપોળ, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર.

(૪) જેસુર મહાજન પાંજરાપોળ અને ગૌશાળા સાર્વજનિક ટ્રસ્ટ, તા. શિહોર, જિ. ભાવનગર.
(૫) રોહિશાળા પાંજરાપોળ, તા. શિહોર, જિ. ભાવનગર.
(૬) ભાવનગર પાંજરાપોળ, જિ. ભાવનગર.
(૭) શ્રી મહુવા પાંજરાપોળ, જિ. ભાવનગર
(૮) શ્રી ગૌરક્ષા સંસ્થા, પાલીતાણા, જિ. ભાવનગર.
(૯) શેઠ આણંદજી કલ્યાણજી (પાંજરાપોળ), જિ. ભાવનગર.
(૧૦) પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ, તા. બોટાદ, જિ. ભાવનગર.
(૧૧) શેઠ આણંદજી કલ્યાણજી પાંજરાપોળ સાર્વજનિક ટ્રસ્ટ, તા. મહુવા, જિ. ભાવનગર.
(૧૨) સાવરકુંડલા ગૌશાળા પાંજરાપોળ, જિ. ભાવનગર.
(૧૩) ગારિયાધાર ગૌશાળા પાંજરાપોળ, તા. ગારિયાધાર, જિ. ભાવનગર.
(૧૪) શિહોર મહાજન પાંજરાપોળ, તા. શિહોર, જિ. ભાવનગર.
(૧૫) શ્રીમાળી તપસ્યા જૈન સંઘ પાંજરાપોળ, જિ. ભાવનગર.
(૧૬) ડુંગર પાંજરાપોળ, ભાવનગર. જિ. ભાવનગર.
(૧૭) વિસામણભગત પાંજરાપોળ/ગૌશાળા, તા. બોટાદ, જિ. ભાવનગર.
(૧૮) શ્રી જૈન શ્વેતામંબર મૂર્તિપૂજક સંઘ સંચાલિત પાંજરાપોળ, તા. શિહોર, જિ. ભાવનગર.
(૧૯) સમઢિયાળા પાંજરાપોળ, તા. ઘોઘા, જિ. ભાવનગર.
(૨૦) શ્રી સર્વોદય ગૌશાળા ગૌસદન પાંજરાપોળ, તા. પાલિતાણા, જિ. ભાવનગર.
(૨૧) શાહ લીલાચંદ તારાચંદ ગિરિવિહાર પાંજરાપોળ, તા.પાલીતાણા, જિ. ભાવનગર.

## જિલ્લો અમરેલી -પાંજરાપોળ

(૧) અમરેલી મહાજન પાંજરાપોળ, તા. જિ. અમરેલી.
(૨) શ્રી બાબરા પાંજરાપોળ, તા.બાબરા જિ. અમરેલી.
(૩) સર્વોદય જીવદયા સંઘ પાંજરાપોળ, તા.રાજુલા સિટી, જિ. અમરેલી.
(૪) ધારી મહાજન પાંજરાપોળ, તા. ધારી, જિ. અમરેલી.
(૫) કોડીનાર મહાજન પાંજરાપોળ, તા. કોડીનાર, જિ. અમરેલી
(૬) લાઠી મહાજન પાંજરાપોળ, તા. લાઠી, જિ. અમરેલી
(૭) ચીતલ મહાજન પાંજરાપોળ, તા. બાબરા, જિ. અમરેલી
(૮) કુંકાવાવ મહાજન પાંજરાપોળ, તા. કુંકાવાવ, જિ. અમરેલી
(૯) મહુવા મહાજન પાંજરાપોળ, તા. મહુવા, જિ. અમરેલી
(૧૦) રાજુલા પાંજરાપોળ, તા. જિ. અમરેલી
(૧૧) ચલાલા પાંજરાપોળ, તા. ધારી, જિ. અમરેલી

## જિલ્લો : જૂનાગઢ -પાંજરાપોળ

(૧) ધોરાજી પાંજરાપોળ અને ગૌશાળા, તા. ધોરાજી, જિ. રાજકોટ

(૨) જેતપુર મહાજન પાંજરાપોળ, જિ. રાજકોટ
(૩) રાજકોટ મહાજન પાંજરાપોળ, તા. જિ. રાજકોટ
(૪) મોરબી મહાજન પાંજરાપોળ, તા. મોરબી, જિ. રાજકોટ
(૫) ગોંડલ મહાજન પાંજરાપોળ, જિ. રાજકોટ
(૬) ભાયાવદર પાંજરાપોળ, તા. ઉપલેટા, જિ. રાજકોટ
(૭) વાંકાનેર પાંજરાપોળ અને ગૌશાળા, તા. વાંકાનેર, જિ. રાજકોટ
(૮) વીંછીંયા પાંજરાપો અને ગૌશાળા, તા. વાંકાનેર, જિ. રાજકોટ
(૯) ટંકારા પાંજરાપોળ ટ્રસ્ટ, જિ. રાજકોટ
(૧૦) જસદણ મહાજન પાંજરાપોળ, તા. જસદણ, જિ. રાજકોટ
(૧૧) ઉપલેટા મહાજન પાંજરાપોળ, તા. ધોરાજી, જિ. રાજકોટ
(૧૨) જામકંડોરણા મહાજન પાંજરાપોળ, તા. જામકંડોરણા, જિ. રાજકોટ
(૧૩) ખાખરેચી મહાજન પાંજરાપોળ, તા. માળિયા, જિ. રાજકોટ
(૧૪) ગૌસેવા પાંજરાપોળ ટ્રસ્ટ, તા. ગોંડલ, જિ. રાજકોટ
(૧૫) ભાડલા મહાજન પાંજરાપોળ, તા. જિ. રાજકોટ
(૧૬) ગોકુલ ગોસદન, તા. ઉપલેટા, જિ. રાજકોટ
(૧૭) ગ્રામ સ્વરાજ શિક્ષણ કેન્દ્ર, તા. જસદણ, જિ. રાજકોટ

## જિલ્લો : જૂનાગઢ -પાંજરાપોળ

(૧) જુનાગઢ પાંજરાપોળ અને ગૌશાળા, તા. જિ. જૂનાગઢ
(૨) વેરાવળ મહાજન પાંજરાપોળ, તા. વેરાવળ, જિ. જુનાગઢ
(૩) વિસાવદર ગૌશાળા/પાંજરાપોળ, તા. વિસાવદર, જિ. જુનાગઢ
(૪) માળિયા હાટીના ગૌશાળા/પાંજરાપોળ, જિ. જુનાગઢ
(૫) જુનાગઢ પાંજરાપોળ લીમન્દ્રા, તા. ઉના, જિ. જુનાગઢ
(૬) દેવઉના દેલવાડા મહાજન પાંજરાપોળ, તા. ઉના, જિ. જુનાગઢ
(૭) માંગરોળ મહાજન પાંજરાપોળ, તા. માંગરોળ, જિ. જુનાગઢ
(૮) બીલખા મહાજન પાંજરાપોળ, તા. વિસાવદર, જિ. જુનાગઢ
(૯) મેંદરડા મહાજન પાંજરાપોળ, તા. મેંદરડા, જિ. જુનાગઢ
(૧૦) પાટણ મહાજન પાંજરાપોળ, તા. સોમનાથ, જિ. જુનાગઢ
(૧૧) વંથલી જૈન સંઘ પાંજરાપોળ, તા. વંથલી, જિ. જૂનાગઢ
(૧૨) નંદનવન પાંજરાપોળ ટ્રસ્ટ, જિ. જૂનાગઢ
(૧૩) સર્વોદય ખેડૂત મંડળ ગોશાળા, તા. કુતિયાણા, જિ. જૂનાગઢ
(૧૪) માધવપુરઘેડ મહાજન પાંજરાપોળ, તા. માંગરોળ, જિ. જૂનાગઢ
(૧૫) ગૌસેવા ટ્રસ્ટ ચોરવાડ પાંજરાપોળ, તા. માંગરોળ, જિ. જૂનાગઢ
(૧૬) બાબરા ગૌરક્ષક પાંજરાપોળ, જિ. જૂનાગઢ

(૧૭) સીમર મહાજન પાંજરાપોળ, જિ. જૂનાગઢ
(૧૮) ગૌસેવા સંઘ ભેંસાણ, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ
(૧૯) કેશોદ ગૌશાળા/પાંજરાપોળ, તા. કેશોદ, જિ. જૂનાગઢ
(૨૦) આખા પાંજરાપોળ, જિ. જૂનાગઢ
(૨૧) ભેંસાણ/મેદરડા પાંજરાપોળ/ગૌશાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ
(૨૨) પશુપક્ષી પ્રાણી કલ્યાણ મંડળ, જિ. જૂનાગઢ

## જિલ્લો : જામનગર-પાંજરાપોળ

(૧) જામનગર મહાજન પાંજરાપોળ, જિ. જામનગર
(૨) ખંભાળિયા મહાજન પાંજરાપોળ, તા. જામખંભાળિયા, જિ. જામનગર
(૩) સલાયા ગોશાળા/પાંજરાપોળ, તા. સલાયા, જિ. જામનગર
(૪) જોડિયા મહાજન પાંજરાપોળ, તા. જોડિયા, જિ. જામનગર
(૫) ઓખાકૃષ્ણ પાંજરાપોળ અને ગૌશાળા, તા. દ્વારકા, જિ. જામનગર
(૬) મોવાણા મહાજન પાંજરાપોળ, તા. ખંભાળિયા, જિ. જામનગર
(૭) ધ્રોલ ગૌશાળા / પાંજરાપોળ, જિ. જામનગર
(૮) શ્રી પાંજરાપોળ, આમરણ, તા. જોડીયા, જિ. જામનગર
(૯) કાલાવાડ પાંજરાપોળ, તા. કાલાવાડ, જિ. જામનગર
(૧૦) વસાલ મહાજન પાંજરાપોળ, તા. દ્વારકા, જિ. જામનગર
(૧૧) ભાણવડ મહાજન પાંજરાપોળ, જિ. જામનગર
(૧૨) શેઠ હરજીવનદાસ નરોત્તમદાસ પાંજરાપોળ, જિ. ભાવનગર.
(૧૩) સેવા સમિતિ પાંજરાપોળ, તા. કાલાવાડ, જિ. જામનગર
(૧૪) ગૌસેવા મંડળ પાંજરાપોળ, તા. જામજોધપુર, જિ. જામનગર
(૧૫) ગૌરક્ષક મંડળ પાંજરાપોળ, તા. લાલપુર, જિ. જામનગર
(૧૬) ગૌસેવા સમિતિ પાંજરાપોળ, તા. દ્વારકા, જિ. જામનગર
(૧૭) ધ્રાફા પાંજરાપોળ તા. ધ્રોળ, જિ. જામનગર
(૧૭) શ્રીગૌસેવા સદન પાંજરાપોળ, તા. જામજોધપુર, જિ. જામનગર

## જિલ્લો : પોરબંદર-પાંજરાપોળ

(૧) પોરબંદર પાંજરાપોળ, જિ. પોરબંદર.
(૨) રાણાવાર પાંજરાપોળ, જિ. પોરબંદર.
(૩) કુતિયાણા પાંજરાપોળ સંસ્થા, જિ. પોરબંદર.
(૪) સર્વોદય ખેડૂત મંડળ/પાંજરાપોળ, જિ. પોરબંદર.

## જિલ્લો : કચ્છ - પાંજરાપોળ

(૧) ભુજ પાંજરાપોળ સંસ્થા, જિ. કચ્છ
(૨) કચ્છ મુંદ્રા પાંજરાપોળ અને ગૌશાળા, જિ. કચ્છ
(૩) કચ્છ માંડવી પાંજરાપોળ અને ગૌશાળા, જિ. કચ્છ
(૪) અંજાર મહાજન પાંજરાપોળ, તા. અંજાર, જિ. કચ્છ
(૫) શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર લુણી, તા. મુંદ્રા, જિ. કચ્છ
(૬) શ્રી ગુંદાલા પાંજરાપોળ સંચાલિત ટ્રસ્ટ, જિ. કચ્છ
(૭) શ્રી ગુંદાલા મુંબઈ મહાજન સંચાલિત શ્રી ગુંદાલા પાંજરાપોળ, તા. મુંદ્રા, જિ. કચ્છ
(૮) શ્રી કાંડાગરા પાંજરાપોળ અને જીવદયા સેવા ટ્રસ્ટ, તા. મુંદ્રા, જિ. કચ્છ
(૯) શ્રી ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર, તા. મુંદ્રા, જિ. કચ્છ
(૧૦) શ્રી કચ્છ દુર્ગાપુર પાંજરાપોળ, તા. માંડવી, જિ. કચ્છ
(૧૧) શ્રી બિંદડા પાંજરાપોળ અને ગૌશાળા, તા. માંડવી, જિ. કચ્છ
(૧૨) શ્રી પીઠ રતળીયા આશાપુરા માતાજી મંદિર તથા ગૌશાળા પાંજરાપોળ, તા. માંડવી, જિ. કચ્છ
(૧૩) શ્રી જ્યોતેશ્વર મહાદેવ પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ, તા. માંડવી, જિ. કચ્છ
(૧૪) શ્રી પાંજરાપોળ/ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, તા. અબડાસા, જિ. કચ્છ
(૧૫) શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ, તા. અબડાસા, જિ. કચ્છ
(૧૬) સુથરી પાંજરાપોળ, તા. અબડાસા, જિ. કચ્છ
(૧૭) શ્રી કોઠારા પાંજરાપોળ ટ્રસ્ટ, તા. અબડાસા, જિ. કચ્છ
(૧૮) શ્રી તેરા પાંજરાપોળ, તા. અબડાસા, જિ. કચ્છ
(૧૯) શ્રી પરજાઉ પાંજરાપોળ ગૌશાળા ટ્રસ્ટ, તા. અબડાસા, જિ. કચ્છ
(૨૦) શ્રી માધાપર ગૌરક્ષણ સંસ્થા ટ્રસ્ટ અને હવાડો, તા. ભુજ, જિ. કચ્છ
(૨૧) મોટી રુદ્રાણી જાગીર ગૌશાળા અને પાંજરાપોળ, તા. ભુજ, જિ. કચ્છ
(૨૨) મોટી રુદ્રાણી સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત ગૌશાળા પાંજરાપોળ, તા. ભુજ, જિ. કચ્છ
(૨૩) શ્રી કોટાય પાંજરાપોળ અને પાંજરાપોળ ચેરીટેબલ ટ્રસ્ટ, તા. ભુજ, જિ. કચ્છ
(૨૪) શ્રી કચ્છ નારાયણ સરોવર ગૌશાળા અને પાંજરાપોળ, તા. ભુજ, જિ. કચ્છ
(૨૫) શ્રી ભચાઉ પાંજરાપોળ, તા. ભચાઉ, જિ. કચ્છ
(૨૬) શ્રી મનફરા પાંજરાપોળ, તા. ભચાઉ, જિ. કચ્છ
(૨૭) શ્રી આધોઈ પાંજરાપોળ, તા. ભચાઉ, જિ. કચ્છ
(૨૮) શ્રી કચ્છ વાગડ લાકડીયા પાંજરાપોળ, તા. અંજાર, જિ. કચ્છ
(૨૯) શ્રી ખેડોઈ મોટી ગૌશાળા પાંજરાપોળ, તા. અંજાર, જિ. કચ્છ
(૩૦) શ્રી નગાવલાડીયા ગૌશાળા પાંજરાપોળ ચેરીટેબલ ટ્રસ્ટ, તા. અંજાર, જિ. કચ્છ
(૩૧) શ્રી નખત્રાણા ગૌસેવા પાંજરાપોળ, તા. નખત્રાણા, જિ. કચ્છ
(૩૨) જીવદયા પાંજરાપોળ ટ્રસ્ટ, તા. રાપર, જિ. કચ્છ
(૩૩) જીવદયા કેન્દ્ર, પદમપર, તા. રાપર, જિ. કચ્છ

(૩૪) ખડસીયા પાંજરાપોળ, તા. ભચાઉ, જિ. કચ્છ
(૩૫) કોટડા મહાજન પાંજરાપોળ, તા. ભચાઉ, જિ. કચ્છ
(૩૬) શ્રી જીવદયા મંડળ, રાપર, તા. રાપર, જિ. કચ્છ
(૩૭) ભુજપુર પાંજરાપોળ, તા. મુંદ્રા, જિ. કચ્છ
(૩૮) રવેચી પાંજરાપોળ, તા. મુંદ્રા, જિ. કચ્છ
(૩૯) શ્રી રતાળીયા પાંજરાપોળ, તા. મુંદ્રા, જિ. કચ્છ
(૪૦) શ્રી છાસરા જીવદયા કેન્દ્ર, તા. મુંદ્રા, જિ. કચ્છ
(૪૧) શ્રી ભોરાલા પાંજરાપોળ, તા. મંદ્રા, જિ. પોરબંદર.
(૪૨) શ્રી લખપત પાંજરાપોળ, તા. લખપત, જિ. પોરબંદર.
(૪૩) શ્રી નલીયા પાંજરાપોળ / ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, તા. અબડાસા, જિ. કચ્છ

## જિલ્લો : બનાસકાંઠા-પાંજરાપોળ

(૧) પાલનપુર મહાજન પાંજરાપોળ, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા.
(૨) રાજપુર ડીસા પાંજરાપોળ, તા. રાજપુર, જિ. બનાસકાંઠા.
(૩) જૂનાડીસા પાંજરાપોળ, તા. ડીસા, જિ. બનાસકાંઠા.
(૪) નવા ડીસા પાંજરાપોળ, તા. ડીસા, જિ. બનાસકાંઠા.
(૫) થરા મહાજન પાંજરાપોળ, તા. થરા, જિ. બનાસકાંઠા.
(૬) ધાનેરા મહાજન પાંજરાપોળ, તા. ધાનેરા, જિ. બનાસકાંઠા.
(૭) સાંતલપુર ખોડાઢોર પાંજરાપોળ, જિ. બનાસકાંઠા.
(૮) શ્રી વાવ જૈન સંઘ ખોડાઢોર પાંજરાપોળ, જિ. બનાસકાંઠા.
(૯) સૂઈગામ મહાજન પાંજરાપોળ, તા. સૂઈગામ, જિ. બનાસકાંઠા.
(૧૦) શિહોરી મહાજન પાંજરાપોળ, તા. શિહોરી, જિ. બનાસકાંઠા.
(૧૧) દીયોદર ખોડાઢોર પાંજરાપોળ, તા.દીયોદર, જિ. બનાસકાંઠા.
(૧૨) ચીમનગઢ પાંજરાપોળ, જિ. બનાસકાંઠા.
(૧૩) ભાભર ખોડાઢોર પાંજરાપોળ, તા.દીયોદર, જિ. બનાસકાંઠા.
(૧૪) સિદ્ધિભવન મનોહર જૈન પાંજરાપોળ, તા.કાંકરેજ, જિ. બનાસકાંઠા.
(૧૫) ગાયત્રી સેવાશ્રમ ટ્રસ્ટ, જિ. બનાસકાંઠા.

## જિલ્લોઃ સાબરકાંઠા - પાંજરાપોળ

(૧) ઈડર મહાજન પાંજરાપોળ, જિ. સાબરકાંઠા.
(૨) તલોદ પાંજરાપોળ, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા.
(૩) પ્રાંતિજ ખોડાઢોર પાંજરાપોળ , તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા.
(૪) જીવદયા પાંજરાપોળ સંસ્થા, તા. ખેડબ્રહ્મા, જિ. બનાસકાંઠા.
(૫) જીવદયા સેવા ટ્રસ્ટ, તા. ભીલોડા, જિ. સાબરકાંઠા.

## જિલ્લો : બનાસકાંઠા -પાંજરાપોળ

(૧) વડોદરા મહાજન પાંજરાપોળ, તા. જિ. વડોદરા.
(૨) મીયાગામ કરજણ પાંજરાપોળ, તા.કરજણ, જિ. વડોદરા.
(૩) સ્વ. દીલીપ પરેશ અશોકચંદ્ર શાહ પાંજરાપોળ, તા.કરજણ, જિ. વડોદરા.
(૪) છોટાઉદેપુર પાંજરાપોળ, તા.છોટાઉદેપુર, જિ. વડોદરા.
(૫) ડભોઈ સાર્વજનિક પાંજરાપોળ, તા.ડભોઈ, જિ. વડોદરા.

## જિલ્લો : પંચમહાલ-પાંજરાપોળ

(૧) દાહોદ પાંજરાપોળ, તા.દાહોદ, જિ. પંચમહાલ.
(૨) જૈન પાંજરાપોળ, જિ. પંચમહાલ.
(૩) ભણસાલી ટ્રસ્ટ સંચાલિત પાંજરાપોળ, જિ. પંચમહાલ.
(૪) ભણસાલી ટ્રસ્ટ સંચાલિત પાંજરાપોળ, તા.હાલોલ જિ. પંચમહાલ.
(૫) ગોધરા પાંજરાપોળ, જિ. વડોદરા.

## જિલ્લો : ખેડા - પાંજરાપોળ

(૧) ખેડા ખોડાઢોર પાંજરાપોળ, જિ. ખેડા
(૨) ખંભાત મહાજન પાંજરાપોળ, જિ. ખેડા
(૩) જીણજ પાંજરાપોળ, તા. ખંભાત, જિ. ખેડા
(૪) પેટલાદ મહાજન પાંજરાપોળ, તા. બોરસદ, જિ. ખેડા
(૫) સોજીત્રા મહાજન પાંજરાપોળ, તા. પેટલાદ, જિ. ખેડા
(૬) મહેમદાવાદ પાંજરાપોળ ટ્રસ્ટ ખોડાઢોર પાંજરાપોળ, તા. મહેમદાવાદ, જિ. ખેડા
(૭) પ્રેમધર્મા પાંજરાપોળ, જિ. ખેડા
(૮) શ્રી મહા ગોપાલન ટ્રસ્ટ, તા. કપડવંજ, જિ. ખેડા
(૯) ગુલાબ ટ્રસ્ટ પાંજરાપોળ, તા. કપડવંજ, જિ. ખેડા
(૧૦) મીઠાભાઈ ગુલાબચંદ પાંજરાપોળ ચેરીટેબલ ટ્રસ્ટ, તા. કપડવંજ, જિ. ખેડા

## જિલ્લો : આણંદ - પાંજરાપોળ

(૧) બોરસદ મહાજન પાંજરાપોળ, તા. બોરસદ, જિ. આણંદ
(૨) નિરાશ્રીત ગૌરક્ષક પાંજરાપોળ, તા. ઠાસરા, જિ. આણંદ
(૩) ખોડાઢોર પાંજરાપોળ ગૌશાળા, ડાકોર, તા. ઠાસરા, જિ. આણંદ
(૪) સોજીત્રા પાંજરાપોળ, તા. બોરસદ, જિ. આણંદ

## જિલ્લો : ભરૂચ - પાંજરાપોળ

(૧) શ્રી ભરૂચ મહાજન પાંજરાપોળ, જિ. ભરૂચ
(૨) રાજપીપળા પાંજરાપોળ, જિ. ભરૂચ
(૩) વાલીયા મહાજન પાંજરાપોળ, જિ. ભરૂચ
(૪) જંબુસર પાંજરાપોળ, તા. જંબુસર, જિ. ભરૂચ

## જિલ્લો : સુરત - પાંજરાપોળ

(૧) સુરત પાંજરાપોળ, જિ. સુરત
(૨) બારડોલી પાંજરાપોળ, તા. બારડોલી, જિ. સુરત

## જિલ્લો : વલસાડ - પાંજરાપોળ

(૧) બીલીમોરા પાંજરાપોળ, તા. બીલીમોરા, જિ. વલસાડ
(૨) અમલસાડ પાંજરાપોળ, જિ. વલસાડ
(૩) ધારાગીરી તપોવન ગૌશાળા/પાંજરાપોળ, તા. નવસારી, જિ. વલસાડ
(૪) વલસાડ પાંજરાપોળ, તા. વલસાડ

• • •

# ૨. પ્રાણીઓના હક્કો અંગે (વૈશ્વિક) જાહેરાત - ૧૯૭૮

*પ્રાણીઓના હક્કો માટેનો આંતરરાષ્ટ્રીય સંઘ (ઈન્ટરનેશનલ લીગ ઓફ એનિમલ રાઈટસ્) દ્વારા યુનેસ્કો હાઉસ, પેરીસ ખાતે પ્રાણીઓના હક્કોની વૈશ્વિક (સાર્વત્રિક) જાહેરાત ઘોષણા (ઢંઢોરો)ની તારીખ ૧૫મી ઓક્ટોબર, ૧૯૭૮*

**પ્રસ્તાવના**

*દરેક પ્રાણીઓ અધિકાર/હક્કો ધરાવે છે.*

*માનવો દ્વારા પ્રાણીઓના હક્કો પરત્વે અનાદર અને તિરસ્કાર, કુદરતની તેમજ પ્રાણીઓની વિરુદ્ધના ગુનામાં પરિમણેલ છે અને તે સતત ચાલુ રહેલ છે.*

*માનવ જાતિ દ્વારા બીજા પ્રાણીઓના અસ્તિત્વના હક્કનો સ્વીકાર એ પૂરા વિશ્વમાં બધી જાતિઓના સહ-અસ્તિત્વનો પાયો છે.*

*માનવી પ્રાણીઓની આખી જાતિના વિનાશનું અઘોર કૃત્ય કરવાનો દોષી છે અને આવી ધમકી સતત ચાલુ છે.*

*પ્રાણીઓ પ્રત્યેનો આદર એ માનવીના માનવી પ્રત્યેના આદર સાથે સંકળાયેલો છે.*

*બાળપણથી જ માનવીને પ્રાણીઓને નીરખવાનું (જોવાનું) સમજવાનું, આદર આપવાનું તેમજ પ્રેમ કરવાનું શીખવવું જોઈએ.*

*આથી એવી ઘોષણા (ઢંઢેરો) કરવામાં આવે છે કે :*

*વર્લ્ડ સોસાયટી ફોર પ્રોટેક્શન ઓફ એનિમલ્સ (ડબલ્યુ.એસ.પી.એ.) યુનાઈટેડ કિંગડમ :*

*આથી આ વૈશ્વિક જાહેરાતની ઘોષણા કરવામાં આવે છે કે, પ્રાણીઓના કલ્યાણના સમાન હેતુ માટે અને પ્રાણીઓના હાલના વૈશ્વિક અને અસરકારક સ્વીકાર અને પાલન માટે દરેક માણસોએ અને દરેક રાષ્ટ્રોએ ઉપરોક્ત સિદ્ધાંતોને આગળ વધારવા માટે સઘળાં યથાયોગ્ય સંસાધનો દ્વારા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રગતિશીલ પગલાં લેવા માટે તનતોડ મહેનત કરવી. (ખૂબ પ્રયત્ન કરવા.)*

**આર્ટીકલ-૧ : વ્યાખ્યાઓ**

*૧.૧ "પ્રાણી" એટલે કે માનવી નહીં તેવા સસ્તનવર્ગનાં પ્રાણીઓ, પક્ષીઓ, પેટે ઘસડાઈને ચાલતાં પ્રાણીઓ (સરિસૃપ), પાણી અને જમીન બન્ને પર રહી શકે તેવાં (જળચર, સ્થળચર) માછલી અથવા કરોડરજ્જુ કે પૃષ્ટવંશ વિનાનાં કે જેઓ દુઃખાવો અને તણાવ મહેસૂસ કરવા માટે શક્તિમાન હોય.*

*૧.૨ "વન્યજીવન"માં કોઈપણ પ્રાણીનો સમાવેશ થાય છે કે જેને માનવી દ્વારા પાલતુ/ઘરઘરાઉં બનાવવામાં આવેલ ન હોય.*

*૧.૩ "માણસો ઉપર આધારિત પ્રાણીઓ" એટલે કે, એવાં પ્રાણીઓ કે જેમનું કલ્યાણ અને અસ્તિત્વ માનવીની દેખરેખ (કાળજી) હેઠળ હોય અને તેમાં સાથીદાર (જોડીદાર) પ્રાણીઓ, ઉત્પાદન, ભારવહન, સેવા, વૈજ્ઞાનિક સંશોધન કે મનોરંજન માટે ઉછેરવામાં આવેલાં પ્રાણીઓ તેમજ બંધનમાં રાખવામાં આવેલ જંગલી પ્રાણીઓનો સમાવેશ થાય છે.*

*૧.૪ "સાથીદાર (જોડીદાર) પ્રાણીઓ" એવાં પ્રાણીઓની જાતિઓનો નિર્દેશ કરે છે કે, જેઓ સ્થાનિક સંસ્કૃતિના સંદર્ભમાં પરંપરાગત રીતે માનવીના સાથીદાર/જોડીદાર રહ્યાં હોય અને જેઓની પ્રજોત્પતિ વ્યવસ્થિતપણે કે તેના વગર પણ, આ હેતુ માટે કરવામાં આવેલી હોય.*

૧.૫ "ક્રૂરતા" એટલે કે, પ્રાણીઓ ઉપર બિનજરૂરી, દુ:ખ કે તણાવનો મારો કરવો ભલે પછી તે હાથે કરીને કરેલ હોય કે બેદરકારીને લીધે હોય.

૧.૬ "કલ્યાણ" એટલે એવી પરિસ્થિતિ પ્રમાણ કે જ્યાં પ્રાણીઓની શારીરિક, વર્તણૂકીય અને માનસિક જરૂરિયાતો પૂરી થાય.

**આર્ટિકલ-૨ : મૂળભૂત જોગવાઈઓ**

૨.૧ પ્રાણીઓની કાળજી અને કલ્યાણ એ માનવીઓની હકારાત્મક ફરજ/કર્તવ્ય છે.

૨.૨ માનવી દ્વારા કોઈપણ પ્રાણીની બિનજરૂરી કતલ ન થવી જોઈએ કે બિનજરૂરી રીતે તેના પર અત્યાચાર ન થવો જોઈએ.

૨.૩ પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા (અત્યાચાર) આચરવી તેને ખૂબ જ ગંભીર ગુનો ગણવો જોઈએ અને કાયદામાં દરેક તબક્કે તેને ગંભીર ગુના તરીકે સ્વીકારવો જોઈએ અને તેવા ગુના માટે પૂરતી સજાની જોગવાઈ કરવી જોઈએ જેથી કરી આવી રીતે વર્તતા અને અધમ કૃત્ય કરતા લોકોમાં ફરીથી આવો ગુનો ન કરવા માટે ભયની લાગણી ઉત્પન્ન થાય.

**આર્ટિકલ-૩ : વન્યજીવન :**

૩.૧ મનોરંજન તેમજ રમતગમતના હેતુ માટે જંગલી પ્રાણીઓને બંધક બનાવવા કે મારી નાખવાની પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ લગાવવો જોઈએ તેમજ રહેણાંક અને જીવન પદ્ધતિના રક્ષણ માટે સઘળાં જરૂરી પગલાં લેવાં જોઈએ.

**આર્ટિકલ-૪ : માનવી પર આધારિત પ્રાણીઓ :**

૪.૧ માનવીના નિયંત્રણ હેઠળ ઉછેરવામાં આવતાં પ્રાણીઓને અથવા તો માનવીઓ દ્વારા બંધક બનાવવામાં આવેલાં પ્રાણીઓને પાયાની નીચે મુજબની પાંચ સ્વતંત્રતાઓ પૂરી પાડવાની રહેશે કે જેનો સ્વીકાર વૈશ્વિક પ્રાણી કલ્યાણ જગતમાં સતતપણે વધારી રહેલ છે.

– **ભૂખ અને પ્યાસ (તરસ) ની સ્વતંત્રતા :**
  પ્રાણીઓની સંપૂર્ણ તંદુરસ્તી અને શક્તિની જાળવણી માટે શુદ્ધ પાણી અને ખોરાક માટેનો તૈયાર/સુગમ માર્ગ પૂરો પાડવો.

– **અસુવિધા અંગેની સ્વતંત્રતા :**
  યથાયોગ્ય વાતાવરણ જેમાં આશ્રય સ્થાન અને સુવિધા યુક્ત આરામ કરવાની જગ્યાનો સમાવેશ થાય છે તે પૂરું પાડવું.

– **દુ:ખાવો, ઈજા અને રોગ અંગેની સ્વતંત્રતા :**
  આ અટકાવવા માટે ઝડપી નિદાન અને સારવાર પૂરી કરવી.

– **ભય અને તણાવ (નિરાશા) અંગેની સ્વતંત્રતા :**
  એવી પરિસ્થિતિ/વાતાવરણ પૂરું પાડવું જેથી કરીને માનસિક યાતનાથી પ્રાણી દૂર રહે.

– **કુદરતી વર્તણૂક અંગેની સ્વતંત્રતા :**
  આ અંગે પ્રાણીને પૂરતી જગા, યથાયોગ્ય સગવડો અને પોતાની જાતના જ પ્રાણીની સોબત પૂરી પાડવી.

૪.૨ જે કોઈ પ્રાણી કે જે ઈજા પામેલ હોય, રોગિષ્ટ થયેલ હોય કે ભય/પીડાથી કંગાળ હાલતમાં હોય અને કે જેનું અસ્તિત્વ (જીવન) સતત વેદના યુક્ત રહે, તેવાં પ્રાણીઓને માનવીય રીતે નાશ કરવા માટે વેટરીનરી સર્જન કે બીજી યોગ્ય લાયકાત ધરાવતા માણસોને અધિકૃત કરવા જોઈએ.

**આર્ટિકલ-૫ : ભાર પરિવહન કે બીજા હેતુઓ માટે ઉછેરેલાં પ્રાણીઓ :**

૫.૧ પ્રાણીઓ દ્વારા પરિવહન ઓછું થાય તેવાં સઘળાં યથાયોગ્ય પગલાં લેવાં જોઈએ. જો આવું પરિવહન કરવામાં આવવાનું હોય તો પ્રાણીઓના કલ્યાણ/હિત સંબંધિત પગલાંઓ લેવાં જોઈએ.

૫.૨ જે પ્રાણીઓને ભાર પરિવહન અને આવાં બીજાં કામ-ફરજો માટે માનવી દ્વારા ઉપયોગ થતો હોય ત્યારે આવાં પ્રાણીઓ કામકાજનો સમયગાળો અને કામની તીવ્રતાના સંદર્ભમાં મર્યાદા ધરાવવા માટે હક્કદાર છે અને આવી મર્યાદા વૈજ્ઞાનિક રીતે મૂલ્યાંકન ઉપર આધારિત હોવી જોઈએ, તેની ખાત્રી કરવા માટે સઘળાં યથાયોગ્ય પગલાં લેવાં જોઈએ.

**આર્ટિકલ-૬ : સાથીદાર/જોડીદાર પ્રાણીઓ :**

૬.૧ સાથીદાર/જોડીદાર પ્રાણીઓના માલિક જ્યાં સુધી આવાં પ્રાણીઓ જીવિત રહે ત્યાં સુધી અથવા તો માલિક આવાં પ્રાણીઓની સંભાળ ન લઈ શકે તેમ હોય તો બીજી કોઈ જવાબદાર વ્યક્તિને સોંપવા માટે જરૂરી વ્યવસ્થા ન કરે ત્યાં સુધી માલિકની આવાં પ્રાણીઓની સંભાળ અને કલ્યાણની જવાબદારી લેવાની ફરજ છે.

૬.૨ સાથીદાર પ્રાણીઓની નોંધણી અને ઓળખ માટેની પ્રક્રિયાના અમલીકરણ માટે યથાયોગ્ય પગલાં લેવાં જોઈએ.

૬.૩ સાથીદાર પ્રાણીઓનું વાણિજ્યિક હેતુઓ માટેના વેચાણ તેમજ આવાં પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા નિવારણ અને બિનજરૂરી પ્રાણીઓના ઉછેર/ઉત્પાદન અંગે પરવાના, તપાસ દ્વારા કડક નિયંત્રણો લાદવાં જોઈએ.

૬.૪ સાથીદાર પ્રાણીઓના અમાનવીય અને અવિવેકી (સારાસાર ભેદ વિનાની) પદ્ધતિથી નાશ કરવા (મારી નાખવા) જેવી કે વીજળીના ઝાટકા આપવા, ઝેર આપવું, ઠાર મારવું, મારવું, ડુબાડી દેવું અને ગૂંગળાવી દેવું વગેરે ઉપર પ્રતિબંધ મૂકવો.

**આર્ટિકલ-૭ : રમતગમત અને મનોરંજન ક્ષેત્રમાં પ્રાણીઓ :**

૭.૧ જો પ્રાણીઓનો કાયદેસરની રમતગમત કે મનોરંજનમાં ઉપયોગ કરવામાં આવતો હોય તો તેઓને ક્રૂરતા તેમજ પીડાથી બચાવવા માટેનાં તમામ પગલાં લેવાં જોઈએ.

૭.૨ જાહેર પ્રદર્શન કે જાહેર તમાશા / ખેલમાં ઉપયોગ કરવામાં આવતાં પ્રાણીઓ અંગે જો આવો ખેલ કે પ્રદર્શન તેમના સ્વાસ્થ્ય તેમજ કલ્યાણ માટે હાનિકારક/નુકસાનકારક હોય તો તેના ઉપર પ્રતિબંધ લાદવો જોઈશે.

**આર્ટિકલ-૮ : વૈજ્ઞાનિક સંશોધનમાં જીવતાં પ્રાણીઓનો ઉપયોગ :**

૮.૧ સંશોધન તેમજ પ્રયોગ માટે જો જીવંત પ્રાણીઓનો ઉપયોગ કરવાનું જરૂરી જણાય તેવા કિસ્સામાં જે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તેની ખાત્રી કરવામાં આવે, કે ઓછામાં ઓછી સંખ્યામાં પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવે, તેઓને ઓછામાં ઓછી માત્રામા દુ:ખ તેમજ હતાશા સહન કરવાની આવે અને અથવા તેવું દુ:ખ તેમજ હતાશાનું શમન કરવું (ઓછી કરવી) આવાં પ્રાણીઓના સમગ્ર જીવનકાળ દરમિયાન ઉચ્ચ દરજ્જાની પ્રાણી ઉછેર, સંભાળ તેમજ કાળજી પૂરી પાડવી.

૮.૨ જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી જીવંત પ્રાણીઓ ઉપર પ્રયોગ કરવાની જગ્યાએ કોઈ વૈકલ્પિક પ્રયોગ પદ્ધતિના ઉપયોગ માટે સરળતા કરી આપવી જોઈએ. (આગળ વધારવી જોઈએ) તેમજ

આવી વૈકલ્પિક પ્રયોગ પદ્ધતિઓને ઉત્તેજન આપવું જોઈએ, તે અંગે સંશોધન કરવું જોઈએ અને તેને કાયદેસર રીતે બહાલી આપવી જોઈએ.

૮.૩ જો પ્રાણીઓના ઉપયોગ કર્યા સિવાય એવી માહિતી કે જે સમાન વૈજ્ઞાનિક મૂલ્ય ધરાવતી હોય તે મેળવવી શક્ય હોય તો વૈજ્ઞાનિક સંશોધન તેમજ પ્રયોગોમાં એવી માહિતી મેળવવા માટે પ્રાણીઓના ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ લાદવો જોઈએ. જો આવી સમાન વૈજ્ઞાનિક મૂલ્ય ધરાવતી માહિતી જો અગાઉથી પ્રાપ્ય હોય તો તે અંગેના પ્રયોગો/સંશોધનોનાં પરિણામો માણસો તેમજ પ્રાણીઓને કલ્યાણ માટે જરૂરી નથી.

## એનિમલ રાઈટસ્ ઈન્ટરનેશનલ દ્વારા પ્રાણીઓના કલ્યાણ હેતુ માટે સ્વીકારવામાં આવેલ વૈશ્વિક (સાર્વત્રિક) ઘોષણા (જાહેરાત-ઢંઢોરો)

**પ્રસ્તાવના**

માન્યતા આપવામાં આવે છે કે (સ્વીકારવામાં આવે છે કે) પ્રાણીઓ એ જીવન ચેતનાવાળાં - સંવેદનશીલ અસ્તિત્વ ધરાવતું પ્રાણી છે અને તેથી તેઓ વિશેષ કાળજી અને આદર મેળવવાપાત્ર છે.

માન્યતા આપવામાં આવે છે કે માનવીઓ આ પૃથ્વી બીજી જાતિઓ તેમજ બીજા વિવિધ પ્રકારના જીવો સાથે ભાગબટાઈ કરે છે તેમજ બધા પ્રકારના જીવો પોત-પોતામાં સહ-અસ્તિત્વ ધરાવે છે. તેમજ આંતરિક જૈવિક અને પદ્ધતિ-વ્યવસ્થા ઉપર નિર્ભર છે.

માન્યતા આપવામાં આવે છે કે માનવીય સમાજોમાં દેખાઈ આવે તેવા વિવિધ સામાજિક, આર્થિક તેમજ સાંસ્કૃતિક વિરોધાભાસ હોવા છતાં પણ દરેક સમાજે માનવીય અને લાંબા કાળ ટકી રહે તેવી રીતે પ્રગતિ કરવી જોઈએ એવું સ્વીકૃત કરવામાં આવે છે કે ઘણાં બધાં રાજ્યો બન્ને પ્રકારનાં પ્રાણીઓ જેવાં કે વન્ય પ્રાણીઓ અને પાલતુ પ્રાણીઓના કાયદાકીય રક્ષણ માટેની વ્યવસ્થા ધરાવે છે. હવે તેથી,

**આર્ટિકલ-૧**

૧. તમામ પ્રાણીઓ અસ્તિત્વ અને જીવન પરના સરખા દાવા સાથે જન્મ્યાં છે.

**આર્ટિકલ-૨**

૨.૧ દરેક પ્રાણીઓ આદરને પાત્ર છે.

૨.૨ માનવ પ્રાણી જાતિ તરીકે પોતાને અન્ય પ્રાણીઓના હકો અમાનવીય રીતે શોષણ કરીને નાશ કરવા માટે સ્વચ્છંદી બનાવી શકશે નહીં, પોતાના જ્ઞાનનો પ્રાણીઓના કલ્યાણ માટે ઉપયોગ કરવો એ તેની ફરજ છે.

૨.૩ તમામ પ્રાણીઓને માનવ તરફથી ધ્યાન કાળજી અને રક્ષણનો હક્ક છે.

**આર્ટિકલ-૩**

૩.૧ કોઈપણ પ્રાણીને અમાનવીય કે ક્રૂરતાભર્યું વર્તન કરવામાં આવશે નહીં.

૩.૨ જો કોઈ પ્રાણીનું મોત નિપજાવવું પડે તો તે તાત્કાલિક અને પીડારહિત હોવું જોઈએ.

**આર્ટિકલ-૪**

૪.૧ તમામ વન્ય પ્રાણીઓને તેમના કુદરતી વાતાવરણ પછી તે જમીન, હવા કે પાણીમાં રહેવાનો અને સ્વતંત્ર રીતે જીવવાનો હક્ક રહેશે.

૪.૨ ભણતરના હેતુ માટે પણ સ્વતંત્રતાથી વિમુખતા એ હક્કનો ભંગ છે.

**આર્ટિકલ-૫**

૫.૧ માનવીય વાતાવરણમાં રહેલાં પ્રાણીઓના વર્ગને પારંપરિક રીતે અને તેમની જાતિની સ્વતંત્રતા અને જિંદગીના નિયમો અનુસાર વિકસવાનો હક્ક છે.

૫.૨ માનવ દ્વારા આ પદ્ધતિ કે શરતોમાં ફાયદો મેળવવાના હેતુથી કોઈપણ પ્રકારે દખલ કરવામાં આવશે તો તે હકનો ભંગ છે.

**આર્ટિકલ-૬**

૬.૧ દરેક સાથીદાર પ્રાણીઓને તેમનો કુદરતી જીવનકાળ (આયુષ્ય) પૂરો કરવાનો હક્ક છે.

૬.૨ પ્રાણીને તરછોડી દેવું તે એક ક્રૂર અને અમાનવીય કૃત્ય છે.

**આર્ટિકલ-૭**

૭.૧ દરેક કામ કરતાં પ્રાણીઓ તેમના કામકાજનો સમયગાળો અને કામની તીવ્રતા અંગે યોગ્ય મર્યાદા ધરાવવા હક્કદાર છે તેમજ તેઓ જરૂરી પોષણ અને આરામ માટે હક્કદાર છે.

**આર્ટિકલ-૮**

૮.૧ પ્રાણીઓ ઉપરના પ્રયોગો કે જેમાં પ્રાણીઓને શારીરિક રીતે અથવા માનસિક રીતે વેદના સહન કરવાની થાય છે તેવું કૃત્ય, પ્રાણીઓના અધિકારોથી વિરુદ્ધ છે (સુસંગત નથી), ભલે પછી આવા પ્રયોગો વૈજ્ઞાનિક, મેડિકલ (સારવાર વિજ્ઞાન), વાણિજ્યિક કે પછી બીજા કોઈ પ્રકારના સંશોધન માટે કરવામાં આવતા હોય.

૮.૨ પ્રાણીઓની જગ્યાએ બીજા કોઈનો ઉપયોગ કરવાની પદ્ધતિ (રીપ્લેસમેન્ટ) નો ફરજિયાતપણે અમલ કરવો જોઈએ અને આવી પદ્ધતિ વિકસાવવી જોઈએ. પ્રાણીઓ ઉપરના પ્રયોગોને બદલે કોઈ વૈકલ્પિક પ્રયોગ પદ્ધતિ તૈયાર કરવી જોઈએ.

**આર્ટિકલ-૯**

૯.૧ જ્યારે પ્રાણીઓનો ખાદ્ય (ખોરાક) ઉપયોગમાં ઉપયોગ થાય ત્યારે તેમને સંભાળપૂર્વક તેમના સ્થાન (જંગલ) પરથી પરિવહન કરીને લાવીને તેમનું પીડારહિત રીતે મૃત્યુ થવું જોઈએ.

**આર્ટિકલ-૧૦**

૧૦.૧ માણસોના મનોરંજન માટે કોઈપણ પ્રાણીનું શોષણ થવું જોઈએ નહિ.

૧૦.૨ પ્રાણીઓનું પ્રદર્શન તેમજ તેમના જાહેર ખેલ-તમાશા તેમના ગૌરવની વિરુદ્ધ છે.

**આર્ટિકલ-૧૧**

૧૧.૧ કોઈપણ એવું કૃત્ય કે જેમાં પ્રાણીની કતલ સામેલ છે તેવું કૃત્ય "બાયોસાઈડ" છે એટલે કે તે જીવન વિરુદ્ધનો ગુનો છે.

**આર્ટિકલ-૧૨**

૧૨.૧ એવું કોઈ કૃત્ય કે જેમાં વન્યપ્રાણીઓની મોટે પાયે કત્લેઆમ સામેલ છે તેવું કૃત્ય "જીનોસાઈડ" છે એટલે કે, તે પ્રાણી પ્રજાતિઓ વિરુદ્ધનો ગુનો છે.

૧૨.૨ પ્રદૂષણ કે કુદરતી વાતાવરણનો નાશ "જીનોસાઈડ" તરફ દોરી જાય છે.

**આર્ટિકલ-૧૩**

૧૩.૧ મૃત પ્રાણીઓ તરફ પણ સન્માનપૂર્વક વર્તવું જોઈએ.

૧૩.૨ ફક્ત માણસોના ભણતરના હેતુ સિવાય સિનેમા તેમજ ટેલિવિઝનમાં દર્શાવવામાં આવતાં હિંસાત્મક દૃશ્યો કે જેમાં પ્રાણીઓનો ઉપયોગ થાય છે તેના ઉપર પ્રતિબંધ લાદવો જોઈએ.

**આર્ટિકલ-૧૪**

૧૪.૧ પ્રાણીઓના અધિકારોની સત્તા કરતી ચળવળો ઝુંબેશના પ્રતિનિધિઓનો અવાજ (પ્રતિનિધિત્વ) સરકારમાં દરેક તબક્કે અસરકારક ગણવો જોઈએ.

૧૪.૨ માનવીના હક્કોની જેમ પ્રાણીઓના હક્કોને પણ કાયદાકીય રક્ષણ હોવું જોઈએ.

• • •

# ૩. પ્રાણીઓની કતલ અને પ્રાણીઓ ઉપરનો ત્રાસ અટકાવવા માટે માહિતી અધિકાર ધારાનો યોગ્ય ઉપયોગ

*કેન્દ્ર સરકારે માહિતી અધિકાર ધારો વર્ષ ૨૦૦૫માં ઘડેલો છે. માહિતી એટલે સરકારનાં રેકર્ડ ઉપર રહેલ તમામ પ્રકારની માહિતી, કે જેમાં દસ્તાવેજો, ઈ-મેઈલ, વેબસાઈટ, ફિલ્મ, માઈક્રોફિલ્મ, ફોટા, નકશા, અભિપ્રાય, સલાહ, પરિપત્રો, હુકમો, લોગબુક, કરાર, નમૂના, મોડેલ વગેરે તમામનો સમાવેશ થાય છે.*

*માહિતી અધિકારમાં જે તે માહિતીનું નિરીક્ષણ કરવું, રેકર્ડ તપાસવું, તેની નોંધ કરવી, તેના ઉતારા મેળવવા, તેની સહી સિક્કાવાળી નકલ મેળવવી, ફિલ્મ કે કેસેટની નકલો મેળવવી, વગેરેનો સમાવેશ થાય છે.*

*નિયત સમયમર્યાદામાં નિયત કરેલ ફી ચૂકવી આ તમામ માહિતી મેળવી શકાય છે.*

*આ કારણસર જ્યારે જે તે સત્તાધિકારીએ અમુક કાયદાઓમાં દર્શાવેલ ફરજોનું પાલન કર્યું છે કે નહીં, તેની માહિતી માંગતાં જે તે અધિકારી માટે તેનો જવાબ આપવો મુશ્કેલ બને છે અને તેથી જવાબ આપતાં પહેલાં પોતાની ભૂલ ન દેખાય કે પોતાની ફરજચૂક ન દેખાય તેવા વિવિધ હેતુસર તેઓ સૌ પ્રથમ તેમની ફરજ અન્વયે યોગ્ય કાર્યવાહી કર્યા બાદ જે તે માહિતી પૂરી પાડે છે. આમ સીધી કે આડકતરી રીતે જે તે કાયદાનો અમલ થઈ શકે છે. જે તે અરજીનો યોગ્ય નિકાલ થઈ શકે છે.*

*સામાન્ય રીતે જ્યારે જે તે અધિકારી પાસે ગેરકાયેદસર કતલખાનાં કે ગેરકાયદેસર માંસ વેચી દુકાનો કે ગેરકાયદેસર રીતે થતી પ્રાણીઓની હેરફેર અંગેની માહિતી માંગવામાં આવે ત્યારે તેઓ સૌ પ્રથમ તે અંગે તમામ કાર્યવાહીઓ કરી જવાબ આપે છે. ઉપરાંત સરકારશ્રીએ પ્રાણી રક્ષા અંગેના ઘડેલા કાયદાઓ, તે અંગેના પરિપત્રો, તે અંગેના વિધાનસભાના પ્રશ્નો, તે અંગેની સમિતિઓના અહેવાલો, વગેરેની વિગતો મેળવી શકાય. તે જ રીતે તેના અમલીકરણની વિગતો માંગી આડકતરી રીતે તેનો અમલ કરાવી શકાય. વિવિધ અદાલતોમાં વિવિધ પ્રાણી રક્ષા અંગના કાયદા હેઠળ થયેલ કેસોની વિગતો મેળવી શકાય.*

## ૪. પ્રાણી રક્ષક વ્યક્તિઓ કે સંસ્થાઓના હક્કો, ફરજો, સત્તાઓ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૪૩ હેઠળ જ્યારે કોઈ વ્યક્તિની હાજરીમાં કોઈક અન્ય વ્યક્તિ બિનજામીનપાત્ર અને કોગ્નિઝેબલ ગુન્હો કરે અથવા તો જે કોઈ અન્ય વ્યક્તિ જાહેર કરેલ ગુનેગાર હોય તો ખાનગી વ્યક્તિ પણ તે વ્યક્તિની ધરપકડ કરી તેને પોતાની કસ્ટડીમાં રાખી નજીકનાં પોલીસ સ્ટેશને રજૂ કરી શકે. ઉપરાંત પ્રાણી ક્રૂરતા નિવારણ ધારાની કલમ ૩૨, ૩૪, ૩૫,૩૯, ૪૦, ૯(એચ) અને ૯(આઈ) જો સંયુક્ત રીતે ધ્યાને લઈએ તો રાજ્ય સરકારે જેમને ખાસ સત્તા આપી હોય એવી ખાનગી વ્યક્તિ પણ પોલીસ અધિકારી જેવી સત્તાઓ જેવી કે જે તે સ્થળે તપાસ કરવાની, કે જે તે વ્યક્તિની જડતી કરવાની અને ગુન્હાહિત માલ જપ્ત કરવાની સત્તા વાપરી શકે છે. કલમ-૩૫ હેઠળ જો કોઈ પ્રાણી કે જેની સારવાર કરવી જરૂરી હોય તો તે પ્રાણી તેનું નિયમિત કાર્ય કરવા સક્ષમ થાય ત્યાં સુધી પાંજરાપોળમાં રાખી શકાય. કલમ-૩૯ હેઠળ રાજ્ય સરકારે જેને કલમ-૩૪ હેઠળની સત્તા વાપરવા અધિકૃત કરેલા હોય તેઓને ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૧ હેઠળ "જાહેર નોકર"ની વ્યાખ્યામાં ગણાય અને કલમ-૪૦ હેઠળ તેમની વિરુદ્ધ કોઈપણ પ્રકારનો દાવો કે ફોજદારી કે અન્ય કાર્યવાહી થઈ શકે નહીં. આજ કાયદાની કલમ-૯ કે જેમાં પ્રાણી કલ્યાણ બોર્ડનાં કાર્યોની વિગતો આપેલી છે, તેમાંનું એક કાર્ય જે સંસ્થાઓ પ્રાણીઓ ઉપર થતા બિનજરૂરી અત્યાચાર વિરુદ્ધ લડતી હોય કે તેમના અને પક્ષીઓના હક્કોના રક્ષણ માટે કાર્ય કરતી હોય તો તેમની વચ્ચે સંકલન કરવાનું છે અને તેમને નાણાકીય તથા અન્ય પ્રકારની મદદ આપવાનું છે. તે અન્વયે ખાસ માનદ્ પ્રાણી કલ્યાણ અધિકારી તરીકે ખાનગી વ્યક્તિની નિમણૂક કરવાની જોગવાઈ છે અને તે રીતે પ્રાણી કલ્યાણ બોર્ડ ખાનગી વ્યક્તિને લેખિત અધિકાર આપે છે. પ્રાણીઓની હેરફેરના નિયમોની જોગવાઈઓ જોતાં નિયમ-૯૬ અને ૯૭ હેઠળ પ્રાણીઓની હેરફેર કરતાં પહેલાં કોઈપણ વાહનધારકે તે માટે પ્રાણી કલ્યાણ બોર્ડે અધિકૃત કરેલી ખાનગી વ્યક્તિઓનું એવું પ્રમાણપત્ર મેળવવાનું રહે કે પ્રાણી હેરફેર માટેના તમામ હુકમો અને નિયમોનું પાલન થયેલું છે અને પ્રાણીઓની હેરફેર કાયદાની જોગવાઈઓ વિરુદ્ધ થઈ રહી નથી.

પ્રાણી કલ્યાણ બોર્ડ એ ભારત દેશની જુદી જુદી ખાનગી વ્યક્તિઓ કે જે પ્રાણી રક્ષા માટે કાર્ય કરી રહેલ છે તેમને એનિમલ વેલ્ફેર ઓફિસર કે માનદ્ પ્રાણી કલ્યાણ અધિકારી તરીકે ખાસ સત્તા આપેલી છે. ઉપરાંત પ્રાણી અત્યાચાર વિરોધી ધારા હેઠળ કેન્દ્ર સરકારે ઘડેલા પ્રાણી અત્યાચાર અટકાયત (સોસાયટીની સ્થાપના અને વહીવટ) નિયમ-૨૦૦૧ મુજબ ભારતના દરેક જિલ્લામાં ખાનગી વ્યક્તિઓ અને સંસ્થાઓનો સમાવેશ કરી જિલ્લા સોસાયટી બનાવવાની જોગવાઈ કરવામાં આવેલી છે જે અન્વયે રાજ્ય સરકારે આવી સોસાયટીને પૂરતી જમીન અને અન્ય સવલતો આપવાની છે. નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા એ. આર. અતુલ વિ. આર. એસ. નાયક, એ.આઈ.આર. ૧૯૮૪ સુ.કો. પાના. નં. ૭૧૮ મુજબ ફરિયાદીની લોક્સસ્ટેન્ડીને ફોજદારી કાયદામાં સ્થાન નથી, એટલે કે કોઈપણ ગુન્હા બાબતે કોઈપણ વ્યક્તિ ફરિયાદ નોંધાવી શકે છે.

૧૯૯૬ ક્રિમિનલ લો જર્નલ પાના નં. ૩૫૮૭ બાલ ગંગાધર ત્રિપાઠી એડવોકેટ વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશમાં અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયમૂર્તિશ્રીએ ચુકાદો આપી ઠરાવેલ કે પ્રાણીઓ એ રાષ્ટ્રની મિલકત છે. તેઓ માનવીના અસ્તિત્વ માટે ફક્ત જરૂરી નથી, પરંતુ તેઓ પર્યાવરણીય સમતુલા જાળવવામાં મદદ

કરે છે. પ્રાણીઓ ઉપર અત્યાચાર બંધ કરાવવા જુદા જુદા કાયદાઓ ઘડાયા છે. પરંતુ સરકાર અને સરકારી પ્રયત્નો તેના અમલ માટે પૂરતા નથી, અને તેથી તે અંગે ખાનગી સંસ્થાઓએ ખાસ ભાગ ભજવવાનો રહે છે.

સામાન્ય રીતે આવી ખાનગી સંસ્થાઓ કે તે અંગે કામ કરતી વ્યક્તિઓ કોર્ટમાં આવે છે અને કોર્ટના અથવા જે તે સરકારી અધિકારીના ધ્યાને લાવે છે. આમ આવા કેસો એ જાહેર હિતની અરજી જેવા છે અને તેથી આવા કિસ્સાઓમાં ખાનગી સંસ્થાને ન સાંભળવા એ યોગ્ય નથી. નામદાર સુપ્રીમ કોર્ટે ૧૯૯૫ (૧) એસ.સી.સી.પાના નં. ૧૮૯ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ વિ. આસુતોષ લહેરી અને નામદાર ગુજરાત હાઈકોર્ટના ૧૯૮૫ (૨) જી.એલ.આર. પાના નં. ૯૮૩ મહમદભાઈ જમાલભાઈ વિ. ગુજરાત સરકારમાં જાહેર કર્યા મુજબ ખાનગી વ્યક્તિને પણ પ્રાણી અત્યાચાર કેસ બાબતે સુનાવણીનો હક્ક છે. ના. સુપ્રીમ કોર્ટે અખિલ ભારતીય ગૌ સેવા સંઘ વિ. ગુજરાત રાજ્યનાં ૨૦૦૬ (૨) ગુજરાત લો હેરાલ્ડના પાના નં. ૨૦૧માં ભારતીય બંધારણના આર્ટિકલ ૫૧(એ) (જી)નું અર્થઘટન કરી ફકરા-૫૬,૬૧,૬૩ માં જાહેર કરેલ છે કે દરેક ભારતીય નાગરિકની જીવિત તત્ત્વ અંગે સહાનુભૂતિ રાખવાની મૂળભૂત ફરજ છે. ગુન્હાના સ્થળે જ્યાં સુધી પોલીસ અધિકારી પહોંચે નહીં ત્યાં સુધી પ્રાણી કલ્યાણ માટે કામ કરતી સંસ્થા કે ખાનગી વ્યક્તિ પોલીસને ફોન ઉપર માહિતી આપી થોડાક સમય માટે જે વ્યક્તિ કે વાહન બાબતમાં ગુન્હો થયાનું જણાઈ આવે તેને અટકાવે અને વધુ ગુન્હા બનતા અટકાવે તો તેમાં ખોટું નથી. ભારતીય ફોજદારી ધારામાં સામાન્ય અપવાદોનું અલગ પ્રકરણ આપવામાં આવેલ છે તે હેઠળ જે વ્યક્તિનો પણ કોઈપણ પ્રકારનો ગુન્હો કરવાનો હેતુ ન હોય અને કોઈક અન્ય વ્યક્તિને ગુન્હો કરતાં અટકાવે તો તે કૃત્યનો સામાન્ય અપવાદોમાં સમાવેશ થાય છે. ઉપરાંત ગુજરાત રાજ્ય સરકારનું ગૌ સેવા આયોગ પ્રાણીઓને કતલખાને લઈ જવાના હેતુસર કાર્ય કરતી ખાનગી વ્યક્તિને પ્રોત્સાહન આપે છે અને રાજ્ય સરકાર તથા અન્ય રાજ્ય સરકાર તથા અન્ય સંસ્થાઓ જીવદયા એવોર્ડ પણ આપે છે.

• • •

# ૫. નામદાર સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના વિવિધ અને અગત્યના ચૂકાદાઓની ટૂંક નોંધ

૧. ઓમપ્રકાશ વિ. ઉત્તરપ્રદેશ સરકાર, સિવિલ અપીલ નં. ૩૨૭૦/૯૮ એ.આઈ.આર.૨૦૦૪ એસ.સી. ૧૯૮૬ ના કેસમાં ના. સુપ્રીમ કોર્ટે જિલ્લા મ્યુનિસિપાલિટી એ જાહેરનામા દ્વારા માછલી, ઈંડાં, માંસ વેચવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ જાહેર કરેલ તેને વાજબી ઠરાવેલ. તે જ રીતે ના. ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં પાલીતાણાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટે આવો જ પ્રતિબંધ જાહેરનામા મારફતે ઠરાવેલ તેને વાજબી જાહેર કરેલ. (ચંદુલાલ ચુહુરમલ- સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૯૦૩૧/૯૯)

૨. પેટા સંસ્થાએ મુંબઈ હાઈકોર્ટમાં કરેલ રીટ પીટીશન નં. ૨૪૯૦/૦૪ માં મુંબઈ હાઈકોર્ટે સેન્સર બોર્ડ ઓફ ઈન્ડિયાને હુકમ પાઠવેલ કે જે ફિલ્મમાં પ્રાણીઓનો ઉપયોગ કર્યો હોય તેને પરવાનગી આપતાં પહેલાં પ્રાણી કલ્યાણ બોર્ડના ખેલ કરતાં પ્રાણીઓ (નોંધણી નિયમ)-૨૦૦૧ ની તમામ જોગવાઈઓનું પાલન થયું છે તેવું પ્રમાણપત્ર મેળવવું. સાથે સાથે ફિલ્મ નિર્માતા પાસે એવી બાહેંધરી લેવી કે કોઈપણ પ્રાણી ઉપર કોઈપણ પ્રકારનો અત્યાચાર થયેલો નથી.

૩. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ વિ. આસુતોષ લહીરી સિવિલ અપિલ નં. ૬૭૯૦/૮૩, (૧૯૯૫) ૧ એસ.સી.સી. ૧૮૯ ના કેસમાં ના.સુપ્રીમ કોર્ટે એવું જાહેર કર્યું કે ઈદના દિવસે મુસ્લિમ ધર્મ ગાયની કતલ કરવાની ફરજ પાડતો નથી.

૪. ઓઝર હુસેન વિ. કેન્દ્ર સરકાર, એ.આઈ.આર. ૨૦૦૩ દિલ્હી પાના નં. ૧૦૩ ના કેસમાં ના.દિલ્હી હાઈકોર્ટ એવી સૂચના આપેલ કે જે ખાદ્ય પદાર્થ અને દવાઓમાં પ્રાણીઓનું તત્ત્વ અને ઈંડાંનું તત્ત્વ વાપરવામાં આવે છે તેનું લેબલિંગ કરવું. આ આધારે કેન્દ્ર સરકારે દરેક રાજ્ય સરકારને એવી સૂચના આપેલ કે કોઈપણ ખાનગી હોટલમાં પણ આવાં તત્ત્વ ધરાવતી વસ્તુઓ વેચવામાં આવે તો જે હોટલના મેનું કાર્ડમાં તે અંગેની યોગ્ય નોંધ રાખવી કે જેથી ગ્રાહકને તેની ખાસ જાણ થાય.

૫. અખિલ ભારતીય કૃષિ ગૌ સેવા સંઘ વિ. સરકાર, પી.આઈ.એલ.૪/૦૫ ના કેસમાં મુંબઈ હાઈકોર્ટે તમામ પ્રાણી અંગેના કાયદાઓનો યોગ્ય અસરકારક અમલ કરવા માટે ખાસ કમિટીની રચના કરવાનો હુકમ કરેલો. આ કમિટી (સમિતિ)નું કાર્ય કાયદાઓનો અમલ કરાવવો, તેમાં સુધારા વધારા કરાવવા માટેનાં સૂચનો કરવાં, પ્રાણીઓની રક્ષા માટે ખાસ સ્કવોર્ડ બનાવવો, ગેરકાયદે કતલ સ્થાનોની શોધ કરવી અને કતલ અટકાવવી, ગૃહ વિભાગ અને પોલીસ વિભાગને આ સમિતિનાં સૂચનોનો અમલ કરવા માટે હુકમ કરેલો, સરકારી અધિકારીઓ માટે પ્રાણી કાયદા અંગેનું જ્ઞાન મેળવવા માટે ખાસ તાલીમી કાર્યક્રમો રાખવા હુકમ કરેલો, આ સમિતિને ખાસ પ્રાણી રક્ષક કાર્યકરોની નિમણૂક કરવા સત્તા આપેલી અને તે અંગેનો ખર્ચ રાજ્ય સરકારે ચૂકવવો એવો હુકમ કરેલો.

૬. અખિલ ભારતીય કૃષિ ગૌ સેવા સંઘ વિ. ગુજરાત રાજ્ય, ૨૦૦૬ ગુજરાત લો હેરાલ્ડ પાના નં. ૨૦૧માં સુપ્રીમ કોર્ટના સાતમાંથી છ જજ સાહેબોએ મુંબઈ પશુ સંરક્ષણ ધારામાં વર્ષ ૧૯૯૪ માં ગુજરાત સરકારે સુધારો કરી ગાય અને ગૌ વંશનાં પ્રાણીઓની કતલ ઉપર જે સંપૂર્ણ પ્રતિબંધ મૂકેલો તેને માન્યતા આપેલી.

૭. વિનિયોગ પરિવાર વિ. રાજ્ય સરકાર-કોર્પોરેશન, રીટ પીટીશન નં. ૧૫૯૬/૯૮, એ.આઈ.આર. ૧૯૯૮ બોમ્બે-૭૧ના કેસમાં મુંબઈ હાઈકોર્ટે કૂતરાઓ પકડવા, તેની હત્યા કરવા ઉપર પ્રતિબંધ મૂકેલો, અને તેના વસતિ નિયંત્રણ માટે હુકમ કરેલો, જે આધારે કેન્દ્ર સરકારે પ્રાણી જન્મ પ્રબંધ (કૂતરા) નિયમ-૨૦૦૧ બનાવેલો.

૮. નરોડા મહાજન પાંજરાપોળ વિ. ગુજરાત રાજ્ય, સ્પે.ક્રિમિનલ એપ્લિકેશન નં. ૨૦૩૭/૦૭ અને ૧૧૮૪/૦૭ માં ગુજરાત હાઈકોર્ટે જાહેર કરેલ કે પ્રાણીઓની કસ્ટડી બાબત પાંજરાપોળ એ યોગ્ય પક્ષકાર છે અને પાંજરાપોળને સાંભળ્યા વિના પ્રાણીઓની કસ્ટડી અન્યોને આપી ન શકાય.

૯. હિંસા વિરોધક સંઘ વિ. મીરજાપુર મોટી કુરેશ કસબ જમાત, ૨૦૦૮ (૫) એસ.સી.સી.-૩૩, ૨૦૦૮(૨) જી.એલ.એચ.૩૦૪ ના કેસમાં ના. સુપ્રીમ કોર્ટે જૈન પર્યુષણ દરમિયાન કતલખાનાં બંધ રાખવાનો નિર્ણય યોગ્ય ઠરાવેલ, અને મોગલ બાદશાહ અકબરના સમયમાં વર્ષ દરમિયાન લગભગ છ માસ પ્રાણીઓની કતલ ઉપર પ્રતિબંધ હતો તેવો આધાર લઈ ઠરાવેલ કે પર્યુષણ દરમિયાન કતલનો પ્રતિબંધ કે કસાઈનો ધંધો કરવાના બંધારણીય અધિકારનો ભંગ કરતો નથી.

૧૦. ધી બોમ્બે હ્યુમેનેટેરિયન લીગ (મુંબઈની જીવદયા મંડળી) વિ. કમિશનર અને પોલીસ કમિશનર, રાજકોટ, સ્પે. ક્રિમિનલ એપ્લિકેશન નં. ૧૮૬૫/૦૯ માં ના. ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં રાજકોટના કૃષ્ણપુરા વિસ્તારના ગેરકાયદે કતલખાનાં તાત્કાલિક બંધ કરવા આદેશ આપેલો અને એવું ઠરાવેલ કે મ્યુ. કોર્પોરેશનની કાયદેસરની ફરજ છે કે કોઈપણ ગેરકાયદેસર કતલખાનું (લાયસન્સ વિનાનું) કાયદા અનુસાર પ્રક્રિયા કરી બંધ કરાવવું. ગેરકાયદે કતલ કરવાની પ્રવૃત્તિ એ બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુ. કોર્પોરેશન એક્ટ અને પ્રાણી અત્યાચાર વિરોધી ધારાની જોગવાઈઓ વિરુદ્ધ છે અને આવી પ્રવૃત્તિ જો બંધ કરાવવામાં ન આવે તો જે તે સત્તાવાળા પોતાની કાયેદસરની ફરજમાં નિષ્ફળ ગયા છે તેવું જણાય. જો મ્યુ. કોર્પોરેશનને પોલીસ રક્ષણની જરૂર હોય તો પોલીસ કમિશનરશ્રી રાજકોટે પૂરતો પોલીસ બંદોબસ્ત તેમને આપવો એવો પણ હુકમ કરેલો.

૧૧. અલ્હાબાદ હાઈકોર્ટે બાલગંગાધર ત્રિપાઠી વિ. યુ.પી. સરકાર ૧૯૯૬ ક્રિમિનલ લૉ જર્નલ પાના નં. ૩૫૮૭માં ઠરાવેલ કે સામાન્ય રીતે જ્યારે પોલીસ વિવિધ કાર્યને કારણે વધુ વ્યસ્ત હોય ત્યારે સ્વૈચ્છિક સંસ્થાઓ જે પ્રાણીઓના રક્ષણ માટે કામ કરતી હોય તેઓ ઘણો અગત્યનો ભાગ ભજવે છે અને તેથી તેમણે દાખલ કરેલી અરજીઓ એક જાહેર હિતની અરજી તરીકે ગણવી જોઈએ. આવી સંસ્થાઓના ઉત્સાહ અને પ્રવૃત્તિને કારણે જ પ્રાણી રક્ષાનો ઉદ્દેશ સફળ થાય છે.

૧૨. પેટા વિ. કેન્દ્ર સરકાર, મુંબઈ હાઈકોર્ટમાં કરેલ રીટ પીટીશન નં. ૨૪૯૦/૦૪ માં ના. હાઈકોર્ટે સરકારને કેન્દ્ર સરકારે ઘડેલ પ્રાણી ક્રૂરતા નિવારણ (ખેલ કરતાં પ્રાણીઓ) નિયમોનું પાલન કરાવવા યોગ્ય આદેશ આપેલો.

૧૩. કેરાલા હાઈકોર્ટે કે.આર. હેયર વિ. કેન્દ્ર સરકારની ઓ.પી. ૧૧૭૨૯/૯૯માં ખેલ કરતાં પ્રાણીઓનું રક્ષણ કરવા આદેશ આપેલો. સાથે સાથે પ્રાણીઓની ઉપયોગિતા નોંધેલ અને પ્રાણી કાયદા અંગેનો અભ્યાસક્રમ શરૂ કરવા સૂચન કરેલ.

૧૪. આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં થયેલી રીટ એપ્લિકેશન નં. ૧૩૪૮/૯૬, આંધ્રપ્રદેશ સરકાર વિ. પી. કે. જૈનના કેસમાં ના. હાઈકોર્ટે એવો હુકમ કરેલો કે જે રખડતાં પ્રાણીઓ પકડેલાં તેમની હરાજી કરવી નહીં, તેવો જ હુકમ મુંબઈ હાઈકોર્ટમાં અખિલ ભારતીય કૃષિ ગૌ સેવા સંઘે દાખલ કરેલ ક્રિમિનલ એપ્લિકેશન નં. ૧૦૯૯/૮૭માં કરેલો.

૧૫. મહમદ હબીબ વિ. યુ.પી. સરકાર રીટ પીટીશન નં. ૩૮૪૬૯/૯૪માં અલ્હાબાદ હાઈકોર્ટે જાહેર કરેલ કે પ્રાણીઓની કતલ કરવી એ બંધારણીય અધિકાર નથી.

૧૬. વિનિયોગ પરિવાર ટ્રસ્ટ વિ. કેન્દ્ર સરકારની રીટ પીટીશન નં. ૧૦૩૦/૯૭ (એ.આઈ.આર.૧૯૯૮ મુંબઈ - પાન નં. ૭૧) માં મુંબઈ હાઈકોર્ટે વન્ય પક્ષીઓના વેપાર ઉપર પ્રતિબંધ મૂકેલો.

૧૭. આંધ્રપ્રદેશ જીવ રક્ષા સંઘમ વિ. આંધ્રપ્રદેશ સરકારની રીટ પીટીશન નં. ૩૭૮૬/૭૭માં આંધ્રપ્રદેશ હાઈકોર્ટે પ્રાણીઓના બલિ ઉપર પ્રતિબંધ મૂકેલ. તે જ રીતે પીપલ ફોર એનિમલ વિ. ગોવા સરકાર રીટ પીટીશન નં. ૩૪૭/૯૬માં મુંબઈ હાઈકોર્ટે બળદોની લડાઈ ઉપર પ્રતિબધ મૂકેલો.

૧૮. ગુજરાત હાઈકોર્ટે મોહમદ જમાલભાઈ વિ. ગુજરાત રાજ્ય ક્રિમિનલ રિવિઝન એપ્લિકેશન નં. ૫૧૯/૮૪, ૧૯૮૫(૨) જી.એલ.આર.પાના નં. ૯૮૩ માં ઠરાવેલ કે પ્રાણીના કેસમાં પાંજરાપોળ યોગ્ય પક્ષકાર છે અને તે અંગેનો કેસ સંપૂર્ણ કરતી વેળા પાંજરાપોળ પાસેથી પ્રાણીઓ જાળવવાનો ખર્ચ કોર્ટે જાણવો જોઈએ.

૧૯. ના. ગુજરાત હાઈકોર્ટે નિર્મલકુમાર શાંતીલાલ વિ. જામખાન બી. સીંધી ક્રિમિનલ રિવિઝન એપ્લિકેશન નં. ૨૯૯૨/૯૬માં ઠરાવેલ કે જો નીચલી કોર્ટના હુકમ સામે કોઈ પક્ષકાર ઉચ્ચ અદાલતમાં અપીલ/રિવિઝન કરવાની હોય અને તે પક્ષકાર દ્વારા નીચલી કોર્ટને જે તે હુકમનો અમલ મોકૂફ રાખવાની વિનંતી કરવામાં આવે તો તે ધ્યાને લેવું જોઈએ.

૨૦. અહેમદ ઈસ્માઈલ વિ. ગુજરાત રાજ્ય સ્પે. ક્રિમિનલ એપ્લિકેશન નં. ૧૩૫૦/૯૫માં ના. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ કે જ્યારે પ્રાણીઓને કતલખાને લઈ જવાનો આક્ષેપ હોય ત્યારે આરોપી પ્રાણીઓનો ધંધો કરતો હોવા માત્રથી એવું ન માની શકાય કે તે પ્રાણીઓને કતલખાને નહોતો લઈ જતો. મુંબઈ પશુ સંરક્ષણ ધારા હેઠળનો ગુનો કોગ્નિઝેબલ છે.

૨૧. લક્ષ્મીનારાયણ મોદી વિ. કેન્દ્ર સરકાર, રીટ પીટીશન (સિવિલ) નં. ૩૦૯/૦૩ માં સુપ્રીમ કોર્ટે ઠરાવેલ કે કતલખાનાંઓએ પ્રદૂષણ અંગેના તમામ કાયદાઓનું પાલન કરવું પડે.

૨૨. ભચાઉ પાંજરાપોળ વિ. ગુજરાત રાજ્ય, સ્પે. ક્રિમિનલ એપ્લિકેશન નં.૧૯૪૮/૦૬માં ગુજરાત હાઈકોર્ટે આરોપી ભૂતકાળમાં અન્ય ગુન્હાઓમાં સંડોવાયો હોવાથી તેને પ્રાણીઓની કસ્ટડી સોંપેલી નહીં.

૨૩. કે. મુન્ના સામી ખેવર વિ. ડી.એસ.પી. રીટ પીટીશન નં. ૨૯૬૬/૦૬ માં મદ્રાસ હાઈકોર્ટે એ.આઈ.આર. ૨૦૦૬ પાના નં. ૨૫૫ (મદ્રાસ) ના કેસમાં પોલીસ અધિકારી દ્વારા બળદ ગાડા રેસ ઉપર મૂકેલ પ્રતિબંધ યોગ્ય ઠરાવેલ અને સમગ્ર તામીલનાડુમાં દરેક પ્રકારના પ્રાણીઓની રેસ ઉપર પ્રતિબંધ મૂકવા આદેશ આપેલ.

૨૪. એન.આર.નાયર વિ. કેન્દ્ર સરકાર, સિવિલ અપીલ નં. ૩૬૦૯/૦૧ સુપ્રીમ કોર્ટ, એ.આઈ.આર.૨૦૦૧ એસ.સી.પાના નં. ૨૩૩૭ માં ના.સુપ્રીમ કોર્ટે પ્રાણી અત્યાચાર વિરોધી ધારાની કલમ ૨૨ બંધારણીય જાહેર કરેલ અને કેન્દ્ર સરકારે રીંછ, વાંદરા, વાઘ, દીપડા, સિંહ જેવાં પ્રાણીઓને તાલીમ આપવી કે તેનો ખેલમાં ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મૂકતું જાહેરનામું યોગ્ય ઠરાવેલ.

૨૫. ધનાભાઈ હીરાભાઈ મારવાડી વિ. અમદાવાદ મ્યુ. કોર્પોરેશન, સ્પે.સિવિલ એપ્લિકેશન નં. ૧૦૭૨૫/૯૬ માં ના. ગુજરાત હાઈકોર્ટે ગેરકાયદે માંસ વેચતી દુકાનો સીલ કરવાના હુકમને યોગ્ય ઠરાવેલ.

૨૬. સુરેશચંદ્ર જૈન વિ. એમ.પી. સરકાર રીટ પીટીશન નં. ૧૫૭૮૭/૦૫ એમ.પી. હાઈકોર્ટે- જબલપુર જાહેર હિતની રીટ પીટીશનમાં મ્યુનિસિપાલિટીના કાયદા નિયમો વિરુદ્ધ પ્રાણીઓનું માંસ, મરઘાં વગેરેનું માંસ ખુલ્લી જગ્યાઓમાં વેચવા અંગેના પ્રતિબંધનો યોગ્ય અમલ કરવા અને કાયદા વિરોધી પ્રવૃત્તિ કરતી વ્યક્તિઓ વિરુદ્ધ કામ ચલાવવા આદેશ આપેલો.

૨૭. રેફ્રીજરેટેડ ટ્રક ઓનર્સ એસોસિએશન વિ. કેન્દ્ર સરકાર, સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૩૬૦૦/૦૮માં ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એવું ઠરાવેલ કે યુ.પી. થી વિદેશ મોકલવાના હેતુસર મુંબઈ લઈ જતા ભેંસના માંસ અંગેનાં કન્ટેનર જો પોલીસને શક હોય અથવા માહિતી હોય કે તેમાં ભેંસના માંસના બદલે ગૌ માંસ છે તો તે અટકાવી શકાય, તેનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરાવી શકાય, ત્યારબાદ એવું માલૂમ પડે કે ભેંસના માંસના ઓઠા હેઠળ વિદેશમાં પ્રતિબંધિત ગૌ માંસ મોકલવાનો પ્રયાસ થયેલ છે તો તે અંગે કસ્ટમ અને અન્ય કાયદા હેઠળ માલ વગેરે જપ્ત કરવા યોગ્ય પગલાં લઈ શકાય.

૨૮. (૨૦૧૦) ૧૦ સુપ્રિમ કોર્ટ કેસિસ ૬૦૪ સંસારચંદ વિ. રાજસ્થાન સરકાર સુપ્રિમકોર્ટએ કેન્દ્ર સરકાર અને તમામ રાજ્ય સરકારને વન્ય પ્રાણી (સંરક્ષણ) ધારાની જોગવાઈઓના સખત અમલીકરણ માટે આદેશો આપ્યા.

૨૯. સ્પેશિયલ ક્રિમિનલ એપ્લિકેશન નં. ૧૬૩૫/૨૦૧૦ અબ્દુલકાદર મોહંમદ આઝમ શેખ વિ. ગુજરાત સરકાર સ્પેશિયલ ક્રિમિનલ એપ્લિકેશન નં. ૨૬૦૦/૨૦૧૦ જયેશકુમાર સાધાની વિ. ગુજરાત સરકાર કોઈપણ પક્ષીને પાંજરામાં પૂરવાનો કોઈ નાગરીકને અધિકાર નથી. મુક્તમને ખુલ્લા વાતાવરણમાં હરવા ફરવાનો પક્ષીનો મૂળભૂત અધિકાર છે. પક્ષીને પાંજરામાં પૂરવું એટલે એને દુ:ખ અને પીડા પહોંચાડવી જે પ્રાણી અત્યાચાર વિરોધી ધારા હેઠળ ગુનો છે.

• • •

# ૬. એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા
# પ્રાણી કલ્યાણ બોર્ડ ઓફ ઈન્ડિયા

*કેન્દ્ર સરકારે તમામ પ્રકારના સજીવોનાં રક્ષણના હેતુસર પ્રાણી સુરક્ષા ધારો-૧૯૬૦ ઘડેલ છે. તેની કલમ ૪ મુજબ પ્રાણી રક્ષણની પ્રવૃત્તિઓ વધારવા અને પ્રાણીઓને બિનજરૂરી વેદનાથી બચાવવાના હેતુસર પ્રાણી કલ્યાણ બોર્ડ ઓફ ઈન્ડિયાની રચના કરેલ છે. ઘણાં રાજ્યમાં પણ પ્રાણી કલ્યાણ બોર્ડની સ્થાપના થયેલ છે. પ્રાણી કલ્યાણ બોર્ડે વિવિધ કાર્યો કરવાનાં હોય છે. જેવાં કે ભારત રાજ્યના વિવિધ પ્રાણી રક્ષા કાયદાઓનો નિયમિત અભ્યાસ કરવો અને તેમાં જરૂરી ફેરફાર કરવા માટે સરકારને નિયમિત રીતે સૂચનો કરવાં. પ્રાણીઓની બિનજરૂરી વેદના અટકાવવાના હેતુસર યોગ્ય નિયમો બનાવવા સલાહ આપવી કે જેમાં પ્રાણીઓની હેરફેર, ખેલ કરતાં પ્રાણીઓ, પાંજરામાં રહેતાં પ્રાણીઓનો પણ સમાવેશ થાય છે. ભાર વહન કરતાં પ્રાણીઓને ઓછામાં ઓછી તકલીફ પડે તેવી ડિઝાઈન ધરાવતાં વાહનો બનાવવા સરકાર કે સ્થાનિક સંસ્થાઓને સુધારા સૂચવવા, પ્રાણીઓની તકલીફ દૂર કરવા અને ખાસ કરીને તેમને રહેવા માટે આશ્રય સ્થાન બનાવવા, પાણી વગરની જરૂરિયાત પૂરી કરવા, ડોક્ટરી સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરવા તમામ પ્રકારનાં પગલાં લેવા અધિકૃત કરેલ છે. પ્રાણીઓની જ્યાં કતલ થાય છે તે સ્થળોએ પ્રાણીઓને બિનજરૂરી શારીરિક કે માનસિક વેદનાથી બચાવવા. પાંજરાપોળ પ્રાણી રક્ષા કેન્દ્રો, પ્રાણી અભયારણ્ય, આશ્રય સ્થાનો બનાવવા નાણાકીય કે અન્ય રીતે પ્રેરણા પૂરી પાડવી કે જ્યાં પ્રાણીઓ અને પક્ષીઓ જેઓ વૃદ્ધ થાય કે અશક્ત થાય ત્યારે પણ તેમને અન્ય સંજોગોમાં યોગ્ય રક્ષણની જરૂર હોય. પ્રાણી કે પક્ષીઓની રક્ષા કરતી સંસ્થાઓ કે તેમની ઉપરની બિનજરૂરી વેદના અટકાવવા પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ વચ્ચે સંકલન કરવું. સ્થાનિક સ્થળોએ પ્રાણી રક્ષા સંસ્થાઓની રચના કરાવવી, તેમને નાણાકીય કે અન્ય સગવડો પૂરી પાડવી. પ્રાણીઓની હોસ્પિટલ અંગે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું. નાણાકીય કે અન્ય સગવડો પૂરી પાડવી. પ્રાણીઓ સાથે માનવીય વર્તન થાય તે અંગે યોગ્ય શિક્ષણ પૂરું પાડવું. પ્રાણીઓને બિનજરૂરી વેદના થતી અટકાવવા વિરોધી જાહેર મત ઊભો કરવો અને પુસ્તકો, ચોપાનિયાં, પોસ્ટર, પ્રવચનો, ફિલ્મ તથા અન્ય પદ્ધતિએ પ્રાણી સુરક્ષા કાર્ય વેગવંતુ બનાવવું અને કેન્દ્ર સરકારે પ્રાણીઓની સુરક્ષા તથા પ્રાણીઓ ઉપર બિનજરૂરી અત્યાચાર અટકાવવા યોગ્ય સૂચનો પાઠવવાં.*

• • •

# ૭. પ્રાણી સુરક્ષા કાયદા અભ્યાસક્રમ અને તે અંગેની કારકિર્દી (કેરિયર)

*આ પુસ્તકમાં દર્શાવ્યા મુજબ સમગ્ર ભારત દેશમાં વિવિધ પ્રકારના પ્રાણી રક્ષા અંગેના કાયદાઓ અસ્તિત્વમાં છે, દરેક રાજ્યમાં દર વર્ષે ૪૦૦/૫૦૦ ફોજદારી કેસો થતા હશે. લગભગ દરેક જિલ્લામાં પ્રાણી રક્ષા અંગે કાર્ય કરતી સંસ્થાઓ કે પાંજરાપોળો ઘણી સંખ્યામાં છે. પુસ્તકમાં દર્શાવ્યા મુજબના વિવિધ પ્રકારના કેસો થાય છે અને થઈ શકે છે. આ કાર્યમાં નિયમિત વકીલાત કરતા વકીલો ઘણા ઓછા છે. દર વર્ષે કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર વિવિધ પ્રકારના કાયદાઓ ઘડે છે અને પ્રાણી કલ્યાણ માટે પ્રવૃત્તિ કરતી સંસ્થાઓને વિવિધ પ્રકારના સજીવોને બચાવવા માટે આ અંગે યોગ્ય કાયદાકીય માર્ગદર્શનની જરૂર પડે છે. મોટી સંસ્થામાં લો ઓફિસર તરીકે કે એડવોકેટ તરીકે કાર્ય કરી શકાય અને સારું મહેનતાણું મેળવી શકાય.. યુનિવર્સિટીમાં પ્રાણી કાયદાઓ અંગે ખાસ અભ્યાસક્રમ ચાલી રહ્યો છે.*

• • •

# ૮. પ્રશ્નોતરી

પ્ર.૧ જો પોલીસ અધિકારી ફરિયાદ ન લે અથવા લઈ લીધા બાદ એફ.આઈ.આર. તરીકે નોંધણી ન કરે અથવા નોંધણી કર્યા બાદ તાત્કાલિક પગલાં ન લે તો શું કરવું ?

જ. વિવિધ કાયદા અનુસાર અને આ પુસ્તકમાં દર્શાવેલ વિવિધ પરિપત્રો અનુસાર પોલીસ અધિકારીની કાયદાકીય ફરજ છે કે ફરિયાદ લઈ નોંધવી અને તેની તપાસ કરવી. સામાન્ય રીતે પોલીસને લેખિતમાં ફરિયાદ આપવી જોઈએ. જો ફરિયાદ ન નોંધાય તો ઉચ્ચ અધિકારીઓને લેખિત ફરિયાદ મોકલવી જોઈએ, તે છતાં પણ ફરિયાદ ન નોંધવામાં આવે તો કોર્ટમાં જઈ ફરિયાદ કરવી જોઈએ. ફરિયાદ નોંધ્યા બાદ જો તાત્કાલિક પગલાં લેવામાં ન આવે તો ફેક્સ કે રજી. એ.ડી.થી ઉચ્ચ અધિકારીઓને તે અંગેની તમામ વિગતો તાત્કાલિક મોકલવી જોઈએ.

પ્ર.૨ પોલીસ યોગ્ય તપાસ ન કરે, આરોપીઓને અધૂરી તપાસનો ફાયદો મળી રહે, ફરિયાદમાં યોગ્ય કાયદાઓની યોગ્ય કલમોનો ઉલ્લેખ કરવામાં ન આવે તો શું કરવું ?

જ. ઉપરોક્ત સંજોગોમાં ક્યા કાયદાની કઈ કલમો લાગુ પડે છે, ફરિયાદમાં દર્શાવેલા આરોપીઓ સિવાય અન્ય ક્યા આરોપીઓ સંડોવાયેલા છે, કઈ કઈ બાબતો અંગે પોલીસે યોગ્ય તપાસ કરવી જરૂરી છે તે તમામ વિગતો લેખિતમાં જે તે પોલીસ અધિકારી અને તેમના તમામ ઉચ્ચ અધિકારીઓ તથા ગૃહ વિભાગને રજી.એ.ડી. કે ફેક્સ મારફતે મોકલવી.

પ્ર.૩ યોગ્ય તપાસ કર્યા વિના જો ચાર્જશીટ કરવામાં આવે કે જેમાં યોગ્ય કલમો લખેલ ન હોય અને ગુન્હા સાથે સંકળાયેલ આરોપીઓને આરોપી તરીકે દર્શાવેલા ન હોય તો શું કરવું ?

જ. ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૭૩(૮) મુજબ ઉક્ત તમામ વિગતો દર્શાવતી એક અરજી પોલીસ અધિકારીને આપવી અને તેમને વિનંતી કરવી કે ચાર્જશીટ થયા બાદ પણ તેઓને વધુ તપાસ કરવાનો હક્ક છે. જો અધિકારી વધુ તપાસ કરવા ન માંગે તો ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૭૩(૮) મુજબ જે તે કોર્ટમાં કે જ્યાં ચાર્જશીટ થયેલું હોય ત્યાં આવી અરજી આપવી.

પ્ર.૪ ઘણા ગંભીર ગુન્હામાં કે નિયમિત રીતે ગુન્હો કરનાર આરોપીને જામીન આપવામાં આવે તો તે રદ કરાવવા શું કરવું ?

જ. જ્યારે આરોપી જામીન અરજી દાખલ કરે ત્યારે જ તે જામીન અરજીનો યોગ્ય વિગતો દર્શાવી વિરોધ કરવો જોઈએ, તે છતાં જો જામીન આપવામાં આવે તો ઉપલી અદાલતમાં આ જામીન હુકમ રદ કરાવવા કાયદેસર કાર્યવાહી થઈ શકે.

પ્ર.૫ ગંભીર ગુન્હાઓમાં કે વારંવાર ગુન્હો કરવાની ટેવવાળા આરોપીનું વાહન છોડવામાં આવે કે પ્રાણી કાયદા હેઠળ કોઈક વાહન એકથી વધુ વાર સંડોવાયેલ હોય તો તે વાહન ના. કોર્ટ ન છોડે તે અંગે શું કરવું ?

જ. આ પુસ્તકમાં પ્રાણી કાયદા હેઠળ એકથી વધુ વાર કોઈક વાહન સંડોવાયું હોય તો વિધાનસભા પ્રશ્નોતરી પ્રમાણે જે તે પોલીસ અધિકારીએ અથવા તો જે તે કોર્ટે આર.ટી.ઓ.માં તે અંગેની જાણ કરી તે અંગે યોગ્ય નોંધ કરવા હુકમ કરવો. તદ્ઉપરાંત જે તે કોર્ટ સમક્ષ અગાઉના કેસોની વિગતો મૂકી આ વાહનની હરાજી કરી તેની વેચાણ કિંમત બેન્ક ફીક્સ ડીપોઝીટમાં મુકવી અથવા બેન્ક

ગેરંટીનો હુકમ કરવા સૂચન કરવું.

પ્ર.૬ ચાલુ કેસે પ્રાણીઓની કસ્ટડી આરોપી કે કસાઈને આપવામાં આવે તો શું કરવું ?

જ. ઉપરોક્ત સંજોગોમાં સેશન્સ કોર્ટમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૩૯૭ હેઠળ રિવિઝન અરજી કરી શકાય, તે જ રીતે તે હુકમ વિરુદ્ધ ના. હાઈકોર્ટમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૪૮૨ અને ભારતના બંધારણના આર્ટીકલ ૨૨૬, ૨૨૭ મુજબ રીટ પીટીશન દાખલ કરી શકાય.

પ્ર.૭ પ્રાણી અંગેનો કેસ સંપૂર્ણ થયા બાદ પાંજરાપોળને પ્રાણીઓના ભરણપોષણનો ખર્ચ ન મળે તો શું કરવું ?

જ. ખરેખર તો જ્યારે ફરિયાદ થાય તે સમયે જ તે કોર્ટમાં લેખિત અરજી આપી પ્રાણીઓના ભરણ પોષણના ખર્ચની વિગતો જણાવી કેસનો નિકાલ થાય તે પહેલા પાંજરાપોળને નોટિસ કાઢી પ્રાણીઓનો ખર્ચ અપાવ્યા બાદ જ આરોપી અંગે ચુકાદો જાહેર કરવો તેવી વિનંતી કરવી જરૂરી છે. તદ્ઉપરાંત પાંજરાપોળને ભરણપોષણનો ખર્ચ ન અપાયો હોય તો તે હુકમ રિવિઝન કે અપીલ કરી ઉચ્ચ અદાલતમાં પડકારી શકાય.

પ્ર.૮ જાહેરમાં ગેરકાયદેસર રીતે માંસ, મચ્છી વેચવી કે કતલખાના ચલાવવા ઉપર પ્રતિબંધ કેવી રીતે મૂકી શકાય ?

જ. મ્યુનિસિપાલિટી કે કોર્પોરેશનને તે અંગે લેખિત ફરિયાદ કરવી, તે અંગે પોલીસ અધિકારીને પણ યોગ્ય લેખિત ફરિયાદ કરવી, તેમને આ પુસ્તકમાં દર્શાવેલા ચુકાદાઓ દર્શાવવા, જો તે અંગે હકારાત્મક પગલાં ન લેવામાં આવે તો ના. હાઈકોર્ટમાં આવા ગુન્હાઓ થતા અટકાવવા માટે સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લિકેશન કે જાહેર હિતની રીટ પીટીશન કરી શકાય.

• • •

# સૂચિત મુસદ્દા

# [SUGGESTED DRAFTINGS]

## ૧. પ્રાણીઓને ગેરકાયદેસર ક્રૂરતા આચરી કતલખાને લઈ જવાઈ રહ્યાં છે તે બાબતની ફરિયાદ.

*ગુના રજિસ્ટર નં.* *સ્થળ :*

*પ્રતિશ્રી,* *તારીખ :*

*મે. પોલીસ ઈન્સ્પેક્ટર સાહેબ,*

*પોલીસ સ્ટેશન,*

*મુ.*

**વિષય : પ્રાણીઓને ગેરકાયદેસર ક્રૂરતા આચરી કતલખાને લઈ જવાઈ રહ્યાં છે તે બાબતની ફરિયાદ.**

*(૧) ગુન્હો થયાની તારીખ તથા કલાક :*

*(૨) ગુન્હાની જગા તથા પોલીસ થાણાથી અંતર તથા દિશા :*

*(૩) ખબર આપનાર ફરિયાદીનું નામ તથા રહેવાનું ઠેકાણું :*

*(૪) તહોમતવાળાનું નામ તથા રહેવાનું ઠેકાણું :*

*(૧) ટ્રકના માલિકનું નામ અને સરનામું :*

*(૨) ડ્રાયવરનું નામ અને સરનામું :*

*(૩) ક્લિનરનું નામ અને સરનામું :*

*(૪) મજૂરનું નામ અને સરનામું :*

*(૫) પશુના માલિકનું નામ અને સરનામું.*

*(૬) પશુ મોકલનાર અને મંગાવનાર વોન્ટેડ આરોપીનાં નામ-સરનામાં :*

*(૫) ગુન્હાનું ટૂંકું વર્ણન કલમ, અને કાંઈ માલમત્તા લઈ જવામાં આવી હોય તો તેનું ટૂંકું વર્ણન*

**કલમ :**

*(૧) મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમન ૧૯૫૪ ની કલમ ૫,૮,૯,૧૦*

*(૨) પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ની કલમ ૩ તથા કલમ ૧૧ ઘ,ચ,ક,ઝ,ડ તથા ૨૯ (૧) (૩) (૫) તથા ૩૮ (૩)*

*(૩) ગુજરાત આવશ્યક ચીજવસ્તુ ધારો કેટલ (કંટ્રોલ) એક્ટ ૨૦૦૫ ની કલમ ૪ તથા ૯*

*(૪) મુંબઈ પોલીસ એક્ટ ૧૯૫૧ ની કલમ ૧૧૯*

*(૫) ગુજરાત મોટર વ્હીકલ્સ રુલ્સ ૧૯૮૯ રુલ નં. ૧૨૩ નો ભંગ.*

*(૬) ગુજરાત કેટલ મુવમેન્ટ કંટ્રોલ ઓર્ડર ૧૯૭૫ નો ભંગ.*

*(૭) ગુજરાત ડીસીસીઝ ઓફ એનિમલ્સ કંટ્રોલ એક્ટ ૧૯૬૩ નો ભંગ.*

**ટૂંકી વિગત :** **પશુની જાત તથા સંખ્યા :**

**ટ્રક/ટેમ્પો નંબર :** **ક્યાં લઈ જવાના**

**પશુ કયાંથી ભરેલ :**

Vfr Ëëlwt Ikk{ yIkuMhIkk{wt

પ્રતિ,

પોલીસ સ્ટેશન અધિકારીશ્રી,

પોલીસ સ્ટેશન,

મહેરબાન સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે, અમો નીચે સહી કરનાર પ્રાણી રક્ષામાં માનીએ છીએ અને તે અંગેની પ્રવૃત્તિ કરીએ છીએ. ઉપરાંત ભારતીય બંધારણનું આર્ટિકલ ૫૧ (A) (g) અને ૪૮-અ મુજબ દરેક નાગરિકની ફરજ બને છે કે કોઈપણ પ્રકારના સજીવની રક્ષા થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

આજ રોજ એક ટ્રક ..............................વિસ્તારમાંથી જતી હતી અને તે અંગે પૂર્વ બાતમી હતી કે પ્રાણીઓ અંગેના તમામ કાયદાની જોગવાઈઓનો ભંગ કરીને ગેરકાયદેસર રીતે પ્રાણીઓને કતલખાને લઈ જવા માટે ખોટા દસ્તાવેજો બનાવી, પ્રાણીઓને ખીચોખીચ લાદી એક ટ્રક પસાર થવાની છે, તેવી માહિતીના આધારે એક ટ્રક આવી રહેલ જોતાં પોલીસે/અમોએ એ ટ્રક ઊભી રાખવા માટે હાથ કરતાં એ ઊભી રહેલ નહીં અને ભાગવા માંડેલ. તેથી તેનો પીછો કરતાં....................સ્થળે ટ્રક એકાએક અટકી ગઈ અને ટ્રક ચાલક અને ક્લિનર ભાગવા લાગતાં તેને તાત્કાલિક પકડી લીધેલ.

ટ્રક ચાલક અને ક્લિનરની પૂછ-પરછ કરતાં તેઓએ જણાવેલ કે, આ બંધ બોડીની ટ્રકમાં ઘાસ ભરેલ છે. પરંતુ તેમાં ગેરકાયદેસર રીતે ભરેલ પ્રાણીઓ કતલખાને લઈ જતા હતા એવું જાહેર ન કરી ઉપરોક્ત ખોટું નિવેદન કરેલ. વધુમાં આરોપીઓએ પૂછ-પરછ કરતાં જણાવેલ કે તેઓ પ્રાણીઓને બનાસકાંઠા/ભરૂચ/સુરત/ વલસાડ જિલ્લામાં લઈ જવાના હતાં.

નજીકની બે વ્યક્તિઓને પંચો તરીકે બોલાવી ટ્રકની ઉપરનું આવરણ દૂર કરતાં કુલ........... ભેંસ અને કુલ........ગાય તથા .......... ઘેટાં-બકરાં એકબીજાની ઉપર એમ ખીચોખીચ ભરેલાં જણાયેલ. તમામ પ્રાણીઓ ભૂખ્યાં-તરસ્યાં હતાં અને પાણીની અને ઘાસચારાની કોઈ વ્યવસ્થા નહોતી. કેટલાંક પ્રાણીઓને એટલી ઈજા થયેલ કે તેમને લોહી નીકળતું હતું અને તેમાંનાં અમુક પ્રાણીઓ ત્યાં જ મૃત્યુ પામે તેવી સ્થિતિનાં થઈ ગયેલ હતાં. આ પ્રાણીઓનાં મળમૂત્ર એકબીજાના શરીરની ઉપર થયેલાં હતાં અને સખત દુર્ગંધ આવતી હતી.ફર્સ્ટ એઈડની કોઈ સુવિધા કરેલ નથી.

આરોપીઓ તથા ટ્રકની સંપૂર્ણ તપાસ કરતાં આ પ્રાણીઓની હેર-ફેર કરવા માટેના કોઈપણ પ્રકારના પ્રમાણપત્ર કે પરમિટ મળી આવેલ નહીં.

આરોપીઓને આ અંગે પૂછ-પરછ કરતાં તેઓ આ પ્રાણીઓ કતલખાને લઈ જવાના હેતુસર ખરીદેલ છે અને કતલખાને કતલ કરવા માટે આ પ્રાણીઓ અન્ય આરોપીઓ ........એ મંગાવેલ છે તેવું જણાવેલ છે. (પરંતુ તેમનાં નામ આપવાનો ઈન્કાર કરે છે.) ઉપરાંત કતલખાને મોકલનાર તેમના અન્ય સાગરીતોનાં નામ આપવાનો પણ ઈન્કાર કરે છે. (જો તેમણે નામો આપ્યા હોય તો તે નામો અહીં લખો.) તેમની પાસે કોઈપણ પ્રકારના પાસ કે પરમિટ હોવા અંગે સાચી હકીકતો બતાવતા નથી.

પ્રાણી ક્રૂરતા નિવારણ ધારો-૧૯૬૦ ની કલમ -૩ મુજબ પ્રાણીઓ જે વ્યક્તિની કસ્ટડીમાં હોય તેની પ્રાણીઓની પૂરતી સાર-સંભાળ રાખવાની ફરજ છે અને આ પ્રાણીઓને બિનજરૂરી દુ:ખ અને ક્રૂરતા ન થાય તે જોવાની ફરજ ઉપરાંત આજ કાયદાની કલમ -૧૧ (૧) ની પેટા કલમ (A) મુજબ પ્રાણીઓને મારવું કે તેની ઉપર બિનજરૂરી વજન લાદવું કે ત્રાસ આપવો કે કોઈપણ પ્રાણીને બિનજરૂરી તકલીફ કે ક્રૂરતા પહોંચાડવી ગુનો છે. ઉપરાંત કલમ ૧૧ (૧) (d) મુજબ કોઈપણ વ્યક્તિ કોઈપણ વાહનમાં પ્રાણીને ત્રાસ થાય તેવી રીતે લઈ જઈ શકે

નહીં. આજ કલમની પેટા કલમ (f) મુજબ કોઈપણ પ્રાણીને લાંબા સમય સુધી ચેઈનથી કે અન્ય રીતે બાંધી રાખી શકાય નહીં. આ જ કલમની પેટા કલમ (h) મુજબ કોઈપણ પ્રાણીને ભૂખ્યું કે તરસ્યું કે રક્ષણ વિના રાખી શકાય નહીં. આ જ કલમની પેટા કલમ (k) મુજબ કોઈપણ પ્રાણીને ભૂખ્યું, તરસ્યું કે લદાયેલું કે અન્ય રીતે ખરાબ વર્તન કરી વેચાણ માટે આપી ન શકાય. ગુનેગારોએ ઉક્ત તમામ ગુનાઓ કરેલ હોવાથી દરેક પેટા કલમનો અલગ-અલગ ગુનો દાખલ કરવા વિનંતી. પ્રાણીઓને કતલખાને મોકલવાનો પ્રયત્ન (એટેમ્પ્ટ) થયો હોઈ બોમ્બે એનિમલ રિઝર્વેશન એક્ટની કલમ-૫, ૮, ૧૦ હેઠળ છ મહિનાની સજાનો ગુનો બને છે. આ ગુનો કોગ્નાઈઝેબલ છે.

ગુજરાત પ્રાણી (હેરફેર નિયંત્રણ) ઓર્ડર ૧૯૭૫ મુજબ ગુજરાતના કોઈપણ જિલ્લામાંથી વલસાડ, ભરુચ, સુરત, બનાસકાંઠામાં કલેક્ટરશ્રીની પરવાનગી વિના પ્રાણીઓ મોકલવા પર પ્રતિબંધ છે.

આવી પરવાનગી વિના પ્રાણીઓની હેરફેર કરનારને ગુજરાત આવશ્યક ચીજ-વસ્તુઓ અને કેટલ (કંટ્રોલ) ધારા, ૨૦૦૫ ની કલમ ૯ (૧) (બ) મુજબ ત્રણ વર્ષની સજા થાય. આ કોગ્નાઈઝેબલ ગુનો છે. ઉપરાંત જે તે કોર્ટને સજા કરતી વેળા વાહન અને પ્રાણી સરકારમાં ખાલસા કરવાની સત્તા છે. આ અંગે ખોટું નિવેદન આપનારને કલમ -૧૧ હેઠળ ત્રણ વર્ષની સજા થઈ શકે. ઉપરાંત ગુનો પુરવાર કરવાનું (burden of proof) સરકાર પર નહિ પણ આરોપીની જવાબદારી છે.

ગુજરાત મોટર વ્હીકલ્સ રુલ્સ ૧૯૮૯ ના નિયમ ૧૨૩ મુજબ એક પ્રાણીદીઠ વાહનમાં ૨ મીટર x ૧ મીટરની જગ્યા જોઈએ ઉપરાંત બીજી સગવડો જોઈએ જે નહોતી. તેથી મોટર વ્હીકલ્સ એક્ટ મુજબનો ગુનો બને, દંડ થાય, વાહન જપ્ત કરી શકાય.

કેન્દ્ર સરકારના ટ્રાન્સપોર્ટ ઓફ એનિમલ્સ નિયમો ૧૯૭૮ ના નિયમો ૪૭ થી ૫૬ મુજબ ભેંસના વાહન વ્યવહાર વેળા વેટરીનરી ડૉક્ટરનું પ્રમાણપત્ર, ફર્સ્ટ એઈડ સાધનો વગેરે જોઈએ. એક પ્રાણીદીઠ ઓછામાં ઓછી બે સ્કવેર મીટર જગ્યા જોઈએ. એટલે કે દસ પ્રાણીઓ હતાં તો ૨૦ સ્કવેર મીટરને બદલે ફક્ત ચોથા ભાગની જગ્યામાં ૧૦ પ્રાણીઓ ખડેદેલ. તે સિવાય અમુક સગવડો હોવી જોઈએ તે નિયમો ભંગ કરી પ્રાણી ક્રૂરતા કાયદા ૧૯૬૦ ની કલમ -૩૮ ના ભંગ કરેલ છે. તેથી તે જ કાયદાની કલમ -૨૯ મુજબ સજા કરતી વેળા નામ. કોર્ટને તે પ્રાણી રાજ્યસાત કરવાના હુકમ કરવાની સત્તા છે, ખાસ કરીને કોર્ટને જ્યારે એમ લાગે કે માલિકને સોંપવાથી પ્રાણી સાથે વધુ ઘાતકી વર્તન થશે.

તેથી સજા ફેળા આ પ્રાણીઓ રાજ્યસાત કરવા વિનંતી. (ફરિયાદ અને ચાર્જશીટમાં આ બાબતનો ઉલ્લેખ કરી નામ. કોર્ટને પ્રાણીઓ રાજ્યસાત થવા હુકમ કરવા વિનંતી કરવી જોઈએ- જે નથી થઈ.)

આ કેસમાં આ આરોપીઓએ ભારતીય ફોજદારી ધારાની કલમ - ૪૨૯ નો ગુનો કરવાનો સઘન પ્રયાસ (એટેમ્પ્ટ) કરેલ છે.

પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ હેઠળના ટ્રાન્સપોર્ટ ઓફ એનિમલ્સ રુલ્સ (સુધારેલા નિયમો) ૨૦૦૧ ના નિયમ-૯૬ નીચે પ્રાણીઓને વહન કરતી વખતે પ્રાણીઓને વહન કરવા માટેના બનાવેલા નિયમોની તમામ જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું છે તેવું એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના માન્ય પ્રતિનિધિ દ્વારા અપાયેલ સેટેસ્ફેક્ટરી (સંતોષજનક) સર્ટિફિકેટ વાહનના સંચાલકે અવશ્ય મેળવવાનું હોય છે અને જો આવું પ્રમાણપત્ર ન હોય તો વાહન ટ્રાન્સપોર્ટ માટે રવાના કરી શકાતું નથી. પ્રસ્તુત કેસમાં કોઈ આવું પ્રમાણપત્ર મેળવી સાથે રાખેલ ન હોવાથી P.C.A. ની કલમ હેઠળ અલગ ગુનો કરેલ છે.

અમો હિન્દુ ધર્મી છીએ અને હિન્દુ ધર્મમાં અતૂટ શ્રદ્ધા ધરાવીએ છીએ. હિન્દુ ધર્મની માન્યતા પ્રમાણે ગાય માતા છે અને તેમાં ૩૩ કરોડ દેવતાઓનો સમાવેશ થયેલ છે અને ગાયને સમગ્ર હિન્દુ સમાજની પૂર્ણ શ્રદ્ધાનું પ્રતીક ગણવામાં આવ્યું છે અને તેના પ્રત્યેની કોઈપણ પ્રકારની ક્રૂરતા, ત્રાસ, હેરાનતગતિ કે કતલનો પ્રયત્ન એ હિન્દુ સમાજની અને ફરિયાદીની ધાર્મિક લાગણીને અત્યંત દુભાવનારી ઘટના છે. આ આરોપીઓએ તેમનાં

કૃત્યોના કારણે મારી અને હિન્દુ ધર્મવાળી અન્ય વ્યક્તિઓની લાગણી દુભાવી છે અને ભારતીય ફોજદારી ધારાની કલમ-૨૯૫ (A) મુજબનો બિન-જામીનપાત્ર ગુનો કર્યો છે.

આરોપીઓ પાસેથી પકડાયેલ દસ્તાવેજો તથા આરોપીઓનાં નિવેદનોની સ્પષ્ટ તપાસ કરી તેમણે રજૂ કરેલ કાગળો, દસ્તાવેજો સાચા છે કે ખોટા તેની તપાસ કરી જો દસ્તાવેજો ખોટા હોય તો ઈ.પી.કો. કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૨ વગેરે ગુનાઓ પણ દાખલ કરવા જોઈએ.

પ્રાણીઓ સહિતના વાહનનો ફોટો પાડી નામ. કોર્ટ સમક્ષ રજૂ કરવા વિનંતી. ઉપરાંત પ્રવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ (સ્લોટર હાઉસ) રુલ્સ-૨૦૦૧ ના રુલ નં.-૩ ની જોગવાઈ મુજબ સમગ્ર ભારતમાં કોઈપણ જગ્યાએ ચાલતા રજિસ્ટર્ડ અને માન્યતા પ્રાપ્ત કતલખાના સિવાય કોઈપણ વર્ગના પ્રાણીની કતલ કરવા પર પ્રતિબંધ છે. આરોપીઓ રજિસ્ટર્ડ અને માન્ય કતલખાનામાં પ્રાણીઓને લઈ જતાં જણાયાં નથી. તેથી આ નિયમો અનુસાર તે સ્વતંત્ર ગુનો બને છે.

ઉપરાંત પ્રાણીઓને કતલખાને મોકલનાર માલિકો તથા આ પ્રાણીઓને કતલ માટે મંગાવનાર ગેરકાયદેસર કતલખાનું ચલાવનાર આરોપીઓને વોન્ટેડ આરોપીઓ બતાવી તેમની સામે કાયદેસર કરવા વિનંતી. આ ગુનાના તમામ આરોપીઓએ પૂર્વયોજિત કાવતરાના ભાગરૂપે ગુનો કરવાનો સંપૂર્ણ પ્રયાસ એકબીજાના મેળાપીપણામાં, એકબીજાને સંપૂર્ણ મદદગારી કરી, કર્યો છે અને જો સ્થળ પરના આરોપીઓ ન પકડો તો પ્રાણીઓની કતલ થઈ જાત. ઈ.પી.કો.ની કલમો ૧૧૪, ૩૪, ૧૨૦-બી લગાડવા વિનંતી.

પોલીસ કમિશનરશ્રી સિવાયના વિસ્તારમાં પ્રાણીઓને મારવા, ઉશ્કેરવા, નુકસાન પહોંચાડવું તે પ્રત્યે ખરાબ વર્તન કરવું કે મારવા કે ખરાબ વર્તન માટે પ્રાણી મેળવવા તે પણ ગુનો બને છે. તે પણ મુંબઈ અધિનિયમની કલમ-૧૧૯ હેઠળ ગુનો બને છે.

ભૂંડને ગેરકાયદેસર હેરફેર કરેલ હોય અને તે અંગેનો P. C. A. હેઠળ ટ્રાન્સપોર્ટ ઓ. એનિમલ્સ નિયમો -૨૦૦૧ અંતર્ગતના ચેપ્ટર-૮ ના નિયમો ૮૫ થી ૯૫ ની વિવિધ જોગવાઈઓનો ભંગ કરેલ હોય તે અંગેનો ગુનો બને છે.

બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિ. કોર્પોરેશન એક્ટ મુજબ કમિશનરશ્રીની પરવાનગી વિના કોઈપણ પ્રાણીની પૂર્વ મંજૂરી વિના કતલ કરવાના હેતુસર આયાત ન થઈ શકે કે કતલ ન થઈ શકે. કલમ -૩૩૫ મુજબ મ્યુનિ. કમિશનરશ્રીની પૂર્વ મંજૂરી વિના ખોરાક તરીકે વાપરવા માટે કોઈપણ પ્રાણી મંગાવી ન શકાય કે પ્રાણીનું માંસ કે જે બિન-પરવાનગીવાળા સ્થળે કતલ થયેલ હોય આ સંજોગોમાં કોઈપણ પોલીસ અધિકારી કે કોર્પોરેશન અધિકારી કે રેલવે અધિકારી આરોપીને વોરન્ટ વિના અટક કરી શકે અને મુદ્દામાલ જપ્ત કરી શકે. તેથી તે કલમનો ઉમેરો કરવા વિનંતી.

નામ. હાઈકોર્ટ અને નામ. સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદા મુજબ વિવિધ તબક્કે પાંજરાપોળને લોક્સસ્ટેન્ડી છે. તેથી પ્રાણીઓની કે વાહનની કસ્ટડી માટે અરજી કરે તો તે અરજીઓ ઉપર હુકમ કરતાં પહેલાં અમોને જાણ કરવા વિનંતી.

ટ્રાયલના અંતે ફરિયાદી પી.સી.એ. કાયદાની કલમ.. હેઠળ, આરોપીને સજાના સંજોગોમાં આરોપીએ ગુના અંગે વાહન તથા પ્રાણી રાજ્યસાત કરવા વિનંતી કરીશું. ઉપરાંત આરોપી પ્રાણીઓનો વેપાર ન કરી શકે તેવો હુકમ કરવા વિનંતી કરીશું.

આ બાબતે યોગ્ય તપાસ કરાવી, યોગ્ય કલમોનો ઉમેરો કરી નામ. કોર્ટને રિપોર્ટ કરવા વિનંતી.

**નોંધ :** સદર કેસ અંગે સારી ચાલચલગતવાળા, અગાઉના કોઈ કેસોમાં પંચ તરીકે ન રહ્યા હોય તેવા સ્વતંત્ર અને ભણેલા પંચો રાખવા વિનંતી.

• • •

## ૨. જામીન આપવા સામે વિરોધ

Ikk{Ëkh su.yu{.yuVMe. fkuo,    rsÕ:ku.

*ગુ. ર. નંબર - ૨૦૦૭*
*જામીન અરજી નં. -૨૦૦૭*

### વિષય : જામીન આપવા સામે વિરોધ

*અમો ફરિયાદી/પાંજરાપોળ/જીવદયા અર્થે કામ કરતી સંસ્થા વતી નમ્ર અરજ છે કે,*

(૧) *આ કેસની ફરિયાદની વિગતો જોતાં આરોપીઓ નિયમિત અને મોટા પાયે બિન-જામીનપાત્ર ગુનો કરવાની ટેવવાળા છે. ઉપરાંત હોલ તપાસ ચાલુ છે. ઉપરાંત તેમનું સાચું કોઈ ઠેકાણું નથી. ઉપરાંત તેઓ નાસી ભાગી જાય તેવા છે. તેમજ તેમને જો જામીન ઉપર છોડવામાં આવે તો નિર્દોષ પ્રાણીઓની કતલ ફરીથી શરૂ થઈ જશે.*

(૨) *આ કામના આરોપીઓએ પોલીસ સમક્ષ સાચી માહિતી રજૂ કરી નથી અને પોલીસને ગેરમાર્ગે દોરેલ છે. આ કામના આરોપીઓ કતલ કરનારા રીઢા ગુનેગારો છે. તેથી તેમને જામીન ઉપર ન છોડવા વિનંતી.*

(૩) *જો નામ. કોર્ટ એવા તારણ ઉપર આવે કે, આરોપીઓને જામીન ઉપર છોડવા જોઈએ તો નીચે મુજબની શરતોવાળું અન્ડરટેકિંગ આરોપીને જામીન અરજી ઉપર હુકમ કરતાં પહેલા નામ. કોર્ટ સમક્ષ રજૂ કરવા હુકમ કરવા વિનંતી છે.*

  (૧) *અમો આરોપી અગાઉ પ્રાણીઓને મારવા કે ક્રૂરતા પહોંચાડવા અંગેના કોઈપણ કેસમાં સંડોવાયા નથી અને હવે પછી એવી કોઈપણ પ્રવૃત્તિ કરીશું નહીં.*

  (૨) *અમારી સાથે પકડાયેલ વાહન અગાઉ પ્રાણી ક્રૂરતા કે કતલ અંગેના કોઈપણ ગુનામાં સંડોવાયું નથી અને હવે પછી સંડોવાશે નહીં.*

• • •

## ૩. વાહન પરત મેળવવાની અરજી અંગે વાંધા.

નામદાર જે. એમ. એફ.સી. કોર્ટ,
ગુ. ર. નંબર /૨૦૦૭
અરજી નં. /૨૦૦૭

### વિષય : વાહન પરત મેળવવાની અરજી અંગે વાંધા.

**અમો ફરિયાદી/પાંજરાપોળ/જીવદયા અર્થે કામ કરતી સંસ્થા વતી નમ્ર અરજ છે કે,**

(૧) આ કેસની ફરિયાદની વિગતો જોતાં આરોપીઓ નિયમિત અને મોટા પાયે બિન-જામીનપાત્ર ગુનો કરવાની ટેવવાળા છે. ઉપરાંત હાલ તપાસ ચાલુ છે. ઉપરાંત તેમનું સાચું કોઈ ઠેકાણું નથી. ઉપરાંત તેઓ નાસી ભાગી જાય તેવા છે. તેમજ તેમનું જો વાહન છોડવામાં આવે તો નિર્દોષ પ્રાણીઓની કતલ ફરીથી શરૂ થઈ જશે.

(૨) આ કામના આરોપીઓએ પોલીસ સમક્ષ સાચી માહિતી રજૂ કરી નથી અને પોલીસને ગેરમાર્ગે દોરેલ છે. આ કામના આરોપીઓ પશુ કતલ કરનારા રીઢા ગુનેગારો છે. તેથે તેમનું વાહન ન છોડવા વિનંતી.

(૩) સૌ પ્રથમ પોલીસ અધિકારીને હુકમ કરવામાં આવે કે, તેમણે ગુજરાત રાજ્યનાં તમામ પોલીસ સ્ટેશનમાં વાયરલેસ દ્વારા તપાસ કરી નામ. કોર્ટ સમક્ષ નિવેદન કરવું કે પકડાયેલ વાહન અગાઉ કોઈ ગુનામાં સંડોવાયું છે કે નહીં. સાથો-સાથ અરજદાર પાસે પણ લેખિત અન્ડરટેકિંગ માંગવું કે સદર વાહન અગાઉ અન્ય ગુનામાં સંડોવાયું છે કે નહીં અને તે અંગે કોઈ નામ. કોર્ટની શરતો અમલમાં છે કે નહીં. જ્યાં સુધી આ તમામ તપાસ પૂરી ન થાય ત્યાં સુધી ઉક્ત અરજી અંગે કોઈપણ હુકમ ન કરવા વિનંતી.

(૪) પોલીસ અધિકારીને એવો પણ હુકમ કરવામાં આવે કે આ ગુનાની બધી વિગતો અને સંડોવાયેલ વાહનની બધી વિગતો ક્ષેત્રીય આર.ટી.ઓ. ઓફિસમાં જણાવી ત્યાં આ વિગતો નોંધ થયા અંગે સોગંદનામું રજૂ કરવામાં આવે.

(૫) વિકલ્પે જો નામદાર કોર્ટ એવા તારણ ઉપર આવે કે વાહન છોડવું જોઈએ તો કોઈપણ પ્રકારનો હુકમ કરતાં પહેલાં નીચેની શરતોવાળુ બોન્ડ/અન્ડરટેકિંગ તથા રોકડ ડિપોઝિટ કરી નામ. કોર્ટ સમક્ષ રજૂ કરવા માટે આરોપીને હુકમ કરવા વિનંતી.

  (૧) આ વાહન અગાઉ પ્રાણીઓને મારવા કે ક્રૂરતા પહોંચાડવા અંગેના કેસમાં વપરાયું નથી અને હવે પછી વપરાશે નહીં.

  (૨) ઉક્ત કેસના આખરી નિકાલ સુધી આ વાહન અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય રીતે તબદીલ કરીશ નહીં.

  (૩) નામ. કોર્ટ જ્યારે ફરમાવે ત્યારે અને ત્યાં મુદ્દામાલ વાહન રજૂ કરીશ.

  (૪) તપાસ અધિકારી કે ફરિયાદી કે જીવ રક્ષા અંગે કામ કરતી સંસ્થાની સાત દિવસ અગાઉ મળેલ નોટિસ અંગે મુદ્દામાલ વાહનતપાસ અધિકારી સમક્ષ રજૂ કરવાની ખાત્રી આપું છું.

  (૫) સમગ્ર કેસ ચાલે ત્યાં સુધી મુદ્દામાલ વાહનના દેખાવમાં કે મશીનરીમાં ફેરફાર કરીશ નહીં.

**નોંધ :** આ કેસ નોંધાયાની તથા મુદ્દામાલની અરજી હુકમની જાણ અલગ યાદી મારફત સક્ષમ આર.ટી.ઓ. અધિકારીને કરવા વિનંતી.

## ૪. પ્રાણીઓની કસ્ટડી અંગેની મુદ્દામાલ અરજી સામે વાંધા

**Ikk{Ëh suyu{ yüVMe. fkuo, rsÕku.**

*ગુ. ર. નંબર - ૨૦૦૭*
*અરજી નં. -૨૦૦૭*

### વિષય : પ્રાણીઓની કસ્ટડી અંગેની મુદ્દામાલ અરજી સામે વાંધા

*ઉક્ત કેસમાં આ કામના અરજદારો જે ખરેખર આ કામના આરોપી પણ છે, (અથવા હોવા જોઈએ) તેમણે નિર્દોષ પ્રાણીઓની કતલ કરવાનો પ્રયાસ નિષ્ફળ જવાથી પ્રાણીઓની કસ્ટડી પરત લેવા બાબત કરેલ અરજી નીચેના કારણોસર નામંજૂર કરવા વિનંતી.*

(૧) *નામ. સુપ્રીમ કોર્ટના છેલ્લા ચુકાદા ૨૦૦૨ (૩)* G. L. H. (U.J.) 8 *સ્ટેટ ઓફ યુ.પી. વિરુદ્ધ મુસ્તકીમ અન્વયે* P. C. A. *૧૯૬૦ કાયદા હેઠળ જ્યારે ગુનો બન્યો હોય અને ફરિયાદમાં એવો આક્ષેપ હોય કે પ્રાણીઓને કતલ માટે લઈ જવાતાં હતાં ત્યારે માલિકને પ્રાણીઓની કસ્ટડી આપી શકાય નહીં.*

(૨) *હાલ તપાસ ચાલુ છે અને પ્રાણીઓ સહીસલામત સુખેથી પાંજરાપોળમાં રાખેલ છે. તેમને બીજી કોઈ તકલીફ નથી. અમો તેમને અલગ રાખી નિયમિત સારવાર, દવા-દારૂ, યોગ્ય આહાર અને સૌથી અગત્યની બાબત તે પ્રેમ અને હૂંફ આપી રહ્યા છીએ. તેથી જે કહેવાતા બાપને (માલિક) પોતાના બાળક(પ્રાણી)ની સંભાળ લેવી નથી પણ મારી નાખવા છે, તેને કોઈપણ કોર્ટ કસ્ટડી ન આપે.*

(૩) *આરોપીઓ પાસે આ અબોલ પ્રાણીઓની સાર-સંભાળ રાખી શકે તેવી સલામત જગ્યા છે તેવું જણાવી શક્યા નથી. તેથી આ પ્રાણીઓની કસ્ટડી જો આરોપીને આપવામાં આવે તો તેઓ તેમને સાચવી શકે તેમ નથી અને કસ્ટડી આપવાથી મૂંગા પ્રાણીઓને ખુલ્લામાં કે વેરાન જગ્યામાં રાખવાથી તેમનાં મોત નીપજી શકે છે.*

(૪) *આરોપીઓ પ્રાણીઓની કતલ તથા કતલના હેતુસર હેરા-ફેરી કરવાવાળા ગુનાહીતો છે. એકવાર આ અબોલ પ્રાણીઓને કસ્ટડી આપવામાં આવે તો આ પ્રાણીઓની ટૂંક સમયમાં કતલ થઈ જાય તેવી પૂરી શક્યતા છે. આરોપીઓ એવું અન્ડરટેકિંગ આપે કે જરૂર જણાયે પ્રાણીઓ રજૂ કરશે તો ભવિષ્યમાં તેઓ કોઈ જુદાં જ અન્ય પાણીઓને મુદ્દામાલ તરીકે રજૂ કરે તેવી પૂરેપૂરી શક્યતા છે.*

(૫) *અમારી પાંજરાપોળ ગુજરાત રાજ્યમાં રજિસ્ટર્ડ થયેલી પાંજરાપોળ છે અને ગુજરાત રાજ્યએ રાજ્યમાં કુલ-૨૮૪ પાંજરાપોળને ઈન્ફરમરીઝ જાહેર કરી છે, તે પૈકી અમારી પાંજળાપોળ પણ એક ઈન્ફરમરી પાંજરાપોળ છે. ધી પ્રિવેન્શન ઓફ ક્રૂઅલ્ટી ટુ એનિમલ્સ એકટ- ૧૯૬૦ ની સેકશન-૩૫ મુજબ રાજ્ય સરકાર પ્રાણીઓની સારવાર અને સાર-સંભાળ માટે ખાસ અથવા સામાન્ય ઓર્ડર દ્વારા ઈન્ફરમરીઝ સ્થાપી શકે છે. આમ, અમારી સંસ્થા રાજ્ય સરકારનો વિશ્વાસ સંપાદન કરેલી એક નિષ્ઠાવાન રજિસ્ટર્ડ સંસ્થા છે. આ કાયદાની કલમ-૩૫ (૨) મુજબ જો ઈન્ફરમરીઝ સ્થપાયેલી હોય તો પ્રાણીઓની કસ્ટડી ઈન્ફરમરીઝને આપવા મેજિસ્ટ્રેટને સત્તા આપવામાં આવી છે તે મુજબ પણ પ્રાણીઓની કસ્ટડી અમારી ઈન્ફરમરી સંસ્થાને સોંપવી જોઈએ/ચાલુ રાખવી જોઈએ.*

(૬) અમારા નોંધાયેલ ટ્રસ્ટ કે જેના હિસાબો નિયમિતપણે ઓડિટ થઈ માનનીય ચેરીટી કમિશનરશ્રી સમક્ષ રજૂ થાય છે તે ટ્રસ્ટની બંધારણની નકલ આ સાથે સામેલ છે. તેમજ અમારી સંસ્થા સન .......... થી સ્થપાયેલી છે અને ત્યારથી આજસુધી જુદા જુદા કેસોમાં કતલખાને લઈ જવાતાં હજારો પ્રાણીઓની કસ્ટડી અમારી સંસ્થાને નામ. અદાલતોએ સોંપી છે અને તે તમામ કિસ્સામાં પ્રાણીઓની સુંદર સાર-સંભાળ અમોએ રાખી છે અને નામ. અદાલતોએ મૂકેલ તમામ શરતોનું અમોએ ચુસ્તતાપૂર્વક પાલન કરેલ છે.

(૭) જો પ્રાણીઓની કસ્ટડી અમોને સોંપવામાં આવે/અમોને આપેલ કસ્ટડી ચાલુ રાખવામાં આવે તો અમો નિયમિત પ્રાણીઓની સારી સંભાળ રાખીશું અને નામ. કોર્ટ ફરમાવે ત્યારે તેવા સમયાંતરે આરોપી (કહેવાતા માલિક) ને વકીલની હાજરીમાં ઈન્સ્પેકશન આપીશું.

(૮) અમોએ ઉચ્ચ અધિકારીશ્રીઓને યોગ્ય તપાસ કરવા વિનંતી કરેલ છે જેની નકલ આ સાથે સામેલ છે. તે અરજીમાં દર્શાવેલ મુદ્દા અરજીના મુદ્દા તરીકે ગણવા વિનંતી અને જ્યાં સુધી વિવિધ તપાસ પૂરી ન થાય ત્યાં સુધી આ અરજી ઉપર કોઈપણ હુકમ ન કરવા વિનંતી.

(૯) ભારતીય બંધારણના આર્ટિકલ ૪૮, ૪૯ (A) ૫૧ (A) જેના આધારે વિવિધ કાયદા ઘડાયેલ છે. તે જોગવાઈઓ ધ્યાને લેતાં પ્રાણીઓને કતલ કરનાર વ્યક્તિને સોંપવાનું કાર્ય બંધારણ વિરુદ્ધનું ગણાય.

(૧૦) આ અરજીની સુનાવણી વેળા અમો આપ નામ. કોર્ટ સમક્ષ વિવિધ કેસોમાં સાંકડી જગ્યામાં અસંખ્ય પ્રાણીઓને નિર્જીવ પદાર્થની જેમ જ્યારે લાદવામાં આવે છે ત્યારે આ પ્રાણીઓની અત્યંત ક્રૂર અને દયાજનક પરિસ્થિતિનો ચિતાર તાદ્દશ થાય છે એવા ફોટા રજૂ કરીશું. એટલા માટે તેની હેરા-ફેરી થતી હોય તો તેની હેરા-ફેરી માટે સંબંધિત રેવન્યુ અધિકારી પાસે પ્રાણીઓની પરેડ કરાવી એક પ્રમાણપત્ર મેળવવાનું હોય છે અને આરોપીઓએ આવું કોઈ પ્રમાણપત્ર રજૂ કર્યું નથી. તેથી તેની અરજી સ્વીકારી શકાય તેમ નથી.

(૧૧) કતલખાને જતાં પ્રાણીઓ પકડાય ત્યારે તેની કસ્ટડી જીવદયા સંસ્થાઓને આપવી જોઈએ તેવા ભારતના વિવિધ અદાલતોના ચુકાદાઓ આવેલા છે. તેમાંના અમુક રજૂ છે.

(૧૨) ગુજરાત હાઈકોર્ટના નરોડા મહાજન પરબડી અને ખોડા ઢોર પાંજરાપોળ ટ્રસ્ટ વિરુદ્ધ રાજ્ય સરકારના સ્પે. ક્રિમિનલ એપ્લિકેશન નં. ૧૧૮૪/૦૭ મુજબ પ્રાણીઓની કસ્ટડી અંગે કોઈપણ હુકમ કરતાં પહેલાં પાંજરાપોળને સાંભળવી જરૂરી છે અને પાંજરાપોળને લોકસ્ટેન્ડી છે તેથી આ અરજી કરેલ છે.

(૧૩) આરોપીઓની પ્રાણીઓની કસ્ટડી મેળવવા માટે એવી રજૂઆત છે કે, પ્રાણીઓને કતલખાને લઈ જતા નથી પરંતુ ખેતીના હેતુ માટે પ્રાણીઓની બાપ-દાદાના સમયથી લે-વેચ/ખરીદ/વેચાણનો ધંધો કરે છે. આ બાબતે નામ. અદાલતનું ધ્યાન દોરવાનું કે (આ કહેવાતા માલિકે ગુજરાત મહેસૂલ નિયમો મુજબના ગામના નમૂના નં. ૧૫, પ્રાણી ક્રૂરતા નિવારણ (ઢોર/પ્રાણી નોંધણી) નિયમો હેઠળનો પરવાનો કે નોંધણી પ્રમાણપત્ર, મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૩૨૮, ૩૨૯ હેઠળનો મ્યુનિસિપલ કમિશનરનો પરવાનો કે પરવાનગી રજૂ કરેલ નથી.) મૂળભૂત ફરજ એ સંયુક્ત રીતે જોઈએ તો રાજ્યની

ફરજ છે. (ફકરા નં. ૫૭) તેજ ચુકાદામાં ફકરા નં.-૬૧ અને ૬૨માં અન્ય ચુકાદાઓ ટાંકી નામ. સુપ્રીમ કોર્ટે એવું ઠરાવ્યું કે દરેક રાજ્ય અને નાગરિકોને દરેક સજીવો પ્રત્યે કરુણતા દાખવવી મૂળભૂત ફરજ છે.

(૧૪) નામ. સુપ્રીમ કોર્ટના તાજેતરના તા. ૨૯-૩-૨૦૦૬ની બંધારણીય બેન્ચ (સાત જજો) દ્વારા અખિલ ભારત ગૌ સેવા સંઘમાં અપાવેલ ચુકાદા વિરુદ્ધ ગુજરાત રાજ્ય ૨૦૦૬ (૨) G. L. H. ૨૦૧ મુજબ ગુજરાત રાજ્યમાં ગૌવંશના પ્રાણીઓની કતલ અંગે સંપૂર્ણ પ્રતિબંધ છે. ઉપરાંત ભારતીય બંધારણના આર્ટિકલ ૪૮, ૫૧(A) નું અર્થઘટન કરતાં નામ. સુપ્રીમ કોર્ટે એવું જણાવેલ છે કે દરેક નાગરિકની દરેક સજીવ પ્રત્યે કરુણા રાખવાની મૂળભૂત ફરજ છે. જ્યારે પણ કોઈ વ્યક્તિના મૂળભૂત હકોનું અર્થઘટન કરવાનું હોય ત્યારે ડાયરેક્ટીવ પ્રિન્સિપલ્સ ઓફ સ્ટેટ પોલિસી અને બંધારણીય ફરજો ધ્યાને લેવી જરૂરી છે. મૂળભૂત ફરજોને બંધારણના ૪૨મા સુધારા મુજબનો સંપૂર્ણ અર્થ આપવાની જરૂર છે. સરકાર એટલે તમામ નાગરિકોનો સમૂહ અને તેથી આર્ટિકલ ૫૧(A) ભલે સ્પષ્ટ રીતે રાજ્ય ઉપર કોઈ મૂળભૂત ફરજ લાદતો નથી પરંતુ એ હકીકત છે કે દરેક નાગરિકની

(૧૫) આરોપી પ્રાણીઓને એવી સ્થિતિમાં લઈ જતા હતા જે કારણે આ તમામ પ્રાણીઓ બીમાર થઈ ગયાં છે, અધમૂઆ થઈ ગયાં છે. મુસાફરી કરી શકે તેમ નથી અને તેમની નિયમિત દાક્તરી સારવાર ચાલે છે.

(૧૬) જો પ્રાણીઓની કસ્ટડી આરોપીને આપવામાં આવશે તો તેમનું અસ્તિત્વ જોખમમાં છે. જેમ કોઈ મા-બાપ પોતાના સંતાનને વેચી દે તો પોલીસ કેસ થશે, બાળકને માબાપને કસ્ટડી ન આપતાં, જુવેનાઈલ હોમ કે સ્વૈચ્છિક સંસ્થાને સોંપે તે જ રીતે મૂંગાં પ્રાણીઓની સ્થિતિ સગીર બાળક જેવી હોઈ તેમની કસ્ટડી આરોપીને ન સોંપી શકાય.

ઉપરોક્ત સંજોગોમાં આરોપી/કહેવાતા માલિકે પ્રાણીઓની કામ ચલાઉ કસ્ટડી માંગતી અરજી નામંજૂર કરવા વિનંતી અને પાંજરાપોળ/ઈન્ફરમરીને તે કસ્ટડી આપવા વિનંતી. (અથવા આ પાંજરાપોળ/ઈન્ફરમરીને આપેલ કસ્ટડી ટ્રાયલના અંત સુધી ચાલુ રાખવા વિનંતી.)

• • •

## ૫. ફરિયાદ નં.     અંગે તાત્કાલિક યોગ્ય, ઝડપી તપાસ બાબત.

*પ્રતિ,*

*(૧) સચિવશ્રી ગૃહ વિભાગ*
*સચિવાલય, ગાંધીનગર.*

*(૨) પોલીસ કમિશનરશ્રી,*

*(૩) ડી. એસ.પી. સાહેબશ્રી,*

*(૪) કલેકટરશ્રી, જિલ્લો,*

*(૫) અધિક્ષકશ્રી,*
*ગુજરાત ગૌ સેવા આયોગ,*

*(૬) પોલીસ ઈન્સ્પેકટરશ્રી,*
*પોલીસ સ્ટેશન*

*(૭) પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી*

*(૮) રિજિયોનલ ઓફિસરશ્રી,*
*આર.ટી.ઓ. ઓફિસ જિલ્લો,*

*મહેરબાન સાહેબશ્રી,*

**વિષય : ફરિયાદ નં. /૦૭ અંગે તાત્કાલિક યોગ્ય, ઝડપી તપાસ બાબત.**

*સવિનય જણાવવાનું કે, તા. --ના રોજ પૂર્વ બાતમીના આધારે આપશ્રીએ એક ટ્રકમાં /ટેમ્પોમાં/ચાલતા લઈ જવાતા......ભેંસ,..........ગાય,............ઘેટાં-બકરાં અને .........ભૂંડ બચાવી આરોપીઓની અટક કરેલ તે બદલ હાર્દિક અભિનંદન. તે અંગે નીચે મુજબની જરૂરી યોગ્ય તપાસ કરવા વિનંતી.*

*(૧) આરોપીઓ બચાવેલ પશુઓના ખરા માલિકો /વાહનના માલિક ક્યાંના રહેવાસી છે, આખા ગુજરાતના અન્ય જિલ્લાઓમાં આવા ગુનામાં અગાઉ સંડોવાયેલા છે કે કેમ, પકડાયેલ ગાડી ગુજરાતના અન્ય જિલ્લાઓમાં અગાઉ આવા ગુનામાં પકડાયેલી છે કે કેમ તેની તમામ જિલ્લાઓમાંથી તપાસ થવી જોઈએ તે થઈ નથી. કાયદામાં પહેલા ગુના અને બીજા ગુના માટે અલગ સજાની જોગવાઈ હોઈ આવી તપાસ જરૂરી છે.*

(૨) જ્યારે આરોપીઓ પકડાયા ત્યારે પ્રાણીઓની ખરીદીના કોઈ કાગળો તેમની પાસે ન્હોતા. પાછળથી ખરીદીની પાવતીઓ રજૂ કરી છે. તે સાચી છે કે ખોટી તેની તપાસ કરવી જરૂરી છે. જો ખોટી હોય તો તેનો અલગ ગુનો દાખલ કરવા વિનંતી.

(૩) કયા કતલખાને લઈ જતા હતા, પશુઓને કોણે કતલ માટે મંગાવેલાં,...........માં તબેલો કોનો હતો, ક્યાં હતો વગેરે તપાસ થઈ નથી.

(૪) સંખ્યાબંધ પ્રાણીઓને એક જ વાહનમાં ખીચોખીચ ભરેલ તેથી તેમના શરીર ઉપર ઉઝરડા પડેલ, આંચળ ઉપર પણ ઉઝરડા પડેલ તો તે જ સમયે વેટરીનરી ડૉક્ટર પાસે તપાસણી ન થઈ તે હવે કરાવવા વિનંતી.

(૫) આરોપીઓએ બિનજામીનપાત્ર ગુનો કરેલ છે. તેમણે ઘણી બધી માહિતી છુપાવી છે. સાચી માહિતીઓ આપી નથી. આરોપીઓ ચાલાક અને રીઢા છે. તેઓ પ્રાણીઓને કતલખાને કતલ કરવાનું ઘણું મોટું નેટવર્ક ચલાવતા હોવાનું સ્પષ્ટ છે. તેથી તેમના પોલીસ રિમાન્ડ માંગી યોગ્ય ઊંડી તપાસ કરવી જરૂરી છે.

(૬) પકડાયેલ વાહન તથા આરોપીઓ અગાઉ ગુનાઓમાં સંડોવાયેલા છે કે નહીં તેની તાત્કાલિક તપાસ કરી તે વિગતો નામ. કોર્ટમાં રજૂ કરવા વિનંતી. કોઈપણ કેસમાં કોઈપણ આરોપી પકડાય ત્યારે પોલીસ અધિકારી વાયરલેસ કરી રાજ્યના તમામ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ કોઈ કેસ છે, તે વોન્ટેડ છે કે કેમ વગેરે બાબતની ખાસ તપાસ કરે છે.

(૭) સામાન્યતઃ દારૂબંધીના કેસમાં માલ મોકલનાર, મંગાવનારને પણ આરોપી બનાવવામાં આવે છે. આ કેસમાં આ સમગ્ર સાંકળની તપાસ કરી ગુનો કરનાર , ગુનો કરવાનો પ્રયત્ન કરનાર, કતલખાનું ચલાવનાર, કાવતરું ઘડનાર, મદદ કરનારા દલાલો તથા માલિકો તમામને આરોપી બનાવી અટક કરવા વિનંતી. જે વ્યક્તિએ આ વાછરડાં મંગાવ્યાં તે કતલ કરનારનાં તમામ સ્થળોની તપાસ કરી કતલનાં હથિયારો પકડવા વિનંતી.

(૮) સરકારશ્રીની સૂચના મુજબ અને ૧૧ મી ગુજરાત વિધાનસભામાં તા. ૨૩-૩-૦૭ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી (ગૃહ) એ કરેલ અધિકૃત જાહેરાત મુજબ આવા કેસોમાં સંડોવાયેલ વાહનનું રજિસ્ટ્રેશન, પરમિટ તથા ડ્રાઈવરનું લાયસન્સ રદ કરવા આર. સી. બુકમાં એન્ટ્રી પડાવી આર.ટી.ઓ. ને તાત્કાલિક જાણ કરવા વિનંતી.

(૯) જપ્ત થયેલ પ્રાણીઓની કસ્ટડી પરત મેળવવા માટે અરજી કરનારે એવું જણાવેલ છે કે, તેઓ પ્રાણીઓનો ઉછેર કરી મોટા થાય ત્યારબાદ ખેતીકામ માટે વેચાણ કરે છે. આ પ્રાણીઓ કોની પાસેથી ક્યારે, કેટલા રૂપિયામાં ખરીદ્યાં અને તેની રસીદો સાચી છે કે ખોટી, પશુઓના વેપાર માટે જરૂરી લાયસન્સ તેમની પાસે છે કે કેમ ? અગાઉ તેમણે આવી પ્રવૃત્તિ ક્યાં અને કેવી રીતે કોની સાથે રહી કરી તે તેની તપાસ કરવા વિનંતી. જો વિગતો ખોટી સાબિત થાય તો ઈ.પી.કો. ની કલમો આજ ગુનામાં દાખલ કરવા નામ. કોર્ટને રિપોર્ટ કરવા વિનંતી.

(૧૦) આપશ્રીએ ગુનો નોંધી પ્રશંસનીય કાર્યવાહી કરી છે. નામ. હાઈકોર્ટે તાજેતરમાં તા. ૨૫-૬-૦૭ ના રોજના સ્પે. ક્રિમિનલ એપ્લિકેશન નં. ૧૪૪૨/૦૭ ના નરોડા મહાજન વિ. ગુજરાત રાજ્ય કેસમાં

જણાવ્યું છે કે પોલીસનું મુખ્ય કાર્ય સત્યની તપાસનું છે. તેથી આ એક અંગે ઉક્ત બાબતોની જરૂરી તપાસ કરી યોગ્ય  કરવા વિનંતી છે.

(૧૧) ગુજરાત રાજ્યની વિધાનસભાના તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૦૧ ના રોજ વાહનવ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)ની જાહેરાત મુજબ જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ વાહનોના નંબર જણાવી તેની ઉપર સતત વોચ રાખવાની છે તેથી આ ગુનાની તમામ વિગતો જેવી કે ગુનેગારનાં નામ, વાહનનો નંબર તથા અન્ય જરૂરી વિગતો સમગ્ર રાજ્યનાં તમામ પોલીસ સ્ટેશનમાં વાયરલેસ દ્વારા મોકલી આપવા વિનંતી.

(૧૨) ગુજરાત પ્રિવેશન ઓફ એન્ટીસોશિયલ એક્ટિવિટિઝ એકટ ૧૯૮૫ ની કલમ-૩ હેઠળ ગૌવંશની કતલ અંગેના કોઈપણ ગુનેગારને "પાસા" કાયદા હેઠળ અટકાયતમાં મૂકી શકાય છે. હેબીચ્યુઅલનો અર્થ એવો નહીં કે આરોપી સામે એકથી વધુ ગુના નોંધાયેલા હોવા જોઈએ. તેની આવી ગુનાહિત પ્રવૃત્તિનો વ્યાપ જોઈ તે અગાઉ પકડાયેલ છે કે નહીં તે મહત્ત્વનું નથી. અટકાયતી અધિકારીએ નક્કી કરવાનું છે કે આરોપી અનેક પ્રાણીઓની કતલમાં સંડોવાયેલો છે કે પ્રયત્ન કરનાર છે. તેથી ઉપરોક્ત આરોપીની 'પાસા' હેઠળ અટકાયત માટે યોગ્ય દરખાસ્ત કરવા વિનંતી છે.

(૧૩) ૧૧ મી વિધાનસભામાં તા. ૨૭-૭-૨૦૦૭ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી (ગૃહ) એ કરેલ અધિકૃત જાહેરાત મુજબ બે કરતાં વધુ ગુનામાં પકડાયેલ આરોપી સામે તડીપારની કાર્યવાહી કરવાની છે.

(૧૪) ૧૧ મી વિધાનસભામાં તા. ૨૧-૩-૨૦૦૩ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી (ગૃહ) એ કરેલ અધિકૃત જાહેરાત મુજબ ગૌવંશ પ્રાણીઓની ગેરકાયદેસર કતલના હેતુસર પરિવહનના ગુનામાં વાહન ફરીવાર પકડાય ત્યારે કોર્ટમાં બોન્ડ રદ કરવાની કાર્યવાહી કરવાની છે. આમ, ગુનામાં પકડાયેલ વાહન અગાઉ આવા જ ગુનામાં પકડાયેલ હોય તો અગાઉના ગુનામાં રજૂ કરેલ બોન્ડ રદ કરવાની અને વાહન ખાલી કરી ખાલસા કરવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવા વિનંતી.

(૧૫) ૧૦ મી વિધાનસભામાં તા. ૩૦ માર્ચ, ૧૯૯૯ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી (ગૃહ) એ કરેલી અધિકૃત જાહેરાત મુજબ પ્રાણીઓ કતલખાનામાં લઈ જતાં પકડાયાં ત્યારે તેની અસરકારક રજૂઆત અદાલતમાં કરવા પોલીસ તંત્રને જરૂરી આદેશો આપવામાં આવ્યા છે. તે મુજબ આ કિસ્સામાં કોર્ટમાં જ્યારે આરોપીની સુનાવણી થાય કે પ્રાણીઓની કસ્ટડીની અરજી થાય કે ટ્રાયલ ચાલે વગેરે તમામ પ્રકારના કેસોમાં સબળ અને અસરકારક  રજૂઆત કદાચ કરે તેવી પણ વિનંતી છે.

(૧૬) ફરિયાદમાં પ્રાણીઓની જે કિંમત દર્શાવી છે તે તદ્દન ખોટી, વધુ પડતી, આધાર પુરાવા વિનાની છે અને આરોપીએ આપેલ મૌખિક વિગતો પ્રમાણેની હોઈ, સાચી કિંમત મેળવવા વિનંતી.

સરકારે પશુ ચિકિત્સકને પકડાયેલ પ્રાણીઓની તાત્કાલિક ડૉક્ટરી તપાસ કરવા યાદી મોકલવા વિનંતી. ઉપરાંત આ પકડાયેલ પ્રાણીઓની નિયમિત સારવાર અંગે દર અઠવાડિયે બે વાર તેમને પ્રાણીઓની મુલાકાત લેવા સૂચના આપવા વિનંતી.

• • •

## ૬. હુકમનો અમલ મુલત્વી રાખવા બાબત અરજી.

**અમદાવાદના મે. મેટ્રોપોલિટન મેજિ. સાહેબની કોર્ટમાં,**

**ક્રિમિનલ કેસ નંબર................./૦૮**

*ફરિયાદી*

*વિ.*

*આરોપી :*

**અરજદાર : પાંજરાપોળ/પ્રાણી હક્ક સુરક્ષા કાર્યકર.**

**બાબતઃ હુકમનો અમલ મુલત્વી રાખવા બાબત અરજી.**

*આ કામે અમો અરજદારની આપના કોર્ટને નમ્ર વિનંતી છે કે :-*

૧. ઉક્ત કામે અમો પાંજરાપોળને ના.કોર્ટે મૂળ હુકમથી જે પ્રાણીઓની કસ્ટડી આપેલ તે પ્રાણીઓ આરોપીને સોંપવાનો હુકમ કરેલ છે. સદર હુકમ વિરુદ્ધ અમોએ ઉચ્ચ કોર્ટમાં સ્પેશ્યલ ક્રિમિનલ અરજી અથવા તો રિવિઝન અરજી દાખલ કરવી જરૂરી છે, અને તે દાખલ કરવામાં સમય વીતે તેમ છે, કારણ કે ઉપલી કોર્ટમાં વકીલશ્રી નક્કી કરી, કેસ તૈયાર કરી ફાઈલ કરી સુનાવણી ઉપર મુકાવવા માટે લગભગ પંદર દિવસ થઈ જાય તેમ છે તેથી નીચે દર્શાવેલા ચુકાદાઓ અનુસાર આપ ના.કોર્ટનો હુકમ દિન-૨૧ માટે સ્ટે કરવાની જરૂર છે. જો સદર હુકમ સ્ટે કરવામાં ન આવે તો અમોને નાણાંથી ન ચૂકવી શકાય તેવું પારાવાર નુકસાન થાય તેમ છે.
   1. ક્રિમિનલ રિવિઝન એપ્લિકેશન નં. ૨૯૯૨/૯૬ તા. ૧૮-૩-૯૬ નિર્મલકુમાર શાંતિલાલ વિ. જામખાન ભૂપેન્દ્રખાન સિંધી
   2. ક્રિમિનલ રિવિઝન એપ્લિકેશન નં. ૯૮/૨૦૦૧ તા. ૮-૩-૨૦૦૧ દિલીપકુમાર રતિલાલ મહેતા વિ. ગુજરાત રાજ્ય

૨. ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત અને ઉપરોક્ત હકીકતો અને કારણો ધ્યાનમાં લઈ ના.કોર્ટે કરેલ હુકમ ૨૧ દિવસ માટે સ્ટે કરવા ન્યાયના હિતમાં હુકમ કરવા મે. કરશોજી.

*અમદાવાદ.*

## ૭. ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૭૩(૮) હેઠળ સદર કેસમાં વધુ તપાસ કરવા યોગ્ય હુકમ કરવા અરજી.

**અમદાવાદના મે. મેટ્રોપોલિટન મેજિ. સાહેબની કોર્ટમાં,**

**ક્રિમિનલ કેસ નંબર........../૦૮**

*ફરિયાદીઃ*

*વિ.*

*આરોપી :*

*આરોપી :*

| | |
|---|---|
| **અરજદાર :** | **પાંજરાપોળ / પ્રાણી હક્ક સુરક્ષા કાર્યકર.** |
| **બાબત :** | **ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૭૩(૮) હેઠળ સદર કેસમાં વધુ તપાસ કરવા યોગ્ય હુકમ કરવા અરજી.** |

yk fk{u y{ku yhëÉkle yÃk Ikk.fkudku Ik{ú rðÄktkeAu fu :–

૧. *ઉક્ત કેસ પ્રાણી અત્યાચાર નિવારણ ધારાની વિવિધ કલમોની હેઠળ દાખલ થયેલ છે. ઉક્ત કેસની ફરિયાદ જોતાં તપાસ અધિકારીશ્રીએ ઘણી વિગતો અંગે તપાસ કરવી જરૂરી છે. અમો અરજદાર પ્રાણી રક્ષા માટે વર્ષોથી કાર્ય કરીએ છીએ અને તેથી તપાસ અધિકારીને તા. ના રોજ અમોએ એક અરજી આપી જણાવેલ કે સદર ફરિયાદ અંગે અન્ય વિવિધ કાયદાની કલમો લાગુ પાડવી જરૂરી છે. ઉપરાંત સરકારશ્રીના પરિપત્ર મુજબ ગુનાના મૂળ સુધી પહોંચી અન્ય ગુનો કરનારાને આરોપી તરીકે લેવા જરૂરી છે, તેમને અટક કરવા જરૂરી છે. આરોપી તરીકે રજૂ કરેલા દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કરવી જરૂરી છે. વગેરે બાબતોની જે અરજી આપેલ તેની નકલ આ સાથે સામેલ છે.*

૨. *નામદાર સુપ્રીમ કોર્ટના ૨૦૦૬ (૨) જી. એલ.એચ. પાન ૨૦૧ ગુજરાત રાજ્ય વિ. મીરજાપુર મોતી કુરેશી કસબ જમાતના કેસમાં ઠરાવેલ કે દરેક ભારતીય નાગરિક અને સંયુક્ત રીતે સરકારની પ્રાણીઓની રક્ષા કરવાની મૂળભૂત ફરજ છે. ના.હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદા પ્રમાણે પાંજરાપોળને પ્રાણી રક્ષા અંગે રજૂઆત કરવાની લોકસ્ટેન્ડી છે. તે છતાં જ્યારે ગુનેગારને નશ્યત કરવાનો પ્રશ્ન આવે ત્યારે ફરિયાદી કોણ છે, અને ફરિયાદીની લોકસ્ટેન્ડી છે કે નહીં તે ભારતીય ફોજદારી કાયદા હેઠળ જવાનું નથી. કારણ કે ગુનાના કારણે સમગ્ર સમાજને નુકસાન થાય છે અને તેથી કોઈ ગુનો થયેલો હોય તે અંગેની જેને માહિતી મળી હોય તે વ્યક્તિ ફરિયાદ કરી શકે. (એ.આર.અંતુલે વિ. સ્ટેટ, ૧૯૮૪ સુ.કો. પાના નં. ૭૧૮)*

૩. ના. સુપ્રીમ કોર્ટના હસનઅલી વલીભાઈ કુરેશી વિ. ગુજરાત સરકારનો ચુકાદો ૨૦૦૪(૫) એસ.સી.સી. પાન નં. ૩૪૭ મુજબ કેસમાં ફક્ત મોડું થાય તે માત્રાથી વધુ તપાસ ન કરવી, એ યોગ્ય નથી. તપાસ અધિકારીની એ ફરજ છે કે યોગ્ય તપાસ થાય. મુસ્તાકઅલી મહમદ શેખ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૮(૧) જી. એલ.એચ. પાન નં. ૪૧૪. ખરી હકીકતમાં તપાસ અધિકારીનો મુખ્ય ઉદ્દેશ સત્યની શોધનો છે. ના.હાઈકોર્ટે તાજેતરમાં નરોડા પાંજરાપોળ વિ. ગુજરાત સરકાર, સ્પે. ક્રિમિનલ એપ્લિકેશન નં. ૧૪૪૨/૨૦૦૭ માં હુકમ કરી જણાવેલ કે તપાસ અધિકારીએ વધુ તપાસ કરવી જરૂરી છે.

૪. ના.સુપ્રીમ કોર્ટનો ચુકાદો ૧૯૯૯(૫) એસ.સી.સી. પાન નં. ૭૪૦=એ. આઈ.આર.૧૯૯૯ સુ.કો. પાન નં. ૨૩૩૨ શ્રી ભગવાન વિ. આંધ્રપ્રદેશ રાજ્ય મુજબ વધુ તપાસનો હુકમ કરતાં પહેલાં ના.કોર્ટે આરોપીને સાંભળવો જરૂરી નથી.

૫. ઉક્ત તમામ કારણોસર અને કેસની હકીકતો જોતાં ઉક્ત કેસમાં તપાસ અધિકારીએ અમો અરજદારે સૂચવેલી વિગતો અંગે યોગ્ય તપાસ કરી સત્યની શોધ કરવી જરૂરી હોઈ ક્રિ.પ્રો.કોડ કલમ ૧૭૩(૮) મુજબ વધુ તપાસ કરવા યોગ્ય હુકમ કરવા મે. કરશોજી.

અમદાવાદ.

તારીખ :

# ૮. પાંજરાપોળે પ્રાણીઓ સ્વીકારતી વેળા આપવાની પાવતી (રસીદ)

પોલીસ સ્ટેશનનું નામ : ..........પોલીસ સ્ટેશન

ગુ. ર. નંબર : .........તા. ............. ગેરકાયદેસર કતલખાને લઈ જવાતાં પશુ વાછરડાં નંગ-૧૯ ટ્રક નંબર .......

માં ભરી પોલીસ મારફતે ...... પાંજરાપોળ સંસ્થામાં મારી રૂબરૂ ઉતારવામાં આવેલ છે. તેનું ફિઝીકલ વેરિફિકેશન કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | પશુના કાન નો ટૅગ નં. | પશુની જાતિ માદા | પશુની ઉંમર | પશુનો રંગ | ઈન્ફેકશન વિગત | સ્થિતિ | સારવાર પ્રાથમિક | મૅડિકલ સારવાર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | MP 1 | નર | ૧ ૧/૨ વર્ષ | ગોરો | ચામડી છોલાયેલ | આગળના FMD | | |
| ૨. | MP 2 | નર | ૨૧ વર્ષ | કાળો | પગની ઈજા | પગો તથા | | |
| ૩. | MP 3 | નર | ૧૧ વર્ષ | સફેદ | આફરો | પાછળના પગો | | |
| ૪. | MP 4 | નર | ૧૧ વર્ષ | સફેદ | પગ છોલાયેલ | રસ્સીથી ગરદનો | | |
| ૫. | MP 5 | નર | ૧ ૧/૨ વર્ષ | ગોરો | આફરો | અંદર આવે તેવી | | |
| ૬. | MP 6 | નર | ૨ વર્ષ | ગોરો | પગમાં ઘા | બંધાયેલ બધા જ | | |
| ૭. | MP 7 | નર | ૧ ૧/૨ વર્ષ | કાળો | નાકમાં લોહી આવવું | વાછરડા છે. | | |
| ૮. | MP 8 | નર | ૧ વર્ષ | કાળો | ચામડી છોલાયેલ | | | |
| ૯. | MP 9 | નર | ૧ ૧/૨ વર્ષ | સફેદ | મોઢામાં બ્લડ આવવું | | | |
| ૧૦. | MP 10 | નર | ૧ ૧/૨ વર્ષ | લાલ | આંખ ફૂટી ગઈ | | | |
| ૧૧. | MP 11 | નર | ૧ વર્ષ | લાલ | પેશાબમાં લોહી આવવું | | | |
| ૧૨. | MP 12 | નર | ૧ વર્ષ | કાળો | ચામડી છોલાયેલ | | | |
| ૧૩. | MP 13 | નર | ૨ વર્ષ | કાળો | પગમાં ઘા | | | |
| ૧૪. | MP 14 | નર | ૧ વર્ષ | ગોરો | ચામડી છોલાયેલ | | | |
| ૧૫. | MP 15 | નર | ૨ વર્ષ | ગોરો | આફરો | | | |
| ૧૬. | MP 16 | નર | ૧ વર્ષ | સફેદ | ઝાડા થયેલ છે. | | | |
| ૧૭. | MP 17 | નર | ૧ ૧/૨ વર્ષ | કાળો | ઝાડા થયેલ છે. | | | |
| ૧૮. | MP 18 | નર | ૧ વર્ષ | ગોરો | નાકમાં લોહી | | | |
| ૧૯. | MP 19 | નર | ૨ વર્ષ | લાલ | ચામડી છોલાયેલ | | | |

**ઉપરાંત :** (૧) સદરહુ વાછરડાં સખત રસ્સીથી બાંધેલ જોવા મળેલ છે. (૨) સદરહુ વાછરડાંની ઉંમર ૧ થી ૨ વર્ષ સુધીની જોવા મળેલ છે. (૩) સદરહુ વાછરડાં બે વર્ષ ખેતીના કામ સારું લઈ શકાય તેમ છે. (૪) સદરહુ વાછરડાંની શારીરીક તંદુરસ્તી અશક્ય જોવા મળેલ છે. સ્કીન ઈન્ફેકશનવાળાં પશુ વધુ જોવા મળેલ છે. (૫) સદરહુ પશુમાં એફ.એમ.ડી. (ખર - મોવાસા) અંગેનાં ચિહ્નો જોવા મળેલ. (૬) સદરહુ ટ્રકમાં માટી પાણી તથા ઘાસચારાની કોઈપણ વ્યવસ્થા જોવા મળેલ નથી.

# ૯. મૃત પ્રાણીઓ અંગે ઈન્કવેસ્ટ પંચનામું

*અમો ઉપર લખેલા નામવાળા પંચોને આજરોજ તમો પોલીસના બોલાવવાથી મોજે પાંજરાપોળની વીડમાં આવેલ ઘેટાં બકરાં અવસાન પામેલ હોઈ આગળ દરવાજા પાસે આવી હાજર થયા.*

*અત્રે તમો પોલીસે અમો પંચોને સમજ કરી કે પો. સ્ટે.ર ગુ.ર. નં. ../૦૮ આઈ.પી.સી. કલમ ૨૭૯, ૧૮૮ તથા પશુ ઘાતકીપણાની કલમ ૧૧-ડી, ઈ, એલ મુજબના કામે પાંજરાપોળમાં મૂકેલ ઘેટાં, બકરાં, કુલ્લે ૩૪૦ પૈકી ઘેટાં નંગ-૪ (ચાર) તથા બકરાં નંગ -૧૦ નું કોઈ બીમારીના કારણે મરણ થયેલ હોઈ જેઓનું ઈન્કવેસ્ટ પંચનામું લખાવવા ફરમાન થતાં પંચમાં રહેવા સ્વખુશી દર્શાવી જોઈ તપાસી પંચનામું લખાવીએ છીએ કે,*

*અત્રે આ કામે ખબર આપનાર .....બનાવની જગ્યાએ હાજર હોઈ અમો આગળ ચાલી બનાવવાળી જગ્યા બતાવતા હોઈ જે બનાવવાળી જગ્યા જોતાં મોજે ...... બે કિલોમીટર ખાડી તરફ જવાના રોડે આવેલ ..... પાંજરાપોળની હદમાં આવેલ ઘેટાં-બકરાં રાખવાના હોલમાં તથા પશ્ચિમ બાજુએ આવેલા વાડામાં નથી ખોલીયામાં રાખેલ છે. સદરી ઘેટાં-બકરાં રાખવાનો વાડો ખુલ્લો છે. જે વાડાની લંબાઈ ૭૦ ફૂટ તથા પહોળાઈ ૫૦ ફૂટના આશરાની છે. જે વાડામાં ઘૂસવાના દરવાજા દશેક ફૂટ દૂર વાડામાં ફરતા ભાગમાં એક (૧) સફેદ કલર બકરો જેની ઉ.વ. ૩ વર્ષ આશરાનો મરણ થયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં અને પાછળનો ભાગ પશ્ચિમ દિશામાં તથા તેના પગ દક્ષિણ દિશામાં અને પીઠનો ભાગ ઉત્તર તરફ પડેલ જણાય છે. તેની નજીકમાં નં. (૨) એક કાળા કલરની બકરી જેની ઉ.વ. ૨ વર્ષની મરણ થયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં અને પાછળનો ભાગ પશ્ચિમ દિશામાં અને જેના પગ ઉત્તર તરફ અને પીઠનો ભાગ દક્ષિણ તરફ પડેલ જણાય છે તથા તેની નજીકમાં નં. (૩) એક બકરો કાળા કલરનો જેની ઉ.વ. ૨ વર્ષની મરણ થયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં અને પાછળનો ભાગ પશ્ચિમ દિશામાં જેના પગ ઉત્તર દિશામાં અને પીઠનો ભાગ દક્ષિણ દિશામાં પડેલ જણાય છે તેની નજીક નં. (૪) એક બકરો સફેદ રંગનો જેની ઉ.વ. ૧ાા વર્ષના આશરાનો મરણ થયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ તરફ અને પાછળનો ભાગ પશ્ચિમ તરફ જેના પગ દક્ષિણ તરફ અને પીઠનો ભાગ ઉત્તર તરફ પડેલ જણાય છે તથા તેનાથી થોડે દૂર પાંચેક ફૂટના અંતરે (૫) એક કાળો તથા સફેદ કલરનો બકરો જેની ઉ.વ. ૧ વર્ષ આશરાનો મરણ થયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં તેનો પાછળનો ભાગ પશ્ચિમ દિશામાં અને જેના પગ ઉત્તર તરફ અને પીઠનો ભાગ દક્ષિણ તરફ પડેલ જણાય છે તથા તેના નજીકમાં નં. (૬) એક કાળા કલરનો બકરો જેની ઉંમર આશરે ૧ માસનો મરણ થયેલ જણાય છે જેનું માથું પશ્ચિમ દિશામાં પાછળનો ભાગ પૂર્વ દિશામાં પીઠનો ભાગ પૂર્વ દિશામાં અને જેના પગ દક્ષિણ દિશામાં અને પીઠનો ભાગ ઉત્તર દિશામાં પડેલ જણાય છે તથા નજીક ઢાળિયા બાજુ નં. (૭) એક લાલ રંગનો બકરો જેની ઉં.વ. આશરે ૩ વર્ષનો મરણ થયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં અને પાછળનો ભાગ પશ્ચિમ તરફ અને જેના પગ દક્ષિણ દિશામાં અને પીઠનો ભાગ ઉત્તર દિશામાં આવેલ જણાય છે તથા સદર વાડાથી પશ્ચિમ બાજુએ એક ઢાળિયું પૂર્વ દિશાના મોઢાવાળું જેની લંબાઈ ૭૦ ફૂટ અને પહોળાઈ ૧૦ ફૂટના છે. ઢાળિયામાં પૂર્વથી પશ્ચિમ ઉત્તર-દક્ષિણની દીવાલને અડીને પાણી ભરી રાખવાનું આવેલ તથા ઘાસ નાખવાનું ધમણ આવેલ જણાય છે.*

જેના ઉપર સિમેન્ટનાં પતરાં નાખવામાં આવેલ છે અને જેના પિલ્લર આઠ આવેલ છે. જે ઢાળીમાં ઢાળિયાથી દક્ષિણ બાજુથી પૂર્વથી પશ્ચિમ બાજુ દીવાલથી નજીક નં. (૮) એક સફેદ કલરની ઘેટી ઉ.વ. ૧ આશરાની મરણ ગયેલ હાલતમાં પડેલ જણાય છે. જેનું માથું ઉત્તર દિશામાં તથા પાછળનો ભાગ દક્ષિણ દિશામાં અને તેના પગ પૂર્વ તરફ અને પીઠનો ભાગ પશ્ચિમ દિશામાં પડેલ જણાય છે તથા તેની નજીક પિલ્લર પાસે નં. (૯) એક સફેદ કલરની ઘેટી જેની ઉ.વ. ૨ વર્ષ આશરાની મરણ ગયેલ હાલતમાં પડેલ જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં અને પાછળનો ભાગ પશ્ચિમ બાજુએ અને તેના પગ દક્ષિણ બાજુએ અને પીઠનો ભાગ ઉત્તર દિશામાં પડેલ જણાય છે અને તેની નજીક ત્રણેક ફૂટ દૂર ઉત્તર બાજુએ એક નં. (૧૦) એક સફેદ કલરની ઘેટી જેની ઉં.વ. ૨ ના આશરાની મરણ ગયેલ હાલતમાં પડેલ જણાય છે. જેનું માથું પશ્ચિમ દિશામાં અને પાછળનો ભાગ પૂર્વ દિશામાં તથા જેના પગ દક્ષિણ બાજુએ અને પીઠનો ભાગ ઉત્તર બાજુએ પડેલ જણાય છે તથા તેની નજીક નં. (૧૧) એક લાલ કલરનો બકરો જેની ઉં.વ. ૩ વર્ષના આશરાનો મરણ ગયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં અને પાછળનો ભાગ પશ્ચિમ બાજુએ અને જેના પગ ઉત્તર તરફ અને પીઠનો ભાગ દક્ષિણ બાજુએ આવેલ છે તથા ઢાળિયાથી ત્રીજા પિલ્લર નજીક નં. (૧૨) એક કાળા કલરનો બકરો જેની ઉ.વ. ૧ાા ના આશરાની જે મરણ ગયેલ હાલતમાં જણાય છે. જેનું માથું દક્ષિણ દિશામાં અને પાછળનો ભાગ ઉત્તર દિશામાં અને જેના પગ પશ્ચિમ દિશામાં અને પીઠનો ભાગ પૂર્વ બાજુએ પડેલ જણાય છે અને ઢાળિયાના પાદ્યમા પિલ્લર નજીક નં. (૧૩) એક સફેદ કલરનો બકરો જેની ઉ.વ. ૨ના આશરાની છે જે મરણ ગયેલ હાલતમાં પડેલ જણાય છે. જેનું માથું પશ્ચિમ દિશામાં અને પાછળનો ભાગ પૂર્વ દિશામાં અને પગ દક્ષિણ દિશામાં અને પીઠનો ભાગ ઉત્તર દિશામાં પડેલ જણાય છે. સદર મરણ ગયેલ ઘેટાં નંગ-૩ અને બકરાં નંગ-૧૦ નાઓ કોઈ બીમારીના કારણે મરણ ગયેલ અને તેમ છતાં સદર ઘેટાં બકરાંના મરણનું ચોક્કસ કારણ જાણવા સારુ પી.એમ. થવા અમો પંચોનો અભિપ્રાય છે.

જેની સદર બનાવવાળી જગ્યાએથી ઉત્તરે ઘેટાં બકરાં રાખવા અંગેના હોલ તથા ઢાળિયાના પૂર્વ પશ્ચિમથી આશરે ૧૨ ફૂટની ઊંચાઈવાળી દીવાલ આવેલ છે. જે દીવાલ છોડી ઉત્તરે વીડની ખુલ્લી જગ્યા આવેલ છે તેમજ દક્ષિણે ઘેટાં બકરાં રાખવાના વાડા તથા હોલ તથા ઢાળિયામાં આવવા જવાનો દરવાજો તથા પૂર્વ પશ્ચિમની દીવાલ આવેલ છે તે દીવાલ છોડી ખુલ્લી જગ્યા આવેલ છે. તેમજ પશ્ચિમે ઘેટાં બકરાં રાખવાના ઢાળિયાની ઉત્તર-દક્ષિણની દીવાલ છોડી લચકાના વાવેતરવાળું ખેતર આવેલ છે. તેમજ પૂર્વે ઘેટાં-બકરાં રાખવાનો બીજો હોલ આવેલ છે તે હોલ છોડી બોર તરફ જવા આવવાનો કાચો રસ્તો આવેલ છે. એ રીતેના ચતુર સીમા આવેલ છે.

એ રીતેનું ઈન્કવેસ્ટ પંચનામું અમો પંચોના નજરે જોઈ તપાસી લખાવ્યા મુજબનું બરાબર અને ખરું હોઈ વાંચી સમજી સમજાવી આ નીચે અમો પંચોની સહીઓ કરેલ છે. તા. ....... ના કલાક .... વાગે પૂરું.

**રૂબરૂ**

**સહી**

•••

## ૧૦. મૃત પ્રાણીઓ અંગે પોલીસ અધિકારીને જાણ કરતો પત્ર

**પાંજરાપોળ સંસ્થા**

*પ્રતિશ્રી*
*પોલીસ સબ ઈન્સ્પેક્ટર,*

*વિષય : પાંજરાપોળમા મૂકેલ ૩૪૦ ઘેટાં બોકડામાંથી બીમારીથી બોકડા (બકરા) નંગ-૪ મરી જવા બાબત.*

*ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં આપ સાહેબને જણાવવાનું કે આપને જે ઘેટાં બોકડા પકડેલ અને તે ગાડીમાંથી અમને પાંજરાપોળને સાચવવા ૩૪૦ ઘેટાં બોકડા આપેલ પરંતુ અત્યારની આ ઋતુમાં ઘેટાં બોકડામાં રોગચાળો થઈ ગયેલ હોવાથી તેની બીમારીથી મરી જવાથી આપ સ્થળ પર આવી તપાસ કરી અમને આનો નિકાલ કરવા પરમિશન આપશોજી. બે દિવસમાં આપશ્રી મુલાકાત ન લઈ શકશો તો અમારે પ્રાણીના સબનો નિકાલ કરવાની ફરજ પડશે.*

*પાંજરાપોળ સંસ્થા*
*પ્રમુખ : સહી - અવાચ્ય*
*મંત્રી*

**પોસમોટમ રીપોર્ટની જાણ પોલીસને કરતો ફોરવર્ડીંગ લેટર**

*આઉટ વર્ડ નં.*
*પ્રાણી હોસ્પિટલ,*

*પ્રતિ,*
*પોલીસ સબ ઈન્સ્પેક્ટર,*
*........ પોલીસ સ્ટેશન.*

*પ્રતિ*

*વિષય : પોસ્ટમોર્ટમ રીપોર્ટ મોકલવા બાબત*

*સંદર્ભ : ASI/PSI, ...... પોલીસ સ્ટેશન તરફથી પોસ્ટમોર્ટમ રીપોર્ટ મોલવા અંગેના વિનંતી પત્ર*

*ઉપરોક્ત વિષયના પરત્વે, ..... પોલીસ સ્ટેશન મારફત અગાઉ પકડેલ અને પાંજરપોળને મોકલેલ ....... ઘેટાં, ....... બકરાં, ....... (અન્ય પ્રાણી) મૃત્યુ પામેલ છે. જેનું પોસ્ટમોર્ટમ તા. ...... ના રોજ અમોએ કરેલ, જે પોસ્ટમોર્ટમ રીપોર્ટ આ સાથે સામેલ છે.*

*પ્રાણી ચીકીત્સક*

*બીડાણ : કુલ ..... પોસમોર્ટમ રીપોર્ટ*

• • •

ERROR: undefined
OFFENDING COMMAND: VM?

STACK:

105000

# સજીવસૃષ્ટિ અને કાયદા

## પ્રાણીઓ | પક્ષીઓ | જીવજંતુઓ

**નિમિષ મહેન્દ્ર કાપડિયા**
ઍડ્વોકેટ

**પંકજ બુચ**
નાયબ સચિવ, વિધાનસભા, ગુજરાત રાજ્ય

૧ ભારતીય બંધારણ

**સેન્ટ્રલ એક્ટ્સ**

૨ પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦
૩ વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ- ૧૯૭૨
૪ વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ- ૨૦૦૨
૫ વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ- ૨૦૦૬
૬ પર્યાવરણ સંરક્ષણ કાયદો - ૧૯૮૬
૭ ભારતીય ફોજદારી ધારો
૮ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ
૯ જીવવિજ્ઞાનની વિવધતા બાબતનો અધિનિયમ
૧૦ ભારતીય વન અધિનિયમ-૧૯૨૭
૧૧ ઢોર અપપ્રવેશ અધિનિયમ-૧૮૭૧
૧૨ માર્ગ દ્વારા પરિવહન કાયદો
૧૩ દરિયા કિનારાના છોડ અને પ્રાણી ઉછેર બાબતે સત્તાનો અધિનિયમ-૨૦૦૫
૧૪ કસ્ટમ એક્ટ-૧૯૬૨
૧૫ વિદેશ વ્યાપાર (વિકાસ અને નિયમન) કાયદો-૧૯૯૨
૧૬ આયાત નિકાસ નીતિર
૧૭ આહાર સુરક્ષા અને ગુણવત્તાનો કાયદો ૨૦૦૬

**સેન્ટ્રલ રૂલ્સ**

૧૮ પરિવહન અને ખેતી માટેના પશુઓ પર થતી ક્રૂરતાના નિવારણ માટેના નિયમો-૧૯૬૫
૧૯ પ્રાણી ક્રૂરતા પશુઓને નાડ જડનારને લાઈસન્સ માટેના નિયમો-૧૯૬૫
૨૦ ખેલ કરતા પ્રાણીઓના નિયમો - ૧૯૭૩
૨૧ ખેલ કરતા પ્રાણીઓના નિયમો -૨૦૦૧
૨૨ ખેલ કરતા પ્રાણીઓના (સુધારા) નિયમો-૨૦૦૧
૨૩ પ્રાણી ક્રૂરતા નિવારણ-દંડ કરવાના નિયમો-૧૯૭૮
૨૪ પ્રાણી ક્રૂરતાના નિવારણ (પ્રાણી રાખવાના સ્થળની નોંધણી) નિયમો-૧૯૭૮
૨૫ પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો - ૧૯૭૮
૨૬ પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો - ૨૦૦૧
૨૭ પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો - ૨૦૦૯
૨૮ પ્રાણી ક્રૂરતા નિવારણ (પ્રાણીઓને પકડવા અંગેના) નિયમો-૧૯૭૯
૨૯ પ્રાણીઓની પ્રજોત્પતિ (સંકરણ) અને પ્રયોગો માટેના નિયમો-૧૯૯૮
૩૦ પ્રાણીઓની પ્રજોત્પતિ (સંકરણ) અને પ્રયોગો માટેના નિયમો-૨૦૦૧
૩૧ પ્રાણીઓની પ્રજોત્પતિ (સંકરણ) અને પ્રયોગો માટેના નિયમો-૨૦૦૬
૩૨ પ્રાણી અત્યાચાર નિવારણ (પગપાળા હેરફેર/ પરિવહન) નિયમો-૨૦૦૧
૩૩ પ્રાણી ક્રૂરતા નિવારણ (કતલખાનાં) નિયમો-૨૦૦૧
૩૪ પ્રાણી ક્રૂરતા નિવારણ (કતલખાનાં) સુધારા નિયમો- ૨૦૧૦
૩૫ પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી સ્થાપના અને વહીવટી નિયમો-૨૦૦૧
૩૬ પ્રાણીઓના જન્મનિયંત્રણ (કૂતરાઓ) અંગેના નિયમો-૨૦૦૧
૩૭ પ્રાણીઓના જન્મનિયંત્રણ (કૂતરાઓ) સુધારા નિયમો-૨૦૧૦
૩૮ વિદેશ વ્યાપાર નિયમો - ૧૯૯૩
૩૯ માંસ ખાદ્ય ઉત્પાદન હુકમ- ૧૯૭૩ (હવે રદબાતલ)
૪૦ ખાદ્ય પદાર્થ ભેળસેળ અટકાવવાના નિયમો- ૧૯૫૫ (હવે રદબાતલ)
૪૧ ભારતીય રેલવે નિયમો
૪૨ ખાદ્ય સલામતી અને ધારાધોરણો (ખાદ્ય ધંધાના પરવાના અને નોંધણી) નિયમો, ૨૦૧૧
૪૩ ખાદ્ય સલામતી અને ધારાધોરણો (વેચાણ અંગેના પ્રતિબંધો અને નિયંત્રણો) રેગ્યુલેશન, ૨૦૧૧

**ગુજરાત એક્ટસ (કાયદા)**

૪૪ મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ- ૧૯૫૪
૪૫ ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ,૨૦૧૧
૪૬ ગુજરાત પશુ પક્ષી બલિદાન (પ્રતિબંધ) અધિનિયમ, ૧૯૭૨
૪૭ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ અને ઢોર (નિયંત્રણ) અધિનિયમ ૨૦૦૫
૪૮ મુંબઈ પોલીસ અધિનિયમ૧૯૫૧
૪૯ ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ અટકાવવા બાબતનો કાયદો ૧૯૮૫
૫૦ ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૫૪
૫૧ ગુજરાત નગરપાલિકા અધિનિયમ૧૯૬૩
૫૨ ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ૨૦૦૩

**ગુજરાત રૂલ્સ (નિયમો)**

૫૩ મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત) નિયમો ૧૯૬૭
૫૪ ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) નિયમો ૨૦૧૧
૫૫ ગુજરાત મત્સ્યોદ્યોગ નિયમો ૨૦૦૩
૫૬ ગુજરાત વાહન વ્યવહારના નિયમો -૧૯૮૯
૫૭ આવશ્યક ચીજવસ્તુઓ અને પ્રાણી નિયંત્રણ કાયદા હેઠળના હુકમો
૫૮ ગુજરાત બાયો ડાઈવર્સિટી (જૈવિક વિવિધતા) નિયમો ૨૦૧૧

# ખાસ વિશિષ્ટતા

| | | |
|---|---|---|
| ગાય | મરઘાં | સાપ |
| ભેંસ | ભૂંડ | પક્ષીઓ |
| બકરાં | વાઘ | ઘોડા |
| વાંદરા | વૃક્ષો | ઊંટ |
| કૂતરાં | માછલીઓ | ગધેડાં |
| બિલાડી | પરવાળા | યાક |
| ઘેટાં | પતંગિયાં | હાથી |

## અંગેના કાયદા














**સજીવ સંરક્ષણ પરિવાર**
"ઈન્દ્રાલય", ૫, બાલગાયત્રી સોસાયટી -૨,
શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ -૧૫.
ફોન નં.: ০৩৫ - ২৬৩৬২৩৬২, ২৬৩৭৭৭৭৪৭
E-mail : kapadianimish@gmail.com

Printed by
Reliable
Art Printery (Ahmedabad) Pvt. Ltd.
079 - 27540243